بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

"વહી" (અલ્લાહનો સંદેશ) અને તેની વાસ્તવિકતા

કુર્આને કરીમ સરવરે કાઈનાત (સમગ્ર સૃષ્ટિના સરદાર) હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર નાઝિલ કરવામાં આવ્યું હતું, માટે આપણે વહી (અલ્લાહના સંદેશ) વિશે કેટલીક અગત્યની વાતો સમજી લેવી જોઈએ.

વહીની આવશ્યકતા :

પ્રત્યેક મુસલમાન જાણે છે કે, અલ્લાહ તઆલાએ મનુષ્યને આ જગતમાં કસોટી માટે મોકલ્યો છે અને તેના ઉપર કેટલીક જરૂરી જવાબદારીઓ લાદીને સમગ્ર સૃષ્ટિ તેની સેવા માટે કાર્યરત કરી દીધી છે. એટલા માટે આ દુનિયામાં જન્મ લીધા પછી મનુષ્ય માટે બે કાર્યો અતિઆવશ્યક છે. પ્રથમ, આ સૃષ્ટિથી તથા તેમાં અસ્તિત્વ ધરાવતી પ્રત્યેક ભૌતિક વસ્તુઓથી સંપૂર્ણ લાભ ઉઠાવે અને બીજું, સૃષ્ટિના પદાર્થોથી લાભ ઉઠાવતી વખતે અલ્લાહ તઆલાના હુકમો (આદેશો)ને નજર સમક્ષ રાખે, અને કોઈ પણ એવું કૃત્ય ન કરે જે અલ્લાહ તબારક વ તઆલાની મરજી વિરૂદ્ધ હોય.

ઉપરોક્ત બંને કાર્યો માટે "જ્ઞાન" (ઇલ્મ) આવશ્યક છે, માટે જ્યાં સુધી જ્ઞાન ન હોય કે, આ સૃષ્ટિની વાસ્તવિકતા શું છે ? તેની કઈ વસ્તુ (પદાર્થ)માં શું ખાસિયત છે ? તેનાથી કેવી રીતે લાભ ઉઠાવી શકાય છે ? ત્યાં સુધી મનુષ્ય જગતના કોઈપણ પદાર્થનો પોતાના લાભ માટે ઉપયોગ કરી શકશે નહીં, ઉપરાંત જ્યાં સુધી તેને એ બાબતનું જ્ઞાન જ ન હોય કે, અલ્લાહ તઆલાની મરજી શું છે ? તે કયા કામોને પસંદ કરે છે અને કયા કામોને નાપસંદ કરે છે ? ત્યાં સુધી અલ્લાહ તઆલાની મરજી પ્રમાણે જીવન વ્યતિત કરવું શક્ય નથી.

VISIT…

LANZAROTE

Caliente.com

અલ્લાહ તઆલાએ મનુષ્યનું સર્જન કર્યા પછી તેને ઉપરોક્ત વિષયોનું જ્ઞાન આપવા માટે ત્રણ ભૌતિક – અભૌતિક બાબતોનું સર્જન કર્યું છે. (૧) માણસની ઈંદ્રિયો (સેન્સ) જેમકે આંખ, કાન, નાક, સ્પર્શ (ચામડી), સ્વાદ (જીભ). (૨) બુદ્ધિ અને (૩) વહી (અલ્લાહનો સંદેશ).

મનુષ્યને ઘણી બાબતોનું જ્ઞાન પોતાની ઈંદ્રિયો (સેન્સ) દ્વારા થઈ જાય છે, ઘણી બાબતોનું જ્ઞાન બુદ્ધિ અને અનુભવ દ્વારા થઈ જાય છે, અને જે બાબતો જ્ઞાનના પ્રસ્તુત આ બે સ્ત્રોતો દ્વારા જ્ઞાત નથી થઈ શકતી તેનું જ્ઞાન વહી દ્વારા અલ્લાહ તરફથી આપવામાં આવે છે.

જ્ઞાન (ઈલ્મ)ના આ ત્રણ સ્ત્રોતોની દરેકની પોતાની એક વિશિષ્ટ કાર્યસીમા અને મર્યાદા પણ હોય છે. કોઈપણ સ્ત્રોત પોતાની મર્યાદાથી આગળ વધી કાર્ય કરી શકે નહીં. આમ, જે બાબતોનું જ્ઞાન માણસને પોતાની ઈંદ્રિયો દ્વારા થાય છે, તેનું જ્ઞાન ફક્ત બુદ્ધિના આધારે નથી મેળવી શકાતું. દાખલા તરીકે ભીંતને જોઈને જાણી શકાય છે કે, તેનો રંગ સફેદ છે, પરંતુ આંખો બંધ કરીને ફક્ત અક્કલની મદદ વડે ભીંતનો રંગ જાણવો અશક્ય છે, એ જ પ્રમાણે જે બાબતોનું જ્ઞાન બુદ્ધિ દ્વારા પ્રાપ્ત થાય છે તે જ્ઞાન ફક્ત ઈંદ્રિયજ્ઞાનની મદદથી પ્રાપ્ત થઈ શકતું નથી. દાખલા તરીકે ફક્ત આંખોથી જોઈને અથવા હાથોથી સ્પર્શ કરીને જાણી નથી શકાતું કે, આ ભીંતને કોઈ માણસે બનાવી છે કે કેમ ? પરંતુ આવું જાણવા માટે બુદ્ધિ હોવી જરૂરી છે.

મતલબ કે, પાંચ ઈંદ્રિયો (સેન્સ)ના કાર્યક્ષેત્રમાં બુદ્ધિની કોઈ જ દખલગીરી નથી અને જ્યાંથી પાંચ ઈંદ્રિયોની કાર્યસીમા પૂરી થાય છે ત્યાંથી બુદ્ધિનું કાર્યક્ષેત્ર શરૂ થાય છે. પરંતુ આ બુદ્ધિનું માર્ગદર્શન પણ મર્યાદિત છે, તે પણ એક નિશ્ચિત સીમા ઉપર પૂર્ણ થઈ જાય છે. ઉપરાંત ઘણી બાબતો એવી છે જેનું જ્ઞાન ઈંદ્રિયો અથવા બુદ્ધિ દ્વારા પ્રાપ્ત થઈ શકતું નથી. દાખલા તરીકે ભીંત વિશે એ જાણવું કે, આ ભીંતનો ઉપયોગ કઈ રીતે કરવાથી અલ્લાહ રાજી અથવા નારાજ થશે ? આવું બુદ્ધિ દ્વારા અથવા ઈંદ્રિયો દ્વારા જાણી શકાતું નથી. આ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો મનુષ્યને આપવા માટે જે "સ્ત્રોત" અલ્લાહ તઆલાએ નક્કી કર્યો છે તેનું નામ "વહી" છે. વહી ઊતરવાની પદ્ધતિમાં અલ્લાહ તઆલા

પોતાના બંદાઓ (માનવ જાત)માંથી જ કોઈને ચૂંટી કાઢીને પોતાના પયગમ્બર (સંદેશ વાહક) બનાવી તેના ઉપર પોતાનું "કલામ" (સંદેશ) ઉતારે છે. આ કલામને "વહી" કહેવામાં આવે છે.

"વહી" મનુષ્યને પોતાના જીવન વિશે ઇંદ્રિયો અથવા બુદ્ધિ દ્વારા ન જાણી શકાનારા પ્રત્યેક આવશ્યક પ્રશ્નોના ઉત્તરો આપતો જ્ઞાનનો શ્રેષ્ઠતમ્ સ્ત્રોત છે, ઉપરોક્ત દલીલોથી તે સાબિત થઈ ગયું. આ બાબત સ્પષ્ટ કરે છે કે, ફક્ત બુદ્ધિ અને અનુભવ માણસનું માર્ગદર્શન કરવા માટે પૂરતાં નથી. બલકે, માણસની હિદાયત (સીધા–સન્માર્ગના માર્ગદર્શન) માટે "વહી–એ–ઈલાહી" (અલ્લાહનો સંદેશ) એક અગત્યની અને અવગણના ન કરી શકાય એવી આવશ્યકતા છે. મૂળભૂત રીતે વહીની આવશ્યકતા એવી જગ્યાએ જ ઊભી થાય છે જ્યાં બુદ્ધિની સીમાઓ પૂરી થાય છે, માટે જરૂરી નથી કે વહીની પ્રત્યેક બાબતોની ચકાસણી અને મૂલ્યાંકન બુદ્ધિ દ્વારા જ થવું જોઈએ. બલકે, જેવી રીતે કોઈ વસ્તુનો રંગ જાણવા માટે બુદ્ધિની નહીં, પરંતુ ઇંદ્રિયજ્ઞાનની જરૂર ઊભી થાય છે. એવી જ રીતે ઘણા બધા દીની અકાઈદ (માન્યતાઓ)નું જ્ઞાન પ્રાપ્ત કરવું એ બુદ્ધિનું કામ નથી, ખરેખર એ માત્ર વહીનો જ હક (અધિકાર) છે, ઉપરાંત તેની ચકાસણી અને મૂલ્યાંકન ફક્ત બુદ્ધિ (અક્કલ)ના ભરોસે કરવું કોઈ રીતે વ્યાજબી પણ નથી!

જે માણસ (મઆઝલ્લાહ) અલ્લાહના અસ્તિત્વમાં જ નથી માનતો તેની સાથે વહી બાબતે ચર્ચા કરવાનો કોઈ લાભ નથી. પરંતુ જે માણસ અલ્લાહના અસ્તિત્વનું અને તેના સર્વશક્તિમાન હોવાનું ઈમાન (શ્રદ્ધા–આસ્થા–વિશ્વાસ) ધરાવે છે, તેવા વ્યક્તિ માટે બુદ્ધિની દૃષ્ટિએ વહીની આવશ્યકતા, તેની શક્યતા તથા તેના વાસ્તવિક અસ્તિત્વને સમજવું કોઈ જ મુશ્કેલ કામ નથી. જે વ્યક્તિ આસ્થા ધરાવે છે કે, આ સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર એકમાત્ર સર્વશક્તિમાન અલ્લાહ જ છે અને તે જ તમામ ભૌતિક નિયમ (ફીઝીકલ લૉ) દ્વારા (અને અપવાદ સ્વરૂપે અમુક સમયે આ ભૌતિક નિયમો વિના પણ) તેનું સંપૂર્ણ વ્યવસ્થાપન પોતાની અમર્યાદ શક્તિ વડે કરી રહ્યો છે, અને તેણે જ મનુષ્યજાતિને એક ખાસ હેતુ માટે આ પૃથ્વી પર મોકલી છે, તો પછી એ કેવી રીતે શક્ય બને કે તે (અલ્લાહ) માણસનું સર્જન કર્યા પછી તેને બિલકુલ અંધારી ગર્તામાં છોડી દે!?

અને તેનું માર્ગદર્શન પણ ન કરે કે આ દુનિયામાં તે શા માટે આવ્યો છે!? અહીંયાં તેની શું જવાબદારીઓ અને ફરજો છે ? તેના જીવનનો અંતિમ ધ્યેય શું છે ? અને તે કેવી રીતે પોતાનો આ અંતિમ ધ્યેય પ્રાપ્ત કરી શકે છે? શું કોઈપણ માણસ જે સામાન્ય સૂઝબૂઝ ધરાવતો હોય તે એવું કરી શકે છે કે, પોતાના કોઈ નોકરને ખાસ મહત્ત્વના કામ માટે કોઈ પ્રવાસે મોકલે, પરંતુ તેને પ્રવાસે જતી વખતે ન તો પ્રવાસનો હેતુ જણાવે અને ન જ પાછળથી કોઈ સંદેશા દ્વારા એની જાણ કરે કે, તેને શું કામ માટે મોકલવામાં આવ્યો છે !? અને પ્રવાસ દરમિયાન તેની ડ્યુટી (ફરજ) શું હશે !? જ્યારે કે એક સામાન્ય સૂઝબૂઝ ધરાવનાર વ્યક્તિ પણ આવું મૂર્ખામીભર્યું કૃત્ય નથી કરી શકતો, તો પછી ખુદાવંદે કુદ્દૂસ વિશે એવી કલ્પના પણ કેવી રીતે કરી શકાય કે જેની અમર્યાદ શક્તિ સમગ્ર સૃષ્ટિનું સંચાલન કરી રહી છે ! જેણે ચાંદ, સૂરજ, આસમાન (ગ્રહો, નક્ષત્રો, તમામ અવકાશી પદાર્થો), જમીન (પૃથ્વી), તારાઓ વગેરેનું એક સુવ્યવસ્થિત અને સુગ્રથિત વિરાટ વિશ્વ તૈયાર કર્યું તે પોતાના બંદાઓ (માનવજાત) માટે સંદેશો પહોંચાડવાનું કોઈ એવું તંત્ર પણ ન બનાવી શકે કે, જેના દ્વારા માનવજાતને પોતાના અસ્તિત્વના હેતુ માટેનું માર્ગદર્શન પણ ના આપી શકે !? શું આવું શક્ય છે? જો અલ્લાહની અમર્યાદ રહસ્યપૂર્ણ શક્તિઓ ઉપર આસ્થા છે તો એવું માનવું પણ આવશ્યક છે કે, તેણે પોતાના બંદાઓને અંધારામાં નથી છોડી દીધા. બલકે, તેમના માર્ગદર્શન માટે એક સુવ્યવસ્થિત તંત્ર બનાવ્યું છે અને તે સુવ્યવસ્થિત તંત્રનું નામ "વહી" અને "રિસાલત" છે.

આપ ﷺ ઉપર "વહી" ઊતરવાની વિવિધ પદ્ધતિઓ :

વહી અને રિસાલતના પવિત્ર સિલસિલા (ક્રમ)ની અંતિમ કડી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર પૂર્ણ થઈ ગઈ. હવે, ન તો કોઈ મનુષ્ય પર વહી ઊતરશે, અને ન જ તેની આવશ્યકતા છે. હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર વિવિધ રીતે વિવિધ પદ્ધતિઓથી વહી (અલ્લાહનો સંદેશ) નાઝિલ (અવતરિત) થતી હતી. સહીહ બુખારીની એક હદીષમાં હઝરત આયશા (રદિયલ્લાહુ તઆલા અન્હા) ફરમાવે છે કે, "એક વખતે હઝરત હારિષ બિન હિશામ (રદિયલ્લાહુ અન્હુ)એ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને પૂછયું કે, આપ પર વહી કેવી રીતે નાઝિલ થાય છે ? તો હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ ફરમાવ્યું કે, ક્યારેક તો

મને ઘંટડી જેવો અવાજ (રણકાર) સંભળાય છે અને વહી નાઝિલ થવાનું આ સ્વરૂપ મારા માટે સૌથી કઠિન હોય છે, પછી જ્યારે આ સિલસિલો પૂર્ણ થાય છે તો જે કંઈ પણ તે અવાજે કહ્યું હોય છે તે મને યાદ થઈ ચૂક્યું હોય છે, અને ક્યારેક તો મારી સામે ફરિશ્તો એક પુરૂષ સ્વરૂપે પણ આવે છે."

(સહીહ બુખારી : ૧/૨)

આ હદીષમાં હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ "વહી"ના અવાજને ઘંટડીઓના અવાજ (રણકાર) સમકક્ષ બતાવ્યો છે. શેખ મુહ્યુદ્દીન ઈબ્ને અરબી (રહમતુલ્લાહ)એ આ બાબતની સ્પષ્ટતા વર્ણવી છે કે, "એક તો વહીના અવાજમાં ઘંટડીઓના અવાજ જેમ સાતત્ય હોય છે અને અધવચ્ચે અવાજ અટકતો નથી. બીજું કે ઘંટડી જ્યારે સતત રણકી રહી હોય છે, તો સાંભળનારનું તે અવાજ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવું કઠિન હોય છે. કારણ કે, તેનો અવાજ પ્રત્યેક દિશાએથી આવતો હોય એવો ભાસ થાય છે અને અલ્લાહના કલામની પણ આ જ વિશેષતા છે કે, તેનો અવાજ કોઈ એક દિશાએથી નથી હોતો બલકે, દરેક દિશાએથી અવાજ સંભળાય છે. આ પરિસ્થિતિનું વાસ્તવિક ચિત્રણ કરવું અનુભવ વગર શક્ય નથી, પરંતુ આ બાબતને સામાન્ય લોકોની સમજ માટે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ તે અવાજને ઘંટડીઓના અવાજ સમકક્ષ બતાવ્યો છે."

(ફત્હુલ બારી : ૧/૧૯-૨૦)

જ્યારે આ પદ્ધતિથી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર વહી નાઝિલ થતી હતી ત્યારે આપ ﷺને ખૂબ તકલીફ થતી હતી. હઝરત આયશા (રદિયલ્લાહુ તઆલા અન્હા) આ જ હદીષના છેવટમાં ઉલ્લેખ કરે છે કે, "મેં સખત ઠંડીના દિવસોમાં પણ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર વહી નાઝિલ થતાં જોઈ છે અને આવી ઠંડીમાં પણ જ્યારે વહી ઊતરવાનો સિલસિલો પૂર્ણ થતો હતો ત્યારે આપ ﷺનો ચહેરો પરસેવાથી રેબઝેબ થઈ જતો." એક બીજી રિવાયતમાં હઝરત આયશા (રદિયલ્લાહુ તઆલા અન્હા) વર્ણવે છે કે, "જ્યારે આપ ﷺ પર વહી નાઝિલ થતી તો આપ ﷺનો શ્વાસ રૂંધાવા લાગતો અને ચહેરા મુબારકનો રંગ બદલાઈને ખજૂરની ડાળી જેમ પીળો પડી જતો. આગળના દાંત ઠંડીના કારણે કકડવા લાગતા અને (છતાં) આપ ﷺને એટલો પરસેવો થઈ

જતો કે, પરસેવાના ટીપાં મોતીઓની જેમ ઝળકવા લાગતા હતાં.''

(અલ ઈત્કાન ૧/૪૬)

વહીની આ પરિસ્થિતિમાં અમુક સમયે કઠણાઈની પરાકાષ્ઠા એટલી હદે પૈદા થઈ જતી કે, આપ ﷺ જે પ્રાણી (સવારી) ઉપર તે વખતે સવાર હોય તે જાનવર (પ્રાણી) ભારથી દબાઈને બેસી જતું. એક વખતે આપ ﷺએ પોતાનું માથું હઝરત ઝૈદ બિન ષાબિત (રદિયલ્લાહુ તઆલા અન્હુ)ના ખોળામાં મૂક્યું હતું અને એ હાલતમાં વહી નાઝિલ થવાનું શરૂ થયું, તેનાથી હઝરત ઝૈદ (રદિયલ્લાહુ તઆલા અન્હુ)ની જાંઘ પર એટલું વજન વધી ગયું કે જાણે તેમની જંઘાસ્થિ (જાંઘનું હાડકું) તૂટવા માંડી !

(ઝાદુલ્ મઆદ : ૧/૧૮-૧૯)

ક્યારેક વહીનો ધીમો ધીમો અવાજ બીજાઓને પણ મહસૂસ થતો હતો. હઝરત ઉમર (રદિયલ્લાહુ તઆલા અન્હુ) ફરમાવે છે કે, "જ્યારે આપ ﷺ ઉપર વહી નાઝિલ થતી તો આપ ﷺના ચહેરા મુબારક પાસે મધમાખીઓના ગણગણાટ જેવો અવાજ સંભળાતો હતો.''

(તબ્વીબે મુસ્નદે અહમદ, કિતાબુસ્સીરતુન્નબવિય્યહ : ૨૦/૨૧૨)

વહીની બીજી પદ્ધતિમાં ફરિશ્તો કોઈ માણસ સ્વરૂપે આપ ﷺ પાસે આવીને અલ્લાહનો સંદેશો પહોંચાડી આપતો હતો. એવા પ્રસંગે ખાસ કરીને હઝરત જિબ્રઈલ અલહિસ્સલામ પ્રખ્યાત સહાબી હઝરત દિહિયા ઈબ્ને ખલીફા કલ્બી (રદિયલ્લાહુ અન્હુ)નું રૂપ ધારણ કરીને ઉપસ્થિત થતા હતા, જો કે અમુક સમયે બીજા સ્વરૂપે પણ ઉપસ્થિત થયા છે. મતલબ કે, જ્યારે હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ) માણસના સ્વરૂપમાં વહી લઈને આવતા તો આપ ﷺ માટે વહીનું આ સ્વરૂપ સૌથી સરળ રહેતું.

(અલ-ઈત્કાન : ૧/૪૨)

વહીની ત્રીજી પદ્ધતિમાં હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ) કોઈ માણસનું રૂપ ધારણ કર્યા વિના જ પોતાના અસલી સ્વરૂપમાં દેખાતા હતા, પરંતુ આવું આપ ﷺની જિંદગીમાં ફકત ત્રણ જ વખતે બન્યું છે. પ્રથમ વખતે આપ ﷺએ પોતે જ હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ)ને પોતાના અસલી સ્વરૂપમાં જોવાની ઈચ્છા વ્યકત કરી, બીજા વખતે મેઅ્રાજમાં અને ત્રીજા વખતે

નુબુવ્વતના બિલકુલ શરૂઆતના દિવસોમાં મક્કએ મુકર્રમહમાં અજિયાદના સ્થળે. પ્રથમ બે પ્રસંગો તો સહીહ સનદ (આધારભૂત પ્રમાણો)થી સાબિત છે, જો કે આ છેલ્લા પ્રસંગની સનદ બિન આધારભૂત હોવાના કારણે શંકાસ્પદ છે.

(ફત્હુલ બારી : ૧/૧૮-૧૯)

વહીનું ચોથું સ્વરૂપ સીધે સીધું (કોઈપણ પ્રકારના માધ્યમ વિના) અલ્લાહ તબારક વ તઆલા સાથે સીધી વાતચીતનું છે. આ પ્રતિષ્ઠા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને જાગૃતાવસ્થામાં ફક્ત "મેઅ્રાજ" સમયે પ્રાપ્ત થઈ હતી અને એક સમયે ખ્વાબ (સ્વપ્ન)માં આપ ﷺએ અલ્લાહ સાથે વાતચીત કરી હતી.

(ઈત્કાન : ૧/૪૬)

વહીની પાંચમી પદ્ધતિમાં હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ કોઈપણ સ્વરૂપે સામે આવ્યા વિના આપ ﷺના હૃદય મુબારકમાં કોઈ વાત નાંખી દેતા હતા, જેને દીની વ્યાખ્યામાં "નફષ ફિર્ રૂઅ" نَفَثٌ فِى الرُّوْعِ કહે છે.

(ઈત્કાન : ૧/૪૬)

કુર્આન શરીફ નાઝિલ થવાનો (ઊતરવાનો) ઇતિહાસ

કુર્આને કરીમ વાસ્તવમાં અલ્લાહનું કલામ (The Words of ALLAH) છે. કુર્આને કરીમનું ફરમાન છે بَلْ هُوَ قُرْاٰنٌ مَّجِيْدٌفِىْ لَوْحٍ مَّحْفُوْظٍ (બલકે આ કુર્આને મજીદ છે, લવહે મહફૂઝમાં ૮૫:૨૧-૨૨) પછી "લવહે મહફૂઝ" (એક વિશેષ સુરક્ષિત જગ્યા-Preserved Tablet)માંથી તેને બે વખતે ઉતારવામાં આવ્યું છે, એક વખતે તે સંપૂર્ણ આસમાને દુનિયામાં "બયતે ઈજ્જત"માં ઉતારવામાં આવ્યું હતું. "બયતે ઈજ્જત" (જેને "બયતે મા'મૂર" પણ કહેવામાં આવે છે) કા'બતુલ્લાહની બિલકુલ ઉપર આસમાનમાં ફરિશ્તાઓનું અલ્લાહની ઈબાદત કરવા માટેનું સ્થળ છે. આ ઊતરાણ "લયલતુલ્ કદ્ર" (કદ્રની રાત્રે) થયું હતું. પછી બીજા સમયે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પર થોડું થોડું આવશ્યકતા અનુસાર ઉતારવામાં આવ્યું અને કુલ ૨૩ વર્ષોમાં તેને પૂર્ણ કરવામાં આવ્યું. કુર્આન નાઝિલ થવાની આ બે પરિસ્થિતિઓ ખુદ કુર્આન શરીફના વર્ણન અનુસાર સ્પષ્ટ થાય છે. તદુપરાંત આ વિશે ઈમામ નસઈ (રહમતુલ્લાહ), ઈમામ બયહકી (રહ.) અને હાકિમ (રહ.) વગેરેએ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિયલ્લાહુ અન્હુ)થી અનેક રિવાયતો વર્ણન કરી છે, જેનો ખુલાસો એ જ છે કે કુર્આને કરીમનું પહેલું ઊતરાણ પૂરેપૂરું દુનિયાના આસમાન (آسْمَانِ دُنْيَا) ઉપર થયું અને બીજા વખતનું ઊતરાણ (નુઝૂલ) આપ ﷺ પર ક્રમે ક્રમે આવશ્યકતા અનુસાર થયું.

(અલ ઈત્કાન : ૧/૪૧)

કુર્આને કરીમને પ્રથમ વખતે દુનિયાના આસમાન પર ઉતારવાની હિકમત (વિવેક બુદ્ધિ-Wisdom) ઈમામ અબૂ શામહ્ (રહ.)એ વર્ણન કરી છે કે, "તેનાથી કુર્આને કરીમની પ્રતિષ્ઠા જાહેર કરવાનો હેતુ હતો અને ફરિશ્તાઓને જ્ઞાત કરવા હતા કે, અલ્લાહની આ અંતિમ કિતાબ જ પૃથ્વીલોકની હિદાયત માટે ઉતારવામાં આવનાર છે."

શૈખ ઝરકાની (રહ.)એ આ વિષય વર્ણન કર્યો છે કે, "આવી રીતે બે વખતે ઉતારવાનો હેતુ, આ કિતાબ દરેક પ્રકારની શંકા–કુશંકાઓથી શુદ્ધ અને પાકસાફ છે એમ જાહેર કરવાનો તથા એ બાબતની સ્પષ્ટતા કરવાનો હતો કે, આ કિતાબ (કુર્આને કરીમ) હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના હૃદય (દિલ) મુબારક ઉપરાંત અન્ય બે જગ્યાઓએ પણ સુરક્ષિત છે. એક સ્થળ "લવહે મહફૂઝ" છે અને બીજું સ્થળ "બયતે ઈજ્જત" છે." (ફકત અલ્લાહ વધુ જાણનાર છે.)

(મનાહિલુલ્ ઈરફાન : ૧/૩૯)

એ વિશે લગભગ બધા જ સહમત છે કે, કુર્આને કરીમનું બીજા પ્રકારનું ક્રમાનુસાર ઊતરાણ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના હૃદય (દિલ) મુબારક પર થવાની શરૂઆત થઈ ત્યારે આપ ﷺની ઉંમર ૪૦ વર્ષની હતી. કુર્આને કરીમ નાઝિલ થવાની શરૂઆત પણ સહીહ અને આધારભૂત પ્રમાણો દ્વારા "લયલતુલ્ કદ્ર"માં (કદ્રની રાત્રે) થઈ છે અને આ જ તારીખે અમુક વર્ષો પછી "બદ્રનું યુદ્ધ" (ગઝવ–એ–બદ્ર) થયું હતું. પરંતુ આ રાત રમઝાનની કઈ તારીખે હતી એના વિશે ચોક્કસપણે કહી શકાય નહીં. અમુક રિવાયતો પ્રમાણે રમઝાનની ૧૭મી, અને ૧૯મી તથા અમુક રિવાયતો પ્રમાણે ૨૭મી રાત હોવાનું જણાઈ આવે છે.

(તફસીરે ઈબ્ને જરીર રહ. : ૧૦/૭)

સૌથી પહેલાં નાઝિલ થયેલી (ઉતારવામાં આવેલી) આયત :

આધારભૂત પ્રમાણો દ્વારા જાણવા મળે છે કે, સૌ પ્રથમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર કુર્આને કરીમની "સૂરએ અલક"ની શરૂઆતની આયતો ઊતરી હતી. સહીહ બુખારીમાં હઝરત આયશા (રદિયલ્લાહુ તઆલા અન્હા) આ ઘટનાને આ પ્રમાણે વર્ણવે છે કે, "હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પર વહી ઊતરવાની શરૂઆત તો સાચા સપનાંઓ દ્વારા થઈ ચૂકી હતી, ત્યાર પછી આપ ﷺને એકાંતમાં અલ્લાહની ઈબાદત કરવાનો શોખ પૈદા થયો અને એ દરમિયાન તેઓ "ગારે હિરા" (હિરાની ગુફા)માં કેટલીક રાતો પસાર કરતા અને ઈબાદતમાં વ્યસ્ત રહેતા હતા. આ જ ગુફામાં આપ ﷺ પાસે અલ્લાહ તઆલા તરફથી ફરિશ્તાએ આવીને સૌ પ્રથમ કહ્યું; اِقْــرَأْ "ઈકરઅ્" (પઢો) ! આપ ﷺએ કહ્યું, "હું પઢેલો (ભણેલો) નથી" ! ખુદ આપ ﷺએ આ ઘટનાનું વર્ણન કર્યું છે કે, "ફરિશ્તાએ મને પકડીને જોરથી (છાતી સરસો) દબાવ્યો, જેનાથી મને અસહ્ય

વેદના થઈ, પછી તેણે મને છોડી દીધો. અને ફરીવાર કહ્યું કે, "ઈકરઅ્" ! મેં જવાબ આપ્યો, "હું ભણેલો (પઢેલો) નથી !" આ જવાબ સાંભળી તેણે મને ત્રીજી વખતે છાતી સાથે જોરથી દબાવીને છોડી મૂકયો, પછી કહ્યું,

اِقْرَأْ بِاسْمِ رَبِّکَ الَّذِیْ خَلَقَ ○ خَلَقَ الْاِنسَانَ مِنْ عَلَقٍ ○ اِقْرَأْ وَرَبُّکَ الْاَکْرَمُ..

"પઢો ! તે પરવરદિગારના નામથી જેણે પૈદા કર્યા; જેણે માણસને લોહીના ગઠ્ઠાથી પૈદા કર્યો; પઢો ! અને તમારો પરવરદિગાર સૌથી વધુ કૃપાળુ છે." (૯૬:૧–૩)

ઉપરોક્ત આયતો આપ ﷺ પર ઉતારવામાં આવેલી પ્રથમ આયતો છે. ત્યાર પછી ત્રણ વર્ષ સુધી વહીનો સિલસિલો (ક્રમ) બંધ રહ્યો. આ તે જ સમય છે જેને "ફતરતે વહી" فَتْرَةِ وَحِی નો સમયગાળો કહે છે. ત્યારબાદ ત્રણ વર્ષો પછી તે જ ફરિશ્તો જે હિરાની ગુફામાં આવ્યો હતો, આપ ﷺને પૃથ્વી અને આકાશની વચ્ચે દેખાયો અને તેણે "સૂરએ મુદ્દસ્સિર"ની આયતો આપ ﷺને સંભળાવી. એ પછી વહીનો સિલસિલો (ક્રમ) સતત ચાલુ થઈ ગયો.

મક્કી અને મદની આયતો :

તમે કુર્આનની સૂરતો (પ્રકરણો)ના નામો સાથે જોયું હશે કે, મક્કી અને મદની પણ લખેલું હોય છે, તેનો સાચો અર્થ સમજી લેવો જરૂરી છે. મુફસ્સિરીન (કુર્આનના વિવરણકારો)ની વ્યાખ્યા પ્રમાણે જે આયતો આપ ﷺ ઉપર મદીના તય્યિબહની હિજરત પહેલાં નાઝિલ થઈ તેને "મક્કી આયતો" કહેવામાં આવે છે અને જે આયતો આપ ﷺ પર મદીના પહોંચ્યા પછી નાઝિલ થઈ તે "મદની આયતો" કહેવાય છે. અમુક લોકો મક્કી અને મદની આયતોનો મતલબ એ સમજે કે, "મક્કી આયતો" મક્કા શહેરમાં નાઝિલ થઈ અને "મદની આયતો" મદીના શહેરમાં નાઝિલ થઈ, પરંતુ એવું સમજવું સાચું નથી. એટલા માટે કે, કેટલીય આયતો મક્કા શહેરમાં નથી ઊતરી છતાં પણ હિજરત પહેલાં નાઝિલ થઈ હોવાના કારણે તેને "મક્કી આયતો" કહેવામાં આવે છે. જેમકે જે આયતો મિના, અરફાત અને મેઅ્રાજની મુસાફરી દરમિયાન ઊતરી હતી તે આયતો પણ "મક્કી આયતો" કહેવાય છે. બલકે, જે આયતો હિજરતના સફર દરમિયાન માર્ગમાં નાઝિલ થઈ હતી, તે પણ "મક્કી આયતો" કહેવાય છે. એવી જ રીતે

ઘણી આયતો મદીના શહેરમાં નાઝિલ નથી થઈ છતાં તે "મદની આયતો" કહેવાય છે. જેમકે, હિજરત પછી આપ ﷺને મુસાફરીના ઘણા પ્રસંગો આવ્યા, તેમાં આપ ﷺ મદીનાથી સેંકડો માઈલ દૂર ગયા હતા અને તે તમામ સ્થળોએ નાઝિલ થયેલી આયતોને પણ "મદની આયતો" કહેવામાં આવે છે. એ જ પ્રમાણે ફત્હે મક્કા (મક્કા વિજય) અને "સુલહે હુદૈબિય્યહ" (હુદૈબિય્યહની શાંતિ મંત્રણા)ના સમયે મક્કા શહેર અને આજુબાજુના વિસ્તારમાં નાઝિલ થયેલ આયતો પણ "મદની આયતો" કહેવાય છે. એટલા માટે اِنَّ اللّٰہَ یَـاْمُرُکُمْ اَنْ تُـؤَدُّوا الْاَمَـانَـاتِ اِلٰی اَھْلِھَـا (૪:૫૮) મદની આયત છે. હાલાં કે, આ આયત મક્કા મુકર્રમહમાં નાઝિલ થઈ હતી.

(અલ બુરહાન વ મનાહિલુલ્ ઈરફ઼ાન : ૧/૧૮૮)

પરંતુ અમુક સૂરતો એવી પણ છે જે સંપૂર્ણ મક્કી અથવા મદની સૂરતો છે. દાખલા તરીકે સૂરએ મુદસ્સિર આખી મક્કી સૂરહ છે અને સૂરએ આલે ઈમ્રાંન આખી મદની સૂરહ છે, પરંતુ ક્યારેક એવું પણ થયું છે કે, અલબત્ત આખી સૂરહ મક્કી હોય પરંતુ તેમાં એક અથવા અમુક આયતો મદની પણ આવી ગઈ હોય, અને અમુક સમયે તેનાથી ઊલટું પણ થયું છે. દાખલા તરીકે સૂરએ એઅ્રાફ મક્કી છે પરંતુ એમાં

وَاسْاَلْھُمْ عَنِ الْقَرْیَۃِالَّتِیْ کَانَتْ حَاضِرَۃَالْبَحْرِ

થી

وَاِذْاَخَذَرَبُّکَ........

સુધીની આયત મદની છે. એવી જ રીતે સૂરએ હજ્જ મદની છે પરંતુ એમાં ચાર આયતો એટલે કે,

وَمَآاَرْسَلْنَا مِنْ قَبْلِکَ مِنْ رَّسُوْلٍ وَّلَانَبِیٍّ اِلَّآاِذَاتَمَنّٰی

થી

عَذَابُ یَوْمٍ عَقِیْمٍ

સુધી મક્કી છે.

હવે સ્પષ્ટ થઈ ગયું કે, કોઈપણ સૂરહનું મક્કી અથવા મદની હોવું તેમાંની આયતોની વધારે પડતી સંખ્યા ક્યાં નાઝિલ થઈ તેના પર આધાર રાખે છે, અને ઘણી વખતે એવું પણ બનતું હતું કે, જે સૂરહની શરૂઆતની આયતો હિજરત પહેલાં ઊતરી ચૂકી હોય તે મક્કી તરીકે ઓળખાઈ, ભલે પાછળથી હિજરત પછી તે સૂરહમાં અમુક આયતો નાઝિલ થઈ હોય.

(મનાહિલુલ્ ઈરફાન : ૧/૧૯૨)

મક્કી અને મદની આયતોની વિશેષ લાક્ષણિકતાઓ (ખાસિયતો) :

કુર્આનના વિવરણકારો (મુફસ્સિરીન ઉલમા)એ મક્કી અને મદની સૂરતોમાં રીસર્ચ (સંશોધન) કરી તેની અમુક ખાસિયતો વર્ણવી છે. જેમાં પ્રથમ દૃષ્ટિએ જોતાં જાણ થઈ જાય છે કે, આ સૂરત મક્કી છે કે મદની ? તેમાંથી અમુક ખાસિયતો તો "**નિયમ**" (Law)ની હૈસિયત ધરાવે છે અને ઘણા લક્ષણો ઓળખી શકાય એવા છે. "નિયમ"ની હૈસિયત ધરાવતી ખાસિયતો નીચે મુજબ છે.

(૧) દરેક તે સૂરહ જેમાં كَلَّا "કલ્લા" (કદી નહીં) શબ્દ આવ્યો છે, તે મક્કી સૂરહ છે. આ શબ્દ ૧૫ સૂરતોમાં ૨૩ વખતે આવ્યો છે અને આ બધી આયતો કુર્આન શરીફના છેલ્લા અડધા ભાગમાં છે.

(૨) દરેક તે સૂરહ જેમાં (હનફી મસ્લક પ્રમાણે) કોઈ **"આયતે સિજ્દહ"** આવે છે તે મક્કી છે. (જે આયત પઢવા-સાંભળવાથી સિજ્દહ કરવો વાજિબ થઈ જાય છે તેને "આયતે સિજ્દહ" કહે છે.)

(૩) સૂરએ બકરહ સિવાય દરેક તે સૂરહ જેમાં આદમ (અલૈહિસ્સલામ) તથા ઈબ્લીસના કિસ્સાનું વર્ણન થયું છે તે મક્કી છે.

(૪) દરેક તે સૂરહ જેમાં જિહાદની પરવાનગી અથવા તેના અહકામો (કાયદાઓ)નું વર્ણન થયું છે તે સૂરહ મદની છે.

(૫) દરેક તે સૂરહ જેમાં મુનાફિકોનું વર્ણન થયું છે, તે મદની સૂરહ છે.

આ પ્રમાણે નીચે દર્શાવેલી ખાસિયતો મોટાભાગે જોવા મળતા લક્ષણો છે. એટલે કે, અમુક સમયે તેનાથી વિપરીત પણ થતું હોય છે જે અપવાદ ગણી શકાય, પરંતુ મોટેભાગે આવી જ ખાસિયતો હોય છે. જેમકે,

(૧) મક્કી સૂરતોમાં ખાસ કરીને يَآاَيُّهَاالنَّاسُ "યા અય્યુહન્નાસુ" (હે લોકો!)ના શબ્દથી સંબોધન કરવામાં આવ્યું છે અને મદની સૂરતોમાં يَآاَيُّهَاالَّذِيْنَ اٰمَنُوْا "યા અય્યુહલ્લઝીન આમનૂ" (હે ઈમાનવાળાઓ !) ના શબ્દ વડે સંબોધન થયું છે.

(૨) મક્કી આયતો અને સૂરતો પ્રમાણમાં નાની નાની અને ટૂંકી છે, જ્યારે મદની આયતો અને સૂરતો પ્રમાણમાં લાંબી હોય છે અને તેમાં સમાવિષ્ટ વિષયોની ચર્ચા વિસ્તારપૂર્વક કરવામાં આવી છે.

(૩) મક્કી સૂરતોમાં મોટેભાગે તવહીદ (અલ્લાહ એક જ હોવાની માન્યતા), રિસાલત (અલ્લાહ તરફતથી માનવજાતના માર્ગદર્શન માટે સંદેશાવાહકો મોકલવામાં આવે છે તેને "રિસાલત" કહેવામાં આવે છે) અને આખિરત (પરલોક)નું વર્ણન થયું છે. ઉપરાંત સારા–નરસા કૃત્યોના આખિરતમાં બદલાનું વર્ણન અને અલ્લાહ તઆલા તરફથી આપ ﷺ દ્વારા આ બાબતો વિશે વિશેષ ભાર મૂકી અગાઉની ઉમ્મતો (સંસ્કૃતિઓ–સભ્યતાઓ)ના ઉદાહરણો આપી લોકોને સમજાવવું પણ સામેલ છે, તેમાં નિયમો તથા અહકામોનું વર્ણન ઓછા પ્રમાણમાં થયું છે. એથી વિપરીત મદની સૂરતોમાં કૌટુંબિક અને સામાજિક કાયદા–કાનૂન, જિહાદ (માત્ર અલ્લાહ માટે જ કરવામાં આવતું પવિત્ર યુદ્ધ) વગેરેના નિયમો, હુકમો, હદો તથા ફરજોનું વર્ણન થયું છે.

(૪) મક્કી સૂરતોમાં મોટાભાગે મુકાબલો મૂર્તિપૂંજકો સાથે છે, જ્યારે કે મદની સૂરતોમાં અહલે કિતાબ (યહૂદી અને ક્રિશ્ચિયન) સાથે મુકાબલો છે.

(૫) મક્કી સૂરતોની વર્ણનશૈલી શિકવા–શિકાયત (ફરિયાદ) આધારિત છે, તેમાં સત્યનો પ્રચાર, અલ્લાહના વખાણ અને વિવિધ પ્રકારના ઉદાહરણો વધારે પ્રમાણમાં છે, શબ્દોની મૌલિકતા ઉચ્ચ કક્ષાની છે. એથી વિપરીત મદની સૂરતોમાં વર્ણનશૈલી ખૂબ સરળ છે.

મક્કી અને મદની સૂરતોમાં વર્ણનશૈલી અને રજૂઆતની લઢણનો આ તફાવત વાસ્તવમાં માહોલ (આજુબાજુની પરિસ્થિતિ) અને જેમને સંબોધન કરવામાં આવી રહ્યું છે તેમના સાંસ્કૃતિક વિરોધાભાસના કારણે ઉત્પન્ન થયો છે.

મક્કી જિંદગીમાં મુસલમાનોનો સમાગમ ફક્ત અરબના મૂર્તિપૂંજકો સાથે હતો, અને કોઈ ઈસ્લામી રાજસત્તા અસ્તિત્વમાં આવી ન હતી, એટલા માટે આ સમયગાળામાં મોટાભાગે અકાઈદ (માન્યતાઓ)ની દુરુસ્તી, અખ્લાક (વર્તણૂક)ની સુધારણા, નૈતિક મૂલ્યોનું જતન, મૂર્તિપૂંજકોની દલીલોનો રદિયો અને કુર્આને મજીદની આગવી પ્રતિભાની જાહેરાત કરવામાં આવી. એથી વિપરીત મદીના તય્યિબહમાં એક ઈસ્લામી શાસન વ્યવસ્થા અસ્તિત્વમાં આવી ચૂકી હતી, લોકોના સમૂહોના સમૂહો (ગૃપો) ઈસ્લામની છત્રછાયામાં આવી રહ્યા હતા અને વૈચારિક રીતે મૂર્તિપૂંજાની વિચારસરણી પરાસ્ત થઈ ચૂકી હતી. વિચારસરણીનું યુદ્ધ હવે અહલે કિતાબ (યહૂદી અને ક્રિશ્ચિયન) સાથે હતું, જેથી અહીંયાં હુકમો, કાનૂનો અને ફરજોની મર્યાદાઓનું શિક્ષણ તથા અહલે કિતાબના રદિયા ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો, અને એ આધારે જ વર્ણનશૈલી અપનાવવામાં આવી છે.

કુર્આન શરીફનું ક્રમાનુસાર (બ-તદ્રીજ) નાઝિલ થવું :

અગાઉ આવી ચૂકયું છે કે, હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર કુર્આન શરીફ અચાનક એકદમ જ એકસામટું નથી ઊતર્યું, બલકે થોડું થોડું કરીને લગભગ ૨૩ વર્ષોમાં ઉતારવામાં આવ્યું છે. અમુક સમયે હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ) એક નાની આયત બલકે, એક આયતનો કોઈ ટૂકડો લઈને પણ આવતા હતા અને અમુક સમયે ઘણી બધી આયતો એકી સાથે એકસામટી પણ નાઝિલ થતી હતી. કુર્આને કરીમનો જે સૌથી નાનો ટૂકડો નાઝિલ થયો છે તે (نساء : ۹۴) غَيْرُ اُولِى الضَّرَرِ "ગયરુ ઉલિ ઝ્ ઝરરિ" (૪:૯૪) છે. જે એક ખૂબ લાંબી આયતનો એક નાનો ટૂકડો છે. બીજી બાજુ સૂરએ અન્આમ આખેઆખી એક સામટી નાઝિલ થઈ છે.

(ઈબ્ને કષીર : ૨/૧૨૨)

કુર્આને કરીમ એકસામટું એકી સાથે ઉતારવાના બદલે થોડું થોડું કેમ નાઝિલ કરવામાં આવ્યું ? આ સવાલ ખુદ મક્કાના મુશ્રિકો (મૂર્તિપૂંજકો)એ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને કર્યો હતો. અલ્લાહ તઆલાએ આ સવાલનો જવાબ આ શબ્દોમાં આપ્યો હતો.

وَقَالَ الَّذِينَ كَفَرُوا لَوْلَا نُزِّلَ عَلَيْهِ الْقُرْآنُ جُمْلَةً وَّاحِدَةً، كَذٰلِكَ لِنُثَبِّتَ بِهٖ فُؤَادَكَ وَرَتَّلْنَاهُ تَرْتِيلًا ۝ وَلَا يَأْتُونَكَ بِمَثَلٍ اِلَّا جِئْنَاكَ بِالْحَقِّ وَاَحْسَنَ تَفْسِيرًا ۝

"અને કાફિરોએ કહ્યું કે, કુર્આન એકી સાથે (એક સામટું) કેમ નાઝિલ કરવામાં ન આવ્યું ? એવી જ રીતે (અમે કુર્આનને ક્રમે ક્રમે ઉતાર્યું છે) જેથી અમે આપ (ﷺ)ના દિલને પૂર્ણ સંતોષ આપીએ અને અમે એને થોડું-થોડું (ક્રમે-ક્રમે) પઢયું છે, અને તેઓ કોઈ વાત આપની પાસે નહીં લાવે પરંતુ, અમે આપ (ﷺ)ની પાસે સચ્ચાઈ લાવીશું, અને (એનું) શ્રેષ્ઠ વિવરણ (તફસીર) રજૂ કરીશું."

(૨૫:૩૨-૩૩)

ઈમામ રાઝી (રહ.)એ આ આયતની તફસીર (વિવરણ)માં કુર્આન ક્રમે ક્રમે ઉતારવાની જે હિકમતો વર્ણવી છે, અત્રે તેની સ્પષ્ટતા સમજી લેવી પૂરતી છે. તેઓ ફરમાવે છે કે,

(૧) હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ <u>"ઉમ્મી"</u> (અક્ષરજ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય તેવા) હતા, લખતાં-વાંચતા આવડતું ન હતું. એટલા માટે જો આખું કુર્આન એકસામટું નાઝિલ થઈ ગયું હોત તો એને યાદ રાખવું અને સ્મૃતિમાં સુરક્ષિત રાખવું મુશ્કેલ હતું. એથી વિપરીત હઝરત મૂસા (અલયહિસ્સલામ)ને લખતાં-વાંચતા આવડતું હતું, એટલા માટે તેમના ઉપર તવરાત એકસામટી એકી સાથે નાઝિલ કરવામાં આવી હતી.

(૨) જો સમગ્ર કુર્આને શરીફ એકસામટું એકી સાથે ઉતારવામાં આવ્યું હોત તો, નમાઝ અને હુકમોની પાબંદી (તમામ પ્રકારના શરઈ આદેશોનું પાલન કરવું) એકસાથે ફરજ થઈ ગયું હોત; અને તે હિકમતપૂર્ણ (ડહાપણયુક્ત વિવેકબુદ્ધિના) ક્રમથી પણ વિરૂદ્ધ લેખાયું હોત, જે વિવેકબુદ્ધિ અને હિકમત શરીઅતે મુહમ્મદી ﷺની દરેક બાબતમાં જોવા મળે છે.

(૩) હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને પોતાની કૌમ (સમાજ) તરફથી દરરોજ નવી નવી તકલીફો સહન કરવી પડતી હતી. જિબ્રઈલ (અલયહિસ્સલામ)નું વારંવાર કુર્આને કરીમનું લઈને આવવું આ તકલીફોને હળવી બનાવી દેતું હતું

અને આપ ﷺના દિલ અને ઈરાદાઓ મજબૂત બનવાનું કારણ બનતું હતું.

(૪) કુર્આને કરીમનો એક હિસ્સો લોકોના સવાલોના જવાબમાં અને વિવિધ પ્રસંગોના અનુસંધાને છે. એટલા માટે એવી આયતોનું ઊતરવું એવા સમયે જ યોગ્ય હતું જ્યારે કે તે સવાલો પૂછવામાં આવ્યા હોય અથવા તે ઘટનાઓ ઘટી હોય ! તેનાથી મુસલમાનોના ડહાપણ (Wisdom), જ્ઞાન અને વિવેકબુદ્ધિનો પણ વિકાસ થતો હતો અને કુર્આને કરીમની ગૈબી (રહસ્યપૂર્ણ ગુપ્ત વાતો)ના વર્ણનથી તેની સચ્ચાઈ સ્પષ્ટ રીતે લોકો સમક્ષ આવી જતી હતી.

(તફસીરે કબીર : ૬/૩૩૬)

શા'ને નુઝૂલ (કુર્આન શરીફ ઊતરવાની પૂર્વભૂમિકા) :

કુર્આને કરીમની આયતો બે પ્રકારની છે. એક તે આયતો છે જે અલ્લાહ તઆલાએ કોઈ ખાસ પ્રસંગ (ઘટના) અથવા કોઈ સવાલ વગેરેની પૂર્વભૂમિકા વિના નાઝિલ કરી છે, જ્યારે બીજી આયતો એવા પ્રકારની છે, જે કોઈ ખાસ ઘટનાના અનુસંધાને અથવા કોઈ સવાલના જવાબમાં નાઝિલ થઈ છે. એવી ઘટનાઓને આ પ્રકારની આયતો ઊતરવાની પૂર્વભૂમિકા કહેવી જોઈએ. આ પૂર્વભૂમિકા મુફસ્સિરીન (વિવરણકારો)ની વ્યાખ્યામાં "સબબે નુઝૂલ" (આયતો ઊતરવાનું કારણ) અથવા "શા'ને નુઝૂલ" (આયતો ઊતરવાની પૂર્વભૂમિકા) કહેવામાં આવે છે. દાખલા તરીકે સૂરએ બકરહની આ આયત જુઓ :

لَاتَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ وَلَاَمَةٌ مُّؤْمِنَةٌ خَيْرٌ مِّنْ مُّشْرِكَةٍ وَّلَوْ اَعْجَبَتْكُمْ....

"મુશ્રિક (અલ્લાહ તઆલાની જાતમાં અન્યને ભાગીદાર ઠેરવનાર) સ્ત્રીઓ સાથે લગ્ન (નિકાહ) ન કરો, જ્યાં સુધી કે તેઓ ઈમાન (ઈમાન એટલે એક અલ્લાહમાં આસ્થા ધરાવવી તથા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને અલ્લાહના રસૂલ "સંદેશાવાહક" દિલથી માનવા અને તેનો મૌખિક ઈકરાર પણ કરવો) ન લઈ આવે, અને નિઃસંકોચ એક મો'મિન (ઈમાન ધરાવનાર) દાસી એક મુશ્રિક આઝાદ (સ્વતંત્ર) સ્ત્રીથી ઉત્તમ છે ભલે તે મુશ્રિક સ્ત્રી તમને પસંદ હોય." (૨:૨૨૧)

આ આયત એક ખાસ પ્રસંગે નાઝિલ થઈ હતી. અજ્ઞાનતાના યુગમાં હઝરત મરષદ બિન અબી મરષદ ગનવી (રદિયલ્લાહુ તઆલા અન્હુ)નો ઈનાક નામની એક સ્ત્રી સાથે સંબંધ હતો. ઈસ્લામ કબૂલ કર્યા પછી તેઓ મદીના મુનવ્વરહ ચાલ્યા આવ્યા અને તે સ્ત્રી મક્કા મુકર્રમહમાં રહી ગઈ. એક વખતે હઝરત મરષદ (રદિયલ્લાહુ તઆલા અન્હુ) કોઈ કામસર મક્કા ગયા તો ઈનાકે તેમને ગુનાહ તરફ આમંત્રિત કર્યા. હઝરત મરષદ (રદિયલ્લાહુ તઆલા અન્હુ)એ સાફ ઈન્કાર કરી દીધો અને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, "ઈસ્લામ મારા અને તારા દરમિયાન (મધ્ય)માં એક દિવાલ છે. પરંતુ જો તું ઈચ્છતી હોય તો હું હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની પરવાનગી મેળવ્યા પછી તારી સાથે લગ્ન (નિકાહ) કરી શકું છું." મદીના તય્યિબહ પહોંચીને હઝરત મરષદ (રદિયલ્લાહુ તઆલા અન્હુ)એ આપ ﷺ પાસે નિકાહની પરવાનગી માંગી અને પોતાની પસંદગી જાહેર કરી. આ ઘટનાના સંદર્ભમાં આ આયત ઊતરી હતી. "અને તેણે (અલ્લાહે) મુશ્રિક સ્ત્રીઓ સાથે નિકાહની મનાઈ ફરમાવી દીધી."

(અસ્બાબુન્નુઝૂલ લિલ્વાહિદી રહ. પેજ : ૩૮)

આ ઘટના ઉપરોક્ત આયતનો "શા'ને નુઝૂલ" (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) અથવા "સબબે નુઝૂલ" (આયત ઊતરવાનું કારણ) કહેવામાં આવે છે. કુર્આને શરીફની તફસીર (વિવરણ)માં "શા'ને નુઝૂલ" ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ઘણી બધી આયતોનો મફહૂમ (સમજવામાં આવતો અર્થ) ત્યાં સુધી ચોક્કસ અને સાચી રીતે સમજી નથી શકાતો, જ્યાં સુધી કે તેનો "શા'ને નુઝૂલ" (આયત ઊતરવાની પૂર્વભૂમિકા) ખબર ન હોય.

જહાંગીર ગુલામનબી ટકોમ
૧૪૧૨, રેળવાળાની પોળના નાકે,
કાળુપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧.
મો. ૯૨૨૮૭ ૨૦૫૯૨

કુર્આન શરીફના સાત શબ્દો અને કિરાઅતો (ઉચ્ચારથી પઢવાની પદ્ધતિ)

અલ્લાહ તઆલાએ કુર્આને કરીમની તિલાવત્ (પઢવા)ને સરળ બનાવવાના હેતુથી ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને એક વિશેષ પ્રકારની સહૂલત ભેટ ધરી છે. આ સરળતા એ છે કે, અલ્લાહ તઆલાએ કુર્આન શરીફના શબ્દોને વિવિધ ઉચ્ચારની પદ્ધતિઓથી પઢવાની છૂટ આપી છે. જેના કારણે જો કોઈ વ્યક્તિ કોઈ એકાદ શબ્દ એક ઉચ્ચારની પદ્ધતિથી ન પઢી શકે તો તે એને અન્ય ઉચ્ચારની પદ્ધતિથી પણ પઢી શકે છે. સહીહ મુસ્લિમની એક હદીષમાં છે કે, હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ એક વખતે બનુ ગિફારના તળાવ પાસે હાજર હતા ત્યારે હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ)એ આવીને કહ્યું, "અલ્લાહ તઆલાએ આપ ﷺને હુકમ આપ્યો છે કે, આપ ﷺ પોતાની ઉમ્મતને હુકમ આપો કે, કુર્આનને એક જ ઉચ્ચારની પદ્ધતિથી પઢે." આપ ﷺએ કહ્યું કે, "અલ્લાહ પાસે હું એની મા'ફી અને મગફિરત ઈચ્છું છું. મારી ઉમ્મતમાં એવી તાકાત (શકિત) નથી." પછી હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ) બીજા વખતે આપ ﷺ પાસે આવ્યા અને કહ્યું કે, "અલ્લાહે આપને હુકમ આપ્યો છે કે, આપ ﷺની ઉમ્મત કુર્આનને બે પ્રકારના ઉચ્ચારથી પઢે." આપ ﷺએ ફરમાવ્યું કે, "હું અલ્લાહ તઆલાથી મા'ફી અને મગફિરતની યાચના કરું છું. મારી ઉમ્મતમાં તેની પણ શકિત નથી." પછી તેઓ ત્રીજી વખતે આવ્યા અને કહ્યું કે, "અલ્લાહ તઆલાએ આપ ﷺને હુકમ આપ્યો છે કે, આપ ﷺની ઉમ્મત કુર્આનને સાત ઉચ્ચારોની પદ્ધતિથી પઢે, પછી તેઓ તેમાંથી જે પણ ઉચ્ચારની પદ્ધતિથી પઢશે તેઓની કિરાઅત (પઢવું) યોગ્ય હશે."

(મનાહિલુલ્ ઈરફાનના હવાલાથી : ૧/૧૩૩)

એક હદીષમાં હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો ઈરશાદ છે,

اِنَّ هٰذَاالْقُرْاٰنَ اُنْزِلَ عَلٰى سَبْعَةِ اَحْرُفٍ فَاقْرَءُ وْامَاتَيَسَّرَ مِنْهُ،

(صحیح بخاریؒ مع القسطلانیؒ ۷ - ۴۵۳)

"આ કુર્આન સાત ઉચ્ચારની પદ્ધતિથી ઉતારવામાં આવ્યું છે, બસ પછી તેમાંથી જે તમારા માટે સહેલું હોય એના દ્વારા પઢી લો."

(સહીહ બુખારી, મઅલ કસ્તલાની : ૭/૪૫૩)

હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના ઈરશાદ (કહેણ–ફરમાન– આદેશ)માં સાત શબ્દો (ઉચ્ચાર)ની પદ્ધતિનો શું અર્થ છે ? તેના વિશે વિદ્વાનો (ઉલમા) વિવિધ મત ધરાવે છે. (આ બાબતની વિસ્તારપૂર્વકની છણાવટ અને સંશોધનપૂર્ણ ચર્ચા માટે મારી કિતાબ "ઉલૂમુલ કુર્આન" જોઈ લેવી) પરંતુ સંશોધનકાર ઉલમાના મતે તેમાં સ્વીકૃતિપ્રાપ્ત અર્થ એ છે કે, કુર્આને કરીમની જે કિરાઅતો (ઉચ્ચારની પદ્ધતિ) અલ્લાહ તઆલા તરફથી ઉતારવામાં આવી છે તેમાં પરસ્પર તફાવત અને વિવિધતા કુલ સાત પ્રકારો પર આધારિત છે અને તેના સાત પ્રકારો આ પ્રમાણે છે.

(૧). નામો (ઉચ્ચાર)માં વિવિધતા :

જેમાં એકવચન, બેવચન અને બહુવચન (વાહિદ–તષ્નિયા અને જમઅ્ અરબી ભાષામાં બે વ્યકિતઓ માટે બેવચન હોય છે જેને તષ્નિયા કહે છે. જેમકે, પહેલો વ્યકિત એકવચન વાહિદ, પહેલા બે વ્યકિત બેવચન તષ્નિયા અને પછી બેથી વધુ, બહુવચન જમઅ્) તથા અરબી ભાષામાં પુરુષવાચક અને સ્ત્રીવાચક સર્વનામોમાં પણ વિવિધતા હોય છે. દાખલા તરીકે એક કિરાઅતમાં تَمَّتْ كَلِمَةُ رَبِّكَ છે અને બીજી કિરાઅત (ઉચ્ચારની પદ્ધતિ)માં تَمَّتْ كَلِمَاتُ رَبِّكَ છે.

(૨) ક્રિયાપદમાં વિવિધતા :

અમુક કિરાઅત (ઉચ્ચારની પદ્ધતિ)માં ભૂતકાળનો શબ્દ છે, અમુકમાં વર્તમાનકાળનો અને કોઈ કિરાઅતમાં અજ્ઞાર્થવાચક. દાખલા તરીકે એક કિરાઅતમાં رَبَّنَا بَاعِدْ بَيْنَ اَسْفَارِنَا અને બીજીમાં رَبَّنَا بَعِّدْ بَيْنَ اَسْفَارِنَا،

(૩) સંકેતો (સહાયક ચિહ્નો ઝબર–ઝેર, પેશ વગેરે)માં વિવિધતા :

આમાં સંકેતો અથવા ઝબર, ઝેર, પેશનો ફરક જોવા મળે છે. દાખલા તરીકે لَا يُضَارَّ كَاتِبٌ ની જગ્યાએ لَا يُضَارُّ كَاتِبٌ અને ذُو الْعَرْشِ الْمَجِيْدُ ની જગ્યાએ ذُو الْعَرْشِ الْمَجِيْدِ

(૪) શબ્દો વધતા ઓછા હોવાની વિવિધતા :

એક કિરાઅતમાં કોઈ શબ્દ ઓછો અને બીજી કિરાઅતમાં કોઈ શબ્દ વધારે હોય, દાખલા તરીકે એક કિરાઅતમાં تَجْرِىْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ અને બીજી કિરાઅતમાં تَجْرِىْ تَحْتَهَا الْاَنْهٰرُ

(૫) શબ્દોને આગળ–પાછળ કરવામાં વિવિધતા :

એક કિરાઅતમાં કોઈ એક શબ્દ આગળ અને બીજીમાં કોઈ એક શબ્દ પાછળ હોય છે.

દાખલા તરીકે وَجَآءَتْ سَكْرَةُ الْمَوْتِ بِالْحَقِّ અને وَجَآءَتْ سَكْرَةُ الْحَقِّ بِالْمَوْتِ

(૬) શબ્દોની અદલા–બદલીમાં વિવિધતા :

એક કિરાઅતમાં એક શબ્દ છે અને તેની જગ્યાએ બીજી કિરાઅતમાં બીજો શબ્દ છે, દાખલા તરીકે نُنْشِزُهَا અને نَنْشُرُهَا તથા فَتَبَيَّنُوْا અને فَتَثَبَّتُوْ તથા طَلْحٍ અને طَلْعٍ

(૭) "લય"માં વિવિધતા :

જેમાં સ્ત્રીવાચક સર્વનામ, તરકીક, ઈમાલા (વ્યાકરણની દષ્ટિએ અલીફને મજબૂત કરવો), મદ (શબ્દનો લાંબો ઉચ્ચાર કરવો), કસ્ર (શબ્દનો ટૂંકો ઉચ્ચાર કરવો), હમ્ઝા, ઈદગામ (એક પ્રકારના બે શબ્દોને એકબીજા સાથે જોડી દેવું) વગેરેમાં વિવિધતા હોય છે. એટલે કે, તેમાં શબ્દ તો નથી બદલાતો પરંતુ તેમાં ઉચ્ચારની પદ્ધતિ બદલાય જાય છે. દાખલા તરીકે એક કિરાઅતમાં "મૂસા"ને બીજી કિરાઅતમાં "મૂસય"ની જેમ પઢવામાં આવે છે.

ખૈર, કિરાઅતના આ સાત પ્રકારોની વિવિધતાના સંદર્ભમાં ઘણી બધી કિરાઅતો નાઝિલ થઈ હતી પરંતુ તેમના પરસ્પરના તફાવતમાં અર્થનો ફરક (ભેદ) ન હતો. ફકત તિલાવત (પઢવા)ની સહૂલત માટે તેની પરવાનગી આપવામાં આવી હતી.

શરૂઆતમાં અમુક લોકો કુર્આન શરીફ પઢવાની કોઈ ચોક્કસ પદ્ધતિથી ટેવાયલા ન હતા, એના કારણે તેમને આ સાત પ્રકારના વર્તુળમાં ઘણી બધી

કિરાઅતોની પરવાનગી આપવામાં આવી હતી. હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો એ ક્રમ હતો કે, દર વર્ષે રમઝાન મહિનામાં હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ) સાથે કુર્આન શરીફનો દૌર (પુનરાવર્તન) કર્યા કરતા હતા. જે વર્ષમાં આપ ﷺની વફાત થઈ એ વર્ષે આપ ﷺએ બે વખતે દૌર (પુનરાવર્તન) કર્યો હતો. આ દૌરને "અરસએ અખીરહ" (છેવટનો સમય) કહેવામાં આવે છે. તે વખતે ઘણી બધી કિરાઅતો રદ કરવામાં આવી અને ફકત તે જ કિરાઅતો બાકી રાખવામાં આવી જે કિરાઅતો આજ દિન સુધી મોટી સંખ્યામાં સુરક્ષિત રહી છે.

હઝરત ઉસ્માન (રદિયલ્લાહુ તઆલા અન્હુ)એ કુર્આનની તિલાવત (પઢવા)ની ગલતફહમીઓ (ગેરસમજો) દૂર કરવા માટે પોતાના ખિલાફતકાળમાં કુર્આને કરીમના સાત નુસ્ખા (પ્રતો) તૈયાર કરાવ્યા અને આ સાત પ્રતોમાં બધી જ કિરાઅતોને એવી રીતે ભેગી કરી કે, કુર્આને કરીમની આયતો પર નુકતા અને ઝેર, ઝબર, પેશ (સહાયક સંકેતો અને ચિહ્નો) મૂકયા નહીં, જેથી કોઈપણ વ્યક્તિ તે જં પ્રવર્તમાન કિરાઅતો (પઢવાની પદ્ધતિ)માંથી જે પદ્ધતિ (કિરાઅત)થી ઈચ્છે તે પ્રમાણે પઢી શકે. એવી જ રીતે મોટાભાગની કિરાઅતો લેખિત સ્વરૂપે અસ્તિત્વમાં આવી ગઈ અને જે કિરાઅતો લેખિત સ્વરૂપમાં ન આવી શકી તેને સુરક્ષિત રાખવા માટેની પદ્ધતિ તેમણે એવી અપનાવી કે, એક કિરાઅતની એક પ્રત તે પ્રમાણે લખી અને બીજી કિરાઅતની પ્રતને તે પ્રમાણે. ઉમ્મતે (મુસ્લિમ કૌમે) આ પ્રતોમાં ભેગી કરવામાં આવેલ કિરાઅતોને યાદ રાખવા માટે એટલી બધી કાળજી લીધી કે, "ઈલ્મે કિરાઅત" (કિરાઅતનું જ્ઞાન) જ્ઞાનની એક આગવી શાખા બની ગઈ અને સેંકડો ઉલમા (વિદ્વવાનો), કારીઓ (ખાસ તજવીદની પદ્ધતિથી કુર્આન પઢનારા) અને હાફિજો (સંપૂર્ણ કુર્આન શરીફ કંઠસ્થ કરનારા) તેની સુરક્ષા માટે પોતાની જિંદગીઓ ખર્ચ કરવા લાગ્યા.

વાસ્તવમાં થયું એવું હતું કે, જે વખતે હઝરત ઉસ્માન (રદિયલ્લાહુ તઆલા અન્હુ)એ કુર્આન શરીફના સાત નુસ્ખા (પ્રતો) વિવિધ વિસ્તારોમાં મોકલ્યા તો તેની સાથે કારીઓ (કુર્આન પઢનારાઓ)ને પણ મોકલ્યા હતા, જેથી તેઓ તિલાવત (પઢવાની પદ્ધતિ) શિખવાડી શકે. આ કારીઓ જ્યારે જુદા-જુદા વિસ્તારોમાં પહોંચ્યા તો તેમણે પોતાની પઢવાની પદ્ધતિ પ્રમાણે લોકોને કુર્આનનું શિક્ષણ આપ્યું અને આ પ્રમાણે વિવિધ કિરાઅતો લોકોમાં પ્રચલિત થઈ ગઈ. આ

પ્રસંગે અમુક લોકોએ આ વિવિધ કિરાઅતોને યાદ રાખવામાં અને તે કિરાઅતો લોકોને શિખવાડવામાં જ પોતાની જિંદગીઓ "**વક્ફ**" (અમાનત) કરી દીધી. આ રીતે "ઈલ્મે કિરાઅત" (કુર્આન પઢવાની પદ્ધતિનું જ્ઞાન)નો પાયો નંખાયો. દરેક વિસ્તારના લોકો આ જ્ઞાનથી લાભાન્વિત થવા કિરાઅતના ઈમામોના શરણમાં જવા લાગ્યા. કોઈએ ફક્ત એક કિરાઅત યાદ રાખી, કોઈએ બે, કોઈએ ત્રણ તો કોઈએ એથી પણ વધુ ! આ ક્રમમાં આખી ઉમ્મતમાં એક પાયાનો નિયમ પ્રચલિત હતો અને દરેક વિસ્તારમાં એ જ નિયમ કાર્યાન્વિત હતો અને છે. તે નિયમ એ છે કે, ફક્ત તે જ કિરાઅત (પઢવાની પદ્ધતિ) કુર્આન હોવાના સ્વરૂપમાં માન્ય રાખવામાં આવશે કે જેમાં નીચે પ્રમાણેની ત્રણ શરતો પૂરી થતી હોય.

આ કિરાઅતો,

(૧). હઝરત ઉસ્માન (રદિયલ્લાહુ તઆલા અન્હુ)એ તૈયાર કરેલ લેખિત પ્રતો પ્રમાણે હોય.

(૨) અરબી ભાષાના વ્યાકરણ પ્રમાણે હોય.

(૩) હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની સનદ (આધારભૂત પ્રમાણો)થી સાબિત થયેલ હોય અને કિરાઅતના ઈમામોમાં પ્રખ્યાત હોય.

જે કિરાઅતમાં ઉપરોક્ત શરતોમાંથી કોઈ એક શરત પણ પૂરી ન થતી હોય તેને કુર્આનનો અંશ સમજી શકાય નહીં. એવી જ રીતે આ વિવિધ કિરાઅતોની એક મોટી સંખ્યા પેઢી દર પેઢી આગળ વધતી રહી અને સહૂલત માટે એવું પણ થયું કે, એક ઈમામે એક અથવા અમુક કિરાઅતોને અપનાવીને તેનું શિક્ષણ આપવાની શરૂઆત કરી અને તે કિરાઅત તે ઈમામના નામથી જ પ્રખ્યાત થઈ ગઈ. પછી ઉલમા (વિદ્વાનો)એ તે કિરાઅતોને એકત્રિત કરવા માટે કિતાબો (પુસ્તકો) લખવાની શરૂઆત કરી. જેમકે સૌ પ્રથમ ઈમામ અબૂ ઉબયદહ કાસિમ બિન સલ્લામ (રહ.), ઈમામ અબૂ હાતિમ સજિસ્તાની (રહ.), કાજી ઈસ્માઈલ (રહ.) અને ઈમામ અબૂ જઅ્ફર તબરી (રહ.)એ જ્ઞાનની આ શાખા ઉપર કિતાબો (પુસ્તકો) સંપાદિત કર્યા, જેમાં ૨૦થી વધારે કિરાઅતો ભેગી કરી. પછી અલ્લામહ અબૂ બક્ર બિન મુજાહિદ રહ. વફાત સ.હિ. ૩૨૪એ

એક કિતાબ લખી જેમાં ફક્ત સાત કારીઓની કિરાઅતો એકત્રિત કરવામાં આવી. તેમનું આ લખાણ એટલું બધું સ્વીકાર્ય બન્યું કે, આ સાત કારીઓની કિરાઅતો બીજા કારીઓ કરતાં વધારે પ્રખ્યાત થઈ ગઈ. બલકે, અમુક લોકો એવું સમજવા લાગ્યા કે સહીહ (વાસ્તવિક) અને વિવિધ કિરાઅતો ફક્ત આ સાત જ છે. જો કે, ઘટના એમ છે કે અલ્લામહ ઈબ્ને મુજાહિદ (રહ.)એ ફક્ત યોગાનુયોગ જ આ સાત કિરાઅતો એકત્રિત કરી હતી, તેમાં એમની ઈચ્છા કદાપિ એ ન હતી કે તેમના સિવાય બીજી કિરાઅતો ખોટી અને અસ્વીકાર્ય બને. અલ્લામહ ઈબ્ને મુજાહિદ (રહ.)ના આ કાર્યમાં બીજી ગેરસમજ એ ઊભી થઈ કે, અમુક લોકો "સબઅતિ અહરુફ્" (સાત પ્રકારના ઉચ્ચારની પદ્ધતિ)નો અર્થ એ સમજવા લાગ્યા કે, તેનો અર્થ ફક્ત આ સાત કિરાઅતો જ છે જેને ઈબ્ને મુજાહિદ (રહ.)એ એકત્રિત કરી છે. જો કે, અગાઉ વર્ણન થઈ ચૂકયું છે કે આ સાત કિરાઅતો સહીહ કિરાઅતોનો એક ભાગ માત્ર છે. બલકે, પ્રત્યેક તે કિરાઅત જે ઉપરોક્ત ત્રણ શરતોના પ્રમાણપત્ર ઉપર આધારિત હોય તે સહીહ અને સ્વીકાર્ય છે અને તે સાત પ્રકારે પઢવાની પદ્ધતિઓમાં શામિલ છે જેના ઉપર કુર્આન શરીફ નાઝિલ થયું હતું.

સાત કારીઓ :

(કુર્આનને વિવિધ ઉચ્ચારે, મોટા અવાજે, લયબદ્ધ રીતે, અરબીના ઉચ્ચાર વિજ્ઞાનનું શિક્ષણ પ્રાપ્ત કરી તજવીદ્થી પઢનારાઓ)

અલ્લામહ ઈબ્ને મુજાહિદ (રહ.)એ ઉપરોક્ત પ્રવૃત્તિમાં સૌથી વધારે પ્રખ્યાત જે સાત કારીઓનો સમાવેશ કર્યો છે તે આ પ્રમાણે છે.

(૧) અબ્દુલ્લાહ બિન કષીરુદારી (રહ. વફાત–મરણ સન હિજરી ૧૨૦) : તેમણે સહાબા (રદિયલ્લાહુ તઆલા અન્હુમ)માંથી હઝરત અનસ બિન માલિક, હઝરત ઝુબૈર અને અબૂ ઐયૂબ અન્સારી (રદિ.)ના દર્શન (ઝિયારત) કર્યા હતા અને તેમની કિરાઅત મક્કએ મુકર્રમહમાં વધુ પ્રખ્યાત હતી. તેમની કિરાઅતના રાવીઓ (આધારભૂત પ્રમાણિત થયેલા વર્ણનકર્તાઓ)માં બજ્જી بزّی (રહ.) અને કમ્બલ قنبل (રહ.) વધારે પ્રખ્યાત છે.

(૨) નાફેઅ બિન અબ્દુર્રહમાન બિન અબી નઈમ (રહ. વફાત સન હિ. ૧૬૯) :

એમણે ૭૦ એવા તાબિઈન (જેમણે મુસલમાન હોવાની હાલતમાં કોઈ સહાબી રદિયલ્લાહુ તઆલા અન્હુને જોયા હોય અને મુસલમાન હોવાની હાલતમાં જ તેમનું મૃત્યું થયું હોય તેમને તાબિઈન કહેવામાં આવે છે.)થી લાભ ઉઠાવ્યો હતો જેઓ સીધે સીધા હઝરત ઉબય્ બિન કઅ્બ (રદિયલ્લાહુ તઆલા અન્હુ), હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિયલ્લાહુ તઆલા અન્હુ) અને હઝરત અબૂ હરૈરહ (રદિયલ્લાહુ તઆલા અન્હુ)ના શાગિર્દ (વિદ્યાર્થી) હતા. એમની કિરાઅત મદીના તય્યિબહમાં વધારે પ્રખ્યાત થઈ અને તેમના રાવીઓ (વર્ણનકર્તાઓ)માં અબૂ મૂસા કાલૂન (રહ. વફાત સન હિજરી ૨૨૦) અને અબુ સઈદ વર્શ (રહ. વફાત સન હિજરી ૧૯૭) વધારે પ્રખ્યાત છે.

(૩) અબ્દુલ્લાહ બિન હિસબી (રહ.), જેઓ ઇબ્ને આમિર (રહ.)ના નામથી પ્રખ્યાત છે. (વફાત સન હિજરી ૧૧૮) : તેમણે સહાબા (રદિયલ્લાહુ તઆલા અન્હુમ)માંથી હઝરત નોઅ્માન બિન બશીર (રદિ.) અને હઝરત વાષિલા બિન અસ્કાઅ્ (રદિયલ્લાહુ તઆલા અન્હુ)ના દર્શન (ઝિયારત) કર્યા હતા અને કિરાઅતનું જ્ઞાન હઝરત મુગયરા બિન શિહાબ મખ્ઝૂમી (રહ.) પાસેથી પ્રાપ્ત કર્યું હતું, જેઓ હઝરત ઉસ્માન (રદિયલ્લાહુ તઆલા અન્હુ)ના શાગિર્દ (વિદ્યાર્થી) હતા. તેમની કિરાઅતનો વધારે રિવાજ શામ (સીરીયા)માં રહ્યો અને તેમની કિરાઅતના રાવીઓ (વર્ણનકર્તાઓ)માં હિશામ (રહ.) અને ઝકવાન (રહ.) વધારે પ્રખ્યાત છે.

(૪) અબુ અમ્ર અને ઝબ્બાન બિન લ અલાઅ્ ابو عمرو زبّان بن العلاء (રહ. વફાત સન હિજરી ૧૫૪): તેમણે હઝરત મુજાહિદ (રહ.) અને સઈદ બિન ઝૂબૈર (રહ.)ના હવાલાથી હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહુ તઆલા અન્હુ) અને હઝરત ઉબય્ બિન કઅ્બ (રદિયલ્લાહુ તઆલા અન્હુ)થી રિવાયત વર્ણન કરી છે, અને તેમની કિરાઅત બસરા (ઈરાક)માં ખૂબ પ્રખ્યાત થઈ. તેમની કિરાઅતના રાવીઓમાં અબૂ ઉમર દવરી (રહ. વફાત સન હિજરી ૨૪૬) અને અબૂ શુઅય્બ સૂસી (રહ. વફાત સન હિજરી ૨૬૧) વધારે પ્રખ્યાત છે.

(૫) હમ્ઝા બિન હબીબ અલ જય્યાત મૌલા ઈકરમા બિન રબીઅ તયમી حمزة بن حبيب الزيّات مولى عكرمه بن ربيع التيمىؒ (રહ. વફાત સન હિજરી ૧૮૮) : તેઓ સુલૈમાન અઅ્મશ (રહ.)ના શાગિર્દ (વિદ્યાર્થી) હતા અને સુલૈમાન અઅ્મશ, યહ્યા બિન વસ્સાબ (રહ.)ના શાગિર્દ હતા. યહ્યા ઝિર્ર બિન હુબયશ زرّ بن حبيش (રહ.)ના અને ઝિર્ર એ હઝરત ઉસ્માન (રદિયલ્લાહુ તઆલા અન્હુ), હઝરત અલી (રદિયલ્લાહુ તઆલા અન્હુ) અને હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિયલ્લાહુ તઆલા અન્હુ)થી લાભ ઉઠાવ્યો હતો. તેમના રાવીઓમાં ખલ્ફ બિન હિશામ (વફાત સન હિજરી ૧૮૮) અને ખલ્લાદ બિન ખાલિદ (રહ. વફાત સન હિજરી ૨૨૦) વધારે પ્રખ્યાત છે.

(૬) આસિમ બિન અબીન્નજુદલ અસદી (રહ. વફાત સન હિજરી ૧૨૭) : તેઓ ઝિર્ર બિન હુબયશ (રહ.)ના હવાલાથી હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.) અને અબૂ અબ્દુર્રહમાન સુલમી (રહ.) દ્વારા હઝરત અલી (રદિ.)ના શાગિર્દ હતા. તેમની કિરાઅતના રાવીઓમાં શુઅ્બા બિન અય્યાશ (રહ. વફાત સન હિજરી ૧૯૩) અને હફ્સ બિન સુલૈમાન (રહ. વફાત સન હિજરી ૧૮૦) વધારે પ્રખ્યાત છે. પ્રવર્તમાન સમયમાં મોટે ભાગે તિલાવત (કુર્આન શરીફ પઢવાની પદ્ધતિ) આ જ હફ્સ બિન સુલૈમાન (રહ.)ની રિવાયત પ્રમાણે જ હોય છે.

(૭) અબુલ હસન અલી બિન હમ્ઝા અલ કસાઈન્નહ્વી (રહ. વફાત સન હિજરી ૧૮૯) : એમના રાવીઓમાં અબુલ હારિસ મરવઝી (રહ. વફાત સન હિજરી ૨૪૦) અને અબૂ ઉમરદવરી (રહ. જેઓ અબૂ અમ્ર રહ.ના પણ રાવી છે) વધારે પ્રખ્યાત છે. પાછલા સમયમાં ત્રણે બુઝુર્ગોની કિરાઅતો કૂફા (ઈરાક)માં પ્રખ્યાત થઈ. (પરંતુ જેમકે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે કે, આ સાત કારીઓ સિવાય બીજા પણ અનેક કારીઓ મોટા પ્રમાણમાં છે અને તેઓ સહીહ પણ છે, એટલા માટે જ્યારે પાછળથી કેટલીક ગેરસમજો ઊભી થવા લાગી કે, કુર્આન શરીફની આ સાત કિરાઅતો ફકત ઉપરોક્ત સાત કારીઓની પદ્ધતિઓ ઉપરજ આધારિત છે, ત્યારે અસંખ્ય ઉલમા (વિદ્વાનો)એ દાખલા તરીકે અલ્લામહ શઝાઈ شذائى (રહ.) અને અબૂ

બક્ર બિન મિહરાન (રહ.)એ સાતના બદલે દશ કિરાઅતો એક કિતાબ (પુસ્તક)માં એકત્રિત કરી. જેમાં "કિરાઅતે અશ્રહ" (દશ કિરાઅતો)ની વ્યાખ્યા પ્રચલિત થઈ ગઈ. આ દશ કિરાઅતોમાં ઉપરોક્ત કારીઓ સિવાય અન્ય ત્રણ કારીઓની કિરાઅતોને પણ સામેલ કરવામાં આવી.

૧. યાકૂબ બિન ઈશાક હજ્રમી (રહ. વફાત સન હિજરી ૨૦૫) : એમની કિરાઅત બસરામાં વધારે પ્રખ્યાત થઈ.

૨. ખલ્ફ બિન હિશામ (રહ. વફાત સન હિજરી ૨૦૫) : જેઓ હમ્ઝા (રહ.)ની કિરાઅતના પણ રાવી છે. તેમની કિરાઅત કુફામાં વધારે પ્રચલિત થઈ હતી.

૩. અબૂ જા'ફર યઝીદ બિન કઅ્કાઅ્ (રહ. વફાત સન હિજરી ૧૩૦) : જેમની કિરાઅત મદીના તય્યિબહમાં વધારે પ્રચલિત થઈ.

આ જ પ્રમાણે અમુક લોકોએ ૧૪ કારીઓની કિરાઅતો એકત્રિત કરી અને તેમાં ઉપરોક્ત દશ કારીઓ સિવાય નીચે પ્રમાણેના કારીઓની કિરાઅતોનો વધારો કર્યો.

૧. હસન બસરી (રહ. વફાત સન હિજરી ૧૧૦) : જેમની કિરાઅતનું કેન્દ્ર બસરા હતું.

૨. મુહમ્મદ બિન અબ્દુર્રહમાન ઈબ્ને મુહીઝ محمد بن عبد الرّحمن ابن محيض (રહ. વફાત સન હિજરી ૧૨૩) : જેમની કિરાઅતનું કેન્દ્ર મક્કા મુકર્રમહ હતું.

૩. યહ્યા બિન મુબારક યઝિદી (રહ. વફાત સન હિજરી ૨૦૨) : જેઓ બસરા (ઈરાક)ના નિવાસી હતા.

૪. અબુલ ફર્જ શમ્બુઝી ابو الفرج شمبوذی (રહ. વફાત સન હિજરી ૨૮૮) : જેઓ બગદાદ (ઈરાક)ના નિવાસી હતા.

અમુક વિદ્વવાનોએ ૧૪ કારીઓમાં હઝરત શમ્બુઝી (રહ.)ના બદલે હઝરત સુલૈમાન અમીસ (રહ.)નું નામ ગણતરીમાં લીધેલ છે. તેમાં પહેલી દશ કિરાઅતો જેના વિશે અસંખ્ય પ્રમાણભૂત આધારો (સહીહ મુતવાતિર કૌલ) જોવા મળે છે અને આ દશ સિવાય અન્ય કિરાઅતો પણ છે.

(مَناهِلُ العِرفَانْ بحواله منجد المقرئين لا بن الجزرىؒ)

કુર્આન શરીફ સુરક્ષિત રાખવાનો ઇતિહાસ

આપ ﷺના જીવનકાળ દરમિયાન કુર્આનની સુરક્ષા :

કુર્આન શરીફ એકી સાથે એકસામટું પૂરેપૂરું નાઝિલ નથી થયું બલકે, વિવિધ આયતો આવશ્યકતા અનુસાર અને ઘટનાઓના અનુસંધાને ઉતારવામાં આવતી હતી, એટલા માટે આપ ﷺના જીવનકાળ દરમિયાન એ શક્યતા જ ન હતી કે તેને પુસ્તક સ્વરૂપે સુરક્ષિત કરી લેવામાં આવે, માટે ઈસ્લામના શરૂઆતના દિવસોમાં કુર્આનને સુરક્ષિત રાખવા માટે સૌથી વધુ આધાર સ્મૃતિ (યાદશક્તિ) ઉપર જ રાખવામાં આવતો હતો. જ્યારે આપ ﷺ ઉપર વહી નાઝિલ થતી હતી ત્યારે તેને યાદ રાખવા માટે આપ ﷺ વહી નાઝિલ થવાના સમયે જ જલદી જલદી શબ્દોનું પુનરાવર્તન કરવા લાગતા, જેથી તે આપ ﷺને યાદ રહી જાય ! પરંતુ "સૂરએ કિયામહ"ની આયતમાં અલ્લાહ તરફથી આપ ﷺને સૂચના આપવામાં આવી કે ગોખવાની જરૂર નથી, અલ્લાહ તઆલા આપ ﷺની સ્મરણ શક્તિ (યાદ રાખવાની શક્તિ)ને વધારી દેશે અને માત્ર એક વખતે વહી નાઝિલ થયા પછી આપ ﷺ તેને ભૂલી નહીં શકો. જેમકે થયું પણ એમ જ કે, એક બાજુ આપ ﷺ ઉપર કુર્આનની આયતો નાઝિલ થતી અને બીજી બાજુ આપ ﷺની સ્મૃતિમાં તે સંગ્રહિત (યાદ) થઈ જતી. આ રીતે સરકારે દો આલમ ﷺનું હૃદય મુબારક કુર્આને કરીમનું સૌથી વધુ સુરક્ષિત સ્થળ હતું, જેમાં કોઈ ક્ષુલ્લક કે તદ્દન નજીવી ભૂલ થવાની, ફેરફાર થવાની અથવા વધતું–ઓછું થવાની કોઈ શક્યતા જ ન હતી. તદુપરાંત આપ ﷺ વિશેષ કાળજી એ લેતા હતા કે, દર વર્ષે રમઝાન મહિનામાં હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ)ને કુર્આન શરીફ સંભળાવ્યા કરતા હતા અને જે વર્ષે આપ ﷺની વફાત થઈ તે વર્ષે આપ ﷺએ બે વખતે હઝરત જિબ્રઈલ (અલયહિસ્સલામ) સાથે કુઆનનો દૌર (પુનરાર્તન) કર્યો હતો.

(સહીહ બુખારી–મ–અ– ફત્હુલ બારી, પેજ : ૩૬, જિલ્દ : ૯)

પછી આપ ﷺ સહાબએ કિરામ (રિદવાનુલ્લાહિ તઆલા અલયહિમ

અજમઈન)ને કુર્આન શરીફના અર્થોનું ફક્ત શિક્ષણ જ આપતા ન હતા બલકે, તેમને કુર્આન શરીફના શબ્દો પણ યાદ કરાવતા હતા અને સહાબએ કિરામ (રદિયલ્લાહુ તઆલા અન્હુમ) પોતે પણ તેને શીખતા હતા તથા તેમને યાદ રાખવાનો એટલો બધો શોખ હતો કે, દરેક વ્યક્તિ આ બાબતમાં એકબીજાની હરિફાઈમાં આગળ વધી જવાની કોશિષ કર્યા કરતા હતા. અમુક સ્ત્રીઓએ પણ પોતાના ધણીઓ પાસેથી "મહર" (લગ્ન માટે સ્ત્રીને આપવી પડતી પરસ્પર સમજણથી શરઈ ધારાધોરણ મુજબની અમુક નક્કી રકમ)ની માંગણી કુર્આન શરીફના શિક્ષણ સ્વરૂપે એ રીતે કરી કે, તેમના ધણીઓ તેમને કુર્આન શીખવાડશે. સેંકડો સહાબા (રદિયલ્લાહુ તઆલા અન્હુમ)એ પોતાને પ્રત્યેક દુનિયવી ઘટમાળથી સ્વતંત્ર (આઝાદ) કરીને પોતાને આ કામ માટે વક્ફ (અમાનત) કરી દીધા હતા. તેઓ કુર્આન શરીફને ન ફક્ત યાદ (કંઠસ્થ) કરતા હતા બલકે, રાત્રીના સમયે નમાઝમાં તેને પુનરાર્તિત કર્યા કરતા હતા. હઝરત ઉબાદા બિન સામિત (રદિયલ્લાહુ તઆલા અન્હુ) કહે છે કે, "જ્યારે કોઈ માણસ હિજરત કરીને મક્કા મુકર્રમહથી મદીના તય્યિબહમાં આવતો તો આપ ﷺ તેને અમારા અન્સાર (મદીનાના નિવાસીઓ, જેમણે મક્કાથી આવનાર હિજરતીઓની દરેક પ્રકારે મદદ કરી હતી) લોકોમાંથી અમુકના હવાલે કરી આપતા, જેથી તેઓ એને કુર્આન શીખવાડે અને મસ્જિદે નબવીમાં કુર્આન શીખવા– શીખવાડનારાઓના અવાજોનો એટલો શોર (ઘોંઘાટ) રહેતો હતો કે, રસૂલુલ્લાહ ﷺને તાકીદ કરવી પડી કે તમારા અવાજને ધીમો રાખો, જેથી કરીને કોઈ ભૂલ ન થઈ જાય."

(મનાહિલુલ્ ઈરફાન : ૧/૪૩૪)

થોડા જ સમયમાં સહાબએ કિરામ (રદિયલ્લાહુ તઆલા અન્હુમ)નો એક એવો સમૂહ (ગ્રૃપ–જમાઅત) તૈયાર થઈ ગયો કે, જેમને કુર્આન શરીફ કંઠસ્થ (યાદ) થઈ ગયું હતું. આ જમાઅતમાં "ખુલફાએ રાશીદીન" (આપ ﷺ પછી પ્રથમ ચાર ખલીફાઓ ૧. હઝરત અબૂબક્ર સિદીક રદિ., ૨. હઝરત ઉમર રદિ., ૩. હઝરત ઉસ્માન રદિ. અને ૪. હઝરત અલી રદિ.) ઉપરાંત હઝરત તલહા, હઝરત સઅ્દ, હઝરત ઈબ્ને મસઊદ, હઝરત હુઝયફા બિન યમાન, હઝરત સાલીમ, મૌલા અબીહુઝયફા, હઝરત અબૂ હુરયરા, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ, હઝરત અમ્ર બિન આસ, હઝરત

અબ્દુલ્લાહ બિન અમ્ર, હઝરત મુઆવિયહ, હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર, હઝરત અબ્દુલ્લાહ બિન સાઈબ, હઝરત આયશા સિદ્દીકા, હઝરત હફસા, હઝરત ઉમ્મે સલમા (રિદવાનુલ્લાહિ તઆલા અલયહિમ અજમઈન) વગેરે વર્ણનપાત્ર નામો છે. (વિસ્તારપૂર્વક જાણકારી માટે મારી કિતાબ "ઉલૂમુલ કુર્આન" વાંચો.)

મતલબ કે, ઈસ્લામના શરૂઆતના સમયમાં વધારે ભાર કુર્આનના કંઠસ્થ (મોઢે યાદ રાખવા) પર મૂકવામાં આવ્યો હતો અને તે વખતની પરિસ્થિતિમાં આ પદ્ધતિ સૌથી વધુ સુરક્ષિત અને ભરોસાપાત્ર હતી. એટલા માટે કે, તે સમયે લખવા–વાંચનારાઓની સંખ્યા ઘણી ઓછી હતી. પુસ્તકો પ્રકાશિત કરવા માટે કોઈ પ્રેસ (છાપખાના) વગેરે માધ્યમો ન હતા. એટલા માટે જો ફક્ત લેખિત સ્વરૂપ ઉપર આધાર રાખવામાં આવ્યો હોત તો કુર્આને કરીમનો મોટા પાયે પ્રચાર–પ્રસાર અને પ્રકાશન ન થઈ શક્યું હોત ! અને તેને ભરોસાપાત્ર સુરક્ષા પદ્ધતિ ન કહી શકાઈ હોત, તેના બદલે અલ્લાહ તબારક વ તઆલાએ અરબના લોકોની સ્મરણ શકિત (યાદશકિત)ને અત્યંત મજબૂત બનાવી હતી. એક વ્યકિત હજારો કાવ્યો કંઠસ્થ (મોઢે) રાખી શકતો હતો અને નાના–નાના ગામડાંઓમાં પોતાની અને પોતાના કુટુંબીજનોની જ નહીં, બલકે તેમના ઘોડાઓની વંશાવલી પણ તેમને યાદ હતી. એટલા માટે કુર્આને કરીમની સુરક્ષા માટે આ મજબૂત સ્મરણ શક્તિથી કામ લેવામાં આવ્યું, આ રીતે કુર્આને કરીમની આયતો અને સૂરતો અરબસ્તાનના ખૂણે–ખૂણે પહોંચી ગઈ.

"વહી"નું લેખિત સ્વરૂપે અસ્તિત્વમાં આવવું :

કુર્આને કરીમને કંઠસ્થ (મોઢે) કરાવવાની સાથે–સાથે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ તેને લેખિત સ્વરૂપમાં સુરક્ષિત રાખવાનો પણ ખાસ બંદોબસ્ત કર્યો. હઝરત ઝૈદ બિન સાબિત (રદિ.) કહે છે કે, "મેં આપ ﷺ માટે "વહી" લખવાનું કામ કર્યું હતું. જ્યારે આપ ﷺ ઉપર "વહી" નાઝિલ થતી હતી તો આપ ﷺને સખત ગરમી લાગતી હતી અને આપ ﷺના મુબારક બદન ઉપર પરસેવાના ટીપાં મોતીઓની જેમ ચમકવા લાગતા હતા, પછી જ્યારે આપ ﷺની આ કૈફિયત પૂર્ણ થઈ જતી તો હું જાનવરના થાપાનો હાડકાંનો ટૂકડો લઈને આપ ﷺની સેવામાં રજૂ કરતો, આપ ﷺ લખાવતા રહેતા અને હું

લખતો જતો. અહીંયાં સુધી કે, જ્યારે હું લખીને પરવારી જતો તો કુર્આનને નકલ કરવાનો ભાર મને એ રીતે મહસૂસ થતો હતો કે, જાણે મારા પગ ભાંગી જશે, અને હું ક્યારેય ચાલી નહીં શકું. અલબત્ત, જ્યારે હું પરવારી જતો તો આપ ﷺ ફરમાવતા કે, "પઢો !" હું પઢીને સંભળાવતો, જો એમાં કોઈ ભૂલ થતી તો આપ ﷺ એને સુધારી દેતા અને પછી એને લોકોની સામે (જાહેરમાં) લઈ આવતા."

(મજમઉ ઝ્ઝવાઈદ : ૧/૧૫૬, બહવાલા તબરાની)

હઝરત ઝૈદ બિન સાબિત (રદિ.) સિવાય બીજા ઘણા સહાબીઓ "વહી" લખવાની ફરજ બજાવતા હતા. જેમાં ખુલફાએ રાશીદીન (રદિ.), હઝરત ઉબય્ બિન કઅ્બ (રદિ.), હઝરત ઝુબૈર બિન અવામ (રદિ.), હઝરત મુઆવિયહ (રદિ.), હઝરત મુગયરા બિન શોઅ્બા (રદિ.), હઝરત ખાલિદ બિન વલીદ (રદિ.), હઝરત સાબિત બિન કય્સ (રદિ.), હઝરત અબ્બાન બિન સઈદ (રદિ.) વગેરે ખાસ વર્ણનપાત્ર નામો છે. (વિસ્તાર પૂર્વકની માહિતી માટે જુઓ "ફત્હુલ્ બારી" : ૯/૧૮ અને ઝાદુલ્ મઆદ : ૧/૩૦)

હઝરત ઉસ્માન (રદિ.) ફરમાવે છે કે, "હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો નિત્યક્રમ હતો કે જ્યારે કુર્આન શરીફનો કોઈ વિભાગ નાઝિલ થતો તો આપ ﷺ વહીના લહિયાઓ (કાતિબ)ને સૂચના આપતા હતા કે, તેઓ ફલાણી સૂરતમાં ફલાણી–ફલાણી આયત પછી આ આયતને લખી નાંખે."

(ફત્હુલ બારી : ૯/૧૮)

આ સમયકાળમાં અરબસ્તાનમાં કાગળ પ્રાપ્ય ન હતો, એટલા માટે કુર્આનની આયતો પથ્થરની શીલાઓ, ચામડાંની સીટો, ખજૂરોના પાંદડાંઓ, વાંસના ટૂકડાઓ, ઝાડના પાંદડાંઓ અને જાનવરોના હાડકાંઓ ઉપર લખવામાં આવતી હતી. જો કે ક્યારેક ક્યારેક તે યુગમાં ઉપસ્થિત કાગળના ટૂકડાઓનો પણ ઉપયોગ થયો છે.

(ઉપરોકત હવાલા પ્રમાણે : ૧/૯)

આ પ્રમાણે આપ ﷺના જીવનકાળ દરમિયાન કુર્આન શરીફની પ્રતો ખુદ આપ ﷺની દેખરેખ હેઠળ લખવામાં આવી હતી. જો કે આ પ્રતો સંપાદિત (એકત્રિત) થયેલ સ્વરૂપમાં ન હતી, બલકે વિવિધ વસ્તુઓ પર લેખિત સ્વરૂપે

હતી. સાથે–સાથે અમુક સહાબએ કિરામ (રદિ.)એ પણ પોતે યાદ રાખવા માટે કુર્આનની અમુક આયતોને પોતાની પાસે લેખિત સ્વરૂપે સંગ્રહિત કરી હતી અને આ ક્રમ ઈસ્લામના શરૂઆતના સમયકાળથી જ ચાલુ હતો. એટલા માટે જ હઝરત ઉમર (રદિ.)ના ઈસ્લામ લાવતા પહેલાં તેમની બહેન અને બનેવી પાસે કુર્આન શરીફની આયતોની લેખિત સ્વરૂપે પ્રત મૌજૂદ હતી.

(સીરત ઈબ્ને હિસામ)

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ના ખિલાફતકાળમાં કુર્આનનું સંપાદન :

હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના જીવનકાળ દરમિયાન કુર્આન શરીફની જેટલી પણ પ્રતો લખવામાં આવી હતી તેની સ્થિતિ એ હતી કે, તે વિવિધ પદાર્થો પર લખાયેલી હતી. કોઈ આયત ચામડાંઓ પર હતી, કોઈ ઝાડના પાંદડા પર, તો કોઈ જાનવરના હાડકાં પર અથવા તો તે સંપૂર્ણ પ્રત ન હતી. કોઈ સહાબી (રદિ.)પાસે એક સૂરત હતી, તો કોઈની પાસે પાંચ–દશ સૂરતો અને કોઈની પાસે ફક્ત અમુક આયતો હતી અને અમુક સહાબાઓ (રદિ.)ની પાસે આયતોની સાથે વિવરણ (તફસીર)ના વાક્યો પણ લખેલા હતા.

આ પરિસ્થિતિના કારણે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ પોતાના ખિલાફતના સમયકાળમાં એ બાબત જરૂરી સમજી કે, આ અલગ અલગ સ્થળે વહેંચાયેલા વિભાગોને એકત્રિત કરી સુરક્ષિત કરી લેવા જોઈએ. તેમણે આ કાર્યને જે પરિસ્થિતિઓ હેઠળ અને જે પદ્ધતિથી પૂર્ણ કર્યું તેની વિગત હઝરત ઝૈદ બિન સાબિત (રદિ.) વર્ણવે છે કે, "જંગે યમામહ (યમામહના યુદ્ધ) પછી તરત જ હઝરત અબૂબક્ર (રદિ.)એ એક દિવસે મને સંદેશો મોકલીને બોલાવ્યો, હું તેમની પાસે પહોંચ્યો તો ત્યાં હઝરત ઉમર (રદિ.) પણ હાજર હતા. હઝરત અબૂબક્ર (રદિ.)એ કહ્યું કે "હઝરત ઉમરે (રદિ.) પણ આવીને મને કહ્યું છે કે, જંગે યમામહમાં કુર્આન શરીફના હાફિજોનો એક મોટો સમૂહ (ગૃપ) શહીદ થઈ ગયો અને જો આ રીતે જુદી–જુદી જગ્યાએ કુર્આન શરીફના હાફિજો આ જ રીતે શહીદ થતા રહેશે તો મને ભય લાગે છે કે, કુર્આને શરીફનો એક મોટો હિસ્સો (ભાગ) અપ્રાપ્ય થઈ જશે. એટલા માટે મારી સલાહ એવી છે કે, તમે પોતાના આદેશથી કુર્આન કરીમને એકત્રિત (સંપાદિત) કરવાનું કામ શરૂ કરી આપો." મેં હઝરત

ઉમર (રદિ.)ને કહ્યું કે, "જે કામ અલ્લાહના નબી ﷺએ નથી કર્યું તેને હું કેવી રીતે કરૂં ?"

હઝરત ઉમર (રદિ.)એ જવાબ આપ્યો કે, "અલ્લાહની કસમ ! આ કામ શ્રેષ્ઠથી અતિશ્રેષ્ઠ છે." "ત્યારબાદ હઝરત ઉમર (રદિ.) મને વારંવાર આવું જ કહેતા રહ્યા, અહીંયાં સુધી કે મને એવી પ્રતિતી થઈ ગઈ કે હવે મારો અભિપ્રાય પણ તે જ છે કે, જે હઝરત ઉમર (રદિ.)નો છે." એ પછી હઝરત અબૂબક્ર સિદીક (રદિ.)એ મને કહ્યું કે, "તમે તો નવયુવાન અને સમજદાર માણસ છો, અમને તમારા વિશે કોઈ બદગુમાની (પૂર્વગ્રહ) નથી. તમે રસૂલુલ્લાહ ﷺની સામે "વહી"ને લખવાનું કામ પણ કર્યું છે. એટલા માટે તમે કુર્આન શરીફની આયતો શોધીને એકત્રિત (સંપાદિત) કરો."

હઝરત ઝૈદ બિન સાબિત રદિ. ફરમાવે છે કે, "અલ્લાહની કસમ! જો આ લોકોએ મને કોઈ પહાડ હટાવવાનો આદેશ આપ્યો હોત તો પણ મારા પર એટલું વજન ન પડ્યું હોત, જેટલું વજન કુર્આનને એકત્રિત કરવામાં મને પડ્યું. મેં એમને કહ્યું કે, તમે તે કામ કેવી રીતે કરી રહ્યા છો જેને રસૂલુલ્લાહ ﷺએ નથી કર્યું ? હઝરત અબૂબક્ર (રદિ.)એ કહ્યું કે, "અલ્લાહની કસમ ! આ કામ શ્રેષ્ઠમાં અતિશ્રેષ્ઠ છે." એ પછી હઝરત અબૂબક્ર (રદિ.)..... મને વારંવાર આવું જ કહેતા રહ્યા, અહીંયાં સુધી કે અલ્લાહ તઆલાએ મારૂં હ્રદય પણ એમના મત પ્રમાણે ખોલી આપ્યું કે, જે અભિપ્રાય (ધારણા) હઝરત અબૂબક્ર (રદિ.) અને હઝરત ઉમર (રદિ.)નો હતો. એટલા માટે મેં કુર્આનની આયતોને શોધવાની શરૂઆત કરી અને ખજૂરના પાંદડાંઓ, પથ્થરની પાટો અને લોકોના હ્રદયોમાંથી કુર્આન શરીફને એકત્રિત (સંપાદિત) કર્યું."

(સહીહ બુખારી, કિતાબુ ફઝાઈલિલ્ કુર્આન)

આ પ્રસંગે કુર્આન એકત્રિત કરવાના સંદર્ભમાં હઝરત ઝૈદ બિન સાબિત (રદિ.)ની કાર્ય કરવાની પદ્ધતિ સારી રીતે સમજી લેવી જોઈએ, જેમકે અગાઉ વર્ણન થઈ ચૂકયું છે કે તેઓ ખુદ હાફિજે કુર્આન હતા, એટલા માટે તેઓ પોતાની સ્મરણ શકિતથી પણ સંપૂર્ણ કુર્આન લખી શકતા હતા, તેમના સિવાય પણ સેંકડો કુર્આનના હાફિજો હયાત હતા, તેમનું એક ગૃપ બનાવીને પણ તેઓ કુર્આન શરીફ લખી શકયા હોત !

તદુપરાંત કુર્આન શરીફની જે પ્રત હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના જીવનકાળ દરમિયાન લખાઈ ચૂકી હતી, હઝરત ઝૈદ બિન સાબિત (રદિ.) એ પ્રમાણે પણ કુર્આનને નકલ કરી શક્યા હોત, પરંતુ તેમણે ખૂબ કાળજીથી કામ લેવા ખાતર ફક્ત એક પદ્ધતિ પર આધાર ન રાખતાં તમામ આધારભૂત સ્ત્રોતોનો એકી સમયે એકસામટો ઉપયોગ કરીને પોતાની પ્રતોમાં ત્યાં સુધી કોઈ આયતનો ઉલ્લેખ ન કર્યો, જ્યાં સુધી કે તેની સત્યતાના અસંખ્ય લેખિત અને મૌખિક પુરાવાઓ મેળવી ન લીધા. તદુપરાંત હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺએ કુર્આન શરીફની જે આયતો પોતાની દેખરેખ હેઠળ લખાવી હતી તે આયતો અનેક સહાબા (રદિ.) પાસે સુરક્ષિત હતી. હઝરત ઝૈદ (રદિ.)એ તેને એક સ્થળે એકત્રિત કરી, જેથી નવી (કુર્આનની) પ્રત એના આધારે નકલ કરી શકાય. એટલા માટે એવી જાહેરાત કરવામાં આવી કે, જે કોઈપણ માણસ પાસે કુર્આન શરીફની જેટલી પણ આયતો લેખિત સ્વરૂપમાં મૌજૂદ હોય તે હઝરત ઝૈદ (રદિ.) પાસે લઈ આવે અને જ્યારે કોઈ માણસ એમની પાસે કુર્આન શરીફની કોઈ લખેલી આયત લઈને આવતો હતો તો તેઓ નીચે પ્રમાણેના ચાર માપદંડો અપનાવી તેની પ્રમાણતા (સત્યતા) પુરવાર કરતા હતા.

(૧) સૌ પ્રથમ પોતાની સ્મરણશક્તિ પ્રમાણે તેને ચકાસતા.

(૨) પછી હઝરત ઉમર (રદિ.) પણ હાફિજે કુર્આન હતા અને રિવાયતોથી સાબિત છે કે, હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)એ એમને પણ આ કામમાં હઝરત ઝૈદ (રદિ.) સાથે લગાવી દીધા હતા. જ્યારે પણ કોઈ માણસ આયત લઈને આવતો હતો તો હઝરત ઝૈદ (રદિ.) અને હઝરત ઉમર (રદિ.) બન્ને સંયુક્ત રીતે તેને સ્વીકારતા હતા.

(ફત્હુલ બારી : ૯/૧૧, બહવાલા ઈબ્ને અબી દાઉદ)

(૩) કોઈ લખેલી આયત ત્યાં સુધી સ્વીકારવામાં આવતી ન હતી જ્યાં સુધી બે ભરોસાપાત્ર સાક્ષીઓએ એ વાતની ગવાહી ન આપી દીધી હોય કે, આ આયત હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની સામે લખવામાં આવી હતી.

(ઈત્કાન : ૧/૬૦)

(૪) ત્યારબાદ તે લખેલી આયતોને વિવિધ સહાબા (રદિ.)એ તૈયાર કરી રાખેલ સંગ્રહ સાથે મેળવીને ચકાસણી કરવામાં આવતી હતી.

(અલ બુરહાન ફી ઉલૂમુલ કુર્આન લિલઝરકશી રહ. : ૧/૨૩૮)

હઝરત અબૂબક્ર (રદિ.)ના સમયકાળમાં કુર્આન એકત્રિત કરવાની આ પદ્ધતિ ધ્યાને લઈએ તો હઝરત ઝૈદ બિન સાબિત (રદિ.)ના તે ફરમાનનો અર્થ સારી રીતે સમજી શકાય છે કે, "સૂરએ બરાઅતની છેલ્લી આયતો لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ..... મને ફક્ત હઝરત અબૂ ખુઝયમહ (રદિ.) પાસેથી મળી. તેમના સિવાય કોઈ બીજા પાસેથી ન મળી." તેનો અર્થ કદાપિ એ નથી કે, આ આયતો હઝરત અબૂ ખુઝયમહ (રદિ.) સિવાય અન્ય કોઈને યાદ ન હતી અથવા કોઈ બીજા પાસે લેખિત સ્વરૂપમાં ઉપલબ્ધ ન હતી અને તેમના (હઝરત અબૂ ખુઝયમહ રદિ.) સિવાય આ આયતો કુર્આનનો એક ભાગ હોવાની કોઈને ખબર ન હતી. બલકે, વાસ્તવિકતા એ હતી કે જે લોકો આપ ﷺની લખાવેલી વિવિધ આયતો લઈને આવી રહ્યા હતા, તેમનામાંથી આ આયતો હઝરત અબૂ ખુઝયમહ (રદિ.) સિવાય કોઈ અન્ય પાસે ન મળી. જ્યાં સુધી આ આયતો કુર્આનનો ભાગ હોવાની વાત છે, એ બાબત અનેક પ્રમાણભૂત આધારો દ્વારા બધાને ખબર હતી કે તે કુર્આનનો જ ભાગ છે, કારણ કે સેંકડો સહાબા (રદિ.)ને આ આયતો યાદ હતી અને જે લોકો પાસે કુર્આનની આયતોનો સંપૂર્ણ સંગ્રહ મૌજૂદ હતો તેમની પાસે લેખિત સ્વરૂપમાં પણ હતી, પરંતુ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની દેખરેખમાં અલગ રીતે લખાયેલી ફક્ત હઝરત અબૂ ખુઝયમહ (રદિ.) પાસેથી મળી. કોઈ અન્ય પાસેથી ન મળી.

(અલ બુરહાન : ૧/૨૩૪–૨૩૫)

તાત્પર્ય એ છે કે, હઝરત ઝૈદ બિન સાબિત (રદિ.)એ એટલી ભારે કાળજીથી કુર્આન શરીફને એકત્રિત કર્યું કે, એ સંપાદિત કરેલ પ્રતને એમણે જે રીતે હાલના જમાનામાં કાગળના સિપારાઓના સ્વરૂપમાં કુર્આન હોય છે તેના નમૂના પ્રમાણેના સ્વરૂપમાં લખી લીધું. (ઈત્કાન : ૧/૬૦) પરંતુ દરેક સૂરત ભિન્ન ભિન્ન સિપારાઓમાં લખવામાં આવી હતી એટલા માટે આ પ્રત અનેક સિપારાઓ પર આધારિત હતી. આ પ્રતને ચલણમાં "ઉમ્મ" કહેવામાં આવે છે અને એની વિશેષતા નીચે પ્રમાણે હતી.

(૧) આ હસ્તપ્રતમાં કુર્આનની આયતો તો આપ ﷺના નક્કી કરેલા ક્રમાનુસાર જ સંપાદિત કરવામાં આવી હતી, પરંતુ સૂરતોનું સંપાદન ક્રમાનુસાર ન થયું.

બલકે, દરેક સૂરત અલગ અલગ સિપારાઓ સ્વરૂપે લખવામાં આવી હતી.

(ઈત્કાન, હવાલો ઉપરોક્ત પ્રમાણે)

(૨) આ હસ્તપ્રતમાં કુર્આનના ઉચ્ચારની સાત પદ્ધતિઓ (જેનું વિગતવાર વર્ણન અગાઉ આવી ચૂક્યું છે)ને એકત્રિત કરી હતી.

(મનાહિલુલ ઈરફાન : ૧/૨૪૬ અને તારીખુલ કુર્આન લિલ કુરદી રહ. પેજ : ૨૮)

(૩) આ હસ્તપ્રતમાં તે બધી જ આયતો ભેગી કરવામાં આવી હતી જેની તિલાવત રદ થઈ ન હતી.

(૪) આ હસ્તપ્રત લખવાનો હેતુ એ હતો કે, એક સંપાદિત થયેલ હસ્તપ્રત સમગ્ર ઉમ્મતની સામૂહિક ગવાહી દ્વારા તૈયાર થઈ જાય, જેથી જ્યારે પણ કોઈ જરૂર ઊભી થાય ત્યારે તેનો જ આધાર લઈ શકાય.

હઝરત અબૂબક્ર (રદિ.)એ લખાવેલ આ હસ્તપ્રતો (સિપારાઓ) તેમની હયાતીમાં તેમની પાસે જ રહી. પછી હઝરત ઉમર (રદિ.) પાસે રહી. હઝરત ઉસ્માન (રદિ.)ની શહાદત પછી આ સિપારાઓ "**ઉમ્મુલ મુઅ્મિનીન**" (આપ ﷺની પવિત્ર પત્નીઓ સમગ્ર ઉમ્મતની માતાઓ કહેવાય છે) હઝરત હફસા (રદિ.)ની પાસે મોકલી આપવામાં આવ્યા. પછી જ્યારે હઝરત હફસા (રદિ.)ની વફાત થઈ ત્યારે મરવાન બિન હકમે તે સિપારાઓ એવું વિચારી સળગાવી દીધા કે, હઝરત ઉસ્માન (રદિ.)ની હસ્તપ્રતો તૈયાર થઈ ચૂકી છે અને સમગ્ર ઉમ્મતનો "**ઈજમાઅ્**" (સમગ્ર મુસ્લિમ જગત જે વાત પર સર્વાનુમતે સહમતિ ધરાવે તેને ઈજમાઅ્ કહે છે) થઈ ગયો છે કે, લખાણની પદ્ધતિ અને સૂરતોના ક્રમની બાબતમાં હવે હઝરત ઉસ્માન (રદિ.)ની તૈયાર કરાવેલ હસ્તપ્રતોને અનુસરવું જરૂરી છે. મરવાન બિન હકમે વિચાર્યું કે, હવે કોઈ એવી હસ્તપ્રત બાકી ન રહેવી જોઈએ કે, જેની લખાણની પદ્ધતિ અને ક્રમ હઝરત ઉસ્માન (રદિ.)ના તૈયાર કરવામાં આવેલા નૂસ્ખાઓથી અલગ પ્રકારની હોય.

(ફત્હુલ બારી : ૯/૧૬)

હઝરત ઉસ્માન (રદિ.)ના સમયકાળમાં કુર્આન શરીફનું એકત્રિકરણ :

હઝરત ઉસ્માન (રદિ.) ખલીફા બન્યા ત્યારે ઈસ્લામ અરબની સીમાઓ

પાર કરીને રોમન અને ઈરાની સામ્રાજ્યના દૂરસુદૂરના પ્રદેશો સુધી પહોંચી ચૂક્યો હતો. જ્યારે પણ કોઈ નવા વિસ્તારના નાગરિકો ઈસ્લામ અંગીકાર કરતા તો તેઓ મુસલમાન મુજાહિદો (પવિત્ર યોદ્ધાઓ) અથવા વેપારીઓ પાસેથી કુર્આન શરીફ શીખતા. આ જ લોકોના પ્રતાપે તેમને ઈસ્લામની નેઅ્મત (ભેટ) પ્રાપ્ત થઈ હતી. જેમકે અગાઉ ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે, કુર્આન શરીફ સાત ઉચ્ચારોની પદ્ધતિ ઉપર નાઝિલ થયું હતું અને વિવિધ સહાબએ કિરામ (રદિ.)એ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પાસેથી વિવિધ કિરાઅત પ્રમાણે શીખ્યું હતું, જે પ્રમાણે ખુદ આપ ﷺએ કુર્આન પઢયું હતું. એવી જ રીતે કિરાઅતોની આ વિવિધતા દૂરસુદૂરના પ્રદેશો સુધી પહોંચી ગઈ. જ્યાં સુધી લોકો એ વાસ્તવિકતાથી વાકિફ હતા કે, કુર્આને કરીમ સાત ઉચ્ચારની પદ્ધતિઓ પર નાઝિલ થયું છે ત્યાં સુધી આ "વિવિધતા"થી કોઈ ક્ષતિ ઉત્પન્ન ન થઈ. પરંતુ જ્યારે આ વિવિધતા દૂરસુદૂરના પ્રદેશોમાં પહોંચી અને આ બાબત તેમના દરમિયાન સંપૂર્ણ રીતે પ્રચલિત ન થઈ શકી કે, કુર્આન શરીફ સાત ઉચ્ચારોની પદ્ધતિથી ઊતર્યું છે તો એ લોકોમાં ઝઘડાઓ થવા લાગ્યા. અમુક લોકો પોતાની કિરાઅતને સાચી અને બીજાઓની કિરાઅતને ગલત કહેવા લાગ્યા. આ ઝઘડાઓથી એવો ભય હતો કે, લોકોએ કુર્આન શરીફની સર્વમાન્ય કિરાઅતોને ગલત કહેવાની ભયંકર ભૂલ કરી હોત ! બીજું, હઝરત ઝૈદ (રદિ.)ની મદીના મુનવ્વરહમાં લખેલી કુર્આનની હસ્તપ્રત મૌજૂદ હતી, તેના સિવાય સમગ્ર ઈસ્લામી જગતમાં બીજી કોઈ તેના જેવી પ્રમાણભૂત હસ્તપ્રત મૌજૂદ ન હતી, જે આખી ઉમ્મત માટે યોગ્ય ગણી શકાય. કારણ કે, બીજી હસ્તપ્રતો વ્યકિતગત રીતે લખાઈ હતી અને તેમાં સાત કિરાઅતોને જમા કરવાની કોઈ ખાસ કાળજી લેવામાં આવી ન હતી, તેથી આ ઝઘડાઓના નિરાકરણ માટે યોગ્ય ઉકેલ એ જ હતો કે એવા નુસખાઓ સમગ્ર ઈસ્લામી જગતમાં પહોંચાડી આપવામાં આવે, જેમાં આ સાત કિરાઅતો એકત્રિત કરવામાં આવી હોય અને તેમાં જોઈને, અભ્યાસ કરીને એ ફૈસલો કરી શકાય કે, કઈ કિરાઅત સાચી છે અને કઈ કિરાઅત ખોટી છે. હઝરત ઉસ્માન (રદિ.)એ પોતાના ખિલાફતકાળમાં આ મહાનતમ્ કાર્ય સંપન્ન કર્યું.

આ કાર્યનું વિસ્તારપૂર્વકનું વર્ણન હદીષની રિવાયતોથી જાણી શકાય છે,

હઝરત હુઝયફા બિન યમાન (રદિ.) આર્મેનિયા અને આઝરબીજાનના મોરચા પર જિહાદમાં પ્રવૃત્ત હતા, ત્યાં એમણે જોયું કે લોકોમાં કુર્આને કરીમની કિરાઅતોની બાબતમાં વાદ–વિવાદ થઈ રહ્યો છે, એટલા માટે મદીના તય્યિબહ પાછા આવતાની સાથે જ તેઓ સીધા હઝરત ઉસ્માન (રદિ.)ની સેવામાં હાજર થયા અને કહ્યું કે, "અમીરુલ મુઅમિનીન ! તે પહેલાં કે મુસ્લિમ ઉમ્મત અલ્લાહની કિતાબ (કુર્આન) વિશે યહૂદો નસારાની જેમ વાદ–વિવાદનો શિકાર થઈ જાય, તમે એનો ઈલાજ કરો." હઝરત ઉસ્માન (રદિ.)એ પૂછ્યું કે, "વાત શું છે ?" હઝરત હુઝયફા (રદિ.)એ જવાબમાં કહ્યું કે, "હું આર્મેનિયાના મોરચા પર લડાઈમાં શામિલ હતો અને ત્યાં શામ (સીરીયા)ના લોકો હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.)ની કિરાઅત પઢે છે, જે ઈરાકના લોકોએ સાંભળી નથી અને ઈરાકના લોકો અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.)ની કિરાઅત પઢે છે, જેને શામના લોકોએ સાંભળી નથી. પરિણામે તેઓ એકબીજાને કાફિર કહેવા લાગ્યા છે."

હઝરત ઉસ્માન (રદિ.)ને પણ આ બાબતનો ભય મહેસૂસ થઈ ચૂક્યો હતો. તેમને એવી જાણ થઈ હતી કે, ખુદ મદીના તય્યિબહમાં એવી ઘટનાઓ બની ચૂકી છે કે, કુર્આને શરીફના એક શિક્ષકે (મુઅલ્લિમે) પોતાના વિદ્યાર્થીઓને એક કિરાઅત પ્રમાણે કુર્આન પઢાવ્યું અને બીજા શિક્ષકે બીજી કિરાઅત પ્રમાણે. આવી રીતે અલગ અલગ શિક્ષકોના વિદ્યાર્થીઓ જ્યારે ભેગા મળતા હતા તો તેઓમાં વાદ–વિવાદ થતો હતો, અને કેટલીક વખતે આ વાદ–વિવાદ શિક્ષકો સુધી પહોંચતો હતો તો તેઓ પણ એકબીજાની કિરાઅતોને ગલત કહેતા હતા. જ્યારે હઝરત હુઝયફા બિન યમાન (રદિ.)એ પણ આ ભયસ્થાન તરફ હઝરત ઉસ્માન (રદિ.)નું ધ્યાન દોર્યું તો તેમણે ચોટીના સહાબાઓને ભેગા કરીને મશ્વેરો કર્યો અને ફરમાવ્યું કે, "મને એવી ખબર મળી છે કે કેટલાક લોકો એકબીજાને એવા પ્રકારની વાતો કહે છે કે, મારી કિરાઅત તમારી કિરાઅત કરતાં ઉત્તમ છે અને આ વાત કુફ્રની હદો સુધી પહોંચી શકે છે, માટે તમો લોકોની આ બાબતમાં શું સલાહ છે ?" સહાબા (રદિ.)એ હઝરત ઉસ્માન (રદિ.)ને પૂછ્યું કે, "તમે શું વિચાર્યું છે ?" હઝરત ઉસ્માન (રદિ.)એ ફરમાવ્યું કે, "મારી સલાહ છે કે આપણે બધા લોકોને એક જ હસ્તપ્રત (મુસહફ) ઉપર એકત્રિત કરી દઈએ, જેથી કોઈ વાદ–વિવાદ અને વિરોધાભાસ બાકી ન રહે." સહાબા (રદિ.)એ

હઝરત ઉસ્માન (રદિ.)ની સલાહને પસંદ કરી તેને પોતાનો ટેકો જાહેર કર્યો.

હઝરત ઉસ્માન (રદિ.)એ લોકોને ભેગા કરીને એક વક્તવ્ય આપ્યું, અને ફરમાવ્યું કે, "તમે લોકો મદીના તય્યિબહમાં મારી પાસે હોવા છતાં કુર્આને કરીમની આયતોની બાબતમાં એકબીજાને જૂઠાડો છો અને વિરોધ કરો છો, માટે શક્ય છે કે જે લોકો મારાથી દૂર છે તેઓ તો આ બાબતે વધારે વાદ–વિવાદ અને પરસ્પર વિરોધ કરતા હશે. એટલા માટે બધા જ લોકો એકત્રિત થઈને કુર્આન શરીફની એવી પ્રત તૈયાર કરો જેનો સ્વીકાર કરવો બધાના માટે જરૂરી હોય."

આ હેતુ માટે હઝરત ઉસ્માન (રદિ.)એ હઝરત હફસા (રદિ.) પાસે સંદેશો મોકલ્યો કે, "તમારી પાસે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ના તૈયાર કરેલા જે સિપારાઓ મૌજૂદ છે તે અમારી પાસે મોકલી આપો. અમે તેને એક ગ્રંથમાં નકલ કરીને આપને પરત કરી આપીશું." હઝરત હફસા (રદિ.)એ તે સિપારાઓ હઝરત ઉસ્માન (રદિ.) પાસે મોકલી આપ્યા. હઝરત ઉસ્માન (રદિ.)એ એક કમિટી બનાવી. આ કમિટીમાં હઝરત ઝૈદ બિન સાબિત (રદિ.), હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર (રદિ.), હઝરત સઈદ બિન આસ (રદિ.) અને હઝરત અબ્દુર્રહમાન બિન હારિસ બિન હિશામ (રદિ.) સામેલ હતા. આ કમિટીને એ કામ માટે નિયુક્ત કરવામાં આવી હતી કે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ના સિપારાઓને નકલ કરીને તેના જેવા કેટલાક ગ્રંથો બનાવે, જેમાં સૂરતો પણ ક્રમ અનુસાર હોય. આ સહાબાઓમાંથી હઝરત ઝૈદ (રદિ.) અન્સારી હતા અને બાકીના ત્રણ કુરૈશી હતા. એટલા માટે હઝરત ઉસ્માન (રદિ.)એ કહ્યું કે, "જ્યારે તમારા અને ઝૈદના દરમિયાન કુર્આનના કોઈ ભાગ બાબતે વિવાદ થાય (એટલે કે એ બાબતનો વિવાદ થાય કે કયો શબ્દ કઈ રીતે લખવો ?) તો તે (શબ્દ)ને કુરૈશની ભાષા અનુસાર લખવો, એટલા માટે કે કુર્આને કરીમ તેમની જ ભાષામાં નાઝિલ થયું હતું."

મૂળભૂત રીતે તો આ કામ ઉપરોક્ત ફક્ત ચાર કમિટી મેમ્બરોને જ સોંપવામાં આવ્યું હતું, પરંતુ બીજા સહાબા (રદિ.)ને પણ એમની મદદ માટે શામિલ કરવામાં આવ્યા. (આ વિષયની સવિસ્તર અને ક્રમબદ્ધ બધી જ રિવાયતો ફત્હુલ બારી જિલ્દ : ૯, સફા ૧૩ થી ૧૫માં નોંધાયેલ છે.) આ લોકોએ કુર્આન લખવાના ક્રમમાં નીચે પ્રમાણે કામ પૂર્ણ કરેલ છે.

(૧) હઝરત અબૂબક્ર (રદિ.)ના સમયકાળમાં કુર્આનની જે હસ્તપ્રત તૈયાર થઈ હતી, તેમાં સૂરતો ક્રમમાં ન હતી. બલકે, દરેક સૂરત અલગ અલગ (સિપારાઓ સ્વરૂપે) લખેલ હતી. તેમાં ઉપરોક્ત કમિટી મેમ્બરોએ દરેક સૂરતોને ક્રમબદ્ધ રીતે એક જ હસ્તપ્રતમાં સંપાદિત કરી લખી લીધી.

(મુસ્તદ્‌રક : ૨/૨૨૯)

(૨) કુર્આન શરીફની આયતો એવી રીતે લખી કે, તેના લખાણની પદ્ધતિમાં તમામ પ્રમાણભૂત કિરાઅતો સમાવવામાં આવી. એટલા માટે તેના ઉપર ન તો નુકતા લગાવવામાં આવ્યા અને ન જ સાંકેતિક ચિહ્નો (ઝેર, ઝબર, પેશ વગેરે), જેથી તેને તમામ પ્રમાણભૂત કિરાઅતો અનુસાર પઢી શકાય. દાખલા તરીકે سسرها લખ્યું. જેથી, તેને نَنْشُرُهَا અને نُنْشِزُهَا બંને રીતે પઢી શકાય. કારણ કે, આ બંને કિરાઅતો બરાબર છે.

(મનાહિલુલ ઈરફાન : ૧/૨૫૩–૨૫૪)

(૩) અત્યાર સુધી કુર્આન શરીફની સંપૂર્ણ આધારભૂત હસ્તપ્રત જે આખી ઉમ્મતની સામૂહિક પ્રમાણતાના આધારે તૈયાર કરવામાં આવી હતી, તે ફક્ત એક જ હતી. આ કમિટી સભ્યોએ તેમાં ક્રમબદ્ધ રીતે તૈયાર કરેલ ગ્રંથની એકથી વધુ નકલો તૈયાર કરી. સામાન્ય રીતે મશહૂર છે કે, હઝરત ઉસ્માન (રદિ.)એ પાંચ નકલો તૈયાર કરાવી હતી, પરંતુ અબૂ હાતિમ સજિસ્તાની (રહ.)નો મત છે કે, કુલ સાત હસ્તપ્રતો તૈયાર કરવામાં આવી હતી. તેમાંથી એક મદીના તય્યિબહમાં સુરક્ષિત રાખવામાં આવી હતી.

(ફત્હુલ બારી પેજ : ૯/૧૭)

(૪) ઉપરોક્ત કાર્ય સંપન્ન કરવા માટે આ સભ્યોએ મૂળભૂત રીતે તે જ સિપારાઓને નજર સમક્ષ રાખ્યા, જે અબૂબક્ર સિદ્દીક (રદિ.)ના સમયકાળમાં લખાયા હતા. પરંતુ તેની સાથે–સાથે વધારાની કાળજી એ લીધી કે, તેમણે પણ તે જ પદ્ધતિ અપનાવી જે હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ના સમયકાળમાં અપનાવવામાં આવી હતી. એટલા માટે આપ ﷺના જીવનકાળ વખતની જે વિવિધ લેખિત સ્વરૂપે કુર્આનની આયતો સહાબા (રદિ.) પાસે મૌજૂદ હતી, તે બધાને ફરી વખતે હાજર કરવામાં આવી અને તે લખાણોની નવેસરથી ચકાસણી કરી આ પ્રત (નુસખો) તૈયાર

કરવામાં આવી. એક વખતે સૂરએ અહઝાબની એક આયત مِنَ الْمُؤْمِنِيْنَ رِجَالٌ صَدَقُوْا مَا عَاهَدُوا اللّٰهَ عَلَيْهِ અલગથી લખેલી ફકત હઝરત ખુઝયમા બિન સાબિત અન્સારી (રદિ.) પાસે મળી. અગાઉ લખાઈ ચૂક્યું છે કે, તેનો અર્થ કદાપિ એ નથી કે આ આયત કોઈ બીજા વ્યક્તિને યાદ ન હતી, કારણ કે હઝરત ઝૈદ (રદિ.) પોતે ફરમાવે છે કે, "ગ્રંથ (કુર્આનની હસ્તપ્રત) લખતી વખતે સૂરએ અહઝાબની તે આયત ન મળી, જેને મેં રસૂલ ﷺને પઢતા સાંભળ્યા હતા." આ બાબતથી સ્પષ્ટ રીતે જાહેર થાય છે કે, હઝરત ઝૈદ (રદિ.) અને બીજા સહાબા (રદિ.)ને આ આયત સારી પેઠે યાદ હતી. એવી જ રીતે તેનો અર્થ એ પણ નથી કે, આ આયત કોઈ બીજી જગ્યાએ લખેલ ન હતી. કારણ કે, હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)ના સમયકાળમાં જે સિપારાઓ લખવામાં આવ્યા હતા, સ્પષ્ટ છે કે આ આયત તેમાં મૌજૂદ હતી. તદુપરાંત અન્ય સહાબા (રદિ.) પાસે કુર્આને કરીમ વ્યક્તિગત રીતે લખાયેલું હતું તેમાં પણ આ આયત મૌજૂદ હતી, પરંતુ હઝરત અબૂબક્ર (રદિ.)ના સમયકાળની જેમ જ આ સમયે પણ સહાબા (રદિ.) પાસે લખાયેલા બધા જ વિવિધ લખાણોને એકત્રિત કરવામાં આવ્યા હતા, એ કારણે હઝરત ઝૈદ (રદિ.) વગેરેએ કોઈ આયત આ હસ્તપ્રતમાં ત્યાં સુધી ન લખી જ્યાં સુધી તે એકત્રિત કરવામાં આવેલા લખાણોમાં પણ ન મળી ગઈ. આમ, બીજી આયતો તો અસંખ્ય સહાબા (રદિ.)ની પાસે અલગથી લખેલી પણ મળી, પરંતુ સૂરએ અહઝાબની આ આયત હઝરત ખુઝયમા (રદિ.) સિવાય અન્ય કોઈ પાસે અલગથી લખેલી પ્રાપ્ત ન થઈ હતી.

(૫) કુર્આને કરીમની આવા ભરોસાપાત્ર માપદંડ દ્વારા હસ્તપ્રત તૈયાર કર્યા પછી હઝરત ઉસ્માન (રદિ.)એ તે બધા જ વ્યકિતગત નુસખાઓ (પ્રતો) સળગાવી દીધા જે અનેક સહાબા (રદિ.)ની પાસે મૌજૂદ હતા, જેથી લખાણની પદ્ધતિ, પ્રમાણભૂત કિરાઅતોનું એકત્રીકરણ અને સૂરતોના ક્રમના આધારે આ બધા જ નુસખાઓ (કુર્આનની પ્રતો) એકસમાન થઈ ગયા અને એમાં કોઈ વાદ-વિવાદ બાકી ન રહ્યો.

હઝરત ઉસ્માન (રદિ.)ના આ મહાન કાર્યનો આખી ઉમ્મતે ઘણો મોટો ઉપકાર માન્યો અને બધા જ સહાબા (રદિ.)એ આ કાર્યમાં તેમને ટેકો આપીને પોતાનો સહકાર આપ્યો. ફક્ત હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ

(રદિ.)ને આ બાબતમાં કંઈ મનદુઃખ થયું, જેના વર્ણનની અત્યારે કોઈ જરૂરત નથી. (આ બાબતની વિસ્તારપૂર્વક ચર્ચા મારી કિતાબ "ઉલૂમુલ કુર્આન"માં વાંચવા ભલામણ છે.)

હઝરત અલી (રદિ.) કહે છે, "હઝરત ઉસ્માન (રદિ.)ના વિષયમાં કોઈપણ વાત એમની ભલાઈ સિવાયની ન કહો, કારણ કે અલ્લાહની કસમ તેમણે હસ્તપ્રતો (કુર્આનના નુસખાઓ) બાબતમાં જે કામ કર્યું છે તે આપણા સૌની હાજરીમાં બધાના સલાહ મશ્વેરાથી કર્યું."

(ફત્હુલ બારી : ૯/૧૫)

તિલાવતમાં સરળતા ઉત્પન્ન કરવા માટેના પગલાંઓ :

હઝરત ઉસ્માન (રદિ.)એ ઉપરોક્ત કાર્ય સંપન્ન કર્યા પછી ઉમ્મતનો "ઈજમાઅ્" (સર્વમાન્ય-સહમતિ) પણ થઈ ગયો કે, કુર્આન શરીફ હઝરત ઉસ્માન (રદિ.)ની પદ્ધતિ સિવાય અન્ય કોઈ રીતે લખવું જાઈઝ નથી. એટલા માટે ત્યાર પછીના તમામ ગ્રંથો (કુર્આનની હસ્તપ્રતો) આ જ પદ્ધતિથી લખવામાં આવ્યા તથા સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)એ હઝરત ઉસ્માન (રદિ.)ની તૈયાર કરેલ હસ્તપ્રતની નકલો તૈયાર કરીને કુર્આન શરીફનો મોટાપાયે પ્રચાર-પ્રસાર કર્યો.

પરંતુ અત્યાર સુધી કુર્આન શરીફનો નુસખો (પ્રત) નુકતાઓ અને ઝેર, ઝબર, પેશ (સહાયક ચિહ્નો) રહિત્ હતો. એટલા માટે અહલે અજમ (બિનઆરબો)ને તિલાવતમાં મુશ્કેલી પડવા લાગી. માટે જ્યારે ઈસ્લામ બિનઆરબ દેશોમાં ખૂબ મોટા પ્રમાણમાં ફેલાયો તો આવશ્યકતા જણાવા લાગી કે, કુર્આનની પ્રતોમાં નુકતાઓ અને સહાયક ચિહ્નો લગાવવા જોઈએ, જેથી બધા જ લોકો સરળતાથી કુર્આનની તિલાવત કરી શકે. એ હેતુ માટે વિવિધ પગલાંઓ લેવામાં આવ્યા, જેનો ટૂંકો ઈતિહાસ નીચે મુજબ છે.

નુકતા (બિંદુ)ઓ :

આરબોમાં શબ્દોની શરૂઆતમાં નુકતા (˙) લગાવવાનો રિવાજ ન હતો અને પઢનારો એનાથી ટેવાઈ જતો હતો, તેમને નુકતાઓ વગરનું લખાણ પઢવામાં કોઈ મુશ્કેલી પડતી ન હતી અને શબ્દોના ક્રમ તથા તેના સાતત્ય દ્વારા

તેઓ શંકાસ્પદ શબ્દોને પણ સરળતાથી ઓળખી લેતા હતા. ખાસ કરી કુર્આન શરીફની બાબતમાં કોઈ શંકાસ્પદ શબ્દની શક્યતા એટલા માટે ન હતી કે, તેના રક્ષણનો આધાર લખાણ પર નહીં, પરંતુ હાફિઝો (કુર્આનને કંઠસ્થ કરનાર) ઉપર હતો. હઝરત ઉસ્માન (રદિ.)એ કુર્આનની જે પ્રતો ઈસ્લામી જગતના વિવિધ પ્રદેશોમાં પહોંચાડી હતી તેની સાથે કારીઓ (કુર્આન પઢનારાઓ) પણ મોકલ્યા હતા, જેથી તેઓ લોકોને કુર્આન પઢવાનું શીખવાડી શકે.

એ બાબતે અનેક રિવાયતો આવેલી છે કે, કુર્આને કરીમની પ્રત પર સૌથી પ્રથમ નુકતાઓ કોણે મૂક્યા ? અમુક રિવાયતો વર્ણવે છે કે, આ કાર્ય સૌ પ્રથમ હઝરત અબૂલ્ અસ્વદ દુવલી (રહ.)એ સંપન્ન કર્યું. (અલ બુરહાન : ૧/૨૫૦) અમુકનું કહેવું છે કે, તેમણે આ કામ હઝરત અલી (રદિ.)ની તાકીદથી કર્યું. (સુબ્હુલ અઅ્શા : ૩/૧૫૫) અને અમુક લોકોનું કહેવું છે કે, કુફાના ગવર્નર ઝિયાદ બિન અબૂ સુફિયાને તેમની પાસે આ કામ કરાવ્યું. એક રિવાયત એવી પણ છે કે, આ કાર્ય હજ્જાજ બિન યૂસુફે હઝરત હસન બસરી (રહ.), યહ્યા બિન યઅમર્ (રહ.) અને નસ્ર્ બિન આસિમ લયષી (રહ.) દ્વારા સંપન્ન કરાવ્યું.

(તફસીરે કુર્તુબી રહ. : ૧/૬૩)

સહાયક ચિહ્નો :

નુકતાઓની જેમ શરૂઆતમાં કુર્આને કરીમમાં સહાયક ચિહ્નો (ઝબર, ઝેર, પેશ વગેરે) પણ ન હતા. આ બાબતે પણ રિવાયતોમાં ઘણા બધા મતભેદો છે કે, સૌ પ્રથમ સહાયક ચિહ્નો કોણે લગાવ્યા ? અમુક લોકોનું કહેવું છે કે, આ કામ બધાથી પહેલાં હઝરત અબૂલ્ અસ્વદ દુવલી (રહ.)એ સંપન્ન કર્યું. અમુક કહે છે કે, આ કામ હજ્જાજ બિન યૂસુફે યહ્યા બિન યઅમર (રહ.) અને નસ્ર્ બિન આસિમ લયષી (રહ.) પાસે કરાવ્યું.

(કુર્તુબી : ૧/૬૩)

આ વિષય ઉપર વર્ણન થયેલી બધી જ રિવાયતોને નજર સમક્ષ રાખવાથી સ્પષ્ટ થાય છે કે, સહાયક ચિહ્નો સૌ પ્રથમ અબૂલ અસ્વદ દુવલી (રહ.)એ મૂક્યાં પરંતુ આ સહાયક ચિહ્નો એવી રીતે ન હતા જેવી રીતે કે પ્રવર્તમાન સમયમાં પ્રચલિત છે. બલકે, ઝબર માટે અક્ષર ઉપર એક નુકતો (ـٌ), ઝેર માટે

અક્ષરની નીચે એક નુકતો (.), અને પેશ માટે અક્ષરની સામે એક નુકતો (.–) અને ત્રણેના માટે બે નુકતા (–¨ અથવા .. અથવા –..) નક્કી કરવામાં આવ્યા. પાછળથી ખલીલ બિન અહમદ (રહ.)એ હમ્ઝા (ء) અને તશ્દીદ (ّ) ના ચિહ્નો મૂક્યાં. (સુબ્હુલ અ'અશા : ૩/૧૬૦–૧૬૧) ત્યારબાદ હજ્જાજ બિન યૂસુફે યહ્યા બિન યઅ્મર, નશ્ર બિન આસિમ લયષી (રહ.) અને હસન બસરી (રહ.)થી એકસાથે કુર્આનના નુકતા અને સહાયક ચિહ્નો લગાવવાની વિનંતી કરી. આ પ્રસંગે સહાયક ચિહ્નોને સૂચવવા માટે નુકતાઓના બદલે ઝબર, ઝેર, પેશ (ً ٍ ٌ) વગેરેને જે હાલના સમયમાં જોવા મળે છે તે નક્કી કર્યા, જેથી શબ્દોના પોતાના નુકતાઓના કારણે કોઈ ગેરસમજ ઊભી ન થાય (ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે).

વિભાગો (મંઝિલો) :

સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)નો એ નિત્યક્રમ હતો કે, એક અઠવાડિયામાં એક કુર્આન શરીફ પૂર્ણ કરી લેતા હતા. આ હેતુપૂર્તિ માટે તેમણે તિલાવતનો દરરોજનો એક ખાસ ભાગ નક્કી કર્યો હતો. જેને "હિઝ્બ" અથવા "મંઝિલો" (વિભાગ) કહેવામાં આવે છે. આવી રીતે કુર્આનને કુલ સાત ભાગોમાં (મંઝિલોમાં) વહેંચવામાં આવ્યું છે.

(અલ બુરહાન : ૧/૨૫૦)

ભાગ અથવા સિપારા :

પ્રવર્તમાન સમયમાં કુર્આન શરીફ ૩૦ ભાગ અથવા સિપારાઓમાં વહેંચાયેલું છે. જેને "૩૦ સિપારા" કહેવામાં આવે છે. આ સિપારાઓની વહેંચણી કુર્આનના અર્થોના આધારે નથી બલકે, મક્તબના બાળકોને પઢાવવા માટે સરળતા ઉત્પન્ન કરવાના હેતુથી ૩૦ સરખા ભાગોમાં કુર્આનને વહેંચવામાં આવ્યું છે. જેથી, અમુક સમયે બિલકુલ અધૂરી વાત ઉપર પણ સિપારો પૂર્ણ થઈ જાય છે. ચોક્કસ રીતે કહેવું મુશ્કેલ છે કે, કુર્આનના આ ૩૦ સિપારા કોણે પાડ્યા હતા ? અમુક લોકોનું માનવું છે કે, હઝરત ઉસ્માન (રદિ.)એ કુર્આનની પ્રતોની નકલ કરાવતી વખતે તેને ૩૦ અલગ અલગ વિભાગોમાં લખાવ્યું હતું. એટલા માટે આ વહેંચણી પણ તેમના જ સમયની છે. પરંતુ શરૂઆતના ઝમાનાની

કિતાબોમાં તેના વિશે કોઈ દલીલ મને મળી ન શકી. જો કે, અલ્લામહ બદરૂદ્દીન જરકશી (રહ.)એ લખ્યું છે કે, "કુર્આનના ૩૦ સિપારા પ્રખ્યાત રીતે ચાલ્યા આવે છે અને મદ્રસાઓમાં કુર્આનની પ્રતોમાં તેનો જ રિવાજ છે." (અલ બુરહાનઃ ૧/૨૫૦ અને મનાહિલુલ ઈરફાન : ૧/૪૦૨). દેખીતી રીતે જ સ્પષ્ટ થાય છે કે, આ વહેંચણી સહાબા (રદિ.)ના યુગમાં પાછળથી શિક્ષણની સરળતા માટે કરવામાં આવી છે (ફક્ત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે).

પાંચ અને દશની નિશાની (પ્રતીકો) (ઇખ્માસ અને ઇઅ્શાર) :

ઈસ્લામના શરૂઆતના યુગની કુર્આનની પ્રતોમાં એક વિશેષ પ્રકારની નિશાનીનો રિવાજ હતો. પ્રત્યેક પાંચ આયતો પછી (હાંસિયા– માર્જીનમાં) એક શબ્દ "ખમ્શ" (પાંચ) અથવા "خ" અને દશ આયતો પછી એક શબ્દ "અશ્ર" (દશ) અથવા "ع" લખવામાં આવતો હતો. પહેલા પ્રકારના પ્રતીકોને "ઈખ્માસ" અને બીજા પ્રકારના પ્રતીકોને "ઈઅ્શાર" કહેવામાં આવે છે. (મનાહિલુલ ઈરફાન : ૧/૪૦૩) શરૂઆતના યુગમાં આ મતભેદ રહ્યો છે કે, અમુક લોકોએ આ નિશાનીઓને જાઇઝ અને અમુક લોકોએ મકરૂહ (નાપસંદ) સમજી છે. ચોક્કસ રીતે કહેવું મુશ્કેલ છે કે, આ નિશાનીઓ સૌથી પહેલાં કોણે લગાવી ? એક અભિપ્રાય એ છે કે, આ કામ હજ્જાજ બિન યૂસુફનું છે અને બીજો અભિપ્રાય એ છે કે, અબ્બાસી ખલીફા મા'મૂન રશીદે તેનો આદેશ આપ્યો હતો. (અલ બુરહાન : ૧/૨૫૧) પરંતુ આ બંને અભિપ્રાય એટલા માટે સાચા નથી લાગતા કે, ખુદ સહાબા (રદિ.)ના યુગમાં "ઈઅ્શાર"ની નિશાનીઓ વાપરવાની સંકલ્પના અને રિવાજ જોવા મળે છે. હઝરત મસરૂક (રહ.) ફરમાવે છે કે, હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.) કુર્આનની પ્રતમાં "ઈઅ્શાર"ની નિશાની મુકવાને મકરૂહ સમજતા હતા.

(મુસન્નફ ઈબ્ને અબી શયબા રહ. : ૩/૪૯૭)

રુકૂઅ :

"ઈખ્માસ" અને "ઈઅ્શાર"ની નિશાનીઓ તો પાછળથી ઉમેરવામાં આવી, પરંતુ બીજી એક નિશાની જે પ્રવર્તમાન સમયમાં પણ પ્રચલિત છે તે "રુકૂઅ"ની નિશાની છે તેની પસંદગી કુર્આન શરીફના વિષયોના આધારે કરવામાં

આવી છે, અર્થાત્, જ્યાં સમાન પ્રકારની એક વાત પૂરી થાય છે ત્યાં "રુકૂઅ"ની નિશાની (હાંસિયા ઉપર ع ની નિશાની) મૂકવામાં આવે છે. મારા ખૂબ સંશોધન પછી પણ મને આ બાબતમાં કોઈ પ્રમાણભૂત આધારો દ્વારા જાણવા ન મળ્યું કે, "રુકૂઅ"ની શરૂઆત કોણે અને ક્યા સમયમાં કરી હતી ? જો કે, એ બાબત લગભગ નક્કી છે કે, આ નિશાનીનો હેતુ આયતોની સંખ્યા પ્રમાણસર રાખવા માટે છે, જેથી તે આયતો નમાઝની એક રકા'તમાં પઢી શકાય અને તેને "રુકૂઅ" એટલા માટે કહેવામાં આવે છે કે, નમાઝમાં આ સ્થળે પહોંચીને "રુકૂઅ" કરવામાં આવે. આખા કુર્આન શરીફમાં કુલ ૫૪૦ "રુકૂઅ" છે. આમ, જો તરાવીહની દરેક રકા'તમાં એક રુકૂઅ પઢવામાં આવે તો સત્તાવીસમી રાત્રે કુર્આને કરીમ પુરૂં થઈ શકે છે.

(ફતાવા આલમગીરી ફસ્લુત્તરાવીહ : ૧/૯૪)

વિરામ ચિહ્નો :

તિલાવત અને <u>"તજવીદ"</u> (ઉચ્ચાર વિજ્ઞાન)ની સરળતા માટે એક ફાયદાકારક કામ એ કરવામાં આવ્યું છે કે, વિવિધ કુર્આની વાક્યો પર વિરામ ચિહ્નો મૂકવામાં આવ્યા છે, જેનાથી જાણી શકાય છે કે આ સ્થળે અટકવું કેવું છે ? આ ચિહ્નોને (રૂમૂઝે અવકાફ) <u>"વિરામ ચિહ્નો"</u> કહે છે. તેનો હેતુ એ છે કે, અરબી ભાષા ન જાણતી વ્યક્તિ પણ જ્યારે કુર્આનની તિલાવત કરે તો યોગ્ય સ્થળે અટકી શકે (શ્વાસ લઈ શકે) અને ગલત સ્થળે અટકવાથી અર્થમાં કોઈ તફાવત ઉત્પન્ન ન થાય. વિરામ ચિહ્નોમાંથી મોટા ભાગના ચિહ્નો અલ્લામહ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન તયફૂર સજાવન્દી محمد بن طيفور سجاوندى (રહ.)એ મૂક્યા છે.

(અન્નશ્રુ ફિલ કિરાઅતિલ અશ્રિ : ૧/૨૨૫)

વિરામ ચિહ્નોની વિગત આ પ્રમાણે છે :

ط :– આ <u>"વક્ફે મુતલક"</u>નું ટૂંકું સ્વરૂપ છે. તેનો અર્થ છે કે, અહીંયાં વાત પૂરી થઈ ગઈ છે અને અહીંયાં અટકવું (શ્વાસ લેવો) બહેતર છે.

ج :– આ <u>"વક્ફે જાઈઝ"</u>નું ટૂંકું સ્વરૂપ છે. તેનો અર્થ એ છે કે, અહીંયાં અટકવું (શ્વાસ લેવો) જાઈઝ છે.

ز :– આ "<u>**વક્ફે મુજવ્વઝ**</u>"નું ટૂંકુ સ્વરૂપ છે. તેનો અર્થ એ છે કે, અહીંયાં અટકવામાં વાંધો નથી પરંતુ ઉત્તમ એ છે કે, અહીંયાં અટકાવવામાં ન આવે.

ص :– આ "<u>**વક્ફે મુરખ્ખસ**</u>"નું ટૂંકું સ્વરૂપ છે. તેનો અર્થ એ છે કે, આ જગ્યાએ વાત તો પૂરી નથી થઈ પરંતુ વાક્ય ખૂબ લાંબું થઈ ગયું છે એટલા માટે શ્વાસ લેવા માટે બીજી જગ્યાએ અટકવા કરતાં અહીંયાં થોભવું જોઈએ.

(અલ મિનહુલ ફિકરીય્યહ, المنح الفكرية પેજ : ૬૩)

م :– આ "<u>**વક્ફે લાઝિમ**</u>"નું ટૂંકું સ્વરૂપ છે. તેનો અર્થ એ છે કે, અહીંયાં જો થોભવામાં નહિ આવે તો આયતના અર્થમાં ભયંકર ભૂલ થવાની શકયતા છે, માટે અહીંયાં થોભવું અતિઉત્તમ છે. બલકે, અમુક લોકોએ અહીંયાં થોભવાને વાજિબ (જરૂરી) કહ્યું છે. પરંતુ એનો મતલબ એ નથી કે, ફિક્હ (ઈસ્લામિક કાયદાશાસ્ત્ર)ની દષ્ટિએ અહીંયાં ન રોકાવાથી ગુનોહ થશે. હેતુ ફક્ત એ છે કે, બધા જ વિરામ ચિહ્નોમાં આ સ્થળે થોભવું અતિઉત્તમ અને જરૂરી છે.

(અન્નશ્ર : ૧/૨૩૧)

لا :– આ "<u>**લા તકિફ**</u>"નું ટૂંકું સ્વરૂપ છે. એનો અર્થ એ છે કે, "અહીંયાં ન થોભો" પરંતુ તેનો હેતુ એ નથી કે અહીંયાં થોભવું નાજાઈઝ છે. બલકે, એમાં પણ ઘણા સ્થળો એવા છે જ્યાં થોભવામાં કંઈ વાંધો નથી અને અહીંયાં વિરામ લીધા પછી તરત આવતા વાકયની શરૂઆત કરવી પણ જાઈઝ છે. પરંતુ તેની સાચી રીત એ છે કે, અહીંયાં થોભવામાં આવે તો આગલી આયતમાંથી થોડું ક્રમ પ્રમાણે પુનરાવર્તન કરીને પઢી લેવામાં આવે. થોભ્યા પછીના તરતના શબ્દથી શરૂઆત કરવી ક્યારેક વાક્યના અર્થની દષ્ટિએ અજૂગતું લાગે છે.

(અન્નશ્ર પેજ : ૨૩૩, જિલ્દ : ૧)

આ વિરામ ચિહ્નોના વિષયમાં ચોક્કસ રીતે સાબિત થયું છે કે, તે અલ્લામહ સજાવન્દી (રહ.)એ મૂક્યાં છે.

અને આ ઉપરોક્ત વિરામચિહ્નો સિવાય પણ કુર્આન શરીફની પ્રતોમાં બીજા કેટલાક વિરામ ચિહ્નો મૌજૂદ છે. દાખલા તરીકે,

مع :– આ "મુઆનકા"નું ટૂંકું સ્વરૂપ છે. આ ચિહ્ન એવી જગ્યાએ લખવામાં આવે છે જ્યાં એક જ આયતની બે તફસીરો (વિવરણ) શક્ય હોય છે. એક તફસીર પ્રમાણે એક જગ્યાએ થોભવાનું સ્થળ (વકૂફ) હોય છે અને બીજી તફસીર પ્રમાણે બીજી જગ્યાએ થોભવાનું શક્ય હોય છે. એટલા માટે તેમાંથી કોઈપણ એક જગ્યાએ થોભી શકાય છે પરંતુ એક જગ્યાએ થોભ્યા પછી બીજી જગ્યાએ થોભવું બરાબર નથી. દાખલા તરીકે, ذٰلِکَ مَثَلُهُمْ فِی التَّوْرٰةِ ؛ وَمَثَلُهُمْ فِی الْاِنْجِیْلِ ؛ كَزَرْعٍ اَخْرَجَ شَطْئَهٗ....... એમાં જો التَّوْرٰة ઉપર થોભવામાં આવે તો اَلْاِنْـــجِيْـــل ના ઉપર થોભવું બરાબર નથી અને જો اَلْاِنْـجِيْـل ઉપર થોભવામાં આવે તો التَّـوْرَاة ના ઉપર થોભવું બરાબર નથી. હા! જો બંને જગ્યાએ થોભવામાં ન આવે તો તે પણ બરાબર છે. તેનું નામ "મુકાબલા" પણ છે અને એની સૌ પ્રથમ શરૂઆત ઈમામ અબુલ ફઝલ રાઝી (રહ.)એ કરી છે.

(અન્નશ્ર પેજ : ૨૩૭, જિલ્દ : ૧ – અલ ઈત્કાન પેજ : ૮૮, જિલ્દ : ૧)

سکتہ :– આ "સકતહ"ની અલામત છે અને તેનો અર્થ છે કે, આ જગ્યાએ થોભવું જોઈએ પરંતુ શ્વાસ ન તૂટે. આ મોટેભાગે એવી જગ્યાએ લાવવામાં આવે છે જ્યાં મિલાવીને પઢવાથી મોટેભાગે ગેરસમજ થવાની શંકા રહે છે.

وقفہ :– આ જગ્યાએ "સક્તહ" કરતાં થોડું વધારે થોભવું જોઈએ પરંતુ શ્વાસ અહીંયાં પણ ન તૂટવો જોઈએ.

ق :– આ "કી–લ અલયહિલ વક્ફ"નું ટૂંકું સ્વરૂપ છે. અહીંયાં અમુક લોકોના મતે થોભવું જોઈએ અને અમુક લોકોના મતે નહીં.

قِفْ :– આ શબ્દ "કિફ" છે. જેનો અર્થ છે કે, "થોભી જાઓ" અને આ એવી જગ્યાએ લાવવામાં આવે છે કે જ્યાં પઢનારને એવું લાગી શકે છે કે, અહીંયાં થોભવું બરાબર નથી.

صلے :– આ "અલ વસ્લુ અવલા"નું ટૂંકું સ્વરૂપ છે, તેનો અર્થ છે કે અહીંયાં "મેળવીને પઢવું બહેતર" છે.

صل :– આ "કદ યૂસલ"નું ટૂંકું સ્વરૂપ છે, એટલે કે અહીંયાં અમુક લોકો થોભે છે અને અમુક લોકો મેળવીને પઢવાનું પસંદ કરે છે.

وقف النّبی ﷺ :- આ એવી જગ્યાએ લખવામાં આવે છે કે, જ્યાં કોઈ રિવાયત દ્વારા સાબિત થયેલ છે કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ તિલાવત કરતી વખતે આ જગ્યાએ થોભતા હતા.

કુર્આન શરીફનું પ્રકાશન :

જ્યાં સુધી છાપખાનાની શોધ થઈ ન હતી, કુર્આન શરીફની બધી જ પ્રતો કલમથી લખવામાં આવતી હતી અને દરેક યુગમાં **"કાતિબ"** (લહિયાઓ)નો એક સમૂહ હંમેશા ઉપસ્થિત રહ્યો છે, જેમની કુર્આન લખવા સિવાયની અન્ય કોઈ પ્રવૃત્તિ ન હતી. કુર્આન શરીફના શબ્દો અત્યંત સુઘડ અને ઉત્તમ રીતે લખવા માટે મુસલમાનોએ જે મહેનતો કરી છે અને જેવી રીતે આ મહાન કિતાબની સાથે પોતાના દિલની ઊંડાણપૂર્વકની લાગણીઓ અને મહોબ્બતનો પરિચય આપ્યો છે તેનો એક ઘણો જ વિસ્તારપૂર્વકનો રસપ્રદ ઈતિહાસ છે, જેના માટે એક આગવી કિતાબ લખવી પડે એમ છે. અત્રે એ બધી વિગતોનો મોકો નથી.

પછી જ્યારે પ્રિન્ટીંગ પ્રેસની શોધ થઈ ત્યારે સૌ પ્રથમ હેમ્બર્ગમાં સન હિજરી ૧૧૧૩માં કુર્આન શરીફ પ્રકાશિત થયું, જેની એક પ્રત આજદિન સુધી **"દારૂલ કુતુબુલ મિશ્રિય્યહ"**માં મૌજૂદ છે. ત્યારબાદ અસંખ્ય યુરોપીય લોકોએ (મુસ્તશ્રિકીન) કે જેઓ પૂર્વની ભાષાઓના જાણકાર હતા, તેમણે કુર્આનની અસંખ્ય પ્રતો પ્રકાશિત કરી, પરંતુ ઈસ્લામી જગતમાં તે સ્વીકાર્ય ન થઈ શકી. ત્યાર પછી મુસલમાનોમાં સૌ પ્રથમ રશિયાના એક શહેર સેંટ પીટ્સબર્ગમાં મવલાએ ઉસ્માને مولائے عثمان ઈસ્વી સન ૧૭૭૮માં કુર્આને શરીફની એક પ્રત પ્રકાશિત કરાવી. એવી રીતે કઝાન (કોકેસસ)માં પણ એક પ્રત છાપવામાં આવી. ઈસ્વી સન ૧૮૬૮માં ઈરાનના શહેર તહેરાનમાં કુર્આન શરીફને પથ્થર પર છાપવામાં આવ્યું, ત્યારબાદ કુર્આનના પ્રકાશિત નુસખાની પ્રતો દુનિયાભરમાં સામાન્ય થઈ ગઈ. (વિસ્તારપૂવર્કની માહિતી માટે જુઓ તારીખુલ કુર્આનુલ કુરદી, પેજ : ૧૮૬ અને ઉલૂમુલ કુર્આન, ડૉક્ટર સુબ્હી સાલેહ, ઉર્દૂ તરજુમો : ગુલામ અહમદ હરીરી, પેજ : ૧૪૨)

ઇલ્મે તફસીર (કુર્આનનું ભાષ્ય–વિવરણ જ્ઞાન)

અત્રે કેટલીક જાણકારી ઈલ્મે તફસીરના વિષયમાં આપ સમક્ષ પ્રસ્તુત છે. અરબી ભાષામાં "તફસીર"નો શાબ્દિક અર્થ "ખોલવું" થાય છે અને સામાન્ય બોલચાલની ભાષામાં તફસીરનું જ્ઞાન એને કહેવામાં આવે છે, જેમાં કુર્આન શરીફના અર્થો વર્ણન કરવામાં આવ્યા હોય અને સાથે સાથે તેના અહકામો અને આદેશોને પણ ખોલી ખોલીને સ્પષ્ટ કરવામાં આવ્યા હોય.

(અલ બુરહાન)

કુર્આને શરીફમાં આપ ﷺને સંબોધીને ઈરશાદ છે,

وَاَنْزَلْنَا اِلَيْکَ الذِّكْرَ لِتُبَيِّنَ لِلنَّاسِ مَانُزِّلَ اِلَيْهِمْ ؛

"અને અમે કુર્આનને આપ (ﷺ) ઉપર ઉતાર્યું, જેથી આપ લોકો સામે તે વાતોને સ્પષ્ટ રીતે વર્ણવી આપો, જે એમના માટે ઉતારવામાં આવી છે." (૧૬:૪૪)

વળી, કુર્આન શરીફનો ઈરશાદ છે,

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْبَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ يَتْلُوْ عَلَيْهِمْ اٰيٰتِهٖ
وَيُزَكِّيْهِمْ وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ ؛

"નિઃશંક અલ્લાહે મુસલમાનો ઉપર ઘણો ઉપકાર કર્યો, જ્યારે કે તેમની વચ્ચે તેમનામાંથી જ એક રસૂલ મોકલ્યો, જે તેમની સામે અલ્લાહની આયતો તિલાવત કરે છે અને તેમને પાક–સાફ (પવિત્ર) કરે છે અને તેમને અલ્લાહની કિતાબ અને હિકમત (ડહાપણ)ની વાતોનું શિક્ષણ આપે છે." (૩:૧૬૪)

આપ ﷺ સહાબએ કિરામ (રદિ.)ને ફક્ત કુર્આનના શબ્દો જ શીખવાડતા ન હતા બલકે, તેની સંપૂર્ણ તફસીર (ભાષ્ય–વિવરણ) પણ વર્ણવતા હતા. એ જ કારણે સહાબએ કિરામ (રદિ.)ને માત્ર એક સૂરત પઢવામાં કેટલાય વર્ષો લાગી જતા હતા. જેની વિગત ઈન્શાઅલ્લાહ આગળ આવશે.

જ્યાં સુધી આપ ﷺ દુનિયામાં હાજર હતા ત્યાં સુધી કોઈપણ આયતોની તફસીર જાણવી કંઈ જ અઘરું કામ ન હતું. સહાબએ કિરામ (રદિ.)ને જ્યારે પણ કોઈ મુશ્કેલી પડતી તો તેઓ આપ ﷺ સમક્ષ તેને રજૂ કરતા અને તેમને સંતોષકારક જવાબ મળી જતો. પરંતુ આપ ﷺ પછી એ બાબતની આવશ્યકતા હતી કે, કુર્આનની તફસીરને એક આગવા જ્ઞાન સ્વરૂપે સુરક્ષિત કરવામાં આવે, જેથી ઉમ્મત માટે કુર્આન શરીફના શબ્દોની સાથે સાથે તેનો સાચો અર્થ પણ સુરક્ષિત થઈ જાય અને મુલ્હિદ તથા સાચા માર્ગથી ભટકેલા લોકો દ્વારા તેમાં અર્થોની હેર–ફેરની કોઈ શક્યતા બાકી ન રહે. એટલા માટે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી આ કાર્યને પૂર્ણ કરવા ઉમ્મતે આ કારનામાને એટલી સુવ્યવસ્થિત અને સુઘડ રીતે સંપન્ન કર્યું કે, આજે આપણે આ બાબતે કોઈ પણ જાતના ભય કે વિવાદ વગર કહી શકીએ છીએ કે, અલ્લાહની આ અંતિમ કિતાબ (પુસ્તક)ના ન ફક્ત શબ્દો જ સુરક્ષિત છે, બલકે તેની સાચી તફસીર (ભાષ્ય–વિવરણ) પણ સુરક્ષિત છે, જે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ અને તેમના વહાલસોયા સહાબા (રદિ.) દ્વારા આપણા સુધી પહોંચ્યું છે.

તફસીરના જ્ઞાનને આ ઉમ્મતે કેવી કેવી રીતે સુરક્ષા પ્રદાન કરી? આ માર્ગમાં તેમણે કેવી કેવી તકલીફો ઉઠાવી અને આ સંઘર્ષ કેટલા સોપાનોમાંથી પસાર થયો ? તેનો એક વિસ્તારપૂર્વકનો રસપ્રદ ઈતિહાસ છે, જેની વિગતનો અત્રે મોકો નથી (એના માટે મારી કિતાબ ઉલૂમુલ કુર્આનમાં સવિસ્તર વર્ણન છે), પરંતુ અહીંયાં ટૂંકમાં એ બાબતનો ઉલ્લેખ કરું છું કે, કુર્આનની તફસીરની વાસ્તવિકતા શું છે અને તફસીરના જ્ઞાન પર જે અસંખ્ય પુસ્તકો પ્રત્યેક ભાષામાં ઉપલબ્ધ છે, તેમાં કુર્આને કરીમના ખુલાસા માટે કયા કયા સ્ત્રોતો દ્વારા લાભ ઉઠાવવામાં આવ્યો છે ?

મૂળભૂત રીતે તફસીર માટે કુલ છ માધ્યમો પર આધાર રાખવામાં આવે છે.

(૧) કુર્આને કરીમ :

તફસીરના જ્ઞાનનો પહેલો સ્ત્રોત ખુદ કુર્આન શરીફ છે. એટલા માટે એવું અસંખ્યવાર બને છે કે, જ્યારે કોઈ એક આયતમાં વર્ણન થયેલ કોઈ એક બાબત વિશે વિસ્તારપૂર્વક ખુલાસાની જરૂર હોય છે ત્યારે ખુદ કુર્આન શરીફ અન્ય કોઈ

આયતમાં તેનો ખુલાસો સ્પષ્ટ કરી આપે છે. દા.ત. સૂરએ ફાતિહાની દુઆમાં આ વાક્ય મૌજૂદ છે. صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ એટલે કે, "એવા લોકોના માર્ગનું માર્ગદર્શન કર જેના ઉપર તેં ઈનામ ફરમાવ્યું." હવે, "તેં ઈનામ ફરમાવ્યું" અહીંયાં એ વાત સ્પષ્ટ નથી થતી કે, તે લોકો કોણ છે ? જેને અલ્લાહ તઆલાએ ઈનામ ફરમાવ્યું, પરંતુ અન્ય એક આયતમાં તેની સ્પષ્ટતા કરી દીધી. જેમકે ફરમાવ્યું,

فَاُولٰٓئِکَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ

"અને તે લોકો છે જેના ઉપર અલ્લાહે ઈનામ ફરમાવ્યું, એટલે કે નબીઓ, સિદ્દીકીન (સત્ય માર્ગ પર ચાલનારાઓ), શહીદો (ફક્ત અલ્લાહ ખાતર પોતાનો પ્રાણ ન્યોછાવર કરનાર) અને સાલિહીન (નીતિવાન–નેક) લોકો." (૪:૬૯)

જ્યારે કુર્આનના વિવરણકારો (ભાષ્યકારો) કોઈ આયતની તફસીર કરે છે તો સૌ પ્રથમ તેઓ એવું ધ્યાનમાં લે છે કે, આ આયતની તફસીર ખુદ કુર્આન શરીફમાં કોઈ અન્ય સ્થળે મૌજૂદ છે કે કેમ ? જો એ પ્રમાણે હોય તો સૌ પ્રથમ તેઓ તેને અપનાવે છે.

(૨) હદીષ :

હદીષ "આપ ﷺના નિવેદનો અને કાર્યોને કહેવામાં આવે છે અથવા કોઈ કાર્ય આપ ﷺ સામે થયું હોય અને આપ ﷺએ તે કાર્યની મનાઈ ન કરી હોય તે પણ "હદીષ" છે" અને જેવી રીતે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે કે, અલ્લાહ તઆલાએ કુર્આને કરીમ સાથે આપ ﷺને મોકલ્યા હતા કે, જેથી આપ ﷺ લોકો સમક્ષ કુર્આન શરીફનું સાચું અર્થઘટન વિગતપૂર્વક વિસ્તારથી વર્ણવે, એટલા માટે આપ ﷺએ પોતાના નિવેદનો અને કાર્યો બંનેમાં તે જવાબદારીને ઉત્તમ રીતે પૂર્ણ કરી અને વાસ્તવમાં આપ ﷺનું સમગ્ર જીવન કુર્આન શરીફની એક સજીવન તફસીર જ છે. એટલા માટે મુફસ્સિરીન (વિવરણકારો)એ કુર્આન શરીફને સમજવા માટે બીજા નંબરે સૌથી વધુ ભાર હદીષ ઉપર આપ્યો છે અને હદીષોના પ્રકાશમાં અલ્લાહની કિતાબનું અર્થઘટન કર્યું છે. જો કે હદીષોમાં

"સહીહ" (પ્રમાણભૂત આધારો દ્વારા જેની સત્યતા સાબિત થઈ ચૂકી છે તેવી), "ઝઈફ" (પ્રમાણભૂત આધારોના માપદંડમાં ઊણી ઉતરતી) અને "મૌજૂઅ" (અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ઘડી કાઢવામાં આવેલી વાત) વગેરે દરેક પ્રકારની રિવાયતો મૌજૂદ છે. એટલા માટે સંશોધનકારો અને વિવરણકારો (મુફસ્સિરીન)એ ત્યાં સુધી કોઈ રિવાયતને ભરોસાપાત્ર નથી માની જ્યાં સુધી કે, તે રિવાયત સનદવિજ્ઞાનના સિદ્ધાંતોની ચકાસણીમાં સફળ ન થઈ ચૂકી હોય ! એટલા માટે જે રિવાયતો જ્યાં પણ મળે તેને આધાર બનાવી તેના દ્વારા કુર્આન શરીફની તફસીર કરવી યોગ્ય નથી. કારણ કે, ઝઈફ રિવાયતો મજબૂત રિવાયતોના વિરૂદ્ધમાં પણ હોઈ શકે છે અને હકીકતમાં આ બાબત ઘણી જ નાજુક છે અને આ બાબતમાં ઊંડા ઊતરવું ફક્ત તે જ લોકોનું કામ છે જે લોકોની જિંદગીઓ આ બાબતનું જ્ઞાન મેળવવામાં ખર્ચાઈ ચૂકી હોય.

(3) સહાબા (રદિ.)ના નિવેદનો :

સહાબએ કિરામ (રદિ.)ને કુર્આનનું શિક્ષણ સીધે સીધું આપ ﷺ પાસેથી પ્રાપ્ત થયું હતું, વહીના ઉતરાણ સમયે તેઓ વ્યકિતગત રીતે પણ હાજર હતા અને તેઓ કુર્આનના નાઝિલ થવાના સંપૂર્ણ વાતાવરણ અને દશ્યોના પોતે સાક્ષી હતા, એટલા માટે સ્વાભાવિક રીતે જ કુર્આન શરીફની તફસીરમાં તે લોકોના નિવેદનો જેટલા પ્રમાણભૂત અને ભરોસાપાત્ર હોય શકે છે એટલા પાછળથી આવનાર લોકોના નથી થઈ શકતા. માટે જે આયતોની તફસીર કુર્આન અથવા હદીષથી જાણી નથી શકાતી તેમાં સૌથી વધુ મહત્ત્વ સહાબા (રદિ.)ના નિવેદનોને આપવામાં આવે છે. જેથી જો કોઈ આયતની તફસીર પર સહાબા (રદિ.) એકમતે હોય તો મુફસ્સિરીન (ભાષ્યકારો-વિવરણકારો) તે જ બાબત અપનાવે છે અને એના બદલે કોઈ બીજી તફસીર કરવી જાઈઝ પણ નથી, હા ! જો કોઈ આયતની તફસીરમાં સહાબા (રદિ.)ના વિરોધાભાસી નિવેદનો હોય તો મુફસ્સિરીન અન્ય દલીલોના પ્રકાશમાં તે બાબત જુએ છે કે, કઈ તફસીરને પ્રાધાન્ય આપવામાં આવે ? આ બાબતમાં અગત્યના બધા જ નિયમો ફિકહ (ઈસ્લામિક કાયદાશાસ્ત્ર), હદીષના મૂળભૂત સિદ્ધાંતો અને તફસીરના સિદ્ધાંતો ઉપર આધારિત છે, જેનું વિગતવાર વર્ણન કરવાનો અત્યારે હેતુ અને મૌકો નથી.

(૪) તાબિઈન (રહ.)ના નિવેદનો :

(જેમણે ઈમાન હોવાની હાલતમાં સહાબા રદિ.ને જોયા હોય અને તેમનું ઈમાન હોવાની હાલતમાં જ મૃત્યુ થયું હોય એવા લોકોને "તાબિઈન" કહે છે)

સહાબા (રદિ.) પછી તાબિઈનનો નંબર આવે છે, આ તે લોકો છે જેમણે કુર્આન શરીફની તફસીર સહાબા (રદિ.) પાસેથી શીખી છે. એટલા માટે તેમના નિવેદનો પણ તફસીરના જ્ઞાનમાં ઘણું મહત્ત્વ ધરાવે છે. જો કે આ બાબતમાં ઉલમાના મતભેદ છે કે, તાબિઈન (રહ.)ના નિવેદનો તફસીરમાં હુજ્જત (નિયમનો દરજ્જો) છે કે નહિ ? (ઈત્કાન : ૩/૧૭૯) પરંતુ તેની અગત્યતાનો ઈન્કાર કરી શકાતો નથી.

(૫) અરબી શબ્દકોષ :

કુર્આને કરીમ અરબી ભાષામાં નાઝિલ થયું છે એટલા માટે કુર્આનની તફસીર માટે અરબી ભાષા ઉપર સંપૂર્ણ કાબૂ પ્રાપ્ત કરવો આવશ્યક છે. કુર્આને કરીમની ઘણી બધી આયતો એવી છે કે તેની પૂર્વભૂમિકામાં કોઈ "શા'ને નુઝૂલ" (આયત નાઝિલ થવાની પૂર્વભૂમિકારૂપે ઘટતી કોઈ ઘટના) અથવા કોઈ "ફિક્હી" (ઈસ્લામિક કાયદાશાસ્ત્રને લગતી) વાત અથવા કોઈ અન્ય બાબત સંદર્ભ તરીકે હોતી નથી, એટલા માટે તેની તફસીરમાં હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ, સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)ના નિવેદનો નોંધાયેલ જોવા મળતા નથી, જેથી તેની તફસીરનો સ્ત્રોત ફક્ત અરબી ભાષાનો શબ્દકોષ હોય છે અને શબ્દકોષના આધારે જ તેનું ભાષ્ય કે વિવરણ કરવામાં આવે છે. આ સિવાય પણ કોઈ આયતની તફસીરમાં જો કોઈ મતભેદ હોય તો વિવિધ અભિપ્રાયોમાં સચોટ અને મજબૂત અભિપ્રાય માટે પણ અરબી શબ્દકોષના જ્ઞાનથી કામ લેવામાં આવે છે.

(૬) ચિંતન અને મનન (દ્વારા કોઈ પરિણામ ઉપર પહોંચવું) :

તફસીરનો છેલ્લો આધાર "ચિંતન" અને "મનન" દ્વારા કોઈ પરિણામ ઉપર પહોંચવું છે. કુર્આને કરીમના રહસ્યો અને તેમાં સમાવિષ્ટ જ્ઞાનનો ભંડાર એક એવો વિશાળ અને ઊંડો સમુદ્ર છે કે, જેનો કોઈ કિનારો નથી. કોઈપણ વ્યક્તિ કે જેને અલ્લાહ તઆલાએ ઈસ્લામિક જ્ઞાનમાં પૂર્ણતા બક્ષી હોય, તે જેટલું

પણ આ જ્ઞાનમાં ચિંતન અને મનન કરશે તેટલા જ મોટા પ્રમાણમાં તેની સામે કુર્આનના રહસ્યો છતાં થતાં જશે. કેટલાક મુફસ્સિરોએ પોતાના ચિંતનના પરિણામોને પણ પોતાની તફસીરમાં વર્ણવ્યા છે. પરંતુ આ બધા ચિંતન અને મનનના પરિણામો ત્યારે જ સ્વીકૃત બનશે જ્યારે કે તે ઉપરોક્ત પ્રમાણેના પાંચ નક્કી કરવામાં આવેલા માપદંડોમાં ઊણા ઉતરતા ન હોય. એટલા માટે જે કોઈ પણ વ્યકિત કુર્આનની તફસીરમાં જો કોઈ એવો તર્ક અને "ઈજતેહાદ" (ચિંતન–મનનના પરિણામે અલ્લાહ અને રસૂલ ﷺના આદેશોને ધ્યાનમાં રાખી ઈસ્લામી શરીઅતના કાયદાઓ નક્કી કરવા) વર્ણન કરે, જે કુર્આન, સુન્નત, "ઈજમાઅ્" (આખી ઉમ્મતનો સર્વાનુમતે શરીઅત અનુસાર સ્વીકૃત અભિપ્રાય), સહાબા (રદિ.)ના અરબી શબ્દકોષ અથવા તાબિઈન (રહ.)ના નિવેદનોથી વિરૂદ્ધ હોય અથવા તે શરીઅતના અન્ય કોઈ સિદ્ધાંતોથી વિપરીત હોય તો તે ભરોસાપાત્ર નથી. અમુક સૂફીઓ (રહ.)એ તફસીરમાં આ પ્રકારના તર્ક અને ચિંતન વર્ણન કરવાનું શરૂ કર્યું હતું, પરંતુ ઉમ્મતના સંશોધનકાર ઉલમાએ તેને ભરોસાપાત્ર નથી માન્યું. કારણ કે, કુર્આન, સુન્નત તથા શરીઅતના પાયાના સિદ્ધાંતો વિરૂદ્ધ કોઈપણ વ્યકિતનો અભિપ્રાય સ્વાભાવિકપણે કોઈ હેસિયત ધરાવતો નથી.

(ઈત્કાન : ૨/૧૮૪)

ઇસ્રાઈલિયાત (યહૂદીઓ અને ઈસાઈઓની રિવાયતો)નો હુકમ :

"ઈસ્રાઈલિયાત" તે રિવાયતોને કહેવામાં આવે છે, જે અહલે કિતાબ એટલે કે યહૂદીઓ અને ક્રિશ્ચિયનો દ્વારા આપણા સુધી પહોંચી છે. શરૂઆતના યુગમાં મુફસ્સિરો મોટે ભાગે કોઈ આયતના અનુસંધાનમાં દરેક પ્રકારની રિવાયતો લખી દેતા હતા, જે તેમને કોઈ "સનદ" દ્વારા પ્રાપ્ત થઈ હોય. તેમાં ઘણી બધી રિવાયતો ઈસ્રાઈલિયાત પણ હતી, માટે તેની વાસ્તવિકતાથી વાકેફ થવું જરૂરી છે. તેની વાસ્તવિકતા આ છે કે, અમુક સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) પ્રથમ અહલે કિતાબથી સંબંધ ધરાવતા હતા, પાછળથી જ્યારે તેઓ ઈસ્લામની દૌલતથી માલામાલ થયા અને કુર્આન શરીફનું શિક્ષણ પ્રાપ્ત કર્યું તો કુર્આન શરીફમાં પાછલી ઉમ્મતોની ઘણી બધી ઘટનાઓ તેમની નજર સમક્ષ આવી, જે તેમણે પોતાના અગાઉના ધર્મની કિતાબોમાં પઢી હતી. એટલા માટે

તેઓ કુર્આની પ્રસંગોના અનુસંધાનમાં કેટલીક વિગતો મુસલમાનો સામે વર્ણન કરતા હતા જે તેમણે પોતાના અગાઉના ધર્મની કિતાબોમાં જોઈ હતી. આ વિગતો અને માહિતીઓ **"ઈસ્રાઈલિયાત"**ના નામથી તફસીરની કિતાબોમાં દાખલ થઈ ગઈ હતી. હાફિજ ઈબ્ને કષીર (રહ.) જેઓ ઘણા જ મોટા સંશોધનકાર મુફસ્સિરોમાંથી છે, તેમણે લખ્યું છે કે "ઈસ્રાઈલિયાત"ના ત્રણ પ્રકાર છે.

(૧) તે રિવાયતો જેની સત્યતા કુર્આન અને સુન્નતની અન્ય દલીલોથી સાબિત છે. દાખલા તરીકે, ફિરઔનનું ડૂબી જવું અને હઝરત મૂસા (અલૈ.)નું કોહે તૂર ઉપર તશરીફ લઈ જવું વગેરે.

(૨) તે રિવાયતો જેની સત્યતા કુર્આન અને સુન્નતની અન્ય દલીલોથી પુરવાર થાય છે. દાખલા તરીકે, ઈસ્રાઈલી રિવાયતોમાં વર્ણન થયું છે કે, હઝરત સુલૈમાન (અલહિસ્સલામ) પોતાની અંતિમ જિંદગીમાં નઊઝુબિલ્લાહ "મુર્તદ" (દીનથી ફરી જવું) થઈ ગયા હતા. એનો રદિયો કુર્આન શરીફથી સાબિત છે, ફરમાન છે وَمَا كَفَرَ سُلَيْمٰنُ وَلٰكِنَّ الشَّيَاطِيْنَ كَفَرُوْا "અને સુલૈમાન (અલયહિસ્સલામ) કાફિર ન હતા બલકે, શયતાને કુફ્ર કર્યું." (૨:૧૦૨) એવી જ રીતે દાખલા તરીકે, ઈસ્રાઈલી રિવાયતોમાં વર્ણન થયું છે કે, નઊઝુબિલ્લાહ હઝરત દાવૂદ (અલયહિસ્સામ)એ પોતાના સેનાપતિ اوریا ઊરીયાની પત્ની સાથે વ્યભિચાર કર્યો અથવા સેનાપતિને વિવિધ યુક્તિઓ દ્વારા મારી નંખાવીને તેની પત્ની સાથે લગ્ન કરી લીધા. આ બાબત પણ એક ઉઘાડું જૂઠાણું છે અને આ પ્રકારની રિવાયતોને ખોટી સમજવી જરૂરી છે.

(૩) તે રિવાયતો જેના વિશે કુર્આન અને સુન્નત તથા અન્ય શરઈ દલીલો મૌન સેવે છે. જેમકે, તવરાતના હુકમો વગેરે, તો એવી રિવાયતોના વિષયમાં આપ ﷺનું શિક્ષણ એ છે કે, તે વિશે ચુપકીદી ધારણ કરવામાં આવે. ન તો તેનું સમર્થન કરવામાં આવે અને ન જ તેને જૂઠાડવામાં આવે. જો કે, આ બાબતે ઉલમાનો મતભેદ છે કે, આવી રિવાયતો વર્ણન કરવી જાઈઝ છે કે નહિ ? હાફિજ ઈબ્ને કષીર (રહ.)નું નિર્ણાયક નિવેદન આ પ્રકારે છે કે, તેને વર્ણન કરવી તો જાઈઝ છે પરંતુ તેનાથી કોઈ લાભ નથી. કારણ કે, તે શરીઅતની રૂએ કોઈ હુજ્જત (દલીલ) નથી.

(મુકદ્દમા તફસીરે ઈબ્ને કષીર)

કુર્આનની તફસીરના સંદર્ભમાં એક ઘણી જ મોટી ગેરસમજ

ઉપરોક્ત વિગતપૂર્વકની છણાવટથી એ બાબત સ્પષ્ટ થઈ ચૂકી કે, કુર્આન શરીફની તફસીર એક અતિશય નાજુક અને મુશ્કેલ કામ છે. જેના માટે ફક્ત અરબી ભાષા જાણી લેવી પૂરતી નથી. બલકે, તમામ સંબંધિત જ્ઞાનના નિષ્ણાત હોવું જરૂરી છે. એટલા માટે ઉલમાએ લખ્યું છે કે, કુર્આનના મુફસ્સિર માટે જરૂરી છે કે તે અરબી ભાષાના નહ્‌વ, સર્ફ અને વ્યાકરણ તથા સાહિત્યિક મૌલિકતાની સાથે સાથે હદીષના જ્ઞાન, ફિક્‌હ (ઈસ્લામિક કાયદાશાસ્ત્ર)ના સિદ્ધાંતો, તફસીર, અકીદાઓ અને વકતૃત્વ કળામાં ખૂબ ગાઢ અને ઊંડું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. કારણ કે, જ્યાં સુધી આવા શિક્ષણથી ઘરોબો કેળવાયેલો નથી ત્યાં સુધી કોઈપણ વ્યક્તિ કુર્આન શરીફની તફસીરમાં કોઈ સાચા પરિણામ સુધી પહોંચી શકતી નથી.

અફસોસ છે કે કેટલાક સમયથી મુસલમાનોમાં ખતરનાક બીમારી ફેલાઈ ચૂકી છે ! ઘણા લોકો ફક્ત અરબી ભાષા શીખી લેવાને કુર્આનની તફસીર માટે પૂરતું સમજે છે. એટલા માટે જે વ્યક્તિ મા'મૂલી અરબી ભાષા શીખી લે છે, તે પણ કુર્આન શરીફની તફસીરમાં પોતાના અભિપ્રાયો આપવાનું શરૂ કરી દે છે. બલકે અમુક સમયે એવું પણ જોવા મળે છે કે, અરબી ભાષાની સામાન્ય સૂઝબૂઝ ધરાવનાર વ્યક્તિઓ, કે જેમનો અરબી ભાષા પર સંપૂર્ણ કાબૂ પણ નથી હોતો, ન જ ફક્ત પોતાની મનમાની પદ્ધતિથી કુર્આન શરીફની તફસીર કરવાનું શરૂ કરી દે છે બલકે, અગાઉના મુફસ્સિરોની ભૂલો પણ કાઢવા મંડી પડે છે. અહીંયાં સુધી કે, કેટલાક જાલિમ લોકો તો ફક્ત ભાષાંતરનો અભ્યાસ કરીને પોતાને કુર્આન શરીફનો વિદ્વાન સમજવા માંડે છે અને મોટા મોટા મુફસ્સિરોની ટીકા-ટિપ્પણી કરવાનું પણ ચૂકતા નથી !

ખૂબ સારી રીતે સમજી લેવું જોઈએ કે આ એક અત્યંત ખતરનાક વલણ

છે કે, જે દીનની બાબતમાં ભયંકર નુકસાન કરનાર અને માર્ગથી ભટકવા તરફ લઈ જનાર કૃત્ય છે. દુનિયવી જ્ઞાન અને કલાના વિષયમાં દરેક વ્યક્તિ એ બાબત સમજી શકે છે કે, જો કોઈ વ્યક્તિ ફક્ત અંગ્રેજી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરી મૅડીકલ સાયન્સના પુસ્તકોનો અભ્યાસ કરી લે, તો દુનિયાનો કોઈપણ બુદ્ધિશાળી વ્યક્તિ તેને ડૉકટર તરીકે નથી સ્વીકારી શકતો. અને ન જ પોતાના જીવનને તેને હવાલે કરી શકે છે. જ્યાં સુધી કે તેણે કોઈ મૅડીકલ કૉલેજમાં કાયદેસરનું શિક્ષણ અને કેળવણી પ્રાપ્ત ન કરી હોય. એટલા માટે કે ડૉકટર બનવા માટે ફક્ત અંગ્રેજી શીખી લેવું પૂરતું નથી બલકે, કાયદેસરનું ડૉકટરનું શિક્ષણ અને કેળવણી પ્રાપ્ત કરવી આવશ્યક છે. એવી જ રીતે કોઈ અંગ્રેજી જાણનાર વ્યક્તિ એન્જીનિયરીંગના પુસ્તકોનો અભ્યાસ કરીને એન્જીનિયર બનવા ઈચ્છે તો દુનિયાનો કોઈપણ સમજદાર વ્યક્તિ તેને એન્જીનિયર તરીકે નહિ સ્વીકારે. એટલા માટે કે આ કામ ફક્ત અંગ્રેજી ભાષા શીખી લેવાથી નથી આવડી જતું. બલકે, તેના માટે નિષ્ણાત શિક્ષકોના તા'બા હેઠળ રહીને કેળવણી લેવી પડે છે અને તેમની પાસે કાયદેસર રીતે આ કળા શીખવી જરૂરી હોય છે. જ્યારે ડૉકટર અને એન્જીનિયર બનવા માટે આટલી સખત શરતો લાગુ પડતી હોય છે તો અંતે કુર્આન અને હદીષની બાબતમાં ફક્ત અરબી ભાષા શીખી લેવી કઈ રીતે પૂરતું હોઈ શકે છે ? જિંદગીના પ્રત્યેક ક્ષેત્રમાં દરેક વ્યક્તિ આ સિદ્ધાંત માને છે અને તેના ઉપર કાર્યરત છે કે, પ્રત્યેક જ્ઞાન અને કળાને શીખવા માટે ખાસ પદ્ધતિ અને ચોક્કસ શરતો નિર્ધારિત હોય છે, જેને પૂરી કર્યા વગર તે જ્ઞાન અને કળામાં તેનો અભિપ્રાય કોઈપણ રીતે ભરોસાપાત્ર સમજવામાં નથી આવતો, તો પછી છેવટે કુર્આન અને સુન્નત એટલા બધા લાવારિસ કેવી રીતે થઈ શકે છે કે, તેના વિવરણ અને તફસીર માટે કોઈ જ્ઞાન અને કળા પ્રાપ્ત કરવાની આવશ્યકતા જ ન હોય અને આ બાબતમાં જે કોઈપણ વ્યક્તિ ઈચ્છે પોતાનો અભિપ્રાય આપવાનું શરૂ કરી દે ? અમુક લોકો કહે છે કે, કુર્આન શરીફ પોતે ફરમાવે છે.

وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ....

"અને નિઃશંક અમે કુર્આનને શિખામણ પ્રાપ્ત કરવા માટે સરળ બનાવી દીધું છે."

તેઓ દલીલ કરે છે કે, જ્યારે કુર્આને કરીમ સરળ કિતાબ છે તો તેના વિવરણ માટે કોઈ બહું ઊંડા જ્ઞાન કે હૂનરની આવશ્યકતા નથી, પરંતુ આવી દલીલો એક ભયંકર ભૂલ છે. જે ઓછી સમજ અને નિમ્ન સ્તરની બુદ્ધિ પર આધારિત છે. ઘટના એમ છે કે, કુર્આન શરીફની આયતો બે પ્રકારની હોય છે. એક તો તે આયતો છે જેમાં સામાન્ય શિખામણની વાતો, બોધપાઠ આપતી ઘટનાઓ અને ચેતવણીઓ તથા બોધવચનોના વિષયો વર્ણન કરવામાં આવ્યા છે. દાખલા તરીકે જગતની અસ્થિરતા, જન્નત અને દોઝખની પરિસ્થિતિઓ, અલ્લાહનો ડર અને આખિરતની ચિંતા ઉત્પન્ન કરનારી બાબતો તથા જિંદગીની બીજી સીધી સાદી વાસ્તવિકતાઓ ! આ પ્રકારની આયતો નિઃશંક સરળ છે, અને જે કોઈપણ વ્યક્તિ અરબી ભાષાથી વાકેફ છે તે તેને સમજીને શિખામણ પ્રાપ્ત કરી શકે છે. ઉપરોક્ત આયતમાં આ પ્રકારના શિક્ષણના અનુસંધાનમાં કહેવામાં આવ્યું છે કે "તેને અમે શિખામણના માટે સરળ કરી દીધું છે." ખુદ આ આયતમાં આવેલ શબ્દ لِلذِّكۡرِ "લિઝ્ઝિકરી" (શિખામણના માટે) તેની સાબિતી છે.

તેનાથી ઊલટું બીજા પ્રકારની આયતો તે છે, જે હુકમો (આદેશો), કાયદા-કાનૂનો, માન્યતાઓ અને જ્ઞાનપૂર્ણ વિષયો પર આધારિત છે. આ પ્રકારની આયતોને જેમની તેમ સમજી લેવી અને તેમાંથી હુકમો અને આદેશો તથા કાયદાઓના પરિણામો પ્રાપ્ત કરવા દરેક માણસનું કામ નથી. તેના માટે ઈસ્લામિક જ્ઞાનમાં નિપુણતા અને પરિપક્વતા પ્રાપ્ત કરવી જરૂરી છે. એ જ કારણ છે કે, સહાબએ કિરામ (રદિ.)ની માતૃભાષા જો કે અરબી હતી અને અરબી સમજવા માટે તેમને ક્યાંય શિક્ષણ પ્રાપ્ત કરવાની આવશ્યકતા ન હતી, પરંતુ તેઓ આપ ﷺ પાસેથી કુર્આન શરીફનું શિક્ષણ પ્રાપ્ત કરવામાં લાંબો સમય ખર્ચ કરતા હતા. અલ્લામહ સુયૂતી (રહ.)એ ઈમામ અબ્દુર્રહમાન સુલમી (રહ.)થી રિવાયત વર્ણવી છે કે જે સહાબા (રદિ.)એ સરકારે દો આલમ ﷺથી કુર્આનનું કાયદેસરનું શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. દાખલા તરીકે, હઝરત ઉસ્માન બિન અફ્ફાન (રદિ.) અને હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.) વગેરે તેમણે અમને જાણ કરી કે જ્યાં સુધી તેઓ આપ ﷺ પાસેથી કુર્આનની દશ આયતો શીખી ન લેતા ત્યાં સુધી આગળ વધતા ન હતા, એટલે સુધી કે તે આયતો સંબંધિત

સંપૂર્ણ જ્ઞાન અને કાર્યની બાબતોની સંપૂર્ણ છણાવટ ન કરી લેતા. તેઓ વર્ણવે છે કે,

فَتَعَلَّمْنَا الْقُرْاٰنَ وَالْعِلْمَ وَالعَمَلَ جَمِيْعًا،

"અમે કુર્આન તથા શિક્ષણ અને અમલને સાથે સાથે શીખ્યું છે."

(ઈત્કાન : ૨/૧૭૬)

જેમકે, મુઅત્તા ઈમામ માલિકમાં રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)એ ફક્ત સૂરએ બકરહ યાદ કરવામાં પૂરા આઠ વર્ષો ખર્ચી નાંખ્યા અને મુસ્નદે અહમદ (રહ.)માં હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે, "અમારામાંથી જે વ્યક્તિ સૂરએ બકરહ અને સૂરએ આલે ઈમ્રાન પઢી લેતો તો અમારા દરમિયાન તેનું માન-સન્માન ખૂબ જ વધી જતું હતું."

(ઈત્કાન : ૨/૧૭૬ નોઅ نوع : ૭૭)

વિચારવા યોગ્ય બાબત છે કે, સહાબએ કિરામ (રદિ.) કે જેમની માતૃભાષા અરબી હતી, જેઓ અરબી કાવ્ય અને સાહિત્યમાં નિષ્ણાત હતા, જેમને લાંબા લાંબા કાવ્યો સામાન્ય ધ્યાન આપવાથી મોઢે યાદ રહી જતા હતા, તેમને કુર્આન શરીફ યાદ કરવા માટે અને તેના અર્થો સમજવા માટે આટલો લાંબો સમય પસાર કરવાની કેમ જરૂર પડી હતી કે આઠ વર્ષો ફક્ત એક સૂરત પઢવામાં ખર્ચી નાંખતા હતા ? તેનું કારણ ફક્ત એ હતું કે, કુર્આને કરીમ અને તેના જ્ઞાનને શીખવા માટે ફક્ત અરબી ભાષાના નિષ્ણાત હોવું પૂરતું ન હતું. બલકે, તેના માટે આપ ﷺનો સહવાસ અને શિક્ષણથી લાભ ઉઠાવવો જરૂરી હતો. સ્વાભાવિક છે કે, જ્યારે સહાબએ કિરામ (રદિ.) અરબી ભાષાના નિષ્ણાત હોવા છતાં અને વહીના પ્રત્યક્ષદર્શી અને સાક્ષી હોવા છતાં "આલિમે કુર્આન" (કુર્આનના વિદ્વવાન) બનવા માટે કાયદેસરનું આપ ﷺ પાસેથી શિક્ષણ પ્રાપ્ત કરવું જરૂરી હતું, તો પછી કુર્આન નાઝિલ થયાના સેંકડો વર્ષો પછી અરબી ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવી અથવા ફક્ત ભાષાંતર વાંચી કુર્આનના મુફસ્સિર હોવાનો દા'વો કરવો કેટલી મોટી બેવકૂફીભરી હિંમત અને દીનના જ્ઞાન સાથે અફસોસનાક ક્રૂર મશ્કરી છે ? આવા લોકો જેઓ આવી બેવકૂફીભરી હિંમત બતાવે છે તેમણે સરકારે દો આલમ ﷺનું આ ફરમાન યાદ રાખવું જોઈએ કે,

مَنْ قَالَ فِى الْقُرْاٰنِ بِغَيْرِ عِلْمٍ فَلْيَتَبَوَّأْ مَقْعَدَهٗ فِى النَّارِ ،

"જે વ્યક્તિ કુર્આનની બાબતમાં જ્ઞાન વિના કોઈ વાત કહે તો તે પોતાનું ઠેકાણું જહન્નમમાં બનાવી લે."

(અબૂ દાવૂદ અજ ઈત્કાન : ૨/૧૭૦)

અને

مَنْ تَكَلَّمَ فِى الْقُرْاٰنِ بِرَأْيِهٖ فَأَصَابَ فَقَدْ أَخْطَأَ ،

"જે વ્યક્તિ કુર્આનની બાબતમાં (ફક્ત) પોતાના અભિપ્રાયથી વાત કરે અને તેમાં કોઈ સાચી વાત પણ કહી દે તો પણ તેણે ભૂલ કરી."

(અબૂ દાવૂદ, નસઈ અજ ઈત્કાન : ૨/૧૭૯)

Jehangir Gulamnabi Hakim
1412, Near Topiwala's Pole Kalupur,
AHMEDABAD - 380001.
Mo. - 09228720591
jehangirhakim@gmail.com
jehangirhakim@ymail.com

પ્રખ્યાત તફસીરો (ભાષ્યો–વિવરણો)

હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના સમયકાળ પછી કુર્આન શરીફની અસંખ્ય તફસીરો લખવામાં આવી છે. બલકે, દુનિયામાં કોઈ કિતાબની એટલી સેવા કરવામાં નથી આવી જેટલી કુર્આન શરીફની કરવામાં આવી છે. તે બધી તફસીરોનો પરિચય કોઈ વિસ્તારપૂર્વકની કિતાબમાં કરવો શક્ય પણ નથી, તો પછી આ ટૂંકી પ્રસ્તાવનામાં તેને કેવી રીતે સમાવી શકાય ? પરંતુ અત્રે અમે તે મહાન અગત્યની તફસીરોનો ટૂંકો પરિચય કરાવવા ઈચ્છીએ છીએ કે, જે "મઆરિફુલ કુર્આન"નો ખાસ આધાર રહી છે અને જેના હવાલાઓ તથા સંદર્ભો "મઆરિફુલ કુર્આન"માં વારંવાર આવે છે. જો કે "મઆરિફુલ કુર્આન"ના લખાણ દરમિયાન ઘણી બધી તફસીરો અને સેંકડો કિતાબો નજર સમક્ષ રાખવામાં આવી છે, પરંતુ અત્રે ફક્ત તે જ તફસીરોનું વર્ણન કરવાનો હેતુ છે જેના હવાલાઓનું વારંવાર પુનરાવર્તન થયું છે.

તફસીરે ઇબ્ને જરીર :

આ તફસીરનું મૂળ નામ "જામિઉલ બયાન" છે. આ તફસીર અલ્લામહ અબૂ જઅફર મુહમ્મદ બિન જરીર તબરી (રહ. વફાત હિજરી સન ૩૧૦)ની લખેલી છે. અલ્લામહ તબરી (રહ.) ઉચ્ચ કક્ષાના મુફસ્સિર, હદીષવેત્તા અને ઈતિહાસકાર હતા. કહેવાય છે કે, તેઓ ૪૦ વર્ષો સુધી સતત લખવામાં વ્યસ્ત રહ્યા અને દરરોજ ૪૦ પેજ લખવાનો નિત્યક્રમ હતો. (અલ બિદાયા વન્નહાયા પેજ : ૧૪૫, ભાગ : ૧૧) અમુક લોકોએ તેમના ઉપર શીઆ હોવાનો આક્ષેપ મૂક્યો છે, પરંતુ સંશોધનકારોએ આ આક્ષેપને રદ કર્યો છે, અને વાસ્તવિકતા પણ એ જ છે કે તેઓ અહલે સુન્નતના મહાન અને ઉચ્ચ કોટીના આલિમ છે. બલકે, તેમની ગણના અઈમ્મએ મુજતહિદીનમાં થાય છે.

તેમની તફસીર ૩૦ જિલ્દોમાં છે અને પાછળથી લખાનાર તફસીરો માટે પાયાનો સંદર્ભગ્રંથ સાબિત થયો છે. તેઓ આયતોની તફસીરમાં ઉલમાના વિવિધ નિવેદનો વર્ણન કરે છે અને પછી જે નિવેદન તેમને સૌથી વધુ મજબૂત લાગે તેને

દલીલો દ્વારા સાબિત કરે છે. જો કે, તેમની તફસીરમાં સાચી અને કમજોર દરેક પ્રકારની રિવાયતો એકત્રિત થઈ ગઈ છે, એટલા માટે તેમની વર્ણન કરેલી પ્રત્યેક રિવાયત ઉપર ભરોસો નથી થઈ શકતો. વાસ્તવમાં આ તફસીરમાં તેમનો હેતુ એ હતો કે, કુર્આનની તફસીરના વિષયમાં જેટલા પ્રમાણમાં રિવાયતો તેમને હસ્તગત થાય તે બધાને એકત્રિત કરી દેવામાં આવે. જેથી આ એકત્રિત થયેલ સંગ્રહથી કામ લઈ શકાય. જો કે, તેમણે દરેક રિવાયતની સાથે તેની સનદ પણ વર્ણવી છે, જેથી જે વ્યક્તિ ઇચ્છે તે પોતે રાવીઓ (વર્ણન કરનારા વ્યક્તિ) વિશે સંશોધન કરી રિવાયત સાચી અથવા ખોટી હોવાનો નિર્ણય કરી શકે છે.

તફસીરે ઇબ્ને કષીર :

આ તફસીર હાફિજ ઈમાદુદ્દીન અબૂલ ફિદા ઈસ્માઈલ બિન કષીર દમિશ્કી શાફિઈ (રહ. વફાત હિજરી સન ૭૭૪)ની લખેલી છે. તેઓ આઠમી સદીના ઉચ્ચ કક્ષાના સંશોધનકાર વિદ્વવાન છે. તેમની તફસીર ચાર જિલ્દો (ભાગો)માં પ્રકાશિત થઈ ચૂકી છે અને એમાં વધારે ભાર તફસીરી રિવાયતો ઉપર આપવામાં આવ્યો છે, અને ખાસ વાત એ છે કે, લેખક રિવાયતો (વિવરણના સંદર્ભમાં વર્ણન થયેલ રિવાયતો) પર હદીષો આધારિત ટીકા–ટિપ્પણી પણ કરે છે, તેના કારણે આ કિતાબ તફસીરની કિતાબોમાં એક આગવું સ્થાન ધરાવે છે.

તફસીરે કુર્તુબી :

તેનું પુરું નામ "અલ જામિઅ, લિઅહકામિલ કુર્આન" છે. ઉન્દુલુસ (સ્પેન)ના પ્રખ્યાત સંશોધનકાર વિદ્વવાન અલ્લામહ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન અહમદ બિન અબી બક્ર બિન ફરહ કુર્તુબી (રહ. વફાત હિજરી સન ૬૭૧)ની લખેલી છે. જેઓ ફિક્હમાં ઈમામ માલિક (રહ.)ના મસ્લકની પૈરવી કરે છે અને ઈબાદત તથા રિયાઝતમાં ઉચ્ચ કક્ષાનું સ્થાન ધરાવે છે. વાસ્તવમાં આ કિતાબનો આધાર અને વિષયવસ્તુ તો કુર્આન કરીમના ફિક્હી (કાયદાકીય આદેશો) અને નિયમોના પરિણામો સુધી પહોંચવાનો છે, પરંતુ ફિક્હના ક્ષેત્ર માટે તેમણે આયતોનું વિવરણ, અઘરા શબ્દોનું સંશોધન, સાંકેતિક સહાયકારી ચિહ્નો તથા અકીદાઓ (માન્યતાઓ) અને સંબંધિત રિવાયતોને પણ પોતાની

તફસીરમાં વધુ પ્રમાણમાં એકત્રિત કરી છે. આ કિતાબ ૧૨ જિલ્દો (ભાગો)માં છે અને વારંવાર પ્રકાશિત થઈ ચૂકી છે.

તફસીરે કબીર :

આ તફસીર ઈમામ ફખ્રુદ્દીન રાઝી (રહ. વફાત હિજરી સન ૬૦૬)ની લખેલી છે. આ તફસીરનું મૂળ નામ "મફાતિહુલ ગયૂબ" છે પરંતુ "તફસીરે કબીર"ના નામથી પ્રખ્યાત છે. ઈમામ રાઝી (રહ.) ઈસ્લામિક અકાઈદશાસ્ત્રના ઈમામ હતા, એટલે તેમણે પોતાની તફસીરમાં તાર્કિક અને બૌદ્ધિક ચર્ચાઓ તથા બાતિલ ફિરકાઓ (માર્ગ ભટકેલા સંપ્રદાયો)ના રદિયા ઉપર ઘણું જોર આપ્યું છે, વાસ્તવિકતા એ છે કે કુર્આનના ખુલાસાના સંદર્ભમાં આ તફસીર અજોડ છે. તેમાં ખૂબ જ રસપ્રદ શૈલીથી કુર્આને કરીમના અર્થોના વિસ્તાર અને કુર્આનની આયતોના પરસ્પરના સંબંધનું વિવરણ કરવામાં આવ્યું છે, આ તફસીર કદર કરવા પાત્ર છે. એવું માનવામાં આવે છે કે, ઈમામ રાઝી (રહ.)એ સૂરએ ફતહ (فتح) સુધીની તફસીર પોતે લખી છે અને પછી તેઓ તફસીરનું કામ પુરું ન કરી શક્યા. એટલા માટે સૂરએ ફતહથી છેવટ સુધીનો ભાગ કાઝી શિહાબુદ્દીન બિન ખલીલ અલ ખ'વલી દમિશ્કી (રહ. વફાન હિજરી સન ૯૩૯) અથવા શૈખ નઝમુદ્દીન બિન મુહમ્મદ અલ કમૂલી (રહ. વફાત હિજરી સન ૭૭૭)એ સંપૂર્ણ કરી. *(કશ્ફુઝઝુનૂન : ૩/૪૭૭)*

ઈમામ રાઝી (રહ.)એ પોતાના સમયની આવશ્યકતા અનુસાર બૌદ્ધિક ચર્ચાઓ અને બાતિલ ફિરકાઓના રદિયા ઉપર ખાસ ભાર મૂક્યો છે. આ અનુસંધાને અમુક સ્થળોએ ચર્ચાઓ ખૂબ લાંબી થઈ ગઈ છે એટલા માટે કેટલાક લોકો આ તફસીર ઉપર ટિપ્પણી કરે છે કે, "ફિહી કુલ્લુ શયઈન ઈલ્લત્તફસીર" (આ કિતાબમાં તફસીર સિવાય બીજું બધું જ છે) પરંતુ આવી ટિપ્પણી તફસીરે કબીર ઉપર ઘણો મોટો અત્યાચાર છે અને વાસ્તવિકતા પણ એ જ છે જેમકે ઉપર વર્ણન કરવામાં આવ્યું કે, કુર્આનને હલ કરવાના સંદર્ભમાં આ તફસીરનો આધાર ઘણો ઉચ્ચ કક્ષાનો છે. જો કે અમુક સ્થળો પર તેમણે ઉમ્મતના બહુમતથી હટીને કુર્આનની આયતોની તફસીર કરી છે પરંતુ આવા પ્રસંગો આઠ જિલ્દો (ભાગો)માં વહેંચાયેલી તફસીરમાં ખૂબ જ ઓછા છે.

તફસીરુ બહરિલ મુહીત :

આ તફસીર અલ્લામહ અબૂ હય્યાન ગરનાતી ઉન્દુલુસી (રહ. વફાત હિજરી સન ૭૫૪)ની લખેલી છે. જેઓ ઈસ્લામિક શિક્ષણ સિવાય ઈલ્મે નહ્‌વ (વ્યાકરણ) અને સાહિત્યિક મૌલિકતામાં તથા ઈસ્લામિક અકાઈદશાસ્ત્રમાં વિશેષ નિપૂણતા ધરાવતા હતા. એટલા માટે તેમની તફસીરમાં નહ્‌વ અને મૌલિકતાનો રંગ આંખે ઉડીને ચોંટે એમ જગ જાહેર છે. તેઓ દરેક શબ્દોની ચકાસણીમાં, વ્યાકરણના સિદ્ધાંતો અને મૌલિક તથા અકાઈદી (માન્યતા આધારિત) વર્ણનો ઉપર ખાસ ભાર આપે છે.

અહકામુલ કુર્આન લિલ જસ્સાસ (રહ.) :

આ તફસીર ઈમામ અબૂ બક્ર જસ્સાસ રાઝી (રહ. વફાત હિજરી સન ૩૭૦)ની લખેલી છે. જેમને હનફી મસ્લકના મહાન ફકીહો (ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ)માં ઉચ્ચતમ્ સ્થાન પ્રાપ્ત છે, તેમની આ કિતાબનું વિષય વસ્તુ કુર્આને કરીમમાંથી ફિક્હી હુકમો અને મસ્અલાઓનું સંપાદન છે. તેમણે સળંગ આયતોની તફસીરના બદલે ફક્ત તે જ આયતોની ફિક્હી વિગતો વર્ણન કરી છે, જે ફિક્હી હુકમો ઉપર આધારિત છે. આ વિષય ઉપર અન્ય અસંખ્ય પુસ્તકો લખવામાં આવ્યા છે પરંતુ તેમની તફસીરની આ કિતાબને તે બધા પુસ્તકોમાં એક આગવું અને ઉચ્ચ કક્ષાનું સ્થાન પ્રાપ્ત છે.

તફસીરે દૂર્રે મન્સૂર :

આ તફસીર અલ્લામહ જલાલુદ્દીન સુયૂતી (રહ. વફાત હિજરી સન ૯૧૦)ની લખેલી છે અને આ તફસીરનું પૂરું નામ "અદ્દુર્રીલ મન્સૂર ફીત્તફસીર બિલ માષૂર" છે. તેમાં અલ્લામહ સુયૂતી (રહ.)એ તે તમામ રિવાયતોને એકત્રિત કરવાનો પ્રયત્ન કર્યો છે જે કુર્આન શરીફની તફસીરના સંદર્ભમાં તેમને મળી છે. આ અગાઉ ઘણા બધા હદીષવેત્તાઓ દાખલા તરીકે હાફિજ ઈબ્ને જરીર, ઈમામ બગવી, ઈબ્ને મરદુયા, ઈબ્ને હબ્બાન તથા ઈબ્ને માજહ (રહમતુલ્લાહિ અલયહિમ અજમઈન) વગેરે પોતપોતાની રીતે આવી રિવાયતોનું વર્ણન કરી ચૂક્યા છે. અલ્લામહ સુયૂતિ (રહ.)એ પણ આ બધાની વર્ણન કરેલ રિવાયતોને આ કિતાબમાં એકત્રિત કરી દીધી છે. જો કે, તેમણે રિવાયતો સાથે તેમની સંપૂર્ણ

સનદ વર્ણન કરવાના બદલે ફક્ત તે લેખકના નામનો ઉલ્લેખ કરવાને પૂરતું સમજ્યું છે, જેમાંથી આ રિવાયત પોતાની સનદ સાથે વર્ણવાઈ છે. જેથી જરૂર પડયે તેમાંથી રિવાયતની સનદની ચકાસણી કરી શકાય. જો કે તેમનો હેતુ રિવાયતોના સંગ્રહને એક જગ્યાએ એકત્રિત કરવાનો હતો, એટલા માટે આ કિતાબમાં પણ સાચી અને કમજોર દરેક પ્રકારની રિવાયતો એકત્રિત થઈ ગઈ છે અને સનદની ચકાસણી કર્યા વગર તેમની ઉલ્લેખ કરેલી બધી જ રિવાયતો ભરોસાપાત્ર ગણી શકાય નહીં. અલ્લામહ સુયૂતિ (રહ.) અમુક સમયે દરેક રિવાયત સાથે એ પણ બતાવી દે છે કે, તેની સનદ કયા દરજાની છે, પરંતુ હદીષની ટિપ્પણીઓના સંદર્ભમાં તેઓ ઢીલી પોચી નીતિ અપનાવવા માટે જાણીતા છે. એટલા માટે જેમનું તેમ ભરોસો કરવો મુશ્કેલ છે.

તફસીરે મઝહરી :

આ તફસીર અલ્લામહ કાઝી સનાઉલ્લાહ સાહેબ પાનીપતી (રહ. વફાત હિજરી સન ૧૨૨૫)ની લખેલી છે અને તેમણે પોતાના શૈખે તરીકત મિરઝા મઝહર જાનેજાનાં દહેલ્વી (રહ.)ના નામ ઉપરથી આ આ તફસીરનું નામ "તફસીરે મઝહરી" રાખ્યું છે. તેમની આ તફસીર ઘણી જ સાદી અને સ્પષ્ટ છે તથા ટૂંકાણ સાથે કુર્આનની આયતોનો ખુલાસો જાણવા માટે ખૂબ જ લાભકારક છે. તેમણે કુર્આનના શબ્દોના ખુલાસાની સાથે સંબંધિત રિવાયતોનો પણ ખૂબ વિગતપૂર્વક ઉલ્લેખ કર્યો છે અને અન્ય તફસીરોના મુકાબલામાં વધારે ચકાસણી કરીને જ રિવાયતો લેવાનો પ્રયત્ન કર્યો છે.

તફસીરે રૂહુલ્ મઆની :

આ તફસીરનું પુરું નામ "રૂહુલ મઆની ફી તફસીરિલ કુર્આનિલ અઝીમ વસ્સબઈલ મષાની" છે. આ તફસીર બગદાદના પ્રખ્યાત વિદ્વાન અલ્લામહ મહમૂદ આલૂસી (રહ. વફાત હિજરી સન ૧૩૭૦)ની લખેલી છે. આ તફસીર ૩૦ જિલ્દો (ભાગો) પર આધારિત છે. તેમણે પોતાની તફસીરને શક્ય એટલી સર્વગ્રાહી બનાવવાનો પ્રયત્ન કર્યો છે. શબ્દભંડોળ, નહ્વ (વ્યાકરણ), અદબ (સાહિત્ય) અને મૌલિકતા સિવાય ફિક્હ (ઈસ્લામિક કાયદાશાસ્ત્ર), અકાઈદ (માન્યતા), ફિલસૂફી અને આધ્યાત્મિકતાના વર્ણન સાથે સાથે સંબંધિત

રિવાયતો ઉપર વિસ્તૃત ચર્ચાઓ પણ કરી છે. તેમણે પ્રયત્ન કર્યો છે કે આયતોના સંદર્ભમાં કોઈપણ વિભાગમાં ઉણપ બાકી ન રહી જાય. હદીષની રિવાયતોની બાબતમાં પણ આ લેખક બીજા મુફસ્સિરો (વિવરણકારો) કરતાં ખૂબ કાળજી લઈ રહ્યા છે. એટલા માટે આ એક સર્વગ્રાહી તફસીર છે અને કદાચ કુર્આનની તફસીર બાબતમાં કોઈપણ કામ તેની મદદ વગર હવે પછી શક્ય નહીં બને !

Jehangir Gulamnabi Hakim
1412, Near Topiwala's Pole Kalupur,
AHMEDABAD - 380001.
Mo. - 09228720591
jehangirhakim@gmail.com
jehangirhakim@ymail.com

સ્તુતિ

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

اَلْحَمْدُلِلّٰهِ عَدَدَخَلْقِهٖ وَزِنَةَ عَرْشِهٖ وَمِدَادَ كَلِمَا تِهٖ وَرِضٰى نَفْسِهٖ وَالصَّلٰوةُ وَالسَّلَامُ
عَلٰى صفوَةِ رُسُلِهٖ وَخَيْرِ خَلْقِهٖ سَيِّدِنَا مُحَمَّدٍوَّاٰلِهٖ وَصَحْبِهٖ وَجَمِيْعِ الْاَنْبِيَاءِ
وَالْمُرْسَلِيْنَ ٥

દુનિયાની સૌથી મોટી નેઅ્મત (ભેટ) કુર્આન શરીફ છે :

કુર્આન શરીફ આ જગતમાં એવી મહાન નેઅ્મત છે કે, સમગ્ર સૃષ્ટિ, પૃથ્વી, આકાશ અને તેના મધ્યે ઉત્પન્ન થનાર પ્રત્યેક પદાર્થ પણ તેની સમકક્ષ નથી.

મનુષ્યની સૌથી મોટી ખુશનસીબી પોતાની યથાશક્તિ કુર્આન શરીફનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વ્યસ્ત રહેવામાં છે, અને સૌથી મોટી બદ્બખ્તી (કમનસીબી) તેનાથી મુખ ફેરવી લેવામાં અને તેને છોડી દેવામાં છે. મુસલમાનોએ હંમેશા આ બાબતની ચિંતા કરવી જરૂરી છે કે, કુર્આન શરીફને સાચા ઉચ્ચારથી અને દરેક પ્રકારની ઉચ્ચારદોષમુક્ત પદ્ધતિથી પઢવામાં આવે અને પોતાના સંતાનોને પણ પઢાવવાનો પ્રયત્ન કરે, અને પછી જેટલા પ્રમાણમાં શક્ય હોય તેના અર્થો તથા હુકમોને સમજે અને તેના ઉપર કાર્યરત રહેવાની ચિંતામાં લાગેલા રહે, તથા તેને પોતાનો જીવનમંત્ર બનાવે. પોતાના ઉત્સાહ અને હિંમત પ્રમાણે તેનો જે કોઈપણ ભાગ પ્રાપ્ત થાય તેને દુનિયાની સૌથી મોટી નેઅ્મત (ભેટ) સમજે.

લેખકનો પરિચય

સમગ્ર સૃષ્ટિમાં પોતાની જાતને તુચ્છ સમજતો હું મુહમ્મદ શફીઅ્ ઈબ્ને મવલાના મુહમ્મદ યાસીન (રહ.) અલ્લાહની એ નેઅ્મતનો શુક્રિયહ અદા કરવા સક્ષમ નથી કે, અલ્લાહ તઆલાએ મારું વતન અને જન્મસ્થળ ઈસ્લામિક જ્ઞાનના કેન્દ્ર દેવબંદને બનાવ્યું અને એવા પિતાના ખોળામાં ઉછેર પામવાની તક આપી કે, જેઓ કુર્આનના હાફિજ અને દીનના આલિમ (વિદ્વવાન) હોવાની સાથે સાથે દારુલ ઉલૂમ દેવબંદના હમઉમર હતા અને દારુલ ઉલૂમ દેવબંદના સ્થાપકો એવા મહાન વિદ્વવાન ઉલમાના સંસર્ગનો તેમને હંમેશા લાભ મળતો રહ્યો હતો. તેમનું અસ્તિત્વ તે મહાન બુઝુર્ગોના જીવનનું જીવંત વર્ણન જ હતું. તેમની જિંદગી બાળપણથી લઈ મૃત્યુ સુધી દારુલ ઉલૂમ દેવબંદમાં જ પૂરી થઈ, ત્યાં જ શિક્ષણ પ્રાપ્ત કર્યું અને ત્યાં જ મુદર્રિસ (શિક્ષક) તરીકે આખી જિંદગી દીની શિક્ષણની સેવા કરવામાં પસાર કરી દીધી.

નાચીઝનું શરૂઆતનું કુર્આનનું શિક્ષણ વાલિદે મોહતરમની તજવીજથી દારુલ ઉલૂમના કુર્આનના ઉસ્તાદો હાફિજ અબ્દુલ અઝીમ સાહેબ અને હાફિજ નામદાર ખાન સાહેબ (રહ.)ની પાસે થયું અને પછી પોતે વાલિદે મોહતરમની સેવામાં રહી ઉર્દૂ, ફારસી, ગણિત અને અરબીનું પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું. પછી હિજરી સન ૧૩૩૧માં દારુલ ઉલૂમના અરબી ક્લાસમાં કાયદેસરનો પ્રવેશ લઈ અભ્યાસક્રમને તે નિષ્ણાત શિક્ષકોની સેવામાં રહીને પૂરો કર્યો, જે ઉસ્તાદોનો જોટો આજે દુનિયાના કોઈપણ ખૂણામાં મળવો મુશ્કેલ છે. બાળપણથી લઈ પ્રાથમિક અરબી શિક્ષણ સુધી શૈખુલ અરબ વ અજમ સૈયદી હઝરત મવલાના મહમૂદુલ હસન સાહબ શૈખુલ હિન્દ કુદ્દિસ સિર્રુહૂની સેવામાં હાજરી આપી. ક્યારેક ક્યારેક દર્સે બુખારીની અનૌપચારિક હાજરી પણ નસીબ થઈ. માલ્ટાની જેલમાંથી પાછા આવ્યા પછી તેમના જ હાથ મુબારક પર "બયૂઅતે તરીકત" નસીબ થઈ અને અરબી જ્ઞાનનું કાયદેસરનું શિક્ષણ જે બુઝૂર્ગો પાસેથી ઔપચારિક રીતે પ્રાપ્ત કર્યું તેઓમાં હાફિજે હદીષ જામિઉલ ઉલૂમ હઝરત અલ્લામહ મુહમ્મદ અનવરશાહ કશ્મિરી સાહેબ, આરિફ બિલ્લાહ હઝરત

મવલાના મુફતી અઝીઝુર્રહમાન સાહેબ, આલિમે રબ્બાની હઝરત મવલાના સૈયદ અસગર હુસૈન સાહેબ, શૈખુલ ઈસ્લામ હઝરત મવલાના શબ્બીર અહમદ સાહેબ ઉસ્માની, શૈખુલ અદબ વ ફિક્હ (ઈસ્લામિક સાહિત્ય અને કાયદાશાસ્ત્રના નિષ્ણાત) હઝરત મવલાના મુહમ્મદ એ'ઝાઝ અલી સાહેબ (રહમતુલ્લાહિ અલયહિમ અજમઈન) અને દુનિયવી તથા વહીના જ્ઞાનના નિષ્ણાત હઝરત અલ્લામહ મુહમ્મદ ઈબ્રાહીમ સાહેબ અને હઝરત મવલાના મુહમ્મદ રસૂલખાં સાહેબ, અફસોસ છે કે આ લખી રહ્યો છું ત્યારે છેલ્લા બે બુઝુર્ગો સિવાય બધા જ આ નષ્ટ થનાર જગતમાંથી કૂચ કરી ગયા છે. અલ્લાહ તઆલા આ બંને બુઝુર્ગોનો છાંયડો આફિયતની સાથે કાયમ રાખે અને વિદ્વાનોને તેમનો લાભ વધારેથી વધારે મેળવવાની તકો મળતી રહે. (૨૩ શાબાન હિજરી સન ૧૩૯૨માં જ્યારે મઆરિફુલ કુર્આનના પૂર્ણ અવલોકનનું કામ શરૂ કર્યું ત્યારે આ બંને બુઝુર્ગો પણ આ દુનિયાથી રુખસત થઈ ગયા. અલ્લાહ તઆલા પોતાની રહમતમાં તેમને છુપાવી લે અને તેમના મરતબાઓને બુલંદ કરે. આમીન.)

ઉસ્તાદો તથા દારુલ ઉલૂમના વડીલોની કૃપાદષ્ટિ પ્રથમથી જ મુજ નકામા પર સવિશેષ હતી. હિજરી સન ૧૩૩૬માં નાચીઝે બીજી અન્ય વ્યવસાયલક્ષી કિતાબો "કાઝી" અને "મીરઝાહિદ" તથા "ઉમૂરે આમ્મા" (જનરલ નૉલેજ) વગેરે પઢવાનું શરૂ કર્યું હતું કે, તે જ વર્ષે મને અમુક અભ્યાસક્રમ પઢાવવા માટેની જવાબદારી સોંપવામાં આવી. હિજરી સન ૧૩૩૬ મારૂં વિદ્યાર્થી અને શિક્ષક તરીકેની ભેગી ફરજનું વર્ષ હતું. હિજરી ૧૩૩૭થી કાયદેસર રીતે દારુલ ઉલૂમ દેવબંદમાં શિક્ષક (ઉસ્તાદ)ની સેવામાં લગાવી દેવામા આવ્યો. ૧૨ વર્ષો સુધી સતત વિવિધ વિદ્યાઓ અને કળાઓની સરળ અને કઠિન કિતાબોના શિક્ષણની સેવા આપી. હિજરી સન ૧૩૪૯માં મને સદર મુફતી (મુખ્ય મુફતી)ના હોદ્દા પર નિયુક્ત કરી દારૂલ ઉલૂમના ફતાવા વિભાગની જવાબદારી સોંપવામાં આવી અને સાથે જ અમુક કિતાબો હદીષ અને તફસીરને લગતી પણ પઢાવવાની જવાબદારી ચાલુ રહી. અંતે હિજરી ૧૩૬૨માં પાકિસ્તાનની ચળવળ અને સંઘર્ષ તથા બીજા અન્ય કારણોસર દારુલ ઉલૂમ દેવબંદમાંથી રાજીનામું આપ્યું.

દારુલ ઉલૂમના ૩૬ વર્ષના સેવાકાળ દરમિયાન શિક્ષણ અને ફતાવાની સાથે સાથે ખાસ ખાસ મહત્ત્વના વિષયો ઉપર લેખનનો ક્રમ પણ જળવાયેલો

રહ્યો. આ બધામાં પ્રવૃત્તિમય રહેવા ઉપરાંત દારુલ ઉલૂમના વડીલો સાથેના સંસર્ગના કારણે પોતાના ઉત્સાહ પ્રમાણે કુર્આન અને હદીષથી કંઈક ઘરોબો બંધાઈ ગયો. હઝરત મુજદ્દીદુલ મિલ્લત હકીમુલ ઉમ્મત સય્યદી હઝરત મવલાના અશરફ અલી થાનવી (રહ.)ની સેવામાં ઉપસ્થિત રહેવાની તક તો વિદ્યાર્થીકાળમાં જ મળતી રહેતી હતી, પરંતુ હિજરી સન ૧૩૪૯થી "બયૂઅત" (કરાર)ના નવિનીકરણની સાથે સાથે એમની સેવામાં સતત ઉપસ્થિત રહેવાની પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ, જે લગભગ ૨૦ વર્ષો સુધી હઝરતની વફાત રજબ હિજરી સન ૧૩૬૨ સુધી ચાલુ રહી. હઝરતને અલ્લાહ તઆલાએ સર્વ પ્રકારના જ્ઞાન અને કળામાં નિપુણતા ભેટ ધરી હતી, અને તેમાં પણ વિશેષરૂપે તફસીર તથા તસવ્વુફ તેમનો ખાસ રસનો વિષય હતો. આ બંને જ્ઞાનમાં તેમના લખાણો "બયાનુલ કુર્આન", "અત્તકશ્શુફ" તથા "અત્તસર્રુફ" ઉપરાંત અન્ય તસવ્વુફ ઉપર લખાયેલા ચોપાનિયાં તેની સાક્ષી આપે છે. હઝરતને પોતાની છેલ્લી જિંદગીમાં એવી આવશ્યકતા જણાઈ હતી કે, કુર્આનના આદેશો ઉપર કોઈ એવી કિતાબ લખવામાં આવે જેનાથી પ્રવર્તમાન સંજોગોની સમસ્યાઓને પણ જેટલા પ્રમાણમાં કુર્આન શરીફથી સાબિત થાય સ્પષ્ટ કરવામાં આવે. આ કામ જલદી પૂરું કરવાના વિચારથી તેને કેટલાક લોકોમાં વહેંચી દીધું. તેનો એક ભાગ મુજ નાચીઝને પણ સોંપવામાં આવ્યો, જેનો અમુક ભાગ તો હઝરતની હયાતીમાં જ તેમની દેખરેખ હેઠળ લખવામાં આવ્યો અને બાકી હઝરતની વફાત પછી અલ્લાહની મરજીથી પૂર્ણ થઈ ગયો, અને બે જિલ્દો (ભાગો)માં પ્રકાશિત પણ થઈ ગયો. આ સંગ્રહ અરબી ભાષામાં છે.

આ સિલસિલાએ હઝરત (રહ.)ની બરકતથી અલ્હમ્દુલિલ્લાહ કુર્આને કરીમની સાથે એક વિશેષ સંબંધ અને તલબ ઉત્પન્ન કરી દીધી. તે પછી સંજોગો અને પરિસ્થિતિઓએ જિંદગીમાં એક ક્રાંતિનો દરવાજો ખોલી નાંખ્યો. હિજરી સન ૧૩૬૫ એટલે ઈ.સ. ૧૯૪૬માં પાકિસ્તાનનું આંદોલન આખા દેશમાં ફેલાઈ ગયું. હઝરતના ભૂતપૂર્વ ઈરાદાઓ અને હાલના વડીલોના કહેવાથી આ આંદોલનમાં ભાગ લીધો અને બે વર્ષો દિવસ–રાત આ સંઘર્ષમાં પસાર કર્યા. મદ્રાસ (ચેન્નાઈ)થી પેશાવર સુધી અને પશ્ચિમમાં કરાચી સુધી આખા દેશનો પ્રવાસ કર્યો. એટલે પાકિસ્તાનના આંદોલન અને તેનો સંઘર્ષ છેવટે દારુલ ઉલૂમ

દેવબંદમાંથી રાજીનામું આપવા સુધીની પરાકાષ્ઠાએ પહોંચી ગયો. છેવટે અલ્લાહ તઆલાએ મુસલમાનોની આ લાંબા સમયથી પ્રતીક્ષા કરવામાં આવતી ઈચ્છા ફળીભૂત કરી અને હિન્દુસ્તાનના ભાગલા પડીને મુસલમાનો માટે માત્ર ઈસ્લામના નામ ઉપર દુનિયાની સૌથી મોટી ઈસ્લામી સલ્તનત **"પાકિસ્તાન"**ના નામથી અસ્તિત્વમાં આવી. ઈસ્લામી સલ્તનત, ઈસ્લામી વ્યવસ્થા, ઈસ્લામી કાનૂન વગેરેની વર્ષો જૂની ઈચ્છાઓની ઉમ્મીદ બંધાવા લાગી હતી અને તેની સાથે જ પોતાના વતનને છોડી પાકિસ્તાનને વતન બનાવવાની કશમકશમાં દિલ અટવાતું રહ્યું. પોતાના વતન દેવબંદમાં ઈસ્લામી વિદ્યાકળાના કેન્દ્ર અને ચુનંદા ઉલમાએ ઉમ્મતના સમૂહો ઉપર નજર પડતી તો સઅ્દી શિરાઝી (રહ.)નો આ શે'ર યાદ આવતો.

تولّائے مر دانِ ایں پاک بوم

برا نگیختم خاطر از شام وروم

આ પવિત્ર ધરતીના બુઝુર્ગોની સુહબતે (મિત્રતાએ)

મારું મન શામ અને રૉમથી ઉચાટ કરી દીધું.

પરંતુ જ્યારે આ દેશની રાજકીય પરિસ્થિતિ અને હિન્દુસ્તાનમાં મુસલમાનો અને તેમના ભવિષ્ય ઉપર નજર પડતી તો કોઈ ઊજળું પાસું દેખાતું ન હતું. એથી ઊલટું પાકિસ્તાનમાં દરેક પ્રકારની સુધારણા અને સફળતાની આશા દેખીતા કારણોના લઈ નજરે પડતી હતી. એક બાજુ દિલમાં આ કશમકશ ચાલુ હતી તો બીજી તરફ આખા દેશમાં અશાંતિ અને ખૂનામરકીની ભયંકર અગનજવાળાઓ ભભૂકી ઊઠી. ------------------

----

------------------ આઠ મહિનાઓ પછી આ તોફાનો કંઈક શમ્યા તો મારા ઉસ્તાદે મુહતરમ (આદરણિય શિક્ષક) અને ફોઈભાઈ શૈખુલ ઈસ્લામ હઝરત મવલાના શબ્બીર અહમદ ઉસ્માની (રહ.) અને કેટલાક કરાચીના જિમ્મેદારોએ એવો ઈરાદો કર્યો કે, પાકિસ્તાન માટે ઈસ્લામી બંધારણની એક

બ્લ્યુ પ્રિન્ટ (મુસદ્દો) તૈયાર કરવામાં આવે, જેથી જે હેતુ માટે પાકિસ્તાન બનાવવામાં આવ્યું છે તે જલદીથી અમલમાં આવી જાય. આ ઠરાવ સંદર્ભે કેટલાક ઉલમાએ નાચીઝને પણ હિન્દુસ્તાનથી કરાચી આવવાનું આમંત્રણ આપ્યું. ૨૦ જમાદિઉલ આખર હિજરી સન ૧૩૬૭, ૧લી મે ઈ.સ. ૧૯૪૮નો દિવસ મહાન ક્રાંતિનો દિવસ હતો. જેમાં પોતાના માદરે વતન અને વિદ્યાના કેન્દ્ર દેવબંદને અલ્લાહ હાફિઝ કહી ફક્ત નાના બાળકો અને તેમની વાલિદહને સાથે લઈ પાકિસ્તાન તરફ પ્રયાણ કર્યું. વાલિદહ મોહતરમા અને બીજા સંતાનો તથા સગા-વહાલાંઓ અને ઘર-બાળ છોડવાના કરુણ દશ્યો તથા જેવી રીતે જઈ રહ્યો છું, ત્યાં એક ગરીબુલ વતનની હૈસિયતથી સમય વિતાવવાની મુશ્કેલીઓની સાથે એક નવી ઈસ્લામી હકૂમતના અસ્તિત્વ અને તેમાં દીની વલણોને અમલમાં લાવવા માટેની સારી આશાઓના હર્ષ અને દુઃખ મિશ્રિત લાગણીઓ, કલ્પનાઓ અને કશ્મકશ.............!!!

દિલ્હી અને અમુક સ્થળોએ ઉતરીને ૨૬ જમાદિઉલ આખર હિજરી સન ૧૩૬૭, ૬ મે ૧૯૪૮ના દિવસે અલ્લાહ તઆલાએ પાકિસ્તાનની હદોમાં પહોંચાડી દીધો અને કરાચી જાણે-અજાણે પોતાનું વતન બની ગયું. અહીંયાં આવ્યા પછી ૧૫ વર્ષ અને ૩ મહિનાથી વધારે સમય પસાર થઈ ચૂક્યો છે. આ ૧૫ વર્ષોમાં શું કર્યું અને શું જોયું, એની એક ખૂબ લાંબી દાસ્તાન છે. અત્રે એ બધું લખવાનો આ પ્રસંગ નથી પરંતુ એક વાત ચોક્કસ છે કે, જે હેતુ માટે પાકિસ્તાનની જરૂરત ઉપસ્થિત થઈ હતી અને જેના માટે બધું જ છોડી સર્વસ્વની કુર્બાની આપી હતી. સરકારોના કાવા-દાવાઓમાં તેની સ્થિતિ ફક્ત એક સુંદર સ્વપ્નથી વધુ બાકી ન રહી.

بلبل ہمہ تن خوں شد وگل شد ہمہ تن چاک

اے وائے بہارے اگر این ست بہارے

બુલબુલનું સંપૂર્ણ શરીર લોહીલુહાણ થઈ ગયું અને ફૂલની કળી-કળી વિખરાઈ ગઈ;

જો આવી જ વસંત આવવાની હતી તો આવી વસંત ઉપર હજારવાર અફસોસ !

પાકિસ્તાન સરકારની કાર્યપદ્ધતિથી કોઈ દીની ક્રાંતિ અને સુધારણાની

આશા ફક્ત દીવાસ્વપ્ન બનતી જાય છે ! જો કે સામાન્ય મુસલમાનોમાં દીની જાગૃતિ અને દીનના હુકમોનો અહેસાસ અલ્હમ્દુલિલ્લાહ ! હજુ સુધી જિંદગીની મહામૂલી મૂડી તરીકે બાકી રહ્યો છે અને એમાં દીની સુધારાવાદીઓ તથા મુત્તકી લોકોની અલ્હમ્દુલિલ્લાહ હજૂ ઘણી મોટી સંખ્યા મૌજૂદ છે. આ લોકો જ હવે આશાના કિરણો છે, જેમણે દીનની સેવાના રસ્તાઓ ખુલ્લા રાખ્યા છે.

સરકારી સ્તર પર સુધારણાના પ્રયત્નો ઉપરાંત સામાજિક સ્તરે થતી મહેનતો અને પ્રયત્નો તથા તેના માટે કેટલીક દીની સંસ્થાઓની સ્થાપના જે શરૂઆતથી દીલી ઈચ્છા રહી હતી, તેની શરૂઆત હિજરી સન ૧૩૭૦, ઈ.સ. ૧૯૫૦માં એવી રીતે થઈ કે, આરામ બાગ કરાચી નજીક આવેલ મસ્જિદે બાબુલ ઈસ્લામમાં દરરોજ સવારમાં દર્સે કુર્આન શરૂ થયો અને દરેક સ્થળોએથી આવતા સવાલોના જવાબોમાં જે ફતાવાઓ સતત લખવામાં આવતા હતા, તેને નકલ કરીને રવાના કરવામાં આવતા હતા, તેની વ્યવસ્થા હવે આ જ મસ્જિદમાં એક દારુલ ઈફતાની સ્થાપના સ્વરૂપે સામે આવી. આ દર્સે કુર્આન આશાથી વધુ લાભકારક અને અસરકારક સાબિત થયો. સાંભળનારાઓની જિંદગીમાં ક્રાંતિના અણસાર દેખાવા લાગ્યા. નાચીઝને જિંદગીનો એક મકસદ મળી ગયો. ફજરની નમાઝ પછી દરરોજ એક કલાકના અમલથી સાત વર્ષોમાં અલ્હમ્દુલિલ્લાહ દર્સે કુર્આન સંપૂર્ણ થયો.

અહીંયાં સુધીની તમહીદ (પ્રસ્તાવના) હિજરી સન ૧૩૮૩માં ત્યારે લખવામાં આવી હતી જ્યારે કે તફસીરે મઆરિફુલ કુર્આનને પુસ્તક સ્વરૂપે લાવવાનો ઈરાદો કર્યો હતો. પછી હિજરી સન ૧૩૮૮ સુધી આ ક્રમ મુલતવી રહ્યો. હિજરી સન ૧૩૮૮થી તેના ઉપર કામ શરૂ થયું, જે હિજરી સન ૧૩૯૨માં પાંચ વર્ષોમાં સંપૂર્ણ થઈ ગયું. આ પ્રસ્તાવનાનો આગળ આવી રહેલો ભાગ તફસીર સંપૂર્ણ થયા પછી હિજરી સન ૧૩૯૨માં લખવામાં આવ્યો.

તફસીરે "મઆરિફુલ કુર્આન" અસ્તિત્વમાં આવવાના કુદરતી કારણો

નાચીઝ ગુનેહગારની હિંમત ક્યારેય પણ ન હતી કે, કુર્આન શરીફની તફસીર લખવાનો ઈરાદો કરૂં, પરંતુ તકદીરે તેના કારણો એવી રીતે શરૂ કર્યા કે, રેડિયો પાકિસ્તાનથી દરરોજ પ્રસારિત થનારા દર્સે કુર્આન માટે મને ભલામણ કરવામાં આવી, જેને અમુક કારણોસર સ્વીકારી ન શક્યો, પછી તેમણે એક બીજી ભલામણ કરી કે દરરોજ પ્રસારિત થતા દર્સના ક્રમમાં અલગથી એક અઠવાડિક દર્સ "મઆરિફુલ કુર્આન"ના નામથી ચાલુ કરવામાં આવે, જેમાં સમગ્ર કુર્આનની તફસીર નજર સમક્ષ ન હોય બલકે આમ મુસલમાનોની વર્તમાન આવશ્યકતાને ધ્યાંને રાખી ખાસ–ખાસ આયતોને નક્કી કરી તેની તફસીર અને સંબંધિત હુકમોનો ઉલ્લેખ થયા કરે. નાચીઝે તેને એક શરત પર મંજૂર કરી લીધું કે, દર્સનું કોઈ વળતર નહીં લઉં અને કોઈ એવી શરત મંજૂર નહિ રાખું જેને હું દર્સે કુર્આન માટે યોગ્ય સમજતો ન હોય. મારી આ શરતો મંજૂર રાખવામાં આવી.

અલ્લાહ તઆલાના નામથી આ દર્સ "મઆરિફુલ કુર્આન" ૩ શવ્વાલ હિજરી સન ૧૩૭૩, ૩ જુલાઈ ઈ.સ. ૧૯૫૪થી શરૂ કર્યો અને લગભગ ૧૧ વર્ષ પાબંદીથી ચાલુ રહ્યો. અહીંયાં સુધી કે, ૧૯૬૪માં રેડિયો પાકિસ્તાને પોતાની નવી પૉલિસી (નીતિ) હેઠળ આ દર્સને બંધ કરી દીધો. આ દર્સે "મઆરિફુલ કુર્આન" ૧૩માં સિપારા (ભાગ) અને સૂરએ ઈબ્રાહીમ ઉપર બંધ કરવામાં આવ્યો. જેમાં આ ૧૩ સિપારાઓની સંપૂર્ણ તફસીર ન હતી. બલકે, અમુક ખાસ ચૂંટી કાઢેલી આયતોની તફસીર હતી. નાચીઝે એવી આયતોને સામેલ ન કરી હતી જે માત્ર વિદ્વતાપૂર્ણ વિષયો ઉપર આધારિત ગહન અર્થવાળી છે અને રેડિયોની તકરીરના માધ્યમથી તેને લોકોને સમજાવવું મુશ્કેલ કામ હતું.

જે વખતે આ કાર્ય શરૂ કરી રહ્યો હતો તેની દૂર દૂર સુધી કોઈ કલ્પના ન હતી કે, તે કોઈ સમયે આ તકરીર પુસ્તકના સ્વરૂપમાં એક સંપૂર્ણ તફસીર સ્વરૂપે પ્રકાશિત થશે, પરંતુ થયું એમ કે જ્યારે આ દર્સ રેડિયો ઉપર પ્રસારિત થવાનું શરૂ

થયું તો પાકિસ્તાનના બધા પ્રદેશોમાં અને એથી વિશેષ વિદેશોમાં આફ્રિકા, યુરોપ વગેરેમાં વસવાટ કરનારા મુસલમાનો તરફથી અસંખ્ય પત્રો રેડિયો પાકિસ્તાનને અને ખુદ મુજ નાચીઝને મળ્યા. જેના દ્વારા જાણવા મળ્યું કે, ઘણા બધા દીનદાર તથા આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરેલ મુસલમાન આ દર્સે "મઆરિફુલ કુર્આન" સાથે દિલી લગાવ ધરાવે છે. આફ્રિકામાં આ દર્સ રાતના છેલ્લા પહોરમાં અથવા તો સુબ્હે સાદિકના સમયે પહોંચતો હતો એટલે ત્યાંના લોકોએ તેને ટેપ રેકોર્ડર દ્વારા રેકોર્ડ કરીને પાછળથી બધાંને વારાફરતી સંભળાવવાનો નિયમ બનાવ્યો, અને ઘણે ઠેકાણે એવી માંગણી થવા લાગી કે આ દર્સને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવે. આમ મુસલમાનોના આ શોખે મુજ નાચીઝની હિંમત વધારી દીધી. બીમારી તથા કમજોરી હોવા છતાં ૧૧ વર્ષો સુધી આ ક્રમ ઘણી જ પાબંદીથી ચાલુ રહ્યો. હિજરી સન ૧૩૮૩ અને ઈ.સ. ૧૯૬૪માં જ્યારે દર્સનો ક્રમ પૂર્ણ થયો તો ઘણા લોકો તરફથી એવી માંગણી થઈ કે, જેટલું થઈ ગયું છે તેને કિતાબના સ્વરૂપમાં પ્રકાશિત કરવામાં આવે અને વચ્ચે જે આયતો બાકી રહી ગઈ છે તેની પૂર્ણતા પણ કરી દેવામાં આવે. અલ્લાહના નામથી ઈરાદો કરી લીધો કે, વર્તમાન તફસીર ઉપર પુનઃ અવલોકન અને વચ્ચે બાકી રહેલ આયતોની પૂર્ણતાનું કાર્ય આરંભી દેવામાં આવે. તે પ્રમાણે ૧૬ સફર હિજરી સન ૧૩૮૩માં સૂરએ ફાતિહાની તફસીર ઉપર પુનઃ અવલોકન સંપૂર્ણ થઈ ગયું અને સૂરએ બકરહ ઉપર કામ શરૂ કર્યું. તેમાં અહકામની ઘણી મુશ્કેલ આયતો છે, જે રેડિયો ઉપર પ્રસારિત થતા કાર્યક્રમમાં ન હતી. આ કામ ઘણી જ મહેનત અને ફુરસદ માંગી લે તેવું હતું. ખૂબ જ વ્યસ્તતા અને બીમારીએ ફુરસદ ન આપી અને લગભગ આ કામ ઘોંચમાં પડી ગયું.

બીમારી તફસીરની પૂર્ણતાનું કારણ બની ગઈ :

હિજરી સન ૧૩૮૮ના શાબાનમાં નાચીઝના કમજોર બદનમાં એક ફોલ્લી દેખાઈ અને તે ધીમે ધીમે મોટી થતી ગઈ. છેવટે રમઝાનમાં તેણે ઊભા રહેવાથી પણ અશક્ત કરી દીધો. છેલ્લા આઠ રોઝા પણ કઝા થયા. ઘરમાં બેસીને નમાઝ પઢવા લાગ્યો. ઉપરાંત પગમાં વા નું જૂનું દર્દ પણ શરૂ થયું, તેનો ઈલાજ જે શરૂઆતમાં સફળ થઈ જતો હતો તે પણ હવે અસફળ રહેતો અને દિવસો સુધી પગ અપંગ જેવા થઈ ગયા. લગભગ દશ મહિના આવી જ અશક્તિ

અને બીમારીની સાથે મૌત અને જિંદગી વચ્ચેની કશમકશમાં પસાર થઈ ગયા. જ્યારે ચાલવા અને હરવા-ફરવાથી બિલકુલ મા'ઝૂર થઈ ગયો અને જીવનની આશા પણ ધૂંધળી થઈ ગઈ, અફસોસ થવા લાગ્યો કે આ તફસીરના પાના જે રીતે થઈ ચૂક્યા છે તેના ઉપર પુનઃ અવલોકન અને તેને સંપૂર્ણ કરવાનું કામ પણ પૂર્ણ ન થઈ શક્યું. હવે, આ પાનાઓ એમ જ બરબાદ થઈ જશે. અલ્લાહ તઆલાએ દિલમાં હિંમત અતા ફરમાવી અને શવ્વાલ હિજરી સન ૧૩૮૮ના છેવટમાં બીમારીના ખાટલા ઉપર જ આ કામ શરૂ કરાવી દીધું. ૨૫ જિલ્કદ હિજરી સન ૧૩૮૮ના દિવસે સૂરએ બકરહ સંપૂર્ણ થઈ પ્રકાશન માટે પહોંચી ગઈ. તે પછી બીમારી અને મા'ઝૂરીની હાલતમાં જ આ કામ ધીમે-ધીમે, ક્રમે ક્રમે ચાલતું રહ્યું. અલ્લાહ તઆલાએ તેની બરકતથી દશ મહિનાઓ પછી મા'ઝૂરી પણ દૂર કરી દીધી તો રજબ હિજરી સન ૧૩૮૯માં કામ ઝડપી થઈ ગયું, પરંતુ તેની સાથે જ દેશમાં (પાકિસ્તાન) નવી ચૂંટણીએ તોફાનોનો માહોલ ઊભો કરી દીધો. જો કે હું લાંબા સમયથી રાજકારણથી બિલકુલ અલિપ્ત રહ્યો હતો, પરંતુ આ ચૂંટણીઓએ પાકિસ્તાનમાં શુદ્ધ ઈસ્લામી સરકારના બદલે કોમ્યુનિઝમ (સામ્યવાદ) અને સોશ્યાલિઝમ (સમાજવાદ) ફેલાઈ જવાનો ભય મંડરાવા લાગ્યો. સોશ્યાલિઝમને ઈસ્લામમાં ખપાવવા માટે મહેનતો થવા લાગી અને સભાઓ-રેલીઓ વગેરે દ્વારા પ્રચાર થવા લાગ્યો. આ સમસ્યાની ગંભીરતાએ ફરી એક વખતે પ્રેરણા આપી કે, ઓછામાં ઓછું સોશ્યાલિઝમ અને ઈસ્લામમાં તફાવત કરવા અને સોશ્યાલિઝમના ખતરનાક પરિણામોથી કૌમને સાવધાન કરવાની મર્યાદા સુધી આ રાજકીય મેદાનમાં ભાગ લેવો જોઈએ. એટલા માટે લેખિત આર્ટિકલો (લેખો) પણ લખવા પડ્યા અને પૂર્વ તથા પશ્ચિમી પાકિસ્તાનના મહત્ત્વના સ્થળોએ સભાઓમાં ભાગ પણ લેવો પડ્યો. સમસ્યાનો ખુલાસો આવશ્યકતા અનુસાર પૂર્ણ થઈ ગયો, પરંતુ રાજકીય મૈદાનમાં સમસ્યાઓ અને વાસ્તવિકતાઓથી વધારે દાબ-દબાણ અને રાજકીય પ્રભાવ કામ કરતો હોય છે. ચૂંટણીઓનું પરિણામ બિલકુલ વિરોધાભાસી અને ધાર્યા કરતાં જુદું આવ્યું. તેની અસર હેઠળ પાકિસ્તાનમાં જે અધોગતિ આવવાની હતી તે આવી ગઈ.

وَلِلّٰهِ الْاَمْرُ مِنْ قَبْلُ وَمِنْ بَعْدُ ،

ચૂંટણીઓ પછી નાચીઝે ફરી એકવાર રાજકારણથી અલિપ્ત થઈને પોતાનું કામ શરૂ કરી દીધું. અલ્હમ્દુલિલ્લાહ ! અલ્લાહની મહેરબાનીથી રજબ હિજરી સન ૧૩૯૦ સુધી "મઆરિફુલ કુર્આન"ના ૧૩ સિપારાઓ ઉપર પુનઃ અવલોકન તથા વચ્ચેની છૂટી ગયેલી આયતોની તફસીરો પણ પૂર્ણ થઈ ગઈ અને વધુમાં સૂરએ ઈબ્રાહીમથી સૂરએ નહ્લ સુધી બે સિપારાઓની તફસીર પણ લખાઈ ગઈ. હવે, કુર્આન શરીફ અડધાની આસપાસ થઈ ગયું તો અલ્લાહ તઆલાએ હિંમત અર્પણ કરી અને...... બાકી રહેલ કુર્આનની તફસીર લખવાનું શરૂ કર્યું. તે વખતે તેની કોઈ કલ્પના પણ ન હતી કે, ૭૫ વર્ષની ઉંમર અને લાંબા વિરામ પછી, ઉપરાંત વિવિધ પ્રકારની બીમારીઓની હાલતમાં પણ આ તફસીર પૂર્ણ થઈ શકશે. પરંતુ એવું સમજીને કે, કુર્આન પૂર્ણ કરવાનો હેતુ નથી પરંતુ પોતાની જિંદગીને કુર્આનમાં પૂર્ણ કરવી છે ! અલ્લાહના નામથી આ ક્રમ શરૂ કરી દીધો. શાબાન ૧૩૯૦ હિજરીથી સૂરએ બની ઈસ્રાઈલની તફસીર શરૂ થઈ અને ૨૩ સફર ૧૩૯૧ની કુર્આનની ચોથી મંઝિલ સૂરએ ફુરકાન ૧૯માં સિપારા સુધી પૂર્ણ થઈ ગઈ. આગળ ઉપર કુર્આનની ત્રણ મંઝિલો એટલે કે ૧/૩ કુર્આન બાકી હતું. ઉંમરની કમજોરી તથા વિવિધ પ્રકારની બીમારીઓના કારણે એવો વિચાર આવતો હતો કે, કદાચ આ કામ હું પૂર્ણ નહિ કરી શકું, પરંતુ વચ્ચેની પાંચમી અને છઠી મંઝિલ અરબીમાં લખી દીધી છે, જે પ્રકાશિત પણ થઈ ચૂકી છે. જો હું તેને ન લખી શકયો હોત તો મારા પછી પણ અલ્લાહનો કોઈ નેક બંદો આ "અહકામુલ કુર્આન"ની તફસીરને ઉર્દૂમાં ભાષાંતર કરીને આ વિભાગ પૂર્ણ કરી દેશે અને તેની વસિયત પણ કેટલાક લોકોને કરી દીધી અને વચ્ચેની આ બે મંઝિલો છોડીને છેલ્લી સાતમી મંઝિલ સૂરએ કાફથી લખવાની શરૂ કરી દીધી. અલ્લાહ તઆલાની મદદથી ૧૨ રબીઉલ અવ્વલ હિજરી સન ૧૩૯૧થી શરૂઆત કરી શવ્વાલ ૧૩૯૧ હિજરી સુધીમાં આ છેલ્લી મંઝિલ પૂરી થઈ ગઈ. ફક્ત "મુઅવ્વઝતઈન" એટલે કે છેવટની બે સૂરતો (સૂરએ ફલક અને સૂરએ નાસ) છોડી દીધી.

હવે, વચમાં બે મંઝિલો સૂરએ શુઅ્રા અને સૂરએ હુજરાત સુધીની બાકી હતી. અલ્લાહના નામથી તેનું કાર્ય પણ આરંભી દીધું. તેમાં સૂરએ સ્વાદ, સાફ્ફાત, ઝુખ્રુફ તો નેક ફરજંદ મૌલ્વી મુહમ્મદ તકી સલ્લમહૂથી લખાવી અને

પોતે તેના ઉપર પુનઃ અવલોકન કરી પૂર્ણ કર્યું. બાકી સૂરતો પોતે લખવાની શરૂઆત કરી અને કુર્આન મજીદનો લગભગ દોઢ સિપારો બાકી રહી ગયો હતો કે, ૨૪ રબીઉલ આખર હિજરી સન ૧૩૯૨, ૮ જુન ૧૯૭૩માં મને એક દિલની બીમારી થઈ અને મૌતનો નકશો આંખો સામે ઘુમવા લાગ્યો. જોનારા થોડીવારનો મહેમાન સમજતા હતા, બેહોશીની હાલતમાં કરાચીના હૃદય રોગના દવાખાનામાં ભરતી કરી દેવામાં આવ્યો. ત્રણ દિવસ પછી ડૉક્ટરોએ કંઈક સંતોષ જાહેર કર્યો. જ્યારે તબિયત થોડી સારી થઈ તો બાકી રહેલ તફસીરનો વિચાર એક હસરત બની ગયો. વહાલા પુત્ર મૌલ્વી મુહમ્મદ તકી સલ્લમહૂને વસિયત કરી કે, બાકીનો ભાગ તે પૂર્ણ કરી દે. એવી રીતે દિલનો ભાર હળવો કરી દીધો. અલ્લાહનો લાખ લાખ અહેસાન છે, અલ્લાહે આ બીમારીથી પણ સંપૂર્ણ તંદુરસ્તી અર્પણ કરી અને ત્રણ મહિના પછી એટલી શક્તિ આવવા લાગી કે કંઈ લખી–વાંચી શકાય. પરંતુ થોડુંક કામ કરવાથી દિમાગ, દિલ અને આંખો બધું જ થાકી જતું હતું. ફક્ત અલ્લાહ તઆલાનો ફઝલો કરમ જ હતો કે, તેણે આ હાલતમાં બાકીની તફસીર ૨૧ શાબાન હિજરી સન ૧૩૯૨, શનિવારના દિવસે પૂર્ણ કરાવી દીધી અને યોગાનુયોગ એ જ દિવસ મારો જન્મ દિવસ (હિજરી સન ૧૩૧૪) પણ હતો. આ દિવસે મારી ઉંમર ૭૭ મંઝિલો પસાર કરીને ૭૮માં વર્ષ તરફ આગળ વધી.

આ તફસીરની શરૂઆત હિજરી સન ૧૩૮૮માં સખત બીમારીમાં થઈ અને પાંચ વર્ષ પછી સખત લાંબી માંદગીમાં જ હિજરી સન ૧૩૯૨માં તે પૂર્ણ થઈ. આ પાંચ વર્ષો છેલ્લી ઉંમરની શારીરિક અશક્તિ, વિવિધ પ્રકારની બીમારીઓના હુમલાઓ અને દેશમાં બદલાતા પ્રવાહના હંગામાઓનું વર્ષ હતું, તેમાં અલ્લાહ તઆલાએ આ તફસીરના લગભગ ૭૦૦૦ પાનાઓ મુજ નાચીઝની કલમથી લખાવી દીધા. [તે પણ એવી પરિસ્થિતિમાં જ્યારે કે દારુલ ઉલૂમના સંચાલનની જવાબદારીઓ અને ફતાવાઓની આગવી સેવાઓ ઉપરાંત બીજા મહત્ત્વના વિષયો ઉપર દશ નાની તથા વિસ્તારપૂર્વક કિતાબો લખવામાં આવી, જે પ્રકાશિત પણ થઈ ચૂકી છે. ૧. અહકામુલ હજ્જ :– જે ટૂંકી અને સરળ હોવાની સાથે સાથે સર્વગ્રાહી અને જરૂરી હુકમોનો સંગ્રહ છે. ૨. અલ યવાકીતૂ ફી અહકામિલ મવાકીતૂ :– (મવાકીતે હજ્જ અને જીદ્દહથી એહરામ

સુધીની હકીકત), ૩. મિન્હાજુલ ખયર ફિલ હજિજ અનિલ ગયબ (હજ્જે બદલના હુકમો), ૪. મકામે સહાબા (સહાબા રદિ.ના "મુશાજરાત"–મતભેદો અને સહાબા રદિ.ના ન્યાયની અદાલતો, સંપૂર્ણ ચર્ચા અને સલફે સાલિહીનની કાર્ય પ્રણાલી), ૫. ઈસ્લામી ઝબીહા (ઝબીહા :– અલ્લાહના નામ પર હલાલ કરવામાં આવેલ પશુ–પક્ષીના વિસ્તારપૂર્વકના હુકમો. યહૂદી અને ઈસાઈઓના ઝબીહાની ચર્ચા અને ભેળસેળ કરવામાં આવેલ બાબતોનો રદિયો), ૬. આ'જાએ ઈન્સાનીકી પેવન્દકારી (અંગ પ્રત્યારોપણ), ૭. બીમાએ જિંદગી (જીવન વીમો), ૮. પ્રોવિડન્ટ ફંડ, ૯. ઈસ્લામ ઔર સોશ્યાલિઝમ (સમાજવાદ) અને ૧૦. ઈસ્લામી નિઝામમેં ઈક્તેસાદી ઈસ્લાહાત (ઈસ્લામી શાસન વ્યવસ્થામાં આર્થિક સુધારાઓ)].

اِنَّ الْمَقَادِ یُرَ اِذَاسَاعَدَتْ   اَلْحَقَتِ العَاجِزَ بِا الْقَادِرِ

"જ્યારે તકદીરે ઈલાહી મદદ કરે છે તો લાચારને શક્તિશાળી સાથે મેળવી આપે છે."

જ્ઞાન અને અમલીકરણ પહેલેથી જ નામ પૂરતું રહી ગયું હતું. આ ઘડપણ અને કમજોરી, બીમારી અને વ્યસ્તતા તથા જવાબદારીઓએ તે રહી સહી કસર પૂરી કરી દીધી. આવી પરિસ્થિતિમાં કોઈ લેખન પ્રવૃત્તિ અને તે પણ વિશેષરૂપે કુર્આન શરીફની તફસીરનો ઈરાદો કરવો એક મોટી કુચેષ્ટા હતી. સંતોષ તેનો હતો કે, આમાં મારી પોતાની કોઈ વસ્તુ નથી. ઉચ્ચ કોટીના આલિમો તથા સલફે સાલિહીનની તફસીરોનો ખુલાસો સરળ ભાષામાં કરી ભણેલા ગણેલા લોકોને તેનાથી પરિચિત કરાવવા એ જ મારી તમામ મહેનતોનો મુખ્ય હેતુ હતો. મેં જિંદગીના છેલ્લા પાંચ વર્ષોની મહેનત એ ઈચ્છાથી કરી છે કે, આધુનિક યુગના મુસલમાનો જેઓ મોટેભાગે જ્ઞાનપૂર્ણ વ્યાખ્યાઓ અને ભાષાકીય વિદ્વતાથી અજાણ છે, જેથી હું વડીલોની તફસીરો એમના માટે સમજી શકાય એ પ્રમાણે કરી આપું તો કદાચ આ યુગના મુસલમાનોને તેનાથી લાભ પહોંચે અને મારા માટે આખિરતનું ભાથું બની જાય. સંશોધનકાર ઉલમા પોતાના સંશોધનના ગુણો બતાવે છે પરંતુ મુજ નાચીઝે પોતાની અજ્ઞાનતાને એમના પરદા પાછળ છુપાવી દીધી છે. અલ્લાહ તઆલા મારી સાથે રહેમનો વર્તાવ કરે અને મુજ નાચીઝની

સેવાને કબૂલ ફરમાવે જેમાં કોઈ વિદ્વવતાપૂર્ણ ગુણોની કોઈ વિશિષ્ટતા નથી. જો કે, પોતાની જાતને ખૂબ થકાવી છે અને થાકવું પણ અલ્લાહની તૌફીકથી જ થયું છે નહિતર મારી શું મજાલ કે એક ડગલું પણ ચાલું ? કાશ ! અલ્લાહ તઆલા મારા આ થાકવા પર અમીદષ્ટિ કરે અને મારી ભૂલોને જે કિતાબે કરીમનો હક અદા કરવામાં થઈ હોય, મા'ફ ફરમાવે અને તેને કબૂલ કરે. આમીન.

نہ بحرف ساختہ سر خوشم ؛ نہ بہ نقش بستہ مشوشم

نفسے بیاد تو مے زنم ؛ چہ عبارت و چہ معانیم

કિતાબના લેખનની આ લાંબી વાર્તા મુજ નાચીઝના માટે એક યાદગીરી તથા અલ્લાહનો શુક્રિયા અદા કરવા માટે ઉલ્લેખ માત્ર છે. પરંતુ આ વાર્તા સામાન્ય લોકોના રસનો વિષય નથી. તે છતાં પણ તેને લખ્યું છે કે, લોકો મારી આ કુચેષ્ટાના બહાનાથી વાકેફ થઈ જાય.

જેમકે, અગાઉ ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે કુર્આનની તફસીર ઉપર એક આગવા લેખનની ચેષ્ટા કરવાની મારા માટે દૂર દૂર સુધી કોઈ શક્યતા ન હતી. પરંતુ અનૌપચારિક રીતે તેના સબબો બનતા ચાલ્યા ગયા. જો કે, એક લાંબા સમય સુધી એક ઈચ્છા દિલમાં હતી કે, હકીમુલ ઉમ્મત મુજદ્દીદુલ મિલ્લત હઝરત મવલાના અશરફ અલી થાનવી (રહ.)ની તફસીર **"બયાનુલ કુર્આન"** જે અજોડ અને ટૂંકી પરંતુ સર્વગ્રાહી તફસીરોનો નિચોડ છે, પરંતુ તે વિદ્વવતાપૂર્ણ વ્યાખ્યાઓ આધારે લખવામાં આવી છે. આજકાલના લોકો તેનાથી જોઈએ એટલો ફાયદો ઉઠાવી નથી શકતા, તો તેના વિષયોને સરળ ભાષામાં રજૂ કરવામાં આવે, પરંતુ આ કામ પણ ખૂબ મહેનત અને ખૂબ ફુરસદ માંગી લેતું કામ છે. પાકિસ્તાનમાં આવતા પહેલાં થોડું કામ શરૂ પણ કર્યું હતું પછી રહી ગયું હતું. "મઆરિફુલ કુર્આન"ના આ લેખનથી અલ્હમ્દુલિલ્લાહ ! આ તમન્ના પણ પૂરી થઈ ગઈ કેમકે, આ તફસીરનો આધાર નાચીઝે "બયાનુલ કુર્આન"ને જ બનાવ્યો છે, જેનો ખુલાસો આગળ ઉપર આવે છે.

"મઆરિફુલ કુર્આન"ની વિશેષતાઓ અને અગત્યની જરૂરી બાબતો

(૧) કુર્આનની તફસીર જે અરબી ભાષા સિવાય બીજી અન્ય ભાષામાં હોય તેમાં સૌથી મહત્ત્વની જે કાળજી રાખવી જોઈએ તે કુર્આનનું ભાષાંતર છે. કારણ કે, તે અલ્લાહનું કલામ છે, તેમાં બિલકુલ ક્ષુલ્લક નજીવો વધારો ઘટાડો પણ પોતાના તરફથી કરી શકાય નહીં, એટલા માટે મેં પોતે પણ તરજુમો લખવાની હિંમત નથી કરી અને તેની આવશ્યકતા પણ નથી. કેમકે, મોટા મોટા ઉલમાએ કિરામે આ કામ ખૂબ જ કાળજીપૂર્વક પૂરું કર્યું છે. અને ઉર્દૂ ભાષામાં આ સેવા સૌ પ્રથમ હઝરત શાહ વલિયુલ્લાહ દહેલ્વી (રહ.)ના બે સુપુત્રો હઝરત શાહ રફીઉદ્દીન (રહ.) અને હઝરત શાહ અબ્દુલ કાદિર (રહ.)એ પોતપોતાની રીતે પૂર્ણ કર્યું છે. શરૂઆતના તરજુમામાં બિલકુલ શબ્દ પ્રમાણે તરજુમાની શૈલી અપનાવામાં આવી છે. ઉર્દૂ રૂઢિપ્રયોગોને પણ ગણત્રીમાં લીધા નથી અને સૌથી વિશિષ્ટ શૈલીમાં કુર્આનના શબ્દોનો ઉર્દૂમાં અનુવાદ કર્યો છે. બીજા તરજુમામાં શાબ્દિક અર્થો સાથે સાથે ઉર્દૂ રૂઢિપ્રયોગોને પણ ગણત્રીમાં લીધા છે. આ કામ હઝરત શાહ અબ્દુલ કાદિર (રહ.) એ મસ્જિદમાં એઅતિકાફમાં રહીને પૂરું કર્યું છે. અહીંયાં સુધી કે, તેમનો જનાઝો પણ મસ્જિદમાંથી જ નીકળ્યો છે. દારૂલ ઉલૂમ દેવબંદના પ્રથમ સદર મુદર્રિસ (મુખ્ય શિક્ષક) હઝરત મવલાના મુહમ્મદ યાકૂબ સાહેબ (રહ.) ફરમાવે છે કે, નિઃશંક અલ્લાહના કલામનો અનુવાદ કરવો માણસની શક્તિ બહારની વાત છે કે, તેનો અક્ષરસઃ અનુવાદ કરી શકે. શયખુલ અરબ વલ અજમ સય્યદી હઝરત મવલાના મહમૂદુલ હસન સાહેબ (રહ.)ને પોતાના સમયમાં જ્યારે આ બાબતની જરૂર જણાઈ કે, ઘણા બધા રૂઢિપ્રયોગો (કહેવતો)ના અર્થ બદલાઈ જવાના કારણે અમુક જગ્યાએ (અનુવાદ)માં (વ્યાકરણની દષ્ટિએ ભાષાકીય) સુધારા—વધારા કરવા જોઈએ તો તેમણે જે સેવા કરી, તે "તરજુમા શયખુલ હિન્દ"ના નામથી પ્રખ્યાત થયું. નાચીઝે કુર્આન શરીફની પ્રસ્તુત તફસીરમાં જેમનો તેમ આ અનુવાદનો ઉપયોગ કર્યો છે.

(૨) સય્યિદી હઝરત હકીમુલ ઉમ્મત થાનવી (રહ.)એ મૂળ તફસીર "બયાનુલ કુર્આન"ને એવી શૈલીમાં લખેલી છે કે, કુર્આનની ટેક્ષ્ટ (મૂળ અરબી લખાણ)ના અનુવાદની સાથે સાથે જ તેની તફસીર અને ખુલાસો કૌંસમાં જ કરી દીધો છે. તરજુમાને એના ઉપર લખીને અને તફસીરને કૌંસમાં લખીને અલગ પાડી દીધી છે. એવી જ રીતે કૌંસની બહારનું લખાણ કુર્આનનો તરજુમો છે અને કૌંસમાં એની તફસીર છે. ઘણા લોકોએ આ તરજુમાને અલગ કરીને કુર્આન મજીદની ટેક્ષ્ટ (મૂળ અરબી લખાણ)ની નીચેના તરજુમાને હઝરત હકીમુલ ઉમ્મત (રહ.)ના જીવનકાળ દરમિયાન જ પ્રકાશિત કરી દીધો હતો.

મારી નજર સમક્ષ "બયાનુલ કુર્આન"ને સરળ ભાષામાં કરવાનું કાર્ય પ્રથમથી જ હતું. તે વખતે નાચીઝે હઝરતની આ તફસીરને ખુલાસાના નામથી તફસીરની શરૂઆતમાં જેમનું તેમ ફક્ત થોડી વધ-ઘટ સાથે નકલ કરી દીધું છે અને ત્યારે આ તફસીરમાં જે જગ્યાએ ખાસ વ્યાખ્યાઓ અને મુશ્કેલ શબ્દો આવતા હતા, ત્યાં તેને સરળ શબ્દોમાં પરિવર્તિત કરી દીધા અને તેનું નામ "ખુલાસ એ તફસીર" રાખવું એટલા માટે યોગ્ય હતું કે, હઝરત (રહ.)એ બયાનુલ કુર્આનની પ્રસ્તાવનામાં પોતે લખ્યું છે કે તેને તફસીરનું ટૂંક સ્વરૂપ અથવા વિગતવારનો અનુવાદ કહી શકાય છે.

અને જો કોઈ વિષય માત્ર વિદ્વવતાપૂર્ણ અને મુશ્કેલ હતો તો તેને અલગથી મઆરિફ અને મસાઈલમાં પોતાની સરળ ભાષામાં લખી દીધો. જેથી વ્યસ્ત માણસ જો વધારે અભ્યાસ ન કરી શકે તો આ તફસીરના ખુલાસા વડે ઓછામાં ઓછું કુર્આનના અર્થોને સારી રીતે સમજી શકે. બંને અગત્યની જરૂરી બાબતો પ્રથમવારના પ્રકાશન વખતે પહેલા الٓمٓ સિપારાની પ્રથમ વિભાગની આયત નં. ૪૪ મઆરિફ (મૂળ કિતાબના) ભાગ – ૧, પેજ ૫૬ સુધી ન થઈ શક્યું હતું. હવે, બીજા પ્રકાશનમાં આ ભાગને સંપૂર્ણ કરી આખી તફસીર પ્રમાણે કરી દીધો છે. જો કે એક અગત્યની વાત જે બીજા વિભાગની શરૂઆતમાં થઈ કે, કુર્આનની ટેક્ષ્ટની નીચે શયખુલ હિન્દ (રહ.)નો અનુવાદ લખવામાં આવે. જે પ્રથમ પ્રકાશનના ભાગમાં ન હતું, બીજા પ્રકાશનમાં તેને ટેક્ષ્ટ નીચે લખીને તે પ્રમાણે કરી દીધું. આ બંને કામો ઉમ્મતના મહાન ઉલમાએ કરેલા હતા.

(૩) ત્રીજું કામ જે મુજ નાચીઝનું ગણાય છે તે "મઆરિફો મસાઈલ"નો

વિષય છે. એમાં પણ વિચાર કરવામાં આવે તો નાચીઝની ફક્ત ઉર્દૂ લિપી જ છે. વિષયો બધા ઉમ્મતના મહાન ઉલમાની તફસીરમાંથી લેવામાં આવ્યા છે, જેનો હવાલો દરેક જગ્યાએ લખી જ દીધો છે. તેમાં નાચીઝે અમુક બાબતો વિશેષરૂપે કરી છે.

(અ) ઉલમા માટે કુર્આનની તફસીરમાં સૌ પ્રથમ અને મહત્ત્વનું કામ શબ્દોનું સંશોધન, વ્યાકરણ પ્રમાણે વાક્યોનું બંધારણ, વર્ણન કરવાની પદ્ધતિ અને કિરાઅતની વિવિધતાની ચર્ચાઓ હોય છે. જે નિઃશંક વિદ્વાન લોકો માટે કુર્આન સમજવા માટે પાયાની ઈંટ ગણાય છે, તેના દ્વારા કુર્આનના સાચા અર્થો સુધી પહોંચી શકાય છે પરંતુ અવામ (સામાન્ય જનસમૂહ) તો અવામ છે. આજકાલ તો ઘણા જ્ઞાની લોકો પણ આ વિગતોમાં ઊલઝન અનુભવે છે, તો પછી સામાન્ય જનસમૂહ માટે ખાસ ચર્ચાઓ તેમની સમજ બહારની વસ્તુઓ છે. અને મૂળ હેતુમાં અંતરાય બને છે, તેઓ સમજવા લાગે છે કે કુર્આનને સમજીને પઢવું મુશ્કેલ કામ છે. અલબત્ત કુર્આન કરીમનો જે મૂળ હેતુ છે તે એ છે કે, વ્યક્તિનો સંબંધ પોતાના રબની સાથે મજબૂત થાય અને પરિણામે તે ભૌતિક સુખસાહ્યબી ભોગવવામાં અતિરેક ન કરે કે, જેથી તે દીનના માર્ગમાં અંતરાય ન બને. દુનિયાથી વધારે આખિરત (પરલોક)ની ફિકર પૈદા થાય, અને વ્યક્તિ પોતાના દરેક ઉચ્ચારણો અને પ્રવૃત્તિઓ પર વિચારવાની ટેવ ધરાવતો થઈ જાય કે તેમાં કોઈ બાબત અલ્લાહ અને તેના રસૂલ ﷺ વિરૂદ્ધ તો નથી !? આ બાબતને કુર્આનમાં એટલું સરળ બનાવી દીધું કે સામાન્ય વાંચતો લખતો વ્યક્તિ પણ પોતે જોઈને અને બિલકુલ અભણ અને અજ્ઞાની વ્યક્તિ સાંભળીને તેનો ફાયદો ઉઠાવી શકે છે. કુર્આને કરીમે પોતે એવું એ'લાન કર્યું છે, وَلَقَدْ يَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ તફસીર "મઆરિફુલ કુર્આન"માં સામાન્ય જનસમૂહને નજર સમક્ષ રાખીને વિદ્વતાપૂર્ણ અને ગહન ફિલસુફીપૂર્ણ વિગતો ઉલ્લેખવામાં નથી આવી. બલકે, તફસીરના ઈમામોના નિવેદનોમાં જેને સર્વમાન્ય રીતે સર્વગ્રાહી સ્વીકૃતિ પ્રાપ્ત છે તે પ્રમાણેની તફસીરનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને અમુક અમુક સ્થળોએ આવશ્યકતા અનુસાર થોડીક ચર્ચા પણ લખી દીધી છે, તો પણ એ બાબત ધ્યાનમાં રાખીને જ આવું કરવામાં આવ્યું છે કે, માત્ર

વિદ્વવતાપૂર્ણ વ્યાખ્યાઓ, અર્થઘટનો અને પ્રખ્યાત ન હોય તેવા અસામાન્ય અઘરા શબ્દો ન આવે અને એટલા માટે એવા વિદ્વવતાપૂર્ણ ઉલ્લેખોને છોડી દેવામાં આવ્યા છે જે સામાન્ય જનસમૂહ માટે બિનજરૂરી અને તેમના બૌદ્ધિક સ્તર કરતાં ઉચ્ચ કક્ષાનું હોય.

(બ) આધારભૂત પ્રમાણો દ્વારા પ્રમાણિત અને ભરોસાપાત્ર તફસીરોમાંથી એવા વિષયોને મહત્ત્વ આપીને ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે વ્યક્તિના હૃદયમાં કુર્આનની ઈજ્જત, પ્રતિષ્ઠા તથા અલ્લાહ અને તેના રસૂલ ﷺની ઈજ્જત અને મહોબ્બતને વધારતા હોય અને કુર્આન પર અમલ કરવા માટે અને પોતાની સુધારણા કરવા માટે પ્રેરણા આપતા હોય.

(ક) એ બાબત પર કૌમોનું ઈમાન છે કે, કુર્આન કાયમ સુધી આવનારી નસ્લો (પેઢીઓ)ના માર્ગદર્શન માટે નાઝિલ થયું છે અને કયામત સુધી પેદા થનારી તમામ સમસ્યાઓનો હલ તેમાં મૌજૂદ છે. માત્ર શરત એટલી છે કે, કુર્આન શરીફને રસૂલુલ્લાહ ﷺના વર્ણનો (હદીષો)ના ખુલાસાઓના પ્રકાશમાં જોવામાં અને પઢવામાં આવે અને તેમાં ચિંતનપૂર્વક વિચારણા કરવામાં આવે. એટલા માટે દરેક યુગમાં તફસીરના વિદ્વવાનોએ પોત-પોતાની તફસીરોમાં તે નવી'નવી બાબતો અને સમસ્યાઓની ચર્ચા પર ભાર મૂક્યો છે, જે તેમના સમયમાં ઉત્પન્ન થઈ હોય અથવા નાસ્તિકો અને બાતિલ શક્તિઓ દ્વારા શંકાઓ ઉપસ્થિત કરવામાં આવી હોય. એટલા માટે મધ્ય યુગની તફસીરોમાં મોઅતઝિલા, ઝહમિય્યા, સફવાનિયા વગેરે ફિરકાઓના રદિયા અને તેમની શંકાઓના નિવારણ પ્રચુર માત્રામાં જોવા મળે છે. નાચીઝે પણ આ જ સિદ્ધાંત પ્રમાણે એવી જ સમસ્યાઓ અને ચર્ચાને મહત્ત્વ આપ્યું છે જે વર્તમાન યુગના "મેસન" (ધર્મવિરોધી ગુપ્ત સંગઠનો) તરફથી ઉપસ્થિત કરવામાં આવી છે અથવા આ યુગના નાસ્તિકો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ "મુસ્તશ્રિકીન" (તે પશ્ચિમના નાસ્તિકો, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ કે જે પૂર્વીય ભાષાથી વાકેફ છે) દ્વારા મુસલમાનોના દિલોમાં શંકા-કુશંકા પૈદા કરવા માટે ઊભી કરવામાં આવે છે, ઉપરાંત આધુનિક સમસ્યાઓના નિવારણ માટેના પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે કે, કુર્આન તથા સુન્નત અથવા ઉમ્મતના ફકીહો (ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ)ના

નિવેદનોમાં તેનો કોઈ પુરાવો મળે અથવા ઓછામાં ઓછું તેનું કોઈ દષ્ટાંત મળે અને અલ્હમ્દુલિલ્લાહ! તેમાં સફળતા પણ મળી. આવી સમસ્યાઓમાં અન્ય સમકાલીન ઉલમાથી સલાહ મશ્વેરો પણ કર્યો છે તથા નાસ્તિકોની શંકા-કુશંકાના રદિયા માટે પણ ખૂબ પ્રયત્નો કર્યા છે જેથી જવાબો સંતોષકારક રહે અને આ જવાબદારી માટે ખુદ ઈસ્લામી મસ્અલાઓમાં આધુનિક વ્યાખ્યાઓ પ્રમાણે અર્થઘટનો કરવાની પદ્ધતિ અપનાવવામાં આવી છે. આ બધું મારી જાણકારી તથા મારા પ્રયત્નોની મર્યાદા સુધી છે, જેમાં ઘણી ભૂલો અને ક્ષતિઓની સંભાવના છે. અલ્લાહ તઆલા મા'ફ કરે અને તેની સુધારણાનો માર્ગ બતાવે.

ઉપરોક્ત પ્રમાણેની જરૂરી અને અગત્યની બાબતોની કાળજી લેવાના કારણે "તફસીરે મઆરિફુલ કુર્આન" નીચે પ્રમાણેની કેટલીક બાબતોનો સર્વગ્રાહી નમૂનો બની ગઈ. અલ્હમ્દુલિલ્લાહ !

(૧) કુર્આન શરીફના બે પ્રમાણિત અનુવાદો એક હઝરત શયખુલ હિન્દ (રહ.)નો, જે વાસ્તવમાં શાહ અબ્દુલ કાદિર સાહેબ (રહ.)નો અનુવાદ છે અને બીજો હકીમુલ ઉમ્મત હઝરત થાનવી (રહ.)નો અનુવાદ છે.

(૨) "ખુલાસ-એ-તફસીર" જે વાસ્તવમાં "બયાનુલ કુર્આન"નો સરળ ખુલાસો છે, તેને અલગથી કુર્આન મજીદના હાસિયા પર પ્રકાશિત કરી લેવામાં આવે તો જેમની પાસે ફુરસદ છે તેમના માટે કુર્આન શરીફ સમજવાનું આધારભૂત અને ઉત્તમ માધ્યમ સાબિત થશે. તેણે એક અન્ય આવશ્યકતા પણ પૂર્ણ કરી દીધી જેને મારા ભાઈ મવલાના બદરે આલમ મુહાજિર (રહ.)એ મદીના મુનવ્વરહના અલ્લામહ ફરીદ વજ્દી (રહ.)ની એક ટૂંકી તફસીર કુર્આનના હાસિયા ઉપર બતાવીને મારું ધ્યાન દોર્યું હતું કે, કાશ ! ઉર્દૂમાં પણ કોઈ આવી તફસીર હોત, જે આ પ્રમાણે ટૂંકી અને સરળ હોત ! અલ્લાહ તઆલાએ આ તમન્ના પણ પૂરી કરી દીધી. આ બંને બાબતો અકાબિર ઉલમાથી પ્રમાણિત અને પ્રખ્યાત છે.

(૩) ત્રીજી બાબત "મઆરિફ" અને "મસાઈલ" છે, જે મુજ નાચીઝ સાથે સંબંધ ધરાવે છે અને મારી મહેનતોનું પરિણામ ગણાય છે. અલ્હમ્દુલિલ્લાહ ! એમાં પણ મારૂં પોતાનું કશું નથી, બધું જ ઉમ્મતના અગાઉના ઉલમાએ

હક્કની નકલ છે. વર્તમાન સમયના વિદ્વવાનો અને લેખકો એવી ચિંતામાં લાગેલા રહે છે કે, પોતાના તરફથી કોઈ નવું સંશોધન અથવા નવી વસ્તુ રજૂ કરે, પરંતુ અલ્લાહ તઆલાનો શુક્ર છે કે એમાં પણ મારૂં પોતાનું કશું નથી.

ایں ہمہ گفتیم ولیک اندر بیچ ؛ بے عنایاتِ خدا ہیچیم و ہیچ

નાચીઝ મુહમ્મદ શફીઅ,
ખાદિમ : દારૂલ ઉલૂમ કરાચી,
૨૫ શાબાન હિજરી સન ૧૩૯૨

Jehangir Gulamnabi Hakim
1412, Near Topiwala's Pole Kalupur,
AHMEDABAD - 380001.
Mo. - 09228720591
jehangirhakim@gmail.com
jehangirhakim@ymail.com

પ્રકરણ : ૧

સૂરએ ફાતિહા (THE OPENING)

(આ મક્કી સૂરત છે, જેમાં સાત આયતો છે.)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

સૂરએ ફાતિહાની ફઝીલતો (Merits) અને વિશેષતાઓ :

સૂરએ ફાતિહાને કુર્આન શરીફમાં ઘણી વિશેષતાઓ પ્રાપ્ત છે. કુર્આનનો આરંભ તેનાથી થાય છે, નમાઝ તેનાથી શરૂ થાય છે, અને નાઝિલ થવાના (ઊતરવાના) ક્રમમાં આ જ સૂરત સૌ પ્રથમ પૂરેપૂરી નાઝિલ થઈ હતી. સૂરએ "ઈકરઅ્", "મુઝઝમ્મિલ" અને "મુદસ્સિર"ની અમુક આયતો ચોક્કસ તેનાથી પહેલાં નાઝિલ થઈ ચૂકી હતી, પરંતુ સંપૂર્ણ સૂરત સ્વરૂપે સૌ પ્રથમ સૂરએ "ફાતિહા" ઉતારવામાં આવી છે, સહાબા (રદિયલ્લાહુ તઆલા અન્હુમ) દ્વારા સૂરએ "ફાતિહા" સૌ પ્રથમ ઊતરવાના ઉલ્લેખનો અર્થ લગભગ એવો છે કે, અન્ય કોઈ સૂરત તેનાથી પહેલાં "સંપૂર્ણ" ઊતરી ન હતી. કદાચ આ જ કારણથી આ સૂરતનું નામ પણ "ફાતિહતુલ કિતાબ" (કુર્આન શરીફની શરૂઆત કરનાર) રાખવામાં આવ્યું છે.

બીજી વિશેષતા એ છે કે, આમ તો સંપૂર્ણ કુર્આનનો હેતુ ઈમાન (આસ્થા–શ્રદ્ધા–વિશ્વાસ) અને ઉચ્ચ નીતિમત્તાના કાર્યો ઉપર આધાર રાખે છે. તેમ છતાં આ સૂરત એક રીતે આખા કુર્આન શરીફનું હાર્દ છે અને સમગ્ર કુર્આન શરીફ તેનું વિવરણ છે !

ઉપરોક્ત પાયાના સિદ્ધાંતોનો આ સૂરતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. "તફસીરે રૂહુલ મઆની" અને "રૂહુલ બયાન"માં તેનો વિગતવાર ઉલ્લેખ થયો

છે. આ કારણથી સૂરએ ફાતિહાનું નામ "ઉમ્મુલ કુર્આન" (કુર્આનનો આધાર), "ઉમ્મુલ કિતાબ" (કિતાબનો આધાર) અને "કુર્આને અઝીમ" પણ સહીહ હદીષો (પ્રમાણભૂત આધારો દ્વારા પ્રમાણિતપણે પ્રાપ્ત થયેલ આપ ﷺના નિવેદનો અને તેમના જીવનકાળ દરમિયાન તેમણે કરેલી પ્રવૃત્તિઓ અને કાર્યો તથા કોઈ કાર્ય આપ ﷺ સામે કરવામાં આવ્યું હોય અને આપ ﷺએ તે કાર્ય કરવાથી રોક્યા ન હોય તો તેને હદીષ કહે છે.) દ્વારા હોવાનું વર્ણવાયું છે.

(કુર્તુબી)

કુર્આન શરીફની તિલાવતનો તથા તેના અભ્યાસનો પ્રારંભ કરનાર વ્યક્તિ માટે આ સૂરતમાં એક વિશેષ સૂચના આપવામાં આવી છે કે, પોતાની અત્યાર સુધીની વિચારસરણી અને માન્યતાઓથી દિમાગને ખાલી કરી (તટસ્થ થઈ) માત્ર અને માત્ર સચ્ચાઈની પ્રાપ્તિ અને સત્ય માર્ગના સંશોધન માટે આ કિતાબ (કુર્આન)ને પઢે અને અભ્યાસ કરી વિચારે, તથા અલ્લાહ તઆલાથી આ દુઆ પણ કરે કે, તેને "સિરાતે મુસ્તકીમ" (સીધો અને સત્ય માર્ગ) પ્રાપ્ત થાય. શરૂઆતની આ સૂરત પાક જાત (અલ્લાહ)ની સ્તુતિ (વખાણ)નું વર્ણન છે, જેના દરબારમાં માર્ગદર્શન માટેની વિનંતી અને દરખાસ્ત કરવામાં આવે છે, અને આ જ દરખાસ્તના જવાબરૂપે સંપૂર્ણ કુર્આન શરીફ પ્રસ્તુત છે. જે "અલિફ લા'મ મી'મ, ઝાલિકૂ લ કિતાબુ" الٓـمٓ ، ذٰلِكَ الْكِتٰبُ થી શરૂ થાય છે. માનવજાતે અલ્લાહ તઆલાને સીધે સીધી માર્ગદર્શન (સિરાતે મુસ્તકીમ) માટેની દરખાસ્ત કરી હતી, તેના જવાબરૂપે "ઝાલિકૂ લ કિતાબુ" ذٰلِكَ الْكِتٰبُ(આ કુર્આન) કહીને ઈશારો કરી આપવામાં આવ્યો કે, જેની તમે માંગણી કરી રહ્યા છો તે આ કુર્આનમાં મૌજૂદ છે !

રસૂલે અકરમ ﷺ કહ્યું કે, "કસમ છે તે પાક જાતની, જેના કબજામાં મારો જીવ છે કે, સૂરએ ફાતિહા સમકક્ષ (સૂરત) ન "તવરાત"માં નાઝિલ થઈ, ન "ઈન્જીલ" (બાઈબલ)માં અને ન (જ) "ઝબૂર"માં. અને ન તો "કુર્આન શરીફ"માં બીજી કોઈ સૂરત તેનું ઉદાહરણ છે."

(રવાહુત્તિરમિઝી અન અબી હુરયરા રદિ. વકા લ હસન સહીહુલ હાકિમ વ કાલ સહીહ અલશ્શર્ત મુસ્લિમ, મિન મઝહરી).

અને આપ ﷺએ ફરમાવ્યું કે, "સૂરએ ફાતિહા દરેક બીમારીની શિફા (ઉપચાર–Cure) છે."

(રવાહુલ બયહકી ફી શો'અબુલ ઈમાન બિ સનદિ ન સહીહિન મઝહરી)

સૂરએ ફાતિહાનું એક નામ હદીષમાં "સૂરએ શિફા" પણ આવ્યું છે. કુર્તુબી અને સહીહ બુખારીમાં હઝરત અનસ (રદિ.)ની રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "કુર્આને કરીમની બધી સૂરતોમાં મહાનતમ્ (સૂરત) اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ અલ્હમ્દુલિલ્લાહી રબ્બિલ આલમીન છે."

(કુર્તુબી)

———————

﴿بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط﴾

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط કુર્આનની એક આયત છે :

ઈસ્લામમમાં આસ્થા ધરાવનારા તમામ લોકો સર્વાનુમતે بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط ને "સૂરએ નમ્લ"નો એક ભાગ માને છે અને "સૂરએ તવબહ" સિવાય કુર્આન શરીફની દરેક સૂરતની શરૂઆતમાં بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ લખવામાં આવે છે. "અઈમ્મએ મુજતહિદીન" (પ્રમાણિક સંશોધનકાર ઈમામો–વિદ્વવાનો જેમને આવી બાબતોમાં પોતાનો અભિપ્રાય આપવાનો અધિકાર છે.)નો بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط "સૂરએ ફાતિહા" અથવા કુર્આનની કોઈ અન્ય સૂરતનો ભાગ હોવા બાબતે મતભેદ છે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ્‌મતુલ્લાહિ અલયહી)નો અભિપ્રાય છે કે, بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط "સૂરએ નમ્લ" સિવાય અન્ય કોઈ સૂરતનો ભાગ નથી બલકે, પ્રત્યેક સૂરતની શરૂઆતમાં બે સૂરતોની વચ્ચે તેમને અલગ બતાવવા માટે નાઝિલ થયેલી (ઉતારવામાં આવેલી) એક સ્વતંત્ર આયત છે.

તિલાવતે કુર્આન અને પ્રત્યેક મહત્ત્વના કામને بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط થી શરૂ કરવાનો આદેશ :

જહાલતકાળમાં પોતાના કામો મૂર્તિઓના નામો લઈ શરૂ કરવાનો રિવાજ હતો. અજ્ઞાનતાના આ રિવાજને દૂર કરવા માટે હઝરત જિબ્રઈલે અમીન (અલહિસ્સલામ) કુર્આનને અલ્લાહના નામથી શરૂ કરવાનો આદેશ આપતી કુર્આન શરીફની પ્રથમ આયત اِقْرَاْ بِاسْمِ رَبِّكَ લઈને આવ્યા.

મહાન તફસીરકાર (વિવરણકાર) અલ્લામહ સુયૂતી (રહ.) કહે છે કે, "કુર્આન શરીફ તથા અન્ય આસમાની કિતાબો પણ بِسْمِ اللّٰهِથી શરૂ કરવામાં આવી હતી," પરંતુ કેટલાક ઉલમા (વિદ્વવાનો) કહે છે કે, بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુર્આન શરીફ અને હઝરત મુહમ્મદ ﷺની ખાસ વિશેષતા છે. આ બંને અભિપ્રાયોમાં એ રીતે સહમતિ સાધી શકાય કે, બધી જ આસમાની કિતાબોની શરૂઆત بِسْمِ اللّٰهِ થી થવાની બાબત સામાન્ય છે, પરંતુ કુર્આન શરીફની શરૂઆત

વિશેષરૂપે بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ થી થઈ છે. જેમકે, અમુક રિવાયતોથી સાબિત થાય છે કે, આપ ﷺ શરૂઆતમાં દરેક કાર્યનો આરંભ بِاسۡمِكَ اللّٰهُمَّ (બિઈસ્મિક અલ્લાહુમ્મ) કહીને તથા લખીને કરતા હતા, પરંતુ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ આયત ઊતર્યા પછી તેમણે આ શબ્દોને અપનાવ્યા અને કાયમ માટે આ સુન્નત ચાલુ થઈ ગઈ. [જે કાર્ય કરવાનો આદેશ આપ ﷺએ આપ્યો હોય અથવા તો જે કાર્ય આપ ﷺ એ પોતે કર્યું હોય અથવા આપ ﷺની સામે કોઈ કાર્ય થયું હોય અને આપ ﷺએ તેની મૌખિક અથવા મૂક સહમતિ આપી હોય તેને સુન્નત કહેવામાં આવે છે.]

(કુર્તુબી વ રૂહુલ મઆની)

કુર્આન શરીફમાં વારંવાર દરેક કાર્યને અલ્લાહના નામથી શરૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે અને રસૂલુલ્લાહ ﷺ પણ ફરમાવે છે કે, જો કોઈ મહત્ત્વનું કામ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ થી કરવામાં નહિ આવે, તો તેમાં બરકત (ભલીવાર) રહેતી નથી.

એક હદીષ (Tradition)માં કહેવામાં આવ્યું છે કે, "ઘરનો દરવાજો બંધ કરો, બત્તી બુઝાવો, વાસણ ઢાંકો તો بِسۡمِ اللّٰهِ કહો." એ જ રીતે જમવાનું શરૂ કરો, પાણી પીઓ, વુઝૂ કરો, સવારી ઉપર સવાર થાઓ અને ઊતરો તો તે સમયે بِسۡمِ اللّٰهِ કહેવાની સૂચના કુર્આન અને હદીષમાં વારંવાર આવી છે.

(કુર્તુબી)

પ્રત્યેક કાર્ય بِسۡمِ اللّٰهِથી શરૂ કરવાની વિવેકબુદ્ધિ :

ઈસ્લામે પ્રત્યેક કાર્યને بِسۡمِ اللّٰهِ થી શરૂ કરવાની સૂચના આપીને મનુષ્યના સમગ્ર જીવનની દિશા અલ્લાહ તઆલા તરફ ફેરવી દીધી છે, જેથી તે ડગલેને પગલે અલ્લાહની વફાદારીના કરારને તાજો કરતો રહે કે, મારૂં અસ્તિત્વ અને મારૂં કોઈપણ કાર્ય અલ્લાહની ઈચ્છા તથા મરજી અને તેની મદદ વગર થઈ નથી શકતું, જેણે મનુષ્યના પ્રત્યેક હલન-ચલન અને તમામ દુનિયવી તથા કારોબારી (આર્થિક લેવડ-દેવડ, વેપાર-ધંધો વગેરે) કાર્યોને પણ એક ઈબાદત બનાવી દીધી છે.

અમલ કેટલો નાનો છે ! એમાં ન તો સમય વપરાય છે, ન જ મહેનત પડે

છે પરંતુ ફાયદો એટલો મોટો કે, દુનિયા પણ દીન બની ગઈ ! એક ગૈરમુસ્લિમ પણ ખાય–પીએ છે, અને એક મુસલમાન પણ ! પરંતુ મુસલમાન પોતાનો કોળિયો લેતાં પહેલાં بِسْمِ اللّٰہِ કહીને કબૂલાત કરે છે કે, આ કોળિયો પૃથ્વી પર વનસ્પતિરૂપે ઉત્પન્ન થવાથી માંડી ખોરાક સ્વરૂપે તૈયાર થવા સુધીમાં તેના માટે પૃથ્વી, આકાશ, સૂર્ય, હવા, પર્યાવરણ વગેરે સૃષ્ટિની શક્તિઓ, પછી લાખો મનુષ્યોની મહેનતો પણ કામે લાગી છે. આ કોળિયાને હું મારી શક્તિથી પ્રાપ્ત કરી શકવા સમર્થ ન હતો, પરંતુ અલ્લાહે જ આ બધા તબક્કાઓમાંથી પસાર કરી આ કોળિયો અથવા પાણીનો ઘુંટડો મને અર્પણ કર્યો છે. મો'મિન (ઈસ્લામમાં આસ્થા–ઈમાન ધરાવનાર, મુસલમાન) અને ગૈરમુસ્લિમ બંને સૂઈ જાય છે, જાગે છે ! પરંતુ દરેક મો'મિન સૂતા પહેલાં અને ઊઠતી વખતે અલ્લાહનું નામ લઈ, અલ્લાહ સાથેના પોતાના સંબંધને તાજો કરે છે, જેનાથી મો'મિનના દુનિયવી અને આર્થિક વહેવારો પણ ઈબાદત (બંદગી) બની જાય છે. મો'મિન વાહન ઉપર સવાર થતી વખતે بِسْمِ اللّٰہِ કહીને સાક્ષી આપે છે કે, આ વાહનને બનાવી મારી સેવામાં ઉપસ્થિત કરી મારા કબજામાં સોંપી દેવું મનુષ્યની શક્તિ બહારની બાબત છે. અલ્લાહ રબ્બુલ ઈજ્જતના સૃષ્ટિના વ્યવસ્થાપન કાર્યનું જ આ ફળ છે કે, ક્યાંનું લાકડું, ક્યાંનું લોખંડ, ક્યાં–ક્યાંની વિવિધ ધાતુઓ, ક્યાંના કારીગરો, ક્યાં–ક્યાંના એન્જિનિયરો, ડ્રાઈવરો, મજૂરો મારી સેવામાં લાગેલા છે અને માત્ર થોડાક રૂપિયા ખર્ચીને આટલી બધી અલ્લાહની બનાવેલી મખ્લૂક (સૃષ્ટીના સજીવ–નિર્જીવ પદાર્થો)ની સેવાઓ મારા કામમાં લાગી ગઈ છે, અને આ પૈસા પણ અમે પોતાની સાથે દુનિયામાં લાવ્યા ન હતા ! બલકે, તેને કમાવા માટેના સબબો (માધ્યમો) પણ આ દુનિયામાં અલ્લાહે જ ઉત્પન્ન કર્યા છે. થોડો વિચાર કરો ! કે, ઈસ્લામના ફક્ત આ સામાન્ય લાગતા શિક્ષણે મનુષ્યને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધો ! બલકે, بِسْمِ اللّٰہِ ની ફોર્મ્યુલા વડે ફક્ત તાંબુ જ નહિ, પરંતુ ધૂળ પણ સોનું બની શકે છે.

فَلِلّٰہِ الْحَمْدُ عَلٰی دِیْنِ الْاِ سْلَامِ وَتَعْلِیْمَاتِہٖ

કાયદો (નિયમ–મસઅલો–Ruling) :

કુર્આનની તિલાવત શરૂ કરતાં પહેલાં اَعُوْذُ بِاللّٰہِ مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ (અઊઝુબિલ્લાહિમિનશ્શયતાનિર્રઝીમ) [હું શયતાન મરદૂદથી અલ્લાહની પનાહ

માંગુ છું] અને ત્યાર બાદ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ (બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ) [અલ્લાહના નામથી શરૂ કરું છું, જે ઘણો જ દયાળુ અને કૃપાળુ છે] પઢવું સુન્નત છે અને તિલાવત દરમિયાન પણ "સૂરએ બરાઅત" સિવાય અન્ય તમામ સૂરતોની શરૂઆતમાં بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط (બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ) પઢવું સુન્નત છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط (બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ)ની તફસીર (વિવરણ):

بِسْمِ اللّٰهِ (બિસ્મિલ્લાહ), આ વાક્યનો ટૂકડો ત્રણ શબ્દોથી બનેલો છે. એક શબ્દ بَا (બા) બીજો اسم (ઈસ્મ) અને ત્રીજો اَللّٰهُ (અલ્લાહ) છે.

بـ (બા) શબ્દનો અરબી ભાષામાં વિવિધ અર્થોમાં ઉપયોગ થાય છે. તેમાંથી ત્રણ અર્થો અહીંયાં બંધ બેસે છે, તે ત્રણ અર્થોમાંથી કોઈ એક અર્થ લેવો અત્રે યોગ્ય છે.

(૧) સંબંધ માટે : એટલે કોઈ એક બાબતનું અન્ય બાબતની સાથે જોડાણ હોવું. **(૨) મદદ માટે :** એટલે કોઈ વસ્તુની મદદ લેવી. **(૩) તબર્રુક (બરકત) માટે :** એટલે કોઈ વસ્તુથી લાભ ઉઠાવવો.

اسم (ઈસ્મ) શબ્દના શાબ્દિક અને વિદ્વતાપૂર્ણ ખુલાસાઓ ઘણા છે, જેને જાણવું સામાન્ય જનસમૂહ માટે જરૂરી નથી. ઉર્દૂમાં તેનો અર્થ નામ થાય છે, બસ એટલું સમજી લેવું પૂરતું છે.

الله (અલ્લાહ), શબ્દ અલ્લાહના નામોમાં સૌથી મોટું અને સર્વગ્રાહી નામ છે અને અમુક ઉલમા (વિદ્વાનો) તેને اسم اعظم "ઈસ્મે આ'ઝમ" (હદીષની રિવાયતો પ્રમાણે) કહે છે. અને આ નામ અલ્લાહ સિવાય કોઈ બીજાનું હોઈ જ નથી શકતું, એટલા માટે આ શબ્દ "બેવચન" (વાહિદ, તસ્નિય્યહ, જમઅ્-અરબીમાં એકવચન, બેવચન અને બહુવચન હોય છે) અથવા "બહુવચન"માં હોતો નથી. અલ્લાહ માત્ર એક જ છે, તેનો કોઈ ભાગીદાર નથી, અલ્લાહનું નામ સર્વ પ્રકારના ગુણો અને માલિકીપણાના લક્ષણો સાથે અજોડ અને એકમાત્ર જ છે.

આ કારણથી بِسْمِ اللّٰهِ (બિસ્મિલ્લાહ)નો અર્થ بَ (બા) શબ્દના ઉપરોક્ત

પ્રમાણેના ત્રણ અર્થોના ક્રમમાં નીચે મુજબ થાય છે.

– અલ્લાહના નામની સાથે.

– અલ્લાહના નામની મદદ દ્વારા.

– અલ્લાહના નામની બરકત (Blessing) વડે.

જ્યાં સુધી અલ્લાહના નામની સાથે અથવા તેના નામની મદદ દ્વારા અથવા અલ્લાહના નામની બરકત વડે શું કામ કરવા જઈ રહ્યા છો તેનો ઉલ્લેખ કરવામાં ન આવે ત્યાં સુધી આ ત્રણે પરિસ્થિતિઓમાં આ વાક્ય અધૂરું હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. એટલા માટે વ્યાકરણના નિયમ પ્રમાણે કોઈ ક્રિયા શરૂ થવા જઈ રહી છે એવી જાહેરાત આ વાક્ય દ્વારા થાય છે. દાખલા તરીકે, "શરૂ કરું છું અથવા પઢું છું અલ્લાહના નામની સાથે."

ક્રિયાને કર્તરી પ્રયોગ બનાવી દેવાથી, વાસ્તવમાં જે ક્રિયા અલ્લાહના નામથી શરૂ થઈ રહી છે તે ક્રિયાનો ઉલ્લેખ પણ અલ્લાહના નામ પહેલાં ન થવો જોઈએ અને એટલા જ માટે અરબી વ્યાકરણના નિયમ પ્રમાણે ફક્ત بـــ (બા) શબ્દનું અલ્લાહના નામ પહેલાં આવવું અનિવાર્ય હતું. તેમાં પણ હઝરત ઉસ્માન (રદિ.)ની હસ્તપ્રતમાં તમામ સહાબાઓ (રદિ.)ની સર્વસહમતિથી વ્યાકરણની દષ્ટિએ લખવાની પદ્ધતિમાં છૂટ લેવામાં આવી. بِ (બા) વ્યાકરણની દષ્ટિએ الف (અલીફ–હમ્ઝા)ની સાથે મેળવીને લખાવું જોઈતું હતું, અને اســـــم (ઈસ્મ) અલગથી લખાવું જોઈતું હતું, દા.ત. بِـــاسْـمِ اللّٰه (બિઈસ્મિલ્લાહ) પરંતુ હઝરત ઉસ્માન (રદિ.)ની હસ્તપ્રતમાં الف (અલિફ –હમ્ઝા)ને સુષુપ્ત રાખી શબ્દ بـــ (બા)ને س (સીન) સાથે મેળવી દઈ તેને اســم (ઈસ્મ)નો અભિન્ન અંગ બનાવી દીધો જેથી શરૂઆત અલ્લાહના નામથી થાય જેમકે, بِسْمِ اللّٰه (બિસ્મિલ્લાહ).

અને بـ (બા)ને س (સીન) સાથે મેળવીને લખવાની વ્યાકરણની છૂટ ફક્ત بِسْمِ اللّٰه (બિસ્મિલ્લાહ) શબ્દ માટે જ વિશેષરૂપે લેવામાં આવી છે, અન્ય ઠેકાણે اَلِف (અલિફ)ને સુષુપ્ત રાખવામાં આવતો નથી. દાખલા તરીકે, اِقْرَأْ بِاسْمِ رَبِّكَ (ઈકરઅ્ બિસ્મિ રબ્બિક)માં ب (બા)ને اَلِفْ (અલિફ) સાથે લખવામાં આવે છે.

الـرَّحْـمٰـنِ الـرَّحِيْـم (અર્રહમાનિર્રહીમ) આ બંને અલ્લાહની સિફતો (લાક્ષણિકતાઓ–ગુણો) છે. رَحْـمٰـنِ (રહમાન)નો અર્થ પરમ (અમર્યાદ) કૃપાળુ

عَامُّ الرَّحْمَةُ (આમ્મુર્રહમહ્) છે અને رَحِيم (રહીમ)નો અર્થ સંપૂર્ણ રહમતો, કૃપાઓ અને દયાઓ تَامُّ الرَّحْمَةُ (તામ્મુર્રહમહ્)નો થાય છે. عَامُّ الرَّحْمَةُ (આમ્મુર્રહમહ્) એટલે સમગ્ર સૃષ્ટિ, સમગ્ર વિશ્વ, બ્રહ્માંડ અને જે કંઈ અત્યાર સુધી અસ્તિત્વમાં આવ્યું અને છે તથા હવે પછી અસ્તિત્વમાં આવશે તે તમામ ઉપર તેની દયા અને અમર્યાદિત કૃપા છવાયેલી છે અને تَامُّ الرَّحْمَةُ (તામ્મુર્રહમહ)નો અર્થ તેની કૃપા અને દયા સંપૂર્ણ (Complete - Perfect) છે. એ જ કારણે رَحْمٰن (રહમાન) શબ્દ અલ્લાહ જલ્લ શાનુહૂ માટે જ ખાસ વાપરવામાં આવે છે. અલ્લાહ સિવાય અન્ય કોઈને પણ رَحْمٰن (રહમાન) કહેવું જાઈઝ નથી કારણ કે, અલ્લાહ તઆલા સિવાય કોઈ પણ એવો નથી હોઈ શકતો જેની રહમત (કૃપા) સમગ્ર બ્રહ્માંડ પર તથા સમગ્ર સૃષ્ટિના પ્રત્યેક અણુએ અણુ પર અમર્યાદિત સ્વરૂપે છવાયેલી હોય ! رحْمٰن (રહમાન) શબ્દ ફક્ત અલ્લાહ તઆલા માટે જ ખાસ વાપરવામાં આવતો હોવાના કારણે الله (અલ્લાહ) શબ્દની જેમં તેનું બેવચન કે બહુવચન હોતું નથી બલકે, અહીંયાં બીજા કે ત્રીજાની કોઈ સંભાવના કે શક્યતાની કલ્પના કરવી પણ શક્ય નથી. (તફસીરે કુર્તુબી) તેનાથી ઊલટું رَحِيم (રહીમ) શબ્દનો અર્થ એવો છે કે તે ગુણ અલ્લાહના સર્જન (મખ્લૂક)માં પણ અમુક હદે જોવા મળી શકે છે. જેમકે, કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિ પર સંપૂર્ણ દયાનો વર્તાવ કરે એ શક્ય છે, માટે رحيم (રહીમ) શબ્દનો ઉપયોગ કોઈ વ્યક્તિ માટે પણ થઈ શકે છે. જેમકે, કુર્આન શરીફમાં આપ صلى الله عليه وسلم માટે وَكَانَ بِالْمُؤْمِنِيْنَ رَؤُفٌ رَّحِيْمٌ (વકાન બિલ્ મુઅ્ મિનીન રઊફુ ર્રહીમ)માં ઉપયોગ કરવામાં આવ્યો છે.

મસઅલો–Ruling) :

[ઉપરોક્ત બાબતથી સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે, વર્તમાન સમયમાં "અબ્દુર્રહમાન", "ફઝલુર્રહમાન" વગેરે નામો ટૂંકાવીને ફક્ત "રહમાન" કહીને સંબોધવામાં આવે છે, તે નાજાઈઝ અને ગુનોહ છે.] – ભારત

ખુલાસો :

بِسْمِ الله માં અલ્લાહ તઆલાના પવિત્ર નામો અને સિફતો (લાક્ષણિકતાઓ અને ગુણો)માંથી ફક્ત બે જ સિફતોનો ઉલ્લેખ થયો છે, અને તે

બંનેનો અર્થ અલ્લાહના કૃપાળુ હોવાની તથા તેના સર્વવ્યાપી હોવાની સાબિતી આપે છે. સ્પષ્ટ થાય છે કે, સમગ્ર વિશ્વ, બ્રહ્માંડ, સૃષ્ટિ, જમીન, આસમાન વગેરે બનાવવું તથા તેનું પોષણ કરવું અલ્લાહની ઈચ્છાને આધીન અને તેની રહમતના ગુણના કારણે છે. અલ્લાહને આ બધી વસ્તુઓની કોઈ જ આવશ્યકતા ન હતી, એ જ રીતે કોઈ અન્ય શક્તિએ સૃષ્ટિનું સર્જન કરવા માટે અલ્લાહને બાધ્ય નથી કરી, કે ફરજ નથી પાડી (નઊઝુબિલ્લાહ !). બલકે, સકળ બ્રહ્માંડ તથા સમગ્ર સૃષ્ટિનું સંચાલન અને વ્યવસ્થાપન તથા તેનું પાલન–પોષણ તેની રહમત (દયા–કૃપા)ને જ આભારી છે.

મસ્અલા અને બોધપાઠ (ગૂઢાર્થ) :

(તઅવ્વુઝ) અલ્લાહથી પનાહ માંગવાનો મસ્અલો (કાયદો) :

તઅવ્વુઝનો અર્થ اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ (અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિર્રઝીમ) પઢવું છે. કુર્આન શરીફમાં આદેશ છે કે, فَاِذَا قَرَاْتَ الْقُرْاٰنَ فَاسْتَعِذْ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ "માટે જ્યારે તમે કુર્આનની તિલાવત કરો (પઢો) તો અલ્લાહની પનાહ (શરણ) માંગો શયતાન મરદૂદ(ના ધિક્કારપાત્ર પ્રપંચો)થી."

કુર્આનની કિરાઅત શરૂ કરતાં પહેલાં તઅવ્વુઝ اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ (અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિર્રઝીમ) નમાઝમાં અથવા નમાઝ ન પઢતા હોય એવી પરિસ્થિતિમાં પણ પઢવું સુન્નત છે, આ બાબતે "ઈજમાઅ્" (સમગ્ર ઉમ્મતની સહમતિ) છે.

(શર્હે મુનિયા)

કુર્આનની તિલાવત શરૂ કરતાં પહેલાં તઅવ્વુઝ પઢવું કુર્આન શરીફની આગવી વિશેષતા છે. તિલાવત સિવાય અન્ય કાર્યોના આરંભ સમયે ફક્ત બિસ્મિલ્લાહ પઢવામાં આવે, તઅવ્વુઝ પઢવું સુન્નત નથી.

(આલમગીરી, પ્રકરણ : ૪, અલ કરાહિય્યહ)

જ્યારે કુર્આન શરીફની તિલાવત શરૂ કરવામાં આવે તે સમયે اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ (અઊઝુબિલ્લાહિ મિનશ્શયતા'નિર્રઝીમ) અને بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ (બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ) પઢવામાં આવે, જો તિલાવત

દરમિયાન એક સૂરત પૂરી થઈ જાય અને બીજી શરૂ થાય તો "સૂરએ બરાઅત" સિવાય દરેક સૂરતની શરૂઆતમાં اَعُوْذُ بِاللّٰہِ (અઊઝુબિલ્લાહ) ન પઢતાં માત્ર بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ط (બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ) પઢવામાં આવે. જો પઢતાં પઢતાં "સૂરએ બરાઅત" તિલાવત દરમિયાન આવી જાય તો ત્યાં بِسْمِ اللّٰہِ (બિસ્મિલ્લાહ) ન પઢે, પરંતુ જો તિલાવત "સૂરએ બરાઅત"થી જ શરૂ કરવામાં આવી રહી હોય તો اَعُوْذُ بِاللّٰہِ (અઊઝુબિલ્લાહ) અને بِسْمِ اللّٰہِ (બિસ્મિલ્લાહ) બંને પઢવું જોઈએ.] - જરૂરી મસ્અલા

(આલમગીરીયહ, મુહીત માંથી)

بِسْمِ اللّٰہِ (બિસ્મિલ્લાહ)ના આદેશો (હુકમો) :

[بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ط (બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ) કુર્આન શરીફની "સૂરએ નમ્લ"ના એક આયતના ભાગ સ્વરૂપે પણ છે અને પ્રત્યેક સૂરત (પ્રકરણ)ની શરૂઆતમાં એક આગવી આયત તરીકે પણ છે. એટલા માટે તેનું સન્માન કુર્આન શરીફ જેમ જ કરવું જરૂરી (વાજિબ) છે. તેને વુઝૂ વિના હાથ લગાવવો જાઈઝ નથી. (અલી મુખ્તાર અલ કરખી વ સાહિબુલ કાફી વલ હિદાયા, શર્હે મુનીયા) તદુપરાંત જનાબત (ગુસલ ફરજ હોય એવી હાલતમાં જેમકે સ્વપ્નદોષ વગેરે), સ્ત્રીના માસિકધર્મ અને નિફાસ (બાળક પૈદા થયા પછીની નાપાકીની હાલત) જેવી મોટી અશુદ્ધિ વખતે પાક થતાં પહેલાં (શરઈ તરીકા પ્રમાણેનું ગુસલ–સ્નાન કર્યા વગર) તિલાવત કરવી પણ જાઈઝ નથી. હા ! આવી પરિસ્થિતિમાં પણ કોઈ કાર્યની શરૂઆત કરતી વખતે જેમકે, ખાવા–પીવામાં "દુઆ" તરીકે પઢવું જાઈઝ છે.] – જરૂરી મસ્અલા

(શર્હે મુનિયા–કબીર)

મસ્અલો (કાયદો–Ruling) :

નમાઝમાં પહેલી બે રકા'તની શરૂઆતમાં اَعُوْذُ بِاللّٰہِ (અઊઝુબિલ્લાહ) પછી بِسْمِ اللّٰہِ (બિસ્મિલ્લાહ) પઢવું વાજિબ (જરૂરી) હોવા બાબતે ઈમામો સર્વસંમત છે. મતભેદ ફક્ત એ બાબતે છે કે, તેને મોટા અવાજે પઢવામાં આવે અથવા ધીમા અવાજે ? ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને બીજા ઘણા ઈમામો ધીમું પઢવાને અગ્રિમતા આપે છે.

પહેલી બે રકા'ત પછી બીજી રકા'તોની શરૂઆતમાં પણ بِسْمِ اللّٰهِ (બિસ્મિલ્લાહ) પઢવી સુન્નત હોવા બાબતે સહમતિ છે, અને અમુક રિવાયતોમાં દરેક રકા'તની શરૂઆતમાં بِسْمِ اللّٰهِ (બિસ્મિલ્લાહ) પઢવાને વાજિબ કહેવામાં આવ્યું છે.

(શર્હે મુનિયા)


નમાઝમાં "સૂરએ ફાતિહા" પછી સૂરત શરૂ કરતાં પહેલાં મોટેથી અથવા ધીમા અવાજે بِسْمِ اللّٰهِ (બિસ્મિલ્લાહ) પઢવું જોઈએ નહીં, આપ ﷺ અને ખુલફાએ રાશીદીન (પ્રથમ ચાર ખલીફા રદિ.) દ્વારા આવું કર્યાની કોઈ સાબિતી નથી. શર્હે મુનિયામાં આ બાબતે ઈમામ આ'ઝમ અને ઈમામ અબૂ યૂસુફ (રહ.)ના નિવેદનોનો ઉલ્લેખ થયો છે અને શર્હે મુનિયા, દુર્રે મુખ્તાર, બુરહાન વગેરેમાં તેને જ અગ્રિમતા આપવામાં આવી છે, પરંતુ ઈમામ મુહમ્મદ (રહ.)નું નિવેદન છે કે ધીમેથી તિલાવત થતી હોય તે નમાઝોમાં પઢવું વધુ સારૂં છે. અમુક રિવાયતોમાં આ નિવેદન હઝરત ઈમામ અબૂ હનીફા (રહ.)થી સંબંધિત હોવાનું પણ કહેવામાં આવ્યું છે અને શામીએ અમુક ફુકહા (ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ) દ્વારા તેની અગ્રિમતા વર્ણવી છે. "બેહિશ્તે ઝેવર"માં પણ આવું જ સ્વીકારવામાં આવ્યું છે, કોઈ પઢી લે તો "મકરૂહ" (તિરસ્કારને પાત્ર) નથી, તે બાબતે બધા સહમત છે.

(શામી)

Jehangir Gulamnabi Hakim
1412, Near Topiwala's Pole Kalupur,
AHMEDABAD - 380001.
Mo. - 09228720591
jehangirhakim@gmail.com
jehangirhakim@ymail.com

સૂરએ ફાતિહા (THE OPENING)

આ સૂરત (પ્રકરણ)માં સાત આયતો છે. સૂરએ ફાતિહા મક્કા મુકર્રમહમાં નાઝિલ થઈ, સૂરએ ફાતિહા એક રુકૂઅ્ છે.



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

સઘળા વખાણ (સ્તુતિ) અલ્લાહના માટે જ છે, જે તમામ દુનિયાઓનો માલિક છે. (૧) ઘણો જ (અમર્યાદ) કૃપાળુ અને દયાળુ છે. (૨) ન્યાયના દિવસનો માલિક છે. (૩) અમે ફક્ત તારી જ ઈબાદત કરીએ છીએ અને ફક્ત તારાથી જ મદદની યાચના કરીએ છીએ. (૪) અમને સીધા માર્ગ ઉપર ચલાવ. (૫) તે લોકોના માર્ગ ઉપર જેના ઉપર તારું ઈનામ થયું. (૬) અને તે લોકોના માર્ગથી બચાવ જેનાથી તું ક્રોધિત થયો અને જેઓ (સીધો–સત્ય) માર્ગ ભટકી ગયા. (૭)

તફસીર (વિવરણ) :

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ

સઘળા વખાણ (સ્તુતિ) અલ્લાહના માટે જ છે, જે તમામ દુનિયાઓનો માલિક છે.

[પ્રત્યેક સર્જન (મખ્લૂક) ભિન્ન–ભિન્ન જગત કહી શકાય છે દાખલા તરીકે, ફરિશ્તાઓની દુનિયા, માનવ જગત, જિન્નાતોની દુનિયા વગેરે.]

(ઉપરાંત સકળ બ્રહ્માંડમાં પૃથ્વી ગ્રહ સિવાય અન્ય ગ્રહો, નક્ષત્રો, તારાઓ, આકાશગંગાઓ વગેરે અનેક વિશ્વો આવેલા છે, તે બધાનો માલિક અલ્લાહ છે.)

الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

ઘણો જ (અમર્યાદ) કૃપાળુ અને દયાળુ છે.

مٰلِكِ يَوۡمِ الدِّيۡنِ

ન્યાયના દિવસનો માલિક છે.

[એનો અર્થ એ છે કે, કયામતના દિવસે દરેક વ્યક્તિને પોતાના કૃત્યોનો બદલો અવશ્ય મળશે]

اِيَّاكَ نَعۡبُدُ وَاِيَّاكَ نَسۡتَعِيۡنُ

અમે ફક્ત તારી જ ઈબાદત કરીએ છીએ અને ફક્ત તારાથી જ મદદની યાચના કરીએ છીએ.

اِهۡدِنَــــا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ

અમને સીધા માર્ગ ઉપર ચલાવ.

[સીધા (સત્ય) માર્ગનો અર્થ અહીંયાં "દીન"નો માર્ગ છે.]

صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ

તે લોકોના માર્ગ ઉપર જેને તેં ઈનામ આપ્યું.

[ઈનામનો અર્થ અહીંયાં "દીન"નું ઈનામ અર્પણ કરવાનો છે.]

غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَلَا الضَّآلِّيۡنَ

અને તે લોકોના માર્ગથી બચાવ જેનાથી તુ ક્રોધિત થયો અને જેઓ (સીધો–સત્ય) માર્ગ ભટકી ગયા.

[હિદાયતના માર્ગ (સીધા–સત્યમાર્ગ)થી ભટકી જવાના બે કારણો હોય છે. એક એ કે, સીધા–સત્ય માર્ગને શોધવાનો પ્રયત્ન જ ન કરવામાં આવે, اَلضَّآلِّیْنَ આવા લોકો માટે કહેવામાં આવ્યું છે, બીજું કારણ એ હોય છે કે, સીધો–સત્ય માર્ગ મળી જવા છતાં તેના ઉપર ન ચાલે. مَغْضُوْبِ عَلَيْهِمْ આવા લોકો માટે કહેવામાં આવ્યું છે કારણ કે, જાણતાં હોવા છતાં અવળા રસ્તે ચાલનાર અલ્લાહના વધારે ક્રોધપાત્ર બને છે.]

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ ફાતિહાના વિષયો :

સૂરએ ફાતિહા સાત આયતો પર આધારિત છે, જેમાંથી પહેલી ત્રણ આયતોમાં અલ્લાહ તઆલાના વખાણ અને સ્તુતિનું વર્ણન છે અને છેલ્લી ત્રણ આયતોમાં માનવો તરફથી દુઆની દરખાસ્ત અને વિનંતીનો ઉલ્લેખ છે. આ દરખાસ્ત અને વિનંતી અલ્લાહ પોતે જ પોતાના બંદાઓને શિખવાડે છે. વચ્ચેની એક આયતમાં ઉપરોક્ત બન્ને બાબતોનું મિશ્રણ છે. એ આયતમાં અલ્લાહ તઆલાના વખાણ અને સ્તુતિ પણ છે તથા માણસ તરફથી દુઆ અને યાચના પણ છે.

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ (રદિ.) વર્ણવે છે કે, "આપ ﷺ એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે નમાઝ (એટલે સૂરએ ફાતિહા) મારા અને મારા બંદાની વચ્ચે બે વિભાગોમાં વહેંચી દેવામાં આવી છે. અડધી મારા માટે અને અડધી મારા બંદાના માટે છે અને જે કંઈ પણ મારો બંદો માંગણી કરે છે તે તેને મળશે." રસૂલુલ્લાહ ﷺ એ કહ્યું કે, "બંદો જ્યારે કહે છે, اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ તો અલ્લાહ કહે છે કે, "મારા બંદાએ મારા વખાણ કર્યા છે" અને જ્યારે તે કહે છે, اَلرَّحْمٰنِ الرَّحِيْمِ તો અલ્લાહ તઆલા ફરમાવે છે, "મારા બંદાએ મારા વખાણ અને સ્તુતિનું વર્ણન કર્યું છે" અને જ્યારે બંદો કહે છે, مٰلِكِ يَوْمِ الدِّيْنِ તો અલ્લાહ તઆલા ફરમાવે છે, "મારા બંદાએ મારી મહાનતાનું વર્ણન કર્યું છે" અને જ્યારે બંદો કહે છે, اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ તો અલ્લાહ તઆલા ફરમાવે છે, "આ આયત મારી અને મારા બંદા વચ્ચે સરખી (Common) છે." કારણ કે, એમાં એક પાસું અલ્લાહના વખાણ અને સ્તુતિનું

છે, તો બીજું પાસું બંદાની દુઆ અને યાચના છે. તેની સાથે સાથે ફરમાન થાય છે કે, "મારા બંદાને તે વસ્તુ મળશે, જેની તેણે માંગણી કરી છે." પછી જ્યારે બંદો કહે છે, اِهْدِنَـــــــا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ (છેવટ સુધી) તો અલ્લાહ તઆલા કહે છે, "આ બધું મારા બંદા માટે છે અને તેને તે બધી વસ્તુઓ મળશે જેની તેણે માંગણી કરી છે."

(મઝહરી)

اَلْحَمْدُ لِلّٰهِ નો અર્થ એ છે કે, "સઘળા વખાણ અલ્લાહના માટે જ છે." એનો અર્થ એ થયો કે, જગતમાં કોઈપણ વસ્તુના વખાણ થતા હોય તો વાસ્તવમાં તે અલ્લાહના જ વખાણ છે. કારણ કે, આ અદ્‌ભૂત જગતમાં હજારો આકર્ષક દશ્યો, લાખો મનમોહક સૌંદર્યપૂર્ણ નજારાઓ તથા કરોડો લાભદાયક પદાર્થો મનુષ્યને દરેક સમયે પોતાના તરફ આકર્ષિત કરતા રહે છે અને તેના વખાણ કરવા માટે મજબૂર કરે છે. જો આ દષ્ટિને થોડીક બદલવામાં આવે અને ચિંતન કરવામાં આવે તો આ બધી વસ્તુઓના સર્જન પાછળ માત્ર એક અલ્લાહની જ કુદરતનો કરિશ્મો (ચમત્કાર) દષ્ટિગોચર થાય છે. જ્યારે દુનિયામાં કોઈ વસ્તુના વખાણ કરવામાં આવે, જેમકે કોઈ ચિત્ર, ડિઝાઈન અથવા કોઈ કારીગરના સર્જનના વખાણ થાય ત્યારે હકીકતમાં આ વખાણ તો ચિત્ર બનાવનાર ચિત્રકાર, ડિઝાઈન બનાવનાર ડિઝાઈનર અથવા તો કલાકારના જ છે. બસ, એ જ પ્રમાણે કુર્આનના આ વાક્યએ વિવિધતાના મહાસાગરમાં ડૂબકીઓ લગાવતા મનુષ્ય માટે વાસ્તવિકતાના દ્વાર ખોલી બતાવી દીધું છે કે, સૃષ્ટિની આ બધી જ વિવિધતાનો એકમાત્ર સ્ત્રોત હક્ક તઆલા શા'નહુ છે અને સમગ્ર વખાણ હકીકતમાં આ એક સર્વશક્તિમાન અલ્લાહના માટે જ છે. કુદરતની આ મહાનતમ્ રચનાઓના વખાણને કોઈ અન્યના વખાણ સમજી લેવા એ જોનારની દષ્ટિમાં ખામી હોવાની ચાડી ખાય છે.

حمد را با تو نسبتے است درست، بر درِ ہر کہ رفت بر درِ تست

વખાણનો ખરો હક તારો જ છે, અન્ય દ્વારોને તારા જ દ્વારથી પહોંચે છે.

જો સમગ્ર સૃષ્ટિનો રચનાકાર એકમાત્ર અલ્લાહ જ સઘળા વખાણના લાયક છે, તો સ્વાભાવિક છે કે ઈબાદત (બંદગી–પૂંજા)નો હકદાર પણ તે જ

હોઈ શકે. સ્પષ્ટ થઈ ચૂક્યું કે, اَلْحَمْدُ لِلّٰهِ જો કે વખાણ અને સ્તુતિ માટે લાવવામાં આવ્યું છે, પરંતુ એના વર્ણન થકી એક ચમત્કારિક આદેશ આપીને "મખ્લૂક પરસ્તી" (સૃષ્ટિમાં રહેલ ભૌતિક પદાર્થો–સજીવ– નિર્જીવની પૂંજા)નો એક ઝાટકે અંત લાવી દીધો અને ખૂબ જ આકર્ષક પદ્ધતિથી "તવહીદ" (એકેશ્વરવાદ)નું શિક્ષણ આપવામાં આવ્યું છે.

વિચાર કરો ! કુર્આનનો શરૂઆતનો એક વાક્યનો નાનો ટૂકડો એક બાજુ અલ્લાહ તઆલાના વખાણ અને સ્તુતિનું વર્ણન કરે છે, તો બીજી બાજુ ભૌતિક જગતની રંગ–રેલીઓમાં રચ્યા–પચ્યા રહેતા મનુષ્યના મન અને મસ્તિષ્કનું તવહીદ (એકેશ્વરવાદ) તરફ ધ્યાન કેન્દ્રિત કરાવી "મખ્લૂક પરસ્તી"ના મૂળિયાં ખોદી નાંખે છે. اَلْحَمْدُ لِلّٰهِ, આ આયતમાં જે દા'વો કરવામાં આવ્યો છે, જો મનન કરવામાં આવે તો આ દા'વામાં જ પોતાની સચ્ચાઈની દલીલ પણ છે.

رَبِّ الْعٰلَمِيْنَ **(રબ્બિલ આલમીન) :**

ઉપરોક્ત શરૂઆતની આયતના નાના ટૂકડા પછી અલ્લાહ તઆલા પોતાની પ્રથમ સિફત (ગુણ–લક્ષણ) رَبِّ الْعٰلَمِيْنَ વર્ણન કરે છે. સંક્ષિપ્તમાં તેનો ખુલાસો નીચે પ્રમાણે છે.

رَبْ (રબ) શબ્દનો અર્થ અરબી શબ્દકોષ પ્રમાણે પાલનહાર (પોષનાર) અથવા વિકાસ કરનાર (કેળવનાર) છે. કોઈ વસ્તુના બધા જ ગુણો–લક્ષણોને ધ્યાનમાં રાખી ધીરે ધીરે તબક્કાવાર શ્રેષ્ઠતાની પરાકાષ્ઠાએ પહોંચાડી દેવાનું નામ તરબિયત (દેખરેખ–કેળવણી) છે.

رَبْ (રબ) શબ્દ ખાસ અલ્લાહ તઆલાની જાત માટે જ વપરાય છે. કોઈપણ સર્જન (મખ્લૂક)ને આગળ–પાછળ કોઈ શબ્દના વધારા–ઘટાડા વિના ફક્ત رَبْ (રબ) કહેવું જાઈઝ નથી. કારણ કે, પ્રત્યેક સર્જન (મખ્લૂક) પોતે જ તરબિયતની મોહતાજ અને જરૂરતમંદ છે, તો તે શું કોઈ અન્યની તરબિયત કરી શકવાની છે ?!

اَلْعٰلَمِيْنَ (અલ આલમીન) શબ્દ عَالَمْ (આલમ)નું બહુવચન છે, જેમાં વિશ્વના પ્રત્યેક પદાર્થો સજીવ–નિર્જીવ, દશ્ય–અદશ્ય મખ્લૂક ઉપરાંત સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, આકાશગંગાઓ, નિહારીકાઓ, નક્ષત્રો, વીજળી, પર્યાવરણ,

ફરિશ્તા, જિન્નાત ઉપરાંત પ્રાણીઓ, મનુષ્યો, વનસ્પતિ બધું જ શામિલ છે. માટે رَبِّ الْعٰلَمِيْنَ (રબ્બિલ આલમીન)નો અર્થ એ થયો કે, અલ્લાહ તઆલા જ સકળ બ્રહ્માંડના રચયિતા–સર્જક છે. એ પણ શક્ય છે કે, આપણે જે પૃથ્વી અને વિરાટ વિશ્વ નજરે નિહાળીએ છીએ તેમાં સૂર્ય–ચંદ્રની ગતિઓ, વીજળી–વરસાદ અને પૃથ્વી ઉપરના અસંખ્ય સજીવોને અનુભવીએ છીએ તે ફક્ત એક જ વિશ્વ હોય અને એના જેવા બીજા હઝારો–લાખો વિશ્વો પણ હોઈ શકે છે ! જે આ વિશ્વના અવકાશની બહાર અન્ય કોઈ સ્થળે અસ્તિત્વ ધરાવતા હોય. ઈમામ રાઝી (રહ.) પોતાની તફસીરે કબીરમાં લખે છે કે, આપણે જે વિશ્વમાં વસવાટ કરીએ છીએ, તે વિશ્વના અવકાશની સીમાઓ બહાર અંતવિહીન્ અવકાશનું અસ્તિત્વ બૌદ્ધિક રીતે પણ સમજી શકાય છે. અને એ પણ સાબિત છે કે, અલ્લાહ તઆલા સર્વશક્તિમાન છે, પ્રત્યેક વસ્તુ પર કાબૂ ધરાવે છે. અલ્લાહ માટે કોઈ મુશ્કેલ કામ નથી કે તેણે આપણે જે વિશ્વમાં રહીએ છીએ તેવા અસંખ્ય લાખો–કરોડો અન્ય વિશ્વોનું પણ નિર્માણ કર્યું હોય !

હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)નું વર્ણન છે કે, "૪૦ હજાર દુનિયાઓ અસ્તિત્વ ધરાવે છે. આપણી દુનિયા પૂર્વથી પશ્ચિમ સુધીની છે, બાકીની દુનિયાઓ એના સિવાયની છે." એવી જ રીતે તફસીરના ઈમામ હઝરત મુકાતિલ (રહ.) ફરમાવે છે કે, "દુનિયાઓ ૮૦ હઝાર છે."

(કુર્તુબી)

એક દલીલ એવી કરવામાં આવે છે કે, પૃથ્વીના વાતાવરણથી દૂર અવકાશમાં મનુષ્યજીવન માટે જરૂરી હવા અને પાણી નથી, તેનો જવાબ ઈમામ રાઝી (રહ.) આપે છે કે, "શું એ જરૂરી છે કે પૃથ્વી સિવાય અન્ય ગ્રહો અને અવકાશી સજીવોને પણ માણસોની જેમ જીવવા માટે હવા–પાણી આવશ્યક છે ? શું એવું નથી હોઈ શકતું કે, અન્ય ગ્રહો ઉપર વસનારા સજીવોની શરીર રચના, ખોરાક, સ્વભાવ વગેરે પૃથ્વીવાસીઓ કરતાં તદ્દન જુદા જ પ્રકારના હોય ?"

આ વિષય તો ૭૭૦ વર્ષ પહેલાં ઈસ્લામિક ફિલોસોફર ઈમામ રાઝી (રહ.)એ લખેલો છે અને તે વખતે અવકાશમાં વિહરવા માટે સેટેલાઈટો કે ઉપગ્રહોનું સંશોધન થયું ન હતું. આજના રૉકેટ યુગમાં, સ્પુટનિક (ઉપગ્રહ)ના યુગમાં અવકાશયાત્રીઓએ અનુભવ આધારે માહિતી આપી છે કે, આ

અંતવિહીન્ અવકાશની કોઈ સીમા કે મર્યાદા નથી અને ચોક્કસપણે એવું કહી ન શકાય કે, આ અવકાશમાં શું શું અસ્તિત્વ ધરાવતું હશે ? અવકાશયાત્રીઓની આ માહિતી પણ ઈમામ રાઝી (રહ.)ના અનુમાનોથી વિશેષ માહિતી ઉપલબ્ધ કરાવતી નથી. પૃથ્વી ગ્રહના સૌથી નજીકના ગ્રહો, ઉપગ્રહો વગેરે પર સજીવોના અસ્તિત્વના અનુમાનો વૈજ્ઞાનિકો અને ખગોળશાસ્ત્રીઓ લગાવી રહ્યા છે, તેમનું માનવું પણ એમ જ છે કે, અન્ય ગ્રહો ઉપર જે કોઈ સજીવો અસ્તિત્વ ધરાવે છે તેઓની શરીર રચના, ભૌતિક સંરચનાઓ, સ્વભાવ, ખોરાક તથા અન્ય વિશેષતાઓ પૃથ્વી ઉપર વસનારા મનુષ્યો, પ્રાણીઓ, વનસ્પતિ વગેરે જેવી જ હોવી જોઈએ એવું કંઈ જરૂરી નથી બલકે, ચોક્કસ અનુમાન કરી શકાય છે કે, જો આવા સજીવો અસ્તિત્વ ધરાવતા હોય તો પણ તેમના ભૌતિક સિદ્ધાંતો (Physical Laws) અને શરીર રચના તથા ખોરાક, સ્વભાવ વગેરે પૃથ્વી કરતાં તદ્દન ભિન્ન પ્રકારના જ હોવા જોઈએ. પૃથ્વીના ભૌતિક નિયમોના આધારે પરગ્રહવાસીઓને મૂલવી ન શકાય.

હઝરત ઈમામ રાઝી (રહ.)ના અભિપ્રાયને સમર્થન આપતો લેખ અમેરીકી અવકાશયાત્રી જોન ગ્લેને પોતાની અવકાશયાત્રાથી પરત આવીને લખ્યો છે, જેમાં બે અવકાશી પદાર્થો વચ્ચેના અંતરને પ્રકાશવર્ષ (પ્રકાશ એક વર્ષમાં જેટલું અંતર કાપે તે અંતરને પ્રકાશવર્ષ કહેવામાં આવે છે. પ્રકાશની ગતિ એક સેકંડમાં ત્રણ લાખ કિ.મી.ની છે. આમ, પ્રકાશ એક મિનિટમાં એક કરોડ એંસી લાખ કિ.મી અંતર કાપે છે. આમ આખા વર્ષની સેકંડોનો ત્રણ લાખ સાથે ગુણાકાર કરી પ્રકાશ એક વર્ષમાં કેટલું અંતર કાપે તે માપી શકાય છે. –અનુવાદક)નું નામ આપી અવકાશના વિસ્તારને પોતાની કલ્પનાની હદથી આગળ વધીને સમજાવવાનો પ્રયાસ કર્યો છે તેના મત અનુસાર, અવકાશના વિસ્તારની કોઈ સીમા નથી. (એક તારાથી બીજા તારા વચ્ચેનું અંતર કરોડો–અબજો પ્રકાશવર્ષ હોઈ શકે છે.–અનુવાદક) કુર્આનના આ ટૂંકા વાક્ય સાથે હવે સમગ્ર દુનિયા અને સૃષ્ટિ પર નજર નાંખો અને ડહાપણના અંતઃચક્ષુ દ્વારા જોવાનો પ્રયત્ન કરો, તો અલ્લાહ તઆલાએ કેટલી વ્યવસ્થિત રીતે અને મજબૂતી સાથે એક સમવાયી વિરાટ વિશ્વનું સર્જન કર્યું છે, જેની વ્યવસ્થામાં ક્યાંય કોઈ ક્ષતિ કે તેની ગણત્રીમાં એક સેકંડનો પણ તફાવત નથી. અવકાશથી

લઈને ગ્રહો સુધી, તારાઓથી લઈને નિહારીકાઓ સુધી દરેક અવકાશી પદાર્થો એક ચોક્કસ વ્યવસ્થાથી બંધાયેલા છે અને દરેકની પોતાની નિશ્ચિત ભ્રમણકક્ષા છે. દરેક સર્જન પોત–પોતાના માટે નક્કી કરેલી જવાબદારીઓ સચોટ રીતે પૂર્ણ કરી રહ્યા છે. એક કોળિયો જે મનુષ્ય પોતાના ગળામાં ઉતારે છે, જો તેના ઉપર ઊંડાણપૂર્વક વિચાર કરવામાં આવે તો ખબર પડશે કે, આ કોળિયાને તૈયાર કરવા માટે આકાશ અને પૃથ્વીની તમામ શક્તિઓ તથા કરોડો માણસો અને પ્રાણીઓની મહેનતો શામિલ છે. આખી દુનિયાની વિવિધ શક્તિઓ મહિનાઓ સુધી સેવામાં લાગેલી રહી, ત્યારે આ કોળિયો તૈયાર થયો અને તે પણ એટલા માટે કે મનુષ્ય ચિંતન અને મનનથી તથા વિવેકબુદ્ધિથી કામ લે અને સમજે કે, અલ્લાહ તઆલાએ આસમાનથી લઈ જમીન સુધી પોતાની બધી જ સજીવ–નિર્જીવ મખ્લૂકને તેની સેવામાં લગાવી દીધી છે. આમ મનુષ્યજાતિની સેવામાં જ્યારે સમગ્ર સૃષ્ટિને સેવક બનાવી દીધી તો તેનું પોતાનું અસ્તિત્વ બેકાર અથંવા અર્થવિહીન્ તો ન જ હોઈ શકે ! તેનું પણ કોઈ કામ હશે ! તેના માથે પણ કોઈ જવાબદારી હશે !

ابرو بادومہ وخورشید وفلک درکاراند
વાદળ, હવા, ચાંદ, સૂરજ અને
આસ્માન કામમાં લાગેલાં છે,

تا تو نانے بکف آری وبغفلت نخوری
જેથી તું રોટલી હાથમાં લઈ
ગફલતથી ન ખાય,

ہمہ از بہر تو سرگشتہ وفرمانبردار
બધી જ વસ્તુઓ તારી ખિદમત
અને સેવામાં વ્યસ્ત છે.

شرط انصاف نباشد کہ تو فرمان نبری
તે છતાં તું અલ્લાહનો ફરમાંબરદાર
ન બન્યો એ ન્યાયોચિત નથી.

કુર્આન શરીફમાં માણસના અસ્તિત્વના હેતુ અને તેના જીવનધ્યેયને આ પ્રમાણે સ્પષ્ટ કરી દીધું છે.

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْإِنْسَ اِلَّا لِيَعْبُدُوْنَ،

“અને જિન્નાતો તથા મનુષ્યોને (અન્ય કોઈ કાર્ય માટે) નથી બનાવ્યા, પરંતુ મારી ઈબાદતના માટે.” (૫૧:૫૬)

ઉપરોક્ત વિવરણથી સ્પષ્ટ થઈ ગયું કે, رَبِّ الْعٰلَمِيْن (રબ્બિલ આલમીન) એક રીતે વાક્યના પ્રથમ ટૂકડા اَلْحَمْدُ لِلّٰهِ (અલ્હમ્દુલિલ્લાહ)ની દલીલ છે કે, જો સમગ્ર સૃષ્ટિનો કર્તા, પાલનહાર અને પોષક માત્ર અલ્લાહ રબ્બુલ ઈજ્જત છે તો ઈબાદતના પાત્ર પણ માત્ર તે જ છે. માટે પહેલી આયત اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ માં વખાણ અને સ્તુતિની સાથે-સાથે ઈમાનની સૌથી પહેલી શરત "તવહીદ" (એકેશ્વરવાદ)નું પણ ખૂબ અસરકારક રીતે વર્ણન થયું છે.

બીજી આયતમાં અલ્લાહની રહમતની સિફત (ગુણ)નું વર્ણન رَحْمٰن અને رَحِيْم ના શબ્દો દ્વારા કરવામાં આવ્યું છે. આ બંને શબ્દો વ્યાકરણની દૃષ્ટિએ અતિશયોક્તિ અલંકાર છે, જેમાં અમર્યાદ રહમતે ખુદાવંદી (અલ્લાહની કૃપા) તથા તેની અસીમ દયા ભાવનાની પરાકાષ્ઠાનું વર્ણન છે. આ સિફત (ગુણ-લક્ષણ)નું વર્ણન કરવામાં કદાચ તે તરફ ઈશારો છે કે, સમગ્ર સૃષ્ટિ અને મખ્લૂકોની ઉત્પત્તિ અને તેના પોષણની તથા તરબિયતની જે જવાબદારી અલ્લાહ તઆલાએ પોતાની પાસે રાખી છે, તે પોતાની કોઈ જરૂરત અથવા દાબ-દબાણ કે મજબૂરીના કારણે નથી. બલકે, આ સઘળું તેની રહમત (કૃપાગુણ)ના કારણે છે. જો સમગ્ર સૃષ્ટિ ન પણ હોય તો તેને કોઈ નુકસાન નથી અને જો હોય તો પણ તેનો તેને કોઈ ભાર નથી.

تو تنہا بدی چونکہ خلقت نبود، نہ چوں کردہ شد بر تو زحمت فزود۔

مٰلِكِ يَوْمِ الدِّيْنِ માં શબ્દ مٰلِک (માલિક) – مِلک (મિલ્ક)થી બનેલ છે. અર્થાત, કોઈ વસ્તુ ઉપર સંપૂર્ણ આધિપત્ય ધરાવવું અને તેને કોઈપણ રીતે ઉપયોગ કરી શકવા સમર્થ હોવું. (કામૂસ) શબ્દ دِيْن (દીન) અર્થાત, બદલો આપવો. مٰلِكِ يَوْمِ الدِّيْن નો શાબ્દિક અર્થ "ન્યાયના દિવસનો માલિક" એટલે કે, ન્યાયનો દિવસ તેના અધિકારમાં છે. તે અધિકાર કઈ બાબત ઉપર હશે, તેનું વર્ણન કરવામાં આવ્યું નથી. તફસીરે કશ્શાફમાં છે કે, તેમાં તમામ મખ્લૂક પ્રત્યે ઈશારો છે અર્થાત, ન્યાયના દિવસે સમગ્ર સૃષ્ટિ અને તમામ કામકાજની માલિકી માત્ર અને માત્ર અલ્લાહ તઆલાની જ હશે.

(કશ્શાફ)

ન્યાયના દિવસની વાસ્તવિકતા અને તે જરૂરી હોવાનો તર્ક :

કેટલીક બાબતો વિચાર માંગી લે છે !

પ્રથમ એ કે, ન્યાયનો દિવસ ક્યા દિવસનું નામ છે અને તેની શું વાસ્તવિકતા છે ?

બીજું એ કે, અલ્લાહ તઆલાનો અધિકાર સમગ્ર "કાઈનાત" (સૃષ્ટિ) ઉપર જે પ્રમાણે ન્યાયના દિવસે હશે એવી જ રીતે આજે પણ છે, તો પછી ન્યાયના દિવસની શું વિશેષતા છે ?

પ્રથમ સવાલનો જવાબ એ છે કે, "ન્યાયનો દિવસ" અલ્લાહ તઆલાએ સારા–નરસા કૃત્યોનો બદલો આપવા માટે નક્કી કરેલા દિવસનું નામ છે. "ન્યાયનો દિવસ" શબ્દથી એક મહાન લાભ એ છે કે, તેનાથી સાબિત થાય છે કે, પૃથ્વીલોક સારા–નરસા કૃત્યોની સજા અથવા ઈનામનું સ્થળ નથી પરંતુ એક અમલ કરવાની તથા ફરજ અદા કરવાની કચેરી છે, પગાર અથવા વળતર મેળવવાનું સ્થળ નથી. એટલા માટે દુનિયામાં કોઈની જાહોજલાલી, માલ–દૌલત જોઈને કહી ન શકાય કે તે અલ્લાહને ખૂબ પ્યારો અને સ્વીકૃતીપ્રાપ્ત છે અથવા કોઈને તકલીફ અને મુસીબતમાં જોઈને કહી ન શકાય કે, તેનાથી અલ્લાહ નારાજ અને ક્રોધિત છે. જેવી રીતે દુનિયાની કચેરીઓમાં કે કારખાનાઓમાં કોઈ કર્મચારીને પોતાની ડ્યુટી બજાવવામાં પ્રવૃત્ત જોઈને કોઈપણ બુદ્ધિશાળી માણસ કહી ન શકે કે, આ માણસ મુસીબતમાં છે અને તે કર્મચારી પણ ખૂબ મહેનતનું કામ કરવા છતાં પોતાને તકલીફમાં હોવાનું નથી સમજતો, ઊલટાનું તે પોતાની આ મહેનતને સૌથી મોટી સફળતા સમજે છે અને જો કોઈ દયા ખાઈને આ કર્મચારીને તેની ફરજમાંથી મુક્તિ અપાવવા ઈચ્છે તો તે કર્મચારી તે વ્યક્તિને પોતાનો દોસ્ત નહિ પરંતુ સૌથી મોટો દુશ્મન સમજે છે. કારણ કે, તેને ૩૦ દિવસની મહેનત પછી આ મહેનતનું ફળ પગાર સ્વરૂપે મળવાની ચોક્કસ આશા છે.

એ જ કારણે આ દુનિયામાં અંબિયા (અલયહિમુસ્સલામ) તેમના પછી અવલિયાઉલ્લાહ (અલ્લાહના દોસ્ત રહ.) સૌથી વધુ મુસીબતો અને તકલીફોમાં ઘેરાયેલા રહ્યા છે. તેમને પોતાની આ પરિસ્થિતિમાં પણ સંતોષ હોય છે બલકે, ક્યારેક આવી હાલત ઉપર તેઓ ખુશ થાય છે.

نشود نصیبِ دشمن کہ شود ہلاک تیغت

سرِ دوستاں سلامت کہ تو خنجر آزمائی

મતલબ કે, દુનિયાની રાહત કે મુસીબત, અય્યાશી કે તંગદસ્તી સારા–નરસા કૃત્યોના બદલારૂપે હોવાનો સંકેત નથી. હા ! ક્યારેક કોઈ અમલ (કૃત્ય)નું ઈનામ અથવા સજાનો નમૂનો આ દુનિયામાં જાહેર કરી દેવામાં આવે છે પરંતુ તે સંપૂર્ણ બદલો નથી હોતો, તેના વિશે કુર્આન શરીફમાં કહેવામાં આવ્યું છે,

وَلَنُذِيْقَنَّهُمْ مِنَ الْعَذَابِ الْاَدْنٰى دُوْنَ الْعَذَابِ الْاَكْبَرِ لَعَلَّهُمْ يَرْجِعُوْنَ ○

"એટલે અમે લોકોને મોટા (આખિરતના) અઝાબ (સજા)થી પહેલાં (અમુક સમયે) દુનિયામાં એક સજા સમકક્ષ સ્વાદ ચખાડી આપીએ છીએ, જેથી તેઓ પાછા ફરે." (૩૨:૨૧)

બીજી આયતમાં,

كَذٰلِكَ الْعَذَابُ وَلَعَذَابُ الْاٰخِرَةِ اَكْبَرُ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ○

"સજા આવી હોય છે અને આખિરતની સજા ઘણી મોટી છે જો તેઓ સમજે." (૬૮:૩૩)

અલબત્ત, દુનિયાની રાહત અને મુસીબત કેટલીક વખતે કસોટી હોય છે અને ક્યારેક અઝાબ પણ હોય છે, પરંતુ તે કૃત્યોનું પૂરેપૂરું વળતર નથી કારણ કે, આ બધું ફક્ત થોડા દિવસનું અને કામચલાઉ હોય છે. જ્યારે કે, આ દુનિયામાંથી સિધાવી ગયા પછી આખિરતમાં આવનારી તકલીફો કે રાહતો જ સાચું માપદંડ છે, જે કાયમી છે અને તેનું નામ જ "ન્યાયનો દિવસ" છે. હવે સ્પષ્ટ થઈ ગયું કે, જ્યારે દુનિયામાં ક્યારેક સારા–નરસા કૃત્યોનો બદલો આંશિક હોય છે અને તેનો બદલો આ જગતમાં પૂરેપૂરો મળતો નથી, ત્યારે ન્યાય તથા હિસાબ માટે બૌદ્ધિક તર્ક પણ એ જ છે કે, સારા અને નરસા કૃત્યો એકસમાન હોઈ શકતા નથી બલકે, દરેક સારા કૃત્યનું ઈનામ અને ખરાબ કૃત્યની સજા મળવી જ જોઈએ.

એટલા માટે જરૂરી છે કે, આ દુનિયા પછી કોઈ અન્ય દુનિયા હોવી જ

જોઈએ, જેમાં નાના-મોટા અથવા સારા-નરસા કૃત્યોનો હિસાબ અને તેનું ઈનામ કે સજા ન્યાય પ્રમાણે મળે. આ જ બાબત કુર્આન શરીફની વ્યાખ્યામાં "ન્યાયનો દિવસ" અથવા "કયામત" અથવા "આખિરત" કહેવામાં આવે છે. કુર્આન શરીફે પોતે આ વિષયનો "સૂરએ મો'મિન"માં ખુલાસો વર્ણવ્યો છે.

وَمَا يَسْتَوِى الْاَعْمٰى وَالْبَصِيْرُ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَلَا الْمُسِيْٓءُ ؕ

قَلِيْلًا مَّا تَتَذَكَّرُوْنَ ○ اِنَّ السَّاعَةَ لَاٰتِيَةٌ لَّا رَيْبَ فِيْهَا ، وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يُؤْمِنُوْنَ ○

"એટલે કે દૃષ્ટિ ધરાવનાર અને આંધળો અને (એક) તે લોકો જેઓ ઈમાન લાવ્યા અને તેમણે સારા કામ કર્યા અને (બીજા) દુષ્કૃત્યો કરનાર પરસ્પર સમાન ન હોઈ શકે ! તમે લોકો ઘણું ઓછું સમજો છો. કયામત તો આવીને જ રહેશે, જેથી દરેક કૃત્યોનો સંપૂર્ણ બદલો તેને મળી જાય. એના આવવામાં કોઈ શંકા છે જ નહીં, પરંતુ ઘણા લોકો ઈમાન ધરાવતા નથી." (૪૦:૫૮-૫૯)

માલિક કોણ છે ? :

مٰلِكِ يَوْمِ الدِّيْنِ માં વિચારવા યોગ્ય બીજી બાબત એ છે કે, તાર્કિક રીતે પણ અને વિવેકબુદ્ધિ પ્રમાણે પણ આ બાબત બિલકુલ સ્પષ્ટ છે કે, સમગ્ર સૃષ્ટિના અણુએ અણુનો સાચો અને એકમાત્ર માલિક તે પાકઝાત જ છે જેણે તેને પૈદા કરી, વિકાસ કર્યો, તરબિયત (પાલન-પોષણ) કરી અને દરેક દૃશ્ય-અદૃશ્ય, સજીવ-નિર્જીવ પદાર્થ ઉપર તે જ સંપૂર્ણ અધિકાર ધરાવે છે. તેની માલિકીની ન તો કોઈ શરૂઆત છે અને ન જ અંત છે. માણસના અધિકારથી ઊલટું, કે તે શરૂઆત અને અંતના વર્તુળમાં મર્યાદિત હોય છે, કોઈપણ ભૌતિક વસ્તુ ઉપર માણસની માલિકી પૈદા થતા પહેલાં ન હતી અને મૌત પછી ન રહેશે અને માણસની માલિકી ભૌતિક પદાર્થો ઉપર છે, અદૃશ્ય વસ્તુઓ ઉપર અથવા મનુષ્યના છૂપા ઈરાદાઓ ઉપર નથી, સજીવો ઉપર હોઈ શકે છે પરંતુ આત્મા પર નહીં. એટલા માટે પ્રત્યેક સૂઝ-બૂઝ ધરાવનાર વ્યક્તિ ફક્ત ન્યાયના દિવસનો જ નહીં, પરંતુ દુનિયામાં પણ સમગ્ર સૃષ્ટિનો વાસ્તવિક માલિક ફક્ત અલ્લાહ તઆલાને જ સમજે છે, તો પછી આ આયતમાં અલ્લાહ તઆલાને ખાસ ન્યાય (બદલા)ના દિવસનો માલિક કહેવામાં શું ડહાપણ છે ?

અત્રે તેની સ્પષ્ટતા વાંચો.

કુર્આન શરીફની બીજી આયતમાં ચિંતન કરવાથી સ્પષ્ટ થાય છે કે, દુનિયામાં પણ વાસ્તવિક અને સમગ્ર સૃષ્ટિની સંપૂર્ણ માલિકી ફક્ત અલ્લાહ તઆલાની જ છે પરંતુ તેણે પોતાની કૃપાદષ્ટિથી મનુષ્યોને પણ મહદ્અંશે માલિકીના અપૂર્ણ અધિકારો અર્પણ કર્યા છે, જેમકે દુનિયાના કાયદાઓમાં પણ મનુષ્યના માલિકીપણાને સમર્થન આપવામાં આવે છે. દુનિયામાં માણસ માલ–દૌલતનો માલિક છે, જમીન–જાયદાદનો માલિક છે, મહેલો–બંગલાઓનો માલિક છે, ફર્નિચરનો માલિક છે, નોકર–ચાકરનો માલિક છે અને આ અધૂરી માલિકી તેને ફક્ત કસોટી સ્વરૂપે અર્પણ કરવામાં આવી છે, છતાં પણ તે તેના ઘમંડ અને હુંપણામાં તલ્લીન છે. આ આયતમાં અલ્લાહ તઆલાએ مٰلِكِ يَوْمِ الدِّيْنِ કહીને ઘમંડી અને બેખબર મનુષ્યને ચેતવણી આપી છે કે, આ માલિકીઓ અને આ બધા સંબંધો તથા આ સંપર્કો ફક્ત થોડા દિવસ પૂરતા છે. એક દિવસ એવો આવવાનો છે જેમાં કોઈપણ માણસ કોઈપણ વસ્તુનો માલિક નહીં હોય, ન કોઈ સેવક હશે ન કોઈ માલિક, ન કોઈ સરદાર હશે ન કોઈ ગુલામ. "ન્યાયના દિવસે" સમગ્ર સૃષ્ટિની માલિકી અને અધિકાર ફક્ત એક જાત, અલ્લાહ તઆલાની જ હશે.

આ આયતની પૂરી તફસીર અને "ન્યાય(બદલા)ના દિવસ"નો ખુલાસો "સૂરએ મો'મિન"ની આયતમાં છે, જે નીચે મુજબ છે.

يَوْمَ هُمْ بٰرِزُوْنَ لَا يَخْفٰى عَلَى اللّٰهِ مِنْهُمْ شَيْءٌ لِمَنِ الْمُلْكُ الْيَوْمَ ط لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ ○ اَلْيَوْمَ تُجْزٰى كُلُّ نَفْسٍ م بِمَا كَسَبَتْ لَا ظُلْمَ الْيَوْمَ ط اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ○

"જે દિવસે બધા લોકો (અલ્લાહની) સામે હાજર હશે, એમની કોઈ વાત અલ્લાહથી છૂપી ન રહેશે. આજના દિવસે કોની સત્તા હશે ? બસ, અલ્લાહની જ હશે, જે એકમાત્ર અને છવાયેલો છે. આજે દરેક વ્યક્તિને તેના કૃત્યોનો બદલો આપવામાં આવશે, આજે કોઈના ઉપર અત્યાચાર નહીં થાય. અલ્લાહ તઆલા ઘણો જ જલદી હિસાબ લેવાવાળો છે." (૪૦:૧૬–૧૭)

"સૂરએ ફાતિહા"ની શરૂઆતમાં વર્ણન કરવામાં આવ્યું હતું કે, આ સૂરતની પ્રથમ ત્રણ આયતોમાં અલ્લાહ તઆલાના વખાણ અને સ્તુતિનું વર્ણન થયું છે. આ ત્રણ આયતો અગાઉ આવી ચૂકી અને તેની તફસીરમાં સ્પષ્ટ થઈ ચૂક્યું કે, પ્રથમ બે આયતોમાં વખાણ અને સ્તુતિના વર્ણન સાથે ઈમાનના પાયાના સિદ્ધાંતો, અલ્લાહ તઆલાનું અસ્તિત્વ અને તેની તવહીદનું વર્ણન પણ ચમત્કારિક સ્વરૂપે થયું છે. આ ત્રણે આયતોની તફસીરમાં જાણી લીધું કે, તેના ફક્ત બે શબ્દોમાં વખાણ અને સ્તુતિની સાથે સાથે ઈસ્લામના મહાન ક્રાંતિકારી અકીદાઓ (માન્યતાઓ) એટલે કે, કયામત અને આખિરતનું વર્ણન પણ દલીલ સાથે થઈ ગયું. હવે ચોથી આયત જોઈ લઈએ.

إِيَّاكَ نَعْبُدُ وإِيَّاكَ نَسْتَعِيْنُ આ આયતમાં એક પાસું સ્તુતિ અને વખાણનું, અને બીજું દુઆ તથા યાચનાનું છે. نَعْبُدُ ઈબાદતના અર્થમાં છે. જેનો અર્થ છે, કોઈની અત્યંત ઈજ્જત અને મહોબ્બતના કારણે તેની સામે પોતાની અત્યંત આજિઝી સાથે (વિનમ્રતાપૂર્વક) આજ્ઞાપાલક હોવાની જાહેરાત કરવી. نَسْتَعِيْنُ મદદના અર્થમાં છે. જેનો અર્થ થાય છે, કોઈની મદદ માંગવી. આયતનો અનુવાદ છે કે, "અમે ફક્ત તારી જ ઈબાદત કરીએ છીએ અને ફક્ત તારાથી જ મદદની યાચના કરીએ છીએ." વ્યક્તિ માટે ત્રણ સમયકાળ નિશ્ચિત છે, ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ. પાછળની ત્રણ આયતોમાંથી اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ અને اَلرَّحْمٰنِ الرَّحِيْمِ માં મનુષ્યને ફક્ત તાકીદ કરવામાં આવી છે કે, તે પોતાના ભૂતકાળ અને વર્તમાનકાળમાં ફક્ત અલ્લાહ તઆલાનો જ મોહતાજ છે. ભૂતકાળમાં માણસનું અસ્તિત્વ ન હતું, અલ્લાહે જ તેને પૈદા કર્યો અને તેને સમગ્ર સૃષ્ટિથી વિશિષ્ટ અને શ્રેષ્ઠ સ્વરૂપમાં બનાવ્યો, બુદ્ધિ અને સમજ અર્પણ કરી અને વર્તમાનમાં તેનું પાલન-પોષણ તથા વિકાસનો ક્રમ ચાલુ જ છે. مٰلِكِ يَوْمِ الدِّيْنِ માં બતાવવામાં આવ્યું છે કે, ભવિષ્યમાં પણ તે અલ્લાહનો જ મોહતાજ છે. ન્યાયના દિવસે પણ તેના સિવાય કોઈ મદદગાર નહીં હોય. જ્યારે આ ત્રણ આયતો દ્વારા સ્પષ્ટ થઈ ગયું કે, માણસ પોતાની જિંદગીના ત્રણે કાળમાં (ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ)માં અલ્લાહનો જ મોહતાજ છે, તો સ્વાભાવિકપણે બૌદ્ધિક અને તાર્કિક રીતે પણ સમજી શકાય છે કે, ઈબાદત પણ ફક્ત અલ્લાહની જ કરવી જોઈએ. કારણ કે, ઈબાદત પણ અતિશય ઈજ્જત અને

મહોબ્બત સાથે મઅબૂદ સામે પોતાની સંપૂર્ણ લાચારી, વિનંતિ અને યાચનાનું નામ છે. તે અન્ય કોઈના માટે યોગ્ય હોઈ જ નથી શકતી. એનો નિચોડ એ થયો કે, એક સમજદાર વ્યક્તિ કહે કે "હે અલ્લાહ! અમે તારા સિવાય કોઈની ઈબાદત નથી કરતા." આ જ જાહેરાતને إِيَّاكَ نَعْبُدُ તરીકે જાહેર કરવામાં આવે છે. જ્યારે સ્પષ્ટ થઈ ગયું કે, પાલનહાર ફક્ત એક જ અલ્લાહ તઆલાની જાત છે, તો બૌદ્ધિક અને તાર્કિક રીતે પણ સમજી શકાય છે કે, પોતાના કાર્યમાં મદદની યાચના પણ તેની પાસે જ કરવી જોઈએ અને આ જ બાબતને وإِيَّاكَ نَسْتَعِينُ માં વર્ણન કરવામાં આવી છે.

(રૂહુલ બયાન)

મતલબ કે, ઉપરોક્ત ચોથી આયતમાં એક રીતે અલ્લાહ તબારક વ તઆલાના વખાણ અને સ્તુતિનું વર્ણન ઈબાદત કરવા અને મદદ માંગવા યોગ્ય ફક્ત તે પાકજાત હોવાની જાહેરાત દ્વારા કરવામાં આવે છે, તથા બીજી રીતે માણસ અલ્લાહથી આ દુઆ, વિનંતી અને યાચના કરે છે કે "અમારી મદદ ફરમાવો" અને એક ત્રીજી બાબત એ પણ છે કે, મનુષ્યને શિક્ષણ આપવામાં આવ્યું છે કે, અલ્લાહ સિવાય કોઈ અન્યની ઈબાદત કરવામાં ન આવે તથા અલ્લાહ સિવાય વાસ્તવિક રીતે કોઈ અન્યને જરૂરતો પૂરી કરનાર સમજવામાં ન આવે તથા અલ્લાહ સિવાય કોઈ અન્યની સામે હાથ લાંબો (સવાલ–માંગણી) કરવામાં ન આવે. જો કે, કોઈ નબી (અલૈહિસ્સલામ) અથવા વલી વગેરેના વસીલાથી અલ્લાહની પાસે દુઆ માંગવાની મનાઈ નથી.

આ આયતમાં એ બાબત ઉપર પણ વિચાર કરવો જરૂરી છે કે, "અમે તારાથી જ મદદની યાચના કરીએ છીએ" દ્વારા ક્યા કામમાં મદદ માંગવામાં આવે છે, તે સ્પષ્ટ થતું નથી. લગભગ બધા જ મુફસ્સિરો (વિવરણકારો)એ લખ્યું છે કે, કામની સ્પષ્ટતા ન કરવાનો હેતુ તેના સર્વસામાન્ય હોવાનો છે એટલે કે, "અમે તારી જ ઈબાદત કરીએ છીએ." મતલબ કે, દરેક દીની–દુનિયવી કામોમાં તથા દરેક હેતુની પૂર્તિ માટે ફક્ત અલ્લાહની જ મદદ માંગવી જોઈએ.

ઈબાદત ફક્ત નમાઝોનું નામ નથી. ઈમામ ગઝાલી (રહ.)એ પોતાની કિતાબ "અરબઈન"માં ઈબાદતના દશ પ્રકારો લખ્યા છે. (૧) નમાઝ, (૨) ઝકાત, (૩) રોઝા, (૪) હજ્જ, (૫) કુર્આનની તિલાવત (પઠન), (૬) પ્રત્યેક

પરિસ્થિતિમાં અલ્લાહનો ઝિક્ર કરવો, (૭) હલાલ રોઝી કમાવાનો પ્રયત્ન કરવો, (૮) પાડોશી અને દોસ્તોના હક્ક અદા કરવા, (૯) લોકોને નેક કામોનો હુકમ કરવો અને ખરાબ કામોથી રોકવા, (૧૦) રસૂલ ﷺ ની સુન્નતોને અનુસરવું.

ઈબાદતમાં અલ્લાહ તઆલા સાથે કોઈને ભાગીદાર ન કરવાનો અર્થ એ થયો કે, ન કોઈની મહોબ્બત અલ્લાહ સમકક્ષ કે વધારે હોય, ન કોઈનો ડર અલ્લાહ સમકક્ષ કે વધારે હોય, ન કોઈનાથી ઉમ્મીદ (આશા) એ પ્રમાણે હોય, ન જ કોઈના પર ભરોસો અલ્લાહ જેટલો હોય, ન કોઈની તાબે'દારી અને સેવા અને કોઈ કાર્યને એટલું જરૂરી સમજવામાં આવે, જેટલી અલ્લાહ તઆલાની ઈબાદતને, ન અલ્લાહની જેમ કોઈની "મન્નત" – "નજર" માનવામાં આવે, ન અલ્લાહ જેમ કોઈની સામે પોતાની સંપૂર્ણ લાચારી, આજિઝી, વિનંતિ કે યાચના કરવામાં આવે, ન જ કોઈ કાર્યને અલ્લાહ સિવાય કોઈ અન્ય માટે કરવામાં આવે કે જેમાં અત્યંત સ્વમાનભંગ થતો હોય જેમકે, અલ્લાહ સિવાય કોઈની સામે "રુકૂઅ્" કે "સિજદો" કરવામાં આવે વગેરે.

છેલ્લી ત્રણ આયતો જેમાં, માણસ દુઆ, વિનંતી અને યાચના કરે છે. એક ખાસ દુઆની તાકીદ આ પ્રમાણે છે,

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ۝ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ ۵ط غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ ۝

"અમોને સીધા માર્ગ ઉપર ચલાવ. તે લોકોના માર્ગ ઉપર જેને તેં ઈનામ આપ્યું. અને તે લોકોના માર્ગથી બચાવ જેનાથી તું ક્રોધિત થયો અને જેઓ માર્ગ ભટકી ગયા."

આ ત્રણ આયતોમાં કેટલીક બાબતો વિચાર માંગી લે છે.

હિદાયત(સીધો-સત્ય માર્ગ)નો અર્થ અને તેના પ્રકારો :

અહીંયાં પ્રથમ વિચાર માંગી લેતી બાબત એ છે કે, મનુષ્યજાતિને સત્ય માર્ગ પર ચલાવવા માટેની દુઆનું શિક્ષણ આ આયતમાં આપવામાં આવ્યું છે, આ આયતનું સંબોધન સમગ્ર મનુષ્યજાતિને કરવામાં આવ્યું છે, આ સંબોધન નબીઓ અને વલીઓ (અલ્લાહના દોસ્તો)ને પણ સમાન રીતે લાગુ પડે છે. નિ:શંક તેઓ સત્‌માર્ગીઓ હતા અને અન્યો માટે સત્ય માર્ગનો પ્રકાશ રેલાવનારા

હતા, તો પછી વારંવાર આ દુઆ માંગવાનો મતલબ શું છે ?

આ પ્રશ્નનો ઉત્તર હિદાયતની સંપૂર્ણ વાસ્તવિકતાથી વાકેફ થવા ઉપર આધાર રાખે છે. આપણે તેનો વિગતવાર ખુલાસો જોઈ લઈએ. આ ખુલાસાથી ઉપરોક્ત સવાલ સિવાય બીજી ઘણી બધી શંકા–કુશંકાઓનો જવાબ મળી જશે, જે હિદાયતનો અર્થ સમજવા બાબતે કુર્આન શરીફમાં ઘણી બધી જગ્યાએ થયેલા વર્ણનોના સમયે થવાની શક્યતા છે અને હિદાયતના વાસ્તવિક અર્થથી નાવાકિફ વ્યક્તિ કુર્આન શરીફની ઘણી બધી આયતોમાં પરસ્પર વિરોધાભાસ હોવાની લાગણી અનુભવે છે.

હિદાયત શબ્દનો ખુલાસો ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.)એ પોતાની કિતાબ ''મુફરદાતુલ કુર્આન''માં ઘણી સારી રીતે સમજાવ્યો છે, જેનો ખુલાસો એ છે કે ''હિદાયત''નો મૂળ અર્થ ''કોઈ વ્યક્તિને તેની ધ્યેયપ્રાપ્તિ માટે કૃપાદૃષ્ટિ સાથે માર્ગદર્શન કરવું'' અને ''હિદાયત''નો સાચો અર્થ એ છે કે તે ફક્ત અલ્લાહ તઆલાનું જ કાર્ય છે. હિદાયતના વિવિધ દરજ્જાઓ છે.

હિદાયતનો એક દરજ્જો સામાન્ય છે, જેમાં સૃષ્ટિ તથા તેના સમગ્ર અંશો અને મખ્લૂકના બધા જ પ્રકારો પ્રાણીજગત, વનસ્પતિજગત, સજીવ–નિર્જીવ વગેરે પણ શામિલ છે. અહીંયાં એ અનુમાન ન કરવું જોઈએ કે, નિર્જીવ અને મૃત પદાર્થોને હિદાયતનું શું કામ ?

કુર્આનના શિક્ષણથી સ્પષ્ટ થઈ ચૂકયું કે, સૃષ્ટિના બધા જ અંશો અને તેનો પ્રત્યેક અણુ પોત પોતાના સ્વરૂપમાં એક જીવન ધરાવે છે અને તેમનામાં પોતાના જીવનસ્વરૂપ પ્રમાણે બુદ્ધિ, સમજદારી તથા કાર્ય કરવાની ક્ષમતા પણ છે. અમુક પદાર્થોમાં હલન ચલન અને વૃદ્ધિની ક્ષમતા વધુ હોય છે અને અમુક પદાર્થોમાં ઘણી ઓછી હોય છે. પદાર્થોની સજીવ–નિર્જીવ વ્યાખ્યા મનુષ્યએ નક્કી કરેલ છે. અલ્લાહ તઆલાના હુકમોના આધીન સમગ્ર સૃષ્ટિનો અણુએ અણુ કાર્યરત છે. અમુક ઉપર જવાબદારીઓ વધારે પ્રમાણમાં હોય છે અને અમુક ઉપર ઓછી. (દાખલા તરીકે, મનુષ્ય ઉપર અલ્લાહના હુકમો મનુષ્યના દરજ્જા પ્રમાણે અને પ્રાણીઓ ઉપર તેમના દરજ્જા પ્રમાણે અને નિર્જીવ પદાર્થોને તેમના દરજ્જા પ્રમાણે) નિર્જીવ પદાર્થો પોતાના અસ્તિત્વને સૃષ્ટિના ભૌતિક નિયમો (Physical Law)ને બિનચૂક અનુસરે છે અને તેમને શરીઅતે ઈસ્લામના કાયદાઓ અને

હુકમો લાગુ પડતા નથી જ્યારે કે, શરીઅત ફક્ત માનવો અને જિન્નાતોને જ લાગુ પડે છે. મનુષ્ય સિવાય અન્ય પદાર્થોમાં પણ કાર્ય શક્તિ, ભાવનાઓ તથા લાગણીઓ પણ હોય છે. નીચે વર્ણવેલ આયત

وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا یُسَبِّحُ بِحَمْدِهٖ وَلٰـكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِیْحَهُمْ ط

"એટલે કે, કોઈ વસ્તુ એવી નથી જે વખાણની સાથે તેની પવિત્રતાનું વર્ણન ન કરતી હોય, પરંતુ તમે લોકો તેમની પવિત્રતાનું વર્ણન કરવાને (પદ્ધતિને) સમજતા નથી" (૧૭:૪૪)

સૂરએ નૂરમાં ઈરશાદ છે,

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ یُسَبِّحُ لَهٗ مَنْ فِی السَّمٰوٰتِ وَالْاَرْضِ وَالطَّیْرُ صٰٓفّٰتٍ ط كُلٌّ قَدْ عَلِمَ

صَلَاتَهٗ وَتَسْبِیْحَهٗ ط وَاللّٰهُ عَلِیْمٌۢ بِمَا یَفْعَلُوْنَ o

"શું તને જાણ નથી થઈ કે બધા જ અલ્લાહ તઆલાની પવિત્રતાનું વર્ણન કરે છે, જે કંઈ પણ આસમાનો અને જમીનોમાં (મખ્લૂક) છે, અને (ખાસ કરીને) પક્ષીઓ જેઓ પાંખો ફેલાવીને ઉડતાં રહે છે, દરેકને પોતાની તસ્બીહ (અલ્લાહના વખાણ કરવાની પદ્ધતિ) ખબર છે અને અલ્લાહ તઆલાને તેમના બધા જ કૃત્યોનું સંપૂર્ણ જ્ઞાન છે." (૨૪:૪૧)

અલ્લાહ તઆલાના વખાણ અને સ્તુતિ તથા તેની પવિત્રતાનું વર્ણન કરવું અલ્લાહની ઓળખ ઉપર આધારિત છે. સ્વાભાવિક છે કે, અલ્લાહ તઆલાની ઓળખ સૌથી મોટું જ્ઞાન છે અને આ જ્ઞાન, બુદ્ધિ અને સમજદારી વિના પ્રાપ્ત ન થઈ શકે. માટે ઉપરોક્ત આયતોથી સાબિત થયું કે, સમગ્ર સૃષ્ટિના પ્રત્યેક કણમાં જીવન છે અને તે લાગણીઓ પણ ધરાવે છે. જો કે, બુદ્ધિ અથવા સમજદારીના દરજ્જાઓમાં ફરક હોઈ શકે છે, વિશ્વના રહસ્યો અત્યંત જટિલ છે અને દરેકે દરેક રચનાઓ સમજવી અત્યંત કપરું અને અશક્ય જેવું કામ છે. માટે સજીવ અને નિર્જીવની માનવસર્જિત વ્યાખ્યાઓ વડે વિશ્વના પ્રત્યેક દશ્ય–અદશ્ય પદાર્થોને સમજવા અશક્ય છે અને આ જ કારણે શરીઅતના કાનૂનો ફક્ત મનુષ્યો અને જિન્નાતોને જ લાગુ પડે છે. આ બે મખ્લૂક સિવાય જગતના કોઈપણ પદાર્થ માટે શરીઅત નથી. કુર્આનનો આ ફૈસલો તે વખતનો છે જ્યારે

દુનિયામાં કોઈ પ્રખ્યાત ફિલોસોફર ન હતો અને ન જ કોઈ તત્ત્વજ્ઞાનની ઔપચારિક શાખા હતી. પાછળથી પૈદા થનારા ફિલોસોફરો અને તત્ત્વજ્ઞાનીઓએ પોત–પોતાના સમકાલીન સમયમાં આ બાબતની પુષ્ટિ કરી છે તથા પ્રાચીન ફિલોસોફીઓમાં પણ અમુક તત્ત્વજ્ઞાનીઓ એવા હતા કે, જેઓ સૃષ્ટિ વિશે ઉપરોક્ત પ્રમાણેની માન્યતાઓ ધરાવતા હતા. આધુનિક ફિલસુફી અને વૈજ્ઞાનિકોએ તો સંપૂર્ણ ખુલાસા સહિત ઉપરોક્ત બાબતોને પ્રાયોગિક રીતે સાબિત કરી બતાવી છે !

જો કે, અલ્લાહની હિદાયતનો આ દરજ્જો ઉચ્ચ કક્ષાનો છે, જેમાં તમામ મખ્લૂક (સર્જન) પ્રાણીઓ, વનસ્પતિ, માનવ, જિન્નાતો વગેરે સામેલ છે. આ જ સર્વવ્યાપી "હિદાયત"નું કુર્આન શરીફમાં વર્ણન છે,

قَالَ رَبُّنَا الَّذِیْٓ اَعْطٰی کُلَّ شَیْءٍ خَلْقَهٗ ثُمَّ هَدٰی

"અલ્લાહ તઆલાએ દરેક પદાર્થને તેનું સર્જન (સ્વરૂપ) અર્પણ કર્યું." (૨૦:૫૦)

પછી એ સર્જનના સ્વરૂપ પ્રમાણે તેને હિદાયત આપી અને આ જ વિષયને "સૂરએ અઅ્લા"માં નીચે પ્રમાણેના શબ્દોમાં વર્ણવવામાં આવ્યો છે,

سَبِّحِ اسْمَ رَبِّکَ الْاَعْلَی الَّذِیْ خَلَقَ فَسَوّٰی ○ وَالَّذِیْ قَدَّرَ فَهَدٰی ○

"તમે તમારા ઉચ્ચ મરતબાવાળા પરવરદિગારની સ્તુતિ કર્યા કરો જેણે સમગ્ર મખ્લૂક બનાવી, પછી તેને યોગ્ય સ્થળે સ્થાપિત કરી અને તેણે જ તેમના માટે માર્ગદર્શન આપવાનું ઠરાવ્યું." (૮૭:૧–૨)

એટલે કે, જેણે સમગ્ર વિશ્વના બધા જ પદાર્થો (મખ્લૂક)નું સર્જન કર્યું, અને દરેકના પોતાના આગવા વિશેષ ગુણધર્મો, લાક્ષણિકતાઓ, ખાસિયતો, ભૌતિક બંધારણો અને સિદ્ધાંતો અર્પણ કર્યા અને દરેકના માટે એક આગવી સેવા અને જવાબદારી નક્કી કરી અને દરેકને તે પ્રમાણેનું માર્ગદર્શન (સૂચના) આપી દીધું.

આ સર્વવ્યાપી હિદાયતના પરિણામે સમગ્ર સૃષ્ટિ અને તેના તમામ પ્રકારના સજીવો–નિર્જીવો, મૂર્ત–અમૂર્ત, દશ્ય–અદશ્ય બધા જ પદાર્થો પોત–પોતાના માટે નક્કી કરવામાં આવેલી જવાબદારીઓને અત્યંત ચીવટપૂર્વક

અને કાળજીથી બિનચૂક પૂર્ણ કરી રહ્યા છે. બલકે, માણસની બુદ્ધિ આશ્ચર્યચકિત્ થઈ જાય એવી અદ્ભૂત રીતે આ જવાબદારીઓ પૂર્ણ કરી રહ્યા છે !

મવલાના રૂમી કહે છે,

خاک و باد و آب و آتش بندہ اند

با من و تو مردہ، با حق زندہ اند

માટી, હવા, પાણી, આગ અલ્લાહની મખ્લૂક છે,

મારી અને તારી દષ્ટિએ નિર્જીવ પણ ખરેખર સજીવ છે.

જીભથી નીકળતો અવાજ ન આંખ સાંભળી શકે છે, ન નાક. બલકે, તેને સાંભળવાનું કામ અલ્લાહે કાનને સોંપ્યું છે, એ જ જીભે કહેલી વાતો સાંભળી શકે છે.

મવલાના રૂમીએ ફરમાવ્યું છે,

مرزباں را مشتری جز گوش نیست

واقفِ این راز جز بے ہوش نیست

એ જ પ્રમાણે કાનોને ન સુંઘવાનું કામ સોંપવામાં આવ્યું ન જોવાનું, એવી જ રીતે નાકને ન જોવાનું કામ સોંપ્યું છે ન સાંભળવાનું ! "સૂરએ મરિયમ"માં આ વિષયને આ શબ્દોમાં કહેવામાં આવ્યો છે,

اِنْ كُلُّ مَنْ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ اِلَّآ اٰتِي الرَّحْمٰنِ عَبْدًا،

"કોઈ નથી આસમાન અને જમીનમાં જે મહાકૃપાળુ અલ્લાહનો બંદો (ગુલામ) બનીને ન આવ્યો હોય !" (૧૯:૯૩)

બીજા દરજ્જાની "હિદાયત" એક વિશેષ પ્રકારની હિદાયત છે, જે સામાન્ય રીતે બુદ્ધિશાળી સજીવોને આપવામાં આવે છે. એટલે કે, માણસો અને જિન્નાતોને આ હિદાયત નબીઓ અને આસમાની કિતાબો દ્વારા મળે છે. પછી કોઈ તેને સ્વીકારીને મો'મિન અને મુસલમાન થઈ જાય છે અને કોઈ અસ્વીકાર કરી કાફિર બની જાય છે.

"હિદાયત"નો ત્રીજો દરજ્જો સૌથી વિશેષ પ્રકારનો છે, જે ફક્ત મો'મિનો અને મુત્તકીઓ (અલ્લાહથી ડરનારાઓ) માટે ખાસ છે. આ હિદાયત પણ અલ્લાહ તરફથી માણસને સીધે–સીધી મળે છે. આ "હિદાયત"નું બીજું નામ "તૌફીક" (કોઈ કાર્ય કરવાની પ્રેરણા અને ઈચ્છા) છે. એટલે એવી પરિસ્થિતિઓ અને સબબો ઉત્પન્ન કરવા કે, કુર્આનની હિદાયતો કબૂલ કરવી અને તેનું અમલીકરણ કરવું સરળ બની જાય અને તેના વિરૂદ્ધ કામ કરવું મુશ્કેલ બની જાય. આ ત્રીજા દરજ્જાની હિદાયતની વિશાળતાનો કોઈ અંત નથી, તેની કોઈ સીમાઓ નથી. આ જ દરજ્જો માણસની પ્રગતિનું ક્ષેત્ર છે. જેમ જેમ સારા કૃત્યોનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ "હિદાયત"ના આ દરજ્જામાં વધારો અને વિકાસ થતો રહે છે. કુર્આન શરીફમાં ઘણી જગ્યાએ તેનું વર્ણન છે.

وَالَّذِيْنَ اهْتَدَوْا زَادَهُمْ هُدًى

"જેઓ સીધા માર્ગે ચાલે છે, અલ્લાહ તેમની હિદાયતને વધારે છે."(૪૭:૧૭)

وَّمَنْ يُّؤْمِنْ بِاللّٰهِ يَهْدِ قَلْبَهٗ،

"જે વ્યક્તિ અલ્લાહ ઉપર ઈમાન લાવે તેના દિલને (અલ્લાહ) હિદાયત આપે છે." (૬૪:૧૧)

وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا،

"જે લોકો અમારા રસ્તામાં સંઘર્ષ કરે છે અમે તેને વધારે માર્ગોની હિદાયત કરી આપીએ છીએ." (૨૯:૬૯)

આ તે મેદાન છે જેમાં દરેક મોટા–મોટા નબીઓ, રસૂલો, અવલિયાઓ, જિંદગીના છેલ્લા પડાવ સુધી હિદાયત વધવાની તૌફીકના ઈચ્છુક જોવા મળે છે. હિદાયતના આ જ સ્વરૂપને મવલાના રૂમી કહે છે,

اے برادر بے نہایت درگہے ست

ہرچہ بروے میرسی بروے مایست

અને સઅ્દી શીરાજી કહે છે,

نگویم کہ برآب قادر نیند

کہ برساحلِ نیل مستسقی اند

હિદાયતના દરજ્જાઓના ઉપરોક્ત ખુલાસાઓથી સ્પષ્ટ થઈ ગયું કે, "હિદાયત" એક એવી વસ્તુ છે જે બધાને પ્રાપ્ત પણ છે અને તેના ઉચ્ચ દરજ્જાઓ પ્રાપ્ત કરવાના પ્રયત્નો ન કરવાની કોઈ મોટામાં મોટા માણસને પણ છૂટ નથી. એટલા માટે "સૂરએ ફાતિહા"ને અતિમહત્ત્વની દુઆ ઠરાવવામાં આવી છે, જે એક સામાન્ય મો'મિન માટે પણ યોગ્ય છે અને મોટા–મોટા રસૂલો અને વલીઓ માટે પણ અતિમહત્ત્વની છે. એ જ કારણે આપ ﷺને છેલ્લી ઉંમરમાં "સૂરએ ફત્હ"માં ફત્હે મક્કા (મક્કા વિજય)ના ફાયદાઓ બતાવીને એ પણ બતાવ્યું કે, وَيَهْدِيَكُمْ صِرَاطًا مُّسْتَقِيمًا મક્કા મુકર્રમહ આપ ﷺના હાથે એટલા માટે વિજયી કરાવવામાં આવ્યું કે, "સિરાતે મુસ્તકીમ" (સીધા–સત્ય માર્ગ)નું માર્ગદર્શન નબીઓના સરદાર હઝરત મુહમ્મદ ﷺને આપવામાં આવે. (૪૮:૨૦) આમ, આપ ﷺ તો પ્રથમથી જ માર્ગદર્શન પામેલા હતા તથા અન્યોના માટે "હિદાયત" (માર્ગદર્શન)નો પ્રકાશ પાથરનારા હતા, તો પછી અહીંયાં આપ ﷺને "હિદાયત" આપવાનો અર્થ તે થયો કે, ફત્હે મક્કા વખતે આપ ﷺને ઉચ્ચ કક્ષાની હિદાયત અર્પણ કરવામાં આવી હતી.

"હિદાયત"ના અર્થના આ ખુલાસાથી કુર્આન શરીફ સમજવામાં ઘણો જ ફાયદો થશે.

પ્રથમ એ કે, કુર્આનમાં અમુક જગ્યાએ "હિદાયત"ને દરેક મો'મિન, કાફિરના માટે બલકે, સમગ્ર સૃષ્ટિના પ્રત્યેક અણુ માટે સામાન્ય કરી દીધી છે અને અમુક જગ્યાએ તેને ફક્ત મુત્તકીઓ (અલ્લાહથી ડરનારા) લોકો માટે જ ખાસ નક્કી કરી છે, આ ખુલાસાથી નાવાકિફ લોકો શંકા–કુશંકામાં પડી શકે છે, પરંતુ હિદાયતના સર્વ સામાન્ય અને ખાસ વિશિષ્ટ દરજ્જાઓ જાણી લેવાથી આ શંકા આપમેળે જ નિર્મૂળ થઈ જાય છે કે, એક દરજ્જો સમગ્ર સૃષ્ટિમાં બધા માટે સર્વ સામાન્ય છે અને બીજો દરજ્જો ખાસ વિશિષ્ટ પ્રકારના લોકો માટે છે.

બીજો ફાયદો એ છે કે, કુર્આન શરીફમાં એક બાજુ વારંવાર વર્ણન થયું છે કે અલ્લાહ તઆલા અત્યાચારીઓ અને ફાસિકો (દુષ્કૃત્યો આચરનાર) લોકોની હિદાયત નથી કરતો. તેનો જવાબ પણ હિદાયતના દરજ્જાના ખુલાસામાં સ્પષ્ટ થઈ ગયો કે, સર્વ સામાન્ય હિદાયત સમગ્ર મખ્લૂક (સર્જન) માટે છે અને હિદાયતના વિશિષ્ટ ઉચ્ચ કક્ષાના દરજ્જાઓ અત્યાચારીઓ અને દુષ્કૃત્યો આચરનારા દુરાચારીઓને પ્રાપ્ત થતા નથી.

ત્રીજો ફાયદો એ છે કે, હિદાયતના ત્રણ દરજ્જામાંથી પહેલો અને ત્રીજો દરજ્જો સીધે સીધો અલ્લાહ તરફથી છે. એમાં કોઈ નબી અથવા રસૂલ (અલૈહિસ્સલામ) વચ્ચે માધ્યમ નથી. રસૂલો અને નબીઓ (અલયહિસ્સલામ)નું કાર્ય ફક્ત બીજા દરજ્જાથી સંબંધ ધરાવે છે.

કુર્આન શરીફમાં જ્યાં પણ નબીઓ (અલૈ.)ને માર્ગદર્શક તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે તે આ બીજા દરજ્જાના આધારે જ છે અને જ્યાં આ પ્રમાણે ઈરશાદ છે, اِنَّكَ لَاتَهْدِىْ مَنْ اَحْبَبْتَ "આપ (ﷺ), જેને ચાહો તેને હિદાયત નથી આપી શકતા," (૨૮:૫૬) તો આ આયતમાં હિદાયતના ત્રીજા દરજ્જાનો ઉલ્લેખ થયો છે. જેનો અર્થ છે કે, "તૌફીક" (સન્માર્ગ ઉપર ચાલવાની પ્રેરણા) આપવી આપ (ﷺ)નું કામ નથી.

મતલબ કે, اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ એક સર્વગ્રાહી અને અતિમહત્ત્વની મનુષ્યને શીખવાડવામાં આવેલી દુઆ છે. માનવજાતમાંથી કોઈપણ વ્યક્તિ એવો દા'વો ન કરી શકે કે, મારે તેની આવશ્યકતા નથી. દીન અને દુનિયામાં "સિરાતે મુસ્તકીમ" (સત્ય–સીધા માર્ગ) સિવાય સફળતા અને છુટકારો નથી. દુનિયાની ઉલઝનોમાં પણ સિરાતે મુસ્તકીમની દુઆ અક્સીર ફોર્મ્યુલા છે પરંતુ લોકો ધ્યાન નથી આપતા. આ આયતનો અનુવાદ એ છે કે, "અમને સીધા (સત્ય) માર્ગ ઉપર ચલાવ."

"સિરાતે મુસ્તકીમ" (સીધો માર્ગ) ક્યો માર્ગ છે ?

સીધો માર્ગ તે છે, જેમાં વળાંકો ન હોય અને તેનો અર્થ તે જ છે કે, દીનના આ માર્ગમાં અતિશયોક્તિ અથવા અધૂરપનો અવકાશ ન હોય. અતિશયોક્તિનો

અર્થ છે, "સીમાઓનું ઉલ્લંઘન કરી આગળ વધી જવું" અને અધૂરપનો અર્થ છે, "જેટલું હોય તેના કરતાં ઓછું કરવું." (અર્થાત કે, દીનને જેમનો તેમ યથાવત્ રાખવો જાઈએ, તેમાં અતિશયોક્તિ કરવી અથવા અધૂરું છોડી મુકવાનો કોઈ અવકાશ નથી.) ત્યાર પછીની બે આયતોમાં "સિરાતે મુસ્તકીમ"નો અર્થ વધુ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. જ્યારે કે, ઉપરોક્ત આયતમાં દુઆની તાકીદ કરવામાં આવી છે. ફરમાવ્યું છે, صِرَاطَ الَّذِيْنَ أَنعَمْتَ عَلَيْهِمْ "તે લોકોના માર્ગ ઉપર જેને તેં ઈનામ આપ્યું" જેમના ઉપર અલ્લાહ તઆલાનું ઈનામ થયું તે લોકો કોણ છે? તેનો ખુલાસો બીજી આયતમાં આ રીતે કરવામાં આવ્યો છે,

اَلَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَ الشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ ۚ

"તે લોકો જેમના ઉપર અલ્લાહ તઆલાના ઈનામો થયા, એટલે કે નબીઓ, સિદ્દીકો (સાચા લોકો) અને શહીદો (માત્ર અલ્લાહના માટે જ પોતાનો પ્રાણ ન્યોછાવર કરનાર) તથા સાલિહીન (નીતિવાન અને નેક લોકો)." (૪:૬૯)

અલ્લાહના દરબારમાં આ ચાર દરજ્જાઓ છે જેમાં સૌથી શ્રેષ્ઠ નબીઓ (અલૈ.) છે તથા "સિદ્દીકીન" તે લોકો છે, જેઓ નબીઓ (અલૈ.) પછી તેમની ઉમ્મતમાં સૌથી મોટો મરતબો ધરાવતા હોય છે, જેમના આંતરિક (રૂહાની) ગુણો પણ પરાકાષ્ઠાએ હોય છે. સામાન્ય બોલ-ચાલની ભાષામાં તેમને અવલિયા કહેવામાં આવે છે. શહીદ તે લોકો છે જેમણે દીનની મહોબ્બતમાં પોતાનો પ્રાણ સુદ્ધાં આપી દીધો અને સાલિહીન તે લોકો છે, જેઓ શરીઅતના સંપૂર્ણ તાબે'દાર છે, ફરજોમાં પણ અને મુસ્તહબો (જે બાબતો કરવા માટેની જવાબદારી તો નથી પરંતુ જેનું આચરણ ઉત્તમ ગણાય છે તેને મુસ્તહબ કહેવામાં આવે છે)માં પણ. જેમને સામાન્ય બોલ-ચાલની ભાષામાં નેક અને દીનદાર લોકો કહેવામાં આવે છે.

ઉપરોક્ત આયતમાં પહેલાં સમવાયી અને મધ્યમ માર્ગી પદ્ધતિ અપનાવીને "સિરાતે મુસ્તકીમ"ને નક્કી કરવામાં આવ્યો છે. આ ચાર તબક્કાઓના લોકો જે રસ્તાઓ ઉપર ચાલે તે "સિરાતે મુસતકીમ" છે. ત્યારબાદ છેવટની આયતમાં નકારવાચક શૈલીમાં વર્ણન કરી સિરાતે મુસ્તકીમથી ઊલટા અને વિરૂદ્ધ દિશાના માર્ગનું વર્ણન થયું છે.

દાખલા તરીકે વર્ણન છે,

غَيْرِ الْمَغْضُوبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ

"અને તે લોકોના માર્ગથી બચાવ જેનાથી તું ક્રોધિત થયો અને જેઓ માર્ગ ભટકી ગયા."

مَغْضُوْبِ عَلَيْهِمْ તે લોકો છે, જેઓ દીનના હુકમોનું જ્ઞાન ધરાવતા હોવા છતાં બદમાશી અથવા સ્વાર્થના કારણે તેના વિરૂદ્ધ કૃત્યો આચરે છે, અથવા બીજા શબ્દોમાં અલ્લાહના હુકમોની તાબે'દારીમાં અપૂર્ણ હોય, જેમકે મોટા ભાગે યહૂદીઓની હાલત હતી કે, તેઓ દુનિયાના તુચ્છ ફાયદાઓ માટે દીનને કુરબાન કરી દેતા હતા અને અંબિયા (અલૈ.)નું અપમાન કરતા હતા. ضَآلِّيْنَ તે લોકો માટે છે જેઓ અજ્ઞાનતા અને અભણતાના કારણે દીનની બાબતમાં ખોટા રસ્તે ચાલી નીકળ્યા અને દીનની નક્કી કરેલી સીમાઓથી આગળ વધી અતિશયોક્તિ કરી બેઠા. જેમકે, સામાન્ય રીતે ક્રિશ્ચિયનોએ, કે તેઓ નબીના સન્માનમાં એટલા આગળ વધી ગયા કે, તેમને ખુદાના બેટા બનાવી દીધા (નઊઝુબિલ્લાહ !). એક બાજુ એવો અત્યાચાર કે, અલ્લાહના નબીઓની વાતને પણ માનવામાં ન આવે બલકે, તેમને કતલ કરવાથી પણ ન અટકે અને બીજી બાજુ આ અતિશયોક્તિ કે, તેમને ખુદા બનાવી દેવામાં આવે.

આ આયતનું તાત્પર્ય છે કે, અમે એવો માર્ગ નથી ઈચ્છતા જે માર્ગ સ્વાર્થના તાબે'દારો, દુષ્કૃત્યો આચરનારાઓ તથા દીનની સીમાઓનું ઉલ્લંઘન કરનારાઓનો છે અને ન જ એવો માર્ગ ઈચ્છીએ છીએ જે અજ્ઞાનીઓ અને માર્ગ ભટકેલાઓ તથા દીનમાં અતિશયોક્તિ કરનારાઓનો છે. બલકે, એ બંનેથી વિપરિત દરમિયાની કક્ષાનો મધ્યમ માર્ગ ઈચ્છીએ છીએ, જેમાં ન તો અતિશયોક્તિ છે, ન જ કોઈ ખામી છે. જે મનેચ્છાઓ અને સ્વાર્થની તાબે'દારીથી અને શંકા-કુશંકાઓ તથા ખોટી માન્યતાઓ (અકાઈદ)થી પાકસાફ છે.

"સૂરએ ફાતિહા"ની સાત આયતોની તફસીર પૂર્ણ થઈ ગઈ. આ સંપૂર્ણ સૂરતનો ખુલાસો, તાત્પર્ય અને હેતુ આ દુઆનો છે કે, "હે અલ્લાહ ! અમને "સિરાતે મુસ્તકીમ"ની હિદાયત અર્પણ કર." દુનિયામાં "સિરાતે મુસ્તકીમ"ને ઓળખવું સૌથી મોટું જ્ઞાન અને સફળતા છે અને તેની ઓળખમાં ભૂલ થવાથી

દુનિયાની કૌમો-સમાજો તબાહ-બરબાદ થઈ જાય છે. એક રીતે જોવા જઈએ તો આધ્યાત્મિકતામાં તથા પૂંજા-પાઠમાં રચ્યા-પચ્યા રહેનાર કાફિરોની સંખ્યા પણ ઓછી નથી, એટલા માટે જ કુર્આન "સિરાતે મુસ્તકીમ"ના સંપૂર્ણ ખુલાસા સાથે હકારાત્મક અને નકારાત્મક બન્ને પાસાંઓનું સ્પષ્ટીકરણ કરી આપે છે.

"સિરાતે મુસ્તકીમ"ની ચાવી :

આગળ વધીએ તે પહેલાં એક બાબત ઉપર વિચાર કરીએ. એ બાબત જ્ઞાનના વધુ દરવાજાઓ ખોલી નાંખશે, અને તે એ કે "સિરાતે મુસ્તકીમ"ને સમજવા માટે કુર્આન તથા આપ ﷺના જીવન (સીરત)ને "સિરાતે મુસ્તકીમ" (સીધો રસ્તો) કહી દેવું પૂરતું લાગે છે. કારણ કે, વાસ્તવમાં કુર્આન શરીફ "સિરાતે મુસ્તકીમ"ની વ્યાખ્યા છે અને આપ ﷺનું સંપૂર્ણ શિક્ષણ તેનો ખુલાસો અને વિવરણ છે. પરંતુ કુર્આનની આ ટૂંકી સૂરતમાં ખૂબ જ સંક્ષિપ્ત અને સ્પષ્ટ રીતે આ પાસાને છોડીને "સિરાતે મુસ્તકીમ"ને અલ્લાહ તઆલાએ બે આગવી આયતોમાં હકારાત્મક અને નકારાત્મક રીતે વર્ણન કર્યું છે કે, જો કોઈ વ્યક્તિ સીધા રસ્તા ઉપર ચાલવા ઈચ્છે છે તો એવા લોકોનો રસ્તો અપનાવે જેના ઉપર અલ્લાહનું ઈનામ થયું અને કુર્આને તે સમયે એવું ન કહ્યું કે, કુર્આનનો રસ્તો અપનાવો. કારણ કે, ફક્ત કિતાબો માણસની તરબિયત (કેળવણી) માટે પૂરતી નથી અને ન જ એવું કહ્યું કે, રસૂલનો માર્ગ અપનાવો. કારણ કે, રસૂલુલ્લાહ ﷺ આ જગતમાં કાયમ માટે રહેવાના નથી અને આપ ﷺ પછી કોઈ બીજા રસૂલ અથવા નબી આવવાના નથી. એટલા માટે "સિરાતે મુસ્તકીમ" (સીધો-સત્ય માર્ગ) એવા લોકો દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે, જેમનામાં નબીઓ સિવાય એવા લોકો પણ શામિલ છે કે, જેઓ કયામત સુધી હરપળે મૌજૂદ રહેશે. દાખલા તરીકે સિદ્દીકો, શહીદો અને નેક લોકો.

મતલબ કે, સીધો રસ્તો જાણવા માટે અલ્લાહ તઆલાએ કેટલાક માણસોના હવાલા આપ્યા, ન કે કુર્આનનો હવાલો આપ્યો ! એક હદીષમાં છે કે, "જયારે રસૂલુલ્લાહ ﷺએ સહાબએ કિરામ (રદિ.)ને ખબર આપી કે, અગાઉની ઉમ્મતોની જેમ મારી ઉમ્મત પણ ૭૦ ફિરકાઓમાં વહેંચાય જશે અને તેમાં ફક્ત એક સમૂહ સચ્ચાઈ ઉપર હશે," તો સહાબએ કિરામ (રદિ.)એ

પૂછ્યું, "તે ક્યો સમૂહ હશે ?" આપ ﷺએ જે જવાબ આપ્યો, તેમાં પણ કેટલાક અલ્લાહના બંદાઓનો ઉલ્લેખ કર્યો અને કહ્યું, مَا اَنَا عَلَيْهِ وَاَصْحَابِىْ એટલે કે, "સત્ય માર્ગ ઉપર તે જ જમાઅત હશે જેઓ મારા અને મારા સહાબાઓના માર્ગ પર ચાલશે."

આ ખાસ માર્ગથી કદાચ એ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, માણસનું શિક્ષણ અને તરબિયત (કેળવણી) ફક્ત કિતાબો અને રિવાયતોથી નથી થઈ શકતી બલકે, નેક લોકોના સાન્નિધ્યમાં રહી અને તેમની પાસેથી શીખીને પ્રાપ્ત થઈ શકે છે. વાસ્તવમાં માણસનો શિક્ષક અને કેળવણીકાર માણસ જ હોઈ શકે છે, માત્ર કિતાબ શિક્ષક કે કેળવણીકાર બની શકે નહીં. *કોરસ તો લફઝ હી શિખાતે હૈં, આદમી આદમી બનાતે હૈં !* અને આ એક એવી વાસ્તવિકતા છે જે દુનિયાના બધા જ ક્ષેત્રોમાં પ્રાયોગિક રીતે સાબિત થયેલ છે. ફક્ત પુસ્તકિયા જ્ઞાનથી ન કોઈ કપડાં સીવતાં શીખી શકે છે અને ન જ કોઈ રાંધતાં, ન તો કોઈ ડૉક્ટરી વિદ્યાના પુસ્તકો વાંચી ડૉક્ટર બની શકે છે અને ન જ કોઈ ઍન્જિનિયરીંગ વિદ્યાના પુસ્તકોનો અભ્યાસ કરી ઍન્જિનિયર બની શકે છે. એવી જ રીતે કુર્આન અને હદીષનો ફક્ત અભ્યાસ માણસના શિક્ષણ અને તેની અખ્લાકી તરબિયત માટે કોઈ કાળે પૂરતા નથી હોઈ શકતા, જ્યાં સુધી તેણે કોઈ નિપૂણ અને નિષ્ણાત શિક્ષક પાસેથી કાયદેસર રીતે શિક્ષણ ન મેળવ્યું હોય. કુર્આન–હદીષની બાબતમાં ઘણા બધા ભણેલા–ગણેલા વ્યક્તિઓ એવો ખોટો અભિપ્રાય ધરાવે છે કે, ફક્ત તરજુમો અથવા તફસીરનો અભ્યાસ કરીને કુર્આની જ્ઞાનના નિષ્ણાત બની શકાય છે. આ બિલકુલ અસ્વાભાવિક અભિપ્રાય છે. જો ફક્ત પુસ્તક જ પૂરતું હોત તો રસૂલો મોકલવાની જરૂરત જ શું હતી ? કિતાબોની સાથે રસૂલોને શિક્ષક (મુઅલ્લિમ) બનાવીને મોકલવા તથા "સિરાતે મુસ્તકીમ"ને નક્કી કરવા માટે પોતાના બંદાઓની યાદી આપવી, એ બાબતની દલીલ છે કે ફક્ત કિતાબનો અભ્યાસ શિક્ષણ અને તરબિયત માટે પૂરતાં નથી. બલકે, કોઈ નિષ્ણાત પાસેથી શીખવું જરૂરી છે.

હવે સ્પષ્ટ થઈ ચૂક્યું કે, માણસની સફળતા અને છુટકારા માટે બે વસ્તુઓ જરૂરી છે. એક અલ્લાહની કિતાબ, જેમાં માનવ જીવનના પ્રત્યેક ક્ષેત્ર બાબતે હુકમો મૌજૂદ છે અને બીજું અલ્લાહના નેક બંદાઓ, જેમનાથી ફાયદો

મેળવવા માટે અલ્લાહની કિતાબના પ્રખ્યાત સિદ્ધાંતોના આધારે તેમને પારખવામાં આવે અને તેમનાથી અલ્લાહની કિતાબને શીખવા, સમજવા અને અમલ કરવાનું કામ લેવામાં આવે.

ફિરકાઓ બનવાનું મુખ્ય કારણ એ જ છે કે, કેટલાક લોકોએ અલ્લાહની કિતાબને સ્વીકારી પરંતુ અલ્લાહવાળાઓને નજરઅંદાજ કર્યા (ઉપેક્ષા કરી). તેમની તફસીર અને શિક્ષણને કોઈ મહત્ત્વ ન આપ્યું અને અમુક લોકોએ ફક્ત અલ્લાહના નેક બંદાઓને સચ્ચાઈનું માપદંડ સમજી લીધું અને અલ્લાહની કિતાબથી આંખો બંધ કરી દીધી. આ બંને પદ્ધતિઓનું પરિણામ માત્ર ગુમરાહી (માર્ગ ભટકવું) છે.

જહાંગીર હકીમ
૧૪૧૨, ટોપીવાળા ની પોળના નાકે
કાળુપુર અમદાવાદ.૩૮૦૦૦૧
મો.૯૨૨૮૭૨૦૫૯૧

Jehangir Gulamnabi Hakim
1412, Near Topiwala's Pole Kalupur,
AHMEDABAD - 380001.
Mo. - 09228720591
jehangirhakim@gmail.com
jehangirhakim@ymail.com

સૂરએ ફાતિહા સંબંધિત હુકમો અને મસ્અલાઓ

સૂરએ ફાતિહામાં પ્રથમ અલ્લાહ તઆલાના વખાણ અને સ્તુતિ છે અને પછી ફક્ત અલ્લાહની જ ઈબાદત કરવાનો ઈકરાર અને કબૂલાત છે. તેમાં, એવું જાહેર કરવામાં આવે છે કે હું અલ્લાહ સિવાય કોઈને જરૂરત પૂરી કરનાર નથી સમજતો, અને આ કરાર તથા વફાદારીની ઘોષણા કરવામાં આવે છે, ઉપરાંત તે એક મહત્ત્વની દુઆ પણ છે, જે સમગ્ર માનવનિર્મિત હેતુઓ અને આવશ્યકતાઓથી વધીને છે. તેમાં ઘણા ફાયદાઓ તથા મસ્અલાઓ પણ આવે છે. તેમાંથી કેટલાક મહત્ત્વના મસ્અલાઓનો અત્રે ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે.

દુઆ કરવાની પદ્ધતિ :

(૧) દુઆ કરવાની પદ્ધતિ દ્વારા મનુષ્યને શિક્ષણ આપવાનો હેતુ છે :

આ ખાસ પ્રકારની સંબોધન કરવાની પદ્ધતિ દ્વારા મનુષ્યને શિક્ષણ આપવામાં આવ્યું છે કે, જ્યારે અલ્લાહ જલ્લ શા'નહુ પાસે કોઈ દુઆની યાચના કરવી હોય તો તેની પદ્ધતિ એ છે કે, સૌ પ્રથમ અલ્લાહના વખાણ અને તેની સ્તુતિ કરવાનો ફરજ અદા કરવામાં આવે, પછી વફાદારીના કરારનું સોગંદનામું એવી રીતે કરે કે, તેના સિવાય હું કોઈને ઈબાદતના લાયક નથી સમજતો અને ખરા અર્થમાં તેના સિવાય પોતાની મુશ્કેલી દૂર કરનાર તથા પોતાની જરૂરતોને પૂરી કરનાર અન્ય કોઈને નથી માનતો, ત્યારબાદ પોતાની ઈચ્છિત દુઆ કરવામાં આવે. આ પદ્ધતિથી જો દુઆ કરવામાં આવશે તો તે કબૂલ થવાની સંપૂર્ણ સંભાવના છે. ઈન્શાઅલ્લાહ !

(અહકામે જસ્સાસ)

વળી, દુઆમાં પણ એવી સર્વગ્રાહી દુઆને અપનાવવામાં આવી છે કે, જેમાં સંક્ષિપ્તમાં માનવજીવનના બધા જ હેતુઓ દાખલ થઈ ગયા. જેમકે, સિરાતે મુસ્તકીમની હિદાયત કે જેમાં દુનિયા અને દીનના પ્રત્યેક કામોમાં માણસનો રસ્તો સીધો થઈ જાય છે અને ક્યાંય ઠોકર લાગવાનો કે નુકસાન પહોંચવાનો ભય નથી રહેતો. મતલબ કે, કુર્આનમાં આ સ્થળે પોતે અલ્લાહ તઆલા તરફથી પોતાના વખાણ અને સ્તુતિ વર્ણન કરવાનો મૂળ હેતુ માણસને શિક્ષણ આપવાનો છે.

(૨) અલ્લાહ તઆલાની સ્તુતિ અને વખાણ માણસની સ્વાભાવિક ફરજ છે :

પહેલા વાકયમાં અલ્લાહ તઆલાની સ્તુતિ અને વખાણ કરવાનું શિક્ષણ આપી તેની પ્રેરણા આપવામાં આવી છે, પરંતુ વખાણ કરવા માટે જરૂરી છે કે જેના વખાણ કરવામાં આવી રહ્યા છે તેનામાં કોઈ વિશેષ ગુણ, લક્ષણો અથવા તેના તરફથી મળતી નેઅ્મતોને આધાર બનાવવામાં આવે, પરંતુ અહીંયાં કોઈ નેઅમતનું વર્ણન નથી, તેમાં એ ઈશારો છે કે અલ્લાહની નેઅ્મતો (Blessing –ઈનામ–ભેટ–સોગાત–પ્રત્યેક લાભદાયક ભૌતિક–અભૌતિક પદાર્થ) અધધધ છે. તેની ગણતરી કરવી માણસની મર્યાદા બહારની વાત છે, જેમકે કુર્આન શરીફમાં ફરમાવવામાં આવ્યું છે,

وَاِنْ تَعُدُّوْا نِعْمَةَ اللّٰهِ لَا تُحْصُوْهَا،

"જો તમે અલ્લાહ તઆલાની નેઅ્મતોની ગણતરી કરવા ઈચ્છો તો નહીં કરી શકો." (૧૪:૩૪ અને ૧૬:૧૮)

જો કોઈ વ્યક્તિ આખી દુનિયાને છોડીને ફક્ત પોતાના શરીરમાં, પોતાના અસ્તિત્વ ઉપર દષ્ટિપાત કરશે તો ખબર પડશે કે, તેનું અસ્તિત્વ પોતે જ એક નાની સરખી દુનિયા છે, જેમાં વિરાટ વિશ્વના બધા જ નમૂનાઓ મૌજૂદ છે. તેનું શરીર જમીનનું ઉદાહરણ છે, તેના શરીર પર ઉગનારા વાળ વનસ્પતિનો દાખલો છે, તેના હાડકાં પહાડોનો નમૂનો છે, બદનમાં આવેલી નસો જેમાં લોહી વહે છે તે જમીનમાં વહેનારા ઝરણાં તથા નદીઓ સમાન છે.

મનુષ્યમાં બે વસ્તુઓનું મિશ્રણ છે, એક છે શરીર અને બીજી છે રૂહ (આત્મા). એ પણ સ્પષ્ટ છે કે, રૂહ અસલ તત્ત્વ છે અને તે શ્રેષ્ઠ અને માનવજીવનની હયાતી માટે અગત્યની જરૂરી વસ્તુ છે. શરીર તો ફક્ત તેના તાબે' છે અને તુચ્છ દરજ્જો ધરાવે છે. મનુષ્યના આ તુચ્છ વિભાગ શરીરના સંદર્ભમાં મનુષ્યના અંગોનું સંશોધન અને રિસર્ચ કરનારા વૈજ્ઞાનિકોએ બતાવ્યું છે કે, તેમાં અલ્લાહ તઆલાએ પાંચ હઝારથી વધુ તંત્રો અને જટિલ રચનાઓ (Systems)બનાવી છે. શરીરમાં ૩૦૦થી વધુ સાંધાઓ આવેલા છે, દરેક સાંધાને અલ્લાહ તઆલાએ પોતાની સંપૂર્ણ કુદરતથી એવા મજબૂત બનાવ્યા છે

કે, દરેક સમયે તેનો ઉપયોગ થવા છતાં ન તો તે ઘસાય છે અને ન જ તેને રિપેરીંગ કે મેન્ટેનન્સની જરૂર પડે છે. સરેરાશ મનુષ્યની ઉંમર ૬૦ કે ૭૦ વર્ષની હોય છે. આખી જિંદગી આ નાજુક અવયવો અને તેના બધા જ સાંધાઓ પ્રત્યેક પળે એવી રીતે હલન–ચલન કરતા રહે છે કે, જો હાડકાંની જગ્યાએ લોખંડ હોત તો પણ ઘસાય ગયું હોત, પરંતુ અલ્લાહ તઆલાએ ફરમાવ્યું,

نَحْنُ خَلَقْنٰهُمْ وَشَدَدْنَآاَسْرَهُمْ،

"અમે જ તેમને પૈદા કર્યા અને અમે જ તેમના સાંધાઓને મજબૂત કર્યા." (૭૬:૨૮)

આ કુદરતી મજબૂતીનું પરિણામ એ છે કે, આ નાજુક અને નમણા સાંધાઓ ૭૦ કે તેથી વધુ વર્ષો સુધી સતત કામ આપતા રહે છે. માણસના અવયવોમાંથી ફક્ત એક આંખનું જ ઉદાહરણ લો, તેમાં અલ્લાહ જલ્લ શા'નહુના કુદરતના કરિશ્માનું ચમત્કારિક (રહસ્યપૂર્ણ) તંત્ર (System) મૌજૂદ છે. વ્યક્તિ પોતાની આખી જિંદગી આ તંત્રને સમજવા અથવા તેમાં સંશોધન કરવામાં વિતાવી દે, તો પણ તેના બધા રહસ્યોને પામવું અશક્ય છે.

પછી આ આંખના કાર્યનો હિસાબ લગાવીને જોઈ લો કે, એક મિનિટના આંખના કાર્ય પાછળ અલ્લાહ તઆલાની કેટલી બધી નેઅ્મતો કામ કરી રહી છે! જાણીને આશ્ચર્ય થાય છે ! આંખ ઉઠાવીને કોઈ વસ્તુને જોઈ લીધી, એમાં જેવી રીતે આંખના તંત્રએ કામ કર્યું, એવી જ રીતે કુદરતના આ આંખે જોયેલા દૃષ્યો અને સૃષ્ટિના બીજા અંશોની પણ એમાં ભાગીદારી છે. જો સૂરજનો પ્રકાશ ન હોય તો આંખનું તંત્ર કામનું નથી, એ જ પ્રમાણે સૂર્યના પ્રકાશને રેલાવા માટે પર્યાવરણનું હોવું જરૂરી છે. માણસના જોવા અને અને આંખને કાર્યરત કરવા માટે ખોરાક, પાણી, હવા વગેરેની આવશ્યકતા છે જેથી, સ્પષ્ટ થાય છે કે એક પળ માટે આંખ ઊઠે છે અને જે કંઈ દૃષ્ય નિહાળે છે તેમાં આખી સૃષ્ટિની ઘણી બધી શક્તિઓ કાર્યરત છે. આ તો ફક્ત એક પળના આંખના કાર્યનો હિસાબ છે, પછી આંખ આખા દિવસમાં કેટલા દૃષ્યો જુએ છે ? એક વર્ષમાં કેટલા ? આખી જિંદગીમાં કેટલા ? આ એવો ક્રમ છે, જેનો હિસાબ અને આંકડાઓ માંડવા માણસની શક્તિ બહારની અને કલ્પના બહારની વાત છે !

એ જ પ્રમાણે કાન, જીભ, હાથ, પગ વગેરે અવયવોના જેટલા પણ કાર્યો છે, તે બધામાં સમગ્ર વિશ્વની શક્તિઓ શામિલ થઈને તેમના કાર્યોને પૂર્ણ કરાવે છે. આ તો તે નેઅ્મતો છે જે પ્રત્યેક જીવિત મનુષ્યને પ્રાપ્ત છે. તેમાં રાજા, રંક, અમીર, ગરીબ વગેરેનો કોઈ ભેદભાવ નથી અને અલ્લાહ જલ્લ શા'નહુની મોટી–મોટી નેઅ્મતો બધાના માટે આ જ પ્રમાણે સર્વસામાન્ય અને દરેકના માટે ઉપલબ્ધ છે. મનુષ્યજાતિનો પ્રત્યેક વ્યક્તિ તેનો લાભ ઉઠાવે છે. આકાશ, પૃથ્વી, સમગ્ર સૃષ્ટિ, ચાંદ, સૂરજ, ગ્રહો, તારાઓ, હવા, પર્યાવરણ, વગેરેનો લાભ પર્યાવરણના પ્રત્યેક પદાર્થ અને પ્રત્યેક સજીવને મળી રહ્યો છે.

ત્યારબાદ અલ્લાહ જલ્લ શા'નહુની વિશેષ પ્રકારની નેઅ્મતો માનવોને તેની હિકમત અને ડહાપણ પ્રમાણે ઓછા–વધતા પ્રમાણમાં આપવામાં આવે છે. જેમકે માલ, દૌલત, ઈજ્જત, હોદ્દાઓ, રાહત, આરામ વગેરે વ્યક્તિગત પ્રકારની નેઅ્મતો છે. દેખીતી રીતે સર્વસામાન્ય નેઅ્મતો જે બધા જ મનુષ્યને સરખી રીતે મળી છે, જેમકે આકાશ, પૃથ્વી, પર્યાવરણ વગેરે તો આ નેઅ્મતો વ્યક્તિગત પ્રકારની નેઅ્મતો માલ–દૌલત વગેરેથી વધારે શ્રેષ્ઠ અને ઉત્તમ છે, પરંતુ સીધો–સાદો માણસ આ સર્વવ્યાપી મહાન નેઅ્મતો સમગ્ર મનુષ્યજાતિને સામાન્ય રીતે ઉપલબ્ધ હોવાથી તેના તરફ ધ્યાન પણ આપતો નથી. ફક્ત સામાન્ય અને મા'મૂલી ખાવા–પીવાની વસ્તુઓ અને રહેવા–સુવાની વિશેષ વસ્તુઓ અને સહૂલતો ઉપર તેની નજર અટકી જાય છે.

ઉપરોક્ત વર્ણન તો પ્રત્યેક મનુષ્યને મળેલી નેઅ્મતોના નમૂનાઓનું માત્ર ઉપરછલ્લું વિવરણ છે, અને આ નેઅ્મતોના બદલામાં જરૂરી થઈ જાય છે કે માણસ પોતાની શક્તિ અનુસાર અહેસાનો (ઉપકાર) કરનાર અને ઈનામો આપનાર અલ્લાહની સ્તુતિ અને વખાણ કરે, બલકે તેણે એના વખાણ કરતા જ રહેવું જોઈએ. આ જ સ્વાભાવિક બાબતની તાકીદ કરવા માટે કુર્આનની સૂરતનો સૌથી પહેલો શબ્દ اَلْحَمْدُ આવ્યો છે. અલ્લાહના વખાણ અને સ્તુતિને ઈબાદતમાં ઘણો મોટો દરજ્જો પ્રાપ્ત છે. રસૂલે કરીમ ﷺ એ ફરમાવ્યું, "જ્યારે અલ્લાહ તઆલા પોતાના બંદાને કોઈ નેઅ્મત અર્પણ કરે અને તે બંદો તેના બદલામાં اَلْحَمْدُ કહે, તો એવું થઈ ગયું કે જાણે તેણે જે કંઈ લીધું છે, તેનાથી ઉત્તમ વસ્તુ પાછી આપી દીધી."

(કુર્તુબી, અજ ઈબ્ને માજહ બ રિવાયતે હઝરત અનસ રદિ.)

એક બીજી હદીષમાં છે કે, "જો આખી દુનિયાની નેઅ્મતો કોઈ વ્યક્તિને પ્રાપ્ત થઈ જાય અને તે તેના બદલામાં اَلْحَمْدُ કહી દે તો આ اَلْحَمْدُ દુનિયાની તમામ નેઅ્મતો કરતાં ઉત્તમ છે." કુર્તુબી (રહ.)એ અમુક ઉલમાથી નકલ કર્યું છે જેનો અર્થ આ છે કે, اَلْحَمْدُ ઝબાનથી કહેવું પણ અલ્લાહની એક નેઅ્મત છે અને આ નેઅ્મત દુનિયાની સમગ્ર નેઅ્મતોથી શ્રેષ્ઠ છે. સહીહ હદીષમાં છે કે, اَلْحَمْدُلِلّٰه થી અમલના ત્રાજવાનું અડધું પલ્લું ભરાય જાય છે અને વખાણની વાસ્તવિકતા હઝરત શફીક બિન ઈબ્રાહીમ (રહ.)એ આ રીતે વર્ણન કરી છે કે, "જ્યારે અલ્લાહ તઆલા તમને કોઈ વસ્તુ (નેઅ્મત) અર્પણ કરે, તો પ્રથમ તે નેઅ્મત આપનારાને ઓળખો, પછી તેણે જે કંઈ આપ્યું છે તેના ઉપર રાજી થઈ જાઓ, પછી જ્યાં સુધી તમારા શરીરમાં તેની અર્પેલી તાકાત અને શક્તિ મૌજૂદ છે તેની નાફરમાની કરવાની કલ્પના પણ ન કરો."

(કુર્તુબી)

બીજો શબ્દ لِلّٰهِ છે, એમાં અલ્લાહ (ﷲ) શબ્દની સાથે શરૂઆતમાં لِ લગાવવામાં આવ્યો છે. જેને અરબી વ્યાકરણ પ્રમાણે "લામે ઈખ્તેસાસ" કહેવામાં આવે છે, આ "લામે ઈખ્તેસાસ" કોઈ હુકમ અથવા ગુણના વિશિષ્ટ હોવા વિશેની દલીલ કરે છે. અત્રે એનો અર્થ એ છે કે, એવું નથી કે અલ્લાહ તઆલાના વખાણ અને સ્તુતિ મનુષ્યની ફરજ છે બલકે, વાસ્તવિકતા આ છે કે સ્તુતિ અને વખાણ ફક્ત આ પાકજાત માટે જ ખાસ છે. ખરી રીતે તેના સિવાય દુનિયામાં કોઈપણ સ્તુતિને લાયક હોઈ જ નથી શકતું. જેમકે શરૂઆતમાં લખાઈ ચૂક્યું છે કે, તેણે મનુષ્યને ઈનામની સાથે સાથે સભ્યતા અને શિષ્ટાચાર શીખવવા માટે એવો હુકમ પણ આપ્યો કે, મારી નેઅ્મત અને અહેસાનો જે સ્ત્રોતો દ્વારા તમારી પાસે આવ્યા છે, તેનો પણ શુક્રિયા અદા કરો. કારણ કે, જે માણસ પોતાના પર અહેસાન કરનાર માણસનો શુક્રિયા અદા નથી કરતો તે અલ્લાહનો પણ શુક્રિયા અદા નથી કરતો.

(૩) પોતાના વખાણ પોતાની જાતે જ કરવા માણસ માટે જાઇઝ નથી:

પોતાના વખાણ આપમેળે કરવા કોઈપણ મખ્લૂક માટે જાઈઝ નથી. કુર્આન શરીફમાં છે,

فَلا تُزَكُّوا اَنْفُسَكُمْ هُوَ اَعْلَمُ بِمَنِ اتَّقٰى،

"તમે તમારી પવિત્રતા અને સ્વચ્છતાનો દા'વો ન કરો, અલ્લાહને જ ખબર છે કે કોણ તકવો (પરહેઝગારી) ધરાવે છે." (૫૩:૩૨)

મતલબ કે, માણસના વખાણ અને તા'રીફનો આધાર તકવા ઉપર છે અને તેનો હાલ અલ્લાહ તઆલા જ જાણે છે કે, કોનો તકવા ક્યા દરજ્જાનો છે ? અલ્લાહ તઆલા પોતાના વખાણ અને તા'રીફ પોતે કરે છે, તે એ કારણથી કે મનુષ્ય તો બીચારો છે, તેને તો તે પણ ભાન નથી કે અલ્લાહ રબ્બુલ ઈજ્જતની ઈજ્જત અને બુઝુર્ગી (મોટાઈ)નું વર્ણન કઈ રીતે કરવું ? અને કોઈની શું મજાલ છે કે, અલ્લાહની જેમ તા'રીફ કરી શકે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું,

لَا اُحْصِىْ ثَنَاءً عَلَيْكَ،

"હું તમારા વખાણ જેવા કરવા જોઈએ તે કરવા સમર્થ નથી."

એટલા માટે અલ્લાહ તઆલાએ પોતે જ વખાણ અને સ્તુતિની પદ્ધતિનું શિક્ષણ માણસને આપી દીધું છે.

(૪) رَبٌ (રબ) અલ્લાહ તઆલાનું ખાસ નામ છે અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈને رَبٌ (રબ) કહેવું જાઇઝ નથી :

رَبٌ (રબ) શબ્દનો ઉપયોગ કોઈ એવી હસ્તી માટે કરવામાં આવે છે, જે કોઈ વસ્તુનો માલિક હોય અને તેની તરબિયત તથા સુધારણાની યોજનાઓ પણ સંપૂર્ણ ચીવટ અને કાળજીથી કરવા માટે શક્તિમાન હોય. એ સ્પષ્ટ છે કે, સમગ્ર સૃષ્ટિ અને પ્રત્યેક સર્જનનો આવો رَبٌ (રબ) અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈ હોઈ જ નથી શકતો. એટલા માટે આ શબ્દ સંપૂર્ણ ભાષાકીય નિયમ પ્રમાણે ફક્ત અલ્લાહ માટે જ વિશેષ રીતે ઉપયોગવામાં આવે છે. સહીહ મુસ્લિમની એક હદીષમાં એ બાબતની મનાઈ કરવામાં આવી છે કે, કોઈ ગુલામ અથવા નોકર પોતાના માલિકને رَبٌ (રબ) કહે અલબત્ત, કોઈ ખાસ વસ્તુ તરફ નિસ્બત કરીને વિશેષણ સ્વરૂપે આ શબ્દ બોલી શકાય છે. જેમકે, رَبُّ الْمَالِ (રબ્બુલ માલ – "માલનો માલિક") અથવા رَبُّ الدَّارِ (રબ્બુ દાર) વગેરે.

(કુર્તુબી)

(૫) અલ્લાહથી મદદ માંગવી :

إِيَّاكَ نَعْبُدُ وإِيَّاكَ نَسْتَعِينُ નો અર્થ કુર્આનના વિવરણકાર હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ વર્ણન કર્યો છે કે, "અમે તારી જ ઈબાદત કરીએ છીએ, તારા સિવાય કોઈની ઈબાદત નથી કરતા અને તારાથી જ મદદ માંગીએ છીએ, તારા સિવાય અન્ય કોઈનાથી મદદ માંગતા નથી."

(ઈબ્ને જરીર, ઈબ્ને અબી હાતિમ)

ઈસ્લામની શરૂઆતના અમુક ઉલમા અને વલીઓએ ફરમાવ્યું છે કે, "સૂરએ ફાતિહા" આખા કુર્આનનું રહસ્ય (ખુલાસો) છે અને આયત إِيَّاكَ نَعْبُدُ وإِيَّاكَ نَسْتَعِينُ આખી "સૂરએ ફાતિહા"નું રહસ્ય (ખુલાસો) છે. કારણ કે, તેના પ્રથમ ટૂકડામાં શિર્ક (અલ્લાહ સાથે અન્ય કોઈને ઈબાદતમાં ભાગીદાર ઠરાવવા)થી અલિપ્ત થઈ જવાની જાહેરાત કરવામાં આવે છે અને બીજા ટૂકડામાં પોતાની શક્તિ અને તાકાતથી અલિપ્ત થઈ જવાનો ઈકરાર કરવામાં આવે છે કે, બંદો લાચાર છે. અલ્લાહની મદદ વગર કંઈ જ નથી કરી શકતો અને પરિણામ સ્વરૂપે તે પોતાના બધા જ કાર્યો અલ્લાહને સોંપે છે, જેની હિદાયત કુર્આન શરીફમાં વારંવાર કરવામાં આવી છે.

فَاعْبُدْهُ وَتَوَكَّلْ عَلَيْهِ (هود)

"તેની ઈબાદત કરો અને તેના ઉપર જ ભરોસો કરો." (૧૧:૧૨૩)

قُلْ هُوَ الرَّحْمٰنُ اٰمَنَّا بِهٖ وَعَلَيْهِ تَوَكَّلْنَا (سوره ملک)

"(હે મુહમ્મદ ﷺ) કહી આપો ! તે મહાકૃપાળુ છે, અમે તેના ઉપર ઈમાન લાવીએ છીએ અને અમે તેના ઉપર જ ભરોસો રાખીએ છીએ." (૬૭:૨૯)

رَبُّ الْمَشْرِقِ وَالْمَغْرِبِ لَآ اِلٰهَ اِلَّا هُوَ فَاتَّخِذْهُ وَكِيْلًا، (مزمل)

"તે જ પૂર્વ અને પશ્ચિમનો માલિક છે; તેના સિવાય કોઈ ઈબાદતના પાત્ર નથી, બસ તમે તેને જ તમારો સંરક્ષક બનાવો." (૭૩:૯)

આ બધી આયતોનો ખુલાસો એ છે કે, મો'મિન પોતાના પ્રત્યેક કાર્યમાં ભરોસો અને વિશ્વાસ ન તો પોતાની કુશળતા ઉપર રાખે અને ન જ કોઈ અન્યની

મદદ ઉપર રાખે ! બલકે, સંપૂર્ણ ભરોસો અને વિશ્વાસ ફક્ત અલ્લાહ તઆલા ઉપર જ હોવો જોઈએ, કારણ કે તે જ સર્વશક્તિમાન છે.

ઉપરોક્ત બાબતથી બે મસ્અલાઓ અકીદા (માન્યતા) સ્વરૂપે સાબિત થાય છે.

અલ્લાહ સિવાય કોઈની ઇબાદત શક્ય જ નથી અને તેની ઇબાદતમાં કોઈ અન્યને ભાગીદાર કરવો હરામ અને મા'ફ ન થઈ શકે તેવો ગુનોહ છે :

ઈબાદતનો અર્થ ઉપર સ્પષ્ટ થઈ ચૂક્યો છે કે, કોઈ હસ્તીના અમર્યાદ સન્માન અને મહોબ્બતના આધારે તેની સામે પોતાને અત્યંત લાચાર અને ખૂબ નિમ્ન કક્ષાનો હોવાનું જાહેર કરવું. એટલા માટે અલ્લાહ સિવાય કોઈ મખ્લૂક (સૃષ્ટિના કોઈપણ અંશ) સાથે આવો વર્તાવ કરવાને પણ શિર્ક જ કહેવામાં આવે છે. આ બાબતથી સ્પષ્ટ થઈ ગયું કે, શિર્ક ફક્ત તે જ નથી કે જે રીતે મૂર્તિપૂંજકોની જેમ પથ્થરોની મૂર્તિઓ વગેરેને અલ્લાહની જેવા સર્વશક્તિમાન સમજવામાં આવે. બલકે, કોઈને સન્માન અને મહોબ્બત તથા તાબે'દારીનો તે દરજ્જો આપવો કે જે માત્ર અલ્લાહ તઆલાનો જ હક્ક છે; તે પણ એક પ્રકારના શિર્ક સમાન જ છે. કુર્આન મજીદમાં યહૂદીઓ અને ક્રિશ્ચિયનોના આ પ્રકારના શિર્કનું વર્ણન આ રીતે થયું છે.

اِتَّخَذُوْٓا اَحْبَارَهُمْ وَرُهْبَانَهُمْ اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ

"તે લોકોએ દીની આલિમોને પોતાના رَبّ (રબ) બનાવી લીધા અલ્લાહને છોડીને." (૯:૩૧)

હઝરત અદી બિન હાતિમ (રદિ.) જેઓ મુસલમાન થતાં પહેલાં ક્રિશ્ચિયન હતા, તેમણે આ આયત વિશે રસૂલુલ્લાહ ﷺને વિનંતી કરી કે, "અમે તો અમારા ઉલમા (ધર્મગુરૂઓ)ની ઈબાદત કરતા ન હતા, પછી કુર્આનમાં તેમને મા'બૂદ (ઈબાદત કરવાપાત્ર) બનાવવાનો આક્ષેપ અમારા પર કેવી રીતે લગાવવામાં આવ્યો ?" આપ ﷺએ ફરમાવ્યું, "શું એવું નથી કે તમારા આલિમો ઘણી એવી વસ્તુઓને હરામ (નિષિદ્ધ) ઠરાવી દે છે, જેને અલ્લાહે

હલાલ કરી છે અને તમે તમારા ઉલમાના કહેવાથી તેને હરામ જ સમજો છો અને ઘણી વસ્તુઓ એવી છે, જેને અલ્લાહ તઆલાએ હરામ કરી છે અને જો તમારા ઉલમા તેને હલાલ કરી દે છે, તો તમે પણ તેમના કહેવા પ્રમાણે તેને હલાલ કરી લો છો." અદી બિન હાતિમ (રદિ.)એ જવાબ આપ્યો કે, "બેશક ! અમે આવું તો કરતા હતા." તેના ઉપર આપ ﷺએ કહ્યું, "આ જ તો તેમની ઈબાદત છે."

ઉપરોક્ત વર્ણનથી સ્પષ્ટ થઈ ગયું કે, કોઈ વસ્તુને હલાલ અથવા હરામ ઠરાવવાનો અધિકાર માત્ર અલ્લાહ તઆલાને જ છે. જે માણસ તેમાં કોઈ બીજાને ભાગીદાર ઠરાવે છે અને હરામ અથવા હલાલ વિશે અલ્લાહના હુકમો ખબર હોવા છતાં તેના વિરૂદ્ધ કોઈ અન્યના નિવેદનને અનુસરવાને જરૂરી સમજે છે, તો જાણે કે તે તેની ઈબાદત કરે છે અને શિર્ક કરી રહ્યો છે.

સામાન્ય મુસલમાનો કુર્આન અને સુન્નતને ડાયરેક્ટ સમજીને તેમાંથી શરીઅતના હુકમો કાઢવાની પાત્રતા ધરાવતા નથી હોતા, એટલા માટે તેઓ કોઈ ઈમામ, મુજતહિદ અથવા આલિમ, મુફતી વગેરેના નિવેદનો ઉપર ભરોસો કરીને અમલ કરે છે, તેમનો આ આયતથી કોઈ સંબંધ નથી કારણ કે, તેઓ વાસ્તવમાં કુર્આન અને સુન્નત ઉપર જ અમલ કરે છે. જે અલ્લાહના હુકમોનું જ અનુસરણ છે અને પોતે કુર્આન શરીફમાં પણ તેની સૂચના આપવામાં આવી છે.

فَاسْئَلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ،

"જો તમે પોતે અલ્લાહના હુકમોને નથી જાણતા તો જ્ઞાન (ઈલ્મ) ધરાવતા લોકોને પૂછી લો." (૧૬:૪૩)

જેવી રીતે હલાલ અને હરામ હુકમોમાં અલ્લાહ સિવાય અન્યને ભાગીદાર કરવું શિર્ક છે એવી જ રીતે અલ્લાહ સિવાય કોઈ અન્યના નામની "નજર" અથવા "મન્નત" માનવી પણ શિર્ક જ છે. અલ્લાહ સિવાય કોઈ અન્યને મુસીબતો દૂર કરનાર અથવા જરૂરતો પૂરી કરનાર સમજવો અને તેમનાથી દુઆ માંગવી પણ શિર્ક છે. કારણ કે, હદીષમાં દુઆને ઈબાદત કહેવામાં આવી છે.

એ જ પ્રમાણે કોઈ એવું કૃત્ય અને પ્રવૃત્તિ કરવી પણ શિર્ક જ છે જેને શિર્કની નિશાની સમજવામાં આવે છે જેમકે, હઝરત અદી બિન હાતિમ (રદિ.)એ

ફરમાવ્યું કે, (મુસલમાન થયા પછી) "હું આપ ﷺની સેવામાં હાજર થયો, મારા ગળામાં ક્રોસ લટકાવેલો હતો. આપ ﷺએ મને કહ્યું કે, આ મૂર્તિને તમારા ગળામાંથી કાઢી નાંખો."

જો કે, તે વખતે અદી બિન હાતિમ (રદિ.)ની ક્રોસ વિશે એવી માન્યતા (અકીદો) ન હતી જેવી કે ક્રિશ્ચિયનોની હોય છે, પરંતુ દેખીતી રીતે પણ શિર્કની નિશાનીઓથી બચવું જરૂરી સમજીને આવી સૂચના આપવામાં આવી. અફસોસ છે ! કે, આજે હજારો મુસલમાનો રેડ ક્રોસ (✚)ની નિશાનીઓ લગાવીને ફરે છે અને એમને કોઈ પરવા પણ નથી કે, વિના કારણે એક શિર્કના ગુનાહ તરફ વળી રહ્યા છે. એવી જ રીતે કોઈને રુકૂઅ્ – સિજદહ કરવો અથવા કા'બા સિવાય કોઈ અન્ય વસ્તુઓનો તવાફ (પ્રદક્ષિણા) કરવો વગેરે બાબતો શિર્કની નિશાનીઓ છે. તેનાથી બચવા માટે, إِيَّاكَ نَعْبُدُ ઈકરાર અને વફાદારીના સોગંદનો એક ભાગ છે. બીજો મસ્અલો એ છે કે, મદદની યાચના ફક્ત અલ્લાહ તઆલાથી જ કરવી જોઈએ, કોઈ અન્યથી આવી યાચના કરવી જાઈઝ નથી.

મદદ માંગવાના મસ્અલાનો વિસ્તારપૂર્વક ખુલાસો :

બીજો મસ્અલો મદદ માંગવા વિશે છે, તેની વિગતપૂર્વકની છણાવટ થઈ જવી જોઈએ. કારણ કે, ભૌતિક ચીજવસ્તુઓની મદદ પ્રત્યેક મનુષ્ય બીજા મનુષ્ય પાસેથી લે છે, તેના વિના આ જગતની વ્યવસ્થા જ ન ચાલી શકે. કારીગર પોતાની કારીગીરી વડે મખ્લૂકની સેવા કરે છે. મજૂર, કડિયો, સુથાર, લુહાર વગેરે બધા જ મખ્લૂકની સેવામાં લાગેલા છે અને પ્રત્યેક માણસ તેમની મદદ લેવા માટે મજબૂર છે. દેખીતી રીતે આવી મદદ લેવી શરીઅતમાં હરામ નથી અને જે મદદ માંગવી ફક્ત અલ્લાહ તઆલા માટે વિશિષ્ટરૂપે ખાસ છે તેમાં સામેલ થતી બાબત નથી. એવી જ રીતે અભૌતિક પદાર્થો (જેમકે કોઈ ખાસ વઝીફા વગેરે) દ્વારા કોઈ નબી અથવા વલીથી દુઆ કરાવવી અથવા તેમનો વસીલો લઈને અલ્લાહ તઆલાથી દુઆ માંગવી હદીષની રિવાયતો અને કુર્આનના ઈશારાઓમાં જાઈઝ હોવાનું સાબિત થયેલ છે, માટે જે મદદ અને યાચના ફક્ત અલ્લાહ તઆલા સાથે ખાસ હોય છે અને અલ્લાહ તઆલા સિવાય અન્ય પાસે આવી યાચના હરામ છે, તો આવા વસીલા દ્વારા અલ્લાહ પાસે દુઆ માંગવી પણ તેમાં સામેલ થતી બાબત નથી.

હવે, "ખાસ મદદ–યાચના" જે માત્ર અલ્લાહ તઆલાથી જ સંબંધ ધરાવે છે અને અલ્લાહ સિવાય અન્યો પાસે માંગવું શિર્ક છે, તેના બે પ્રકાર છે. એક તો એ કે, અલ્લાહ તઆલા સિવાય કોઈ નબી, રસૂલ, ફરિશ્તા, કોઈ વલી અથવા કોઈ અન્ય વ્યક્તિને અલ્લાહ તઆલાની જેમ જ સર્વશક્તિમાન અને સર્વાધિકારી સમજીને તેમની પાસેથી પોતાની જરૂરિયાતો માંગવી. આ તો એવું ખુલ્લું કુફ્ર છે કે, સામાન્ય મૂર્તિપૂજકો પણ તેને કુફ્ર સમજે છે. પોતાની મૂર્તિઓ–દેવતાઓને બિલકુલ અલ્લાહ તઆલાની જેમ જ સર્વશક્તિમાન અને સર્વાધિકારી આ મુશ્રિકો પણ નથી સમજતા.

બીજો પ્રકાર એ છે જેને કાફિરો અપનાવે છે અને કુર્આન તથા ઈસ્લામ તેને બાતિલ (વ્યર્થ) અને શિર્ક ઠરાવે છે. إِيَّاكَ نَسْتَعِينُ આ જ લોકો વિશે છે કે, આવી મદદ અમે અલ્લાહ સિવાય કોઈ અન્ય પાસેથી નથી ઈચ્છતા. અલ્લાહ સિવાય કોઈ મખ્લૂક, પયગમ્બર, ફરિશ્તા, વલી અથવા કોઈ દેવતા સંબંધિત એવી માન્યતા રાખવામાં આવે કે, અલ્લાહ સર્વશક્તિમાન અને સર્વાધિકારી તો છે અને સંપૂર્ણ સત્તા પણ તેની જ છે, પરંતુ તેણે પોતાની શક્તિનો અને સત્તાનો અમુક ભાગ ફલાણા–ફલાણા માણસને સોંપી દીધો છે અને તે તેની મર્યાદામાં રહીને પોતે તેનો મુખત્યાર અને માલિક છે, આ જ તે તફાવત છે જે મો'મિન અને કાફિર વચ્ચે છે. ઈસ્લામ અને કુફ્રમાં આ જ બાબત ફરક પૈદા કરે છે. કુર્આન તેને શિર્ક અને હરામ જાહેર કરે છે. મૂર્તિપૂજકો આવી માન્યતા ધરાવે છે અને તેના ઉપર અમલ પણ કરે છે.

આ બાબતમાં થાપ અહીંયાં જ ખાવામાં આવે છે કે, અલ્લાહે પોતાના ઘણા ફરિશ્તાઓને દુનિયવી વ્યવસ્થા જાળવવાની જવાબદારી સોંપી છે અને કોઈ વ્યક્તિ એવી ગેરસમજમાં પડી શકે છે કે, આ ફરિશ્તાઓને અલ્લાહે પોતાની સત્તા સોંપી છે..... નબીઓ (અલૈહિસ્સલામ) દ્વારા પણ એવા ઘણા કામો જાહેર થાય છે જે સામાન્ય મનુષ્યની શક્તિમાં હોતા નથી. જેમને મોઅ્જિઝાત (ભૌતિક–Physical નિયમોથી સમજાવી ન શકાય તેવા કામો) કહેવામાં આવે છે. એવી જ રીતે અલ્લાહના વલીઓ (દોસ્તો) દ્વારા પણ એવા કામો થતા હોય છે, જેને કરામાત (ભૌતિક–Physical નિયમોથી સમજાવી ન શકાય તેવા કામો) કહેવામાં આવે છે. અહીંયાં ઉપરછલ્લું જ્ઞાન ધરાવતા લોકો એવી

ગેરસમજનો શિકાર થઈ જાય છે કે, અલ્લાહ તઆલાએ જો આ કામોની શક્તિ તેમને અર્પણ ન કરી હોત તો તેમના હાથે આવી બાબતો (મોઅ્જિઝા અથવા કરામાત) કેવી રીતે જાહેર થઈ શકી હોત ? તેઓ આવી ધારણા દ્વારા નબીઓ (અલૈ.) અને વલીઓને એક દરજ્જામાં મુખત્યાર હોવાનો અકીદો (માન્યતા) ધરાવતા થઈ જાય છે. જ્યારે કે એવું નથી. બલકે, મોઅ્જિઝા અને કરામાત પણ ડાયરેક્ટ (સીધે– સીધું) અલ્લાહનું જ કૃત્ય હોય છે. પયગમ્બરો અથવા વલીઓની પ્રતિષ્ઠા સાબિત કરવા માટે તેમના હાથે માત્ર દેખાડવામાં (જાહેર કરાવવામાં) આવે છે. પયગમ્બરો અને વલીઓ પાસે મોઅજિઝા કે કરામાત અસ્તિત્વમાં લાવવા માટે કોઈ સત્તા હોતી નથી. કુર્આન મજીદની અસંખ્ય આયતો તેની સાક્ષી છે. દાખલા તરીકે,

وَمَا رَمَيْتَ اِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى ،

માં રસૂલ ﷺના તે મોઅ્જિઝાનું વર્ણન છે જેમાં આપ ﷺએ એક મુઠ્ઠી કાંકરાઓ દુશ્મનના લશ્કર તરફ ફેંક્યા અને અલ્લાહ તઆલાની કુદરતથી તે આખા લશ્કરની આંખોમાં જઈને વાગ્યા. આ ઘટના વિશે અલ્લાહે ફરમાવ્યું કે, "આપ (ﷺ)એ તે કાંકરાઓ નથી ફેંક્યા પરંતુ અલ્લાહ તઆલાએ ફેંક્યા હતા." (૮:૧૭) જેથી સ્પષ્ટ થઈ ગયું કે, નબીઓ (અલૈ.) દ્વારા જે મોઅ્જિઝા જાહેર થાય છે વાસ્તવમાં તે અલ્લાહ તઆલાનું જ કૃત્ય હોય છે.

એ જ પ્રમાણે હઝરત નૂહ (અલૈ.)ને પોતાની કૌમે કહ્યું કે, "જો તમે સાચા છો તો તમે જે અઝાબથી અમને ડરાવો છો તેને બોલાવી લો." તો હઝરત નૂહ (અલૈ.) કહ્યું કે,

اِنَّمَا يَاْتِيْكُمْ بِهِ اللّٰهُ اِنْ شَآءَ (هود)

"(મોઅ્જિઝા તરીકે) આસમાનથી અઝાબ નાઝિલ કરવો મારી સત્તામાં નથી, જો અલ્લાહ ઈચ્છશે તો અઝાબ આવી જશે અને પછી તમે તેનાથી ભાગી (બચી) નહિ શકો." (૧૧:૩૩)

"સૂરએ ઈબ્રાહીમ"માં નબીઓ અને રસૂલોના એક સમૂહનું નિવેદન વર્ણવવામાં આવ્યું છે કે,

مَا كَانَ لَنَا اَنْ نَّاْتِيَكُمْ بِسُلْطٰنٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ،

''કોઈ મોઅ્જિઝાનું જાહેર કરવું અમારા હાથમાં નથી. અલ્લાહ તઆલાના હુકમ અને ઈચ્છા વગર કંઈ જ થઈ શકતું નથી.'' (૧૪:૧૧) એ જ કારણે કોઈ પયગમ્બર (અલૈ.) અથવા કોઈ વલી જ્યારે ઈચ્છે, જે કંઈ પણ ઈચ્છે, મોઅ્જિઝા અથવા કરામતરૂપે બતાવી દે, એવું કદી તેમના સત્તાધિકારમાં હોતું નથી. રસૂલ ﷺ અને અન્ય નબીઓ પાસે અમુક ચોક્કસ મોઅ્જિઝા બતાવવાની મુશ્રિકોએ માંગણી કરી, પરંતુ અલ્લાહ તઆલાએ જેની ઈચ્છા કરી તે બતાવી દીધું અને જે ન ઈચ્છયું તે ન થયું. આખું કુર્આન શરીફ આવા પુરાવાઓથી ભરેલું પડ્યું છે.

અહીંયાં એક કાલ્પનિક દાખલો આપું છું. એવું સમજી લો કે તમે જે રૂમમાં બેઠા છો તેમાં વીજળીના બલ્બનો પ્રકાશ અને પંખાની હવા તમારા સુધી પહોંચી રહી છે, પરંતુ આ બલ્બ અને પંખો પોતે આ પ્રકાશ અથવા હવા પહોંચાડવાની શક્તિ ધરાવતા નથી, તે માટે તેનું કનેક્શન હરપળે વીજળીના તાર સાથે હોવું જરૂરી છે, આ વીજળી તેને પાવર હાઉસમાંથી પ્રાપ્ત થાય છે. એક સેકંડ માટે પણ જો આ કનેક્શન (જોડાણ) તૂટી જાય તો ન તો બલ્બ તમને પ્રકાશ આપી શકે છે અને ન જ પંખો હવા આપી શકે છે! કારણ કે, વાસ્તવમાં આ કાર્ય બલ્બ અને પંખાનું છે જ નહીં બલકે, વીજળીનું છે અને આ વીજળી પાવર હાઉસથી અહીંયાં બલ્બ અને પંખા સુધી પહોંચી રહી છે. નબીઓ અને વલીઓ તથા બધા ફરિશ્તાઓ પ્રત્યેક કાર્યમાં હરપળે અલ્લાહ તઆલાના જ મોહતાજ છે. તેની જ કુદરત અને ઈચ્છાથી બધા મોઅ્જિઝા અને કરામાત અસ્તિત્વમાં આવે છે, જો કે તે પંખા અને બલ્બની જેમ નબીઓ અને વલીઓ દ્વારા જાહેર થાય છે.

આ ઉદાહરણથી સ્પષ્ટ થઈ ગયું કે, મોઅ્જિઝા અથવા કરામાત જાહેર થવામાં નબીઓ અને વલીઓની કોઈ સત્તા નથી, ફક્ત તે મોઅ્જિઝા અને કરામાત તેમના દ્વારા જાહેર થાય છે, જે અલ્લાહ ઈચ્છે છે. વળી જેવી રીતે બલ્બ અને પંખા વગર તમને પ્રકાશ અને હવા નહિ મળી શકે એવી જ રીતે મોઅ્જિઝાઓ અને કરામાત પણ નબીઓ અને વલીઓ વિના જાહેર નહિ થાય. જો કે, અહીંયાં એ તફાવત પણ છે જ, કે જો બલ્બ અને પંખો નહિ હોય તો સંપૂર્ણ

લાઈટ ફિટીંગ અને વ્યવસ્થિત કનેક્શન હોવા છતાં બલ્બનો પ્રકાશ અને પંખાની હવા મળવી અશક્ય છે, પરંતુ અલ્લાહ તઆલાની કુદરતમાં આ પણ શક્ય છે કે, મોઅ્જિઝા અને કરામાતને કોઈ નબી અથવા વલી વિના પણ જાહેર કરી દે. પરંતુ સામાન્ય રીતે અલ્લાહની સુન્નત છે કે, તે કોઈ નબી અથવા વલીના માધ્યમ વિના મોઅ્જિઝા અને કરામાત જાહેર નથી કરતો કારણ કે, આવું કરવાથી કરામાત અને મોઅ્જિઝાતનો જે હેતુ છે તેની પૂર્તિ થતી નથી.

સ્પષ્ટ થઈ ગયું કે, મુસલમાનોએ અકીદો (માન્યતા) તો એવો જ રાખવાનો છે કે સર્વ કાંઈ અલ્લાહ તઆલાની કુદરત અને ઈચ્છાથી જ થઈ રહ્યું છે પરંતુ નબીઓ તથા વલીઓના સન્માન અને તેમની આવશ્યકતા સ્વીકારવી પણ જરૂરી છે. તેમના વિના અલ્લાહની ખુશી તથા અલ્લાહના હુકમોની તાબે'દારીથી વંચિત રહી જવાશે. જેમકે કોઈ માણસ બલ્બ અને પંખાનું મહત્ત્વ ન સમજે અને તેને નષ્ટ કરી નાંખે તો રોશની અને હવાથી વંચિત રહે છે.

વસીલો (સિફારસ), મદદ અને યાચનાના મસ્અલામાં ઘણા લોકોને શંકા રહે છે. આશા છે કે, ઉપરોક્ત ખુલાસાથી અસલ વાસ્તવિકતા સ્પષ્ટ થઈ જશે અને એ પણ જાહેર થઈ જશે કે, નબીઓ અને વલીઓનો વસીલો બનાવવો ન તો સદંતર જાઈઝ છે અને ન જ તો સદંતર નાજાઈઝ છે. બલકે, એમાં ઉપરોક્ત વર્ણન પ્રમાણે કોઈને સંપૂર્ણ મુખત્યાર અને સર્વાધિકારી સમજી વસીલો બનાવવામાં આવે તો તે શિર્ક અને હરામ છે અને જો ફક્ત તેમનો હવાલો આપી તેમને સિફારસનું માધ્યમ સમજવામાં આવે તો તે જાઈઝ છે. પરંતુ આ બાબતે ખાસ કરીને સામાન્ય લોકોમાં ઘણી અતિશયોક્તિ અને જહાલતનો અમલ નજરે પડે છે.

وَاللّٰهَ اَسْأَلُ الصَّوَابَ وَالسَّدَادَ وَبِيَدِهِ الْمَبْدَأُ وَالْمَعَادُ

(૬) સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગ)ની હિદાયત દીન–દુનિયામાં સંપૂર્ણ સફળતા છે :

મુખ્ય વિવરણમાં આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે, કુર્આને કરીમે જે દુઆ દરેક માણસના પ્રત્યેક કાર્યમાં દરેક સમયે નક્કી કરી દીધી છે, તે સિરાતે મુસ્તકીમ (સીધા–સત્ય માર્ગ)ની હિદાયત માટેની દુઆ છે. જેવી રીતે આખિરતની સફળતા

આ સીધા માર્ગ ઉપર આધાર રાખે છે, જે માનવો અને જિન્નાતોને સફળતા તરફ લઈ જાય છે એ જ પ્રમાણે દુનિયામાં સારા કૃત્યો તરફ નજર નાંખી વિચાર કરો તો સફળતાનો આધાર સીધો–સત્ય માર્ગ જ છે. જે કાર્યમાં પણ સફળતાના આ સિદ્ધાંત અને માધ્યમોનો ઉપયોગ કરવામાં આવશે, તો ઈચ્છિત પરિણામો અવશ્ય મળશે તથા હેતુપૂર્તિ માટે સ્વાભાવિક રીતે આ માધ્યમોને જરૂરી સમજવામાં આવશે તો સફળતા પણ સ્વાભાવિકપણે જરૂર મળે જ છે. તેનાથી વિપરીત જે કાર્યમાં કોઈ વ્યક્તિ પોતાના હેતુઓમાં સફળ નથી થતો, ત્યારે જો તે પોતાની આ નિષ્ફળતા ઉપર વિચાર કરે તો તેને ખબર પડી જશે કે, કાર્યના કોઈ તબક્કામાં તેણે ભૂલ કરી છે. સીધો–સાચો રસ્તો છૂટી ગયો હતો અને એટલે જ તે અસફળ થયો.

ખુલાસો એ છે કે, સિરાતે મુસ્તકીમ (સીધા માર્ગ)ની હિદાયત ફક્ત આખિરત (પરલોક) અને દીનના કાર્યો માટે જ ખાસ નથી. દુનિયાના બધા કામોની સુધારણા અને સફળતા પણ તેના ઉપર જ આધાર રાખે છે અને એટલા જ માટે આ દુઆ એવી છે કે, પ્રત્યેક મો'મિને તેને હરપળે પોતાની જીભ ઉપર રાખવી જોઈએ. ન જ ફક્ત પઢવા પૂરતી, પરંતુ તેના ઉપર અમલ પણ કરવો જોઈએ અને સફળતાની એ જ ગુરૂચાવી છે.

وَاللّٰهُ الْمُوَفِّقُ وَالْمُعِيْنُ،

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી "સૂરએ ફાતિહા"ની તફસીર પૂર્ણ થઈ.

وَلِلّٰهِ الْحَمْدُ اَوَّلَهُ وَاٰخِرَهُ وَظَاهِرَهُ وَبَاطِنَهُ



પ્રકરણ : ૨

સૂરએ બકરહ

નામ અને આયતોની સંખ્યા :

આ સૂરતનું નામ "સૂરએ બકરહ" છે અને આ જ નામથી હદીષ અને સહાબા (રદિ.)ની રિવાયતોમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. જે રિવાયતોમાં આ સૂરહનું નામ "સૂરએ બકરહ" કહેવાની મનાઈ કરવામાં આવી છે, તે રિવાયતો સાચી નથી.

આ સૂરતમાં ૨૮૬ આયતો ૬૨૦૧ વાક્યો અને ૨૫૫૦૦ શબ્દો છે.

(ઈબ્ને કષીર)

નાઝિલ થવાનો સમય :

આ સૂરત "મદની" છે. એટલે કે, મદીના તય્યિબહની હિજરત પછી સૌ પ્રથમ તેના નાઝિલ થવાની શરૂઆત થઈ અને વિવિધ સમયકાળમાં વિવિધ આયતો નાઝિલ થતી રહી. એટલે સુધી કે, رِبَا (રિબા) એટલે કે વ્યાજ સંબંધિત આયતો આપ ﷺની છેલ્લી જિંદગીમાં "ફત્હે મક્કા" (મક્કા વિજય) પછી નાઝિલ થઈ અને તેની એક આયત, وَاتَّقُوا يَوْمًا تُرْجَعُونَ فِيهِ إِلَى اللهِ "તે દિવસથી ડરો જ્યારે તમે અલ્લાહ પાસે પરત ફરશો." (૨:૨૮૧) કુર્આનની બિલકુલ છેલ્લી આયત છે, જે હિજરી સન ૧૦માં જિલ્હજ્જાની ૧૦મી તારીખે જ્યારે આપ ﷺ "હજ્જતુલ વદાઅ" (આપ ﷺની છેલ્લી હજ્જ)ના ફરજો પૂરા કરવામાં વ્યસ્ત હતા ત્યારે નાઝિલ થઈ હતી અને તેના ૮૦–૯૦ દિવસ પછી આપ ﷺની વફાત થઈ અને અલ્લાહની વહીનો આ ક્રમ સદાના માટે બંધ થઈ ગયો.

(કુર્તુબી)

સૂરએ બકરહની ફઝીલતો (Merits) અને વિશેષતાઓ :

કુર્આન શરીફની આ સૌથી મોટી સૂરત છે, જેમાં ઘણા બધા હુકમો

શામિલ છે. રસૂલુલ્લાહ ﷺએ કહ્યું કે, "સૂરએ બકરહને પઢયા કરો, કારણ કે તેનું પઢવું બરકત (Blessings) છે અને તેનું છોડી દેવું અફસોસ અને બદનસીબી છે અને ગુમરાહ લોકો તેના ઉપર કાબૂ નથી મેળવી શકતા."

(કુર્તુબી)

કુર્તુબીમાં હઝરત મુઆવિયા (રદિ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "અહીંયાં ગુમરાહ લોકોથી મતલબ "જાદૂગરો" છે." અર્થ એ થયો કે, આ સૂરહને પઢનારા ઉપર કોઈ જાદૂ નહિ કરી શકે.

(કુર્તુબી અજ મુસ્લિમ બ રિવાયતે અબૂ ઉમામા બાહલી)

આપ ﷺએ ફરમાવ્યું કે, "જે ઘરમાં "સૂરએ બકરહ" પઢવામાં આવે છે, શયતાન ત્યાંથી નાસી જાય છે."

(ઈબ્ને કષીર અજ હાકિમ)

અને રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "સૂરએ બકરહ "સનામુલ કુર્આન" અને "ઝિરવતુલ કુર્આન" છે." "સનામ" અને "ઝિરવહ" કોઈ વસ્તુના સૌથી શ્રેષ્ઠ ભાગ (Apex)ને કહેવામાં આવે છે. સૂરએ બકરહની પ્રત્યેક આયત નાઝિલ થવાના સમયે ૮૦ ફરિશ્તાઓ તેની સાથે નાઝિલ થતા હતા.

(ઈબ્ને કષીર અજ મુસ્નદે અહમદ)

હઝરત અબુ હુરયરહ (રદિ.)ની એક હદીષમાં છે કે, "આ સૂરતમાં એક આયત એવી છે જે કુર્આન શરીફની બધી આયતોમાં શ્રેષ્ઠ છે અને તે "આયતુલ કુરસી" છે."

(ઈબ્ને કષીર અજ તિરમિઝી)

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, "સૂરએ બકરહની ૧૦ આયતો એવી છે કે, જો કોઈ વ્યક્તિ તેને રાત્રિમાં પઢી લે તો તે રાત્રે જિન્નાત અને શયતાનનો ઘરમાં પ્રવેશ નહીં થાય અને તેના ઘરવાળાઓ સાથે કોઈ આફત, બીમારી, રંજ-ગમ વગેરે અણગમતી ઘટનાઓ નહીં બને અને જો આ આયતો કોઈ પાગલ વ્યક્તિ ઉપર પઢવામાં આવે તો તેને રાહત થશે. આ દશ આયતો આ પ્રમાણે છે. ૪ આયતો સૂરએ બકરહની શરૂઆતની, પછી ૩ આયતો વચ્ચેની એટલે કે, "આયતુલ કુરસી" અને તેના પછીની બે આયતો અને અંતે સૂરએ બકરહની છેલ્લી ૩ આયતો."

એક વખતે આપ ﷺ એક અમીર (સરદાર)ની નિમણૂક કરવા ઈચ્છતા હતા. આપ ﷺએ ઘણા લોકો પાસેથી કુર્આન શરીફ સાંભળ્યું, તેમાં એક નવયુવાન હાજર થયો જેને "સૂરએ બકરહ" યાદ હતી. આપ ﷺએ "સૂરએ બકરહ"ની ફઝીલતના કારણે તેને લશ્કરનું સુકાન સોંપી દીધું.

(ઈબ્ને કષીર અજ તિરમિઝી, નસઈ, ઈબ્ને માજહ)

હુકમો - કાયદાઓ (નિયમો-મસઅલાઓ-Rulings) :

વિષયો અને મસ્અલાઓના સંદર્ભે પણ "સૂરએ બકરહ"ને એક ખાસ વિશેષતા પ્રાપ્ત છે. ઈબ્ને અરબી (રહ.) કહે છે કે, “મેં પોતાના વડીલોથી સાંભળ્યું છે કે, "સૂરએ બકરહ"માં એક હજાર امـر (અમ્ર) "આજ્ઞાર્થ" અને એક હજાર نهـــي (નહી) "નકાર", એક હજાર હિકમતો (ડહાપણ) અને એક હજાર ખબરો તથા કિસ્સાઓ છે.”

(કુર્તુબી વ ઈબ્ને કષીર)

આ જ કારણ છે કે, હઝરત ફારૂકે આ'ઝમ (રદિ.)એ જ્યારે "સૂરએ બકરહ"ને તફસીર સાથે પઢી તો તેના શિક્ષણમાં ૧૨ વર્ષો ખર્ચી નાંખ્યા અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ને આ સૂરત શીખવામાં ૮ વર્ષ લાગ્યા.

(કુર્તુબી)

સૂરએ ફાતિહા વાસ્તવમાં આખા કુર્આન શરીફનો ખુલાસો છે, તેમાં મૂળભૂત ત્રણ વિષયો છે. એક અલ્લાહ તઆલાની "રબુબિયત" એટલે કે, અલ્લાહ તઆલા જ સમગ્ર વિશ્વનો પરવરદિગાર અને પાલનહાર માલિક છે. બીજું માત્ર અલ્લાહ તઆલા જ ઈબાદતની પાત્રતા ધરાવે છે અને તેના સિવાય કોઈ ઈબાદતના લાયક છે જ નહીં અને ત્રીજું અલ્લાહ પાસે હિદાયતની તલબ (સીધા માર્ગ ઉપર ચલાવવા માટેની યાચના) છે. સૂરએ ફાતિહાના છેલ્લા વિષયમાં "સિરાતે મુસ્તકીમ" (સીધા માર્ગ)ની યાચના કરવામાં આવી છે અને વાસ્તવમાં આખું કુર્આન તેના ઉત્તરરૂપે છે કે, જો કોઈ વ્યક્તિ "સિરાતે મુસ્તકીમ" પામવાની ઈચ્છા કરે છે, તો તે તેને કુર્આન શરીફમાં જ મળશે.

એટલા માટે "સૂરએ ફાતિહા" પછી પહેલી સૂરત "સૂરએ બકરહ" રાખવામાં આવી અને તેને ذٰلِكَ الْكِتٰبُ થી શરૂ કરીને ઈશારો કરવામાં આવ્યો


કે, જે "સિરાતે મુસ્તકીમ"ને તમે શોધી રહ્યા છો, તે આ કુર્આન જ છે.

તદુપરાંત આ સૂરતમાં ઈમાનના મૂળભૂત સિદ્ધાંતો "તવહીદ" (એકેશ્વરવાદ), "રિસાલત" (અલ્લાહના સંદેશાવાહકો – નબીઓ, રસૂલો અલૈ.) અને "આખિરત" (પરલોક) વગેરેનું સામૂહિક રીતે વર્ણન થયું છે તથા સૂરતના છેલ્લા ભાગમાં ઈમાનનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે, એ જ રીતે સૂરતના મધ્ય ભાગમાં જિંદગીના પ્રત્યેક વિભાગો વિશે જેમકે ઈબાદતો, વહેવારો, સમાજ, આર્થિક બાબતો, નીતિમત્તા, વ્યક્તિના જાહેર જીવન તથા આત્માની સુધારણાના સંદર્ભમાં હિદાયત (માર્ગદર્શન)ના મૂળભૂત સિદ્ધાંતોની સાથે–સાથે ઘણી બધી માનવજીવનની મહત્ત્વપૂર્ણ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

———————————

સૂરએ બકરહ

સૂરએ બકરહ મદની સૂરત છે, તેમાં ૨૮૬ આયતો અને ૪૦ રુકૂઅ છે.



તરજુમો :

અલ્લાહના નામથી શરૂ કરું છું, જે ઘણો જ કૃપાળુ અને દયાળુ છે.

અલિફ–લામ–મીમ (૧) આ કિતાબ (કુર્આન છે); તેમાં કોઈ શંકા નથી; (અલ્લાહથી) ડરનારાઓ માટે માર્ગદર્શક (હિદાયત છે). (૨) જેઓ અદશ્ય બાબતો પર ઈમાન (આસ્થા) ધરાવે છે, તથા નમાઝ કાયમ કરે છે, અને અમે તેમને જે રોઝી અર્પણ કરી છે, તેમાંથી તેઓ (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કરે છે. (૩) અને જે લોકો ઈમાન (વિશ્વાસ) રાખે છે, જે નાઝિલ કરવામાં આવ્યું તમારા (આપ ﷺ) પર, અને જે નાઝિલ કરવામાં આવ્યું તમારાથી અગાઉ (અન્ય નબીઓ અલૈ.) પર અને તેઓ આખિરત ઉપર દઢ વિશ્વાસ (યકીન) રાખે છે. (૪) આ જ તે લોકો છે જેઓ પોતાના પરવરદિગાર તરફથી મળેલી હિદાયત (સન્માર્ગ–સીધા માર્ગ) ઉપર છે; અને તેઓ જ સફળતા પ્રાપ્ત કરનારા છે. (૫)

તફસીર (ભાષ્ય-વિવરણ) :

આ કિતાબ (કુર્આન છે) જેમાં કોઈ શંકા નથી. (મતલબ કે, કુર્આન અલ્લાહ તરફથી હોવામાં શંકાને કોઈ જ સ્થાન નથી. જો કોઈ નાદાન એમાં શંકા રાખે તો પણ તેની શંકાથી કુર્આનની વિશ્વસનિયતામાં કોઈ ઘટાડો થવાનો નથી.) આ કુર્આન અલ્લાહથી ડરનારાઓ માટે માર્ગદર્શક છે, જે લોકો અદૃષ્ય વસ્તુઓ ઉપર આસ્થા ધરાવે છે (એટલે કે જે વસ્તુઓ તેમની બુદ્ધિ અને સમજની બહાર છે, ફક્ત અલ્લાહ અને રસૂલ ﷺના કહેવાથી સત્ય માની લે છે) અને જેઓ નમાઝને કાયમ રાખે છે. (કાયમ રાખવાનો મતલબ એ છે કે, પાબંદીની સાથે તેના નિશ્ચિત સમયે સંપૂર્ણ શરતો અને નિયમો સાથે નમાઝ પઢે છે) અને જે કંઈ પણ અમે આપ્યું છે તેમાંથી ખર્ચ કરે છે (અર્થાત, નેક કાર્યો–પુણ્યમાં ખર્ચ કરે છે.) અને આ લોકો એવા છે કે જેઓ આ કુર્આન ઉપર પણ શ્રદ્ધા ધરાવે છે અને તેના પહેલાં જે કિતાબો ઉતારવામાં આવી તેના ઉપર પણ વિશ્વાસ રાખે છે, (અર્થાત તેમની આસ્થા કુર્આન ઉપર પણ છે અને અગાઉ નાઝિલ થઈ ચૂકેલી કિતાબો ઉપર પણ છે અને આસ્થાનો અર્થ છે; શ્રદ્ધા ધરાવવી, વિશ્વાસ કરવો, જ્યારે તેના ઉપર અમલ કરવો એ અલગ બાબત છે. અગાઉની કિતાબો જે અલ્લાહ તઆલાએ નબીઓ (અલૈ.) ઉપર નાઝિલ કરી હતી, તે બધાને જ સાચી સમજવી ફરજ અને ઈમાનની શરત છે. એટલે કે, એવું સમજે કે તે બધી કિતાબો અલ્લાહે જ ઉતારી હતી, તે બિલકુલ સત્ય છે પરંતુ સ્વાર્થી લોકોએ તેમાં જે ફેરફાર અને સુધારા–વધારા કર્યા તે ખોટું છે. હવે રહી વાત અમલીકરણની, તો અમલ (આચરણ) ફક્ત કુર્આન ઉપર જ કરવામાં આવશે. કારણ કે, કુર્આન આવવાથી અગાઉની કિતાબોની માન્યતા રદ થઈ ચૂકી છે, એટલે તેના ઉપર અમલ કરવો જાઈઝ નથી.) અને તે લોકો આખિરત પર શ્રદ્ધા ધરાવે છે, બસ આ જ તે લોકો છે જે સીધા માર્ગ ઉપર છે, જે તેમને તેમના પરવરદિગાર તરફથી મળ્યો છે. અને આ જ તે લોકો છે, જેઓ સંપૂર્ણ સફળતા પામનારા છે (એટલે કે આવા લોકોને દુનિયામાં નેઅ્મતરૂપે સત્ય–સીધો માર્ગ મળી ગયો અને આખિરતમાં પણ દરેક પ્રકારની સફળતા તેમના માટે જ છે.)

વ્યાકરણ :

ذٰلِكَ (ઝાલિક) કોઈ વસ્તુ તરફ ઈશારો કરવા માટે વાપરવામાં આવે છે. رَيْبٌ (રયબુન) શંકા–કુશંકા, هُدًى (હુદન) શબ્દ "હિદાયત"થી બન્યો છે અને "હિદાયત"નો અર્થ "માર્ગદર્શન" થાય છે. مُتَّقِيْنَ (મુત્તકીન) જેનામાં તકવા (અલ્લાહનો ડર અને નીતિમત્તા)નો ગુણ હોય, તકવાનો શાબ્દિક અર્થ છે "કોઈ બાબતથી બચવું" અને અહીંયાં તે અલ્લાહની નાફરમાનીથી બચવાના અર્થમાં છે. غَيْبِ (ગયબિ)નો શાબ્દિક અર્થ, તે વસ્તુ જે મનુષ્યની નજરો સમક્ષ ઉપસ્થિત ન હોય (અદષ્ય હોય) અથવા બીજાઓની બુદ્ધિ અથવા સમજથી બહાર હોય. يُقِيْمُوْنَ (યુકીમૂન) શબ્દ ઈકામતથી બન્યો છે, જેનો અર્થ છે "સીધા કરવું" અને નમાઝ સીધી કરવાનો મતલબ એ છે કે તેના નિયમો, ફરજો તથા ખુશૂ'અ (ધ્યાનમગ્ન) અને ખુઝૂ'અ (એકાગ્રતા) સાથે નમાઝ પઢે. رَزَقْنٰهُمْ (રઝક્નાહુમ) رِزْقٌ શબ્દથી બન્યો છે, જેનો અર્થ છે રોઝી અને જીવન જરૂરી ચીજવસ્તુઓ આપવી. يُنْفِقُوْنَ (યુનફિકૂન) શબ્દ اِنْفَاقٌ થી બને છે, તે ખર્ચ કરવાના અર્થમાં આવે છે. اٰخِرَةٌ (આખિરતુ)નો શાબ્દિક અર્થ "પાછળથી આવનાર" થાય છે. આ સ્થળે આ શબ્દ "આલોક" (દુનિયા)ના મુકાબલામાં "પરલોક" (આખિરત) માટે વાપરવામાં આવે છે. يُوْقِنُوْنَ (યૂ'કિનૂન) શબ્દ اِيْقَانٌ થી બને છે અને તે يَقِيْنٌ થી બન્યો છે અને يقين (યકીન) તેને કહે છે, જેમાં કોઈ શંકા–કુશંકાને સ્થાન નથી હોતું (એટલે કે કોઈ બાબત પ્રત્યેનો દઢ વિશ્વાસ હોવો). مُفْلِحُوْنَ (મુફલિહૂ'ન) શબ્દ اِفْلَاح (ઈફ્લાહ)થી બન્યો છે અને તે فلاح થી બન્યો છે. فلاح (ફલાહ)નો અર્થ "સંપૂર્ણ સફળતા" થાય છે.

મસ્અલાઓ :

حروفِ مُقَطَّعَه (હુરૂફે મુકત્તઅહ), જે ઘણી સૂરતોની શરૂઆતમાં આવે છે. તેના વિશે વિગતવાર ચર્ચા :

الٓمّٓ – ઘણી બધી સૂરતોની શરૂઆતમાં અમુક અક્ષરોથી બનતો એક શબ્દ લાવવામાં આવ્યો છે. દાખલા તરીકે, الٓمّٓ، حٰمٓ، الٓمّٓصٓ વગેરે. તેને કુર્આનની વ્યાખ્યામાં حروفِ مُقَطَّعَه (હુરૂફે મુકત્તઅહ) કહેવામાં આવે છે. તેમાંનો દરેક અક્ષર અલગ–અલગ ખેંચીને પઢવામાં આવે છે, જેમકે الف لام، ميم જે حروفِ مُقَطَّعَه

(હુરૂફે મુકત્તઅહ) કેટલીક સૂરતોની શરૂઆતમાં આવ્યા છે તેના વિશે મુફસ્સિરો (ભાષ્યકારો–વિવરણકારો)એ કહ્યું છે કે, તેઓ જે તે સૂરતોના નામો છે. અમુક લોકોએ કહ્યું છે કે, તે અલ્લાહના નામોનું પ્રતીક છે, પરંતુ મોટા ભાગના સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અને ઉમ્મતના ઉલમાનો સર્વસંમત અભિપ્રાય આ છે કે, તે અલ્લાહના નામોનું પ્રતીક અથવા રહસ્ય છે, જેને અલ્લાહ સિવાય કોઈ જ જાણતું નથી અને બની શકે છે કે રસૂલે કરીમ ﷺને તેનું રહસ્ય જણાવી દેવામાં આવ્યું હોય અને ઉમ્મતમાં તેનો પ્રચાર કરવાની મનાઈ કરવામાં આવી હોય. એટલા માટે આપ ﷺ દ્વારા આ શબ્દોની તફસીર અથવા ખુલાસા સંદર્ભે કોઈ બાબતનું નિવેદન થયાનું સાબિત નથી. તફસીરના ઈમામ કુર્તુબી (રહ.)એ પોતાની તફસીરમાં આ જ વિગત વર્ણવી છે, જેનો ખુલાસો નીચે મુજબ છે.

"આમિર શઅ્બી, સુફિયાન સૌરી (રહ.) અને હદીષવેત્તાઓના એક સમૂહે કહ્યું છે કે, દરેક આકાશી કિતાબોમાં અલ્લાહ તઆલાના અમુક ખાસ પ્રતીકો અને રહસ્યો હોય છે. એ જ રીતે આ حروفِ مُقطّعه (હુરૂફે મુકત્તઅહ) કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું રહસ્ય છે અને આ તે બાબતો સમકક્ષ બાબત છે, જેને ફક્ત અલ્લાહ તઆલા જ જાણે છે. આપણા માટે તેની ટીકા–ટિપ્પણી કરવી જાઈઝ નથી, હા ! એ વાત ચોક્કસ છે કે આ શબ્દો આપણા માટે લાભદાયક છે. પ્રથમ તેના ઉપર ઈમાન લાવવું, પછી તેને પઢવું આપણા માટે ઘણા મોટા સવાબનું કામ છે. બીજું તેને પઢવાથી આપણને ઘણા ફાયદાઓ અને બરકતો થાય છે, જેની આપણને ખબર પણ પડતી નથી અને અદષ્ય રીતે તે ફાયદાઓ આપણને થતા રહે છે.

હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.), હઝરત ઉમર (રદિ.), હઝરત ઉસ્માન (રદિ.), હઝરત અલી (રદિ.), હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) વગેરે મોટા ભાગના સહાબાઓનો પણ આ શબ્દો બાબતે અકીદો (માન્યતા) હતો કે, આ શબ્દો અલ્લાહ તઆલાના રહસ્યો છે. આપણે તેના ઉપર ઈમાન લાવવું જોઈએ કે, તે અલ્લાહ તરફથી આવ્યા છે અને જેવી રીતે આવ્યા છે, તેની તિલાવત કરવી જોઈએ તેના અર્થ જાણવાની પળોજણમાં પડવું બરાબર નથી."

ઈબ્ને કષીરે પણ કુર્તુબી વગેરેથી નકલ કરીને આ જ બાબતને અગ્રિમતા આપી છે પરંતુ અમુક વિદ્વાન ઉલમા દ્વારા આ શબ્દોના જે અર્થો થયા છે તે ફક્ત

કુર્આન પઢનારાઓને સમજાવવા તથા તાકીદ કરવા અથવા પ્રતીકાત્મક રીતે સરળતા ઉત્પન્ન કરવા માટે આવ્યા છે. જો કે, આ શબ્દો કુર્આનમાં સંગ્રહાયેલા અસંખ્ય અમર્યાદિત રહસ્યોમાંથી છે, એટલે અમુક ઉલમાએ તેનો અર્થ કર્યો છે તેનો મતલબ એ નથી કે અલ્લાહની મરજી આ શબ્દોના ખુલાસા માટે ઉલમાએ કરેલા અર્થો પ્રમાણે જ હતી, આ શબ્દોનો સાચો અર્થ માત્ર અલ્લાહને જ ખબર છે, પરંતુ ઉલમાએ અમુક સંશોધન આધારે ઉમ્મતની સરળતા માટે અર્થ કરવાની કોશિષ કરી છે. એટલા માટે ઉલમાએ કરેલ "હુરૂફે મુકત્તઅહ"ના અર્થોનો વિરોધ કરવો પણ ખોટો છે કારણ કે, તે સંશોધનકાર વિદ્વાન ઉલમાનો વિરોધ કરવા બરાબર છે. (આ બાબતે પોતાનો આગવો અભિપ્રાય બાંધવો ખોટું છે, બહેતર છે કે મૌન ધારણ કરવામાં આવે.)

ذٰلِكَ الْكِتٰبُ لَا رَيْبَ فِيْهِ માં ذٰلِكَ (ઝાલિક) શબ્દ કોઈ દૂરની વસ્તુ તરફ ઈશારો કરવા માટે આવે છે અને كِتٰبُ (કિતાબુ) શબ્દ અહીંયાં કુર્આન શરીફ માટે છે. رَيْبَ (રય્ બ)નો અર્થ શંકા–કુશંકા થાય છે, જેનો મતલબ એ છે કે આ કુર્આન એવું છે, જેમાં કોઈ શંકા–કુશંકાને સ્થાન જ નથી. અહીંયાં દેખીતી રીતે ذٰلِكَ દ્વારા કોઈ દૂરની વસ્તુ તરફ ઈશારો કરવામાં આવ્યો નથી, ખરેખર કુર્આન તરફ જ ઈશારો કરવાનો હેતુ છે, જે પઢનારની આંખો સામે છે, આમ વ્યાકરણની દૃષ્ટિએ આ વાક્ય બરાબર લાગતું નથી, છતાં દૂરની વસ્તુ દર્શાવતો ઈશારો એટલા માટે વાપરવામાં આવ્યો છે કે, સૂરએ ફાતિહાની દુઆમાં "સિરાતે મુસ્તકીમ" (સીધા રસ્તા) માટેની યાચના અને માંગણી કરવામાં આવી હતી, તેના જવાબરૂપે અને સિરાતે મુસ્તકીમની ઓળખ તથા ખુલાસા માટે આ કુર્આન શરીફ ઉતારવામાં આવ્યું છે. મતલબ કે, તમારી દુઆ અમે સાંભળી લીધી અને કબૂલ કરી તેથી કુર્આન શરીફ મોકલી આપ્યું, જે હિદાયતનો પ્રકાશ છે. હવે જો માણસ હિદાયત મેળવવા ઈચ્છે તો તેને પઢે, સમજે અને તેના ઉપર અમલ કરે.

પછી એ સંદર્ભે ફરમાવવામાં આવ્યું છે કે, કુર્આન શરીફમાં કોઈ શંકાને સ્થાન જ નથી. કારણ કે, કોઈ કલામ (કિતાબો)ના પ્રમાણિકપણા વિશે શંકા ઉત્પન્ન થવાના બે કારણો હોઈ શકે છે. એક તે કે, પોતે તે કલામમાં જ કોઈ ભૂલ હોય અને તે ભૂલ તે કલામમાં શંકા ઉપસ્થિત થવાનું કારણ બની જાય છે, અથવા તો તેને સમજવામાં ભૂલ કરવામાં આવે. આ પરિસ્થિતિમાં કલામમાં તો કોઈ

શંકા હોતી નથી પરંતુ કોઈની ગેરસમજ અથવા નાદાની કોઈ શંકા ઊભી કરી દે છે, જેમકે ખુદ કુર્આનમાં અમુક આયતો પછી اِنْ كُنْتُمْ فِىْ رَيْبٍ કહેવામાં આવ્યું છે.

ખરેખર આવા નાદાનો અથવા નાસમજોના વાંધા–વચકાઓની કોઈ હૈસિયત નથી. વાસ્તવિકતા આ છે કે, કુર્આન શરીફમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.

هُدًى لِّلْمُتَّقِيْنَ – અલ્લાહથી ડરનારાઓ માટે તેમાં હિદાયત છે, એટલે કે વિશેષ પ્રકારની હિદાયત કે જે આખિરત (પરલોક)માં છુટકારાનો સબબ (કારણ) બને. આવી હિદાયત મુત્તકીઓ (અલ્લાહથી ડરનારા અને નીતિમત્તા ધરાવનારાઓ) માટે જ છે, જો કે કુર્આનની હિદાયત ન ફક્ત માનવજાત માટે બલકે, સમગ્ર સૃષ્ટિ માટે સર્વસામાન્ય છે. સૂરએ ફાતિહાની તફસીર (વિવરણ)માં ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે, "હિદાયત"ના ત્રણ દરજ્જા છે. પ્રથમ દરજ્જો તમામ મનુષ્યો તથા પ્રાણીઓ અને સકળ વિશ્વના તમામ દષ્ય–અદષ્ય પદાર્થો માટે છે. બીજો દરજ્જો ફક્ત મો'મિનો માટે ખાસ છે અને ત્રીજો દરજ્જો અલ્લાહના ખાસ અને ચૂંટી કાઢવામાં આવેલા લોકો માટે છે, અને તેમના દરજ્જાઓની કોઈ સીમા કે મર્યાદા નથી. કુર્આન શરીફમાં વિવિધ સ્થળોએ ક્યાંક સર્વસામાન્ય હિદાયતનું વર્ણન છે તો ક્યાંક વિશેષ પ્રકારની હિદાયતનો ઉલ્લેખ છે. ઉપરોક્ત આયતમાં વિશેષ પ્રકારની હિદાયતનો ઉલ્લેખ થયો છે. એટલા માટે મુત્તકીઓને વિશેષ રીતે સંબોધવામાં આવ્યા છે અને એમાં કોઈ શંકા નથી કે હિદાયતની આવશ્યકતા તે લોકોને વધારે છે જેઓ મુત્તકી નથી. ઉપરોક્ત ખુલાસાથી સ્પષ્ટ થઈ ગયું કે, આ સ્થળે માત્ર મુત્તકીઓ માટે કુર્આનના હિદાયત હોવાનો અર્થ એ નથી કે જેઓ મુત્તકી નથી તેઓ માટે કુર્આન હિદાયત નથી. બલકે, કુર્આન સામૂહિક રીતે સમગ્ર જગત માટે હિદાયત છે પરંતુ હિદાયતના વિવિધ દરજ્જાઓ હોય છે. અહીંયાં "મુત્તકીન"નો ઉલ્લેખ તેમના દરજ્જા પ્રમાણે છે.

મુત્તકી (અલ્લાહથી ડરનારાઓ અને નીતિમત્તા ધરાવનારાઓ)ના વિશિષ્ટ લક્ષણો :

આ આયત પછી બે આયતોમાં મુત્તકીઓના ખાસ લક્ષણો, ખાસિયતો અને નિશાનીઓનો ઉલ્લેખ કરી બતાવી દેવામાં આવ્યું છે કે, આ સમૂહ હિદાયત પ્રાપ્ત કરી ચૂક્યો અને તેમનો માર્ગ "સિરાતે મુસ્તકીમ" (સીધો માર્ગ) છે. જે પણ

સીધા માર્ગનો ઈચ્છુક હોય તેઓ આ સમૂહમાં શામિલ થઈ જાય, તેમની સાથે રહે, તેમના અકીદાઓ (માન્યતાઓ), વિચારસરણી અને સદ્કૃત્યો તથા તેમની નીતિમત્તાને આદર્શ સમજી તેને પોતાનો જીવનધ્યેય બનાવે.

કદાચ આ જ કારણથી મુત્તકીઓના ખાસ લક્ષણો વર્ણન કર્યા પછી ઉલ્લેખ કરવામાં આવ્યો,

أُولَٰئِكَ عَلَىٰ هُدًى مِّنْ رَّبِّهِمْ وَأُولَٰئِكَ هُمُ الْمُفْلِحُونَ

"આ જ તે લોકો છે જેઓ પોતાના પરવરદિગાર તરફથી હિદાયત (સન્માર્ગ) ઉપર છે અને તેઓ જ સફળતા પ્રાપ્ત કરનારા છે."

જે બે આયતોમાં મુત્તકીઓના લક્ષણો વર્ણવવામાં આવ્યા છે, તેમાં ઈમાનની સર્વમાન્ય વ્યાખ્યા અને તેના મૂળભૂત સિદ્ધાંતોનું પણ વર્ણન થઈ ગયું છે. એટલા માટે આ ખાસિયતો અને લક્ષણોની વિસ્તારપૂર્વક ચર્ચા કરી લઈએ.

الَّذِينَ يُؤْمِنُونَ بِالْغَيْبِ وَيُقِيمُونَ الصَّلَاةَ وَمِمَّا رَزَقْنَاهُمْ يُنْفِقُونَ

"જેઓ અદષ્ય બાબતો ઉપર આસ્થા ધરાવે છે તથા નમાઝ કાયમ કરે છે અને અમે તેમને જે રોઝી અર્પણ કરી છે, તેમાંથી તેઓ (અલ્લાહના રસ્તામાં) ખર્ચ કરે છે."

આ આયતમાં "મુત્તકીન"ના ત્રણ લક્ષણો વર્ણવવામાં આવ્યા છે.

(૧) અદષ્ય બાબતો ઉપર આસ્થા (ઈમાન) ધરાવવી, (૨) નમાઝ કાયમ કરવી અને (૩) અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવો. આ સંદર્ભે ઘણી મહત્ત્વની ચર્ચા અગાઉ થઈ ચૂકી છે પરંતુ થોડી વિસ્તારપૂર્વકની ચર્ચા કરી લઈએ.

પહેલો મસ્અલો – "ઈમાન"ની વ્યાખ્યા :

"ઈમાન"ની વ્યાખ્યાને કુર્આન શરીફે માત્ર બે શબ્દો يُؤْمِنُونَ بِالْغَيْبِ માં ઉલ્લેખ કરી દીધો છે. ایمان (ઈમાન) અને غیب (ગયૂબ)નો અર્થ સમજી લેવામાં આવે તો ઈમાનની સંપૂર્ણ વાસ્તવિકતા અને તેની વ્યાખ્યા સમજમાં આવી જશે.

વ્યાકરણની દષ્ટિએ "કોઈ વાતને કોઈના ભરોસા ઉપર ચોક્કસપણે સાચી માની લેવાનું નામ ایمان (ઈમાન) છે." એટલા માટે પ્રયોગોથી સિદ્ધ થયેલ

અથવા ભૌતિક પુરાવાઓ મેળવ્યા બાદ કોઈ સિદ્ધાંત અથવા નિવેદનને સાચું માનવાને "ઈમાન" કહેવામાં નહિ આવે. કારણ કે, તેની સચ્ચાઈનું સમર્થન માત્ર ભરોસા ઉપર આધાર રાખી કરવામાં નથી આવ્યું બલકે, સંપૂર્ણ પુરાવાઓ મેળવ્યા બાદ પુરાવાઓના આધારે સચ્ચાઈનું સમર્થન કરવામાં આવ્યું છે, જ્યારે કે શરીઅતની રૂએ "રસૂલ ﷺએ આપેલી માહિતીને કોઈપણ પ્રકારના પુરાવાઓ ચકાસ્યા વિના ફક્ત રસૂલ ﷺ ઉપર ભરોસો કરી ચોક્કસપણે માની લેવાનું નામ "ઈમાન" છે." વ્યાકરણની દૃષ્ટિએ غيب (ગયૂબ) એવી બાબતને કહેવામાં આવે છે, જેના વિશે મનુષ્યને કોઈ જ્ઞાન નથી અને ન જ મનુષ્યની બુદ્ધિ તેનો તાગ મેળવી શકે છે. એટલે કે, તે અદષ્ય છે, કાનથી સાંભળી શકાતું નથી, નાકથી સુંઘીને, જીભથી ચાખીને અથવા હાથથી સ્પર્શ કરીને મનુષ્યને મળેલા ઈન્દ્રિય જ્ઞાન (Senses) વડે તેને જાણી શકાતું નથી.

કુર્આનમાં غَيْب (ગયૂબ)નો શબ્દ માત્ર તે અદષ્ય બાબતો માટે ઉપયોગવામાં આવ્યો છે, જેની ખબર રસૂલ ﷺએ આપી છે અને તેનું જ્ઞાન માણસની બુદ્ધિ અથવા પાંચ ઈન્દ્રિઓ દ્વારા થઈ શકતું નથી. તેમાં અલ્લાહ તઆલાની જાત અને તેની સિફતો (ગુણો–લક્ષણો) પણ આવી જાય છે, તકદીર (નસીબ), જન્નત (સ્વર્ગ) અને દોઝખ (નર્ક)ની પરિસ્થિતિઓ, કયામત અને તેમાં ઘટનારી ઘટનાઓ, ફરિશ્તાઓ, બધી જ આસમાની કિતાબો અને સઘળા અગાઉ થઈ ગયેલા નબીઓ–રસૂલો (અલૈ.) પણ તેમાં શામિલ છે. જેનો ખુલાસો આ જ સૂરએ બકરહના પૂર્ણ થવા ઉપર اٰمَنَ الرَّسُوْلُ માં વર્ણન કરવામાં આવ્યો છે. એમ કહો કે, અહીંયાં "ઈમાને મુજમલ"નું વર્ણન થયું અને સૂરતની છેલ્લી આયતોમાં "ઈમાને મુફસ્સલ"નું વર્ણન થયું છે.

તો હવે અદષ્ય બાબતો ઉપર ઈમાનનો અર્થ એ થયો કે, "રસૂલ ﷺ જે હિદાયતો અને વહીનું શિક્ષણ લઈને આવ્યા છે તે બધાને ચોક્કસપણે શ્રદ્ધાપૂર્વક દિલથી માનવું જરૂરી છે અને વિશ્વાસ રાખવામાં આવે કે વહીનું આ શિક્ષણ રસૂલ ﷺ દ્વારા જ મનુષ્યને પ્રાપ્ત થયેલું છે. બધા જ ઈસ્લામના માનનારાઓ આ પ્રમાણેની "ઈમાન"ની વ્યાખ્યામાં માને છે.

(અકાઈદે તહાવી, અકાઈદે નસફી વગેરે)

ઉપરોક્ત વ્યાખ્યાને માનવાનું નામ "ઈમાન" છે, આ વ્યાખ્યાને ફક્ત જાણી લેવાનું નામ "ઈમાન" નથી. કારણ કે, જ્યાં સુધી ફક્ત "ઈમાન"ની

વ્યાખ્યા જાણી લેવાનો સંબંધ છે ત્યાં સુધી ઈબ્લીસ, શયતાન અને ઘણા બધા કાફિરોને પણ એ બાબતની ખબર છે. તેઓ પણ રસૂલ ﷺ સાચા હોવાનું જાણતા હતા પરંતુ તેમણે માન્યું નહિ એટલા માટે તેઓ મો'મિન નથી.

બીજો મસ્અલો – નમાઝ કાયમ કરવી :

"ઈકામત" (اقامة)નો અર્થ ફક્ત નમાઝ પઢી લેવાનો નથી બલકે, નમાઝને પ્રત્યેક હૈસિયતથી દરેક બાબતે દુરુસ્ત કરી લેવાનું નામ اقامة (ઈકામત) છે, જેમાં નમાઝના બધા જ ફરજો, વાજિબો, મુસ્તહબો અને તેની એકાગ્રતા, ધ્યાન, (ખુશૂઅ–ખુઝૂઅ), સમય આ બધું જ اقامةના અર્થમાં સામેલ છે અને સાચું એ છે કે, આ સ્થળે કોઈ ચોક્કસ નમાઝનો ઉલ્લેખ નથી. બલકે ફરજ, વાજિબ અને નફલ નમાઝો પણ આ શબ્દમાં શામિલ છે. ખુલાસો એ છે કે, તે લોકો નમાઝની પાબંદી શરીઅતના કાયદા કાનૂનોના આધારે કરે છે અને તેને બધા જ નિયમો સાથે અદા કરે છે.

ત્રીજો મસ્અલો – અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવો :

આ વિષયમાં પણ સત્ય અને સિદ્ધ થયેલી બાબત, જેને તમામ મુફસ્સિરીન (ભાષ્યકારો)એ અપનાવી છે તે એ છે કે, દરેક પ્રકારનો અલ્લાહના રસ્તામાં કરવામાં આવેલો ખર્ચ તેમાં શામિલ છે. પછી તે ફરજ ઝકાત હોય અથવા અન્ય સદકાઓ (દાન), યા તો વાજિબ અથવા નફલ સદકાઓ અથવા ખૈરાત. કારણ કે, કુર્આન શરીફમાં જ્યાં પણ اِنْفَاقٌ શબ્દ વાપરવામાં આવ્યો છે, સામાન્ય રીતે નફલ સદકાઓના અર્થમાં છે અથવા તો સામાન્ય ખૈરાતના અર્થમાં ઉપયોગ થયો છે. ફરજ ઝકાત માટે મોટે ભાગે زكوة શબ્દ વાપરવામાં આવ્યો છે.

આ ટૂંકા વાક્ય مِمَّا رَزَقْنٰهُمْ (મિમ્મા રઝકનાહુમ) ઉપર વિચાર કરો તો એક બાજુ આ શબ્દ અલ્લાહના રસ્તામાં ધન ખર્ચ કરવાની એક મજબૂત અને ખૂબ અસરકારક પ્રેરણા મનુષ્યના હૃદયમાં ઉત્પન્ન કરે છે કે, જે કંઈ માલ–દૌલત, ધન તમારી પાસે છે તે બધું જ અલ્લાહે અર્પણ કરેલું છે અને તેની જ અમાનત છે. જો આપણે તે સમગ્ર ધન પણ અલ્લાહના રસ્તામાં તેને રાજી કરવા ખર્ચ કરી નાંખીએ તો પણ વ્યાજબી છે. એમાં પણ આપણું અલ્લાહ ઉપર કોઈ અહેસાન નથી.

જાન દી, દી હુઈ ઉસીકી થી, હક તો યે હે કે હક અદા ન હુવા !

તેના ઉપર વધુ એક શબ્દ مِمَّا (મિમ્મા)નો ઉમેરો કરી દીધો. જેનો અર્થ એ છે કે, અમે અર્પેલો સઘળો માલ ખર્ચ કરવાનો નથી, પરંતુ તેમાંથી અમુક ભાગ ખર્ચ કરવાનો છે.

અહીંયાં મુત્તકીન (અલ્લાહથી ડરવાવાળા – નીતિમત્તા ધરવાનારા)ના લક્ષણો વર્ણવી દેવામાં આવ્યા. પ્રથમ અદષ્ય બાબતો ઉપર ઈમાન (આસ્થા–શ્રદ્ધા)નો ઉલ્લેખ થયો, બીજું નમાઝ કાયમ કરવાનો અને ત્રીજું અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાનો ઉલ્લેખ થયો. ઈમાનનું મહત્ત્વ તો બધાને ખબર છે કે, તે જ અસલ અને મૂળભૂત બાબત છે અને સમગ્ર સદ્કૃત્યોના સ્વીકાર થવાનો આધાર માત્ર ઈમાન ઉપર જ છે, પરંતુ જ્યારે ઈમાન સાથે અમલનું વર્ણન કરવામાં આવે તો તેની યાદી ખૂબ લાંબી થઈ શકે છે. કારણ કે, ફરજો અને વાજિબોની સંખ્યા ઘણી વધારે છે.

અત્રે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, અમલોમાંથી ફક્ત બે જ બાબતો, નમાઝ અને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવાના વર્ણનને પૂરતું સમજી લેવાનું રહસ્ય શું છે ? તેમાં લગભગ તે બાબત તરફ ઈશારો છે કે, ઈસ્લામી આ'માલનો સંબંધ માણસના વ્યક્તિગત શરીર સાથે છે અથવા તો તેની માલિકીપણા હેઠળની વસ્તુઓ (માલ–દૌલત વગેરે) સાથે છે. શારીરિક અથવા વ્યક્તિગત ઈબાદતોમાં સૌથી મહત્ત્વની ઈબાદત નમાઝ છે, એટલે તેનો અત્રે ઉલ્લેખ કરી થોભી જવામાં આવ્યું છે અને આર્થિક બાબતોની ઈબાદતો (અલ્લાહના રસ્તામાં ખર્ચ કરવા)માં اِنْفَاق શબ્દમાં બધું જ શામિલ થઈ જાય છે. એટલા માટે વાસ્તવમાં અહીંયાં ફક્ત બે જ અમલનો ઉલ્લેખ નથી બલકે, તમામ માલી (ભૌતિક) અને બદની (શારીરિક) અમલો અને ઈબાદતો તેના સંદર્ભમાં આવી ગઈ અને આખી આયતનો અર્થ એ થઈ ગયો કે, મુત્તકી (અલ્લાહથી ડરવાવાળા – નીતિમત્તા ધરાવનારા) તે લોકો છે જેમનું ઈમાન પણ સંપૂર્ણ છે અને અમલ પણ સંપૂર્ણ છે અને ઈમાન તથા અમલના સંયુક્ત મિશ્રણનું નામ જ ઈસ્લામ છે. મતલબ કે, આ આયતમાં ઈમાનની સંપૂર્ણ વ્યાખ્યાની સાથે સાથે ઈસ્લામના અર્થ તરફ પણ ઈશારો કરવામાં આવ્યો છે. એટલા માટે યોગ્ય એ છે કે, અત્રે ઈસ્લામ અને ઈમાનના તફાવત વિશે ચર્ચા કરી લેવામાં આવે.

ઈમાન અને ઇસ્લામમાં તફાવત શું છે ?

"ઈમાન"નો શાબ્દિક અર્થ, "કોઈ વસ્તુની દિલથી ગવાહી આપી સાચું માનવું" અને "ઈસ્લામ"નો અર્થ "અલ્લાહની ઈચ્છાને સંપૂર્ણ આધીન થઈ જવું અને તેની ફરમાંબરદારી તથા તાબે'દારી કરવી" છે. ઈમાનનું નિવાસસ્થાન દિલ છે અને ઈસ્લામનું નિવાસસ્થાન દિલ તો છે જ પણ સાથે સાથે શરીરના અવયવો પણ છે. પરંતુ શરીઅતની રૂએ "ઈમાન" વિના "ઈસ્લામ" અને "ઈસ્લામ" વિના "ઈમાન" ભરોસાપાત્ર નથી. મતલબ કે, અલ્લાહ અને તેના રસૂલ ﷺને ફક્ત દિલથી સાચા માની લેવું શરીઅતની રૂએ ત્યાં સુધી ભરોસાપાત્ર નથી જ્યાં સુધી કે, તેની સચ્ચાઈનો ઈકરાર અને તેની જાહેરાત તથા અલ્લાહની ઈચ્છાને સંપૂર્ણ તાબે' થવાનો ઈકરાર મૌખિક રીતે કરવામાં ન આવે. એવી જ રીતે મૌખિક રીતે ઈકરાર અથવા કબૂલાત ત્યાં સુધી ભરોસાપાત્ર નથી, જ્યાં સુધી દિલથી અલ્લાહ અને તેના રસૂલ ﷺની સચ્ચાઈને માનવામાં ન આવે.

ઉપરોક્ત બાબતનો ખુલાસો આ નીકળ્યો કે, શાબ્દિક રીતે ઈમાન અને ઈસ્લામ ભિન્ન ભિન્ન વ્યાખ્યા ધરાવે છે અને કુર્આન તથા હદીષમાં ઈમાન અને ઈસ્લામના શાબ્દિક અર્થોના ફેરફારના કારણે ઈમાન અને ઈસ્લામમાં તફાવતનું વર્ણન પણ છે. પરંતુ શરીઅતની રૂએ ઈમાન વિના ઈસ્લામ અને ઈસ્લામ વિના ઈમાન ભરોસાપાત્ર નથી. –

– –

– જ્યારે ઈસ્લામ એટલે કે, જાહેર રીતે ઈકરાર અને ફરમાંબરદારી હોય પરંતુ ઈમાન ન હોય તો તેને કુર્આનની વ્યાખ્યામાં نِفَاق (નિફાક– Hypocrisy) કહેવામાં આવે છે અને તેને ખુલ્લા કુફ્ર કરતાં વધારે સખત ગુનોહ ઠરાવવામાં આવ્યો છે. કુર્આનમાં છે,

اِنَّ الْمُنٰفِقِيْنَ فِى الدَّرْكِ الْاَسْفَلِ مِنَ النَّارِ،

"અને મુનાફિકો જહન્નમના સૌથી નીચેના ભાગમાં રહેશે." (૪:૧૪૫)

આવી જ રીતે ઈમાન, એટલે કે દિલથી સત્ય માનવાની સાથે જો મૌખિક ઈકરાર અને ફરમાંબરદારી ન હોય તો તેને પણ કુર્આન શરીફની نصوص (નુસૂસ–આયતો) દ્વારા ખુલ્લા શબ્દોમાં કુફ્ર જ કહેવામાં આવ્યું છે.

દાખલા તરીકે,

يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَ هُمْ

"આ કાફિરો રસૂલ ﷺને અને તેમની સચ્ચાઈને એવી રીતે (ચોક્કસપણે) ઓળખે છે, જેવી રીતે તેઓ પોતાના સંતાનોને ઓળખે છે." (૨:૧૪૬)

અને બીજી જગ્યાએ ફરમાવ્યું,

جَحَدُوْا بِهَا وَاسْتَيْقَنَتْهَآ اَنْفُسُهُمْ ظُلْمًا وَّعُلُوًّا

"આ લોકો અમારી આયતોનો ઈન્કાર કરે છે, હાલાં કે તેમના દિલોમાં એનું સંપૂર્ણ યકીન છે અને તેમનું આ કૃત્ય ફક્ત અત્યાચાર અને ઘમંડના કારણે છે." (૨૭:૧૪)

મારા ઉસ્તાદ મોહતરમ હઝરત અલ્લામહ સય્યદ અનવરશાહ કશ્મિરી (રહ.) આ વિષયને એવી રીતે વર્ણન કરતા હતા કે, ઈમાન અને ઈસ્લામ આધ્યાત્મિક (રૂહાની) મુસાફરીમાં એકસમાન છે. તફાવત ફક્ત શરૂઆત અને અંતનો છે, એટલે કે ઈમાન દિલથી શરૂ થાય છે અને જાહેરમાં અમલ સુધી પહોંચીને પૂર્ણ થાય છે અને ઈસ્લામ જાહેર અમલથી શરૂ થાય છે અને દિલમાં પહોંચીને પૂર્ણ થાય છે. જો દિલથી સત્ય માનવાની શ્રદ્ધા જાહેરના ઈકરાર અને ફરમાંબરદારી સુધી ન પહોંચે તો આવું ઈમાન ભરોસાપાત્ર નથી. અને એવી જ રીતે જો જાહેરનું અનુસરણ અને ફરમાંબરદારી દિલના ઈકરાર અને શ્રદ્ધા સુધી ન પહોંચે તો આવો ઈસ્લામ ભરોસાપાત્ર નથી.

ઈમામ ગઝાલી (રહ.) અને ઈમામ સુબકી سبکی (રહ.)એ પણ આવું જ સંશોધન કર્યું છે અને ઈમામ ઈબ્ને હુમામ (રહ.)એ "મુસામિરાહ"માં આ સંશોધન ઉપર બધા જ અહલે હક (સત્‌માર્ગીઓ) સહમત હોવાનું વર્ણન કર્યું છે.

وَالَّذِيْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ وَبِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ

"મુત્તકીઓ એવા છે કે, ઈમાન રાખે છે તે કિતાબ ઉપર પણ જે આપ (ﷺ)ના ઉપર ઉતારવામાં આવી અને તે કિતાબો ઉપર પણ જે આપ (ﷺ)થી પહેલાં ઉતારવામાં આવી ચૂકી છે, અને આખિરત ઉપર પણ તે જ યકીન (વિશ્વાસ) રાખે છે."

આ આયતમાં મુત્તકી લોકોની બાકીની સિફતો (લક્ષણો)નું પણ વર્ણન થયું છે, જેમાં અદષ્ય બાબતો ઉપર ઈમાનનો ખુલાસો અને પરલોક (આખિરત) ઉપર ઈમાન હોવાનું વર્ણન છે. હજરત અબ્દુલ્લાહ બિન મસઊદ અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)એ આ આયતની તફસીરમાં કહ્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺના સમયમાં બે પ્રકારના મો'મિનો અને મુત્તકીઓ હતા. પ્રથમ જેઓ પહેલાં મુશ્રિક (મૂર્તિપૂંજકો) હતા અને ઈસ્લામ લાવ્યા તથા બીજા તેઓ જે પહેલાં અહલે કિતાબ એટલે યહૂદીઓ અને ક્રિશ્ચિયનો હતા પછી મુસલમાન થયા." આ આયત અગાઉની આયતમાં પહેલાં જૂથનું વર્ણન હતું અને આ આયતમાં બીજા જૂથનું વર્ણન છે. એટલા માટે આ આયતમાં કુર્આન ઉપર ઈમાન લાવવાની સાથે–સાથે પાછલી આકાશી કિતાબો ઉપર ઈમાન લાવવાનો પણ ખુલાસો કરવામાં આવ્યો કે, હદીષના ખુલાસા પ્રમાણે તેઓ બેવડા સવાબના હકદાર છે. એક તો આગાઉની આકાશી કિતાબો ઉપર ઈમાન લાવી અમલ કરવાનો સવાબ, બીજો કુર્આન શરીફના સમયમાં કુર્આન શરીફ ઉપર ઈમાન લાવી તેના ઉપર અમલ કરવાનો સવાબ. અગાઉની આસમાની કિતાબો (તવરાત, ઝબૂર, ઈન્જીલ વગેરે) ઉપર ઈમાન લાવવું આજે પણ દરેક મુસલમાનો માટે જરૂરી છે. તફાવત માત્ર એટલો છે કે, આજે એ કિતાબો ઉપર ઈમાન લાવવાનું સ્વરૂપ એવું હશે કે, અલ્લાહ તઆલાએ એ કિતાબોમાં જે તે સમયે જે કંઈ નાઝિલ ફરમાવ્યું હતું તે સત્ય હતું અને જે તે સમયે તેના ઉપર અમલ કરવો ફરજ હતો, પરંતુ કુર્આન શરીફ નાઝિલ થયા પછી અગાઉની કિતાબો અને શરીઅતો રદ થઈ ગઈ હોવાથી હવે અમલ ફક્ત કુર્આન શરીફ ઉપર જ કરવામાં આવશે.

ખત્મે નુબુવ્વત (નુબુવ્વતનો ક્રમ પૂર્ણ થઈ ગયો હોવાની) એક સ્પષ્ટ દલીલ :

આયતની આ પ્રમાણેની વર્ણન પદ્ધતિથી એક મહત્ત્વનો મૂળભૂત મસ્અલો પણ સામે આવી જાય છે કે, રસૂલુલ્લાહ ﷺ અંતિમ નબી હતા. અને તેમના ઉપર ઉતારવામાં આવેલ વહી અંતિમ વહી હતી. કારણ કે, જો કુર્આન શરીફ પછી કોઈ બીજી કિતાબ નાઝિલ થવાની હોત તો આ આયતમાં જેવી રીતે અગાઉની કિતાબો અને વહી ઉપર ઈમાન લાવવું જરૂરી ઠરાવવામાં આવ્યું છે,

એવી જ રીતે હવે પછી નાઝિલ થનારી કિતાબો અને વહી ઉપર ઈમાન લાવવાનું વર્ણન પણ ચોક્કસ થયું હોત. બલકે, આવું વર્ણન કરવું જરૂરી પણ હતું કારણ કે, તવરાત, ઈન્જીલ અને અગાઉની તમામ કિતાબો ઉપર ઈમાન લાવવું તો પ્રથમથી જ પ્રચલિત હતું અને બધાની જાણમાં હતું. પરંતુ જો આપ ﷺ પછી પણ નુબુવ્વત અને વહીનો ક્રમ ચાલુ રહેવાનો હોત, તો એ બાબતની વધુ આવશ્યકતા હતી કે, આ કિતાબ (કુર્આન)માં તે નબીનું વર્ણન વધારે કાળજીથી કરવામાં આવ્યું હોત, જેથી કોઈને લેશમાત્ર શંકા બાકી ન રહે !

કુર્આનમાં જ્યાં ઈમાનનું વર્ણન થયું છે, ત્યાં આપ ﷺ અગાઉ નાઝિલ થયેલી વહી અને અગાઉના નબીઓનો ઉલ્લેખ થયો છે પરંતુ આપ ﷺ પછી આવનારી કોઈ વહી અથવા નબીનો લેશમાત્ર ઉલ્લેખ નથી અને આ વિષયનો ઉલ્લેખ ફક્ત આ આયતમાં જ નથી બલકે, કુર્આન શરીફમાં શરૂઆતથી લઈ અંત સુધી વિવિધ સ્થળોએ ૪૦ થી ૫૦ આયતોમાં આ પ્રમાણેનું વર્ણન થયું છે અને બધી જ આયતોમાં આપ ﷺ અગાઉ થઈ ગયેલા નબીઓ, અગાઉની વહી અને અગાઉની કિતાબોનું વર્ણન છે પરંતુ કોઈ એક આયતમાં પણ એ બાબત તરફ ઈશારો સુદ્ધાં કરવામાં આવ્યો નથી કે, હવે પછી પણ ભવિષ્યમાં વહી અથવા નબી આવનાર છે જેના ઉપર દરેકે ઈમાન લાવવાનું રહેશે. દાખલા તરીકે, નીચેની કુર્આનની આયતો જુઓ,

(۱) وَمَا اَرْسَلْنَا مِنْ قَبْلِکَ (سورہ نحل) (۲) وَلَقَدْ اَرْسَلْنَا رُسُلًا مِّنْ قَبْلِکَ (سورہ مؤمن) (۳) وَلَقَدْ اَرْسَلْنَا مِنْ قَبْلِکَ رُسُلًا (سورہ روم) (۴) وَمَا اُنْزِلَ مِنْ قَبْلِکَ (سورہ نساء) (۵) وَلَقَدْ اُوْحِیَ اِلَیْکَ وَاِلَی الَّذِیْنَ مِنْ قَبْلِکَ (سورہ زمر) (۶) کَذٰلِکَ یُوْحِیْ اِلَیْکَ وَاِلَی الَّذِیْنَ مِنْ قَبْلِکَ (سورہ شوریٰ) (۷) کَمَا کُتِبَ عَلَی الَّذِیْنَ مِنْ قَبْلِکُمْ (بقرہ) (۸) سُنَّۃَ مَنْ قَدْ اَرْسَلْنَا قَبْلَکَ مِنْ رُّسُلِنَا (اسرائیل)

(૧) "અને જે અમે મોકલ્યું તમારી પહેલાં" (૧૬:૪૩), (૨) "અને અમે ખરેખર તમારા અગાઉ પયગમ્બરો મોકલ્યા" (૪૦:૭૮), (૩) "અને

ખરેખર અમે તમારા અગાઉ પયગમ્બરો મોકલ્યા" (૨૦:૪૭), (૪) "અને જે તમારા પહેલાં ઉતારવામાં આવ્યું" (૪:૬૦), (૫) "અને ખરેખર તે તમારા ઉપર નાઝિલ કરવામાં આવ્યું અને તેમના ઉપર પણ જેઓ તમારા અગાઉ ગુજરી ચૂક્યા છે" (૩૯:૬૫), (૬) "જેથી તેણે નાઝિલ કર્યું તમારા ઉપર અને તેણે નાઝિલ કર્યું તેમના ઉપર જેઓ તમારાથી અગાઉ ગુજરી ચૂક્યા (૪૨:૩), (૭) "તમારા ઉપર રોઝા ફરજ કરવામાં આવ્યા જેવી રીતે તમારી અગાઉના લોકો પર કરવામાં આવ્યા હતા" (૨:૧૮૩), (૮) "આ જ અમારો માર્ગ હતો પયગમ્બરો સાથે જેઓ તમારા અગાઉ મોકલવામાં આવ્યા" (૧૭:૭૭).

આ આયતોમાં અને તેના જેવી જ અન્ય આયતોમાં જ્યાં પણ નબી, રસૂલ, વહી અને કિતાબ મોકલવાનો ઉલ્લેખ છે, તે બધાની સાથે مِنۡ قَبۡل (મિન કબ્લ–આનાથી અગાઉ) અથવા તો مِنۡ قَبۡلِكَ (મિન કબ્લિક)નો શબ્દ મૂકવામાં આવ્યો છે. કોઈ એક સ્થળે પણ مِنۡ بَعۡد (આના પછી)ના ઉલ્લેખ કરવા બાબતનો ઈશારો સુદ્ધાં કરવામાં આવ્યો નથી. જો ખત્મે નુબુવ્વત અને વહીનો ક્રમ પૂર્ણ થઈ જવાનું બીજી આયતોમાં ખુલ્લમ–ખુલ્લું વર્ણન ન પણ થયું હોત તો પણ કુર્આન શરીફની આ વર્ણનશૈલી જ ખત્મે નુબુવ્વત વિશેના પુરાવા માટે પૂરતી હતી. ખત્મે નુબુવ્વત વિશે કુર્આનના ખુલાસાઓ, અસંખ્ય હદીષોના પુરાવાઓ તથા ઉમ્મતના ઈજ્માઅની વિગત જોવી હોય તો મારી કિતાબ "ખત્મે નુબુવ્વત" વાંચવા વિનંતી છે.

મુત્તકી (અલ્લાહથી ડરનારા અને નીતિમત્તા ધરાવનારા) લોકોની તફસીરમાં આખિરત ઉપર ઈમાન ધરાવતા હોવાની સિફત (ગુણ):

આ આયતમાં મુત્તકી લોકોની આખિરત ઉપર ઈમાન હોવાની ખાસિયત અને સિફતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેઓ આખિરત (પરલોક) ઉપર ઈમાન (શ્રદ્ધા) ધરાવે છે. અત્રે આખિરતના ઉલ્લેખનો અર્થ તે આખિરત છે, જેને કુર્આનમાં "દારૂલ કરાર" અથવા "દારૂલ હયવાન" અથવા "ઉકબા" કહેવામાં આવ્યું છે અને આખા કુર્આન શરીફમાં તેની ભયંકર વાસ્તવિકતાઓનું વર્ણન ભર્યું પડ્યું છે.

આખિરત (પરલોક) ઉપર ઈમાન લાવવું એક ક્રાંતિકારી માન્યતા (અકીદહ) છે :

આખિરત ઉપર ઈમાન લાવવું જો કે, અદષ્ય બાબતો ઉપર ઈમાન લાવવાના શબ્દમાં આવી ચૂક્યું છે, પરંતુ ફરી એનું વિગતવાર વર્ણન કરીને ઈમાનના આ વિભાગને એટલા માટે મહત્ત્વ આપવામાં આવ્યું છે કે, આખિરત ઉપર ઈમાન લાવ્યા પછી તેના તકાદાઓને પૂર્ણ કરવાની ભાવના અદષ્ય બાબતો ઉપરના ઈમાનથી જ પૈદા થાય છે, અને ઈસ્લામી અકીદા (માન્યતા)ઓમાંની આ જ તે ક્રાંતિકારી માન્યતા છે, જેણે જગતનો નકશો બદલી નાંખ્યો, જેણે આકાશી શિક્ષણ ઉપર અમલ કરનારાઓને પ્રથમ નીતિમત્તા અને સામાજિક વહેવારોમાં પછી આખી દુનિયાના રાજકારણમાં પણ દુનિયાની બીજી કૌમો કરતાં એક આગવું સ્થાન અપાવ્યું છે. તવહીદ (એકશ્વરવાદ)ની માન્યતા તથા નબીઓ અને સંદેશાવાહકો (રિસાલત)ની માન્યતા જગતના અસ્તિત્વથી જ ચાલતી આવી છે.

દેખીતી વાત છે કે, જે લોકો પાસે ફક્ત દુનિયાની જિંદગી અને તેની રાહતો તથા અય્યાશીઓ જ અંતિમ જીવન ધ્યેય છે, તેઓ ભૌતિકતાને અતિશય ભોગવવાને જ જીવનનો ધ્યેય બનાવે છે, દુનિયાની મુશ્કેલીને જ મુશ્કેલી સમજે છે. આખિરતની જિંદગી અને દુનિયામાં કરેલા કૃત્યોના હિસાબ–કિતાબ તથા તેના ઈનામ અને સજાને માનતા નથી. જો તેઓ સત્ય–અસત્ય, હલાલ–હરામના તફાવતને પોતાની દુનિયવી જિંદગીની રાહત અને અય્યાશીઓમાં દખલગીરી સમજે છે, તો તેમને ગુનાહો (Crime)થી રોકવા માટે અન્ય કોઈ વસ્તુ બાકી બચતી નથી.. સરકારી કાયદાઓ અને બંધારણો ગુનાહોને રોકવા માટે તથા માણસના ચારિત્ર્યને બદલવા માટે પૂરતા નથી હોતા. રીઢા ગુનેગારો આવી સજાઓને ઘોળીને પી જાય છે. વળી, જો કોઈ સારો માણસ સરકારી સજાના ડરથી કોઈ ગુનોહ કરતાં અટકી જાય છે તો તે પણ એટલે સુધી જ રોકાય છે કે જ્યાં સુધી તેને પકડાઈ જવાનો ડર લાગતો હોય, એ જ રીતે તે પોતાની ઈચ્છાઓને કાનૂની પકડમાં આવી જવાની હદ સુધી જ રોકી રાખે છે. એકાંતમાં અથવા ગુપ્ત અવસ્થામાં જ્યાં તેને સરકારના કાયદા–કાનૂનો પકડી શકે એવી સ્થિતિમાં ન હોય, ત્યાં તેને ગુનોહ કરવાથી કોણ રોકી શકે છે ? અને એવા સ્થળે કોઈ પોતાની

અય્યાશીઓ અને ઈચ્છાઓ છોડીને સરકારી કાયદાની લગામ પોતાના ગળામાં શા માટે બાંધી રાખે ?

હા ! તે ફક્ત આખિરતનો અકીદો (માન્યતા) જ છે કે, જેના કારણે માત્ર અલ્લાહના ડરથી મનુષ્યની હાલત જાહેરમાં અને એકાંતમાં, ખુલ્લામાં તથા ગુપ્ત અવસ્થામાં એક સમાન થઈ જાય છે અને તે એવી શ્રદ્ધા ધરાવતો થઈ જાય છે કે, મકાનના બંધ દરવાજાઓમાં, સુરક્ષાથી ઘેરાયેલા મહેલોમાં, રાતના અંધારાઓમાં પણ મને કોઈ જોઈ રહ્યું છે, કોઈ મારા સારા–નરસા કૃત્યોને લખી રહ્યું છે.

આ જ તે અકીદો (માન્યતા) હતો જેના ઉપર અમલ કરીને ઈસ્લામના શરૂઆતના સમયમાં એક એવો સમાજ અસ્તિત્વમાં આવ્યો હતો કે, ફક્ત મુસલમાનોના ચહેરા જોઈને તથા તેમની ચાલ–ચલગત નિહાળીને લોકો દિલો–જાનથી ઈસ્લામના પ્રસંશક બની ઈસ્લામ સ્વીકારી લેતા હતા. અહીંયાં એ વાતનો ઉલ્લેખ કરવો પણ યોગ્ય છે કે, આ આયતમાં بِالْاٰخِرَةِ અને તેની સાથે يُؤْمِنُوْنَ નથી બલકે, يُوْقِنُوْنَ નો ઉપયોગ કરવામાં આવ્યો છે. કારણ કે, اِیمان (ઈમાન–આસ્થા)નો વિરોધી تَکْذِیب (જૂઠ) છે અને اِیقان નો વિરોધી شَک (શંકા) અને રદિયો છે. આ આયતમાં એવો ઈશારો કરવામાં આવ્યો છે કે, ફક્ત આખિરતની જિંદગીને સાચું માનવું હેતુપૂર્તિ માટે પૂરતું નથી. બલકે, તેનું એવું યકીન અને શ્રદ્ધા હોવી જરૂરી છે, જેવી રીતે કે કોઈ વસ્તુ નરી આંખે નિહાળી રહ્યા હોય. મુત્તકીનની આ જ ખાસિયત છે કે, આખિરતમાં અલ્લાહની સામે હાજરી, હિસાબ–કિતાબ, કર્મોનું ઈનામ અને સજાનો નકશો હરપળે તેમની આંખો સામે રહે છે.

કોઈ વ્યક્તિ જે બીજાઓનો માલ નાહક રીતે પચાવી પાડવા જૂઠા કેસો કરે, જૂઠી ગવાહીઓ આપે, અલ્લાહ તઆલાના ફરમાન વિરૂદ્ધ હરામ માલ કમાવા અને ખાવામાં લાગેલો રહે, દુનિયાના તુચ્છ હેતુઓ પ્રાપ્ત કરવા શરીઅત વિરૂદ્ધ હરામ માધ્યમોનો ઉપયોગ કરતો રહે, તે હઝાર વખતે પણ આખિરત ઉપર ઈમાન લાવવાનો ઈકરાર કરે અને જાહેરમાં શરીઅતની રૂએ તેને મો'મિન પણ કહેવામાં આવે પરંતુ કુર્આને કરીમ જે اِیقان નું વર્ણન કરે છે, તે તેને પ્રાપ્ત થતું નથી અને આ اِیقان (યકીન–મુત્તકીપણું) જ માણસની જિંદગીમાં ક્રાંતિ

લાવનારી વસ્તુ છે. તેના પરિણામ સ્વરૂપ મુત્તકીઓને તે હિદાયત અને સફળતા પ્રાપ્ત કરનારાઓનું બિરૂદ આપવામાં આવ્યું છે, જેનું વર્ણન કુર્આન શરીફની સૂરએ બકરહની આયત નં. ૫ માં થયું છે.

أُولٰئِكَ عَلٰى هُدًى مِّن رَّبِّهِمْ وَأُولٰئِكَ هُمُ الْمُفْلِحُونَ

"આ જ તે લોકો છે જેઓ પોતાના પરવરદિગાર તરફથી સન્માર્ગ (હિદાયત) ઉપર છે અને તેઓ જ સફળતા પ્રાપ્ત કરનારા છે."

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૬–૭)

إِنَّ الَّذِينَ كَفَرُوا سَوَاءٌ عَلَيْهِمْ ءَأَنذَرْتَهُمْ أَمْ لَمْ تُنذِرْهُمْ لَا يُؤْمِنُونَ ﴿٦﴾

خَتَمَ اللّٰهُ عَلٰى قُلُوبِهِمْ وَعَلٰى سَمْعِهِمْ ۖ وَعَلٰى أَبْصَارِهِمْ غِشَاوَةٌ ۖ وَلَهُمْ عَذَابٌ عَظِيمٌ ﴿٧﴾ ع

તરજુમો :

બેશક ! જે લોકો કાફિર થઈ ચૂક્યા (કુફ્ર પર અડગ છે), તેમને તું ડરાવે કે ન ડરાવે સરખું છે, તેઓ ઈમાન લાવશે જ નહીં. (૬) અલ્લાહે તેમના દિલો અને કાનો ઉપર મહોર મારી દીધી છે; અને તેમની આંખો પર પડદો પડયો છે, અને તેમના માટે ભારે અઝાબ છે. (૭)

તફસીર (ભાષ્ય–વિવરણ) :

બેશક ! જે લોકો કાફિર થઈ ચૂક્યા છે, તેમને તમે ડરાવો અથવા ન ડરાવો તેઓ ઈમાન લાવવાના જ નથી, (આ વાત તે કાફિરો સંદર્ભે છે જેમના વિશે અલ્લાહ તઆલાને ખબર છે કે, તેમનો અંત કુફ્ર પર જ થશે. આ આયતમાં તમામ કાફિરોને સંબોધન કરવામાં આવ્યું નથી, તેમાંથી ઘણા લોકો પાછળથી મુસલમાન થઈ ગયા હતા.) અલ્લાહ તઆલાએ તેમના દિલો અને કાનો ઉપર મહોર મારી દીધી છે અને તેમની આંખો ઉપર પડદો પડયો છે અને તેમના માટે ભારે અઝાબ છે.

મસ્અલા અને બોધપાઠ :

સૂરએ બકરહની પહેલી પાંચ આયતોમાં કુર્આન શરીફને હિદાયતની કિતાબ તથા દરેક પ્રકારની શંકા–કુશંકાથી પાક–સાફ બતાવીને એવા ભાગ્યશાળી લોકોનું વર્ણન કર્યું હતું, જેમણે હિદાયતની કિતાબ કુર્આનથી લાભ ઉઠાવ્યો અને તેમને કુર્આનની વ્યાખ્યામાં મો'મિન અને મુત્તકીનો લકબ (ઉપનામ) આપવામાં આવ્યો છે. તે લોકોના ખાસ લક્ષણો, સિફતો અને ખાસિયતો પણ વર્ણન કરવામાં આવી, ત્યાર પછી અમુક આયતોમાં તે લોકોનું વર્ણન છે જેમણે આ હિદાયતને કબૂલ ન કરી બલકે, ઈન્કાર અને વિરોધ કર્યો.

એવા લોકોના બે સમૂહો (જૂથ) છે, એક તે જેમણે ખુલ્લમ ખુલ્લા વિરોધનો માર્ગ અપનાવ્યો જેમને કુર્આનની વ્યાખ્યામાં "કાફિર" કહેવામાં આવે છે અને બીજો સમૂહ તે કે જે પોતાના નીચ કક્ષાના ચારિત્ર્ય અને દુનિયા પ્રાપ્ત કરવાના અધમ સ્વાર્થીપણાના કારણે એવી હિંમત પણ ન કરી શક્યો કે, પોતાના દિલની વાત અને પોતાની માન્યતાને ખુલ્લમ ખુલ્લી જાહેર કરી દે. બલકે, આ દગાખોરોએ છેતરપિંડી અને દગાખોરીનો રસ્તો અપનાવ્યો. મુસલમાનોને એવું કહેતા હતા કે, અમે મુસલમાન છે, કુર્આન અને તેની હિદાયતને માનીએ છીએ, તમારી સાથે જ છીએ, જ્યારે કે તેમના દિલોમાં કુફ્ર અને ઈન્કાર હતો. કુફ્ફારની મજલિસોમાં જઈને કહેતા હતા કે, અમે તમારી માન્યતાઓ અને અકીદાઓને જ માનીએ છીએ અને તમારી સાથે જ છીએ. અમે તો મુસલમાનોને અંધારામાં રાખવા અને તેમના રહસ્યો જાણવા માટે તેમને મળીએ છીએ. આ મક્કાર જૂથને કુર્આનની વ્યાખ્યામાં "મુનાફિક" (Hypocrites) કહેવામાં આવે છે.

પંદર આયતો કુર્આનને ન માનનારાઓના સંબંધમાં નાઝિલ થઈ છે. તેમાંથી ઉપરોક્ત બે આયતોમાં ખુલ્લા કાફિરોનું વર્ણન છે અને પછીની તેર આયતોમાં મુનાફિકોનું અને તેમના લક્ષણો, ખાસિયતો અને તેમના પરિણામનું વર્ણન આવેલ છે. આ તમામ આયતોના ખુલાસાઓ ઉપર એક દૃષ્ટિપાત કરીએ તો ખબર પડે છે કે, કુર્આન શરીફે સૂરએ બકરહની શરૂઆતની ૨૦ આયતોમાં એક બાજુ તો હિદાયતના વહેતા ઝરણાંનું સરનામું બતાવી દીધું કે, તે "કુર્આન શરીફ" જ છે અને બીજી બાજુ આખી દુનિયાના માનવોને તેના સ્વીકાર કે

અસ્વીકાર કરવાના સંદર્ભે બે વિભાગોમાં વહેંચી દીધા. એક તો જેમને હિદાયત (સીધો માર્ગ) મળી છે તેમને "મો'મિન" (સાચો મુસ્લિમ) અને "મુત્તકી" કહેવામાં આવે છે અને બીજા જેમણે હિદાયતથી મોઢું ફેરવી લીધું અને ઈન્કાર કર્યો તેમને "કાફિર" અથવા "મુનાફિક" કહેવામાં આવે છે. પહેલા પ્રકારના જૂથે જે માર્ગ અપનાવ્યો છે, તેમના માટે صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ કહી તેમનું અનુસરણ કરવાની હિદાયત કરવામાં આવી છે અને બીજા પ્રકારના જૂથે જે માર્ગ અપનાવ્યો, તેમને غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ કહી તેમના માર્ગથી બચવાની વિનંતી કરવામાં આવી છે.

કુર્આને કરીમના આ શિક્ષણથી એક મૂળભૂત સિદ્ધાંત અને મસ્અલો એ પણ ઊભરી આવે છે કે, જગતની કૌમોના વિભાગો કે સમુદાયોમાં એવું વિભાજન જે મૂળભૂત સિદ્ધાંતો પર અસર પાડી શકે છે તે ફક્ત વિચારસરણી આધારિત જ હોઈ શકે છે. વંશ, પ્રદેશ, ભાષા, રંગ અને ભૌગોલિક સીમાઓ, એવી બાબતો નથી કે, જેને આધાર બનાવી માનવસમાજોનું વિભાજન કરી શકાય. કુર્આન શરીફમાં એના વિશે સ્પષ્ટ નિર્ણય વર્ણવી દેવામાં આવ્યો છે.

خَلَقَكُمْ فَمِنْكُمْ كَافِرٌ وَّ مِنْكُمْ مُّؤْمِنٌ،

"અલ્લાહે તમને બધાને પૈદા કર્યા, પછી તમારામાંથી કેટલાક લોકો મો'મિન અને કેટલાક લોકો કાફિર થઈ ગયા." (૬૪:૨)

ઉપરોક્ત બે આયતોમાં અલ્લાહ તઆલાએ એવા કાફિરોનું વર્ણન કર્યું છે કે, જેઓ ઈન્કાર અને વિરોધની હદો વટાવીને દુશ્મનીની પરાકાષ્ઠા સુધી પહોંચી ગયા છે અને એવા લોકો પોતાની જીદના કારણે ન તો કોઈ સત્ય વાત સાંભળવા કે ન જ સ્પષ્ટ દલીલને જોવા તૈયાર છે. આવા લોકો વિશે અલ્લાહની સુન્નત છે કે, તેમને એક સજા દુનિયામાં જ મળી જાય છે. તેમના દિલો પર મહોર લગાવી દેવામાં આવે છે, કાનો–આંખોની સચ્ચાઈ સ્વીકાર કરવાની શક્તિ છીનવી લેવામાં આવે છે. તેમની પરિસ્થિતિ સચ્ચાઈ વિશે એવી થઈ જાય છે, જાણે કે તેમની પાસે સમજવા માટે ન અક્કલ છે, ન તો જોવા માટે આંખો છે અને ન જ સાંભળવા માટે કાન ! છેલ્લી આયતમાં આવા લોકો માટે ભારે અઝાબ હોવાનું વર્ણન થયું છે.

કુફ્રની વ્યાખ્યા :

કુફ્રનો શાબ્દિક અર્થ "સંતાડવું" થાય છે. "નાશુક્રી"ને પણ કુફ્ર કહેવામાં આવે છે કારણ કે, નાશુક્રી કરનાર કોઈના ઉપકારને સંતાડી રહ્યો છે. શરીઅતની વ્યાખ્યા પ્રમાણે જે બાબતો ઉપર ઈમાન લાવવું ફરજ અને જરૂરી છે, તેમાંથી કોઈપણ બાબતનો ઈન્કાર કરવાનું નામ "કુફ્ર" છે. દાખલા તરીકે, ઈમાનનો ખુલાસો એ છે કે, રસૂલુલ્લાહ ﷺ જે કંઈ પણ અલ્લાહ તઆલા પાસેથી લાવ્યા છે, જેના પુરાવાઓ ચોક્કસ અને જગજાહેર છે, તે બધી જ બાબતોને દિલથી સાચી માનવી તથા તેની સત્યતાની ગવાહી આપવી જરૂરી છે, પરંતુ જો કોઈ વ્યક્તિ રસૂલ ﷺના શિક્ષણ કે, જેને માનવું જરૂરી અને આવશ્યક છે, તેમાંથી કોઈ એક બાબતનો પણ ઈન્કાર કરે, તેને સાચું ન સમજે અને તેની સત્યતાની ગવાહી ન આપે, તો તે "કાફિર" કહેવાય છે.

اِنْذَار (ઇન્ઝાર) નો અર્થ :

اِنْذَار શબ્દનો અર્થ "એવી ખબર આપવી કે, જેનાથી ડર ઉત્પન્ન થાય" અને એનો ભાષાકીય અર્થ "ડરાવવું" થાય છે, પરંતુ વાસ્તવમાં અહીંયાં ડરાવવાનો અર્થ "ચેતવણી આપવી" અથવા એવી "તાકીદ" કરવાનો છે કે, જેમાં મહોબ્બત અને લાગણી છુપાયેલી છે જેમકે, કોઈ વ્યક્તિ પોતાના સંતાનોને આગ, સાપ, વીંછી અથવા હિંસક પ્રાણીઓથી બિવડાવે છે. એટલા જ માટે જે રીતે કોઈ ડાકુ, ચોર કે અત્યાચારી અન્યને ધમકાવે છે તે રીતે ડરાવવાને اِنْذَار (ઈન્ઝાર) કહેવામાં આવતું નથી અને ન જ આવી રીતે ડરાવનારાઓને نَذِيْر (નઝીર) કહેવામાં આવે છે. નબીઓ (અલૈ.)નો લકબ نَذِيْر (નઝીર) હતો કારણ કે, તેઓ મનુષ્યજાતિને તેમની લાગણી અને મહોબ્બતના કારણે આવનારી મુસીબતો અને તકલીફોની ચેતવણી આપે છે અને અંબિયા (અલૈ.) માટે આ શબ્દને અપનાવવાનો મતલબ એ છે કે, તેઓ જ્યારે લોકોને દીનનો પ્રચાર કરે છે અને તેમને સંબોધે છે તો તેમની ભલાઈ, હમદર્દી અને લાગણી નજર સમક્ષ રાખી વાતચીત કરે છે, ફક્ત એક સંદેશો પહોંચાડી દેવાનો હેતુ હોતો નથી.

આ આયતમાં રસૂલે કરીમ ﷺને હૈયાધરપત માટે બતાવી દેવામાં આવ્યું છે કે, આ જીદ્દી કાફિરો સામે વાસ્તવિકતા સ્પષ્ટ થઈ ગઈ હોવા છતાં કુફ્ર કરવા અને સચ્ચાઈનો ઈન્કાર કરવા ઉપર ડટેલા છે અથવા પોતાના ઘમંડ અને

મિથ્યાભિમાનના કારણે સાચી વાત સાંભળવા અને સ્પષ્ટ દલીલોને જોવા તૈયાર નથી. તેમની સુધારણા અને ઈમાન માટે તમે (આપ ﷺ) જે કંઈ પણ પ્રયત્ન કરશો તે અસરકારક નહિ થાય બલકે, તેમના માટે આપના પ્રયત્નો કરવા ન કરવા બંને એકસમાન છે.

એ જ કારણે ઉપરોક્ત આયતમાં એવું બતાવી આપવામાં આવ્યું કે, અલ્લાહ તઆલાએ તેમના દિલો અને કાનો ઉપર મહોર લગાવી દીધી છે તથા તેમની આંખો ઉપર પડદો પડી ચૂક્યો છે અને તેમના વિચારવા- સમજવાના બધા જ માર્ગો બંધ થઈ ગયા છે માટે તેમની સુધરવાની આશા રાખવી સાવ નકામી છે.

કોઈ વસ્તુ ઉપર મહોર એટલા માટે લગાવવામાં આવે છે કે, તેમાં બહારથી કોઈ વસ્તુ અંદર દાખલ ન થઈ શકે અને દિલો તથા કાનો ઉપર મહોર લગાવવાનો એ જ અર્થ છે કે, તેમનામાં સત્ય સ્વીકાર કરવાની કોઈ આશા સુદ્ધાં બાકી નથી રહી. તેમની આવી હાલતને દિલો અને કાનો ઉપર મહોર લગાવવા સમાન બતાવવામાં આવ્યું, પરંતુ આંખો માટે મહોરના બદલે પડદો પડયો હોવાનો ઉલ્લેખ છે. તેમાં રહસ્ય એ છે કે, દિલોમાં આવનારી વાત, કોઈપણ વિચારસરણી અથવા કલ્પના કોઈ એક દિશાએથી નથી આવતી, ગમે તે દિશાએથી આવી શકે છે. એવી જ રીતે કાનમાં પહોંચનારો અવાજ પણ દરેક દિશાએથી આવી શકે છે અને તેને બંધ ત્યારે જ કરી શકાય છે જ્યારે કે તેના ઉપર મહોર લગાવવામાં આવે. તેનાથી ઊલટું આંખો ફક્ત તેની સામે ઉપસ્થિત વસ્તુઓ જ જોઈ શકે છે અને જ્યારે આંખો ઉપર પડદો પડી જાય તો તેની જોવાની શક્તિ નષ્ટ થઈ જાય છે. એટલા માટે અહીંયાં આંખો ઉપર પડદો પડયો હોવાનું કહેવામાં આવ્યું છે.

(મઝહરી)

ગુનાહો (પાપ)ની દુનિયવી સજા "તવફીક" (સારા કૃત્યો કરવા માટેની પ્રેરણા)નું નષ્ટ થઈ જવું :

આ બંને આયતોથી જાણ થઈ કે, કુફ્ર અને પ્રત્યેક ગુનાહની સજા તો આખિરત (પરલોક)માં જ મળશે પરંતુ અમુક ગુનાહોની કેટલીક સજા દુનિયામાં જ મળી જાય છે, પછી આ દુનિયાની સજા અમુક વખતે એવું સ્વરૂપ ધારણ કરે છે

કે, સુધારણા કે પરિવર્તનની શકયતા અને સારા કૃત્યો કરવાની પ્રેરણા નષ્ટ પામે છે. માણસ આખિરતના હિસાબ–કિતાબથી નચિંત થઈ નાફરમાનીઓ અને ગુનાહોમાં આગળ વધતો જાય છે અને ગુનાહોની બુરાઈનો અહેસાસ પણ તેના દિલમાંથી ખતમ થઈ જાય છે. આવી પરિસ્થિતિ વિશે બુઝુર્ગોએ ઈરશાદ ફરમાવ્યો છે,

اِنَّ مِنْ جَزَاءِ السَّيِّئَةِ السَّيِّئَةُ بَعْدَهَا وَاِنَّ مِنْ جَزَاءِ الْحَسَنَةِ الْحَسَنَةُ بَعْدَهَا،

"ગુનાહ (પાપ)ની એક સજા એ પણ હોય છે કે, એક ગુનોહ બીજા ગુનાહ તરફ લઈ જાય છે, જેવી રીતે નેકી (પૂણ્ય)નો રોકડ બદલો એ હોય છે કે, તે બીજી નેકી તરફ લઈ જાય છે."

એક હદીષમાં છે કે, કોઈ વ્યક્તિ જ્યારે એક ગુનોહ કરે છે ત્યારે તેના દિલ ઉપર એક કાળો ડાઘ લાગી જાય છે અને જેવી રીતે સફેદ કપડાં ઉપર એક કાળો ડાઘ માણસને અણગમો ઉપજાવે છે એવી જ રીતે દિલ ઉપર ગુનાહનો પ્રથમ ડાઘ વ્યક્તિને પરેશાન કરી મૂકે છે, પરંતુ જો તે આ ગુનાહની તૌબા ન કરે અને બીજો ગુનોહ કરે તો દિલ ઉપર બીજો કાળો ડાઘ લાગી જાય છે અને આવી રીતે દરેક ગુનાહથી કાળા ડાઘા લાગતા જાય છે. અંતે તેનું આખું દિલ કાળું થઈ જાય છે અને પછી પરિસ્થિતિ એવી થઈ જાય છે કે, તેનામાં સારા–નરસાનો ભેદ પારખવાની શક્તિ નષ્ટ પામે છે. કુર્આન શરીફે આ ઘોર અંધકારનું નામ ران (રા'ન) આપ્યું છે.

كَلَّا بَلْ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَا كَانُوْا يَكْسِبُوْنَ ؕ

"કદાપિ નહીં ! પરંતુ તેમના ખરાબ કૃત્યોના કારણે તેમના દિલો ઉપર કાટ ચઢી ગયો છે." (૮૩:૧૪)

(મિશ્કાત, અજ મુસ્નદે અહમદ વ તિરમિઝી)

અને તિરમિઝીમાં સહીહ સનદ સાથે હઝરત અબૂ હુરયરહ (રદિ.) દ્વારા વર્ણવાયું છે કે, આપ ﷺએ ફરમાવ્યું કે, "માણસ જ્યારે કોઈ ગુનોહ કરે છે તો તેનું દિલ કાળું થઈ જાય છે અને જ્યારે તે તૌબા કરી લે છે તો તે સ્વચ્છ થઈ જાય છે." *(કુર્તુબી)*

શિખામણ પ્રત્યેક પરિસ્થિતિમાં ફાયદાકારક હોય છે, ચાહે તેનો સ્વીકાર થાય અથવા ન થાય :

આ આયતમાં કાયંમી ધોરણે કટ્ટર રહેનારા કાફિરો માટે રસૂલ ﷺની શિખામણ અને સલાહ કરવી ન કરવી બંને સરખું ઠરાવવામાં આવ્યું છે, પરંતુ તેની સાથે عَلَيْهِمْ લગાવીને બતાવી દેવામાં આવ્યું છે કે, સલાહ કરવી ન કરવી કાફિરો માટે તો એકસમાન છે, પરંતુ રસૂલ ﷺ માટે નહીં બલકે, તેમણે તો તબ્લીગ, પ્રચાર અને સુધારણા કરતા જ રહેવાની છે અને તેનો સવાબ પણ તેમને જરૂર મળશે. એટલા માટે આખા કુર્આન શરીફની કોઈ એક આયતમાં પણ આવા લોકોને દીનની દા'વત (આમંત્રણ) આપવાથી રોકવામાં આવ્યા નથી, એટલા માટે સ્પષ્ટ થઈ ગયું કે જે વ્યક્તિ દીનની દા'વત અને સુધારણાનું કામ કરે છે, તે દા'વત ભલે અસરકારક હોય કે ન હોય, પરિણામ આવે કે ન આવે, તેને પોતાના અમલનો સવાબ તો ચોક્કસ મળીને જ રહેશે.

એક શંકા અને તેનો જવાબ :

આ આયતનો વિષય તે જ છે, જે "સૂરએ મુતફ્ફિફીન"ની આ આયતનો પણ છે.

كَلَّا بَلْ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ ط

"એવું નથી, બલકે તેમના દિલો ઉપર તેમના અમલોનો કાટ ચઢી ગયો છે!" (૮૩:૧૪)

આ આયતમાં વાસ્તવિકતાને સ્પષ્ટ કરી દેવામાં આવી છે કે, તેમના દુષ્કૃત્યો, બગાવત અને અત્યાચારના કારણે તેમના દિલો ઉપર "કાટ" ચઢી ગયો છે અને આ જ કાટને અહીંયાં "મહોર" કહેવામાં આવી છે. એટલા માટે તેના વિશે એવી શંકા કરી શકાતી નથી કે, જ્યારે અલ્લાહ તઆલાએ જ તેમના દિલો ઉપર મહોર લગાવી દીધી અને તેમની સમજને નષ્ટ કરી નાંખી છે, તો તેઓ પોતાના કુફ્ર ઉપર અશક્ત (મજબૂર) થઈ ગયા, પછી તેમને અઝાબ કેવો ? જવાબ એ છે કે, આ લોકોએ અત્યાચાર અને દુશ્મની અપનાવીને પોતે જ પોતાની સમજણને નષ્ટ કરી લીધી છે. એટલા માટે પોતાની બરબાદીના અને પોતાની સમજણ નષ્ટ થવાના જવાબદાર તેઓ પોતે જ છે. જો કે, અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓના બધા જ કૃત્યોના માલિક હોવાની હૈસિયતથી અહીંયાં મહોર મારવાનો સંબંધ પોતાની સાથે જોડીને બતાવી દીધું કે, જ્યારે આ

લોકોએ સચ્ચાઈને કબૂલ કરવાની સલાહિયત (ક્ષમતા) અને સમજણ આપમેળે જ નષ્ટ કરી લીધી તો (અલ્લાહની સુન્નત પ્રમાણે) અમે (અલ્લાહે) પણ આ લોકોના દિલો અને બુદ્ધિની સમજવાની શક્તિ નષ્ટ કરી નાંખી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૮ થી ૨૦)

وقف لازم

وَ مِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ اٰمَنَّا بِاللّٰهِ وَ بِالْيَوْمِ الْاٰخِرِ وَمَا هُمْ بِمُؤْمِنِيْنَ ﴿٨﴾

يُخٰدِعُوْنَ اللّٰهَ وَ الَّذِيْنَ اٰمَنُوْا ۚ وَمَا يَخْدَعُوْنَ اِلَّآ اَنْفُسَهُمْ وَمَا يَشْعُرُوْنَ ﴿٩﴾

فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ ۙ فَزَادَهُمُ اللّٰهُ مَرَضًا ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ۢ ۙ بِمَا كَانُوْا يَكْذِبُوْنَ ﴿١٠﴾

وَاِذَا قِيْلَ لَهُمْ لَا تُفْسِدُوْا فِي الْاَرْضِ ۙ قَالُوْٓا اِنَّمَا نَحْنُ مُصْلِحُوْنَ ﴿١١﴾ اَلَآ اِنَّهُمْ

هُمُ الْمُفْسِدُوْنَ وَلٰكِنْ لَّا يَشْعُرُوْنَ ﴿١٢﴾ وَاِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا كَمَآ اٰمَنَ النَّاسُ قَالُوْٓا

اَنُؤْمِنُ كَمَآ اٰمَنَ السُّفَهَآءُ ۭ اَلَآ اِنَّهُمْ هُمُ السُّفَهَآءُ وَلٰكِنْ لَّا يَعْلَمُوْنَ ﴿١٣﴾ وَاِذَا لَقُوا

الَّذِيْنَ اٰمَنُوْا قَالُوْٓا اٰمَنَّا ۚ وَاِذَا خَلَوْا اِلٰى شَيٰطِيْنِهِمْ ۙ قَالُوْٓا اِنَّا مَعَكُمْ ۙ اِنَّمَا نَحْنُ

مُسْتَهْزِءُوْنَ ﴿١٤﴾ اَللّٰهُ يَسْتَهْزِئُ بِهِمْ وَيَمُدُّهُمْ فِيْ طُغْيَانِهِمْ يَعْمَهُوْنَ ﴿١٥﴾ اُولٰٓئِكَ

الَّذِيْنَ اشْتَرَوُا الضَّلٰلَةَ بِالْهُدٰى ۠ فَمَا رَبِحَتْ تِّجَارَتُهُمْ وَمَا كَانُوْا مُهْتَدِيْنَ ﴿١٦﴾

مَثَلُهُمْ كَمَثَلِ الَّذِي اسْتَوْقَدَ نَارًا ۚ فَلَمَّآ اَضَاۗءَتْ مَا حَوْلَهٗ ذَهَبَ اللّٰهُ بِنُوْرِهِمْ

وَتَرَكَهُمْ فِيْ ظُلُمٰتٍ لَّا يُبْصِرُوْنَ ﴿١٧﴾ صُمٌّۢ بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا يَرْجِعُوْنَ ﴿١٨﴾ اَوْ كَصَيِّبٍ مِّنَ

السَّمَآءِ فِيْهِ ظُلُمٰتٌ وَّرَعْدٌ وَّبَرْقٌ ۚ يَجْعَلُوْنَ اَصَابِعَهُمْ فِيْٓ اٰذَانِهِمْ مِّنَ الصَّوَاعِقِ حَذَرَ

الْمَوْتِ ۭ وَاللّٰهُ مُحِيْطٌۢ بِالْكٰفِرِيْنَ ﴿١٩﴾ يَكَادُ الْبَرْقُ يَخْطَفُ اَبْصَارَهُمْ ۭ كُلَّمَآ اَضَاۗءَ لَهُمْ

مَّشَوْا فِيْهِ ڎ وَاِذَآ اَظْلَمَ عَلَيْهِمْ قَامُوْا ۭ وَلَوْ شَاۗءَ اللّٰهُ لَذَهَبَ بِسَمْعِهِمْ وَاَبْصَارِهِمْ ۭ

اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿٢٠﴾ ع

ع

તરજુમો :

અને અમુક લોકો કહે છે (કે), અમે અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યા; હાલાં કે, (વાસ્તવમાં) તેઓ મો'મિન (ઈમાનવાળા) નથી. (૮) તેઓ અલ્લાહને અને ઈમાનવાળાઓને ધોકો આપે છે (છેતરે છે; પરંતુ) વાસ્તવમાં તેઓ પોતાની જાતને જ ધોકો આપી રહ્યા છે; અને તેમને ભાન (સુદ્ધાં) નથી. (૯) તેમના દિલોમાં રોગ છે, પછી અલ્લાહે આ રોગમાં વૃદ્ધિ કરી; અને તેમના માટે પીડાદાયક સજા છે, કારણ કે તેઓ જૂઠું બોલે છે. (૧૦) અને જ્યારે તેમને કહેવામાં આવે છે, પૃથ્વી ઉપર ફસાદ (અરાજકતા) ન ફેલાવો, (ત્યારે તેઓ) કહે છે, અમે તો માત્ર સુધારકો છીએ. (૧૧) સાંભળી લો ! નિઃશંક આ જ (લોકો) ફસાદ કરનારા છે; પરંતુ તેઓને (એનું) ભાન નથી. (૧૨) અને જ્યારે તેમને કહેવામાં આવે છે; તમે ઈમાન લાવો જેવી રીતે કે લોકો (સહાબા રદિ.) ઈમાન લાવ્યા; તો (તેઓ) કહે છે, શું અમે ઈમાન લાવીએ જેવી રીતે મૂર્ખાઓ (ઈમાન) લાવ્યા ? સાંભળી લો ! તેઓ જાતે જ મૂર્ખ છે; પરંતુ (તેઓ) જાણતા નથી. (૧૩) અને જ્યારે (તે મુનાફિકો) ઈમાનવાળાઓને મળે છે, તો કહે છે, અમે (પણ) ઈમાન લાવ્યા; અને જ્યારે એકાંતમાં પોતાના શયતાનો (આગેવાન સરદારો)ની પાસે હોય છે; (તેઓ) કહે છે (કે), અમે તમારી સાથે જ છે; અમે તો ફક્ત ઠઠ્ઠો–મશ્કરી કરીએ છીએ. (૧૪) અલ્લાહ તેમની ઠેકડી ઉડાવે છે અને તેમને તેમની શરારતમાં વધારે (ઢીલ આપે) છે; (જેમાં) તેઓ આંધળા થઈ ગયા છે. (૧૫) આ તે જ (લોકો) છે જેમણે હિદાયતના બદલે ગુમરાહી ખરીદી લીધી; તો તેમના વેપારે (તેમને) કોઈ લાભ ન આપ્યો; અને તેઓ હિદાયત પ્રાપ્ત કરનારા નથી. (૧૬) તેમનું દૃષ્ટાંત તે માણસ જેવું છે જેણે (અંધારામાં) આગ સળગાવી, પછી આગે તેની આજુબાજુ (બધું) પ્રકાશિત કરી દીધું; તો (એવામાં) અલ્લાહે તેમનો (આંખોનો) પ્રકાશ છીનવી લીધો અને તેમને અંધકારમાં છોડી દીધા; (કે), તેઓ જોઈ શકતા નથી. (૧૭) (તેઓ) બહેરા, મૂંગા, આંધળા (છે); બસ, તેઓ (સીધા માર્ગે) પાછા નહિ ફરે. (૧૮) અથવા (તેમની હાલત એવી છે) જેમકે આસમાનથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે, તેમાં અંધકાર અને ગર્જના અને વીજળીના

ચમકારાઓ હોય; વીજ-ગર્જનાના કારણે (તેઓ) મૃત્યુના ભયથી કાનોમાં આંગળીઓ નાંખી દે છે; અને અલ્લાહે કાફિરોને ઘેરી રાખ્યા છે. (૧૯) હમણાં જ જાણે વીજળી તેમની આંખો આંજી નાંખશે (દૃષ્ટિ ખૂંચવી લેશે); જ્યારે ચમકવા લાગી, તો તેના પ્રકાશમાં ચાલવા માંડયા અને જ્યારે અંધકાર છવાઈ ગયો, તો ઊભા થઈ ગયા; અને જો અલ્લાહે ઈચ્છયું હોત, તેમના કાન (શ્રવણશક્તિ) અને આંખો (દૃષ્ટિ) ખૂંચવી લીધી હોત; નિઃશંક ! અલ્લાહ પ્રત્યેક વસ્તુ ઉપર શક્તિ (કાબૂ) ધરાવે છે. (૨૦)

તફસીર (વિવરણ) :

"અને અમુક લોકો કહે છે અમે અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યા; પરંતુ તેઓ મો'મિન નથી. – તેઓ અલ્લાહને અને ઈમાનવાળાઓને દગો આપે છે; ખરેખર (તો) તેઓ પોતાની જાતને જ દગો આપી રહ્યા છે; અને તેમને ભાન નથી." [મતલબ કે, આ મુનાફિકો ચાલબાજીઓ કરે છે અને દગાખોરી કરે છે પણ હકીકતમાં તેઓ પોતાની જાતને જ છેતરી રહ્યા છે પરંતુ તેનું ભાન સુદ્ધાં નથી.] "તેમના દિલોમાં રોગ છે, પછી અલ્લાહે આ રોગમાં વૃદ્ધિ કરી;...." [આ બીમારીમાં તેમની અંધશ્રદ્ધા અને ઈસ્લામ તથા મુસલમાનોની પ્રગતિ જોઈને ઈર્ષ્યામાં બળવું અને દરેક સમયે પોતાનું કુફ્ર જાહેર થઈ જવાનો ડર અને ચિંતા બધું જ શામિલ છે. મુસલમાનોની પ્રગતિથી તેમની ઈર્ષ્યાની બીમારી સ્વાભાવિક છે કે, વધતી જ ચાલે છે.] "અને તેમના માટે પીડાદાયક સજા છે કારણ કે, તેઓ જૂઠું બોલે છે." [એટલે કે, ઈમાનનો જૂઠો દા'વો કર્યા કરે છે.] "અને જ્યારે તેમને કહેવામાં આવે છે, પૃથ્વી ઉપર ફસાદ ન ફેલાવો, કહે છે; અમે તો માત્ર સુધારકો છીએ." [તેમની બેવડી નીતિના કારણે જ્યારે ફિત્ના અને ફસાદ ફેલાવા લાગ્યા અને કોઈ ભલું ઈચ્છતા માણસે સલાહ આપી કે, આવી મુનાફિકત જે ફિત્ના-ફસાદ ઉત્પન્ન થવાનું નિમિત્ત બને છે, તેને છોડી દેવું ઉચિત છે; તો તેના જવાબમાં પોતાને ફિત્ના-ફસાદખોર સમજવાના બદલે સુધારકો બતાવે છે. મતલબ કે, પોતાના ફિત્ના-ફસાદને જ તેઓ સુધારણા સમજે છે.] "સાંભળી લો ! નિઃશંક આ જ ફસાદ કરનારાઓ છે; પરંતુ તેમને ભાન નથી." [આ તો તેમની અજ્ઞાનતા અને

હઠધર્મીનું વર્ણન છે, તે પોતાની ઐબ (ખરાબી)ને જ પોતાની ખૂબી (વિશેષતા–કળા) સમજે છે. આગળ બીજા પ્રકારની અજ્ઞાનતાનું વર્ણન છે કે, તેઓ અન્યોની ખૂબીને એટલે કે શુદ્ધ ઈમાનને ઐબ અને તુચ્છ સમજે છે.] "અને જ્યારે તેમને કહેવામાં આવે છે; તમે ઈમાન લાવો જેવી રીતે કે લોકો ઈમાન લાવ્યા; તો કહે છે, શું અમે ઈમાન લાવીએ જેવી રીતે મૂર્ખાઓ (ઈમાન) લાવ્યા ? સાંભળી લો ! તેઓ જાતે જ મૂર્ખ છે; પરંતુ જાણતા નથી." [આ મુનાફિકો જાહેરમાં કે ગુપ્ત રીતે મુસલમાનો સામે એવી વાતો કર્યા કરતા હતા કે, જેના જાહેર થઈ જવાથી તેમને દેખીતો કોઈ ભય ન હોય નહિતર સામાન્ય રીતે તો તેઓ પોતાના કુફ્રને છૂપાવી રાખતા હતા.] "અને જ્યારે એવા લોકોથી મળે છે જેઓ ઈમાન લાવ્યા, તો કહે છે અમે ઈમાન લાવ્યા; અને જ્યારે એકાંતમાં પોતાના શયતાનોની પાસે હોય છે; કહે છે, અમે તમારી સાથે છે; અમે ફક્ત ઠટ્ટો મશ્કરી કરીએ છીએ." [એટલે કે, અમે મુસલમાનોની ઠેકડી ઉડાવવા માટે ઠટ્ટો મશ્કરી કરીએ છીએ કે, અમે ઈમાન લઈ આવ્યા પરંતુ અમે તો તમારી સાથે જ છીએ. આગળની આયતમાં તેમના ઠટ્ટા મશ્કરીનો જવાબ છે.] "અલ્લાહ તેમની ઠેકડી ઉડાવે છે અને તેમને તેમની શરારતમાં વધારે છે; તેઓ આંધળા થઈ રહ્યા છે." [અને અલ્લાહ દ્વારા તેમની ઠટ્ટા મશ્કરીનો જવાબ એ જ રીતે આપવામાં આવે છે કે, તેમને સમય મળી રહ્યો છે જ્યારે તેઓ કુફ્રમાં પાકા રંગથી રંગાઈ જશે અને તેમના ગુનાહો પરાકાષ્ઠાએ પહોંચી જશે ત્યારે અચાનક તેમને પકડી લેવામાં આવશે અને અલ્લાહનું આ કામ તેમની ઠટ્ટા મશ્કરીના જવાબમાં જ છે. એટલા માટે અલ્લાહના જવાબને પણ "ઠટ્ટા મશ્કરી" ઠેકડી ઉડાવવું કહેવામાં આવ્યું છે.] "આ તે જ (લોકો) છે જેમણે હિદાયતના બદલે ગુમરાહી ખરીદી લીધી; તો તેમના વેપારે કોઈ લાભ ન આપ્યો; અને તેઓ હિદાયત પ્રાપ્ત કરનારા નથી." [એટલે કે, તેમના વેપારની પદ્ધતિ જ એવી ખોટી છે કે તેમણે હિદાયત જેવી કિંમતી વસ્તુના બદલામાં ગુમરાહી લઈ લીધી.] "તેમનું દૃષ્ટાંત તે માણસ જેવું છે જેણે આગ સળગાવી પછી આગે તેની આજુબાજુ બધું પ્રકાશિત કરી દીધું; તો અલ્લાહે તેમનો પ્રકાશ છીનવી લીધો અને તેમને અંધકારમાં છોડી દીધા; તેઓ જોઈ નથી શકતા." [જેવી રીતે આવો માણસ અને તેને મદદરૂપ બનનાર પ્રકાશ છીનવાઈ ગયા પછી અંધકારમાં રહી ગયા, એવી જ રીતે મુનાફિકો પણ

સચ્ચાઈનો પ્રકાશ જાહેર થયા પછી પણ ગુમરાહીના અંધકારમાં ભટકી રહ્યા છે અને જેવી રીતે આગ સળગાવનારની આંખ, કાન, જીભ અંધકારમાં બેકાર થઈ ગયું, એવી જ રીતે ગુમરાહીના અંધકારમાં ફસાઈને તેમની હાલત એવી જ થઈ ગઈ છે કે,] જાણે તેઓ; "બહેરા, મૂંગા, આંધળા; બસ તેઓ પાછા નહિ ફરે." [કે તેમની વિચારશક્તિમાં સચ્ચાઈ જોવાની, સાંભળવાની તથા સમજવાની ક્ષમતા રહી નથી. આ દષ્ટાંત તો તે મુનાફિકો માટે હતું કે, જેઓ ખૂબ મજબૂતીથી કુફ્ર પર વળગેલા હતા, ક્યારેક ઈમાનની કલ્પના સુદ્ધાં તેમના દિલમાં આવતી નથી. આગળની આયતમાં મુનાફિકોના તે જૂથ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, જેઓ ક્યારેક ઈસ્લામની સચ્ચાઈ જોઈને તેના તરફ આકર્ષાવા લાગતા હતા પછી જ્યારે સ્વાર્થ અને મનેચ્છાઓ સવાર થઈ જતી તો તેમનું વલણ બદલાઈ જતું હતું.] "અથવા જેમકે આસમાનથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે, તેમાં અંધકાર, ગર્જના અને વીજળીના ચમકારાઓ હોય; વીજ-ગર્જનાના કારણે મૃત્યુના ભયથી કાનોમાં આંગળીઓ નાંખી દે છે; અને અલ્લાહે કાફિરોને ઘેરી રાખ્યા છે. – હમણાં જાણે વીજળી તેમની આંખો આંજી નાંખે; જ્યારે ચમકવા લાગે, તો તેના પ્રકાશમાં ચાલવા માંડે અને જ્યારે અંધકાર છવાઈ ગયો, તો ઊભા થઈ ગયા; અને જો અલ્લાહે ઈચ્છયું હોત, (તો) તેમના કાન અને આંખો ખૂંચવી લીધી હોત; નિઃશંક અલ્લાહ પ્રત્યેક વસ્તુ ઉપર શક્તિ ધરાવે છે." [જેવી રીતે લોકો તોફાન અથવા મુશળધાર વરસાદમાં ક્યારેક થોભી જાય છે, તો ક્યારેક મૌકો જોઈને ચાલવા લાગે છે. બસ, આવી જ હાલત આ મુનાફિકો અને ઈન્કારીઓની છે.]

મસ્અલા અને બોધપાઠ :

જેમકે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે કે, સૂરએ બકરહની શરૂઆતમાં કુર્આન શરીફ શંકા-કુશંકાઓથી પાક અને શુદ્ધ હોવાનો ઉલ્લેખ કર્યા પછીની ૨૦ આયતોમાં તેને માનનારા અને ન માનનારા લોકોની પરિસ્થિતિનું વર્ણન થયું છે. પ્રથમ પાંચ આયતોમાં તેને માનનારાઓનું વર્ણન "મુત્તકી લોકો"ના વિષય હેઠળ થયું હતું. પછીની બે આયતોમાં તેના ન માનનારાઓ અને કુર્આનનો સરેઆમ ઈન્કાર કરનારાઓનું વર્ણન છે અને ત્યાર પછીની ૧૩ આયતોમાં એવા ઈન્કારીઓ અને કાફિરોનું વર્ણન છે કે, જેઓ જાહેરમાં પોતાને મો'મિન અને

મુસલમાન કહેતા હતા પરંતુ વાસ્તવમાં તેઓ મુસલમાન ન હતા. આવા મક્કાર લોકોનું નામ કુર્આનમાં "મુનાફિક" રાખવામાં આવ્યું છે.

ઉપરોક્ત આયતોમાંથી પહેલી બે આયતોમાં મુનાફિકોના સંદર્ભમાં કહેવાયું છે કે, લોકોમાંથી અમુક લોકો એવા પણ છે, જેઓ કહે તો છે કે અમે અલ્લાહ પર ઈમાન લાવ્યા, જ્યારે હકીકતમાં તેઓ ઈમાનવાળા છે જ નહીં, બલકે તેઓ અલ્લાહ અને જે લોકો ઈમાન લાવ્યા છે તેમની સાથે ચાલબાજી (ષડયંત્રો) કરે છે અને હકીકતમાં તો તેઓ પોતાની જાતને જ દગો આપી રહ્યા છે, પરંતુ તેનું તેમને ભાન સુદ્ધાં નથી.

અહીંયાં "મુનાફિકો"ના ઈમાનના દા'વાને જૂઠો ઠરાવવામાં આવ્યો છે અને જાણ કરવામાં આવી છે કે, તેમનો આ દા'વો ફક્ત છેતરપિંડી છે. સ્વાભાવિક રીતે તેઓ અલ્લાહ તઆલાને છેતરી કે દગો આપી શકતા નથી અને આ બાબતનું તેમ્ને સંપૂર્ણ જ્ઞાન છે જ કે, અમે અલ્લાહને દગો આપી શકતા નથી, પરંતુ રસૂલુલ્લાહ ﷺ અને મુસલમાનો સાથેની તેમની ચાલબાજીઓ અને ષડયંત્રોને એક પ્રકારે અલ્લાહ સાથે જ ચાલબાજી અને દગો સમજવામાં આવ્યું છે કે, આ લોકો અલ્લાહની સાથે છેતરપિંડી કરે છે.

(કુર્તુબી)

આ બાબતનું પરિણામ એ જ હોઈ શકે છે કે, મૂર્ખાઓ પોતાના સિવાય અન્ય કોઈની સાથે ચાલબાજીઓ કે ષડયંત્રો નથી રચી શકતા. કારણ કે, અલ્લાહ તઆલા તો દરેક પ્રકારની ધોકાબાજીને જાણે જ છે, પરંતુ રસૂલુલ્લાહ ﷺ અને મુસલમાનો પણ અલ્લાહની વહી દ્વારા તેમની દગાબાજીઓ અને ષડયંત્રોથી સુરક્ષિત રહે છે, તેથી તેમને કોઈ નુકસાન થતું નથી બલકે, મુનાફિકોની આ ધોકાબાજી અને ષડયંત્રોના દુષ્ટ પરિણામો તેમને જ દુનિયા અને આખિરતમાં ભોગવવા પડે છે.

ત્રીજી આયતમાં કહેવામાં આવ્યું, તેમના દિલોમાં મોટો રોગ છે અને આ રોગને અલ્લાહ તઆલાએ વધારી દીધો. દિલની બીમારીની હાલત એને કહેવાય છે કે માણસ પોતાની સાનુકૂળ પરિસ્થિતિથી બહાર નીકળી જાય અને તેના કૃત્યો અનિશ્ચિત થઈ જાય, જેનું અંતિમ પરિણામ બરબાદી અને મૌત હોય છે.

કુર્આન અને હદીષની વ્યાખ્યામાં તે માનસિક પરિસ્થિતિઓને પણ બીમારી કહેવામાં આવે છે કે, જે કૃત્યો માણસના આધ્યાત્મિક અને નૈતિક અધઃપતનનું કારણ બને છે અને જેના કારણે મનુષ્ય પોતાના માનવતાના ગુણથી પણ વંચિત થતો જાય છે, જેનું અંતિમ પરિણામ આધ્યાત્મિક (રૂહાની) મૃત્યુ અને નૈતિક બરબાદી હોય છે.

હઝરત જુનૈદ બગદાદી (રહ.)એ ફરમાવ્યું છે કે, "દિલોની બીમારી મનેચ્છાઓની પૈરવી કરવાથી ઉત્પન્ન થાય છે, જેમકે શારીરિક બીમારીઓ મનુષ્યની અનિયમિત શારીરિક પ્રક્રિયાઓના કારણે ઉદ્ભવે છે." આ આયતમાં તેમના દિલોમાં ગુપ્ત રહેલા કુફ્રનો ઉલ્લેખ થયો છે, જે આધ્યાત્મિક (રૂહાની), શારીરિક તથા માનસિક બધા જ પ્રકારની એક મોટી બીમારી છે. સ્વાભાવિક રીતે આધ્યાત્મિક બીમારી એટલા માટે છે કે, તે પોતાને પૈદા કરનાર પાલનહાર અલ્લાહની નાશુક્રી કરી તેના હુકમો અને આદેશોથી બગાવત (બળવો) કરે છે. આ બાબત મનુષ્યના આત્મા (રૂહ) માટે એક મોટી આધ્યાત્મિક બીમારી છે તથા માનવતાની દષ્ટિએ પણ વ્યક્તિ માટે એક અત્યંત નીચ કૃત્ય છે. દુનિયાના તુચ્છ સ્વાર્થ સાધવા માટે દિલમાં કુફ્રને છુપાવી રાખવું અને તેને જાહેર કરવાની હિંમત પણ ન કરવી તથા મુસલમાનોને છેતરવાનો પ્રયત્ન કરવો, આપમેળે જ એક મોટી માનસિક અને આધ્યાત્મિક બીમારી છે અને આ મુનાફિકત (દોગલાપણું) એક શારીરિક બીમારી પણ છે. કારણ કે, મુનાફિકના દિલમાં હંમેશા એક છુપો ડર હોય છે કે ક્યાંક મારી અસલિયત અને વાસ્તવિકતા જાહેર ન થઈ જાય. રાત–દિવસ આ જ ચિંતામાં રહેવું એક પ્રકારની શારીરિક બીમારી પણ છે. તદુપરાંત આ બીમારીનું એક પરિણામ ઈર્ષ્યા પણ છે. મુસલમાનોની પ્રગતિ જોઈ મુનાફિકોને ઈર્ષ્યા થવી સ્વાભાવિક છે, પરંતુ તે બીચારા પોતાના દિલની આ જલન જાહેર પણ નથી કરી શકતા અને એ જ બાબત તેમની શારીરિક બીમારીનું કારણ પણ બની જાય છે.

અલ્લાહે ફરમાવ્યું છે કે, "અલ્લાહે તેમની બીમારીને વધારી દીધી." એનો મતલબ એ છે કે, તેઓ ઈસ્લામ અને મુસલમાનોની પ્રગતિ જોઈને મનોમન બળે છે અને અલ્લાહ તઆલા મુસલમાનોને વધુ પ્રગતિ આપે છે. પ્રત્યેક પળે આ પ્રગતિ જોઈને તેમની ઈર્ષ્યાની બીમારી વધતી જ ચાલે છે.

ચોથી અને પાંચમી આયતમાં મુનાફિકોને ગેરસમજનું વર્ણન છે. તેઓ પોતાના ફિત્ના–ફસાદને પણ સુધારણા સમજે છે તથા પોતાની જાતને સુધારક માને છે. કુર્આન શરીફે સ્પષ્ટ કરી દીધું છે કે, ફસાદ અથવા સુધારણા ફક્ત મૌખિક દા'વાઓ ઉપર આધારિત નથી બલકે, કોઈ ચોર – ડાકુ પણ પોતાને ફિત્ના અથવા ફસાદ કરનારો માનવા તૈયાર નથી. માટે આ બાબતનો આધાર જે કામ કરવામાં આવી રહ્યું છે તેના ઉપર છે, જો તે કામ ફિત્નો અને ફસાદનું કૃત્ય છે તો આવું કૃત્ય કરનારો ફિત્નાખોર– ફસાદખોર જ કહેવામાં આવશે. ભલે તેની નિય્યત ફિત્નો કે ફસાદ ફેલાવવાની ન પણ હોય.

છટ્ઠી આયતમાં મુનાફિકોની સામે સાચા ઈમાનનું એક માપદંડ મૂકવામાં આવ્યું છે. اٰمِنُوْا كَمَآ اٰمَنَ النَّاسُ "ઈમાન લાવો જેવું બીજા લોકો ઈમાન લાવ્યા." આ આયતમાં શબ્દ نَاسُ (નાસ્) છે, અને તે બધા જ મુફસ્સિરો (વિવરણકારો)એ સર્વાનુમતે સહાબા (રદિ.) માટે વપરાયો હોવાનું માન્યું છે. કારણ કે, કુર્આન શરીફના નાઝિલ થવાના સમયે સહાબા (રદિ.) ઈમાન લાવ્યા હતા અને અલ્લાહ પાસે ફક્ત એવું જ ઈમાન ભરોસાપાત્ર હતું કે જે સહાબા (રદિ.) જેવું ઈમાન હોય. જે બાબતોમાં જેટલા પ્રમાણમાં સહાબા (રદિ.)નું ઈમાન હતું એ જ પ્રમાણે અન્ય લોકોનું પણ ઈમાન હશે, તો જ તે ઈમાન કહેવાશે, નહિતર તે ઈમાન કહેવામાં આવશે નહીં. અત્રે સ્પષ્ટ થાય છે કે, સહાબા (રદિ.)નું ઈમાન એક માપદંડ છે, આ માપદંડ વડે બાકી સમગ્ર ઉમ્મતનું ઈમાન ચકાસવામાં આવશે. જો આ માપદંડ પ્રમાણે ઈમાન નહીં હોય તો તેને શરીઅતની રૂએ ઈમાન અથવા તો આવી માન્યતા ધરાવનારને મો'મિન કહેવામાં આવશે નહીં, એનાથી વિરૂદ્ધ કોઈ અકીદો (માન્યતા) અથવા અમલ ભલે દેખાવમાં ગમે તેવો સારો લાગે, એની પાછળ ગમે તેવો સારો હેતુ હોય, પરંતુ અલ્લાહ પાસે આવી માન્યતા ભરોસાપાત્ર નથી. સહાબા (રદિ.)ને મુનાફિકોએ મૂર્ખ અને બેવકૂફ કહ્યા અને પ્રત્યેક સમયમાં માર્ગ ભટકેલાઓનો શિરસ્તો આ જ પ્રકારનો રહ્યો છે કે, તેઓ સીધો અને સત્ય માર્ગ બતાવનાર લોકોને મૂર્ખ અને અજ્ઞાની કહી તેમની હાંસી ઉડાવે છે, પરંતુ કુર્આન શરીફે કહી દીધું છે કે વાસ્તવમાં આવા માર્ગ ભટકેલા મુનાફિક લોકો જ બેવકૂફ અને મૂર્ખ છે કે, તેઓ ઈમાનની ખુલ્લી નિશાનીઓને પણ માનતા નથી.

સાતમી આયતમાં મુનાફિકોના ગુપ્ત એજન્ડા અને તેમની બેવડી નીતિ અને ડબલ સ્ટાન્ડર્ડનું વર્ણન કરવામાં આવ્યું છે કે, આ લોકો મુસલમાનોને મળે છે તો કહે છે કે અમે મો'મિન (મુસલમાન) છીએ પરંતુ જ્યારે તેમના કાફિર લોકોને મળે છે તો કહે છે કે, અમે તો તમારી સાથે જ છે, તમારી જ કૌમના વ્યક્તિ છીએ, અમે તો મુસલમાનોની સાથે માત્ર ઠઠ્ઠો મશ્કરી અને મજાક કરીએ છીએ અને તેમને બેવકૂફ અને મૂર્ખ બનાવીએ છીએ.

આઠમી આયતમાં તેમની આ મૂર્ખાઈભરી વાતચીતનો જવાબ આપવામાં આવ્યો છે કે, આ નાદાનો એવું સમજે છે કે અમે મુસલમાનોને મૂર્ખ બનાવીએ છીએ અને તેમની મશ્કરી કરીએ છીએ, જ્યારે કે વાસ્તવિકતા આ છે કે, તેઓ પોતે જ મૂર્ખ બની રહ્યા છે. અલ્લાહ તઆલાએ પોતાના રહમો કરમથી તેમને ઢીલ આપીને તેમની મશ્કરી કરવા માટે એક એવું વાતાવરણ ઊભું કર્યું છે કે, દેખીતી રીતે કોઈ અઝાબ (સજા) ન થવાથી તેઓ પોતાની શરારત અને મૂર્ખાઈમાં ખૂબ આગળ વધી જાય, અને જ્યારે તેઓ પોતાના ગુનાહોમાં એટલા આગળ વધી જાય કે તેની પરાકાષ્ઠાએ પહોંચી ચૂકે તો અચાનક પકડી લેવામાં આવે. અલ્લાહ તઆલા તરફથી આ કામ તેમના ઠઠ્ઠા મશ્કરીના જવાબમાં હતું, એટલા માટે આ કામને "ઠઠ્ઠો મશ્કરી" કહેવામાં આવ્યું છે.

નવમી આયતમાં મુનાફિકોની એવી પરિસ્થિતિનું વર્ણન છે કે, તેમણે ઈસ્લામને નજીકથી જોયો છે અને કુફ્રમાં તો શરૂઆતથી જ રચ્યા–પચ્યા હતા, આમ કુફ્ર અને ઈસ્લામને બંનેને નજીકથી જોઈને સમજવા છતાં તેમણે દુનિયાના તુચ્છ સ્વાર્થ ખાતર ઈસ્લામના બદલામાં કુફ્રને અગ્રિમતા આપી. તેમના આ અમલને કુર્આને કરીમમાં "વેપાર"નું નામ આપવામાં આવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે, તેમને (મુનાફિકોને) વેપારની કોઈ પદ્ધતિ ન આવડી, તેમણે ઈમાન જેવી શ્રેષ્ઠ અને કિંમતી ચીજના બદલામાં પીડાદાયક વસ્તુ એટલે કે, કુફ્ર ખરીદી લીધું.

છેલ્લી ચાર આયતોમાં મુનાફિકોની પરિસ્થિતિના બે દાખલા આપીને તેઓ ધિક્કારપાત્ર હોવાનો ઉલ્લેખ કર્યો છે. બે દાખલાઓ એટલા માટે આપવામાં આવ્યા છે કે, મુનાફિકોમાં બે પ્રકારના વ્યક્તિઓ હતા. એક જેઓ પોતાના કુફ્રમાં બિલકુલ પાકા હતા અને ઈમાનનો દેખાડો ફક્ત તુચ્છ દુનિયાના

સ્વાર્થ ખાતર કરતા હતા, ઈમાન અને ઈસ્લામ સાથે તેમને કોઈ સંબંધ ન હતો. બીજા એવા લોકો હતા કે ક્યારેક ઈસ્લામની સચ્ચાઈથી પ્રભાવિત થઈ પાકા મુસલમાન બની જવાનો નિર્ણય કરતા હતા અને પછી તુચ્છ દુનિયાના સ્વાર્થો સામે આવતાં તે આ ઈરાદો પડતો મૂકી દેતા હતા. આમ, તેઓ અસમંજસ (Confusion)ની પરિસ્થિતિમાં રહેતા હતા.

આ વિષયના સંદર્ભમાં આ અત્યાચારી મુનાફિકોને એવી ચેતવણી પણ આપવામાં આવી કે, તેઓ અલ્લાહના ઘેરાની બહાર નથી. દરેક સમયે દરેક પરિસ્થિતિમાં અલ્લાહ તેમનો નાશ પણ કરી શકે છે. તેમની જોવાની અને સાંભળવાની શક્તિઓ પણ ઝૂંટવી શકે છે !

આ તેર આયતો મુનાફિકોની પરિસ્થિતિ અને દાખલાઓ ઉપર આધારિત છે. તેમાં ઘણા બધા હુકમો, સૂચનાઓ અને માર્ગદર્શન પણ છે.

શું કુફ્ર અને મુનાફિકત (Hypocrisy)નબી ﷺના યુગમાં જ હતી કે અત્યારે પણ અસ્તિત્વ ધરાવે છે ? :

મુનાફિકતની બાબતમાં મુનાફિકોને ઓળખવા માટે અને તેમને મુનાફિક ઠરાવવા માટે બે પદ્ધતિઓ હતી. પ્રથમ એ કે, અલ્લાહ તબારક વ તઆલા વહી દ્વારા આપ ﷺને જાણ કરી દેતા હતા કે, ફલાણો માણસ દિલથી મુસલમાન નથી, મુનાફિક છે. બીજું એ કે, તેના કોઈ વક્તવ્ય અથવા કૃત્યથી ઈસ્લામ વિરૂદ્ધ કોઈ બાબત અથવા ઈસ્લામ વિરૂદ્ધ કોઈ ષડયંત્ર સાબિત થઈ જાય.

આપ ﷺની વફાત પછી વહીનો ક્રમ ખતમ થઈ જવાના કારણે પહેલી પદ્ધતિ તો અસ્તિત્વમાં નથી પરંતુ બીજી પદ્ધતિ આજે પણ અસ્તિત્વ ધરાવે છે. જો કોઈ વ્યક્તિ કોઈ નિવેદન અથવા કોઈ કૃત્ય દ્વારા ઈસ્લામના મૂળભૂત અકીદા (માન્યતા)ઓનો વિરોધ કરે છે અને ઈમાન તથા ઈસ્લામનો દાવે'દાર પણ છે, તો પણ તેને મુનાફિક સમજવામાં આવશે. આવા મુનાફિકોનું નામ કુર્આનની વ્યાખ્યામાં "મુલ્હિદ" છે.

اَلَّذِیْنَ یُلْحِدُوْنَ فِیْۤ اٰیٰتِنَا

"તેઓ જે અમારી આયતોનું સ્વરૂપ બદલી નાંખે છે." (૪૧:૪૦)

અને હદીષમાં તેઓને "ઝિન્દીક" કહેવામાં આવ્યા છે પરંતુ જ્યારે તેમનું કુફ્ર દલીલ સાથે સાબિત થઈ જાય, તો તેમના ઉપર પણ બધા કાફિરો જેમ જ હુકમ લાગુ પડશે. તેમના માટે કોઈ આગવો આદેશ નથી. એટલા માટે અમુક ઉલમા કહે છે કે, આપ ﷺ પછી મુનાફિકોનું પ્રકરણ પૂરું થઈ ગયું, હવે જેઓ મો'મિન નથી તેઓ કાફિર છે.

હઝરત ઈમામ માલિક (રહ.)એ બુખારીની શરહ (છણાવટ)માં નકલ કર્યું છે કે, "નુબુવ્વતના સમયકાળ પછી નિફાકની પરિસ્થિતિ એવી છે કે, હજુપણ તેને ઓળખી શકાય છે અને તેવું કરનારને મુનાફિક કહી શકાય છે."

ઈમાન અને કુફ્રની વાસ્તવિકતા :

ઉપરોક્ત આયતો ઉપર ચિંતન અને મનન કરવાથી ઈસ્લામ, ઈમાન અને કુફ્રની સંપૂર્ણ વાસ્તવિકતા જાહેર થઈ જાય છે. કારણ કે, આ આયતોમાં મુનાફિકીનનો ઈમાનનો દા'વો اٰمَنَّا بِاللّٰهِ અને કુર્આનમાં આ દા'વાનો રદિયો આપવામાં આવ્યો છે. وَمَا هُمْ بِمُؤْمِنِيْنَ "અને તેઓ બિલકુલ મો'મિનોમાંથી નથી." (૨:૮)

અહીંયાં કેટલીક વાતો વિચારવા યોગ્ય છે.

પ્રથમ એ કે, જે મુનાફિકોનું વર્ણન કુર્આન શરીફમાં છે તેઓ અસલમાં યહૂદીઓ હતા અને અલ્લાહ તઆલા તથા કયામતના દિવસ ઉપર ઈમાન લાવવું યહૂદી ધર્મમાં પણ પાયાની માન્યતા છે. તેમના અકીદામાં હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની રિસાલત અને નુબુવ્વતનું માનવું શામિલ ન હતું, એટલા માટે તેઓ હંમેશા અલ્લાહ અને આખિરતના દિવસનો જ ઉલ્લેખ કર્યા કરતા હતા અને આ બાબતમાં તેમને જૂઠા કહી શકાય નહીં, તો પછી કુર્આન શરીફનું તેમને જૂઠા કહેવું અને તેમના ઈમાનથી ઈન્કાર કરવો કઈ બાબત ઉપર આધાર રાખે છે ? વાત એમ છે કે, પોતાની આગવી ઢબે અને મનમાની પદ્ધતિથી અલ્લાહ તઆલા અને આખિરતનો ઈકરાર કરી લેવો – ઈમાન નથી. આમ તો મુશ્રિકો પણ અલ્લાહ તઆલાને કોઈને કોઈ પ્રકારે માને જ છે અને અલ્લાહને સર્વશક્તિમાન પણ સમજે છે. ભારતના હિન્દુઓ મુસલમાનોથી ભિન્ન પ્રકારની આવાગમન આધારિત "પરલોક" જેવી મૃત્યુ પછીના જીવન વિશે એક માન્યતા ધરાવે છે,

પરંતુ કુર્આનના માપદંડ પ્રમાણે તેમનું ઈમાન માન્ય નથી. બલકે, ફક્ત તે જ ઈમાન માન્ય છે જે અલ્લાહની ઈમાન માટે બતાવેલી ખાસિયતો અને સિફતો સાથે હોય અને આખિરત ઉપર ઈમાન તે જ ભરોસાપાત્ર છે જેમાં રસૂલે કરીમ ﷺએ આખિરત બાબતે જે જે જાણકારી આપી છે તેને માનવામાં આવે.

દેખીતું છે કે, યહૂદીઓ અલ્લાહ અને આખિરત ઉપર જે રીતે ઈમાન લાવવું જોઈએ તે રીતે ઈમાન લાવ્યા ન હતા કારણ કે, એક બાજુ તો તેઓ હઝરત ઉઝૈર (અલૈ.)ને અલ્લાહના બેટા સમજતા હતા અને આખિરત વિશે પણ એવી માન્યતા રાખતા હતા કે, અંબિયા (અલૈ.)ના સંતાનો કંઈ પણ કરતા રહે અલ્લાહના વહાલા હોવાના કારણે આખિરતમાં તેમને કોઈ જ સજા થશે નહીં અને જો થશે તો પણ મા'મૂલી થશે. એટલા માટે કુર્આનની વ્યાખ્યામાં એવું કહેવું કે, તેઓ અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યા તે ખોટું અને જૂઠું છે.

કુફ્ર અને ઈમાનનું માપદંડ :

કુર્આને ઈમાનની કરેલી વ્યાખ્યાનું વર્ણન અગાઉ સૂરએ બકરહની ૧૩મી આયતમાં આવી ચૂક્યું છે. وَاِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا كَمَآ اٰمَنَ النَّاسُ જેનાથી સ્પષ્ટ થઈ જાય છે કે, ઈમાનના દા'વાને ચકાસવાનું માપદંડ સહાબએ કિરામ (રદિ.)નું ઈમાન છે. જેનું પણ ઈમાન તેમના પ્રમાણે નથી તેવા ઈમાનને અલ્લાહ અને રસૂલ ﷺ દ્વારા માન્યતા પ્રાપ્ત નથી.

જો કોઈ વ્યક્તિ કુર્આની અકીદા(માન્યતા)ઓની વ્યાખ્યાઓ અને ખુલાસાઓ અથવા રસૂલ ﷺના ખુલાસાઓથી વિરૂદ્ધ કોઈ અકીદાને માને છે, તો આવી માન્યતા શરીઅતની રૂએ ભરોસાપાત્ર નથી. જેમકે, આજકાલ કાદિયાનીઓ કહે છે કે અમે "ખત્મે નુબુવ્વત"ના અકીદામાં તો માનીએ જ છીએ પરંતુ તેઓ આ અકીદામાં રસૂલે કરીમ ﷺના અર્થઘટન અને સહાબએ કિરામ (રદિ.)ના ઈમાન વિરૂદ્ધ, તથ્યોમાં ફેરબદલ કરે છે અને આ અકીદામાં મિરઝા ગુલામ અહમદ કાદિયાનીની નુબુવ્વત માટે જગ્યા બનાવે છે. કુર્આનની ઈમાનની વ્યાખ્યા પ્રમાણે તેઓને وَمَا هُمْ بِمُؤْمِنِيْنَ કહેવામાં આવશે *"અને તેઓ બિલકુલ મો'મિન નથી."*

ખુલાસો એ થયો કે, સહાબા (રદિ.)ના ઈમાન વિરૂદ્ધ કોઈ વ્યક્તિ અકીદાનું કોઈ નવું અર્થઘટન કરે અને આ નવા અર્થઘટન પ્રમાણે પોતાને મો'મિન અને મુસલમાન પણ કહે બલકે, નમાઝ–રોઝામાં પણ શામિલ થાય પરંતુ જ્યાં સુધી કુર્આન શરીફના બતાવેલા માપદંડ પ્રમાણે તે ઈમાન નહીં લાવે ત્યાં સુધી કુર્આનની વ્યાખ્યા પ્રમાણે તેને મો'મિન કહેવામાં આવશે નહીં.

એક શંકાનું નિવારણ :

હદીષ અને ફિક્હ (ઈસ્લામિક કાયદાશાસ્ત્ર–શરીઅત)નો એક મશ્હૂર ઉસૂલ (સિદ્ધાંત) છે, "અહલે કિબ્લાને કાફિર ન કહી શકાય." ઉપરોક્ત આયતના ખુલાસાથી એ વાત પણ સાબિત થઈ ગઈ કે, "અહલે કિબ્લા" ફક્ત એવા લોકોને જ કહેવામાં આવશે કે જેઓ દીનની મૂળભૂત માન્યતાઓ અને જરૂરિયાતે દીન(જે બાબતો ઉપર ઈમાન લાવવું જરૂરી છે અને મો'મિન હોવાની શરતમાં શામિલ છે)ના ઈન્કાર કરનારા ન હોય. મુનાફિકો પણ મુસલમાનો જેમ જ કિબ્લા તરફ મોઢું કરી નમાઝ પઢતા હતા, પરંતુ તેમનું કિબ્લા તરફ મોઢું કરી નમાઝ પઢવું તેમના ઈમાનના સંદર્ભમાં એટલા માટે પૂરતું ન હતું કે, તેમનું ઈમાન સહાબએ કિરામ (રદિ.)ની જેમ "જરૂરિયાતે દીન" પ્રમાણે ન હતું.

"જૂઠ" એક ધિક્કારપાત્ર બાબત છે :

અહીંયાં મુનાફિકીનનું નિવેદન اٰمَنَّا بِاللّٰهِ وَبِالْيَوْمِ الْاٰخِرِ "અમે અલ્લાહ અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવીએ છીએ"માં વિચાર કરો. આ મુનાફિકો છેલ્લા દરજ્જાના કાફિરો હોવા છતાં પોતાની બુદ્ધિ પ્રમાણે જૂઠું બોલવાથી એવી રીતે પરહેઝ કરતા હતા કે, તેમના દા'વામાં ફક્ત તૌહીદ અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવવાનો ઈકરાર કરતા હતા અને પોતાના ઈમાનમાં રસૂલ ﷺનો ઉલ્લેખ જ કરતા ન હતા જેથી, તેમનો દા'વો જૂઠો ન બને. આ બાબતથી સ્પષ્ટ થઈ ગયું કે, જૂઠું બોલવું એવી ગંદી અને ધિક્કારપાત્ર બાબત છે કે કોઈ શરીફ માણસ તો શું ? કોઈ કાફિર, ફાસિક અને મુનાફિક પણ તે વખતે જૂઠું બોલવાનું પસંદ કરતો ન હતો, એ બાબત બીજી છે કે, તેમનો અલ્લાહ અને આખિરતના દિવસ ઉપર ઈમાન હોવાનો દા'વો કુર્આનની ઈમાનની વ્યાખ્યાની વિરૂદ્ધ હોવાના કારણે જૂઠો સાબિત થયો.

નબીઓ (અલૈ.) અને વલીઓ (રહ.) સાથે ખરાબ વર્તાવ કરવો અલ્લાહ તઆલા સાથે ખરાબ વર્તાવ કરવા સમાન છે :

ઉપરોક્ત આયતોમાં મુનાફિકોની એવી પરિસ્થિતિ પણ બતાવવામાં આવી છે કે, يُخَادِعُوْنَ اللّٰهَ તે લોકો અલ્લાહ સાથે ધોકો (દગો) અને ચાલબાજીઓ કરવા ઇચ્છે છે. હાલાં કે, મુનાફિકોના સમૂહમાં કોઈપણ એવો નહિ હોય જે અલ્લાહને ધોકો આપવાનો ઈરાદો રાખતો હોય અથવા એમ સમજતો હોય કે, હું અલ્લાહને ધોકો આપી શકું છું, પરંતુ હકીકત એ હતી કે આ લોકો રસૂલે કરીમ ﷺ અને મો'મિનોને ધોકો દેવાનો પાકો ઈરાદો ધરાવતા હતા. અલ્લાહ તઆલાએ ઉપરોક્ત આયત દ્વારા કહી આપ્યું કે, જે કોઈપણ વ્યક્તિ અલ્લાહના કોઈ રસૂલ અથવા વલી સાથે ખરાબ વર્તાવ કરે છે તો હકીકતમાં તે અલ્લાહ સાથે ખરાબ વર્તન કરવાના હુકમમાં છે. બીજી બાજુ નબી ﷺના ઉચ્ચ સ્થાન તરફ પણ ઈશારો કરી દેવામાં આવ્યો કે, આપ ﷺની શાનમાં ગુસ્તાખી (ગેરવર્તણૂક) કરવાનો ગુનોહ અલ્લાહ તઆલા સાથે ગુસ્તાખી કરવા સમાન છે.

જૂઠું બોલવાની ખાના-ખરાબી :

ઉપરોક્ત આયતોમાં મુનાફિકોને સખત સજા عَذَابٌ اَلِيْمٌ નું કારણ بِمَا كَانُوْا يَكْذِبُوْنَ જૂઠું બોલવું ઠરાવવામાં આવ્યું છે, હાલાં કે તેમનું કુફ્ર અને નિફાક (દોગલાપણું) સૌથી મોટા ગુનાહો હતા, ઉપરાંત મુસલમાનોની ઈર્ષ્યા અને તેમના વિરૂદ્ધ ષડયંત્રો પણ સખત ગુનાહો હતા, છતાં પણ સખત સજા عَذَابٌ اَلِيْمٌ નું કારણ જૂઠું બોલવાને ઠરાવવામાં આવ્યું. તેમાં એવો ઈશારો જોવા મળે છે કે, જૂઠું બોલવાની ટેવ તેમનો અસલી ગુનોહ હતો અને આ જ આદતે તેમને કુફ્ર અને નિફાક સુધી પહોંચાડી દીધા. તેમની ગુનાહની હૈસિયત જો કે કુફ્ર અને નિફાકની છે પરંતુ આ બધી ખરાબીઓ અને બુરાઈઓની જડ જૂઠું બોલવું છે. એટલા માટે કુર્આને કરીમે જૂઠું બોલવાને મૂર્તિપૂજા સાથે જોડીને આ રીતે ફરમાવ્યું,

فَاجْتَنِبُوا الرِّجْسَ مِنَ الْاَوْثَانِ وَاجْتَنِبُوْا قَوْلَ الزُّوْرِ،

"બચો, મૂર્તિપૂજાની નાપાકીથી અને બચો જૂઠું બોલવાથી." (૨૨:૩૦)

સુધારણા અને ફિત્ના–ફસાદનો પરિચય તથા સુધારકો અને ફસાદખોરોની ઓળખ :

ઉપરોક્ત આયતોમાં ઉલ્લેખ થઈ ગયો છે કે, જ્યારે આ મુનાફિકોને એવું કહેવામાં આવે છે કે તમારા "નિફાક" (ગુપ્ત પૉલિસી)ના કારણે પૃથ્વી ઉપર ફસાદ ન ફેલાવો, તો ખૂબ ભારપૂર્વક અને તાકીદપૂર્વક કહે છે કે إِنَّمَا نَحْنُ مُصْلِحُونَ અત્રે إِنَّمَا શબ્દ જે ભાર આપવા માટે વાપરવામાં આવે છે તેના કારણે તેનો અર્થ આ વાક્યમાં 'અમે તો સુધારકો જ છીએ' એટલે કે અમારા કોઈ કૃત્યને ફસાદ સાથે કોઈ સંબંધ નથી પરંતુ કુર્આન શરીફે તેના જવાબમાં કહ્યું,

أَلَآ إِنَّهُمْ هُمُ الْمُفْسِدُونَ وَلَـٰكِن لَّا يَشْعُرُونَ

"સાંભળી લો ! નિઃશંક આ (લોકો) જ ફસાદ કરવાવાળા છે; પરંતુ (તેમને) ભાન નથી."

એનાથી બે બાબતો સ્પષ્ટ થઈ, પ્રથમ એ કે મુનાફિકોની પ્રવૃત્તિઓ પૃથ્વી ઉપર ફિત્નો અને ફસાદ ફેલાવાનું કારણ હતી અને બીજી બાબત એ હતી કે મુનાફિકોને પોતાની પ્રવૃત્તિઓ ફસાદ ફેલાવાનું નિમિત્ત બને છે તેનું ભાન સુદ્ધાં ન હતું અને ક્યારેક તો તેમનો હેતુ સુધારણા કરવાનો હતો પણ હકીકતમાં કહેવાતી સુધારણાની પ્રવૃત્તિઓ જ ફસાદનું કારણ બનતી હતી. وَلَـٰكِن لَّا يَشْعُرُونَ થી આ બાબત સ્પષ્ટ થઈ ગઈ.

કારણ એ છે કે, પૃથ્વી ઉપર જે બાબતોથી ફિત્ના અને ફસાદ ફેલાય છે તેમાં અમુક તો એવી છે કે જે ખુલ્લમ–ખુલ્લી છે અને દરેક વ્યક્તિ તેને ફિત્નો અને ફસાદ સમજે છે. જેમકે ખૂનામરકી, ચોરી, દગાબાજી, પ્રપંચ, અપહરણ, વિષયવાસના વગેરે. દરેક સમજદાર અને શરીફ વ્યક્તિ તેને ફસાદ સમજે છે અને તેનાથી બચવાનો પ્રયત્ન કરે છે, જ્યારે અમુક બાબતો એવી છે કે તે દેખીતી રીતે ફિત્નો–ફસાદ હોવાની પ્રતીતિ થતી નથી પરંતુ તેના કારણે મનુષ્યની નૈતિકતા બરબાદ થઈ જાય છે અને માનવસમાજમાં નૈતિક અધઃપતન આવે છે, જેના કારણે ફિત્ના–ફસાદના દરવાજા ખુલી જાય છે. આ મુનાફિકોની પરિસ્થિતિ પણ એવી જ હતી કે ચોરી, લૂંટફાટ, કામવાસના વગેરેથી બચતા હતા, એટલા માટે

ખૂબ ભારપૂર્વક અને તાકીદપૂર્વક પોતે ફસાદખોર ન હોવાની તથા પોતે સુધારકો હોવાની જાહેરાત કરતા હતા.

પરંતુ નિફાક (ગુપ્ત પૉલિસીઓ) અને કીના-કપટ તથા ઈર્ષ્યાના કારણે ઈસ્લામ દુશ્મનોના ષડયંત્રો અને પ્રપંચોમાં શામિલ થવું વગેરેમાં રચ્યા-પચ્યા રહેતા હતા અને આ બાબતો મનુષ્યની નૈતિકતાને એટલી હદે બરબાદ કરી દે છે કે તે પશુઓના સ્તરથી પણ નીચે ઉતરી આવે છે અને એવા કાર્યો સુદ્ધાં કરવા તૈયાર થઈ જાય છે જેની કલ્પના કરવી પણ અશક્ય છે. જ્યારે મનુષ્ય પોતાની નૈતિકતા અને માનવતા ખોઈ બેસે છે ત્યારે માનવજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ફસાદ જ ફસાદ ફેલાઈ જાય છે અને ફસાદ પણ એટલી ભયંકર હદે કે હિંસક પ્રાણીઓ તથા ચોર-ડાકુઓથી પણ આવી આશા ન રાખી શકાય. કારણ કે, તેમના ફિત્ના-ફસાદને તો સરકારી કાયદાઓ અને શક્તિ વડે રોકી શકાય છે પરંતુ કાયદાઓ માણસો જ બનાવતા હોય છે. જો માણસ જ માણસ ન રહે તો કાયદાનો કેવો તમાશો બને છે તે આજે ખુલ્લી આંખે પ્રત્યેક કચેરી અને સરકારી સંસ્થાઓમાં જોવા મળે છે. કહેવાય છે કે, આજે દુનિયાની સંસ્કૃતિઓએ ખૂબ પ્રગતિ કરી છે. શિક્ષણ સંસ્થાઓની જાળ ગામડે-ગામડે પાથરી દેવામાં આવી છે, સભ્યતા અને કેળવણીના શબ્દો દરેક વ્યક્તિની જીભ પર રમી રહ્યા છે, કાયદા ઘડનારી સભાઓનું બજાર ગરમ છે. કાયદાઓનું અમલીકરણ કરાવનારી સંસ્થાઓ (એજન્સીઓ) અબજો રૂપિયાના ખર્ચે ઊભી કરવામાં આવી છે, વહીવટી ક્ષેત્રની કચેરીઓ ભૂલ-ભૂલૈયાની જેમ અસ્તિત્વ ધરાવે છે પરંતુ ગુનાહ (ક્રાઈમ) તથા ફિત્ના-ફસાદ રોજબરોજ વધતા જ જાય છે. તેનું કારણ ફક્ત એ જ છે કે, કોઈપણ કાયદો આપમેળે કોઈ મશીન (યંત્ર) નથી હોતો બલકે, કાયદાને વ્યક્તિઓ ચલાવે છે. જ્યારે માણસ જ પોતે પોતાની માણસાઈ ખોઈ બેઠો હોય તો પછી આ ફિત્ના-ફસાદનો ઈલાજ ન તો કાયદાઓ કરી શકે છે, ન સરકારો અને ન જ ન્યાય પાલિકાઓ, વહીવટી કચેરીઓના ચક્કર કાપવાથી તે દૂષણો દૂર થશે નહીં. એટલા માટે માનવતાના શ્રેષ્ઠ ઉપકારક નબીએ કરીમ ﷺએ પોતાની સમગ્ર જિંદગી એ તરફ કેન્દ્રિત કરી કે, જો માણસ સાચા અર્થમાં "માણસ" બની જાય તો ફસાદ અને ગુનાહ (ક્રાઈમ) આપમેળે જ નષ્ટ થઈ જાય. દુનિયાના કોઈ પણ ભાગમાં જ્યાં-જ્યાં આપ ﷺના શિક્ષણ અને માર્ગદર્શન ઉપર અમલ થતો

રહ્યો, ત્યાં-ત્યાં શાંતિ, પ્રગતિ અને એવી સ્થિરતા જોવા મળી, જેનું ઉદાહરણ જગતે તે અગાઉ ક્યારેય જોયું ન હતું, પરંતુ નબવી શિક્ષણને છોડી દીધા પછી આવી શાંતિ, પ્રગતિ અને સ્થિરતાની આશા રાખી શકાતી નથી.

નબીએ કરીમ ﷺના શિક્ષણ ઉપર ''અમલનો આત્મા (રૂહ)'' અલ્લાહનો ડર છે, કયામતના દિવસના હિસાબ-કિતાબની ચિંતા છે, એ વિના કોઈ કાયદો, કોઈ બંધારણ, કોઈ વહીવટી કચેરી, કોઈ મદ્રસો, કોઈ યુનિવર્સિટી માણસને ગુનાહો (ક્રાઈમ)થી દૂર રાખવા મજબૂર કરી શકતી નથી.

આજની દુનિયામાં જે લોકોના હાથમાં સત્તાની કમાન છે, તેઓ ક્રાઈમના ખાત્મા માટે નવા-નવા પ્રકારની પદ્ધતિઓ વિચારતા રહે છે, પરંતુ આ વ્યવસ્થાની આત્મા એટલે કે, અલ્લાહના ડર પ્રત્યે ગફલત અને બેદરકારી દાખવે છે બલકે, તેને બરબાદ કરવાના સબબો પૂરા પાડે છે, જેનું પરિણામ હંમેશા એ જ આવે છે કે ''મર્ઝ બઢતા ગયા, જૂં જૂં દવા કી'' જેમ જેમ દવા કરી તેમ તેમ બીમારી વધતી જ ચાલી.

ખુલ્લા ફસાદખોરો જેમકે, ચોર-ડાકુઓનો ઈલાજ કરવો સહેલો છે પરંતુ માનવતા ભૂલી ચૂકેલા માનવરૂપી દાનવોનો ફિત્નો ફસાદ હંમેશા સુધારાવાદીઓના સ્વરૂપમાં જ સામે આવે છે. તેઓ કોઈ મનમોહક અને આકર્ષણ પૈદા થાય એવી સુધારણાની સ્કીમો અને યોજનાઓ લઈને આવે છે અને ફક્ત પોતાના સ્વાર્થી હેતુઓને સુધારણાનું નામ આપીને إِنَّمَا نَحْنُ مُصْلِحُونَ ની ના'રાબાજી કરે છે. એટલા માટે અલ્લાહ તઆલાએ જ્યાં ફસાદને રોક્યો છે તેની સાથે એ પણ કહ્યું છે, وَاللّٰهُ يَعْلَمُ الْمُفْسِدَ مِنَ الْمُصْلِحِ "અલ્લાહ જ જાણે છે કે ફસાદખોર કોણ છે અને સુધારાવાદી કોણ ?" (૨:૨૨૦) જેમાં ફરમાવ્યું કે, ફસાદ અને સુધારણાની અસલ વાસ્તવિકતા અલ્લાહ તઆલા જ જાણે છે, જે દિલોની હાલત અને માણસની નિય્યતોથી પણ વાકિફ છે અને પ્રત્યેક પ્રવૃત્તિની ખાસિયતો અને પરિણામોને પણ જાણે છે કે, તેનું પરિણામ સુધારણા છે કે ફસાદ ? એટલા માટે સુધારણા માટે ફક્ત સુધારણાની નિય્યત કરવી, સુધારણા નથી. બલકે, અમલની દિશા પણ શરીઅત પ્રમાણે સીધી હોવી જરૂરી છે. કેટલીક વખતે કોઈ અમલ સંપૂર્ણ સાચી નિય્યતથી કરવામાં આવતો હોવા છતાં શરીઅત પ્રમાણે ન હોવાના કારણે તેનું પરિણામ ફિત્નો અને ફસાદ નીકળે છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૧ અને ૨૨)

يَا أَيُّهَا النَّاسُ اعْبُدُوا رَبَّكُمُ الَّذِي خَلَقَكُمْ وَالَّذِينَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُونَ ﴿٢١﴾
الَّذِي جَعَلَ لَكُمُ الْأَرْضَ فِرَاشًا وَالسَّمَاءَ بِنَاءً وَأَنْزَلَ مِنَ السَّمَاءِ مَاءً فَأَخْرَجَ بِهِ
مِنَ الثَّمَرَاتِ رِزْقًا لَكُمْ ۖ فَلَا تَجْعَلُوا لِلَّهِ أَنْدَادًا وَأَنْتُمْ تَعْلَمُونَ ﴿٢٢﴾

તરજુમો (ભાષાંતર) :

હે લોકો ! તમારા પાલનહારની બંદગી કરો, જેણે તમને અને જેઓ તમારાથી અગાઉ (લોકો) હતા તેમને પૈદા કર્યા; જેથી તમે પરહેઝગાર (અલ્લાહથી ડરનાર) બની જાઓ. (૨૧) જેણે પૃથ્વીને તમારા માટે પાથરણું અને આસમાનને છત બનાવ્યું અને આસમાનથી પાણી વરસાવ્યું, પછી તેના દ્વારા તમારા ખોરાક માટે ફળફળાદી ઉત્પન્ન કરી; બસ અલ્લાહના માટે કોઈને સમકક્ષ (ભાગીદાર) ન ઠરાવો અને તમે જાણો (જ) છો. (૨૨)

તફસીર :

"હે લોકો ! પોતાના પાલનહારની બંદગી કરો, જેણે તમને અને જેઓ તમારાથી અગાઉ હતા તેમને પૈદા કર્યા; જેથી તમો પરહેઝગાર બની જાઓ." [અહીંયાં "જેથી" તમો પરહેઝગાર બની જાઓ. આ આયતમાં "જેથી" વાયદા સ્વરૂપે બોલવામાં આવ્યું છે.] "જેણે પૃથ્વીને તમારા માટે પાથરણું અને આસમાનને છત બનાવ્યું અને આસમાનથી પાણી વરસાવ્યું પછી તેના દ્વારા તમારા ખોરાક માટે ફળફળાદી કાઢી; બસ અલ્લાહના માટે કોઈને સમકક્ષ (મુકાબિલ) ન ઠરાવો અને તમે જાણો છો." [એટલે કે, એવું જાણો છો કે આસમાનથી પાણી વરસાવવાથી લઈ જમીનમાંથી દરેક પ્રકારની વનસ્પતિ અને ફળફળાદી મનુષ્યો તથા પ્રાણીઓના ખોરાક માટે પૈદા કરનાર અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈ જ નથી, પછી અલ્લાહ તઆલાના બદલે બીજી વસ્તુઓને તેના સમકક્ષ બતાવી ઈબાદતના લાયક ઠરાવવી કેવી રીતે યોગ્ય થઈ શકે છે ?]

મસ્અલા અને બોધપાઠ :

આયતોની ગોઠવણી :

સૂરએ બકરહની બીજી આયતમાં સૂરએ ફાતિહામાં કરવામાં આવેલી "સિરાતે મુસ્તકીમ" (સીધા અને સત્યમાર્ગ)ની દરખાસ્ત અને યાચનાનો જવાબ છે. "اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ" માં જે "સિરાતે મુસ્તકીમ"ની તમે ઈચ્છા કરતા હતા તે આ કિતાબમાં છે, કારણ કે કુર્આન શરીફ પ્રથમથી અંત સુધી "સિરાતે મુસ્તકીમ"નો જ ખુલાસો છે.

ત્યારબાદ કુર્આનની હિદાયતનો સ્વીકાર કરવા અને ન કરવાના સંદર્ભમાં મનુષ્યજાતિના ત્રણ સમુદાયોનું વર્ણન કરવામાં આવ્યું. પ્રથમ ત્રણ આયતોમાં મો'મિનો અને મુત્તકીઓનો ઉલ્લેખ થયો, જેમણે કુર્આનની હિદાયતને પોતાનો જીવનમંત્ર બનાવી લીધો. પછીની બે આયતોમાં એવા સમુદાયનું વર્ણન થયું, જેમણે ખુલ્લમ–ખુલ્લા કુર્આનની હિદાયતનો વિરોધ કર્યો. ત્યારબાદ, પછીની તેર આયતોમાં તે ખતરનાક સમુદાયની પરિસ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું કે, જેઓ વાસ્તવમાં તો કુર્આનની હિદાયતના વિરોધીઓ હતા પરંતુ તુચ્છ દુનિયાના સ્વાર્થી હેતુઓ પૂર્ણ કરવા અથવા મુસલમાનોને નુકસાન પહોંચાડવાના મકસદથી પોતાના કુફ્ર અને વિરોધને છુપાવીને મુસલમાનોમાં ભળેલા રહેતા હતા અને પોતાને મુસલમાન જાહેર કરતા હતા. આવી રીતે સૂરએ બકરહની શરૂઆતની ૨૦ આયતોમાં હિદાયતને કબૂલ કરવા અને ન કરવાના માપદંડ આધારે સમગ્ર મનુષ્ય જાતિને ત્રણ વિભાગોમાં વહેંચી દેવામાં આવી. જેમાં એ બાબત પણ સ્પષ્ટ થઈ જાય છે કે, મનુષ્યની કૌમ આધારે વહેંચણી કરવી, ખાનદાન અથવા કબીલાના આધારે વિભાગો પાડવા, એવી જ રીતે વતન, ભાષા, રંગ, જાતિ, પ્રદેશ વગેરેના આધારે મનુષ્યના વિભાગો અથવા વહેંચણી કરવી યોગ્ય નથી. બલકે, મનુષ્ય જાતિની વહેંચણી ધર્મના આધાર ઉપર થશે કે, અલ્લાહની હિદાયતને માનનારી એક કૌમ અને ન માનનારી બીજી કૌમ ગણાશે, જેને સૂરએ હશ્રમાં "હિજબુલ્લાહ" (અલ્લાહનું ગૃપ) અને "હિજબુશ્શયતાન" (શયતાનનું ગૃપ) નામ આપવામાં આવ્યું છે.

મતલબ કે, સૂરએ બકરહની શરૂઆતની ૨૦ આયતોમાં કુર્આનની

હિદાયતને માનવા અને ન માનવાના આધારે મનુષ્ય જાતિને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવી છે અને દરેકની હાલતનું કંઈક અંશે વર્ણન કર્યું છે.

ત્યાર પછી ઉપરોક્ત ૨૧ અને ૨૨ નંબરની આયતોમાં ત્રણે ગૃપોને સંબોધન કરીને આમંત્રણ આપ્યું છે, જેના માટે કુર્આન શરીફ નાઝિલ થયું. તેમાં "મખ્લૂક પરસ્તી" (અલ્લાહની પૈદા કરેલી વસ્તુઓની ઈબાદત) છોડીને માત્ર એક અલ્લાહની બંદગી કરવાનું આમંત્રણ એવી પદ્ધતિથી આપવામાં આવ્યું છે કે, તેમાં દા'વાની સાથે સાથે તેના સમર્થનમાં સ્પષ્ટ દલીલો પણ મૌજૂદ છે, જેમાં સામાન્ય સૂઝબૂઝ ધરાવતો વ્યક્તિ પણ જો થોડોક જ વિચાર કરે અને સમજદારીથી કામ લે તો "તવહીદ"નો ઈકરાર કરવા માટે મજબૂર થઈ શકે છે.

પહેલી આયતમાં يَـٰٓأَيُّهَاالنَّاسُ થી સંબોધન શરૂ થયું. اَلنَّاسُ શબ્દ અરબી ભાષામાં સંબંધિત વ્યક્તિના અર્થમાં આવે છે. એટલા માટે ઉપરોક્ત ત્રણે ગૃપો તેમાં શામિલ છે, જેમને સંબોધન કરીને કહેવામાં આવ્યું, اُعْبُدُوْرَبَّكُمْ ઈબાદતનો અર્થ એ છે કે, પોતાની સંપૂર્ણ શક્તિને સમગ્રતઃ ફરમાંબરદારીમાં ખર્ચ કરવી અને અલ્લાહનો ડર તથા મહાનતાને ધ્યાનમાં રાખી નાફરમાનીથી દૂર રહેવું. (રૂહુલ બયાન, સફા : ૭૪, જિલ્દ : ૧) અને શબ્દ رَبّ નો અર્થ છે "પરવરદિગાર" (પાલનહાર) જેનો પૂરો ખુલાસો અગાઉ આવી ચૂક્યો છે, માટે અનુવાદ આ પ્રમાણે થયો કે *"ઈબાદત કરો પોતાના પાલનહારની."*

અહિંયા رَبّ શબ્દના બદલે الله અથવા અલ્લાહનું અન્ય કોઈ નામ લાવી શકાયું હોત, પરંતુ અલ્લાહના નામોમાંથી رَبّ શબ્દની પસંદગી કરવા પાછળની હિકમત એ છે કે, આ નાના વાક્યમાં દા'વાની સાથે દલીલ પણ શામિલ થઈ ગઈ. કારણ કે, ઈબાદતની હકદાર ફક્ત તે જાત જ હોઈ શકે છે કે જેના શિરે મનુષ્યના પાલન–પોષણની જવાબદારી છે, જેણે એક ટીપાંમાંથી તબક્કાવાર મનુષ્યની તરબિયત કરીને આટલો મોટો બુદ્ધિશાળી અને જોવા–સાંભળવાની શક્તિ ધરાવતો એક નિષ્ણાત માણસ બનાવી દીધો અને તેના જીવવા માટે તથા પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે તેને જરૂરી ચીજવસ્તુઓ પણ અર્પણ કરી.

અને દેખીતું છે કે, માણસ ગમે તેટલો અભણ કે અજ્ઞાની હોય, પોતાની બુદ્ધિમત્તાનું દેવાળું ફૂંકીને બેઠો હોય, તે છતાં જો થોડોક જ વિચાર કરે તો સંપૂર્ણ

વિશ્વાસપૂર્વક કહેવામાં તે જરાય ખચકાટ નહીં અનુભવે કે પાલનહાર ફક્ત અલ્લાહની જ જાત છે, તેના સિવાય કોઈ પાલનહાર હોઈ શકતો જ નથી અને મનુષ્ય પર ઈનામોની વર્ષા કોઈ પથ્થરમાંથી કંડારેલી મૂર્તિઓએ નથી કરી, ન જ તો સૃષ્ટિના અન્ય કોઈ જીવે. અને તે મૂર્તિઓ કે અન્ય પ્રાણીઓ કેવી રીતે આવું કરી શકે ? તે પોતે જ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે અલ્લાહના મોહતાજ છે. એક મોહતાજ બીજા મોહતાજની હાજત (જરૂરત) કઈ રીતે પૂરી કરી શકે ? અને જો દેખીતી રીતે કદાચ જરૂરત પૂરી કરી પણ દે તો પણ વાસ્તવમાં તે પાલનહાર રબનું જ પોષણ હશે, જેના તે બંને મોહતાજ છે. ખુલાસો એ થયો કે, આ જગ્યાએ رَبّ શબ્દ લાવી સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે "જે સર્વશ્રેષ્ઠ જાતની ઈબાદત માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે, તેના સિવાય અન્ય કોઈ ઈબાદતના લાયક હોઈ જ નથી શકતું."

આ વાક્યમાં માનવ સમાજના ત્રણે ગૃપોને સંબોધન કરવામાં આવ્યું છે અને દરેકના માટે આ વાક્યનો અર્થ જુદો–જુદો છે. દાખલા તરીકે જ્યારે કહેવામાં આવ્યું કે, પોતાના પાલનહારની ઈબાદત કરો તો કાફિરો માટે આ સંબોધનનો અર્થ એ થયો કે મખ્લૂક (અલ્લાહની બનાવેલી ચીજવસ્તુઓ)ની ઈબાદત છોડીને એક અલ્લાહની ઈબાદત અપનાવો. મુનાફિકો માટે એનો અર્થ એ થયો કે, નિફાક (છુપું કુફ્ર) છોડીને નિખાલસતા પૈદા કરો અને અંતે ગુનેહગાર મુસલમાનોના માટે તેનો અર્થ એ થયો કે, ગુનાહોના કૃત્યો છોડી સંપૂર્ણ ફરમાંબરદાર બની જાઓ તથા મુત્તકી મુસલમાનો માટે આ વાક્યનો અર્થ એ છે કે ફરમાંબરદારી અને ઈબાદત ઉપર હંમેશા કાયમ રહો અને તેમાં પ્રગતિના પ્રયત્નો કરતા રહો.

(રૂહુલ બયાન)

ત્યાર પછી رَبّ (રબ)ની અમુક ખાસિયતો અને સિફતોનો ઉલ્લેખ કરીને આ વિષયને વધારે ખુલ્લી રીતે વર્ણવવામાં આવ્યો છે.

رَبَّكُمُ الَّذِىْ خَلَقَكُمْ وَالَّذِيْنَ مِنْ قَبْلِكُمْ

"તમારો પરવરદિગાર તે છે, જેણે તમને પૈદા કર્યા અને તે કૌમોને પણ પૈદા કરી જે તમારી અગાઉ ગુજરી ચૂકી છે." અહીંયાં رَبّ ની તે સિફત અને ખાસિયત

બતાવવામાં આવી છે, જે અલ્લાહ તઆલા સિવાય કોઈ મખ્લૂકમાં હોવાની કલ્પના પણ કરી ન શકાય. કારણ કે, શૂન્યમાંથી સર્જન કરવું, માતાના ઉદરના અંધકાર અને ગંદકીમાંથી આટલો ખૂબસૂરત અને સાફ–સુથરો માણસ બનાવી દેવો કે જેના પર ફરિશ્તાઓ પણ વારી જાય, આ કામ તે અલ્લાહ સિવાય કોનું હોઈ શકે છે જે કોઈનો મોહતાજ નથી બલકે, એના સિવાય બધા જ તેના મોહતાજ છે !?

આ આયતમાં خَلَقَكُمْ ની સાથે "وَالَّذِيْنَ مِنْ قَبْلِكُمْ" નો વધારો કરીને એક તો એવું બતાવી દેવામાં આવ્યું કે, તમે અને તમારા પૂર્વજો એટલે કે સમગ્ર માનવજાતને પૈદા કરનારો આ જ પાલનહાર રબ છે. બીજું ફક્ત مِنْ قَبْلِكُمْ નો ઉલ્લેખ કર્યો مِنْ بَعْدِكُمْ એટલે પાછળથી પૈદા થનારા લોકોનો ઉલ્લેખ નથી કર્યો, તેનાથી એ બાબત પણ સ્પષ્ટ થઈ ગઈ કે મુહમ્મદ ﷺની ઉમ્મત પછી બીજી કોઈ ઉમ્મત અથવા બીજી કોઈ કૌમ નહીં થાય. કારણ કે, ખાતમુન્નબિય્યીન ﷺ પછી કોઈ નબી નહીં આવે અને ન તો કોઈ નવા નબીની નવી ઉમ્મત હશે. ત્યાર પછી આ આયતનું છેલ્લું વાક્ય છે لَعَلَّكُمْ تَتَّقُوْنَ એટલે દુનિયામાં ગુમરાહી (માર્ગ ભટકવું) અથવા આખિરતના અઝાબથી છુટકારો મેળવવાની ઉમ્મીદ તમારા માટે ફક્ત તે જ હાલતમાં હોઈ શકે છે કે, "તવહીદ" (માત્ર એક અલ્લાહને જ ઈબાદતના લાયક સમજવા)ને અપનાવો અને "શિર્ક" (અલ્લાહની જાતમાં અન્યોને ભાગીદાર ઠરાવવા)થી બચો.

બીજી આયતમાં رَبّ ની અન્ય ખાસિયતો અને સિફતોનો ઉલ્લેખ આવી રીતે કર્યો છે,

الَّذِىْ جَعَلَ لَكُمُ الْاَرْضَ فِرَاشاً وَّالسَّمَاءَ بِنَاءً وَّاَنْزَلَ مِنَ السَّمَاءِ مَاءً فَاَخْرَجَ بِهٖ مِنَ الثَّمَرَاتِ رِزْقاً لَّكُمْ

"જેણે પૃથ્વીને તમારા માટે પાથરણું અને આસમાનને છત બનાવ્યું અને આસમાનથી પાણી વરસાવ્યું, પછી તેના દ્વારા તમારા ખોરાક માટે ફળફળાદી કાઢી."

આ આયતથી અગાઉની આયતમાં તે ઈનામોનું વર્ણન હતું, જે મનુષ્યજાતિ સાથે સંબંધ ધરાવે છે અને આ આયતમાં તે ઈનામોનો ઉલ્લેખ છે જે મનુષ્યના આસપાસના પર્યાવરણ સાથે સંબંધ ધરાવે છે. એટલે કે પહેલી આયતમાં "વ્યક્તિગત" અને બીજી આયતમાં "પર્યાવરણીય" નેઅ્મતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ પર્યાવરણીય નેઅ્મતોમાં પૃથ્વીનો ઉલ્લેખ છે કે, મનુષ્ય માટે તેને પાથરણું બનાવી દેવામાં આવ્યું. એટલે કે, પૃથ્વી ન તો પાણીની જેમ પ્રવાહી છે, ન તો તે અસ્થિર છે, ન તો લોઢા જેવી છે, ન તો પથ્થર જેવી સખત છે. તેનો જરૂરિયાત પ્રમાણે આસાનીથી ઉપયોગ પણ થઈ શકે છે. બલકે, થોડી નરમ અને થોડી સખત એવી મધ્યમ કક્ષાની બનાવી છે જેથી મનુષ્યજાતિને જરૂરિયાત પ્રમાણે કામ આપી શકે.

فِــــــرَاش શબ્દમાં પૃથ્વી "ગોળ" હોવાની જાહેરાત થતી નથી કારણ કે, પૃથ્વીનો આ મહાન ગ્રહ "ગોળ" હોવાની સાથે–સાથે જોનારાને તેની સમથળ સપાટી પણ દેખાય છે અને કુર્આનના વર્ણનની સામાન્ય શૈલી પણ એ જ છે કે, તે પ્રત્યેક પદાર્થના બધા જ ગુણધર્મોનો સાદગીપૂર્વક ઉલ્લેખ કરે છે, જેથી પ્રત્યેક જ્ઞાની, અભણ, શહેરમા રહેનારો, ગામડીયો દરેક પ્રકારનો માણસ સમજી શકે. અહીંયાં પાથરણાથી મતલબ પૃથ્વીનો આકાર નહીં પરંતુ પૃથ્વીની સપાટી છે.

બીજી નેઅ્મત એ છે કે, આસમાનને એક અતિવિશાળ છત બનાવી દીધું. ત્રીજી નેઅ્મત એ છે કે, આકાશથી પાણી વરસાવવા માટે વાદળોનું માધ્યમ હોવું જરૂરી છે. અહીંયાં આસમાનથી પાણી વરસાવવું રૂઢિપ્રયોગ અને ભાષાકીય કહેવતો પ્રમાણે કહેવાયું છે, કારણ કે સામાન્ય બોલચાલની ભાષામાં ઉપરથી પડનારા કોઈપણ પદાર્થને "આસમાનથી પડનારી વસ્તુ" કહેવામાં આવે છે. કુર્આન શરીફમાં ઘણે ઠેકાણે વાદળોથી પાણી વરસાવવાનો ઉલ્લેખ પણ થયો છે.

ءَاَنْتُمْ اَنْزَلْتُمُوْهُ مِنَ الْمُزْنِ اَمْ نَحْنُ الْمُنْزِلُوْنَ ط (واقعہ)

"શું વરસાદનું પાણી સફેદ વાદળોમાંથી તમે ઉતાર્યું છે કે, અમે તેને ઉતારનારા છે ?" (૫૬:૬૯)

وَاَنْزَلْنَامِنَ الْمُعْصِرَاتِ مَآءً ثَجَّاجًا۔ (نبا)

"અમે ઉતાર્યું પાણી, ભરેલા વાદળોથી, ભરેલો પાણીનો રેલો." (૭૮:૧૪)

ચોથી નેઅ્મત પાણી દ્વારા ફળ–ફળાદિ સ્વરૂપે માણસનો ખોરાક પૈદા કરવો છે. પરવરદિગારે આલમની ઉપરોક્ત ચાર સિફતો (ગુણો–લક્ષણો–ખાસિયતો)માંથી પ્રથમ ત્રણ વાતો તો એવી છે કે, જેમાં માણસના પ્રયત્નોની વાત તો બાજુએ રહી બલકે એના અસ્તિત્વની પણ એમાં લેશમાત્ર દખલગીરી નથી. બીચારા મનુષ્યનું તો નામ–નિશાન પણ ન હતું તે પહેલાં પૃથ્વી અને આસમાન પૈદા થઈ ચૂક્યું હતું, વાદળો અને વરસાદ પોતાનું કામ કરી રહ્યા હતા અને આ બાબતે તો કોઈ જાહિલ, બેવકૂફ, મૂર્ખ વ્યક્તિ પણ શંકા નથી કરતો કે આ વસ્તુઓનું સર્જન અલ્લાહ તઆલાએ જ કરેલ છે, તેના સિવાય કોઈ માણસ, મૂર્તિ અથવા કોઈ અન્ય મખ્લૂકનું આ કામ નથી જ નથી !

હા ! કોઈ ભોળા–ભાળા માણસને એવી શંકા જરૂર થઈ શકે છે કે, ફળ–ફળાદિને માણસનો ખોરાક બનાવવું એ દેખીતી રીતે માણસના પ્રયત્નો અને તેની બુદ્ધિપૂર્વકની કોશિશોનું પરિણામ છે. દાખલા તરીકે, માણસ જમીનને ખેડે છે, પછી બીજની વાવણી કરે છે, ખાતર–પાણી કરે છે, પછી તેનું રક્ષણ કરવામાં પણ મહેનત કરે છે. પરંતુ કુર્આન શરીફે બીજી આયતમાં તે બાબતને પણ ચોખ્ખી અને સ્પષ્ટ કરી દીધી કે ઝાડો ઊગાડવામાં અને ફળ–ફળાદિ પૈદા કરવામાં માણસની કોઈ દખલગીરી નથી. બલકે, તેની મહેનતો તે ઝાડોના વિકાસમાં અવરોધોને દૂર કરવાથી વિશેષ કશું નથી. એટલે કે માણસનું કામ ફક્ત એટલું જ છે કે તે ઊગનારા ઝાડના માર્ગમાંથી અવરોધોને દૂર કરે અને બસ !!!

વિચાર કરો ! જમીન ખેડવી, હળ ચલાવવું, તેમાંથી ઝાડી–ઝાંખરાં દૂર કરવા, ખાતર–પાણી નાંખવું, જમીનને સમારીને પોચી કરવી જે ખેડૂતોનું પ્રાથમિક કામ છે, આ બધાનો હેતુ એ સિવાય શું હોઈ શકે કે, જે બિયારણ અથવા ગોટલી જમીનમાં વાવવામાં આવી છે, જ્યારે અલ્લાહની કુદરતથી તેમાંથી નાજુક કૂંપળો નીકળે ત્યારે સખત જમીનના કારણે અથવા ઝાડી–ઝાખરાંના લીધે તેના માર્ગમાં કોઈ અવરોધો ઊભા ન થાય. બિયારણમાંથી કૂંપળ કાઢવામાં પછી તેને વટવૃક્ષ બનવા સુધી પોષણ આપવામાં બીચારા ખેડૂતની મહેનતની શું દખલગીરી?

આવી જ રીતે ખેડૂતનું બીજું કામ જમીનમાં બિયારણ નાંખવું, તેની માવજત કરવી, પછી જે કૂંપળ નીકળે તેને ઠંડી–ગરમીમાં પ્રાણીઓ વગેરેથી રક્ષણ કરવાનું છે. આ બધા જ કાર્યોનો મકસદ એનાથી વિશેષ શું છે કે અલ્લાહની કુદરત દ્વારા પૈદા થનારી કૂંપળોને વ્યર્થ અને નષ્ટ થઈ જવાથી બચાવવામાં આવે. આ બધા કામોનું પરિણામ ઊગનારા ઝાડના માર્ગમાંથી અવરોધો દૂર કરવા સિવાય બીજું શું છે ? હા ! પાણી દ્વારા પૈદા થનારા બિયારણ અને તેમાંથી નીકળનારી વનસ્પતિ વડે માણસનો ખોરાક તૈયાર થાય છે અને તેને જ વનસ્પતિનું ફૂલવું–ફાલવું કહેવામાં આવે છે. પાણી ખેડૂતે પૈદા નથી કર્યું, ખેતીને પાણી સિંચવામાં ખેડૂતનું કામ ફક્ત એટલું જ છે કે, અલ્લાહે પૈદા કરેલા પાણીને ખેતી સુધી યોગ્ય સમયે અને યોગ્ય પ્રમાણમાં પહોંચાડી આપે.

તમે જાઈ લીધું કે, વનસ્પતિ પૈદા થવાથી લઈ તેના ફળવા– ફૂલવામાં પહેલેથી છેલ્લે સુધી માણસની મહેનત અને યુક્તિ–પ્રયુક્તિઓની અસર ફક્ત એટલી જ છે કે, તે જમીનમાંથી ઉત્પન્ન થનારી વનસ્પતિના માર્ગમાંથી અવરોધો દૂર કરીને તેને નષ્ટ થવાથી બચાવે. રહી વાત વનસ્પતિના ઊગવાની, તેના વિકાસની, તેના ઉપર પાંદડા, ડાળીઓ, ફૂલો અને ફળો પૈદા થવાની તો એ અલ્લાહ તઆલા સિવાય કોની શક્તિ છે ? ખરેખર ! અલ્લાહ સિવાય આ બધી બાબતોમાં અન્ય કોઈની કોઈ જ દખલગીરી નથી. આ જ વિષયનો કુર્આન શરીફે આ રીતે ઉલ્લેખ કર્યો છે,

اَفَرَ اَيْتُمْ مَّا تَحْرُثُوْنَ، ءَاَنْتُمْ تَزْرَعُوْنَهٗٓ اَمْ نَحْنُ الزّٰرِعُوْنَ، (واقعہ)

"બતાવો, જે કંઈ તમે વાવો છો એને તમે ઊગાડો છો ? કે અમે ઊગાડનારા છે?" (૫૬:૬૩–૬૪)

કુર્આનના આ સવાલનો જવાબ માણસ પાસે તેના સિવાય શું હોઈ શકે છે કે તે કહે બેશક ! અલ્લાહ તઆલા જ આ બધી વનસ્પતિઓને ઊગાડનાર છે.

આ ખુલાસાથી સ્પષ્ટ થઈ ગયું કે, જેવી રીતે જમીન અને આસમાનની પૈદાઈશ અને વીજળી તથા વરસાદની વ્યવસ્થિત ક્રમબદ્ધ વ્યવસ્થામાં માણસની કોશીશો અને પ્રયત્નોની કોઈ દખલગીરી નથી. એવી જ રીતે ખેતી અને ઝાડ વગેરે વનસ્પતિ ઊગાડવામાં તેમાંથી ફળ–ફૂલ કાઢવામાં તથા તેમાંથી મનુષ્યનો

ખોરાક તૈયાર કરવામાં માણસની દખલગીરી ફક્ત ઉપરછલ્લી અને કહેવા પૂરતી છે. હકીકતમાં તો આ બધી વ્યવસ્થા ફક્ત અલ્લાહ તઆલાની સંપૂર્ણ કુદરત અને તેની શ્રેષ્ઠતમ્ હિકમતોનું પરિણામ છે.

(જંગલોમાં ઊગતી વનસ્પતિ માટે અને ફળ–ફળાદિથી પ્રચૂર ઝાડોના વિકાસ, રક્ષણ, માવજત માટે જમીનને ન તો ખેડવાની જરૂર પડે છે અને ન તો ખેડવા માટે હળની. છતાં પણ આ વનસ્પતિ અલ્લાહની કુદરતથી આપમેળે વિકાસ પામી મનુષ્યને ખોરાક પૂરો પાડે છે. –અનુવાદક)

ખુલાસો એ થયો કે, આ આયતમાં અલ્લાહ તઆલાની એવી ચાર સિફતોનું વર્ણન છે જે અલ્લાહ સિવાય અન્ય કોઈ મખ્લૂકમાં જોઈ નથી શકાતી. હવે જ્યારે આ બંને આયતોથી સપષ્ટ થઈ ગયું કે માણસને "ન હોવા"માંથી અસ્તિત્વમાં લાવવો, પછી તેના અસ્તિત્વને ટકાવી રાખવા માટે વિકાસનો સામાન, પૃથ્વી, આસમાન, વરસાદ અને ફળ–ફળાદિ દ્વારા પૂરો પાડવો, અલ્લાહ તઆલાની જાત સિવાય કોઈનું કામ નથી, તો પ્રત્યેક સૂઝ–બૂઝ ધરાવતા માણસ માટે એના ઉપર યકીન અને શ્રદ્ધા રાખવા સિવાય કોઈ છુટકો નથી કે, તાબે'દારી અને ફરમાંબરદારી તથા ઈબાદતની હકદાર માત્ર અને માત્ર અલ્લાહની જ જાત છે. એનાથી મોટો ક્યો અત્યાચાર હોઈ શકે છે કે, માણસને પૈદા કરી તેના જીવનનિર્વાહ માટેનો સઘળો સામાન તો અલ્લાહ તઆલા પૈદા કરે અને આ બેખબર અને ગાફિલ મનુષ્ય અન્યોની ચોખટ ઉપર સિજદા કરે ! અન્ય વસ્તુઓની બંદગીમાં મશગૂલ થઈ જાય !!? મવલાના રૂમી આવા ગાફિલ મનુષ્યના મુખથી ફરમાવે છે,

نعمتت راخوردہ عصیاں میکنم

نعمت ازتومن بغیرے می تنم

અલ્લાહ તઆલાએ મનુષ્યને પોતાના બધા જ સર્જનનો સરદાર બનાવ્યો અને સમગ્ર સૃષ્ટિને તેની સેવામાં લગાવી દીધી, જેથી મનુષ્ય ફક્ત પોતાના પાલનહારની ખિદમત અને ઈબાદતમાં પ્રવૃત્ત રહે અને કોઈ અન્ય તરફ નજર પણ ન નાંખે અને તેનો રંગ આવો થઈ જાય !

بگذر از یادِ گل و گلبن کہ ہیچم یاد نیست

در زمین و آسماں جز ذکرِ حق آباد نیست

પરંતુ ગાફિલ–બેખબર ઈન્સાને પોતાની મુર્ખાઈના લીધે અલ્લાહ તઆલાને ભૂલાવી દીધો અને એક અલ્લાહની ગુલામીને છોડીને સિત્તેર કરોડ દેવતાઓની ગુલામી કરવા મંડી પડ્યો !

ایک در چھوڑ کے ہم ہو گئے لاکھوں کے غلام

ہم نے آزادیِ عرفی کا نہ سوچا انجام

"અન્યો"ની ગુલામીમાંથી મનુષ્યને છોડાવવા માટે આ આયતના અંતમાં અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, فَلَا تَجْعَلُوا لِلّٰهِ أَنْدَادًا وَأَنْتُمْ تَعْلَمُوْنَ "હવે તો અલ્લાહના સમકક્ષ (ભાગીદાર) કોઈને ન ઠરાવો, તમે તો જાણો–સમજો છો !" એટલે તમે એ જાણી જ લીધું છે કે, તમારું શૂન્યમાંથી સર્જન કરનાર, તમારું પાલન–પોષણ અને તરબિયત માટેનો બધો જ સામાન પૂરો પાડનાર, એક ટીપામાંથી સુંદર, દેખાવડો અને બુદ્ધિશાળી માણસ બનાવનાર, તમારા રહેવા–સહેવા માટે પૃથ્વી અને અને બીજી જરૂરિયાતો માટે આસમાન બનાવનાર, આસમાનથી પાણી વરસાવનાર, પાણીથી ફળ–ફળાદિ દ્વારા ખોરાક પૂરો પાડનાર, અલ્લાહ તઆલા સિવાય કોઈ જ નથી, તો પછી ઈબાદત અને બંદગીનો હકદાર અન્ય કોણ હોઈ શકે છે કે જેને અલ્લાહ સમકક્ષ અથવા તેની શક્તિઓનો ભાગીદાર ઠરાવવામાં આવે ??? જો થોડો પણ વિચાર કરવામાં આવે તો આ જગતમાં એનાથી વધીને બીજો કોઈ અત્યાચાર, મૂર્ખાઈ અને બુદ્ધિહિનતા નથી હોઈ શકતી કે અલ્લાહ તઆલાને છોડી તેના સર્જનથી દિલ લગાવવામાં આવે અને તેના પર ભરોસો કરવામાં આવે, તેને મા'બૂદ (ઈબાદતના પાત્ર) બનાવી દેવામાં આવે.

آنانکہ بجز روئے تو جائے نگرانند

کوتہ نظرانند چہ کوتہ نظرانند

ખુલાસો એ છે કે, આ બંને આયતોમાં એ બાબતનું આમંત્રણ આપવામાં આવ્યું છે, જે બધી જ આસમાની કિતાબો અને બધા જ નબીઓને મોકલવાનો મુખ્ય હેતુ છે. એટલે કે, ફક્ત "એક અલ્લાહની ઈબાદત અને બંદગી કરવી," જેનું નામ "તવહીદ" છે.

આ તે ક્રાંતિકારી વિચારધારા છે જે મનુષ્યની બધી જ પ્રવૃત્તિઓ, વ્યવસ્થાઓ, નીતિમત્તા અને સમાજ ઉપર ઊંડી અસર ધરાવે છે. કારણ કે, જો માણસ એવી શ્રદ્ધા (વિશ્વાસ–આસ્થા) ધરાવે કે સમગ્ર વિશ્વનો ખાલિક (પૈદા કરનાર) અને માલિક તથા વિશ્વની બધી જ વ્યવસ્થાઓનું સંચાલન કરનાર ફક્ત એક જ અલ્લાહની જાત છે, તેના સિવાય કોઈની તાકાત અને શક્તિ નથી કે એક તસુ માત્ર પણ આમતેમ કરી શકે, ન જ કોઈ અન્ય કોઈને ફાયદો અને નુકસાન પહોંચાડી શકે છે, તો તેનું સંપૂર્ણ ધ્યાન પ્રત્યેક મુસીબતો અને રાહતો, પ્રત્યેક આર્થિક સંકડામણો અને છૂટછાટમાં ફક્ત એક જ અલ્લાહ તરફ થઈ જશે અને આ જ તે દિવ્ય પ્રકાશ છે કે જો તે પ્રાપ્ત થઈ જાય તો તેના દ્વારા જાહેર અને દેખીતા સબબો તથા કાર્ય–કારણના માધ્યમોની વાસ્તવિકતા ઓળખી શકાય છે. કાર્ય–કારણના માધ્યમો વાસ્તવમાં એક પડદો છે, જેની પાછળ અલ્લાહની કુદરત કાર્યરત હોય છે.

વીજળી, વરાળ અને ઈલેક્ટ્રોનિક યંત્રોને પૂંજનારા યુરોપના બુદ્ધિજીવીઓ જો વાસ્તવિકતા સમજી લે તો તેમને ખબર પડશે કે, વીજળી, વરાળ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોથી આગળ પણ એક વાસ્તવિકતા છે અને સાચી શક્તિ તથા તાકાત ન તો વીજળીમાં છે અને ન જ વરાળમાં અને વીજાણું યંત્રોમાં બલકે, બધી જ શક્તિઓનો સ્ત્રોત એક માત્ર અલ્લાહ જલ્લ શા'નહુ જ છે, જેણે આ વીજળી, વરાળ અને વીજાણું ઉપકરણો પૈદા કર્યા, આ બધું સમજવા માટે દીર્ઘદૃષ્ટિ જોઈએ. આ વાસ્તવિકતા સમજી ન શકનાર વ્યક્તિ દુનિયાનો કેટલોય મોટો બુદ્ધિજીવી કે ફિલોસોફર કહેવાતો હોય, પરંતુ તેનું ઉદાહરણ તે મૂર્ખ અજ્ઞાની ગમાર જેવું છે, જે કોઈ રેલ્વે સ્ટેશન ઉપર ચાલ્યો જાય અને ગાર્ડના હાથમાં લાલ અને લીલી ઝંડીને જોઈને એવું સમજવા લાગે કે, લાલ ઝંડી બતાવવાથી ટ્રેન રોકાય જાય છે અને લીલી ઝંડી બતાવવાથી ટ્રેન ચાલવા લાગે છે. આવું જોઈને તે આ ઝંડીઓને જ પ્રણામ કરવા લાગી જાય અને સમજે કે, આ

ઝંડીઓમાં જ સાચી તાકાત છે કે, આટલી મોટી પહાડ જેવી ગતિશીલ ટ્રેનને તે ચલાવે છે અને રોકી પણ શકે છે. જેવી રીતે દુનિયા આ મૂર્ખ ગમાર ઉપર હસે છે કે, આ જાહિલને એટલી પણ ખબર નથી કે આ ઝંડીઓ તો એક નિશાની છે અને ગાડીને ચલાવવાનું તથા રોકવાનું કામ તો ડ્રાઈવરનું છે. બલકે, તેનું પણ નથી. આ કામ ગાડીના એન્જિન અને તેની અંદર રહેલી મશીનરીનું છે બલકે, હજુ વધારે વિચાર કરે તો દેખાશે કે ટ્રેનને ચલાવવાનું કામ ન તો ડ્રાઈવરનું છે અને ન જ ટ્રેનની મશીનરીનું, પરંતુ અસલ શક્તિ તો આ વરાળ છે, જે એન્જિનમાં ઉત્પન્ન થઈ રહી છે. તવહીદમાં માનનારો માણસ આ બધા બુદ્ધિશાળીઓ ઉપર હસે છે કે, હકીકતમાં તમને વાસ્તવિકતા ખબર નથી. ચિંતન કરો અને દીર્ઘદષ્ટિથી જુઓ તો મંઝિલ હજુ આગળ ઉપર છે, જરા નજરને વધુ તેજ કરો અને ઊંડો વિચાર કરો તો ખબર પડશે કે વરાળ, આગ અને પાણી પણ કશું નથી. તાકાત અને શક્તિ ફક્ત તે જાતની છે જેણે આગ અને પાણીને પૈદા કર્યું છે અને તેની જ ઈચ્છા અને હુકમના આધીન આ બધા જ પદાર્થો પોતાની ડ્યુટી બજાવી રહ્યા છે.

خاک وباد وآب وآتش بنده اند

بامن وتو مرده، باحق زنده اند ۔

કોઈનો અમલ તેના છુટકારા માટેનું અને જન્નત મળવાનું ચોક્કસ કારણ ન પણ હોઈ શકે :

لَعَلَّكُمْ تَتَّقُوْنَ આ વાક્યમાં لَعَلَّ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે رَجَاء ઉમ્મીદ–આશાના અર્થમાં વપરાય છે અને આ એવા મૌકા ઉપર બોલવામાં આવે છે જ્યાં કોઈ કાર્ય ચોક્કસપણે થશે જ એવું નક્કી નથી હોતું. ઈમાન અને તવહીદના પરિણામ સ્વરૂપે જન્નત પ્રાપ્ત થવી અલ્લાહના વાયદા પ્રમાણે યકીની અને ચોક્કસ છે, પરંતુ આ ચોક્કસ ઘટનારી બાબતને ઉમ્મીદ અને આશાના દરજ્જાના અનુસંધાનમાં ઉલ્લેખ કરવા બાબતે હિકમત એ છે કે, વ્યક્તિનો કોઈ અમલ પોતાની જાતે છુટકારો અને જન્નતની કિંમત નથી બની શકતો. બલકે, અલ્લાહ તઆલાની રહમદિલી અને તેનો કરમ અસલ કારણ છે. ઈમાન અને અમલની તવફીક થવી અલ્લાહના કરમ (કૃપા)ની જ અલામત (નિશાની) છે.

તવહીદ (એકેશ્વરવાદ)નો અકીદો દુનિયામાં શાંતિ, સલામતી, સ્થિરતા અને સંતોષનું નિમિત્ત હોય છે :

તવહીદનો અકીદો ઈસ્લામની પાયાની માન્યતા છે, તે ફક્ત એક વિચારધારા નથી બલકે, માણસને સાચા અર્થમાં માણસ બનાવવાનું એકમાત્ર માધ્યમ છે. જે મનુષ્યની બધી જ મુશ્કેલીઓનો હલ તથા પ્રત્યેક પરિસ્થિતિમાં તેના માટે શરણનું સ્થળ અને દરેક મુસીબત અને ચિંતાના સમયે તેને હૈયા–ધરપત આપનાર છે. કારણ કે, તવહીદનો નિચોડ એ છે કે, પ્રત્યેક પદાર્થ, ઘટતી ઘટનાઓ વગેરે તમામ પ્રકારના પરિવર્તનો ફક્ત એક અલ્લાહની ઈચ્છાના તાબે' અને તેની જ હિકમતનું પરિણામ છે.

ہر تغیّر ہے غیب کی آواز ؛ ہر تجدّد میں ہیں ہزاروں راز

અને દેખીતું છે કે, જ્યારે આ અકીદો કોઈના દિલ અને દિમાગ ઉપર છવાય જાય તો તેનો હાલ એવો થઈ જાય છે કે, આ દુનિયા જ તેના માટે જન્નત બની જાય છે. બધા જ ઝઘડા, ફિત્ના, ફસાદ અને તમામ પ્રકારની બુરાઈઓના પાયા ધ્વસ્ત થઈજાય છે. કારણ કે, તેની સામે હરપળે આ સબક (તા'લીમ–શિક્ષણ) હશે,

از خدا داں خلاف دشمن و دوست ،

کہ دل ہر دو در تصرّفِ اوست

દોસ્ત–દુશ્મનનો વિરોધ પણ અલ્લાહ તરફથી છે,
કારણ બંનેના દિલો તેના કબજામાં છે.

આ અકીદાનો માલિક આખી દુનિયાથી બેપરવા દરેક ડર અને ભયથી અલિપ્ત જિંદગી વિતાવે છે તેની હાલત એવી હોય છે,

موحّد چہ بر پائے ریزی زرش :: چہ فولادِ ہندی نہی بر سرش

امید و ہراسش نباشد ز کس :: ہمین است بنیادِ توحید و بس

કલિમએ لَآ اِلٰـهَ اِلَّا اللهُ જેને "કલિમએ તય્યિબહ" કહે છે, તેનો અર્થ પણ એ જ છે, પરંતુ એ સ્પષ્ટ છે કે તવહીદનો ફક્ત મૌખિક ઈકરાર (સ્વીકૃતિ) પૂરતો નથી,

સાચા હૃદયનો વિશ્વાસ, શ્રદ્ધા અને આસ્થાની મનોમન સ્વીકૃતિ પણ આવશ્યક છે. કારણ કે,

توحید خدا واحد دیدن بود نہ واحد گفتن

કલિમએ لَآ اِلٰــــهَ اِلَّا اللّٰهُ પઢનારા તો આજે દુનિયામાં કરોડોની સંખ્યામાં છે અને આટલી મોટી સંખ્યા આ અગાઉ ક્યારેય ન હતી, પરંતુ મોટેભાગે આ બધા મૌખિક દા'વા જ છે. તવહીદનો રંગ ચઢયો નથી, નહિતર તેમની હાલત એવી હોત, જે અગાઉના બુઝુર્ગોની હતી કે, મોટામાં મોટી શક્તિઓ પણ તેમને પ્રભાવિત કરી શકતી ન હતી અને ન કોઈ કૌમની બહુમતી સંખ્યા તેમના ઉપર પ્રભાવ પાડી શકતી હતી, ન કોઈ માલ-દૌલત અથવા સલ્તનત તેમના દિલોને સચ્ચાઈ વિરૂદ્ધ વફાદારીઓ તબદીલ કરાવી શકતી હતી. એક પયગમ્બર (અલૈ.) ઊભા થઈને આખી દુનિયાને લલકારીને કહી દેતા હતા કે, તમે મારૂં કાંઈ જ બગાડી શકતા નથી, "ثُمَّ كِيْدُوْنِ فَلَا تُنْظِرُوْنَ" "પછી મને જરાપણ સમય આપ્યા વિના મારા વિરૂદ્ધ ષડયંત્રો કરો." નબી પછી સહાબા (રદિ.), તાબિઈન (રહ.) જે થોડા સમયમાં આખી દુનિયા ઉપર છવાય ગયા, તેમની તાકાત અને શક્તિનો મુખ્ય સ્ત્રોત સાચી તવહીદ હતી. અલ્લાહ તઆલા અમને બધા જ મુસલમાનોને આવી તવહીદની સાચી દૌલત અતા ફરમાવે. આમીન.

હઝરત મુહમ્મદ ﷺની પયગમ્બરી (રિસાલત)નો કુર્આનના માધ્યમ દ્વારા આપવામાં આવેલો પુરાવો

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૩–૨૪)

તરજુમો :

અને જો તમને અમારા બંદા ઉપર જે ઉતાર્યું તેમાં શંકા હોય તો તેના જેવી એક સૂરત લઈ આવો; અને અલ્લાહ સિવાય પોતાના મદદગારો બોલાવી લો; જો તમે સાચા છો. (૨૩) પછી જો તમે ન કરી શકો; અને કદાપિ નથી કરી શકવાના; તો ડરો તે આગ(થી) જેનું બળતણ મનુષ્ય અને પથ્થર (છે); (જે) કાફિરો માટે તૈયાર કરવામાં આવી (છે). (૨૪)

તફસીર :

"અને જો તમને અમારા બંદા ઉપર જે ઉતાર્યું તેમાં શંકા હોય તો તેના જેવી એક સૂરત લઈ આવો;" [કારણ કે તમે અરબી ભાષા જાણો છો અને તેના ઉતાર–ચઢાવ (વ્યાકરણ, પ્રાસ, ગદ્ય અને પદ્ય)થી વાકેફ છો. પયગમ્બર ﷺએ તેની કોઈ પ્રેક્ટિસ નથી કરી કે કાયદેસરની તા'લીમ પણ નથી લીધી અને જ્યારે આવું હોવા છતાં તમે કુર્આનના એક ટૂકડા સમાન પણ ન બનાવી શકો તો ન્યાયની દ્દષ્ટિએ સાબિત થઈ જશે કે, કુર્આન અલ્લાહનો જ મોઅ્જિઝો (ચમત્કાર) છે અને આપ ﷺ અલ્લાહના જ પયગમ્બર (સંદેશાવાહક) છે.] "અને અલ્લાહના સિવાય પોતાના મદદગારો બોલાવી લો; જો તમે સાચા છો. પછી જો તમે ન કરી શકો; અને કદાપિ નથી કરી શકવાના; તો ડરો તે આગ(થી) જેનું બળતણ મનુષ્ય અને પથ્થર (છે); (જે) કાફિરોના માટે તૈયાર કરવામાં આવી (છે)."

મસ્અલા અને બોધપાઠ :

આયતોની ગોઠવણી અને વિષય–વસ્તુનો ખુલાસો :

આ સૂરએ બકરહની ૨૩મી અને ૨૪મી આયતો છે. આ અગાઉની બે આયતો તવહીદની સાબિતી હતી, આ બંને આયતોમાં હઝરત મુહમ્મદ ﷺની પયગમ્બરીની સાબિતી છે. જે હિદાયત કુર્આન લઈને આવ્યું હતું તેના બે આધાર–સ્તંભો તવહીદ અને રિસાલત છે. પ્રથમ બે આયતોમાં અલ્લાહ તઆલાના અમુક ચોક્કસ કામોનો ઉલ્લેખ કરીને તવહીદને સાબિત કરવામાં આવી હતી અને આ બે આયતોમાં અલ્લાહ તઆલાના કલામને રજૂ કરી રસૂલુલ્લાહ ﷺની રિસાલત સાબિત કરવામાં આવી છે. બંને સાબિતીઓની પદ્ધતિ એકસમાન છે. પ્રથમ બે આયતોમાં અમુક એવા કામો પ્રસ્તુત છે, જે અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી કરી શકતું. દાખલા તરીકે પૃથ્વી અને આસમાનને પૈદા કરવું, આસમાનથી પાણી વરસાવવું, પાણીની મદદથી ફળ–ફળાદિ પૈદા કરવી વગેરે.

અને દલીલોનો ખુલાસો એ હતો કે, જ્યારે કે આ કામો અલ્લાહ તબારક વ તઆલા સિવાય કોઈ નથી કરી શકતું તો પછી ઈબાદતના લાયક પણ તેના સિવાય અન્ય કોઈ હોઈ જ નથી શકતું. અને આ બે આયતોમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે, આ કલામ ફક્ત અને ફક્ત અલ્લાહ પાકનું જ છે, અલ્લાહ તઆલા સિવાય બીજા કોઈનું હોઈ જ નથી શકતું, કોઈ વ્યક્તિ અથવા ગ્રૃપ આ કલામનું ઉદાહરણ અથવા તેના સમકક્ષ લાવી નથી શકતા. જેવી રીતે જમીન અને આસમાનની બનાવટ, આસમાનથી પાણી વરસાવવું અને એ પાણી દ્વારા વનસ્પતિ ઊગાડી તેમાંથી ફળ–ફળાદિ કાઢવા માટે માણસની શક્તિ લાચાર હોવાનો અર્થ એ છે કે, આ કામ ફક્ત અલ્લાહ તઆલાનું જ છે. કોઈ સજીવ–નિર્જીવ, દૃષ્ય–અદૃષ્ય મખ્લૂકનું આ કામ નથી. એવી જ રીતે અલ્લાહના કલામનું ઉદાહરણ અથવા તેની સમકક્ષ રજૂ કરવાથી સમગ્ર મખ્લૂક લાચાર હોવી એ વાતની દલીલ છે કે, આ કલામ અલ્લાહ તઆલાનું જ છે, કોઈ મખ્લૂકનું નથી. આ આયતમાં કુર્આને આખી દુનિયાના મનુષ્યોને સંબોધીને ચૅલેન્જ (પડકાર) આપ્યું છે કે, જો આ કલામને તમે અલ્લાહ તઆલાનું કલામ નથી

સમજતા, કોઈ માણસનું કલામ સમજો છો તો તમે પણ માણસ છો, તમારામાં પણ આવું કલામ રજૂ કરવાની તાકાત હોવી જોઈએ. આખું કલામ તો શું ! તમે આ કલામના એક નાના ટૂકડાનું ઉદાહરણ અને સમકક્ષ લાવીને બતાવી દો અને તમને વધારાની સહૂલત આપવામાં આવે છે કે, જો તમે કોઈ એક વ્યક્તિ ન લાવી શકો તો તમને અધિકાર છે કે, આખી દુનિયાના તમારા હિમાયતી અને મદદગારોને ભેગા કરો અને એક આંતરરાષ્ટ્રીય શક્તિ ભેગી કરીને (જૂથ બનાવીને) કુર્આનની એક નાની સૂરત સમાન કલામ બનાવી લાવો.

પછી એના ઉપર બસ નથી કર્યું ! બીજી આયતમાં તેમને ગૈરત અપાવી છે કે, તમારી મજાલ નથી કે કુર્આન જેવી એક સૂરત બનાવી શકો, અને જ્યારે તમો લાચાર જ છો તો પછી અલ્લાહના અઝાબથી ડરો કે જ્યારે તમે આ કલામનું ઉદાહરણ બનાવવાથી પોતાની લાચારી મહેસૂસ કરો છો ! અને એ બાબત સ્પષ્ટ દલીલ છે કે, આ કુર્આન કોઈ માણસનું કલામ નથી બલકે, એક એવી પાક જાતનું કલામ છે જે આખી દુનિયાથી મહાન અને સર્વશક્તિમાન છે. જેની કુદરત સંપૂર્ણ રીતે તમામ સૃષ્ટિ ઉપર છવાયેલી છે, તો પછી તેના ઉપર ઈમાન ન લાવવું પોતાના હાથે પોતાનું ઠેકાણું જહન્નમ બનાવવા જેવું છે તો એનાથી બચો !

ખુલાસો એ છે કે, આ બંને આયતોમાં કુર્આને કરીમને રસૂલ ﷺનો શ્રેષ્ઠ મોઅ્જિઝો બતાવીને આપ ﷺની રિસાલત અને સચ્ચાઈની સાબિતી રજૂ કરવામાં આવી છે. રસૂલ ﷺના મોઅ્જિઝાઓ આમ તો હજારો છે અને અત્યંત વિસ્મયકારી (હેરત અંગેજ) છે, પરંતુ આ બધામાં અત્રે આપ ﷺનો જ્ઞાનપૂર્ણ મોઅ્જિઝો એટલે કે માત્ર કુર્આનનો જ ઉલ્લેખ કરીને બતાવી દેવામાં આવ્યું કે, આપ ﷺનો સૌથી મોટો મોઅ્જિઝો કુર્આન શરીફ છે. આ મોઅ્જિઝાને અન્ય અંબિયા (અલૈ.)ના મોઅ્જિઝાઓ ઉપર પણ એક ખાસ વિશેષતા પ્રાપ્ત છે. કારણ કે સામાન્ય રીતે નિયમ એ છે કે દરેક નબી અને રસૂલ દ્વારા અલ્લાહ તઆલા પોતાની સંપૂર્ણ કુદરત વડે અમુક મોઅ્જિઝાઓ બતાવે છે અને આ મોઅ્જિઝાઓ રસૂલોના હાથોથી જાહેર થાય છે તથા તેમની સાથે પૂરા થઈ જાય છે. પરંતુ કુર્આન શરીફ એક એવો મોઅ્જિઝો છે, જે કયામત સુધી બાકી રહેવાનો છે.

وَاِنْ كُنْتُمْ فِيْ رَيْبٍ માં શબ્દ رَيْب નો તરજુમો ઉર્દૂમાં "શંકા" થાય છે પરંતુ

ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.)એ ફરમાવ્યું કે, વાસ્તવમાં رَیْـــــــب એવા કાલ્પનિક વહેમ–ભ્રમ અને વસવસાને કહેવામાં આવે છે કે જેનો કોઈ આધાર જ ન હોય અને જે થોડોક જ ધીરજપૂર્વક વિચાર કરવાથી દૂર થઈ જાય છે. એટલા માટે કુર્આન શરીફમાં જ્ઞાન ધરાવતા લોકો માટે رَیْـب દ્વારા નકાર કરવામાં આવ્યો છે, ભલે તે મુસલમાન ન પણ હોય. જેમકે, ઈરશાદ છે وَلَا یَـــرْتَـــابَ الَّـذِیْـنَ اُوتُـوْاالْـكِتٰـبَ وَالْـمُـؤْمِـنُـوْنَ "બસ, અહલે કિતાબ અને મુસ્લિમોને શંકા ન હોવી જોઈએ" (૭૪:૩૧) એ જ કારણે સૂરએ બકરહની શરૂઆતમાં કુર્આન વિશે કહેવામાં આવ્યું, لَارَیْبَ فِیْہِ તેમાં કોઈ رَیْب (શંકા)ની ગુંજાઈશ અને શક્યતા નથી અને આ આયતમાં ફરમાવ્યું, وَاِنْ كُنْتُمْ فِیْ رَیْبٍ એટલે કે, અગર તમે શંકામાં છો, જેનો અર્થ એ છે કે; જો કે કુર્આન શરીફમાં ખુલ્લા મોઅ્જિઝાઓ અને દલીલોના કારણે કોઈ શંકા અને વહેમનું સ્થાન સુદ્ધાં નથી, પરંતુ તમારી અજ્ઞાનતાના કારણે હજુ પણ તમને કોઈ શંકા કે વહેમ હોય તો સાંભળી લો ! فَـاْتُوْابِسُــــوْرَةٍمِّنْ مِّثْلِہٖ સૂરહ سـورہ શબ્દનો અર્થ વિભાગ (પ્રકરણ) છે. અને કુર્આનની સૂરતો કુર્આનના પ્રકરણોને કહેવામાં આવે છે કે, જેમને વહી દ્વારા એકબીજાથી અલગ કરવામાં આવ્યા છે.

આખા કુર્આન શરીફમાં આવી રીતે ૧૧૪ નાની–મોટી સૂરતો આવેલી છે અને દરેક જગ્યાએ سـورہ શબ્દ અલિફ–લામ વિના લાવવાથી એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, નાનામાં નાની સૂરત પણ આ હુકમમાં શામિલ છે. મતલબ કે, તમને આ કલામ અલ્લાહનું હોવામાં કોઈ વહેમ કે શંકા છે અને તમે એવું સમજો છો કે નબીએ કરીમ ﷺ અથવા અન્ય કોઈ વ્યક્તિએ આ કલામ પોતે બનાવી લીધું છે, તો તેનો ફેંસલો ઘણી જ સરળતાથી એ રીતે થઈ શકે છે કે, તમે પણ આ કુર્આનની કોઈ નાનામાં નાની સૂરતની મિસાલ (ઉદાહરણ) બનાવી લાવો અને જો તમે આ કલામ સમકક્ષ બનાવવામાં સફળ થાઓ તો બેશક ! તમને એનો પણ અધિકાર છે કે, કુર્આનને પણ કોઈ માણસનું કલામ કહો, પરંતુ જો તમે એવું કરવાથી લાચાર થઈ જાઓ તો સમજી લો કે, આ કુર્આન જેવું કલામ બનાવવું અથવા તેની સમકક્ષ કોઈ સૂરત લાવવી મનુષ્યની શક્તિ બહારની વાત છે અને તે ફક્ત અલ્લાહ જલ્લ શા'નહુનું જ કલામ છે.

અહીંયાં કોઈ એવું કહી શકે છે કે કુર્આન જેવું કલામ બનાવી શકવાથી અમારું લાચાર થઈ જવું, એ દલીલ નથી બની શકતી કે, સમગ્ર મનુષ્યજાતિ લાચાર થઈ શકે છે કે અન્ય કોઈ વ્યક્તિ અથવા ગૃપ પણ આ કામ ન કરી શકે. એટલા માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, وَادْعُوا شُهَدَآءَ كُمْ مِنْ دُوْنِ اللهِ અહીંયાં شُهَدَاءُ (શુહદાઅૂ) شَاهِدُ (શાહિદ)નું બહુવચન છે, જેનો અર્થ થાય છે "હાજર હોવું." ગવાહને પણ શાહિદ કહેવામાં આવે છે કારણ કે, અદાલતમાં તેનું હાજર રહેવું જરૂરી હોય છે. અહીંયાં شُهَدَاءُનો અર્થ તમામ સામાન્ય હાજરજનો છે અથવા તો આખી દુનિયામાં આ કામ માટે જેની પણ તમે મદદ લેવા ઈચ્છો લઈ શકો છો, અથવા તો એનો અર્થ તેમની મૂર્તિઓનો છે, જેના વિશે કાફિરોની એવી માન્યતા હતી કે કયામતના દિવસે તેઓ તેમની ગવાહી આપશે.

બીજી આયતમાં તેમને ચેતવણી આપી ધમકાવવામાં આવ્યા કે, “જો તમે આ કામ ન કરી શક્યા તો પછી જહન્નમની એવી ભયંકર આગથી બચવાનો સામાન તૈયાર કરો કે, જેનું બળતણ માણસો અને પથ્થરો છે તથા તે તમારા જેવા ઈન્કાર કરનારાઓ માટે જ તૈયાર કરવામાં આવી છે.” આ વાક્યમાં જે ઘટના ઘટવાની છે તેની પણ ખબર આપી દીધી, એટલે ભલે તમે ગમે તેટલા વ્યક્તિગત અથવા સામૂહિક રીતે પ્રયત્ન કરો, પરંતુ તમે આ કુર્આનનું ઉદાહરણ નહીં જ લાવી શકો.

આ બાબત ઉપર વિચાર કરવામાં આવે તો જે કૌમો ઈસ્લામ અને કુર્આનનો વિરોધ કરી રહી હતી અને તેને ખતમ કરવાની કોશીશોમાં પોતાની જાન, માલ, ઈજ્જત–આબરૂ બધું જ ખપાવવા માટે તૈયાર હતી, તેમના માટે એક સરળ મૌકો આપવામાં આવ્યો કે કુર્આનની એક નાનામાં નાની સૂરતનું ઉદાહરણ બનાવી લાવો તો તમે તમારા મકસદમાં સફળ થઈ શકો છો. આવું કહીને તેમની ગૈરતને જોશ અપાવવામાં આવે છે, તેમના સ્વમાનને લલકારવામાં આવે છે કે, તમે એ કામ હરગિઝ કરી શકવાના નથી, પરંતુ સમગ્ર કૌમમાંથી એકપણ વ્યક્તિ આગળ ન વધ્યો, તેનાથી વધીને કુર્આન અલ્લાહનું કલામ હોવાની બીજી શું કબૂલાત હોઈ શકે છે ? એનાથી સ્પષ્ટ થઈ ગયું કે, કુર્આને કરીમ નબી ﷺનો

એવો ખુલ્લો મોઅ્જિઝો (ચમત્કાર) છે, જેની સામે બધા જ શરારતખોરોએ ગરદન ઝુકાવી દીધી.

કુર્આન એક જીવંત અને કયામત સુધી બાકી રહેનારો મોઅ્જિઝો છે :

બધા જ અંબિયા (અલૈ.)ના મોઅ્જિઝાઓ ફક્ત તેમના જીવનકાળ દરમિયાન મોઅ્જિઝાઓ હતા પરંતુ કુર્આનનો મોઅ્જિઝો આપ ﷺની વફાત પછી પણ મોઅ્જિઝાની હેસિયતથી બાકી છે. આજે પણ એક અદના મુસલમાન આખી દુનિયાના જ્ઞાનીઓ અને અકલમંદોને પડકારીને ચૅલૅન્જ કરી શકે છે કે, કુર્આનનું ઉદાહરણ ન કોઈ પહેલાં લાવી શક્યું અને ન કોઈ આજે લાવી શકે છે અને જેની હિંમત હોય તે રજૂ કરીને બતાવી દે !

જલાલૈનના મુફસ્સિર (વિવરણકાર) શૈખ જલાલુદ્દીન સુયૂતી (રહ.)એ પોતાની કિતાબ "ખસાઈસે કુબરા"માં રસૂલે કરીમ ﷺના બે મોઅ્જિઝા વિશે હદીષોના હવાલાથી લખ્યું છે કે, આ મોઅ્જિઝાઓ કયામત સુધી બાકી રહેશે. એક કુર્આનનો મોઅ્જિઝો અને બીજો એ છે કે, રસૂલે કરીમ ﷺને હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)એ પૂછ્યું કે, "હે અલ્લાહના રસૂલ ﷺ ! હજ્જના દિવસોમાં ત્રણે જમરાત (શયતાનના પ્રતીકરૂપે ઊભા કરવામાં આવેલા થાંભલાઓ) ઉપર લાખો માણસો ત્રણ દિવસ સુધી સતત કાંકરીઓ ફેંકે છે, પછી આ કાંકરીઓના ઢગલાને કોઈ અહીંયાંથી ઉઠાવતું હોય એવું પણ દેખાતું નથી અને એક વખતે ફેંકેલી કાંકરીને બીજી વખતે ઉપયોગ કરવાની પણ મનાઈ છે. એટલા માટે દરેક હાજી પોતાની સાથે મુજદલિફાથી નવી કાંકરીઓ લઈને આવે છે. આવું જોતાં તો જમરાતની આજુબાજુ એક જ વર્ષમાં કાંકરીઓનો એક ટેકરો બાઝી જવો જોઈએ, જેના નીચે જમરાત દબાઈ જાય અને અમુક જ વર્ષોમાં અહીંયાં એક પહાડ બની જવો જોઈએ. આપ ﷺએ ઇરશાદ ફરમાવ્યો કે, હા ! પરંતુ અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તાઓને નક્કી કરી રાખ્યા છે કે, જે જે વ્યક્તિની હજ્જ કબૂલ થાય તેમની કાંકરીઓ ઉઠાવી લેવામાં આવે, તો હવે એ જગ્યાએ ફક્ત તે કમનસીબ લોકોની કાંકરીઓ જ બાકી રહી જાય છે, જેમની હજ્જ કબૂલ નથી થઈ. એટલા માટે આ જગ્યાએ પડેલી કાંકરીઓ ખૂબ ઓછી દેખાય છે અને જો એવું ન હોત તો અહીંયાં પહાડ ઊભો થઈ ગયો હોત." આ રિવાયત સુનને બયહકીમાં પણ મૌજૂદ છે.

આ એક એવી હદીષ છે જેના દ્વારા રસૂલુલ્લાહ ﷺની સચ્ચાઈનું પ્રમાણ દર વર્ષે અને પ્રત્યેક ઝમાનામાં થઈ શકે છે. હકીકત છે કે હજ્જમાં દર વર્ષે લાખો માણસો ભેગા થાય છે અને દરેક વ્યક્તિ પ્રત્યેક જમરહ (શયતાનના પ્રતીકરૂપે ઊભા કરવામાં આવેલા થાંભલાઓ) ઉપર સાત–સાત કાંકરીઓ ફૈંકે છે, અમુક જાહિલો મોટા–મોટા પથ્થર ફૈંકે છે અને આ બાબત તો પાકી રીતે બધાને ખબર છે જ કે આ કાંકરીઓને અહીંયાંથી ઉઠાવવાની અને સાફ કરવાની સરકાર અથવા કોઈ ગ્રૃપની વ્યવસ્થા પણ નથી હોતી અને ન તો આ કાંકરીઓને ઉઠાવવામાં આવે છે જેમકે, અગાઉના સમયથી જ આ રિવાજ ચાલ્યો આવે છે, તો જો આ રીતે આ જગ્યાએ કાંકરીઓ ઉઠાવવામાં જ નથી આવતી તો પછીના વર્ષે બે ઘણી, ત્રીજા વર્ષે ત્રણ ઘણી થઈ જવી જોઈએ ! અને અમુક જ વર્ષોમાં જમીનનો આ ભાગ જમરાત સહિત કાંકરીઓના ઢગલા નીચે દટાઈ જવો જોઈએ અને જમરાતના બદલે એક પહાડ દેખાવો જોઈએ ! પરંતુ વાસ્તવિકતા આનાથી સાવ ઊલટી છે. આ પુરાવો પ્રત્યેક યુગમાં જોવા મળે છે અને મળશે. દરેક સમયમાં આપ ﷺની સત્યતાનું આ પ્રમાણ આપ ﷺ ઉપર ઈમાન લાવવા માટે પૂરતું છે. સાંભળ્યું છે કે, હવે અહીંયાંથી કાંકરીઓ ઉઠાવવાની અમુક વ્યવસ્થા થવા લાગી છે, પરંતુ ૧૩૦૦ વર્ષનો અમલ આ બાબતની સત્યતા માટે પૂરતો છે.

આવી જ રીતે કુર્આનનો મોઅ્જિઝો પણ જીવંત અને હંમેશા બાકી રહેનારો મોઅ્જિઝો છે, જેનું ઉદાહરણ (મિસાલ) આપ ﷺના ઝમાનામાં રજૂ ન કરી શકાયું અને આજે પણ નથી કરી શકાતું.

કુર્આન એક જીવંત મોઅ્જિઝો (ચમત્કાર) :

ઉપરોક્ત વિગતવાર ખુલાસા પછી અત્રે ચર્ચા કરીએ કે, કુર્આને કરીમને ક્યા કારણોસર આપ ﷺનો મોઅ્જિઝો કહેવામાં આવ્યો છે ? અને કુર્આનની આ પ્રતિષ્ઠાના કારણો ક્યા ક્યા છે ? અને શા માટે આખી દુનિયા તેની મિસાલ રજૂ કરવાથી લાચાર છે ? બીજું એ કે મુસલમાનોનો આ દા'વો કે ૧૪૦૦ વર્ષના સમયમાં કુર્આન શરીફના જબરદસ્ત પડકાર અને ચૅલૅન્જ હોવા છતાં કોઈ, એની એક સૂરતની મિસાલ પણ રજૂ ન કરી શક્યું. આ ઐતિહાસિક ઘટના શું મહત્ત્વ ધરાવે છે ? આ બંને બાબતો ખૂબ જ વિસ્તારપૂર્વકની ચર્ચા માંગી લે છે.

પ્રથમ બાબત આ કે કુર્આનને મોઅ્જિઝો શા માટે કહેવામાં આવ્યો? અને તે ક્યા કારણો છે જેના કારણે આખી દુનિયા તેની મિસાલ રજૂ કરવાથી લાચાર છે? આ બાબતે પાછલા અને હાલના ઉલમાએ કિરામે આગવી કિતાબો લખી છે અને દરેક મુફસ્સિરે પોત–પોતાની શૈલીમાં આ વિષયને વર્ણન કર્યો છે. હું ટૂંકમાં અમુક જરૂરી બાબતોની ચર્ચા કરું છું.

અહીંયાં સૌથી પહેલાં વિચાર કરીએ કે, કુર્આન જેવી આશ્ચર્યકારક, તમામ પ્રકારના જ્ઞાનની સર્વગ્રાહી કિતાબ કઈ જગ્યાએ, કેવા માહોલમાં અને કોના ઉપર નાઝિલ થઈ ? અને શું ત્યાં કોઈ એવા શિક્ષણ કે જ્ઞાનના સ્ત્રોતો અને માધ્યમો ઉપસ્થિત હતા જેના સાન્નિધ્યમાં રહીને આવી સર્વગ્રાહી અને અજોડ કિતાબ તૈયાર થઈ શકે કે, જે પ્રથમથી લઈ અંત સુધી સર્વગ્રાહીરૂપે મનુષ્યના વ્યક્તિગત અને સામૂહિક જિંદગીના પ્રત્યેક પાસા ઉપર સર્વશ્રેષ્ઠ પ્રકાશ પાડી હિદાયત (માર્ગદર્શન) રજૂ કરે ? જેમાં માણસની શારીરિક અને આધ્યાત્મિક (રૂહાની) તરબિયત (કેળવણી)ની સંપૂર્ણ વ્યવસ્થા હોય ? અને રાહ ભટકેલાઓ માટે મંઝિલ પામવાની યુક્તિઓથી લઈ દેશ–પ્રદેશના રાજકારણ સુધીની બધી જ વ્યવસ્થાનું સર્વશ્રેષ્ઠ બંધારણ હોય ?

આખા અરબ પ્રદેશમાં કોઈ મોટું શહેર પણ ન હતું, અહીંયાંની પ્રજા નાના–મોટા ગામડાઓમાં ઊંટો, બકરીઓ પાળીને પોતાનું જીવન વ્યતિત કરતી હતી. નાના ગામડાઓની તો વાત જ શું કરવી !? જે મોટા શહેરો કહેવાતા હતા ત્યાં પણ કોઈપણ પ્રકારના જ્ઞાન અને શિક્ષણનું કેન્દ્ર ન હતું, ન તો ત્યાં કોઈ સ્કૂલ કે કૉલેજ હતી, ન કોઈ યુનિવર્સિટી કે દારુલ ઉલૂમ હતો. હા ! અહીંયાંના નિવાસીઓને અલ્લાહ તઆલાએ એક વસ્તુની ભેટ આપી હતી અને તે એ હતી કે તેઓ સાહિત્ય અને કાવ્યકળામાં ખૂબ નિષ્ણાત હતા. તેઓ દુનિયાની શ્રેષ્ઠતમ્ સાહિત્યિક રચનાઓ મોઢે યાદ રાખતા હતા, વક્તૃત્વ કળા પણ ખૂબ વિકાસ પામેલી હતી. તેઓ જ્યારે સંબોધન કરતા તો વીજળીની જેમ ગર્જના કરતા. તેમની નાની–નાની કન્યાઓ પણ એવા ગહન અર્થવાળા કાવ્યો કહેતી કે દુનિયાના મોટા–મોટા સાહિત્યકારો પણ આશ્ચર્યચકિત્ થઈ જતા હતા.

પરંતુ આ બધી કળા તેમની સ્વાભાવગત કળા હતી, જે ઔપચારિક રીતે કોઈ મદ્રસા કે સ્કૂલથી પ્રાપ્ત કરી શકાતી નથી. મતલબ કે ત્યાં ન કોઈ શિક્ષણની

ઔપચારિક વ્યવસ્થા હતી અને ન જ ત્યાંના નિવાસીઓને આવી બાબતોમાં રસ અથવા દિલચસ્પી (રૂચી) હતી. આ લોકોની શહેરી જિંદગી વેપાર કરનાર વેપારીઓ ઉપર આધારિત હતી. વિવિધ પ્રકારનો માલ વેચવો અને નિકાસ કરવો તેમનો ધંધો હતો.

આ દેશના એક પ્રાચીન શહેર મક્કાના એક શરીફ ઘરમાં તે પવિત્ર હસ્તી પૈદા થઈ જેના ઉપર વહી નાઝિલ થઈ. હવે આ પવિત્ર હસ્તીની હાલત પણ જુઓ.

જન્મ પહેલાં પિતાની છત્રછાયા ઊઠી ગઈ, પૈદા થતાં પહેલાં યતીમ (અનાથ) થઈ ગયા. સાત વર્ષના પણ ન હતા અને માતા (વાલિદહ) પણ વફાત પામ્યા, માતાના ખોળાની હૂંફ પણ નસીબ ન થઈ. શરીફ માં–બાપની સખાવત અને બેમિસાલ ઉદારતાએ ઘરમાં કોઈ વારસો પણ ન છોડયો હતો જેનાથી યતીમનું પાલન–પોષણ અને ભવિષ્યની જિંદગીની વ્યવસ્થા થઈ શકે. અત્યંત સંઘર્ષપૂર્ણ જીવન, માં–બાપની છત્ર–છાયા પણ માથા ઉપર નહિ, આવી હાલતમાં આપ ﷺની પરવરિશ થઈ. ઉંમરનો શરૂઆતનો ભાગ કે જે શિક્ષણ પ્રાપ્ત કરવાનો સાચો સમય હોય છે, તે વખતે જો મક્કામાં કોઈ સ્કૂલ, દારુલ ઉલૂમ કે કૉલેજ પણ હોત તો પણ તેમાં આપ ﷺનું દાખલ થવું અશક્ય હતું, પરંતુ આપને ખબર છે કે ત્યાં આવી કોઈ શિક્ષણ સંસ્થાઓ ન હતી અને ન જ તેમાં કોઈને રસ હતો. એટલા માટે આ આખી અરબ કૌમ "અરબે ઉમ્મિય્યીન" (અક્ષરજ્ઞાન ન હોય તેવા અરબો) કહેવાતા હતા. કુર્આને કરીમે પણ તેમના વિશે આ શબ્દનો ઉપયોગ કર્યો છે. આ બધી બાબતોનું નક્કર પરિણામ એ આવ્યું કે, આપ ﷺ ઔપચારિક શિક્ષણથી બિલકુલ બેખબર હતા, ન તો ત્યાં કોઈ મોટો આલિમ (જાણકાર) હતો જેના સંસર્ગ (સહવાસ)માં રહીને જ્ઞાન પ્રાપ્ત કરી શકાય કે જે કુર્આનનો આધાર બને. કુદરતને એક ચમત્કારિક મોઅ્જિઝો બતાવવો હતો, આપ ﷺ માટે વિશેષ પ્રકારે એવી પરિસ્થિતિ ઊભી થઈ કે મા'મૂલી લખવા–વાંચવાનું જ્ઞાન જે દરેક સ્થળે મોટા ભાગના લોકો કોઈને કોઈ રીતે શીખી લે છે, તે પણ આપ ﷺને શીખવા ન મળ્યું, આપ "ઉમ્મી" હતા, પોતાનું નામ સુદ્ધાં લખી શકતા ન હતા. અરબની વિશેષ કળાવિદ્યા કાવ્યપઠન હતી, જેના માટે મોટા–મોટા મુશાયરાઓ અને મજલિસો થતી હતી, જેમાં દરેક

વ્યક્તિ ઉચ્ચતા અને ખ્યાતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતી. પરંતુ આપ ﷺને અલ્લાહ તઆલાએ એવો સ્વભાવ આપ્યો હતો કે, તેમને આ બધી બાબતોમાં કોઈ રસ કે દિલચસ્પી હતી, ન ક્યારેય પોતે કોઈ એવું કાવ્ય લખ્યું અને ન એવી કોઈ મહેફિલમાં ક્યારેય હાજરી આપી !

હા ! ઉમ્મી હોવાની સાથે બચપનથી જ આપ ﷺ નીતિવાન હતા. આપ ﷺમાં ઉચ્ચ અખ્લાક, વર્તણૂક તથા સમજદારીના અસામાન્ય ગુણો અને અમાનતદારી તથા દયાનતદારી (પ્રમાણિકતા અને નિષ્ઠા)ના શ્રેષ્ઠ લક્ષણો હરપળે જોઈ શકાતા હતા, જેનું પરિણામ એ આવ્યું કે અરબના મોટા–મોટા મગરૂર (અભિમાની) સરદારો પણ આપ ﷺની ઈજ્જત કરતા હતા. આખા મક્કામાં આપ ﷺને "અમીન" (અમાનતદાર– પ્રમાણિક)ના લકબથી બોલાવવામાં આવતા હતા.

આ રીતે આપ ﷺ ઉમ્મી તરીકે ૪૦ વર્ષો સુધી મક્કામાં જ પોતાના સમાજમાં કબીલાવાળાઓ સાથે રહે છે. શિક્ષણ મેળવવા માટે કોઈ બીજા દેશની મુસાફરી પણ નથી કરતા, જેથી એવું વિચારી શકાય કે ત્યાં જઈને એમણે શિક્ષણ મેળવ્યું હશે. આપે ફક્ત શામ (સિરીયા)ની મુસાફરી કરી હતી અને તે પણ વેપાર અર્થે ગણતરીના દિવસો માટે જ, કે જેમાં આવું કોઈ શિક્ષણ મેળવવાની શક્યતા હોઈ શકતી નથી.

૪૦ વર્ષો સુધી "ઉમ્મી" તરીકે મક્કામાં, પોતાના કબીલાના લોકો સામે જ જીવન પસાર કરનાર વ્યક્તિ કે, જેણે ન તો ક્યારેય કોઈ પુસ્તક કે કલમને હાથ લગાવ્યો અને ન તો કોઈ મદ્રસામાં પઢવા માટે ગયા, ન કોઈ મજલિસ કે મુશાયરામાં કોઈ કાવ્યપઠન કર્યું. ઠીક ૪૦ વર્ષો પછી તેમની જીભ મુબારક ઉપર તે કલામ આવવા લાગ્યું જેનું નામ "કુર્આન" છે, જે સાહિત્યની દૃષ્ટિએ અને ગૂઢાર્થોમાં અજોડ છે ! જો ફક્ત આટલું જ હોત તો પણ કોઈ ન્યાયપ્રિય વ્યક્તિને કુર્આન મોઅ્જિઝો હોવામાં શંકા ન થઈ હોત, પરંતુ એટલું જ નહીં, અહીંયાં તો કુર્આને આખી દુનિયાના સાહિત્યકારોને ચૅલેન્જ કર્યું કે જો કોઈને પણ કુર્આન અલ્લાહનું કલામ હોવામાં શંકા છે તો તેનું ઉદાહરણ (મિસાલ) બનાવી લાવે.

હવે એક બાજુ કુર્આનનો દુનિયાના સમગ્ર લોકોને આવી રીતે પડકાર છે

તો બીજી બાજુ આખી દુનિયાના ઈસ્લામ વિરોધીઓ ઈસ્લામ અને પયગમ્બર ﷺને નાબૂદ કરવા માટે પોતાની માલ–દૌલત, ઈજ્જત–આબરૂ, ઔલાદ બધું જ ખોવા માટે તૈયાર છે, પરંતુ આ એક નાનકડું કામ કરવાની કોઈનામાં હિંમત નથી કે, કુર્આનની એક નાની સરખી સૂરતનું પણ ઉદાહરણ (મિસાલ) બનાવી લાવે ! કલ્પના કરો, કે જો આ કિતાબ અજોડ અને બેમિસાલ ન પણ હોય તો પણ એક અક્ષરજ્ઞાન ન મેળવ્યું હોય તેવા "ઉમ્મી"ની જીભ દ્વારા તેના પ્રગટ થવાની પ્રતિષ્ઠાના કારણે કુર્આનની શ્રેષ્ઠતમ્ વર્ણનશૈલી જોઈ પ્રત્યેક જાણકાર કે અભણ પણ એવું કહેવા માટે મજબૂર છે કે, કુર્આને કરીમ એક મોઅ્જિઝો (ચમત્કાર) છે.

કુર્આનનો મોઅ્જિઝો (ચમત્કાર) હોવાનું બીજું કારણ :

હવે કુર્આન મોઅ્જિઝો હોવાનું બીજું કારણ જુઓ. અગાઉ આપણે ચર્ચા કરી ચૂક્યા કે કુર્આન અને તેના હુકમો આખી દુનિયા માટે આવ્યા છે, પરંતુ તેનો સીધો સંબંધ અને તેના વડે સૌ પ્રથમ જેને સંબોધન કરવામાં આવ્યું તે લોકો તે આરબો હતા જેમનામાં અન્ય કોઈ શિક્ષણ કે કલા હોય કે ન હોય, પરંતુ સાહિત્યિક રચનાઓ અને ગદ્ય–પદ્યમાં સ્વાભાવિક રીતે જ જન્મજાત નિષ્ણાતો હતા ! આ કળામાં તેઓ સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ સમજવામાં આવતા હતા. ગદ્ય–પદ્ય સાહિત્ય અને વક્તૃત્વ કળામાં દુનિયા આખીમાં શ્રેષ્ઠ અને નિપૂણ સમજવામાં આવતી કૌમને કુર્આન સંબોધન કરીને ચૅલૅન્જ કરે છે કે, જો તમને મારા અલ્લાહનું કલામ હોવામાં લેશમાત્ર શંકા છે તો તમે ફક્ત મારી એક સૂરત જેવી મિસાલ બનાવીને બતાવી આપો ! જો કુર્આને ફક્ત તેના વર્ણનની શૈલી અને તેના શબ્દોમાં છુપાયેલા ગૂઢાર્થોની મર્યાદા સુધી આરબ કૌમને તેની મિસાલ રજૂ કરવા કહ્યું હોત તો પણ યોગ્ય હતું, પરંતુ કુર્આને ફક્ત એટલું જ નહીં બલકે, તેની શાબ્દિક ગોઠવણી અને સાહિત્યિક જોડણીના અનુસંધાને પણ આખી દુનિયાને પડકાર ફેંક્યો છે અને આ પડકાર સ્વીકાર કરવા માટે આખી દુનિયાની કૌમોમાં સૌથી વધારે હકદાર અરબો જ હતા. જો વાસ્તવમાં કુર્આન શરીફ કોઈ વ્યક્તિનું કલામ હોત અને તે અલ્લાહ તઆલાનું કલામ ન હોત તો અરબના મોટા–મોટા શાયરો માટે કોઈ મુશ્કેલ કામ ન હતું કે, એક "ઉમ્મી" વ્યક્તિના કલામની મિસાલ તો શું ? તેનાથી પણ વધારે સારૂં કલામ તરત રજૂ કરી આપે. વળી,

એક-બે માણસ આ કામ ન કરી શકે તો કુર્આને એ પણ સહૂલત કરી આપી કે આખી કૌમ (સમાજ) મળીને બનાવી લાવે, પરંતુ કુર્આનના આ જાહેર અને ખુલ્લા પડકારને અને પછી વિવિધ રીતે ગૈરત અપાવવા (સ્વાભિમાનને પડકારવા) છતાં પણ અરબની ઘમંડી કૌમ સંપૂર્ણ મૌન સેવે છે, બે-ચાર લીટીઓ પણ તેના મુકાબલામાં રજૂ કરતા નથી.

અરબના સરદારોએ કુર્આન અને ઈસ્લામને નાબૂદ કરવા તથા પયગમ્બર ﷺને દબાવી દેવા માટે જે એડી-ચોટીનું બળ વાપર્યું તે કોઈપણ ભણેલા-ગણેલા વ્યક્તિથી છૂપું નથી. શરૂઆતમાં રસૂલુલ્લાહ ﷺ અને તેમના ગણ્યાં-ગાંઠ્યા સાથીઓને જાત-જાતની તકલીફો આપીને ચાહ્યું કે તેઓ કલિમએ તવહીદ અને ઈસ્લામને છોડી દે, પરંતુ જ્યારે જોયું કે આ કોઈ નશો નથી કે જે તરત ઊતરી જાય, તો પછી ખુશામત કરવાનું અને લોભ-લાલચ આપવાનું શરૂ કર્યું. અરબનો સરદાર ઉત્બા બિન રબીઆ અરબ કૌમનો પ્રતિનિધિ બનીને આપ ﷺ પાસે હાજર થયો અને આખા અરબની દૌલત, હુકૂમત અને અત્યંત ખૂબસૂરત છોકરીઓની ઓફર કરી (લાલચ આપી), પરંતુ તેના જવાબમાં આપ ﷺએ ફક્ત કુર્આનની બે-ચાર આયતો સંભળાવવાનું પૂરતું સમજ્યું. જ્યારે આ યુક્તિ પણ કામ ન લાગી તો યુદ્ધ માટે તૈયાર થઈને હિજરત પહેલાં અને હિજરત પછી કુરૈશે રસૂલુલ્લાહ ﷺ અને મુસલમાનોના મુકાબલામાં જીવ સટોસટની બાજી લગાવી. જાન-માલ, ઔલાદ, આબરૂ બધું જ ઈસ્લામના મુકાબલામાં ખર્ચ કરવા માટે તૈયાર થઈ ગયા. આ બધું જ કર્યું, પરંતુ કોઈથી એ ન થઈ શક્યું કે, કુર્આનના ચૅલૅન્જને કબૂલ કરીને બે-ચાર લાઈનો તેના મુકાબલામાં રજૂ કરે. શું આવી પરિસ્થિતિમાં આખી અરબ કૌમનું આ બાબતે મૌન કેળવવું કુર્આન મોઅ્જિઝો હોવાની ખુલ્લી ગવાહી નથી !? અને એ વાતનું પ્રમાણ નથી કે તે માણસનું કલામ નથી બલકે અલ્લાહ જલ્લ શા'નહુનું જ કલામ છે ?! જેના કાર્ય અને કલામની મિસાલ મનુષ્ય તો શું સમગ્ર મખ્લૂકની શક્તિ બહારની વાત છે !

ફક્ત એટલું જ નહીં કે અરબોએ કુર્આનના મુકાબલામાં મૌન ધારણ કર્યું બલકે, પોતાની ખાસ મહેફિલોમાં કુર્આન અજોડ અને બેમિસાલ હોવાની કબૂલાત પણ કરી અને તેમના કલાકાર સ્વભાવ દ્વારા તેમણે આ કબૂલાતની જાહેરાત પણ

કરી, પછી તેમાંથી કેટલાક લોકો મુસલમાન થઈ ગયા અને કેટલાક લોકો પોતાના બાપ–દાદાઓના રસ્મો–રિવાજની પાબંદી અને અબ્દે મુનાફની ઔલાદની જીદના કારણે ઈસ્લામ કબૂલ કરવાથી (કુર્આન અલ્લાહનું કલામ હોવાનો સ્વીકાર કરવા છતાં) મહેરૂમ (વંચિત) રહ્યા. કુરૈશનો ઈતિહાસ આવા પ્રસંગોનો ગવાહ છે, હું એમાંથી કેટલાક પ્રસંગો વર્ણન કરું છું જેનાથી અંદાજો આવી શકે કે સમગ્ર અરબ જગતે આ કલામ બેમિસાલ અને અજોડ હોવાનો સ્વીકાર કર્યો અને તેની મિસાલ રજૂ કરવાને પોતાની બેઈજ્જતી સમજી તથા સમાજમાં હાસ્યાસ્પદ બનવાના ડરથી આવો પ્રયત્ન કરવાનું પણ છોડી દીધું. જ્યારે રસૂલે કરીમ ﷺ અને કુર્આનની ચર્ચા મક્કા બહાર હિજાજના અન્ય સ્થળોએ થવા લાગી અને હજ્જની મોસમ આવી તો મક્કાના કુરૈશીઓ એવી ચિંતામાં લાગી ગયા કે, આજુ–બાજુથી અરબો હિજાજ આવશે અને રસૂલ ﷺનું આ કલામ સાંભળશે, તો તેના ઉપર મોહી પડશે અને ધારણા અને અનુમાન એવું છે કે, તેઓ ચોક્કસ મુસલમાન થઈ જશે. આ ખતરાને દૂર કરવાની કોશીશોના ભાગરૂપે ઈસ્લામ વિરોધી મક્કાવાસીઓએ એક મિટીંગનું આયોજન કર્યું, એ મિટીંગમાં અરબના મોટા–મોટા સરદારો મૌજૂદ હતા. તેમાં વલીદ બિન મુગયરા ઉંમરમાં સૌથી મોટા અને ખૂબ બુદ્ધિશાળી સમજવામાં આવતા હતા. બધાએ વલીદ બિન મુગયરા સામે આ પરિસ્થિતિ રજૂ કરી કે "હવે દેશના ખૂણે–ખૂણેથી લોકો આવશે અને અમને આપ ﷺ વિશે પૂછશે તો અમે શું કહીએ ? એવું ન થાય કે ખુદ અમારા કહેવામાં જ કોઈ વિરોધાભાસ ઊભો થાય !" વલીદ બિન મુગયરાએ કહ્યું, "તમે જ કહો શું કહેવું જોઈએ ?"

લોકોએ કહ્યું કે, "અમારા ખ્યાલમાં આપણે બધાએ જ એવું કહેવું જોઈએ કે, (નઊઝુબિલ્લાહ) મુહમ્મદ (ﷺ) "મજનૂન" છે, તેમનું કલામ ગાંડપણ છે." વલીદ બિન મુગયરાએ કહ્યું, "તમે બિલકુલ એવું ના કહેશો કારણ કે, જ્યારે લોકો તેમની પાસે જશે અને તેમનાથી વાતચીત અને મુલાકાત કરશે અને જ્યારે તેઓને ખબર પડશે કે, આ તો એક અત્યંત બુદ્ધિશાળી ડાહ્યો માણસ છે, તો તેમને યકીન થઈ જશે કે તમે જૂઠું બોલો છો." પછી કેટલાક લોકોએ કહ્યું કે, "સારૂં અમે એવું કહીશું કે એ તો એક મોટો શાયર છે." વલીદ બિન મુગયરાએ તેની પણ મનાઈ ફરમાવી અને કહ્યું કે, "જ્યારે લોકો તેનું કલામ સાંભળશે તો તેઓ સમજી જશે કે

આ શે'ર–શાયરી નથી કારણ કે, તેઓ પોતે નિષ્ણાત શાયરો છે અને તેમને યકીન (વિશ્વાસ) થઈ જશે કે આપ ﷺ શાયર નથી, પરિણામે તેઓ તમને જૂઠા સમજશે." પછી જ્યારે લોકોએ કહ્યું કે, "અમે તેમને જ્યોતિષ કહી દઈશું, જે શયતાનો અને જિન્નાતો પાસેથી ગૈબની વાતો (અદષ્ય–ગુપ્ત વાતો) સાંભળે છે અને ખબરો આપ્યા કરે છે." વલીદ બિન મુગયરાએ કહ્યું, "એ પણ ખોટું છે કારણ કે જ્યારે લોકો તેનું કલામ સાંભળશે તો તેમને યકીન થઈ જશે કે આ કલામ કોઈ જ્યોતિષનું નથી અને પછી તેઓ તમને જૂઠા સમજશે." ત્યાર પછી કુર્આનના વિષયમાં વલીદ બિન મુગયરાના જે પ્રતિભાવ હતા તે આ પ્રમાણે હતા.

"ખુદાની કસમ ! તમારામાંથી કોઈ વ્યક્તિ શે'ર–શાયરી અને અરબની શે'રોથી મારા જેટલો વાકિફ નથી. ખુદાની કસમ ! આ કલામમાં એક વિશેષ પ્રકારની હલાવત (રસાસ્વાદ) છે અને એક ખાસ રૌનક છે, જે કોઈ શાયર અથવા ફસીહ–બલીગ (શ્રેષ્ઠ રચનાકાર)ના કલામમાં હોતી નથી."

પછી એમની કૌમે પૂછ્યું કે, "તમે જ બતાવો શું કરીએ અને આપણે લોકોને શું કહીએ ?" વલીદે કહ્યું કે, "હું વિચારીને જવાબ આપીશ." પછી ખૂબ વિચાર્યા પછી કહ્યું કે, "જો તમારે કહેવું જ છે તો તેમને "સાહિર" (જાદૂગર) કહો કે, તે પોતાના જાદૂથી બાપ–બેટા, ધણી–ધણીયાણીમાં જુદાઈ કરાવે છે."

કૌમ આ વાત ઉપર સંતુષ્ટ અને સહમત થઈ ગઈ અને બધાએ એવું કહેવાનું શરૂ કરી દીધું, પરંતુ અલ્લાહના ચિરાગને શું ફૂંકોથી બૂઝાવી (ઓલવી) શકાય છે !? હિજાજની આસપાસના લોકો આવ્યા, કુર્આન સાંભળ્યું, તેમાંથી ઘણા મુસલમાન થઈ ગયા અને અરબમાં આસપાસના પ્રદેશમાં ઈસ્લામ ફેલાઈ ગયો. અલ્હમ્દુલિલ્લાહ !

(ખસાઈસે કુબરા)

અન્ય એક ઘટનામાં કુરૈશના એક સરદાર નઝર બિન હારિસે પોતાની કૌમને સંબોધન કરીને કહ્યું,

"હે કુરૈશની કૌમ ! આજે તમે એક મુસીબતમાં સપડાઈ ગયા છો કે, આ પહેલાં આવી મુસીબતથી તમારો વાસ્તો પડયો ન હતો. મુહમ્મદ ﷺ તમારી કૌમનો એક નવયુવાન હતો અને તમે બધા તેની આદતો અને અખ્લાક ઉપર

ગર્વ અનુભવતા હતા અને પોતાની કૌમમાં સૌથી વધુ સાચો અને સૌથી વધુ અમાનતદાર સમજતા અને કહેતા હતા. હવે જ્યારે કે તેમના માથામાં સફેદ વાળ આવવા લાગ્યા અને તેમણે અલ્લાહના કલામ જેવું કશુંક રજૂ કર્યું તો તમે એમને જાદૂગર કહેવા લાગ્યા, ખુદાની કસમ ! તે જાદૂગર નથી, મેં જાદૂગરોને જોયા અને અનુભવ્યા છે. તેમના કલામને સાંભળ્યું છે, અને તેમની રીત–ભાતને સમજી છે, આ તેનાથી બિલકુલ અલગ છે અને ક્યારેક તમે તેમને જ્યોતિષ કહેવા લાગ્યા, ખુદાની કસમ ! તે જ્યોતિષ પણ નથી, અમે ઘણા જ્યોતિષોને જોયા અને તેમના કલામને સાંભળ્યાં છે અને આ કલામ તેની સાથે પણ બંધ બેસતું નથી. અને ક્યારેક તમે એને શાયર કહેવા લાગ્યા, ખુદાની કસમ ! તે શાયર પણ નથી અમે પોતે શાયરીની બધી જ કલાને શીખી અને સમજી છે અને મોટા–મોટા શાયરોના કલામ અમને યાદ છે. તેના કલામનો તેની સાથે પણ કોઈ મેળ નથી. પછી તમે ક્યારેક તેમને મજનૂન બતાવો છો, ખુદાની કસમ ! તે મજનૂન (અસ્થિર મગજનો) પણ નથી અમે ઘણા મજનૂનોને જોયા અને તેમની બકવાસને સાંભળી છે. તેમના મોં–માથા વગરના કલામને સાંભળ્યા છે, અહીંયાં એવું કંઈ જ નથી. હે મારી કૌમ ! તમે ન્યાયપૂર્વક આ બાબત ઉપર વિચાર કરો, આ ઉપરછલ્લી રીતે ટાળી દેવાની વસ્તુ નથી.''

(ખસાઈસે કુબરા, સફા : ૧૧૪, જિલ્દ : ૧)

હઝરત અબૂઝર સહાબી (રદિ.) ફ઼રમાવે છે કે, ''મારો ભાઈ ઉનૈસ એક વખતે મક્કા મુકર્રમહ ગયો, તેણે પાછા આવી મને બતાવ્યું કે એક માણસ પોતાને અલ્લાહનો રસૂલ કહે છે, મેં પૂછ્યું ત્યાંના લોકો એમના વિશે શું અભિપ્રાય ધરાવે છે ? મારા ભાઈએ કહ્યું કે કોઈ શાયર કહે છે, કોઈ જ્યોતિષ કહે છે તો કોઈ જાદૂગર કહે છે. મારો ભાઈ ઉનૈસ પોતે ઘણો સારો શાયર અને જ્યોતિષકળામાં નિષ્ણાત હતો. તેણે મને કહ્યું, જ્યાં સુધી મેં વિચાર કર્યો છે ત્યાં સુધી આ બધા લોકોની વાત ખોટી છે, તેમના કલામમાં ન શાયરી છે, ન તો જ્યોતિષવિદ્યા છે અને ન જ તો તે ગાંડપણનો બકવાસ છે. બલકે, મને તો આ કલામ સાચું હોય એમ લાગે છે.''

અબૂઝર (રદિ.) કહે છે કે, ''મારા ભાઈની આવી વાત સાંભળીને હું મક્કા ગયો અને મસ્જિદે હરામમાં આવીને રોકાયો, ૩૦ દિવસ એવી જ રીતે

પસાર કર્યા કે ઝમઝમના પાણી સિવાય કંઈ જ પેટમાં ન ગયું. આટલો સમય ન તો મને ભૂખની તકલીફ થઈ, ન તો શરીરમાં અશક્તિ જણાઈ."

(ખસાઈસ, સફા : ૧૧૬, જિલ્દ : ૧)

તેઓ પાછા ફર્યા તો લોકોને કહ્યું કે, "મેં રૉમ અને ફારિસના વિદ્વાનોના ઘણા વિદ્વતાપૂર્ણ કલામો સાંભળ્યા છે અને જ્યોતિષીઓના મંત્રો તથા હાસ્યવ્યંગોની ઘણી સાહિત્યિક રચનાઓ સાંભળી છે, પરંતુ મુહમ્મદ ﷺના કલામની મિસાલ જેવું આજ સુધી કશું નથી સાંભળ્યું. તમે બધા મારી વાત માનો અને આપ ﷺની પૈરવી કરો." આ જ કારણે ફત્હે મક્કાના સમયે તેમની સમગ્ર કૌમ લગભગ ૧૦૦૦ માણસો મક્કા જઈને મુસલમાન થઈ ગયા.

(ખસાઈસ, સફા : ૧૧૬, જિલ્દ : ૧)

ઈસ્લામ અને રસૂલુલ્લાહ ﷺના સૌથી મોટા દુશ્મનો અબૂજહલ અને અખ્નસ બિન શરીક વગેરે પણ લોકોથી સંતાઈને કુર્આન સાંભળ્યા કરતા હતા અને તેના આશ્ચર્યજનક તથા અજોડ અસરકારક વર્ણનોથી પ્રભાવિત થતા હતા, પરંતુ જ્યારે કૌમના અમુક લોકોએ તેમને કહ્યું કે, "જ્યારે તમે આ કલામને અજોડ અને બેનમૂન સમજો છો તો પછી એને કબૂલ કેમ નથી કરતા ?" તો અબૂજહલનો જવાબ એવો હતો કે, "તમને ખબર છે કે બની અબ્દે મુનાફ અને અમારા કબીલાઓ દરમિયાન હંમેશાથી દુશ્મની અને સામાજિક હરીફાઈ ચાલી આવી છે, તેઓ જે કામમાં પણ આગળ વધવા ઈચ્છતા હોય છે તેનો અમે જવાબ આપતા હોઈએ છીએ, હવે જ્યારે અમારા અને તેમના બંનેની બરાબરીની વાત સામે આવે તો તેઓ એવું કહેવા લાગશે કે અમારામાં એક નબી પૈદા થયો છે, જેના ઉપર આસમાનથી વહી આવે છે તો અમે એમનો કેવી રીતે મુકાબલો કરીશું? હું તો ક્યારેય તેનો સ્વીકાર નહીં કરું."

(ખસાઈસ)

ખુલાસો એ છે કે કુર્આનના આ દા'વા અને ચૅલૅન્જમાં ફક્ત એવું નથી કે આખા અરબસ્તાને હાર માની લીધી અને મૌન ધારણ કર્યું. બલકે, તેના અજોડ અને બેનમૂન હોવાનો તથા તેના ચમત્કારિક હોવાનો સ્વીકાર પણ કર્યો છે. જો આ કોઈ મનુષ્યનું કલામ હોત તો કોઈ કારણ ન હતું કે આખું અરબસ્તાન બલકે, આખી દુનિયા તેની મિસાલ લાવવાથી લાચાર થઈ જાત !

કુર્આન અને પયગમ્બર ﷺના મુકાબલામાં આ કાફિરો–મુશ્રિકો જાન–માલ, ઔલાદ, ઈજ્જત–આબરૂ વગેરે બધું જ દાવ પર લગાવવા માટે તો તૈયાર થઈ ગયા, પરંતુ એ માટે કોઈ આગળ ન વધ્યું કે, કુર્આનના ચૅલૅન્જને કબૂલ કરે અને બે લીટીઓ તેના મુકાબલામાં રજૂ કરી આપે !

તેનું કારણ એ હતું કે, આ લોકો ભલે અજ્ઞાનતાપૂર્ણ અમલો કરતા હતા પરંતુ સાહિત્યિક સ્વભાવ ધરાવતા હતા, જૂઠું બોલતા ન હતા. જ્યારે તેમણે કુર્આનને સાંભળીને સમજી લીધું કે, વાસ્તવમાં આ કલામની મિસાલ અમે નહીં લાવી શકીએ તો ફક્ત ધાંધલી કરવા અને કહેવા પૂરતું આ કલામ રજૂ કરવું પોતાના માટે સ્વમાનભંગ સમજતા હતા. કારણ કે, તેઓ એ પણ જાણતા હતા કે અમે કોઈ વસ્તુ રજૂ પણ કરી દઈએ તો આખા અરબના વિદ્વાનો તેના કસોટીપૂર્ણ મુકાબલામાં અમને નિષ્ફળ જાહેર કરશે અને ફોગટમાં બેઈજ્જતી થશે, એટલા માટે આખી કૌમે (સમાજે) મૌન ધારણ કર્યું અને જે વધારે લેખક (સાહિત્યિક) સ્વભાવ ધરાવતો હતો તેણે સાફ રીતે કુર્આન અલ્લાહનું કલામ હોવાનો સ્વીકાર અને ઈકરાર પણ કર્યો, જેના કેટલાક અંશો આપણે વર્ણન કરી ચૂક્યા છે.

આ બાબતમાં એક કિસ્સો એ પણ છે કે અરબના સરદાર અસ્અદ બિન ઝરારહએ આપ ﷺના કાકા હઝરત અબ્બાસ (રદિ.) સામે ઈકરાર કર્યો કે,

"અમે ફોગટમાં મુહમ્મદ ﷺનો વિરોધ કરીને અમારા સગાઈ સંબંધો તોડયા અને સંબંધો ખરાબ કર્યા. હું વિશ્વાસપૂર્વક કહું છું કે, બેશક ! તેઓ અલ્લાહના રસૂલ છે. હરગિઝ જૂઠા નથી અને જે કલામ તેઓ લાવ્યા છે તે કોઈ મનુષ્યનું કામ નથી હોઈ શકતું."

(ખસાઈસ, સફા : ૧૧૬, જિલ્દ : ૧)

કબીલા બની સલીમનો એક માણસ મુસમ્મા કૈસ રસૂલે કરીમ ﷺની સેવામાં હાજર થયો, તેમનાથી કુર્આન સાંભળ્યું અને અમુક સવાલો કર્યા, જેના જવાબો આપ ﷺએ આપ્યા, તો તે જ સમયે તે મુસલમાન થઈ ગયો. પછી પોતાની કૌમમાં પાછો ફર્યો અને લોકોથી કહ્યું,

"મેં રૉમ અને ફારસના વિદ્વાનોના કલામ સાંભળ્યા છે, ઘણા જ જ્યોતિષીઓના મંત્રોનો પણ મને અનુભવ થયો છે, હું હાસ્યવ્યંગની

સાહિત્યિક રચનાઓ પણ સાંભળતો રહ્યો છું, પરંતુ મુહમ્મદ ﷺના કલામની મિસાલ મેં આજ સુધી ક્યાંય નથી સાંભળી. તમે બધા મારી વાત માનો અને તેમની પૈરવી (અનુસરણ) કરો."

એમની ચળવળ અને તાકીદના કારણે તેમની કૌમના ૧૦૦૦ માણસો ફત્હે મક્કાના મૌકા ઉપર આપ ﷺની સેવામાં હાજર થઈને મુસલમાન થઈ ગયા.

(ખસાઈસ, પેજ નં. : ૧૧૬, જિલ્દ : ૧)

આ સ્વીકૃતિ અને ઈકરાર ફક્ત એવા લોકોનો નથી જે આપ ﷺ વિશે તટસ્થ અને નિષ્પક્ષ હતા બલકે, તે લોકોનો પણ છે જેઓ પ્રત્યેક સમયે દરેક રીતે રસૂલુલ્લાહ ﷺના વિરોધમાં લાગેલા હતા. કુર્આન વિશે પણ તેમનો એવો જ હાલ હતો, પરંતુ પોતાની જીદ અને અદેખાઈના કારણે તેને જાહેર થવા દેતા ન હતા.

અલ્લામહ સુયૂતી (રહ.)એ ખસાઈસે કુબરામાં બયહકીના હવાલાથી વર્ણન કર્યું છે કે, એક વખતે અબૂજહલ, અબૂ સુફિયાન અને અખ્નસ બિન શરીક રાત્રે પોતાના ઘરોમાંથી એટલા માટે નીકળ્યા કે સંતાઈને આપ ﷺથી કુર્આન સાંભળે. તેઓ દરેક અલગ–અલગ રીતે નીકળ્યા, એકને બીજાની ખબર ન હતી અને જુદા–જુદા ખૂણાઓમાં સંતાઈને કુર્આન સાંભળવા લાગ્યા તો તેમાં એવા તલ્લીન થઈ ગયા કે, આખી રાત પસાર થઈ ગઈ. જ્યારે સવાર થઈ તો બધા પાછા ફર્યા. યોગાનુયોગ રસ્તામાં એકબીજાનો ભેટો થઈ ગયો, એકે બીજાનો કિસ્સો સાંભળ્યો તો એકબીજાને બુરું–ભલું કહેવા લાગ્યા કે, તમે આવી ગંદી હરકત કરી અને એમનામાંથી કોઈએ એવું પણ કહ્યું કે હવેથી આવું નહીં કરીએ. કારણ કે, જો અરબના સામાન્ય જનસમૂહમાં આ વાત ફેલાઈ ગઈ તો તેઓ બધા મુસલમાન થઈ જશે.

આવું કહી–સાંભળીને બધા પોત–પોતાના ઘરે ચાલ્યા ગયા. બીજી રાત્રે ફરીથી તે દરેકના દિલમાં કુર્આન સાંભળવાની તલબ જાગી, ફરી પાછા એવી જ રીતે સંતાઈને દરેકે કુર્આન સાંભળ્યું, અહીંયાં સુધી કે રાત પસાર થઈ ગઈ. સવાર થતાં જ આ લોકો પાછા ફર્યા તો ફરી એકવાર અંદર–અંદર એકબીજાને બુરું–ભલું કહેવા લાગ્યા અને હવેથી આવું કરવાનું છોડી દેવા માટે સહમત થયા.

પરંતુ ત્રીજી રાત આવી તો ફરી એકવાર કુર્આનના સ્વાદ અને રસપ્રદ વર્ણનોએ તેમને ફરીવાર ત્યાં પહોંચવા મજબૂર કરી દીધા, ત્રીજીવાર પહોંચ્યા અને કુર્આન સાંભળીને પાછા ફર્યા તો ફરી ભેગા થઈ ગયા. હવે બધાએ નક્કી કર્યું કે, આપણે એવો કરાર કરીએ કે હવેથી આવું કદી કરીશું નહીં. એટલા માટે તેમણે આ કરારની પાબંદી કરી અને દરેક પોત–પોતાના ઘરે ચાલ્યા ગયા. સવારમાં અખ્નસ બિન શરીકે પોતાની લાકડી ઉઠાવી અને પ્રથમ અબૂ સુફિયાન પાસે ગયા અને કહ્યું, "બોલો ! તમારો આ કલામ વિશે શું મશ્વરો છે ?" તેણે દબાતા સૂરે કુર્આનની સચ્ચાઈનું સમર્થન કર્યું, તો અખ્નસે કહ્યું કે "મારું પણ એવું જ માનવું છે." તે પછી તેઓ અબુજહલ પાસે પહોંચ્યા અને તેનાથી આ જ સવાલ કર્યો કે, "મુહમ્મદનું કલામ કેવું છે ?"

અબૂજહલે કહયું કે, "ચોખ્ખી વાત છે અમારા કુટુંબ અને બનુ અબ્દે મુનાફના કુટુંબમાં હંમેશાથી સંઘર્ષ ચાલી રહયો છે. કૌમોની શ્રેષ્ઠતા તથા તેમની આગેવાનીમાં તેઓ જે મોરચે આગળ વધવા ઈચ્છે છે અમે તેમનો મુકાબાલો કરીએ છીએ. તેમણે સખાવત અને દાન–દક્ષિણા દ્રારા પોતાનો દબદબો કાયમ કરવા ઈચ્છ્યું તો અમે પણ તેમનાથી વધીને આ કામ કરી બતાવ્યું, તેમણે લોકોની જવાબદારીઓ પોતાના માથે લીધી તો અમે આ મૈદાનમાં પણ એમનાથી પાછળ ન રહયા, એટલે સુધી કે, આખું અરબસ્તાન જાણે છે કે, અમારા બન્ને કુટુંબો સરખી હૈસિયત ધરાવે છે.

આ પરિસ્થિતિમાં એમના ખાનદાનમાંથી એક અવાજ ઊઠયો કે, અમારામાં એક નબી પૈદા થયા છે જેમના ઉપર આસમાનથી વહી આવે છે. હવે સ્વાભાવિક છે કે, અમે એમનો મુકાબલો કેવી રીતે કરીશું ? એટલા માટે અમે તો નકકી કરી લીધું છે કે, અમે બળ અને શકિત દ્રારા તેનો મુકાબલો કરીશું અને હરગિજ ઈમાન નહી લાવીએ."

(ખસાઈસ સફા ૧૧૫ જિલ્દ ૧)

આ છે કુર્આનનો ખૂલ્લો ચમત્કાર (મોઅ્જિઝો) !!! જેનો દુશ્મનોને પણ સ્વીકાર કરવો પડયો છે. આ બધા કિસ્સાઓ અલ્લામહ જલાલુદીન સુયૂતી (રહ.)એ ખસાઈસે કુબરામાં વર્ણન કર્યા છે.

ત્રીજું કારણ :

કુર્આનનો મોઅ્જિઝો હોવાનું ત્રીજું કારણ એ છે કે, તેમાં ગૈબની અને હવે પછી બનનારી ઘટનાઓ અને પ્રસંગોની ઘણી બધી આગાહીઓ આવી છે, અને તે ઘટનાઓ હૂબહૂ બની પણ છે. જેમકે, કુર્આનમાં આગાહી હતી કે, રૉમ અને ફારિસના મુકાબલામાં શરૂઆતમાં ફારિસ વિજેતા થશે અને રૉમ હારી જશે, પરંતુ સાથે જ એવી ખબર પણ આપી કે, દશ વર્ષ પસાર નહીં થાય કે, ફરી રૉમન સેનાઓ ફારિસ ઉપર વિજય પ્રાપ્ત કરશે. મકકાના સરદારોએ કુર્આનની આ ખબર વિશે હઝરત સિદીકે અકબર (રદી.)થી હાર–જીતની શરત લગાવી અને પછી બરાબર કુર્આનની આગાહી પ્રમાણે રૉમન વિજયી બન્યા તો બધાને પોતાની હાર માનવી પડી અને હારનારાઓએ જે માલની શરત લગાવી હતી તે માલ તેમણે આપવો પડયો. રસૂલ ﷺએ આ માલનો સ્વીકાર ન કર્યો કારણ કે, આ એક પ્રકારનો જુગાર હતો. (હઝરત અબુબક્ર સિદીક રદિ.એ જયારે શરત લગાવી ત્યારે ઈસ્લામના ઘણા હલાલ–હરામના હુકમો નાઝિલ થયા ન હતા) એ જ પ્રમાણે ઘણા કિસ્સાઓ અને આગાહીઓ છે જે ગૈબના અને ભવિષ્યના સંદર્ભમાં કુર્આનમાં જોવા મળે છે એ બધાની સચ્ચાઈ સૂર્યના પ્રકાશની જેમ જાહેર થઈ ગઈ અને થતી રહેશે.

ચોથું કારણ :

કુર્આન મોઅ્જિઝો હોવાનું ચોથું કારણ એ છે કે, તેમાં અગાઉની ઉમ્મતો અને તેમની શરીઅતો તથા ઐતિહાસિક બાબતોનું એટલું સચોટ વર્ણન છે કે, તે સમકાલીન યહૂદીઓ અને નસારાના આલિમો કે, જેઓ અગાઉની આકાશી કિતાબોના નિષ્ણાત સમજવામાં આવતા હતા તેમને પણ આટલી વિસ્તૃત ખબર ન હતી. અને રસૂલ ﷺએ તો ક્યારેય કોઈ મદ્રસામાં પગ સુદ્ધાં મૂક્યો ન હતો, ન તો કોઈ આલિમના સહવાસમાં રહ્યા હતા અને ન જ કોઈ પુસ્તકને હાથ લગાવ્યો હતો તો પછી દુનિયાની શરૂઆતથી લઈ આપ ﷺના યુગ સુધીની દુનિયાની બધી જ કૌમો અને તેમની ઐતિહાસિક પરિસ્થિતિઓનું આટલી સાચી અને સચોટ રીતે વર્ણન અને તેમના જીવન પ્રસંગો તથા તેમની શરીઅતના ખુલાસાઓનું વર્ણન વગેરે સાબિત કરે છે કે, કુર્આન અલ્લાહનું જ કલામ છે અને અલ્લાહ તઆલાએ જ આ બધી ખબરો આપી છે.

પાંચમું કારણ :

કુર્આન મોઅ્જિઝો હોવાનું પાંચમું કારણ એ છે કે, તેની અસંખ્ય આયતોમાં લોકોના દિલોમાં ધરબાયેલી ગુપ્ત વાતોની ખબર આપી દેવામાં આવી અને પછી તેમના ઈકરારથી આ સાબિત થઈ ગયું કે, આ વાતો સાચી અને ખરી છે. આ કામ પણ આલિમુલ ગૈબ વ શ્શહાદહ (અદૃષ્ય-દૃષ્ય બાબતો જાણનાર અલ્લાહ)ના સિવાય કોઈ કહી જ નથી શકતું. કોઈ મનુષ્ય માટે આ શક્ય જ નથી.

اِذۡ هَمَّتۡ طَّآئِفَتٰنِ مِنۡكُمۡ اَنۡ تَفۡشَلَا،

"જ્યારે તમારી બે જમાઅતો(ગ્રૂપો)એ દિલમાં ઈરાદો કર્યો કે, પાછા હટીએ." (૩:૧૨૨)

અને બીજી આયતમાં,

يَقُوۡلُوۡنَ فِيۡٓ اَنۡفُسِهِمۡ لَوۡلَا يُعَذِّبُنَا اللّٰهُ بِمَا نَقُوۡلُ،

"તે લોકો પોતાના દિલોમાં કહે છે કે, અમારા ઈન્કારના કારણે અલ્લાહ તઆલા અમને અઝાબ કેમ નથી આપતો ?"

આ બધી વાતો એવી છે જેને તેમણે કોઈ પણ રીતે જાહેર નથી કરી. કુર્આને કરીમે જ તેને જાહેર કરી હતી.

છઠ્ઠું કારણ :

કુર્આન મોઅ્જિઝો હોવાનું છઠ્ઠું કારણ એ છે કે, તે આયતો જેમાં કોઈ કૌમ અથવા વ્યક્તિ વિષે એવી આગાહી કરવામાં આવી કે, તેઓ ફલાણું કામ નહીં કરી શકે અને પછી તે લોકો દેખીતી રીતે તે કામ કરવા સમર્થ હોવા છતાં તેને ન કરી શક્યા જેમ કે, યહૂદીઓ વિષે કુર્આનમાં એ'લાન કરવામાં આવ્યું કે, જો તેઓ ખરેખર અલ્લાહને પોતાનો દોસ્ત અને વલી સમજે છે તો તેમને અલ્લાહ પાસે જવાની મહોબ્બત હોવી જોઈએ, તેઓ જરા મૌતની ઈચ્છા કરીને બતાવે !

وَلَنۡ يَّتَمَنَّوۡهُ اَبَدًا،

"તેઓ હરગિજ (કદાપિ) મૌતની તમન્ના નહીં કરી શકે !" (૬૨:૭)

મૌતની તમન્ના કરવી કોઈના માટે મુશ્કેલ ન હતું. ખાસ તે લોકો માટે જેઓ કુર્આનને જૂઠાડતા હતા. કુર્આનમાં ઈરશાદ થવાના કારણે તેમનામાં મૌતની તમન્ના કરવાથી કોઈ ભય અથવા ડરનું કારણ ન હોવું જોઈએ. યહૂદીઓ માટે તો આ મૌકો મુસલમાનોને હરાવવા માટેની એક સોનેરી તક હતી કે, મૌતની તમન્ના જાહેર કરતું એ'લાન દરેક મજલિસ અને મહેફિલમાં કરવામાં આવે. પરંતુ યહૂદીઓ અને મુશ્રિકો જીભથી કુર્આનને ગમે એટલું જૂઠાડતા હતા, પરંતુ દિલમાં જાણતા હતા કે, કુર્આન સાચું છે, તેની કોઈ વાત જૂઠી નથી હોઈ શકતી, જો અમે મૌતની તમન્ના કરીશું તો તરત મરી જઈશું. એટલા માટે કુર્આનનું ખૂલ્લું ચૅલૅન્જ હોવા છતાં કોઈ યહૂદી એવી હિંમત ન કરી શક્યો કે, જીભથી માત્ર એક વખતે મૌતની તમન્નાની જાહેરાત કરે.

સાતમું કારણ :

કુર્આન મોઅ્જિઝો હોવાનું સાતમું કારણ એ છે કે, કુર્આનમાં એક ખાસ પ્રકારનું આકર્ષણ છે. સાંભળનાર ખાસ વ્યકિત હોય કે સામાન્ય, મુસલમાન હોય કે કાફિર, તેનો એવો પ્રભાવ સાંભળનારના દિલ ઉપર પડે છે અને એવી અસર પૈદા થાય છે જેને હઝરત ઝુબૈર બિન મુતઈમ (રદી.)એ ઈસ્લામ લાવવા અગાઉ ઉલ્લેખ કર્યો છે કે, અચાનક એમણે રસૂલે કરીમ ﷺને મગરિબની નમાઝમાં સૂરએ તૂર પઢતાં સાંભળ્યા, જ્યારે આપ ﷺ છેલ્લી આયત ઉપર પહોંચ્યા તો ઝુબૈર (રદી.) કહે છે કે, “મારું દિલ જાણે કે, ઉડવા લાગ્યું અને આ સૌ પ્રથમ દિવસ હતો કે, મારા દિલમાં ઈસ્લામનો પ્રભાવ પડયો.” તે આયત આ હતી,

اَمْ خُلِقُوْا مِنْ غَيْرِ شَىْءٍ اَمْ هُمُ الْخَالِقُوْنَ ۝ اَمْ خَلَقُوا السَّمٰوٰتِ وَالْاَرْضَ بَلْ لَّا يُوْقِنُوْنَ ۝ اَمْ عِنْدَهُمْ خَزَائِنُ رَبِّكَ اَمْ هُمُ الْمُصَيْطِرُوْنَ ۝

“શું તેઓ પોતાની જાતે જ બની ગયા (પૈદા થયા) છે ? અથવા તે જ પૈદા કરનારો છે ? અથવા એમણે જમીન અથવા આસમાન બનાવ્યા છે ? એવું નથી! પરંતુ તેઓ યકીન (વિશ્વાસ) નથી કરતા. શું તેઓની પાસે તારા રબના ખજાનાઓ છે અથવા તેઓ પહેરેદાર છે ?”

આઠમું કારણ :

કુર્આન મોઅ્જિઝો હોવાનું આઠમું કારણ એ છે કે, તેને વારંવાર પઢવાથી કે સાંભળવાથી કોઈ કંટાળી નથી જતું. બલકે, જેટલા વખતે પઢવામાં આવે છે એનો પઢવાનો શોખ વધતો જ ચાલ્યો જાય છે. દુનિયાના કોઈ શ્રેષ્ઠથી શ્રેષ્ઠ અને ઉચ્ચ સાહિત્યિક પુસ્તકનો પણ દાખલો લઈ લો, તેને બે–ચાર વખતે પઢવામાં આવશે તો માણસ કંટાળી જશે પછી તેને વાંચવાની કે સાંભળવાની ઈચ્છા ક્યારેય નહીં થાય. એ ફક્ત કુર્આન શરીફની જ ખાસિયત છે કે, એને જેટલું વધારે અને વારંવાર પઢવામાં આવે છે એટલો જ તેનો શોખ અને ઉત્સાહ વધતો જાય છે, આવું થવું કુર્આન અલ્લાહનું કલામ હોવાની અસરના કારણે છે.

નવમું કારણ :

કુર્આન મોઅ્જિઝો હોવાનું નવમું કારણ એ છે કે, કુર્આન એ'લાન કરે છે કે, તેની સુરક્ષાની જવાબદારી પોતે અલ્લાહે લીધી છે. તેમાં કયામત સુધી કોઈ મા'મૂલી ફેર–બદલ પણ નહીં થઈ શકે અને તે જેમનું તેમ બાકી રહેશે. અલ્લાહ તઆલાએ પોતાના આ વાયદાને એવી રીતે પૂરો કર્યો કે કુર્આન નાઝિલ થયું તેને ૧૪૦૦ થી વધુ વર્ષો પસાર થઈ ચૂક્યા છે. પ્રત્યેક સમયમાં, પ્રત્યેક યુગમાં લાખો મનુષ્યો એવા પૈદા થયા, હાલમાં છે અને થતા રહેશે કે જેઓ પોતાના દિલોમાં આખું કુર્આન શરીફ એવી રીતે સુરક્ષિત રાખે છે કે, એક ઝબર–ઝેરની ભૂલની પણ શક્યતા નથી રહેતી. દરેક સમયમાં પુરુષો, સ્ત્રીઓ, બાળકો, ઘરડાઓ કુર્આનના હાફિજ જોવા મળે છે, મોટામાં મોટો આલિમ પણ જો ક્યાંક એક ઝબર–ઝેરની પણ ભૂલ કરે છે તો નાનકડું બાળક પણ તરત તે ભૂલને પકડી પાડે છે. દુનિયાનો કોઈ ધર્મ પોતાના ધર્મપુસ્તક વિશે આવો દાખલો તો શું એના ૧૦માં ભાગની કાળજી પણ રજૂ નથી કરી શકતો. ઘણા બધા ધર્મોના ધર્મપુસ્તકો માટે આજે એવું જાણવું પણ અત્યંત મુશ્કેલ થઈ ગયું છે કે, તે મૂળ કઈ ભાષામાં લખાયું હતું અને તેના કેટલા ભાગો હતા ?

પુસ્તક સ્વરૂપમાં પણ દરેક યુગ અને સમયમાં જેટલું પ્રકાશન કુર્આન શરીફનું થયું દુનિયાના કોઈ પુસ્તકને આ પ્રતિષ્ઠા પ્રાપ્ત નથી થઈ. ઈતિહાસ ગવાહ છે કે દરેક સમયમાં મુસલમાનોની સંખ્યા ગૈરમુસ્લિમો અને કાફિરો કરતાં

ઘણી ઓછી રહી છે અને પ્રકાશન તથા પ્રચારના પણ જેટલા માધ્યમો અને સ્ત્રોતો ગૈરમુસ્લિમોની પાસે રહ્યા, મુસલમાનો પાસે તેનો કોઈ નોંધપાત્ર ભાગ પણ ન રહ્યો. આમ છતાં કોઈ કૌમ, કોઈ ધર્મની કોઈ કિતાબ દુનિયામાં આટલી મોટી સંખ્યામાં પ્રકાશિત નથી થઈ જેટલું કે કુર્આન શરીફનું પ્રકાશન થયું છે.

કુર્આનની સુરક્ષાને અલ્લાહ તઆલાએ ફક્ત પુસ્તક અને સિપારાઓ સુધી જ સીમિત નથી રાખી કે જેના સળગી જવાથી નષ્ટ થઈ જવાની સંભાવના રહે. બલકે, પોતાના બંદાઓના દિલોમાં પણ તેને સુરક્ષિત કરી દીધું. જો આજે આખી દુનિયામાંથી કુર્આન નઊઝુબિલ્લાહ ! નામશેષ કરી દેવામાં આવે તો પણ અલ્લાહની આ કિતાબ ફરીથી એવી જ રીતે સુરક્ષિત થઈ જશે જેમકે પ્રથમ હતી, અમુક જ હાફિજો મળીને બેસી જશે તો થોડાક જ કલાકોમાં સંપૂર્ણ કુર્આન નવેસરથી લખાઈ જશે. આ અજોડ સુરક્ષા પણ એકમાત્ર કુર્આનની જ ખાસિયત છે અને તે અલ્લાહનું કલામ હોવાનો એક ખુલ્લમ ખુલ્લો–સચોટ પુરાવો છે કે, જેવી રીતે અલ્લાહની જાત હંમેશા બાકી રહેવાની છે તેના ઉપર કોઈ મખ્લૂક લેશમાત્ર કાબૂ ધરાવતી નથી, એવી જ રીતે કુર્આન શરીફ તેનું કલામ છે અને તે પણ હંમેશા બધી જ મખ્લૂકોથી ઉપરવટ રહીને તેમની પહોંચની બહાર છે અને હંમેશા–હંમેશા બાકી રહેશે. કુર્આનની આ આગાહી ૧૪૦૦ વર્ષ પહેલાં આજે પ્રત્યક્ષ સાબિતી સ્વરૂપે જોઈ શકાય છે અને કયામત સુધી ઈન્શાઅલ્લાહ ! આ ક્રમ જળવાઈ રહેશે. આ ખુલ્લા મોઅ્જિઝા પછી કુર્આન અલ્લાહનું કલામ હોવામાં શું કોઈને શંકા–કુશંકા બાકી રહી શકે ખરી ?

દશમું કારણ :

કુર્આન શરીફ મોઅ્જિઝો હોવાનું દશમું કારણ એ છે કે, તેમાં જ્ઞાનપૂર્ણ ગૂઢાર્થો તથા જ્ઞાનનો મર્મ છુપાયેલો છે જે કોઈ પુસ્તકમાં ન તો આજ સુધી જોવા મળ્યો છે અને ન જ ભવિષ્યમાં એની શક્યતા છે કે, નાના વાક્યોમાં અને થોડા શબ્દોમાં એટલા બધા જ્ઞાનને એક જગ્યાએ ભેગું કરી શકાય. કુર્આને કરીમે સમગ્ર સૃષ્ટિની કાયમી જરૂરિયાતને સંતોષી માનવજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં દરેક પરિસ્થિતિ વિશે સંપૂર્ણ અને શ્રેષ્ઠ વ્યવસ્થા અને બંધારણ રજૂ કર્યું. વ્યક્તિના વ્યક્તિગત જીવનથી લઈ કૌટુંબિક જીવન સુધી, ગામડાના જીવનથી લઈ શહેરના

અને દેશના જીવન સુધી, આગળ સામૂહિક અને રાજકીય જીવન અને દેશોના પરસ્પરના રાજકીય સંબંધો વગેરે વિશે એક સંપૂર્ણ બંધારણ રજૂ કર્યું છે.

ફક્ત વૈચારિક અને જાણકારી માટે જ આ જીવન બંધારણને રજૂ કરવામાં ન આવ્યું બલકે, તેના ઉપર અમલ કરવા અને અન્ય બધી જ વ્યવસ્થાઓ તથા જગતમાં ચાલતી અત્યાચારી સિસ્ટમોને નાબૂદ કરીને કૌમોના–સમાજોના સ્વભાવ, અખ્લાક, નીતિ, સામાજિકતા અને સાંસ્કૃતિક વિકાસમાં પણ કુર્આને એક જબરદસ્ત ક્રાંતિ લાવી દીધી. જેનો નમૂનો ન તો ઈસ્લામના આગમન પહેલાનાં યુગમાં જોઈ શકાય છે અને ન જ પછીના યુગમાં તેનું ઉદાહરણ જોવા મળે છે. આ આશ્ચર્યજનક ક્રાંતિ શું કોઈ વ્યક્તિની શક્તિ અને યોજનાઓનું પરિણામ હોઈ શકે છે ? અને ખાસ કરીને જ્યારે કે તે વ્યક્તિ પોતે અક્ષરજ્ઞાન વિહોણી "ઉમ્મી" હતી અને તેની સમગ્ર કૌમ પણ "ઉમ્મી" હતી !

محذرات سراپردہائے قرآنی

چہ دلبرند کہ دل می برند پنہانی

આ જ તે મંત્રમુગ્ધ કરી દેનાર અને આશ્ચર્યચકિત્ કરનાર અસરો અને ખાસિયતો છે કે, જેના કારણે કુર્આનને અલ્લાહનું કલામ માનવા માટે દરેક તે માણસ મજબૂર થઈ જાય છે, જેનામાં થોડીઘણી પણ સૂઝબૂઝ બાકી રહી હોય અને પૂર્વગ્રહ તથા ઈર્ષ્યાએ તેના અંતરચક્ષુને નષ્ટ ન કરી દીધા હોય !

ભૌતિકતાની પૂંજા કરનારા અમુક ઈસાઈ લેખકો, જેમણે થોડું પણ કુર્આનનું ચિંતન અને મનન કર્યું, તેઓ માનવા મજબૂર થઈ ગયા કે આ એક બેમિસાલ અને અજોડ પુસ્તક છે.

ફ્રાન્સનો મશ્હૂર ડૉક્ટર માર્દરીશ જેની ફ્રાન્સની સરકારના સાંસ્કૃતિક મંત્રાલય તરફથી કુર્આન શરીફની ૬૨ સૂરતોનો ફ્રાન્સીસી ભાષામાં અનુવાદ કરવા માટે નિમણૂંક કરવામાં આવી હતી તેણે પોતાની કબૂલાત નીચે પ્રમાણે કરી છે.

"નિઃશંક ! કુર્આનની વર્ણનશૈલી સમગ્ર સૃષ્ટિના સર્જનહારની જ શૈલી છે. નિઃશંક ! જે સચ્ચાઈ અને દિવ્ય પ્રકાશ આ કલામમાં ફેલાયેલા છે, તે માત્ર

અને માત્ર એક અલ્લાહના કલામમાં જ હોઈ શકે છે, અને વાત એમ છે કે, તેનામાં શંકા-કુશંકા કરનારાઓ પણ જ્યારે તેની જબરદસ્ત તા'સીર (અસર-પ્રભાવ) અનુભવે છે તો સ્વીકાર અને કબૂલાત કરવા મજબૂર થઈ જાય છે. કરોડો મુસલમાન જેઓ પૃથ્વીના દરેક વિભાગ ઉપર ફેલાયેલા છે તેમનામાં કુર્આનની ખાસ અસર જોઈને ઈસાઈ મિશનરીઓનું કામ કરનારા સામૂહિક રીતે કબૂલાત કરે છે કે, તેઓ એક બનાવ પણ એવો રજૂ નથી કરી શકતા કે કોઈ મુસલમાને ઈસ્લામ અને કુર્આનને સમજી લીધું હોય, તે ક્યારેય મુર્તદ બન્યો હોય અથવા કુર્આનનો ઈન્કારી બન્યો હોય."

મુસલમાનોમાં કુર્આનની આવી જબરદસ્ત અસર હોવા બાબતનો સ્વીકાર આ ઈસાઈ લેખકે એવા સમયમાં કર્યો છે જ્યારે કે પોતે મુસલમાનો, ઈસ્લામ અને કુર્આનના સંદેશાઓ અને તેના શિક્ષણથી તથા તેની તિલાવતથી ગાફિલ અને દૂર થઈ ચૂક્યા છે. કાશ ! આ લેખકે ઈસ્લામ અને કુર્આનનો તે યુગ જોયો હોત, જેમાં મુસલમાનોની જિંદગીના પ્રત્યેક ક્ષેત્રમાં કુર્આન ઉપર અમલ કરવામાં આવતો હતો. જ્યારે તેમની જીભ ઉપર કુર્આનની આયતો હતી.

એ જ પ્રમાણે અન્ય ઈસાઈ લેખકોએ પણ જેઓ સાચો લેખક સ્વભાવ ધરાવે છે આ જ પ્રમાણેનો સ્વીકાર કર્યો છે. મિસ્ટર વિલિયમ મ્યુરે પણ પોતાના પુસ્તક "હયાતે મુહમ્મદ" (The Life of Muhammed)માં સ્પષ્ટ શબ્દોમાં આ વિશે સ્વીકાર કર્યો છે. ડૉક્ટર શિબલી સમીરે આ બાબતે લેખો લખ્યા છે.

કુર્આન અલ્લાહના કલામ અને આપ ﷺનો મોઅ્જિઝો હોવા વિશે દશ કારણો તમે વાંચી ગયા છો, છેવટે એક નજર એના ઉપર નાંખીએ કે હઝરત મુહમ્મદ ﷺનો જન્મ યતીમ તરીકે થયો, આખી જિંદગી કોઈ મદ્રસામાં કદમ નથી મૂક્યો, પેન અને પુસ્તકને હાથ નથી લગાડ્યો, પોતાનું નામ પણ પોતે લખી શકતા ન હતા. આ જ હાલતમાં યુવાન થયા અને આપ ﷺનો સ્વભાવ પણ એકાંતપ્રિય હતો, કોઈ રમત-ગમત, ખેલ-તમાશા, જલસાઓ, મજલિસો કે મેળાવડાઓમાં જવાની ટેવ ન હતી. આપ ﷺ શે'રો-શાયરી પણ કરતા ન હતા. કોઈ સામાજિક સમારંભોમાં પણ કોઈ વક્તવ્ય કે ખુત્બો કે તકરીર કરી ન હતી. ૪૦ વર્ષો થયા પછી જ્યારે આધેડ ઉંમરે પહોંચી ગયા કે જે ઉંમર કોઈ નવી વસ્તુ

શીખવાની નથી હોતી અને શીખવા–શીખવવાનો સમય પૂરો થઈ ચૂક્યો હોય છે, તેવા સમયે આપ ﷺની જીભ મુબારક ઉપર આશ્ચર્યચકિત્ કરી મૂકે એવું સર્વગ્રાહી, સત્યપૂર્ણ, શ્રેષ્ઠતમ્ ચમત્કારિક કલામ આવવા લાગ્યું કે, જે કોઈ મોટામાં મોટો વિદ્વવાન, નિષ્ણાત અને ઉચ્ચ કોટિના સાહિત્કાર માટે પણ શક્ય ન હતું. તેના દ્વારા અરબના મોટા–મોટા કવિઓ, સાહિત્યકારો અને સરદારોને સંબોધન ફરમાવ્યું, તેમના જલસાઓમાં પહોંચીને ખુત્બાઓ આપ્યા અને આખી દુનિયા માટે અને ખાસ કરી અરબો માટે એવું ચૅલૅન્જ આપવું કે, અગર કોઈ તેના ઈલાહી કલામ હોવામાં શંકા કરે છે તો તેના કોઈ એક વિભાગનું ઉદાહરણ બનાવીને બતાવી આપે અને આ ચૅલૅન્જ સામે આખી દુનિયા લાચાર થઈ જાય છે.

સમગ્ર અરબ કૌમ જે આપ ﷺને શરૂઆતમાં ''અમીન'' (અમાનતદાર– પ્રમાણિક)નો લકબ આપીને બોલાવતી હતી અને ખૂબ ઈજ્જત કરતી હતી. તેઓ આપ ﷺના વિરોધીઓ બની જાય છે. આપ ﷺને ઈસ્લામની તબ્લીગ (પ્રચાર)થી દૂર રાખવા માટે દૌલત, સરદારી અને દરેક પ્રકારની મનુષ્યની ઈચ્છિત વસ્તુઓની લલચામણી ઓફરો કરે છે. આપ ﷺ તે વસ્તુઓ સ્વીકારતા નથી. આખી કૌમ આપ ﷺ અને આપ ﷺના સાથીઓને સતાવે છે, તેમના ઉપર અત્યાચાર કરે છે. આપ ﷺ આ બધું જ સહન કરે છે, પરંતુ આ કલામની તબ્લીગ (પ્રચાર) છોડતા નથી. કૌમ આપ ﷺને કતલ કરવાના ષડયંત્રો રચે છે. યુદ્ધો અને લડાઈઓ લડે છે, આપ ﷺને પોતાનું વતન છોડીને મદીના તય્યિબહ ચાલ્યા જવું પડે છે. આપ ﷺની કૌમ ત્યાં પણ તેમને ચૈન–સુકૂનથી રહેવા નથી દેતી.

સમગ્ર અરબજગત અને અહલે કિતાબ (યહૂદીઓ–ઈસાઈઓ) આપ ﷺના વિરોધ ખાતર ભેગા થઈ જાય છે. વારંવાર મદીના ઉપર હુમલાઓ થાય છે. આપ ﷺના વિરોધીઓ આ બધું જ કરે છે, પરંતુ કુર્આનનું ચૅલૅન્જ સ્વીકારી એક નાની સરખી સૂરત કુર્આનના મુકાબલામાં બનાવીને રજૂ કરતા નથી. કુર્આન તેમને ગૈરત અપાવે છે અને તે છતાં પણ તેમના સ્વાભિમાનમાં જરા સરખું હલન–ચલન નથી થતું કે તેઓ કુર્આનનું ઉદાહરણ બનાવી નથી શકતા.

ફક્ત એટલું જ નથી કે, આખું અરબજગત કુર્આનની મિસાલ બનાવવાથી લાચાર હતું બલકે, પોતે આપ ﷺ પણ કે જેમના ઉપર કુર્આન નાઝિલ થયું તેઓ પણ પોતાના તરફથી તેની મિસાલ રજૂ નથી કરી શકતા. તેમના કલામ એટલે કે "હદીષ"ની શૈલી કરતાં કુર્આનની શૈલી નિઃશંક અતિઉચ્ચ પ્રકારની છે.

وَقَالَ الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَآءَ نَا ائْتِ بِقُرْاٰنٍ غَيْرِ هٰذَآ اَوْبَدِّلْهُ قُلْ مَا يَكُوْنُ لِيْٓ اَنْ اُبَدِّ لَهٗ مِنْ تِلْقَآءِ نَفْسِيْ،

"જે લોકો આખિરતમાં અમારી સામે આવવાના ઈન્કારી છે તેઓ કહે છે કે, તેના જેવું જ એક બીજું કુર્આન બનાવી આપો અથવા તેને બદલી નાંખો, તો આપ (ﷺ) કહી આપો કે, મારા માટે આ શક્ય નથી કે, હું મારા તરફથી તેને બદલી નાંખું."

એક બાજુ તો કુર્આનનો આ ખુલ્લમ ખુલ્લો મોઅ્જિઝો છે કે, જે તેના ઈલાહી કલામ હોવાની સાબિતી છે અને બીજી બાજુ તેના વિષયો, ગૂઢાર્થો અને સત્યપૂર્ણ દિવ્ય પ્રકાશ ઉપર દષ્ટિપાત કરીએ છીએ તો મંત્રમુગ્ધ થઈ આશ્ચર્યચકિત્ થઈ જવાય છે !

કુર્આન નાઝિલ થવાના શરૂઆતના સમયમાં અમુક વર્ષો તો એવી રીતે પસાર થયા કે કુર્આનનું શિક્ષણ ખુલ્લી રીતે જાહેરમાં રજૂ કરવું પણ શક્ય ન હતું. હઝરત મુહમ્મદ ﷺ ગુપ્ત રીતે લોકોને કુર્આનના સિદ્ધાંતો તરફ આમંત્રણ આપતા હતા. પછી અસંખ્ય સંઘર્ષો અને વિરોધોના ઘેરામાં રહીને કંઈક અંશે ખુલ્લમ ખુલ્લી દા'વત પણ શરૂ કરવામાં આવી, પરંતુ કુર્આને કરીમના સર્વગ્રાહી કાનૂનને લાગુ કરવાની કોઈ શક્યતા ન હતી.

મદીનાની હિજરત પછી ફક્ત દશ વર્ષ મુસલમાનોને એવા મળ્યા, જે તેમની સ્વતંત્રતાનો સમયગાળો કહી શકાય છે. જેમાં કુર્આનના બંધારણનું સંપૂર્ણ શિક્ષણ અને તેના કાનૂનને લાગુ કરવાના પ્રયત્નો તથા એ વિશે પાયાનું કામ કરી શકાયું હતું.

પરંતુ આ દશ વર્ષમાં પણ ઈસ્લામના ઈતિહાસ પર નજર નાંખશો તો જણાઈ આવશે કે શરૂઆતના છ વર્ષો દુશ્મનોના ઘેરાથી તથા મુનાફિકો અને

મદીનાના યહૂદીઓના ષડયંત્રોથી ફુરસદ જ ક્યાં હતી કે કોઈ પાયાનું કામ કરી શકાય અને એક એવી વ્યવસ્થા જે સમગ્ર દુનિયાની વ્યવસ્થાઓથી ભિન્ન પ્રકારની હોય, પ્રેક્ટિકલ (અમલી) રીતે અસ્તિત્વમાં લાવી શકાય ?! મુસલમાનો વિરૂદ્ધ મોટા–મોટા યુદ્ધો આ છ વર્ષોમાં જ થયા. બદ્રનું યુદ્ધ, ઉહદ, અહઝાબ વગેરે યુદ્ધો આ જ છ વર્ષોમાં થયા. હિજરતના છ વર્ષો પછી હુદૈબિય્યહની સંધિ દ્વારા દશ વર્ષ માટે શાંતિ કરાર લખવામાં આવ્યો, પરંતુ ફક્ત એક જ વર્ષ અરબના કુરૈશ આ સંધિ ઉપર કાયમ રહ્યા, ત્યાર પછી તેમણે આ શાંતિકરારનો ભંગ કર્યો અને ફરીવાર યુદ્ધો અને લડાઈઓનો સિલસિલો શરૂ થઈ ગયો.

ખરેખર જોવા જઈએ તો એવા ફક્ત એક–બે વર્ષો જ છે, જેમાં આપ ﷺને કુર્આનની દા'વત આમ કરવાનો સમય મળ્યો અને કુર્આનના કાનૂનને લાગુ કરવા માટે તેઓ પ્રયત્ન કરી શક્યા. આ જ સમયગાળામાં આપ ﷺએ દુનિયાના મોટા–મોટા રાજાઓને પત્રો લખ્યા અને કુર્આનની દા'વત તેમના સુધી પહોંચાડી કુર્આનના કાનૂન લાગુ કરવા અને ફેલાવવાના પ્રયત્નો કર્યા. નબીએ કરીમ ﷺને અંતિમ ઉંમર સુધી આ જ ત્રણ–ચાર વર્ષો સ્વતંત્રતાના મળ્યા, જેમાં મક્કા વિજયની લડાઈ પણ શામિલ છે અને આ જ સમયગાળામાં મક્કા ઉપર પણ વિજય પ્રાપ્ત થયો.'

હવે આ ચાર વર્ષોની ટૂંકી મુદતને જુઓ અને કુર્આનના કાનૂનની અસરકારકતા ઉપર નજર નાંખો કે આપ ﷺના ઈન્તેકાલ સમયે લગભગ આખા અરબસ્તાન ઉપર કુર્આનની હુકૂમત કાયમ થઈ ચૂકી હતી. ઈસ્લામી હુકૂમતની સીમાઓ વિસ્તરીને એક બાજુ રૉમ ની સરહદો સુધી અને બીજી બાજુ ઈરાક સુધી, ત્રીજી તરફ ઍડન સુધી પહોંચી ચૂકી હતી.

જો આપ ﷺ ઉમ્મી હતા એ બાબતને પણ ધ્યાન પર લેવામાં ન આવે, ઉપરાંત એ બાબતને પણ ગણતરીમાં ન લઈએ કે, રસૂલ ﷺની કૌમ એક એવી કૌમ હતી જેણે ક્યારેય કોઈ રાજાની રાજાશાહી સ્વીકારી ન હતી, તેને પણ ભૂલી જાઓ કે આખી દુનિયા આપ ﷺની વિરોધી હતી અને અરબના મુશ્રિકો, યહૂદીઓ તથા ઈસાઈઓ બધા જ સાથે ભેગા મળી આપ ﷺ અને કુર્આનને દુનિયામાંથી ખતમ કરવા તત્પર હતા. એવું સમજી લો કે, માહૌલ અનુકૂળ હતો

તો પણ એક નવી વ્યવસ્થા, એક નવો કાનૂન, એક નવો સિદ્ધાંત, પ્રથમ તેને બનાવવો, પછી તેનું શિક્ષણ અને સમજ આપવી, પછી તેને લાગુ પાડવો અને તેના દ્વારા એક ઉચ્ચ કક્ષાના અખ્લાકી ગુણો ધરાવતો પાક, નીતિવાન સમાજ બનાવવો, તથા આખા દેશમાં તેના દ્વારા શાંતિ અને સમૃદ્ધિ લાવવી. આ બધા માટે કેટલો સમય, કેટલી મૂડી અને કેટલી માનવશક્તિની આવશ્યકતા હોય છે ? અને શું આપ ﷺ તથા આપના સહાબએ કિરામ (રદિ.)ને આ બધી દુનિયવી ભૌતિક શક્તિઓ અને સહૂલતો પ્રાપ્ત હતી ખરી ? આજની વ્યવસ્થાઓને સામે રાખીને હિસાબ લગાવો તો આંધળાની પણ આંખો ખુલી જશે કે, આ વ્યવસ્થામાં એક પ્રકારની આધ્યાત્મિક (રૂહાની) અસર અને પ્રભાવ હતો અને અલ્લાહ તઆલાની કુદરત સિવાય તેનું અસ્તિત્વમાં આવવું શક્ય જ ન હતું.

કુર્આન મોઅ્જિઝો (ચમત્કાર) હોવાના કારણો અને તેના ખુલાસાઓનું વર્ણન એક અત્યંત લાંબી ચર્ચા છે. ઉમ્મતના ઉલમાએ તેના ઉપર સેંકડો પુસ્તકો પોત–પોતાની ઢબે આ જ વિષય ઉપર લખ્યા છે. દરેક યુગમાં વિવિધ ભાષાઓમાં તેના વિશે લખાયું છે. સૌ પ્રથમ ત્રીજી સદી હિજરીમાં જાહિજે "નજમુલ કુર્આન" નામની એક આગવી કિતાબ લખી. પછી ચોથી સદી હિજરીની શરૂઆતમાં અબૂ અબ્દુલ્લાહ વાસિતીએ "એઅ્ઝાઝુલ કુર્આન" નામની એક કિતાબ લખી. એ જ સદીમાં ઈબ્ને ઈસાએ એક નાની કિતાબ "એઅ્ઝાઝુલ કુર્આન" નામની લખી. કાજી અબૂબક્ર બાકિલ્લાનીએ પાંચમી સદીની શરૂઆતમાં "એઅ્ઝાઝુલ કુર્આન" નામથી એક લાંબી અને વિસ્તારપૂર્વક કિતાબ લખી. અલ્લામહ જલાલુદ્દીન સુયૂતી (રહ.)એ "ઈત્કાન" અને "ખસાઈસે કુબરા"માં, ઈમામ રાઝી (રહ.)ની "તફસીરે કબીર"માં, કાજી અયાઝ (રહ.)એ "શિફા"માં મોટા ખુલાસાઓ અને વિવરણો દ્વારા આ વિષયને વિગતવાર લખ્યો. છેલ્લા સમયગાળામાં મુસ્તફા સાદિક રાફિઈ મર્હૂમે "એઅ્ઝાઝુલ કુર્આન" નામથી અને જનાબ સય્યદ રશીદ રઝા મિશ્રીએ "અલ વહિયુલ મુહમ્મદી"ના નામથી સર્વગ્રાહી અને વિગતવાર પુસ્તકો લખ્યા. ઉર્દૂ ભાષામાં મારા ઉસ્તાદે મુહતરમ શયખુલ ઈસ્લામ હઝરત મવલાના શબ્બીર અહમદ ઉસ્માની (રહ.)એ પણ એક કિતાબ "એઅ્ઝાઝુલ કુર્આન"ના નામથી લખી છે.

આ પણ કુર્આન શરીફની એક આગવી ખાસિયત જ છે કે, તેના એક–એક મસ્અલા ઉપર સંપૂર્ણ તફસીરો સિવાય આગવી કિતાબો અને પુસ્તિકાઓ એટલા મોટા પ્રમાણમાં લખવામાં આવી છે કે, જેનો દાખલો મળવો મુશ્કેલ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, આ વિષયની સંપૂર્ણ વિગતો અત્રે વર્ણન કરી શકાય નહીં, પરંતુ જેટલો ઉલ્લેખ થઈ ચૂક્યો છે તે પણ એક લેખક સ્વભાવ ધરાવતા વ્યક્તિને એવું વિચારવા મજબૂર કરે છે કે, કુર્આન અલ્લાહ તઆલાનું કલામ અને રસૂલ ﷺનો સૌથી મોટો મોઅ્જિઝો છે.

અમુક શંકાઓ અને તેનું નિવારણ :

અમુક લોકો કહે છે કે, શક્ય છે કુર્આનના મુકાબલામાં જે કિતાબો અને લેખો લખવામાં આવ્યા હોય તે સુરક્ષિત ન રહી શક્યા હોય ! પરંતુ જો ન્યાયની દૃષ્ટિએ તટસ્થતાથી વિચારવામાં આવે તો એ બાબતની કોઈ શક્યતા નથી. કારણ કે, દુનિયા જાણે છે કે જ્યારથી કુર્આન શરીફ નાઝિલ થયું છે, આખી દુનિયામાં કુર્આનના માનનારા ઓછા અને વિરોધ કરનારા વધારે છે અને એ પણ ખબર છે કે, પ્રચાર–પ્રસારના માધ્યમો જેટલા કુર્આનના વિરોધીઓ પાસે છે, કોઈપણ યુગમાં તેનો નાનકડો વિભાગ પણ મુસલમાનોને પ્રાપ્ત થયો નથી. કુર્આન આટલો જાહેર અને ખુલ્લો દા'વો પોતાના વિરોધીઓ સામે કરે છે, તેમને ચૅલેન્જ આપે છે, તેમના સ્વાભિમાનને લલકારે છે, અને જ્યારે કે યહૂદીઓ અને ઈસ્લામ વિરોધીઓ ઈસ્લામ અને તેના મુકાબલામાં જાન, માલ, ઈજ્જત–આબરૂ, ઔલાદ બધાનો ભોગ આપવા માટે હંમેશા તૈયાર રહેતા હોય છે, જો તેમણે કુર્આનના ચૅલેન્જને સ્વીકાર કરી કોઈ વસ્તુ રજૂ કરી હોત તો એ કેવી રીતે શક્ય હતું કે, તે આખી દુનિયામાં પ્રકાશિત ન થયું હોત ? અને પ્રત્યેક યુગમાં કુર્આનના વિરોધીઓએ મુસલમાનોના મુકાબલામાં તેને રજૂ ન કર્યું હોત ?

ઈસ્લામની શરૂઆતમાં ફક્ત એક કિસ્સો મુસયલમા કઝ્ઝાબ યમનીનો જોવા મળે છે કે તેણે બેશરમીથી અમુક ઊલટા–સીધા વાક્યો લખીને કહ્યું હતું કે, તે આસમાની વહી છે અને કુર્આનની મિસાલ છે, પરંતુ દુનિયા જાણે છે કે તે વાક્યોનો શું હશ્ર (અંજામ) થયો. પોતે તેની કૌમે એ વાક્યો તેના મોઢા ઉપર મારી દીધા. એ વાક્યો એટલા શરમજનક અને અભદ્ર હતા કે કોઈ સભ્ય

સમાજમાં તેને વર્ણન પણ ન કરી શકાય. અલબત્ત તે વાક્યો જેવા પણ હતા, આજદિન સુધી પુસ્તકોમાં તેનો ઉલ્લેખ જોવા મળે છે. જો કોઈ અન્ય માણસે કોઈ સારૂં કલામ કુર્આનના મુકાબલામાં રજૂ કર્યું હોત તો કોઈ કારણ ન હતું કે, દુનિયાના ઈતિહાસે તેની નોંધ ન લીધી હોત અને કુર્આનના વિરોધીઓએ તેને કોઈપણ કિંમતે અન્યો સુધી પહોંચાડવાના પ્રયત્નો ન કર્યા હોત !

જેઓ કુર્આનના મુકાબલામાં દરેક વખતે છાતી કાઢીને તૈયાર રહેતા હતા, કુર્આનના આ ચૅલૅન્જના જવાબરૂપે તેમણે જાતજાતની વાતો કરી, પરંતુ એવો એક પણ કિસ્સો નોંધાયો નથી કે કુર્આનના મુકાબલામાં કોઈ મિસાલ બનાવી તે કુર્આન સમકક્ષ હોવાનો દા'વો કરવામાં આવ્યો હોય! એક રૉમન ગુલામ હતો જે મદીનામાં લુહારનું કામ કરતો હતો અને તવરાત, ઈન્જીલ પઢેલો હતો, અમુક વખતે આપ ﷺને મળતો હતો. અરબના અમુક જાહિલો અને અજ્ઞાનીઓએ પૂર્વગ્રહ અને ઈર્ષ્યાના કારણે એવી અફવા ફેલાવી દીધી કે આપ ﷺને કુર્આનના વિષયો તેણે શીખવ્યા છે. કુર્આને તેમની આ દલીલનો ઉલ્લેખ કરીને પોતે જવાબ આપ્યો કે, જે વ્યક્તિ પાસેથી આ લોકો કુર્આન શીખ્યા હોવાનું કહી રહ્યા છે તે તો પોતે "અજમી" (બિન આરબ) છે. અરબી સાહિત્યનું જ્ઞાન તેને ક્યાંથી હોય ? અને આ કુર્આન તો અરબી ભાષાની શ્રેષ્ઠતમ્ સાહિત્યિક કૃતિ પણ છે. સૂરએ નહલની ૧૦૩મી આયત જુઓ,

وَلَقَدْ نَعْلَمُ اَنَّهُمْ يَقُوْلُوْنَ اِنَّمَا يُعَلِّمُهٗ بَشَرٌ ۭ لِسَانُ الَّذِىْ يُلْحِدُوْنَ اِلَيْهِ اَعْجَمِىٌّ وَّهٰذَا لِسَانٌ عَرَبِىٌّ مُّبِيْنٌ

"અમે જાણીએ છીએ કે તેઓ (ઈસ્લામના આ વિરોધીઓ) કહે છે કે આ કુર્આન એક વ્યક્તિ શીખવાડે છે, હાલાં કે તેઓ જે વ્યક્તિ સાથે (તેનો) સંબંધ જોડે છે તે અજમી (બિન આરબ) છે અને કુર્આન તો એક અતિ ઉચ્ચ કક્ષાની અરબી ભાષામાં છે." (૧૬:૧૦૩)

અમુક લોકોએ કુર્આનના આ દા'વાના જવાબમાં કહ્યું કે,

لَوْ نَشَآءُ لَقُلْنَا مِثْلَ هٰذَآ ۙ

"જો અમે ઈચ્છયું હોત તો કુર્આન સમકક્ષ કલામ કહી આપત."

પરંતુ કોઈ એમને પુછે કે, પછી તેમણે ઈચ્છયું કેમ નહીં ! કુર્આનના મુકાબલામાં એડી-ચોટીનું જોર લગાવનાર, જાન-માલ કુરબાન કરનાર, જો તમે તેના સમકક્ષ કલામ કહેવાની શક્તિ ધરાવતા હોય તો કુર્આનના આ દા'વાના જવાબમાં તેના સમકક્ષ કલામ બનાવી વિજયનો મુકુટ (Crown) તમારા માથે કેમ ન બાંધ્યો ?!

ખુલાસો એ છે કે, કુર્આનના આ દા'વા પછી વિરોધીઓ ડાહ્યા થઈ માત્ર ચૂપચાપ બેસી ન રહ્યા બલકે, જે કંઈ પણ એમના મોઢા ઉપર આવ્યું, કુર્આનના મુકાબલામાં કહેતા રહ્યા, પરંતુ આમ છતાં કોઈએ એમ ન કહ્યું કે, અમારામાંથી ફલાણા માણસે કુર્આન જેવું કલામ લખ્યું છે, તેથી કુર્આનનો આ દા'વો (નઊઝુબિલ્લાહ) ગલત છે.

અમુક ટીકાકારોએ કહ્યું કે, "આપ ﷺ નુબુવ્વત પહેલાં સિરીયા ગયા હતા'અને રસ્તામાં યહૂદી આલિમ બુહયરાની મુલાકાત થઈ હતી તે તવરાતનો નિષ્ણાત હતો, તેની પાસેથી આપ ﷺએ આ જ્ઞાન મેળવ્યું." શું કોઈ તેમને પૂછશે કે, એક દિવસની એક મુલાકાતમાં આટલા બધા જ્ઞાન અને ઉચ્ચ સાહિત્યિક રચનાના ચમત્કાર, નૈતિક માર્ગદર્શન, સામાજિક જીવનનું બંધારણ, રાજકીય વ્યવસ્થા વગેરે કેવી રીતે શીખી લીધું ? આજકાલ અમુક વિરોધીઓ કહે છે કે, કોઈ કલામના સમકક્ષ ન બનાવી શકવું એ વાતની દલીલ નથી બની શકતી કે, તે અલ્લાહનું કલામ અને મોઅ્‌જિઝો છે. એક ઉચ્ચ કક્ષાનો નિષ્ણાત સાહિત્યકાર પણ કોઈ એવા શ્રેષ્ઠ પ્રકારની કવિતા કે સાહિત્યિક કૃતિની રચના કરે છે કે બીજો સાહિત્યકાર તેની સમકક્ષ સાહિત્ય ન પણ લાવી શકે.

શેખ સઅ્‌દી શિરાજીની "ગુલિસ્તાં" અને ફૈઝીની "તફસીરે બેનુકત" સામાન્ય રીતે અજોડ અને બેમિસાલ પુસ્તકો કહેવામાં આવે છે, તો શું તે મોઅ્‌જિઝા છે ?

ખરેખર (વાસ્તવમાં) જો વિચાર કરવામાં આવે તો ખબર પડશે કે, સઅ્‌દી અને ફૈઝી પાસે શિક્ષણનો સામાન અને પ્રકાશનના માધ્યમો વિસ્તૃત પ્રમાણમાં મૌજૂદ હતા. ઘણાં લાંબા સમય સુધી તેમણે ઔપચારિક શિક્ષણ પ્રાપ્ત કર્યું, વર્ષો સુધી મદ્રસાઓમાં પઢતા રહ્યા, રાત્રે જાગ્યા, મુદતો સુધી મહેનતો કરી,

મોટા–મોટા ઉલમા સામે શિક્ષણ લેવા અદબથી બેઠા અને વર્ષોના વર્ષો મહેનતો અને મગજ કસીને પરિણામે જો કોઈ ફૈઝી અથવા હરીરી અથવા કોઈ મુતનબ્બી અથવા કોઈ અન્ય અરબીભાષી લેખક અથવા ફારસી ભાષામાં સઅ્દી, અંગ્રેજી ભાષામાં મિલ્ટન, ગ્રીકમાં હૉમર, સંસ્કૃતમાં કાલીદાસ વગેરેની રચનાઓ શ્રેષ્ઠ સાહિત્યિક કૃતિઓ હોય તો કોઈ નવાઈની વાત નથી, પરંતુ તે પણ કોઈ ચમત્કાર નથી અને ન જ તેમની કૃતિઓ કોઈપણ પ્રકારે કુર્આનના તોલે આવી શકે છે.

મોઅ્જિઝા (ચમત્કાર)ની વ્યાખ્યા એ છે કે, તે કોઈપણ પ્રકારના ભૌતિક માધ્યમ અને દેખીતા સ્ત્રોત વિના અસ્તિત્વમાં આવે. શું આ લોકોએ કાયદેસર રીતે જ્ઞાન પ્રાપ્ત કરવા શિક્ષકો સાથે લાંબો સમય તેમના સાન્નિધ્યમાં પસાર નથી કર્યો ? શું લાંબાગાળાનો અભ્યાસ, વર્ષો સુધીની મહેનત અને જ્ઞાનગોષ્ઠીઓ જ્ઞાનના દેખીતા માધ્યમો નથી ? જો તેમની રચનાઓ તેમના જેવા બીજા સાહિત્યકારોની આવી રચનાઓથી શ્રેષ્ઠ છે તો તેમાં નવાઈ શું છે ? નવાઈ તો એ છે કે, જેણે કાગળ કે પેનને ક્યારેય હાથ નથી લગાવ્યો, કોઈ મદ્રસા કે સ્કૂલમાં પગ નથી મૂક્યો, તે દુનિયા સામે એવું પુસ્તક રજૂ કરે કે હજારો સઅ્દી, લાખો ફૈઝી તેના ઉપર કુરબાન થઈ જવાને ગર્વ સમજે અને તેમને જે કંઈ પણ જ્ઞાન અને હિકમત પ્રાપ્ત થાય તેને પણ આપ ﷺના શિક્ષણનો ફૈઝ અને પ્રેરણા સમજે. એ સિવાય સઅ્દી અને ફૈઝીની રચનાઓના સમકક્ષ રજૂ કરવાની કોઈને જરૂરત પણ શું છે ? શું તેમણે નુબુવ્વતનો દા'વો કર્યો છે અને પોતાની રચનાઓને બેમિસાલ અને અજોડ હોવાની તથા મોઅ્જિઝો હોવાની જાહેરાત કરી છે ? શું તેમણે દુનિયાને ચૅલૅન્જ કર્યું છે કે અમારી રચનાઓ સમકક્ષ કોઈ રજૂ નહીં કરી શકે, જેના પરિણામે લોકો તેનો મુકાબલો કરવા કે તેની સમકક્ષ રજૂ કરવા માટે મજબૂર થઈ જાય ?

પછી કુર્આન તો ફક્ત ઉચ્ચ સાહિત્યિક રચના અને શબ્દો–વાક્યો–પ્રાસની ગોઠવણીમાં જ શ્રેષ્ઠ અને બેમિસાલ નથી બલકે, લોકોના મન–મસ્તિષ્ક ઉપર તેનો એક આગવો પ્રભાવ પણ બેમિસાલ અને આશ્ચર્યજનક છે, જેના કારણે કૌમોનો સ્વભાવ બદલાઈ ગયો, મનુષ્યના જીવનમાં એક નૈતિક ક્રાંતિ આવી ગઈ. અરબના જાહિલ જાડી બુદ્ધિના અભણ લોકો ડહાપણ અને નૈતિકતા તથા જ્ઞાન અને હિકમતના પ્રશિક્ષક બની ગયા. આ આશ્ચર્યજનક ક્રાંતિકારી

ખાસિયતોનો સ્વીકાર ફક્ત મુસલમાનો જ નહીં, બલકે વર્તમાન સમયના સેંકડો ગૈરમુસ્લિમો પણ કરે છે. યુરોપના ઍશિયન બાબતોના નિષ્ણાત લેખકોના લેખો જો આ વિષય ઉપર ભેગા કરવામાં આવે તો એક આગવું પુસ્તક બની જાય. હકીમુલ ઉમ્મત હઝરત મવલાના અશરફ અલી થાનવી (રહ.)એ આ વિષય ઉપર એક આગવું પુસ્તક "શહાદતુલ અકવામ અલા સિદ્‌કિલ ઈસ્લામ" લખ્યું છે, તેના અમુક હવાલા નકલ કરવામાં આવે છે.

ડૉક્ટર ગુસ્તાવ લી બૉને પોતાના પુસ્તક "તમદ્દુને અરબ"માં આશ્ચર્યજનક રીતે એનો સ્વીકાર કર્યો છે, તેના લખાણનો તરજુમો નીચે પ્રમાણે છે.

"તે પયગમ્બરે ઈસ્લામ નબીએ ઉમ્મી (ﷺ)ની પણ એક આશ્ચર્યજનક કહાની છે, જેના એક અવાજે એક અબુધ પ્રજા કે જે આજદિન સુધી કોઈ પ્રદેશની હુકૂમત હેઠળ આવી ન હતી તેને કેળવણી આપી અને એવા દરજ્જાએ પહોંચાડી દીધી કે, તેણે દુનિયાની મોટી–મોટી સલ્તનતો ઊથલ–પાથલ કરી નાખી અને અત્યારે પણ તે ઉમ્મી નબી (ﷺ) પોતાની કબ્રની અંદરથી લાખો અલ્લાહના બંદાઓને ઈસ્લામના કલિમા ઉપર કાયમ રાખી રહ્યા છે."

કુર્આનનો તરજુમો પોતાની ભાષામાં કરનાર મિસ્ટર વિડલ લખે છે કે,

"આપણે આ પુસ્તક (કુર્આન)ને ઊલટ–પુલટ કરીને જેટલું પણ નિહાળીએ છીએ એટલા જ પ્રમાણમાં પ્રથમ અભ્યાસમાં જ તેના અવનવા પાસાંઓ પોતાનો રંગ જમાવે છે, પરંતુ તરત જ આપણને મંત્રમુગ્ધ પણ કરી દે છે અને તેની સાથે એકરસ બનાવી દે છે. અંતે આપણને તેની ઈજ્જત કરાવીને જ છોડે છે. તેના વર્ણન કરવાની શૈલીના સંદર્ભમાં તેના વિષયો, હેતુઓની સ્પષ્ટતા શ્રેષ્ઠ પ્રકારના અને ઉચ્ચ કોટિના છે તથા અનેક સ્થળોએ વિષયની ભાષા તેના અત્યંત ગહન ગૂઢાર્થ તરફ પહોંચી જાય છે. મતલબ કે, આ પુસ્તક પ્રત્યેક સમયમાં માનવજીવન પર પોતાનો ઊંડો પ્રભાવ બતાવે છે."

(શહાદતુલ અકવામ, પેજ નં. ૧૩)

મિસ્રના પ્રખ્યાત લેખક અહમદ ફત્હીએ ઈ.સ. ૧૮૯૮માં મિસ્ટર

ક્વિન્ટ હૅન્રીના પુસ્તક "અલ ઈસ્લામ"નો અરબીમાં તરજુમો પ્રકાશિત કર્યો હતો. મૂળ કિતાબ ફ્રેન્ચ ભાષામાં છે, તેમાં મિસ્ટર ક્વિન્ટે કુર્આન વિશે પોતાના પ્રતિભાવ નીચે પ્રમાણે આપ્યા છે.

"બુદ્ધિ દિગ્મૂઢ બની જાય એ પ્રકારનું કલામ એવા માણસની જીભ ઉપર કેવી રીતે આવ્યું, જે બિલકુલ ઉમ્મી હતા ? બધા જ પૂર્વીય લોકોએ સ્વીકાર કરી લીધો છે કે, મનુષ્યજાતિ શબ્દ અને અર્થના સંદર્ભમાં તેનું ઉદાહરણ રજૂ કરવાથી લાચાર છે. આ તે જ કલામ છે જેની ઊંચાઈ અને પ્રભાવે ઉમર બિન ખત્તાબને સંતોષિત કરી દીધા. તેમને અલ્લાહનો સ્વીકાર કરવો પડયો, આ તે જ કલામ છે કે જેના હઝરત યહ્યા (અલૈહિસ્સલામ)ની પૈદાઈશ સંબંધિત વાક્યો જા'ફર બિન અબૂ તાલિબે હબસા (ઈથોપિયા)ના બાદશાહના દરબારમાં પઢયા, તો તેની આંખોમાંથી ચોધાર આંસુઓ સરી પડયા અને તે બૂમ પાડી ઉઠયો કે આ કલામનો સ્ત્રોત તે જ છે જે હઝરત ઈસા (અલૈ.)નો છે!"

(શહાદતુલ અકવામ, પેજ નં. ૧૪)

ઍન્સાઈક્લોપિડીયા ઓફ બ્રિટાનિકા ભાગ નં. ૧૬, પેજ નં. ૫૯૯ ઉપર છે,

"કુર્આનના વિવિધ વિભાગોના સંદર્ભો એકબીજાથી બિલકુલ બંધબેસતા છે. ઘણી આયતો દીન અને નૈતિકતા ઉપર આધારિત છે. કુદરતના કરિશ્મા, ઈતિહાસ, નબીઓના ચમત્કારો વગેરે દ્વારા અલ્લાહની ઈજ્જત, મોટાઈ, મહેરબાની, દયા અને સત્યતાની યાદ અપાવવામાં આવી છે. ખાસ કરીને હઝરત મુહમ્મદ ﷺ દ્વારા અલ્લાહની તવહીદ અને તેના સર્વશક્તિમાન હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. મૂર્તિપૂંજા અને પ્રકૃતિની પૂંજા સદંતર નાજાઈઝ (નિષિદ્ધ) ઠરાવવામાં આવી છે. કુર્આન વિશે એ કહેવું બિલકુલ યોગ્ય હશે કે, તે દુનિયાભરના ઉપલબ્ધ પુસ્તકોમાં સૌથી વધુ પઢવામાં આવતું (અભ્યાસ કરવામાં આવતું) પુસ્તક છે."

બ્રિટનના પ્રખ્યાત ઈતિહાસકાર ડૉ. ગિબન પોતાની મશહૂર કિતાબ "રૉમ સલ્તનતની અધોગતિ અને પડતી" (Decline of Roman Empire)ના પાંચમા ભાગના પચાસમાં પ્રકરણમાં લખે છે,

"કુર્આન વિશે એટલાન્ટિકથી લઈ ગંગા નદી સુધી માની લેવામાં આવ્યું છે કે તેના સિદ્ધાંતોનો પાર્લામેન્ટમાં ઉપયોગ થાય છે તથા તે ઈસ્લામી રાજ્યોનું બંધારણ છે. ફક્ત તે ધાર્મિક સિદ્ધાંતો માટે જ નથી બલકે, ક્રાંતિકારી આદેશો અને કાયદાઓ માટે પણ છે કે જેના ઉપર વ્યવસ્થાનો આધાર છે, જેનાથી મનુષ્યજાતિની જિંદગીનો સંબંધ છે. જેને મનુષ્યજીવનની કેળવણી અને પરિપક્વતા સાથે ઊંડો સંબંધ છે. વાસ્તવમાં હઝરત મુહમ્મદ (ﷺ)ની શરીઅત બધા ઉપર હાવી (પ્રભાવી) છે. આ શરીઅત એવા બુદ્ધિશાળી સિદ્ધાંતો અને એ પ્રકારના કાયદાઓ ઉપર ઊભી કરવામાં આવી છે કે, આખી દુનિયામાં તેની મિસાલ નહીં મળે."

આ સ્થળે યુરોપના ઍશિયાઈ બાબતોના જાણકાર લેખકોના નિવેદનો અને કુર્આન બાબતે તેમના સ્વીકારના વર્ણનોનો અતિરેક કરવો નથી અને એની ગુંજાઈશ પણ નથી. ફક્ત નમૂના તરીકે બે–ચાર પ્રતિભાવો લખી નાંખ્યા છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે ભરોસાપાત્ર ઉચ્ચ કોટિનું સાહિત્ય, બેમિસાલ હેતુપૂર્ણ શિક્ષણ અને દિવ્યપ્રકાશ જેવી બાબતોમાં કુર્આન અજોડ અને બેમિસાલ છે, તેનો સ્વીકાર ફક્ત મુસલમાનોએ જ નહીં પરંતુ દરેક યુગના ગૈરમુસ્લિમ લેખકોએ પણ કર્યો છે.

કુર્આને આખી દુનિયાને પોતાની મિસાલ લાવવાનું ચૅલૅન્જ આપ્યું હતું અને કોઈ ન લાવી શક્યું. આજે પણ દરેક મુસલમાન દુનિયાના શિક્ષણ અને રાજકીય નિષ્ણાતોને ચૅલૅન્જ કરીને કહી શકે છે કે, આખી દુનિયાના ઈતિહાસમાં એક કિસ્સો પણ એવો નોંધાયો નથી કે મોટામાં મોટો નિષ્ણાત ફિલોસોફર ઊભો થાય છે અને આખી દુનિયાના અકીદા (માન્યતા), વિચારધારાઓ, રીત–રિવાજો વિરૂદ્ધ એક નવી વ્યવસ્થા રજૂ કરે છે અને તેની કૌમ અત્યંત જાહિલ અને અભણ હોય પછી તે આટલી થોડી મુદતમાં તેના શિક્ષણનો પ્રચાર–પ્રસાર પણ કરી દે અને તેનું અમલીકરણ પણ એટલી હદે પહોંચાડી દે કે તેનો દાખલો આજની મજબૂત અને સ્થિર વ્યવસ્થાઓમાં પણ મળવો મુશ્કેલ હોય. જગતના પ્રાચીન ઈતિહાસમાં પણ તેનો દાખલો નથી મળતો તો આજે તો ઘણી ઝાકઝમાળ, સ્વતંત્ર વિચારધારાઓ અને ગતિશીલ યુગ છે. આજે કોઈ આવું કરીને બતાવી આપે ! જો

કોઈ એક વ્યક્તિ ન કરી શકે તો પોતાની કૌમને બલકે, દુનિયાની સમગ્ર કૌમોને ભેગી કરીને તેનો દાખલો બેસાડે.

فَاِنۡ لَّمۡ تَفۡعَلُوۡا وَلَنۡ تَفۡعَلُوۡا فَاتَّقُوا النَّارَ الَّتِىۡ وَقُوۡدُهَا النَّاسُ وَالۡحِجَارَةُ اُعِدَّتۡ لِلۡكٰفِرِيۡنَ○ط

"પછી જો તમે ન કરી શકો; અને કદાપિ નથી કરી શકવાના; તો ડરો તે આગ(થી) જેનું બળતણ મનુષ્ય અને પથ્થર (છે); (જે) કાફિરોના માટે તૈયાર કરવામાં આવી (છે)."

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૨૫)

وَبَشِّرِ الَّذِيۡنَ اٰمَنُوۡا وَعَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَهُمۡ جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا
الۡاَنۡهٰرُ ؕ كُلَّمَا رُزِقُوۡا مِنۡهَا مِنۡ ثَمَرَةٍ رِّزۡقًا ۙ قَالُوۡا هٰذَا الَّذِىۡ رُزِقۡنَا مِنۡ قَبۡلُ ۙ
وَاُتُوۡا بِهٖ مُتَشَابِهًا ؕ وَلَهُمۡ فِيۡهَاۤ اَزۡوَاجٌ مُّطَهَّرَةٌ ۙ وَّهُمۡ فِيۡهَا خٰلِدُوۡنَ ﴿۲۵﴾

તરજુમો :

અને ખુશખબરી આપો, જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે નેક કામો કર્યા; કે, તેમના માટે બગીચાઓ (છે) તેની નીચેથી નહેરો વહે છે; જ્યારે પણ તેમાંથી કોઈ ફળ રિઝ્ક સ્વરૂપે ખાવા માટે આપવામાં આવશે, તેઓ કહેશે આ તે (છે) કે, જે અમને પહેલાં ખાવા માટે આપવામાં આવ્યું (હતું); હાલાં કે, તેમને તેનાથી મળતું આવતું આપવામાં આવ્યું; અને તેમના માટે તેમાં પવિત્ર પત્નિઓ (છે); અને તેઓ તેમાં હંમેશા રહેશે. (૨૫)

તફસીર :

"અને ખુશખબરી આપો, જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે નેક કામો કર્યા; કે, તેમના માટે બગીચાઓ (છે) તેની નીચેથી નહેરો વહે છે; જ્યારે પણ તેમાંથી કોઈ ફળ રિઝ્ક સ્વરૂપે ખાવા માટે આપવામાં આવશે, તેઓ કહેશે આ તે (છે) કે, જે અમોને પહેલાં ખાવા માટે આપવામાં આવ્યું (હતું); હાલાં કે, તેમને તેનાથી મળતું આવતું આપવામાં આવ્યું; અને તેમના માટે તેમાં પવિત્ર પત્નીઓ

(છે); અને તેઓ તેમાં હંમેશા રહેશે.'' [દરેક વખતે મળતું આવતું ફળ મળવું સ્વાદના કારણે હશે કે બંને વખતે ફળોનો દેખાવ તો એકસરખો જ હશે, જેનાથી તેઓ સમજશે કે આ તો પહેલાં આપ્યું હતું તે પ્રકારનું જ ફળ છે પરંતુ ખાવાનો સ્વાદ જુદો-જુદો હશે, જેના કારણે તે વધારે સ્વાદિષ્ટ લાગશે. (વલ્લાહુ અઅ્લમુ!)]

આયતોની ગોઠવણી :

આ આયતની અગાઉની આયતમાં કુર્આન શરીફને ન માનનારાઓ માટે અઝાબનું વર્ણન હતું. આ આયતમાં માનનારાઓ માટે ખુશખબરી આપવામાં આવી છે, જેમાં જન્નતના અકલ્પનીય સ્વાદિષ્ટ ફળો તથા જન્નતની પવિત્ર સ્ત્રીઓનો ઉલ્લેખ છે.

મસ્અલા અને બોધપાઠ :

જન્નતના નિવાસીઓને વિવિધ સ્વાદ ધરાવતા ફળો દેખીતી રીતે એક જ સ્વરૂપના આપવાનો હેતુ સ્વાદ અને મજાનો અનેરો આનંદ લૂંટવાનો હશે. અમુક મુફસ્સિરોએ વર્ણવ્યું છે કે, ફળોનો એકબીજાને મળતા આવતા હોવાનો મતલબ એ છે કે જન્નતના ફળો દેખાવ અને બાહ્ય સ્વરૂપમાં દુનિયાના ફળો જેવા જ હશે. જ્યારે તે જન્નતના નિવાસીઓને મળશે તો તેઓ કહેશે કે આ તો તે જ ફળો છે જે અમને દુનિયામાં મળ્યા કરતા હતા, પરંતુ સ્વાદ અને મજામાં દુનિયાના ફળોથી એને કોઈ લેવા-દેવા નહીં હોય. ફક્ત બાહ્ય દેખાવમાં નામ પૂરતી સમાનતા હશે.

જન્નતમાં તે લોકોને પાક અને પવિત્ર સ્ત્રીઓ મળશે તેનો અર્થ એ છે કે, દુનિયાની બધી જ બાહ્ય અને સ્વભાવગત અખ્લાકી ગંદકીઓથી પાક હશે. ઉપરાંત આ સ્ત્રીઓ શારીરિક..... ગંદકીઓથી (હૈજ, નિફાસ વગેરેથી) પણ પાક હશે અને પ્રત્યેક એવી વસ્તુથી પણ પાક હશે જેનાથી માણસને નફરત થાય છે. એવી જ રીતે જૂઠું બોલવું, બેવફાઈ કરવી તથા સ્ત્રીગત અન્ય ખામીઓ અને ઉણપોથી પણ પાક હશે.

છેવટે ફરમાવ્યું કે જન્નતની નેઅ્મતોને દુનિયાની નષ્ટ થનારી નેઅ્મતો જેવી ન સમજો, જેનો નાશ થવાનો ડર અને ભય પ્રત્યેક ક્ષણે રહેતો હોય છે. બલકે, જન્નતના નિવાસીઓ આ નેઅ્મતોને હંમેશા હંમેશા (ચિર્કાળ) ખુશી-ખુશી ભોગવશે.

અહીંયાં મો'મિનીનને જન્નતની ખુશખબરી આપવા માટે ઈમાન સાથે સારા કૃત્યો – નેક અમલોની પણ શરત લગાવી કે ઈમાન ન ધરાવતા વ્યક્તિના નેક કાર્યો આ ખુશખબરીના હકદાર નથી. જો કે ફક્ત ઈમાન જ જહન્નમની આગ અને તેની તકલીફોથી છુટકારાનું કારણ છે. કારણ કે, મો'મિન ગમે તેટલો ગુનેહગાર હશે, એક સમયે જહન્નમમાંથી બહાર કાઢવામાં આવશે પરંતુ જહન્નમથી સંપૂર્ણ છુટકારાનો હકદાર નેક અમલો વિના નહીં થાય.

(રૂહુલ બયાન, કુર્તુબી)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૬–૨૭)

إِنَّ اللّٰهَ لَا يَسْتَحْيٖٓ أَنْ يَّضْرِبَ مَثَلًا مَّا بَعُوْضَةً فَمَا فَوْقَهَا ۚ فَأَمَّا الَّذِيْنَ اٰمَنُوْا
فَيَعْلَمُوْنَ أَنَّهُ الْحَقُّ مِنْ رَّبِّهِمْ ۚ وَأَمَّا الَّذِيْنَ كَفَرُوْا فَيَقُوْلُوْنَ مَاذَآ أَرَادَ اللّٰهُ
بِهٰذَا مَثَلًا ۘ يُضِلُّ بِهٖ كَثِيْرًا ۙ وَّيَهْدِيْ بِهٖ كَثِيْرًا ۚ وَمَا يُضِلُّ بِهٖٓ إِلَّا الْفٰسِقِيْنَ ﴿٢٦﴾
الَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَ اللّٰهِ مِنْۢ بَعْدِ مِيْثَاقِهٖ ۖ وَيَقْطَعُوْنَ مَآ أَمَرَ اللّٰهُ بِهٖٓ أَنْ يُّوْصَلَ وَ
يُفْسِدُوْنَ فِي الْأَرْضِ ۚ أُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿٢٧﴾

તરજુમો :

નિઃશંક અલ્લાહ શરમાતો નથી કે, તે કોઈ ઉદાહરણ વર્ણન કરે જેમકે મચ્છર; બલકે, એનાથી વધીને; બસ, જે લોકો ઈમાન લાવ્યા તેઓ જાણે છે કે, તે પોતાના રબ (તરફથી) સત્ય છે; અને જે લોકોએ કુફ્ર કર્યું તેઓ કહે છે, અલ્લાહે આ ઉદાહરણથી શું ઈરાદો કર્યો ? તે એનાથી ઘણા લોકો ગુમરાહ કરે છે, અને એનાથી ઘણા લોકોને હિદાયત આપે છે; અને એનાથી ગુમરાહ નથી કરતો પરંતુ નાફરમાનોને. (૨૬) જે લોકો અલ્લાહથી પાકો કરાર (કર્યા) પછી વાયદો તોડે છે અને કાપી નાંખે છે તેને કે, જેનો હુકમ અલ્લાહે જોડી રાખવા આપ્યો; અને તેઓ પૃથ્વીમાં ફસાદ કરે છે, તેઓ તે જ લોકો (છે) જેઓ નુકસાન ઉઠાવનારા (છે). (૨૭)

તફસીર :

[કેટલાક વિરોધીઓએ કુર્આન અલ્લાહનું કલામ હોવા વિશે વાંધો ઉઠાવ્યો હતો કે તેમાં ઘણી તુચ્છ અને નજીવી વસ્તુઓનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. જેમકે મચ્છર, માંખી વગેરે. જો આ અલ્લાહનું કલામ હોત તો આવી તુચ્છ વસ્તુઓનું વર્ણન તેમાં ન થયું હોત. તેના જવાબરૂપે કહેવામાં આવ્યું કે] "નિઃશંક અલ્લાહ શરમાતો નથી કે, તે કોઈ ઉદાહરણ વર્ણન કરે જેમકે મચ્છર; બલકે, એનાથી વધીને; બસ, જે લોકો ઈમાન લાવ્યા તેઓ જાણે છે કે તે પોતાના રબ (તરફથી) સત્ય છે; અને જે લોકોએ કુફ્ર કર્યું તેઓ કહે છે, અલ્લાહે આ ઉદાહરણથી શું ઈરાદો કર્યો ? તે એનાથી ઘણા લોકો ગુમરાહ કરે છે, અને એનાથી ઘણા લોકોને હિદાયત આપે છે; અને એનાથી ગુમરાહ નથી કરતો પરંતુ નાફરમાનોને." [અલ્લાહ તઆલાએ તમામ રૂહોથી રોજે અઝલમાં જે કરાર કર્યો હતો તેને આ નાફરમાનો તોડી નાંખે છે.] "જે લોકો અલ્લાહથી પાકો કરાર (કર્યા) પછી વાયદો તોડે છે અને કાપી નાંખે છે તેને કે, જેનો હુકમ અલ્લાહે જોડી રાખવા આપ્યો;" [અત્રે બધા જ શરઈ સંબંધો શામિલ છે ભલે તે પછી બંદા અને અલ્લાહ વચ્ચેનો સંબંધ હોય, અથવા કોઈ બીજા સગાં–વહાલાં વચ્ચેનો સંબંધ હોય, અથવા તો કોઈ બે મુસલમાન ભાઈઓ વચ્ચેનો સંબંધ હોય, અથવા તો માણસ–માણસ વચ્ચેનો સંબંધ હોય.] "અને તેઓ પૃથ્વીમાં ફસાદ કરે છે," [કુફ્ર અને શિર્ક પોતે એક ફસાદ છે અને અન્યો ઉપર અત્યાચાર કરવો, ખોટી રીતે હક્ક દબાવી દેવો વગેરે પણ ફસાદ છે.] "તેઓ તે જ લોકો જેઓ નુકસાન ઉઠાવનારા છે." [આ લોકો દુનિયાની રાહત અને આખિરતની નેઅ્મત બધું જ ગુમાવી ચૂક્યા છે. કારણ કે, ઈર્ષ્યાળુઓની દુનિયાની જિંદગીમાં પણ હંમેશા કડવાશ જ રહે છે.]

મસ્અલા અને બોધપાઠ :

આયતોની ગોઠવણી :

આ આયતો અગાઉ કુર્આન શરીફમાં એ દા'વો છે કે, કુર્આન શરીફમાં કોઈ શંકા–કુશંકાની ગુંજાઇશ નથી અને જો કોઈને જરા સરખી પણ કુર્આન અલ્લાહનું કલામ હોવામાં શંકા હોય તો તે એક નાની સરખી સૂરત તેના જેવી રજૂ

કરી બતાવે. ઉપરોક્ત આયતોમાં કુર્આનના ઈન્કારીઓની એક શંકાનો જવાબ આપ્યો છે. શંકા એ હતી કે કુર્આન શરીફમાં માંખી અને મચ્છર જેવા તુચ્છ જીવ–જંતુઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આ કુર્આનની ઉચ્ચતા, પ્રતિષ્ઠા અને સન્માનથી વિપરીત બાબત છે. જો તે અલ્લાહનું કલામ હોત તો તેમાં આવી તુચ્છ વસ્તુઓનું વર્ણન ન થયું હોત. કારણ કે, મોટા લોકો આવી તુચ્છ વસ્તુઓનું વર્ણન કરવામાં શરમ અને સંકોચ અનુભવે છે !

ઉપરોક્ત વાંધાઓનો જવાબ આપવામાં આવ્યો કે, કોઈ તુચ્છ અને નજીવી વસ્તુનું ઉદાહરણ આપવું હોય તો તેના જેવી જ તુચ્છ અને નજીવી વસ્તુનો દાખલો આપવો બુદ્ધિગમ્ય અને ભાષાકીય દૃષ્ટિએ યોગ્ય હોય છે. એટલા માટે અલ્લાહ તઆલા કોઈ એવી વસ્તુનો ઉલ્લેખ કરવાથી પણ શરમાતો નથી, અને એ પણ બતાવી દીધું કે, આવા મૂર્ખાઈભર્યા વાંધા–વચકા અને શંકાઓ ફક્ત તે લોકો જ ઊભી કરે છે જેમના મન–મસ્તિષ્કમાં ઘર કરી ચૂકેલ કુફ્રના કારણે તેમની જાણવા–સમજવાની શક્તિ નષ્ટ થઈ ગઈ છે. ઈમાનવાળાઓ ક્યારેય આવી શંકાઓ ઉપસ્થિત કરતા નથી.

ત્યાર બાદ તેની એક બીજી હિકમત પણ બતાવી દીધી કે, આવા ઉદાહરણો દ્વારા લોકોની પરીક્ષા પણ થાય છે. મનન અને ચિંતન કરનારા લોકો માટે આવા દાખલાઓ હિદાયતનો માર્ગ તૈયાર કરે છે, અને લાપરવાહ તથા અભણ લોકો માટે વધારે ગુમરાહીનું કારણ બને છે અને એ પણ બતાવી દીધું કે, કુર્આન શરીફના આ ઉદાહરણોથી ફક્ત એવા તોફાની અને નપાવટ તત્ત્વો જ ગુમરાહ થશે જેઓ અલ્લાહ સાથે કરેલા પાકા કરારનો ભંગ કરે છે, અને જે સંબંધોને અલ્લાહ તઆલા જોડવાનો હુકમ આપે છે, એ લોકો તેને તોડે છે, જેના પરિણામે પૃથ્વી ઉપર ફસાદ (અરાજકતા) ફેલાય છે.

بَعُوضَةً فَمَا فَوْقَهَا આ શબ્દનો અર્થ છે કે, "મચ્છર હોય અથવા તેનાથી પણ વધુ (નજીવું)" અહીંયાં વધારે શબ્દનો અર્થ છે "નજીવું".

(મઝહરી)

يُضِلُّ بِهٖ كَثِيرًا وَّيَهْدِىْ بِهٖ كَثِيرًا કુર્આનના ઉદાહરણો દ્વારા ઘણી મખ્લૂકનું હિદાયત મેળવવું તો દેખીતું છે, પરંતુ તેના દ્વારા ઘણા લોકોને ગુમરાહ કરવાનો

મતલબ એ છે કે, જેવી રીતે આ કુર્આન તેના માનનારાઓ અને તેના પર અમલ કરનારાઓ માટે હિદાયતનું માધ્યમ છે, એવી જ રીતે તેના ઈન્કાર કરનારાઓ અને વિરોધ કરનારાઓ માટે ગુમરાહીનો સબબ પણ છે.

وَمَايُضِلُّ بِهٖٓ اِلَّا الْفَاسِقِيْنَ અહીંયાં فِسْق નો શાબ્દિક અર્થ "બહાર નીકળી જવું" થાય છે. શરીઅતની વ્યાખ્યામાં "અલ્લાહ તઆલાની તાબે'દારીમાંથી નીકળી જવાને فِسْق કહે છે." અને કુફ્ર તથા ઈન્કાર દ્વારા પણ અલ્લાહની તાબે'દારીમાંથી નીકળી જવાય છે તથા અમલ ન કરી નાફરમાની કરવાથી પણ નીકળી જવાય છે. એટલા માટે "ફાસિક" શબ્દ કાફિર માટે પણ બોલવામાં આવે છે. કુર્આન શરીફમાં મોટા ભાગે فَاسِقِيْن (ફાસિકીન) શબ્દનો કાફિરો માટે ઉપયોગ કરવામાં આવ્યો છે, તથા મો'મિન ગુનેહગારોને પણ ફાસિક કહેવામાં આવે છે. ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ (ફકીહો)ની વ્યાખ્યામાં સામાન્ય રીતે ફાસિક શબ્દનો ઉપયોગ આવા લોકો માટે કરવામાં આવે છે, અને ફાસિક (કાફિર) સિવાય તેનો અન્ય એક પ્રકાર એ પણ સમજવામાં આવે છે, જે વ્યક્તિ કોઈ કબીરા ગુનોહ (મોટો ગુનોહ) કરે અને પછી તેની તૌબા પણ ન કરે, અથવા સગીરા ગુનોહ (નાનો ગુનોહ) વારંવાર કરે અને તેની ટેવ બનાવી લે, તો ફકીહોની વ્યાખ્યામાં તે "ફાસિક" કહેવાય છે.

(મઝ્હરી)

અને જે માણસ આવું કામ કરે છે અથવા ખોટી હિંમત બતાવી નફ્ફટાઈથી જાહેરમાં ગુનાહ કરતો ફરે છે તેને فَاجِرْ (ફાજિર) કહેવામાં આવે છે.

આ આયતનો અર્થ એ છે કે, કુર્આન અને તેની આયતોથી ઘણા લોકોની હિદાયત થઈ છે અને ઘણા લોકોના હિસ્સામાં ગુમરાહી આવી, પરંતુ આ ઉદાહરણોથી ગુમરાહી ફક્ત તે લોકોના હિસ્સામાં જ આવે છે જેઓ فَاسِق (ફાસિક) છે. એટલે કે અલ્લાહની ઈતાઅત (તાબે'દારી)માંથી નીકળી જનારા હોય છે, અને જે લોકોમાં અલ્લાહનો જરા સરખો ડર પણ બાકી હોય છે તેઓ હિદાયત પ્રાપ્ત કરે છે.

اَلَّذِيْنَ يَنْقُضُوْنَ عَهْدَاللّٰهِ مِنْۢ بَعْدِ مِيْثَاقِهٖ અહીંયાં عَهْد (અહ્દ) તે કરાર અને સમજૂતીને કહેવામાં આવે છે, જે બે વ્યક્તિઓ વચ્ચે થઈ હોય અને مِيْثَاق

(મીશાક) એવા કરારને કહેવામાં આવે છે જે કરાર મજબૂત અને ખૂબ પાકો કરવામાં આવે.

આ આયતમાં પહેલી આયતના વિષયનો વધુ ખુલાસો છે અને કુર્આનના ઈન્કાર કરનારાઓનું ખરાબ પરિણામ આવવાનું વર્ણન છે કે, કુર્આનના આ ઉદાહરણોથી કે જેના ઉપર મુશ્રિકો વાંધા–વચકા ઊભા કરે છે, ફક્ત તે લોકો જ ગુમરાહ થશે જેઓ અલ્લાહ તઆલાની ફરમાંબરદારી કરવાથી બગાવત (બળવો) કરે છે, તેના બે દરજ્જાઓ છે.

પ્રથમ એ કે, એવું કરનારો તે અઝલી (અલ્લાહ સાથે કરેલા કાયમી) કરારનો ભંગ કરી તેને તોડી નાંખે છે, જે બધા જ મનુષ્યોએ પોતાના રબ સાથે કર્યો હતો. જ્યારે સમગ્ર મનુષ્યજાતિની રૂહોને આ વિશ્વની ઉત્પત્તિ પહેલાં અલ્લાહ તઆલાએ ભેગી કરી એક સવાલ કર્યો હતો اَلَسۡتُ بِرَبِّكُمۡ એટલે કે, "શું હું તમારો રબ (પરવરદિગાર) નથી ?" (૭:૧૭૨) આ સવાલ પર બધાએ જ એક સાથે હકારમાં જવાબ આપ્યો હતો, بَلٰی "હા, તમે જ છો" જેમાં ઘણી જ તાકીદ સાથે ઈકરાર છે કે, અલ્લાહ જલ્લ શા'નહુ જ અમારો રબ અને પરવરદિગાર છે અને પરવરદિગારનો જરૂરી હક્ક એ જ છે કે, આપણે સૌ તેની ઈતાઅત અને તાબે'દારી કરીએ તથા તેની નક્કી કરેલી હદોને ન ઓળંગીએ. એટલા માટે આ "અઝલી કરાર" મનુષ્ય અને અલ્લાહ તઆલા વચ્ચે થઈ ચૂક્યો હતો. હવે દુનિયામાં પૈદા થઈ ગયા પછી બધા જ અંબિયા (અલયહિમુસ્સલામ) તથા આસમાની કિતાબો દ્વારા આ કરારનું દઢિકરણ કરી, યાદ અપાવી તેના ઉપર અમલ કરવાની પદ્ધતિ બતાવવામાં આવે છે. જેણે આ કરારને તોડી નાંખ્યો તેનાથી શું આશા રાખી શકાય કે તે પયગમ્બર (અલૈહિસ્સલામ) દ્વારા લાવવામાં આવેલ આસમાની કિતાબથી કોઈ ફાયદો ઉઠાવી શકે ?

બીજું કારણ એ છે કે આ લોકોએ તે બધા જ સંબંધો અને રિશ્તાઓને કાપી નાંખ્યા છે, જેને જોડી રાખવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો હતો. આ સંબંધોમાં તે સંબંધો પણ શામિલ છે જે અલ્લાહ અને બંદાઓ વચ્ચે છે, અને તે સંબંધો પણ જે માણસના પોતાના માં–બાપ અને બીજા રિશ્તેદારો વગેરે સાથે હોય છે, અને તે સંબંધો પણ કે જે એક વ્યક્તિના પોતાના પાડોશી સાથે તથા

અન્ય લોકો સાથે હોય છે, અને તે સંબંધો પણ હોય છે જે એક સામાન્ય મુસલમાનના બીજા વ્યક્તિઓ સાથે હોય છે અને આ બધા જ સંબંધોના સંપૂર્ણ હક્કો અદા કરવાનું નામ ઈસ્લામ અથવા ઈસ્લામી શરીઅત છે, અને તેમાં ઉણપ રહી જવાથી આખી પૃથ્વીમાં ફસાદ ફેલાય છે. એટલા માટે આ વાક્યમાં يُفْسِدُوْنَ فِى الْاَرْضِ "આ લોકો પૃથ્વીમાં ફસાદ ફેલાવે છે" કહેવામાં આવ્યું. છેલ્લી આયતમાં તેમના આવા ફસાદી કૃત્યોના ખરાબ પરિણામનો ઉલ્લેખ કર્યો કે, "આ લોકો મોટી ખોટમાં છે."

દાખલો આપવા માટે ઉદાહરણ સ્વરૂપે કોઈ તુચ્છ વસ્તુનો ઉલ્લેખ કરવો ઐબ (ખામી) નથી :

اِنَّ اللّٰهَ لَا يَسْتَحْىٖ થી સાબિત થાય છે કે, કોઈ ફાયદાકારક વિષયના ખુલાસા માટે કોઈ તુચ્છ અથવા નજીવી અથવા કહેવામાં શરમ આવે એવી વસ્તુનું વર્ણન કરવું કોઈ ઐબ કે ગુનોહ નથી અને કોઈના સ્વમાન અને દરજ્જાની વિરૂદ્ધ પણ નથી. કુર્આન અને સુન્નત તથા ઉલમા અને સલફના નિવેદનોમાં અગણિત આવા ઉદાહરણો જોવા મળે છે, જેને સામાન્ય રીતે શરમ ઉપજાવનાર સમજવામાં આવે છે, પરંતુ કુર્આન અને સુન્નતે આ કહેવાતી શરમની પરવા કર્યા વગર પોતાના મુખ્ય હેતુને ધ્યાનમાં રાખી આવા દાખલાઓ આપવાથી પરહેઝ કર્યો નથી.

يَنْقُضُوْنَ عَهْدَاللّٰهِ થી સાબિત થયું કે, કરાર અને સમજૂતીનો ભંગ કરવો ઘણો સખત ગુનોહ છે, જેનું પરિણામ બધી નેકીઓથી હાથ ધોઈ નાંખવા સ્વરૂપે આવી શકે છે.

સંબંધો અને પરસ્પરના શરઈ હક્કો અદા કરવા વાજિબ છે, તેના વિરૂદ્ધ વર્તન કરવું મોટો ગુનોહ છે :

وَيَقْطَعُوْنَ مَآ اَمَرَ اللّٰهُ بِهٖٓ اَنْ يُّوْصَلَ થી સ્પષ્ટ થઈ ચૂક્યું કે, જે સંબંધો અને સગાઈઓ ઈસ્લામી શરીઅતે કાયમ કરવાનો હુકમ આપ્યો છે, તેને ટકાવી રાખવી જરૂરી અને ખૂબ અગત્યની બાબત છે, આ સંબંધો તોડવા હરામ છે. વિચાર કરો, જો દીન અને ધર્મ તેનું જ નામ છે કે, વ્યક્તિગત અને સામૂહિક જીવનમાં શરીઅતે નક્કી કરેલ મર્યાદાઓ અને સીમાઓ નક્કી કરવામાં આવે

અને અલ્લાહના હક્કો તથા બંદાના હક્કોને પૂરા કરવા માટે કમર કસી લેવામાં આવે તથા આ દુનિયાની સુલેહ અને ફસાદ, શાંતિ અને તોફાન વગેરે માટે તથા દરેક પ્રકારના સંબંધો ટકાવી રાખવા અથવા તોડી નાંખવા માટે જો શરીઅતના માપદંડોને જ આધાર બનાવવામાં આવે છે તો તેનું નામ જ "ઈસ્લામ" છે, આ રીતે જે સંબંધોને જોડવાનો અલ્લાહે હુકમ આપ્યો છે અને જો કોઈ આ સંબંધોને તોડી નાંખે છે તો તેને وَيُفْسِدُونَ فِى الْاَرْضِ ના શબ્દોમાં દુનિયામાં ફસાદ (અરાજકતા ફેલાવવાનું કારણ) બતાવવામાં આવ્યું છે.

اُولٰٓئِكَ هُمُ الْخٰسِرُوْنَ માં નુકસાન ઉઠાવનાર એવા માણસને ઠરાવવામાં આવ્યો છે કે, જે ઉપરોક્ત હુકમોનો અનાદર કરે અને તેના વિરૂદ્ધ કાર્ય કરે. તેમાં એ પણ ઈશારો છે કે અસલ નુકસાન તો આખિરતનું જ છે, દુનિયાનું નુકસાન સમયે બહું દિલગીર થવાની જરૂર નથી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૨૮–૨૯)

كَيْفَ تَكْفُرُوْنَ بِاللّٰهِ وَكُنْتُمْ اَمْوَاتًا فَاَحْيَاكُمْ ۚ ثُمَّ يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ ثُمَّ
اِلَيْهِ تُرْجَعُوْنَ ﴿٢٨﴾ هُوَ الَّذِىْ خَلَقَ لَكُمْ مَّا فِى الْاَرْضِ جَمِيْعًا ۗ ثُمَّ اسْتَوٰٓى اِلَى السَّمَآءِ
ع فَسَوّٰىهُنَّ سَبْعَ سَمٰوٰتٍ ؕ وَهُوَ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ﴿٢٩﴾ ع

તરજુમો :

કેવી રીતે તમે અલ્લાહ સાથે કુફ્ર કરો છો ? અને તમે નિર્જીવ હતા તો તેણે તમને જીવન અર્પણ કર્યું, પછી તમને મૌત આપશે, ફરી તમને સજીવન કરશે, પછી તેના તરફ તમે લોટાવવામાં આવશો. (૨૮) તે (અલ્લાહ) જેણે તમારા માટે જમીનમાં જે કંઈ (છે) બધું પૈદા કર્યું; પછી આસમાન તરફ ઈરાદો કર્યો; તેને સાત આસમાન ઠીક બનાવી દીધા; અને તે દરેક વસ્તુ જાણનારો (છે). (૨૯)

તફસીર :

"કેવી રીતે તમે અલ્લાહ સાથે કુફ્ર કરો છો ?" [તેના અહેસાનોને ભૂલાવી

આપો છો અને ઉપકારનો બદલો અપકારથી આપો છો, અલ્લાહને છોડી અન્યોનો કલિમો પઢો છો. હાલાં કે, એ વાતની દલીલ સ્પષ્ટ રીતે જાહેર થઈ ગઈ છે કે, ફક્ત અલ્લાહ જ એકમાત્ર ઈબાદતના લાયક છે અને તે દલીલો દાખલા તરીકે] "અને તમે નિર્જીવ હતા" [એટલે કે માતાના ગર્ભમાં રૂહ દાખલ થતાં પહેલાં નિર્જીવ હતા.] "તો તેણે તમને જીવન અર્પણ કર્યું, પછી તમને મૌત આપશે, ફરી તમને સજીવન કરશે," [એટલે કે કયામતના દિવસે તમને સજીવન કરશે.] "પછી તેના તરફ તમે લોટાવવા (પાછા ફેરવવા)માં આવશો." [એટલે કે કયામતના મૈદાનમાં હિસાબ–કિતાબ માટે હાજર કરવામાં આવશો.] "તે જેણે તમારા માટે જમીનમાં જે કંઈ (છે) બધું પૈદા કર્યું;" [પૃથ્વી ઉપર મનુષ્ય જાતિના ફાયદા માટે ખાવા–પીવા, પહેરવા–ઓઢવા, શાદી અથવા બીજી જીવન જરૂરી ચીજવસ્તુઓ પૈદા કરી, જેનાથી સ્પષ્ટ થઈ ગયું કે, દુનિયાની કોઈ વસ્તુ એવી નથી જે મનુષ્યને લાભ ન પહોંચાડતી હોય, પરંતુ એનો અર્થ એ નથી કે પૃથ્વી પરની પ્રત્યેક વસ્તુનો ઉપયોગ હલાલ હોવો જોઈએ. જેવી રીતે હળાહળ ઝેર પણ માણસને ફાયદો પહોંચાડે છે પરંતુ તેનો ખોરાક તરીકે ઉપયોગ કરવો બૌદ્ધિક રીતે પણ અને શરીઅતની રૂએ પણ હરામ છે.] "પછી આસમાન તરફ ઈરાદો કર્યો;" [એટલે કે તેના સર્જનને સંપૂર્ણ અને ઠીક કરવા માટે ઈરાદો કર્યો.] "તેને સાત આસમાન ઠીક બનાવી દીધા; અને તે દરેક વસ્તુ જાણનારો (છે)."

મસ્અલા અને બોધપાઠ :

અગાઉની આયતોમાં અલ્લાહનું અસ્તિત્વ, તવહીદ અને રિસાલત (પયગંબરી)ની સ્પષ્ટ દલીલો તથા વિરોધીઓ અને ઈન્કારીઓની બાતિલ (ખોટી) વિચારસરણીઓનો રદિયો આપવામાં આવ્યો હતો. ઉપરોક્ત બે આયતોમાં અલ્લાહ તઆલાના ઉપકારો અને ઈનામોનું વર્ણન કરીને આશ્ચર્ય (તા'જ્જુબ) કરવામાં આવ્યું છે કે, આટલા બધા અહેસાનો હોવા છતાં આ જાલિમો (અત્યાચારીઓ) કેવી રીતે કુફ્ર અને ઈન્કારમાં રાચે છે. જેમાં તાકીદ કરવામાં આવી કે, જો તમે આ દલીલો ઉપર વિચાર કરવાની તસ્દી નથી લેતા તો ઓછામાં ઓછું ઉપકાર કરનારના અહેસાનને માનવું અને તેની ઈજ્જત અને તાબે'દારી કરવી પ્રત્યેક શરીફ (ડાહ્યા) માણસનો સ્વભાવગત ગુણ હોય છે. એ રીતે પણ તમે અલ્લાહની ઈતાઅતમાં આવી જાઓ !

પ્રથમ આયતમાં તે ખાસ નેઅ્મતોનો ઉલ્લેખ છે જે દરેક માણસના શરીર સાથે સંબંધ ધરાવે છે કે, પ્રથમ તે નિર્જીવ હતો પછી અલ્લાહ તઆલાએ તેને પૈદા કર્યો.

બીજી આયતમાં તે સર્વસામાન્ય નેઅ્મતોનું વર્ણન છે, જેનાથી માણસ અને બધી જ મખ્લૂકો લાભ ઉઠાવે છે અને તે માણસનું જીવન અને તેના અસ્તિત્વને ટકાવી રાખવા માટે આવશ્યક છે. દાખલા તરીકે, પૃથ્વી અને તેમાંથી ઉત્પન્ન થનારી વસ્તુઓનું વર્ણન કરવામાં આવ્યું, જેનાથી વ્યક્તિને ખૂબ નજીકનો સંબંધ છે, પછી આસમાનોનું વર્ણન કર્યું કે જેના પર પૃથ્વીનું અસ્તિત્વ અવલંબિત છે.

كَيْفَ تَكْفُرُوْنَ بِاللّٰهِ "કેવી રીતે તમે અલ્લાહ સાથે કુફ્ર કરો છો ?" તે લોકો જો કે ખુલ્લમ–ખુલ્લા અલ્લાહનો ઈન્કાર નથી કરતા, પરંતુ રસૂલ ﷺનો ઈન્કાર કરવાને અલ્લાહનો જ ઈન્કાર ઠરાવવામાં આવ્યો અને તેમને આ પ્રમાણે સંબોધન કરવામાં આવ્યું છે.

وَكُنْتُمْ اَمْوَاتًا فَاَحْيَاكُمْ શબ્દ اَمْوَاتٌ (અમ્વાત) એ مَيِّتٌ (મય્યિત)નું બહુવચન છે, તે નિર્જીવ અને મૂર્ત વસ્તુઓ માટે કહેવામાં આવે છે, તેનો અર્થ એ છે કે, જો મનુષ્ય પોતાની વાસ્તવિકતા ઉપર વિચાર કરે તો ખબર પડશે કે તેના અસ્તિત્વની શરૂઆત, તે નિર્જીવ તત્ત્વ હતું, જે અમુક પ્રવાહી સ્વરૂપે, અમુક ખોરાક સ્વરૂપે, અમુક હવા–પાણી સ્વરૂપે આખી દુનિયામાં ફેલાયેલ હતું. અલ્લાહ તઆલાએ આ બધા તત્ત્વોને ક્યાં ક્યાંથી ભેગા કર્યા પછી તેમાં જીવ નાંખ્યો અને તેને જીવતો–જાગતો મનુષ્ય બનાવી દીધો. આ મનુષ્યના અસ્તિત્વની શરૂઆતનો ઉલ્લેખ છે.

ثُمَّ يُمِيْتُكُمْ ثُمَّ يُحْيِيْكُمْ એટલે જેવી રીતે પ્રથમ વખતે તમને નિર્જીવ તત્ત્વોને ભેગા કરીને અસ્તિત્વમાં લાવવામાં આવ્યા હતા. એ જ પ્રમાણે આ દુનિયવી જિંદગી પૂર્ણ થયા પછી તે તમને મૌત આપી દેશે અને પછી એક સમય પછી કયામતમાં તમારા શરીરના નિર્જીવ અને ફેલાયેલા તત્ત્વોને ભેગા કરીને તમને સજીવન કરશે. એવી રીતે એક મૌત મનુષ્યના અસ્તિત્વમાં આવતાં પહેલાં જ હતું, પછી અલ્લાહે જીવન અર્પણ કર્યું, બીજું મૌત દુનિયાની જિંદગી પૂરી થવાના સમયે આવ્યું અને બીજી જિંદગી કયામતના દિવસે હશે.

પહેલા મૌત અને જિંદગીના મધ્યમાં કોઈ અંતર ન હતું, એટલા માટે તેમાં ف શબ્દનો ઉપયોગ થયો છે. فَاَحۡيَاكُمۡ દુનિયાના જીવન અને મૌતની વચ્ચે અને એવી જ રીતે તે મૌત અને કયામતના જીવન વચ્ચે ખાસ્સો સમય છે. એટલા માટે ત્યાં ثُمَّ શબ્દ વાપરવમાં આવ્યો છે. يُمِيۡتُكُمۡ ثُمَّ يحييكُمۡ કારણ કે, ثُمَّ શબ્દ એક સમય પછી આવનારી વસ્તુ માટે વાપરવામાં આવે છે.

ثُمَّ اِلَيۡهِ تُرۡجَعُوۡنَ ط એટલે કે, "પછી તેના તરફ તમે લોટાવવા (પાછા ફેરવવા)માં આવશો." આનો અર્થ હિસાબ–કિતાબ અને કયામતનો સમય છે.

આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના તે ઈનામો અને ઉપકારોનું વર્ણન કર્યું છે, જે દરેક મનુષ્યના પોતાના શરીર સાથે સંબંધ ધરાવે છે, અને જે બધા જ ઈનામો અને ઉપકારોનો આધાર છે, એટલે કે, "માનવજીવન" ! દુનિયા અને આખિરત તથા જમીન અને આસમાનની જેટલી નેઅ્મતો મનુષ્યને પ્રાપ્ત થઈ છે તે બધી આ માનવજીવન સાથે જ સંબંધ ધરાવે છે. જો જીવન ન હોય તો આ નેઅ્મતોથી કોઈ લાભ નથી. જિંદગીનું પોતે એક નેઅ્મત હોવું તો દેખીતું છે, પરંતુ આ આયતમાં મૌતને પણ નેઅ્મતોની લિસ્ટમાં એટલા માટે શામિલ કરવામાં આવ્યું છે કે, દુનિયામાં આવતી મૌત તે જિંદગી માટેનો એક દરવાજો છે કે, જેના પછી હંમેશા–હંમેશ રહેનારી જિંદગી છે અને ત્યાં મૌત નથી અને આ જ કારણથી મૌત પણ એક નેઅ્મત છે.

મસ્અલો :

ઉપરોક્ત આયતથી સાબિત થાય છે કે,

જે માણસ રસૂલે કરીમ ﷺને રસૂલ માનવાનો ઈન્કાર કરે અથવા કુર્આનને અલ્લાહનું કલામ હોવાનો ઈન્કાર કરે અને તે દેખીતી રીતે અલ્લાહના અસ્તિત્વ, તેની મોટાઈનો ઈન્કાર ન પણ કરતો હોય તો પણ અલ્લાહ તઆલા સમીપ તે અલ્લાહના ઈન્કારીની યાદીમાં જ શામિલ છે.

બરઝખની જિંદગી (મૌતથી લઈ કયામતના દિવસ સુધીની જિંદગી) :

આ આયતમાં દુનિયાની જિંદગી અને મૌત પછીની ફક્ત એક જ જિંદગીનું વર્ણન છે, જે કયામ્મતના દિવસે આવવાની છે. કબ્રની જિંદગી જેના દ્વારા કબ્રના સવાલ–જવાબ અને કબ્રમાં સવાબ અને અઝાબ થવો કુર્આન શરીફની અસંખ્ય

આયતો અને અનેક હદીષોથી સાબિત થયું છે તેનું વર્ણન નથી.

કારણ એ છે કે બરઝખની જિંદગી એ પ્રમાણેનું જીવન નથી જે રીતે કે મનુષ્યને આ જગતમાં જીવન પ્રાપ્ત થયું છે અથવા આખિરતમાં થશે. બલકે, એ બંને વચ્ચેની એક સ્વપ્ન જેવી જિંદગીનું સ્વરૂપ છે. તેમાં દુનિયાની જિંદગીનો અંત અને આખિરતની જિંદગીની શરૂઆત પણ છે. એટલા માટે તે કોઈ આગવું જીવન નથી જેના કારણે તેનું અલગથી વર્ણન કરવામાં આવે.

هُوَالَّذِىْ خَلَقَ لَكُمْ مَّافِى الْاَرْضِ جَمِيْعًا *"તે જેણે તમારા માટે જમીનમાં જે કંઈ (છે) બધું પૈદા કર્યું;"* આ તે સર્વસામાન્ય નેઅ્‌મતોનું વર્ણન છે જેમાં મનુષ્ય અને પ્રાણીજગત વગેરે પણ શામિલ છે અને એક શબ્દમાં તે તમામ નેઅ્‌મતોને ભેગી કરી દીધી જે નેઅ્‌મતો માણસને દુનિયામાં પ્રાપ્ત થઈ છે અથવા થઈ શકે છે. કારણ કે, માણસનો ખોરાક, પહેરવેશ, મકાન, દવા અને રાહતનો બધો જ સામાન જમીનમાંથી પૈદા કરવામાં આવ્યો છે.

ثُمَّ اسْتَوٰىٓ اِلَى السَّمَآءِ فَسَوّٰهُنَّ سَبْعَ سَمٰوٰتٍ وَّهُوَ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ

શબ્દ إِسْتِوَاء (ઈસ્તિવા)નો શાબ્દિક અર્થ "સીધા કરવાનો" છે. આનો અર્થ એ છે કે, પૃથ્વીની ઉત્પત્તિ પછી અલ્લાહ તઆલાએ આસમાનોના સર્જનનો ઈરાદો કર્યો જેમાં કોઈ અવરોધ કે અડચણ નથી. અહીંયાં સુધી કે સાત આસમાનોનું સર્જન પૂર્ણ કર્યું અને તે બધી જ બાબતોનો જાણવાવાળો છે, એટલા માટે સૃષ્ટિનું સર્જન કરવું તેના માટે કોઈ મુશ્કેલ કામ નથી.

પૃથ્વીનો પ્રત્યેક પદાર્થ લાભદાયક છે, કોઈ વસ્તુ બેકાર નથી :

આ આયતમાં વિશ્વની બધી જ વસ્તુઓને માણસ માટે પૈદા કરી હોવાનું વર્ણન છે.

(૧) દુનિયાની દરેક વસ્તુ મનુષ્ય માટે લાભદાયક છે :

એક વાતની જાણ થઈ કે, દુનિયાની કોઈ વસ્તુ એવી નથી જેનાથી માણસને કોઈને કોઈ સ્વરૂપે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે લાભ ન મળતો હોય. ભલે તે લાભનો ઉપયોગ દુનિયામાં કરવાનો હોય અથવા આખિરતના માટે ઈબરત અને નસીહત (શિખામણ) પ્રાપ્ત કરવા માટે હોય. ઘણી વસ્તુઓનો લાભ

તો માણસ અનુભવે છે જેમકે, મનુષ્યનો ખોરાક અથવા દવાનો ઉપયોગ વગેરે પ્રત્યક્ષ લાભો છે, અને ઘણી વસ્તુઓ એવી છે કે જેનાથી મનુષ્યને લાભ તો મળે છે પરંતુ તેને એની ખબર નથી. એટલે સુધી કે જે વસ્તુઓ માણસ માટે નુકસાનકારક સમજવામાં આવે છે જેવી રીતે કે, ઝેરીલા પ્રાણીઓ વગેરે તો તેઓ પણ કોઈને કોઈ સ્વરૂપે માણસને લાભ પહોંચાડતા જ હોય છે. આમ, જે વસ્તુઓ મનુષ્ય માટે એક રીતે હરામ હોય છે, તે પણ બીજા સ્વરૂપે મનુષ્યને ફાયદો પહોંચાડતી જ હોય છે.

નહીં હે ચીજ નિકમ્મી કોઈ ઝમાનેમેં,
કોઈ બુરા નહીં કુદરતકે કારખાનેમેં.

આરિફબિલ્લાહ ઈબ્ને અતા'એ આ આયત માટે કહ્યું છે કે, "અલ્લાહ તઆલાએ સમગ્ર સૃષ્ટિ તમારા માટે એ કારણે પૈદા કરી છે કે, સમગ્ર સૃષ્ટિ તમારા માટે છે અને તમે અલ્લાહના માટે છો. એટલા માટે અકલમંદી અને સમજદારીનું કામ એ જ છે કે, જે વસ્તુ જેના માટે પૈદા થઈ છે તે તેને જ મળવી જોઈએ. આ ફિકર ચિંતામાં લાગીને તે જાતથી ગાફિલ થયા વિના કામે લાગી જાઓ અને જે કામ માટે પૈદા થયા છો તે કરવા માંડો."

(બહરે મુહીત)

(૨) વિશ્વના પ્રત્યેક પદાર્થનો ઉપયોગ યા તો મુબાહ (જાઇઝ-હલાલ) છે, અથવા તો "હરામ" છે :

આ આયતમાં અમુક ઉલમાએ એવી દલીલ કરી છે કે, દુનિયાની બધી વસ્તુઓનું મૂળ તત્ત્વ એ છે કે, તે મનુષ્ય માટે "હલાલ" અથવા "મુબાહ" છે. કારણ કે તે એટલા માટે જ પૈદા કરવામાં આવી છે અને તે વસ્તુઓ જેને શરીઅતે હરામ કહી છે તે હરામ છે, પરંતુ જ્યાં સુધી કોઈ વસ્તુનું હરામ હોવું કુર્આન અને સુન્નતથી સાબિત ન થાય તેને હલાલ સમજવી જોઈએ.

ઉપરોક્ત બાબતથી વિપરીત અમુક ઉલમા એવો મત ધરાવે છે કે મનુષ્યના ફાયદા માટે કોઈ વસ્તુ પૈદા કરવાનો અર્થ એ નથી કે તે ચોક્કસ હલાલ જ છે. એટલા માટે કે દરેક વસ્તુનું મૂળ તત્ત્વ હરામ છે, જ્યાં સુધી કે કુર્આન અને

સુન્નતથી તેના હલાલ અને જાઈઝ હોવાનું સાબિત ન થાય, ત્યાં સુધી તે હરામ સમજવામાં આવશે.

અમુક લોકોએ આ બાબતે મૌન પાળ્યું છે.

"તફસીરે બહરે મુહીત"માં ઈબ્ને હય્યાન (રહ.)એ ફરમાવ્યું છે કે, સાચું એ છે કે આ આયતમાં પ્રસ્તુત નિવેદનમાં કોઈ હુજ્જત (સ્પષ્ટ હુકમ) નથી. કારણ કે خَلَقَ لَكُمْ માં શબ્દ لام કારણ બતાવવા માટે આવ્યો છે કે, "તમારે માટે" આ વસ્તુઓ પૈદા કરવામાં આવી છે. એટલા માટે આ વસ્તુઓ ન તો મનુષ્યના માટે હલાલ હોવાની તેમાં કોઈ દલીલ છે અને ન જ હરામ હોવાની. બલકે, હલાલ અને હરામના હુકમો અલગથી કુર્આન અને સુન્નતમાં વર્ણન થયા છે, તેના ઉપર અમલ કરવો જરૂરી છે.

(૩) પૃથ્વી અને આસમાનની ઉત્પત્તિ :

૨૯મી આયતમાં પ્રથમ પૃથ્વીની ઉત્પત્તિ અને પછી આસમાનની ઉત્પત્તિ થઈ હોવા વિશે શબ્દ ثُمَّ નો ઉપયોગ કરવામાં આવ્યો છે અને આ જ સાચું છે. સૂરએ નાઝિઆતમાં જે ઈશારો છે કે وَالْأَرْضَ بَعْدَ ذَٰلِكَ دَحَاهَا "પૃથ્વીને આસમાન પૈદા કર્યા પછી પાથરી." (૭૯:૩૦) એનો અર્થ એવો નથી કે પૃથ્વીની ઉત્પત્તિ આસમાનો પછી થઈ છે બલકે, એનો અર્થ એ છે કે જમીનનો અંતિમ આકાર વગેરે ઠીકઠાક કરી તેમાંથી વિવિધ ઉત્પાદનો વનસ્પતિ ઉગાડવા વગેરેનું વિસ્તારપૂર્વકનું કામકાજ આસમાનોની ઉત્પત્તિ પછી થયું અને પૃથ્વીની ઉત્પત્તિ આસમાનો પહેલાં થઈ ચૂકી હતી.

(બહરે મુહીત વગેરે)

(૪) આસમાનોની સંખ્યા :

૨૯મી આયતમાં આસમાનોની સંખ્યા સાત હોવું સાબિત છે. એનો અર્થ એ થયો કે કેટલાક પ્રાચીન ગ્રીક ખગોળશાસ્ત્રીઓ નવ આસમાનો હોવાનું કહે છે તે ખોટું છે. તે ફક્ત કલ્પનાઓ પર આધારિત છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. 30 થી 33)

وَإِذْ قَالَ رَبُّكَ لِلْمَلَٰٓئِكَةِ إِنِّى جَاعِلٌ فِى ٱلْأَرْضِ خَلِيفَةً ۖ قَالُوٓا۟ أَتَجْعَلُ فِيهَا مَن
يُفْسِدُ فِيهَا وَيَسْفِكُ ٱلدِّمَآءَ وَنَحْنُ نُسَبِّحُ بِحَمْدِكَ وَنُقَدِّسُ لَكَ ۖ قَالَ إِنِّىٓ
أَعْلَمُ مَا لَا تَعْلَمُونَ ﴿٣٠﴾ وَعَلَّمَ ءَادَمَ ٱلْأَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَى ٱلْمَلَٰٓئِكَةِ فَقَالَ
أَنۢبِـُٔونِى بِأَسْمَآءِ هَٰٓؤُلَآءِ إِن كُنتُمْ صَٰدِقِينَ ﴿٣١﴾ قَالُوا۟ سُبْحَٰنَكَ لَا عِلْمَ لَنَآ
إِلَّا مَا عَلَّمْتَنَآ ۖ إِنَّكَ أَنتَ ٱلْعَلِيمُ ٱلْحَكِيمُ ﴿٣٢﴾ قَالَ يَٰٓـَٔادَمُ أَنۢبِئْهُم بِأَسْمَآئِهِمْ ۖ
فَلَمَّآ أَنۢبَأَهُم بِأَسْمَآئِهِمْ قَالَ أَلَمْ أَقُل لَّكُمْ إِنِّىٓ أَعْلَمُ غَيْبَ ٱلسَّمَٰوَٰتِ
وَٱلْأَرْضِ وَأَعْلَمُ مَا تُبْدُونَ وَمَا كُنتُمْ تَكْتُمُونَ ﴿٣٣﴾

તરજુમો :

અને જ્યારે તારા પરવરદિગારે ફરિશ્તાઓને કહ્યું કે હું પૃથ્વીમાં એક નાયબ બનાવનાર (નક્કી કરનાર છું); તેમણે કહ્યું શું તું તેમાં (એવી મખ્લૂકને નાયબ) બનાવીશ જેઓ તેમાં ફસાદ કરશે અને લોહી વહાવશે ? અને અમે તારા વખાણ સાથે (તને) બે–એબ કહીએ છીએ (તારા ગુણગાન કરીએ છીએ) અને તારી પવિત્રતાનું વર્ણન કરીએ છીએ; તેણે કહ્યું નિઃશંક ! હું જે જાણું છું તે તમે નથી જાણતા. (૩૦) અને આદમ (અલૈ.ને) બધી વસ્તુઓ(ના) નામો શીખવ્યા; પછી તે (બધી વસ્તુઓ) ફરિશ્તાઓની સામે (ઉપસ્થિત) કરી, પછી (ફરિશ્તાઓને) કહ્યું મને તેના નામો બતાવો જો તમે સાચા છો. (૩૧) તેમણે કહ્યું તું પાક છે અમોને જ્ઞાન નથી પરંતુ જે તેં અમોને શીખવ્યું; નિઃશંક તું, જ જાણનાર મોટો હિકમતવાળો (છે). (૩૨) તેણે (અલ્લાહે) કહ્યું હે આદમ ! એમને તેમના નામો બતાવી દો; બસ જ્યારે તેણે (આદમ અલૈ.એ) તેમને તેના (ફરિશ્તાઓને બધી વસ્તુઓના) નામો બતાવ્યા, (તો) તેણે (અલ્લાહે ફરિશ્તાઓને) કહ્યું શું મેં તમને કહ્યું ન હતું કે હું આસમાનો અને જમીન(ની) છુપી (ગૈબની) વાતો જાણું છું; અને હું સારી પેઠે જાણું છું જે તમે જાહેર કરો છો અને જે તમે છુપાવો છો. (૩૩)

તફસીર :

"અને જ્યારે તારા રબે ફરિશ્તાઓને કહ્યું કે" [જેથી તેઓ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે જેમાં હિકમત અને મસ્લિહત હતી. સલાહ- મશ્વરાની જરૂરતથી તો અલ્લાહ તઆલા ઉપરવટ છે, તેની તેને જરૂરત નથી. મતલબ કે ફરિશ્તાઓને કહ્યું કે,] "હું પૃથ્વીમાં એક નાયબ નક્કી કરનાર (છું);" [એટલે કે પૃથ્વી પર મારો નાયબ હશે જેમને હું મારા શરઈ હુકમો પૂર્ણ કરવાની સેવા સોંપવાનો છું.] "તેમણે કહ્યું શું તું તેમાં (એવી મખ્લૂક) બનાવીશ જેઓ તેમાં ફસાદ કરશે અને લોહી વહાવશે ? અને અમે તારા વખાણની સાથે (તને) બે-ઐબ કહીએ છીએ અને તારી પવિત્રતાનું વર્ણન કરીએ છીએ;" [ફરિશ્તાઓની આ વિનંતી ન તો વાંધો ઊઠાવવાના સ્વરૂપે છે અને ન જ પોતાનો હક્ક અને અધિકાર બતાવવા સ્વરૂપે છે. બલકે, ફરિશ્તાઓને એ ખબર થઈ ગઈ હતી કે જે નવી મખ્લૂક પૃથ્વી ઉપર બનાવવામાં આવશે તેમાં સારા અને ખરાબ બંને પ્રકારના લોકો હશે. અમુક લોકો આ પૃથ્વીને ફિત્ના-ફસાદથી ખરાબ કરશે. એટલા માટે આજિઝીપૂર્વક વિનંતી કરી કે અમે બધા પ્રત્યેક સેવા માટે ઉપસ્થિત છે અને ફરિશ્તાઓના સમૂહમાં કોઈ ગુનોહ કરનાર પણ નથી. એટલા માટે કોઈ નવી પ્રજાતિ અને મખ્લૂક પૈદા કરવાની જરૂરત જ શું છે ? અને ખાસ કરીને જ્યારે કે આ નવી મખ્લૂકમાં એ સંભાવના પણ હશે કે તે તારી મરજીના વિરૂદ્ધ પણ કરશે, જેનાથી તું નાખુશ થાય છે તેવા કાર્યો પણ કરશે. અમે પ્રત્યેક સેવા માટે હાજર છે અને અમારી સેવા તારી મરજી પ્રમાણેની જ હશે. "તેણે (અલ્લાહ તઆલાએ) કહ્યું, નિઃશંક હું જે જાણું છું તે તમે નથી જાણતા." [એટલે જે વસ્તુઓ તમારી દષ્ટિમાં મનુષ્યજાતિના પૈદા કરવામાં અવરોધરૂપ છે કે, તેમાં અમુક લોકો ફસાદ પણ ફેલાવશે તે વસ્તુઓ વાસ્તવમાં તેમને પૈદા કરવા માટેનો મૂળ હેતુ છે. કારણ કે, જે હુકમો અને આદેશો તથા વ્યવસ્થા તેમને સોંપવામાં આવશે. તેમાં ઘણા લોકો મધ્યમ માર્ગ છોડી મર્યાદાને ઓળંગનાર હશે. આ હેતુ તમો ફરમાંબરદારોને ભેગા કરવાથી પૂરો નથી થઈ શકતો.

મર્યાદા ઓળંગનાર એક મખ્લૂક જિન્નાતો પહેલેથી જ પૃથ્વી પર મૌજૂદ છે. તેમનાથી આ કામ કેમ લેવામાં ન આવ્યું ? તેનું કારણ એ છે કે આ કામ માટે યોગ્ય મખ્લૂક તે જ છે કે જેમનામાં ફિત્ના-ફસાદના તત્ત્વો મૌજૂદ તો હોય પરંતુ

તે સંપૂર્ણપણે ગાલિબ છવાયેલા ન હોય. જિન્નાતોમાં આ તત્ત્વો ગાલિબ (છવાયેલા) હતા. એટલા માટે આદમ (અલૈ.)ની ઉત્પત્તિ હાથ ધરવામાં આવી. આગળ અલ્લાહની આ હિકમતનો વિશેષ ખુલાસો એવી રીતે કરવામાં આવ્યો કે અલ્લાહની હિકમતને પામવા એક વિશેષ પ્રકારના જ્ઞાનની પણ જરૂરત છે અને તે જ્ઞાન ફરિશ્તાઓની બુદ્ધિકક્ષાની મર્યાદાથી બહાર છે અને એટલા જ માટે અલ્લાહે ફરમાવ્યું કે,] ‘‘અને આદમ (અલૈ.ને) બધી વસ્તુઓ(ના) નામો શીખવ્યા;’’ [એટલે કે આદમ (અલૈ.)ને બધી વસ્તુઓ-પદાર્થોના નામો, તેના ગુણધર્મો, તેની ખાસિયતો, તેના લક્ષણો વગેરે શીખવાડી દેવામાં આવ્યું.] ‘‘પછી તે (બધી વસ્તુઓ) ફરિશ્તાઓની સામે કરી, પછી કહ્યું મને તેના નામો બતાવો જો તમે સાચા છો.’’ [જો તમે તમારા અભિપ્રાયમાં સાચા છો તો આ બધા પદાર્થો અને વસ્તુઓના નામો, તેમના ગુણધર્મો અને લક્ષણો સહિત મને બતાવો કે જેથી પૃથ્વીની ખિલાફતનું કામ સારી રીતે પૂર્ણ કરી શકાય.] ‘‘તેમણે કહ્યું તું પાક છે,’’ [એવું નથી કે, આદમ (અલૈ.)ને બધી વસ્તુઓ તેના ગુણધર્મો સહિત શીખવાડી દીધી અને ફરિશ્તાઓથી છુપાવી રાખી. કારણ કે કોઈપણ એવી રિવાયત કે હદીષથી સાબિત નથી કે આદમ (અલૈ.)ને બધા પદાર્થો અને તેના ગુણધર્મોનું જ્ઞાન ફરિશ્તાઓથી અલગ કરીને આપવામાં આવ્યું હતું. તેનાથી સ્પષ્ટ થાય છે કે, તેનું જ્ઞાન અને શિક્ષણ બધાને સરખી રીતે આપવામાં આવ્યું હતું પરંતુ આદમ (અલૈ.)ની પ્રકૃતિમાં આ ઇલ્મ-જ્ઞાનને પ્રાપ્ત કરી લેવાની સલાહિય્યત (ક્ષમતા) અને શક્તિ હતી અને ફરિશ્તાઓની પ્રકૃતિ તેને વેઠી શકી નહીં, તે આ ઇલ્મ-જ્ઞાન પ્રાપ્ત ન કરી શકી. મતલબ કે, ફરિશ્તાઓએ કહ્યું, હે અમારા પરવરદિગાર !] ‘‘અમોને જ્ઞાન નથી પરંતુ જે તેં અમોને શીખવ્યું; નિઃશંક ! તું જ જાણનાર હિકમતવાળો (છે).’’ [જેટલા પ્રમાણમાં, જેના માટે, જે મસ્લિહતથી અમોને જ્ઞાન અને સમજ અર્પણ કરી છે તેનાથી વિશેષ અમે ફરિશ્તાઓ જ્ઞાન ધરાવતા નથી અને ફરિશ્તાઓના આ ઇકરારથી સાબિત થઈ ગયું કે, તેઓ આવું જ્ઞાન ધરાવવા અને જે કામ પૃથ્વી ઉપરના નાયબને સોંપવામાં આવનાર હતું તે જવાબદારી ઉપાડવાથી લાચાર હતા. આગળ અલ્લાહ તઆલાને મંજૂર હતું કે, આદમ (અલૈ.)માં રહેલી આ ખાસ પ્રકારના જ્ઞાનની ખાસિયતને ફરિશ્તાઓ સામે જાહેર કરી દે એટલા માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે,] ‘‘તેણે કહ્યું હે

આદમ ! એમને તેમના નામો બતાવી દો;" [જ્યારે દરેક વસ્તુઓ અને પદાર્થોના સામાન્ય ગુણધર્મો અને લક્ષણો સહિત આદમ (અલૈ.)એ ફરિશ્તાઓની રૂબરૂ બતાવી દીધું, તો ફરિશ્તાઓ એટલું સમજી ગયા કે આદમ (અલૈ.) આ જ્ઞાનના નિષ્ણાત થઈ ગયા છે.] "બસ જ્યારે તેણે (આદમ અલૈ.એ) તેમને તેના નામો બતાવ્યા, (તો) તેણે (અલ્લાહે) કહ્યું શું મેં તમને કહ્યું ન હતું કે હું આસમાનો અને જમીન(ની) છુપી (ગૈબ) વાતો જાણું છું; અને હું જાણું છું જે તમે જાહેર કરો છો અને જે તમે છુપાવો છો."

મસ્અલા અને બોધપાઠ :

આયતોની ગોઠવણી :

અગાઉની આયતોમાં અલ્લાહ જલ્લ શા'નહુએ વિશેષ અને સામાન્ય બંને પ્રકારની નેઅ્મતોનો ઉલ્લેખ કરીને અલ્લાહ તઆલાની નાશુક્રી અને નાફરમાનીથી બચવાની તાકીદ કરી. આ આયતોથી રુકૂઅના અંત સુધીની દશ આયતોમાં આદમ (અલૈ.)નો કિસ્સો પણ એ જ ક્રમમાં વર્ણવ્યો છે. કારણ કે નેઅ્મતો બે પ્રકારની હોય છે. એક જે ભૌતિક પ્રકારની અને અનુભવી શકાય છે, જેમકે ખાવું–પીવું, રૂપિયા–પૈસા, મકાન–જાયદાદ વગેરે અને બીજા પ્રકારની નેઅ્મતો અભૌતિક તથા વ્યક્તિના આત્મા અથવા સામાજિક દરજ્જા સાથે સંબંધ ધરાવે છે. જેમકે ઈજ્જત–આબરૂ, માન–મરતબો, ખુશી–ગમી, જ્ઞાન વગેરે. અગાઉની આયતોમાં જાહિરી અને ભૌતિક નેઅ્મતોનું વર્ણન હતું અને આ અગિયાર આયતોમાં અભૌતિક નેઅ્મતોનો ઉલ્લેખ છે જેમકે અલ્લાહ ફરમાવે છે કે, અમે તમારા પિતા આદમ (અલૈ.)ને ઈલ્મ (જ્ઞાન) આપ્યું અને મલાઈકહ (ફરિશ્તાઓ) પાસે સિજદો કરાવી તેમને ઈજ્જત બક્ષી અને તમને એમની ઔલાદ હોવાનું ગૌરવ આપ્યું.

આયતના વિષયનો ખુલાસો એ છે કે અલ્લાહ જલ્લ શા'નહુએ જ્યારે આદમ (અલૈ.)ને પૈદા કર્યા અને દુનિયામાં એમની ખિલાફત કાયમ કરવાનો ઈરાદો કર્યો તો ફરિશ્તાઓની જાહેરમાં પરીક્ષા લેવાનો ઈરાદો કર્યો, જેમાં ઈશારો એ હતો કે તેઓ આ વિશે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરે. ફરિશ્તાઓનો અભિપ્રાય એવો આવ્યો કે મનુષ્યમાં તો એવા લોકો પણ હશે જેઓ ફસાદ ફેલાવશે અને

ખૂનરેઝી કરશે. તેમને પૃથ્વીની ખિલાફત અને વ્યવસ્થા સોંપવાનું સમજમાં નથી આવતું, આ કામ માટે તો ફરિશ્તાઓ વધારે યોગ્ય જણાય છે કે નેકી એમનો સ્વભાવ છે. બુરાઈ અને ખરાબ કૃત્યો એમના વડે થવા શક્ય જ નથી. તેઓ સંપૂર્ણ ફરમાંબરદાર છે, દુનિયાની વ્યવસ્થા પણ તેઓ સંભાળી શકે છે. અલ્લાહ તઆલાએ એમના આ અભિપ્રાયને ખોટો હોવાનું એવી હિકમત દ્વારા જાહેર કર્યું કે, પૃથ્વીની ખિલાફતની વાસ્તવિકતા અને તેની આંટીઘૂંટીઓથી તમે વાકિફ નથી, તેને માત્ર હું જ સંપૂર્ણ રીતે જાણું છું.

પછી બીજો જવાબ હિકમતભર્યા અંદાજમાં આદમ (અલૈ.)ની શ્રેષ્ઠતા પુરવાર કરીને આપ્યો કે આદમ (અલૈ.) જ્ઞાન મેળવવામાં અને તેને પચાવવામાં ફરિશ્તાઓ કરતાં વધારે શક્તિશાળી છે, એમને બતાવવામાં આવ્યું કે પૃથ્વીની ખિલાફત માટે બધી જ મખ્લૂકોના નામો અને તેમની ખાસિયતો, ગુણધર્મો અને લક્ષણો જાણવા જરૂરી છે અને આ કામ ફરિશ્તાઓની ક્ષમતામાં સમાઈ શકે તેમ નથી.

આદમ (અલૈ.)ના સર્જન વિશે ફરિશ્તાઓ સાથેની વાતચીત કઈ મસ્લિહત ઉપર આધારિત હતી ? :

અહીંયાં એક વાત ધ્યાન આપવા યોગ્ય છે કે અલ્લાહ જલ્લ શા'નહુની ફરિશ્તાઓની મજલિસમાં આ કિસ્સાની જાહેરાત કરવાની હૈસિયત શું હતી ? શું તેમનાથી મશવેરો કરવાનો હેતુ હતો ? અથવા ફક્ત તેમને જાણ કરવી હતી અથવા ફરિશ્તાઓના મુખેથી તેમનો અભિપ્રાય જાણવાનો હેતુ હતો ?

જો આ વાત છે તો સલાહ-મશવેરાની આવશ્યકતા તો ત્યાં હોય શકે છે જ્યાં કોઈ સમસ્યાના અથવા વિષયના બધા જ પાસાઓ સ્પષ્ટ ન હોય અને પોતાના જ્ઞાન તથા સૂઝબૂજ અને બુદ્ધિ ઉપર સંપૂર્ણ સંતોષ ન હોય. એટલા માટે બીજા બુદ્ધિશાળીઓ અને વિદ્વાનોથી મશવરો કરવામાં આવે છે. જેમકે દુનિયાની સામાન્ય કાઉન્સિલોમાં પણ આ પદ્ધતિ અપનાવવામાં આવે છે અને દેખીતું છે કે અહીંયાં ઉપરોક્ત બંને પ્રકારની બાબતો હોઈ શકતી નથી, કારણ કે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર છે, વિશ્વના અણુએ અણુનું જ્ઞાન ધરાવે છે અને દશ્ય-અદશ્ય બધી વસ્તુઓ તેના જ્ઞાનમાં સમાયેલી છે. તેને શું આવશ્યકતા છે કે કોઈનાથી મશવરો કરે ?

એવી જ રીતે અહીંયાં એવું પણ નથી કે કોઈ પાર્લામેન્ટરી સરકાર છે, જેના બધા જ સભ્યોને સરખા અધિકારો છે અને બધાથી મશવરો લેવો જરૂરી હોય છે. અહીંયાં તો અલ્લાહ તઆલા સૌનો સર્જનહાર અને માલિક છે. ફરિશ્તા હોય કે જિન્નાત હોય, કે પછી માનવજાતિ હોય. બધા જ તેની મખ્લૂક અને તેનું સર્જન છે, કોઈને પણ એ અધિકાર નથી કે તેના કોઈપણ કાર્યના સંદર્ભમાં સવાલ ઉઠાવી શકે કે અલ્લાહે આવું કેમ કર્યું ? ફલાણું કેમ કર્યું ? આવું કેમ ન કર્યું ?.... વગેરે. لَا يُسْـئَـلُ عَـمَّـا يَـفْـعَلُ وَهُمْ يُسْئَلُوْنَ *"અલ્લાહ તઆલાથી તેના કોઈ કાર્યના સંબંધે પ્રશ્ન કરી શકાતો નથી અને બધાથી તેમના અમલોનો સવાલ કરવામાં આવશે." (૨૧:૨૩)*

વાત એમ છે કે વાસ્તવમાં અહીંયાં મશવરો લેવાનો હેતુ નથી અને ન જ તેની આવશ્યકતા છે. બલકે, સલાહ-મશવરો કરવાનું સ્વરૂપ બનાવવામાં આવ્યું, જેમાં મખ્લૂકને મશવરો કરવાની સુન્નતના શિક્ષણનો લાભ થઈ શકે છે. જેમકે રસૂલે કરીમ ﷺને સહાબએ કિરામ (રદિ.)થી સલાહ-મશવરો કરવાની હિદાયત કુર્આનમાં કરવામાં આવી. હાલાં કે આપ ﷺ સાહિબે વહી (જેમના ઉપર વહી ઊતરતી હતી) હતા. બધા જ કાર્યો અને પ્રત્યેક પાસાઓને આપ ﷺ પર વહી દ્વારા જાહેર કરી શકાતાં હતા, પરંતુ આપ ﷺને સલાહ-મશવરાની સુન્નતની તાકીદ ઉમ્મતને શીખવવા માટે કરવામાં આવી કે, સહાબા (રદિ.) સાથે સલાહ-મશવરો કરવામાં આવે.

મતલબ કે ફરિશ્તાઓની મજલિસમાં આ કિસ્સાની જાહેરાતથી એક લાભ, મશવરો કરવાના શિક્ષણના સ્વરૂપમાં પ્રાપ્ત થયો.

(રૂહુલ બયાન)

બીજા લાભ તરફ પોતે તેના શબ્દો દ્વારા ઈશારો થાય છે કે મનુષ્યની પૈદાઈશ (ઉત્પત્તિ) પહેલાં ફરિશ્તાઓ એવું સમજતા હતા કે અમારાથી શ્રેષ્ઠ અને જ્ઞાની કોઈ અન્ય મખ્લૂક અલ્લાહ તઆલા પૈદા નહીં કરે અને તફસીરે ઈબ્ને જરીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી એક રિવાયતમાં તેનો ખુલાસો પણ છે કે, આદમ (અલૈ.)ની પૈદાઈશ પહેલાં ફરિશ્તાઓ પરસ્પર કહેતા હતા કે, لَنْ يَّـخْـلُـقَ اللّٰهُ خَـلْـقًا اَكْرَمَ عَلَيْهِ مِنَّا وَلَا اَعْلَمَ "અલ્લાહ તઆલા કોઈ મખ્લૂક

આપણાથી શ્રેષ્ઠ અને જ્ઞાની પૈદા નહીં કરે.'' અલ્લાહ તઆલા જાણતા હતા કે હું એક એવી મખ્લૂક પૈદા કરવાનો છું જે સમગ્ર મખ્લૂકોમાં સૌથી શ્રેષ્ઠ અને જ્ઞાની હશે અને જેને પોતાની ખિલાફત અને નિયાબતની ઈજ્જત આપવામાં આવશે. એટલા માટે ફરિશ્તાઓની મજલિસમાં આદમ (અલૈ.)ને પૈદા કરવાનું અને તેમને નાયબ બનાવવાનું વર્ણન કરવામાં આવ્યું કે જેથી ફરિશ્તાઓ પોતાનો અભિપ્રાય જાહેર કરે.

આ જ કારણે ફરિશ્તાઓએ પોતાની સમજ અને જ્ઞાન પ્રમાણે વિનંતી સ્વરૂપે પોતાનો અભિપ્રાય જાહેર કર્યો કે જે મખ્લૂકને તમે પૃથ્વીના ખલીફા બનાવી રહ્યા છો તેમાં તો ફિત્ના–ફસાદનું તત્ત્વ પણ છે. તેઓ બીજાની સુધારણા અને પૃથ્વી પર શાંતિ અને સમૃદ્ધિની વ્યવસ્થા કઈ રીતે કરી શકશે? જ્યારે કે તે પોતે ખૂન વહાવતો હશે ?....... જ્યારે કે અમે ફરિશ્તાઓ ફિત્ના–ફસાદનું કોઈ તત્ત્વ ધરાવતા નથી, અમે ગુનાહોથી મા'સૂમ છે અને પ્રત્યેક પળે તારી તા'રીફ અને વખાણ તથા ઈબાદત અને ઈતાઅતમાં લાગેલા હોય છે. તો દેખીતી રીતે આ સેવા અમે સારી રીતે કરી શકીએ છીએ.

મતલબ કે તેનાથી નઊઝુબિલ્લાહ અલ્લાહના કાર્યમાં કોઈ વાંધો ઉઠાવવાનો હેતુ નથી. કારણ કે ફરિશ્તા એવા વિચાર અને કલ્પના કરવાથી પણ મા'સૂમ (નિર્દોષ) છે બલકે, હેતુ ફક્ત પૂછવાનો હતો કે એક અમારા જેવી જમાઅત મૌજૂદ છે, બીજી મા'સૂમ ન હોય એવી મખ્લૂક પૈદા કરી આ કામ તેમના હવાલે કરવામાં અને તેમને અગ્રિમતા આપવામાં શું હિકમત છે ? એટલા માટે તેના જવાબમાં પ્રથમ અલ્લાહ તઆલાએ ટૂંકમાં ફરમાવ્યું કે, اِنِّىٓ اَعۡلَمُ مَا لَا تَعۡلَمُوۡنَ તમે ખિલાફતે ઈલાહિય્યહની હકીકત અને તેના વિવિધ પાસાઓથી વાકિફ નથી. એટલા માટે તમે જે સમજી રહ્યા છો કે એક મા'સૂમ મખ્લૂક જ આ કામ કરી શકે છે તો તેની વાસ્તવિકતા માત્ર હું જ જાણનાર છું.

ત્યારબાદ ફરિશ્તાઓને તેનું વિગતવાર જ્ઞાન આપવાના હેતુથી એક ખાસ પ્રકારનો દેખાવ કરવામાં આવ્યો જેથી સાબિત થઈ જાય કે સમગ્ર સૃષ્ટિના પદાર્થોના નામો, ગુણધર્મો અને લક્ષણો તેમજ ખાસિયતોનું જ્ઞાન ધરાવવાની સલાહિય્યત (ક્ષમતા) ફક્ત આદમ (અલૈ.)ને જ પ્રાપ્ત થઈ છે. ફરિશ્તાઓનો

સ્વભાવ અને તેમની ક્ષમતા યોગ્ય આ કામ ન હતું. આદમ (અલૈ.)ને શીખવાડેલા અને બતાવેલા દુનિયાના લાભકારક અને નુકસાનકારક પદાર્થો અને વસ્તુઓના ગુણધર્મો તથા પ્રત્યેક સજીવ અને નિર્જીવ પદાર્થોના ગુણધર્મો તેમજ દરેક કૌમોના સ્વભાવ, સંસ્કૃતિ, સભ્યતા તથા તેમની નિશાનીઓ, ખાસિયતો વગેરે વગેરેનું જ્ઞાન – ફરિશ્તાઓનો સ્વભાવ આ બધી વસ્તુઓને બરદાસ્ત કરી શકે તેમ ન હતો. ફરિશ્તાઓ શું જાણે ભૂખ શું હોય છે ? તરસની તકલીફ શું હોય છે ? લાગણીઓની–ભાવનાઓનો શું અસર થાય છે ? કોઈ વસ્તુથી નશો કેવી રીતે ઉત્પન્ન થાય છે ? સાપ અને વીંછીનું ઝેર શરીરમાં શું અસર કરે છે ? વગેરે....વગેરે....

મતલબ પૃથ્વીની મખ્લૂકોના નામો તેમના ગુણધર્મો અને લક્ષણો તથા ખાસિયતોનું શિક્ષણ અને ફરિશ્તાઓની પ્રકૃતિ બંને બે ભિન્ન પ્રકારની બાબતો હતી.. આ જ્ઞાન ફક્ત આદમ (અલૈ.)ને જ શીખવાડી શકાતું હતું અને કુર્આનના કોઈ ખુલાસા અને ઈશારાથી એ પણ સાબિત નથી થતું કે આદમ (અલૈ.)ને આ શિક્ષણ એકાંતમાં ફરિશ્તાઓથી અલગ રીતે આપવામાં આવ્યું હતું. એટલા માટે એવું બની શકે છે કે, સૌને સાથે રાખીને સમૂહમાં આ જ્ઞાન આપવામાં આવ્યું હોય, પરંતુ આ શિક્ષણથી લાભ ઉઠાવવો આદમ (અલૈ.)ની પ્રકૃતિમાં હતું એટલે તેમણે શીખી લીધું, ફરિશ્તાઓની પ્રકૃતિમાં તે વસ્તુ ન હતી એટલા માટે તેઓ ન શીખી શક્યા. માટે જ અહીંયાં શિક્ષણનો સંબંધ આદમ (અલૈ.) સાથે બતાવવામાં આવ્યો. જો કે આ શિક્ષણ સર્વસામાન્ય હતું, આદમ (અલૈ.) અને ફરિશ્તાઓ બધાના માટે હતું અને એવું પણ હોઈ શકે છે કે ઔપચારિક શિક્ષણની કોઈ પરિસ્થિતિ ઊભી જ ન થઈ હોય. બલકે આદમ (અલૈ.)ની પ્રકૃતિમાં આ વસ્તુઓનું જ્ઞાન શરૂઆતની ઉત્પત્તિ વખતે જ આપી દેવામાં આવ્યું હોય. જેવી રીતે કે બાળક જન્મતાની સાથે જ માંનુ દૂધ પીવાનું જાણે છે, બતકનું બચ્ચું તરવાનું જાણે છે. તેમાં કોઈ ઔપચારિક શિક્ષણની આવશ્યકતા હોતી નથી.

સવાલ એ છે કે અલ્લાહની કુદરતમાં તો બધું જ છે, તે ફરિશ્તાઓની પ્રકૃતિ અને તેમનો સ્વભાવ બદલી આ બધી વસ્તુઓ શીખવાડી શકતા હતા તો એમને કેમ શીખવાડવામાં ન આવ્યું ? પરંતુ તેનો અર્થ તો એ જ થયો કે, ફરિશ્તાને

કેમ મનુષ્ય બનાવી દેવામાં ન આવ્યા ? કારણ કે જો ફરિશ્તાઓની પ્રકૃતિ બદલી નાંખવામાં આવી હોત તો તે ફરિશ્તા ન રહ્યા હોત, તે મનુષ્ય બની ગયા હોત !

ખુલાસો એ છે કે પૃથ્વીની મખ્લૂકના નામો અને તેમના ગુણધર્મો તથા ખાસિયતોનું જ્ઞાન આદમ (અલૈ.)ને આપવામાં આવ્યું, જે ફરિશ્તાઓની ક્ષમતા બહારની બાબત હતી અને પછી તે મખ્લૂકોને ફરિશ્તાઓ સામે લાવીને સવાલ કરવામાં આવ્યો કે જો તમે તમારા અભિપ્રાયમાં સાચા છો કે અમારા કરતાં કોઈ મખ્લૂક વધારે જ્ઞાની અને શ્રેષ્ઠ પૈદા નહીં થાય અથવા પૃથ્વીની ખિલાફત અને નિયાબત માટે ફરિશ્તાઓ મનુષ્ય કરતાં વધારે યોગ્ય છે, તો તે વસ્તુઓના નામો, તેમની ખાસિયતો, ગુણધર્મો અને લક્ષણો બતાવો ? કારણ કે આ વસ્તુઓ ઉપર પૃથ્વીના ખલીફાને હુકૂમત કરવાની છે.

અત્રે એ પણ લાભ થયો કે ખલીફા માટે એ જરૂરી છે કે પોતાના હાથ નીચેની મખ્લૂક અને રય્યતનો સ્વભાવ, તેમની પ્રકૃનિ, ગુણો અને લક્ષણોથી સંપૂર્ણ વાકેફ હોય. તેના વિના તે ન્યાય અને ઈન્સાફ સાથે રાજ્ય નહીં કરી શકે. જે મખ્લૂક એવું નથી સમજી શકતી કે ભૂખથી કેવી–કેવી તકલીફો થાય છે, અગર તેની અદાલતમાં કોઈને ભૂખ્યા રાખવા બાબતે કોઈ દા'વો રજૂ કરવામાં આવશે તો તે કેવી રીતે એનો ન્યાય કરશે અને ફેંસલો આપશે ?

મતલબ, એ જ કારણે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને બતાવી દીધું કે પૃથ્વીના નાયબ બનવા લાયક યોગ્ય માપદંડ નિર્દોષ હોવું (મા'સૂમિયત) નથી બલકે, પૃથ્વી ઉપર જે પદાર્થો અને મખ્લૂક છે તેમની સંપૂર્ણ જાણકારી ધરાવવી તે એનું માપદંડ છે. તેના ઉપયોગની પદ્ધતિઓ અને તેમના વિવિધ પાસાંઓને જાણવું જરૂરી છે. જો ફરિશ્તાઓનો એ અભિપ્રાય સાચો છે કે પૃથ્વીના ખલીફા અને નાયબ બનવા માટે અમે વધારે યોગ્ય મખ્લૂક છે, તો આ બધા પદાર્થોના નામ અને લક્ષણો જણાવો !

ફરિશ્તાઓએ કોઈ વાંધો ઉઠાવવા માટે અથવા ઘમંડ કે ગર્વ અથવા પોતાનો અધિકાર જતાવવાનો કોઈ હેતુથી નહીં, બલકે ફક્ત પોતાના વિચારને અભિપ્રાય સ્વરૂપે એક સેવકની જેમ પોતાની સેવા રજૂ કરવા માટે કહ્યું હતું એટલા માટે તેઓ તરત જ બોલી ઉઠયા,

سُبۡحٰنَکَ لَاعِلۡمَ لَنَاۤاِلَّامَاعَلَّمۡتَنَااِنَّکَ اَنۡتَ الۡعَلِیۡمُ الۡحَکِیۡمُ ○

"તેમણે કહ્યું તું પાક છે, અમોને જ્ઞાન નથી, પરંતુ જે તેં અમોને શીખવ્યું; નિઃશંક ! તું જ જાણનાર હિકમતવાળો (છે)."

જેનો મતલબ એ છે કે ફરિશ્તાઓએ પોતાના અભિપ્રાય દ્વારા એવો ઈકરાર કર્યો હતો કે, અમારાથી પણ વધુ જ્ઞાન ધરાવતી મખ્લૂક મૌજૂદ છે અને પૃથ્વીના નાયબ બનવા માટે તે જ વધુ યોગ્ય છે.

બીજો પ્રશ્ન અત્રે એ ઉપસ્થિત થાય છે કે, ફરિશ્તાઓને કેવી રીતે ખબર પડી કે મનુષ્ય પરસ્પર લોહી વહાવશે. શું તેમને ગૈબનું ઈલ્મ હતું ? અથવા ફક્ત એક કલ્પનાના આધારે એમણે આવું સમજી લીધું ?

આ પ્રશ્નનો સર્વમાન્ય જવાબ બધા જ વિદ્વાન સંશોધનકારોએ સહમતિથી એ આપ્યો છે કે, અલ્લાહ તઆલાએ જ ફરિશ્તાઓને મનુષ્યની હાલત અને તેમના દ્વારા ઘટનારી ઘટનાઓ બતાવી દીધી હતી. જેમકે અમુક ઈશારાઓ છે કે, જ્યારે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓ સામે આદમ (અલૈહિસ્સલામ)ને પૃથ્વીના ખલીફા બનાવવાનું વર્ણન કર્યું તો ફરિશ્તાઓએ અલ્લાહ તઆલાને જ આ ખલીફાનો હાલ પૂછ્યો અને અલ્લાહ તઆલાએ જ તેમને એમના વિશે બતાવી દીધું.

(રૂહુલ મઆની)

તેથી ફરિશ્તાઓને આશ્ચર્ય થયું કે જ્યારે મનુષ્યની આવી હાલત છે કે તેઓ ફસાદ અને ખૂનરેઝીઓ પણ કરશે તો તેમને પૃથ્વીના નાયબ બનાવવા પાછળ શું હિકમત છે ?

તેનો જવાબ અલ્લાહ તઆલા તરફથી આદમ (અલૈ.)ના જ્ઞાન (ઈલ્મ)ને ફરિશ્તાઓ સમક્ષ જાહેર કરીને આપી દેવામાં આવ્યો અને ફસાદ–ખૂનરેઝીઓથી જે શંકાઓ તેમના નાયબ બનવાના અધિકાર ઉપર કરવામાં આવી હતી, તેનો જવાબ اِنِّیۡۤ اَعۡلَمُ مَا لَا تَعۡلَمُوۡنَ માં સર્વગ્રાહી રીતે આપી દેવામાં આવ્યો. જેમાં ઈશારો છે કે જે વસ્તુને તમે નાયબ અને ખલીફા બનવામાં અવરોધરૂપ સમજી રહ્યા છો વાસ્તવમાં તે જ તેની વિશેષતા અને કાબેલિયતનું કારણ છે. કારણ કે

પૃથ્વી ઉપર જરૂરત ફસાદને દૂર કરનારની છે. જ્યાં ફસાદ ન હોય ત્યાં ખલીફા અને નાયબ મોકલવાની જરૂરત જ નથી. મતલબ કે અલ્લાહનો ઈરાદો એવું બતાવવાનો હતો કે જે પ્રમાણે તેણે એક એવી ઈજ્જતદાર મા'સૂમ મખ્લૂક ફરિશ્તાઓ પૈદા કર્યા, જેમનાથી ગુનાહ અને ભૂલો થવાની કલ્પના પણ કરી શકાય નહીં અને જેવી રીતે તેણે શયતાન પૈદા કર્યા કે જેમનામાં નેકી અને ભલાઈની સલાહિય્યત અને પ્રકૃતિ જ નથી, એવી જ રીતે એક મખ્લૂક એવી પૈદા કરવાનો અલ્લાહનો ઈરાદો છે જેમનામાં ભલાઈ અને બુરાઈ, નેકી અને બદી બંનેનું મિશ્રણ હશે. જેમનામાં ભલાઈ-બુરાઈ બંને પ્રકારની લાગણીઓ અને ભાવનાઓ હશે, હવે જેઓ બુરાઈની લાગણીઓ અને ભાવનાઓ ઉપર કાબૂ મેળવીને ભલાઈના કૃત્યો કરશે તે અલ્લાહ તઆલાને રાજી કરી તેના ઈનામોનો હકદાર બનશે.

હઝરત આદમ (અલૈ.)ને વસ્તુઓના નામો શીખવવાના આ કિસ્સાથી એ પણ સાબિત થઈ ગયું કે, ભાષા અને શબ્દકોષની અસલ ઉત્પત્તિ અલ્લાહ તઆલાએ જ કરી છે. પછી તેમાંથી મખ્લૂકના ઉપયોગ માટે વિવિધ સ્વરૂપો અને વિવિધ ભાષાઓ પૈદા થઈ ગઈ. ઈમામ અશ્અરી (રહ.)એ આ આયતથી દલીલ કરી છે કે, "અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા જ ભાષા અને શબ્દકોષ પૈદા કરનાર છે."

આદમ (અલૈ.)ની શ્રેષ્ઠતા ફરિશ્તાઓ ઉપર :

આ કિસ્સામાં કુર્આને હકીમના આ ગૂઢ શબ્દ ઉપર પણ ધ્યાન આપવા યોગ્ય છે કે અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને સંબોધન કરીને કહ્યું કે, "આ વસ્તુઓના નામ બતાવો," શબ્દ "અમ્બિઊની" ઈરશાદ ફરમાવ્યો કે "મને બતાવો" અને જ્યારે આદમને એ જ વસ્તુઓનું સંબોધન કર્યું તો શબ્દ "અમ્બિઅ્હુમ્" કહ્યું એટલે કે આદમ (અલૈ.)ને હુકમ આપવામાં આવ્યો કે "ફરિશ્તાઓને તેના નામ બતાવો."

સંબોધન કરવાની પદ્ધતિનો આ તફાવત સ્પષ્ટ કરે છે કે આદમ (અલૈ.)ને મુઅલ્લિમ (શિક્ષક)નો દરજ્જો આપવામાં આવ્યો અને ફરિશ્તાઓને વિદ્યાર્થીનો. જેમાં આદમ (અલૈ.)ની ફઝીલત અને મોટાઈનું એક મહત્ત્વનું સ્વરૂપ પણ જાહેર થઈ ગયું છે.

આ કિસ્સાથી એ પણ જાહેર થઈ ગયું કે ફરિશ્તાઓના જ્ઞાનમાં પણ વધારો–ઘટાડો થઈ શકે છે કારણ કે, જે વસ્તુઓનું તેમને જ્ઞાન નથી હોતું આદમ (અલૈ.) દ્વારા તેમને પણ તે વસ્તુઓનું સર્વગ્રાહી રીતે કોઈને કોઈ દરજ્જામાં જ્ઞાન આપી દેવામાં આવ્યું.

પૃથ્વીની ખિલાફતનો મસ્અલો :

પૃથ્વીની વ્યવસ્થા અને તેમાં અલ્લાહના કાનૂનને લાગુ કરવા માટે તેના તરફથી કોઈ નાયબ નક્કી કરવો, જે ઉપરોક્ત આયતોથી સ્પષ્ટ થઈ ગયું છે, તેમાં રાજ્ય બંધારણનો મહત્ત્વનો વિષય પણ આવ્યો કે તમામ સૃષ્ટિનો શાસક એકમાત્ર અલ્લાહ જ છે અને સમગ્ર સૃષ્ટિ ઉપર ફક્ત અલ્લાહ તઆલાનું જ શાસન છે. જેમકે, કુર્આન શરીફની ઘણી આયતો તેની ગવાહી સ્વરૂપે "અધિકાર એકમાત્ર અલ્લાહનો જ છે" (૬:૫૭) اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ અને لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ અને اَلَا لَهُ الْخَلْقُ وَالْاَمْرُ "ખરેખર તેનું જ છે બધું સર્જન (મખ્લૂક) અને હુકમ (અધિકાર)" (૭:૫૪) વગેરે છે. પૃથ્વીની વ્યવસ્થા માટે અલ્લાહ તઆલા તરફથી નાયબો આવે છે, જેઓ અલ્લાહના હુકમથી રાજ્ય અને હુકૂમત કરે છે અને અલ્લાહ તઆલાના બંદાઓના શિક્ષણ અને કેળવણીનું કામ કરી અલ્લાહના હુકમો લાગુ કરે છે. આ ખલીફા અને નાયબની નિયુક્તિ સીધે–સીધી અલ્લાહ તઆલા તરફથી જ થાય છે, તેમાં કોઈની કોઈ કળા કે કૃત્યની કોઈ દખલગીરી નથી. એટલા માટે સમગ્ર ઉમ્મતનો સર્વગ્રાહી અકીદો (માન્યતા) છે કે નુબુવ્વત કોઈ એવી વસ્તુ નથી કે જેને કોઈ પોતાના પ્રયત્નો અને કાર્યોથી પ્રાપ્ત કરી શકે બલકે, અલ્લાહ તઆલા પોતે જ પોતાના ઈલ્મ (જ્ઞાન) અને હિકમત દ્વારા અમુક ખાસ–ખાસ વ્યક્તિઓને આ કાર્ય માટે નિયુક્ત કરે છે. જેમને પોતાના નબી અને રસૂલ અથવા ખલીફા કે નાયબ બનાવે છે. કુર્આન શરીફમાં ઘણી જગ્યાએ આ બાબત વર્ણવવામાં આવી છે,

اَللّٰهُ يَصْطَفِىْ مِنَ الْمَلٰٓئِكَةِ رُسُلًا وَّمِنَ النَّاسِ اِنَّ اللّٰهَ سَمِيْعٌۢ بَصِيْرٌ ○

"અલ્લાહ તઆલા ચૂંટી કાઢે છે ફરિશ્તાઓમાંથી પોતાના રસૂલને અને મનુષ્યોમાંથી; બેશક ! અલ્લાહ તઆલા સાંભળનાર અને જોનાર છે." (૨૨:૭૫)

اَللّٰهُ اَعْلَمُ حَيْثُ يَجْعَلُ رِسَالَتَهٗ،

"અલ્લાહ તઆલા જ ખૂબ જાણનાર છે કે પોતાની રિસાલત (કોને) અર્પણ કરવી?" (૬:૧૨૪)

આ અલ્લાહના ખલીફાઓ સીધે–સીધા અલ્લાહ તઆલા તરફથી જ તેના હુકમો જાણે છે અને પછી તેને દુનિયામાં લાગુ કરે છે. ખિલાફત અને અલ્લાહના નાયબનો આ ક્રમ હઝરત આદમ (અલૈ.)થી શરૂ કરીને ખાતિમુન્નબિય્યીન ﷺ સુધી એકધારો ચાલતો રહ્યો. અહીંયાં સુધી કે ખાતિમુન્નબિય્યીન ﷺ આ પૃથ્વી ઉપર અલ્લાહના છેલ્લા ખલીફા તરીકે ઘણી બધી વિશેષતાઓ સાથે આવ્યા.

રિસાલતની એક ખાસિયત એ પણ હતી કે આપ ﷺ અગાઉ ખાસ–ખાસ દેશો અને કૌમોમાં અંબિયા (અલૈ.) આવતા હતા. તેમના રાજ્યની સીમા અને અધિકાર ફક્ત તે જ કૌમો અને દેશો સુધી મર્યાદિત રહેતો. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) એક કૌમમાં, હઝરત લૂત (અલૈ.) બીજી કૌમમાં, હઝરત મૂસા (અલૈ.) અને અન્ય નબીઓ બની ઈસ્રાઈલમાં મોકલવામાં આવ્યા.

રસૂલુલ્લાહ ﷺ પૃથ્વી પર અલ્લાહના છેલ્લા ખલીફા છે; આપ ﷺ ની વિશેષતાઓ :

આપ ﷺને આખી દુનિયા અને તેની બંને મખ્લૂકો જિન્નાત અને ઈન્સાન તરફ મોકલવામાં આવ્યા હતા. આપ ﷺનો અધિકાર આખી દુનિયાની બંને પ્રજાતિ ઉપર છવાયેલો હતો. કુર્આન શરીફે આપ ﷺ અને આપની નુબુવ્વત દુનિયાની સમગ્ર કૌમો માટે હોવાનું એ'લાન કર્યું છે.

قُلْ يٰٓاَيُّهَا النَّاسُ اِنِّىْ رَسُوْلُ اللّٰهِ اِلَيْكُمْ جَمِيْعًا ۨ الَّذِىْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ،

"(આપ ﷺ) કહી આપો કે, હે લોકો ! હું અલ્લાહનો રસૂલ છું તમારા બધાના માટે; અલ્લાહ તે જાત છે જેના કબજામાં આસમાનો અને જમીનોનો અધિકાર છે." (૭:૧૫૮)

અને સહીહ મુસ્લિમની એક હદીષમાં છે કે, આપ ﷺએ કહ્યું કે "મને બધા નબીઓ ઉપર ખાસ છ વસ્તુઓમાં ફઝીલત (શ્રેષ્ઠતા) બક્ષવામાં આવી છે."

તેમાંથી પ્રથમ એ છે કે, આપ ﷺને આખી દુનિયાના નબી અને રસૂલ બનાવીને મોકલવામાં આવ્યા.

બીજી ખાસિયત ખાતિમુન્નબિય્યીન ﷺની એ છે કે, અગાઉના અંબિયા (અલૈ.)ની ખિલાફત અને નિયાબત જેવી રીતે ખાસ–ખાસ દેશો અને કૌમો સુધી મર્યાદિત રહેતી હતી, એવી જ રીતે એક ખાસ સમય માટે મખ્સૂસ (નક્કી) હતી. તેમના પછી બીજા રસૂલ આવી જતા તો પહેલા રસૂલની ખિલાફત અને નિયાબત પૂરી થઈ આવનારા રસૂલની ખિલાફત કાયમ થઈ જતી હતી. આપણા રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને અલ્લાહે ખાતિમુલ અંબિયા બનાવી દીધા કે આપ ﷺની ખિલાફત અને નિયાબત કયામત સુધી કાયમ રહેશે. એમનો કોઈ ચોક્કસ સમયગાળો નક્કી કરવામાં નથી આવ્યો બલકે, જ્યાં સુધી જમીન, આસમાન અને આ પૃથ્વીનું અસ્તિત્વ છે ત્યાં સુધી આપ ﷺની રિસાલત કાયમ રહેશે.

ત્રીજી ખાસિયત એ છે કે અગાઉના અંબિયા (અલૈ.)નું શિક્ષણ અને શરીઅત અમુક સમય સુધી જ સુરક્ષિત રહેતી હતી અને ચાલતી હતી. ધીરે–ધીરે તેમાં સુધારા–વધારા થતા રહેતા અને અંતે તે નાબૂદ થઈ જતી હતી, એવા સમયે કોઈ બીજા નબી અથવા રસૂલ અને બીજી શરીઅત મોકલવામાં આવતી હતી. આપણા રસૂલ ﷺની વિશેષતા એ છે કે આપ ﷺનો દીન, આપ ﷺની શરીઅત કયામત સુધી સુરક્ષિત રહેશે. કુર્આન શરીફ જે આપ ﷺ ઉપર નાઝિલ થયું છે તેના શબ્દો અને અર્થો બધી જ વસ્તુની સુરક્ષાની જવાબદારી પોતે અલ્લાહ તઆલાએ લઈ લીધી છે અને ફરમાવ્યું છે,

اِنَّا نَحۡنُ نَزَّلۡنَا الذِّكۡرَ وَاِنَّا لَهٗ لَحٰفِظُوۡنَ

"અમે જ કુર્આન નાઝિલ ફરમાવ્યું અને અમે જ તેને સુરક્ષિત રાખનાર છે." (૧૫:૯)

એ જ રીતે આપ ﷺનું શિક્ષણ અને તેમના ફરમાનો જેને હદીષ કહેવામાં આવે છે, તેની સુરક્ષાની પણ અલ્લાહે એક ખાસ પ્રકારની વ્યવસ્થા કરી દીધી કે, કયામત સુધી આપ ﷺનું શિક્ષણ અને તેમના ફરમાનોને જીવથી વધુ વહાલા સમજનારી એક જમાઅત (ગ્રૃપ) બાકી રહેશે, જે આપ ﷺના શિક્ષણ અને દિવ્ય પ્રકાશને તથા આપ ﷺના શરઈ હુકમોને સાચે–સાચા જેમના તેમ લોકો સુધી

પહોંચાડતા રહેશે. કોઈ તે જમાઅતને ખતમ નહીં કરી શકે. અલ્લાહ તઆલાની ગૈબી (અદશ્ય) મદદ હંમેશા તેમની સાથે રહેશે.

ખુલાસો એ છે કે અગાઉના અંબિયા (અલૈ.)ની કિતાબો અને સહીફાઓ બધું જ હેરફેર અને ખતમ થઈ જતું અને છેવટે દુનિયામાંથી ગુમ થઈ જતું અથવા ભેળસેળવાળું ખરું–ખોટું બાકી રહેતું, પરંતુ આપ ﷺની લાવેલી કિતાબ કુર્આન શરીફ અને તેમની બતાવેલી હિદાયત–હદીષ બધું જ પોતાના અસલ સ્વરૂપમાં કયામત સુધી મૌજૂદ અને સુરક્ષિત રહેશે. એટલા માટે આ પૃથ્વી પર આપ ﷺ પછી ન કોઈ નબી અને રસૂલની જરૂરત છે અને ન જ કોઈ અલ્લાહના ખલીફાની ગુંજાઈશ (સંભાવના–શક્યતા) છે.

આપ ﷺની ચોથી વિશેષતા એ છે કે, અગાઉના અંબિયા (અલૈ.)ની ખિલાફત અને નિયાબત એક ખાસ સમયકાળ માટે જ રહેતી હતી. પ્રત્યેક નબી અને. રસૂલ પછી બીજા રસૂલ અલ્લાહ તરફથી નક્કી થતા અને નિયાબતનો કાર્યભાર સંભાળતા હતા.

આપ ﷺ પછી ખિલાફતની શાસન વ્યવસ્થા :

ખાતિમુન્નબિય્યીન ﷺની ખિલાફત અને નિયાબતનો સમયકાળ કયામત સુધીનો છે. એટલા માટે કયામત સુધી આપ ﷺ જ આ પૃથ્વી ઉપર અલ્લાહના ખલીફા છે. આપ ﷺની વફાત પછી દુનિયાની વ્યવસ્થા માટે જે પણ નાયબ હશે તે "ખલીફતુર્રસૂલ" (રસૂલના ખલીફા) અને આપ ﷺનો નાયબ હશે. સહીહ બુખારી અને સહીહ મુસ્લિમની હદીષ છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

كَانَتْ بَنُوْاِسْرائِيْلَ تَسوسُهُمُ الْاَنْبِيَاءُ كُلَّمَا هَلَكَ نَبِيٌّ خَلَفَهُ نَبِيٌّ وَّاِنَّهُ لَا نَبِيَّ بَعْدِىْ وَسَيَكُوْنُ خُلَفَاءُ فَيَكْثُرُوْنَ،

"બની ઈસ્રાઈલની દીની રહેબરી (માર્ગદર્શન) તેમના નબીઓ કરતા હતા, એક નબી મૃત્યુ પામતા તો બીજા નબી આવી જતા હતા, અને ખબરદાર ખૂબ ધ્યાનથી સાંભળો ! કે મારા પછી કોઈ નબી નથી. હા, મારા ખલીફા હશે અને ઘણાં હશે."

પાંચમી વિશેષતા આપ ﷺની એ છે કે આપ ﷺ પછી આપ ﷺની ઉમ્મતના સમૂહને તે સ્થાન અર્પણ કરવામાં આવ્યું જે અંબિયા (અલૈ.)નું હોય છે. એટલે કે ઉમ્મતના સમૂહને સત્‌માર્ગી બતાવી. અર્થાત ક્યારેય આખી ઉમ્મત સામૂહિક રીતે ગુમરાહ અને ગલતી ઉપર ભેગી નહીં થાય. આ આખી ઉમ્મત જે મસ્અલા ઉપર સહમતિ (ઈજ્માઅ) કરે તે અલ્લાહના હુકમ પ્રમાણે સમજવામાં આવશે. એટલા માટે અલ્લાહની કિતાબ અને રસૂલ ﷺની સુન્નત પછી ઈસ્લામમાં હુજ્જતનું ત્રીજું સ્વરૂપ ઈજ્માએ ઉમ્મત ઠરાવવામાં આવ્યું છે. આપ ﷺનો ઈરશાદ છે,

لَنْ تَجْتَمِعَ اُمَّتِیْ عَلَی الضَّلَالَةِ،

"મારી ઉમ્મત ક્યારેય ગુમરાહી ઉપર ભેગી નહીં થાય."

હદીષના આ ખુલાસા દ્વારા એ બાબતની વધુ સ્પષ્ટતા થઈ જાય છે, જેમાં ઈશારો છે કે મારી ઉમ્મતમાં હંમેશા એક જમાઅત સચ્ચાઈ ઉપર કાયમ રહેશે. દુનિયા ગમે તેટલી બદલાય જાય, સચ્ચાઈ ગમે તેટલી ધૂંધળી લાગે, પરંતુ એક જમાઅત સચ્ચાઈની હિમાયતમાં હંમેશા ઊભી રહેશે અને છેવટે તે જ ગાલિબ (છવાયેલી) રહેશે.

આ બાબતથી સ્પષ્ટ થઈ ગયું કે આખી ઉમ્મત ક્યારેય એક બાબત ઉપર ગુમરાહીથી ભેગી નહિ થાય અને જ્યારે કે આખી ઉમ્મતનો સમૂહ સત્‌માર્ગી ઠરાવવામાં આવ્યો તો ખલીફએ રસૂલ ﷺને ચૂંટી કાઢવાનું કામ પણ તેમને સોંપવામાં આવ્યું.....અને ખાતિમુન્નબિય્યીન ﷺ પછી પૃથ્વીના નાયબ તથા હુકૂમતની વ્યવસ્થા અને વહીવટ માટે ખલીફા નક્કી કરવાની પદ્ધતિ અમલમાં આવી. આ ઉમ્મત જેને ખલીફા તરીકે નક્કી કરી દે તે રસૂલ ﷺના ખલીફાની હૈસિયતથી દુનિયાની વ્યવસ્થા અને વહીવટનો એકમાત્ર ઝિમ્મેદાર હશે અને આખી પૃથ્વીનો ખલીફા માત્ર એક જ હોઈ શકે છે.

ખુલફાએ રાશિદીન (રદિ.)ના છેલ્લા સમયકાળ સુધી ખિલાફતનો આ ક્રમ સાચા સિદ્ધાંતો ઉપર ચાલતો રહ્યો અને એટલા જ માટે તેમના ફૈંસલા ફક્ત દીની કે કામચલાઉ ફૈંસલાઓની હૈસિયત નથી ધરાવતા, બલકે એક પાકો

દસ્તાવેજ અને એક રીતે ઉમ્મત માટે હુજ્જત (દલીલ-માપદંડ) માનવામાં આવે છે. કારણ કે પોતે આપ ﷺએ તેમના વિશે ફરમાવ્યું,

عَلَيْكُمْ بِسُنَّتِي وَسُنَّةِ الْخُلَفَاءِ الرَّاشِدِينَ،

"મારી સુન્નતને મજબૂતીથી પકડો અને ખુલફાએ રાશિદીનની સુન્નતને (પણ)."

ખુલફાએ રાશિદીન પછી બાદશાહત શરૂ થઈ :

ખુલફાએ રાશિદીન પછી બાદશાહતની શરૂઆત થઈ. વિભિન્ન વિસ્તારમાં અનેક અમીર (વહીવટકર્તા) બનાવવામાં આવ્યા, તેમાં કોઈપણ ખલીફા કહેવાડવાનો હકદાર નથી. હા ! તેને કોઈ દેશ કે કૌમનો અમીર કહી શકાય છે અને જ્યારે આખી દુનિયાના મુસલમાનોનો સામૂહિક ફેંસલો કોઈ એક વ્યક્તિ વિશે બાકી ન રહ્યો અને દરેક દેશ, દરેક કૌમનો જુદો-જુદો અમીર બનાવવાનો રિવાજ ચાલુ થઈ ગયો તો અમુક મુસ્લિમ રાષ્ટ્રોના મુસલમાનોએ આ નિયુક્તિને ઈસ્લામિક દષ્ટિકોણ હેઠળ ચાલુ રાખી કે, દેશમાં મુસલમાનોની બહુમતી જેને ચૂંટી કાઢે તે જ દેશનો વહીવટકર્તા અને અમીર (સત્તાધીશ) બને છે.

પશ્ચિમી લોકશાહી અને ઈસ્લામી "શૂરા" (કાર્યકારણી સભા-Executive committee)માં તફાવત :

એસૅમ્બલીઓ (ધારાગૃહો) આ બાબતનો એક નમૂનો છે, ફરક માત્ર એટલો છે કે, મોટાભાગના લોકશાહી દેશોમાં એસૅમ્બલીઓ તેમના મેમ્બરો અને સભ્યોને બિલકુલ આઝાદ (સ્વતંત્ર) છોડી દે છે અને ફક્ત પોતાની સલાહ અને બહુમતીથી જે ચાહે તે સારો અથવા ખરાબ કાયદો બનાવી શકે છે. જ્યારે કે ઈસ્લામી એસૅમ્બલીઓ કે શૂરામાં સભ્યો અથવા ચૂંટાયેલા અમીર બધા જ અલ્લાહ તઆલા અને રસૂલ ﷺ દ્વારા મળેલ શરીઅત તથા દીની કાનૂનના પાબંદ છે. આ એસૅમ્બલી અને મજલિસે શૂરાની મૅમ્બરશીપ (સભ્યપદ) માટે પણ કેટલીક શરતો છે અને જે માણસ સભ્ય તરીકે ચૂંટાય તેના માટે પણ કેટલીક શરતો અને સીમાઓ છે. પછી તેમની કાયદા ઘડવાની પદ્ધતિ પણ કુર્આન અને સુન્નત પ્રમાણે શરઈ સિદ્ધાંતો અને ઉસૂલોના વર્તુળમાં રહીને જ હોઈ શકે છે.

તેના વિરૂદ્ધ કોઈ કાનૂન બનાવવાનો તેમને કોઈ અધિકાર નથી. આવી રીતે ચૂંટાયેલ ચુસ્ત ઈસ્લામી પદ્ધતિ ઉપર અમલ કરતી કાર્યકારણી સભાના અમીરને "ઊલૂલ અમ્ર" કહી શકાય છે.

ખુલાસો એ છે કે અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તાઓને સંબોધીને જે ફરમાવ્યું હતું કે, "હું પૃથ્વી પર મારો નાયબ બનાવનાર છું." તેમાં રાજ્ય બંધારણની અમુક કલમો ઉપર પ્રકાશ પડે છે.

ઉપરોક્ત આયત દ્વારા રાજ્ય બંધારણની અમુક કલમોની સાબિતી :

આસમાનો અને પૃથ્વીમાં અલ્લાહ તબારક વ તઆલાનું જ સંપૂર્ણ શાસન છે અને આ પૃથ્વી ઉપર અલ્લાહના હુકમોનું અમલીકરણ કરાવવા માટે નાયબ અને ખલીફા તેના રસૂલ હોય છે અને સાથે–સાથે એ પણ સ્પષ્ટ થઈ ગયું કે ખિલાફતે ઈલાહિય્યાનો ક્રમ આપ ﷺ પર પૂર્ણ થઈ ગયો તો હવે ખિલાફતે રસૂલ ﷺ ના સિલસિલાએ તેની જગ્યા લીધી છે અને આ ખલીફાની વરણી–નિયુક્તિ મિલ્લતે ઈસ્લામિય્યહ કરે છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૩૪)

وَاِذْ قُلْنَا لِلْمَلٰٓئِكَةِ اسْجُدُوْا لِاٰدَمَ فَسَجَدُوْٓا اِلَّآ اِبْلِيْسَ ؕ
اَبٰى وَ اسْتَكْبَرَ ٚ وَكَانَ مِنَ الْكٰفِرِيْنَ ﴿۳۴﴾

તરજુમો :

અને જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું (હુકમ કર્યો) તમે આદમને સિજદો કરો તો તેમણે સિજદો કર્યો સિવાય કે ઈબ્લીસ; તેણે ઈન્કાર કર્યો અને અભિમાન કર્યું અને કાફિરોમાંનો થઈ ગયો. (૩૪)

તફસીર :

"અને જ્યારે અમે ફરિશ્તાઓને કહ્યું (હુકમ કર્યો)" [અને જિન્નાતોને પણ જેમકે અમુક રિવાયતોમાં હઝરત ઈબ્ને અબ્બાસ રદિ.થી નકલ થયું છે, મતલબ કે તે બધાને હુકમ કરવામાં આવ્યો કે,] "તમે આદમને સિજદો કરો તો

તેમણે સિજદો કર્યો, સિવાય ઈબ્લીસ; તેણે ઈન્કાર કર્યો અને અભિમાન કર્યું અને કાફિરોમાંનો થઈ ગયો.''

મસ્અલા અને બોધપાઠ :

આયતોની ગોઠવણી :

અગાઉના કિસ્સામાં જ્યારે આદમ (અલૈ.)ની શ્રેષ્ઠતા અને ફઝીલત ફરિશ્તાઓ સામે જાહેર થઈ ચૂકી અને દલીલોથી એ વાત સાબિત થઈ ગઈ કે, ખિલાફતની સલાહિય્યત (ક્ષમતા) માટે જે જ્ઞાન હોવું જરૂરી છે તે હઝરત આદમ (અલૈ.)ને પ્રાપ્ત થયું છે જેમકે, અગાઉ સવિસ્તાર વર્ણન થઈ ચૂક્યું છે. અને તે ખાસ હૈસિયતના કારણે આદમ (અલૈ.)નું જ્ઞાન ફરિશ્તાઓ અને જિન્નાતો બંને મખ્લૂકના જ્ઞાનથી વધીને છે, જે તેમની સામે જાહેર થઈ ચૂક્યું. હવે અલ્લાહ તઆલાને મંજૂર હતું કે આ શ્રેષ્ઠતાને અમલી (પ્રેક્ટિકલ) રીતે પણ પુરવાર કરવામાં આવે અને ફરિશ્તાઓ તથા જિન્નાતો પાસે એવી કોઈ ખાસ રીતે આદમ (અલૈ.)ની ઈજ્જત કરાવવામાં આવે કે જેનાથી એ જાહેર થઈ જાય કે, આદમ (અલૈ.) આ બંને સમુદાયો કરતાં સંપૂર્ણ અને શ્રેષ્ઠ છે.

آنچہ خوباں ہمہ دارند تو تنہا داری

તેઓ બધા મળી જેટલા ગુણો ધરાવે છે તમો એકલા તે બધાના માલિક છો.

આદમ (અલૈ.)ના આ વિશેષ પ્રકારના જ્ઞાનમાં ફરિશ્તાઓ અને જિન્નાતો કરતાં સંપૂર્ણ, શ્રેષ્ઠ તથા બંને મખ્લૂક પાસે જે ઈલ્મ છે તેનું સંયોજન પણ છે જેમકે, ઉપર વિગતવાર વર્ણન થઈ ચૂક્યું છે. હવે અલ્લાહ તઆલાને મંજૂર થયું કે આદમ (અલૈ.) કરતાં ઓછું જ્ઞાન ધરાવનાર આ મખ્લૂક પાસે આદમ (અલૈ.)ની ઈજ્જત એવો અમલ કરાવીને થવી જોઈએ કે, તે આ બંને મખ્લૂક કરતાં સંપૂર્ણ અને સર્વગ્રાહી છે તેવું જાહેર થઈ જાય. જ્યારે કે, આ બંને મખ્લૂક તેમની ઈજ્જત કરી રહી છે અને તેને જીભથી વર્ણન કરી રહી છે કે, જે ખાસિયતો અને ગુણો અમારામાં અલગ–અલગ રીતે છે તે બંને એકી સાથે આદમ (અલૈ.)માં જોવા મળે છે. એટલા માટે અમલી રીતે આ પ્રમાણે ઈજ્જત કરાવવામાં આવી, તેમાં કિસ્સો વર્ણન થયો છે કે, ''અમે ફરિશ્તાઓને હુકમ આપ્યો કે આદમ (અલૈ.)ને

સિજદહ કરો, બધા ફરિશ્તાઓએ સિજદહ કર્યો પરંતુ ઈબ્લીસે ઘમંડ અને અભિમાનના કારણે સિજદહ કરવાથી ઈન્કાર કર્યો અને કાફિર બની ગયો.''

શું સિજદહનો હુકમ જિન્નાતોને પણ હતો ? :

આ આયતથી જે વાત સ્પષ્ટ થાય છે તે આ છે કે, આદમ (અલૈ.)ને સિજદહ કરવાનો હુકમ ફરિશ્તાઓને આપવામાં આવ્યો, પરંતુ આગલી આયતમાં અલગ કરીને કહેવામાં આવ્યું છે કે બધા ફરિશ્તાઓએ સિજદહ કર્યો પરંતુ ઈબ્લીસે ન કર્યો. તેનાથી સાબિત થયું કે આદમ (અલૈ.)ને સિજદહ કરવાનો હુકમ તે વખતે બધી જ બુદ્ધિ ધરાવતી મખ્લૂક માટે આમ હતો, જેમાં ફરિશ્તાઓ અને જિન્નાતો બધા જ શામિલ છે, પરંતુ હુકમમાં ફક્ત ફરિશ્તાઓનો ઉલ્લેખ એટલા માટે કર્યો છે કે, તેઓ સૌથી શ્રેષ્ઠ અને અફઝલ છે. જ્યારે આદમ (અલૈ.)ની ઈજ્જતનો હુકમ તેમને આપવામાં આવ્યો તો જિન્નાતોને પણ આવો હુકમ આપવાનું તેમાં શામિલ હોવાનું સાબિત થઈ ગયું.

અગાઉની ઉમ્મતમાં કોઈના માન-સન્માન ખાતર સિજદહ કરવો જાઇઝ હતો પરંતુ હવે ઇસ્લામમાં તેની મનાઈ છે :

આ આયતમાં ફરિશ્તાઓને હુકમ આપવામાં આવ્યો છે કે, હઝરત આદમ (અલૈ.)ને સિજદહ કરે અને સૂરએ યૂસુફમાં હઝરત યૂસુફ (અલૈ.)ના માતા-પિતા અને ભાઈઓનું મિસ્ર પહોંચી યૂસુફ (અલૈ.)ને સિજદહ કરવાનું વર્ણન છે. وَخَرُّوْا لَهٗ سُجَّدًا દેખીતું છે કે તે સિજદહ ઈબાદત માટે નથી હોઈ શકતો કારણ કે, અલ્લાહ સિવાય કોઈ અન્યની ઈબાદત કરવી કુફ્ર અને શિર્ક છે જેથી અત્રે ઈબાદત માટે સિજદહ હોવાની કોઈ એવી શક્યતા કે સંભાવના જ નથી. કોઈ પણ નબી (અલૈ.)ની શરીઅતમાં અલ્લાહને છોડીને કોઈ અન્યની ઈબાદત કરવી જાઇઝ નથી. હા! એવી શક્યતા હોઈ શકે છે કે પ્રાચીન અંબિયા (અલૈ.)ના યુગમાં સિજદહનું સ્વરૂપ અને હૈસિયત એવી હશે, જે આજના સમયમાં સલામ, હસ્તધૂનન ("મુસાફહો" કરવો), ભેટવું, હાથ ચૂમવા અથવા ઈજ્જત ખાતર ઊભા થઈ જવું વગેરે સ્વરૂપે પ્રચલિત છે.

ઈમામ જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે અગાઉના નબીઓની શરીઅતમાં મોટાઓની (વડીલોની) ઈજ્જત અને સન્માન માટે

સિજદો કરવો મુબાહ (જાઈઝ) હતો. હઝરત મુહમ્મદ ﷺની શરીઅતમાં તે રદ થઈ ગયું અને વડીલોની ઈજ્જત ખાતર ફક્ત સલામ કે હાથ મેળવવાની કે ભેટવાની પરવાનગી આપવામાં આવી. કોઈના માનમાં રુકૂઅ કરવો, સિજદહ કરવો કે નમાઝમાં જે રીતે હાથ બાંધી ઊભા થવામાં આવે છે તેમ કરવું જાઈઝ નથી.

એનો ખુલાસો એ પણ છે કે વાસ્તવમાં કુફ્ર, શિર્ક અને અલ્લાહને છોડીને અન્યની ઈબાદત કરવી ઈમાનના મૂળ સિદ્ધાંતો વિરૂદ્ધ છે. તે ક્યારેય કોઈ શરીઅતમાં જાઈઝ નથી હોઈ શકતું, પરંતુ અમુક પ્રવૃત્તિઓ અને અમલો એવા હતા કે જે પોતે કુફ્ર કે શિર્ક નથી, પરંતુ લોકોની અજ્ઞાનતા અને ગફલતના કારણે તે કૃત્યો શિર્ક અને કુફ્ર બની શકે છે. આવા કૃત્યોને અગાઉના નબીઓની શરીઅતોમાં સદંતર નિષેધ (હરામ) કરવામાં નથી આવ્યા, બલકે તેના દ્વારા શિર્ક કરવાથી રોકવામાં આવ્યું, જેમકે સજીવોના ચિત્ર દોરવા અને તેનો ઉપયોગ કરવો પોતાની જાતે કુફ્ર કે શિર્ક નથી, પરંતુ તે ચિત્રોની પૂંજા કરવી કુફ્ર અને શિર્ક છે. એટલા માટે પહેલાંની શરીઅતોમાં ચિત્ર બનાવવું જાઈઝ હતું, પરંતુ "સદ્દે જરાએઅ્" એટલે કે કુફ્ર–શિર્કના ચોર દરવાજાઓ બંધ કરવા માટે શરીઅતે મુહમ્મદી ﷺમાં સજીવોના ચિત્ર દોરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. હઝરત સુલૈમાન (અલૈ.)ના કિસ્સામાં વર્ણન છે,

يَعۡمَلُوۡنَ لَهٗ مَايَشَآءُ مِنۡ مَّحَارِيۡبَ وَتَمَاثِيۡلَ،

"જિન્નાત એમના માટે મોટા મેહરાબો અને તસ્વીરો (ચિત્રો) બનાવ્યા કરતા હતા." (૩૪:૧૩)

એવી જ રીતે પહેલાંની શરીઅતોમાં કોઈના માન–સન્માન ખાતર સિજદહ કરવો જાઈઝ હતો, પરંતુ લોકોની અજ્ઞાનતાના કારણે આ જ બાબત શિર્ક અને મૂર્તિપૂંજાનું માધ્યમ બની ગઈ અને તે અંબિયા (અલૈ.)ની શરીઅતોમાં ફેરફારનું કારણ બની ગઈ અને પછી આ રિવાજે અન્ય અંબિયા (અલૈ.)ની શરીઅતોને નષ્ટ કરી નાંખી. હવે શરીઅતે મુહમ્મદી ﷺ કાયમી અને છેલ્લી શરીઅત છે. રસૂલ ﷺ ઉપર નુબુવ્વત અને રિસાલત પૂર્ણ થઈ ચૂકી છે. આપ ﷺની શરીઅત અંતિમ શરીઅત હોવાના કારણે તેનો નાશ થવાથી અથવા તેમાં

ફેરફાર થવાથી બચાવવા માટે પ્રત્યેક તે સંભાવનાઓ અને શક્યતાઓને રદ કરી નાંખવામાં આવી, જે માર્ગે શિર્ક અને મૂર્તિપૂંજા ઈસ્લામમાં દાખલ થઈ શકે છે. આ સિલસિલામાં તે તમામ વસ્તુઓ હરામ ઠરાવવામાં આવી જે અગાઉના કોઈક સમયે શિર્ક અને મૂર્તિપૂંજાનું માધ્યમ બની હતી.

સજીવનું ચિત્ર દોરવું અને તેનો ઉપયોગ કરવો એ જ કારણથી હરામ કરવામાં આવ્યું. એ જ રીતે કોઈના માન-સન્માનમાં રૂકૂઅ્-સિજદહ કરવો પણ હરામ કરવામાં આવ્યું. બલકે, એટલે સુધી કે દિવસના તે સમયમાં નમાઝ પઢવી પણ હરામ કરવામાં આવી, જેમાં મુશ્રિકો અને કાફિરો પોતાની મૂર્તિઓ અને મા'બૂદો (આરાધ્ય દેવો)ની પૂંજા કરે છે, જેથી દેખીતી રીતે ઈબાદતના સમયની સમાનતાના કારણે તે શિર્ક અને મૂર્તિપૂંજાનું માધ્યમ ન બનવા પામે.

સહીહ મુસ્લિમમાં છે કે આપ ﷺએ માલિકોને હુકમ કર્યો કે "પોતાના ગુલામોને "અબ્દી" એટલે કે "મારો બંદો" કહીને ન બોલાવે અને ગુલામોને એ હુકમ આપ્યો કે પોતાના માલિકોને રબ્બી "મારો રબ" ન કહે." હાલાં કે, શાબ્દિક અર્થના સંદર્ભમાં બંદાનો અર્થ ગુલામ અને રબનો અર્થ પાલન-પોષણ કરનાર થાય છે. આવા શબ્દોના ઉપયોગની મનાઈ ફક્ત એટલા માટે કરવામાં આવી કે આ શબ્દો શિર્ક નજીક લઈ જનારા છે. કોઈપણ સમયે અજ્ઞાનતાના કારણે આવા શબ્દો માલિકોની પૂંજાનો દરવાજો ખોલી શકે છે. એટલા માટે આવા શબ્દોના ઉપયોગની મનાઈ કરવામાં આવી.

ખુલાસો એ છે કે, આદમ (અલૈ.)ને ફરિશ્તાઓનો સિજદહ અને યૂસુફ (અલૈ.)ને તેમના માતા-પિતા અને ભાઈઓના સિજદહનો કુર્આનમાં જે ઉલ્લેખ થયો છે તે "સિજદએ તા'ઝીમી" (માન-સન્માન ખાતર કરવામાં આવેલો સિજદહ) હતો જે તેમની શરીઅતોમાં આજની શરીઅતોની જેમ સલામ, હાથ મેળવવો, ભેટવું, હાથ ચૂમવો વગેરેનો દરજ્જો રાખતો હતો અને જાઈઝ હતો. શરીઅતે મુહમ્મદી ﷺને કુફ્ર અને શિર્કની કોઈ નાની સરખી સંભાવના અને શક્યતાથી પણ પાક રાખવામાં આવી છે. એટલા માટે અલ્લાહ તઆલાએ આ શરીઅતમાં માત્ર અલ્લાહ સિવાય અન્ય કોઈને પણ માન-સન્માન ખાતર સિજદહ કે રુકૂઅ કરવાની પરવાનગી આપી નથી.

અમુક ઉલમાએ ફરમાવ્યું છે કે, “નમાઝ જે મૂળ શારીરિક ઈબાદત છે, તેમાં ચાર પ્રમાણે શારીરિક પ્રક્રિયા કરવામાં આવે છે. ઊભા થવું, બેસવું, રુકૂઅ કરવો, સિજદહ કરવો તેમાં પહેલી બે પ્રક્રિયા ઊભા થવું અને બેસવું એવી ક્રિયાઓ છે જે વ્યક્તિ પોતાની રોજીંદી શારીરિક હલન–ચલનની આવશ્યકતાના કારણે ટેવ પ્રમાણે કરતો જ હોય છે અને તે ક્રિયા નમાઝમાં ઈબાદત સ્વરૂપે પણ કરવામાં આવે છે. પરંતુ રુકૂઅ અને સિજદહ એવી ક્રિયાઓ છે જેની વ્યક્તિને ટેવ હોતી નથી, માત્ર તે નમાઝમાં ઈબાદત સ્વરૂપે જ ખાસ રીતે કરવામાં આવે છે. એટલા માટે આ બંને ક્રિયાઓને શરીઅતે મુહમ્મદી ﷺમાં ઈબાદતના જ હુકમમાં ગણીને અલ્લાહ સિવાય કોઈ અન્યની સામે રુકૂઅ કે સિજદહ કરવાની મનાઈ કરવામાં આવી છે.”

હવે અત્રે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, માન–સન્માનના સિજદહનું જાઈઝ હોવું કુર્આનની ઉપરોક્ત આયતોથી સાબિત છે. હઝરત મુહમ્મદ ﷺની શરીઅતમાં જો તે મનસૂખ (રદ) થયું હોય તો તેની દલીલ શું છે ?

તેનો જવાબ એ છે કે રસૂલ ﷺની અસંખ્ય પ્રખ્યાત હદીષોથી કોઈ મખ્લૂકના માન–સન્માનમાં સિજદહ કરવો હરામ હોવાનું સાબિત થયેલ છે. રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું, “જો મેં અલ્લાહ સિવાય કોઈ અન્ય માટે "સિજદએ તા'ઝીમી" (માન–સન્માન ખાતર કરવામાં આવતો સિજદહ) જાઈઝ હોવાનું ઠરાવ્યું હોત, તો મેં પત્નીઓને હુકમ આપ્યો હોત કે તે પોતાના પતિઓને સિજદહ કરે !” (પરંતુ શરીઅતમાં સિજદએ તા'ઝીમી સદંતર હરામ છે, માટે કોઈએ પણ કોઈના માટે સિજદહ કરવો જાઈઝ નથી.)

આ હદીષ ૨૦ સહાબએ કિરામ (રદિ.)ની રિવાયતોથી સાબિત છે. હદીષની પ્રખ્યાત કિતાબોમાં આ હદીષ વર્ણવાઈ છે. "તદ્‌રીબુર્રાવી"માં છે કે, જે રિવાયતને ૧૦ સહાબએ કિરામ (રદિ.)એ નકલ કરી હોય તો તે હદીષ "મુતવાતિર" (ઉચ્ચ પ્રકારની હદીષ) હોવાનો દરજ્જો ધરાવે છે, તે કુર્આનની જેમ "કત્‌ઈ" (ઉચ્ચતમ્ દલીલ) છે. આ હદીષ ૨૦ સહાબએ કિરામથી નકલ થઈ છે. આ ૨૦ સહાબા (રદિ.)ની રિવાયતોને બયાનુલ કુર્આનના હાંસિયામાં હઝરત હકીમુલ ઉમ્મત મૌલાના અશરફ અલી થાનવી (રહ.)એ ભેગી કરી દીધી છે. જરૂર જણાય તો ત્યાં જોઈ શકાય છે.

મસ્અલો :

ઈબ્લીસનું કુફ્ર ફક્ત અમલી નાફરમાનીનું પરિણામ નથી કારણ કે, કોઈ ફરજ ઉપર અમલ કરવાનું છોડી દેવું શરીઅતના નિયમો પ્રમાણે "ફિસ્ક" અને ગુનોહ છે. કુફ્ર નથી. ઈબ્લીસના કુફ્રનું મૂળ કારણ અલ્લાહના હુકમ સામે વાંધો ઉઠાવવો અને તેનો મુકાબલો કરવો છે. ઈબ્લીસે કહ્યું કે "તેં મને જે વ્યક્તિને સિજદહ કરવાનો હુકમ આપ્યો છે તે આદમ એ કાબિલ (યોગ્ય) નથી કે હું તેને સિજદહ કરું." અલ્લાહના હુકમમાં આ વાંધો ઉઠાવવો કોઈપણ પ્રકારની શંકા વગર કુફ્ર છે.

મસ્અલો :

વિચારવા યોગ્ય વાત છે કે, ઈબ્લીસ જ્ઞાન અને બુદ્ધિમાં તે દરજ્જો ધરાવતો હતો કે તેને "તાઊસુલ મલાઈકહ" કહેવામાં આવતો હતો. પછી તેના દ્વારા આવી નિમ્ન કક્ષાની હરકત કઈ રીતે થઈ ? અમુક ઉલમા કહે છે કે, "તેના તકબ્બુર અને અભિમાનના કારણે અલ્લાહ તઆલાએ તેને આપેલા જ્ઞાન, બુદ્ધિ અને સમજદારીની દૌલત તેની પાસેથી છીનવી લીધી હતી, એટલા માટે તે આવી અજ્ઞાનતાનું કામ કરી બેઠો." અને અમુક ઉલમાએ કહ્યું છે કે "ઊંચા હોદ્દાની લાલચ અને આત્મશ્લાઘા (ખુદપસંદી)એ વાસ્તવિકતાનો જાણકાર હોવા છતાં તેને આ મુસીબતમાં મુકી દીધો." તફસીર રૂહુલ મઆનીમાં આ જગ્યાએ એક શે'ર નકલ કરવામાં આવ્યો છે, જેનો ખુલાસો એ છે કે કેટલાક સમયે કોઈ ગુનાહની વબાલના કારણે કોઈ સાચા અને નેક માણસથી પણ અલ્લાહનું સમર્થન હટી જાય છે, તો તેની પ્રત્યેક કોશીશ અને અમલ તેને ગુમરાહી તરફ ધકેલી દે છે.

રૂહુલ મઆનીમાં તેનાથી એ પણ સાબિત કરવામાં આવ્યું છે કે માણસનું ઈમાન એ જ ભરોસાપાત્ર ગણવામાં આવશે જે ઉંમરની છેલ્લી ઘડી અને આખિરતની પહેલી મંઝિલ મૌત સુધી સાથે રહે. હાલનું ઈમાન અને અમલ તથા જ્ઞાન અને મઅ્રિફત ઉપર માણસને ગર્વ ન હોવો જોઈએ.

(રૂહુલ મઆની)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૩૫-૩૬)

وَقُلْنَا يَٰٓـَٔادَمُ اسْكُنْ اَنْتَ وَزَوْجُكَ الْجَنَّةَ وَكُلَا مِنْهَا رَغَدًا حَيْثُ شِئْتُمَا
وَلَا تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ فَتَكُوْنَا مِنَ الظّٰلِمِيْنَ ﴿٣٥﴾ فَاَزَلَّهُمَا الشَّيْطٰنُ
عَنْهَا فَاَخْرَجَهُمَا مِمَّا كَانَا فِيْهِ ۖ وَقُلْنَا اهْبِطُوْا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ ۚ وَلَكُمْ فِي الْاَرْضِ
مُسْتَقَرٌّ وَّمَتَاعٌ اِلٰى حِيْنٍ ﴿٣٦﴾

તરજુમો :

અને અમે કહ્યું, હે આદમ ! તમે અને તમારી પત્ની જન્નત(માં) રહ્યા કરો; અને જ્યાંથી તમે ઈચ્છા કરો તેમાંથી તમે બંને સંતોષથી ખાઓ; અને આ ઝાડ પાસે ના જશો, નહિતર તમે જાલિમોમાંથી થઈ જશો. (૩૫) પછી તે બંનેને શયતાને તેનાથી ફોસલાવ્યા, પછી તેમને તેમાંથી (જન્નતમાંથી) કઢાવ્યા જેમાં તેઓ હતા; અને અમે કહ્યું તમે (પૃથ્વી ઉપર) ઉતરી જાઓ; (જ્યાં) તમે અમુક અમુકના (પરસ્પર) દુશ્મન (હશો); અને તમારા માટે પૃથ્વી (રહેવાનું) ઠેકાણું અને (એક નક્કી) સમય સુધી સામાન (છે). (૩૬)

તફસીર :

"અને અમે કહ્યું, હે આદમ ! તમે અને તમારી પત્ની" [જેને અલ્લાહ તઆલાએ પોતાની કુદરત વડે આદમ (અલૈ.)ની પાંસળીમાંથી કોઈ તત્ત્વ લઈને પૈદા કર્યા હતા.] "જન્નત(માં) રહ્યા કરો; અને જ્યાંથી તમે ઈચ્છા કરો તેમાંથી તમે બંને સંતોષથી ખાઓ; અને તે ઝાડ પાસે ના જશો, નહિતર તમે જાલિમો (પોતાનું નુકસાન કરનારાઓ)માંથી થઈ જશો." [અને અલ્લાહ જ જાણે છે કે, તે કયું ઝાડ હતું ? પરંતુ તેના ખાવાની મનાઈ ફરમાવવામાં આવી હતી અને માલિકને અધિકાર છે કે, પોતાના ઘરની વસ્તુઓમાંથી ગુલામને અમુક વસ્તુઓ વાપરવાની છૂટ આપે અને અમુક વસ્તુ વાપરવાની મનાઈ કરી દે.] "પછી તે બંનેને શયતાને તેનાથી ફોસલાવ્યા, પછી તેમને તેમાંથી કઢાવ્યા જેમાં તેઓ હતા; અને અમે કહ્યું તમે ઊતરી જાઓ; (જ્યાં) તમે અમુક અમુકથી (પરસ્પર) દુશ્મન (હશો); અને તમારા માટે પૃથ્વી ઠેકાણું અને (એક) સમય સુધી સામાન (છે)"

[એટલે કે પૃથ્વી ઉપર તમારે કાયમી ધોરણે રહેવાનું નથી. અમુક નક્કી સમય પછી આ પૃથ્વી પણ છોડવી પડશે.]

મસ્અલા અને બોધપાઠ :

આદમ (અલૈ.)નો કિસ્સો અહીંયાં પૂર્ણ થાય છે, જેનું વર્ણન કરવામાં આવ્યું છે.......કે જ્યારે આદમ (અલૈ.)ની ફઝીલત અને પૃથ્વીની ખિલાફત માટેની સલાહિય્યત અને ક્ષમતા ફરિશ્તાઓ પર જાહેર થઈ ગઈ, તો તેમણે સ્વીકારી લીધું, પરંતુ ઈબ્લીસ પોતાના અભિમાન અને અલ્લાહના હુકમમાં વાંધો ઉઠાવવાના કારણે કાફિર થઈ ગયો અને તેને પણ ત્યાંથી કાઢી મૂકવામાં આવ્યો. અલ્લાહે આદમ (અલૈ.) અને તેમની પત્ની હવ્વાને એ હુકમ આપ્યો કે, તમે બંને જન્નતમાં રહો અને જન્નતની નેઅ્મતોથી લાભ ઉઠાવો, પરંતુ એક ખાસ ઝાડ માટે એવી ચેતવણી આપવામાં આવી કે તેની પાસે ન જશો. એટલે કે તેના ખાવાથી સંપૂર્ણ પરહેઝ કરજો. શયતાન જે આદમ (અલૈ.)ના કારણે મરદૂદ (ધિક્કાર પાત્ર) બની ગયો તે ઈર્ષ્યાથી બળી રહી રહ્યો હતો. તેણે કોઈ રીતે મૌકો મેળવીને અને મસ્લિહતો બતાવીને તે બંનેને તે ઝાડ(નું ફળ) ખાવા માટે તૈયાર કરી દીધા અને તેમની આ ચૂકના કારણે તેમને (આદમ અને બીબી હવ્વા અલૈ.ને) પણ હુકમ મળ્યો કે, હવે તમે પૃથ્વી પર જઈને રહો અને એ પણ બતાવી દેવામાં આવ્યું કે પૃથ્વી ઉપર તમારે જન્નતની જેમ આરામ અને રાહત નહીં હોય બલકે, ત્યાં પરસ્પર વિરોધ અને દુશ્મનીઓ હશે અને પરસ્પર વેરઝેર પણ થશે. જેથી જીવવાનો આનંદ ક્યારેય સંપૂર્ણ મળી શકશે નહીં.

ઉપરોક્ત આયત સંબંધે મસ્અલાઓ અને શરીઅતના હુકમો :

اُسْكُنْ اَنْتَ وَزَوْجُكَ الْجَنَّةَ માં હઝરત આદમ અને હવ્વા (અલૈહિમુસ્સલામ) બંનેના માટે જન્નતમાં "મસ્કન" (વિસામાનું સ્થળ) બનાવવામાં આવ્યું હતું, અહીંયાં ટૂંકા શબ્દોમાં એવું પણ કહી શકાતું હતું, કે اُسْكُنَا الْجَنَّةَ તમે બંને જન્નતમાં રહો. જેમકે તેના પછી શબ્દ كُلَا અને لَاتَقْرَبَا માં આ બંનેને એક જ સૈગા (સ્વરૂપ–સંજ્ઞા)માં ભેગા કરવામાં આવ્યા છે પરંતુ અહીંયાં તેનાથી ઊલટું اَنْتَ وَزَوْجُكَ ના શબ્દના ઉપયોગમાં સંબોધન ફક્ત હઝરત આદમ (અલૈ.)ને કરવામાં આવ્યું અને એના દ્વારા એ પણ ફરમાવ્યું કે

આપની પત્ની પણ જન્નતમાં રહે. અત્રે બે મસ્અલાઓ ઉપસ્થિત થાય છે.

મસ્અલો :

પત્ની માટે રહેઠાણની વ્યવસ્થા કરવી પતિની જવાબદારી હોય છે. અને નિવાસસ્થાનની પસંદગી બાબતે પત્ની પતિના તાબે' છે. જે મકાનમાં પતિ રહેતો હોય તે જ મકાનમાં પત્નીએ પણ રહેવું પડશે.

મસ્અલો :

શબ્દ اُسْكُنْ માં એ તરફ પણ ઈશારો છે કે તે વખતે તે બંને વ્યક્તિઓ માટે જન્નતનું રહેઠાણ ફક્ત એક કામચલાઉ નિવાસ હતો. કાયમી રહેઠાણ જે માલિકી ધોરણે હોય છે તે પ્રમાણે ન હતો કારણ કે, શબ્દ اُسْكُنْ નો અર્થ એ છે કે, "આ મકાનમાં રહ્યા કરો." એવું નથી કહેવામાં આવ્યું કે "આ મકાન તમને આપી દેવામાં આવ્યું છે અને આ મકાન તમારૂં જ છે." કારણ એ છે કે, અલ્લાહ તઆલાના જ્ઞાનમાં એ હતું કે આગળ ઉપર એવી પરિસ્થિતિ આવવાની છે કે, આદમ અને હવ્વા (અલૈ.)ને જન્નતનું મકાન છોડવું પડશે. વળી, જન્નતનો માલિકી અધિકાર ઈમાન અને નેક કાર્યોના બદલામાં પ્રાપ્ત થાય છે, જે કયામત પછી થશે. એ આધારે ફકીહો (ઈસ્લામી કાયદાશાસ્ત્રીઓ)એ આ મસ્અલો બતાવ્યો છે કે, જો કોઈ વ્યક્તિ કોઈને કહે કે મારા ઘરમાં રહ્યા કરો અથવા મારા ઘરમાં નિવાસ કરો, તેનાથી તે મકાનની માલિકીનો કાયમી અધિકાર તે વ્યક્તિનો નથી થઈ જતો.

(કુર્તુબી)

ખોરાક અને ખાન–પાનમાં પત્ની પતિના તાબે' નથી :

وَكُلَا مِنْهَا رَغَدًا એટલે "તમે બંને જન્નતમાં સંતોષથી ખાઓ." તેમાં પ્રસ્તુત વર્ણન પદ્ધતિથી સંબોધન ફક્ત આદમ (અલૈ.)ને કરવામાં આવ્યું નથી બલકે, બંનેને એક જ શબ્દમાં ભેગા કરીને كُلَا مِنْهَا કહેવામાં આવ્યું છે. આ ઈશારો તે તરફ હોઈ શકે છે કે ખોરાક (ખાન–પાન)માં પત્ની પતિના તાબે' નથી. તે પોતાની આવશ્યકતા અનુસાર પોતાની ઈચ્છા પ્રમાણે ગમે તે સમયે પોતાની મરજી પ્રમાણે ખોરાકનો ઉપયોગ કરી શકે છે.

દરેક જગ્યાએ હરવા–ફરવાનો વ્યક્તિનો નૈસર્ગિક અધિકાર છે :

હઝરત આદમ અને હઝરત હવ્વા (અલૈહિમુસ્સલામ) જન્નતની જે વસ્તુઓ ઈચ્છે, એક ઝાડ સિવાય બધું જ ખાઈ શકે છે. કોઈ વસ્તુમાં કોઈ રૂકાવટ કે અવરોધ નથી અને શબ્દ رَغَدًا حَيۡثُ شِئۡتُمَا સ્થળનો વિસ્તાર સમજાવવા માટે વર્ણન થયો છે કે, આખી જન્નતમાં જ્યાં પણ ઈચ્છે જેવી રીતે ઈચ્છે ખાઈ શકે છે. કોઈપણ ખૂણો પ્રતિબંધિત નથી. આ બાબતમાં એવો ઈશારો છે કે ચાલવા–ફરવા અને વિવિધ સ્થળોએ પોતાની આવશ્યકતાઓ પૂર્ણ કરવા માટે જવું માણસનો સંપૂર્ણ પ્રાકૃતિક–નૈસર્ગિક સ્વતંત્રતાનો અધિકાર છે. એક મર્યાદિત અને નક્કી કરેલ સ્થળ અથવા મકાનમાં જો કોઈ જરૂરત અથવા ઈચ્છાપૂર્તિ માટે બધી જ વસ્તુઓ પૂરી પાડવામાં આવે, પરંતુ ત્યાંથી બહાર જવાની મનાઈ હોય, તો તે પણ એક પ્રકારની કૈદ છે. એટલા માટે હઝરત આદમ (અલૈ.)ને ખાવા–પીવાની બધી જ વસ્તુઓ ખૂબ મોટા પ્રમાણમાં અને સહૂલતથી અર્પણ કરીને બસ નથી કરવામાં આવ્યું. બલકે, حَيۡثُ شِئۡتُمَا કહીને તેમને હરવા–ફરવાની અને કોઈપણ સ્થળે જવાની સ્વતંત્રતા પણ આપવામાં આવી.

મસ્અલો :

وَلَا تَقۡرَبَا هٰذِهِ الشَّجَرَةَ એટલે "આ ઝાડની પાસે પણ ન જાઓ." દેખીતું છે કે મૂળ હેતુ એ હતો કે આ ઝાડ અને તેના ફળને ન ખાઓ, પરંતુ તકેદારીનો હુકમ એ આપ્યો હતો કે તેની પાસે પણ ન જશો. તેનાથી ફિક્હ (ઈસ્લામિક કાયદાશાસ્ત્ર)ના નિયમ પ્રમાણે "સદ્દે ઝરાએઅ્"નો મસ્અલો સાબિત થાય છે. એટલે કે અમુક બાબતો પોતાની જાતે પોતે નાજાઈઝ અથવા પ્રતિબંધિત નથી હોતી, પરંતુ જ્યારે એવો ભય હોય કે આ પ્રમાણે વર્તવાથી કોઈ હરામ અથવા નાજાઈઝ કાર્યમાં સપડાઈ જવાની સંભાવના છે, તો જાઈઝ હોવા છતાં એવી બાબતોથી રોકવામાં આવે છે. જેમકે, ઝાડની પાસે જવું પ્રતિબંધિત વસ્તુના ઉપયોગનું માધ્યમ બની શકતું હતું. તેનું ફળ–ફૂલ ખાવાનો ઝરિયો થઈ શકતું હતું તો તે ઝરિયા (માધ્યમ)ની પણ મનાઈ કરવામાં આવી. તેનું નામ ફિક્હના નિયમોની વ્યાખ્યામાં "સદ્દે ઝરાએઅ્" છે.

મસ્અલો :

આ કિસ્સાથી સ્પષ્ટ થઈ ગયું કે, હઝરત આદમ (અલૈ.)ને કોઈ ખાસ ઝાડ ખાવાની મનાઈ કરવામાં આવી હતી અને તાકીદ પણ કરવામાં આવી હતી કે શયતાન તમારો દુશ્મન છે, એવું ન થાય કે તે તમને ગુનાહમાં સપડાવી દે. આમ છતાં આદમ (અલૈ.)એ તે ઝાડ ખાઈ લીધું જે દેખીતો ગુનોહ છે. હાલાં કે અંબિયા (અલૈ.) ગુનાહોથી મા'સૂમ (દોષમુક્ત) હોય છે. હકીકત એ છે કે અંબિયા (અલૈ.)ની બધા જ ગુનાહોથી ઈસ્મત (પાકીઝગી–પવિત્રતા) બૌદ્ધિક રીતે અને હદીષની રૂએ સાબિત છે. ચારે ઈમામો અને ઉમ્મતનો ઈજ્માઅ છે કે અંબિયા (અલૈ.) તમામ નાના–મોટા ગુનાહોથી મા'સૂમ અને સુરક્ષિત હોય છે, અને જે અમુક લોકો કહે છે કે, નાના ગુનાહ (સગીરા ગુનાહ) તેમનાથી પણ થઈ શકે છે, તેને સમગ્ર ઉમ્મત સાચું માનતી નથી.

(કુર્તુબી)

કારણ એ છે અંબિયા (અલૈ.)ને લોકો માટે આદર્શ નમૂના સ્વરૂપે અલ્લાહના ખલીફા તરીકે મોકલવામાં આવતા હતા, અને જો તેમનાથી પણ કોઈ કામ અલ્લાહની મરજી વિરૂદ્ધ ગુનાહે કબીરા અથવા સગીરા સ્વરૂપે થઈ શકતું હોય તો નબીઓના નિવેદનો અને તેમના કર્મો પરથી લોકોનો ભરોસો અને વિશ્વાસ ખતમ થઈ જશે અને તેમના આદર્શ જીવનને નૂમનો બનાવવું શક્ય નહીં બની શકે અને આવી પરિસ્થિતિમાં જો નબીઓ ઉપર જ ભરોસો અને સંતોષ નહિ રહે તો દીનનું શું ઠેકાણું અને હૈસિયત બાકી રહેશે ?

જો કે કુર્આનમાં ઘણી બધી આયતોમાં અનેક નબીઓના અનેક કિસ્સાઓ મૌજૂદ છે, જેનાથી ખબર પડે છે કે તેમનાથી લગઝીશ (ઈજતેહાદી–ભૂલ) થઈ અને અલ્લાહ તઆલા તેમનાથી ક્ષણિક નારાજ પણ થયા. હઝરત આદમ (અલૈ.)નો આ કિસ્સો પણ તેમાં શામિલ છે.

આવા કિસ્સાઓ બાબતે ઉમ્મત સર્વસંમત છે કે, કોઈ ગલતફહમી (ગેરસમજ), અથવા શરતચૂકના કારણે તેમનાથી કોઈ ભૂલચૂક થઈ જાય છે, કોઈ પયગંબર જાણીબૂજીને અલ્લાહ તઆલાના હુકમ વિરૂદ્ધ કામ નથી કરતા. ભૂલચૂક, ઈજતેહાદ (અર્થઘટન)માં હોય છે તથા આવી ભૂલ મા'ફી પાત્ર હોય છે,

જે શરીઅતની વ્યાખ્યામાં "ગુનોહ કહી શકાય નહીં" અને આ ભૂલચૂક અથવા ગલતી તેમનાથી એવા કામોમાં નથી થઈ શકતી જેનો સંબંધ ઈસ્લામની તબ્લીગ, શિક્ષણ અને અલ્લાહના અહકામો સાથે હોય. બલકે, પોતાના વ્યક્તિગત જીવનને લગતા કાર્યોમાં આવી ભૂલચૂક થઈ શકે છે.

(તફસીરે બહરુલ મુહીત)

પરંતુ આવી બાબતોને પણ ભૂલ સ્વરૂપે રજૂ કરવાનું કારણ આ છે કે, અલ્લાહ તઆલા પાસે અંબિયા (અલૈ.)નો દરજ્જો ઉચ્ચ કક્ષાનો છે અને જો મોટાઓથી નાની અમથી ભૂલ પણ થઈ જાય તો તેને ઘણી મોટી ભૂલ સમજવામાં આવે છે. એટલા માટે કુર્આન શરીફમાં એવા કિસ્સાઓને ગુનાહ અથવા "મઅ્સિયત"ની વ્યાખ્યા આપવામાં આવી છે અને તેના ઉપર નારાજગી પણ વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે વાસ્તવમાં તે ગુનોહ છે જ નહીં.

હઝરત આદમ (અલૈ.)ના આ કિસ્સા સંદર્ભે તફસીરના ઉલમાએ ઘણા ખુલાસાઓ લખ્યા છે, જેમાંથી અમુક આ પ્રમાણે છે.

પ્રથમ એ કે, જે વખતે હઝરત આદમ (અલૈ.)ને મનાઈ કરવામાં આવી હતી કે, તમે એક ખાસ ઝાડ તરફ ન જશો, તેનો હેતુ એ જ હતો કે ખાસ ઝાડ એટલે કે એકમાત્ર તે ઝાડ નહીં, પરંતુ તે પ્રકારના બધા જ ઝાડોની પ્રજાતિ પાસે ન જશો. જેવી રીતે હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ એક વખતે રેશમી કપડું અને હાથમાં સોનાનો એક ટુકડો લઈને ફરમાવ્યું કે "મારી ઉમ્મતના પુરુષો માટે આ બંને વસ્તુઓ હરામ છે." સ્વાભાવિક છે કે હરામ ફક્ત તે કપડું અને તે સોનું ન હતું, જે આપ ﷺના હાથમાં હતું, પરંતુ બધા જ રેશમી કપડાંઓ અને બધા જ સોનાનો આ જ હુકમ છે. અહીંયાં એવી શંકા પણ ઉપજી શકે છે કે મનાઈ ફક્ત તે કપડાંની અને તે સોનાની સાથે ખાસ હતી, જે તે વખતે આપ ﷺના હાથમાં હતું. એવી જ રીતે હઝરત આદમ (અલૈ.)ને એ વિચાર આવ્યો હશે કે, જે ઝાડ તરફ ઈશારો કરીને મનાઈ કરવામાં આવી હતી, મનાઈ ફક્ત તે એક ઝાડ માટે ખાસ છે. શયતાને આ જ વસવસો તેમના દિલમાં મજબૂત કરી દીધો હશે અને કસમો ખાઈને ભોળવી નાંખ્યા હશે કે, હું તમારો શુભચિંતક છું. તમને કોઈ ખોટી બાબતનો મશવરો (સલાહ) નથી આપી રહ્યો કે, જે તમારા માટે

નુકસાનકારક અને પ્રતિબંધિત હોય. જે ઝાડની મનાઈ કરવામાં આવી છે તે બીજું છે, આ ઝાડની મનાઈ કરવામાં આવી નથી.

અને એ પણ શક્ય છે કે, શયતાને આદમ (અલયહિસ્સલામ)ને વસવસામાં નાંખી દીધા હોય કે તે ઝાડની મનાઈ ફક્ત તમારી પૈદાઈશ વખતે ખાસ હતી, જેમકે નાના બાળકને શરૂઆતની ઉંમરમાં સખત અને ભારે ખોરાક ખાવાથી રોકવામાં આવે છે અને હલકો પ્રવાહી ખોરાક આપવામાં આવે છે અને શક્તિ પૈદા થઈ ગયા પછી દરેક પ્રકારના ખોરાકની પરવાનગી આપવામાં આવે છે. તો હવે તમે શક્તિશાળી બની ગયા છો એટલા માટે હવે તેની મનાઈ રહી નથી.

અને એવું પણ શક્ય છે કે, હઝરત આદમ (અલૈ.)ને જે વખતે શયતાને તે ઝાડ ખાવાના ફાયદાઓ બતાવ્યા કે, તે ખાવાથી હંમેશા-હંમેશાના માટે જન્નતની નેઅ્મતોમાં રહેવાનો સંતોષ અને શાંતિ થઈ જશે. તે વખતે તેમને તે ઝાડ ખાવા માટેનો મનાઈ હુકમ યાદ ન રહ્યો હોય જે શરૂઆતમાં આ ઝાડ વિશે આપવામાં આવ્યો હતો. કુર્આન મજીદની આયત فَنَسِيَ وَلَمْ نَجِدْ لَهُ عَزْمًا "આદમ (અલૈ.) ભૂલી ગયા અને અમે તેમનામાં પરિપક્વતા(પાકા-મજબૂત ઈરાદાવાળા) ન જોઈ." (૨૦:૧૧૫) આ બાબત તે જ સંભાવનાને ટેકો આપે છે.

અલબત્ત આવી જ અસંખ્ય શક્યતાઓ અને સંભાવનાઓ હોય શકે છે, તે બધાનો ખુલાસો એ છે કે, જાણીબૂજીને હઝરત આદમ (અલૈ.)એ નાફરમાની ન કરી હતી. ભૂલ થઈ ગઈ અથવા ઈજતેહાદી શરતચૂક થઈ, જે વાસ્તવમાં કોઈ ગુનોહ નથી, પરંતુ આદમ (અલૈ.)ની નુબુવ્વતની શાન અને અલ્લાહની નિકટતાના શ્રેષ્ઠ મરતાબાના સંદર્ભમાં આ ભૂલ પણ ઘણી મોટી સમજવામાં આવી અને કુર્આનમાં તેને "મઅ્સિયત"ના શબ્દ વડે ઓળખાવી અને આદમ (અલૈ.)ને તૌબા તથા પસ્તાવા પછી તેને મા'ફ કરી દેવાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો.

અત્રે આ ચર્ચા ફુઝૂલ (અર્થ વગરની) છે કે, જ્યારે શયતાનને જન્નતમાંથી મરદૂદ કહીને હાંકી કાઢવામાં આવ્યો તો પછી તે જન્નતમાં હઝરત આદમ (અલૈ.)ને બહેકાવવા અને ફોસલાવવા માટે કઈ રીતે પહોંચ્યો ? કારણ કે

શયતાનના બહેકાવવા અને વસવસા નાંખવા માટે એ જરૂરી નથી કે જન્નતમાં પ્રવેશ કરીને જ વસવસો નાંખે. જિન્નાત અને શયતાનોને અલ્લાહ તઆલાએ એવી શક્તિ આપી છે કે, તેઓ દૂરથી પણ દિલમાં વસવસા નાંખી શકે છે અને જો જન્નતમાં પ્રવેશ કરી રૂબરૂ વાતચીત કરવાનું માની પણ લેવામાં આવે તો પણ તેની વિવિધ શક્યતાઓ અને સંભાવનાઓ હોઈ શકે છે, જેના સંશોધનમાં પડવામાં કોઈ લાભ નથી અને તે બેકારની ચર્ચા અને ફોગટની બહસ છે.

એ જ પ્રમાણે આ સવાલ કે આદમ અને હવ્વા (અલૈ.)ને અલ્લાહ તઆલાએ પહેલેથી જ તાકીદ કરી દીધી હતી કે اِنَّ الشَّيْطٰنَ لَكُمَا عَدُوٌّ કે "શયતાન તમારા બંનેનો દુશ્મન છે," એવું ન બને કે તે કોઈ એવું કાર્ય કરાવે જેના કારણે તમારે જન્નતમાંથી નીકળવું પડે. પછી હઝરત આદમ (અલૈ.) તેના ધોકામાં કેવી રીતે આવી ગયા ? તેનો જવાબ પણ એ જ છે કે અલ્લાહ તઆલાએ જિન્નાતો અને શયતાનોને વિવિધ સ્વરૂપે પ્રગટ થવાની શક્તિ અર્પણ કરેલ છે. શક્ય છે કે, કોઈ એવા સ્વરૂપમાં સામે આવ્યો હોય જેના કારણે આદમ (અલૈ.) તેને ઓળખી ન શક્યા હોય કે તે શયતાન છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૩૭–૩૮–૩૯)

فَتَلَقّٰٓى اٰدَمُ مِنْ رَّبِّهٖ كَلِمٰتٍ فَتَابَ عَلَيْهِ ؕ اِنَّهٗ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿۳۷﴾ قُلْنَا اهْبِطُوْا مِنْهَا
جَمِيْعًا ۚ فَاِمَّا يَاْتِيَنَّكُمْ مِّنِّىْ هُدًى فَمَنْ تَبِعَ هُدَاىَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۳۸﴾
وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۳۹﴾ ع

તરજુમો :

પછી (હઝરત) આદમ (અલૈ.) (એ) પોતાના રબથી અમુક (તવબહના) શબ્દો પ્રાપ્ત કરી લીધા; પછી તેણે (અલ્લાહે) તેની તૌબા કબૂલ કરી; નિ:શંક! તે તૌબા કબૂલ કરનાર, રહમ કરનાર (છે). (૩૭) અમે હુકમ કર્યો તમે બધા અહીંયાંથી ઊતરી જાઓ; બસ જ્યારે તમને મારા તરફથી કોઈ હિદાયત પહોંચે, તો જે કોઈ મારી હિદાયત ઉપર ચાલ્યો, તો તેના ઉપર ન કોઈ ભય હશે અને ન તેઓ ગમગીન (દિલગીર) થશે. (૩૮) અને જે

લોકોએ કુફ્ર કર્યું અને અમારી આયતો જૂઠાડી તેઓ જ દોઝખવાળા (છે); તેઓ તેમાં કાયમ રહેશે. (૩૯)

તફસીર :

"પછી (હઝરત) આદમ (અલૈ.) (એ) પોતાના રબથી અમુક શબ્દો પ્રાપ્ત કરી લીધા;" [એટલે કે મા'ફી અને તૌબાના વાક્યો અલ્લાહ તઆલા તરફથી જ પ્રાપ્ત થયા હતા. હઝરત આદમ (અલૈ.)ના પસ્તાવા ઉપર અલ્લાહ તઆલાની રહમત કેન્દ્રિત થઈ અને તેણે પોતે જ તૌબા અને મા'ફીના શબ્દોની તલ્કીન કરી દીધી.] "પછી તેણે તેની તૌબા કબૂલ કરી;" [એટલે કે અલ્લાહે તેમની તૌબા કબૂલ કરી લીધી.] "નિઃશંક ! તે તૌબા કબૂલ કરનાર, રહમ કરનાર (છે)." [અને હઝરત હવ્વા (અલૈ.)ની તૌબાનું બયાન સૂરએ અઅ્રાફમાં છે, قَالَا رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا (૭:૨૩) જેનાથી સ્પષ્ટ થયું કે તેઓ પણ તૌબા અને તૌબાના સ્વીકારમાં હઝરત આદમ (અલૈ.)ની સાથે ભેગા જ હતા, પરંતુ મા'ફ કર્યા પછી પણ પૃથ્વી ઉપર રહેવાનો હુકમ રદ કરવામાં ન આવ્યો કારણ કે, તેમાં હજારો હિકમતો અને મસ્લિહતો શામિલ હતી. જો કે હવે શૈલી બદલી નાંખવામાં આવી કે, પ્રથમ પૃથ્વી ઉપર ઊતરવાનો હુકમ હાકિમ તરફથી સજા સ્વરૂપે આપવામાં આવ્યો હતો અને હવે આ હુકમ હિકમતપૂર્ણ અંદાજથી એ રીતે આપવામાં આવ્યો કે,] "અમે હુકમ કર્યો તમે બધા અહીંયાંથી ઊતરી જાઓ; બસ જ્યારે તમને મારા તરફથી કોઈ હિદાયત પહોંચે, તો જે કોઈ મારી હિદાયત ઉપર ચાલ્યો, તો ન કોઈ તેના ઉપર ભય હશે અને ન તેઓ ગમગીન થશે." [અહીંયાં હિદાયત એટલે શરીઅતના હુકમો જે વહી દ્વારા પ્રાપ્ત થાય છે તે. અને આવી હિદાયત ઉપર અમલ કરનાર લોકોને કોઈ ડર કે ભય હશે નહીં અને કયામતના ભયંકર માહોલમાં તેઓનું ભય પામવું અહીંયાં શામિલ નથી. જેમકે ઘણી સહીહ હદીષોમાં આવ્યું છે કે કયામતના દિવસે ભય અને ડર બધા જ મનુષ્યો અનુભવશે. حُزْن (હુઝ્ન) એવી પરિસ્થિતિને કહેવામાં આવે છે જે કોઈ મુસીબત પૈદા થયા પછી હૃદયમાં ઉત્પન્ન થાય, અને خَوْف (ભય) એવી પરિસ્થિતિને કહેવામાં આવે છે જે કોઈ ઘટના બનતા પહેલાં પણ ઉપસ્થિત થઈ શકે છે. અહીંયાં અલ્લાહ તઆલાએ حُزْن અને خَوْف બંનેને દૂર કરવાનો ઉલ્લેખ કર્યો છે કારણ કે, તેમના ઉપર કોઈ આફત કે મુસીબત આવશે નહીં કે, જેથી તેઓ કોઈ

حُـزْن અથવા خَـوْف માં સપડાઈ જાય. આગળ તે લોકોની હાલતનું વર્ણન કરીને કહેવામાં આવ્યું છે કે, જેઓ હિદાયતની પૈરવી નહિ કરે] "અને જે લોકોએ કુફ્ર કર્યું અને અમારી આયતો જૂઠાડી તેઓ જ દોઝખવાળા (છે); તેઓ તેમાં કાયમ રહેશે."

મસ્અલા અને બોધપાઠ :

આયતોની ગોઠવણી :

અગાઉની આયતોમાં શયતાનના વસવસાઓ અને હઝરત આદમ (અલૈ.)ની ભૂલો તથા તેના પરિણામે જન્નતમાંથી કાઢવાનો અને પૃથ્વી પર ઉતારવાનો હુકમ આવેલ હતો. હઝરત આદમ (અલયહિસ્સલામ) પોતાની ભૂલ પર પસ્તાવો ન કરે અને પથ્થરદિલ બની જાય એવા સ્વભાવના ન હતા. તેઓ બેચૈન થઈ ગયા અને અલ્લાહ પાસે તરત જ મા'ફીની વિનંતી કરવા લાગ્યા, પરંતુ પયગંબરની મઅ્રિફત અને અલ્લાહના અત્યંત ડરના કારણે કોઈ વાત મુખેથી નીકળતી ન હતી કે મા'ફીની વિનંતી પણ કદાચ અલ્લાહની શા'નના ખિલાફ હોઈ શકે છે, એવું સમજીને કે ક્યાંક આવી યાચના પણ વધારે ક્રોધનું કારણ ન બની જાય; જીભ મૌન હતી ! અલ્લાહ રબ્બુલ ઈજ્જત દિલોની વાતોથી વાકેફ છે અને રહીમ તથા કરીમ છે. આદમ (અલૈ.)ની આવી હાલત જોઈને અલ્લાહે જ અમુક વાક્યો મા'ફી માટે શીખવાડી દીધા. તેનું વર્ણન આ આયતમાં છે કે, "પછી (હઝરત) આદમ (અલૈ.એ) પોતાના રબથી અમુક શબ્દો શીખી લીધા; પછી તેણે તેની તૌબા કબૂલ કરી; નિઃશંક ! તે તૌબા કબૂલ કરનાર, રહમ કરનાર (છે)." પરંતુ પૃથ્વીની સપાટી ઉપર આવવામાં બીજી હજારો હિકમતો અને મસ્લિહતો હતી. દાખલા તરીકે, તેમની નસ્લોથી ફરિશ્તાઓ અને જિન્નાતોથી ભિન્ન પ્રકારની એક મખ્લૂક મનુષ્યજાતિનું અસ્તિત્વમાં આવવું, અને તેમને શરીઅતના હુકમો અને અધિકારો આપીને તેના જવાબદાર બનાવવા, પછી તેમનામાં ખિલાફતે ઈલાહિય્યહ કાયમ કરવી. શરીઅતના હુકમોનું અમલીકરણ કરાવવું, જેથી અમુક મખ્લૂક પ્રગતિ કરે અને તે સ્થિતિએ પહોંચી શકે જે સ્થાન ઘણા ફરિશ્તાઓને પણ પ્રાપ્ત નથી. આ હેતુનું વર્ણન આદમ (અલૈ.)ની પૈદાઈશ પહેલાં જ કરી દેવામાં આવ્યું હતું.

اِنِّیۡ جَاعِلٌ فِی الۡاَرۡضِ خَلِیۡفَۃً

"હું પૃથ્વી પર એક નાયબ બનાવનાર છું." (૨:૩૦)

એટલા માટે આદમ (અલૈ.)ને મા'ફ કર્યા પછી પૃથ્વી ઉપર ઉતારવાનો હુકમ રદ કરવામાં ન આવ્યો જો કે, તેની રીત બદલી નાંખવામાં આવી કે પ્રથમ હાકિમ તરફથી પૃથ્વી ઉપર ઉતારવાનો હુકમ સજા સ્વરૂપે હતો. હવે આ જ હુકમ પૃથ્વી ઉપર ખિલાફતે ઈલાહી અને સન્માન સાથે મળ્યો. ત્યારબાદની આયતોમાં તે હોદ્દાકીય ફરજોનું વર્ણન છે, જે અલ્લાહના ખલીફા હોવાના સ્વરૂપે તેમના ઉપર નાંખવામાં આવી હતી. એટલે કે પૃથ્વી પર ઉતારવાના હુકમનું ચોક્કસપણે વર્ણન કરી કહ્યું કે, "અમે હુકમ કર્યો તમે બધા અહીંયાંથી ઉતરી જાઓ; બસ જ્યારે તમને મારા તરફથી કોઈ હિદાયત પહોંચે, તો જે કોઈ મારી હિદાયત ઉપર ચાલ્યો, તો ન કોઈ તેના ઉપર ભય હશે અને ન તેઓ ગમગીન થશે." મતલબ કે જે વ્યક્તિ અલ્લાહની પૈરવી કરશે, તેની હિદાયત ઉપર અમલ કરશે, તો તેને ન તો કોઈ ભૂતકાળનો ભય કે ગમ રહેશે, ન હવે પછી ભવિષ્યમાં કોઈ તકલીફ કે ભય હશે.

تَلَقّٰی નો અર્થ શોખ અને ખુશીથી કોઈને આવકારવું થાય છે અને તેને સ્વીકાર કરવું પણ થાય છે. (રૂહૂલ કશ્શાફ) મતલબ કે અલ્લાહ તરફથી જ્યારે તેમને તૌબાના વાક્યોની તલકીન (પ્રેરણા) આપવામાં આવી તો હઝરત આદમ (અલૈ.)એ તેને ખૂબ કાળજી સાથે યાદ કરી લીધી.

کَلِمٰتٍ તૌબા માટે શીખવાડવામાં આવેલા વાક્યો હતા, તેના વિશે વિવરણકાર સહાબા (રદિ.) દ્વારા અનેક રિવાયતો નકલ થઈ છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)નો પ્રખ્યાત કૌલ છે કે, આ તે જ વાક્યો છે જે કુર્આન શરીફમાં અન્ય સ્થળે વર્ણન થયા છે. એટલે કે,

رَبَّنَا ظَلَمۡنَاۤ اَنۡفُسَنَا وَاِنۡ لَّمۡ تَغۡفِرۡ لَنَا وَتَرۡحَمۡنَا لَنَكُوۡنَنَّ مِنَ الۡخٰسِرِيۡنَ

"હે અમારા પરવરદિગાર! બેશક! અમે અમારી જાત પર અત્યાચાર કર્યો છે, જો તું અમને મા'ફ નહીં કરે અને અમારા ઉપર રહમ નહીં કરે તો અમે નુકસાન ઉઠાવનારાઓમાંથી હોઈશું." (૭:૨૩)

તૌબાનો અસલ અર્થ પાછા ફરવું, રુજૂઅ્ કરવો (શરણે થવું) થાય છે અને જ્યારે તૌબાનો સંબંધ વ્યક્તિ તરફ કરવામાં આવે છે તો ત્રણ વસ્તુઓનું સંયુક્ત મિશ્રણ હોય છે. એક પોતાના કરેલા ગુનાહોને ગુનાહ સમજવા અને તેના ઉપર શર્મિન્દા થઈ પસ્તાવો થવો, બીજું તે ગુનાહોને બિલકુલ છોડી દેવા અને ત્રીજું હવે પછી આવનારા સમયમાં આવા ગુનોહો ન કરવાનો પાકો અને મજબૂત ઈરાદો કરવો. આ ત્રણ બાબતોમાંથી એકની પણ કમી હશે તો તે તૌબા નથી. એનાથી સ્પષ્ટ થયું કે, ફક્ત જીભથી "તૌબા અલ્લાહ – તૌબા અલ્લાહ" કરવાથી છુટકારો થવાનો નથી, જ્યાં સુધી કે આ ત્રણે બાબતો ભેગી કરવામાં ન આવે. એટલે કે થઈ ગયેલા ગુનાહોની નદામત (અફસોસ) અને પસ્તાવો તથા વર્તમાનમાં તેને છોડી દેવા અને ભવિષ્યમાં તેને ક્યારેય ન કરવાનો પાકો ઈરાદો કરવો. અહીંયાં તૌબાનો સંબંધ અલ્લાહ તઆલા સાથે છે, એનો અર્થ છે તૌબા કબૂલ કરવી. અમુક સલફથી પૂછવામાં આવ્યું કે, "કોઈ વ્યક્તિથી કોઈ ગુનોહ થઈ જાય તો તે શું કરે ?" તો કહ્યું કે, "તે જ કામ કરે જે તેમના અગાઉ તેમના બાપ આદમ (અલૈ.) અને માં હવ્વાએ કર્યું કે, પોતાની જાત ઉપર નદામત, શર્મિન્દગી અને પસ્તાવો કરે તથા આવનાર સમયમાં એવા પાકા ઈરાદા સાથે અલ્લાહથી મા'ફીની વિનંતી કરે رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا એટલે કે, "હે અમારા પરવરદિગાર ! અમે અમારી જાત ઉપર ઝુલ્મ (અત્યાચાર) કર્યો છે, જો તું અમારા ઉપર રહમ નહિ કરે અને મા'ફ નહિ કરે તો અમે મોટા નુકસાન ઉઠાવનારા બની જઈશું !" (૭:૨૩) એવી જ રીતે હઝરત મૂસા (અલૈ.)એ વિનંતી કરી رَبِّ اِنِّیْ ظَلَمْتُ نَفْسِیْ فَاغْفِرْلِیْ એટલે કે, "હે મારા પાલનહાર રબ ! મેં મારી જાત ઉપર અત્યાચાર કર્યો છે, તો હવે તમે જ મારી મગફિરત ફરમાવો" (૨૮:૧૬) અને હઝરત યૂનુસ (અલૈ.)એ જ્યારે ભૂલચૂક કરી તો વિનંતી કરી لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَکَ اِنِّیْ کُنْتُ مِنَ الظّٰلِمِیْنَ એટલે કે, "અલ્લાહ સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, તું દરેક બુરાઈઓથી પાક છે, હું અત્યાચારી બની ગયો છું (મારા ઉપર રહમ ફરમાવ)." (૨૧:૮૭)

(કુર્તુબી)

ખુલાસો :

હઝરત આદમ (અલૈ.) અને હઝરત હવ્વાએ જે ઈજતિહાદી ભૂલ કરી

હતી, પ્રથમ તો કુર્આનમાં બંનેનો સંબંધ તે તરફ સ્થાપિત કરવામાં આવ્યો છે. فَاَزَلَّهُمَا الشَّيْطٰنُ عَنْهَا فَاَخْرَجَهُمَا مِمَّا كَانَا فِيْهِ અને જમીન ઉપર ઊતરવાના હુકમમાં પણ હઝરત હવ્વાને શામિલ કરી શબ્દ اِهْبِطُوْا કહ્યો છે. પછી પાછળથી તવબહ અને તવબહના સ્વીકાર કરવામાં આ શબ્દ ફક્ત આદમ (અલૈ.) માટે વર્ણન થયો છે. આ સ્થળ સિવાય પણ આ ભૂલને ફક્ત આદમ (અલૈ.) તરફ સંબંધિત કરીને કહેવામાં આવ્યું છે. عَصٰى اٰدَمُ (૨૦:૧૨૧) વગેરે....

બની શકે છે કે, તેનું કારણ આ હોય કે સ્ત્રીઓને અલ્લાહ તઆલાએ પડદામાં રાખી છે. એટલા માટે ગુનાહ અને ક્રોધના વર્ણનમાં તેમનો ઉલ્લેખ ખુલ્લમ–ખુલ્લો પડદાપોશીના (છુપાવવાના) કારણે કરવામાં નથી આવ્યો. અને એક જગ્યાએ رَبَّنَا ظَلَمْنَا اَنْفُسَنَا માં બંનેની તવબહનો ઉલ્લેખ પણ કરી દીધો, જેથી કોઈને એ શંકા ન રહે કે હઝરત હવ્વાની ભૂલ મા'ફ નથી થઈ. ઉપરાંત તેઓ સ્ત્રી હતા અને ઘણી બાબતોમાં સ્ત્રી પુરુષોના તાબે' હોય છે. એટલા માટે તેમના વર્ણનની અત્રે આવશ્યકતા સમજવામાં ન આવી હોય.

(કુર્તુબી)

تَوَّابٌ (તવ્વાબ) અને تَائِبٌ (તાઇબ) માં તફાવત :

ઈમામ કુર્તુબી રહ.એ ફરમાવ્યું છે કે تَوَّابٌ બંદા માટે પણ બોલવામાં આવે છે. જેમકે, اِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِيْنَ અને અલ્લાહ તઆલાના માટે પણ બોલાય છે, જેમકે, આ આયતમાં هُوَ التَّوَّابُ الرَّحِيْمُ، જ્યારે તેનો બંદા માટે ઉપયોગ થાય છે ત્યારે અર્થ થાય છે "ગુનાહોથી તાબે'દારી તરફ વળી જવું" અને જ્યારે અલ્લાહ માટે ઉપયોગ થાય છે ત્યારે તેનો અર્થ છે, "તવબહ કબૂલ કરવાવાળો અથવા પ્રાયશ્ચિતનો સ્વીકાર કરનાર." આ ફક્ત تَوَّابٌ શબ્દનો હુકમ છે. આ જ અર્થ ધરાવતો બીજો શબ્દ تَائِبٌ છે. તેનો ઉપયોગ કરવો અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા માટે જાઈઝ નથી. જો કે શાબ્દિક અર્થના આધારે એ પણ ખોટું નથી, અત્રે એક બીજી અગત્યની બાબત એ છે કે, અલ્લાહ તઆલાની શા'નમાં ફક્ત તે જ સિફત અને ખાસિયત કે ઈલકાબનો ઉપયોગ કરવો જોઈએ, જેનો ઉલ્લેખ કુર્આન અને સુન્નતમાં થયો છે. બાકી બીજા શબ્દોમાં જો કે અર્થના સંદર્ભમાં સાચા હોય તો પણ એવા શબ્દો કે સિફતોનો અલ્લાહ માટે ઉપયોગ

કરવો ન જોઈએ. કારણ કે, અલ્લાહ તઆલા માટે આવા શબ્દોનો ઉપયોગ બરાબર નથી (જેમકે ભગવાન, ઈશ્વર વગેરે).

ગુનાહોની તવબહ કબૂલ કરવાનો અધિકાર અલ્લાહ તઆલા સિવાય કોઈને પણ નથી :

આ આયતથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, તવબહ કબૂલ કરવાનો અને ગુનાહને મા'ફ કરવાનો અધિકાર અલ્લાહ તઆલા સિવાય કોઈને નથી. યહૂદીઓ અને ઈસાઈઓ આ કાયદા વિશે અજ્ઞાનતમાં પડી મોટા ફિત્નામાં સપડાઈ ગયા, તેઓ પાદરીઓ તથા પીરો પાસે જતા અને તેમને અમુક ભેટ–સોગાતો આપીને પોતાના ગુનાહો મા'ફ કરાવી લેતા અને સમજતા હતા કે, તેમણે મા'ફ કરી દીધું તો અલ્લાહે પણ મા'ફ કરી દીધું. આજે પણ ઘણા અજ્ઞાની મુસલમાનો આવી જાતના ખોટા અને ગુમરાહીભર્યા અકીદા (માન્યતા)ઓ રાખે છે, જે સદંતર ગલત છે. કોઈ આલિમ અથવા પીર–મુરશિદને ગુનાહો મા'ફ કરવાનો અધિકાર નથી. વધારેમાં વધારે તે દુઆ કરી શકે છે.

આદમ (અલૈ.)નું પૃથ્વી ઉપર ઊતરવું સજા સ્વરૂપે ન હતું બલકે એક હેતુ પૂર્ણ કરવા માટે હતું :

قُلْنَا اهْبِطُوْا مِنْهَا جَمِيْعًا ۚ જન્નતમાંથી જમીન પર ઊતરવાનો હુકમ આ અગાઉની આયતમાં આવી ચૂક્યો છે. આ સ્થળે તેનું પુનરાવર્તન કરવામાં લગભગ એ હિકમત છે કે પહેલી આયતમાં જમીન પર ઉતારવાનું વર્ણન ક્રોધ અને સજા સ્વરૂપે આવ્યું હતું, એટલા માટે તેની સાથે મનુષ્યની પરસ્પરની અદાવત અને દુશ્મનીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો અને અહીંયાં પૃથ્વી પર ઉતારવાનો હુકમ એક ખાસ હેતુ એટલે કે, ખિલાફતે ઈલાહિય્યહને પૂર્ણ કરવા માટે માનપૂર્વક આપવામાં આવ્યો, અને એટલા જ માટે આદમ (અલૈ.)ને હિદાયત સાથે મોકલવાનું વર્ણન છે, જે ખિલાફતે ઈલાહિય્યહના હોદ્દાની રૂએ જરૂરી છે. આ બાબતથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, પૃથ્વી ઉપર ઊતરવાનો શરૂઆતનો હુકમ નારાજગી અને સજા સ્વરૂપે હતો, પરંતુ પછીથી જ્યારે ભૂલ મા'ફ કરવામાં આવી તો અન્ય હિકમતો અને હેતુઓને ધ્યાનમાં રાખી પૃથ્વી પર ઊતરવાના હુકમનું સ્વરૂપ બદલી નાંખવામાં આવ્યું. અને હવે પૃથ્વી પર આદમ

(અલૈ.)ને ખલીફા સ્વરૂપે ઉતારવામાં આવી રહ્યા હતા અને આ જ તે હિકમત છે કે, જેનો ઉલ્લેખ આદમ (અલૈ.)ના સર્જન સમયે ફરિશ્તાઓને કરવામાં આવ્યો હતો કે, પૃથ્વી ઉપર એમને ખલીફા બનાવવાના છે.

પીડા અને દુઃખથી છુટકારો ફક્ત અલ્લાહ તઆલાના ફરમાંબરદાર લોકોને જ પ્રાપ્ત થાય છે :

فَمَنْ تَبِعَ هُدَایَ فَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ط આ આયતમાં આસમાની હિદાયતની પૈરવી કરનારાઓ માટે બે ઈનામો પ્રસ્તુત છે. એક એ કે, તેમને ન તો કોઈ ભય હશે, અને બીજું એ કે, ન તો તેઓ ગમગીન-દિલગીર થશે.

ખૌફ (ડર) કોઈ આવનારી તકલીફ અને મુસીબતની શંકાનું નામ છે અને حُزْنَ (હુઝ્ન) કોઈ મકસદ પ્રાપ્ત ન થવાથી ઉપસ્થિત થનાર ગમને કહેવામાં આવે છે. વિચાર કરવામાં આવે તો શાંતિ અને સમૃદ્ધિના તમામ પ્રકારોને આ બે શબ્દોમાં એવી રીતે ભેગા કરવામાં આવ્યા છે કે, રાહત અને સહૂલતનો કોઈપણ પ્રકાર તેનાથી બાકાત નથી. પછી આ બંને શબ્દોની વ્યાખ્યામાં એક ખાસ તફાવત એ કરવામાં આવ્યો કે ખૌફનો નકાર તો સામાન્ય રીતે પ્રચલિત પદ્ધતિથી કરવામાં આવ્યો પરંતુ حُزْنَના સંદર્ભમાં એ ન કહ્યું કે, لَا حُزْنَ عَلَيْهِمْ બલકે ક્રિયાપદ તરીકે લાવીને તેને કર્તા સ્વરૂપે અગ્રિમતા આપી وَلَا هُمْ يَحْزَنُوْنَ કહેવામાં આવ્યું. તેમાં ઈશારો એ તરફ છે કે, કોઈ બાબત અથવા વસ્તુ નષ્ટ થવાના ગમથી આઝાદ થવું ફક્ત અલ્લાહના તે જ વલીઓનો દરજ્જો છે, જે અલ્લાહ તઆલાએ અર્પણ કરેલ હિદાયતની સંપૂર્ણ પૈરવી કરનારા છે. તેમના સિવાય કોઈ વ્યક્તિ વસ્તુ ગુમ થઈ જવાના ગમથી બચી શકતો નથી. ભલે પછી તે સાત ખંડોનો રાજા હોય કે, દુનિયાનો મોટામાં મોટો માલદાર હોય કે અન્ય કોઈ! કારણ કે તેમનામાં કોઈપણ એવું નથી હોતું જેને પોતાના સ્વભાવ અને ઈચ્છા વિરૂદ્ધ કોઈ ઘટના ઘટે અને ગમ-દુઃખ ન થાય. જેમકે કહેવામાં આવ્યું છે,

درین دنیا کسے بے غم نباشد — وگر باشد بنی آدم نباشد

અવલિયા અલ્લાહ પોતાની મરજીને અલ્લાહ તઆલાની મરજી અને ઈચ્છાઓ માટે ફના કરી દે છે, ખાસ જન્નતના નિવાસીઓની એ હાલત હશે કે તેઓ જન્નતમાં પહોંચીને અલ્લાહ તઆલાનો આભાર માનશે કે તેમનો ગમ દૂર કરી દેવામાં આવ્યો. اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْٓ اَذْهَبَ عَنَّا الْحَزَنَ "સઘળા વખાણ અલ્લાહ માટે જ છે જેણે બધા જ ગમોને અમારાથી દૂર કર્યા." (૩૫:૩૪) તેનાથી સ્પષ્ટ થયું કે આ દુનિયામાં કોઈને કોઈ ગમ અને દુઃખ થવું વ્યક્તિ માટે ટાળી ન શકાય એવી બાબત છે. ફક્ત તે વ્યક્તિ કે જેનો સંબંધ અલ્લાહ તઆલા સાથે સારો અને મજબૂત હોય. ખ્વાજા અઝીઝુલ હસન મઝજૂબ (રહ.)એ સાચું કહ્યું છે, "જો બચના હો ગમોં સે; આપકા દીવાના હો જાએં."

આ આયતમાં અલ્લાહવાળાઓના ખૌફ અને ગમના નકારનો અર્થ એ છે કે, દુનિયાની કોઈ તકલીફ, કોઈ ઈચ્છા, કોઈ તમન્નાથી ન તેમને ભય હશે, ન ગમ હશે અને ન ખૌફ હશે ! હા ! હશે તો ફક્ત આખિરતની ફિકર, ગમ તથા અલ્લાહ જલ્લ શા'નહુનો પ્રભાવ અને તેનો જલાલ તેમના ઉપર સૌથી વધુ હશે ! એટલા માટે રસૂલે કરીમ ﷺની શા'નમાં આવ્યું છે કે, આપ ﷺ મોટેભાગે ગમગીન અને ચિંતામાં રહેતા હતા. કારણ એ હતું કે આપ ﷺની આ ફિકર અને ચિંતા કોઈ દુનિયાની નેઅ્મત ખોવાઈ જવાના અથવા કોઈ આવનારી મુસીબતના ભયના કારણે ન હતી. બલકે, અલ્લાહ જલ્લ શા'નહુના પ્રભાવ અને જલાલ તથા ઉમ્મતની હાલતના કારણે હતી.

વળી, એનાથી એ પણ જરૂરી નથી કે, દુનિયામાં જે વસ્તુ ભયાનક અને ખૌફનાક સમજવામાં આવે છે તેનાથી અંબિયા (અલૈ.) અને અવલિયાને માનવ સ્વભાવગત ભય અને ડર ન લાગે. કારણ કે હઝરત મૂસા (અલૈ.) સામે જ્યારે લાકડીનો સાપ બની ગયો તો તેમના ડરનું વર્ણન કુર્આનમાં મૌજૂદ છે. اَوْجَسَ فِیْ نَفْسِهٖ خِیْفَةً مُّوْسٰى "મૂસા (અલૈ.)ને ભયની અનુભૂતિ થઈ" (૨૦:૬૭) આ માનવ સ્વભાવગત ભય હઝરત મૂસા (અલૈ.)ને શરૂઆતમાં થયો હતો, પરંતુ જ્યારે અલ્લાહે કહ્યું لَا تَخَفْ તો તે ભય બિલકુલ દૂર થઈ ગયો.

અને એવું પણ કહી શકાય છે કે હઝરત મૂસા (અલૈ.)નો આ ડર સામાન્ય મનુષ્યો જેવો ન હતો કે સાપ તેમને કોઈ તકલીફ પહોંચાડશે. બલકે એવો ડર પણ

હોઈ શકે છે કે, બની ઈસ્રાઈલ ક્યાંક આ મોઅજિઝાથી ગુમરાહીમાં ન સપડાય જાય. તો આમ આ ડર એક પ્રકારનો આખિરતનો ડર પણ ગણી શકાય છે.

છેલ્લી આયત وَالَّذِيْنَ كَفَرُوْا થી એ બતાવવામાં આવ્યું છે કે, જે લોકો અલ્લાહ તઆલાની મોકલેલ હિદાયતની પૈરવી નથી કરતા તેમનું ઠેકાણું હંમેશા માટે જહન્નમ હશે. આ તે લોકો છે જેઓ આ હિદાયતને હિદાયત સમજવાનો તથા તેની પૈરવી કરવાનો ઈન્કાર કરે છે. (એટલે કે કાફિરો અને મુશ્રિકો.) મો'મિનીનમાંથી જે લોકો તેને હિદાયત માનવાનો ઈકરાર કરે છે, ભલે અમલમાં ગમે તેટલો મોટો ગુનેહગાર હોય પોતાના ગુનાહોની સજા ભોગવી છેવટે જહન્નમમાંથી બહાર કાઢવામાં આવશે. (વલ્લાહુ અઅ્લમુ.)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૪૦-૪૧-૪૨)

يٰبَنِىْٓ اِسْرَآءِيْلَ اذْكُرُوْا نِعْمَتِيَ الَّتِىْٓ اَنْعَمْتُ عَلَيْكُمْ وَاَوْفُوْا بِعَهْدِىْٓ اُوْفِ
بِعَهْدِكُمْ ۚ وَاِيَّايَ فَارْهَبُوْنِ ﴿٤٠﴾ وَاٰمِنُوْا بِمَآ اَنْزَلْتُ مُصَدِّقًا لِّمَا مَعَكُمْ
وَلَا تَكُوْنُوْٓا اَوَّلَ كَافِرٍۢ بِهٖ ۖ وَلَا تَشْتَرُوْا بِاٰيٰتِيْ ثَمَنًا قَلِيْلًا ۡ وَّ اِيَّايَ
فَاتَّقُوْنِ ﴿٤١﴾ وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ وَتَكْتُمُوا الْحَقَّ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿٤٢﴾

તરજુમો :

હે બની ઈસ્રાઈલ (યાકૂબ અલૈ.ની ઔલાદ) ! તમે મારી નેઅ્મત યાદ કરો જે મેં (તમને) બક્ષી; અને મારો વાયદો પૂરો કરો, હું તમારો વાયદો પૂરો કરી આપીશ; અને મારાથી જ ડરો. (૪૦) અને તમે ઈમાન લાવો તેના ઉપર જે (કુર્આન) મેં નાઝિલ કર્યું, તેની ખરાઈ (સમર્થન) કરનારું છે જે તમારી પાસે (તવરાત છે); અને (સૌથી) પહેલાં ઈન્કારી ન થઈ જાઓ; અને મારી આયતોના બદલામાં થોડી કિંમત ન લો; અને મારાથી જ ડરો. (૪૧) અને સચ્ચાઈને જૂઠ સાથે ન ભેળવો; અને સચ્ચાઈને ન છુપાવો, જ્યારે કે તમે જાણો છો ! (૪૨)

તફસીર :

"હે બની ઈસ્રાઈલ (યાકૂબ અલૈ.ની ઔલાદ) ! તમે મારી નેઅ્મત યાદ કરો જે મેં (તમને) બક્ષી;" [જેથી નેઅ્મતનો હક્ક અદા કરવામાં તમારા માટે ઈમાન લાવવું સરળ થઈ જાય. યાદ કરવાનો હેતુ વર્ણવવામાં આવ્યો છે] "અને મારો વાયદો પૂરો કરો," [એટલે કે તમે જે તવરાતમાં મારાથી કરાર કર્યો હતો જેનું વર્ણન કુર્આનની આ આયતમાં છે, وَلَقَدْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ ، وَبَعَثْنَا مِنْهُمُ اثْنَيْ عَشَرَ نَقِيْبًا.... ["હું તમારો વાયદો પૂરો કરી આપીશ;" [એટલે કે મેં તમારાથી ઈમાન લાવવા પર જે વાયદો કર્યો હતો, જેમકે આ આયતમાં પ્રસ્તુત છે. لَاُكَفِّرَنَّ عَنْكُمْ سَيِّاٰتِكُمْ ["અને મારાથી જ ડરો." [એટલે કે તમારા લોકોથી, સમાજથી કે તમારી ઉપર ભરોસો રાખનારાઓથી ન ડરો કે તેમનો ભરોસો તૂટી જશે અને તેમની આવક બંધ થઈ જશે. ફક્ત અને ફક્ત એક માત્ર અલ્લાહથી જ ડરો.] "અને તમે ઈમાન લાવો તેના ઉપર જે (કુર્આન) મેં નાઝિલ કર્યું," [એટલે કુર્આન ઉપર ઈમાન લાવો.] "જે તેની ખરાઈ (સમર્થન) કરનારું જે તમારી પાસે (તવરાત છે);" [એટલે કે કુર્આન શરીફ તવરાતની ખરાઈ કરે છે અને સાચું હોવાની ગવાહી આપે છે, પરંતુ એમાં જે સુધારા–વધારા કરવામાં આવ્યા છે એટલો ભાગ અલ્લાહનું કલામ ન હોવાના કારણે અને તવરાત કે ઈન્જીલના મૂળ શબ્દો ન હોવાના કારણે આ ગવાહીમાં એ શામિલ નથી.] "અને (સૌથી) પહેલાં ઈન્કારી ન થઈ જાઓ;" [એટલે કે તમને જોઈને બીજા લોકો પણ ઈન્કાર કરશે તો એ બધા લોકોના ઈન્કાર કરવાના આગેવાન તમે બનશો. એટલા માટે કયામત સુધી ઈન્કાર કરનારા લોકોના કુફ્રની વબાલ તમારા નામ એ આ'માલમાં લખવામાં આવશે.] "અને મારી આયતોના બદલે થોડી કિંમત ન લો; અને મારાથી જ ડરો." [એટલે કે મારા હુકમોને છોડીને, તેમાં સુધારા–વધારા કરીને અથવા તેને છુપાવીને લોકો પાસેથી દુનિયાની ઝલીલ અને નજીવી કિંમત લઈ વેચી ન મારો. આવું કરવું તેમની આદત હતી, જેનો ખુલાસો આગળ ઉપર આવે છે. وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ ["અને સચ્ચાઈ સાથે જૂઠ ન ભેળવો; અને સચ્ચાઈને ન સંતાડો; જ્યારે કે તમે જાણો છો !" [સચ્ચાઈને છુપાવવું ઘણું ખરાબ કૃત્ય છે.]

મસ્અલા અને બોધપાઠ :

આયતોની ગોઠવણી :

સૂરએ બકરહ કુર્આનના ઉલ્લેખથી શરૂ થઈ અને એ બતાવવામાં આવ્યું કે કુર્આનની હિદાયત આમ તો સમગ્ર મખ્લૂક માટે સર્વસામાન્ય છે પરંતુ તેનો લાભ ફક્ત મો'મિનો જ ઉઠાવશે. ત્યારબાદ તે લોકો માટે સખત અઝાબનો ઉલ્લેખ કરવામાં આવ્યો જેઓ તેના ઉપર ઈમાન નહિ લાવે. તેમાં એક સમૂહ એવા કાફિરોનો છે, જે ખુલ્લમ-ખુલ્લા કાફિર અને ઈન્કાર કરનારા હતા. બીજો સમૂહ મુનાફિકોનો હતો. બંને ગૃપોની પરિસ્થિતિનું વર્ણન તેમની ખોટી પ્રવૃત્તિઓ સહિત કરવામાં આવ્યું. ત્યારબાદ મો'મિનો, મુશ્રિકો અને મુનાફિકો ત્રણે ગૃપોને સંબોધન કરી બધાને અલ્લાહની ઈબાદતની તાકીદ કરવામાં આવી તથા કુર્આન શરીફની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ કરી બધાને ઈમાનની દા'વત આપવામાં આવી. ત્યારબાદ આદમ (અલૈ.)ની પૈદાઈશનું વર્ણન કરવામાં આવ્યું તથા તેમની વાસ્તવિકતા અને તેમના અસ્તિત્વના હેતુને અલ્લાહની સંપૂર્ણ કુદરત દ્વારા સાફ અને સ્પષ્ટ રીતે જાહેર કરી દેવામાં આવ્યો. જેથી અલ્લાહ તઆલાની ઈબાદતની પ્રેરણા મળે તથા નાફરમાનીથી બચવાની ફિકર-ચિંતા પૈદા થાય.

પછી કાફિરોના બે ગૃપોનું વર્ણન ઉપર પ્રમાણે આવ્યું છે, ખુલ્લા કાફિર અને મુનાફિક. આ બંનેમાં બે પ્રકારના લોકો છે. એક તો મૂર્તિપૂંજક મુશ્રિકો કે જેઓ ફક્ત પોતાના બાપ-દાદાના રિવાજોનું અનુસરણ કરતા હતા. તેમની પાસે ન તો કોઈ પ્રાચીન જ્ઞાન હતું, ન જ કોઈ નવું ઈલ્મ હતું. સામાન્ય રીતે તેઓ અભણ અને અજ્ઞાની હતા, જેમકે મક્કાના નિવાસીઓ ! એટલા માટે કુર્આનમાં આ લોકોને "ઉમ્મી" કહેવામાં આવ્યા છે.

અને બીજા તે લોકો હતા જેઓ અગાઉના અંબિયા (અલૈ.) ઉપર ઈમાન લાવ્યા અને અગાઉની આસમાની કિતાબો તવરાત અને ઈન્જીલ વગેરેનું જ્ઞાન તેમની પાસે હતું. તેઓ ભણેલા-ગણેલા લોકો કહેવાતા હતા. તેમાં અમુક હઝરત ઈસા (અલૈ.) ઉપર ઈમાન ધરાવતા હતા અને કેટલાક ઈસા (અલૈ.)ને ન માનતા હતા તેઓ યહૂદી કહેવાયા અને અમુક ઈસા (અલૈ.) ઉપર ઈમાન ધરાવતા હતા અને મૂસા અલૈ.ને નબી સ્વરૂપે ગુનાહોથી પાક અને મા'સૂમ ન સમજતા હતા,

તેઓ નસારા કહેવાતા હતા. આ બંનેને કુર્આનમાં એટલા માટે અહલે કિતાબ કહેવામાં આવ્યા છે કે આ બંને ગૃપો અલ્લાહ તઆલાની આસમાની કિતાબો તવરાત અથવા ઈન્જીલ પર ઈમાન રાખતા હતા. આ લોકો ભણેલા–ગણેલા અને જ્ઞાન ધરાવતા હોવાના કારણે લોકોની નજરમાં ઈજ્જતદાર અને ભરોસાપાત્ર સમજવામાં આવતા હતા. તેમની વાત લોકો ઉપર પ્રભાવ પાડતી હતી. તેઓ જો સીધા માર્ગે આવી જાય તો અન્ય લોકોના મુસલમાન બનવાની સંભાવના વધી જાય એમ હતું. મદીના શરીફ તથા તેની આસપાસના વિસ્તારોમાં આ લોકો મોટી સંખ્યામાં હતા.

સૂરએ બકરહ મદની સૂરત છે એટલા માટે તેમાં મુશ્રિકો અને મુનાફિકોના વર્ણન બાદ અહલે કિતાબ (કિતાબવાળા)ની ખાસિયતોને ભારપૂર્વક વર્ણવવામાં આવી છે. સૂરએ બકરહની ચાલીસમી આયતથી શરૂ થઈ એકસો ત્રીસ આયતો સુધી الــم સિપારાના અંત સુધી આ જ લોકોને સંબોધન છે. જેમાં તેમને ઈમાન સ્વીકારવા માટે પ્રોત્સાહન સ્વરૂપે પ્રથમ તેમની ખાનદાની શરાફત અને તેનાથી દુનિયામાં પ્રાપ્ત થનારી પ્રતિષ્ઠા અને ઈજ્જતનું તથા અલ્લાહ તઆલા તરફથી તેમને સતત આપવામાં આવેલી નેઅમતોનું વર્ણન કરવામાં આવ્યું છે. પછી તેમની ખોટી પ્રવૃત્તિઓ તથા માર્ગ ભટકવા વિશે તાકીદપૂર્વક ચેતવણી આપવામાં આવી છે અને સાચા માર્ગ તરફ આવવાની દાવત આપી સદ્કૃત્યો અને નેક અમલોની તાકીદ કરવામાં આવી છે. ત્યારબાદ સવિસ્તાર સંબોધન કરી શરૂઆતમાં અને અંતે يٰبَنِىٓ اِسۡرَآءِيۡلَ (યા બની ઈસ્રાઈલ) "હે બની ઈસ્રાઈલ" (હે યાકૂબ અલૈ.ની ઔલાદ) શબ્દ કહેવામાં આવ્યો હતો જેનાથી વાત વધારે અસરકારક અને પ્રભાવશાળી થઈ ગઈ.

يٰبَنِىٓ اِسۡرَآءِيۡلَ ઈસ્રાઈલ ઈબ્રાની (હિબ્રુ) ભાષાનો શબ્દ છે. તેનો અર્થ અબ્દુલ્લાહ છે, જે હઝરત યાકૂબ (અલૈ.)નું બીજું નામ પણ છે. અમુક ઉલમાએ કહ્યું છે કે, રસૂલે કરીમ ﷺ સિવાય કોઈ અન્ય નબીના અનેક નામો ન હતા. ફક્ત હઝરત યાકૂબ (અલૈ.)ના બે નામો છે. એક યાકૂબ અને બીજું ઈસ્રાઈલ. કુર્આનમાં આ સ્થળે તેમને યાકૂબની ઔલાદ (યા બની યાકૂબ) કહીને સંબોધન નથી કર્યું, બલકે બીજું નામ ઈસ્રાઈલનો ઉપયોગ કર્યો છે. તેમાં હિકમત એ છે કે તેમને પોતાના લકબ અને નામથી જ એ બાબતનો અહેસાસ થઈ જાય કે અમે

અબ્દુલ્લાહ એટલે કે અલ્લાહના ઈબાદતગુજાર બંદાની ઔલાદ છે. અને અમારે પણ તેમના પગલે ચાલવું જોઈએ. આ આયતમાં બની ઈસ્રાઈલનું સંબોધન કરીને ફરમાવ્યું કે, "અને પૂરો કરો મારો વાયદો" એટલે કે તમે તવરાત દ્વારા જે વાયદો (કરાર) કર્યો હતો તે પૂરો કરો, તેનું વર્ણન હઝરત કતાદહ (રદિ.) અને હઝરત મુજાહિદ (રહ.)ના મતે આ પ્રમાણે છે.

وَلَقَدْ اَخَذَاللّٰهُ مِيْثَاقَ بَنِىْٓ اِسْرَآئِيْلَ وَبَعَثْنَا مِنْهُمُ اثْنَىْ عَشَرَ نَقِيْبًا(الٰى) قَرْضًا حَسَنًا

(۱۲:۵)

તેમાં સૌથી મહત્ત્વનો કરાર બધા રસૂલો પર ઈમાન લાવવું શામિલ છે, જેમાં આપણા નબી ﷺ ખાસ શામિલ છે. વળી નમાઝ, ઝકાત અને સદકહ પણ આ કરારમાં શામિલ છે. જેનો ખુલાસો રસૂલે કરીમ ﷺ પર ઈમાન અને આપ ﷺનું સંપૂર્ણ અનુસરણ છે. એટલા માટે હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું કે "આ કરારનો અર્થ મુહમ્મદ ﷺનું અનુસરણ છે."

(ઈબ્ને જરીર બ સનદે સહીહ)

"હું તમારા કરારને પૂરો કરીશ" એટલે કે પ્રસ્તુત આયતમાં અલ્લાહ તઆલાએ એવો વાયદો કર્યો છે કે, જે લોકો તેના વાયદાને પૂરો કરશે અલ્લાહ તઆલા તેના ગુનાહો મા'ફ કરી દેશે અને જન્નતમાં દાખલ કરી દેશે અને વાયદા પ્રમાણે તે લોકોને જન્નતની નેઅ્મતો અર્પણ કરવામાં આવશે.

ખુલાસો એ છે કે, "હે બની ઈસ્રાઈલ ! તમે મારો મુહમ્મદ ﷺની તાબે'દારીનો કરાર પૂરો કરો તો હું તમને મા'ફ કરી, જન્નત અર્પણ કરી મારો વાયદો પૂરો કરી આપીશ. અને ફક્ત મારાથી જ ડરો તથા સામાન્ય વ્યક્તિઓથી કે, તમારા સમાજથી, અથવા તો તમારા શિષ્યોથી ન ડરો કે તેમની ઈચ્છા વિરૂદ્ધ સત્ય કલિમો કહીશું તો તેઓ શિષ્ય તરીકે બાકી ન રહેશે અને આવક બંધ થઈ જશે."

મુહમ્મદ ﷺની ઉમ્મતની એક ખાસ ફઝીલત (વિશેષતા) :

તફસીરે કુર્તુબીમાં છે કે, અલ્લાહ જલ્લ શા'નહુએ બની ઈસ્રાઈલને પોતાની નેઅ્મતો અને અહેસાનો યાદ અપાવીને પોતાની યાદ અને

ફરમાંબરદારીનું આમંત્રણ આપ્યું છે અને ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને જ્યારે આ કામ માટે આમંત્રણ આપ્યું તો અહેસાનો અને ઈનામોનું વર્ણન કર્યા વગર ફરમાવ્યું, فَاذْكُرُوْنِىْٓ اَذْكُرْكُمْ એટલે "તમે મને યાદ કરો, હું તમને યાદ રાખીશ." (૨:૧૫૨) આ આયતમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની ખાસ વિશેષતા તરફ ઈશારો છે કે, તેમનો સંબંધ અહેસાન કરનાર ઉપકારક અને ઈનામ આપનાર અલ્લાહ જલ્લ શા'નહુ સાથે સીધે–સીધો છે. આ ઉમ્મત ઉપકારકને ઓળખીને તેના ઉપકારોને ઓળખે છે. જ્યારે કે બીજી ઉમ્મતો ઉપકારોના માધ્યમ દ્વારા ઉપકારકને ઓળખે છે.

કરાર પૂરો કરવો ફરજ છે અને કરારભંગ કરવો હરામ છે :

આ આયતથી સ્પષ્ટ થઈ ગયું કે કરાર કે વાયદો પૂરો કરવો જરૂરી છે અને કરારભંગ કરવો હરામ છે. સૂરએ માઈદહની આયતમાં આ બાબતે વિગતવાર વર્ણન થયું છે. اَوْفُوْا بِالْعُقُوْدِ "તમારો કરાર પૂરો કરો." (૫:૧)

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે કરારભંગ કરનારાઓને જે સજા આખિરતમાં મળશે તે પહેલાં એક સજા એ આપવામાં આવશે કે મહશરના મૈદાનમાં જ્યાં બધા જ આગળ પાછળના લોકોનો સમૂહ ભેગો થયો હશે, કરારભંગ કરનારાઓ ઉપર એક ઝંડો નિશાની સ્વરૂપે લગાવી દેવામાં આવશે અને જેટલા પ્રમાણમાં કરારભંગ કર્યો હશે, એટલો એ ઝંડો ઊંચો હશે. એ રીતે તેમને હશરના મૈદાનમાં ઝલીલ (અપમાનિત) અને શરમિંદા કરવામાં આવશે.

(સહીહ મુસ્લિમ અન સઈદ)

જે માણસ કોઈ ગુનાહ અથવા સવાબનું કારણ બને છે તેના નામ એ આ'માલમાં પણ તે ગુનાહ અને સવાબ કરનારાઓના ગુનાહ અથવા સવાબ લખવામાં આવે છે :

اَوَّلَ كَافِرٍۢ بِهٖ કાફિર થવું ભલે સૌથી પહેલાં હોય અથવા પાછળથી દરેક પરિસ્થિતિમાં અત્યંત જુલમી કૃત્ય અને મહાન ગુનોહ છે. પરંતુ આ આયતમાં એવું ફરમાવવામાં આવ્યું છે કે, પ્રથમ કાફિર ન બનો. તેનાથી એ તરફ ઈશારો છે કે, જે માણસ પ્રથમ કુફ્ર અપનાવશે તો પાછળથી તેને જોઈને જે કોઈ પણ કુફ્રમાં સપડાશે તેનો વબાલ તે માણસ ઉપર તો પડશે જ, પરંતુ તે પ્રથમ વ્યક્તિ ઉપર

પણ વબાલ પડશે. એવી જ રીતે આ પ્રથમ કાફિર પોતાના કુફ્ર સિવાય પાછળથી આવનારા લોકોના કુફ્રનું કારણ બન્યો હોવાથી તે બધાના કુફ્રના વબાલનો પણ તેને જવાબદાર ઠરાવવામાં આવશે અને તેનો અઝાબ (સજા) તેને પ્રત્યેક ક્ષણે થતો રહેશે.

ખુલાસો :

આ બાબતથી સ્પષ્ટ થયું કે જે વ્યક્તિ દુનિયામાં કોઈના માટે કોઈ ગુનાહનું (નિમિત્ત) કારણ બને છે, તો જેટલા માણસો તે કારણથી ગુનાહોમાં સપડાશે તો તે ગુનોહ તે લોકોને પણ થશે અને સાથે સાથે તે માણસને પણ તે સૌ લોકોનો ગુનોહ થશે. એવી જ રીતે જે વ્યક્તિ અન્યો માટે કોઈ નેકીનું કારણ બનશે તો જેટલા લોકો આ કારણથી નેક અમલ કરશે, તો તેનો સવાબ જેવો તે લોકોને મળશે તેવો જ સવાબ તે વ્યક્તિના નામએ આ'માલમાં લખવામાં આવશે. કુર્આન મજીદની અસંખ્ય આયતો અને રસૂલે કરીમ ﷺની અનેક હદીષોમાં આ વિષય વારંવાર આવ્યો છે.

لَا تَشْتَرُوْا بِاٰيٰتِىْ ثَمَنًا قَلِيْلًا આ આયતમાં અલ્લાહ તઆલાની આયતના બદલામાં કિંમત લેવાની મનાઈનો મતલબ એ જ છે, જે તે આયતોના અર્થ અને તેના વિષય અનુસંધાને છે કે લોકોની મરજી પ્રમાણે તેમના સ્વાર્થ અને હિતોની રક્ષા કરવા માટે અલ્લાહ તઆલાની આયતોનો અર્થ જૂઠો બતાવીને, છુપાવીને લોકોથી પૈસા લેવામાં ન આવે. આ કૃત્ય સમગ્ર ઉમ્મતની સહમતિથી (ઈજ્માઅ્ દ્વારા) હરામ છે.

કુર્આનનું શિક્ષણ આપવા માટે મહેનતાણું લેવું જાઇઝ છે :

રહ્યો તે મા'મલો કે, કોઈને અલ્લાહ તઆલાની આયતો સાચી-સાચી બતાવીને અથવા પઢાવીને મહેનતાણું લેવું કેવું છે ? ઉપરોક્ત આયત તે સંદર્ભમાં નથી. આ એક ખૂબ જ ગહન અને વિસ્તૃત ચર્ચા માંગી લેતો વિષય છે કે, કુર્આનના શિક્ષણ માટે મહેનતાણું અથવા ઉજરત (પગાર) લેવો જાઇઝ છે કે નહિ? ઉમ્મતના ફકીહો (ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ)નો આ બાબતે મતભેદ છે. ઈમામ માલિક, શાફિઈ, અહમદ બિન હમ્બલ (રહ.) તેને જાઇઝ ઠેરવે છે, જ્યારે કે ઈમામ અબૂ હનીફા (રહ.) અને અમુક બીજા ઈમામો મનાઈ ફરમાવે છે.

પરંતુ પાછળથી આવનાર હનફી મસ્લકના લોકોએ પણ જ્યારે એવી પરિસ્થિતિ અનુભવી કે કુર્આન શરીફના શિક્ષકોને ઈસ્લામી બયતુલ માલ (ઈસ્લામી હુકૂમતના નાણા વિભાગ) તરફથી વઝીફો (પગાર) મળ્યા કરતો હતો. હવે, દરેક જગ્યાએ ઈસ્લામી શાસન વ્યવસ્થામાં ફિત્નાઓના કારણે આ શિક્ષકોને મોટાભાગે કશું નથી મળતું. જો તેઓ પોતાની રોઝી-રોટી માટે કોઈ મહેનત-મજૂરી અથવા વેપાર વગેરેમાં લાગી જાય તો બાળકોને કુર્આનનું શિક્ષણ આપવાનો સિલસિલો જ બંધ થઈ શકે છે. કારણ કે આ શિક્ષણ આખા દિવસનું કાર્ય (ફુલ ટાઈમ જોબ) છે. એટલા માટે કુર્આનના શિક્ષણ માટે જરૂરત પ્રમાણે પગાર લેવો જાઇઝ ઠરાવવામાં આવ્યું છે. જેમકે, હિદાયાના કર્તાએ કહ્યું છે કે, "આજકાલ એવો ફત્વો આપવો જોઈએ કે, કુર્આનના શિક્ષણના બદલામાં પગાર અથવા મહેનતાણું લેવું જાઇઝ છે." હિદાયાના કર્તા પછી આવનારા બીજા ફકીહોએ અમુક એવા જ બીજા વઝીફાઓ લેવાની છૂટછાટ કહી છે જે કુર્આનના શિક્ષણની જેમ દીનને જીવંત રાખવા માટે જરૂરી છે, જેમકે ઈમામત, અઝાન, હદીષનું શિક્ષણ, ફિક્હ વગેરે તો તેને કુર્આનના શિક્ષણની જેવું જ ગણીને તેના માટે પણ મહેનતાણાની છૂટ આપી છે.

(દૂર્રે મુખ્તાર, શામી)

કોઈને સવાબ પહોંચાડવાની નિય્યતથી કુર્આન શરીફના ખત્મ પઢાવવાનું મહેનતાણું લેવું જાઇઝ ન હોવા બાબતે બધા જ સહમત (ઇજ્માઅ્) છે :

અલ્લામહ શામી (રહ.)એ દૂર્રે મુખ્તારની શરહ (વિવરણ)માં અને પોતાના રિસાલા "શિફાઉલ અલીલ"માં ખૂબ વિસ્તારપૂર્વક અને મજબૂત દલીલો સાથે એ વાત સ્પષ્ટ કરી દીધી છે કે, કુર્આનના શિક્ષણ વગેરે માટે જે પાછળથી આવનાર ફકીહોએ મહેનતાણાને જાઇઝ ઠરાવ્યું છે તે એક એવી જરૂરી બીનાના કારણે છે કે, જો તેમાં થોડી પણ ભૂલચૂક થાય તો દીનનું સંપૂર્ણ માળખું પ્રભાવિત થઈ શકે છે. એટલા માટે તેને એવી અગત્યની જરૂરતના સમય માટે જ મર્યાદિત રાખવું જરૂરી છે. મૃત્યુ પામી ચૂકેલાના ઈસાલે સવાબ માટે મહેનતાણું આપીને કુર્આન શરીફનું ખત્મ પઢાવવું અથવા કોઈ વઝીફો પઢાવવો હરામ છે. કારણ કે આ બાબતે કોઈ એવી દીની જરૂરત સામે નથી, અને મહેનતાણું લઈને પઢવું

હરામ છે તો દેખીતું છે કે, પઢનાર પણ ગુનેહગાર છે અને પઢાવવાવાળો પણ ગુનેહગાર છે. હવે જ્યારે પઢનારાને જ સવાબ ન મળ્યો તો મય્યતને શું સવાબ પહોંચશે ? અલ્લામહ શામી (રહ.)એ આ વાત ઉપર ફુકૃહાના ઘણા ખુલાસાઓ નકલ કર્યા છે. જેમકે "તાજુશ્શરીઅહ" – "અયૂની શરહે હિદાયા" – "હાસિયા ખયરૂદ્દીન બર બહરૂર્રાઈક" વગેરે અને ખયરૂદ્દીન રમલીનો કૌલ પણ નકલ કર્યો છે કે, ઈસાલે સવાબ માટે કબર પર કુર્આન પઢાવવું અથવા મહેનતાણું આપીને કુર્આન ખત્મ કરાવવું સહાબા (રદિ.), તાબિઈન (રહ.) તથા ઉમ્મતના નેક લોકો દ્વારા થયું હોય એવું ક્યાંય પણ સાબિત નથી. એટલા માટે તે બિદ્અત છે.

(શામી, પેજ : ૪૭, ભાગ : ૧)

સાચી વાતને છુપાવવી અને તેમાં ભેળસેળ કરવી હરામ છે :

આયત (الخ) وَلَا تَلْبِسُوا الْحَقَّ بِالْبَاطِلِ થી સાબિત થયું કે અલ્લાહ તઆલાની વાતને ગલત વાતોની સાથે ભેળસેળ કરીને એવી રીતે રજૂ કરવી કે જેનાથી સામેવાળો વ્યક્તિ થાપ ખાઈ જાય, જાઈઝ નથી. એવી જ રીતે કોઈ ડર અથવા લાલચના કારણે અલ્લાહની વાતને છુપાવવી પણ હરામ છે. મસ્અલો સ્પષ્ટ છે, તેમાં કોઈ ખુલાસાની જરૂર નથી. ઈમામ કુર્તુબીએ પોતાની તફસીરમાં સચ્ચાઈને છુપાવવાથી પરહેઝ કરવાનો એક કિસ્સો અને વિગતવાર ચર્ચા હઝરત અબૂ હાઝિમ તાબિઈ (રહ.) અને ખલીફા સુલૈમાન બિન અબ્દુલ મલિકનો રજૂ કર્યો છે. જે ઘણો જ લાભકારી હોવાથી વર્ણનપાત્ર છે.

હઝરત અબૂ હાઝિમ તાબિઈ (રહ.) સુલૈમાન ઇબ્ને અબ્દુલમલિકના દરબારમાં :

મુસ્નદે દારમીમાં સનદ સાથે વર્ણન થયું છે કે, એક વખતે સુલૈમાન બિન અબ્દુલ મલિક મદીના તય્યિબહ પહોંચ્યા અને અમુક દિવસ રોકાયા. લોકોને પૂછ્યું કે "મદીના તય્યિબહમાં હવે કોઈ એવી વ્યક્તિ મૌજૂદ છે જેણે સહાબી (રદિ.)નો સંગાથ મેળવ્યો હોય ? અથવા જેને સહાબી (રદિ.)નો સહવાસ મળ્યો હોય ?" લોકોએ બતાવ્યું, "હા ! અબૂ હાઝિમ એવો માણસ છે." સુલૈમાને પોતાના માણસને મોકલીને તેમને બોલાવી મંગાવ્યા. જ્યારે તેઓ હાજર થયા તો સુલૈમાને કહ્યું, "હે અબૂ હાઝિમ ! આ કેવી બેમુરુવ્વતી અને બેવફાઈ છે ?" અબૂ

હાઝિમે કહ્યું, "તમે મારી કઈ બેમુરુવ્વતી અને બેવફાઈ જોઈ છે ?" સુલૈમાને કહ્યું કે, "મદીનાના બધા પ્રખ્યાત લોકો મને મળવા આવે છે અને તમે ન આવ્યા !" અબૂ હાઝિમે કહ્યું કે, "અમીરુલ મુઅમિનીન ! તમે કોઈ એવી વાત ન કહો કે, જે વાસ્તવિકતાથી જુદી હોય, અને તે માટે હું આપને અલ્લાહના રક્ષણમાં સોંપુ છું. આજથી પહેલાં ન તમે મારાથી વાકેફ હતા અને ન મેં ક્યારેય તમને જોયા હતા. આવી પરિસ્થિતિમાં પોતે મુલાકાત માટે આવવાનો સવાલ જ ક્યાં પૈદા થાય છે ? પછી બેવફાઈ કેવી ?" સુલૈમાને જવાબ સાંભળીને ઈબ્ને શિહાબ ઝુહરી અને હાજરજનો તરફ ધ્યાન આપ્યું, તો ઈમામ ઝુહરી (રહ.)એ કહ્યું કે, "અબૂ હાઝિમે સાચું કહ્યું, તમે ભૂલ કરી !"

ત્યારબાદ સુલૈમાને વાતનો વિષય બદલીને અમુક સવાલો શરૂ કર્યા અને કહ્યું, "હે અબૂ હાઝિમ ! આવું કેમ બને છે કે, અમે મૌતથી ડરીએ છીએ?" તેમણે કહ્યું, "કારણ એ છે કે તમે તમારી આખિરતને વેરાન અને દુનિયાને આબાદ કરી છે. એટલા માટે આબાદ જગ્યાએથી વેરાન જગ્યા તરફ જવાનું તમને પસંદ નથી."

સુલૈમાને કબૂલ કર્યું અને પૂછ્યું કે, "કાલે અલ્લાહ તઆલાની સામે કેવી રીતે હાજરી થશે ?" ફરમાવ્યું કે, "નેક અમલ કરનારા તો અલ્લાહની સામે એવી રીતે જશે જેમકે કોઈ મુસાફર મુસાફરીથી પાછો પોતાના ઘરવાળાઓ પાસે જાય છે અને ખરાબ અમલ કરનારો એવી રીતે રજૂ થશે જેમકે, કોઈ ભાગી છૂટેલા ગુલામને પકડી તેના માલિક સામે હાજર કરવામાં આવે છે."

સુલૈમાન આ સાંભળીને રડી પડ્યો અને કહેવા લાગ્યો, "કાશ ! અમને ખબર હોત કે અલ્લાહ તઆલાએ અમારા માટે શું નક્કી કરી રાખ્યું છે ?" અબૂ હાઝિમે ફરમાવ્યું કે, "તમારા આ'માલને અલ્લાહની કિતાબ સાથે તોલી જુઓ તો ખબર પડી જશે."

સુલૈમાને પૂછ્યું કે, "કુર્આનની કઈ આયતથી ખબર પડશે ?" કહ્યું કે, "તે આયત છે اِنَّ الْاَبْـرَارَ لَـفِىْ نَعِيْمٍ وَّاِنَّ الْفُجَّارَلَفِىْ جَحِيْمٍ "નિઃશંક નેક અમલ કરનારા જન્નતની નેઅમતોમાં છે અને નાફરમાન ગુનાહ કરનારા દોઝખમાં." (૮૨:૧૩-૧૪)

સુલૈમાને કહ્યું કે, "અલ્લાહની રહમત તો મોટી છે. તે ખરાબ કૃત્યો આચરનારાઓ ઉપર પણ મહેરબાન છે." ફરમાવ્યું, اِنَّ رَحْمَةَ اللّٰهِ قَرِيْبٌ مِّنَ الْمُحْسِنِيْنَ "અલ્લાહ તઆલાની રહમત નેક અમલ કરનારાઓની સાથે છે." (૭:૫૬)

સુલૈમાને પૂછ્યું, "હે અબૂ હાઝિમ ! અલ્લાહના બંદાઓમાં સૌથી વધુ કોણ ઈજ્જતવાળો છે ?" ફરમાવ્યું, "તે લોકો જે મુરુવ્વત (ડહાપણ) અને અકલે સલીમ ધરાવે છે."

પછી પૂછ્યું, "કયો અમલ શ્રેષ્ઠ છે ?" તો ફરમાવ્યું કે, "હરામ વસ્તુઓથી બચવું અને ફરજો તથા વાજિબોને અદા કરવા."

પછી પૂછ્યું કે, "કઈ દુઆ સૌથી વધુ કબૂલ થાય છે ?" તો કહ્યું કે, "જે માણસ ઉપર અહેસાન કરવામાં આવ્યું હોય તો તેની દુઆ પોતાના ઉપર ઉપકાર કરનાર માટે સૌથી વધુ કબૂલ થનારી છે."

પછી પૂછ્યું કે, "સદકો (દાન) કયો શ્રેષ્ઠ છે ?" ફરમાવ્યું કે, "મુસીબતમાં ફસાયેલા સવાલ કરનારા માટે, પોતાની ગરીબી હોવા છતાં, જે કંઈ પણ થઈ શકે એવી રીતે ખર્ચ કરે કે, ન તેનું અહેસાન જતાવે અને ન જ ઉપેક્ષિત કરી તેને તકલીફ પહોંચાડે."

પછી પૂછ્યું કે, "કયું કલામ સૌથી શ્રેષ્ઠ છે ?" કહ્યું કે, "જે વ્યક્તિથી તમોને ડર અથવા ભય હોય અથવા તો જેનાથી તમારી જરૂરત પૂરી થતી હોય અથવા તો તેનાથી કોઈ આશા–અપેક્ષા હોય તેની સામે કોઈપણ પ્રકારની રિઆયત (શેહ–શરમ) રાખ્યા વગર સાચી વાત કહી દેવી."

પછી પૂછ્યું કે, "મુસલમાનોમાં કયો વ્યક્તિ મૂર્ખ છે ?" કહ્યું કે, "જે વ્યક્તિ પોતાના ભાઈ ઉપર અત્યાચાર (જુલમ)માં કોઈની મદદ કરે, જેનો ખુલાસો એ છે કે તેણે બીજાની દુનિયા બનાવવા ખાતર પોતાનો દીન વેચી નાંખ્યો." સુલૈમાને કહ્યું, "સાચું કહ્યું."

ત્યારબાદ સુલૈમાને સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું કે, "મારા માટે તમારો શું અભિપ્રાય છે !" હઝરત અબૂ હાઝિમ (રહ.)એ ફરમાવ્યું કે, "મને આ સવાલ મા'ફ કરો તો સારૂં છે." તો સુલૈમાને કહ્યું, "નહિ ! તમે જરૂર કોઈ શિખામણની વાત કહો."

અબૂ હાઝિમ (રહ.)એ ફરમાવ્યું કે, "હે અમીરૂલ મુઅમિનીન ! તમારા બાપ-દાદાએ લોકો પર તલવાર દ્વારા પોતાની સત્તા કાયમ કરી અને બળજબરીથી એમની મરજી વિરૂદ્ધ તેમના ઉપર હુકૂમત (સરકાર) સ્થાપી અને ઘણા લોકોને મૌતને ઘાટ ઉતાર્યા અને આ બધું કરવા પછી પણ તે આ દુનિયાથી વિદાય થઈ ગયા. કાશ ! તમને ખબર હોત કે હવે તેઓ મૃત્યુ પછી શું કહે છે ? અને તેમને શું કહેવામાં આવી રહ્યું છે ?"

ખાદિમોમાંથી એક વ્યક્તિએ બાદશાહના સ્વભાવ વિરૂદ્ધ અબૂ હાઝિમ (રહ.)ની આ ચોખ્ખી અને સ્પષ્ટ વાતો સાંભળીને કહ્યું કે, "અબૂ હાઝિમ તમે આ ઘણી ખરાબ વાત કરી છે." અબૂ હાઝિમ (રહ.)એ ફરમાવ્યું કે, "તમે ખોટું કહો છો. મેં બુરી વાત નથી કહી બલકે, તે વાત કહી છે જેનો અમને હુકમ છે. કારણ કે અલ્લાહ તઆલાએ ઉલમાથી આ વાતનો કરાર કર્યો છે કે "સાચી વાત લોકોને બતાવો અને કંઈ જ ન છુપાવો."" لَتُبَيِّنُنَّهُ لِلنَّاسِ وَلَا يَكْتُمُونَهُ (૩:૧૮૭)

આ જ તે વાત છે જેના માટે ઈમામ કુર્તુબીએ આ લાંબી હિકાયત પ્રસ્તુત આયતની તફસીરમાં લખી છે.

સુલૈમાને ફરી સવાલ કર્યો કે, "સારૂં ! હવે અમારા સુધારનો માર્ગ શું છે?" ફરમાવ્યું કે, "તકબ્બુર (અભિમાન) છોડી દો, મુરુવ્વત અપનાવો અને હક્કવાળાઓ સાથે ન્યાયથી વહેંચણી કરો."

સુલૈમાને કહ્યું કે, "અબૂ હાઝિમ ! શું એવું થઈ શકે છે કે તમે અમારી સાથે રહો ?" ફરમાવ્યું, "અલ્લાહની પનાહ !" સુલૈમાને પૂછ્યું, "કેમ ?" કહ્યું કે, "તેનાથી મને ભય એ લાગે છે કે તમારા માલ, દૌલત તથા ઈજ્જત અને હોદ્દા તરફ લાગી જાઉં, જેના પરિણામે મારે અઝાબ ભોગવવો પડે."

પછી સુલૈમાને કહ્યું, "સારૂં ! કોઈ જરૂરત હોય તો બતાવો કે અમે તેને પૂરી કરી આપીએ." ફરમાવ્યું, "હા ! એક જરૂરત છે. જહન્નમથી છુટકારો અપાવી દો ! અને જન્નતમાં દાખલ કરી આપો." સુલૈમાને કહ્યું કે, "તે મારા અધિકારમાં નથી." કહ્યું કે, "તો પછી મને આપનાથી કોઈ જરૂરત નથી."

છેલ્લે સુલૈમાને કહ્યું કે, "સારૂં ! મારા માટે દુઆ કરજો." તો અબૂ હાઝિમ (રહ.)એ આ દુઆ કરી, "યા અલ્લાહ ! જો સુલૈમાન આપને પસંદ છે તો એના

માટે દુનિયા અને આખિરતની ભલાઈનો સામાન બનાવી દે અને જો તે આપનો દુશ્મન છે તો તેના બાલ પકડીને તેને તારી મરજી અને પ્રિય કામો તરફ વાળી દે!"

સુલૈમાને કહ્યું કે, "મને કંઈક વસિયત કરો !" ફરમાવ્યું કે, "પોતાના રબની બુઝુર્ગી (મોટાઈ) અને જલાલ એટલા દરજ્જાનો દિલમાં રાખો કે તે તમને એવા સ્થાન ઉપર ન જુએ જેનાથી મનાઈ કરવામાં આવી છે અને એવા સ્થળે ગૈરહાજર ન રાખે જ્યાં જવા માટેનો હુકમ કર્યો છે."

સુલૈમાને આ મજલિસથી પરવારીને સો ગિન્નીઓ (સોનાના સિક્કા) હદિયા તરીકે અબૂ હાઝિમ (રહ.) પાસે મોકલી. અબૂ હાઝિમ (રહ.)એ એક પત્ર સાથે આ ગિન્નીઓ પાછી મોકલી આપી. અને પત્રમાં લખ્યું હતું કે, "જો આ સો દીનાર મારા શબ્દોનું મહેનતાણું છે તો મારા માટે સુવ્વરનું લોહી અને ગોસ્ત એનાથી સારો છે અને જો એટલા માટે આ મોકલવામાં આવ્યું છે કે, બયતુલ માલ (સરકારી તિજોરી)માં મારો હક્ક છે તો મારા જેવા હજારો ઉલમા અને દીનની સેવા કરનારા છે. જો તમે બધાને આટલું જ આપ્યું છે તો હું પણ લઈ શકું છું, નહિતર મને તેની જરૂરત નથી."

અબૂ હાઝિમ (રહ.)ના આ ઈરશાદમાં કે, "શિખામણના શબ્દોનું મહેનતાણું લેવું સુવ્વરના લોહી જેવું છે." આ શબ્દોથી તે મસ્અલા ઉપર પ્રકાશ પડે છે કે ઈબાદતનું મહેનતાણું લેવું તેમના નજદીક જાઈઝ નથી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૪૩ થી ૪૬)

وَاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ وَارْكَعُوْا مَعَ الرّٰكِعِيْنَ ﴿٤٣﴾ اَتَاْمُرُوْنَ
النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُمْ وَاَنْتُمْ تَتْلُوْنَ الْكِتٰبَ ؕ اَفَلَا تَعْقِلُوْنَ ﴿٤٤﴾
وَاسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ ؕ وَاِنَّهَا لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخٰشِعِيْنَ ﴿٤٥﴾ الَّذِيْنَ يَظُنُّوْنَ
اَنَّهُمْ مُّلٰقُوْا رَبِّهِمْ وَاَنَّهُمْ اِلَيْهِ رٰجِعُوْنَ ﴿٤٦﴾ ع

તરજુમો :

અને નમાઝ કાયમ કરો તથા ઝકાત અદા કરો અને રુકૂઅ્ કરનારાઓ સાથે રુકૂઅ્ કરો. (૪૩) શું તમે લોકો(ને) ભલાઈનો હુકમ કરો છો અને તમે પોતાની જાતને ભૂલી જાઓ છો ? હાલાં કે તમે કિતાબ પઢો છો; શું તે પછી પણ તમે નથી સમજતા ? (૪૪) તમે સબ્ર (ધીરજ) અને નમાઝથી મદદ પ્રાપ્ત કરો અને તે ઘણી કઠિન (છે); પરંતુ વિનવણી કરનારાઓ પર (નથી). (૪૫) તે જેઓ શ્રદ્ધા (યકીન) રાખે છે કે, તેઓ પોતાના રબ રૂબરૂ થવાના (છે); અને એ કે તેઓ તેની તરફ પાછા વળવાના (છે). (૪૬)

તફસીર :

"અને નમાઝ કાયમ કરો" [એટલે કે મુસલમાન બનીને] "તથા ઝકાત અદા કરો અને રુકૂઅ કરનારાઓ સાથે રુકૂઅ કરો." [બની ઈસ્રાઈલના આલિમોમાંથી અમુક મુસલમાન થઈ ગયા હતા જ્યારે એમની આપસમાં ચર્ચા થતી તો ગુપ્ત રીતે આ ઉલમા કહેતા હતા કે, બેશક ! મુહમ્મદ ﷺ સાચા રસૂલ છે. અમે લોકો કોઈ મસ્લિહતના કારણે મુસલમાન નથી થયા, પરંતુ તમે ઈસ્લામ ધર્મને છોડશો નહિ. એટલા માટે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું,] "શું તમે લોકો(ને) ભલાઈનો હુકમ કરો છો" [એટલે કે લોકોને રસૂલુલ્લાહ ﷺ ઉપર ઈમાન લાવવાનું અને આપ ﷺની ઈતાઅત કરવાનું કહો છો.] "અને તમે પોતાની જાતને ભૂલી જાઓ છો ? હાલાં કે તમે કિતાબ પઢો છો;" [એટલે કે તવરાતને પઢતા રહો છો કે જેમાં અમલ ન કરનાર આલિમની ટીકા વારંવાર કરવામાં આવી છે.] "શું તે પછી પણ તમે નથી સમજતા ?" [એટલે કે જો તમે માલ-દૌલત અને હોદ્દાની મહોબ્બતના કારણે ઈમાન લાવવાનું કઠિન સમજતા હોય તો] "તમે સબ્ર (ધીરજ) અને નમાઝથી મદદ પ્રાપ્ત કરો" [એટલે કે ઈમાન લાવીને સબ્ર અને નમાઝથી અલ્લાહની મદદ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરશો તો દિલમાંથી માલ-દૌલત અને હોદ્દાની મહોબ્બત નીકળી જશે અને જો કોઈ કહે કે નમાઝ અને સબ્ર પોતે જ અતિકઠિન વસ્તુ છે, તો સાંભળી લો કે] "અને તે ઘણી કઠિન (છે);" [એટલે કે નમાઝ કઠિન જરૂર છે પરંતુ જે લોકોના દિલોમાં ખુશૂઅ હશે તેમના માટે કંઈજ મુશ્કેલ નથી.] "પરંતુ વિનવણી કરવાવાળાઓ ઉપર

(નથી). તે જેઓ શ્રદ્ધા (યકીન) રાખે છે કે, તેઓ પોતાના રબ રૂબરૂ થવાના (છે); અને એ કે તેઓ તેના તરફ પાછા વળવાના (છે).'' [તો એવા સમયે તેમને હિસાબ–કિતાબ પણ આપવાનો હશે અને તેમને બંને બાબતોમાં આનંદ પણ મળશે અને ભય પણ લાગશે અને આ જ બાબત દરેક અમલની રૂહ (આત્મા) છે.]

મસ્અલા અને બોધપાઠ :

આયતોની ગોઠવણી :

બની ઈસ્રાઈલને અલ્લાહ તઆલાએ પોતાની નેઅ્મતો અને અહેસાનો યાદ અપાવીને ઈમાન અને નેક કાર્યો તરફ આમંત્રણ આપ્યું છે. અગાઉની ત્રણ આયતોમાં ઈમાન અને અકીદાઓ વિશે હિદાયત હતી અને આ ચાર આયતોમાં નેક અમલની તાકીદ કરવામાં આવી છે અને તેમાં જે અમલ સૌથી વધુ મહત્ત્વનો છે, તેનો ઉલ્લેખ કર્યો છે. આ આયતોનો ખુલાસો એ છે કે જો તમે માલ–દૌલતથી અંજાઈને ઈમાન લાવવાનું કઠિન સમજો છો, તો એનો ઈલાજ એ છે કે સબ્ર અને નમાઝ દ્વારા મદદ પ્રાપ્ત કરો. સબ્રથી માલની લાલચ અને મહોબ્બત ઘટી જાય છે કારણ કે, માલ એટલા માટે જ પ્રિય હોય છે કે તે આનંદપ્રમોદની પૂર્તિ માટે તથા ઈચ્છાઓને પૂર્ણ કરવા માટે જરૂરી સમજવામાં આવે છે. પરંતુ જ્યારે આ આનંદપ્રમોદ અને ઈચ્છાઓને છોડવાનો સંપૂર્ણ નિર્ણય કરી લેશો તો પછી માલ ભેગો કરવાની ન તો આવશ્યકતા રહેશે અને ન જ તેનાથી મહોબ્બત રહેશે. અને તે જ લાભ કે નુકસાન પહોંચાડનાર વસ્તુ છે તેવી અંધશ્રદ્ધા મગજમાંથી નીકળી જશે અને નમાઝથી હોદ્દાની મહોબ્બત ઓછી થઈ જશે. કારણ કે, નમાઝમાં બાહ્ય સ્વરૂપે અને આંતરિક રીતે વિનવણી અને આજિઝી જ હોય છે. જ્યારે નમાઝને સાચી રીતે અદા કરવાની આદત પડી જશે તો હોદ્દાની મહોબ્બત તથા લાલચ અને અભિમાન વગેરે પણ ઓછું થઈ જશે. વાસ્તવમાં ફસાદનું મૂળ કારણ કે જે ઈમાન લાવવા માટે અવરોધક છે, તે માલ અને હોદ્દાની મહોબ્બત જ છે. જો ફસાદની જડ જ નહિ રહે તો ઈમાન લાવવું સરળ બની જશે.

હવે, સમજી લો કે સબ્રમાં તો ફક્ત બિનજરૂરી ઈચ્છાઓ અને ખ્વાહિશોને છોડવાની વાત છે અને નમાઝમાં ઘણી પ્રવૃત્તિઓ કરવાની છે અને ઘણી જાઈઝ

ઈચ્છાઓને પણ કામચલાઉ ધોરણે છોડવાની છે. દા.ત. નમાઝમાં ખાવું–પીવું, વાતચીત કરવી, હરવું–ફરવું અને માણસની અન્ય જરૂરિયાતો જે શરીઅતની રૂએ જાઈઝ અને મુબાહ છે, તેને પણ નમાઝમાં છોડવી પડે છે, તે પણ સમયની મર્યાદા સાથે દિવસ–રાતમાં પાંચ વખતે ફરજ છે. એટલા માટે નમાઝ પઢવાના અમલ દ્વારા અમુક ચોક્કસ સમય સુધી બધા જ જાઈઝ–નાજાઈઝ કાર્યોથી સબ્ર કરવી પડે છે.

બિનજરૂરી ઈચ્છાઓને છોડવાની જો વ્યક્તિ હિંમત કરી લે તો અમુક જ દિવસ પછી સ્વભાવ અને ટેવ બદલાઈ જાય છે અને કોઈ કઠણાઈ બાકી રહેતી નથી, પરંતુ નમાઝના સમયની પાબંદી, તેની તમામ શરતોની પાબંદી અને જરૂરી ઈચ્છાઓથી પણ તે સમયમાં પરહેઝ કરવી, આ બધું માણસના સ્વભાવ માટે ઘણું કઠિન કામ છે. એટલા માટે અહીંયાં શંકા થઈ શકે છે કે, ઈમાનને સરળ બનાવવાનો જે નુસખો બતાવવામાં આવ્યો છે કે, "સબ્ર અને નમાઝથી કામ લેવામાં આવે." આ નુસખાનો ઉપયોગ પોતે પણ એક કઠિન વસ્તુ છે, અને ખાસ તો નમાઝની પાબંદી. તો પછી આ કઠણાઈનો શું ઈલાજ હશે ? તો એના માટે ઈરશાદ ફરમાવ્યો કે, "બેશક ! નમાઝ કઠિન જરૂર છે પરંતુ જે લોકોના દિલોમાં ખુશૂઅ છે તેમના માટે કોઈ કઠિન નથી." તેમાં નમાઝને સરળ કરવાની પદ્ધતિ પણ બતાવી દીધી.

ખુલાસો એ છે કે નમાઝમાં કઠણાઈના કારણો અને તેના સબબો ઉપર વિચાર કરશો તો ખબર પડશે કે, માણસનું દિલ સ્વતંત્ર અને વૈચારિક આઝાદી ભોગવવા હંમેશા તત્પર રહેતું હોય છે અને શરીરના બધા જ અવયવો માણસના દિલની ઈચ્છાઓના તાબે છે. એટલા માટે દિલનો તકાદો એ જ હોય છે કે, તેના બધા અવયવો પણ સ્વતંત્ર રહે, જ્યારે કે, નમાઝ આ સ્વતંત્રતાના વિરૂદ્ધ છે એટલે કે નમાઝના સમયે ન હસો, ન બોલો, ન ખાઓ, ન પીઓ, ન ચાલો, ન હરો–ફરો વગેરે વગેરે... એટલા માટે દિલ આ તકાદાઓના લીધે તંગ આવી જાય છે અને તેના તાબે'દાર મનુષ્યના અવયવો પણ આ તકલીફ અનુભવે છે.

ખુલાસો એ કે નમાઝ કઠણ લાગવાનું કારણ દિલનો સ્વભાવ (માનવ સ્વભાવની કમજોરી) અને માણસની ચિંતા છે, તો એનો ઈલાજ શાંતિથી થવો જોઈએ. એટલા માટે ખુશૂઅ (ધ્યાનમગ્ન થવું) નમાઝને સરળ કરવાનું માધ્યમ

બતાવાવમાં આવ્યું. કારણ કે, ખુશૂઅ દિલની શાંતિને કહેવામાં આવે છે. હવે સવાલ એ પૈદા થાય છે કે મનની શાંતિ એટલે કે ખુશૂઅ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ? તો આ બાબત અનુભવથી જ સિદ્ધ થઈ શકે. જો કોઈ વ્યક્તિ પોતાના મનના વિવિધ વિચારો અને કલ્પનાઓને સીધે-સીધી દૂર કરવા ઈચ્છે તો તેમાં તે ક્યારેય સફળ નહિ થાય. બલકે, તેની યુક્તિ એ છે કે માણસનું ધ્યાન કોઈ એક સમયે બે બાબતો તરફ સતત કેન્દ્રિત નથી રહી શકતું. એટલા માટે જો કોઈ એક વિચાર તરફ ધ્યાન વધુ કેન્દ્રિત કરવામાં આવે તો બીજો વિચાર આપોઆપ ધીરે-ધીરે નીકળી જશે. એટલા માટે ખુશૂઅ તેને પણ કહેવામાં આવે છે કે કોઈ એક વિચારમાં એકચિત્ત અને ધ્યાનમગ્ન થઈ જવાથી બીજા વિચારો અને કલ્પનાઓ નીકળી જાય છે અને તેના દૂર થવાથી દિલની જે કૈફિયત અને મનોસ્થિતિનું નિર્માણ થાય છે, તેનાથી અલ્લાહ સિવાયના પ્રત્યેક વિચારો મનમાંથી નીકળી જાય છે અને મનની શાંતિ દ્વારા નમાઝ સરળ બની જાય છે તથા આ અમલમાં આનંદ આવવા લાગે છે, જેનાથી નમાઝની પાબંદી પણ પ્રાપ્ત થાય છે અને આ પાબંદીમાં મોટાઈ દેખાડો કે હોદ્દાની તમન્ના ન હોવી જોઈએ. જેથી ઈમાનના માર્ગમાં જે અવરોધો છે તે દૂર થઈ જાય અને ઈમાન સંપૂર્ણ બની જાય. સુબ્હાનલ્લાહ ! મનની શાંતિનો કેટલો સરસ ઈલાજ છે ! અને મનની આ શાંતિને પ્રાપ્ત કરવા માટે અલ્લાહે ઉપરોક્ત આયતમાં કેટલી સરસ તાકીદ કરી દીધી. ત્યારબાદ ફરમાવ્યું, "અને આ કે તેઓ તેની તરફ પાછા વળવાના (છે)." તો આવા સમયે આ સેવાનું મોટું ઈનામ મળશે. નમાઝી એ વાતનું ધ્યાન રાખે છે કે તેઓ પોતાના માલિક તરફ પાછા વળવાના છે, તો એવા સમયે તેમને હિસાબ-કિતાબ પણ આપવાનો છે, આ બંને વિચારો તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ઈનામની આશા અને હિસાબનો ભય બંને બાબતો પૈદા થવાથી દિલ આ નેક વિચારો ઉપર કેન્દ્રિત થઈ તેમાં ડૂબી જશે. ઈનામની ઉમ્મીદ વ્યક્તિને ભલાઈના કામો કરવા માટે વધારે મજબૂત બનાવે છે.

أَقِيْمُوا الصَّلٰوةَ અહીંયાં صَلٰوةَનો શાબ્દિક અર્થ દુઆ છે. શરીઅતની વ્યાખ્યામાં તે ખાસ ઈબાદત છે, જેને નમાઝ કહેવામાં આવે છે. કુર્આને કરીમમાં નમાઝની જેટલા સ્થળોએ તાકીદ કરવામાં આવી છે ત્યાં શબ્દ اِقَامَة સાથે આવ્યો છે. ફક્ત એક-બે જગ્યાએ જ માત્ર નમાઝ પઢવાનો હુકમ આ શબ્દ વિના આવ્યો

છે. એટલા માટે اِقَامَةِ صَلٰوة ની વાસ્તવિકતાને સમજવી પડશે. اِقَامَة નો શાબ્દિક અર્થ "સીધા કરવું" અને "સ્થિર રાખવું" થાય છે અને સ્વભાવિક રીતે જે ભીંત અથવા ઝાડ વગેરે સીધા ઊભા હોય તો તે જ કાયમ રહેતા હોય છે. પડી જવાનો ભય ઓછો હોય છે. એટલા માટે اِقَامَة નો અર્થ "કાયમ કરવું" પણ થાય છે.

કુર્આન અને સુન્નતની વ્યાખ્યામાં اِقَامَةِ صَلٰوة નો અર્થ "નમાઝને તેના સમયમાં પાબંદીની સાથે સંપૂર્ણ નિયમો અને શરતો સાથે અદા કરવી" થાય છે અને માત્ર નમાઝ પઢી લેવાનું નામ اِقَامَةِ صَلٰوة નથી. નમાઝની જેટલી પણ ફઝીલતો અને બરકતો કુર્આન અને હદીષમાં આવી છે, તે બધું اِقَامَةِ صَلٰوة ની શરત સાથે આવ્યું છે.

દાખલા તરીકે કુર્આન શરીફમાં છે,

اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ،

"નમાઝ મનુષ્યને દરેક બેહયાઈ અને ખરાબ કૃત્યોથી રોકી લે છે." (૨૯:૪૫)

નમાઝની આ અસરકારકતા એ સમયે જ પ્રગટ થાય છે, જ્યારે કે નમાઝની ઈકામત તે પ્રમાણે કરે જેમકે, ઈકામતનો અર્થ ઉપર વર્ણવવામાં આવ્યો છે. એટલા માટે ઘણા નમાઝીઓને બુરાઈઓ અને બેહયાઈઓમાં સપડાયેલા જોઈને આ આયત ઉપર કોઈ શંકા ન કરવી જોઈએ. કારણ કે, આ લોકોએ નમાઝ તો પઢી, પરંતુ તેની ઈકામત ન કરી.

اٰتُوا الزَّكٰوةَ માં શબ્દ زكٰوة ના બે શાબ્દિક અર્થો થાય છે. એક "પાક (પવિત્ર) કરવુ" અને બીજો અર્થ "વધવું" થાય છે. શરીઅતની વ્યાખ્યામાં ઝકાત માલના તે ભાગને કહેવામાં આવે છે જે શરીઅતના હુકમ પ્રમાણે કોઈ માલમાંથી કાઢવામાં આવે છે અને એક ચોક્કસ પ્રમાણમાં તેને ખર્ચ કરવામાં આવે છે.

જો કે અહીંયાં સંબોધન તે સમયના બની ઈસ્રાઈલને છે, તેનાથી સાબિત નથી થતું કે નમાઝ અને ઝકાત ઈસ્લામ પહેલાં બની ઈસ્રાઈલ ઉપર ફરજ હતા. પરંતુ સૂરએ માઈદહમાં وَلَقَدْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ وَبَعَثْنَا مِنْهُمُ اثْنَيْ عَشَرَ نَقِيْبًا وَقَالَ اللّٰهُ اِنِّيْ مَعَكُمْ لَئِنْ اَقَمْتُمُ الصَّلٰوةَ وَاٰتَيْتُمُ الزَّكٰوةَ "અને અલબત્ત અલ્લાહે બની ઈસ્રાઈલથી કરાર લીધો, અને અમે તેમના બાર સરદારો નક્કી

કર્યા, અને અલ્લાહે કહ્યું, હું તમારી સાથે છું જો તમે નમાઝ કયામ રાખશો અને ઝકાત આપતા રહેશો.'' (૫:૧૨)થી સાબિત થાય છે કે, નમાઝ અને ઝકાત બની ઈસ્રાઈલ ઉપર ફરજ હતી. જો કે તેનું સ્વરૂપ અને સ્થિતિ વગેરેમાં તફાવત હતો.

وَارْكَعُوْا مَعَ الرَّاكِعِيْنَ રુકૂઅનો શાબ્દિક અર્થ "ઝૂકવું" થાય છે અને અર્થના આધારે આ શબ્દ સિજદહ માટે પણ બોલી શકાય છે, પરંતુ તે ઝૂકવાનું અંતિમ સ્વરૂપ છે. શરીઅતની વ્યાખ્યામાં એક ખાસ પ્રકારના ઝૂકવાને રુકૂઅ કહેવામાં આવે છે, જે પ્રખ્યાત સ્થિતિ નમાઝના રુકૂઅમાં હોવાનું આપણે જાણીએ છીએ.

આયતનો અર્થ એ છે કે, "રુકૂઅ કરો રુકૂઅ કરનારાઓ સાથે." અત્રે એક વાત ધ્યાન આપવા યોગ્ય છે કે, નમાઝના બધા અરકાનોમાંથી અહીંયાં માત્ર રુકૂઅનો જ કેમ ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો ? તેનો જવાબ એ છે કે, અહીંયાં નમાઝના એક હિસ્સાનો ઉલ્લેખ કરી સંપૂર્ણ નમાઝ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, જેમકે કુર્આન શરીફમાં એક જગ્યાએ قُرْاٰنَ الْفَجْرِ (૧૭:૭૮) ફરમાવીને આખી ફજરની નમાઝનો અર્થ લેવામાં આવ્યો અને અમુક હદીષની રિવાયતોમાં (સિજદાનો શબ્દ ઉચ્ચારીને પૂરી રકા'ત ઉપર નમાઝનો અર્થ લેવામાં આવ્યો છે.) એટલા માટે આ આયતનો અર્થ એ જ થયો કે, ''નમાઝ પઢો, નમાઝ પઢનારાઓની સાથે'' પરંતુ તેમ છતાં આ સવાલ બાકી રહે છે કે, નમાઝના ઘણા બધા અરકાનોમાંથી એકમાત્ર રુકૂઅનો જ કેમ વિશેષ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો ? અને તેમાં શું હિકમત છે ?

જવાબ એ છે કે, યહૂદીઓની નમાઝમાં સિજદહ વગેરે તો આવતા હતા, પરંતુ રુકૂઅ ન હતો. રુકૂઅ મુસલમાનોની નમાઝની વિશેષતા છે. એટલા માટે رَاكِعِيْن ના શબ્દ વડે ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺની નમાઝ તરફ ઈશારો કરવામાં આવ્યો. કારણ કે, તેમની નમાઝમાં રૂકૂઅ પણ છે, એટલે આ આયતનો અર્થ છે કે ''તમે પણ ઉમ્મતે મુહમ્મદીયહ ﷺના નમાઝીઓ સાથે નમાઝ અદા કરો.'' એટલે પ્રથમ ઈમાન કબૂલ કરો અને પછી જમાઅતની સાથે નમાઝ અદા કરો.

જમાઅતની નમાઝનો હુકમ :

નમાઝનો હુકમ અને તેનું ફરજ હોવું શબ્દ اَقِيْمُوا الصَّلٰوةَ વડે સ્પષ્ટ થઈ

ચૂક્યું હતું આ જગ્યાએ પણ مَعَ الرَّاكِعِيْنَ ના શબ્દથી નમાઝને જમાઅત સાથે અદા કરવાનો હુકમ આપવામાં આવ્યો છે.

આ હુકમનો શું દરજ્જો છે ? તેમાં ઉલમા અને ફુકહાના મતભેદો છે. સહાબા (રદિ.)ની એક જમાઅત અને તાબિઈન (રહ.) તથા ઉમ્મતના ફુકહા (રહ.)નો એક સમૂહ જમાઅતની નમાઝ વાજિબ કહે છે અને તેને છોડવાથી સખત ગુનોહ થાય છે અને અમુક સહાબા (રદિ.) તે નમાઝને નમાઝ જ નથી માનતા જે કોઈ પણ પ્રકારના શરઈ ઉઝર (શરીઅતે બીમારી વગેરે જેવી અમુક ખાસ પ્રકારની પરિસ્થિતિઓમાં આપેલી છૂટછાટ) વિના જમાઅત વગર પઢવામાં આવે છે. આ આયતના બાહ્ય શબ્દો જમાઅતને વાજિબ હોવાનો મત ધરાવનાર લોકો માટે આધાર અને હુજ્જત (દલીલ) છે.

આ સિવાય અમુક હદીષની રિવાયતોથી પણ જમાઅતનું વાજિબ હોવું સમજી શકાય છે. એક હદીષમાં છે કે,

لَا صَلٰوةَ لِجَارِ الْمَسْجِدِ اِلَّا فِى الْمَسْجِدِ (رواه ابوداؤد)

"મસ્જિદની પાસે રહેનારની નમાઝ માત્ર મસ્જિદમાં જ જાઈઝ છે."

અને અત્રે મસ્જિદની નમાઝનો અર્થ જમાઅતની નમાઝ છે. તો હદીષના શબ્દોથી આ અર્થ નીકળ્યો કે, મસ્જિદની પાસે રહેનારની નમાઝ જમાઅત વિના જાઈઝ નથી.

સહીહ મુસ્લિમમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ થયું છે કે, "એક નાબીના (આંધળા) સહાબીએ આપ ﷺની સેવામાં હાજર થઈને વિનંતી કરી કે, 'મારી પાસે એવો કોઈ વ્યક્તિ નથી, જે મને મસ્જિદ સુધી પહોંચાડી આપે અને મને મસ્જિદ સુધી લાવે-લઈ જાય. એટલા માટે જો આપ ﷺ પરવાનગી આપો તો હું નમાઝ ઘરમાં પઢયા કરું.' આપ ﷺએ પ્રથમ તો તેમને પરવાનગી આપી દીધી, પરંતુ જ્યારે તેઓ જવા લાગ્યા તો સવાલ કર્યો કે, 'શું અઝાનનો અવાજ તમારા ઘર સુધી આવે છે ?' તેમણે કહ્યું કે, 'અઝાનનો અવાજ તો હું સાંભળું છું.' તો આપ ﷺએ ફરમાવ્યું કે, 'તો પછી તમારે મસ્જિદમાં આવવું જોઈએ' અને અમુક રિવાયતોમાં આપ ﷺએ કહ્યું કે, 'પછી હું તમારા માટે કોઈ ગુંજાઈશ (સંભાવના) અને છૂટ્ટી નથી જોતો."

(અબૂ દાવૂદ)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ કહ્યું કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

مَنْ سَمِعَ النِّدَ اءَ فَلَم يُجِبْ فَلَا صَلٰوةَ لَهٗ اِلَّا مِنْ عُذْرٍ (صَحَّحَهُ القُرطُبِى)

"જે વ્યક્તિ અઝાનનો અવાજ સાંભળે છે અને મસ્જિદની જમાઅતમાં નથી આવતો તો એની નમાઝ નથી થતી પરંતુ જો કોઈ શરઈ ઉઝર હોય."

આ હદીષોના આધારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.) અને અબૂ મૂસા અશ્અરી (રદિ.) વગેરે સહાબા (રદિ.)એ ફત્વો આપ્યો હતો કે, "જે માણસ મસ્જિદની એટલો નજીક રહેતો હોય કે, ત્યાં અઝાનનો અવાજ પહોંચતો હોય છતાં તે કોઈ કારણ વિના જમાઅતમાં હાજર ન થાય તો એની નમાઝ થતી નથી." (અવાજ સાંભળવાનો અર્થ એ છે કે સામાન્ય અવાજવાળા વ્યક્તિનો અવાજ ત્યાં સુધી પહોંચી શકે. ખૂબ મોટો અવાજ અથવા લાઉડ સ્પીકર વગેરેનો અવાજ આમાંથી બાકાત છે.)

આ બધી રિવાયતો તે લોકોની દલીલો છે જેઓ જમાઅતને વાજિબ ઠરાવે છે, પરંતુ જમહૂર ઉલમાએ ઉમ્મત, ફુક્હા, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના મતે જમાઅત સાથે નમાઝ પઢવી સુન્નતે મુઅક્કદહ છે, પરંતુ મુઅક્કદહમાં પણ ફજરની સુન્નતોની જેમ વાજિબોથી બિલકુલ નજીકના દરજ્જાની મુઅક્કદહ છે. આ બધા લોકોએ કુર્આને કરીમની આયત وَارْكَعُوْا مَعَ الرَّاكِعِيْنَ ને બીજી આયતો અને રિવાયતોના આધારે તાકીદ માટે ફરમાવ્યું હોવાનું ઠરાવ્યું છે.

અને જે હદીષોમાં જાહેર અને સ્પષ્ટ વર્ણન હોય કે મસ્જિદની નજીક રહેનારાઓની જમાઅત વગરની નમાઝ થતી જ નથી. એનો મતલબ એ થયો કે આ નમાઝ સંપૂર્ણ અને કબૂલ થતી નથી. આ બાબતમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ રદિ.નું બયાન ખૂબ જ ચોખ્ખું અને પૂરતું છે, જેને ઈમામ મુસ્લિમ (રહ.)એ વર્ણન કર્યું છે. જેનો તરજુમો આ પ્રમાણે છે.

ફકીહુલ ઉમ્મત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, "જે માણસ એવું ઈચ્છતો હોય કે કાલે (મહશરમાં) અલ્લાહ તઆલાને

મુસલમાન હોવાની હાલતમાં મળે તો તેણે (પાંચ) નમાઝો અદા કરવાની પાબંદી એવી જગ્યાએ કરવી જોઈએ, જ્યાં અઝાન આપવામાં આવતી હોય (એટલે કે મસ્જિદ). કારણ કે, અલ્લાહ તઆલાએ તમારા નબી ﷺના માટે અમુક હિદાયતના તરીકાઓ બતાવ્યા છે અને આ પાંચ નમાઝોને જમાઅત સાથે અદા કરવી તે જ "સનનેહુદા"માંથી છે, અને જો તમે આ નમાઝ પોતાના ઘરમાં પઢી લો, જેવી રીતે કે આ જમાઅતથી અલગ રહેનારા પોતાના ઘરમાં પઢી લે છે (કોઈ ખાસ વ્યક્તિ તરફ ઈશારો કરીને ફરમાવ્યું) તો તમે પોતાના નબી ﷺની સુન્નતને છોડી બેસશો અને જો તમે પોતાના નબી ﷺની સુન્નતને છોડી દીધી તો ગુમરાહ થઈ જશો. જે માણસ વુઝૂ કરે, તથા સારી રીતે પાક–સાફ રહે, પછી કોઈ મસ્જિદ તરફ આગળ વધે, તો અલ્લાહ તઆલા તેના નામએ આ'માલમાં પ્રત્યેક કદમ ઉપર નેકી લખી દે છે, અને તેનો એક દરજ્જો વધારી આપે છે અને એક ગુનોહ મા'ફ કરી દે છે. અમે અમારા સમૂહ (સહાબા રદિ.)ને એવો જોયો છે કે, મુનાફિકો સિવાય કોઈ વ્યક્તિ જમાઅતથી અલગ થઈને નમાઝ પઢતો ન હતો. એટલે સુધી કે અમુક લોકોને ઉઝ્ર અને બીમારીમાં પણ બે વ્યક્તિઓના ખભા પર હાથ રાખીને મસ્જિદમાં લાવવામાં આવતા અને ઊભા કરી દેવામાં આવતા."

આ વર્ણનમાં જે રીતે જમાઅતની નમાઝની તાકીદ, મહત્ત્વ અને આવશ્યકતાનો ઉલ્લેખ છે, તે રીતે તેનો એક દરજ્જો પણ વર્ણન કરી દેવામાં આવ્યો છે કે, તે "સુનને હુદા" પણ છે. તેના કારણે ફુક્હા જમાઅતની નમાઝને સુન્નતે મુઅક્કદહ કહે છે. એટલા માટે જો કોઈ વ્યક્તિ શરઈ ઉઝ્ર દાખલા તરીકે, બીમારી વગેરે વિના એકલો નમાઝ પઢશે અને જમાઅતમાં હાજર નહીં થાય તો તેની નમાઝ તો થઈ જશે, પરંતુ સુન્નતે મુઅક્કદહ છોડવાને કારણે અલ્લાહના ગુસ્સાનો ભોગ બનશે અને જો જમાઅતને છોડી દેવાની ટેવ બનાવી લે તો તે સખત ગુનેહગાર થશે. ખાસ કરીને જ્યારે એવી હાલત થઈ જાય કે મસ્જિદ વેરાન રહે અને લોકો ઘરોમાં નમાઝ પઢે તો આ બધા જ લોકો શરઈ રીતે સજાના હકદાર છે. કાજી અયાઝ (રહ.)એ ફરમાવ્યું, "જો આવા લોકોને સમજાવવાથી પણ ન સમજે તો (ઈસ્લામી હુકૂમત) તેમને કતલ કરી નાંખે."

(કુર્તુબી, પેજ : ૧૯૮, ભાગ : ૧)

બેઅમલ વઅ્ઝ (નસીહત) કરનારની ટીકા :

اَتَاْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُمْ આ આયતમાં આમ તો યહૂદી ઉલમાને સંબોધન કરવામાં આવ્યું છે. તેમને વખોડવામાં આવી રહ્યા છે કે, તેઓ પોતાના દોસ્તો અને સગાં-વહાલાંઓને તાકીદ કરે છે કે, "તમે મુહમ્મદ ﷺની પૈરવી કરતા રહો અને દીને ઈસ્લામ ઉપર કાયમ રહો." (આ તે બાબતનો પુરાવો છે કે યહૂદી ઉલમા પણ દીને ઈસ્લામને યકીની રીતે સાચો સમજતા હતા.) પરંતુ પોતે પોતાની મનેચ્છાઓ સ્વાર્થ તથા સ્થાપિત હિતોના કારણે ઈસ્લામને કબૂલ કરવા માટે તૈયાર ન હતા, પરંતુ અર્થના સંદર્ભમાં આ દરેક તે વ્યક્તિની ટીકા છે જેઓ બીજાઓને તો ભલાઈ અને નેકીની તાકીદ કરે છે પરંતુ પોતે અમલ નથી કરતા. બીજાઓને તો અલ્લાહથી ડરાવે છે, પરંતુ પોતે નથી ડરતા. આવા વ્યક્તિ વિશે હદીષોમાં ઘણી ભયાનક ચેતવણીઓ આવી છે. હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે આપ ﷺએ ઈરશાદ ફરમાવ્યો કે, "શબે મેઅરાજમાં હું અમુક લોકો પાસેથી પસાર થયો જેમના હોઠ અને જીભ આગની કાતરોથી કાપવામાં આવી રહ્યા હતા. મેં હઝરત જિબ્રઈલ અલૈ.થી પૂછ્યું કે, આ કોણ લોકો છે ?! તો જિબ્રઈલ અલૈ.એ બતાવ્યું કે, આ તમારી ઉમ્મતના દુનિયાદાર વઅ્ઝ કરનારાઓ છે, જે લોકોને તો નેકીનો હુકમ કરતા હતા, પરંતુ પોતાની ખબર રાખતા ન હતા."

(ઈબ્ને કષીર)

ઈબ્ને અસાકીરે વર્ણન કર્યું છે કે નબી ﷺએ ફરમાવ્યું કે, "અમુક જન્નતીઓ અમુક દોઝખીઓને આગમાં જોઈને પૂછશે કે તમે આગમાં કેવી રીતે પહોંચી ગયા ?! હાલાં કે અમે તો તે જ નેક અમલોના કારણે જન્નતમાં પ્રવેશ પામી ગયા જે અમોને તમોએ શીખવ્યા હતા. દોઝખવાળા કહેશે, અમે જીભથી જરૂર કહેતા હતા પરંતુ અમલ કરતા ન હતા !"

(ઈબ્ને કષીર)

શું ફાસિક (મોટો ગુનેહગાર) વઅ્ઝ (ભાષણ) કરનારો શિખામણ નથી આપી શકતો ?

પરંતુ ઉપરોક્ત ઉલ્લેખથી એવું ન સમજી લેવામાં આવે કે અમલ ન કરનાર અથવા ફાસિકના માટે બીજાઓને વઅ્ઝ કરવી કે શિખામણ આપવી

જાઈઝ નથી. અને જે વ્યક્તિ કોઈ ગુનાહમાં સપડાયો હોય તે બીજાઓને તે ગુનાહથી બચવાની તાકીદ ન કરી શકે. કારણ કે, કોઈ સારો અમલ કરવો એક પ્રકારની આગવી નેકી છે અને એ સારા અમલની તબ્લીગ અને પ્રચાર બીજા પ્રકારની આગવી નેકી છે, તો દેખીતું છે કે એક નેકી છોડવાના કારણે એ જરૂરી નથી હોતું કે બીજી નેકી પણ છોડી દેવામાં આવે ! જેમકે, એક વ્યક્તિ નમાઝ નથી પઢતો તો એ જરૂરી નથી કે તે બીજાને નમાઝ પઢવાનું પણ ન કહી શકે. એવી જ રીતે કોઈ નાજાઈઝ કૃત્ય કરવું આગવો ગુનોહ છે અને પોતાના હાથ નીચેના લોકોને આ ગુનાહિત કૃત્યથી ન રોકવું એક બીજો ગુનોહ છે. તો એક ગુનોહ કરી લેવાથી એ જરૂરી નથી કે બીજો ગુનોહ પણ ચોક્કસ કરવામાં આવે !

(રૂહુલ મઆની)

ઈમામ માલિક (રહ.)એ હઝરત સઈદ બિન ઝુબૈર (રદિ.)નું આ નિવેદન વર્ણવ્યું છે કે, "જો દરેક વ્યક્તિ એવું વિચારે કે તે અમ્ર બિલ મઅરૂફ અને નહિ અનિલ મુન્કર (ભલાઈઓનો હુકમ કરવો અને બુરાઈઓથી રોકવું)ને છોડવાનું એવું કારણ બતાવે કે, હું તો ગુનેહગાર છું, જ્યારે ગુનાહોથી પોતે પાક થઈ જઈશ તો લોકોને તબ્લીગ કરીશ. પરિણામ એ નીકળશે કે કોઈ એક પણ વ્યક્તિ તબ્લીગ કરનારો બાકી નહિ બચે. કારણ કે એવો કોણ છે જે ગુનાહોથી બિલકુલ પાક છે ?!" હઝરત હસન રદિ.નો ઈરશાદ છે કે, "શયતાન તો એવું ઈચ્છે છે કે લોકો આવી ગેરસમજમાં પડીને તબ્લીગનો ફરજ છોડી બેસે." (કુર્તુબી) બલકે, હઝરત મવલાના અશરફ અલી થાનવી (રહ.) તો ફરમાવ્યા કરતા હતા કે, "જ્યારે મને મારી કોઈ બુરી ટેવનું ભાન થાય છે તો હું એ ટેવની ટીકા અને બુરાઈ મારા ભાષણો (બયાનો)માં અવશ્ય વર્ણન કરું છું, જેથી ભાષણની બરકતથી એ બુરી આદત જતી રહે."

ખુલાસો એ છે કે, اَتَاْ مُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُمْ નો મતલબ એ નથી કે અમલ ન કરતો હોય એવા વ્યક્તિ માટે વઅ્ઝ (ભાષણ) કરવી જાઈઝ નથી. બલકે, અર્થ એ છે કે વઅ્ઝ કરનાર બેઅમલ ન હોવો જોઈએ આ બંનેમાં તફાવત સ્પષ્ટ છે. પરંતુ અહીંયાં સવાલ પૈદા થાય છે કે બેઅમલ હોવું ન તો વઅ્ઝ કરનાર માટે જાઈઝ છે અને ન જ વઅ્ઝ ન કરનાર માટે, તો પછી અહીંયાં વઅ્ઝ કરનારનો જ વિશેષરૂપે કેમ ઉલ્લેખ કર્યો ? જવાબ એ છે કે નાજાઈઝ તો

બંને માટે છે, પરંતુ વઅ્ઝ કરનારનો ગુનોહ વઅ્ઝ ન કરનારના ગુનાહના મુકાબલામાં વધારે સખત અને વધારે વખોડવા લાયક છે. કારણ કે, વઅ્ઝ કરનાર ગુનાહને ગુનોહ સમજે છે, તે છતાં તે ગુનોહ જાણીબૂજીને કરે છે. એટલા માટે તેની પાસે બહાનું નથી હોતું કે મને આ બાબત ગુનોહ હોવાની ખબર ન હતી. બલકે, એથી વિરૂદ્ધ અજ્ઞાન જાહિલ વ્યક્તિ તે ભલે ઈલ્મ પ્રાપ્ત ન કરવાનો એક અલગથી ગુનોહ કરે છે, પરંતુ ગુનોહ થઈ જવાનું તેની પાસે એક બહાનું છે કે, મને આ કૃત્ય ગુનોહ છે એવી ખબર ન હતી. આ સિવાય પણ એક બાબત એ છે કે, તે આલિમ અને વઅ્ઝ કરનાર જો કોઈ ગુનોહ કરે છે તો તે દીનની સાથે એક પ્રકારની મજાક છે. એટલા માટે હઝરત અનસ (રદિ.)ની રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈરશાદ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા કયામતના દિવસે જેટલા અભણ લોકોને મા'ફ કરશે એટલા આલિમોને મા'ફ નહિ કરે."

બે પ્રકારની માનસિક બીમારીઓ અને તેનો ઇલાજ :

માલ-દૌલતની મહોબ્બત અને હોદ્દાની મહોબ્બત, દિલની આ બે એવી બીમારીઓ છે જેના કારણે વ્યક્તિની દુનિયવી અને આખિરતની જિંદગી બરબાદ થઈ જાય છે અને વિચાર કરવામાં આવે તો ખબર પડશે કે માનવ ઈતિહાસમાં અત્યાર સુધી જેટલી પણ ભયંકર લડાઈઓ અને ફસાદ થયા છે તેમાં મોટા ભાગની લડાઈઓ આ બે બીમારીઓના કારણે જ થઈ છે.

માલની મહોબ્બતનું પરિણામ આ પ્રમાણે હોય છે.

(૧) કંજૂસી અને બખીલી પૈદા થાય છે. જેનું એક સામાજિક નુકસાન એ હોય છે કે તેની દૌલતથી સમાજને કોઈ લાભ પહોંચતો નથી. અને બીજું નુકસાન તેની પોતાની ઓળખ (છાપ) છે કે સમાજની કોઈપણ વ્યક્તિ તેને સારી નજરથી નથી જોતી.

(૨) સ્વાર્થ (ખુદગર્જી) પૈદા થાય છે, તે માલની હવસ પૂરી કરવા માટે વસ્તુઓમાં ભેળસેળ, તોલ-માપમાં કમી, લાંચ-રિશ્વત, ધોખાબાઝી અને દગાખોરી તથા ભ્રષ્ટાચારના નવા-નવા દાવ-પેચ લડાવે છે. તે પોતાની તિજોરી વધુને વધુ ભરવા માટે બીજાઓનું લોહી ચૂંસી લે છે અને છેવટે મૂડીવાદ અને મજૂરવાદનો ઝઘડો પૈદા થાય છે.

(૩) એવા વ્યક્તિને ગમે એટલી દૌલત મળી જાય, તેમના ઉપર વધુને વધુ કમાવાની ધૂન એવી રીતે સવાર હોય છે કે હરવા-ફરવાના કે આરામના સમયે પણ તેને એ જ બેચેની રહેતી હોય છે કે, કેવી રીતે પોતાની મૂડીને વધારેથી વધારે ભેગી કરે ? અને છેવટે જે માલ અને દૌલત તેના માટે રાહત અને આરામનું માધ્યમ હતું તેના માટે વબાલ અને મુસીબત બની જાય છે.

(૪) સાચી વાત ભલે ગમે તેટલી દીવા જેવી સ્પષ્ટ થઈને સામે આવી જાય, પરંતુ તે એવી કોઈ વાત માનવાની હિંમત નથી કરી શકતો, જે તેના માલની હવસમાં અવરોધરૂપ હોય. આ બધી બાબતો છેવટે આખા સમાજની શાંતિ અને સલામતીને બરબાદ કરી નાંખે છે.

વિચાર કરવામાં આવે તો લગભગ આ જ પરિસ્થિતિ હોદ્દાની મહોબ્બત માટે દેખાશે કે, તેના પરિણામે પણ અભિમાન, સ્વાર્થ, અધિકારોની બરબાદી, સત્તાની લાલચ અને તેના માટે રક્તરંજિત લડાઈઓ અને એવી રીતે અસંખ્ય અમાનવીય બુરાઈઓ જન્મ લે છે, જે છેવટે દુનિયાને દોઝખ બનાવી દે છે. આ બંને બીમારીઓનો ઈલાજ કુર્આન શરીફમાં આ છે, وَاسۡتَعِيۡنُوۡا بِالصَّبۡرِ وَالصَّلٰوةِ એટલે કે, "સબ્ર (ધીરજ-ધૈર્ય) અપનાવો તથા પોતાની ખ્વાહિશો, તમન્નાઓ અને અય્યાશીઓ ઉપર નમાઝ દ્વારા કાબૂ મેળવો." તેનાથી માલની મહોબ્બત ઘટી જશે કારણ કે, માલની મહોબ્બત એટલા જ માટે પૈદા થાય છે કે, માલ-દૌલત ઈચ્છાઓ, તમન્નાઓ અને અય્યાશીઓ પૂરી કરવાનું માધ્યમ છે. જે વ્યક્તિ આ અય્યાશીઓ અને ખ્વાહિશોની અંધાધૂંધ પૈરવી છોડવાની હિંમત કરી લેશે તો શરૂઆતમાં તો ખૂબ જ અઘરું લાગશે, પરંતુ ધીરે-ધીરે આવી ઈચ્છાઓ અને તમન્નાઓ ઘટવા લાગશે, અને મર્યાદા ટેવ બની જશે. તેને પછી અમર્યાદ માલ-દૌલતની જરૂરત નહિ રહે અને ન જ તેના માટે દિલમાં એવી મહોબ્બત છવાયેલી રહેશે કે તે મહોબ્બત માણસને પોતાના નફા-નુકસાનથી પણ આંધળો બનાવી દે !

નમાઝથી હોદ્દાની લાલચ ઓછી થઈ જાય છે કારણ કે, નમાઝમાં બાહ્ય અને આંતરિક બંને રીતે અલ્લાહ સમક્ષ વ્યક્તિની લાચારી અને આજિઝીની જાહેરાત છે. જ્યારે નમાઝને સીધે-સીધી સાચી રીતે અદા કરવાની આદત બની

જશે તો દરેક વખતે અલ્લાહ સામે પોતાની લાચારી અને આજિઝીની કલ્પના દિલમાં રહ્યા કરશે, જેનાથી અભિમાન, તકબ્બુર તથા હોદ્દા અને સત્તાની લાલચ અને મહોબ્બત દિલમાંથી ઓછી થઈ જશે.

ખુશૂઅ (એકચિત્તે વિનમ્રતાથી ફક્ત અલ્લાહ તરફ ધ્યાનમગ્ન થઈ એકાગ્ર થવા)ની વાસ્તવિકતા :

اِلَّا عَلَى الْخٰشِعِيْنَ કુર્આન અને સુન્નતમાં જ્યાં ખુશૂઅ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે તેનો અર્થ મનની શાંતિ અને વિનમ્રતા છે, જે અલ્લાહની મોટાઈ અને તેની સામે પોતે તુચ્છ હોવાના જ્ઞાનથી પેદા થાય છે. પરિણામે બંદા માટે અલ્લાહની તાબે'દારી સરળ બની જાય છે. ક્યારેક તેના ચિહ્નો વ્યક્તિના વાણી અને વર્તનમાં પણ ઉપસવા લાગે છે કે તે દેખાવમાં વિનમ્ર, શાંત અને સારા દિલનો માણસ લાગે છે અને દિલમાં અલ્લાહનો ડર તથા વિનમ્રતા ન હોય તો ભલે પછી તે જાહેરમાં કેટલોય સભ્યતાવાળો લાગે, ખુશૂઅ પ્રાપ્ત થતું નથી.

બલકે, ખુશૂઅના ચિહ્નોનો ઈરાદો કરીને દેખાવ કરવાને પણ પસંદ કરવામાં નથી આવ્યું. હઝરત ઉમર (રદિ.)એ એક નવયુવાનને જોયો કે તે માથું નમાવીને બેઠો હતો, તો કહ્યું "માથું ઊંચું કરો ! ખુશૂઅ દિલમાં હોય છે."

હઝરત ઈબ્રાહીમ નખ્ઈ (રહ.)નો ઈરશાદ છે કે, "જાડું પહેરવું, જાડું ખાવું અને માથું ઝુકાવવાનું નામ ખુશૂઅ નથી. ખુશૂઅ તો એ છે કે તમે સચ્ચાઈના મા'મલામાં ભાગીદાર બનો અને દરેકની સાથે સરખો વર્તાવ કરો અને અલ્લાહે જે કંઈ પણ તમારા ઉપર ફરજ કર્યું છે, તેને ફક્ત અલ્લાહના માટે દિલ ખોલીને અદા કરો."

હઝરત હસન (રહ.)નો ઈરશાદ છે કે, "હઝરત ઉમર (રદિ.) જ્યારે વાત કરતા તો સંભળાવીને કરતા હતા, જ્યારે ચાલતા તો ઝડપથી ચાલતા હતા અને જ્યારે કોઈને મારતા તો જોરથી મારતા હતા. હાલાં કે તેઓ ખુશૂઅ રાખનારા હતા."

ખુલાસો એ કે પોતાના ઈરાદા (પ્રયત્ન) અને નિર્ણયથી ઉપરછલ્લી રીતે દેખાડા માટે વિનમ્ર અને દયામણી શકલો–સૂરત બનાવવી શયતાન અને નફ્સનો

ધોકો છે અને નર્યો દેખાડો છે. હા ! જો કોઈપણ પ્રકારના પ્રયત્ન વગર આવી હાલત જાહેર થઈ જાય તો કોઈ વાંધો નથી.

ખુલાસો :

ખુશૂઅની સાથે એક બીજો શબ્દ ખુઝૂઅ પણ વાપરવામાં આવે છે. કુર્આન શરીફમાં પણ તેનું વર્ણન છે. આ બંને શબ્દો લગભગ સમાનાર્થી છે, પરંતુ ખુશૂઅના શબ્દનો મૂળ અર્થ અવાજ તથા આંખોથી વિનમ્રતા અને લાચારી માટે બોલવામાં આવે છે, જ્યારે કે, આ વિનમ્રતા અને લાચારી કૃત્રિમ ન હોય બલકે, દિલનો ભય અને વિનમ્રતાનું પરિણામ હોય. કુર્આન શરીફમાં છે કે, وَخَشَعَتِ الْاَصْوَاتُ "અને અવાજમાં ધીમા થઈ ગયા" (૨૦:૧૦૮) અને ખુઝૂઅનો શબ્દ શરીરની વિનમ્રતા અને લાચારી માટે વાપરવામાં આવે છે. કુર્આન શરીફમાં છે,

فَظَلَّتْ اَعْنَاقُهُمْ لَهَا خٰضِعِيْنَ،

"બસ, તેમની ગરદનો તેની સામે ઝૂકી ગઈ." (૨૬:૪)

નમાઝમાં ખુશૂઅની ફિક્હી હૈસિયત (સ્વરૂપ) :

નમાઝમાં ખુશૂઅની તાકીદ કુર્આન અને સુન્નતમાં વારંવાર આવી છે. કુર્આન શરીફમાં ઈરશાદ છે, وَاَقِمِ الصَّلٰوةَ لِذِكْرِىْ "અને મને યાદ કરવા માટે નમાઝ કાયમ કરો." (૨૦:૧૪) દેખીતું છે કે, ગફલત યાદનો વિરૂદ્ધાર્થી શબ્દ છે, જે વ્યક્તિ નમાઝમાં અલ્લાહ જલ્લ શા'નહુથી ગાફિલ રહે છે તે અલ્લાહને યાદ કરવાનો ફરજ અદા કરી રહ્યો નથી.

એક બીજી આયતમાં ઈરશાદ છે, وَلَا تَكُنْ مِّنَ الْغٰفِلِيْنَ "અને તું ગાફિલોમાંથી ન થઈ જા." (૭:૨૦૫)

રસૂલ ﷺનો ઈરશાદ છે, "નમાઝ તો ફક્ત શાંતિ અને વિનમ્રતાની જ છે," જેનો જાહેરી મતલબ એ છે કે જ્યારે શાંતિ અને વિનમ્રતા દિલમાં ન હોય તો તે નમાઝ નથી.

એક બીજી હદીષમાં છે કે, "જેની નમાઝ તેને બેહયાઈ અને બુરાઈઓથી ન રોકી શકે તે અલ્લાહ તઆલાથી દૂર થતો જાય છે" ગાફિલની નમાઝ બેહયાઈથી અને બુરાઈઓથી તેને રોકતી નથી, તો ખબર પડી કે ગફલત સાથે

નમાઝ પઢનારો અલ્લાહથી દૂર થતો જાય છે. (આ બધી હદીષો ઈમામ ગઝાલી (રહ.)ની "ઈહ્યાઉલ ઉલૂમ"માં જોઈ શકાય છે.)

ઈમામ ગઝાલી (રહ.)એ ઉપરોક્ત આયત અને રિવાયતો તથા બીજી દલીલો રજૂ કરીને ફરમાવ્યું કે, "નમાઝનો તકાદો એ છે કે, ખુશૂઅ સાથે પઢવામાં આવે તે નમાઝ સાચી હોવાનું માપદંડ છે." પછી ફરમાવ્યું કે, "સુફિયાન સૌરી (રહ.), હસન બસરી (રહ.), મઆઝ બિન જબલ (રહ.),ની માન્યતા પણ એ હતી કે ખુશૂઅ વગર નમાઝ અદા થતી નથી બલકે, ફાસિદ (તૂટી) થઈ જાય છે." પરંતુ ચારે ઈમામો અને જમહૂર ઉમ્મતે ખુશૂઅને નમાઝની શરત ઠરાવ્યું નથી બલકે, તેને નમાઝની આત્મા ઠરાવીને ફક્ત એટલી શરત કરી છે કે તકબીરે તહેરીમાના સમયે દિલને હાજર રાખી અલ્લાહ માટે નમાઝ પઢવાની નિય્યત કરે. બાકીની નમાઝમાં જો ખુશૂઅ પ્રાપ્ત ન થાય તો જો કે તેને નમાઝનો જેટલો સવાબ મળવો જોઈતો હતો, તેની નમાઝના જેટલા ભાગમાં ખુશૂઅ નથી રહ્યો એટલા ભાગનો સવાબ નહિ મળે, પરંતુ ફિક્હની રૂએ તે નમાઝ છોડનારો નહિ કહેવાય અને તેના ઉપર નમાઝ છોડવાના તે બધા હુકમો લાગુ નહિ પડે, જે ખરેખર નમાઝ છોડનાર ઉપર લાગુ પડે છે.

ઈમામ ગઝાલી (રહ.)એ તેનું કારણ વર્ણન કર્યું છે કે, "ફુક્હા વ્યક્તિના દિલની પરિસ્થિતિ અને આંતરિક મનોસ્થિતિ ઉપર હુકમ નથી લગાવી શકતા બલકે, તે તો ફક્ત શરીરના અવયવોના બાહ્ય અમલો ઉપર જાહેર હુકમો વર્ણવે છે અને આ બાબત કે, ફલાણા અમલનો સવાબ આખિરતમાં મળશે કે કેમ ? તો એ બાબત ફિક્હની હદ (સીમા મર્યાદા) બહારની બાબત છે." કારણ કે, આંતરિક મનોસ્થિતિ ઉપર હુકમ લગાવવો ફકીહોની ચર્ચા બહારની વાત છે અને ખુશૂઅ એક દિલની આંતરિક મનોસ્થિતિ છે. એટલા માટે તેમણે ખુશૂઅને આખી નમાઝમાં શરત નથી બતાવી બલકે, ખુશૂઅના નજીવા મરતબાને શરત કહ્યું અને તે એ કે, કમ અજ કમ (ઓછામાં ઓછું) તકબીરે તહરીમાના સમયે અલ્લાહની ઈબાદત અને તેની મોટાઈની નિય્યત કરી લે.

ખુશૂઅને આખી નમાઝમાં શરત ન બનાવવાનું બીજું કારણ એ છે કે, કુર્આને હકીમની બીજી આયતોમાં તેના હુકમો તથા નિયમો અને સિદ્ધાંતો વર્ણવી

દેવામાં આવ્યા છે કે, મનુષ્ય ઉપર કોઈ એવી વસ્તુ ફરજ નથી કરવામાં આવતી કે જે તેની શક્તિ બહારની હોય; વળી આખી નમાઝમાં ખુશૂઅનું જાળવી રાખવું અમુક ખાસ લોકો સિવાય મોટા ભાગના લોકો માટે શક્ય નથી. માનવ સ્વભાવની આ ખામીના કારણે આખી નમાઝના બદલે ફક્ત શરૂઆતમાં એટલે કે, તકબીરે તહરીમા વખતે ખુશૂઅને શરત ઠરાવી દીધું.

નમાઝ ખુશૂઅ વગર પણ લાભરહિત્ નથી :

ઈમામ ગઝાલી (રહ.)એ છેવટમાં ઈરશાદ ફરમાવ્યો કે, "ખુશૂઅનું આ અસામાન્ય મહત્ત્વ હોવા છતાં આપણે અલ્લાહથી એ આશા રાખીએ છીએ કે, ગફલત સાથે નમાઝ પઢનારો સદંતર નમાઝ છોડવાના દરજ્જામાં નહિ આવે. કારણ કે, તેણે ફરજ અદા કરવાની ક્રિયા તો કરી જ છે અને થોડી ક્ષણો માટે પણ તેનું દિલ અલ્લાહ માટે ફારિગ પણ થયું છે કે, ઓછામાં ઓછું નિય્યતના સમયે તો ધ્યાન ફક્ત અલ્લાહ તરફ જ હતું, એવી નમાઝનો ઓછામાં ઓછો ફાયદો એ ચોક્કસ છે કે, તેનું નામ બેનમાઝીઓ અને નાફરમાનોની લીસ્ટમાંથી નીકળી જશે."

પરંતુ એક ડર આ પણ છે કે, ક્યાંક ગફલતની હાલત નમાઝ છોડનારાની હાલત કરતાં વધારે ખરાબ ન થઈ જાય. કારણ કે, જે ગુલામ માલિકની સેવામાં હાજર થઈને માલિક સાથે બેધ્યાનપણે વર્તે છે અને અપમાનજનક શૈલીમાં વાતચીત કરે છે, તેની હાલત તે ગુલામથી વધારે ખરાબ અને સખત છે જે માલિકની સેવામાં હાજર જ નથી થતો !

આ બધી ચર્ચાનો ખુલાસો એ છે કે, આ મા'મલો અતિઅગત્યનો છે, અઝાબ અને ખૌફનો પણ છે; અને બખ્શીશ તથા આશાનો પણ છે. એટલા માટે ગફલત અને સુસ્તીને છોડવા બનતા પ્રયત્નો કરતા રહેવું જાઈએ. وَمَاتَوْفِيْقُنَآاِلَّابِاللّٰهِ

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૪૭–૪૮)

يٰبَنِىٓ اِسۡرَآءِيۡلَ اذۡكُرُوۡا نِعۡمَتِىَ الَّتِىۡٓ اَنۡعَمۡتُ عَلَيۡكُمۡ وَاَنِّىۡ فَضَّلۡتُكُمۡ عَلَى الۡعٰلَمِيۡنَ ﴿۴۷﴾
وَاتَّقُوۡا يَوۡمًا لَّا تَجۡزِىۡ نَفۡسٌ عَنۡ نَّفۡسٍ شَيۡـًٔـا وَّلَا يُقۡبَلُ مِنۡهَا شَفَاعَةٌ وَّلَا يُؤۡخَذُ
مِنۡهَا عَدۡلٌ وَّلَا هُمۡ يُنۡصَرُوۡنَ ﴿۴۸﴾

તરજુમો :

હે બની ઈસ્રાઈલ (યાકૂબ અલૈ.ની ઔલાદ) ! તમે મારી નેઅ્મત યાદ કરો, જે મેં તમને બખ્શી; અને એ કે મેં તમને દુનિયાવાળાઓ ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા) અર્પી. (૪૭) અને તે દિવસ(થી) ડરો; (જ્યારે) કોઈ વ્યક્તિ કોઈનો કંઈ જ બદલો ન બનશે; અને તેમનાથી કોઈ સિફારસ કબૂલ કરવામાં નહિ આવે; અને ન તેમનાથી કોઈ વળતર લેવામાં આવશે; અને ન (જ) તેમની મદદ કરવામાં આવશે. (૪૮)

તફસીર :

"હે બની ઈસ્રાઈલ (યાકૂબ અલૈ.ની ઔલાદ) ! તમે મારી નેઅ્મત યાદ કરો," [જેથી શુક્રિયા અને ઈતાઅત (ફરમાંબરદારી)ની ભાવના પૈદા થાય.] "જે મેં તમારા ઉપર કરી;" [અને તે વાતને પણ યાદ કરો] "અને એ કે મેં તમને દુનિયાવાળાઓ ઉપર ફઝીલત (શ્રેષ્ઠતા) અર્પી." [દુનિયાવાળાઓ ઉપર શ્રેષ્ઠતાનો ખાસ વર્તાવ ઈનામ સ્વરૂપે કરવામાં આવ્યો હતો. એનો બીજો અર્થ એ પણ થઈ શકે છે કે, મેં તમને મખ્લૂકના એક મોટા ભાગ ઉપર શ્રેષ્ઠતા અર્પી હતી. દાખલા તરીકે, તે સમયના લોકો ઉપર સત્તા અર્પણ કરી હતી વગેરે.

ખુલાસો :

આ આયતમાં સંબોધન આપ (ﷺ)ના સમયના યહૂદીઓને કરવામાં આવ્યું હતું. કારણ એ છે કે, વધુ પડતા કિસ્સાઓમાં એવું બનતું હોય છે કે, બાપ–દાદા ઉપર જે અહેસાનો કરવામાં આવ્યા હોય છે, તે અહેસાનોનો તેની અવલાદને પણ લાભ થતો હોય છે. સામાન્ય રીતે આવું બનતું જ હોય છે તેથી

આ આયતમાં આ યહૂદીઓને સંબોધન કરવામાં આવ્યું છે.] "અને તે દિવસ(થી) ડરો; (જ્યારે) કોઈ વ્યક્તિ કોઈનો કંઈ જ બદલો ન બનશે; અને તેમનાથી કોઈ સિફારસ કબૂલ કરવામાં નહિ આવે;" [જ્યારે કે પોતે તે વ્યક્તિમાં ઈમાન નથી જેની સિફારસ કરે છે] "અને ન તેમનાથી (છુટકારા માટે) કોઈ વળતર લેવામાં આવશે; અને ન (જ) તેમની મદદ કરવામાં આવશે."

ખુલાસો :

આ આયતમાં જે દિવસનું વર્ણન છે તે કયામતનો દિવસ હોવાનું જણાય છે. માંગણી પૂરી કરવાનો મતલબ એ છે કે દા.ત. કોઈ વ્યક્તિના માથે નમાઝ અને રોઝા બાકી હોય અને બીજો કહે કે મારી નમાઝો અને રોઝા લઈને એનો હિસાબ ચોખ્ખો કરી આપવામાં આવે, અને બદલો એ છે કે કોઈ માલ વગેરે આપીને તેને બચાવી લેવામાં આવે. પરંતુ આ બંને વાતો તે દિવસે શક્ય નહિ બને અને ઈમાન વિશેની કોઈપણ પ્રકારની સિફારસ કબૂલ નહિ થાય. આ આયતોથી સ્પષ્ટ થયું કે, પરિસ્થિતિ એ હશે કે આવા લોકો માટે કોઈ એવી સિફારસ નહિ થઈ શકે જે કબૂલ થવાની સંભાવના હોય, અને કોઈ જબરદસ્ત હિમાયત કરનાર પણ તેમને તે દિવસે મુસીબતથી બચાવી નહિ શકે !

મતલબ એ કે દુનિયામાં કોઈની મદદ કરવાના જેટલા પણ તરીકાઓ (પદ્ધતિઓ) છે, જો વ્યક્તિમાં ઈમાન નહિ હોય તો તેમાંનો કોઈપણ તરીકો કામ નહિ લાગે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૪૯)

وَإِذْ نَجَّيْنَٰكُم مِّنْ ءَالِ فِرْعَوْنَ يَسُومُونَكُمْ سُوٓءَ ٱلْعَذَابِ يُذَبِّحُونَ أَبْنَآءَكُمْ
وَيَسْتَحْيُونَ نِسَآءَكُمْ ۚ وَفِى ذَٰلِكُم بَلَآءٌ مِّن رَّبِّكُمْ عَظِيمٌ ﴿٤٩﴾

તરજુમો :

અને જ્યારે અમે તમને ફિરઔનની ઔલાદથી છુટકારો અપાવ્યો; જે તમને (ક્રૂરતાપૂર્વક) દુ:ખ આપતા હતા, બુરો અઝાબ (અતિ નિર્દયી અને ઘાતકી

રીતે) તેઓ તમારા પુત્રોને કાપી નાંખતા હતા અને તમારી સ્ત્રીઓને જીવતી છોડી દેતા હતા; અને તેમાં તમારા રબ (તરફ)થી મોટી કસોટી હતી. (૪૯)

તફસીર :

ઉપરોક્ત જે ખાસ વર્તાવનો હવાલો આપવામાં આવ્યો છે. હવે, અહીંયાંથી તેના ખુલાસાનું વર્ણન શરૂ થાય છે. પહેલી બાબત તો એ છે કે "તે સમયને યાદ કરો જ્યારે અમે તમને [તમારા બાપ–દાદાઓને] ફિરઔનની ઔલાદથી છુટકારો અપાવ્યો; જે તમને (અત્યંત ક્રૂરતાપૂર્વક) દુઃખ આપતા હતા, બુરો અઝાબ ! તેઓ તમારા પુત્રોને કાપી નાંખતા હતા અને તમારી સ્ત્રીઓને જીવતી છોડી દેતા હતા;" [ઘાતકી અને ક્રૂર સજાઓ આપતા હતા કે તમારી ઔલાદમાંથી પૂત્રોને કાપી નાંખતા હતા અને સ્ત્રીઓ (પૂત્રીઓ)ને જીવતી રાખતા હતા કે પૂત્રીઓ મોટી થઈને દાસીઓ બની જાય.] "અને તેમાં તમારા રબ (તરફ)થી મોટી કસોટી હતી."

ખુલાસો :

ફિરઔનને કોઈ જ્યોતિષીએ એવી ભવિષ્યવાણી કહી હતી કે, બની ઈસ્રાઈલમાં એક છોકરો એવો જન્મશે જેના હાથે તારી સલ્તનત જતી રહેશે. એટલા માટે તેણે તાજા જન્મેલા છોકરાઓને (નવજાત શિશુઓને) કતલ કરવાનું શરૂ કરી દીધું. ભવિષ્યવાણી પ્રમાણે તેને છોકરીઓથી કોઈ ભય ન હતો એટલા માટે તેમને જીવતી રહેવા દીધી. છોકરીઓને જીવતી છોડી દેવામાં તેનો એક સ્વાર્થ એ પણ હતો કે તે ઔરતો દાસીગીરી અને સેવા–ચાકરીના કામ લાગતી હતી, એટલે આ મહેરબાનીનું કારણ તેનો પોતાનો સ્વાર્થ પણ હતો.

અને આ ક્રૂર તથા ઘાતકી અત્યાચારની મુસીબતમાં સબ્ર (ધીરજ)ની કસોટી પણ હતી અથવા તો છુટકારાની એક નેઅ્મત આપવાનો હેતુ રહ્યો છે અને છુટકારાની નેઅ્મતમાં પણ શુક્રિયા (ઉપકાર)ની કસોટી હોય છે. ફિરઔનથી છુટકારો અપાવવાનો વિગતવાર ખુલાસો આગળ ઉપર આવ્યો છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૫૦–૫૧)

وَاِذْ فَرَقْنَا بِكُمُ الْبَحْرَ فَاَنْجَيْنٰكُمْ وَاَغْرَقْنَآ اٰلَ فِرْعَوْنَ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ﴿٥٠﴾
وَاِذْ وٰعَدْنَا مُوْسٰٓى اَرْبَعِيْنَ لَيْلَةً ثُمَّ اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْۢ بَعْدِهٖ وَاَنْتُمْ ظٰلِمُوْنَ ﴿٥١﴾

તરજુમો :

અને જ્યારે તમારા માટે અમે સમુદ્ર ફાડી નાંખ્યો, પછી તમને બચાવી લીધા; અને અમે ફિરઔનની ઔલાદને ડૂબાડી દીધી; અને તમે જોઈ રહ્યા હતા. (૫૦) અને અમે જ્યારે મૂસા(ને) ચાલીસ રાતનો વાયદો કર્યો; પછી તમે તેમના (તૂર પર્વત ઉપર ગયા) પછી વાછરડો (મઅબૂદ) બનાવી લીધો; અને તમે અત્યાચારીઓ (હતા). (૫૧)

તફસીર :

[તે સમયને યાદ કરો] "અને જ્યારે તમારા માટે અમે સમુદ્ર ફાડી નાંખ્યો," [તમને રસ્તો આપવા માટે] "પછી તમને બચાવી લીધા;" [ડૂબવાથી બચાવી લીધા.] "અને અમે ફિરઔનની ઔલાદને ડૂબાડી દીધી;" [ફિરઔનની ઔલાદને ફિરઔન સહિત ડૂબાડી દીધી.] "અને તમે જોઈ રહ્યા હતા."

ખુલાસો :

આ ઘટના તે વખતે બની છે કે, જ્યારે હઝરત મૂસા (અલૈ.) પૈદા થઈ ચૂક્યા હતા પયગમ્બર પણ બની ગયા હતા અને તેઓ એક મુદત સુધી ફિરઔનને સમજાવતા રહ્યા હતા. જ્યારે તે કોઈ રીતે ન માન્યો અને તેના અત્યાચારો વધવા લાગ્યા તો બની ઈસ્રાઈલે ગુપ્ત રીતે ત્યાંથી પલાયન કરવાનું વિચાર્યું. રસ્તામાં દરિયો આવતો હતો, પલાયન કરતી વખતે પાછળથી ફિરઔન લશ્કર સાથે ત્યાં આવી પહોંચ્યો. અલ્લાહ જલ્લ શા'નહુના હુકમથી દરિયો વિભાજિત થઈ ગયો અને બની ઈસ્રાઈલને તેમાંથી સામે કિનારે પહોંચવાનો માર્ગ મળી ગયો. જ્યારે તેઓ પસાર થઈ ચૂક્યા ત્યારબાદ ફિરઔન ત્યાં પહોંચ્યો તો દરિયો એ જ પ્રમાણે વિભાજિત હતો, જ્યારે તે પણ પીછો કરવાના ઈરાદે દરિયાના તે માર્ગ ઉપર લશ્કર સહિત ઊતરી પડ્યો, તે સમયે દરિયાનું પાણી ચારે

બાજુથી આવીને તે માર્ગ ઉપર ફેલાઈ ગયું અને દરિયો જે પ્રમાણે માર્ગ બનતા પહેલાં હતો તે પ્રમાણે વહેતો થઈ ગયો. જેના કારણે ફિરઔન અને તેનું લશ્કર બધા જ તેમાં ડૂબીને નાશ પામ્યા.

[અને તે સમયને યાદ કરો] "અને અમે જ્યારે મૂસા(ને) ચાલીસ રાતનો વાયદો કર્યો;" [તવરાત આપવાનો] "પછી તમે તેમના પછી વાછરડો (મઅબૂદ) બનાવી લીધો;" [વાછરડો બનાવીને તેને પોતાનો મઅબૂદ બનાવ્યો અને તે પણ મૂસા અલૈ.ના ગયા પછી.] "અને તમે અત્યાચારીઓ (હતા)." [કે આવી બેહૂદી માન્યતામાં શ્રદ્ધા ધરાવતા થઈ ગયા.]

ખુલાસો :

આ ઘટના તે વખતે ઘટી જ્યારે ફિરઔનના ડૂબી ગયા પછી બની ઈસ્રાઈલ (અમુક લોકોના કહેવા પ્રમાણે) મીસ્ર (ઈજિપ્ત)માં પાછા આવીને રહેવા લાગ્યા અથવા (અમુક લોકોના કહેવા પ્રમાણે) કોઈ એક સ્થળે રોકાઈ ગયા તો મૂસા (અલૈ.)થી બની ઈસ્રાઈલે વિનંતી કરી કે, "હવે અમને સંપૂર્ણ સંતોષ થઈ ગયો છે. જો કોઈ શરીઅત અમારા માટે નક્કી કરી આપો તો તેને પોતાનું જીવન બંધારણ બનાવીએ." મૂસા (અલૈ.)ની વિનંતીથી અલ્લાહ તઆલાએ વાયદો કર્યો કે તમે તૂર પર્વત ઉપર આવીને એક મહિનો મારી ઈબાદતમાં મશગૂલ રહો, એક કિતાબ તમને આપવામાં આવશે. હઝરત મૂસા અલૈ.એ એવું જ કર્યું અને તવરાત તેમને મળી ગઈ, પરંતુ દશ દિવસ વધુ ઈબાદતમાં પરોવાયેલા રહેવાનો હુકમ એટલા માટે આપવામાં આવ્યો કે મૂસા (અલૈ.)એ એક મહિનાના રોઝા રાખ્યા પછી ઈફતાર કરી લીધો હતો. અલ્લાહ તઆલાને રોઝો રાખનારના મોઢાની વાસ ખૂબ પસંદ છે, જે વાસ ખાલી પેટ હોવાના કારણે પૈદા થાય છે. એટલા માટે મૂસા (અલૈ.)ને હુકમ આપ્યો કે દશ રોઝા હજુ વધારે રાખો જેથી તે વાસ ફરી પૈદા થઈ જાય. આવી રીતે આ ચાલીસ દિવસ પૂરા થઈ ગયા. મૂસા (અલૈ.) તો અહીંયાં (તૂર પર્વત ઉપર) રહ્યા અને ત્યાં બની ઈસ્રાઈલના સમૂહ પાસે એક વ્યક્તિ સામરી નામનો હતો. તેણે ચાંદી અથવા સોનાની એક વાછરડાની મૂર્તિ બનાવી તેની અંદર તે માટી નાંખી દીધી, જે તેણે જિબ્રઈલ (અલૈ.)ના ઘોડાના પગ નીચેથી ઉઠાવીને પોતાની પાસે સુરક્ષિત

રાખી હતી. આ વાછરડામાં અમુક અંશે જીવ પડી ગયો અને જાહિલ અજ્ઞાની બની ઈસ્રાઈલીઓએ તેની પૂંજા શરૂ કરી દીધી.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૫૨)

ثُمَّ عَفَوْنَا عَنْكُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۵۲﴾

તરજુમો :

પછી અમે ત્યારબાદ તે તમને મા'ફ કરી દીધું, જેથી તમે અહેસાન માનો. (૫૨)

તફસીર :

"પછી અમે" [તમારી તૌબા કરવાના કારણે] "ત્યારબાદ તે (ગુનોહ) તમને મા'ફ કરી દીધો," [આટલી ભયંકર ભૂલ કરી હોવા છતાં તે ઉમ્મીદથી કે તમે અહેસાન માનશો.]

ખુલાસો :

આ તૌબાનું વર્ણન અગાઉ ઉપર ત્રીજી આયતમાં આવેલ છે. અલ્લાહ તઆલાની તે ઉમ્મીદ રાખવાનો મતલબ નઊઝુબિલ્લાહ એ નથી કે, અલ્લાહ તઆલાને શક હતો બલકે, મતલબ એ છે કે આ મા'ફ કરવાનું કારણ એ હતું કે તેમની શુક્રગુઝારી અને ઉપકાર માનવાની વૃત્તિનું ઈમ્તિહાન (કસોટી) થઈ જાય.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૫૩)

وَاِذْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ وَالْفُرْقَانَ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿۵۳﴾

તરજુમો :

અને જ્યારે અમે મૂસાને કિતાબ આપી, અને (હલાલ–હરામ હક્ક અને બાતિલ) જુદા–જુદા કરનારા હુકમો આપ્યા; જેથી તમે હિદાયત પ્રાપ્ત કરો. (૫૩)

તફસીર :

[અને તે સમયને યાદ કરો] "અને જ્યારે અમે મૂસા (અલૈ.)ને કિતાબ (તવરાત) આપી, અને (હલાલ–હરામ) જુદા–જુદા કરનારા હુકમો આપ્યા;" [હક્ક અને નાહક્કનો ફેંસલો કરનારા, બંને જુદા પાડનારા હુકમો આપ્યા.] "જેથી તમે હિદાયત પ્રાપ્ત કરો."

ખુલાસો :

"ફેંસલાની વસ્તુ" અથવા તો શરીઅત તે હુકમોને કહેવામાં આવે છે, જે તવરાતમાં લખવામાં આવ્યા છે. કારણ કે, શરીઅતથી માન્યતાઓ તથા વિરોધાભાસો, સાચ અને જૂઠનો ફેંસલો થઈ જાય છે અથવા તો તે મોઅ્જિઝાઓને કહેવામાં આવે છે કે જેનાથી સાચા અને જૂઠા દા'વાનો ફેંસલો થાય છે અથવા તો તે પોતે તવરાતને જ કહેવામાં આવે છે કે તેમાં કિતાબ હોવાની ખાસિયત પણ છે અને ફેંસલો કરવાની વિશેષતા પણ છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૫૪)

وَ اِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖ يٰقَوْمِ اِنَّكُمْ ظَلَمْتُمْ اَنْفُسَكُمْ بِاتِّخَاذِكُمُ الْعِجْلَ
فَتُوْبُوْٓا اِلٰى بَارِىٕكُمْ فَاقْتُلُوْٓا اَنْفُسَكُمْ ؕ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ عِنْدَ بَارِىٕكُمْ ؕ فَتَابَ
عَلَيْكُمْ ؕ اِنَّهٗ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ ﴿۵۴﴾

તરજુમો :

અને જ્યારે મૂસા(અલૈ.એ) પોતાની કૌમને કહ્યું; હે કૌમ ! નિ:શંક તમે પોતાની જાત ઉપર અત્યાચાર કર્યો; તમે વાછરડો (મઅબૂદ) બનાવી લીધો; બસ પોતાના પૈદા કરનાર સામે તૌબા કરો; બસ તમે પોતાના જીવોને હલાક કરો (મારી નાંખો); આ તમારા માટે તમારા પૈદા કરનારા નજીક બહેતર (છે); તેણે તમારી તૌબા કબૂલ કરી; નિ:શંક ! તે તૌબા કબૂલ કરનારો અને રહમ કરનારો (છે). (૫૪)

તફસીર :

અને (તે સમય યાદ કરો) જ્યારે મૂસા(અલૈ.)એ પોતાની કૌમને કહ્યું; હે કૌમ ! નિઃશંક તમે વાછરડાની પૂંજા કરીને તમારું નુકસાન કર્યું, હવે તમે તમારા પાલનહાર તરફ ધ્યાનમગ્ન થઈ જાઓ પછી અમુક લોકો (જેમણે વાછરડાની પૂંજા નથી કરી) તેઓ અમુક માણસોને (જેમણે વાછરડાની પૂંજા કરી છે) કતલ કરે. આ તમારા માટે તમારા રબની પાસે ઘણું સારું છે. પછી (આ હુકમનું અમલીકરણ કરવાથી) અલ્લાહ તઆલાએ તમારી હાલત ઉપર (પોતાની મહેરબાનીથી) ધ્યાન આપ્યું, બેશક ! તે એવો જ છે કે તે તૌબા કબૂલ કરી લે છે અને મહેરબાની કરે છે.

ખુલાસો :

આ એવા પ્રકારનું વર્ણન છે, જે બની ઈસ્રાઈલની તૌબા માટે જરૂરી ઠરાવવામાં આવ્યું. એટલે કે ગુનેહગાર લોકોને કતલ કરવામાં આવે, જેમકે આપણી શરીઅતમાં પણ અમુક ગુનાહોની સજા તૌબા કરી હોવા છતાં કતલ કરવું અને જીવ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. દા.ત. જાણીબૂજી નાહક કતલ કરનારને કતલ કરવો. એવી જ રીતે વ્યભિચાર શરઈ રીતે સાબિત થઈ જવાથી રજ્મ (વ્યભિચાર માટે શરીઅતે નક્કી કરેલી મારી નાંખવાની પદ્ધતિ) કરવું વગેરે, તૌબા કરવાથી આ ગુનાહોની નક્કી કરેલી દુનિયવી સજાઓ મા'ફ થતી નથી. (બલકે, આ ગુનાહોની અસલી તૌબા જ એક રીતે આ હુકમોનું અમલીકરણ છે) એટલા માટે આ લોકોએ તેના ઉપર અમલ કર્યો, જેના કારણે આખિરતમાં રહમત અને મહેરબાની થઈ ગઈ.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૫૫)

وَاِذْ قُلْتُمْ يٰمُوْسٰى لَنْ نُّؤْمِنَ لَكَ حَتّٰى نَرَى اللّٰهَ
جَهْرَةً فَاَخَذَتْكُمُ الصّٰعِقَةُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ۝۵۵

તરજુમો :

અને જ્યારે તમે કહ્યું; હે મૂસા ! અમે તને કદી નહિ માનીએ જ્યાં સુધી અમે અલ્લાહને ખુલ્લમ–ખુલ્લો જોઈ નહિ લઈએ; પછી તમને વીજળીના ચમકારા (વીજ–ગર્જના)એ પકડી લીધા અને તમે તે જોઈ રહ્યા હતા. (૫૫)

તફસીર :

અને (તે સમયને યાદ કરો) જ્યારે તમે લોકોએ (એવું) કહ્યું કે, હે મૂસા ! (અલૈ.) અમે તમારા કહેવાથી કદી નહિ માનીએ (કે આ તવરાત અલ્લાહનું કલામ છે), ત્યાં સુધી કે (અમે) અલ્લાહને ખુલ્લમ–ખુલ્લો (અમારી આંખોથી) જોઈ ન લઈએ. બસ પછી (તેમની આ ગુસ્તાખીના કારણે) તેમના ઉપર વીજળી પડી અને તમે વીજળીનું આવવું આંખોથી જોઈ રહ્યા હતા.

ખુલાસો :

આ ઘટના એવી રીતે બની હતી કે, જ્યારે મૂસા (અલૈ.)એ તૂર પર્વત ઉપર જઈ અલ્લાહ પાસેથી તવરાત લાવીને બની ઈસ્રાઈલને આપી કે, "આ અલ્લાહ તઆલાની કિતાબ છે." તો અમુક ગુસ્તાખ લોકોએ કહ્યું કે, "જો અલ્લાહ પોતે કહી આપે કે, આ મારી કિતાબ છે તો નિઃશંક અમને યકીન થઈ જશે." મૂસા (અલૈ.)એ અલ્લાહના હુકમથી કહ્યું કે, "તૂર પર્વત ઉપર ચાલો જેથી આ બાબત પણ જાહેર થઈ જાય." બની ઈસ્રાઈલે આ કામ માટે સિત્તેર માણસો નક્કી કરી મૂસા (અલૈ.) સાથે તૂર પર્વત ઉપર રવાના કર્યા. ત્યાં પહોંચીને આ લોકોએ અલ્લાહ તઆલાનું કલામ પોતે સાંભળ્યું, તો હવે તેઓ વધારે આગળ વધ્યા કે, "અમે તો કલામ સાંભળવાને પૂરતું નથી માનતા, શું ખબર કોણ બોલી રહ્યું છે ?! જો અમે અલ્લાહને જોઈ લઈએ તો બેશક અમે માની લઈશું." દુનિયામાં અલ્લાહને જોવાની કોઈ વ્યક્તિ શક્તિ ધરાવતો નથી એટલા માટે તેમની આ ગુસ્તાખીના કારણે તેમના ઉપર વીજળી પડી અને તેઓ બધા જ હલાક થઈ ગયા. આ હલાકત વિશે આગળની આયતમાં ઉલ્લેખ છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૫૬)

ثُمَّ بَعَثْنٰكُمْ مِّنْۢ بَعْدِ مَوْتِكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿٥٦﴾

તરજુમો :

પછી અમે તમને તમારી મૌત આવ્યા પછી સજીવન કર્યા; જેથી તમે અહેસાન માનો. (૫૬)

તફસીર :

પછી અમે તમને (મૂસા અલૈ.ની દુઆથી) તમારા મૃત્યુ બાદ સજીવન કરીને ઉઠાડ્યા જેથી (ઉમ્મીદ તો એ જ હતી કે) તમે અહેસાન માનશો.

ખુલાસો :

મૌતના શબ્દથી જાહેરમાં એવું લાગે છે કે આ લોકો આ વીજળી પડવાથી મરી ગયા હતા. તેમને ફરીવાર સજીવન કરવાનો કિસ્સો એ છે કે, મૂસા (અલૈ.)એ અલ્લાહ તઆલાને વિનંતી કરી કે "બની ઈસ્રાઈલ આમ તો હંમેશા બદગુમાન રહે છે. હવે, તે એવું સમજશે કે મેં તેમને ક્યાંક લઈ જઈને કોઈ યુક્તિ કરી બધાને પતાવી દીધા. યા અલ્લાહ ! મને આ તહોમત અને આક્ષેપથી સુરક્ષિત રાખો." અલ્લાહ તઆલાએ પોતાની રહમતથી તેમને ફરી સજીવન કરી દીધા.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૫૭)

وَ ظَلَّلْنَا عَلَيْكُمُ الْغَمَامَ وَاَنْزَلْنَا عَلَيْكُمُ الْمَنَّ وَالسَّلْوٰى ؕ كُلُوْا مِنْ

طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ ؕ وَ مَا ظَلَمُوْنَا وَلٰكِنْ كَانُوْٓا اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿٥٧﴾

તરજુમો :

અને અમે તમારા ઉપર વાદળ(નો) છાંયડો કર્યો; અને અમે તમારા ઉપર મન્ન અને સલવા ઉતાર્યું; (જેથી) તમે તે પવિત્ર વસ્તુઓ ખાઓ, જે અમે તમને આપી; અને (તમે અમારું કંઈ) નુકસાન કર્યું નથી; પરંતુ તેઓ પોતાની જાત (ઉપર જ) અત્યાચાર (નુકસાન) કરતા હતા. (૫૭)

તફસીર :

અને અમે તમારા ઉપર વાદળોનો છાંયડો કર્યો (તીહના મૈદાનમાં) અને ગૈબના ખજાનામાંથી અમે તમારી પાસે "મન્ન" (ખાવાની એક મીઠી વસ્તુ) તથા "સલવા" (તેતરો જેવા પક્ષી) પહોંચાડી દીધા (અને તમને પરવાનગી આપી કે), આ પવિત્ર વસ્તુઓ જે અમે તમને આપી છે તેમાંથી ખાઓ. (પરંતુ તે લોકો તેમાં પણ વિરોધ કરી બેઠા) અને (તેનાથી) તેમણે અમારું કંઈ જ નુકસાન કર્યું નથી અને (તેઓ) પોતાનું જ નુકસાન કરે છે.

ખુલાસો :

બંને ઘટનાઓ તીહની ખીણમાં બની હતી. તીહની ખીણ વાસ્તવમાં બની ઈસ્રાઈલના મૂળ વતન સીરિયા (શામ)માં છે. હઝરત યૂસુફ (અલૈ.)ના સમયમાં તેઓ મિસ્ર (ઈજિપ્ત) આવ્યા હતા અને અહીંયાં તેઓ રહી પડ્યા, ત્યારબાદ સીરિયામાં અમાલિકા નામની કૌમનો કબજો થઈ ગયો. ફિરઔન જ્યારે હલાક થઈ ગયો અને આ લોકોને સંતોષ થઈ ગયો તો અલ્લાહ તઆલાનો હુકમ થયો કે, અમાલિકાથી જિહાદ કરો અને પોતાના અસલી વતનને તેમના કબજામાંથી છોડાવો. બની ઈસ્રાઈલ તે ઈરાદે ઈજિપ્ત (મિસ્ર)થી નીકળ્યા અને સીરિયાની સીમાઓમાં પહોંચીને જ્યારે અમાલિકા કૌમની શક્તિ અને તાકાતનો અંદાઝો કર્યો તો હિંમત હારી ગયા અને જિહાદ કરવાથી ઈન્કાર કરી દીધો. અલ્લાહ તઆલાએ તેમના ઈન્કાર કરવાની એ સજા આપી કે ચાલીસ વર્ષો સુધી એક મૈદાનમાં મુસીબતો અને તકલીફોમાં ફરતા રહ્યા અને ઘેર પહોંચવાનું નસીબ ન થયું.

આ મૈદાન કંઈ બહુ મોટું ન હતું બલકે, મિસ્ર અને શામની વચ્ચે પાંચ-છ કોસ એટલે લગભગ ૧૦ ચોરસ માઈલનું હતું. રિવાયત છે કે, આ લોકો પોતાના વતન મિસ્ર જવા માટે આખો દિવસ મુસાફરી કરતા અને રાત્રે કોઈ પડાવ ઉપર ઊતરીને સવારમાં જોતા તો જ્યાંથી નીકળ્યા હતા ત્યાંજ પાછા આવી જતા. આવી જ રીતે ચાલીસ વર્ષો તકલીફો અને મુસીબતોના આ મૈદાનમાં પસાર થયા. એટલા માટે આ મૈદાનને "વાદીએ તીહ" કહેવામાં આવે છે. તીહનો અર્થ "પરેશાની અને માર્યા-માર્યા ફરવાનો" થાય છે.

આ તીહની ખીણમાં એક ખુલ્લું મૈદાન હતું. ન તેમાં કોઈ ઈમારત હતી, ન મોટા પ્રમાણમાં ઝાડો કે, જેનાથી તડકા અને ઠંડી–ગરમીથી રક્ષણ મળી શકે, અને ન અહીંયાં કોઈ ખાવા–પીવાની વસ્તુ હતી અને ન પહેરવા માટે કપડાં. પરંતુ અલ્લાહ તઆલાએ મોઅ્જિઝા (ચમત્કાર) તરીકે હઝરત મૂસા (અલૈ.)ની દુઆથી આ મૈદાનમાં તેમની તમામ જરૂરતોની વ્યવસ્થા કરી. બની ઈસ્રાઈલે તડકાની ફરિયાદ કરી તો અલ્લાહ તઆલાએ એક સફેદ વાદળનો છાંયડો કરી દીધો. તેમને ભૂખનો તકાદો થયો તો અલ્લાહ તઆલાએ "મન્ન" અને "સલવા" ઉતાર્યું. ઝાડો ઉપર એક મીઠી વસ્તુ જેવું હોય છે તેવું ખૂબ મોટા પ્રમાણમાં પૈદા કરી દીધું, જે તે લોકો ભેગું કરી લેતા તેને "મન્ન" કહેવામાં આવે છે. તેતરો જેવા પક્ષીઓ તેમની પાસે ભેગા થઈ જતા જેઓ તેમનાથી ડરીને ઉડી જતા ન હતા, તેઓ તેને પકડી લેતા અને હલાલ કરી ખાઈ લેતા, તેને "સલવા" કહેવામાં આવે છે. આ લોકો બંને સ્વાદિષ્ટ વસ્તુઓથી પેટ ભરી લેતા. મીઠી વસ્તુ મન્ન તેમની જરૂરત કરતાં વધારે હતી અને સલવા પક્ષીઓ પણ તેમનાથી ડરીને ભાગતા ન હતા. એટલા માટે આ બંને વસ્તુઓને ગૈબનો ખજાનો કહેવામાં આવ્યો છે. તેમને પાણીની જરૂરત ઊભી થઈ તો મૂસા (અલૈ.)ને એક પથ્થર ઉપર લાકડી મારવાનો હુકમ આપવામાં આવ્યો. આ પથ્થરમાંથી ઝરણું વહેવા લાગ્યું, જેમકે આગળની આયતમાં તેનું વર્ણન આવે છે. તે લોકોએ રાતના અંધારાની ફરિયાદ કરી, તો અલ્લાહ તઆલાએ ગૈબથી એક પ્રકાશ તેમના મહોલ્લાઓ દરમિયાન રેલાવી દીધો. કપડાં મેલાં થયા અને ફાટવા લાગ્યાં અને કપડાંની જરૂરત ઊભી થઈ તો અલ્લાહ તઆલાએ તેમને એવી વ્યવસ્થા કરી આપી કે ન કપડાં મેલા થાય અને ન ફાટે અને બાળકોના શરીર ઉપર જે કપડાં હતા તો તેમના શરીરના વધવાની સાથે સાથે કપડાં પણ વધતા હતા.

(તફસીરે કુર્તુબી)

આ લોકોને એનો પણ હુકમ થયો કે, દરેક વસ્તુ જરૂરત મુજબ જ વાપરે અને ભવિષ્ય માટે ભેગું ન કરે, પરંતુ આ લોકો લાલચના માર્યા તેનો પણ વિરોધ કરવા લાગ્યા, તો થયું એમ કે ભેગો કરેલો ગોસ્ત (માંસ) સડવા લાગ્યો. તેને જ આયતમાં કહેવામાં આવ્યું છે કે "પોતાનું નુકસાન કરતા હતા."

———————————

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૫૮)

وَاِذْ قُلْنَا ادْخُلُوْا هٰذِهِ الْقَرْيَةَ فَكُلُوْا مِنْهَا حَيْثُ شِئْتُمْ رَغَدًا وَّادْخُلُوا

الْبَابَ سُجَّدًا وَّ قُوْلُوْا حِطَّةٌ نَّغْفِرْ لَكُمْ خَطٰيٰكُمْ ۚ وَسَنَزِيْدُ الْمُحْسِنِيْنَ ﴿٥٨﴾

તરજુમો :

અને જ્યારે અમે કહ્યું, તમે આ વસ્તીમાં દાખલ થાઓ; પછી તેમાંથી તમે જ્યાં ઈચ્છો ધરાઈને ખાઓ; અને દરવાજેથી તમે સિજદહ કરતા–કરતા દાખલ થજો; અને કહો, (યા અલ્લાહ !) "મા'ફ કરી દે" (હિત્તતુન); અમે તમને તમારી ભૂલો મા'ફ કરી દઈશું; અને ઘણું જ જલ્દી નેકી (ભલાઈ) કરનારાઓને વધારે આપીશું. (૫૮)

તફસીર :

અને (તે સમય યાદ કરો) જ્યારે અમે હુકમ કર્યો કે તમે આ વસ્તીમાં પ્રવેશો પછી (તેની વસ્તુઓ) ખાઓ. જે જગ્યાએથી તમારું દિલ ચાહે બેતકલ્લુફીથી (ખચકાટ વિના) ખાઓ (અને આ પણ હુકમ આપ્યો કે જ્યારે અંદર જવા લાગો તો) દરવાજામાં દાખલ થાઓ (આજિઝી અને વિનમ્રતાથી) ઝૂકી–ઝૂકીને (અને જીભથી) કહો કે તૌબા છે (તૌબા છે) ! તો અમે મા'ફ કરી દઈશું તમારી (આગલી) ભૂલોને અને તમને (દિલથી નેક કામ કરવાવાળાઓને) વધારે આપીશું !

ખુલાસો :

શાહ અબ્દુલ કાદિરના કહેવા પ્રમાણે આ ઘટના પણ વાદીએ તીહના સમયની જ છે કે, જ્યારે તેઓ મન્ન અને સલવા ખાતાં–ખાતાં આંચી (ધરાય) ગયા અને તેમણે સામાન્ય કક્ષાનો ખોરાક ખાવાની દરખાસ્ત કરી, જેમકે આગળ ચોથી આયતમાં આવી રહ્યું છે તો તેમને એક શહેરમાં જવાનો હુકમ આપવામાં આવ્યો હતો કે, ત્યાં ખાવા–પીવાની તે સામાન્ય ચીજ–વસ્તુઓ મળશે, જેથી આ હુકમ તે શહેરમાં જવાના સંદર્ભમાં છે. તેમાં શારીરિક અને માનસિક રીતે અદબ, સભ્યતા તથા વિનમ્રતાથી દાખલ થવાનો હુકમ કરવામાં આવ્યો છે અને અંદર જઈને પોતાની મનગમતી ચીજ–વસ્તુઓ ધરાઈને ખાવા–પીવાનું કહેવામાં આવ્યું !

આ નિવેદન ઉપર વધુમાં વધુ એવું કહી શકાય છે કે, ઘટનાઓનું વર્ણન આગળ–પાછળ થઈ ગયું છે કે, અગાઉની ઘટનાનો ઉલ્લેખ પાછળથી થયો છે અને પાછળની ઘટનાનો પ્રથમ ઉલ્લેખ થયો છે. તો આ શંકા પણ ત્યારે જ ઊભી થઈ શકે, જ્યારે એવું સમજવામાં આવે કે કુર્આન શરીફનો વાસ્તવિક હેતુ માત્ર કિસ્સા–કહાણીઓનો ઉલ્લેખ કરવો છે. અને જ્યારે આવા ઉલ્લેખનો હેતુ ઘટનાના પરિણામ માટે કરવામાં આવતો હોય છે ત્યારે એક ઘટનાથી અન્ય કોઈ ઘટનાનું કોઈક પાસું જુદું હોય છે અને આ પરિણામોના આધારે કોઈ ઘટનાના પાછળના કોઈ એક ભાગનો પહેલાં ઉલ્લેખ થાય અને આગળના કોઈ એક ભાગનો પાછળથી ઉલ્લેખ થાય તો તેમાં કોઈ વાંધો કે શંકા–કુશંકાની વાત નથી.

અન્ય મુફસ્સિરોએ આ હુકમને તે શહેરના સંદર્ભમાં સમજ્યો છે જેની સાથે જિહાદ કરવાનો હુકમ થયો હતો અને તીહના સમય પછી ફરી તેમની સાથે જિહાદ થયો અને તેમને વિજય પ્રાપ્ત થયો. તે સમયે યૂશઅ્ (અલૈ.) નબી હતા અને અલ્લાહ તરફથી આ હુકમ તેમના થકી આ શહેરના સંદર્ભમાં થયો હતો.

પ્રથમ નિવેદનની બિના પર પાછલા ગુનાહોમાં તે દરખાસ્તને પણ દાખલ કરી લેવી યોગ્ય છે કે, જે મન્ન અને સલવાને છોડીને સામાન્ય ખાણી–પીણીની વસ્તુઓના સંદર્ભમાં કરવામાં આવી હતી. મતલબ એ થયો કે આ દરખાસ્ત ગુસ્તાખી તો હતી જ, પરંતુ ખૈર ! હવે જો તેઓ સભ્યતા અને અદબથી આ હુકમનો અમલ કરે તો તેમને મા'ફ કરી દેવામાં આવશે અને દરેક નિવેદન ઉપર આ મા'ફી બધા જ હુકમ પર અમલ કરનારાઓ માટે સર્વસામાન્ય હશે. અને જેઓ નિખાલસતાથી સારા કૃત્યો કરશે તેમને વધારે ઈનામ આપવામાં આવશે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૫૯)

فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا قَوْلًا غَيْرَ الَّذِىْ قِيْلَ لَهُمْ فَاَنْزَلْنَا عَلَى
الَّذِيْنَ ظَلَمُوْا رِجْزًا مِّنَ السَّمَآءِ بِمَا كَانُوْا يَفْسُقُوْنَ ﴿٥٩﴾ ع

તરજુમો :

પછી જે લોકોએ જુલમ કર્યો, તેમણે જે વાત કહેવામાં આવી હતી (તેને)

અન્ય વાતથી બદલી નાંખી; પછી અમે જુલમ કરનારાઓ ઉપર આસમાનથી અઝાબ ઉતાર્યો; કારણ કે તેઓ નાફરમાની કરતા હતા. (૫૯)

તફસીર :

બસ પછી જે વાત એમને કહેવામાં આવી હતી તે જાલિમોએ તે વાતને જે એમને કહેવામાં આવી હતી, તેના વિરૂદ્ધ બીજી વાતથી બદલી નાંખી. (આ જાલિમો ઉપર તેના કારણે) આસમાની આફત ઉતારવામાં આવી કારણ કે, તેઓ (અલ્લાહના) હુકમોની અવજ્ઞા (અનાદર) કરતા હતા.

ખુલાસો :

આ આયત આગળની આયતોનો ખુલાસો છે. તે શબ્દો જેમણે બદલી નાંખ્યા હતા حِطَّةٌ (હિત્તતુન) એટલે કે તૌબા-તૌબાની જગ્યાએ મશ્કરીમાં حَبَّةٌ فِىْ سَعِيْرَةٍ (હબ્બતુન ફી શઈરતિન) એટલે કે "જવની વચ્ચેનો દાણો" કહેવાનું શરૂ કરી દીધું. જેના કારણે તેમના ઉપર આસમાની આફત પ્લેગ સ્વરૂપે આવી હતી, જે હદીષની રૂએ હુકમોનો અનાદર કરનારાઓ માટે અઝાબ અને ફરમાંબરદારો માટે રહમત છે. આ શરારતની તેમને એ સજા મળી કે, તેમનામાં પ્લેગ ફેલાઈ ગયો અને ઘણા લોકો નાશ પામ્યા. અમુક લોકોએ આ પ્લેગમાં નાશ પામેલા લોકોની સંખ્યા સિત્તેર હજાર સુધીની બતાવી છે.

(કુર્તુબી)

મસ્અલા અને બોધપાઠ :

શબ્દોમાં ફેરફાર કરવાનો શરઈ મસ્અલો :

આ આયતથી સ્પષ્ટ થયું કે બની ઈસ્રાઈલ (યહૂદીઓ)ને હુકમ આપવામાં આવ્યો હતો કે આ શહેરમાં حِطَّةٌ (હિત્તતુન) એટલે કે "તૌબા-તૌબા" કહેતાં કહેતાં પ્રવેશ કરો. તેમણે શરારતથી આ શબ્દોને બદલીને حِنْطَةٌ (હિન્તતુન) કહેવાનું શરૂ કર્યું. તે કારણથી તેમના ઉપર આસમાનથી અઝાબ ઊતર્યો. આ શબ્દોનો ફેરફાર એવો હતો કે તેમાં ફક્ત શબ્દો જ ન બદલાતા હતા બલકે, અર્થ પણ બિલકુલ ઊલટો થઈ જતો હતો. حِطَّةٌ નો અર્થ "તૌબા અને ગુનાહોને દરગુજર કરવું" થાય છે અને حِنْطَةٌનો અર્થ "ઘઉં"નો થાય છે, જેને ઉપરોક્ત શબ્દો સાથે કોઈ લેવા-દેવા નથી. શબ્દોની આવી ફેરબદલી ભલે કુર્આનમાં હોય

અથવા હદીષમાં અથવા અલ્લાહની બીજી કોઈ આજ્ઞા કે આદેશમાં, નિઃશંક તે સર્વસહમતિથી હરામ છે. કારણ કે, તે એક પ્રકારની મજાક અને તહરીફ (બદલી નાંખવું) છે. આવી ગુસ્તાખીના કારણે યહૂદીઓ ઉપર પ્લેગનો અઝાબ ઊતર્યો હતો.

હવે, રહ્યો એ મસ્અલો કે, અર્થ અને હેતુને સાચવી રાખીને માત્ર શબ્દોનો ફેરફાર કરવાનો શું હુકમ છે ? ઈમામ કુર્તુબી (રહ.)એ આ સંદર્ભે પોતાની તફસીરમાં એ બાબતનો ઉલ્લેખ કર્યો છે કે, "અમુક શબ્દો અને નિવદનોમાં અર્થની જેમ શબ્દો પણ હેતુ અને વાક્યની ગોઠવણી માટે જરૂરી હોય છે. એવા નિવેદનોમાં શાબ્દિક ફેરફાર પણ જાઈઝ નથી જેમકે, અઝાનના શબ્દો જે નક્કી કરવામાં આવ્યા છે તેના બદલે તેના અર્થ અને હેતુને સાચવી રાખી બીજા શબ્દો પઢવા જાઈઝ નથી. એવી જ રીતે નમાઝમાં જે દુઆઓ દા.ત. સુબ્હાનકલ્લાહુમ્મ, અત્તહિય્યાત, દુઆએ કુનૂત અથવા રુકૂઅ અને સિજદાની તસ્બીહો વગેરે જે શબ્દોથી પઢવાનું સાબિત છે તે જ શબ્દોમાં અદા કરવું જરૂરી છે. બીજા શબ્દોમાં ભલે અર્થ તે જ પ્રમાણે સુરક્ષિત પણ રહે તેમ છતાં ફેરફાર જાઈઝ નથી. એવી જ રીતે આખા કુર્આન શરીફના શબ્દોનો આ જ હુકમ છે કે, કુર્આનની તિલાવતના જે હુકમો નક્કી છે તે ફક્ત તે જ શબ્દો સાથે ખાસ છે જે કુર્આન શરીફમાં ઊતર્યા છે. જો કોઈ આ શબ્દોનો તરજુમો બીજી ભાષાના શબ્દોમાં કરીને પઢે જેનાથી અર્થ બિલકુલ સુરક્ષિત રહે તો પણ તેને કુર્આનની તિલાવત કહેવામાં નહિ આવે અને ન જ તેના ઉપર કુર્આનની તિલાવતનો તે સવાબ પ્રાપ્ત થશે, જે કુર્આનને પઢવા માટે નક્કી કરવામાં આવ્યો છે. કુર્આનની તિલાવતમાં એક શબ્દ ઉપર દશ નેકીઓ લખવામાં આવે છે. કુર્આન ફક્ત તરજુમાનું નામ નથી બલકે વહી દ્વારા ઊતરેલા શબ્દો અને તેના નક્કી કરેલા સંપૂર્ણ અર્થો સહિતને કુર્આન કહેવામાં આવે છે."

ઉપરોક્ત આયતમાં فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا قَوْلًا غَيْرَ الَّذِىْ قِيْلَ لَهُمْના શબ્દોમાં દેખીતી રીતે તે જ ખબર પડે છે કે, તેમને તૌબા માટેનો જે શબ્દ حِطَّةٌ (હિત્તતુન) બતાવવામાં આવ્યો હતો તે શબ્દ ઉપર તેમણે વળગી રહેવાનું હતું. તેને બદલી નાંખવું આપમેળે એક ગુનોહ હતો અને વળી તે ઉપરાંત તેમાં તેઓએ ફેરફાર પણ એવો કર્યો કે, તેનો સંપૂર્ણ અર્થ જ બદલાય ગયો. એટલા માટે તેઓ આસમાની અઝાબના હકદાર બની ગયા.

નબવી નિવેદનો (હદીષો) અને તેના શબ્દોમાં મૂળ હેતુ અર્થ જ હોય છે, શબ્દો ગમે તે હોય તેનો વાંધો નથી. એમાં જો શાબ્દિક ફેરફાર એવી રીતે કરવામાં આવે કે, તેના અર્થ અને હેતુ ઉપર કોઈ જાતની અસર ન પડે અને સંપૂર્ણ રીતે સુરક્ષિત રહે તો જમહૂર મુહદ્દિસો (લગભગ બધા જ હદીષવેત્તાઓ) અને ફુકૂહા (ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ)ના મતે આવો ફેરફાર જાઈઝ છે, પરંતુ શરત એ છે કે, રિવાયત કરવાવાળો અરબી ભાષાનો નિષ્ણાત હોય અને સંબોધન કરવાની પરિસ્થિતિ તથા જે વાતાવરણમાં રિવાયત કહેવામાં આવી હોય તેનાથી સંપૂર્ણ રીતે વાકેફ હોય. જેથી તેની ભૂલ થવાની પરિસ્થિતિમાં પણ અર્થમાં કોઈ ફરક ન પડી જાય.

પરંતુ હદીષના ઈમામોની એક જમાઅત (ગૃપ) જે પ્રમાણે હદીષના શબ્દોને સાંભળ્યા હોય, એવી જ રીતે નકલ કરવાને જરૂરી સમજે છે. તેમના મતે કોઈપણ પ્રકારનો શાબ્દિક ફેરફાર કે નાનો સરખો તફાવત પણ જાઈઝ નથી. મુહમ્મદ બિન સીરીન (રહ.), કાસિમ બિન મુહમ્મદ (રહ.), વગેરે લોકોનો પણ આ જ મત છે. બલકે, તેમાંથી કેટલાક લોકોનો અમલ (મત) એ છે કે, જો કોઈ રિવાયતના રાવીએ કોઈ શબ્દ વર્ણન કરતી વખતે કોઈ શાબ્દિક ભૂલ પણ કરી હોય તો સાંભળનારે તે રિવાયતને તે ભૂલની સાથે જ રિવાયત કરવી જોઈએ અને પોતાના તરફથી કોઈ ફેરફાર કરવો ન જોઈએ. તેની સાથે એ પણ જાહેર કરી દેવું કે મારા માનવા મુજબ સાચો શબ્દ આવો હોઈ શકે છે, પરંતુ મને રિવાયત આ પ્રકારની મળી છે. આ લોકોની દલીલ આ હદીષ છે કે જેમાં આપ ﷺએ એક માણસને એ તાકીદ કરી કે "જ્યારે સુવાના બિસ્તરા ઉપર જાઓ તો આ દુઆ પઢો, "اٰمَنْتُ بِكِتَابِكَ الَّذِىْ اَنْزَلْتَ وَ نَبِيِّكَ الَّذِىْ اَرْسَلْتَ" આ માણસે نَبِيِّكَ ની જગ્યાએ رَسُوْلِكَ પઢી દીધું તો આપ ﷺએ ફરી તે જ હિદાયત ફરમાવી કે, نَبِيِّكَ શબ્દ પઢ્યા કરો. તેનાથી ખબર પડી કે શાબ્દિક ફેરફાર પણ જાઈઝ નથી. એવી જ રીતે એક હદીષમાં આપ ﷺનો ઈરશાદ છે,

نَضَّرَ اللّٰهُ امْرَأً سَمِعَ مَقَالَتِىْ فَبَلَّغَهَا كَمَا سَمِعَهَا،

"અલ્લાહ તઆલા તે માણસને હર્યો–ભર્યો રાખે જેણે મારું કોઈ કલામ સાંભળ્યું અને પછી ઉમ્મતને એવી જ રીતે પહોંચાડી દીધું જેવી રીતે (તેને) સાંભળ્યું હતું."

આ હદીષથી પણ જાહેર થાય છે કે, જે શબ્દો જેવા સાંભળ્યા હતા એ જ શબ્દો અક્ષરસઃ પહોંચાડવાની અત્રે વાત છે.

જમહૂર હદીષવેત્તાઓ અને ફુકહાઓ નજીક જો કે શ્રેષ્ઠ અને ઉત્તમ તો તે જ છે કે, જ્યાં સુધી થઈ શકે હદીષની રિવાયતમાં ઠીક તે જ શબ્દોનો ઉલ્લેખ કરે કે જે સાંભળ્યા હતા. પોતાના ઈરાદાથી તેમાં ફેરફાર ન કરે, પરંતુ જો તે શબ્દો બરાબર યાદ ન રહે તો તેનો હેતુ અને અર્થ પોતાના શબ્દોમાં વર્ણવી દેવો પણ જાઈઝ છે અને હદીષ بَلَّغَهَا كَمَا سَمِعَهَا નો અર્થ એ જ હોય શકે છે કે, જે વિષય સાંભળ્યો છે તેને તેવો જ ઉલ્લેખ કરે અને તેના અર્થ કે હેતુમાં કોઈ ફરક ન પડવા દે. શબ્દોના ફેરફાર અર્થ અને હેતુ વિરૂદ્ધનો ન હોવો જોઈએ. ઈમામ કુર્તુબી (રહ.)એ તેના ટેકામાં ફરમાવ્યું છે કે, "ખુદ આ જ હદીષ એ બાબતની દલીલ છે કે શબ્દોમાં ફેરફાર જરૂરત પ્રમાણે જાઈઝ છે કારણ કે, ખુદ આ હદીષની રિવાયત જ આપણા સુધી જુદા–જુદા શબ્દોમાં પહોંચી છે."

અને પહેલી હદીષમાં જે શબ્દ رَسُولِكَ ના બદલે نَبِيِّكَ થી પઢવાનો આદેશ આપ્યો, તેનું એક કારણ એ પણ હોઈ શકે છે કે નબી શબ્દમાં વખાણની ખાસિયત રસૂલ શબ્દ કરતા વધારે છે. કારણ કે, રસૂલ શબ્દનો અર્થ તો સંદેશાવાહક છે અને સંદેશાવાહક બીજાના માટે પણ બોલી શકાય છે. જ્યારે કે નબી શબ્દ તે ખાસ હોદ્દા માટે ઉપયોગ થાય છે જે અલ્લાહ તઆલા તરફથી પોતાના ખાસ બંદાઓને વહી દ્વારા સંબોધન કરીને અર્પણ કરવામાં આવે છે.

અને બીજું કારણ એ હોઈ શકે છે કે દુઆઓમાં નક્કી કરેલા શબ્દો જે રિવાયત થયા હોય છે તે ખાસિયતો અને લક્ષણોની બાબતે એક વિશેષ મહત્ત્વ ધરાવે છે. બીજા શબ્દોમાં તે લક્ષણો અને ખાસિયતો બાકી રહી શકતી નથી. (કુર્તુબી) એટલા માટે જ આમિલ લોકો જે તાવીજો વગેરે કરે છે તેઓ તેની ઘણી કાળજી લે છે અને જે શબ્દો નકલ થયા છે તેમાં ફેરફાર કે તબદીલી ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખે છે. એટલા માટે એવું કહી શકાય છે કે દુઆઓના શબ્દો પણ આ પ્રથમ શ્રેણીમાં જ દાખલ છે કે, જેમાં શબ્દોની સાથે સાથે તેના મૂળ અર્થો અને હેતુ પણ સુરક્ષિત છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૬૦)

وَاِذِ اسْتَسْقٰى مُوْسٰى لِقَوْمِهٖ فَقُلْنَا اضْرِبْ بِّعَصَاكَ الْحَجَرَ ؕ فَانْفَجَرَتْ مِنْهُ اثْنَتَا عَشْرَةَ عَيْنًا ؕ قَدْ عَلِمَ كُلُّ اُنَاسٍ مَّشْرَبَهُمْ ؕ كُلُوْا وَاشْرَبُوْا مِنْ رِّزْقِ اللّٰهِ وَ لَا تَعْثَوْا فِى الْاَرْضِ مُفْسِدِيْنَ ۝۶۰

તરજુમો :

અને જ્યારે મૂસા(અલૈ.એ) પોતાની કૌમ માટે પાણી માંગ્યું; પછી અમે કહ્યું, પોતાની લાકડી પથ્થર (ઉપર) મારો; તો તેમાંથી બાર ઝરણાં ફૂટી પડયા; દરેક કૌમે (કબીલાએ) પોતાનો ઘાટ જાણી લીધો; (બસ) તમે અલ્લાહની રોજીમાંથી ખાઓ અને પીઓ; અને પૃથ્વીમાં ફસાદ ન મચાવતા ફરો. (૬૦)

તફસીર :

અને (તે સમય યાદ કરો) જ્યારે હઝરત મૂસા (અલૈ.)એ પોતાની કૌમ માટે પાણીની દુઆ માંગી અને અમે મૂસા (અલૈ.)ને હુકમ આપ્યો કે તે પોતાની લાકડીને (ફલાણા) પથ્થર ઉપર મારે (તેમાંથી પાણી નીકળવા લાગશે બસ ફક્ત લાકડી મારવાની જ વાર હતી કે) તેમાંથી તરત જ બાર (૧૨) ઝરણાં ફૂટી નીકળ્યા. (અને બની ઈસ્રાઈલના પણ બાર કુટુંબો હતા એટલા માટે) દરેક વ્યક્તિએ પોતાના પાણી પીવાનું સ્થળ જાણી લીધું. (અને અમે ખાવા માટે શિખામણ આપી કે) ખાઓ અને પીઓ અલ્લાહની રોજીમાંથી (અને સીમા તથા મર્યાદાનું ઉલ્લંઘન ન કરો) તથા પૃથ્વી ઉપર ફિત્ના-ફસાદ ન મચાવતા ફરો.

ખુલાસો :

આ ઘટના પણ તીહની ખીણમાં બની હતી. બની ઈસ્રાઈલને ત્યાં તરસ લાગી તો પાણી માંગ્યું, મૂસા (અલૈ.)એ અલ્લાહ પાસે દુઆ કરી તો એક ખાસ પથ્થરને ફક્ત લાકડી મારવાથી અલ્લાહની કુદરતથી બાર ઝરણાં ફૂટી નીકળ્યા. યહૂદીઓના બાર કુટુંબો એ રીતે હતા કે, હઝરત યાકૂબ અલૈ.ના ૧૨ પુત્રો હતા. દરેકની ઓલાદનું એક-એક કુટુંબ હતું. તેમને વહીવટી બાબતોમાં અલગ-અલગ જ રાખવામાં આવતા હતા. દરેકના અમીર (સરદાર) પણ જુદા-જુદા હતા અને તેમના માટે ઝરણાં પણ બાર જ નીકળ્યા.

ખાવાનો મતલબ મન્ન અને સલવા અને પીવાનો મતલબ આ જ ઝરણાનું પાણી હતું અને નાફરમાનીને તથા હુકમોના અનાદરને ફિત્ના અને ફસાદ કહેવામાં આવ્યું. કાઝી બયઝાવી (રહ.) ફરમાવે છે કે "પોતાને મળેલા ચમત્કારિક ખોરાકની નાશુક્રી કરવી તેમની ઘણી જ મોટી ભૂલ હતી."

અમુક પથ્થરોમાં અલ્લાહ તઆલાએ કલ્પના બહાર અને બુદ્ધિમાં સમાઈ ન શકે એવી ખાસિયતો રાખી છે કે તેમાં લોખંડનું તત્ત્વ પણ મિશ્રિત હોય છે અને શક્ય છે કે આ પથ્થરોમાં એવી ખાસિયત પૈદા કરવામાં આવી હોય કે, જમીન અથવા પહાડ સંગ્રહિત પાણીને એ પથ્થર દ્વારા બહાર કાઢવામાં આવ્યું હોય તો એ કોઈ નવાઈની વાત નથી.

વર્તમાન સમયમાં બુદ્ધિશાળીઓ આ ઉલ્લેખથી શિખામણ પ્રાપ્ત કરે અને ફાયદો ઉઠાવે અને પછી આ ઉદાહરણ પણ ફક્ત સમજાવવા માટે છે, અને જો તે પથ્થરના અણુઓમાંથી પાણી પૈદા થઈ ગયું હોય તો પણ કોઈ આશ્ચર્યજનક ઘટના નથી, જે લોકો આવી ઘટનાઓને અશક્ય માને છે તેઓ શક્ય-અશક્યની વાસ્તવિકતાને મૂળેથી સમજતા જ નથી.

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત આયતમાં હઝરત મૂસા (અલૈ.)એ પોતાની કૌમ માટે પાણીની દુઆ ફરમાવી અલ્લાહ તઆલાએ પાણીનો બંદોબસ્ત કરી દીધો અને પથ્થર ઉપર લાકડી મારતા જ ૧૨ ઝરણાં ફૂટી નીકળ્યા. તેનાથી સ્પષ્ટ થયું કે પાણી પ્રાપ્ત કરવાનું અસલ માધ્યમ દુઆ જ છે. મૂસા (અલૈ.)ની શરીઅતમાં પણ પાણી મેળવવા ફક્ત દુઆને પૂરતું સમજવામાં આવ્યું. જેમકે ઈમામે આ'ઝમ હઝરત અબૂ હનીફા (રહ.)નો ઈરશાદ છે કે "પાણી (વરસાદ) માંગવા માટે અસલ દુઆ જ આધાર છે." આ દુઆ ચોક્કસ પરિસ્થિતિમાં પાણીની સમસ્યા ટાળવા ખાસ નમાઝે ઈસ્તિસ્કા (દુકાળ વગેરે જેવી પરિસ્થિતિમાં વરસાદ માંગવા માટેની દુઆ)ના સ્વરૂપે કરવામાં આવે છે. જેમકે, સહીહ હદીષોમાં રસૂલુલ્લાહ ﷺ ઈસ્તિસ્કાની નમાઝ માટે ઈદગાહના મૈદાનમાં તશરીફ લઈ જતા હતા અને નમાઝ તથા ખુત્બો અને દુઆ કરવાનો પણ ઉલ્લેખ થયો છે. ક્યારેક એવું પણ થયું છે કે કોઈપણ પ્રકારની ખાસ નમાઝ વગર ફક્ત દુઆ માંગવામાં આવી છે.

જેમકે, સહીહૈનમાં હઝરત અનસ (રદિ.)થી નકલ થયું છે કે, "જુમ્આના ખુત્બામાં આપ ﷺએ દુઆ કરી અને અલ્લાહ તઆલાએ વરસાદ વરસાવ્યો."

આ વાત બધા જ સારી રીતે જાણે છે કે ઈસ્તિસ્કા (વરસાદ માટેની નમાઝ અથવા દુઆ) ભલે નમાઝના સ્વરૂપે કરવામાં આવે અથવા ફક્ત દુઆના સ્વરૂપમાં, તેના અસરકારક હોવાનો આધાર ગુનાહોથી તૌબા અને પોતાની લાચારી–મજબૂરી તથા અલ્લાહ સામે આજિઝી જાહેર કરવા ઉપર છે. ગુનાહો કર્યા કરવા, અલ્લાહ તઆલાની નાફરમાની ઉપર કાયમ રહેવું અને પછી દુઆઓની અસર માટે રાહ જોવાનો અધિકાર કોઈને નથી. અલ્લાહ તઆલા પોતાના કરમથી જો એવા લોકોની દુઆ પણ કબૂલ ફરમાવી લે તો તે શક્ય છે કારણ કે, અંતે તેના જ કબજામાં સર્વ કંઈ છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૬૧)

وَاِذْ قُلْتُمْ يٰمُوْسٰى لَنْ نَّصْبِرَ عَلٰى طَعَامٍ وَّاحِدٍ فَادْعُ لَنَا رَبَّكَ يُخْرِجْ لَنَا
مِمَّا تُنْۢبِتُ الْاَرْضُ مِنْۢ بَقْلِهَا وَقِثَّآئِهَا وَفُوْمِهَا وَعَدَسِهَا وَبَصَلِهَا ؕ قَالَ اَتَسْتَبْدِ
لُوْنَ الَّذِیْ هُوَ اَدْنٰى بِالَّذِیْ هُوَ خَيْرٌ ؕ اِهْبِطُوْا مِصْرًا فَاِنَّ لَكُمْ مَّا سَاَلْتُمْ ؕ
وَضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ ۗ وَبَآءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ كَانُوْا يَكْفُرُوْنَ
بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ بِغَيْرِ الْحَقِّ ؕ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ﴿۶۱﴾ ع

તરજુમો :

અને જ્યારે તમે (બની ઈસ્રાઈલે) કહ્યું; હે મૂસા ! અમે ક્યારેય એક (પ્રકારના) ખાવા ઉપર ધીરજ નહિ ધરીએ ! અમારા માટે દુઆ કરો, પોતાનો રબ અમારા માટે જમીનથી કાઢે જે એમાં ઊગે છે; (જેમકે) લીલોતરી અને કાકડી અને ઘઉં અને મસૂર અને પ્યાજ; તેણે કહ્યું, શું તમે જે તેનાથી સારું છે (મન્ન અને સલવા) તેને ઉતરતી કક્ષાના (ખોરાક)થી બદલવા ઈચ્છો છો ? તમે શહેર(માં) ઊતરો; બસ (ત્યાં) નિઃશંક તમારા

માટે (બધું જ છે) જે તમે માંગો છો; અને તેમના ઉપર ઝિલ્લત અને મોહતાજી નાંખી દેવામાં આવી; અને તેઓ અલ્લાહના ગુસ્સાની સાથે પાછા ફર્યા; આ એટલા માટે થયું કે તેઓ અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા હતા અને નબીઓને નાહક કતલ કરતા હતા; આ એટલા માટે (થયું) કે તેમણે નાફરમાની કરી અને હદથી (આગળ) વધતા હતા. (૬૧)

તફસીર :

અને (તે સમયને યાદ કરો) તમે લોકોએ (એવું) કહ્યું કે, હે મૂસા ! અમે (દરરોજ) એક જ પ્રકારના ખાવા ઉપર ધૈર્ય નહીં દાખવીએ (એટલે મન્ન–સલવા ઉપર નિર્ભર ન રહીશું) તમે અમારા માટે દુઆ કરો કે, અલ્લાહ અમારા માટે એવી વસ્તુ પૈદા કરે જે જમીનમાં ઊગે છે (જેમકે) શાકભાજી, કાકડી, ઘઉં, મસૂર (વગેરે) આપે ફરમાવ્યું શું તમે શ્રેષ્ઠ વસ્તુઓને ઉતરતી કક્ષાની વસ્તુઓથી બદલવા ઈચ્છો છો ? (સારું ! જો નથી જ માનતા તો) કોઈ શહેરમાં ઊતરો (ત્યાં) તમને તમારી માંગી વસ્તુઓ મળશે અને (તેઓ એવી એવી ગુસ્તાખીઓ અને નાફરમાનીઓ લાંબા સમય સુધી કરવા લાગ્યા, જેથી) તેમના ઉપર ઝિલ્લત (બીજાઓની નજરમાં તેમનો કોઈ માન–મરતબો ન રહ્યો) અને મોહતાજી નાંખી દેવામાં (કે તેમના સ્વભાવમાં કોઈ પણ પ્રકારની મહત્ત્વકાંક્ષા ન રહી) અને અલ્લાહના ક્રોધના હકદાર થઈ ગયા. (અને આ અપમાન તથા ક્રોધના હકદાર) એટલા માટે થયા કે તે લોકો અલ્લાહના હુકમોનો ઈન્કાર કરતા હતા અને પયગંબરોને નાહક કતલ કરી નાંખતા હતા (કે તેઓ પણ જાણતા હતા કે અમે આ નાહક ખોટી રીતે કતલ કરી રહ્યા છીએ) અને (આ ઝિલ્લત અને અલ્લાહનો ક્રોધ) એટલા માટે થયો કે તે લોકોમાં ફરમાંબરદારી ન રહી અને (તેઓ ફરમાંબરદારીની) મર્યાદાઓનું ઉલ્લંઘન કરવા લાગ્યા.

ખુલાસો :

આ ઘટના પણ તીહ ખીણમાં બની છે. મન્ન અને સલવાથી આંચી (ધરાઈ) જવાના કારણે તેઓ શાકભાજી અને અનાજની માંગણી કરવા લાગ્યા. આ મૈદાનની સીમાઓમાં કોઈ શહેર આવતું હતું, ત્યાં જઈને તેમને રહેવાનો હુકમ કરવામાં આવ્યો કે ત્યાં જાઓ, કમાઓ અને ખાઓ.

અને ઉપરોક્ત અપમાન તથા ગરીબીનું કારણ એ પણ હતું કે યહૂદીઓ પાસે હુકૂમત લગભગ કયામત સુધી છીનવી લેવામાં આવી. જો કે કયામત નજીક ફક્ત લૂંટારાઓની જેમ થોડોક શોર–બકોર દજ્જાલ અને યહૂદીઓનો કુલ ચાલીસ દિવસ માટે થઈ જશે અને તેને કોઈ ટકાઉ, વ્યવસ્થિત હુકૂમત ન કહી શકાય. તેમને આ વાત મૂસા (અલૈ.) મા'રફતે જણાવી પણ દેવામાં આવી હતી કે, જો તેઓ નાફરમાની કરતા રહેશે તો હંમેશા અન્ય કૌમોના તાબે થઈ જશે. જેમકે, સૂરએ અઅ્રાફની આયત وَاِذْتَاَذَّنَ رَبُّكَ لَيَبْعَثَنَّ عَلَيْهِمْ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ مَنْ يَّسُوْمُهُمْ سُوْٓءَ الْعَذَابِ "અને જ્યારે તમારા પરવરદિગારે ખબર આપી કે અલબત્ત તે જરૂર આ (યહૂદીઓ) ઉપર કયામત સુધી (એવા લોકો) મોકલતો રહેશે જે તેમને અપમાનજનક અઝાબ (સજા)થી તકલીફ આપતો રહે." (૭:૧૬૭)માં પ્રસ્તુત છે. અત્યારની ઈઝરાઈલની યહૂદીની હુકૂમતનું સ્વરૂપ પણ અમેરિકા અને બ્રિટનની ગુલામીથી વધીને કંઈ નથી.

અને ઘણા પયગંબરોને જુદા–જુદા સમયે યહૂદીઓએ કતલ કર્યા, જેને તે લોકો પણ દિલથી સમજતા હતા કે અમારું આ કૃત્ય નાહકનું છે પરંતુ દુશ્મનાવટ અને જીદના કારણે તેઓ આંધળા થઈ ગયા હતા.

મસ્અલા અને બોધપાઠ :

યહૂદીઓ ઉપર કાયમી અપમાન અને હાલની ઇઝરાઈલની સરકાર વિશે શંકા અને તેનો જવાબ :

ઉપરોક્ત આયતોમાં યહૂદીઓની સજા દુનિયામાં કાયમી અપમાન અને મોહતાજી તથા દુનિયા અને આખિરતમાં અલ્લાહના ક્રોધના હકદાર હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમના કાયમી અપમાન અને મોહતાજીનો અર્થ જે તફસીરકાર ઈમામોએ સહાબા (રદિયલ્લાહુ અન્હુમ) અને તાબિઈન (રહમતુલ્લાહ અલયહિમ)થી નકલ કર્યો છે તેનો ખુલાસો ઈબ્ને કષીરમાં આ પ્રમાણે છે. لَايَزَالُوْنَ مُسْتَذَلِّيْنَ مَنْ وَّجَدَهُمْ اِسْتَذَلَّهُمْ وَضَرَبَ عَلَيْهِمُ الصِّغَارَ، એટલે કે "જો તેઓ માલદાર થઈ જાય તો પણ બધી જ કૌમોમાં તેઓ ઝલીલ અને તુચ્છ સમજવામાં આવશે. તેઓ જેમની પણ શરણમાં જશે તેઓ તેમને ઝલીલ જ કરશે અને તેમના ઉપર ગુલામીની નિશાનીઓ છોડશે."

ઈમામ ઝહ્હાક બિન મુઝાહિમે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી આ અપમાન અને મોહતાજીનો મફહૂમ નકલ કર્યો છે કે, هُمْ اَهْلُ الْقُبَالَاتِ يَعْنِى الْجِزْيَةَ، મતલબ એ કે "યહૂદીઓ હંમેશા અન્યોની ગુલામીમાં જ રહેશે, તેમને ટેક્ષ વગેરે અદા કરતા રહેશે અને તેમને કોઈ તાકાત અથવા સત્તા પ્રાપ્ત નહિ થાય."

આ વિશેની એક આયત સૂરએ આલે ઈમ્રાનમાં એક વધારા સાથે આ પ્રમાણે આવી છે.

ضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ اَيْنَمَا ثُقِفُوْٓا اِلَّا بِحَبْلٍ مِّنَ اللّٰهِ وَحَبْلٍ مِّنَ النَّاسِ،

"તેમના ઉપર અપમાન થોપી દેવામાં આવ્યું, (તેઓ) જ્યાં પણ જશે; પરંતુ હા! એક તો એવા માધ્યમથી (અપમાનિત થવાથી) બચશે કે જે અલ્લાહ તરફથી હોય અને એક એવા માધ્યમથી જે માણસો તરફથી હોય." (૩:૧૧૨)

અલ્લાહ તઆલાના માધ્યમનો અર્થ તો એ છે કે, જે લોકોને અલ્લાહ તઆલાએ જ પોતાના કાનૂનમાં સલામતી આપી દીધી હોય જેમકે, નાબાલિગ બાળકો, સ્ત્રીઓ તથા એવા ધાર્મિક વૃત્તિના યહૂદીઓ કે જેઓ મુસલમાનો સાથે લડતા-ઝઘડતા નથી. તેઓ સુરક્ષિત અને સલામત રહેશે અને માણસોના માધ્યમનો અર્થ "શાંતિકરાર" છે. જેનું એક સ્વરૂપ એ છે કે, મુસલમાનો સાથે સુલેહનો કરાર અથવા જિઝિયો (ઈસ્લામિક દેશમાં રહેવા માટે બિન મુસ્લિમોએ આપવો પડતો ટેક્ષ) વગેરે આપીને તેમના દેશમાં રહેતા થઈ જાય, પરંતુ કુર્આનના શબ્દોમાં مِنَ النَّاسِ કહેવામાં આવ્યું છે مِنَ الْمُسْلِمِيْنَ નથી. એટલે આ સ્વરૂપ પણ એ જ પ્રકારનું હશે કે અન્ય ગૈરમુસ્લિમ દેશોમાં પણ શાંતિ અને સુલેહનો કરાર કરીને જો યહૂદીઓ તેમની છત્રછાયામાં આવી જશે, તો સલામત રહી શકશે અને પછી આ حَبْلٍ مِنَ اللّٰهِ અને حَبْلٍ مِنَ النَّاسِ નો કશ્શાફ પ્રમાણે ઈસ્તિષ્નાએ મુત્તસિલ હોય તો અર્થ આ છે કે, "યહૂદીઓ હંમેશા દરેક જગ્યાએ અપમાનિત અને ઝલીલ જ રહેશે માત્ર ઉપરોક્ત બે સ્વરૂપમાં જ તેઓને સલામતી મળશે, યા તો અલ્લાહના કાનૂન પ્રમાણે તેમના બાળકો, સ્ત્રીઓ વગેરે આ અપમાન અને ઝિલ્લતથી નીકળી જાય અથવા કોઈ કૌમ કે મુસલમાનો સાથે સુલેહના કરાર દ્વારા પોતાને અપમાન અને ઝિલ્લતથી તેઓ બચાવી લે" અને જેમકે ઉપર

લખવામાં આવ્યું છે, સુલેહ દ્વારા અપમાન અને ઝિલ્લતથી બચવાનું સ્વરૂપ મુસલમાનો સાથે "શાંતિકરાર" કરીને પણ થઈ શકે છે અને એવું પણ શક્ય છે કે બીજી કૌમો સાથે શાંતિકરાર કરીને તેમના સહારે અપમાન અને ઝિલ્લતથી સુરક્ષિત રહે !

આ બધી ચર્ચા "ઈસ્તિષ્નાએ મુત્તસિલ"ની તકદીર ઉપર છે અને ઘણા મુફસ્સિરોએ તેને "ઈસ્તિષ્નાએ મુન્કતિઅ્" ઠરાવ્યું છે, તો અર્થ એ થયો કે "આ લોકો કૌમ તરીકે સામાજિક રીતે તો અપમાનિત અને ઝલીલ જ રહેશે હા ! અલ્લાહના કાનૂનની વિશાળતામાં આવીને તેમના અમુક લોકો તેનાથી સુરક્ષિત થઈ જશે અથવા અન્ય લોકોનો આશરો લઈને પણ અપમાન અને ઝિલ્લત ઉપર પરદો નાંખી શકશે !"

આ રીતે સૂરએ બકરહની આયતનો ખુલાસો સૂરએ આલે ઈમ્રાનની આયતથી પૂરો થઈ ગયો અને તેનાથી તે તમામ શંકાઓ પણ દૂર થઈ ગઈ જે વર્તમાન સમયમાં પેલેસ્ટાઈનમાં યહૂદીઓની સરકાર સ્થાપાવાથી ઘણા મુસલમાનોમાં ઊભી થઈ છે કે, કુર્આનના ખુલ્લા વર્ણનોથી તો એવું સમજવામાં આવે છે કે, યહૂદીઓની સત્તા ક્યારેય કાયમ નહિ થાય અને આપણે જોઈએ છીએ કે પેલેસ્ટાઈનમાં તેમની સત્તા કાયમ થઈ ગઈ, તો હવે દેખીતું છે કે પેલેસ્ટાઈનમાં યહૂદીઓની અત્યારની સરકારની વાસ્તવિકતાથી જે લોકો માહિતગાર છે તેઓ સારી રીતે જાણે છે કે આ સરકાર વાસ્તવમાં ઈઝરાઈલની નથી બલકે, અમેરિકા અને બ્રિટનની એક લશ્કરી છાવણીથી વિશેષ તેનું સ્વરૂપ કંઈ જ નથી. આ ઈઝરાઈલનું અસ્તિત્વ પોતાની આગવી શક્તિથી એક મહિનો પણ જીવંત રહી શકે એમ નથી. યુરોપીય શક્તિઓએ ઈસ્લામિક બ્લોકને કમજોર બનાવવા માટે તેમની વચ્ચે ઈઝરાઈલનું નામ આપીને પોતાની એક લશ્કરી છાવણી બનાવી લીધી છે. ઈઝરાઈલ તેમની નજરમાં તેમના ફરમાંબરદાર ગુલામોથી વધારે કોઈ હૈસિયત ધરાવતું નથી. ફક્ત કુર્આન શરીફના ઈરશાદ بِحَبْلٍ مِّنَ النَّاسِ ના સહારે તેમનું પોતાનું અસ્તિત્વ કાયમ છે અને તે પણ અપમાન અને ઝિલ્લતની સાથે. એટલા માટે ઈઝરાઈલની વર્તમાન સરકારના કારણે કુર્આન કરીમના કોઈ ફરમાન ઉપર લેશમાત્ર શંકા થઈ શકતી નથી.

આ ઉપરાંત અત્રે એ વાત પણ ધ્યાન આપવા યોગ્ય છે કે જગતમાં યહૂદીઓ, ઈસાઈઓ તથા મુસલમાનોમાં સૌ પ્રથમ યહૂદીઓ, તેમની શરીઅત, તેમની સભ્યતા અને સંસ્કૃતિનું અસ્તિત્વ હતું આવી પ્રાચીન સંસ્કૃતિ ધરાવનાર બધા જ યહૂદીઓ પેલેસ્ટાઈનના એક નાના સરખા ભાગ ઉપર કબજો કરી યેનકેન પ્રકારે સત્તા કાયમ કરી લે તો પણ આખી દુનિયાના નકશામાં આ ભાગ એક ટકાથી વધારે નથી. તેના મુકાબલામાં ઈસાઈઓની સરકારો, મુસલમાનોની પડતી હોવા છતાં તેમની સરકારો, મૂર્તિપૂંજકોની સરકારો અને નાસ્તિકોની સરકારો જે પૂર્વથી લઈ પશ્ચિમ સુધી ફેલાયેલી છે, તેના મુકાબલામાં પેલેસ્ટાઈન અને તે પણ નાનો સરખો જમીનનો ટૂકડો (કે જેની પોતાની કોઈ આંતરરાષ્ટ્રીય સીમાઓ પણ નથી) ઉપરાંત તેના ઉપર અમેરિકા અને બ્રિટનની છત્રછાયા ! જો આવો પરોપજીવી કબજો યહૂદીઓનો થઈ પણ ગયો, તો શું તે અલ્લાહ તઆલાએ આખી યહૂદી કૌમ ઉપર લગાવેલી કાયમી ઝિલ્લત અને અપમાનનો જવાબ બની શકે છે ?!

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૬૨)

إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَادُوا وَالنَّصَارَىٰ وَالصَّابِئِينَ مَنْ آمَنَ بِاللَّهِ وَالْيَوْمِ
الْآخِرِ وَعَمِلَ صَالِحًا فَلَهُمْ أَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ ﴿٦٢﴾

તરજુમો :

નિઃશંક જે લોકો ઈમાન લાવ્યા અને જે લોકો યહૂદી થયા અને નસારા અને સાબી (થયા); જેઓ ઈમાન લાવ્યા અલ્લાહ ઉપર અને આખિરતના દિવસ ઉપર અને સારા કામો કર્યા તો એમના માટે તેનો બદલો તેમના રબ પાસે (છે); અને એમના ઉપર ન કોઈ ડર (હશે) અને ન તેઓ ગમગીન થશે. (૬૨)

તફસીર :

આ સ્થળે યહૂદીઓની શરારતોની સ્થિતિ જાણીને સાંભળનારાઓને તથા પોતે યહૂદીઓને આ વિચાર આવી શકે છે કે, તેઓ આ પરિસ્થિતિ પ્રમાણે જો

કોઈ ઉઝ્ર બતાવીને ઈમાન લાવવા પણ ચાહે તો અલ્લાહના નજીક તે કદાચ સ્વીકાર્ય નહિ હોય અને આ જ ખોટા વિચારને દૂર કરવા માટે આ આયતમાં એક નિયમ અને સિદ્ધાંતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, મુસલમાન, યહૂદીઓ અને નસારા તથા સાબિઈન આ બધામાં જે લોકો અલ્લાહ તઆલાની જાત ઉપર શ્રદ્ધા રાખે છે, અલ્લાહની સિફતો ઉપર તથા કયામતના દિવસ ઉપર ઈમાન ધરાવે છે અને જો તેઓ સારા કાર્યો પણ કરે છે એટલે કે, શરીઅતના કાનૂન અનુસાર જ તેમના કૃત્યો છે તો પરવરદિગારની પાસે પહોંચી તેમને કોઈપણ પ્રકારની આશંકા, ડર કે ગમ નહિ હોય.

ખુલાસો :

અલ્લાહનો કાનૂન છે કે તેના દરબારમાં કોઈ વ્યક્તિને કોઈ અન્ય વ્યક્તિ ઉપર વિશેષતા પ્રાપ્ત નથી, જે વ્યક્તિ સંપૂર્ણ ઈતાઅત, ફરમાંબરદારી, પાકું ઈમાન અને સારા અમલો અપનાવે છે, ઈમાન લાવતા પહેલાં ભલે તે કોઈપણ ધર્મ અપનાવતો હોય ! નસારા, યહૂદી કે સાબીઈન હોય અલ્લાહને ત્યાં તે સ્વીકાર્ય છે અને તેની સેવાને આવકારવામાં આવશે. દેખીતું છે કે, કુર્આનના નાઝિલ થયા પછી મુહમ્મદ ﷺની સંપૂર્ણ તાબે'દારી એટલે કે શરીઅતે મુહમ્મદી ﷺ અને મુસલમાન હોવાની શરત જ મુખ્ય આધાર છે. મતલબ એ થયો કે, જે મુસલમાન થઈ જાય ભલે તે મુસલમાન થતા પહેલાં યહૂદી હોય, નસરાની હોય, સાબી હોય કે અન્ય કોઈ ધર્મનો હોય; આખિરતમાં છુટકારાનો હકદાર બનશે. આ વર્ણનમાં તેનો જવાબ પણ થઈ ગયો એટલે કે તેમની શરારતો પછી પણ જો તેઓ મુસલમાન થઈ જાય તો તેમને મા'ફ કરી દેવામાં આવશે.

સાબીઈન એક ફિરકો હતો. તેમના અકીદાઓ અને માન્યતાઓ વિશે બહું જાણકારી નથી. એટલા માટે તેમના વિશે જુદા–જુદા ઉલ્લેખો જોવા મળે છે. ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.

આ સિદ્ધાંત આધારે અહીંયાં મુસલમાનોનું આગવું વર્ણન કરવાની જરૂરત નથી કારણ કે, તેઓ તો મુસલમાન છે જ પરંતુ તેનાથી કુર્આન શરીફની એક ખાસ સાહિત્યિક શ્રેષ્ઠતા અને વિષયવસ્તુ પરત્વે એક ખાસ પ્રકારનું સન્માન પૈદા થાય છે. આનું ઉદાહરણ એવું થઈ ગયું કે કોઈ સત્તાધીશ અથવા બાદશાહ કોઈ

પ્રસંગે એવું કહે કે મારો કાનૂન બધા માટે સરખો છે. કોઈ મારો વફાદાર હોય કે વિરોધી જે વ્યક્તિ પણ મારી ઈતાઅત કરશે તેના ઉપર મારી કૃપાદષ્ટિ થશે. હવે દેખીતું છે કે, વફાદારો તો તાબે'દારી કરી જ રહ્યા છે, બાદશાહનું કહ્યું માને જ છે, તો આવું કહેવાનો આશય વિરોધીઓને સંભળાવાનો હોય છે; પરંતુ તેમાં મુદ્દો એ હોય છે કે, અમારી કૃપાદષ્ટિ જે અમારા વફાદારો ઉપર છે તે તેમની પોતાની કોઈ ખાસ વિશેષતાના કારણે નથી. બલકે, તેમની વફાદારીની ખાસિયત ઉપર અવલંબિત છે. જો કોઈ અમારો વિરોધી પણ આ ખાસિયત અપનાવશે તો તે પણ અમારો વફાદાર ગણાશે અને એટલા માટે વિરોધીઓની સાથે વફાદારોનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૬૩)

وَإِذْ أَخَذْنَا مِيثَاقَكُمْ وَرَفَعْنَا فَوْقَكُمُ الطُّورَ ۖ خُذُوا
مَا آتَيْنَاكُمْ بِقُوَّةٍ وَاذْكُرُوا مَا فِيهِ لَعَلَّكُمْ تَتَّقُونَ ﴿٦٣﴾

તરજુમો :

અને અમે જ્યારે તમારાથી કરાર લીધો; અને અમે તમારા ઉપર તૂર પર્વતને ઉઠાવ્યો કે મજબૂતીથી પકડો અમે જે કિતાબ તમને આપી, અને યાદ રાખો જે એમાં (છે); જેથી તમે પરહેઝગાર થઈ જાઓ. (૬૩)

તફસીર :

અને (તે સમયને યાદ કરો) જ્યારે અમે તમારાથી કૌલ–કરાર લીધા (કે સીધા રસ્તા ઉપર અમલ કરીશું) અને (આ કૌલ–કરાર લેવા માટે) અમે તૂર પર્વતને ઉઠાવીને તમારા ઉપર અધ્ધર કરી દીધો (અને તે વખતે અમે કહ્યું) કે (જલદી) કબૂલ કરો જે કિતાબ (તવરાત) અમે તમને આપી છે. મજબૂતીથી તેના હુકમોને પકડી રાખો જે આ (કિતાબ)માં છે. અને તેથી ઉમ્મીદ છે કે તમો પરહેઝગાર બની જાઓ.

ખુલાસો :

જ્યારે મૂસા (અલૈ.)ને તૂર પર્વત ઉપર તવરાત અર્પણ કરવામાં આવી અને તેમણે પાછા આવીને પોતાની કૌમને તવરાત સંભળાવી; તો તેમાં હુકમો થોડા સખત હતા, પરંતુ આ લોકોની પરિસ્થિતિ પ્રમાણે એવા જ હુકમો યોગ્ય હતા. પ્રથમ તો તેમણે એવું કહ્યું કે, "જ્યારે અલ્લાહ તઆલા અમને પોતે કહી આપશે કે આ મારી કિતાબ છે ત્યારે જ અમે માનીશું," જે ઘટનાનો ઉપર ઉલ્લેખ થઈ ચૂક્યો છે. મતલબ કે તે સિત્તેર માણસો મૂસા (અલૈ.) સાથે તૂર પર્વત ઉપર ગયા હતા. પાછા આવીને તેમણે ગવાહી આપી, પરંતુ પોતાની ગવાહીમાં પોતાના તરફથી તેમણે એવી વાત પણ ઉમેરી દીધી કે, અલ્લાહ તઆલાએ છેવટે એવું કહ્યું હતું કે તમારાથી જેટલા પ્રમાણમાં અમલ થઈ શકે કરજો, જે ન થઈ શકે તે મા'ફ છે. આમ કહેવાથી કેટલાક તોફાની અને શરારતખોર તત્ત્વોને અમુક સખત હુકમો વિશે બહાનું મળી ગયું. મતલબ કે એવું સાફ–સાફ કહી દીધું કે અમે તો આ કિતાબ ઉપર અમલ નહિ કરી શકીએ, તો અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓને હુકમ આપ્યો કે, તૂર પર્વતનો એક મોટો ટૂકડો ઉઠાવીને તેમના માથાઓ ઉપર અધ્ધર કરી દો કે તેઓ માને, નહિતર આ પર્વતનો ટૂકડો હમણાં તેમના ઉપર પડશે. છેવટે મને–ક–મને તેમને માનવું પડ્યું.

એક શંકાનું નિવારણ :

અહીંયાં એવી શંકા થઈ શકે છે કે, દીનમાં તો જબરદસ્તી નથી, તો આવું કેમ કરવામાં આવ્યું ? જવાબ એ છે કે, જબરદસ્તી ઈમાન લાવવા માટે નથી, બલકે પ્રથમ પોતાની મરજી અને ખુશીથી ઈમાન અને ઈસ્લામ સ્વીકારી લીધા પછી તેના વિરુદ્ધ બળવો કરવાના કારણે છે. બળવાખોરોની સજા બધી જ હુકૂમતોમાં પણ સામાન્ય વિરોધીઓ અને દુશ્મન કૌમો કરતાં અલગ હોય છે. તેમના માટે દરેક હુકૂમતોમાં બે જ પ્રસ્તાવ હોય છે. યા તો તાબે'દારી સ્વીકારે અથવા તો કતલ કરવામાં આવે. એટલા માટે ઈસ્લામમાં પણ મુર્તદ (ઈસ્લામ અને ઈમાન લાવ્યા પછી ફરી જનાર)ની સજા પણ મૌત છે, કુફ્રની સજા મૌત નથી.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૬૪)

ثُمَّ تَوَلَّيْتُمْ مِّنْ بَعْدِ ذٰلِكَ ۚ فَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَرَحْمَتُهٗ لَكُنْتُمْ مِّنَ الْخٰسِرِيْنَ ﴿٦٤﴾

તરજુમો :

પછી તમે ત્યારબાદ ફરી ગયા, બસ જો તમારા ઉપર અલ્લાહનો ફઝ્લ અને રહમત ન હોત તો તમે નુકસાન ઉઠાવનારા હતા. (૬૪)

તફસીર :

પછી તમે આ કૌલ–કરાર કર્યા બાદ (તેનાથી) ફરી ગયા બસ જો તમારા લોકો ઉપર અલ્લાહની મહેરબાની અને દયા ન હોત (તો આ કૌલ કરાર ભંગ કરવાનો તકાદો એ હતો કે) જરૂર તમે (તરત જ) તબાહ (અને હલાક) થઈ જાઓ ! (પરંતુ અમારી કૃપાદષ્ટિ અને સર્વત્ર છવાયેલી રહમતે તમને જિંદગીના એક સમય સુધીની મોહલત (સમય) આપી દીધી. પરંતુ ક્યાં સુધી ? છેવટે મૃત્યુ પછી તમે તમારા કર્મોનું ફળ ભોગવવાના જ છે).

ખુલાસો :

અલ્લાહ તઆલાની રહમત કાફિર, મો'મિન બધા ઉપર સર્વત્ર છવાયેલી છે, જેની એક અસર દુનિયાની રાહત છે. અલ્લાહની ખાસ પ્રકારની રહમત આખિરતમાં જોવા મળશે અને ત્યાં તેની અસર છુટકારો અને અલ્લાહ તઆલાની નજદીકી (કુરબત) સ્વરૂપે જોવા મળશે.

જાહેરમાં આ આયત અને તેના છેલ્લા ભાગ દ્વારા તે યહૂદીઓને સંબોધન કરવામાં આવ્યું છે, જેઓ આપ ﷺના સમકાલીન હતા. કારણ કે આપ ﷺ ઉપર ઈમાન ન લાવવું પણ કરારભંગમાં સામેલ છે. એટલા માટે તેમને પણ કરારભંગમાં સામેલ કરી ઉદાહરણ સ્વરૂપે ફરમાવ્યું કે, આ બધું હોવા છતાં પણ અમે દુનિયામાં કોઈ અઝાબ એવો નાઝિલ નથી કર્યો જેવો અગાઉના બેઈમાનો અને કરારભંગ કરનારાઓ ઉપર થતો રહ્યો છે. આ ફક્ત અલ્લાહની રહમત જ છે.

અને હદીષોની રૂએ આવા અઝાબોનું ન આવવું આપ ﷺની બરકત છે.

એટલા માટે અમુક મુફસ્સિરોએ અલ્લાહના આ ફઝ્લ અને રહમતની તફસીર આપ ﷺના પૈદા થવાને બતાવ્યું છે. આ વિષયના સમર્થન માટે અગાઉના બેઈમાનોનો એક કિસ્સો આગળની આયતમાં આવી રહ્યો છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૬૫-૬૬)

وَلَقَدْ عَلِمْتُمُ الَّذِيْنَ اعْتَدَوْا مِنْكُمْ فِي السَّبْتِ فَقُلْنَا لَهُمْ كُوْنُوْا قِرَدَةً خٰسِئِيْنَ ﴿٦٥﴾
فَجَعَلْنٰهَا نَكَالًا لِّمَا بَيْنَ يَدَيْهَا وَمَا خَلْفَهَا وَمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ ﴿٦٦﴾

તરજુમો :

અને અલબત્ત તમે જાણી લીધું જેમણે તમારામાંથી શનિવારના દિવસ બાબતે અતિરેક કર્યો ત્યારે અમે તેમનાથી કહ્યું, તમે ઝલીલ વાંદરા થઈ જાઓ ! (૬૫) પછી અમે તે (ઘટનાને) સામેવાળાઓ (હાજરજનો) માટે ઈબ્રત (બોધ) બનાવી અને જે પાછળથી આવનારાઓ (હતા તેમના માટે પણ !); અને શિખામણ (બનાવી) પરહેઝગારો માટે. (૬૬)

તફસીર :

અને તમે જાણો છો (તે લોકોની હાલત) જેઓ તમારામાંથી (શરીઅતની હદોને) ઓળંગી ગયા હતા શનિવારના દિવસના હુકમ બાબતે, (જે હુકમ આ હતો કે આ દિવસે માછલીનો શિકાર ન કરશો) પછી અમે એમને (પોતાનો હુકમ ગુસ્સા સહિત કરી દીધો કે) તમે તુચ્છ વાંદરાઓ બની જાઓ (જેથી તેઓ વાંદરાઓ બની ગયા) પછી અમે તેમની આ (ઘટના) ઈબ્રત (બોધરૂપ) બનાવી દીધી (તે) લોકો માટે પણ જે આ કૌમની સામે (હાજર) હતા અને તે લોકો માટે પણ જેઓ તેમના પછીના સમયમાં આવતા રહ્યા અને (આ ઘટનાને) નસીહત (બનાવી, અલ્લાહથી) ડરનારાઓ માટે !

ખુલાસો :

આ ઘટના પણ બની ઈસ્રાઈલના નબી હઝરત દાવુદ (અલૈ.)ના સમયમાં બની હતી. બની ઈસ્રાઈલ માટે શનિવારનો દિવસ ખૂબ સન્માનનીય અને

ઈબાદત માટે ખાસ નક્કી કરેલો દિવસ હતો અને માછલીઓના શિકારની પણ આ દિવસે મનાઈ કરવામાં આવી હતી. આ લોકો સમંદરના કિનારે વસેલા હતા અને માછલીઓના શોખીન હતા. તેમણે અલ્લાહના આ હુકમને ન માન્યો અને માછલીઓનો શિકાર કર્યો, જેથી તેમના ઉપર અલ્લાહ તઆલા તરફથી તેમના ચહેરાઓ બદલાઈ જવાનો અઝાબ નાઝિલ થયો અને આ ઘટનાના ત્રણ દિવસ પછી તે લોકો મૃત્યુ પામ્યા.

આ ઘટનાને જોનારા અને સાંભળનારા બે પ્રકારના લોકો હતા, ફરમાંબરદાર અને નાફરમાન. નાફરમાનો માટે તો આ ઘટના તૌબા કરાવનારી હતી. એટલા માટે તેમને نَـــــكَـــــالً કહ્યું અને ફરમાંબરદારો માટે આ ઘટના ફરમાંબરદારી ઉપર કાયમ રાખનારી હતી. એટલા માટે તેમને مَـوْعِـظَـةٌ કહેવામાં આવ્યું.

મસ્અલા અને બોધપાઠ :

દીની બાબતોમાં કોઈ એવો હિલો કરવો (હરામને હલાલ કરવાની યુક્તિ કરવી) જેમાં શરીઅતનો હુકમ બાતિલ (નષ્ટ) થઈ જાય તો તે હરામ છે :

આ આયતમાં યહૂદીઓ દ્વારા સીમાનું ઉલ્લંઘન અને મર્યાદા વટાવી જવાનું વર્ણન કરીને તેના કારણે અઝાબ થયો હોવાનું બતાવવામાં આવ્યું છે. રિવાયતથી સાબિત છે કે, તેઓ ખુલ્લી રીતે શરીઅતના હુકમોનો વિરોધ કરતા ન હતા બલકે, એવા હિલા કરતા હતા કે જેનાથી શરીઅતના હુકમની નાફરમાની થતી હતી. દાખલા તરીકે શનિવારના દિવસે માછલીઓની પૂંછડી ઉપર દોરીનું એક ગાળિયું લગાવીને દરિયામાં છોડી દેતા હતા અને આ દોરી જમીન ઉપર કોઈ વસ્તુથી બાંધી દેતા હતા પછી રવિવારના દિવસે તેને પકડીને ખાઈ લેતા હતા. તો આ એક હિલો હતો જેમાં શરીઅતનો હુકમ રદ થઈ જતો હતો બલકે, શરીઅતના હુકમની એક રીતે મશ્કરી હતી. એટલા માટે આવા હિલા કરનારાઓને ફિત્નાખોર અને નાફરમાન ઠરાવવામાં આવ્યા અને તેમના ઉપર અઝાબ આવ્યો. પરંતુ તેનાથી તે ફિક્હી (ઈસ્લામિક કાયદાઓ અનુસાર) હિલાઓ હરામ સાબિત નથી થતા, જેને પોતે રસૂલ ﷺએ બતાવ્યા છે. દાખલા તરીકે એક શેર (અડધો

કિલો) સારી અને ઊંચી કક્ષાની ખજૂરોના બદલામાં બે શેર (એક કિલો) ખરાબ ખજૂરો લેવી–આપવી વ્યાજ ગણાય છે, પરંતુ તેનાથી બચવા માટે એક હિલો ખુદ રસૂલ ﷺએ આ બતાવ્યો કે "વસ્તુની અદલા–બદલી એક જ પ્રકારની વસ્તુથી ન કરો. કિંમત દ્વારા ખરીદ–વેચાણ કરી લો. દાખલા તરીકે, બે શેર ખરાબ ખજૂરોને બે દિરહમમાં વેચી દો, પછી એ બે દિરહમોથી એક શેર સારી ખજૂરો ખરીદી લો," તો અહીંયાં શરીઅતના હુકમને પૂરા કરવાનો હેતુ છે, તેને રદ કરવાનો હેતુ નથી અને ન જ આવું કરવાથી શરીઅતનો હુકમ રદ થાય છે. એવી જ રીતે બીજા મસ્અલાઓમાં પણ ફુકહાએ હરામથી બચવા અમુક આવી જ તરકીબો બતાવી છે તેને યહૂદીઓના હિલાઓની જેમ કહેવું અને સમજવું ખોટું છે.

યહૂદીઓના ચહેરા બદલાઈ જવાની ઘટના :

તફસીરે કુર્તુબીમાં છે કે યહૂદીઓએ પહેલાં–પહેલાં તો આવી રીતે હિલા કરીને માછલીઓ પકડી, પછી ધીરે–ધીરે ખુલ્લમ–ખુલ્લો શિકાર કરવા લાગ્યા, તો એમાં બે ગ્રૂપો બની ગયા. એક ગ્રૂપ ઉલમા અને નેક લોકોનું હતું, જેમણે તેમને એવું કરવાથી રોક્યા, પરંતુ તેઓ ન રોકાયા. તો તેઓ તેમનાથી સામાજિક સંબંધ કાપીને બિલકુલ અલગ થઈ ગયા અને વસ્તીના બે ભાગ પાડી દીધા. એકમાં આ નાફરમાન લોકો રહી ગયા અને બીજામાં આલિમો અને નેક લોકો રહી ગયા. એક દિવસે આ નેક લોકોને એવું મહેસૂસ થવા લાગ્યું કે જે વિભાગમાં આ નાફરમાન લોકો રહેતા હતા ત્યાં બિલકુલ સન્નાટો છવાઈ ગયો છે, ત્યાં જઈને જોયું તો બધાના જ ચહેરા વાંદરાઓ જેવા થઈ ગયા હતા અને હઝરત કતાદહ (રહ.) ફરમાવે છે કે, "યુવાનોના ચહેરા વાંદરાઓ જેવા હતા અને ઘરડાઓના ચહેરા સુવ્વર જેવા થઈ ગયા હતા. આ ચહેરા બદલાયેલા વાંદરા પોતાના સગા અને સંબંધીઓને ઓળખતા હતા અને તેમની પાસે આવીને રડતા હતા."

ચહેરા બદલાયેલ લોકોની પેઢીઓ (વંશ–વેલો) આગળ નથી વધતી :

આ મા'મલામાં સાચી વાત એ છે કે, પોતે રસૂલ ﷺની અબ્દુલ્લાહ બિન મસ્ઊદ (રદિ.)થી બયાન થયેલ સહીહ રિવાયતમાં નકલ થયું છે કે, "અમુક લોકોએ આપ ﷺના સમયમાં મૌજૂદ વાંદરાઓ અને સુવ્વરો વિશે આપ ﷺને

પૂછ્યું કે, "શું આ તેઓ ચહેરા બદલાયેલા યહૂદીઓ જ છે ?" આપ ﷺએ ફરમાવ્યું કે, "અલ્લાહ તઆલા જ્યારે કોઈ કૌમનો ચહેરો બદલી નાખવાનો અઝાબ નાઝિલ કરે છે તો તેમની નસલો અને પેઢીઓ આગળ નથી વધતી." (બલકે, અમુક દિવસોમાં હલાક થઈને નાશ પામે છે.) અને પછી ફરમાવ્યું કે, "વાંદરાઓ અને સુવ્વરો દુનિયામાં પ્રથમથી જ મૌજૂદ છે" (અને આજે પણ છે, પરંતુ ચહેરા બદલાયેલા વાંદરાઓ અને સુવ્વરો સાથે તેમને કોઈ લેવા-દેવા નથી).

આ પ્રસંગ પર અમુક મુફસ્સિરોએ સહીહ બુખારીના હવાલાથી વાંદરાઓમાં વ્યભિચારની સજા સ્વરૂપે સંગસાર કરવાની એક ઘટનાનું વર્ણન કર્યું છે પરંતુ આ ઘટના બુખારીના સહીહ નુસ્ખાઓ (પ્રતો)માં મૌજૂદ નથી અને ન જ તેની રિવાયત સહીહ છે. કુર્તુબી (રહ.)એ તે જગ્યાએ પોતાનો ખુલાસો વર્ણન કર્યો છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૬૭)

وَاِذْ قَالَ مُوْسٰى لِقَوْمِهٖٓ اِنَّ اللّٰهَ يَاْمُرُكُمْ اَنْ تَذْبَحُوْا بَقَرَةً ۭ
قَالُوْٓا اَتَتَّخِذُنَا هُزُوًا ۭ قَالَ اَعُوْذُ بِاللّٰهِ اَنْ اَكُوْنَ مِنَ الْجٰهِلِيْنَ ﴿٦٧﴾

તરજુમો :

અને જ્યારે મૂસા (અલૈ.)એ પોતાની કૌમથી કહ્યું; નિઃશંક ! અલ્લાહ તમને હુકમ આપે છે કે તમે એક ગાય ઝબહ કરો; તેઓ કહેવા લાગ્યા; શું તમે અમારાથી મજાક કરો છો ? તેણે કહ્યું; હું અલ્લાહનું શરણ (પનાહ) લઉં છું કે હું અજ્ઞાનીઓમાંથી થઈ જાઉં. (૬૭)

તફસીર :

અને (તે સમયને યાદ કરો) જ્યારે (હઝરત) મૂસા (અલૈ.)એ પોતાની કૌમને કહ્યું કે, અલ્લાહ તઆલા તમને હુકમ આપે છે (કે જો લાશના ખૂનીની જાણકારી મેળવવી હોય) તો તમે એક વાછરડું ઝબહ કરો, તેઓ કહેવા લાગ્યા કે

શું તમે અમારી મશ્કરી કરો છો ? (ક્યાં ખૂનીની તહકીક અને ક્યાં જાનવરને ઝબહ કરવું ? બંનેમાં શું મેળ ?) મૂસા (અલૈ.)એ ફરમાવ્યું, નઊઝુબિલ્લાહ ! જો હું આવું અજ્ઞાનતાનું કામ કરું (કે અલ્લાહના હુકમની મશ્કરી કરવા લાગું) !

ખુલાસો :

આ ઘટના એવી રીતે બની કે, બની ઈસ્રાઈલમાં એક વ્યક્તિનું ખૂન થઈ ગયું હતું, મિશ્કાત શરીફની શરહ, મિરકાતમાં લખ્યું છે કે, "બની ઈસ્રાઈલમાં એક ખૂન થઈ ગયું હતું. કોઈ વ્યક્તિએ માર્યા ગયેલા માણસની પુત્રી માટે શાદીની દરખાસ્ત કરી હતી પરંતુ તેણે ઈન્કાર કરી દીધો અને પેલા માણસે તેનું ખૂન કરી નાંખ્યું. ખૂની લાપતા હતો, ખૂની કોણ છે તેની ભાળ મળતી ન હતી."

મઆલિમમાં કલબી (રહ.)નું આ નિવેદન આવેલ છે કે, "તે સમય સુધી તવરાતમાં તે વિશે શરીઅતનો કોઈ હુકમ પણ નાઝિલ થયો ન હતો. જેનાથી ખબર પડે છે કે, આ ઘટના તવરાત ઊતરવા પહેલાંની હતી."

મતલબ કે બની ઈસ્રાઈલે મૂસા (અલૈહિસ્સલામ)ને વિનંતી કરી કે અમે ઈચ્છીએ છીએ કે ખૂનીનો પત્તો લાગે. હઝરત મૂસા (અલૈ.)એ અલ્લાહના હુકમથી એક વાછરડો ઝબહ કરવાનો હુકમ કર્યો. યહૂદીઓએ પોતાની ટેવ મુજબ અને પોતાની શરારત પ્રમાણે તેમાં વાંધા-વચકા કરવાનું શરૂ કરી દીધું. આગળની આયતોમાં તેનો ખુલાસો છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૬૮ થી ૭૧)

قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ ۭ قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا بَقَرَةٌ لَّا فَارِضٌ وَّلَا بِكْرٌ ۭ
عَوَانٌۢ بَيْنَ ذٰلِكَ ۭ فَافْعَلُوْا مَا تُؤْمَرُوْنَ ﴿٦٨﴾ قَالُوا ادْعُ لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا لَوْنُهَا ۭ
قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا بَقَرَةٌ صَفْرَاۗءُ ۙ فَاقِعٌ لَّوْنُهَا تَسُرُّ النّٰظِرِيْنَ ﴿٦٩﴾ قَالُوا ادْعُ
لَنَا رَبَّكَ يُبَيِّنْ لَّنَا مَا هِيَ ۙ اِنَّ الْبَقَرَ تَشٰبَهَ عَلَيْنَا ۭ وَاِنَّآ اِنْ شَاۗءَ اللّٰهُ لَمُهْتَدُوْنَ ﴿٧٠﴾
قَالَ اِنَّهٗ يَقُوْلُ اِنَّهَا بَقَرَةٌ لَّا ذَلُوْلٌ تُثِيْرُ الْاَرْضَ وَلَا تَسْقِي الْحَرْثَ ۚ
مُسَلَّمَةٌ لَّا شِيَةَ فِيْهَا ۭ قَالُوا الْـٰٔنَ جِئْتَ بِالْحَقِّ ۭ فَذَبَحُوْهَا وَمَا كَادُوْا يَفْعَلُوْنَ ﴿٧١﴾ ع ٨

તરજુમો :

તેમણે કહ્યું, પોતાના રબ(થી) દુઆ કરો, અમને બતાવે તે (ગાય) કેવી હોય? તેણે કહ્યું, નિઃશંક તે ફરમાવે છે કે તે ગાય ન ઘરડી અને ન નાની ઉંમર(ની); આ બંને વચ્ચેની જુવાન; બસ તમને જે હુકમ આપવામાં આવે છે, કરો ! (૬૮) તેમણે કહ્યું, અમારા માટે પોતાના રબથી દુઆ કરો, તે અમને બતાવે, તેનો રંગ કેવો (હોય) ? તેણે કહ્યું, નિઃશંક તે ફરમાવે છે કે તે ગાય, ઘેરા પીળા રંગ(ની) હોય; તેનો રંગ જોનારને સારો લાગે. (૬૯) તેમણે કહ્યું, અમારા માટે પોતાના રબથી દુઆ કરો, તે અમને બતાવે તે કેવી હોય? કારણ કે ગાય (વિશે) અમને શંકા થઈ ગઈ; અને નિઃશંક જો અલ્લાહ ચાહે તો અમે જરૂર હિદાયત મેળવી લઈશું. (૭૦) તેણે કહ્યું, નિઃશંક તે ફરમાવે છે કે તે એક ગાય ન પલોટાયેલી, જમીન ખેડવામાં અને ન ખેતી(ને) પાણી આપવામાં; ખોડ–ખાંપણરહિત હોય, તેમાં કોઈ ડાઘ ન હોય; તેઓ (બની ઈસ્રાઈલ) બોલ્યા, હવે તમે ઠીક વાત બોલ્યા; પછી તેમણે તેને ઝબહ કરી, અને તેઓ એવા લાગતા ન હતા (કે) તેઓ (ગાય ઝબહ) કરશે! (૭૧)

તફસીર :

તે લોકો કહેવા લાગ્યા કે તમે અમારા માટે પોતાના પરવરદિગારથી દરખાસ્ત કરો (કે જેથી તે) અમને વર્ણન કરી આપે કે (તે વાછરડીના) લક્ષણો કેવા હોય ? આપે ફરમાવ્યું કે તે (મારી દરખાસ્તના જવાબમાં) ફરમાવે છે કે તે એવી વાછરડી હોય કે ન ઘરડી હોય, ન નાનું બચ્ચું (બલકે) યુવાન હોય, ઘરડા (પશુ) અને બચ્ચા (બન્નેની) વચ્ચેનું; બસ (વધારે દલીલબાજી ન કરો બલકે) કરો જે તમને કરવાનો હુકમ મળ્યો છે. કહેવા લાગ્યા કે (સારૂં પણ) અમારા માટે પોતાના પરવરદિગારથી આ દરખાસ્ત કરી આપો કે અમને તે (પણ) બતાવી દે કે તેનો રંગ કેવો હોય ? આપે ફરમાવ્યું, (તેના વિશે) અલ્લાહ તઆલા ફરમાવે છે કે, તે એક ઘેરા પીળા રંગની વાછરડી હોય કે જોનારાઓને સુંદર લાગે, કહેવા લાગ્યા કે (હવે એક વખતે) અમારા માટે પોતાના રબથી પૂછી લો કે, (પ્રથમ સવાલનો જવાબ જરા ખુલાસાવાર) અમને વર્ણન કરે કે તેની ખાસિયતો શું શું હોય ? કારણ કે અમને આ વાછરડી વિશે (અમુક) શંકાઓ (બાકી) છે (કે તે

મા'મૂલી વાછરડી હોય અથવા કોઈ એવી અજીબો ગરીબ કે ખૂનીની તહકીક માટે આગવો પ્રભાવ ધરાવતી હોય) અને અમે જરૂર ઈન્શાઅલ્લાહ (હવે) બરાબર સમજી જઈશું. મૂસા (અલૈ.)એ જવાબ આપ્યો કે અલ્લાહ તઆલા ફરમાવે છે (કે તે કોઈ અજીબો ગરીબ વિચિત્ર પ્રાણી નથી, તે જ સામાન્ય વાછરડી છે અલબત્ત ઉમદા કુળની હોવી જોઈએ અને ઉપરોક્ત પ્રમાણેની ખાસિયતો હોવી જોઈએ) ન તો હળમાં જોતરવામાં આવેલ હોય, જેનાથી જમીન ખેડવામાં આવે છે અને ન (કુવાના કોસમાં જોડવામાં આવેલ હોય કે) તેણે ખેતીને પાણી પાધું હોય (મતલબ કે દરેક પ્રકારની ખોડ–ખાંપણથી મુક્ત હોય) તંદુરસ્ત હોય અને તેમાં (કોઈ પ્રકારનો) ડાઘ ન હોય. (આ સાંભળીને બની ઈસ્રાઈલ) કહેવા લાગ્યા (હા) તમે હવે સંપૂર્ણ (સ્પષ્ટ) વાત સંભળાવી (પછી એવું જાનવર શોધીને ખરીદ્યું) પછી તેને ઝબહ કરી દીધું. અલબત્ત તેઓ દેખીતી રીતે આવું કરે એવા લાગતા ન હતા !

ખુલાસો :

હદીષ શરીફમાં છે કે, જો તેઓએ આવી દલીલબાજીઓ ન કરી હોત તો આટલી બધી શરતો તેમના માથે ન આવી હોત, જે પણ ગાય ઝબહ કરી આપી હોત તે સ્વીકારી લેવામાં આવી હોત.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૭૨–૭૩)

وَإِذْ قَتَلْتُمْ نَفْسًا فَادّٰرَءْتُمْ فِيهَا ۖ وَاللّٰهُ مُخْرِجٌ مَّا كُنْتُمْ تَكْتُمُونَ ۝٧٢ فَقُلْنَا

اضْرِبُوهُ بِبَعْضِهَا ۚ كَذٰلِكَ يُحْيِ اللّٰهُ الْمَوْتٰى ۙ وَيُرِيكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ تَعْقِلُونَ ۝٧٣

તરજુમો :

અને જ્યારે તમે એક વ્યક્તિ મારી નાંખ્યો, પછી તમે એમાં પરસ્પર આરોપ મૂકવા લાગ્યા; અને અલ્લાહ જાહેર કરનારો (હતો) જે તમે છુપાવતા હતા. (૭૨) પછી અમે કહ્યું, તમે તેને (લાશને) એનો (ગાયના ગોસ્તનો) ટૂકડો મારો; અલ્લાહ આવી રીતે લાશને સજીવન કરશે અને (અલ્લાહ) તમને પોતાની નિશાનીઓ બતાવે છે, જેથી તમો ચિંતન કરો. (૭૩)

તફસીર :

અને (તે સમયને યાદ કરો) જ્યારે તમે લોકો(માંથી કોઈ)એ એક માણસનું ખૂન કરી નાંખ્યું પછી (પોતાને નિર્દોષ પુરવાર કરવા માટે) એકબીજા ઉપર આરોપ મૂકવા લાગ્યા; અને અલ્લાહ તઆલાને આ વાત જાહેર કરવી મંજૂર હતી જેને તમે (ગુનેહગાર અને શકમંદ લોકોને) છુપાવવા ચાહતા હતા. એટલા માટે (ગાય ઝબહ કર્યા પછી) અમે હુકમ આપ્યો કે આ (મૃત્યુ પામેલ વ્યક્તિની લાશ ઉપર) તેનો (ગાયના ગોસ્તનો) કોઈ ટૂકડો મૂકી દો (એટલે ટૂકડો અડકવાથી તે સજીવન થઈ ગયો, અલ્લાહ તઆલા કયામતના ઈન્કારીઓને આ ઘટના દલીલ સ્વરૂપે ફરમાવે છે કે) આવી રીતે અલ્લાહ તઆલા (કયામતમાં) મુરદાઓને સજીવન કરશે અને અલ્લાહ તઆલા પોતાની નિશાનીઓ તમને બતાવે છે એ ઉમ્મીદથી કે તમે બુદ્ધિથી કામ લો. (અને આ ઉદાહરણ દ્વારા શિખામણ પ્રાપ્ત કરો તથા અલ્લાહના હુકમોનો ઈન્કાર કરવાથી દૂર રહો.)

ખુલાસો :

જ્યારે આ લાશ સાથે ઉપર બતાવ્યા પ્રમાણે કરવામાં આવ્યું તો તે મૃત વ્યક્તિ જીવતો થઈ ગયો અને તેણે પોતાના ખૂનીનું નામ બતાવી દીધું અને પાછો તરત જ મૃત્યુ પામ્યો.

અહીંયાં ફક્ત મૃત્યુ પામેલ વ્યક્તિનું વર્ણન એટલા માટે પૂરતું સમજવામાં આવ્યું છે કે, હઝરત મૂસા (અલૈ.)ને વહી દ્વારા ખબર થઈ ગઈ હતી કે, આ મૃત્યુ પામેલ વ્યક્તિ સાચું બોલશે. ફક્ત મરણ જનાર વ્યક્તિના વર્ણનથી શરીઅતની ગવાહી વગર કોઈના ઉપર કતલને સાબિત કરવું પૂરતું નથી હોતું.

અહીંયાં એવી શંકા કરવી પણ બરાબર નથી કે અલ્લાહ તઆલાને તો મડદું જીવતું કરવાની એમ જ તાકાત હતી અથવા તો મૃત્યુ પામેલ વ્યક્તિને જીવંત કર્યા વગર પણ કાતિલનું નામ બતાવી શકાતું હતું, તો પછી આ બધા સામાનની શું જરૂર હતી ? તો વાત એમ છે કે અલ્લાહ તઆલાનું કોઈ કામ જરૂરત અને મજબૂરીના કારણે નથી હોતું બલકે, મસ્લિહત અને હિકમત માટે હોય છે. અને આ ઘટનાથી અલ્લાહની હિકમત શું હતી તે માત્ર અલ્લાહ જ બહેતર જાણે છે આપણા માટે તે જાણવું જરૂરી નથી કે આ કિસ્સાની મસ્લિહત શું

હશે ? અને ન જ એ પણ જરૂરી છે કે દરેક ઘટનાની હિકમત આપણી સમજમાં આવી જ જાય. એટલા માટે એની પાછળ પડી પોતાની કિંમતી જિંદગીના સમયને વેડફી ન નાંખવો જોઈએ. બલકે, સાચી રીત એ છે કે આવી બાબતોમાં મૌન ધારણ કરવામાં આવે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૭૪)

ثُمَّ قَسَتْ قُلُوْبُكُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ فَهِيَ كَالْحِجَارَةِ اَوْ اَشَدُّ قَسْوَةً ؕ وَاِنَّ مِنَ
الْحِجَارَةِ لَمَا يَتَفَجَّرُ مِنْهُ الْاَنْهٰرُ ؕ وَاِنَّ مِنْهَا لَمَا يَشَّقَّقُ فَيَخْرُجُ مِنْهُ الْمَآءُ ؕ
وَاِنَّ مِنْهَا لَمَا يَهْبِطُ مِنْ خَشْيَةِ اللّٰهِ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿٧٤﴾

તરજુમો :

પછી ત્યારબાદ તમારા દિલો સખત થઈ ગયા; બસ તે પથ્થર જેવા; અથવા એથી વધુ સખત; અને નિઃશંક, અલબત્ત અમુક પથ્થરો (એવા છે) જેમાંથી ઝરણાં ફૂટી નીકળે છે; અને નિઃશંક એમાં અમુક એવા ("પથ્થરો") છે જે ફાટે છે પછી તેમાંથી પાણી નીકળે છે; અને નિઃશંક અમુક (પથ્થરો) એમાંથી અલ્લાહથી ડરી ગબડી જાય છે અને જે તમે કરો છો તેનાથી અલ્લાહ અજાણ નથી. (૭૪)

તફસીર :

(પાછળ વર્ણન થઈ ચૂકેલી ઘટનાઓ ઉપર ધ્યાન ન આપવાના કારણે ફરિયાદ સ્વરૂપે આ ઉલ્લેખ થયો છે.) આવી આવી ઘટનાઓ પછી (તેમનું દિલ બિલકુલ નરમ અને અલ્લાહ તઆલાની મોટાઈથી ભરાઈ જવું જોઈતું હતું પરંતુ) તેમના દિલો તો સખત જ રહ્યા. તેમનું ઉદાહરણ પથ્થર જેવું છે (બલકે, એવું કહેવું જોઈએ કે) તેઓ સખ્તીમાં તેમનાથી (પણ વધારે રહ્યા અને પથ્થરથી વધારે સખત એટલા માટે કહેવામાં આવે છે કે) અમુક પથ્થરો તો એવા છે જેમાંથી (મોટા મોટા) ઝરણાં ફૂટી નીકળે છે અને અમુક પથ્થરો એવા છે જે ફાટી જાય છે અને પછી તેમાંથી પાણી નીકળે છે. અને એ જ પથ્થરોમાં અમુક પથ્થરો એવા છે

(જે) અલ્લાહના ડરથી ગબડી પડે છે (પરંતુ તમારા દિલોમાં કોઈ પ્રકારની અસર જ નથી થતી !) અને (આ દિલની સખ્તી જે ખરાબ કૃત્યોથી ઉત્પન્ન થાય છે) અલ્લાહ તઆલા તમારા (તે) અમલોથી બેખબર નથી ! (ઘણી જ જલદી તેની સજા તમને મળશે.)

ખુલાસો :

આ સ્થળે પથ્થરની ત્રણ ખાસિયતો વર્ણન કરવામાં આવી છે. પ્રથમ એ કે વધારે પાણી નીકળે છે, બીજું પાણી નીકળે છે. આ બે બાબતોમાં તો કોઈને કોઈ પ્રકારની શંકા નથી. ત્રીજું સ્વરૂપ એટલે કે અલ્લાહના ડરથી પથ્થરો ગબડી પડે છે (ભૂસ્ખલન થાય છે), તેમાં શક્ય છે કે કોઈને શંકા હોય. કારણ કે પથ્થરમાં કોઈ બુદ્ધિ નથી હોતી અને તે સજીવ પણ નથી. અત્રે એટલું સમજી લેવું જોઈએ કે ડરવા માટે બુદ્ધિની જરૂર નથી કારણ કે, પ્રાણીઓમાં પણ બુદ્ધિનું પ્રમાણ મનુષ્ય જેટલું નથી તો પણ તેઓ ડરે છે. એવી જ રીતે નિર્જીવ પદાર્થોમાં પણ બુદ્ધિનું પ્રમાણ હોવું ન હોવું એ કોઈ દલીલ નથી. કારણ કે બુદ્ધિ જીવન ઉપર અવલંબિત છે અને શક્ય છે કે નિર્જીવ પદાર્થોમાં કોઈ એવા પ્રકારની જીવરચના હોય કે જેને મનુષ્યની બુદ્ધિ સમજી શકતી ન હોય. મતલબ કે બુદ્ધિ હોવું, ન હોવું અક્કલની દલીલોના માપદંડ વડે મૂલવી ન શકાય ! પ્રત્યેક પદાર્થના જીવનના પ્રકારોને શક્ય છે કે મનુષ્ય ન પણ સમજી શકે ! અને ફક્ત બુદ્ધિની દલીલોથી આ બાબતો સમજવી મુશ્કેલ છે. એટલા માટે કુર્આનની ખુલ્લી દલીલો અને વર્ણનોથી તેને સમજવી જોઈએ.

પછી આપણો દા'વો એવો પણ નથી કે, પથ્થરો હંમેશા ડરથી જ ગબડે છે. કારણ કે અલ્લાહ તઆલાએ એવું ફરમાવ્યું છે કે અમુક પથ્થર ડરના કારણે ગબડી પડે છે. બસ, શક્ય છે કે ગબડવાના કારણો ભિન્ન–ભિન્ન હોઈ શકે છે અને એમાંથી અમુક સામાન્ય ભૌગોલિક ઘટના સ્વરૂપે હોય અને અમુક પથ્થરો ગબડવાનું (ભૂસ્ખલન થવાનું) એક કારણ અલ્લાહનો ડર પણ હોઈ શકે છે !

આ સ્થળે ત્રણ પ્રકારના પથ્થરોના ઉલ્લેખનો ક્રમ ઘણો સુંદર છે અને તેનું વર્ણન ખૂબ જ આકર્ષક સ્વરૂપે રજૂ કરવામાં આવ્યું છે. એટલે કે અમુક પથ્થરોમાં એટલી મજબૂત તાસીર (ખાસિયત) હોય છે કે જેમાંથી ઝરણાંઓ ફૂટી નીકળે છે,

જેનાથી અલ્લાહની મખ્લૂક ફાયદો પણ ઉઠાવે છે, પરંતુ આ યહૂદીઓના દિલો તો પથ્થરો જેવા પણ નથી કે અલ્લાહની મખ્લૂકની મુસીબત અને તકલીફ જોઈને પીગળી જાય. અમુક પથ્થરોમાં તેનાથી ઓછી તાસીર હોય છે, જેનાથી ઓછો લાભ પહોંચે છે. આ પ્રકારના પથ્થરોમાંથી ઝરણાં ફૂટનારા પથ્થરો કરતાં ઓછું પાણી નીકળે છે પરંતુ તેમના દિલો આ બન્ને પ્રકારના પથ્થરોથી પણ વધારે સખત છે.

અને અમુક પથ્થરોમાં ઉપરોક્ત પ્રમાણેની બન્ને પ્રકારની ખાસિયતો નથી હોતી, પરંતુ તો પણ એક અસર તો છે જ કે, તે અલ્લાહના ડરથી ગબડી પડે છે. ભલે તે ઉપરોક્ત પથ્થરોથી હલકી કક્ષાના ગુણ–લક્ષણ ધરાવતા હોય પરંતુ આ યહૂદીઓના દિલોમાં તો ડરની ભાવના પણ નથી દેખાતી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૭૫)

اَفَتَطْمَعُوْنَ اَنْ يُّؤْمِنُوْا لَكُمْ وَقَدْ كَانَ فَرِيْقٌ مِّنْهُمْ يَسْمَعُوْنَ
كَلٰمَ اللّٰهِ ثُمَّ يُحَرِّفُوْنَهٗ مِنْۢ بَعْدِ مَا عَقَلُوْهُ وَهُمْ يَعْلَمُوْنَ ۝٧٥

તરજુમો :

(હે મુસલમાનો !) પછી શું તમે આશા રાખો છો કે તમારા કહેવાથી તેઓ ઈમાન લાવશે ? અને તેમનામાંથી એક સમૂહ (એવો) હતો (કે) તેઓ અલ્લાહનું કલામ સાંભળે છે; પછી તેને બદલી નાંખે છે (તેમાં ફેરફાર કરે છે) તેને સમજી લીધા બાદ; અને તેઓ (આ ફેરફાર કરી રહ્યા છે એવું સારી રીતે) જાણે છે. (૭૫)

તફસીર :

મુસલમાનો યહૂદીઓને મો'મિન બનાવવાની કોશિશ કરી રહ્યા હતા અને તેમાં તકલીફ ઉઠાવી રહ્યા હતા, તો યહૂદીઓના દિલોમાં પરિસ્થિતિઓ અને અગાઉ અલ્લાહની કિતાબોમાં તેમણે કરેલ ફેરફારની ઘટનાઓ સંભળાવીને મુસલમાનોને ખોટી ઉમ્મીદ ન રાખવા અને ખોટી તકલીફ ન ઉઠાવવાનો બોધ આ આયત દ્વારા આપવામાં આવ્યો છે.

(હે મુસલમાનો !) શું (આ સંપૂર્ણ ઘટના સાંભળીને) હજુપણ તમે આશા રાખો છો કે આ (યહૂદીઓ) તમારા કહેવાથી ઈમાન લઈ આવશે ?! હાલાં કે (ઉપરોક્ત કિસ્સાઓથી વધીને એક વાત એમનાથી એવી પણ થઈ ચૂકી છે કે) એમાં અમુક લોકો એવા થયા છે કે અલ્લાહનું કલામ સાંભળતા હતા અને પછી તેને કંઈનું કંઈ (ફેરફાર) કરી નાંખતા હતા (અને) તેને સમજી લીધા પછી (એવું કરતા હતા). અને (એમાં સાચી વાત તો એ હતી કે આવું તેઓ પોતે પણ) જાણતા હતા (કે અમે અલ્લાહના કલામમાં ફેરફાર કરવાનું ખરાબ કૃત્ય કરી રહ્યા છે પરંતુ ફક્ત પોતાનો સ્વાર્થ સાધવા અને મનેચ્છાઓને સંતોષવા આવું કરતા હતા).

ખુલાસો :

મતલબ એ છે કે આ લોકો એવા બેબાક અને સ્વાર્થવૃત્તિના ગુલામ બની ગયા હતા કે તેઓ કોઈના કહેવા–સાંભળવાથી ક્યારેય પાછા વળવાના ન હતા અથવા કોઈની પણ વાત માનનારા ન હતા.

અલ્લાહના કલામનો અર્થ અત્રે "તવરાત" છે અને સાંભળવાનો અર્થ અંબિયા (અલૈ.)ની વાતો સાંભળવી છે અને તહરીફનો અર્થ છે કે તવરાતમાં અમુક શબ્દો અથવા તફસીરો અથવા બંને બદલી નાંખતા હતા. અથવા "કલામ"નો અર્થ તે કલામ છે જે સિત્તેર માણસોએ મૂસા (અલૈ.) સાથે ગવાહીરૂપે તૂર પર્વત ઉપર સાંભળ્યું હતું અને "સિમાઅ્"નો અર્થ છે "સીધે–સીધું સાંભળવું" અને તહરીફનો અર્થ કૌમને આ રીતે જૂઠું કહી દેવું કે, છેલ્લે અલ્લાહ તઆલાએ આ પણ ફરમાવ્યું હતું કે "જે હુકમ તમારાથી અદા ન થઈ શકે તે મા'ફ છે."

ઉપરોક્ત હુકમોમાંથી કોઈ એક હુકમનો પણ અનાદર ભલે રસૂલે કરીમ ﷺના સમકાલીન યહૂદીઓથી ન થયો હોય પરંતુ તે લોકો પણ પોતાના વડવાઓના તે કૃત્યોથી સૂગ અને નફરત કરતા ન હતા. એટલા માટે સ્વાભાવિક છે કે આ હુકમમાં તેઓ પણ તેમના વડવાઓ જેવા જ સમાન રીતે જવાબદાર ગણાય.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૭૬)

وَإِذَا لَقُوا الَّذِينَ آمَنُوا قَالُوا آمَنَّا ۚ وَإِذَا خَلَا بَعْضُهُمْ إِلَىٰ بَعْضٍ قَالُوا أَتُحَدِّ
ثُونَهُمْ بِمَا فَتَحَ اللَّهُ عَلَيْكُمْ لِيُحَاجُّوكُمْ بِهِ عِنْدَ رَبِّكُمْ ۚ أَفَلَا تَعْقِلُونَ ﴿٧٦﴾

તરજુમો :

અને જ્યારે (તેઓ) જે લોકો ઈમાન લાવ્યા તેમને મળે છે, તો તેઓ કહે છે; અમે ઈમાન લાવ્યા; અને જ્યારે એમના અમુક (યહૂદી મિત્રો) પાસે એકલા હોય છે ત્યારે કહે છે; શા માટે તમે તેમને (મુસલમાનોને) બતાવો છો, જે અલ્લાહે તમારા ઉપર (તવરાતમાં) જાહેર કર્યું? જેથી તેઓ તેને તમારા રબ સામે તમારા વિરૂદ્ધ દલીલ બનાવે; શું તમે (આટલું પણ) સમજતા નથી? (૭૬)

તફસીર :

અને જ્યારે મુસલમાનોથી (યહૂદી મુનાફિકો) મળે છે તો (તેમને તો) કહે છે કે અમે (પણ) ઈમાન લઈ આવ્યા છે અને જ્યારે (આપસમાં) એકાંતમાં હોય છે, એટલે કે અમુક (યહૂદી મુનાફિકો) બીજા અમુક (ખુલ્લા યહૂદીઓ)ની પાસે (હોય છે તો તેમની સામે પોતાની વફાદારી જાહેર કરે છે ત્યારે) તેઓ (ખુલ્લા યહૂદીઓ) તેમને કહે છે કે તમે (આ) શું (કરી રહ્યા છો કે) મુસલમાનોને (ખુશામત માટે) તે વાતો બતાવી આપો છો જે અલ્લાહ તઆલાએ (તવરાતમાં) તમારા ઉપર જાહેર કરી દીધી છે, (જ્યારે કે અમે તે વાતો મસ્લિહત ખાતર ગુપ્ત રાખીએ છીએ) પરિણામ એ આવશે કે તે લોકો તમને દલીલોમાં હરાવી દેશે કે (જુઓ) આ વિષય અલ્લાહ તરફથી (તમારી કિતાબમાં આવ્યો) છે. શું તમે (આટલી સ્પષ્ટ વાત પણ) સમજતા નથી?

ખુલાસો :

મુનાફિકો ક્યારેક કોઈ એકાદ વખતે ખુશામતમાં પોતાના ઈમાનની સચ્ચાઈને જાહેર કરવાનો દંભ કરવા માટે મુસલમાનોને કહી દેતા હતા કે, તવરાતમાં રસૂલુલ્લાહ ﷺ વિશે આગાહી આવી છે, અથવા કુર્આન શરીફ વિશે

ખબર આવી છે વગેરે વગેરે. તેના ઉપર તેમની કૌમના અમુક લોકો તેમને બુરું–ભલું કહેતા હતા.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૭૭–૭૮–૭૯)

أَوَلَا يَعْلَمُونَ أَنَّ اللَّهَ يَعْلَمُ مَا يُسِرُّونَ وَمَا يُعْلِنُونَ ﴿٧٧﴾ وَمِنْهُمْ أُمِّيُّونَ لَا
النصف يَعْلَمُونَ الْكِتَابَ إِلَّا أَمَانِيَّ وَإِنْ هُمْ إِلَّا يَظُنُّونَ ﴿٧٨﴾ فَوَيْلٌ لِّلَّذِينَ يَكْتُبُونَ الْكِتَابَ
بِأَيْدِيهِمْ ثُمَّ يَقُولُونَ هَٰذَا مِنْ عِنْدِ اللَّهِ لِيَشْتَرُوا بِهِ ثَمَنًا قَلِيلًا ۖ فَوَيْلٌ لَّهُمْ
مِّمَّا كَتَبَتْ أَيْدِيهِمْ وَوَيْلٌ لَّهُمْ مِّمَّا يَكْسِبُونَ ﴿٧٩﴾

તરજુમો :

શું તેઓ નથી જાણતા !? કે અલ્લાહ (સઘળું) જાણે છે, જે તેઓ છુપાવે છે અને જે તેઓ જાહેર કરે છે ? (૭૭) અને તેમનામાં (કેટલાક) એવા છે જેઓ અજ્ઞાનીઓ છે કિતાબ (તવરાત) નથી જાણતા; સિવાય (પાયાવિહોણી) તમન્નાઓ ! અને તેઓ (કશું જ) નથી (જાણતા) ફક્ત અટકળો (અનુમાનો)થી કામ લે છે. (૭૮) બસ તેમના માટે ખરાબી (છે) જેઓ પોતાના હાથોથી કિતાબ લખે છે; પછી તેઓ કહે છે, આ અલ્લાહ તરફથી (છે); જેથી તેઓ તેના વડે થોડી કિંમત પ્રાપ્ત કરે; બસ (તેઓ) તેમના માટે ખરાબી (વિનાશ નોંતરે છે), તે (બાબત)થી જે તેમણે તેમના હાથે લખ્યું (છે); અને ખરાબી તેમના માટે તે કમાણીથી છે જે તેઓ તેનાથી કરે છે. (૭૯)

તફસીર :

શું તેમને એનું જ્ઞાન નથી કે અલ્લાહ તઆલાને બધી જ ખબર છે, તે વસ્તુઓની પણ જેને તેઓ છુપાવી રાખે છે અને તે વસ્તુઓની પણ જેને તેઓ જાહેર કરે છે ? (તો જો મુનાફિકોએ મો'મિનોથી પોતાનું કુફ્ર છુપાવ્યું તો પણ શું ? અને તે બુરું–ભલું કહેનારાઓએ આપ ﷺના આગમનની ખુશખબરી વગેરે

વિશે છુપાવ્યું તો પણ શું ? અલ્લાહને બધી જ ખબર છે. અલ્લાહ તઆલાએ આ બાબતે મુસલમાનોને ઘણે ઠેકાણે ખબર આપી જ દીધી છે.)

આ આયતમાં યહૂદીઓના ભણેલા–ગણેલા લોકોનું વર્ણન હતું, આગળ તેમના અભણ લોકોનો ઉલ્લેખ આ પ્રમાણે થયો છે.

અને તેમના (યહૂદીઓ)માં ઘણા એવા અભણ (પણ) છે જેઓ કિતાબ (તવરાત)નું જ્ઞાન નથી ધરાવતા પરંતુ (પાયાવિહોણી) દિલ ખુશ થઈ જાય તેવી વાતો (ઘણી યાદ છે) અને તે લોકો કંઈ બીજું નહિ (આવી જ ઢંગધડા વગરની વાતોની) કલ્પનાઓ કરી લે છે (અને આમ બનવું એક તો એમના આલિમોના અધૂરા શિક્ષણના કારણે હોય છે અને વધારામાં તેમની સમજશક્તિ પણ ઓછી છે. આવી પરિસ્થિતિમાં પાયાવિહોણી કલ્પનાઓના કારણે ઘટનાઓની વાસ્તવિક પરિસ્થિતિઓ વિશે તેમને જ્ઞાન હોઈ શકતું નથી. કહેવત પ્રમાણે ''એક તો કડવું કારેલું ઉપરથી લીમડા ઉપર ચઢ્યું,'' જેવા તેમના હાલ હતા).

તેમની અંધશ્રદ્ધામાં તેમના ઉલમાની ખયાનત (અપ્રમાણિકતા) મોટું કારણ હતું. એટલા માટે ગુનાહમાં પણ તેઓ સામાન્ય વ્યક્તિઓ કરતાં વધારે ગણાય. તેનું જ વર્ણન અહીંયાં થયું છે.

(જ્યારે ઉપરોક્ત સામાન્ય માણસોની આવી હાસ્યાસ્પદ વાતો માટે અને આવી અજ્ઞાનતા માટે તેમના ઉલમા જ જવાબદાર છે.) તો મોટી ખરાબી તેમને થશે જેઓ લખે છે (હેર–ફેર કરી) કિતાબ (તવરાત)ને પોતાના હાથોથી ! (અને) પછી (સામાન્ય લોકોને) કહે છે કે આ (હુકમ) અલ્લાહના તરફથી (આવો જ આવ્યો) છે. જેથી તેના દ્વારા તેઓ થોડી કિંમત પ્રાપ્ત કરી લે તો મોટી ખરાબી (વિનાશ) આવશે. તેમના (તવરાતમાં ફેર–બદલ કરવાના કારણે અને મોટી ખરાબી થશે, તેમના એ કૃત્યના કારણે જેનાથી તેઓ કિંમત પ્રાપ્ત કર્યા કરતા હતા!

ખુલાસો :

યહૂદી આલિમો સામાન્ય માણસોને રાજી રાખવા ખરી–ખોટી વાતો બતાવતા હતા, જેથી તેમને અમુક રોકડ રકમ મળી જતી હતી અને તે થકી સામાન્ય માણસોની નજરમાં ઈજ્જત અને સન્માન પણ મેળવતા હતા. આ

કારણથી તવરાતમાં શાબ્દિક અને અર્થની દષ્ટિએ ફેરફાર પણ કર્યા કરતા હતા. આ આયતોમાં તે બાબતે ચેતવણી આપવામાં આવી છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૮૦)

وَقَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّآ اَيَّامًا مَّعْدُوْدَةً ۭ قُلْ اَتَّخَذْتُمْ عِنْدَ اللّٰهِ
عَهْدًا فَلَنْ يُّخْلِفَ اللّٰهُ عَهْدَهٗٓ اَمْ تَقُوْلُوْنَ عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ۝٨٠

તરજુમો :

અને તેમણે કહ્યું, કદી નહીં સ્પર્શ કરે આગ અમને, સિવાય (કે) થોડા દિવસો! કહી દો ! શું તમે અલ્લાહ પાસેથી કોઈ વાયદો (કરાર) લીધો કે ક્યારેય અલ્લાહ પોતાના વાયદા વિરૂદ્ધ નહીં કરે ? શું તમે અલ્લાહ માટે (તે) કહો છો જે તમે નથી જાણતા ? (૮૦)

તફસીર :

અને યહૂદીઓએ (એ પણ) કહ્યું કે, (જહન્નમની) આગ અમને કદી સ્પર્શ (પણ) નહીં કરે (હા !) પરંતુ થોડા દિવસો (જે આંગળીઓના વેઢે ગણી શકાય એમ છે. હે મુહમ્મદ ﷺ !) તમે (એમને એવું પૂછો કે તમે લોકોએ અલ્લાહ તઆલાથી (આ વિશે) કોઈ કરાર કર્યો છે જેમાં અલ્લાહ તઆલા પોતાના કરારનો ભંગ નહીં કરે ? (અથવા કરાર નથી કર્યો ફક્ત એમ જ) અલ્લાહ તઆલા વિશે એવી વાત કહી (બકી) રહ્યા છો, જેનું તમને લેશમાત્ર પણ જ્ઞાન નથી ?

ખુલાસો :

યહૂદીઓના આ નિવેદન વિશે મુફસ્સિરોએ વિવિધ ખુલાસાઓ કર્યા છે, જેનો નિચોડ એ છે કે આ બાબત સ્પષ્ટ છે કે મો'મિન જો ગુનેહગાર હોય તો પોતાના ગુનાહોના પ્રમાણમાં જહન્નમમાં દાખલ થશે પરંતુ ઈમાનના કારણે તેમને હંમેશા-હંમેશ જહન્નમમાં અઝાબ નહીં થાય. અમુક દિવસો પછી છુટકારો મળી જશે.

બસ યહૂદીઓને એવો ભ્રમ થઈ ગયો હતો કે, મૂસા (અલૈ.)નો દીન રદબાતલ નથી થયો એટલે હજુપણ અમે મો'મિન છે. અને હઝરત ઈસા (અલૈ.)ની નુબુવ્વતનો ઈન્કાર કરવાથી કે હઝરત મુહમ્મદ ﷺને પયગંબર માનવાથી ઈન્કાર કરવાના કારણે અમે યહૂદીઓ કાફિર નથી થયા. બસ જો કોઈ ગુનાહના કારણે દોઝખમાં ચાલ્યા પણ જઈશું, તો ફરી અમને તેમાંથી કાઢી લેવામાં આવશે. આ ભ્રમ અને અંધશ્રદ્ધાના કારણે તેઓ ખોટી આશાઓ અને દીવા સ્વપ્નમાં રાચતા હતા, પરંતુ હઝરત મૂસા (અલૈ.)ના દીનને હંમેશા હંમેશ માટે માનવાનો દા'વો કરવો પોતે જ એક ખોટી વાત છે, બલકે, હઝરત ઈસા (અલૈહિસ્સલામ) અને હઝરત મુહમ્મદ ﷺની નુબુવ્વતના ઈન્કારના કારણે તેઓ કાફિર ગણાશે અને કાફિરો માટે દોઝખમાંથી અમુક સમય પછી છુટકારો મળી જવાનો ઉલ્લેખ કોઈપણ આકાશી પુસ્તકમાં નથી. જેને અલ્લાહ તઆલાએ કરાર કહીને અત્રે ફરમાવ્યું છે. બસ સાબિત થયું કે દલીલ વગરનો દા'વો કરવો પોતે જ દલીલ વિરૂદ્ધ વાત છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૮૧-૮૨)

بَلٰى مَنْ كَسَبَ سَيِّئَةً وَّ اَحَاطَتْ بِهٖ خَطِيْٓـَٔتُهٗ فَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٨١﴾
وَ الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿٨٢﴾ ع

તરજુમો :

કેમ નહીં ?! જેણે કોઈ બુરાઈની કમાણી કરી અને તેને તેની ભૂલોએ ઘેરી લીધો; બસ આ જ લોકો આગવાળા (દોઝખી છે); તેઓ તેમાં હંમેશા રહેશે. (૮૧) અને જે લોકો ઈમાન લાવ્યા અને તેમણે સારા અમલ કર્યા; આ જ લોકો જન્નતવાળા (છે) તેઓ તેમાં હંમેશા રહેશે. (૮૨)

તફસીર :

(તમને દોઝખની આગ અમુક દિવસો સિવાય) કેમ નહીં (લાગે બલકે, તમે કાયમ માટે એમાં જરૂરથી રહેશો. કારણ કે અમારો નિયમ એ છે કે) જે

માણસ જાણીબૂજીને ખરાબ કૃત્યો કરતો રહે અને તેને તેની ભૂલો (કુફ્ર-શિર્ક એવી રીતે) ઘેરી લે (કે ભલાઈ ક્યાંય ન દેખાય); તો એવા લોકો દોઝખીઓ હોય છે (અને) તેઓ તેમાં હંમેશા (હંમેશા) રહેશે અને જે લોકો (અલ્લાહ અને રસૂલ ﷺ ઉપર) ઈમાન લાવ્યા અને સારા નેક કામો કર્યા, એવા લોકો જન્નતમાં હશે (અને) તેઓ તેમાં હંમેશા (હંમેશા) રહેશે.

ખુલાસો :

"ભૂલોએ ઘેરી લીધા"નો અર્થ ઉપર આવી ચૂક્યો છે. અહીંયાં "ઘેરી લેવાનો" જે પ્રકાર વર્ણવાયો છે તે કાફિરો માટે ખાસ વાપરવામાં આવ્યો છે. કારણ કે કુફ્રના કારણે કોઈપણ સારું કામ સ્વીકાર્ય નથી હોતું બલકે, કુફ્રની હાલતમાં કોઈ નેક કામો કર્યા હોય તો તે પણ આખિરતની દૃષ્ટિએ વ્યર્થ અને બેકાર છે. એટલા માટે કે, કાફિરોમાં પગથી માથા સુધી ખરાબી જ ખરાબી હતી, જેની સજા જહન્નમ હશે. જ્યારે કે ઈમાનવાળાઓનું પોતે પોતાનું ઈમાન જ એક ઘણો મોટો નેક અમલ છે. બીજા અમલો પણ તેમના નામએ આ'માલમાં નોંધાતા રહે છે. એટલા માટે તેઓ નેકીની અસરથી ખાલી નથી. બસ, ઉપરોક્ત ઘેરી લેવાનું વર્ણન ઈમાનવાળાઓને લાગુ પડતું નથી.

ખુલાસો એ થયો કે આ નિયમના આધારે કાફિરો માટે હંમેશા હંમેશની જહન્નમ હોવાનું સાબિત થઈ ચૂક્યું. હઝરત મૂસા (અલૈ.) અંતિમ નબી ન હતા, તેમના પછી હઝરત ઈસા (અલૈ.) અને હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ પણ નબી છે તો યહૂદીઓ આ બંને નબીઓનો ઈન્કાર કરવાના કારણે કાફિરોમાં સામેલ છે. એટલા માટે આ નિયમના આધારે તેઓ પણ હંમેશા હંમેશની જહન્નમમાં જવાના હકદાર બની ગયા, તો તેમનો ઉપરોક્ત જહન્નમની આગ થોડા જ દિવસો લાગશેનો દા'વો રદબાતલ ઠર્યો.

Jehangir Gulamnabi Hakim
1412, Near Topiwala's Pole Kalupur,
AHMEDABAD - 380001.
Mo. - 09228720591
jehangirhakim@gmail.com jehangirhakim@ymail.com

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૮૩)

وَاِذْ اَخَذْنَا مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ لَا تَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ ۗ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّذِى
الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَقُوْلُوْا لِلنَّاسِ حُسْنًا وَّاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ ۭ ثُمَّ
تَوَلَّيْتُمْ اِلَّا قَلِيْلًا مِّنْكُمْ وَاَنْتُمْ مُّعْرِضُوْنَ ﴿٨٣﴾

તરજુમો :

અને જ્યારે અમે બની ઈસ્રાઈલ (યહૂદીઓ)થી પાકો કરાર લીધો; તમે અલ્લાહ સિવાય કોઈની ઈબાદત નહીં કરો અને માં-બાપ સાથે સારો વર્તાવ (કરશો), અને સગા-વહાલાઓ અને યતીમો અને નાદારો (સાથે પણ !); અને તમે લોકોને સારી વાતો કહેશો અને તમે નમાઝ કાયમ કરશો અને ઝકાત આપશો; ત્યારબાદ તમારામાંના થોડાક લોકો સિવાય; તમે (તે કરારથી) ફરી ગયા, અને તમે ફરી જનારા (જ છો). (૮૩)

તફસીર :

અને (તે સમયને યાદ કરો) જ્યારે અમે (તવરાતમાં) બની ઈસ્રાઈલથી કરાર લીધો કે અલ્લાહ સિવાય (કોઈની) ઈબાદત ન કરજો અને માં-બાપની સારી રીતે સેવા-ચાકરી કરજો તથા સગા-વહાલાઓની પણ અને યતીમ બાળકોની પણ તથા ગરીબ અને લાચારોની પણ અને સામાન્ય લોકો સાથે (જ્યારે કોઈ) વાત (કહો ત્યારે) સારી રીતે (વિનમ્રતાથી) વાત કહેજો અને નમાઝની પાબંદી કરજો અને ઝકાત અદા કરતા રહેજો. પછી તમે માત્ર અમુક લોકો સિવાય (કોલ કરાર કરીને) તેનાથી ફરી ગયા (અને કરારભંગ કર્યો), અને તમારી તો આદત જ છે કે કરાર કરીને તોડી નાંખવો !

ખુલાસો :

આ ગણતરીના અમુક લોકો તે છે જે તવરાતના સંપૂર્ણ રીતે પાબંદ રહ્યા, તવરાત (મન્સૂખ) રદ થતાં પહેલાં હઝરત મૂસા (અલૈહિસ્સલામ)ની શરીઅતના પાબંદ રહ્યા. જ્યારે તવરાત રદ થઈ ગઈ તો હઝરત મુહમ્મદ ﷺની શરીઅતના તાબે થઈ ગયા.

મસ્અલો :

આ આયતથી સ્પષ્ટ થયું કે ઈસ્લામના ઘણા હુકમો અગાઉની શરીઅતોમાં પણ શરીઅતે મુહમ્મદી ﷺની જેમ જ હતા જેમકે, તવહીદ (એકેશ્વરવાદ), માં–બાપ અને સગાં–વહાલાઓ તથા યતીમો અને ગરીબ લોકોની સેવા–ચાકરી કરવી અને બધા જ મનુષ્યો સાથે વિનમ્રતાથી વર્તવું તથા અન્યો વિશે સારો અભિપ્રાય ધરાવવો, નમાઝ તથા ઝકાત અદા કરવી વગેરે બધું જ સામેલ છે.

શિક્ષણ અને ઈસ્લામના પ્રચારમાં કાફિરો સાથે પણ કડક ભાષામાં વાત કરવી યોગ્ય નથી :

قُوْلُوْا لِلنَّاسِ حُسْنًا નો અર્થ قَوْلًا ذَا حُسْنٍ છે. તેનો હેતુ એ થયો કે જો તમે લોકોને સંબોધન કરો છો તો વિનમ્રતાથી અને હસતા મુખે, ખુલ્લા દિલે વાત કરો. ભલે પછી જેને સંબોધન કરવામાં આવે છે તે ગમે તે હોય. બિદ્અતી હોય, સુન્ની હોય કે કાફિર હોય. દીનના મા'મલામાં કોઈપણ પ્રકારના સત્યને છુપાવો નહીં કારણ કે, અલ્લાહ તઆલાએ હઝરત મૂસા (અલૈ.) અને હઝરત હારૂન (અલૈ.)ને ફિરઔન પાસે મોકલ્યા તો હિદાયત કરી કે, قُوْلَا لَهٗ قَوْلًا لَّيِّنًا આજે જે વાત કરવાના તેનાથી ઉત્તમ અન્ય કોઈ જ નથી અને જે ફિરઔનને સંબોધન કરવાનું છે તેના કરતાં વધારે કોઈ નાપાક વ્યક્તિ જગતમાં હોઈ નથી શકતો.

તલહા ઈબ્ને ઉમર (રદિ.) કહે છે કે, મેં તફસીર અને હદીષના ઈમામ અતા (રદિ.)ને કહ્યું કે "બાતિલ અકીદા રાખવાવાળા લોકો પણ આપણી ભેગા રહે છે અને મારો સ્વભાવ કડક છે. મારી પાસે એવા લોકો આવે છે તો હું તેમને કડક વાતો કહી દઉં છું." હઝરત અતા (રદિ.)એ કહ્યું કે, "એવું ન કર્યા કરો કારણ કે, અલ્લાહ તઆલાનો હુકમ છે કે قُوْلُوْا لِلنَّاسِ حُسْنًا તેમાં તો યહૂદીઓ અને ઈસાઈઓ પણ સામેલ છે. મુસલમાન ગમે તેટલો (ગુનેહગાર) હોય તે કેમ આ બાબતમાં સામેલ ન થઈ શકે ?"

(કુર્તુબી)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૮૪)

وَ اِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ لَا تَسْفِكُوْنَ دِمَآءَكُمْ وَ لَا تُخْرِجُوْنَ
اَنْفُسَكُمْ مِّنْ دِيَارِكُمْ ثُمَّ اَقْرَرْتُمْ وَاَنْتُمْ تَشْهَدُوْنَ ﴿٨٤﴾

તરજુમો :

અને જ્યારે અમે તમારાથી પાકું વચન લીધું કે, તમે પોતાનાઓનું (અંદરો-અંદર) લોહી નહીં વહાવો; અને પોતાનાઓને પોતાની વસ્તીઓમાંથી નહીં તગેડો; પછી તમે ઈકરાર કર્યો; અને તમે સાક્ષી છો. (૮૪)

તફસીર :

(ઉપર જે કરાર કરવામાં આવ્યો હતો આ આયતમાં તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.)

અને (તે સમયને યાદ કરો) જ્યારે અમે તમારાથી આ વચન (પણ) લીધું કે, (ગૃહયુદ્ધ કરીને) એકબીજાનું અંદર-અંદર લોહી વહાવશો નહીં, એકબીજાને દેશનિકાલો આપો નહીં પછી (અમારા આ વચન લેવા ઉપર) તમે ઈકરાર (પણ) કરી લીધો અને ઈકરારના તમે સાક્ષી (પણ) છો.

ખુલાસો :

અમુક સમયે એવું થાય છે કે કોઈના વક્તવ્યથી કોઈ સ્વીકાર જાહેર થાય છે. જો કે, તે સાફ સ્વીકાર નથી હોતો પરંતુ તાર્કિક રીતે અને બૌદ્ધિક રીતે તેને સ્વીકાર જ સમજવામાં આવે છે પરંતુ અહીંયાં તો ثُمَّ اَقْرَرْتُمْ તેની શંકા પણ દૂર કરી દેવામાં આવી અને બતાવી દેવામાં આવ્યું કે ઈકરાર એટલો ખુલ્લો અને સાફ હતો કે જેવી રીતે ગવાહી ખુલ્લી અને સાફ (સ્પષ્ટ) હોય છે.

દેશનિકાલ કરવાની મનાઈનો અર્થ એ છે કે, કોઈને એટલી હદે તકલીફ પહોંચાડીને એવો તંગ કરવામાં ન આવે કે બીચારો વતન છોડવા ઉપર મજબૂર થઈ જાય.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૮૫)

ثُمَّ اَنْتُمْ هٰٓؤُلَآءِ تَقْتُلُوْنَ اَنْفُسَكُمْ وَتُخْرِجُوْنَ فَرِيْقًا مِّنْكُمْ مِّنْ دِيَارِهِمْ ؗ
تَظٰهَرُوْنَ عَلَيْهِمْ بِالْاِثْمِ وَالْعُدْوَانِ ؕ وَاِنْ يَّاْتُوْكُمْ اُسٰرٰى تُفٰدُوْهُمْ وَهُوَ مُحَرَّمٌ
عَلَيْكُمْ اِخْرَاجُهُمْ ؕ اَفَتُؤْمِنُوْنَ بِبَعْضِ الْكِتٰبِ وَتَكْفُرُوْنَ بِبَعْضٍ ۚ فَمَا جَزَآءُ
مَنْ يَّفْعَلُ ذٰلِكَ مِنْكُمْ اِلَّا خِزْيٌ فِى الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَ يَوْمَ الْقِيٰمَةِ
يُرَدُّوْنَ اِلٰٓى اَشَدِّ الْعَذَابِ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿٨٥﴾

તરજુમો :

પછી તમે તે લોકો (છો); પોતાનાઓને (અંદરો-અંદર) કતલ કરો છો, અને તમે તમારામાંના એક જૂથને તેમના વતનમાંથી તગેડો છો; તમે તેમના ઉપર ગુનાહ અને બદમાશી(સરકશી)થી હુમલો કરો છો; અને જો તેઓ તમારી પાસે કૈદી (બનીને) આવે તો ફિદયો આપીને છોડાવો છો; હાલાં કે તેમને તગેડવું જ તમારા ઉપર હરામ કરવામાં આવ્યું હતું; તો શું તમે કિતાબના અમુક ભાગ ઉપર ઈમાન લાવો છો અને અમુક ભાગનો ઈન્કાર કરો છો ? તો જે તમારામાંથી આવું કરે છે (તેની) સજા દુનિયવી જિંદગીમાં બેઈજ્જતી (અપમાન છે); અને કયામતના દિવસે તેઓ સખત અઝાબ તરફ લોટાવવામાં આવશે; અને તમે જે કરી રહ્યા છો અલ્લાહ તેનાથી બેખબર નથી ! (૮૫)

તફસીર :

આ હુકમમાં તેમના કરારભંગનું વર્ણન કરવામાં આવ્યું છે.

પછી (જ્યારે ખુલ્લું વચન આપ્યા પછી) તમે (કેવા છો) તે (આંખોની સામે) મવજૂદ છે કે, પરસ્પર ખૂનામરકી પણ કરો છો અને એકબીજાને દેશનિકાલો પણ આપો છો (આ જ રીતે) તમે પોતાનાઓના મુકાબલામાં (તેમની વિરોધી કૌમોની) મદદ ગુનાહ અને અત્યાચાર સાથે કરો છો. (આ બંને હુકમોને તો બરબાદ કરી નાંખ્યા) અને (એક ત્રીજો હુકમ જે સહેલો હતો, તેના ઉપર

અમલ કરવા માટે તૈયાર રહેતા હતા કે) તે લોકોમાંથી કોઈ કૈદી બનીને તમારા સુધી આવે છે તો તેમને અમુક રકમ ખર્ચીને છોડાવી લો છો. હાલાં કે આ વાતની (પણ તમને ખબર છે કે) તમારૂં તે લોકોને દેશનિકાલ કરવું (તથા કતલ કરવું) હરામ હતું.

મસ્અલા અને બોધપાઠ :

ખુલાસો :

યહૂદીઓ ઉપર ત્રણ હુકમો જરૂરી હતા. પ્રથમ ખૂન ન કરવું, બીજું કોઈને દેશનિકાલ ન કરવો અને ત્રીજું પોતાની કૌમમાંથી કોઈ દુશ્મનનો કૈદી અથવા બંદી બની જાય તો રકમ ખર્ચીને પણ તેને છોડાવી લેવો. તો આ લોકો પ્રથમ બે હુકમો છોડીને ત્રીજા હુકમ ઉપર અમલ કરવા લાગ્યા. આ પરિસ્થિતિ એવી હતી કે મદીનાવાસીઓમાં બે કબીલાઓ હતા. એક "ઔસ" અને બીજો "ખઝરજ." તેમના દરમિયાન પરસ્પર દુશ્મનાવટ રહેતી હતી અને ક્યારેક ક્યારેક તો લડાઈ-ઝઘડા અને ખૂનામરકીની નૌબત પણ આવી જતી હતી. મદીનાની આસપાસના વિસ્તારમાં યહૂદીઓના બે કબીલાઓ "બની કુરયઝા" અને "બની નજીર" વસતા હતા. ઔસ અને બની કુરયઝાની આપસમાં દોસ્તી હતી અને ખઝરજ અને બની નજીરમાં પરસ્પર મિત્રતા હતી. જ્યારે ઔસ અને ખઝરજમાં પરસ્પર લડાઈ થતી તો મિત્રતાની રૂએ બની કુરયઝા ઔસની મદદે ધાતા અને બની નજીર ખઝરજની તરફદારી કરતા. તો જ્યાં ઔસ અને ખઝરજ માર્યા જતા અને કુટુંબો વેર-વિખેર થઈ જતાં એવામાં તેમના મિત્રોને પણ આવી મુસીબતનો સામનો કરવો પડતો અને દેખીતું છે કે બની કુરયઝાના ખૂન અને દેશનિકાલમાં બની નજીરનો પણ હાથ રહેતો હતો. એનાથી ઊલટું યહૂદીઓના બંને ગૃપોમાંથી જો કોઈ યુદ્ધ કૈદી બની જતું તો દરેક ગૃપ પોતાના દોસ્તોને રકમ આપી રાજી કરીને તે કૈદીને છોડાવી લેતા હતા અને કોઈ પૂછે કે આવું કેમ કરો છો ? તો જવાબ આપતા કે કૈદી છોડાવવો અમારા ઉપર વાજિબ છે અને જો કોઈ ખૂનામરકીના મદદગાર બનવા ઉપર વાંધો ઉઠાવતું તો કહેતા કે શું કરીએ ? દોસ્તોનો સાથ ન આપીએ તો અમને દોસ્તી ન નિભાવવાનું લાંછન લાગશે.

આ આયતમાં અલ્લાહ તઆલાએ જે વિરોધી કૌમોની મદદ કરવાનો

ઉલ્લેખ કર્યો છે તેમાં ઔસ અને ખઝરજને સંબોધન હોવાનું માલૂમ પડે છે કે, ઔસ બની કુરયઝાની તરફદારીમાં બની નજીરનો વિરોધ કરતા હતા અને ખઝરજ બની નજીરની હિમાયત (સમર્થન)માં બની કુરયઝાનો વિરોધ કરતા હતા.

بِالْإِثْمِ وَالْعُدْوَانِ અત્યાચાર અને ગુનાહના બે શબ્દ લાવવાથી તે બાબત તરફ ઈશારો હોઈ શકે છે કે, તેમાં બે અધિકારો બરબાદ થાય છે. અલ્લાહના હુકમને પૂરો ન કરીને અલ્લાહનો અધિકાર બરબાદ કર્યો અને બંદાઓને તકલીફ પહોંચાડીને બંદાના હકને પણ બરબાદ કર્યો.

આગળ ઉપર આ વચનભંગ ઉપર ફરિયાદ અને ધિક્કારની સાથે સાથે સજાનું પણ વિગતવાર વર્ણન કર્યું છે. ઈરશાદ છે કે,

શું તમે (બસ તમે એમ જ કહો કે) કિતાબ (તવરાત)ના અમુક (હુકમો) ઉપર તમે ઈમાન રાખો છો અને અમુક (હુકમો) ઉપર ઈમાન નથી રાખતા; તો આવા માણસની બીજી શું સજા (હોવી જોઈએ) ? જે તમારા લોકોમાંથી આવી પ્રવૃત્તિ કરે તેની દુનિયાની જિંદગીમાં બેઈજ્જતી (થશે) અને કયામતના દિવસે સખત અઝાબમાં નાંખી દેવામાં આવશે અને અલ્લાહ તઆલા (કંઈ) તમારી પ્રવૃત્તિઓથી બેખબર નથી.

ખુલાસો :

તે યહૂદીઓ કે જેની ઘટનાનો ઉલ્લેખ થયો છે, નબીએ કરીમ ﷺની નુબુવ્વતના ઈન્કાર કરવાના કારણે કાફિર જ છે, પરંતુ અત્રે તેમના કુફ્રનો ઉલ્લેખ નથી. બલકે, અમુક હુકમો ઉપર અમલ ન કરવાને કુફ્રની વ્યાખ્યા આપવામાં આવી છે. હાલાં કે, જ્યાં સુધી વ્યક્તિ હરામને હરામ સમજે, કાફિર નથી થતો. બસ ! આ શંકાનો જવાબ આ છે કે જે ગુનોહ ઘણો સખત હોય છે તેને શરીઅતની બોલચાલમાં એની સખ્તીના કારણે કુફ્ર બતાવવામાં આવે છે. આપણે આપણી બોલચાલની ભાષામાં આ બાબતના ઉદાહરણો રાત-દિવસ જોતા જ હોઈએ છીએ. જ્યારે કોઈ નીચ પ્રવૃત્તિ કરનારને કહી દેવામાં આવે છે કે, તું બિલકુલ ગધેડો છે. હાલાં કે જેને સંબોધન કરવામાં આવ્યું છે તે ગધેડો નથી બલકે માણસ છે. ફક્ત તેના નીચ કૃત્યની અધમતાને બતાવવા તેના પ્રત્યે ધિક્કાર અને ધૃણા

જાહેર કરવા આવું કહેવામાં આવે છે અને હદીષનો અર્થ પણ આ જ છે. مَنْ تَرَكَ الصَّلٰوةَ مُتَعَمِّدًا فَقَدْ كَفَرَ "જેણે જાણી જોઈને નમાઝ છોડી દીધી તેણે કુફ્ર કર્યું." વગેરે.

આ જગ્યાએ જે બીજી સજાઓનો ઉલ્લેખ છે તેમાં પ્રથમ સજા દુનિયાની બેઈજ્જતી અને રૂશ્વાઈ એવી રીતે થઈ કે રસૂલુલ્લાહ ﷺના ઝમાનામાં જ મુસલમાનો સાથે કરારભંગ કરવાના કારણે બની કુરયઝાને કૈદ અને કતલ કરવામાં આવ્યા અને બની નઝીરને શામ (સીરિયા) બાજુ ઝલીલ અને બેઈજ્જત કરીને તગેડી મૂકવામાં આવ્યા.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૮૬)

أُولٰٓئِكَ الَّذِيْنَ اشْتَرَوُا الْحَيٰوةَ الدُّنْيَا بِالْاٰخِرَةِ ۡ
فَلَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنْصَرُوْنَ ﴿٨٦﴾

તરજુમો :

આ જ તે લોકો (છે) જેમણે દુનિયા(ની) જિંદગી આખિરતના બદલે ખરીદી લીધી; બસ ! તેમને અઝાબ હળવો કરવામાં નહીં આવે અને ન (જ) તેઓ(ને કોઈ) મદદ પહોંચશે. (૮૬)

તફસીર :

અને (આ સજા એમના માટે છે કે) આ તે લોકો છે કે જેમણે (હુકમોનો વિરોધ કરીને) દુનિયવી જિંદગી(ના આનંદ)ને (ખરીદી) લઈ લીધો આખિરતના (છુટકારાના) બદલે (જેનો આધાર અલ્લાહની તાબે'દારી) છે બસ ન તો (સજા દેનારા તરફથી) તેમની સજામાં (કોઈ) હળવાશ કરવામાં આવશે અને ન કોઈ (વકીલ અથવા લવાદ અથવા મિત્ર કે રિશ્તેદાર) તેમની તરફદારી કરી શકશે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૮૭)

وَلَقَدْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ وَقَفَّيْنَا مِنْۢ بَعْدِهٖ بِالرُّسُلِ ۫ وَاٰتَيْنَا عِيْسَى ابْنَ
مَرْيَمَ الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ الْقُدُسِ ؕ اَفَكُلَّمَا جَآءَكُمْ رَسُوْلٌۢ بِمَا
لَا تَهْوٰٓى اَنْفُسُكُمُ اسْتَكْبَرْتُمْ ۚ فَفَرِيْقًا كَذَّبْتُمْ ۫ وَفَرِيْقًا تَقْتُلُوْنَ ﴿۸۷﴾

તરજુમો :

અને અલબત્ત અમે મૂસા (અલૈ.)ને કિતાબ (તવરાત) આપી; અને અમે તેના પછી ક્રમવાર રસૂલો મોકલ્યા; અને અમે મરિયમના પુત્ર ઈસા (અલૈ.)ને ખુલ્લી નિશાનીઓ આપી અને તેની રૂહુલ કુદુસ (જિબ્રઈલ અલૈ.) દ્વારા મદદ કરી; શું પછી જ્યારે તમારી પાસે કોઈ રસૂલ તેના (અલ્લાહના કોઈ એવા) હુકમ સાથે આવ્યો જે તમારો નફસ ઈચ્છતો ન હતો, (તો) તમે અભિમાન કર્યું; બસ એક સમૂહને તમે જૂઠાડ્યો અને એક સમૂહને તમે કતલ કરી નાંખ્યો. (૮૭)

તફસીર :

અને અમે (હે બની ઈસ્રાઈલ ! તમારી હિદાયત માટે હંમેશા સાનૂકુળ પરિસ્થિતિઓ ઉત્પન્ન કરતા રહ્યા; સૌ પ્રથમ) મૂસા (અલૈ.)ને કિતાબ (તવરાત) આપી અને (પછી) એમના પછી (દરમિયાનમાં) એક પછી એક (વિવિધ) પયગંબરોને મોકલતા રહ્યા અને (પછી યહૂદી કૌમના રસૂલોના ક્રમમાં છેવટે) અમે (હઝરત) ઈસા ઈબ્ને મરિયમ (અલૈ.)ને (નુબુવ્વતની) ખુલ્લી દલીલો (ઈન્જીલ અને મોઅ્જિઝાઓ) અર્પણ કરી અને અમે રૂહુલ કુદૂસ (હઝરત જિબ્રઈલ અલૈ.) દ્વારા મદદ કરી. (બસ, શું આશ્ચર્યની વાત નથી કે તેઓ આમ છતાં તેના ઉપર સરકશી કરતા રહ્યા અને) જ્યારે પણ (કોઈ) પયગંબર તમારી પાસે એવા હુકમો લાવ્યા જે તમને પસંદ ન હતા (ત્યારે તો) તમે (તે પયગંબરોની તાબે'દારી કરવાથી) અભિમાન કરવાનું શરૂ કરી દીધું. બસ ! (તે પયગંબરોમાંથી) અમુકને તો (નઊઝુબિલ્લાહ) તમે જૂઠાડવા લાગ્યા અને અમુકને (બેધડક) કતલ કરતા હતા.

ખુલાસો :

કુર્આન–હદીષમાં વારંવાર હઝરત જિબ્રઈલ (અલૈ.)ને રૂહુલ કુદુસ કહેવામાં આવ્યા છે. જેમકે કુર્આનની આ આયતમાં قُلْ نَزَّلَهُ رُوْحُ الْقُدُسِ "કહી આપો ! રૂહુલ કુદુસ દ્વારા તેને (કુર્આને કરીમ) નાઝિલ કરવામાં આવ્યું છે." (૧૬:૧૦૨) અને હઝરત હસ્સાન બિન સાબિત (રદિ.)નો આ શે'ર છે,

وَجِبْرِيْلُ رَسُوْلُ اللّٰهِ فِيْنَا ؛ وَرُوْحُ الْقُدُسِ لَيْسَ لَهٗ كِفَاءٌ

"હઝરત જિબ્રઈલ (અલૈ.) અલ્લાહના સંદેશાવાહક અમારી પાસે આવ્યા, તેઓ "રૂહુલ કુદુસ" છે જેની કોઈ સરખામણી થઈ શકે એમ નથી."

જિબ્રઈલ અલૈ. દ્વારા હઝરત ઈસા (અલૈ.)ની અનેક પ્રકારે મદદ કરવામાં આવી. પ્રથમ તો તેમના જન્મ સમયે શયતાનથી તેમનું રક્ષણ કરવામાં આવ્યું, પછી તેમના ફૂંક મારવાથી હઝરત ઈસા (અલૈ.)નો (હઝરત મરિયમ સ.અ.ના પેટમાં) ગર્ભ સ્થાપિત થયો. પછી યહૂદીઓ હઝરત ઈસા (અલૈ.)નો વિરોધ મોટા પ્રમાણમાં સખત રીતે કરતા હતા એટલા માટે હઝરત ઈસા (અલૈ.)ના રક્ષણ કાજે હઝરત જિબ્રઈલ (અલૈ.) તેમની સાથે રહેતા હતા. એટલે સુધી કે છેવટે તેમના દ્વારા જ આકાશમાં ઉઠાવી લેવામાં આવ્યા.

યહૂદીઓમાં ઘણા લોકો પયગંબરોને જૂઠાડતા હતા. અહીંયાં સુધી કે હઝરત ઈસા (અલૈ.)ને પણ જૂઠાડવા લાગ્યા અને હઝરત ઝકરિય્યહ (અલૈ.) અને હઝરત યહ્યા (અલૈ.)ને કતલ પણ કરી નાંખ્યા.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૮૮)

وَقَالُوْا قُلُوْبُنَا غُلْفٌ ؕ بَلْ لَّعَنَهُمُ اللّٰهُ بِكُفْرِهِمْ فَقَلِيْلًا مَّا يُؤْمِنُوْنَ ﴿۸۸﴾

તરજુમો :

અને તેમણે કહ્યું અમારા દિલો પરદામાં (છે) બલકે તેમના કુફ્રના કારણે તેના ઉપર અલ્લાહની લા'નત (ધિક્કાર) છે; બસ તેઓ ઘણું થોડું ઈમાન લાવે છે. (૮૮)

તફસીર :

અને તેઓ (યહૂદીઓની પ્રણાલિકા પ્રમાણે) કહે છે કે, અમારા દિલો (એવા) સુરક્ષિત છે (કે તેના ઉપર ધર્મ વિરોધી ઈસ્લામનો કોઈ પ્રભાવ જ નથી પડતો; અમારો યહૂદી ધર્મ ખૂબ મજબૂત છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે આ સુરક્ષા અને મજબૂતી નથી) બલકે, તેમના કુફ્રના કારણે તેના ઉપર અલ્લાહની માર છે (કે ઈસ્લામ જે સાચો ધર્મ છે તેના બદલે રદ થઈ ગયેલા ધર્મને વળગી રહ્યા છે). બસ, તેઓ થોડું ઘણું ઈમાન લાવે છે (અને કુફ્ર-શિર્ક મિશ્રિત થોડું ઈમાન અલ્લાહ નજીક સ્વીકાર્ય નથી. બસ તેઓ કાફિર જ ઠરે છે).

ખુલાસો :

આ થોડું ઈમાન તે હુકમો બાબતે છે જે તેમના અને ઈસ્લામમાં સરખા છે. દાખલા તરીકે, અલ્લાહના અસ્તિત્વને માનવું, કયામતના દિવસ ઉપર ઈમાન લાવવું, આવા હુકમોને તેઓ પણ માનતા હતા પરંતુ પોતે હઝરત મુહમ્મદ ﷺની નુબુવ્વતના અને કુર્આન અલ્લાહનું કલામ હોવાના ઈન્કારી હતા. એટલા માટે તેઓ સંપૂર્ણ ઈમાન લાવ્યા ન હતા.

અને આ થોડું ઈમાન શાબ્દિક અર્થ પ્રમાણે ઈમાન કહ્યું, જેનો અર્થ અમુક બાબતો પ્રત્યે શ્રદ્ધા થાય છે. આવી શ્રદ્ધા કુફ્ર-શિર્ક મિશ્રિત આસ્તિકો રાખે છે તેવી શ્રદ્ધા પણ હોઈ શકે છે, પરંતુ શરીઅત તેને ઈમાન નથી કહેતું, શરીઅતમાં તે જ ઈમાન ભરોસાપાત્ર છે જે સંપૂર્ણ ઈસ્લામ અને શરીઅત ઉપર શ્રદ્ધા સાથે રાખવામાં આવે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૮૯)

وَلَمَّا جَآءَهُمْ كِتٰبٌ مِّنْ عِنْدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمْ ۙ وَكَانُوْا مِنْ قَبْلُ يَسْتَفْتِحُوْنَ
عَلَى الَّذِيْنَ كَفَرُوْا ۚ فَلَمَّا جَآءَهُمْ مَّا عَرَفُوْا كَفَرُوْا بِهٖ ۡ فَلَعْنَةُ اللّٰهِ عَلَى الْكٰفِرِيْنَ ﴿٨٩﴾

તરજુમો :

અને જ્યારે તેમની પાસે અલ્લાહ પાસેથી કિતાબ આવી; જે તેની (કિતાબની) ખરાઈ (સમર્થન) કરનારી જે તેમની પાસે (છે); અને તેઓ તે

અગાઉ કુફ્ર કરનાર લોકો ઉપર (કુર્આન વડે) વિજયી થવા ઈચ્છતા (હતા); બસ જ્યારે તેમની પાસે (કુર્આન) આવ્યું જેને તેઓ ઓળખતા હતા, (તો) તેના ઈન્કારી થઈ ગયા; બસ કાફિરો ઉપર અલ્લાહની લા'નત (છે). (૮૯)

તફસીર :

અને જ્યારે તેમને (એક) એવી કિતાબ મળી (એટલે કુર્આન શરીફ) જે અલ્લાહ તરફથી છે (અને) તે (કિતાબ)ની (પણ) ખરાઈ (સમર્થન) કરનારી છે જે (પહેલેથી) તેમની પાસે છે (એટલે કે તવરાત), હાલાં કે તેના પહેલાં (પોતે) કાફિરોથી (વિજય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી) કહેતા હતા કે (અરબસ્તાનમાં એક નબી આવનાર છે અને તેઓ કિતાબ પણ લાવશે પરંતુ) પછી જ્યારે તે વસ્તુ (કુર્આન) આવી ગયું જેને તેઓ (ખૂબ સારી રીતે) ઓળખતા હતા છે તો તેનો (ખુલ્લો) ઈન્કાર કરવા લાગ્યા, તો (બસ) અલ્લાહની માર આવા ઈન્કારીઓ ઉપર છે (કે જાણીબુજીને ફક્ત પૂર્વગ્રહના કારણે ઈન્કાર કરે છે).

ખુલાસો :

કુર્આન જેની સત્યતા તવરાત પણ પુરવાર કરે છે તેનું કારણ એ છે કે તવરાતમાં હઝરત મુહમ્મદ ﷺ આવવાની તથા કુર્આન શરીફ નાઝિલ થવાની આગાહી આપવામાં આવી હતી. તેનાથી તેમની સચ્ચાઈ જાહેર થઈ ગઈ. બસ ! જ્યારે તવરાતને માનનારા કુર્આન અને કુર્આન લાવનાર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને જૂઠાડી રહ્યા હતા તો એક રીતે તેઓ પોતાની કિતાબ તવરાતને પણ જૂઠાડી રહ્યા હતા.

એક શંકા અને તેનો જવાબ :

જો કોઈ એવી શંકા કરે કે, જ્યારે તેઓ સત્યને સત્ય જાણતા હતા તો પછી તેમને મો'મિન કહેવા જોઈએ તેઓ કાફિર કઈ રીતે થઈ ગયા ?

તેનો જવાબ એ છે કે ઈમાન ફક્ત જાણવાનું નામ નથી બલકે, માનવાનું નામ છે. નહિતર શયતાન સૌથી વધારે સત્યને સત્ય જાણે છે પરંતુ જાણવા છતાં ઈન્કાર કરવાના કારણે તેનું કુફ્ર વધારે મજબૂત થઈ ગયું. એટલા માટે તેમના કુફ્રનું કારણ તેમની દુશ્મનાવટ બતાવવામાં આવી છે. જેમકે ઈરશાદ છે કે,

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૯૦)

بِئْسَمَا اشْتَرَوْا بِهٖٓ اَنْفُسَهُمْ اَنْ يَّكْفُرُوْا بِمَآ اَنْزَلَ اللّٰهُ بَغْيًا اَنْ يُّنَزِّلَ اللّٰهُ مِنْ فَضْلِهٖ
عَلٰى مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ۚ فَبَآءُوْ بِغَضَبٍ عَلٰى غَضَبٍ ۭ وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ مُّهِيْنٌ ﴿٩٠﴾

તરજુમો :

(ઘણી) ખરાબ (વાત) છે તે જેના બદલામાં તેમણે પોતાની જાતને વેચી નાંખી કે જે અલ્લાહે નાઝિલ કર્યું; તેના તેઓ ઈન્કારી થઈ ગયા; એવી હઠધર્મી (જીદ)ના કારણે કે અલ્લાહ પોતાની કૃપાથી પોતાના બંદાઓમાંથી જેના ઉપર ચાહે છે (પોતાની કિતાબ) નાઝિલ કરે છે; બસ તેઓ ક્રોધ પર ક્રોધ કમાઈ લાવ્યા; અને કાફિરોના માટે રૂસ્વા (અપમાનિત) કરનાર અઝાબ છે. (૯૦)

તફસીર :

તે હાલત (ઘણી જ) ખરાબ છે જેને અપનાવીને (તેઓ આપમેળે) પોતાની જાતને (આખિરતની સખ્તીથી) છોડાવવા ઈચ્છે છે (અને તે હાલત) આ (છે) કે કુફ્ર (ઈન્કાર) કરે છે એવી વસ્તુઓનો જે અલ્લાહ તઆલાએ (એક સાચા પયગંબર ઉપર) નાઝિલ કર્યું (એટલે કે કુર્આન અને તે ઈન્કાર પણ) ફક્ત (તે) જીદ પર કે અલ્લાહ તઆલાએ પોતાની કૃપાથી જે બંદો તેને મંજૂર હોય છે (એટલે મુહમ્મદ ﷺ ઉપર કેમ) નાઝિલ કર્યું. બસ, (ઈર્ષ્યાના કારણે) તે લોકો (અલ્લાહના) ગુસ્સા ઉપર ગુસ્સાના હકદાર બની ગયા (અને આખિરતમાં) તે કુફ્ર કરનારાઓને એવી સજા થશે, જેમાં (તકલીફ સિવાય) બેઈજ્જતી (પણ) છે.

ખુલાસો :

એક ગુસ્સો કુફ્ર ઉપર, બીજો ગુસ્સો અદેખાઈ ઉપર. આમ, ગુસ્સા ઉપર ગુસ્સો કહેવામાં આવ્યું. અઝાબની સાથે "મુહીન" (ઝિલ્લત- અપમાન અને બેઈજ્જતી) શબ્દ લગાવીને એ બતાવવાનો હેતુ છે કે, આવું અપમાન ફક્ત કાફિરો માટે ખાસ છે. કારણ કે, ગુનેહગાર મો'મિનોને અઝાબ તેમને પાક કરવા માટે થશે, ઝિલ્લત અને રુશ્વાઈ માટે નહીં હોય.

આગળની આયતમાં તેમનું જે નિવેદન વર્ણવવામાં આવ્યું છે તેનાથી તેમનું કુફ્ર સાબિત થાય છે અને ઈર્ષ્યા પણ છતી થાય છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૯૧)

وَإِذَا قِيلَ لَهُمْ آمِنُوا بِمَا أَنزَلَ اللَّهُ قَالُوا نُؤْمِنُ بِمَا أُنزِلَ عَلَيْنَا وَيَكْفُرُونَ بِمَا وَرَاءَهُ وَهُوَ الْحَقُّ مُصَدِّقًا لِّمَا مَعَهُمْ ۗ قُلْ فَلِمَ تَقْتُلُونَ أَنبِيَاءَ اللَّهِ مِن قَبْلُ إِن كُنتُم مُّؤْمِنِينَ ﴿٩١﴾

તરજુમો :

અને જ્યારે તેમને કહેવામાં આવે છે, તમે ઈમાન લાવો તેના ઉપર જે (કુર્આન) અલ્લાહે નાઝિલ કર્યું; તેઓ કહે છે; અમે ઈમાન લાવીએ છીએ જે (તવરાત) અમારા ઉપર નાઝિલ કરવામાં આવ્યું અને ઈન્કાર કરે છે તેના સિવાય જે (કિતાબો છે); હાલાં કે તે (કુર્આન) સત્ય (છે અને); જે તેમની પાસે (તવરાત) છે તેની ખરાઈ કરનારું (છે); (હે નબી ﷺ !) કહી દો ! બસ કેમ આ અગાઉ અલ્લાહના નબીઓને કતલ કરતા હતા ? જ્યારે કે તમો મો'મિન (હોવાનો દા'વો કરો) છો ? (૯૧)

તફસીર :

અને જ્યારે તેમને (યહૂદીઓથી) કહેવામાં આવે છે કે તમે ઈમાન લાવો તે બધી કિતાબો ઉપર જે અલ્લાહ તઆલાએ (વિવિધ પયગંબરો ઉપર) નાઝિલ ફરમાવી છે (અને તે તમામ કિતાબોમાં કુર્આન પણ છે) તો (જવાબમાં) કહે છે કે અમે (ફક્ત) તે (જ) કિતાબ ઉપર ઈમાન લાવીએ છીએ જે અમો (લોકો) ઉપર (હઝરત મૂસા અલૈ. દ્વારા) નાઝિલ કરવામાં આવી છે (એટલે કે તવરાત) અને (બાકીની) જેટલી (કિતાબો) તે સિવાયની છે (જેમકે ઈન્જીલ અને કુર્આન), તે (બધી કિતાબો)નો ઈન્કાર કરીએ છીએ. હાલાં કે તે (તવરાત સિવાયની કિતાબો) પણ (બિલકુલ) સત્ય (અને વાસ્તવિક) છે અને (પોતે સત્ય હોવાની સાથે સાથે) તે (કિતાબની) ખરાઈ (સમર્થન) કરનારી પણ છે, જે તેમની પાસે છે (એટલે કે

તવરાતની). આપ ﷺ (આ પણ) કહી દો કે (સારૂં તો) પછી કેમ તમો આ અગાઉ અલ્લાહના પયગંબરોને કતલ કરતા હતા, જો તમે (તવરાત ઉપર) ઈમાન રાખનારા હતા ?

ખુલાસો :

યહૂદીઓએ જે એમ કહ્યું કે, "ફક્ત તવરાત ઉપર ઈમાન લાવીશું, બીજી કિતાબો ઉપર ઈમાન નહિ લાવીએ" તો એમનું આ નિવેદન ખુલ્લું કુફ્ર છે અને તેની સાથે જે એમ કહ્યું કે, "તવરાત જે અમારા ઉપર નાઝિલ કરવામાં આવી છે ફક્ત તેના ઉપર જ ઈમાન લાવીશું," આ ખુલ્લું ઈર્ષ્યાયુક્ત નિવેદન છે. તેનો અર્થ સાફ છે કે આ તવરાત સિવાયની બીજી કિતાબો અમારા ઉપર નાઝિલ ન કરવામાં આવી હોવાના કારણે અમે તેના ઉપર ઈમાન નહીં લાવીએ. અલ્લાહ તઆલાએ તેમના આ નિવેદનને ત્રણ રીતે રદ કર્યું છે.

પ્રથમ એ કે જયારે આ કિતાબોની વાસ્તવિકતા અને હકીકત ખુલ્લી દલીલોથી સાબિત છે તો પછી તેનો ઈન્કાર કરવાનું શું કારણ છે ? હા ! જો આ દલીલોમાં કોઈ વાંધાજનક વાત હતી તો તે વાંધો રજૂ કરી તે અંગે સંતોષ પ્રાપ્ત કરી લેવો જોઈએ. ફક્ત ઈન્કાર કરવાનું શું કારણ ?

બીજું, આ કિતાબો દા.ત. કુર્આન મજીદ, જેને તવરાત પણ સત્ય ઠરાવે છે તો તેનો ઈન્કાર તો ખુદ તવરાતનો ઈન્કાર કહેવામાં આવશે !

ત્રીજું, અંબિયા (અલૈ.)ને કતલ કરવા બધી આસમાની કિતાબોની રૂએ કુફ્ર છે. પછી તમારા સમૂહના લોકોએ જેમણે નબીને કતલ કર્યા જેમનું શિક્ષણ પણ તવરાતના હુકમોની સાથે ખાસ હતું અને તમે નબીઓના ખૂનીઓને પોતાના આગેવાન અને પેશ્વા સમજતા રહ્યા તો આ પણ સીધે–સીધું તવરાત સાથે કુફ્ર છે, તેનાથી તો તમારો તવરાત ઉપર ઈમાનનો દા'વો ખોટો ઠરે છે ? મતલબ કોઈપણ પાસાથી જોવામાં આવે તો તમારી કથની અને કરનીમાં કોઈ મેળ નથી.

આગળ અમુક કારણો અને દલીલોથી યહૂદીઓની ખોટી માન્યતાઓનો રદિયો આપવામાં આવ્યો છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૯૨)

وَلَقَدْ جَآءَكُم مُّوسَىٰ بِالْبَيِّنَٰتِ ثُمَّ ٱتَّخَذْتُمُ ٱلْعِجْلَ مِنۢ بَعْدِهِۦ وَأَنتُمْ ظَٰلِمُونَ ﴿٩٢﴾

તરજુમો :

અને અલબત્ત તમારી પાસે મૂસા (અલૈ.) ખુલ્લી નિશાનીઓ સાથે આવ્યા; પછી ત્યારબાદ તમે વાછરડો બનાવી લીધો અને તમે જાલિમો (છો). (૯૨)

તફસીર :

અને (હઝરત) મૂસા (અલૈ.) તમારા લોકો પાસે ખુલ્લી ખુલ્લી (તવહીદ અને રિસાલતની) દલીલો લઈને આવ્યા (પરંતુ) તેના પર તમે લોકોએ મૂસા (અલૈ.)ના (તૂર પર્વત ઉપર ગયા) પછી વાછરડાને (મા'બૂદ) બનાવી લીધો અને તમે (આ કૃત્ય કરવામાં) જુલમ (અત્યાચાર) કરી રહ્યા હતા.

ખુલાસો :

"બય્યિનાત"થી આ દલીલો (નિશાનીઓ)નું હોવું સાબિત છે કે, જ્યારે કે હજુ તવરાત ન મળી હતી ત્યારે પણ હઝરત મૂસા અલૈ. અલ્લાહના નબી હોવાની સત્યતા સાબિત થઈ ચૂકી હતી. દા.ત. મૂસા (અલૈ.)નો અશો (લાકડી), ચમકતો હાથ, સમંદરનું ફાટી જવું વગેરે.

રદિયો આપવાનું દેખીતું કારણ તેમનો ઈમાનનો દાવો હતો. હાલાં કે તેઓ ખુલ્લા શિર્કમાં પડી ગયા હતા, જેનાથી હઝરત મૂસા (અલૈ.) બલકે ખુદ અલ્લાહ તઆલાનો ઈન્કાર કરી બેઠા હતા. વાછરડાને મા'બૂદ બનાવવાની ઘટના જો કે તે યહૂદીઓ સાથે નથી બની જે રસૂલુલ્લાહ ﷺના સમકાલીન હતા પરંતુ તે લોકો પોતાના બાપ–દાદાઓના ટેકેદાર અને તરફદાર રહેતા હતા. એટલે દેખીતી રીતે તેઓ પણ (ઈમાનના) આ રદિયામાં સામેલ છે.

અને એનાથી જ આ વાત પણ સાબિત થાય છે કે જેવી રીતે તમારા આગળના લોકોએ મૂસા (અલૈ.)ને જૂઠાડી તેમનો ઈન્કાર કરી કુફ્ર કર્યું, તેઓ મુહમ્મદ ﷺનો ઈન્કાર કરીને તેમને જૂઠાડે તો કોઈ આશ્ચર્યની વાત નથી.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૯૩)

وَإِذْ أَخَذْنَا مِيثَاقَكُمْ وَرَفَعْنَا فَوْقَكُمُ الطُّورَ خُذُوا مَا آتَيْنَاكُمْ بِقُوَّةٍ وَاسْمَعُوا
قَالُوا سَمِعْنَا وَعَصَيْنَا وَأُشْرِبُوا فِي قُلُوبِهِمُ الْعِجْلَ بِكُفْرِهِمْ قُلْ بِئْسَمَا يَأْمُرُكُمْ بِهِ
إِيمَانُكُمْ إِنْ كُنْتُمْ مُؤْمِنِينَ ﴿٩٣﴾

તરજુમો :

અને જ્યારે અમે તમારાથી પાકો કરાર લીધો અને અમે તમારા ઉપર તૂર પર્વતને ઊંચો કર્યો; મજબૂતીથી પકડો જે અમે તમને આપ્યું અને સાંભળો; તેઓ બોલ્યા, અમે સાંભળ્યું અને નાફરમાની કરી અને તેમના દિલોમાં તેમના કુફ્રના કારણે વાછરડું ઘર કરી ગયું; કહી દો ! ઘણી ખરાબ વાતો છે તે જેનો હુકમ તમને તમારું ઈમાન (ખરેખર તમારું કુફ્ર) તમને આપે છે, જો તમે ઈમાનના દા'વેદાર છો. (૯૩)

તફસીર :

અને (તે સમયને યાદ કરો) જ્યારે અમે તમારાથી વચન (કરાર) લીધું હતું અને (આ વચનના સમયે હુકમ આપ્યો હતો કે) જે કંઈ (હુકમો) અમે તમને આપીએ છીએ હિંમત (અને મજબૂતી) સાથે પકડી લો અને (તે હુકમોને દિલથી) સાંભળો; (તે સમયે ડરના માર્યા જીભથી) કહેવા લાગ્યા કે અમે (કબૂલ કરી લીધું અને) સાંભળી લીધું અને (કારણ કે વાસ્તવમાં આ ઈકરાર દિલથી ન હતો. એટલા માટે ફક્ત મૌખિક રીતે જ તેનો સ્વીકાર કરી રહ્યા હતા કે) અમારાથી તેનો અમલ ન થશે અને (તેમની બદ્‌દિલીનું કારણ એ હતું કે) તેમના દિલોમાં (અણુએ અણુમાં) તે જ વાછરડું તેમના કુફ્રના કારણે છવાઈ ગયું હતું. (જ્યારે દરિયામાં ઉતરીને તેમણે એક મૂર્તિપૂંજક કૌમને જોઈને દરખાસ્ત કરી હતી કે અમારા માટે પણ આવી કોઈ મૂર્તિ ઈબાદતના માટે બનાવી દેવામાં આવે) આપ કહી દો કે, (તમારા ઈમાનની હાલતને અમે જોઈ લીધી છે બસ,) આ કૃત્ય તો ઘણું જ ખરાબ છે જેનું શિક્ષણ તમારૂં ઈમાન તમને આપે છે, જો તમે (હજુ પણ) ઈમાનવાળા છો (હકીકતમાં આ ઈમાન નથી).

ખુલાસો :

આ આયતમાં જે કારણો અને બાબતો પ્રસ્તુત છે તેના ક્રમનો ખુલાસો એ છે કે નદી પાર કરીને તેમણે એક કુફ્ર કર્યું અને તે સમયે હઝરત મૂસા (અલૈ.)ની ધાક–ધમકીથી તૌબા કરી લીધી, પરંતુ તૌબાનો અર્થ અને હેતુ પણ જુદો–જુદો હોય છે. ઉચ્ચ કક્ષાની દિલથી કરેલી સાચી તૌબા ન હોવાના કારણે તેની નકારાત્મક અસર હૃદયમાં બાકી રહી જાય છે અને તે ધીમે–ધીમે વિકાસ પામે છે અને અંતે તેમને ગાયની પૂંજાના પૂંજારી બનાવી દે છે. પછી તેમની તૌબામાં અમુકને કતલ થવું પડે છે અને અમુકને કતલ થયા વગર મા'ફી મળી જાય છે. જેમકે, અમુક મુફસ્સિરોએ વર્ણન કર્યું છે કે, તેમની તૌબામાં કોઈ ઉણપ બાકી રહી ગઈ હતી અને વાછરડાની પૂંજા દિલમાં ઘર કરી ગઈ હતી અને વાછરડાની પૂંજા કરનાર લોકોની નફરત જે રીતે દિલમાં થવી જોઈએ તેમાં કોઈ કમજોરી બાકી રહી ગઈ હશે, તો આ ગુનાહની અસર દિલમાં બાકી રહી ગઈ હતી. અલબત્ત તૌબાની કમજોરી અને કુફ્રની નફરત ન હોવાની અસર બાકી રહેવાના કારણે દિલોમાં દીન બાબતે સુસ્તી અને આળસ આવી ગઈ, જેના કારણે તેમના ઉપર તૂર પર્વતને ઉઠાવવાની ઘટના બની.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૯૪–૯૫)

قُلْ إِنْ كَانَتْ لَكُمُ الدَّارُ الْآخِرَةُ عِنْدَ اللهِ خَالِصَةً مِّنْ دُوْنِ النَّاسِ فَتَمَنَّوُا الْمَوْتَ
إِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿٩٤﴾ وَلَنْ يَّتَمَنَّوْهُ أَبَدًا بِمَا قَدَّمَتْ أَيْدِيْهِمْ ۗ وَاللهُ عَلِيْمٌ بِالظّٰلِمِيْنَ ﴿٩٥﴾

તરજુમો :

કહી દો ! તમારા માટે અલ્લાહ પાસે આખિરતનું ઘર (અન્ય) લોકો સિવાય જો વિશેષરૂપે છે; તો તમે મૌતની તમન્ના કરો; જો તમે સાચા છો. (૯૪) અને તેઓ પોતાના હાથે જે આગળ મોકલ્યું (તે) કારણે કદાપિ મૌતની તમન્ના નહીં કરે; અને અલ્લાહ જાલિમોને જાણનારો છે. (૯૫)

તફસીર :

અમુક યહૂદીઓ એવો દા'વો કરતા હતા કે, આખિરતની નેઅ્મતો ઉપર ફક્ત તેમનો જ અધિકાર છે. અલ્લાહ તઆલાએ આ દા'વાને ખોટો ઠરાવીને ફરમાવ્યું કે, હે મુહમ્મદ ﷺ ! આપ (તે લોકોને) કહી આપો કે જો (તેમના કહેવા પ્રમાણે) આખિરતની જિંદગી ફક્ત તેમના માટે (જ) કોઈ અન્યની ભાગીદારી સિવાય નફાકારક છે, તો તમે (તેના સમર્થન માટે જરા) મૌતની તમન્ના કરીને બતાવો જો તમે (આ દા'વામાં) સાચા છો અને (અમે સાથે–સાથે એ પણ કહી આપીએ છીએ કે) આ લોકો કદાપિ (મૌત)ની તમન્ના નહીં કરે. તેમના આ'માલ (કુફ્ર)ના કારણે (સજાની બીકથી કે,) જે તેમણે પોતાના હાથોએ આગળ મોકલ્યા છે ! અને અલ્લાહ તઆલા જાલિમોને સારી પેઠે જાણે છે. (જ્યારે ન્યાયનો દિવસ આવશે ત્યારે વારા–ફરતી દરેક જાલિમને સજાનો હુકમ આપી દેવામાં આવશે.)

ખુલાસો :

કુર્આનની અન્ય આયતોમાં તેમના આ દા'વાનો ખુલાસો નીકળે છે જેમકે,

(١) قَالُوْ الَنْ تَمَسَّنَا النَّارُ اِلَّا اَيَّامًا مَّعْدُوْدَةً ط ؛ (٢) وَقَالُوْ لَنْ يَّدْ خُلَ الْجَنَّةَ اِلَّامَنْ كَانَ هُوْدًااَوْنَصٰرٰى؛ (٣) وَقَالَتِ الْيَهُوْدُ وَ النَّصٰرٰى نَحْنُ اَبْنٰٓؤُا اللّٰهِ وَاَحِبَّآءُهٗ؛

(૧) "તેઓ કહે છે કે આગ અમને અડકશે (પણ) નહીં પરંતુ થોડા દિવસો"' (૨:૮૦), (૨) "અને તેઓ કહે છે, જન્નતમાં યહૂદી અને નસારા સિવાય કોઈ પ્રવેશ નહીં પામે." (૨:૧૧૧), (૩) "અને યહૂદી અને નસારા કહે છે, અમે અલ્લાહના સંતાનો છીએ અને તેના ગાઢ મિત્ર છીએ." (૫:૧૮)

આ બધા દા'વાનો હેતુ સ્પષ્ટ છે કે તેમના કહેવા પ્રમાણે તેઓ સત્ય ધર્મ ઉપર છે. એટલા માટે આખિરતમાં અમને તો ચોક્કસ છુટકારો મળશે. અમારામાંથી જે નેક લોકો ગુજરી ચૂક્યા છે તેમને તો સૌ પ્રથમ જન્નતમાં પ્રવેશ મળી જશે અને જે ગુનેહગારો છે, તેઓ અમુક દિવસ અઝાબ ભોગવીને છુટકારો મેળવી લેશે અને જેઓ તાબે'દાર છે તેઓ તો પુત્ર અને રિશ્તેદારોની જેમ અલ્લાહના મહબૂબ અને વહાલા છે.

અમુક વિષયો અનુસંધાને તેમનો સત્ય ધર્મ ઉપર કાયમ હોવાનો દા'વો તેમનો દીન રદ (મન્સૂખ) થતાં પહેલાંનો સાચો છે, પરંતુ તેમનો દીન હઝરત મુહમ્મદ ﷺના આવવાથી મન્સૂખ (રદ) થઈ જવાથી અને તેમના હઝરત મુહમ્મદ ﷺના દીનનો સતત ઈન્કાર કરવાથી તેઓ સત્ય માર્ગ ઉપર રહ્યા ન હતા. એટલા માટે કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાએ વારંવાર વિવિધ વિષયો અને પદ્ધતિઓથી તેમને જૂઠા ઠરાવ્યા. અત્રે એક ખાસ પદ્ધતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, સ્વાભાવિક રીતે દલીલોથી કે માનવસ્વભાવ મુજબ ચર્ચા અને બહસ કરીને સચ્ચાઈનો ફેંસલો નથી થતો તો આવો, માનવ પ્રકૃતિ વિરૂદ્ધ ચમત્કારિક તરીકાથી તેનો ફેંસલો કરીએ અને તેમાં બહું બુદ્ધિ કે જ્ઞાનની જરૂર પણ નથી હોતી અને બહું ઊંડી દૃષ્ટિની આવશ્યકતા પણ નથી હોતી. ફક્ત જીભ હલાવવાની જરૂર છે. પરંતુ અમે આગાહી કરીએ છીએ કે તમે જીભથી પણ એવું ક્યારેય નહીં કહી શકો કે, "અમે મૌતની તમન્ના કરીએ છીએ."

આ આગાહી પછી અમે કહીએ છીએ કે જો તમે તમારા દા'વામાં સાચા છો તો આ વાક્ય મોઢાથી કહી દો, પરંતુ જો ન કહ્યું તો તમે જૂઠા સાબિત થઈ જશો.

કારણ કે તેઓનું બાતિલ અને કુફ્ર ઉપર હોવું અને રસૂલુલ્લાહ ﷺનું સત્ય ઉપર હોવું તેમના ઉપર ખુલ્લી રીતે જાહેર થઈ ગયું હતું. એટલે ક્યાં તો તેમના ઉપર એક પ્રકારનો ભય છવાય ગયો હતો કે એવું કહેવા માટે જીભ ન ઉઠાવી શક્યા અથવા તો તેઓ ડરી ગયા કે તેમનાથી એક વાક્ય પણ મોઢામાંથી ન કાઢી શકાયું અને મૌતનો ભય એવો છવાય ગયો કે, જો આ વાક્ય મોઢાથી કહી દીધું તો સીધા મૃત્યુ પામીશું અને સીધા જહન્નમમાં પહોંચી જઈશું, નહિતર તેમને રસૂલુલ્લાહ ﷺ સાથે જે વેર અને દુશ્મની હતી તેના પ્રમાણમાં આવું સાંભળીને તેમનામાં જુસ્સો આવી જવો જોઈતો હતો અને જુસ્સામાં આ વાક્ય તેમણે ચોક્કસ કહેવું જોઈતું હતું.

વાસ્તવમાં ઈસ્લામની સચ્ચાઈની સાબિતી માટે આ ઘટના પૂરતી છે. અત્રે બે વાતો ધ્યાન આપવા યોગ્ય છે. પ્રથમ તો એવી દલીલ કે આ તે યહૂદીઓ સાથે ખાસ ઘટેલી ઘટના હતી, જેઓ રસૂલુલ્લાહ ﷺના જમાનામાં મૌજૂદ હતા અને

જેમણે આપ ﷺને નબી તરીકે ઓળખી લીધા પછી પણ પૂર્વગ્રહ અને દુશ્મનીના કારણે આપ ﷺનો ઈન્કાર કર્યો. એટલા માટે આ સંબોધન દરેક ઝમાનાના યહૂદીઓ માટે નથી.

બીજી એ શંકા પણ ન હોવી જોઈએ કે, તમન્ના કરવી જીભ અને દિલ બન્નેથી હોય છે, શક્ય છે તેમણે દિલથી તમન્ના કરી હોય. પ્રથમ તો એ ખરૂં નથી કે, અલ્લાહ તઆલાનું ફરમાન وَلَنۡ يَتَمَنَّوۡهُ એનો સાફ રદિયો આપી રહ્યું છે. બીજું તેમણે જો દિલથી તમન્ના કરી હોત તો જીભથી જરૂર તેની જાહેરાત કરી હોત. કારણ કે, તેમાં તો તેમનો વિજય હતો અને તેમને નબી ﷺને જૂઠાડવાનો સારો મોકો મળ્યો હોત ?

અને આ શંકા પણ ન કરવી જોઈએ કે, તેમણે તમન્ના કરી હશે, પરંતુ શક્ય છે કે તેનો પ્રચાર ન થયો હોય અને તે એટલા માટે ખરૂં નથી કે ઈસ્લામની હમદર્દી અને દોસ્તી રાખનારાઓની સંખ્યા કરતાં ઈસ્લામના દુશ્મનો અને વિરોધીઓની સંખ્યા હંમેશા વધારે જ રહી છે અને જો એવી જ વાત થઈ હોત તો તેઓએ પોતે તેનો ખૂબ પ્રચાર કર્યો હોત કે જુઓ તેમનું સચ્ચાઈનું માપદંડ શું હતું? જુઓ, તેના ઉપર પણ અમે સાચા સાબિત થયા છે !

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૯૬)

وَلَتَجِدَنَّهُمۡ اَحۡرَصَ النَّاسِ عَلٰى حَيٰوةٍ ‌ۛۚ وَ مِنَ الَّذِيۡنَ اَشۡرَكُوۡا ‌ۛۚ يَوَدُّ اَحَدُهُمۡ لَوۡ يُعَمَّرُ
اَلۡفَ سَنَةٍ ‌ۚ وَمَا هُوَ بِمُزَحۡزِحِهٖ مِنَ الۡعَذَابِ اَنۡ يُّعَمَّرَ‌ؕ وَاللّٰهُ بَصِيۡرٌۢ بِمَا يَعۡمَلُوۡنَ ﴿٩٦﴾

તરજુમો :

અને અલબત્ત તમે તેમને જિંદગીના વધારે લાલચુ જોશો; અને મુશ્રિકો કરતા (પણ વધુ); તેમાંનો દરેક ઈચ્છે છે, કાશ ! તેને હજાર વર્ષની ઉંમર મળે; અને તેઓને આટલી ઉંમર આપવાથી (પણ) અઝાબ દૂર થનાર નથી; અને અલ્લાહ જોનારો છે, તેઓ જે કંઈ કરે છે. (૯૬)

તફસીર :

અને (તે લોકો મોતની તમન્ના શું કરવાના હતા ?) તમે (તો) તેમને (દુનિયવી) જિંદગીના સૌથી વધુ લોભી જોશો અને (બીજાઓનો તો શું ઉલ્લેખ કરવો ! આશ્ચર્ય તો તે છે કે અમુક) મુશ્રિકોથી પણ (વધીને જિંદગીની હવસ અને લાલસા તેમનામાં વધુ જોવા મળશે) તેઓ તો ઈચ્છે છે કે તેમની ઉંમર હજાર વર્ષની થઈ જાય અને (માની લો કે આટલી લાંબી ઉંમર મળી પણ જાય, તોય શું?) આટલી (લાંબી) ઉંમર પણ તેમને અઝાબથી બચાવી શકશે નહીં અને અલ્લાહ તઆલા દરેક વસ્તુનો જાણકાર છે, તેઓ જે કંઈ અમલો (ખરાબ કૃત્યો કે જેના ઉપર તેમને સજા થવાની છે) કરી રહ્યા છે.

ખુલાસો :

આમાં આશ્ચર્ય અને નવાઈની વાત એ છે કે, અરબના મુશ્રિકો તો આખિરતના ઈન્કારી હતા. તેમનો આનંદ–પ્રમોદ અને જે કંઈ પણ હતું તે દુનિયાની ભૌતિક જિંદગી હતી. એટલા માટે જો તેઓ લાંબી જિંદગીની તમન્ના કરે તો કોઈ આશ્ચર્યની વાત નથી પરંતુ યહૂદીઓ તો આખિરતને માનતા હતા અને આખિરતની નેઅ્મતોના પોતાને હકદાર સમજતા હતા, તો પણ તેઓ દુનિયામાં રહેવાની તમન્ના કરે તે આશ્ચર્ય અને તાજ્જુબની વાત છે.

બસ ! આખિરતનો અકીદો ધરાવતા હોવા છતાં લાંબી ઉંમરની ઈચ્છા કરવી એ વાતની દલીલ છે કે, આખિરતની નેઅ્મતોના પોતાને હકદાર સમજવાનો દા'વો ફક્ત એક દંભી દા'વો છે. અને વાસ્તવમાં તેઓ પણ ખૂબ સારી રીતે જાણે છે કે ત્યાં પહોંચીને જહન્નમ જ ઠેકાણું બનવાનું છે. એટલા માટે જ્યાં સુધી બચીને રહી શકાય એટલું સારું !

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૯૭–૯૮)

قُلْ مَنْ كَانَ عَدُوًّا لِّجِبْرِيْلَ فَإِنَّهٗ نَزَّلَهٗ عَلٰى قَلْبِكَ بِإِذْنِ اللّٰهِ مُصَدِّقًا لِّمَا
بَيْنَ يَدَيْهِ وَ هُدًى وَّ بُشْرٰى لِلْمُؤْمِنِيْنَ ﴿٩٧﴾ مَنْ كَانَ عَدُوًّا لِّلّٰهِ وَمَلٰٓئِكَتِهٖ
وَ رُسُلِهٖ وَ جِبْرِيْلَ وَ مِيْكٰلَ فَإِنَّ اللّٰهَ عَدُوٌّ لِّلْكٰفِرِيْنَ ﴿٩٨﴾

તરજુમો :

કહી દો ! જેઓ જિબ્રઈલ (અલૈ.)ના દુશ્મન છે, તો નિઃશંક તેમણે તમારા દિલ ઉપર અલ્લાહના હુકમથી આ નાઝિલ કર્યું; ખરાઈ (સમર્થન) કરનારું છે (તેનું) જે એનાથી પહેલાં (છે) અને હિદાયત (માર્ગદર્શન) તથા ખુશ-ખબરી ઈમાન લાવનારાઓ માટે. (૯૭) જેઓ અલ્લાહ અને તેના ફરિશ્તાઓ અને તેના રસૂલ અને જિબ્રઈલ અને મીકાઈલના દુશ્મન હોય તો નિઃશંક અલ્લાહ (એવા) કાફિરોનો દુશ્મન છે. (૯૮)

તફસીર :

(રસૂલુલ્લાહ ﷺથી આ સાંભળીને કે જિબ્રઈલ (અલૈ.) વહી લાવે છે, અમુક યહૂદીઓએ કહ્યું કે "તેમનાથી અમારી દુશ્મની છે. અમારી કૌમ ઉપર હાઈલની ઘટનાઓ અને અઘરા હુકમો તેમના દ્વારા જ આવતા હતા, મીકાઈલ (અલૈ.) સારા છે કે વરસાદ અને રહમત સંબંધિત હુકમોની બજવણી કરે છે. જો તેઓ વહી લાવ્યા હોત તો અમે માની લીધું હોત !" તેમના આવું કહેવા પર અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે, હે મુહમ્મદ ﷺ ! આપ (તેમને) કહી દો ! કે) જે વ્યક્તિએ જિબ્રઈલ (અલૈ.)થી અદાવત રાખી (તો તે જાણે ! પરંતુ કુર્આનને ન માનવામાં તેમને શું લેવા-દેવા ? કારણ કે તેઓ તો માત્ર એક સંદેશો પહોંચાડવાનું માધ્યમ છે.) બસ, તેમણે આ કુર્આને પાક તમારા દિલ સુધી અલ્લાહના હુકમથી પહોંચાડ્યું છે (તો લાવનાર માધ્યમની ખાસિયતોને શા માટે જુઓ છો ? અલબત્ત કુર્આન શરીફને જુઓ કે તે કેવું છે) તે અગાઉની કિતાબોનું સમર્થન કરે છે અને માર્ગદર્શન આપે છે, ઈમાનવાળાઓને ખુશ-ખબરી આપે છે (અને આકાશી પુસ્તકની એ જ શા'ન હોય છે, બસ કુર્આન દરેક પ્રકારે આકાશી પુસ્તક છે અને તાબે'દારી કરવા પાત્ર છે. પછી જિબ્રઈલ અલૈ. સાથેની દુશ્મનીથી તેને ન માનવું નરી મૂર્ખામી છે. હવે રહી વાત જિબ્રઈલ અલૈ. સાથે દુશ્મનીની, તો આ ફેંસલો ખુદ અલ્લાહ તઆલાનો છે, તો જિબ્રઈલ (અલૈ.) સાથે અદાવત રાખવાનો અર્થ એવો થયો કે તેઓ અલ્લાહ સાથે દુશ્મની રાખે છે અથવા તેના બીજા ફરિશ્તાઓ અથવા તેના રસૂલો સાથે અથવા ખુદ મીકાઈલ (અલૈ.) સાથે દુશ્મની રાખે છે કે જેમની દોસ્તીની તેઓ બડાશ હાંકે છે. તે બધા સાથે દુશ્મની રાખવી અને હઝરત જિબ્રઈલ (અલૈ.) સાથે દુશ્મની રાખવી બધું

એક સમાન જ છે અને આ બધી દુશ્મનીઓનો સમાન કાનૂન એ છે કે,) જો (કોઈ) વ્યક્તિ અલ્લાહ તઆલાનો દુશ્મન છે અને ફરિશ્તાઓનો અને જિબ્રઈલનો અને મીકાઈલનો (તો એ બધાનો વબાલ એ છે કે) અલ્લાહ તઆલા એવા કાફિરોનો દુશ્મન છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૯૯)

وَلَقَدْ اَنْزَلْنَآ اِلَيْكَ اٰيٰتٍۭ بَيِّنٰتٍ ۚ وَمَا يَكْفُرُ بِهَآ اِلَّا الْفٰسِقُوْنَ ۝٩٩

તરજુમો :

અને અલબત્ત અમે આપના તરફ ખુલ્લી નિશાનીઓ ઉતારી; અને તેનો ઈન્કાર નથી કરતા, પરંતુ નાફરમાનો ! (૯૯)

તફસીર :

અને (અમુક યહુદીઓ આપ ﷺને એવું કહેતા હતા કે તમારા ઉપર કોઈ એવી ખુલ્લી દલીલ નાઝિલ નથી થઈ, જેને અમે જાણતા અને ઓળખતા હોય. તેના જવાબમાં કહેવામાં આવે છે કે, તેઓ એક ખુલ્લી દલીલ લઈને ફરી રહ્યા છે) અમે આપના ઉપર ખુલ્લી દલીલો નાઝિલ કરી છે (જેને તેઓ પણ સારી રીતે ઓળખે છે બસ ! તેમનો ઈન્કાર ન જાણવાના કારણે નથી બલકે, તેમનો ઈન્કાર હુકમની નાફરમાની કરવાની તેમની ટેવના કારણે છે.) અને (નિયમ એ છે કે) કોઈ (આવી ખુલ્લી દલીલોનો) ઈન્કાર નથી કરતું પરંતુ ફક્ત તે જ લોકો જેઓ નાફરમાનો છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૦૦)

اَوَكُلَّمَا عٰهَدُوْا عَهْدًا نَّبَذَهٗ فَرِيْقٌ مِّنْهُمْ ؕ بَلْ اَكْثَرُهُمْ لَا يُؤْمِنُوْنَ ۝١٠٠

તરજુમો :

કહો ! જ્યારે પણ તેમણે કરાર કર્યો; તેમનામાંથી એક સમૂહે તે કરાર તોડી નાંખ્યો; બલકે મોટા ભાગના (લોકો તેમાં) વિશ્વાસ (ઈમાન) ધરાવતા નથી. (૧૦૦)

તફસીર :

અમુક યહૂદીઓને જ્યારે તે રસૂલ ﷺ ઉપર ઈમાન લાવવાનો કરાર યાદ અપાવવામાં આવ્યો, જે કરાર તેમનાથી તવરાતમાં લેવામાં આવ્યો હતો તો તેમણે પોતે કરાર લેવાથી સાફ ઈન્કાર કરી દીધો. તે વિશે ઈરશાદ થાય છે કે,

(શું આ કરાર લઈને તેમણે ઈન્કાર કર્યો ? અને તેમની હાલત એવી છે કે તેમણે પોતાના પાકા કરારોને પણ પૂરા નથી કર્યા બલકે,) જ્યારે પણ આ લોકોએ (દીન વિશે) કોઈ કરાર કર્યો હશે (જરૂર) તેને એમનામાંના કોઈને કોઈ સમૂહે તોડી નાંખ્યો હશે. બલકે, તે (કરારનો અમલ ન કરનારાઓમાં) વધારે તો એવા નીકળશે જે (મૂળેથી જ કરાર ઉપર) વિશ્વાસ ધરાવતા નથી (તો તેના ઉપર અમલ કરવાની બાબત કરતાં આ કરાર ઉપર વિશ્વાસ ન રાખવો એ તેનાથી મોટું કુફ્ર છે).

ખુલાસો :

માત્ર એક ગૃપનો વિશેષરૂપે એટલા માટે ઉલ્લેખ કરવામાં આવ્યો કે, અમુક તેમાંથી આ કરારને પૂરો પણ કરતા હતા. બલકે, તેમાંથી કેટલાક તો રસૂલુલ્લાહ ﷺ ઉપર ઈમાન પણ લઈ આવ્યા.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૦૧)

وَلَمَّا جَآءَهُمْ رَسُوْلٌ مِّنْ عِنْدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمْ نَبَذَ فَرِيْقٌ مِّنَ
الَّذِيْنَ اُوْتُوا الْكِتٰبَ ۙ كِتٰبَ اللّٰهِ وَرَآءَ ظُهُوْرِهِمْ كَاَنَّهُمْ لَا يَعْلَمُوْنَ ﴿١٠١﴾

તરજુમો :

અને જ્યારે અલ્લાહ તરફથી એક રસૂલ તેમની (પાસે) આવ્યો; જે એમની પાસે (તવરાત છે) તેની ખરાઈ (સમર્થન) કરનાર હતો; (તો) એક સમૂહે (અહલે કિતાબે) જેમને કિતાબ આપવામાં આવી, અલ્લાહની કિતાબને પોતાની પીઠ પાછળ ફેંકી દીધી જાણે કે તેઓ જાણતા (જ) નથી. (૧૦૧)

તફસીર :

આ આયતમાં એક ખાસ કરારભંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં રસૂલુલ્લાહ ﷺ ઉપર ઈમાન ન લાવવાનું વર્ણન છે જેમકે,

અને જ્યારે તેમની પાસે અલ્લાહ તરફથી એક (મહાન) પયગંબર આવ્યા, જે (રસૂલ હોવાની સાથે–સાથે) તે કિતાબ (તવરાત)ની પણ ખરાઈ (સમર્થન) કરી રહ્યા છે, જે તેમની પાસે છે (એટલે કે તવરાતની, કારણ કે તેમાં આપ ﷺની નુબુવ્વતની ખબર છે, તો એવી હાલતમાં આપ ﷺ ઉપર ઈમાન લાવવું તવરાત ઉપર ઈમાન લાવવા બરાબર હતું કે, તેઓ પણ અલ્લાહની કિતાબને જાણે છે પરંતુ તે છતાં પણ) તે અહલે કિતાબમાં એક સમૂહે પોતે અલ્લાહની તે કિતાબને એવી રીતે પીઠ પાછળ નાંખી દીધી જાણે કે તેને (અલ્લાહની કિતાબ હોવાનું) જાણતા જ નથી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૦૨–૧૦૩)

وَاتَّبَعُوا مَا تَتْلُوا الشَّيٰطِيْنُ عَلٰى مُلْكِ سُلَيْمٰنَ ۚ وَمَا كَفَرَ سُلَيْمٰنُ وَلٰكِنَّ
الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ السِّحْرَ ۗ وَمَآ اُنْزِلَ عَلَى الْمَلَكَيْنِ بِبَابِلَ
هَارُوْتَ وَمَارُوْتَ ؕ وَمَا يُعَلِّمٰنِ مِنْ اَحَدٍ حَتّٰى يَقُوْلَآ اِنَّمَا نَحْنُ فِتْنَةٌ
فَلَا تَكْفُرْ ؕ فَيَتَعَلَّمُوْنَ مِنْهُمَا مَا يُفَرِّقُوْنَ بِهٖ بَيْنَ الْمَرْءِ وَزَوْجِهٖ ؕ وَمَا
هُمْ بِضَآرِّيْنَ بِهٖ مِنْ اَحَدٍ اِلَّا بِاِذْنِ اللّٰهِ ؕ وَيَتَعَلَّمُوْنَ مَا يَضُرُّهُمْ وَلَا
يَنْفَعُهُمْ ؕ وَلَقَدْ عَلِمُوْا لَمَنِ اشْتَرٰىهُ مَا لَهٗ فِى الْاٰخِرَةِ مِنْ خَلَاقٍ ۗ وَلَبِئْسَ مَا
شَرَوْا بِهٖٓ اَنْفُسَهُمْ ؕ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿١٠٢﴾ وَلَوْ اَنَّهُمْ اٰمَنُوْا وَاتَّقَوْا لَمَثُوْبَةٌ
ع مِّنْ عِنْدِ اللّٰهِ خَيْرٌ ؕ لَوْ كَانُوْا يَعْلَمُوْنَ ﴿١٠٣﴾

તરજુમો :

અને તેઓ જે સુલૈમાન (અલૈ.)ના શાસનકાળમાં (બાદશાહતમાં) શયતાનો પઢતા હતા (તેની) પાછળ પડ્યા; અને સુલૈમાન (અલૈ.)એ કુફ્ર નથી કર્યું, પરંતુ શયતાનોએ કુફ્ર કર્યું (કે) તેઓ લોકોને જાદૂ શીખવાડતા; અને બેબિલોનમાં બે ફરિશ્તાઓ હારૂત અને મારૂત ઉપર જે નાઝિલ કરવામાં આવ્યું અને તેઓ કોઈને શીખવાડતા નહોતા ત્યાં સુધી કે તેઓ કહી દેતા કે, અમે ફક્ત કસોટી (માટે છે), બસ તો (તમે) કુફ્ર ન કરો; તો તેઓ તે બંનેથી શીખતા તેવી વાતો જેનાથી પતિ અને તેની પત્ની વચ્ચે જુદાઈ કરાવતા; અને તેઓ તેનાથી કોઈને નુકસાન પહોંચાડી શકતા નથી, પરંતુ અલ્લાહના હુકમથી; અને તેઓ શીખે છે જે એમને નુકસાન પહોંચાડે (છે) અને તેમને લાભકારી નથી; અને તેઓ જાણી ચૂક્યા (કે) જેણે આ (જાદુ) ખરીદ્યું તેમના માટે આખિરતમાં કોઈ હિસ્સો નથી; અને અલબત્ત (આ ઘણું) ખરાબ (છે) જેનાથી તેમણે પોતાની જાતને વેચી દીધી; કાશ ! તેઓ જાણતા હોત ! (૧૦૨) અને જો તેઓ ઈમાન લઈ આવ્યા હોત, અને પરહેઝગાર (અલ્લાહથી ડરનારા) બની ગયા હોત, તો અલ્લાહ પાસેથી સારું ઠેકાણું મેળવ્યું હોત; કાશ ! તેઓ જાણતા હોત ! (૧૦૩)

તફસીર :

અને (યહૂદીઓ એવા બુદ્ધિહીન લોકો છે કે) તેમણે (અલ્લાહની કિતાબની તાબે'દારી ન કરી અને) એવી વસ્તુની (જાદૂ અને સિહ્ર)ની પાછળ પડ્યા કે, જેની શયતાન (જિન્નાતો) હઝરત સુલૈમાન (અલૈ.)ના શાસનકાળમાં (બાદશાહતમાં) ચર્ચા કર્યા કરતા હતા અને (અમુક બેવકૂફો જે હઝરત સુલૈમાન (અલૈ.) ઉપર જાદૂનો આક્ષેપ મૂકે છે તે તદ્દન વાહિયાત વાત છે કારણ કે, જાદૂ તો અકીદાની દૃષ્ટિએ કુફ્ર છે અને) હઝરત સુલૈમાન (અલૈ.)એ (નઊઝુબિલ્લાહ) કુફ્ર નથી કર્યું પરંતુ શયતાનો (નાપાક જિન્નાતો)એ કુફ્ર કર્યું અને (તેઓ) લોકોને જાદૂની વાતો શીખવાડતા હતા (અત્યારે આ જ જાદૂનો વારસો ચાલ્યો આવે છે જે યહૂદીઓ કરી રહ્યા છે) અને (એવી જ રીતે) આ (જાદૂ)ની પણ (આ લોકો પૈરવી કરી રહ્યા છે) જે તે બંને ફરિશ્તાઓ ઉપર (એક ખાસ હિકમત માટે) નાઝિલ

કરવામાં આવ્યું હતું (જેઓ) બેબિલોન (શહેર)માં (રહેતા હતા) જેમનું નામ હારૂત અને મારૂત હતું અને આ બંને (તે જાદૂ) કોઈને ત્યાં સુધી શીખવાડતા ન હતા (જ્યાં સુધી કે પ્રથમ) તે ન કહી દે કે અમારું અસ્તિત્વ પણ (લોકોના માટે અલ્લાહની) એક પરીક્ષા છે (કે અમારી પાસેથી જાદૂ જાણીને કોણ બચી જાય છે અને કોણ ફસાય જાય છે) બસ, તો કુફ્ર ન કરો (કે જાદૂમાં ફસાય જાઓ) બસ, (અમુક) લોકો આ બંને (ફરિશ્તાઓ) પાસેથી આ પ્રકારનું જાદૂ શીખી લેતા હતા, જેના દ્વારા (અમલ કરીને) કોઈ પતિ અને તેની પત્ની દરમિયાન જુદાઈ પૈદા કરી દેતા હતા (અને આ બાબતથી કોઈ ડર અથવા ભયમાં ન પડી જાય કે જાદૂગર જે ચાહે તે કરી શકે છે કારણ કે, આ યકીની વાત છે કે) આ (જાદૂગર) લોકો આ (જાદૂ)થી કોઈને (લેશમાત્ર) પણ નુકસાન નથી પહોંચાડી શકતા પરંતુ અલ્લાહ તઆલાના (તકદીરી) હુકમથી, અને (આ લોકો આવું જાદૂ પ્રાપ્ત કરીને) એવી વસ્તુઓ શીખી લે છે જે (પોતે) તેમને (ગુનાહ અને) નુકસાન પહોંચાડે છે તથા તેમને કંઈ જ લાભકારી નથી (તો યહૂદીઓ પણ જાદૂમાં પડીને પોતાનું નુકસાન જ કરી રહ્યા છે) અને (આ વાત કંઈ અમારા કહેવાથી નથી બલકે,) જરૂર આ (યહૂદીઓ) પણ એટલું તો સારી રીતે જ જાણે છે કે જે વ્યક્તિ આ (જાદૂ)ને (અલ્લાહની કિતાબના બદલે) અપનાવે એવા માણસનો આખિરતમાં કોઈ હિસ્સો (બાકી) નથી અને બેશક, તે વસ્તુ ઘણી ખરાબ (એટલે જાદૂ અને કુફ્ર) છે જેનાથી તે લોકો પોતાની જાત વેચી રહ્યા છે, કાશ ! તેમનામાં અક્કલ હોત ! અને આ લોકોએ (કુફ્ર અને ખરાબ કૃત્યોના બદલે) ઈમાન અને પરહેઝગારી (અલ્લાહનો ડર) અપનાવ્યા હોત તો અલ્લાહ તઆલાના ત્યાં સારો બદલો મેળવ્યો હોત, કાશ ! તેમનામાં અક્કલ હોત !!!

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત આયતોની તફસીર અને તેના શા'ને નુઝૂલ (ઊતરવાની પૂર્વભૂમિકા)માં ઉલ્લેખ કરવામાં આવેલી ઈસ્રાઈલી રિવાયતોથી ઘણા લોકોને વિવિધ પ્રકારની શંકાઓ પૈદા થાય છે અને આ શંકાઓનો હલ હકીમુલ ઉમ્મત હઝરત મવલાના થાનવી (રહ.)એ ઘણી જ ખુલ્લી અને સરળ પદ્ધતિથી કર્યો છે. આ જગ્યાએ તેને અક્ષરસઃ નકલ કરી દેવું પૂરતું છે અને તે આ છે.

(૧) આ મૂર્ખ લોકો હઝરત સુલૈમાન (અલૈ.) સાથે જાદૂનો સંબંધ જોડતા હતા. તેઓ યહૂદીઓ હતા. એટલા માટે અલ્લાહ તઆલાએ આયતની વચ્ચે હઝરત સુલૈમાન (અલૈ.) નિર્દોષ હોવાની પણ જાહેરાત કરી દીધી.

(૨) આ આયતોનો હેતુ યહૂદીઓની ખોટી વાતોનો ઉલ્લેખ કરવાનો છે. કારણ કે, તેમનામાં જાદૂની ચર્ચા થતી હતી. આ આયતોના સંદર્ભમાં ઝહરાની એક લાંબી વાર્તા પણ મશ્હૂર છે, જે કોઈ આધારભૂત રિવાયતથી સાબિત નથી. જેથી આલિમોએ આ કિસ્સાને શરીઅતના કાનૂનો વિરુદ્ધ સમજ્યો છે અને રદ કરી દીધો છે અને જે લોકોએ તેની તાવીલ કરવાને શરીઅતના વિરૂદ્ધ નથી ગણ્યું તેમણે તે કિસ્સાને રદ નથી કર્યો. અમે અત્રે અહીંયાં તેના સત્ય અથવા અસત્ય હોવાની ચર્ચામાં નથી પડતા. અલબત્ત એટલું જરૂર કહીએ છીએ કે આ આયતની તફસીર આવા કિસ્સાઓ ઉપર અવલંબિત નથી. જેમકે વાંચકોને નીચેનો વિષય વાંચવાથી અંદાજો આવી જશે.

(૩) યહૂદીઓ બધી વાતોને જાણતા હોવા છતાં, તેઓ તેમના જ્ઞાન વિરૂદ્ધ અમલ કરતા હતા અને બુદ્ધિથી કામ લેતા ન હતા, એટલા માટે પ્રથમ તો તેમને તેઓ આ બાબત જાણતા હોવાની ખબર આપી અને છેવટમાં એવું કહીને તેનો રદિયો પણ આપ્યો કે કાશ ! તેમનામાં જ્ઞાન અને બુદ્ધિ હોત ! કારણ કે જે જ્ઞાન ઉપર અમલ અને ચિંતન ન હોય તે જ્ઞાન પણ અજ્ઞાનતા અને જહાલત સમાન જ છે.

(૪) એક સમયમાં જેની પૂરી દુનિયામાં ખૂબ ચર્ચા હતી અને ખાસ કરીને બૅબિલોન (શહેર)માં જાદૂની ઠેર-ઠેર ચર્ચા થતી હતી. તેની આશ્ચર્યજનક અસરોને જોઈને જાહિલો નબીઓના મોઅ્જિઝાઓની વાસ્તવિકતામાં શંકા તથા વિરોધ કરવા મંડી પડ્યા હતા. અમુક લોકો જાદૂગરોને પવિત્ર અને અનુસરણ કરવાપાત્ર સમજવા લાગ્યા અને અમુક લોકો જાદૂને નેક કામ સમજી તેને શીખવા તથા તેના ઉપર અમલ કરવા લાગ્યા. જેમકે, અત્યારના સમયમાં "મેસ્મેરિઝમ" અને "હિપ્નોટિઝમ" વિશે લોકો આવો અભિપ્રાય ધરાવે છે. અલ્લાહ તઆલાએ આ શંકા અને ભૂલને દૂર કરવા માટે બૅબિલોનમાં હારૂત મારૂત નામના બે ફરિશ્તાઓ આ કામ માટે મોકલ્યા કે તેઓ લોકોને જાદૂની વાસ્તવિકતા અને તેના પ્રકારોથી માહિતગાર કરે. જેથી

તેમની શંકા દૂર થાય અને જાદૂ ઉપર અમલ કરવાથી તેમજ જાદૂગરોની તાબે'દારી કરવાથી બચી શકે અને જે રીતે નબીઓ (અલૈ.)ની નુબુવ્વતને મોઅ્જિઝાઓ અને દલીલોથી સાબિત કરવામાં આવે છે, એવી રીતે હારૂત અને મારૂત "ફરિશ્તા" હોવાની દલીલ કાયમ થઈ જાય. જેથી તેમના હુકમો અને ફરમાનોની તાબે'દારી અને ઈતાઅત શક્ય બને.

અને આ કામ અંબિયા (અલૈ.)થી એટલા માટે ન લેવામાં આવ્યું કે પ્રથમ તો નબીઓ અને જાદૂગરોમાં તફાવત હોવાનું જાહેર કરવાનો હેતુ હતો.

બીજું આ કામની પૂર્ણતા અને જાદૂ જાહેર થવાની ઘટના જાદૂના શબ્દોની (મંત્રોની) નકલ અને તેના વર્ણન વિના સ્વાભાવિક રીતે થઈ શકતી ન હતી. જો કે કોઈના બોલેલા કુફ્રિયા શબ્દોની નકલ એટલા માટે કરવી કે, તે શું બોલ્યો હતો તે સામાવાળાને જણાવવું છે તો તે કુફ્ર નથી. (નકલે કુફ્ર, કુફ્ર ન બાશદ) બૌદ્ધિક અને તાર્કિક સિદ્ધાંતો પ્રમાણે પણ આવું સમજી શકાય છે, પરંતુ નબી (અલૈ.) હિદાયતના સ્ત્રોત હોવાને કારણે તેમના દ્વારા જાદૂની લા'નત સમજાવવાનું કામ લેવું યોગ્ય સમજવામાં ન આવ્યું. એટલા માટે આ કામ ફરિશ્તાઓને સોંપવામાં આવ્યું. અલ્લાહના કારખાનામાં બુદ્ધિ અને તર્ક ઉપર આધારિત એવા–એવા હિકમતસભર કાર્યો ફરિશ્તાઓ દ્વારા લેવામાં આવે છે, જે સામૂહિક રીતે મનુષ્યની ભલાઈ માટે હોય છે, પરંતુ અમુક બાબતો જે પોતે તેની ખાસિયતોના કારણે ખરાબ હોય છે જેમકે કોઈ ઝેરી જાનવર વગેરે કે, આમ તો તેનું અસ્તિત્વ મનુષ્યની ભલાઈ માટે જ છે, પરંતુ તે સ્વાભાવગત માણસ માટે હાનિકારક છે. અંબિયા (અલૈહિમુસ્સલામ)થી માત્ર ભલાઈના કામો જ લેવામાં આવે છે જે સમગ્ર સૃષ્ટિ માટે લાભદાયી જ હોય છે અને ઉપરોક્ત કિસ્સા–કહાનીઓનો ઉલ્લેખ એક હેતુપૂર્તિ માટે છે, પરંતુ આ હેતુપૂર્તિ માટે ફરિશ્તાઓથી એટલા માટે કામ લેવામાં આવ્યું કે, આ શબ્દો અને મંત્રોની નકલ કરવાના કારણે અંબિયા (અલૈહિમુસ્સલામ)એ પણ ક્યાંક જાદૂનો અમલ કર્યો હોવાની શંકા ન ઊભી થઈ જાય. આ જ કારણે આવી શંકાથી બચાવવા માટેના શુભ આશયથી અંબિયા (અલૈહિમુસ્સલામ)ને જાદૂની લા'નત સમજાવવાનું માધ્યમ બનાવવાને પણ અલ્લાહ દ્વારા પસંદ કરવામાં ન આવ્યું.

જો કે શરીઅતની પૂર્ણતા માટે અંબિયા (અલૈહિમુસ્સલામ) દ્વારા પણ આ હેતુની પૂર્તતા મૌખિક હિદાયતો દ્વારા કરવામાં આવી, પરંતુ પ્રત્યક્ષ રીતે આ જાદૂની લા'નતનો ખુલાસો ફિત્નો થવાના કારણે અંબિયા (અલૈહિમુસ્સલામ) દ્વારા કરાવવામાં ન આવ્યો. તેનું ઉદાહરણ એવું છે કે નબી (અલૈહિસ્સલામ)એ કહ્યું કે લાંચ લેવી હરામ છે અને તેની વાસ્તવિકતા પણ બતાવી દીધી પરંતુ તેની પદ્ધતિ અને પ્રકારના ખુલાસાઓ કરવામાં નથી આવ્યા. દાખલા તરીકે, લાંચનો એક પ્રકાર એ પણ છે કે જેને લાંચ આપવાની છે તેની પાસે જઈને ફલાણી–ફલાણી વાત કહેવી વગેરે વગેરે. કારણ કે આવા ખુલાસાઓનો ઉલ્લેખ કરવાથી લોકો જાત–જાતની યુક્તિઓ શીખી શકે છે. દાખલા તરીકે, જાદૂના પ્રકારોમાં જ કલ્પના કરો કે એક મુખ્ય નિયમ બતાવી દેવામાં આવ્યો કે ગૈબી હાથ વડે તમારા તકિયા નીચે અથવા તમારા ખિસ્સામાં રૂપિયા આવી જાય તો તે નાજાઇઝ છે. હવે, એવું બતાવવામાં નથી આવ્યું કે ફલાણો અમલ કરવાથી તકિયા નીચે અથવા ખિસ્સામાં ગૈબથી રૂપિયા આવી જાય છે.

કહેવાનો હેતુ એટલો જ છે કે, ફરિશ્તાઓએ બૅબિલોન શહેરમાં આવીને પોતાનું કામ શરૂ કરી દીધું કે, જાદૂના સિદ્ધાંતો અને તેનાથી બચવાના ઉપાયો શીખવવા તથા લોકોને આ ખરાબ કૃત્યોથી બચવાની તાકીદ કરવી તથા જાદૂથી નફરત કરવાની શીખ આપવી અને તેનાથી દૂર રહેવાની ચેતવણી આપવી વગેરે કામ શરૂ કર્યું. જેમ કોઈ આલિમને જોઈને અભણ લોકો તેમની અઝમતમાં કુફ્રિયા વાતો પણ કહેવા લાગી જાય છે. એટલા માટે તે મૌખિક અથવા લેખિત આ શબ્દોને જાહેર કરીને લોકોને ખબરદાર કરી દે છે કે, જુઓ આવું ન કહેવું જોઈએ, આવું કહેવાથી બચવું જોઈએ. વગેરે.

જ્યારે ફરિશ્તાઓએ કામ શરૂ કર્યું તો ધીરે–ધીરે અમુક લોકોની તેમની પાસે આવન–જાવન વધી ગઈ અને તેઓ દરખાસ્ત કરવા લાગ્યા કે અમને પણ આ જાદૂના સિદ્ધાંતો, જાદુનો તોડ અને તેનાથી બચવાના ઉપાયો શીખવાડો. જેથી અમે અજાણતામાં કોઈ ફસાદમાં ફસાઈ ન જઈએ. તે વખતે ફરિશ્તાઓએ સુધારણા અને લોકોને બચાવવાના હેતુથી તેનો પ્રચાર કરવાનું શરૂ કર્યું અને જાદૂના અમલના તોડ માટે તોડ બતાવતા પહેલાં લોકોને એવું કહી દેતા હતા કે, ''જુઓ અમારું આ બતાવવાનું કારણ અલ્લાહ તઆલા તરફથી પોતાના બંદાઓની કસોટી છે. જુઓ આ વસ્તુ શીખીને અમુક વ્યક્તિ પોતાના દીનની

હિફાઝત અને સુધારણા કરે છે, જેથી જાદૂથી ખબરદાર થઈ તેનાથી બચે છે જ્યારે કે, અમુક વ્યક્તિ તેનાથી પોતાનો દીન ખરાબ કરે છે કે, આ જાદૂની બુરાઈનો તોડ શીખીને પોતે જ જાદૂની લાલચમાં પડીને તેને અપનાવી લે છે જેનું પરિણામ કુફ્ર છે, ભલે આવું કુફ્ર જાદૂ ઉપર અમલ કરીને કરતા હોય કે તેના ઉપર શ્રદ્ધા અને ભરોસો રાખીને કરતા હોય. જુઓ અમે તો તમને શિખામણ આપીએ છીએ કે સારી નિય્યતથી આ જાદૂના તોડને શીખો અને પછી આ નિય્યત પર મજબૂતીથી કાયમ રહો. એવું ન થાય કે અમને તો એવું કહીને શીખી લો કે અમે લોકો જાદૂથી બચવા આ શીખી રહ્યા છે અને પછી પોતે જ તેની બુરાઈમાં લાગી જાઓ અને પોતાનું ઈમાન બરબાદ કરી નાંખો.''

સ્પષ્ટ છે કે, તે ફરિશ્તાઓ આનાથી વધારે શું ભલાઈની વાત કરી શકવાના હતા ? મતલબ કે જો કોઈ તેમનાથી કરાર અને વાયદો કરી લેતા તો ફરિશ્તાઓ તેમને જાદૂના તોડ અને તેના સિદ્ધાંતો શીખવાડતા. કારણ કે તેમનું કામં જ આ હતું. હવે જો કોઈ વ્યક્તિ પોતાના કરાર ઉપર કાયમ ન રહે અને કરારભંગ કરી પોતાની મરજીથી કાફિર અને દુષ્ટ બને તો તે જાણે, તેનું કામ જાણે! એટલા માટે અમુક લોકો આ કરાર ઉપર કાયમ ન રહ્યા અને તેઓ જાદૂને મખ્લૂકને તકલીફ પહોંચાડવાનું માધ્યમ બનાવવા લાગ્યા, જે પોતે એક પ્રકારનું દુષ્કૃત્ય તો છે જ અને તેની અમુક પદ્ધતિઓનો ઉપયોગ કરવો કુફ્ર પણ છે અને એવી જ રીતે આ દુષ્ટ લોકો કાફિર બની ગયા.

ફરિશ્તાઓની આવી શિખામણ આપવા છતાં તેનાથી વિરૂદ્ધ કાર્ય કરવાનું ઉદાહરણ એવી રીતે લઈ શકાય કે, કોઈ વ્યક્તિ કોઈ સર્વગ્રાહી અને સર્વમાન્ય આલિમ પાસે જાય અને દરખાસ્ત કરે કે, મને પ્રાચીન અથવા આધૂનિક ફિલોસોફી પઢાવી આપો. જેથી હું પોતે શંકા–કુશંકાઓથી સુરક્ષિત રહું, જે ફિલોસોફીઓ ઈસ્લામ વિરૂદ્ધ વાત કરે છે તેનાથી બચું, અને વિરોધીઓનો જવાબ પણ આપી શકું. હવે તે આલિમને એવી શંકા થાય છે કે, ક્યાંક આ વ્યક્તિ મને ધોકો આપીને ફિલોસોફી શીખવા માંગે છે અને પછી કદાચ એવું પણ થઈ શકે કે આ જ્ઞાન વડે એ વ્યક્તિ ઈસ્લામ વિરૂદ્ધ ફિલોસોફીઓને અને માન્યતાઓને ફેલાવવાનું માધ્યમ પણ બની જાય. આ ભયના કારણે તે આલિમ તેને શિખામણ આપે કે આવું કરીશ નહીં અને તેનાથી આ પ્રમાણેનો કરાર કર્યા પછી તેને

ફિલોસોફી શીખવાડી આપે. પરંતુ તે વ્યક્તિ શીખી લીધા પછી આ ફિલોસોફીને ઈસ્લામની માન્યતાઓ અને અકીદાઓને સાચું સમજી લીધા છતાં ઈસ્લામ વિરૂદ્ધ વાપરે અને એવી હરકતો કરે જેનાથી ઈસ્લામ વિરોધીઓને બળ મળે તો આ વ્યક્તિના દુષ્ટ કર્મોનો વબાલ પેલા આલિમ ઉપર નથી અને ન જ તે આલિમ ધિક્કાર અને નફરતપાત્ર થઈ શકે છે. એ જ પ્રમાણે જાદૂ વિશે આ ફરિશ્તાઓ ઉપર કોઈ શંકા કરી શકાય એમ નથી.

અલ્લાહના હુકમોની ફરજ પૂરો કર્યા પછી લગભગ તે ફરિશ્તાઓ આસમાન ઉપર ચાલ્યા ગયા. વલ્લાહુ અઅલમુ (ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે).

(બયાનુલ કુર્આન)

જાદૂની વાસ્તવિકતા :

જાદૂની વ્યાખ્યા શબ્દકોષ પ્રમાણે એ છે કે, કોઈ કાર્યનું કારણ સ્પષ્ટ રીતે જાહેર ન થાય. (કામૂસ) ભલે તે કારણ ભૌતિક હોય અથવા આધ્યાત્મિક. જેમકે અમુક મંત્રોની અસર અથવા અમુક મહેસૂસ (અનુભવી) ન કરી શકાય એવી વસ્તુઓની અસર જેમકે, જિન્નાત અને શયતાનની અસર, અથવા મેસ્મેરિઝમમાં વિચારોની અસર, અથવા અમુક એવી અસરો કે જે ગુપ્ત હોય છે, જેવી રીતે કે લોહચુંબકમાં એવી શક્તિ હોય છે કે તે લોખંડને પોતાના તરફ આકર્ષે છે. જ્યારે કે ચુંબકની આ શક્તિ જાહેરમાં દેખાતી નથી પરંતુ તેની અસર ચોક્કસ હોય છે, જે ગુપ્ત હોય છે. એવી જ રીતે દવાઓની અસર કે જે તે દવાઓમાં જોઈ શકાતી નથી અથવા અમુક વાયુ પદાર્થો ઓકિસજન, કાર્બન મોનોકસાઈડ અને અનેક પ્રકારના ગૅસો (વાયુ પદાર્થો) વગેરે અથવા ગ્રહોની અસર (જે રીતે દરિયામાં આવી અસરના કારણે ભરતી–ઓટ થાય છે, એવી જ કોઈ અન્ય ચૂંબકીય અસર) વગેરે વગેરે.

એટલા માટે જાદૂના ઘણા જ પ્રકારો છે પરંતુ સામાન્ય બોલચાલની ભાષામાં જાદૂ એવી વસ્તુને કહેવામાં આવે છે જેમાં જિન્નાતો અને શયતાનોની દખલગીરી હોય, અથવા વિચારોની શક્તિ કે મેસ્મેરિઝમ અથવા કોઈ મંત્રોનો અસર હોય. કારણ કે, આ વાતો બૌદ્ધિક રીતે પણ સાબિત થઈ ચૂકી છે અને

અનુભવ તથા પ્રયોગોથી પણ સિદ્ધ થઈ ગયું છે અને પ્રાચીન તથા આધુનિક ફિલોસોફીઓએ પણ તેને સ્વીકાર્યું છે કે અમુક શબ્દોમાં અને મંત્રોમાં પણ એવી ખાસ અસરો હોય છે કે, કોઈ ખાસ શબ્દ અથવા મંત્રને અમુક ચોક્કસ સંખ્યામાં પઢવા અથવા લખવા વગેરેથી ખાસ પ્રકારની અસરોનો અનુભવ થાય છે, અથવા એવી અસરો જે કોઈ વ્યક્તિના બાલ અથવા નખ અથવા શરીરના કોઈ બીજા અવયવો અથવા તો તેણે પહેરેલા કપડાંનો ઉપયોગ કરીને અથવા તેની સાથે અમુક વસ્તુઓ સામેલ કરીને પૈદા કરવામાં આવે છે, જેને સામાન્ય બોલ–ચાલની ભાષામાં જાદૂ–ટોના અથવા ટોટકા કહેવામાં આવે છે. આ બધું જાદૂના પ્રકારોમાં સામેલ સમજવામાં આવે છે.

કુર્આન અને સુન્નતની વ્યાખ્યામાં દરેક તે આશ્ચર્યજનક "મેટાફિઝીકલ" (Mata Physical)વસ્તુઓને જાદૂ કહેવામાં આવે છે, જેમાં શયતાનને ખુશ કરીને તેનાથી મદદ પ્રાપ્ત કરવામાં આવે છે. પછી શયતાનોને ખુશ કરવાની વિવિધ પદ્ધતિઓ હોય છે. દા.ત. કોઈ એવો મંત્ર અપનાવવામાં આવે છે કે, જેમાં કુફ્ર અને શિર્કના મંત્રો પણ હોય, અને શયતાનની તા'રીફ પણ કરવામાં આવે, અથવા તો ગ્રહો અને તારાઓની પૂંજા કરવામાં આવે છે, જેનાથી શયતાન ખુશ થાય છે.

ક્યારેક એવા અમલો અપનાવવામાં આવે છે, જે શયતાનને પસંદ હોય છે. દાખલા તરીકે કોઈને નાહક કતલ કરીને તેના લોહીનો ઉપયોગ કરવો અથવા જનાબત (ગુસલ ફરજ હોય એવી પરિસ્થિતિ) અને નાપાકીની હાલતમાં રહેવું. પાકીથી દૂર રહેવું વગેરે.

જેવી રીતે અલ્લાહ તઆલાના પાક ફરિશ્તાઓની મદદ નેક અને સારા કાર્યો અને અમલો દ્વારા પ્રાપ્ત થાય છે. આવા અમલો ફરિશ્તાઓ પણ પસંદ કરે છે. દાખલા તરીકે તકવા (અલ્લાહથી ડરવું), પાકીઝગી, પવિત્રતા, ગંદકી–ગંધ અને નાપાકીથી દૂર રહેવું, અલ્લાહનો ઝિક્ર કરવો, સારા કામો કરવા વગેરે. એવી જ રીતે શયતાનોની મદદ શયતાની અને નાપાક કૃત્યો કરીને પ્રાપ્ત થાય છે, આવા કાર્યો શયતાનને પસંદ છે. એટલા માટે જાદૂની કળા પ્રાપ્ત કરવામાં એવા લોકો જ સફળ થાય છે, જેઓ ગંદા અને નાપાક રહેતા હોય. પાકીઝગી અને

અલ્લાહના નામથી દૂર રહેતા હોય, ગંદા કૃત્યોની ટેવ ધરાવતા હોય. કેટલીક સ્ત્રીઓ પણ માસિકધર્મ વખતે આવા જાદૂના કામ કરે છે તો તેની પણ અસર હોય છે. ક્યારેક સામાન્ય બોલચાલમાં ટોના–ટોટકા અથવા હાથ–ચાલાકીના કામ અથવા મેસ્મેરિઝમ વગેરેને પણ સિહ્ર અથવા જાદૂ કહી દેવામાં આવે છે.

(રૂહુલ મઆની)

જાદૂના પ્રકારો :

ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.) "મુફરદાતુલ કુર્આન"માં લખે છે કે, સિહ્ર–જાદૂના વિવિધ પ્રકારો છે. એક પ્રકાર તો ફક્ત નજરબંદી અથવા વિચારોની શક્તિ હોય છે, જેમાં વાસ્તવિક રીતે કોઈ વસ્તુ બનતી નથી હોતી. જેવી રીતે કે અમુક લોકો પોતાની હાથ–ચાલાકીથી આવા કામ કરી લેતા હોય છે કે સામાન્ય લોકોની નજર તેમની હાથ–ચાલાકી જોઈ શકતી નથી અથવા તો વિચારોની શક્તિ અથવા મેસ્મેરિઝમ દ્વારા કોઈના દિમાગ ઉપર એવો અસર કરવામાં આવે છે કે તે કોઈ વસ્તુ ઉપસ્થિત ન હોવા છતાં તેને પોતાની સામે આંખોથી જુએ અને તેને મહસૂસ કરવા માંડે છે, પરંતુ વાસ્તવમાં તે કોઈ ઘટના બનતી નથી હોતી. ક્યારેક આવા કામો શયતાનની મદદથી પણ કરી શકાય છે કે, સામેવાળાની આંખો અને દિમાગ ઉપર એવી અસર કરવામાં આવે છે કે જેનાથી તે અપ્રાકૃતિક વસ્તુને પણ વાસ્તવિક સમજવા લાગે છે. કુર્આન મજીદમાં ફિરઔનના જાદૂગરોના જાદૂનો જે ઉલ્લેખ છે તે આવા જ પ્રકારનો જાદૂ હતો, જેમકે ઈરશાદ છે,

سَحَرُوْٓا اَعْيُنَ النَّاسِ

"તેમણે લોકોની આંખો ઉપર જાદૂ કરી દીધો." (૭: ૧૧૬)

يُخَيَّلُ اِلَيْهِ مِنْ سِحْرِهِمْ اَنَّهَا تَسْعٰى

"તેમના જાદૂથી મૂસા (અલૈહિસ્સલામ)ના વિચારોમાં એવું આવવા લાગ્યું કે, આ (દોરડાઓ સાપ બનીને) દોડી રહ્યા છે." (૨૦:૬૬)

અહીંયાં يُـخَيَّـلُ ના શબ્દથી એવું બતાવવામાં આવ્યું છે કે, આ દોરડાઓ

અને લાકડીઓ જે જાદૂગરોએ નાંખી હતી, વાસ્તવમાં તે સાપ બની ન હતી અને તે દોરડીઓ કે લાકડીઓએ કોઈ હલન–ચલન પણ ન કર્યું હતું, પરંતુ હઝરત મૂસા (અલૈ.)ની વિચારવાની શક્તિ ઉપર અસર થઈ હતી, જેથી દોરડાઓને તેઓ દોડતા સાપ સમજવા લાગ્યા.

બીજો પ્રકાર વિચારોને પ્રભાવિત કરવા અથવા નજરબંદી પણ છે, જે અમુક સમયે શયતાનની અસરથી પણ થાય છે, જેને કુર્આન શરીફમાં આ રીતે ઈરશાદ ફરમાવવમાં આવ્યો છે.

هَلْ اُنَبِّئُكُمْ عَلٰى مَنْ تَنَزَّلُ الشَّيٰطِيْنُ، تَـنَزَّلُ عَلٰى كُلِّ اَفَّاكٍ اَثِيْمٍ،

"હું તમને બતાવું કે કેવા લોકો ઉપર શયતાન ઊતરે છે ? દરેક બોહતાન લગાવનાર ગુનેહગારો ઉપર ઊતરે છે." (૨૬:૨૨૧–૨૨૨)

وَلٰـكِنَّ الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ السِّحْرَ،

"શયતાનોએ કુફ્ર અપનાવ્યું; લોકોને જાદૂ શીખવાડવા લાગ્યા."

ત્રીજો પ્રકાર એ છે કે જાદૂ દ્વારા કોઈ વસ્તુનું અસ્તિત્વ અને ભૌતિક બંધારણ પણ બદલી નાંખવું, જેમકે કોઈ વ્યક્તિ અથવા સજીવને કોઈ પથ્થર અથવા જાનવર બનાવી દેવું. ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.), અબૂ બક્ર જસ્સાસ (રહ.) વગેરે બુઝુર્ગોએ તેનો ઈન્કાર કર્યો છે તેઓ કહે છે કે, જાદૂ દ્વારા કોઈ વસ્તુનું ભૌતિક સ્વરૂપ બદલી શકાતું નથી. બલકે, જાદૂની અસર માત્ર વિચારો અને નજરબંદી સુધી જ સીમિત હોઈ શકે છે. મોઅતઝિલાનું પણ આવું જ નિવેદન છે, પરંતુ અમુક ઉલમાનું માનવું છે કે, ભૌતિક પદાર્થોના બંધારણ બદલાય જવામાં કોઈ બૌદ્ધિક બાધ નથી. દાખલા તરીકે, કોઈ શરીર પથ્થર બની જાય અથવા એક પ્રકારથી બીજા પ્રકારમાં બદલાય જાય વગેરે.

આ ઉલમાના મતે ફિલોસોફરોનું જે પ્રખ્યાત નિવેદન છે કે, "ભૌતિક પદાર્થોનું બંધારણ અથવા તેના અસ્તિત્વને બદલવું શક્ય નથી," તેનો અર્થ એ છે કે, વાસ્તવમાં પદાર્થનું ભૌતિક સ્વરૂપ બદલાય જવું બૌદ્ધિક (કે વૈજ્ઞાનિક) રીતે શક્ય નથી. પદાર્થના ભૌતિક બંધારણ વિશે એવું શક્ય નથી કે કોઈ અશક્ય વસ્તુ

શક્ય બની જાય અથવા કોઈ શક્ય વસ્તુ અશક્ય બની જાય.

એક મત અનુસાર કુર્આન શરીફમાં ફિરઔનના જાદૂગરોના જાદૂને નજરબંદી ઠરાવવામાં આવી છે પરંતુ તેનાથી એ સાબિત નથી થતું કે દરેક જાદૂ નજરબંદી જ હોય, તેનાથી વધુ અથવા ઓછું કંઈ જ ન હોય અને અમુક લોકોએ જાદૂ દ્વારા વસ્તુના અસ્તિત્વને અથવા તેના સ્વરૂપને બદલી નાંખવાના જાઈઝ અને નાજાઈઝ હોવા ઉપર હઝરત કઅ્બ બિન અહબાર (રદિ.)ની આ હદીષથી પણ દલીલ કરી છે, જે મુઅત્તા ઈમામ માલિક (રહ.)માં કઅ્કાઅ્ બિન હકીમથી રિવાયત થયેલ છે.

لَوْلَا كَلِمَاتٌ اَقُوْلُهُنَّ لَجَعَلَتْنِى الْيَهُوْدُ حِمَارًا،

"જો આ અમુક વાક્યો ન હોત, જેને હું પાબંદીથી પઢું છું, તો યહૂદી મને ગધેડો બનાવી આપત !"

ગધેડો બનાવવાનો શબ્દ રૂઢિપ્રયોગ તરીકે બેવકૂફ બનાવવાના અર્થમાં પણ હોઈ શકે છે, પરંતુ આ શબ્દ "ગધેડો" જરૂરત વિના વાસ્તવિક હકીકત છોડીને રૂઢિપ્રયોગના અર્થમાં જ છે એવું સમજવું પણ બરાબર નથી. એટલા માટે તેનો એક અર્થ એ પણ હોઈ શકે છે કે "જો હું આ વાક્યો દરરોજ પાબંદીથી ન પઢું તો યહૂદી મને જાદૂથી ગધેડો બનાવી આપત."

અહીંયાં બે વાતો સાબિત થઈ. પ્રથમ એ કે જાદૂ દ્વારા મનુષ્યને ગધેડો બનાવી દેવું શક્ય છે, (જો કે આ બાબતે ઘણા–બધા વિરોધાભાસી મતો પ્રવર્તે છે.) બીજું એ કે જે વાક્યો તેઓ પઢયા કરતા હતા તેની અસર એ છે કે તેની બરકતથી કોઈ જાદૂ તેમના ઉપર અસર નથી કરતું. હઝરત કઅ્બ બિન અહબાર (રદિ.)ને જ્યારે લોકોએ પૂછ્યું કે, તે વાક્યો શું છે ? તો તેમણે આ વાક્યો બતાવ્યા.

اَعُوْذُ بِاللّٰهِ الْعَظِيْمِ الَّذِىْ لَيْسَ شَيْءٌ اَعْظَمَ مِنْهُ وَ بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّاتِ الَّتِىْ لَايُجَاوِزُهُنَّ بَرٌّ وَّلَا فَاجِرٌ وَّبِاَسْمَاءِ اللّٰهِ الْحُسْنٰى كُلِّهَا مَاعَلِمْتُ مِنْهَا وَمَالَمْ اَعْلَمْ مِنْ شَرِّ مَاخَلَقَ وَبَرَءَ وَذَرَءَ (اخرجه فى المؤطا باب التعوذ عند النوم)

"હું મહાન અલ્લાહની શરણમાં આવું છું, જેનાથી મોટો કોઈ જ નથી, અને અલ્લાહના શબ્દોની શરણમાં આવું છું કે જેની આગળ કોઈ ભલો અથવા બુરો માણસ નથી નીકળી શકતો, અને શરણમાં આવું છું અલ્લાહના તમામ એવા પવિત્ર પાક નામોની, જેને હું જાણું છું અને જેને હું નથી જાણતો (અને શરણમાં આવું છું અલ્લાહની) દરેક તે વસ્તુના નુકસાનથી જેને અલ્લાહ તઆલાએ પૈદા કરી અને જેને અસ્તિત્વમાં લાવી ફેલાવી છે."

જાદૂ અને મોઅ્જિઝામાં તફાવત :

જેવી રીતે નબીઓ (અલૈ.)ના મોઅ્ઝિજાઓ અને વલીઓની કરામતો દ્વારા એવા કાર્યો અસ્તિત્વમાં આવે છે, જે સ્વાભાવિક રીતે અન્ય કોઈથી થઈ નથી શકતા અને એટલા માટે તે ભૌતિક નિયમોના અને સિદ્ધાંતોના વિરૂદ્ધ પણ હોઈ શકે છે. દેખીતી રીતે જાદૂમાં પણ લગભગ તેને મળતી આવતી અસરો હોવાના કારણે અમુક જાહિલો તે બંનેમાં તફાવત કરી શકતા નથી, એ કારણે તેઓ જાદૂગરોની ઈજ્જત અને સન્માન કરવા લાગે છે. એટલા માટે અત્રે બંનેનો તફાવત વર્ણન કરવો જરૂરી છે.

બસ આ તફાવત એક તો મૂળ વાસ્તવિકતાના આધારે હોય છે અને એક દેખીતા કારણોના સંદર્ભમાં હોય છે. વાસ્તવિકતાનો તફાવત તો એ હોય છે કે, જાદૂ દ્વારા જે વસ્તુઓ અસ્તિત્વમાં આવે છે તે ભૌતિક અને ફિઝીકલ સિદ્ધાંતો વિરૂદ્ધ કોઈ વસ્તુ હોતી નથી. ફરક ફક્ત તેમના કાર્યો જાહેર થવાની પદ્ધતિનો છે. જ્યાં કાર્ય માટેના કારણો જાહેર થાય છે ત્યાં તે અસરોને તે કારણો દ્વારા ઓળખવામાં આવે છે અને તેને કોઈ આશ્ચર્યની વસ્તુ સમજવામાં આવતી નથી. પરંતુ જ્યાં કાર્ય માટેના કારણો જાહેર ન થતા હોય તો તે આશ્ચર્યની ઘટના સમજવામાં આવે છે અને સામાન્ય જનસમૂહ તે કાર્ય માટેના કારણને જાણતા ન હોવાના કારણે તેને "સુપર નેચરલ" કે "પ્રકૃતિ વિરૂદ્ધનું કાર્ય" સમજે છે, હાલાં કે તે વાસ્તવમાં ભૌતિક નિયમોના આધારે જ કોઈ જિન્નાત અથવા શયતાનની મદદ વડે કરાવવામાં આવતું હોય છે.

દાખલા તરીકે એક દૂર પૂર્વના દેશમાં લખેલો પત્ર આજે જ અચાનક સામે આવીને પડી જાય છે, તો જોનારને તે કાર્યનું કારણ જાણતો ન હોવાના કારણે

અપ્રાકૃતિક અને સુપર નેચરલ લાગે છે. જ્યારે કે જિન્નાતો અને શયતાનો આવા કાર્યો કરવા માટે સક્ષમ છે. હવે જો આ પત્ર આ રીતે તે જ દિવસે કોઈ દૂરના દેશમાંથી સામે આવીને પડે છે તો તેના કારણો ન જાણવાના કારણે અને આ પત્ર લાવનાર સ્ત્રોત ગુપ્ત હોવાના કારણે તે સુપર નેચરલ (અસ્વાભાવિક) બાબત સમજવામાં આવે છે, પરંતુ આ સ્ત્રોત જો લોકોની આંખો સામે હોય તો તેમને તેની કોઈ નવાઈ ન રહે.

જ્યારે કે મોઅ્જિઝાઓ તે કાર્યો છે જે સીધે–સીધા અલ્લાહ તઆલા તરફથી હોય, જેમાં ભૌતિક અને કાર્ય–કારણના સંબંધને કોઈ લેવા–દેવા હોતી નથી. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) માટે નમરૂદની આગને અલ્લાહ તઆલાએ ફરમાવી દીધું કે "ઈબ્રાહીમ (અલૈ.) માટે ઠંડી થઈ જા," પરંતુ ઠંડક એટલી ન હોય કે જેનાથી તકલીફ પહોંચે બલકે, ઠંડક સલામતી અને રક્ષણવાળી હોય, અને અલ્લાહના હુકમથી આગ ઠંડી થઈ ગઈ.

આજે પણ અમુક લોકો શરીર ઉપર અમુક દવાઓ લગાવીને આગમાં કૂદી પડે છે, આ મો'અ્જિઝો નથી બલકે આ તેણે શરીર પર લગાવેલ દવાઓની અસર છે. દવાઓ નજરથી ઓઝલ હોવાના કારણે લોકોને ધોકો થઈ જાય છે કે, આ અપ્રાકૃતિક ઘટના છે.

મોઅ્જિઝો અલ્લાહ તઆલા તરફથી ડાયરેક્ટ ઘટતી ઘટના હોય છે, જેને ખુદ કુર્આન શરીફે ખુલાસાવાર સાબિત કર્યું છે.

وَمَارَمَيْتَ اِذْرَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى،

"કાંકરીઓની મુઠ્ઠી જે તમે ફેંકી, વાસ્તવમાં તમે નથી ફેંકી, પરંતુ અલ્લાહે ફેંકી છે." (૮:૧૭)

એનો અર્થ એ છે કે, એક મુઠ્ઠી માટી અને કાંકરીઓનું આખા ટોળાની આંખો સુધી પહોંચી જવું તેમાં તમારા કૃત્યને કોઈ લેવા–દેવા નથી. આ ખાસ અલ્લાહ તઆલાનું કામ છે. આ મોઅ્જિઝો ગઝ્વએ બદ્રમાં જાહેર થયો હતો કે આપ ﷺએ માટી અને કાંકરીઓની એક મુઠ્ઠી કાફિરોના લશ્કર ઉપર ફેંકી, જે બધાની આંખોમાં જઈને પડી.

મોઅ્જિઝા અને જાદૂની વાસ્તવિકતાનો આ તફાવત કે મોઅ્જિઝો સીધે-સીધો કોઈપણ જાતના ફિઝીકલ (ભૌતિક) સિદ્ધાંતો કે નિયમો વિના અલ્લાહ તઆલા તરફથી થતી ઘટના હોય છે અને જાદૂ પ્રાકૃતિક તેમજ ભૌતિક સિદ્ધાંતોના આધારે જ અસ્તિત્વમાં આવતી ઘટના હોય છે, પરંતુ ક્યારેક આવી ઘટનાઓનો સ્ત્રોત લોકોની આંખોથી ગુપ્ત હોય છે. પરંતુ અત્રે એક સવાલ એ રહી જાય છે કે, લોકો આ તફાવતને કઈ રીતે ઓળખે? કારણ કે દેખીતી રીતે બંને ઘટનાઓ એકસમાન લાગે છે. તેનો જવાબ એ છે કે લોકોને આ તફાવત ઓળખાવવા માટે અલ્લાહે કેટલાય સ્પષ્ટ ફરક જાહેર કરી દીધા છે.

પ્રથમ એ કે મોઅ્જિઝાઓ અથવા કરામાત એવા લોકોથી જ જાહેર થાય છે જેમનો તકવો, પાકીઝગી, પવિત્રતા, અખ્લાક, નૈતિકતા અને અમલો બધું જ શરીઅત પ્રમાણે હોય છે. આનાથી ઊલટું જાદૂની અસર ફક્ત એવા લોકો દ્વારા જ જાહેર થાય છે, જેઓ ગંદા, નાપાક, અલ્લાહના નામથી અને તેની ઈબાદતથી દૂર રહે છે. આ બાબત દરેક મનુષ્ય પોતાની આંખોથી જોઈ શકે છે અને જાદૂ તથા મોઅ્જિઝા-કરામાતના તફાવતને આ ફરક થકી ઓળખી શકાય છે.

શું અંબિયા (અલૈ.) ઉપર પણ જાદૂની અસર થઈ શકે છે ?

જવાબ "હા" હોય શકે છે કે, કારણ તે જ છે જે ઉપર બતાવવામાં આવ્યું છે. જાદૂ વાસ્તવમાં ભૌતિક કારણના સંબંધ વગર શક્ય નથી અને અંબિયા (અલૈ.) કાર્ય-કારણ અને ભૌતિક નિયમોના આધીન હોય છે. એટલા માટે આ જાદૂની અસરો થવી નુબુવ્વતની શા'નના ખિલાફ નથી. જેવી રીતે તેઓને ભૂખ અને તરસની અસર હોય છે, બીમારી પણ થઈ શકે છે અને બીમારીમાંથી સારા થવા માટે દવાનો ઉપયોગ કરવો પડે છે. એવી જ રીતે જાદૂના ગુપ્ત સ્ત્રોતો અને કારણોની અસરો અંબિયા (અલૈ.) ઉપર થઈ શકે છે અને જાદૂની આવી અસરો થવી નુબુવ્વતની શા'નના વિરૂદ્ધ નથી.

રસૂલ ﷺ ઉપર યહૂદીઓનું જાદૂ કરવું અને તેના કારણે આપ ﷺ ઉપર અમુક અસરોનું જાહેર થવું અને વહી દ્વારા જાદૂના અસરની જાણ થવી અને તેને નાબૂદ કરવી સહીહ હદીષોની રૂએ સાબિત થયું છે અને હઝરત મૂસા (અલૈ.)નું જાદૂથી પ્રભાવિત થવું કુર્આન શરીફમાં વર્ણવાયેલું છે. ، يُخَيَّلُ اِلَيْهِ مِنْ سِحْرِهِمْ اَنَّهَا تَسْعٰى ،

فَاَوْجَسَ فِیۡ نَفۡسِهٖ خِیۡفَةً مُّوۡسٰی، મૂસા (અલૈ.) ઉપર ભય છવાઈ જવો તે જાદૂની જ અસર હતી. (૨૦:૬૬–૬૭)

જાદૂના શરઈ હુકમો :

જેમકે ઉપર ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે, કુર્આન–હદીષની વ્યાખ્યામાં જાદૂ ફક્ત એવા જ કૃત્યોને કહેવામાં આવે છે જેમાં કુફ્ર, શિર્ક અને ગુનાહિત બાબતો અપનાવી જિન્નાત અને શયતાનોને રાજી કરીને તેમનાથી મદદ લેવામાં આવી હોય. તેમની મદદથી અમુક આશ્ચર્યકારક ઘટનાઓ જાહેર થઈ હોય. બૅબિલોન શહેરના જાદૂનો ઉલ્લેખ કુર્આનમાં થયો છે તે આ જ પ્રકારનો જાદૂ છે. (જસ્સાસ) અને તે જાદૂને કુર્આનમાં કુફ્ર કહેવામાં આવ્યું છે. અબૂ મન્સૂર (રહ.)એ ફરમાવ્યું કે સાચું એ જ છે કે જાદૂના બધા જ પ્રકારો કુફ્ર નથી બલકે, ફક્ત તે જ જાદૂ કુફ્ર છે જેમાં ઈમાન અને શરીઅત વિરૂદ્ધ અમલો અપનાવવામાં આવે.

(રૂહુલ મઆની)

દેખીતું છે કે શયતાનો ઉપર લા'નત કરીને તેમની સાથે દુશ્મની અને વેર–ઝેર રાખવાના તથા તેમનો વિરોધ કરવાના હુકમો કુર્આન અને હદીષમાં વારંવાર આવ્યા છે. તેના વિરૂદ્ધ તેનાથી દોસ્તી કરવાની અને તેમને રાજી કરવાની ફિકર–ચિંતા પોતે જ એક મોટો ગુનોહ છે. પછી તે રાજી ત્યારે જ થાય છે જ્યારે વ્યક્તિ કુફ્ર અને શિર્કમાં પડી જાય, જેનાથી ઈમાન નષ્ટ થઈ જાય અથવા ઓછામાં ઓછું ગુનાહિત કૃત્યો કરવા માટે અને અલ્લાહ તઆલા તથા ફરિશ્તાઓની મરજી વિરૂદ્ધ નાપાક અને ગંદા રહે, આ મોટો ગુનોહ છે અને જો જાદૂ દ્વારા કોઈને નાહક નુકસાન પહોંચાડ્યું તો તે બીજો મોટો ગુનોહ છે.

મતલબ કે કુર્આન અને સુન્નતની વ્યાખ્યામાં જેને જાદૂ કહેવામાં આવ્યું છે તે અકીદાની રૂએ કુફ્ર અને શિર્ક અપનાવવાના કારણે વાસ્તવિક રીતે પણ કુફ્ર અને શિર્ક છે. અને જો કુફ્ર અને શિર્કના કૃત્યોથી બચી પણ જાય, પરંતુ બીજા ગુનાહિત કૃત્યો અપનાવે તો પણ કુફ્રિયા કામો કર્યા કહેવાશે. ઉપરોક્ત આયતમાં જાદૂને કુફ્ર કહેવામાં આવ્યું છે તે આ જ કારણથી છે કે આ જાદૂ વાસ્તવિક અકીદાની રૂએ અથવા અમલની રૂએ કુફ્રથી ખાલી નથી.

ખુલાસો એ છે કે, જાદૂમાં કોઈ કુફ્રનો અમલ અપનાવવામાં આવ્યો હોય,

જેમકે શયતાનથી મદદ મેળવવી, ગ્રહો અને નક્ષત્રોની અસરને યકીની રીતે સાચી માનવી તથા જાદૂને મોઅ્જિઝો સમજવો અને જાદૂના ચમત્કાર દ્વારા પોતે નુબુવ્વતનો દા'વો કરવો વગેરે સર્વસહમતિથી જાદૂ જ ગણાશે અને જેમાં કુફ્રિયા કૃત્યો ન હોય, પરંતુ ગુનાહિત પ્રવૃત્તિઓ અપનાવવામાં આવે તો તે ગુનાહે કબીરા (જઘન્ય અપરાધ) છે.

મસ્અલો :

જ્યારે જાણ થઈ ગઈ કે જાદૂ અકીદાની રૂએ અથવા અમલની રૂએ કુફ્ર છે તો તેને શીખવું અને શીખવાડવું બંને હરામ છે, તેના ઉપર અમલ કરવો પણ હરામ છે, પરંતુ જો તે મુસલમાનોને નુકસાનથી બચાવવા માટે જરૂર પૂરતું શીખવામાં આવે અને તેમાં કોઈ કુફ્રિયા–શિર્કિયા અથવા શરીઅત વિરૂદ્ધ અમલ ન હોય તો અમુક ફુક્હા (ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ)એ જાઇઝ કહ્યું છે.

(શામી, આલમગીરી)

મસ્અલો :

આમિલો તા'વીજ, દોરા–ધાગા વગેરે કરે છે તેમાં જો જિન્નાત અને શયતાનોની મદદ લેવામાં આવી હોય તો તે જાદૂના હુકમમાં છે અને હરામ છે. અને જો અમુક શબ્દો શંકાસ્પદ હોય જેનો અર્થ ખબર ન હોય તેથી એમાં શયતાન અને મૂર્તિઓની મદદ લેવાની શંકા ઊભી થાય તો તે પણ હરામ છે.

મસ્અલો :

કુર્આન અને સુન્નતની વ્યાખ્યામાં બૅબિલોનના જાદૂ સિવાય બીજા અન્ય પ્રકારના જાદૂ જેમાં જો કુફ્ર અને શિર્ક તથા શરીઅત વિરૂદ્ધ કોઈ અમલ લાવવામાં આવે તો તે પણ હરામ છે.

મસ્અલો :

જો ફક્ત હલાલ અને મબાહ અમલોથી કામ લેવામાં આવે તો એવી શરતો સાથે જાઈઝ છે કે, તેનો કોઈ નાજાઇઝ હેતુ અને મકસદ પૂરો કરવા માટે ઉપયોગ કરવામાં નહીં આવે.

મસ્અલો :

કુર્આન અને હદીષના વાક્યોથી કામ લેવામાં આવે પરંતુ નાજાઈઝ અને

હરામ મકસદ માટે ઉપયોગ કરવામાં આવે તો તે પણ જાઈઝ નથી. દાખલા તરીકે કોઈને નાહક નુકસાન પહોંચાડવા માટે કોઈ તા'વીજ કરવામાં આવે અથવા કોઈ વઝીફો પઢવામાં આવે, ભલે વઝીફો કુર્આનની આયતોનો હોય તો પણ હરામ છે.

(ફતાવા કાઝીખાન અને શામી)

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૦૪)

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تَقُولُوا۟ رَٰعِنَا وَقُولُوا۟
ٱنظُرْنَا وَٱسْمَعُوا۟ ۗ وَلِلْكَٰفِرِينَ عَذَابٌ أَلِيمٌ ﴿١٠٤﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! "રાઈના" ન કહો, અને "ઉન્ઝુરના" કહો અને (ધ્યાનથી) સાંભળો; અને કાફિરો માટે દર્દનાક અઝાબ (છે). (૧૦૪)

તફસીર :

અમુક યહૂદીઓએ એક શરારત શરૂ કરી હતી કે રસૂલુલ્લાહ ﷺ પાસે આવીને "રાઈના" رَاعِنَا શબ્દથી સંબોધતા હતા, જેનો અર્થ તેમની હિબ્રુ ભાષામાં એક બદ્દુઆનો હતો અને તેઓ એવી બદ્દુઆની નિય્યતથી જ આવું કહેતા હતા. પરંતુ અરબી ભાષામાં તેનો અર્થ "તેઓ અમારી મસ્લિહતની રિઆયત કરે" થાય છે. એટલા માટે અરબી જાણનાર આ શરારતને સમજી શકતા ન હતા અને તેનો સારો અર્થ થતો હોવાનું સમજીને કેટલાક મુસલમાનો પણ રસૂલુલ્લાહ ﷺની સેવામાં આ શબ્દનો ઉપયોગ કરવા લાગ્યા. તેનાથી આ શરારતખોરોને ખૂબ મજા પડી અને તેઓ પરસ્પર હસતા હતા કે, અત્યાર સુધી તો આપણે તેમને ગુપ્ત રીતે જ ગાળો આપતા હતા પણ હવે તો જાહેરમાં ગાળો આપવાની યુક્તિ મળી ગઈ કે, મુસલમાનો પણ તેમાં સામેલ થઈ ગયા. અલ્લાહ તઆલાએ આ જ શરારતની સંભાવનાને ખતમ કરવા મુસલમાનોને હુકમ આપ્યો કે,

હે ઈમાનવાળાઓ ! તમે "રાઈના" (શબ્દ) ન કહ્યા કરો અને તેના બદલે "ઉન્ઝુરના" (શબ્દ) કહ્યા કરો (કારણ કે આ શબ્દનો અર્થ અને "રાઈના"નો અર્થ

અરબી ભાષામાં (સમાનાર્થી) એક જ છે. "રાઈના" કહેવામાં યહૂદીઓની શરારત છે. એટલા માટે તેને છોડીને બીજા શબ્દનો ઉપયોગ કરો) અને (આ શબ્દના હુકમને સારી રીતે) સાંભળી લેજો અને (યાદ રાખો) કાફિરોને (તો) દર્દનાક સજા થશે (જ જેઓ પયગંબર ﷺની શા'નમાં ચાલાકીથી આવી ગુસ્તાખી કરી રહ્યા છે).

મસ્અલો :

આ આયતથી તે બાબત ખબર પડી કે, જો પોતાના કોઈ જાઈઝ અમલથી અન્યોના નાજાઈઝ કૃત્યો કરવાની સંભાવના વધી જતી હોય તો આ જાઈઝ કામ પણ તે કારણસર જાઈઝ નથી રહેતું. જેવી રીતે કોઈ આલિમના જાઈઝ કામથી જાહિલો ગલતફહમીમાં પડી નાજાઈઝ કૃત્યોમાં સપડાઈ જવાનો ભય હોય તો આ આલિમ માટે આ જાઈઝ કામની પણ મનાઈ થઈ જશે. શરત એટલી જ છે કે, જો શરઈ દષ્ટિએ આ કામ જરૂરી અને શરીઅતના મકસદ અને હેતુપૂર્તિ માટેનું હોય તો મનાઈ નથી. આ બાબતના અનેક દાખલાઓ કુર્આન અને સુન્નતમાં આવેલા છે, તેની એક દલીલ તે હદીષ છે જેમાં ઉલ્લેખ થયો છે કે આપ ﷺએ ફરમાવ્યું કે, "બયતુલ્લાહનું બાંધકામ કુરૈશે જાહિલિયતના સમયમાં કર્યું હતું. તેમાં અમુક વસ્તુઓ ઈબ્રાહીમ (અલૈ.)ની બાંધણી વિરૂદ્ધની કરી છે. મારૂં દિલ એ ઈચ્છે છે કે તેને જમીનદોસ્ત કરીને નવેસરથી ઈબ્રાહીમ (અલૈ.)ની બાંધણી પ્રમાણે બનાવી આપું, પરંતુ તેનાથી અજ્ઞાન અવામ (સામાન્ય જનસમૂહ) ફિત્નામાં પડી જવાનો ભય છે. એટલા માટે હું એવું કામ નથી કરતો." આવા હુકમોને ફિક્હની વ્યાખ્યામાં "સદ્દે જરાયેઅ્" (માધ્યમનો તોડ) કહેવામાં આવે છે, જેને બધા જ ફુક્હા ભરોસાપાત્ર ગણે છે. ખાસ કરીતે હનફી લોકો તેની વધારે પાબંદી કરે છે.

(કુર્તુબી)

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૦૫)

مَا يَوَدُّ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ وَلَا الْمُشْرِكِيْنَ اَنْ يُّنَزَّلَ عَلَيْكُمْ مِّنْ

خَيْرٍ مِّنْ رَّبِّكُمْ ؕ وَاللّٰهُ يَخْتَصُّ بِرَحْمَتِهٖ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ ۝١٠٥

તરજુમો :

જે લોકોએ અહલે કિતાબમાંથી કુફ્ર કર્યું (તેઓ) નથી ઈચ્છતા અને ન (જ) મુશ્રિકો કે, તમારા ઉપર તમારા રબ પાસેથી ભલાઈ નાઝિલ થાય; અને અલ્લાહ પોતાની રહમતથી જેને ઈચ્છે છે "ખાસ" કરી લે છે; અને અલ્લાહ મોટો ઉપકાર કરનારો (છે). (૧૦૫)

તફસીર :

રસૂલ ﷺ સાથે યહૂદીઓનો જે પ્રમાણેનો વર્તાવ હતો તે ઉપરની આયતમાં વર્ણન કરવામાં આવ્યો હતો. હવે, આ આયતમાં યહૂદીઓના મુસલમાનો સાથેના વર્તાવનું વર્ણન કરવામાં આવી રહ્યું છે. (અમુક યહૂદીઓ અમુક મુસલમાનોને કહેવા લાગ્યા કે "સાચે જ અમે દિલથી તમારું ભલું ઈચ્છનારા છે અને દિલોજાનથી એવું ઈચ્છીએ છીએ કે તમને દીની હુકમો અમારા દીની હુકમો કરતા વધુ સારા પ્રાપ્ત થાય તો અમે પણ તેને કબૂલ કરી લઈએ, પરંતુ શું કરીએ ? કારણ કે તમારો દીન અમારા દીન કરતાં હજુ સુધી સારો સાબિત નથી થયો." અલ્લાહ તઆલાએ તેમના મુસલમાનોના હમદર્દ હોવાના આ દા'વાને જૂઠો કહીને ફરમાવ્યું કે) તે અહલે કિતાબમાંથી કાફિર લોકો બિલકુલ તે વસ્તુને પસંદ નથી કરતા અને મુશ્રિકોમાંથી (પણ) કે તમારા પરવરદિગાર તરફથી તમારી પાસે કોઈ સારી વસ્તુ આવે (પરંતુ તેમની ઈર્ષ્યાથી કંઈ જ વળવાનું નથી) કારણ કે અલ્લાહ તઆલા પોતાની રહમતથી જેને મંજૂર હોય છે; ખાસ બનાવી લે છે, અને અલ્લાહ તઆલા મોટો ઉપકાર કરનારો છે.

ખુલાસો :

આ યહૂદીઓના બે પ્રકારના દા'વા હતા. પ્રથમ યહૂદિયત ઈસ્લામ કરતાં સારો હોવાનો દા'વો અને બીજો મુસલમાનોના હિતેચ્છુ હોવાનો દા'વો. પ્રથમ દા'વો તો યહૂદીઓ સાબિત ન કરી શક્યા. ફક્ત દા'વો કરવાથી શું થાય છે ? કારણ કે આવો દા'વો કરવો આપમેળે જ તદ્દન વાહિયાત વાત છે, જ્યારે કોઈ રદ કરનાર વસ્તુ આવે છે તો રદ થયેલી વસ્તુને છોડી દેવામાં આવે છે. શ્રેષ્ઠ વસ્તુના આવવાથી ઉતરતી કક્ષાની વસ્તુની કિંમત ગૌણ બની જાય છે. એટલા માટે ખુલ્લી અને સ્પષ્ટ વાત (ઈસ્લામ) આવી ચૂક્યા પછી આવા દા'વા કરવા સદંતર ખોટું

છે. બીજો દા'વો મુસલમાનોના હિતેચ્છુ હોવાનો હતો તેના ઉપર પણ સ્પષ્ટ વાત કરવામાં આવી છે અને અહલે કિતાબ સાથે મુશ્રિકોનો ઉલ્લેખ પણ વિષયને વધુ પ્રભાવકારક બનાવવા માટે કરવામાં આવ્યો છે કે જેવી રીતે મુશ્રિકો ખરેખર તમારા હિતેચ્છુ નથી એવી જ રીતે અહલે કિતાબ પણ તમારા હિતેચ્છુ નથી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૦૬–૧૦૭)

مَا نَنْسَخْ مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ مِثْلِهَا ؕ اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ
عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ﴿۱۰۶﴾ اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَمَا لَكُمْ
مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِىٍّ وَّلَا نَصِيْرٍ ﴿۱۰۷﴾

તરજુમો :

અને અમે કોઈ આયત રદ કરીએ છીએ અથવા જેને ભૂલાવી દઈએ છીએ; ત્યારે તેનાથી સારી અથવા તેના જેવી લઈ આવીએ છીએ; શું તું નથી જાણતો કે અલ્લાહ દરેક વસ્તુ ઉપર શક્તિમાન છે (કાબૂ ધરાવે છે) ? (૧૦૬) શું તું નથી જાણતો ? કે અલ્લાહના માટે આસમાનો અને જમીનની બાદશાહત (છે); અને નથી તમારા માટે અલ્લાહના સિવાય કોઈ હિમાયતી અને મદદગાર ! (૧૦૭)

તફસીર :

(જ્યારે કિબ્લો બદલવાની ઘટના બની ત્યારે યહૂદીઓ તે બાબતે કટાક્ષ કરતા હતા અને મુશ્રિકો પણ અમુક હુકમો મન્સૂખ (રદ) થવા વિશે જાત–જાતના મહેણાં–ટોણાં મારતા હતા. અલ્લાહ તઆલાએ તેમના કટાક્ષયુક્ત મહેણાંનો અને તેમના વાંધા–વચકાનો જવાબ આપ્યો છે કે) અમે કોઈ આયતનો જે હુકમ મુલતવી કરીએ છીએ (ભલે તે કુર્આનમાં અથવા દિમાગમાં બાકી રહે) અથવા તે આયતને (દિમાગમાંથી જ) ભૂલાવી દઈએ છીએ (તો આ કોઈ વાંધા–વચકાવાળી વાત નથી કારણ કે તેમાં પણ અલ્લાહની હિકમત અને મસ્લિહત હોય છે. એટલા માટે) કે તેનાથી સારી આયત અથવા તે આયતના

બદલે (બીજી આયત) લઈ આવીએ છીએ. (હે વાંધા કાઢનારાઓ !) શું તમને એ ખબર નથી કે અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે છે (બસ એવા શક્તિશાળી માટે આ બાબત શું અઘરી છે ? અને) શું તમે નથી જાણતા કે અલ્લાહ તઆલા એવો છે કે આસમાનો અને જમીન ઉપર તેનું જ રાજ્ય છે. (જ્યારે સમગ્ર સૃષ્ટિ ઉપર તેનું જ રાજ્ય છે અને તેની કુદરતમાં કોઈ ભાગીદાર નથી અથવા તેના સમકક્ષ નથી તો પછી તેની મસ્લિહતોની રિઆયત કરીને બીજો હુકમ આપવાનો કોણ વિરોધ કરી શકે એમ છે ? મતલબ કે તેના હુકમનો વિરોધ કરવા કોઈ શક્તિમાન નથી અને એ પણ સમજી લો કે) અલ્લાહ તઆલા સિવાય તમારો કોઈ હિમાયતી અને મદદગાર નથી. (બસ જ્યારે તે દોસ્ત અને હિમાયતી છે તો હુકમોમાં જરૂર સહેલાઈ કરશે અને જ્યારે તે જ મદદગાર છે તો તે તમને આ હુકમ ઉપર અમલ કરવાના સમયે દુશ્મનોના વિરોધ–વંટોળથી પણ તમારું રક્ષણ કરશે. જો કે આ વિરોધ–વંટોળ અથવા નુકસાનથી કોઈ આખિરતનો સારો બદલો મળવાનો હોય અને તેમનો વિરોધ છવાઈ જાય (ગાલિબ આવે) તો તે પણ આખિરતમાં તમારા માટે સારૂં છે.)

મસ્અલા અને બોધપાઠ :

مَا نَنْسَخْ مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا، આ આયતમાં કુર્આન શરીફની કોઈ આયત મન્સૂખ (રદ) થવાના જેટલા પ્રકારો હોઈ શકે છે તે બધાને ભેગા કરવામાં આવ્યા છે. نسخ નો શાબ્દિક અર્થ "રદ કરવું" થાય છે. આ બાબતે બધા જ મુફસ્સિર (વિવરણકારો)નો અભિપ્રાય છે કે આ આયતમાં نسخ નો અર્થ "કોઈ હુકમને રદ કરવો" થાય છે અને એટલા માટે કુર્આન અને સુન્નતની વ્યાખ્યામાં "નસ્ખ" (રદ–Abrogation) نسخ એક હુકમના બદલે બીજો કોઈ હુકમ કે ફરમાન સંભળાવવાનું નામ છે. ભલે અગાઉનો હુકમ તે નવા હુકમ દ્વારા બિલકુલ રદ કરી દેવામાં આવે અથવા તેની જગ્યાએ બીજો અમલ કરવાનું કહેવામાં આવે છે.

અલ્લાહના હુકમોના نسخ (નસ્ખ–Abrogation)ની વાસ્તવિકતા :

દુનિયાની સરકારો અને સંસ્થાઓમાં કોઈ એક હુકમને રદ કરી તેના બદલે બીજો હુકમ જાહેર કરવાની પ્રથા પ્રખ્યાત છે, પરંતુ માનવસર્જિત વ્યવસ્થાઓના હુકમોમાં આ પ્રકારના રદબાતલ અથવા ફેરફાર એટલા માટે

કરવામાં આવે છે કે પ્રથમ કોઈ ગેરસમજથી એક હુકમ કે ફરમાન જાહેર કરી દીધું, પાછળથી વાસ્તવિકતાની જાણ થતાં તે હુકમ બદલી નાંખવામાં આવ્યો. ક્યારેક એટલા માટે એવું થતું હોય છે કે જે સમયે આ હુકમ જાહેર કરવામાં આવ્યો હતો તે વખતે પરિસ્થિતિ અનુકૂળ હતી અને આગળ ઉપર ઘટનાર ઘટનાઓનો અને પરિસ્થિતિઓનો અંદાજો ન હતો, જ્યારે પરિસ્થિતિઓ બદલાઈ ગઈ તો હુકમો પણ બદલવા પડ્યા. આ બંને પરિસ્થિતિઓ અલ્લાહના હુકમોમાં ઉદ્ભવી નથી શકતી.

એક ત્રીજો પ્રકાર એ પણ હોય છે કે, હુકમ દેનારો પ્રથમ તો એવું જાણતો હતો કે પરિસ્થિતિઓ બદલાશે અને તે સમયે આ ફરમાન યોગ્ય નહીં હોય, બીજું ફરમાન આપવું પડશે. આવું સમજીને આજે એક હુકમ આપી દીધો અને જ્યારે પોતાની જાણ પ્રમાણે પરિસ્થિતિઓ બદલાઈ ગઈ તો પોતાના પાછલા ફરમાનો જેને બદલવાના જ હતા, અને ફરમાન આપનાર જાણતો જ હતો, તેણે તેને બદલી નાંખ્યા. તેનું ઉદાહરણ એ પ્રમાણે છે કે, બીમારની અત્યારની પરિસ્થિતિ જોઈને ડૉક્ટર અથવા હકીમ કોઈ એક દવા લખી આપે અને તે જાણે છે કે બે–ચાર દિવસ પછી આ દવાના ઉપયોગને કારણે બીમાર સારો થતો જશે તે વખતે મારે આ દવાના બદલે બીજી દવા લખી આપવી પડશે. આવું જાણતા હોવાના કારણે પ્રથમ દિવસે જે દવા લખી આપે છે તે પરિસ્થિતિ અનુસાર યોગ્ય હોય છે અને બે દિવસ પછી તબિયતનો સુધારો થાય છે ત્યારે બીજી દવા લખી આપે છે.

નિષ્ણાત હકીમ અથવા ડૉક્ટર એવું પણ કરી શકે છે કે, પ્રથમ દિવસે જ દવાનું પ્રિસ્ક્રિપ્શન લખી આપે જેમાં પહેલેથી છેલ્લે સુધી કઈ રીતે દવાઓ લેવી તે વિગત લખી આપે છે. બે દિવસ સુધી કઈ દવાઓ વાપરવી, બે દિવસ પછી કઈ દવાઓ વાપરવી, અઠવાડિયા પછી કઈ દવાઓ વાપરવી વગેરે તે પ્રથમથી જ લખી આપે છે, પરંતુ આ બાબત બીમારને ખૂબ અઘરી લાગે છે. તેમાં ગેરસમજ થવાની શક્યતા પણ રહેલી છે, દવાનો ક્રમ ઊલટ–સુલટ થવાની પણ શક્યતા રહેલી છે. એટલા માટે નિષ્ણાત ડૉક્ટર દવાનો સંપૂર્ણ કોર્ષ એક સાથે નથી બતાવતા.

અલ્લાહ તઆલાના હુકમોમાં અને તેની નાઝિલ કરેલી કિતાબોમાં ફક્ત આ જ છેલ્લું સ્વરૂપ રદિયા માટેનું હોઈ શકે છે. દરેક આવનારી નુબુવ્વત અને

દરેક નાઝિલ થનારી કિતાબે તેના અગાઉ આવી ચૂકેલી નુબુવ્વત અને કિતાબના ઘણા હુકમો રદ કરીને નવા હુકમો આપ્યા અને એવી જ રીતે એક જ નુબુવ્વત અને શરીઅતમાં પણ આવું થતું રહ્યું કે, અમુક મુદત સુધી એક હુકમ ફરમાવવામાં આવ્યો અને જ્યારે અલ્લાહની હિકમતનો તકાદો થયો તો તે હુકમને બદલીને બીજો હુકમ ફરમાવવામાં આવ્યો. સહીહ મુસ્લિમની હદીષમાં છે કે,

لَمْ تَكُنْ نُبُوَّةٌ قَطُّ اِلَّاتَنَاسَخَتْ، (مسلم)

"ક્યારેય કોઈ નુબુવ્વત નથી આવી, જેણે હુકમોમાં ફેરફાર અને રદબાતલ ન કર્યા હોય." (કુર્તુબી)

અજ્ઞાનતાપૂર્ણ શંકા-કુશંકાઓ :

જો કે અમુક જાહિલ અને અજ્ઞાની યહૂદીઓ પોતાની અજ્ઞાનતાના કારણે અલ્લાહના હુકમોના રદિયા (નસ્ખ-Abrogation)ને ઉપર વર્ણવેલ પ્રથમ બે સ્વરૂપ પ્રમાણે દુનિયવી હુકમના રદિયા જેવું ધારી લઈને રસૂલુલ્લાહ ﷺ ઉપર મૌખિક મહેણાં-ટોણા મારવા લાગ્યા. તેના જવાબમાં આ આયત નાઝિલ થઈ.

(ઈબ્ને જરીર, ઈબ્ને કષીર વગેરે)

મુસલમાનોમાંથી મો'અતઝિલા ફિરકામાંથી અમુક લોકોએ કદાચ આ વિરોધીઓના મહેણાં-ટોણાથી બચવા માટે એવો ખોટો માર્ગ અપનાવ્યો કે "અલ્લાહના હુકમો ખુદ કુર્આન અને હદીષ દ્વારા રદ થવાની સંભાવના તો છે જ. કોઈ બાબત આ સંભાવના માટે અવરોધરૂપ નથી, પરંતુ આખા કુર્આનમાં કોઈપણ જગ્યાએ અગાઉનો હુકમ રદ થયો નથી અને ન જ કોઈ આયત મન્સૂખ (રદ-Abrogation) થઈ છે." આ નિવેદનનો સંબંધ અબૂ મુસ્લિમ અસ્ફહાની સાથે જોડવામાં આવે છે, જેનો ઉલમાએ હંમેશા ઈન્કાર કરી તેનો રદિયો આપ્યો છે. તફસીરે રૂહુલ મઆનીમાં છે,

وَاتَّفَقَتْ اَهْلُ الشَّرَائِعِ عَلٰى جَوَازِالنَّسْخِ وَوُقُوْعِهٖ وَخَالَفَتِ الْيَهُوْدُ غَيْرُالْعِيْسَوِيَّةِ فِىْ جَوَازِهٖ وَقَالُوْا يَمْتَنِعُ عَقْلًا وَاَبُوْ مُسْلِمِ الْاَ صْفَهَانِىُّ فِىْ وُقُوْعِهٖ فَقَالَ اِنَّهٗ وَ اِنْ جَازَ عَقْلاً لٰكِنَّهٗ لَمْ يَقَعْ،

"શરીઅતના બધા જ લોકોની સર્વાનુમતે નસ્ખ (રદ–Abrogation)ની ખરાઈ બાબતે સહમતિ (ઈજ્માઅ્) છે. ફક્ત યહૂદીઓના અમુક ઈસ્વિયા ફિરકામાં લોકોએ રદનો ઈન્કાર કર્યો છે અને અબૂ મુસ્લિમ અસ્ફહાનીએ (કુર્આનમાં) આવી ઘટનાનો ઈન્કાર કર્યો છે. તે કહે છે કે આવું બનવું શક્ય છે પરંતુ વાસ્તવમાં કુર્આનમાં આવું બન્યું નથી."

(રૂહ, પેજ : ૩૫૨, ભાગ : ૧)

અને ઈમામ કુર્તુબીએ પોતાની તફસીરમાં કહ્યું છે કે,

مَعْرِ فَةُ هٰذَاالْبَابِ اَكِيدَةٌ وَ فَائِدَتُهُ عَظِيمَةٌ لَاتَسْتَغْنِى عَن مَّعْرِفَتِهِ الْعُلَمَاءُ وَلَا يُنْكِرُهُ اِلَّا الْجَهَلَةَ الْاَ غْبِيَاءُ،

"નસ્ખ (રદ–Abrogation)ના પ્રશ્નને સમજવો અત્યંત જરૂરી છે, તેને સમજવાના ઘણા ફાયદાઓ છે, જેનો દરેક આલિમ લાભ ઉઠાવી શકે છે. કોઈપણ વ્યક્તિ નસ્ખ (રદ–Abrogation)નો નકાર કરી શકતો નથી. ફક્ત અજ્ઞાનીઓ અને મૂર્ખ લોકો જ તેનો ઈન્કાર કરી શકે છે."

(કુર્તુબી, પેજ : ૫૫, ભાગ : ૧)

કુર્તુબીએ આ સ્થળે હઝરત અલી કર્રમલ્લાહુ વજહહૂનો એક કિસ્સો પણ વર્ણવ્યો છે કે, એક વખતે તેઓ મસ્જિદમાં આવ્યા તો કોઈ વ્યક્તિ તકરીર કહી રહ્યો હતો. તેમણે લોકોને પૂછ્યું કે, "આ શું કરી રહ્યો છે ?" લોકોએ કહ્યું કે, "વાઅ્ઝ અને શિખામણ આપી રહ્યો છે." હઝરત અલીએ ફરમાવ્યું, "ના ! તે કોઈ વાઅ્ઝ કે શિખામણ નથી આપતો, પરંતુ તે કહેવા માંગે છે કે હું ફલાણા–ફલાણાનો પુત્ર ફલાણો છું, મને ઓળખો !" પછી એ વ્યક્તિને બોલાવીને પૂછ્યું કે, "શું તમે કુર્આનમાં નાસિખ (રદ–Abrogation) મન્સૂખ હુકમોથી વાકેફ છો ?" તેણે કહ્યું, "ના ! હું નથી જાણતો." હઝરત અલી કર્રમલ્લાહુ વજહહૂએ કહ્યું કે, "અમારી મસ્જિદમાંથી નીકળી જાઓ અને અહીંયાં હવે પછી વાઅ્ઝ ન કરશો."

કુર્આન અને સુન્નતમાં નસ્ખ (રદ–Abrogation)ના સંદર્ભમાં સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ના નિવેદનો અને હવાલાઓને અત્રે એકસામટા

વર્ણન કરવા શક્ય નથી. તફસીર ઈબ્ને જરીર, તફસીર ઈબ્ને કષીર, દૂર્રે મન્ષૂર વગેરેમાં મજબૂત સનદો સાથે ઘણી રિવાયતો આવેલી છે અને અસંખ્ય કમજોર રિવાયતો પણ આવેલી છે.

એટલા માટે ઉમ્મતમાં આ મસ્અલો હંમેશા સર્વસંમતિ ધરાવે છે. ફક્ત અબૂ મુસ્લિમ અસ્ફહાની અને અમુક મોઅતઝિલાએ નસ્ખ (રદ–Abrogation)નો ઈન્કાર કર્યો છે, જેનો ઈમામ રાઝીએ તફસીરે કબીરમાં ખુલાસાવાર ઉલ્લેખ કર્યો છે.

નસ્ખ (રદ–Abrogation)ના અર્થ બાબતે અગાઉની અને પાછળથી થયેલી વ્યાખ્યાઓનો તફાવત :

નસ્ખ (રદ–Abrogation)નો અર્થ વ્યાખ્યાની રૂએ "હુકમને બદલી નાંખવો" છે અને આ બદલી નાંખવું જેવી રીતે એક હુકમને સંપૂર્ણ રદ કરવો અને તેની જગ્યાએ બીજો હુકમ લાવવો પણ છે. દા.ત. બયતુલ મુકદ્દસની જગ્યાએ બયતુલ્લાહને કિબ્લો બનાવી દેવો. એવી જ રીતે કોઈ સામાન્ય હુકમમાં કોઈ શરત અને કલમ વધારી દેવી પણ એક પ્રકારનો ફેરફાર જ છે. ઉમ્મતના અસ્લાફે (અગાઉના ઉલમાએ હક્ક અને વિદ્વાન લોકોએ) નસ્ખ (રદ– Abrogation)ના આવા સામાન્ય અર્થનો ઉપયોગ કર્યો છે, જેમાં કોઈ હુકમનો સંપૂર્ણ ફેરફાર પણ સામેલ છે અને હુકમના અમુક વિભાગમાં ફેરફાર અથવા શરતો અને કલમોનો વધારો–ઘટાડો વગેરે પણ સામેલ છે. એટલા માટે અગાઉના લોકો નજીક કુર્આન શરીફની મન્સૂખ આયતોનો આંકડો ૫૦૦ સુધી પહોંચે છે.

પાછળથી આવનાર લોકોએ ફક્ત તે ફેરફારને નસ્ખ (રદ–Abrogation) કહ્યું છે, જેનાથી પ્રથમ હુકમની સાથે કોઈ પ્રકારની સુસંગતતા ન હોય. દેખીતું છે કે આ વ્યાખ્યા પ્રમાણે મન્સૂખ (રદ–Abrogation) આયતોની સંખ્યા ઘણી ઘટી જશે, જેનું સ્પષ્ટ પરિણામ એ હતું કે અગાઉના લોકોએ લગભગ ૫૦૦ આયતો મન્સૂખ (રદ–Abrogation) સાબિત કરી હતી, જેમાં મા'મૂલી ફેરફાર અથવા શરત કે કલમનો વધારો–ઘટાડો પણ સામેલ હતો અને પાછળથી આવનાર લોકોમાં અલ્લામહ સુયૂતી (રહ.)એ ફક્ત ૨૧ જેટલી આયતો મન્સૂખ (રદ–Abrogation) ઠરાવી છે. ત્યાર પછી હઝરત શાહ વલિયુલ્લાહ દહેલ્વી

(રહ.)એ તેમાં સુસંગતતાનો મુદ્દો ઉપસ્થિત કરી ફક્ત પાંચ આયતો જ મન્સૂખ ઠરાવી છે કે, જેમાં તા'વીલની કોઈ શક્યતા નથી. આ કાર્ય એ કારણે અતિમહત્ત્વનું છે કે તેની પાછળ હુકમનું કાયમીપણું રહેલું છે. જ્યારે કે નસ્ખ (રદ–Abrogation) મૂળ હુકમના વિરૂદ્ધ છે. એટલા માટે જ્યાં આયતમાં મા'મૂલી કોઈ તા'વીલ થઈ શકતી હોય તેને નસ્ખ (રદ–Abrogation) માનવું બરાબર નથી.

પરંતુ આ ટૂંકા ખુલાસાનો હેતુ એ બિલકુલ નથી કે નસ્ખ (રદ–Abrogation)નો મસ્અલો ઈસ્લામ અથવા કુર્આનમાં કોઈ ઐબ (ઉણપ) હતો, જેને દૂર કરવાની કોશીશ ૧૪૦૦ વર્ષ સુધી ચાલતી રહી. છેવટમાં હઝરત શાહ વલિયુલ્લાહ (રહ.)ના સંશોધનોથી નસ્ખ (રદ–Abrogation)ની સંખ્યા ઘટીને પાંચ રહી ગઈ અને હવે તેની રાહ જોવાઈ રહી છે કે કોઈ નવો સંશોધનકાર આ સંખ્યામાં પણ ઘટાડો કરી ટોટલ નસ્ખ (રદ–Abrogation) શૂન્ય સુધી લાવી દે. આવું માનવું કે વિચારવું તદ્દન વાહિયાત માન્યતા છે.

મસ્અલો :

નસ્ખ (રદ–Abrogation)ના સંશોધન માટે ઉપરોક્ત પ્રમાણે (મોઅતઝિલા જેવું) વલણ અપનાવવું એ કુર્આન અને ઈસ્લામની કોઈ સાચી સેવા નથી અને આવું કરવાથી ન જ સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) અને પછી ૧૪૦૦ વર્ષ સુધીના આગળ–પાછળના ઉલમાના સંશોધન લેખોને ધોઈ શકાય છે, અને ન જ વિરોધીઓના મહેણાં–ટોણાઓને અને ઈસ્લામ વિરૂદ્ધ ચાલતી તેમની જીભ બંધ કરી શકાય છે. બલકે, આધુનિક સમયમાં મુલ્હિદો અને નાસ્તિકોના હાથમાં આ એક હથિયાર દેવા જેવું છે કે, તેઓ હવે એવું મહેણું મારી શકે છે કે ૧૪૦૦ વર્ષ સુધી બધા જ ઉમ્મતના ઉલમા કુર્આનની આયતોમાં કંઈક કહેતા રહ્યા હતા અને છેવટમાં તે ખોટું હોવાનું સાબિત થઈ ગયું. મઆઝલ્લાહ. જો આવો ગલત શિરસ્તો અપનાવી આ ખોટો દરવાજો ખોલીશું તો કુર્આન અને સુન્નત ઉપરનો ભરોસો ખતમ થઈ જશે, અને એની શું ગેરંટી છે કે આજે આ બાબતે જે કોઈપણ સંશોધન થાય તે આવતીકાલે ખોટું સાબિત કરનાર પાછો પૈદા ન થઈ શકે ?

આધુનિક યુગમાં અમુક ઉલમાના એવા લખાણો નજર સામેથી ગુજર્યા છે જેમણે ઉપરોક્ત આયત مَـــا نَـنْـسَـخْ ના સંદર્ભમાં અર્થ શરત ઉપર અવલંબિત હોવાના કારણે "જો અને તો" لَوْ كَانَ فِيْهِمَا اٰلِهَةٌ અને اِنْ كَانَ لِلرَّحْمٰنِ ઠરાવીને ફક્ત નસ્ખ (રદ–Abrogation)ની સંભાવના હોવાની દલીલ બનાવી છે (૨૧:૨૨ અને ૪૩:૮૧) અને વાસ્તવમાં કુર્આનમાં આવું થયું હોવાનો ઈન્કાર કર્યો છે. જ્યારે કે આ તેના જેવી જ દલીલો છે જે અબૂ મુસ્લિમ અસ્ફહાની અને મોઅતઝિલા રજૂ કરતા હતા, માટે આ શિરસ્તો અપનાવવો તદ્દન ગલત છે.

સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ની તફસીરો અને આખી ઉમ્મતના તરજુમા જોયા પછી આવા અભિપ્રાય કે માન્યતાને કુર્આની દલીલો કહેવી કોઈ રીતે યોગ્ય નથી. સહાબએ કિરામ (રદિ.)એ આ આયતથી જ નસ્ખ (રદ–Abrogation)ની દલીલો કાયમ કરી છે અને અસંખ્ય કિસ્સાઓ વર્ણન કર્યા છે.

(ઈબ્ને કષીર, ઈબ્ને જરીર વગેરે)

આ જ કારણથી ઉમ્મતના આગલા અને પાછલા લોકોમાંથી કોઈએ પણ નસ્ખ (રદ–Abrogation)નો સંપૂર્ણ ઈન્કાર કર્યો નથી. પોતે શાહ વલિયુલ્લાહ દહેલ્વીએ તા'વીલો કરીને નસ્ખની સંખ્યા ઓછી બતાવી, પરંતુ સંપૂર્ણ રીતે નસ્ખ (રદ–Abrogation)નો ઈન્કાર કર્યો નથી. ત્યાર બાદ પણ ઉલમાએ દેવબંદના અકાબિર પણ કોઈપણ જાતની બાંધછોડ વગર નસ્ખ (રદ–Abrogation)ની માન્યતા ધરાવે છે, જેમાંથી ઘણા લોકોની સંપૂર્ણ તફસીરો અથવા અમુક ભાગની તફસીરો મૌજૂદ છે, જેમાં કોઈએ પણ નસ્ખનો સંપૂર્ણ ઈન્કાર કર્યો નથી. વલ્લાહુ અઅ્લમ.

اَوْ نُنْسِهَا، પ્રખ્યાત કિરાઅત પ્રમાણે نِسْيَان ના અર્થમાં છે. અર્થ એ છે કે ક્યારેક નસ્ખ (રદ–Abrogation) આયતનું એવું સ્વરૂપ હોય છે કે, તે આયત રસૂલુલ્લાહ ﷺ અને તમામ સહાબાઓના દિમાગોમાંથી ભૂલાવી દેવામાં આવે છે. જેમકે, તેમની તફસીરમાં કેટલાય કિસ્સાઓ આવી રીતે મુફસ્સિરોએ વર્ણન કર્યા છે અને ભૂલાવી દેવાનો હેતુ એ જ હોય છે કે હવે પછી તેના ઉપર અમલ કરાવવાનો હોતો નથી.

નસ્ખ (રદ–Abrogation) વિશે વધુ હુકમો વિગતવાર વર્ણવવાની અત્રે ગુંજાઈશ નથી, તેનો ખુલાસાવાર અભ્યાસ ફિક્હની કિતાબોમાં કરી શકાય છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૦૮)

اَمْ تُرِیْدُوْنَ اَنْ تَسْـَٔلُوْا رَسُوْلَكُمْ كَمَا سُىِٕلَ مُوْسٰى مِنْ قَبْلُ ؕ
وَمَنْ یَّتَبَدَّلِ الْكُفْرَ بِالْاِیْمَانِ فَقَدْ ضَلَّ سَوَآءَ السَّبِیْلِ ﴿۱۰۸﴾

તરજુમો :

શું તમે ઈચ્છો છો કે પોતાના રસૂલથી એવા સવાલ કરો, જેવા સવાલ એનાથી પહેલાં મૂસા (અલૈ.)ને કરવામાં આવ્યા ? અને જેઓ ઈમાનના બદલે કુફ્ર અપનાવી લે, બસ તેઓ સીધો રસ્તો ભટકી ગયા. (૧૦૮)

તફસીર :

(અમુક યહૂદીઓએ રસૂલુલ્લાહ ﷺની સેવામાં જાણી–બૂજીને એવી રીતે સવાલ કર્યો કે મૂસા (અલૈ.) ઉપર તો એક જ સમયમાં આખી તવરાત નાઝિલ થઈ હતી તો એ જ પ્રમાણે આપ ﷺ આખું કુર્આન એકસામટું લઈ આવો. તે બાબતે ઈરશાદ થાય છે કે,) હા ! શું તમે એવું ઈચ્છો છો કે પોતાના રસૂલથી એવા (નકામા) સવાલો કરો જે એનાથી પહેલાં (તમારા વડવાઓ તરફથી) મૂસા (અલૈ.)ને પણ કરવામાં આવી ચૂક્યા છે (દાખલા તરીકે, તેમણે અલ્લાહને જોવાની દરખાસ્ત કરી હતી અને આવી દરખાસ્તો કરીને ફક્ત રસૂલ ﷺ ઉપર વાંધા ઊભા કરવા અને અલ્લાહની હિકમતનો વિરોધ કરવાનો જ હેતુ હોય અને ઈમાન લાવવાનો ઈરાદો ન હોય તો તે નરી કુફ્રની વાતો છે અને) જે વ્યક્તિ ઈમાન લાવવાના બદલે કુફ્ર(ની વાતો) કરે, નિઃશંક ! તે વ્યક્તિ સીધા રસ્તાથી ભટકી ગયો.

ખુલાસો :

આ દરખાસ્તો અને સવાલો નકામા એટલા માટે કહેવામાં આવ્યા છે કે, દરેક કૃત્યમાં અલ્લાહની હિકમતો અને મસ્લિહતો જુદી–જુદી હોય છે. બંદાઓને તેની પદ્ધતિ નક્કી કરવાનો અધિકાર નથી કે તેઓ એવું કહે કે આ બાબત આવી હોવી જોઈએ, આ હુકમ આવો હોવો જાઈએ, આ કામ તો બસ આવું જ હોવું જોઈએ વગેરે વગેરે.

زباں تازہ کردن باقرارِ تو نینگیختن علّت از کارِ تو

શયખુલ હિન્દ (રહ.)ના તરજુમામાં આ સંબોધન મુસલમાનોને કરવામાં આવ્યું છે, જેનો હેતુ મુસલમાનોને ચેતવણી આપવાનો છે કે, રસૂલ ﷺથી વાહિયાત સવાલો ન કર્યા કરો.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૦૯–૧૧૦)

وَدَّ كَثِيرٌ مِّنْ أَهْلِ الْكِتَٰبِ لَوْ يَرُدُّونَكُم مِّنۢ بَعْدِ إِيمَٰنِكُمْ كُفَّارًا حَسَدًا مِّنْ عِندِ
أَنفُسِهِم مِّنۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمُ الْحَقُّ ۖ فَاعْفُوا وَاصْفَحُوا حَتَّىٰ يَأْتِيَ اللَّهُ بِأَمْرِهِ ۗ
إِنَّ اللَّهَ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ ﴿١٠٩﴾ وَأَقِيمُوا الصَّلَوٰةَ وَءَاتُوا الزَّكَوٰةَ ۚ وَمَا تُقَدِّمُوا لِأَنفُسِكُم
مِّنْ خَيْرٍ تَجِدُوهُ عِندَ اللَّهِ ۗ إِنَّ اللَّهَ بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ﴿١١٠﴾

તરજુમો :

ઘણા અહલે કિતાબે ઈચ્છયું, કાશ ! તમને તમારા ઈમાન પછી કુફ્રમાં ફેરવી દે; પોતાના દિલ(ની) ઈર્ષ્યા(ના) કારણે, (તે) પછી જ્યારે કે તેમના ઉપર સચ્ચાઈ જાહેર થઈ ગઈ; બસ તમે મા'ફ કરી દો અને દરગુજર કરો ત્યાં સુધી (કે) અલ્લાહ પોતાનો હુકમ લાવે; બેશક ! અલ્લાહ દરેક વસ્તુ ઉપર કાબૂ ધરાવે (છે). (૧૦૯) અને તમે નમાઝ કાયમ કરો અને ઝકાત આપતા રહો અને પોતાના માટે જે ભલાઈ આગળ મોકલશો, તમે તેને અલ્લાહ પાસેથી મેળવી લેશો; બેશક ! તમે જે કંઈ કરો છો અલ્લાહ જોનારો છે. (૧૧૦)

તફસીર :

(અમુક યહૂદીઓ રાત–દિવસ જુદી–જુદી યુક્તિઓ અને ચાલબાજીઓ કરી દોસ્ત અને હિતેચ્છુ હોવાનો ઢોંગ કરી મુસલમાનોને ઈસ્લામથી ફેરવવાની કોશિશો કરતા હતા અને વારંવાર આ પ્રયત્નોમાં અસફળ થવા છતાં આવું કરવાથી રોકાતા ન હતા. અલ્લાહ તઆલાએ મુસલમાનોને તે બાબતે ચેતવ્યા કે)

આ અહલે કિતાબ (યહૂદીઓ)માંથી ઘણા દિલથી એવું ઈચ્છે છે કે, તમને તમારા ઈમાન લાવ્યા પછી ફરી કાફિર બનાવી દે (અને તેઓનું આવું ઈચ્છવું કોઈ તમારા પ્રત્યે લાગણીના કારણે નથી, જેમકે તેઓ બતાવી રહ્યા છે બલકે) અદેખાઈના કારણે જે (તમારા તરફથી કોઈ કૃત્ય બદલ પૈદા નથી થઈ બલકે) તેમના પોતાના દિલોમાંથી જ છે (અને એવું પણ નથી કે તેમના ઉપર સચ્ચાઈ જાહેર નથી થઈ, બલકે) સચ્ચાઈ જાહેર થયા પછી (આ હાલત છે તો હવે એ વિશે મુસલમાનોનું તેમના ઉપર ગુસ્સે થવું સ્વાભાવિક છે, તેના ઉપર ઈરશાદ થાય છે કે) ખૈર, (હવે તો) મા'ફ કરી દો અને દરગુજર કરો, જ્યાં સુધી અલ્લાહ તઆલા (આ મા'મલા સંબંધિત) પોતાનો હુકમ મોકલે (ઈશારાથી બતાવવામાં આવ્યું કે તેમની શરારતોનો ઈલાજ અમે શાંતિ અને સલામતીના હકમાં એક કાનૂન તરીકે કિતાલ–જિહાદ અથવા જિઝિયા સ્વરૂપે જલ્દી જ કરવાના છે. અત્યારે મુસલમાનો પોતાની કમજોરી અને તેમની તાકાત જોઈને આશ્ચર્યમાં પડી શકતા હતા. એટલા માટે ઈરશાદ થાય છે કે તમે તાજ્જુબ શા માટે કરો છો?) અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર શક્તિ ધરાવે છે અને (તમે ફક્ત) નમાઝો પાબંદીથી પઢો (જેના ઉપર ઝકાત ફરજ છે) ઝકાત આપતા જાઓ (અને જ્યારે આ કાનૂન આવી જાય તો આ નેક અમલોમાં વધારો કરી લેજો) અને (એવું ન સમજી લો કે જ્યાં સુધી જિહાદનો હુકમ ન આવે ત્યાં સુધી નમાઝ–રોઝાથી સવાબમાં કમી રહેશે. નહીં ! બલકે) જે નેક કામ પણ પોતાની ભલાઈના માટે જમા કરી રહ્યા છો, અલ્લાહ તઆલા પાસે પહોંચીને તેનો (સારો) બદલો મેળવશો. કારણ કે અલ્લાહ તઆલા તમારા બધા કામોને જોઈ રહ્યો છે (તમારા નેક કામોમાંથી એક રજકણ બરાબર પણ વ્યર્થ નહીં જાય).

ખુલાસો :

તે વખતની હાલતનો આ પણ તકાદો હતો અને પછી અલ્લાહ તઆલાએ આ વાયદાને પૂરો કર્યો અને જિહાદની આયત નાઝિલ થઈ. ત્યાર પછી યહૂદીઓ સાથે તે કાનૂન પ્રમાણે વર્તવામાં આવ્યું. શરારતી, નાપાક લોકોને તેમની શરારત અને ફસાદના કારણે કતલ કરવામાં આવ્યા અથવા દેશનિકાલ કર્યા અથવા જિઝિયાના કાયદા ઉપર અમલ કરવામાં આવ્યો.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૧૧–૧૧૨–૧૧૩)

وَقَالُوْا لَنْ يَّدْخُلَ الْجَنَّةَ اِلَّا مَنْ كَانَ هُوْدًا اَوْ نَصٰرٰى ط تِلْكَ اَمَانِيُّهُمْ ط قُلْ هَاتُوْا
بُرْهَانَكُمْ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿١١١﴾ بَلٰى ق مَنْ اَسْلَمَ وَجْهَهٗ لِلّٰهِ وَهُوَ مُحْسِنٌ فَلَهٗٓ اَجْرُهٗ
عِنْدَ رَبِّهٖ ص وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿١١٢﴾ع وَقَالَتِ الْيَهُوْدُ لَيْسَتِ النَّصٰرٰى
عَلٰى شَيْءٍ ص وَّقَالَتِ النَّصٰرٰى لَيْسَتِ الْيَهُوْدُ عَلٰى شَيْءٍ لا وَّهُمْ يَتْلُوْنَ الْكِتٰبَ ط كَذٰلِكَ
قَالَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ مِثْلَ قَوْلِهِمْ ج فَاللّٰهُ يَحْكُمُ بَيْنَهُمْ يَوْمَ الْقِيٰمَةِ فِيْمَا
كَانُوْا فِيْهِ يَخْتَلِفُوْنَ ﴿١١٣﴾

તરજુમો :

અને તેમણે કહ્યું, કદાપિ જન્નતમાં પ્રવેશ નહિ કરે સિવાય (કે) જે યહૂદી હોય અથવા નસરાની (ઈસાઈ); આ એમની જૂઠી તમન્નાઓ (છે); કહી દો! તમે પોતાની દલીલ લાવો, જો તમે સાચા છો. (૧૧૧) કેમ નહિ ! જેણે અલ્લાહની સામે પોતાનો ચહેરો ઝૂકાવી દીધો અને તે ભલાઈ કરનાર (હોય), તો એના માટે તેનો બદલો તેના રબની પાસે (છે); અને તેમના ઉપર ન કોઈ ભય (હશે) અને ન તેઓ ગમગીન થશે. (૧૧૨) અને યહૂદીઓએ કહ્યું, નસારા કોઈ (હક) વસ્તુ ઉપર નથી; અને નસારાએ કહ્યું, યહૂદીઓ કોઈ (હક) વસ્તુ ઉપર નથી; હાલાં કે તેઓ કિતાબ પઢે છે; એવી જ રીતે જે લોકો જ્ઞાન ધરાવતા નથી (તેમણે પણ) એમના જેવી (જ) વાત કહી; બસ અલ્લાહ કયામતના દિવસે તેમની વચ્ચે ફેંસલો કરશે, જે બાબતમાં તેઓ વિવાદ કરતા હતા. (૧૧૩)

તફસીર :

અને યહૂદ–નસારા (એવું) કહે છે કે જન્નતમાં કદાપિ કોઈ દાખલ નહિ થઈ શકે, સિવાય તે લોકોના કે જેઓ યહૂદી હોય. (આ તો યહૂદીઓનો કૌલ–માન્યતા છે) અથવા તે લોકો જ જે નસરાની (ઈસાઈ) છે (આ નસારાનો કૌલ છે અલ્લાહ તઆલા તેનો રદિયો આપે છે અને ફરમાવે છે કે) આ (ફક્ત)

દિલ બહેલાવવાની વાતો છે (અને તેની હકીકત કંઈ જ નથી) આપ ﷺ (તેમને) કહી આપો કે (સારું) પોતાની દલીલ લઈ આવો જો તમે (તમારા દા'વામાં) સાચા છો. (બસ, તો તેઓ શું દલીલ લાવશે કારણ કે, કોઈ દલીલ છે જ નહીં, હવે અમે એમના વિરૂદ્ધ પ્રથમ તો આ દા'વો કરીએ છીએ કે) જરૂર બીજા લોકો (પણ જન્નતમાં) જશે (પછી તેના ઉપર દલીલ લાવે છે કે, અમારો નિયમ જે સર્વસહમતિથી સત્ય સાબિત થઈ ચૂક્યો છે તે એ છે કે) જે કોઈ વ્યક્તિ પણ પોતાનો ચહેરો અલ્લાહ તઆલા સામે નમાવી દેશે (એટલે કે અમલો અને અકીદાઓ તથા ફરમાંબરદારી અપનાવશે) અને (સાથે સાથે) તે નિખાલસ પણ હશે (કે ફરમાંબરદારી દિલથી અપનાવતો હશે ફક્ત કોઈ મસ્લિહતથી દેખાડો નહીં કરતો હોય) તો એવી વ્યક્તિને તેની (ફરમાંબરદારી)નો બદલો અલ્લાહ પાસે પહોંચીને મળે છે; અને એવા લોકો ઉપર (કયામતમાં) ન કોઈ ભય (હશે) અને ન જ કોઈ ગમગીની હશે (કારણ કે ફરિશ્તાઓ તેમને ખુશખબરી સંભળાવીને નચિંત કરી દેશે). દલીલ લાવવાનો ખુલાસો એ છે કે, જ્યારે એક નિયમ સંપૂર્ણ થઈ ચૂક્યો તો હવે ફક્ત એ જોઈ લો કે આ વાતમાં કોણ સાચું છે. બસ, દેખીતું છે કે કોઈ અગાઉનો હુકમ મન્સૂખ (રદ) થઈ ગયા પછી તેના ઉપર અમલ કરનારો કોઈ રીતે ફરમાંબરદાર નથી કહી શકાતો. એટલા માટે યહૂદીઓ અને નસારા ફરમાંબરદાર ગણાશે નહીં બલકે, નવા આવનાર હુકમ ઉપર અમલ કરનાર ફરમાંબરદાર કહેવાશે અને આ મુસલમાનોની શા'ન છે કે, તેમણે નુબુવ્વત અને શરીઅતે મુહમ્મદિય્યહ ﷺને કબૂલ કરી લીધી. એટલા માટે તેઓ જન્નતમાં દાખલ થનારા લોકોમાં સામેલ છે.

નિખાલસતા (ઈખ્લાસ) અને નેક કાર્યો કરવાની શરત એટલા માટે લગાવવામાં આવી કે, તેના કારણે લિસ્ટમાંથી મુનાફિકો નીકળી જાય. કારણ કે તેઓ શરીઅતની રૂએ કાફિરોમાં જ સામેલ છે અને જહન્નમના હકદાર છે. એક વખતે યહૂદીઓ અને અમુક ઈસાઈઓ એક જગ્યાએ બેસીને ધાર્મિક બહસ કરી રહ્યા હતા તો યહૂદીઓ પોતાના અકીદા પ્રમાણે ઈસાઈઓ બાતિલ અને ખોટા માર્ગ ઉપર હોવાનું કહેવા લાગ્યા અને હઝરત ઈસા (અલૈ.)ની નુબુવ્વત તથા ઈન્જીલ (બાઈબલ)ને અલ્લાહની કિતાબ માનવાથી ઈન્કાર કરવા લાગ્યા અને નસારા પણ જીદ અને પૂર્વગ્રથી પ્રેરાઈને યહૂદીઓના ધર્મને ખોટો અને બાતિલ

કહેવા લાગ્યા અને હઝરત મૂસા (અલૈ.)ની રિસાલતનો તથા તવરાત અલ્લાહની કિતાબ હોવાનો ઈન્કાર કરવા લાગ્યા. અલ્લાહ તઆલાએ આ કિસ્સાનો અત્રે ઉલ્લેખ કર્યો છે.

યહૂદીઓ કહેવા લાગ્યા કે નસારા(નો ધર્મ) કોઈ આધાર ઉપર (કાયમ) નથી (મૂળેથી જ જૂઠો છે). હાલાં કે આ બધા (ધર્મના લોકો આસમાની) કિતાબો (પણ) પઢે છે. (એટલે યહૂદીઓ તવરાત અને ઈસાઈઓ ઈન્જીલ પઢે છે. આ બંને કિતાબોમાં બંને રસૂલો અને બંને કિતાબો સત્ય હોવાનો ઉલ્લેખ થયેલો છે, જે બંને ધર્મોનો અસલ પાયો છે. જો કે મન્સૂખ (રદ) થઈ જવાના કારણે હવે તેના ઉપર અમલ કરવો માન્ય નથી એ બીજી વાત છે, અને અહલે કિતાબના આવા દા'વાઓના દેખાદેખી મુશ્રિકો પણ જોશમાં આવી ગયા.) એવી જ રીતે તે લોકો (પણ) જેઓ (ફક્ત) અજ્ઞાન છે (તેઓ) તે (અહલે કિતાબના લોકો જેવી) વાતો કરવા લાગ્યા (કે આ યહૂદીઓ અને નસારા બધાના ધર્મનો કોઈ આધાર નથી. સચ્ચાઈ ઉપર તો ફક્ત અમે જ લોકો છે.) બસ, (અહીંયાં બધા પોત-પોતાની હાંકી રહ્યા છે) અલ્લાહ તઆલા બધા (પક્ષો) વચ્ચે કયામતના દિવસે ફેંસલો કરી દેશે કે, જેના ઉપર તેઓ પરસ્પર વાદ-વિવાદ કરતા હતા. (અને તે અમલી-પ્રેક્ટિકલ ફેંસલો હશે કે સચ્ચાઈવાળા લોકો જન્નતમાં અને બાતિલ અને જૂઠા લોકો જહન્નમમાં ફેંકી દેવામાં આવશે. આ અમલી ફેંસલાની શરત એટલા માટે લગાવી કે ફક્ત મૌખિક ફેંસલો તો બૌદ્ધિક અને તાર્કિક દલીલો દ્વારા દુનિયામાં પણ થઈ શકે છે.)

મસ્અલા અને બોધપાઠ :

આ આયતોમાં અલ્લાહ તઆલાએ યહૂદી અને ઈસાઈઓના પરસ્પર મતભેદો, વિવાદો અને એકબીજા ઉપર આક્ષેપબાજીઓનો ઉલ્લેખ કરીને તેમની મૂર્ખાઈ અને બેવકૂફીને તથા આ મતભેદોના નુકસાનકારક પ્રભાવનું વર્ણન કરીને વાસ્તવિકતા સ્પષ્ટ કરતા ફરમાવ્યું છે કે, આ બધી જ ઘટનાઓમાં મુસલમાનો માટે ઘણી મહત્ત્વપૂર્ણ હિદાયતો (માર્ગદર્શન) છે, જેનું વર્ણન આગળ આવે છે. યહૂદીઓ અને નસારાઓ બંનેએ દીનની વાસ્તવિક હકીકતને ભૂલીને ધર્મના નામ ઉપર એક કૌમ બનાવી લીધી છે અને તેમનામાં દરેક પોતાની કૌમને જન્નતી અને

સ્વીકૃતિપ્રાપ્ત હોવાનું સમજે છે અને તેમના સિવાય દુનિયાની બીજી કૌમોને ગુમરાહ અને માર્ગ ભટકેલી સમજી તેમને દોઝખી માને છે.

આ બુદ્ધિનું દેવાળુ ફૂંકીને બેઠેલી કૌમોના વિવાદનું પરિણામ એ આવ્યું કે, મુશ્રિકો અને મૂર્તિપૂંજકો એવું કહેવા લાગ્યા કે "ઈસાઈયત પણ બેબુનિયાદ છે અને યહૂદીય્યત પણ પાયા વગરનો ધર્મ છે. હકીકતમાં તો અમે જ સાચા છે અને અમારી મૂર્તિપૂંજા જ સાચી છે."

અલ્લાહ તઆલાએ આ બંને કૌમોની જહાલત અને ગુમરાહીના સંદર્ભમાં ફરમાવ્યું કે, આ બંને કૌમો જન્નતમાં જવાના અસલ કારણોથી અજ્ઞાન છે. ફક્ત ધર્મના કે કૌમના નામની પાછળ પડેલા છે. વાસ્તવમાં યહૂદીઓ અને નસારા અથવા ઈસ્લામ આ બધાની રૂહ મુખ્ય બે વસ્તુ છે.

એક એ કે વ્યક્તિ દિલોજાનથી પોતાનું સર્વસ્વ અલ્લાહને સોંપી દે, તેની ઈતાઅત અને ફરમાંબરદારીને પોતાનો અકીદો અને ધર્મ સમજે. દીન અને મઝહબની હકીકતને ભૂલીને કે તેને પીઠ પાછળ નાંખીને યહૂદીઓનું અને ઈસાઈઓનું કૌમ પરસ્તીને પોતાનો મકસદ બનાવી લેવું દીન અને ધર્મથી અજ્ઞાનતા તથા ગુમરાહી છે.

બીજી વાત એ છે કે જન્નતમાં જવા માટે ફક્ત એ પૂરતું નથી કે, કોઈ વ્યક્તિ પોતાના દિલથી અલ્લાહની ફરમાંબરદારીનો ઈરાદો તો બરાબર કરે, પરંતુ ઈતાઅત, ફરમાંબરદારી અને ઈબાદતની પદ્ધતિ પોતાની ઈચ્છા પ્રમાણે આપમેળે ઘડી લે, હાલાં કે આ જરૂરી છે કે, ઈબાદત અને ઈતાઅત તથા ફરમાંબરદારીની પદ્ધતિ પણ તે જ અપનાવે, જે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ દ્વારા નક્કી કરી છે અને બતાવી છે.

પ્રથમ વાત .... بَلٰى مَنْ اَسْلَمَ દ્વારા અને બીજી .... وَهُوَ مُحْسِنٌ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે, જેનાથી ખબર પડે છે કે, આખિરતના છુટકારા માટે અને જન્નતમાં પ્રવેશ મેળવવા માટે ફક્ત અલ્લાહની ઈતાઅત અને ફરમાંબરદારી કરવાનો ઈરાદો કરવો પૂરતો નથી બલકે, નેક અમલો કરવા પણ જરૂરી છે અને નેક અમલોનો આધાર તે જ શિક્ષણ અને પદ્ધતિ ઉપર અવલંબિત છે, જે કુર્આન અને રસૂલ ﷺની સુન્નત પ્રમાણે હશે.

વારસાગત મુસલમાન અથવા યહૂદી કે ઈસાઈ હોવું અલ્લાહના ત્યાં છુટકારાનું માધ્યમ નથી, અસલ વસ્તુ ઈમાન અને નેક અમલો છેઃ

જે વ્યક્તિ ઈમાનના પાયાના સિદ્ધાંતોમાંથી કોઈપણ સિદ્ધાંતને છોડી દે, ભલે તે કોઈપણ સમયની શરીઅતનો માનનાર વ્યક્તિ હોય, યહૂદી હોય કે ઈસાઈ, કે મુસલમાન હોય, અને પછી ફક્ત નામનો જ કૌમની ધારામાં સામેલ હોવાના કારણે પોતાને જન્નતનો ઠેકેદાર સમજવા લાગે તો તે ફક્ત તેનું સ્વાર્થીપણું છે, જેને વાસ્તવિકતા સાથે દૂરનો પણ સંબંધ નથી. અલ્લાહ તઆલાના ત્યાં કોઈપણ વ્યક્તિ ફક્ત કૌમના નામનો સહારો લઈને છુટકારો નથી મેળવી શકતો, ન જ અલ્લાહનો મહેબૂબ બંદો બની શકે છે. જ્યાં સુધી કે તેનામાં ઈમાન અને નેક અમલોનું ભંડોળ મૌજૂદ ન હોય.

પછી ઈમાનના સિદ્ધાંતો તો પ્રત્યેક રસૂલ અને શરીઅતના સમયમાં સરખા અને એક જેવા જ રહ્યા છે. જો કે નેક અમલો અને તેના સ્વીકાર્ય થવાના સ્વરૂપો જુદા-જુદા હોય છે. તવરાતના સમયમાં નેક અમલ તેને સમજવામાં આવ્યો કે, જે હઝરત મૂસા (અલૈ.)ના શિક્ષણ પ્રમાણે હતો. ઈન્જીલ (બાઈબલ)ના દૌરમાં નેક અમલ ચોક્કસ તે અમલ હતો કે, જે હઝરત ઈસા (અલૈ.) અને ઈન્જીલના શિક્ષણ પ્રમાણે હતો, અને હવે કુર્આનના સમયમાં પણ તે જ અમલ, અમલે સાલેહ (નેક અમલ) કહેવામાં આવશે જે આખરી નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના ફરમાન પ્રમાણે અને તેમના ઉપર નાઝિલ થયેલ અલ્લાહની કિતાબ કુર્આન મજીદની હિદાયત પ્રમાણે હશે.

કહેવાનો હેતુ એ છે કે, યહૂદીઓ અને નસારાના આ મતભેદ બાબતે અલ્લાહ તઆલાએ ફેંસલો કર્યો કે, આ બંને કૌમો અજ્ઞાનતા અને જહાલતની વાતો કરી રહ્યા છે. બંનેમાંથી કોઈપણ જન્નતના ઠેકેદાર નથી અને ન જ તે બંનેના ધર્મો પાયા વગરના અથવા બેબુનિયાદ છે. બલકે, બંને ધર્મો ખરા સત્યના પાયા ઉપર રચાયેલા હતા. હિતસાધક તત્ત્વોએ ફેલાવેલી ગેરસમજના કારણે આ બંને ધર્મો અને તેમના અનુયાયીઓની રૂહ અને તેમના અકીદાઓ તથા તેમના અમલો અને વિચારસરણીઓ બદલાઈ ગઈ અને તેઓ જાતિવાદ અને રાષ્ટ્રવાદના પાયા ઉપર કોઈને યહૂદી કહે છે, તો કોઈને ઈસાઈ સમજી લે છે. જો યહૂદીઓની જાતિમાં હોય તો યહૂદીઓના શહેરમાં વસે છે, અને પોતાની ગણતરી યહૂદીમાં

બતાવે છે, અને તેને યહૂદી સમજવામાં આવે છે. એવી જ રીતે ઈસાઈઓની ઓળખ પણ આ જ રીતે નક્કી કરવામાં આવી છે. હાલાં કે ઈમાનનો અસલી સિદ્ધાંત આવી બાબતો ઉપર અવલંબિત નથી. સદ્કાર્યોને છોડીને ન કોઈ યહૂદી – યહૂદી તરીકે બાકી રહે છે અને ન જ ઈસાઈ – ઈસાઈ તરીકે.

કુર્આને કરીમમાં આ મતભેદ અને તેના ફૈસલાનું વર્ણન મુસલમાનોને સંભળાવીને તેમને આવી બાબતથી સજાગ રહેવા માટે કહેવામાં આવ્યું છે કે, તેઓ પણ આ પ્રકારની ગેરસમજમાં ન પડી જાય કે, અમે તો વારસાગત મુસ્લિમ છીએ. દરેક ઓફિસ અને રજિસ્ટરમાં અમારું નામ મુસલમાનોના ખાનામાં લખવામાં આવે છે અને અમે અમારી જાતને મુસલમાન પણ કહીએ છીએ. એટલા માટે જન્નત અને તે તમામ ઈનામો અને વાયદાઓ જે મો'મિનો માટે અલ્લાહે તેના રસૂલ ﷺ મારફતે કર્યા છે, તેના અધિકારી માત્ર અમે જ છે.

ઉપરોક્ત વર્ણવેલ અલ્લાહના ફૈસલાથી તેમના માટે સ્પષ્ટ થઈ જવું જોઈએ કે, કોઈ વ્યક્તિ ફક્ત દા'વો કરીને સાચો મુસલમાન નથી બની શકતો. મુસલમાનના ખાનામાં નામ લખાવી દેવાથી અથવા મુસલમાન જેવો હુલિયો (વેશભૂષા) બનાવવાથી અથવા મુસલમાનના ઘરમાં પૈદા થવાથી કોઈ મુસલમાન નથી બની જતું. બલકે, મુસલમાન બનવા માટે ઈસ્લામ અને ઈમાનનું હોવું જરૂરી છે, અને ઈસ્લામનો અર્થ છે પોતાને અલ્લાહની મરજીના સંપૂર્ણ આધીન કરી દેવો, નેક કાર્યો કરવા તથા કુર્આન અને સુન્નત પ્રમાણે અમલ કરવાનું નામ ઈસ્લામ છે.

પરંતુ કુર્આને કરીમની આ તાકીદ છતાં ઘણા મુસલમાનો આ યહૂદીઓ અને નસરાનીઓએ કરેલી ભૂલનું પુનરાવર્તન કરી રહ્યા છે. અલ્લાહ, રસૂલ ﷺ, આખિરત અને કયામતથી બિલકુલ ગાફિલ (બેદરકાર) રહીને પોતે વારસાગત મુસલમાન હોવાને પૂરતું સમજી રહ્યા છે. કુર્આન તથા હદીષમાં જે વાયદાઓ દુનિયા અને આખિરતમાં મુસલમાનો અને મો'મિનો માટે કરવામાં આવ્યા છે, પોતાને તેના અધિકારી સમજીને તેના પૂરા થવાની રાહ જોઈ રહ્યા છે અને જ્યારે તે પૂરા થતા હોય એવું નથી લાગતું તો કુર્આન અને હદીષના વાયદાઓમાં શંકા કરવા લાગે છે, પરંતુ એવું નથી જોતા કે કુર્આને ફક્ત વારસાગત મુસલમાનો

માટે કોઈ વાયદો નથી કર્યો. જ્યાં સુધી કે, તે પોતાની સંપૂર્ણ ઈચ્છાઓ અને પોતાના સર્વસ્વને અલ્લાહ અને તેના રસૂલ ﷺના તાબે' ન કરી દે અને તેમની બતાવેલી પદ્ધતિઓ ઉપર નેક કાર્યોના પાબંદ ન બને. આ જ ખુલાસો પ્રસ્તુત આયતમાં આવ્યો છે.

بَلٰى مَنۡ اَسۡلَمَ وَجۡهَهٗ لِلّٰهِ وَهُوَ مُحۡسِنٌ فَلَهٗۤ اَجۡرُهٗ عِنۡدَ رَبِّهٖ وَلَا خَوۡفٌ عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ،

આજકાલ આખી દુનિયામાં મુસલમાનો જાત-જાતની તકલીફો અને પરેશાનીઓના શિકાર બન્યા છે. તેમને જોઈને ઘણા અજ્ઞાન લોકો એવું વિચારવા લાગે છે કે, કદાચ આ તમામ આફતો અને મુસીબતોનું કારણ અમારો ઈસ્લામ જ છે, નઊઝુબિલ્લાહ ! પરંતુ પ્રસ્તુત લખાણથી સાબિત થઈ ગયું કે તેનું અસલી કારણ આપણો ઈસ્લામ નથી બલકે, ઈસ્લામને છોડી દેવો તે અસલી કારણ છે કે, આપણે ઈસ્લામને ફક્ત નામનો બાકી રાખ્યો છે અને તેના અકીદાઓ ન તો આપણી અંદર છે અને ન જ તો આપણામાં ઈસ્લામ પ્રમાણે અખ્લાક છે અને ન જ અમલો છે બલકે, આપણા અમલો યહૂદીઓ અને ઈસાઈઓની સંસ્કૃતિ પ્રમાણે બની ગયા છે.

وضع میں ہم ہیں نصاریٰ تو تمدّن میں ہنود

પછી આપણને શું અધિકાર છે કે, ઈસ્લામ અને મુસલમાનો માટે થયેલા વાયદાઓ અને ઈનામોની રાહ જોઈએ ?!

જો કે અહીંયાં સવાલ એ ઉપસ્થિત થઈ શકે છે કે અમે થોડું ઘણું તો ઈસ્લામનું સાચું નામ લઈએ છીએ ! અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺના નામ લેનારા તો છે ! અને જે કાફિરો અલ્લાહ અને રસૂલ ﷺનો ખુલ્લમ-ખુલ્લો વિરોધ કરે છે, જેઓ ઈસ્લામનું નામ લેવાનું પણ પસંદ કરતા નથી, તેઓ આજે દુનિયામાં દરેક ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી રહ્યા છે. જો આપણા દુષ્કૃત્યોની શિક્ષા દુનિયામાં જ મળી રહી છે કે, આપણે દરેક જગ્યાએ બરબાદ અને પરેશાન છીએ તો કાફિરો અને ફાસિકોને તો તેનાથી વધારે સજા મળવી જોઈએ, પરંતુ જરા વિચાર કરો ! આ શંકા આપમેળે જ દૂર થઈ જશે.

પ્રથમ તો એટલા માટે કે દોસ્ત અને દુશ્મનની સાથે સરખો વહેવાર

કરવામાં આવતો નથી. દોસ્તને વાત-વાત ઉપર ડગલેને પગલે ટોકવામાં આવે છે. ઔલાદ અને વિદ્યાર્થીઓને નાની-નાની વાત ઉપર શિક્ષા આપવામાં આવે છે, પરંતુ દુશ્મન સાથે આવો વર્તાવ કરવામાં આવતો નથી, તેને ઢીલ આપવામાં આવે છે અને સમય આવ્યે એકદમ પકડમાં લેવામાં આવે છે.

મુસલમાન જ્યાં સુધી ઈસ્લામ અને ઈમાનનું નામ લે છે, અલ્લાહની મહોબ્બત અને તેની મહાનતાનો દમ ભરે છે, તેઓનું નામ મિત્રોની લિસ્ટમાં રહે છે, તેના ખરાબ કૃત્યોની શિક્ષા મોટે ભાગે દુનિયામાં જ આપી દેવામાં આવે છે, જેથી આખિરતનો ભાર હલકો થઈ જાય. જ્યારે કે કાફિરો ઉપર બળવાખોર અને દુશ્મનોનો નિયમ લાગુ પડે છે. દુનિયામાં હલકી હલકી શિક્ષા આખિરતની ભયંકર સજાથી છુટકારો નહીં અપાવી શકે. તેમને એકદમ અતિભયંકર, કષ્ટદાયક, પીડાયુક્ત સજામાં નાંખી દેવામાં આવશે. રસૂલ ﷺના આ ઈરશાદનો તે જ મતલબ છે કે, ''દુનિયા મો'મિનો માટે કૈદખાનું અને કાફિરો માટે જન્નત છે.''

બીજી ખાસ વાત ''મુસલમાનોની અધોગતિ અને પરેશાનીઓ તથા કાફિરોની પ્રગતિ અને આરામ બાબતે'' એ છે કે, અલ્લાહ તઆલાએ દરેક અમલની જુદી-જુદી કક્ષા, ખાસિયત તથા લક્ષણો રાખ્યા છે, જેમકે એક અમલ કરવાથી બીજા અમલનું લક્ષણ કે ગુણ બદલાઈ નથી શકતો. દાખલા તરીકે વેપારની ખાસિયત એ છે કે ધનમાં વધારો થાય છે. દવાની ખાસિયત છે કે તે શરીર તંદુરસ્ત બનાવે છે. હવે કોઈ માણસ વેપારમાં દિવસ-રાત લાગેલો રહે, બીમારી અને તેના ઈલાજ તરફ ધ્યાન ન આપે તો વેપારની પ્રગતિના કારણે તેની બીમારી સારી નહીં થઈ શકે. દવા-દારૂનો ઉપયોગ કરીને વેપારમાં પ્રગતિ પ્રાપ્ત નથી કરી શકાતી. કાફિરોની દુનિયામાં પ્રગતિ અને માલ-દૌલતની છૂટછાટ તેમના કુફ્રનું પરિણામ નથી, જેમકે મુસલમાનોની ગરીબી અને પરેશાનીઓનું કારણ ઈસ્લામ નથી બલકે, કાફિરોએ જ્યારે ઈસ્લામની ચિંતા છોડી દીધી અને સંપૂર્ણ રીતે દુનિયાની માલ-દૌલત અને અય્યાશીઓની ફિકરમાં લાગી ગયા, વેપાર, ઉદ્યોગ, ખેતીવાડી અને સરકારો તથા રાજકરણમાં દુનિયાના લાભકારી માર્ગો અપનાવવા લાગ્યા, દુનિયાની લોભ-લાલચના કારણે કેટલાક લોકો

ભ્રષ્ટાચાર પણ આચરવા લાગ્યા, આમ તેમણે દુનિયામાં પ્રગતિ કરી લીધી. જો તેઓ પણ આપણી જેમ ફક્ત પોતાના ધર્મનું નામ લઈને બેસી જાય અને દુનિયાની પ્રગતિ માટે તેઓ પ્રગતિના કાયદા–કાનૂન પ્રમાણે પ્રયત્નો ન કરે, તો એમના કુફ્રએ તેમને માલ–દૌલત અથવા જાગીરદારી કે સરકારના માલિક ન બનાવ્યા હોત. પછી આપણે એ કેવી રીતે સમજી લઈએ કે, આપણો ઈસ્લામ અને તે પણ ફક્ત નામનો, આપણા માટે વિજયના બધા માર્ગો ખુલ્લા કરી દેશે !? ઈસ્લામ અને ઈમાન જો બિલકુલ સાચા સિદ્ધાંતો ઉપર હોય તો તેની અસલી ખાસિયત અને પરિણામ આખિરતનો છુટકારો અને જન્નતની કાયમી રાહત છે. દુનિયામાં માલ અને દૌલતની છૂટછાટ અથવા ઐશો–આરામની જાહોજલાલી ઈસ્લામના પરિણામે પ્રાપ્ત થાય જ, એવું જરૂરી નથી, જ્યાં સુધી કે તેના માટે યોગ્ય દિશામાં સંઘર્ષ કરવામાં ન આવે.

અને આ વાત અનુભવથી સિદ્ધ થયેલ છે કે, જ્યાં સુધી અને જ્યારે પણ કોઈ મુસલમાન વેપાર, ઉદ્યોગ, સરકાર અથવા રાજકારણના મૂળભૂત સિદ્ધાંતો શીખી લઈ તેના ઉપર અમલ કરે છે, તો તે પણ દુનિયાના આ ક્ષેત્રમાં સારા પરિણામોથી વંચિત નથી રહેતો અને તે પણ કાફિરો જેટલી જ પ્રગતિ કરી શકે છે.

તેનાથી સ્પષ્ટ થઈ ગયું કે દુનિયામાં આપણી ગરીબી અથવા પરેશાની, તકલીફો તથા આફતોનું કારણ આપણો ઈસ્લામ નથી બલકે, એક બાજુ ઈસ્લામી અખ્લાક તથા અમલો છોડવા અને બીજી તરફ તે બધા કાર્યોથી મોઢું ફેરવવાના કારણે છે કે, જેના પર અમલ કરવાથી માલ–દૌલતમાં પ્રગતિ અને વિકાસ થાય છે.

અફસોસ છે કે, આપણો જ્યારે યુરોપવાળાઓ સાથે સંબંધ વિકસ્યો તો ફક્ત આપણે તેમની પાસેથી તેમનું કુફ્ર, આખિરતથી ગફલત તથા બેહયાઈ અને બેશરમી તો શીખી લીધી, પરંતુ તેમના તે સારા ગુણો ન શીખ્યા, જેના કારણે તેઓ દુનિયામાં સફળતા પ્રાપ્ત કરી રહ્યા છે. તેઓ જે મકસદ માટે ઊભા થાય છે તેની પાછળ અથાક પ્રયત્નો કરે છે. વૈજ્ઞાનિક સંશોધનોની સાથે–સાથે દુનિયા ઉપર પોતાના પ્રભાવનો વિસ્તાર કરવા માટે નવી–નવી પદ્ધતિઓ અપનાવે છે, જે

વાસ્તવમાં ઈસ્લામનું મૂળભૂત શિક્ષણ હતું. આપણે તેમને જોઈને પણ તેમની નકલ કરવાની કોશીશ ન કરી તો શું આ વાંક આપણા ઈસ્લામનો છે કે આપણો ? તે આપણી સામે સૂર્યપ્રકાશની જેમ સ્પષ્ટ છે.

મતલબ કે કુર્આનની આયતોએ સ્પષ્ટ કરી દીધું કે, ફક્ત જાતિવાદ કે રાષ્ટ્રવાદના આધારે ઈસ્લામનું નામ લઈ લેવું કોઈ પરિણામ સુધી નહીં લઈ જઈ શકે. જ્યાં સુધી ઈમાન અને નેક કાર્યો જીવનમાં સંપૂર્ણ રીતે અપનાવવામાં ન આવે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૧૪–૧૧૫)

وَ مَنْ اَظْلَمُ مِمَّنْ مَّنَعَ مَسٰجِدَ اللّٰهِ اَنْ يُّذْكَرَ فِيْهَا اسْمُهٗ وَسَعٰى فِىْ خَرَابِهَا ؕ
اُولٰٓئِكَ مَا كَانَ لَهُمْ اَنْ يَّدْخُلُوْهَآ اِلَّا خَآئِفِيْنَ ۬ؕ لَهُمْ فِى الدُّنْيَا خِزْىٌ
وَّلَهُمْ فِى الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ ﴿۱۱۴﴾ وَلِلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ ۚ فَاَيْنَمَا تُوَلُّوْا فَثَمَّ
وَجْهُ اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ وَاسِعٌ عَلِيْمٌ ﴿۱۱۵﴾

તરજુમો :

અને તેનાથી મોટો જાલિમ (અત્યાચારી) કોણ ? જેણે અલ્લાહની મસ્જિદોમાં (જવાથી) રોક્યા કે, તેમાં તેનું નામ લેવામાં આવે; અને તે (મસ્જિદો)ને વેરાન કરવાનો પ્રયત્ન કર્યો; આ લોકોનો અધિકાર નથી કે ત્યાં પ્રવેશ કરે પરંતુ ડરતાં (ડરતાં); તેમના માટે દુનિયામાં બેઈજ્જતી (છે); અને તેમના માટે આખિરતમાં મોટો અઝાબ (છે). (૧૧૪) અને પૂર્વ તથા પશ્ચિમ અલ્લાહના માટે જ છે; બસ ! જે દિશાએ તમે મોઢું કરો તો તે તરફ અલ્લાહનો સામનો (છે); બેશક ! અલ્લાહ સર્વવ્યાપી, સર્વજ્ઞ (છે). (૧૧૫)

તફસીર :

(યહૂદીઓ તો કિબ્લો બદલવાના હુકમ સમયે જાત–જાતના વાંધા કાઢી કમસમજ લોકોના દિલોમાં શંકા–કુશંકાઓ પૈદા કરતા હતા. જો આ શંકાઓ

સામાન્ય રીતે દિલો ઉપર પ્રભાવિત થઈ હોત તો તેનું પરિણામ એ આવ્યું હોત કે રિસાલતનો ઈન્કાર તથા નમાઝોને છોડી દેવાથી મસ્જિદો વેરાન થવી સ્વાભાવિક હતું, તો એક રીતે યહૂદીઓ આ રીતે નમાઝ છોડાવીને મસ્જિદોને વેરાન કરાવવા, ખાસ કરીને મસ્જિદે નબવીને વેરાન કરાવવા ઈચ્છતા હતા જેમકે રૉમ (ઇટાલી)ના અમુક રાજાઓએ પણ આવું જ કર્યું હતું કે જેઓ ઈસાઈઓના પેશ્વાઓ હતા અને ઈસાઈઓ તેમના કૃત્યનો ઈન્કાર પણ કરતા ન હતા, તેમણે કોઈ સમયે યહૂદીઓના કબજા હેઠળના સીરિયા (શામ) ઉપર હુમલો કર્યો હતો અને મારા-મારી, કાપા-કાપી પણ થઈ હતી. તે સમયે અમુક જાહિલોના હાથે બયતુલ મુકદ્દસની બેહુરમતી થઈ હતી અને તે અપવિત્ર પણ થયું હતું, અશાંતિને કારણે તેમાં નમાઝ વગેરે પઢવાનું બંધ થયું હતું. આ રીતે ઈસાઈઓના પેશ્વાઓ નમાઝ છોડાવીને મસ્જિદોને વેરાન કરનારાઓના આગેવાન થયા અને ઈસાઈઓ પણ તેનો ઈન્કાર ન કરવાના કારણે આ પાપના ભાગીદાર હતા. તે રાજાનું નામ ટેથ્સ હતું. ઈસાઈઓને આ કિસ્સો એટલા માટે પસંદ હતો કે તેમાં યહૂદીઓની બેઈજ્જતી થઈ હતી. યહૂદીઓ તે કારણે તેમનાથી દુશ્મનાવટ પણ રાખતા હતા.

રસૂલુલ્લાહ ﷺના મક્કા વિજય પહેલાં જ્યારે મક્કા મુઅઝ્ઝમહમાં પ્રવેશ કરીને આપ ﷺએ મસ્જિદે હરામનો તવાફ અને નમાઝ અદા કરવા ઈચ્છ્યું તો મક્કાના મુશ્રિકોએ આપ ﷺને ન જવા દીધા. અહીંયાં સુધી કે આપ ﷺ તે વર્ષે મદીના પાછા જતા રહ્યા. આમ, એક રીતે મુશ્રિકો પણ મસ્જિદે હરામને વેરાન કરનારાઓમાં સામેલ થઈ ગયા. એટલા માટે અલ્લાહ તઆલાએ મસ્જિદ વેરાન કરનારાઓ માટે ફરમાવ્યું કે,)

અને તે વ્યક્તિથી વધારે કોણ જાલિમ (અત્યાચારી) હશે, જે અલ્લાહ તઆલાની મસ્જિદો (જેમાં મક્કાની મસ્જિદે હરામ, મદીનાની મસ્જિદે નબવી (ﷺ), બયતુલ મુકદ્દસ અને જગતની તમામ મસ્જિદો આવી ગઈ) તેમાં ઝિક્ર (અને ઈબાદત) કરવાની પાબંદી કરે અને આ (મસ્જિદો)ને વેરાન કરવાનો પ્રયત્ન કરે ? આ લોકોએ ક્યારેય નિડર થઈને આ (મસ્જિદો)માં પગ ન મૂકવો જોઈતો હતો (બલકે, જ્યારે જાય તો ખૂબ જ અદબ અને સભ્યતાથી જવું જોઈતું હતું. તેમને નિડર થઈ અંદર જવાનો કોઈ અધિકાર નથી, તો પછી તેમને મસ્જિદની પવિત્રતાનો ભંગ કરવાનો અધિકાર કેવી રીતે હોય ? અને તેને જ

અત્યાચાર કહેવામાં આવ્યો છે.) અને આ લોકોને દુનિયામાં પણ બેઈજ્જતી (નસીબ) થશે અને આખિરતમાં પણ ભયંકર સજા થશે.

(યહૂદીઓએ કિબ્લાને બદલવાના હુકમ ઉપર વાંધો ઉઠાવ્યો હતો કે, મુસલમાનો એક દિશાએથી બીજી દિશાએ કેમ ફરી ગયા ? તેનો જવાબ અલ્લાહ તઆલાએ આપ્યો છે કે,) અને અલ્લાહની જ (બધી જ દિશાઓ) પૂર્વ અને પશ્ચિમ પણ છે (અને તે તેનું રહેઠાણ કે મકાન નથી). (બસ, તે જ્યારે માલિક છે જે દિશાને ચાહે કિબ્લો નક્કી કરી દે. કારણ કે કિબ્લો નક્કી કરવાની હિકમત અલ્લાહની જ છે અને તે વિશે બધા જ ઈબાદતગુજારો સહમત છે કે, જે દિશાએ પણ ઈબાદત કરીશું અલ્લાહ દરેક જગ્યાએ સામે જ છે. જો કે નમાઝ માટે ખાસ કિબ્લો બયતુલ્લાહને બનાવવાની હિકમત ફક્ત તે જ જાણે છે. જો વાત આમ જ છે તો) તમે લોકો જે તરફ પણ મોઢું કરો તે તરફ અલ્લાહ તઆલા મૌજૂદ છે. કારણ કે અલ્લાહ તઆલા દરેક વસ્તુ ઉપર કુદરત ધરાવે છે. (આમ છતાં નમાઝ માટે કિબ્લાની દિશા એટલા માટે નક્કી કરી કે) તે સર્વજ્ઞાની છે. (તે દરેક પદાર્થ અને દરેક બાબત પાછળ રહેલી હિકમતને ખૂબ સારી રીતે જાણે છે અને કિબ્લા માટે દિશા નક્કી કરવાની મસ્લિહત અલ્લાહના ઈલ્મમાં છે.)

ખુલાસો (બયાનુલ કુર્આનમાંથી) :

મસ્જિદોને વેરાન કરવાની ઈચ્છા ધરાવનાર લોકોની દુનિયામાં એ રીતે આબરૂ ગઈ અને ઝલીલ થયા કે તે બધી જ કૌમો ઈસ્લામી હુકૂમત હેઠળ આવી ગઈ અને આખિરતનો અઝાબ કાફિર હોવાના કારણે થવાનો જ છે. મસ્જિદોને વેરાન કરવાના પ્રયત્નોને કારણે આ અઝાબ ઘણો જ સખત અને ભયંકર હશે. ઉપરની આયતમાં જે આ ત્રણ સ્વરૂપો પોતે સત્ય માર્ગ ઉપર હોવાના દા'વાઓ અનુસંધાને હતા તેનો રદિયો પણ થઈ ગયો કે આવા – આવા કૃત્યો કરીને સચ્ચાઈ ઉપર હોવાના દા'વા કરવા બેશરમી અને બેહયાઈની વાત છે.

કિબ્લો નક્કી કરવામાં અલ્લાહની હિકમત હતી, જેનાથી અમુક ઈસ્લામ વિરોધીઓ વાંધાઓ કાઢીને કહેવા લાગ્યા હતા કે મુસલમાનો કા'બતુલ્લાહની પૂંજા કરે છે; આ આયત દ્વારા તેનો પણ છેદ ઉડી ગયો. ખુલાસો એ છે કે, ઈબાદત અને બંદગી તો ફક્ત અલ્લાહ તઆલા માટે જ છે, પરંતુ ઈબાદતના સમયે મનની

શાંતિ જરૂરી છે. વળી, ઈબાદત કરનાર લોકો એકત્ર થાય અને તેમનામાં એકતા સ્થાપિત થાય એ પણ જરૂરી છે. એટલા માટે આ બંને વાતો અનુભવથી સિદ્ધ થયેલ છે કે, એકાગ્રતા દ્વારા સામૂહિક ઈબાદતની અસલી રૂહ પ્રાપ્ત કરવા માટે નમાઝ માટે કોઈ ચોક્કસ દિશા નક્કી કરવી જરૂરી હતી, માટે અહીંયાં કા'બા તરફ મોઢું કરવાના વાંધા-વચકા કરવા બિલકુલ બિનપાયાદાર અને વાહિયાત વાત છે.

અને જો કોઈ પોતાના છુટકારા માટે એવો દા'વો કરે કે અમે મૂર્તિઓ સામે એવા જ ઈરાદાથી ઊભા રહીએ છીએ, તો તેમના છુટકારાના આ દા'વાથી મુસલમાનો ઉપર કોઈ ફરક નહીં પડે. મુસલમાનો તો પોતાના મૂળભૂત સિદ્ધાંતોને અને અકીદાઓને વળગી જ રહેવાના છે.

બીજું, મુસલમાનો અને કાફિરોની સામાન્ય હાલતનું સંશોધન કરતાં ખબર પડશે કે, ઈબાદતની સાચી પદ્ધતિ મુસલમાનો અપનાવે છે અને મુસલમાનોની જેમ જ પોતે પણ ઈબાદત કરતા હોવાનો કાફિરોનો દા'વો સદંતર જૂઠો છે, જે દરેક વ્યક્તિ પોતે અનુભવી શકે છે.

ત્રીજું, જો તેમના આ દા'વાને સાચો માની લઈએ તો પણ રદ થયેલ શરીઅતોના હુકમોની કોઈ વૅલ્યુ અથવા કિંમત નથી. ઈસ્લામ એ તો અંતિમ ખુદાઈ કાનૂન છે અને એનો જ કાનૂન કયામત સુધી બાકી રહેશે. અલ્લાહની હિકમતો તથા તેની મસ્લિહતોનો સંપૂર્ણ ભેદ પામવો મનુષ્યની શક્તિ બહારની વાત છે. માટે કિબ્લો બદલવાના આ હુકમ પાછળ અલ્લાહની હજારો હિકમત છુપાયેલી છે. એકાદ-બે લોકોના વિરોધથી અલ્લાહનો હુકમ બદલી નથી શકાતો.

જેમકે ફરમાવ્યું છે કે, દરેક દિશાએ અલ્લાહનો સામનો છે અને એવી રીતે એ પણ ફરમાવ્યું કે તે સર્વવ્યાપી અને સર્વજ્ઞાની છે અને આવા જ બીજા વિષયો એવા છે એમાં વધારે ખણખોદ કરવી મનુષ્યની અક્કલની મર્યાદામાં સમાઈ ન શકે એવી બાબતો છે. જેવી રીતે કે અલ્લાહ તઆલા કોઈ મનુષ્ય સ્વરૂપે અવતાર ધારણ નહીં કરે, એવી જ રીતે તેની સિફતો, ખાસિયતો, લક્ષણોની વાસ્તવિકતા પામવા માટે મનુષ્યની અક્કલ અને બુદ્ધિ બહું સીમિત છે. મનુષ્યનું કામ

અલ્લાહની સિફતો ઉપર ઈમાન લાવવું છે, બાકી અલ્લાહની સિફતોનો ભેદ પામવો જ જોઈએ તે જરૂરી નથી હોતું.

عنقا شکار کس نشود دام باز چیں

کہ اینجا ہمیشہ باد بدست است دام را

મસ્અલા અને બોધપાઠ :

આ બે આયતોમાં બે મહત્ત્વના મસ્અલાઓનો ઉલ્લેખ છે. પહેલી આયત એક ખાસ ઘટનાના સંદર્ભમાં નાઝિલ થયેલી છે.

વાત એમ છે કે, જ્યારે યહૂદીઓએ હઝરત યહ્યા (અલૈ.)ની હત્યા કરી નાંખી તો રૉમના ઈસાઈઓએ તેમનો બદલો લેવા માટે ઈરાકના એક અગ્નિપૂંજક રાજાની સાથે મળીને પોતાના રાજા ટેટ્સની આગેવાનીમાં સીરિયા (શામ)ના યહૂદીઓ ઉપર હુમલો કરી તેમનો સત્યાનાશ કરી નાંખ્યો, તવરાતની પ્રતોને સળગાવી દીધી, બયતુલ મુકદ્દસમાં ગંદકી અને નાપાકી તથા સુવ્વરો નાંખી દીધા, તેમની ઈમારતોને તોડી – ફોડીને બરબાદ કરી દીધી, યહૂદીઓની શક્તિ અને સન્માનને બિલકુલ પાયમાલ અને નષ્ટ કરી દીધા, આપ ﷺના સમયકાળ સુધી બયતુલ મુકદ્દસ એવી જ વેરાન અને તૂટેલ-ફૂટેલ હાલતમાં રહ્યું. (અમુક મુફસ્સિરો-વિવરણકારોએ આ અગ્નિપૂંજક રાજાનું નામ બુખ્તે નશર બતાવ્યું છે, પરંતુ જે રાજા બુખ્તે નશરથી પ્રખ્યાત છે તે રાજા અહીંયાં નથી હોઈ શકતો કારણ કે, તેનો સમયકાળ હઝરત યહ્યા (અલૈ.) પહેલાંનો છે. એવું શક્ય છે કે, પાછળથી કોઈ બીજા રાજાનું નામ "બુખ્તે નશર બીજા" તરીકે પ્રખ્યાત થયું હોય.)

હઝરત ઉમર ફારૂક (રદિ.)ના શાસનકાળમાં જ્યારે સીરિયા (શામ) અને ઈરાક ઉપર વિજય પ્રાપ્ત થયો તો હઝરત ઉમર (રદિ.)ના હુકમથી બયતુલ મુકદ્દસને ફરીવાર બાંધવામાં આવ્યું અને એક લાંબા સમય સુધી સંપૂર્ણ સીરિયા અને બયતુલ મુકદ્દસ મુસલમાનોના કબજામાં રહ્યું, પછી અમુક સમય પછી બયતુલ મુકદ્દસ મુસલમાનોના કબજામાંથી નીકળી ગયું અને લગભગ સો વર્ષો સુધી યુરોપના ઈસાઈઓનો તેના ઉપર કબજો રહ્યો. ત્યારબાદ છઠ્ઠી સદી હિજરીમાં સુલ્તાન સલાહુદ્દીન અય્યૂબી (રહ.)એ તેના ઉપર વિજય પ્રાપ્ત કર્યો.

રૉમના ઈસાઈઓની તવરાતને સળગાવી દેવાની નાપાક હરકતોને અને બયતુલ મુકદ્દસને અપવિત્ર, વેરાન અને તેને બરબાદ કરવા બાબતે આ આયત ઊતરી છે.

આવો અભિપ્રાય કુર્આનના મુફસ્સિર હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)નો છે અને હઝરત ઈબ્ને ઝૈદ (રદિ.) વગેરે બીજા મુફસ્સિરોએ આ આયત નાઝિલ થવાનું કારણ આ બતાવ્યું છે કે, જ્યારે મક્કાના મુશ્રિકોએ રસૂલ ﷺને હુદૈબિય્યહની ઘટના સમયે મસ્જિદે હરામમાં પ્રવેશ કરવાથી અને તવાફ કરવાથી રોક્યા તો આ આયત નાઝિલ થઈ.

હઝરત ઈબ્ને જરીર (રહ.) અને હજરત ઈબ્ને કષીર (રહ.) બીજી રિવાયતને પ્રાધાન્ય આપે છે.

અલબત્ત આયતનો શા'ને નુઝૂલ મુફસ્સિરો નજીક આ બંને ઘટનાઓમાંથી કોઈ એક ખાસ ઘટના છે, પરંતુ તેનું વર્ણન સામાન્ય શબ્દોમાં કહીએ તો એક આગવો નિયમ છે. જેથી આ હુકમ ઈસાઈ અથવા મુશ્રિકો વગેરે માટે ખાસ સમજવામાં ન આવે બલકે, દુનિયાની તમામ કૌમોને આ હુકમ સમાનપણે લાગુ પડે છે. આ જ કારણ છે કે, આ આયતમાં ખાસ બયતુલ મુકદ્દસનું નામ લેવાના બદલે "મસાજિદલ્લાહ" (مساجد الله) કહીને પૃથ્વી ઉપરની બધી જ મસ્જિદો માટે આ હુકમ સામાન્ય બનાવી દીધો. આ આયતનો વિષય એ થઈ ગયો કે, “જે કોઈ પણ વ્યક્તિ અલ્લાહની મસ્જિદમાં લોકોને અલ્લાહનો ઝિક્ર કરવાથી રોકે અથવા કોઈ એવું કામ કરે જેનાથી મસ્જિદ વેરાન થઈ જાય તો તે ઘણો મોટો જાલિમ (અત્યાચારી) છે.”

અલ્લાહની મસ્જિદોની ઈજ્જત અને તેનું સન્માન એ જ છે કે, તેમાં જે કોઈ પણ વ્યક્તિ પ્રવેશ કરે તે મસ્જિદની આમાન્યા, અદબ તથા સન્માન જાળવે. જેવી રીતે કે કોઈ શાહી દરબારમાં પ્રવેશ કરે છે.
આ આયતથી જે અમુક જરૂરી હુકમો નીકળે છે તેનો ખુલાસો આ છે.

(૧) પ્રથમ આ કે દુનિયાની બધી જ મસ્જિદો અદબની રૂએ એક સમાન છે. જેવી રીતે કે બયતુલ મુકદ્દસ, મસ્જિદે હરામ અથવા મસ્જિદે નબવીની બેહુરમતી અને તેને અપવિત્ર કરવું મહાભયંકર અપરાધ છે, એવી જ રીતે

દુનિયાની બધી જ મસ્જિદો વિશે આ જ હુકમ લાગુ પડે છે. જો કે આ ત્રણ મસ્જિદોની આમાન્યા અને મહત્ત્વ ઘણું બધું છે એ એક અલગ બાબત છે, જેમકે મસ્જિદે હરામમાં એક નમાઝનો સવાબ એક લાખ નમાઝો બરાબર અને મસ્જિદે નબવી ﷺમાં અને બયતુલ મુકદ્દસમાં એક નમાઝનો સવાબ પચાસ હજાર નમાઝો બરાબર મળે છે. આ ત્રણે મસ્જિદોમાં નમાઝ પઢવા માટે દૂર–સુદૂરના દેશોએથી મુસાફરી કરીને પહોંચવાના કારણે તેનો સવાબ અને બરકતો ઘણી મોટી છે. આ ત્રણ મસ્જિદો સિવાય અન્ય કોઈ મસ્જિદમાં નમાઝ પઢવાનું શ્રેષ્ઠ જાણીને ફક્ત સવાબ મેળવવા માટેના એકમાત્ર હેતુથી આ ત્રણ સિવાયની અન્ય મસ્જિદોમાં નમાઝ પઢવા માટે સફર કરી ત્યાં પહોંચવાની રસૂલુલ્લાહ ﷺએ મનાઈ ફરમાવી છે.

(૨) બીજું એ કે મસ્જિદમાં ઝિક્ર અને નમાઝથી રોકવાના જેટલા કારણો અને સ્વરૂપો છે, તે બધા જ નાજાઈઝ અને હરામ છે. તેમાં એક સ્વરૂપ તો એ છે કે, મસ્જિદમાં નમાઝીઓને જવાથી અથવા ત્યાં નમાઝ અને તિલાવત વગેરે ઈબાદત કરવાથી ખુલ્લમ–ખુલ્લી રીતે રોકવામાં આવે. બીજું સ્વરૂપ એ છે કે, મસ્જિદમાં શોર–બકોર અને બુમ–બરાડા પાડીને અથવા તેની આજુબાજુ વાજાં (મ્યુઝિક) વગાડી નમાઝ અને ઝિક્રમાં ખલેલ પહોંચાડે. આ પણ અલ્લાહના ઝિક્રને રોકવામાં સામેલ છે.

એવી જ રીતે નમાઝના સમયે જ્યારે લોકો પોતાની નફલો અને તસ્બીહ તથા તિલાવત વગેરેમાં મશગૂલ હોય, ત્યારે મસ્જિદમાં કોઈ મોટા અવાજે તિલાવત અથવા ઝિક્ર કરવા લાગે તો આ પણ નમાઝીઓને નમાઝ અને તસ્બીહ વગેરેમાં ખલેલ પહોંચાડે છે અને એક રીતે આ કૃત્ય પણ લોકોને અલ્લાહના ઝિક્રથી રોકનારું જ છે. એટલા માટે કેટલાક મુફતીઓએ તેને પણ નાજાઈઝ કહ્યું છે. હા ! જ્યારે મસ્જિદમાં કોઈ નમાઝી ન હોય એવા સમયે મોટા અવાજે ઝિક્ર અથવા તિલાવત કરવામાં કોઈ વાંધો નથી.

ઉપરોક્ત ખુલાસાથી સ્પષ્ટ થઈ ગયું કે, જે વખતે લોકો નમાઝ અને તસ્બીહ વગેરેમાં મશગૂલ હોય તે સમયે પોતાની કોઈ જરૂરત માટે સવાલ કરવાની અથવા દીની કામ માટે ચંદો વગેરે કરવાની પણ મનાઈ છે.

(૩) ત્રીજું એ કે મસ્જિદને વેરાન કરવાના જેટલા પણ સ્વરૂપો છે, બધા જ હરામ છે. તેમાં જેવી રીતે ખુલ્લી રીતે મસ્જિદને તોડી નાંખવી અને વેરાન કરવી શામિલ છે એવી જ રીતે એવા કારણો અને પરિસ્થિતિઓ ઊભી કરવી કે જેનાથી મસ્જિદમાં અલ્લાહની ઈબાદતથી લોકો રોકાય તો તે પણ તેમાં જ શામિલ છે કે, તેના આવા કૃત્યના કારણે મસ્જિદ વેરાન થઈ ગઈ. મસ્જિદની વેરાની એ છે કે, ત્યાં નમાઝ માટે લોકો ન આવે અથવા ઓછા થઈ જાય, કારણ કે, મસ્જિદનું બાંધકામ અને આબાદી હકીકતમાં ચાર દિવાલો અને તેના ઉપર કોતરેલા ફૂલો કે વેલ–પાદડાં નથી બલકે, મસ્જિદની આબાદી અલ્લાહના ઝિક્ર (ઈબાદત) કરનારાઓ વડે જ થાય છે. એટલા માટે કુર્આન શરીફમાં એક જગ્યાએ ઈરશાદ છે,

اِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَ اَقَامَ الصَّلٰوةَ وَاٰتَى الزَّكٰوةَ وَلَمْ يَخْشَ اِلَّا اللّٰهَ

"વાસ્તવમાં મસ્જિદની આબાદી તે લોકોથી છે, જેઓ અલ્લાહ ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન લાવ્યા તથા નમાઝ કાયમ કરી, ઝકાત અદા કરી અને અલ્લાહ સિવાય કોઈનાથી ન ડર્યા." (૯:૧૮)

એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું છે કે, "કયામત નજીક મુસલમાનોની મસ્જિદો દેખાવમાં તો આલીશાન હશે પરંતુ વાસ્તવમાં તે વેરાન હશે, તેમાં જનારા નમાઝીઓ ઓછા થઈ જશે."

હઝરત અલી મુરતુઝા (રદિ.)નો ઈરશાદ છે કે, "માનવતા અને ડહાપણના છ કામો છે. ત્રણ સ્થાનિક કક્ષાએ કરવાના કામો છે અને ત્રણ મુસાફરીના સમયે કરવાના છે. સ્થાનિક કક્ષાના ત્રણ કાર્યો આ છે. કુર્આનની તિલાવત કરવી, મસ્જિદો આબાદ કરવી અને એવા મિત્રો બનાવવા જે અલ્લાહ તઆલાના અને દીનના કામોમાં મદદ કરે. મુસાફરીના ત્રણ કામો આ છે. પોતાનું ભાથું ગરીબ સાથીઓ માટે ખર્ચ કરે, સારી રીતે વર્તે અને મુસાફરીના મિત્રો સાથે પ્રસન્ન થાય અને ખૂશીનો માહૌલ પૈદા થાય એવું વાતાવરણ પૈદા કરે. માત્ર શરત એટલી કે આ આનંદમાં કોઈ ગુનાહનું કામ સામેલ ન હોય."

હઝરત અલી (રદિ.)ના આ ઈરશાદમાં મસ્જિદોને આબાદ કરવાનો અર્થ એ જ છે કે, ત્યાં અદબ અને સભ્યતા સાથે પ્રવેશ કરે અને મસ્જિદમાં પ્રવેશ કર્યા પછી ત્યાં ઝિક્ર અને તિલાવતમાં મશગૂલ થઈ જાય. હવે એના મુકાબલામાં મસ્જિદોની વેરાની એ થઈ કે, ત્યાં નમાઝી ન રહે અથવા ઓછા થઈ જાય અથવા એવા કારણો ઉપસ્થિત કરવામાં આવે કે મસ્જિદની અદબ અને સભ્યતામાં ખલલ પૈદા થાય.

અને જો આ આયતના શા'ને નુઝૂલની ઘટના સુલહે હુદૈબિય્યહ અને મક્કાના મુશ્રિકોનું મુસલમાનોને મસ્જિદે હરામમાં જવાથી રોકવા બાબતની છે, તો આ આયતથી તે પણ સ્પષ્ટ થઈ ગયું કે, મસ્જિદોની વેરાની ફક્ત તે નથી કે મસ્જિદોને જમીનદોસ્ત કરવામાં આવે બલકે, મસ્જિદોનો જે અસલી મકસદ છે એટલે કે નમાઝ અને અલ્લાહનો ઝિક્ર, જ્યારે તે જ ન રહે અથવા ઓછો થઈ જાય તો મસ્જિદો વેરાન જ થઈ કહેવાશે !

બીજી આયતમાં રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ને સાંત્વના આપવામાં આવી છે કે, મક્કાના મુશ્રિકો આપને અલ્લાહના ઘરથી હિજરત કરવા ઉપર મજબૂર કરી દે છે, અને મદીના પહોંચીને શરૂઆતના સમયમાં ૧૬–૧૭ મહિનાઓ સુધી આપ ﷺને બયતુલ મુકદ્દસ તરફ મોઢું કરીને નમાઝ પઢવાનો હુકમ આપવામાં આવ્યો છે, પરંતુ તેમાં તમારૂં કોઈ નુકસાન નથી. ન જ તેમાં આપ ﷺ માટે ગમગીન થવાનું કારણ છે કારણ કે, અલ્લાહ તઆલાની પાક ઝાત તે ખાસ દિશાએ નથી, બલકે સર્વવ્યાપી છે. એટલા માટે પશ્ચિમ કે પૂર્વ બધું જ સરખું છે. કા'બાને નમાઝનો કિબ્લો બનાવવામાં આવે કે બયતુલ મુકદ્દસને; તે બંનેની પોતાની કોઈ આગવી વિશેષતા નથી બલકે, અસલ બાબત અલ્લાહનો હુકમ છે અને અલ્લાહના હુકમો પૂરા કરવામાં જ ફઝીલત અને શ્રેષ્ઠતા સમાયેલી છે.

دادِ حق را قابلیّت شرط نیست   بلکہ شرطِ قابلیّت دادِ ہست

એટલા માટે જ્યારે કા'બા તરફ મોઢું કરવાનો હુકમ થયો હતો ત્યારે તેમાં ફઝીલત હતી અને જ્યારે બયતુલ મુકદ્દસના તરફ મોઢું કરવાનો હુકમ હતો તો તેમાં પણ ફઝીલત હતી. આપ ﷺ દિલગીર ન થશો, અલ્લાહ તઆલાનું ધ્યાન

બંને પરિસ્થિતિઓમાં સરખું જ હોય છે જ્યારે કે બંદો તેના હુકમનું પાલન કરી રહ્યો હોય.

અમુક મહિનાઓ માટે બયતુલ મુકદસને કિબ્લો બનાવવાનો હુકમ આપીને પ્રેક્ટીકલ (અમલી) રીતે એ બાબત સ્પષ્ટ કરવામાં આવી કે, કોઈ ખાસ મકાન અથવા દિશાને કિબ્લો બનાવવો તે કારણે નથી કે મઆઝલ્લાહ અલ્લાહ તઆલા તે ખાસ મકાન અથવા તે દિશાએ જ છે, બીજી જગ્યાએ નથી. બલકે, અલ્લાહ તઆલા તો દરેક જગ્યાએ સમાન રીતે સંપૂર્ણ સર્વવ્યાપીપણા સાથે મૌજૂદ છે. કોઈ ખાસ દિશાને દુનિયામાં કિબ્લો બનાવવો બીજી હિકમતો અને મસ્લિહતો ઉપર આધારિત છે. કારણ કે, જ્યારે અલ્લાહ તઆલાનું ધ્યાન કોઈ ખાસ દિશા અથવા સ્થળ સાથે બંધાયેલું નથી તો આ કાર્યના બે સ્વરૂપો હોય શકે છે. એક એ કે દરેક વ્યક્તિને અધિકાર આપી દેવામાં આવે કે, તે જે તરફ ઇચ્છે મોઢું કરી નમાઝ પઢે, બીજું એ કે બધાના માટે કોઈ એક ખાસ દિશા નક્કી કરવામાં આવે. સ્પષ્ટ છે કે પ્રથમ સ્વરૂપમાં એક પ્રકારનું સામ્યપણું અને યુનિફોર્માલિટી (સમાનતા) જોવા મળે છે. જેમકે દશ વ્યક્તિઓ નમાઝ પઢી રહી હોય અને દરેકની દિશા જુદી–જુદી હોય તો તે અજૂગતું લાગશે અને તેમાં સમાનતા અને શિસ્તનો અભાવ દેખાશે, જ્યારે કે બીજી પરિસ્થિતિમાં એકતા અને સમાનતા જોવા મળે છે. આ હિકમતોના કારણે દુનિયામાં એક જ કિબ્લો એક જ વસ્તુનો આધાર બનાવી નક્કી કરવો વધારે યોગ્ય છે. હવે તે બયતુલ મુકદસ હોય કે બયતુલ્લાહ, કા'બા શરીફ ! બંને પવિત્ર અને બરકતવાળા સ્થળો છે. દરેક કૌમ માટે દરેક યુગમાં અલ્લાહ તઆલા તરફથી ખાસ હુકમો આવે છે. એક સમયમાં બયતુલ મુકદસને કિબ્લો બનાવવામાં આવ્યો પછી રસૂલુલ્લાહ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ની દિલી ઇચ્છા પ્રમાણે આ હુકમને રદ કરી કા'બાને દુનિયાના મુસલમાનોનો કિબ્લો બનાવી દેવામાં આવ્યો.

ઇરશાદ છે,

قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِي السَّمَآءِ فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا، فَوَلِّ وَجْهَكَ
شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ط وَحَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ ؛

"કા'બાને કિબ્લો બનાવી દેવાની દિલી તમન્નાના કારણે આપ (ﷺ) વારંવાર આસમાન તરફ મોઢું ઉઠાવીને જુએ છે કે, કદાચ ફરિશ્તો હુકમ લઈ આવે, અમે આ બધું જોઈ રહ્યા છીએ; એટલા માટે અમે આપ (ﷺ)ને તે જ કિબ્લા તરફ ફેરવી આપીશું, જેને આપ (ﷺ) ઈચ્છો છો; એટલા માટે હવેથી આપ (ﷺ) પોતાનો ચહેરો નમાઝમાં મસ્જિદે હરામ તરફ કર્યા કરો અને આ હુકમ કંઈ આપ (ﷺ)ના માટે ખાસ નથી; બલકે સમગ્ર ઉમ્મત માટે આ જ આદેશ આપી દેવામાં આવ્યો કે, તમો જ્યાં કંઈ પણ મૌજૂદ હોય અહીંયાં સુધી કે ખુદ બયતુલ મુકદસની અંદર પણ હોય તો નમાઝમાં પોતાનું મોઢું મસ્જિદે હરામ તરફ કર્યા કરો." (૨:૧૪૪)

આ આયતના પ્રસ્તુત وَلِلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ શબ્દોમાં કા'બાને કિબ્લો બનાવવાની સંપૂર્ણ વાસ્તવિકતાને સ્પષ્ટ કરી દેવામાં આવી કે, તેનો હેતુ નઊઝુબિલ્લાહ મસ્જિદે હરામ કે બયતુલ મુકદસની પૂંજા કરવાનો નથી અને ન જ તે બંને મકાનો સાથે અલ્લાહની પવિત્ર ઝાત ખાસ છે. બલકે તેની પાક ઝાત સમગ્ર વિશ્વ ઉપર છવાયેલી છે. દરેક દિશાએ સર્વવ્યાપી અને દરેક સ્થળે સમાન રીતે મૌજૂદ છે. પછી જો કિબ્લા તરીકે કોઈ ખાસ મકાન અથવા દિશાને નક્કી કરવામાં આવે છે તો તેમાં બીજી ઘણી હિકમતો સમાયેલી છે.

ઉપરોક્ત આયતમાં આ વિષયને સ્પષ્ટપણે ખૂબ રસપ્રદ રીતે રજૂ કરવા માટે કદાચ આપ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ને હિજરતના શરૂઆતના ૧૬–૧૭ મહિનાઓ સુધી બયતુલ મુકદસ તરફ મોઢું કરીને નમાઝ અદા કરવાનો હુકમ આપીને પ્રેક્ટીકલ રીતે એવું બતાવી દેવામાં આવ્યું કે, અમારૂં ધ્યાન દરેક દિશાએ સરખું છે અને નફલ વગેરે નમાઝોમાં એનો હુકમ હંમેશા માટે આપી દેવામાં આવ્યો કે, મુસાફરીમાં કોઈ વ્યક્તિ કોઈ સવારી વગેરે ઉપર સવાર છે. દાખલા તરીકે ઊંટ, ઘોડા વગેરે તો તેને પરવાનગી છે કે સવારી ઉપર બેઠાં–બેઠાં નફલ નમાઝ જે તરફ પણ મોઢું કરી પઢશે તો નમાઝ અદા થઈ જશે. (કારણ કે ક્યારેક મુસાફરીમાં સવારી એક દિશાએ એક સરખી રીતે સીધી ચાલતી નથી હોતી, માટે જો કિબ્લા તરફ મોઢું કરી નમાઝ પઢી રહ્યો હશે તો પણ; સવારી દિશા બદલતાની સાથે જ નમાઝીનું મોઢું પણ ચાલું નમાઝમાં આપોઆપ

કિબ્લાની દિશાએથી બીજી દિશાએ ફરી જશે. એટલા માટે નફલ નમાઝોમાં આ હુકમ આપવામાં આવ્યો છે.)

અમુક મુફસ્સિરોએ فَاَيْنَمَا تُوَلُّوْا فَثَمَّ وَجْهُ اللّٰهِ એ આ ફક્ત નફલ નમાઝોનો હુકમ ઠરાવ્યો છે પરંતુ યાદ રાખો કે, આ હુકમ ફક્ત તે જ સવારીઓનો છે જેના ઉપર સવારી કરતી વખતે કિબ્લા તરફ મોઢું કરવું અત્યંત મુશ્કેલ હોય અને જે સવારીઓમાં કિબ્લા તરફ મોઢું કરવું મુશ્કેલ નથી, જેમકે ટ્રેન, પાણીનું જહાજ, વિમાન વગેરે તો તેનો એ જ હુકમ છે જે અત્યારે કિબ્લા તરફ મોઢું કરી નમાઝ પઢવાનો હુકમ છે. જો નફલ નમાઝ પણ આ સવારીઓમાં પઢવામાં આવે તો પણ કિબ્લા તરફ મોઢું કરીને જ પઢવામાં આવે. હા ! જો નમાઝની હાલતમાં ટ્રેન અથવા વિમાનની દિશા ફરી જાય અને નમાઝીને મોઢું ફેરવવાની કોઈ શક્યતા બાકી ન હોય કે, તે કિબ્લા તરફ ચાલું નમાઝે ફરી જઈ શકે તો એવી હાલતમાં તે નમાઝ પૂરી કરી લે.

એવી જ રીતે જ્યાં નમાઝીને કા'બાની દિશા જ ખબર ન હોય અથવા રાતના અંધકાર વગેરેના કારણે દિશા નક્કી થઈ શકે એમ ન હોય અને કોઈ બતાવનાર પણ ન હોય તો ત્યાં પણ એ જ હુકમ છે કે, તે પોતાના અંદાજા અને કલ્પનાથી સાચી દિશા નક્કી કરી લે અને તે જ દિશાને કિબ્લો બનાવી લે. નમાઝ અદા કર્યા પછી જો એવું સાબિત પણ થઈ જાય કે તેણે નમાઝ ગલત દિશામાં અદા કરી હતી તો પણ નમાઝ થઈ જશે. ફરી પઢવાની જરૂર નથી.

આયતના આ ઉલ્લેખ દ્વારા રસૂલુલ્લાહ ﷺની દિલી ખ્વાહિશ પ્રમાણે કા'બતુલ્લાહને કિબ્લો બનાવવાના શરઈ હુકમની વાસ્તવિકતા સ્પષ્ટ થઈ ગઈ.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૧૬–૧૧૭)

وَقَالُوا اتَّخَذَ اللّٰهُ وَلَدًا ۙ سُبْحٰنَهٗ ؕ بَلْ لَّهٗ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ كُلٌّ لَّهٗ قٰنِتُوْنَ ﴿١١٦﴾
بَدِيْعُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ وَاِذَا قَضٰٓى اَمْرًا فَاِنَّمَا يَقُوْلُ لَهٗ كُنْ فَيَكُوْنُ ﴿١١٧﴾

તરજુમો :

અને તેમણે કહ્યું, અલ્લાહે બેટો બનાવી લીધો ! તે પવિત્ર છે, બલકે તેનું જ છે જે આસમાનો અને જમીનમાં (છે); બધું જ તેના હુકમ હેઠળ (છે). (૧૧૬) (તે) જ આસમાનો અને જમીન પૈદા કરનાર (છે); અને જ્યારે તે કોઈ કામ(નો) નિર્ણય કરે છે તો તેને એવું કહે છે "થઈ જા !" તો તે થઈ જાય છે. (૧૧૭)

તફસીર :

(અમુક યહૂદીઓ હઝરત ઉઝૈર (અલૈ.)ને અલ્લાહનો પુત્ર કહેતા હતા અને ઈસાઈઓ હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહનો બેટો માનતા હતા, તથા અરબના મુશ્રિકો ફરિશ્તાઓને અલ્લાહની પુત્રીઓ કહેતા હતા. જેમકે વિવિધ આયતોમાં આ બાબતની ખબર આપવામાં આવી છે. અલ્લાહ તઆલા આ તદ્દન વાહિયાત અને બેબુનિયાદ અકીદાઓનો રદિયો આપી કહે છે કે,) અને આ લોકો (જુદી–જુદી રીતે) કહે છે કે, અલ્લાહ તઆલાને ઔલાદ છે (કેટલી હાસ્યાસ્પદ વાત છે ! અલ્લાહને ઔલાદ હોવી તાર્કિક રીતે પણ શક્ય નથી કારણ કે, એક તો ઔલાદ સમાન જાતિની હોય છે અથવા તો જાતિ વિરૂદ્ધ હોય છે. જો ઔલાદ કોઈ જાતિ વિહોણી હોય એટલે કે નર અથવા નારી જાતિની ન હોય તો એવી ઔલાદ હોવી એક ઐબ સમજવામાં આવે છે અને અલ્લાહ તઆલા બધી જ ઐબો અને ખામીઓથી પાક છે. તાર્કિક રીતે પણ અને કુર્આન અને હદીષની રૂએ પણ અલ્લાહને ઔલાદ હોવાની વાત તદ્દન બેબુનિયાદ અને વાહિયાત છે અને અલ્લાહને સંતાન હોવાનો અકીદો (માન્યતા) સાવ હાસ્યાસ્પદ છે કારણ કે, અલ્લાહ સમકક્ષ અન્ય કોઈ જ નથી, જે ખાસિયતો અને સિફતો અલ્લાહ તઆલા માટે ખાસ છે તે માત્ર અલ્લાહની ઝાત માટે જ ખાસ છે અને અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈ આ પ્રકારની કે તેની સમકક્ષ શક્તિઓ કે સિફતો ધરાવી શકતો જ નથી. એટલા માટે કે અલ્લાહની ઝાત તમામ પ્રકારના ગુણો અને સિફતો સાથે એકમાત્ર છે અને તેની સિફતો કે શક્તિઓનો કોઈ જ ભાગીદાર નથી.) બલકે તેનું જ છે જે કંઈ આસમાનો અને જમીનમાં છે અને તે બધા જ અલ્લાહના હુકમ હેઠળ છે (જેમકે મૃત્યુ આપવાની અને જીવન આપવાની વગેરે દરેક પ્રકારની

શક્તિઓ એક માત્ર અલ્લાહ જ ધરાવે છે. આ શક્તિઓ અન્ય કોઈ પ્રાપ્ત નથી કરી શકતું. બીજું એ કે અલ્લાહ તઆલા) આસમાનો અને જમીન પૈદા કરનાર છે; અને જ્યારે તે કોઈ કામ(નો) નિર્ણય કરે છે તો તેને એવું કહે છે "થઈ જા !" તો તે થઈ જાય છે. (અલ્લાહને કોઈ પણ પદાર્થ પૈદા કરવા માટે ન તો કોઈ કારણો અને સાધનોની જરૂર છે અને ન જ કોઈ ભૌતિક પદાર્થોની આવશ્યકતા છે. આ બધા જ કાર્યો અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈ કરી પણ નથી શકતું. હવે જે લોકો અલ્લાહને ઔલાદ હોવાનો દા'વો કરે છે તો ઉપરોક્ત દલીલોથી તેમનો દા'વો તદ્દન રદ બાતલ થાય છે અને આ આયત દ્વારા તેનો રદિયો આપી અલ્લાહ આવા લોકો માટે હુજ્જત પૂરી કરે છે.)

ખુલાસો :

અલ્લાહ તઆલાએ અમુક ખાસ–ખાસ કામો ઉપર અમુક ખાસ–ખાસ ફરિશ્તાઓને નક્કી કરી રાખ્યા છે. જેમકે વરસાદ, રોઝી વગેરે. કારણો અને ભૌતિક પદાર્થોથી કામ લેવું આ બધું અલ્લાહ તઆલાની હિકમત ઉપર આધારિત છે. એટલા માટે ભૌતિક તાકાતો અને શક્તિઓનો અલ્લાહ મોહતાજ નથી. બલકે, અલ્લાહ તઆલાએ આ શક્તિઓને મનુષ્યના ફાયદા માટે પૈદા કરી છે.

બૈઝાવી (રહ.) કહે છે કે, "અગાઉની શરીઅતોમાં અલ્લાહ તઆલાને કાર્ય–કારણના સંબંધના કારણે રૂઢિપ્રયોગ તરીકે બોલચાલની ભાષામાં "બાપ" કહેવામાં આવતા હતા, પરંતુ તેના કારણે અલ્લાહને ઔલાદ હોવાનો ફિત્નો શરૂ થયો તો આવું કહેવાને કુફ્ર કહેવામાં આવ્યું. હવે, અલ્લાહ માટે "બાપ" શબ્દનો ઉપયોગ કરવો તદ્દન હરામ છે."

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૧૮)

وَقَالَ الَّذِيْنَ لَا يَعْلَمُوْنَ لَوْلَا يُكَلِّمُنَا اللّٰهُ اَوْ تَاْتِيْنَآ اٰيَةٌ ۭ كَذٰلِكَ قَالَ الَّذِيْنَ

مِنْ قَبْلِهِمْ مِّثْلَ قَوْلِهِمْ ۭ تَشَابَهَتْ قُلُوْبُهُمْ ۭ قَدْ بَيَّنَّا الْاٰيٰتِ لِقَوْمٍ يُّوْقِنُوْنَ ﴿١١٨﴾

તરજુમો :

અને જે લોકો જ્ઞાન નથી ધરાવતા (તેમણે) કહ્યું, અલ્લાહ અમારાથી વાતચીત કેમ નથી કરતો ? અથવા અમારી પાસે કોઈ નિશાની કેમ નથી આવતી ? એ જ પ્રમાણે તેમનાથી પહેલાંના લોકો(એ) તેમના જેવી વાત કહી, તેમના દિલો એક જેવા (સમાન) થઈ ગયા; નિઃશંક અમે શ્રદ્ધા (ઈમાન) ધરાવનાર લોકો માટે નિશાનીઓ સ્પષ્ટ કરી દીધી. (૧૧૮)

તફસીર :

અને (અમુક) જાહિલ (યહૂદીઓ, ઈસાઈઓ અને મુશ્રિકો રસૂલુલ્લાહ ﷺના મુકાબલામાં) એવું કહે છે કે (પોતે) અલ્લાહ તઆલા અમારાથી વાતચીત કેમ નથી કરતો ? (ફરિશ્તાઓની જેમ ! જેમકે, ફરિશ્તાઓ સાથે અલ્લાહ વાતચીત કરે છે અથવા ફરિશ્તાઓ દ્વારા નબીઓ સાથે જેવી રીતે વહી સ્વરૂપે વાતં કરે છે એ જ પ્રમાણે અલ્લાહ પોતે વાતચીત કરી અમને હુકમો બતાવી આપે જેથી રસૂલની અમને જરૂરત જ ન રહે અથવા ઓછામાં ઓછું એટલું જ કહી આપે કે મુહમ્મદ ﷺ અમારો રસૂલ છે, તો અમે તેમની રિસાલતને માનીને તેમની ફરમાંબરદારી કરવા લાગીએ.) અથવા (વાતચીત ન કરે તો) અમારી પાસે કોઈ બીજી દલીલ (રિસાલતની સાબિતી સ્વરૂપે) આવી જાય. (અલ્લાહ તઆલા પ્રથમ તો આ વાતને તદ્દન અજ્ઞાનતા ભરેલી વાહિયાત વાત ગણાવે છે કે) એવી રીતે તે (જાહિલ) લોકો પણ કહેતા ચાલ્યા આવ્યા છે, જે તેમનાથી પહેલાં ગુજરી ચૂક્યા છે, (આ) તેમના જ જેવી (જહાલત અને અજ્ઞાનતાની) વાત છે (બસ સ્પષ્ટ થઈ ગયું કે આ વાત કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલી અને દિર્ઘદષ્ટિ આધારિત વાત નથી. બસ, ફક્ત હાંકવા માટે જ કહે છે, પછી આ નિવેદન પાછળ તેમની દિલી ઈચ્છા અને કારણ વર્ણન કર્યું છે કે) આ બધા (આગલા–પાછલા જાહિલો)ના દિલો (ગેરસમજમાં) પરસ્પર એકબીજાના સમકક્ષ છે. (એટલા માટે બધાની વાતો એકસમાન જ હોય છે, પછી આ નિવેદનનો જવાબ આપવામાં આવે છે. આ નિવેદનનો પ્રથમ ભાગ ફક્ત મૂર્ખાઈ અને નાદાની જ છે. તેઓ પોતાને તે સન્માન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના કાબિલ સમજે છે કે જે ફરિશ્તાઓ અને નબીઓને મળવી જોઈતી હતી, આવી નિપૂણતા

આ જાહિલો માટે તદ્દન અસંભવ અને અશક્ય હતી, એટલા માટે તેમની મૂર્ખામીભરી વાત ઉપર ધ્યાન આપ્યા સિવાય ફક્ત તેમના નિવેદનના બીજા ભાગનો જવાબ આપવામાં આવ્યો છે કે, તમે લોકો એક દલીલ અને નિશાની જાહેર થવાની મૂર્ખતાપૂર્ણ વાત કરો છો, જ્યારે કે) અમે તો ઘણી દલીલો (હઝરત મુહમ્મદ ﷺના રસૂલ હોવાની સાબિતી સ્વરૂપે) સ્પષ્ટ વર્ણવી દીધી છે (પરંતુ આ નિશાનીઓ) તે લોકો માટે (જ લાભદાયક અને પૂરતી હોઈ શકે છે) જેઓ યકીન (અને સંતોષ પ્રાપ્ત કરવા) ઇચ્છે છે (અને વાંધા કરનાર લોકો માત્ર જીદ અને હઠધર્મીના કારણે આવી વાતો કરે છે, તેઓ ગંભીરતાથી સચ્ચાઈ પ્રાપ્ત કરવા માટેના પ્રયત્નો સ્વરૂપે આવું કહેતા નથી, પછી તેમને સંતોષ થવાની જવાબદારી કોણ લઈ શકે છે ?)

ખુલાસો :

યહૂદીઓ અને ઈસાઈઓ તો અહલે કિતાબ હતા, તે છતાં તેમને અલ્લાહ તઆલા જાહિલ એટલા માટે કહે છે કે, ખુલ્લી અને સ્પષ્ટ અસંખ્ય નિશાનીઓ જાહેર થઈ ચૂક્યા પછી પણ તેઓ ઇન્કાર કરી રહ્યા હતા, તો આ બાબત જહાલત અને અજ્ઞાનતા નથી તો બીજું શું હતું ? અને આ બધી જાહિલો જેવી જ વાતો કહેવાશે. એટલા માટે અલ્લાહ તઆલાએ તેમને પણ જાહિલ અને અજ્ઞાની કહ્યા છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૧૯)

إِنَّا أَرْسَلْنَٰكَ بِٱلْحَقِّ بَشِيرًا وَنَذِيرًا ۖ وَلَا تُسْـَٔلُ عَنْ أَصْحَٰبِ ٱلْجَحِيمِ ﴿١١٩﴾

તરજુમો :

નિ:શંક અમે તમને સચ્ચાઈ સાથે મોકલ્યા, ખુશખબરી આપનારા અને ડરાવનારા; અને તમને દોઝખવાળાઓ બાબત પૂછવામાં આવશે નહીં! (૧૧૯)

તફસીર :

(કારણ કે રસૂલ ﷺની પ્રતિષ્ઠા રહમતુલ્લિલઆલમીન "બધા વિશ્વો

માટે દયા અને કૃપા'' હતી તો તેની અપેક્ષા એ જ હતી કે, આપ ﷺ આ જાહિલ અને અજ્ઞાનીઓની દુશ્મનાવટ ભરી વાતોના કારણે દુઃખી અને પરેશાન થઈ શકતા હતા અને તેમના ઈમાન લઈ આવવાની કોઈ શક્યતા ન જોવાના કારણે આપ ﷺ ગમગીન અને દિલગીર થઈ જતા. એટલા માટે અલ્લાહ તઆલાએ આપ ﷺને હૈયાધરપત અને સાંત્વના આપવા માટે ફરમાવ્યું કે, હે રસૂલ ﷺ!) અમે આપને એક સાચો દીન આપીને (મખ્લૂક તરફ) મોકલ્યા છે કે, (માનનારાઓને) ખુશખબરી સંભળાવતા રહો અને (ન માનનારાઓને સજાથી) ડરાવતા રહો અને આપ ﷺને દોઝખમાં જનારાઓ વિશે કોઈ પૂછતાછ થશે નહીં (કે આ લોકોએ સત્ય કેમ કબૂલ ન કર્યું અને કેમ દોઝખમાં ગયા ? આપ ﷺ પોતાનું કામ કરતા રહો. આપ ﷺએ કોઈના માનવા ન માનવાની ફિકર ચિંતા કરવી જોઈએ નહીં).

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૨૦)

وَلَنْ تَرْضٰى عَنْكَ الْيَهُوْدُ وَلَا النَّصٰرٰى حَتّٰى تَتَّبِعَ مِلَّتَهُمْ ؕ قُلْ اِنَّ هُدَى
اللّٰهِ هُوَ الْهُدٰى ؕ وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ الَّذِىْ جَآءَكَ مِنَ الْعِلْمِ ۙ مَا لَكَ
مِنَ اللّٰهِ مِنْ وَّلِىٍّ وَّلَا نَصِيْرٍ ﴿۱۲۰﴾

وقف منزل

તરજુમો :

અને આપનાથી યહૂદીઓ કદાપિ રાજી નહિ થાય અને ન (જ) ઈસાઈઓ, જ્યાં સુધી (કે) તમે તેમના ધર્મ(ને) ન અનુસરો; કહી આપો ! નિઃશંક અલ્લાહનું માર્ગદર્શન સીધો માર્ગ (છે); અને જો તમે તેમની ઈચ્છાઓનું અનુસરણ કર્યું; તે પછી કે આપની પાસે જ્ઞાન આવી ગયું, (તો) આપના માટે અલ્લાહથી (બચાવનાર) કોઈ હિમાયતી નથી અને ન (જ) કોઈ મદદગાર. (૧૨૦)

તફસીર :

અને ક્યારેય યહૂદીઓ આપનાથી ખુશ થશે નહીં અને ન જ ઈસાઈઓ,

જ્યાં સુધી કે આપ ﷺ (અલ્લાહ ન ચાહે) તેમના ધર્મની (સંપૂર્ણ) તાબે'દારી ન કરો (અને તે અશક્ય છે, તો બસ તેમનું રાજી થવું પણ અશક્ય છે અને જો ક્યારેક આ પ્રકારની વાત તેમની જીભ અથવા કાર્યોથી જાહેર થાય તો) તમે (સ્પષ્ટ શબ્દોમાં) કહી આપો કે વાસ્તવમાં હિદાયત તો તે જ રસ્તો છે જે અલ્લાહે બતાવ્યો છે (અને દલીલો દ્વારા એવો રસ્તો ફક્ત ઈસ્લામ જ હોવાનું સાબિત થઈ ચૂક્યું છે. બસ ! હિદાયતનો સત્ય માર્ગ તે જ છે અને આ બાબત કે નઊઝુબિલ્લાહ આપ ﷺ તેમના ધર્મના અનુયાયી બની જાઓ એ અશક્ય છે) જો તમે તેમની જૂઠી ઈચ્છાઓની તાબે'દારી કરવા લાગો (જેઓ પોતાનો ધર્મ સાચો સમજે છે, પરંતુ કેટલીક ફેરબદલથી અને અમુક રદ થઈ જવાના કારણે હવે તે ફક્ત અમુક ખોટી વિચારસરણી તરીકે બાકી રહી ગયું છે અને આવી પૈરવી પણ એવી હાલતમાં કે આપની પાસે પરમ સત્ય સ્વરૂપે) જ્ઞાન આવી ચૂક્યું તે પછી (આવી પરિસ્થિતિમાં) આપ ﷺને અલ્લાહથી બચાવનાર કોઈ હિમાંયતી અને મદદગાર નહીં હોય. (બલકે અલ્લાહના સખત ગુસ્સાનો ભોગ બનશો અને આવું થવું અશક્ય બાબત છે કારણ કે, સ્પષ્ટ દલીલો દ્વારા અલ્લાહની ખુશનૂદી આપ ﷺ માટે સાબિત થઈ ચૂકી છે. બસ, અલ્લાહનું આપ ﷺ ઉપર ગુસ્સે થવું અશક્ય છે અને ઉપરોક્ત વર્ણન પ્રમાણે આપ ﷺનું યહૂદી–નસારાના ધર્મને અનુસરવું પણ તદ્દન અશક્ય બાબત છે અને તેમની ધર્મની પૈરવી કર્યા સિવાય તમે તેમને ખુશ કરો તે પણ અશક્ય છે એટલે તમારે તેમના રાજી થવાની અથવા ખુશ થવાની ઉમ્મીદ કરવી ન જોઈએ. બલકે, આવી તમન્નાથી દિલને ખાલી કરી દેવું જોઈએ.)

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૨૧)

اَلَّذِیْنَ اٰتَیْنٰهُمُ الْكِتٰبَ یَتْلُوْنَهٗ حَقَّ تِلَاوَتِهٖ ؕ اُولٰٓىِٕكَ یُؤْمِنُوْنَ بِهٖ ؕ

ع وَمَنْ یَّكْفُرْ بِهٖ فَاُولٰٓىِٕكَ هُمُ الْخٰسِرُوْنَ ﴿۱۲۱﴾

તરજુમો :

અમે જેમને કિતાબ આપી, એના તિલાવતના હક્ક (પ્રમાણે) તેની તિલાવત

કરે છે; તે જ લોકો તેના ઉપર ઈમાન રાખનારા (છે); અને જેઓ તેનો ઈન્કાર કરે છે તેઓ જ નુકસાન ઉઠાવનાર (છે). (૧૨૧)

તફસીર :

(આ આયતથી અગાઉની આયતમાં અહલે કિતાબની મૂર્ખતાપૂર્ણ વાતો અને તેમના ઈમાન અને ઈસ્લામના વિરોધ કરવા વિશે અફસોસ વ્યક્ત કરવામાં આવ્યો હતો, ત્યારબાદ કુર્આન શરીફ ફરી પોતાની વર્ણનશૈલી પ્રમાણે ન્યાયપ્રિય અહલે કિતાબનું વર્ણન કરે છે કે, જેમણે સચ્ચાઈ સ્પષ્ટ થઈ ગયા પછી રસૂલે મકબૂલ ﷺની સત્યતાને સ્વીકારી અને આપ ﷺની ફરમાંબરદારીને અપનાવી તેમના માટે ફરમાવવામાં આવ્યું કે,) જે લોકોને અમે કિતાબ (તવરાત અને ઈન્જીલ) આપી તેઓ (એવી રીતે) તેની તિલાવત કરે છે જે રીતે તેની તિલાવત કરવાનો હક્ક છે, આવા લોકો (આપ ﷺના) તે (દીને હક્ક અને વહી ઉપર) ઈમાન લઈ આવે છે અને જે વ્યક્તિ નથી માનતો (તે કોઈનું નુકસાન નથી કરતો પરંતુ) પોતે જ આવા લોકો નુકસાન ઉઠાવનાર રહેશે (કે ઈમાનના લાભોથી હંમેશા વંચિત રહેશે.)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૨૨–૧૨૩)

يٰبَنِىٓ اِسۡرَآءِيۡلَ اذۡكُرُوۡا نِعۡمَتِىَ الَّتِىۡٓ اَنۡعَمۡتُ عَلَيۡكُمۡ وَاَنِّىۡ فَضَّلۡتُكُمۡ عَلَى
الۡعٰلَمِيۡنَ ﴿۱۲۲﴾ وَاتَّقُوۡا يَوۡمًا لَّا تَجۡزِىۡ نَفۡسٌ عَنۡ نَّفۡسٍ شَيۡـًٔـا وَّلَا يُقۡبَلُ مِنۡهَا
عَدۡلٌ وَّلَا تَنۡفَعُهَا شَفَاعَةٌ وَّلَا هُمۡ يُنۡصَرُوۡنَ ﴿۱۲۳﴾

તરજુમો :

હે બની ઈસ્રાઈલ (યહૂદીઓ) ! તમે મારી નેઅ્મતો યાદ કરો, જેને મેં તમારા ઉપર ઈનામ કરી અને એ કે મેં તમને દુનિયાવાળાઓ ઉપર શ્રેષ્ઠતા અર્પી. (૧૨૨) અને તે દિવસ(થી) ડરો; (જ્યારે) કોઈ વ્યક્તિ (અન્ય) કોઈ વ્યક્તિનો કંઈ જ બદલો ન થઈ શકશે અને તેનાથી કોઈ વળતર સ્વીકારવામાં ન આવશે; અને ન તેને કોઈ(ની) સિફારસ લાભ આપશે; અને ન (જ) તેમની મદદ કરવામાં આવશે. (૧૨૩)

તફસીર :

[ઉપરની આયત સુધી બની ઈસ્રાઈલ (યહૂદીઓ) વિશે ખાસ વિષયનું વર્ણન કરવાનો હેતુ હતો, તે પૂરો થયો. હવે, આ વિષયની શરૂઆતની પ્રસ્તાવના કે જેના કારણે આ વિષય એક ખુલાસા સ્વરૂપે હતો તેને ફરી વર્ણન કરવામાં આવે છે, જેનો હેતુ એ છે કે, પ્રસ્તાવનાના વિષય પ્રમાણે વિશેષ સ્વરૂપે તા'કીદ માટે ઈનામોને યાદ અપાવવામાં આવે અને ક્રમ અનુસાર કયામતના દિવસને નજર સમક્ષ રાખવામાં આવે જેથી આ બાબતનું પુનરાવર્તન સારી રીતે દઢ થઈ જાય. કારણ કે, અલ્લાહ પોતે જ આ વર્ણન દ્વારા તેમના માટે સમજવાની સરળતા કરી આપે છે અને યહૂદીઓ માટે કરવામાં આવેલા ઉલ્લેખના સર્વગ્રાહીપણા દ્વારા તેમને સારી રીતે, સ્પષ્ટ સ્વરૂપે, ભાષાના રૂઢિપ્રયોગો સહિત મૌલિકશૈલી અપનાવી સમજાવવામાં આવે છે, જેમકે એક લાંબી ચર્ચા કરતાં પહેલાં તે ચર્ચાની પ્રસ્તાવના અને તે પ્રકરણનો વિષય રજૂ કરી દેવામાં આવે છે, જેથી પાછળથી આવનારી બધી વાતો અને ખુલાસાઓ સમજવામાં આ પ્રસ્તાવના મદદરૂપ થાય અને છેવટે ઉપસંહાર સ્વરૂપે ફરી એકવાર પ્રસ્તાવનામાંથી અમુક મુદ્દાઓનું પુનરાવર્તન કરી ઉલ્લેખ કરવામાં આવે છે. દાખલા તરીકે એવું કહેવામાં આવે કે, અભિમાન ઘણી નુકસાનકારક ટેવ છે. તેમાં એક નુકસાન આ છે, બીજું નુકસાન આ છે, ત્રીજું નુકસાન આ છે. આમ, દશ–વીસ નુકસાનો ગણાવીને છેવટે કહી આપવામાં આવે કે, મતલબ આ થયો કે અભિમાન ઘણી જ ખરાબ ટેવ છે. એવી જ રીતે આ આયતમાં બની ઈસ્રાઈલ –યહૂદીઓને સમજાવવામાં આવ્યા છે.]

હે યાકૂબ (અલૈ.)ની ઔલાદ ! મારી તે નેઅ્મતોને યાદ કરો, જેને મેં તમને (સમયે–સમયે) ઈનામ સ્વરૂપે આપી અને તેને (પણ યાદ કરો) કે મેં તમને ઘણા લોકો ઉપર (ઘણી બાબતોમાં) શ્રેષ્ઠતા આપી અને તમે તે દિવસથી ડરો (કયામતના દિવસથી) જેમાં કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિની માંગણી પૂરી નહિ કરી શકે અને ન કોઈના તરફથી કોઈ વળતર સ્વીકારવામાં આવશે અને ન જ કોઈની સિફારશ લાભદાયક નિવડશે. (જો તે ઈમાન નહિ લાવ્યો હોય) અને ન જ એવા લોકોને બચાવી શકશે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૨૪)

وَ اِذِ ابْتَلٰٓى اِبْرٰهٖمَ رَبُّهٗ بِكَلِمٰتٍ فَاَتَمَّهُنَّ ؕ قَالَ اِنِّیْ جَاعِلُكَ لِلنَّاسِ

اِمَامًا ؕ قَالَ وَ مِنْ ذُرِّیَّتِیْ ؕ قَالَ لَا یَنَالُ عَهْدِی الظّٰلِمِیْنَ ﴿۱۲۴﴾

તરજુમો :

અને જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)ને તેમના પરવરદિગારે અમુક વાતોથી અજમાવ્યા; એમણે તે પૂરી કરી; તેણે (અલ્લાહે) ફરમાવ્યું, નિઃશંક ! હું તમને લોકોનો ઈમામ બનાવવાનો છું; તેણે (ઈબ્રાહીમ અલૈ.એ) કહ્યું, અને મારી ઔલાદને (પણ) ? તેણે (અલ્લાહ તઆલાએ) ફરમાવ્યું, મારો વાયદો જાલિમોને નથી પહોંચતો. (૧૨૪)

તફસીર :

અને જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)ની તેમના પરવરદિગારે અમુક વાતોથી કસોટી કરી અને તેમણે તે કસોટી સંપૂર્ણ રીતે પૂરી કરી. (તે સમયે) અલ્લાહ તઆલાએ (તેમને) ફરમાવ્યું કે, હું તમને (તેના બદલામાં નુબુવ્વત આપીને તમારી ઉમ્મતમાં વધારો કરી તે) લોકોનો આગેવાન બનાવીશ; તેમણે વિનંતી કરી અને મારા સંતાનોમાંથી પણ કોને કોને (નુબુવ્વત મળશે?) ઈરશાદ થયો કે, (તમારી વિનંતીને મંજૂર કરવામાં આવે છે, પરંતુ એક શરત સાંભળી લો કે) મારો (આ) વાયદો (નુબુવ્વતનો) અત્યાચારીઓ (અને અલ્લાહની મરજી વિરૂદ્ધ કર્મો કરનારને) મળશે નહીં. (બસ, એવા લોકો માટે સ્પષ્ટ જવાબ "ના" છે. હા ! આપના સંતાનોમાંથી નેક કાર્યો કરનારાઓને નુબુવ્વત ચોક્કસ મળશે.)

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના પયગંબર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની વિવિધ પરીક્ષાઓનો અને તેમાં તેમની સફળતા ઉપર ઈનામો અને બદલો આપવાનો ઉલ્લેખ કર્યો છે. અને પછી જ્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ મહોબ્બતમાં પોતાની ઔલાદ માટે પણ આવા ઈનામોની વિનંતી કરી, તો ઈનામ મેળવવા માટેની શરત બયાન કરવામાં આવી, જેમાં હઝરત ખલીલુલ્લાહ

(અલૈ.)ની વિનંતીને શરત સાથે મંજૂર કરવામાં આવી કે, આ ઈનામ તમારા સંતાનોને પણ મળશે પરંતુ જે લોકો તમારી નસ્લમાં નાફરમાન અને જાલિમ હશે તેઓ આ ઈનામ મેળવી શકશે નહીં.

હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)ની મહાન કસોટી અને કસોટીનો વિષય :

અત્રે અમુક બાબતો ધ્યાન ખેંચે છે.

– પ્રથમ એ કે કસોટી કોઈ વ્યક્તિની નિપૂણતા અને ક્ષમતા જાણવા માટે લેવામાં આવે છે અને અલ્લાહ તઆલા સર્વજ્ઞ છે, બધું જ જાણે છે. કોઈ પણ વ્યક્તિની હાલત અને તેના ગુણ–દોષોથી વાકેફ છે. પછી આવી કસોટીનો શું અર્થ હતો ?

– બીજું આ પરીક્ષા કઈ–કઈ બાબતે લેવામાં આવી ?

– ત્રીજું સફળતા કયા સ્વરૂપે અને કેવા પ્રકારની હતી ?

– ચોથું, આ ઈનામો શું હતા અને તેની ખાસિયત શું હતી ?

– પાંચમું, આ ઈનામો માટે શરતો નક્કી કરવામાં આવી છે તેનો વિસ્તારપૂર્વકનો ખુલાસો શું છે ?

આ પાંચે સવાલોના જવાબો અને તેનો ખુલાસો અત્રે પ્રસ્તુત છે.

પહેલી વાત એ કે પરીક્ષાનો મકસદ શું હતો ? કુર્આનના એક શબ્દ "રબ્બુહુ" رَبُّهٗ એ આ બાબત હલ કરી દીધી છે, જેમાં બતાવવામાં આવ્યું છે કે, આ પરીક્ષાનો પરીક્ષક અલ્લાહ જલ્લ શા'નહુ છે અને તેના પવિત્ર નામોમાંથી આ સ્થળે "રબ" رَبَّ લાવીને તેના માલિકીપણા તરફ ઈશારો કરવામાં આવ્યો છે, જેનો અર્થ છે "કોઈ વસ્તુને ધીરે–ધીરે (ક્રમે–ક્રમે) શ્રેષ્ઠતાની કક્ષા સુધી પહોંચાડી દેવું."

અર્થ એ થયો કે ઈબ્રાહીમ (અલૈ.)ની આ કસોટી અને પરીક્ષા કોઈ ગુનાહના કારણે અથવા તેમની ક્ષમતા અને કુશળતા જાણવા માટે ન હતી બલકે, અલ્લાહ જલ્લ શા'નહુનો તેમાં કેળવણી અને તરબિયતનો ઈરાદો હતો. પરીક્ષાઓ દ્વારા પોતાના ખલીલ (વહાલા)ને કેળવણી આપી તેમના દરજ્જાઓને શ્રેષ્ઠતાની ઉચ્ચતમ્ હદ સુધી પહોંચાડવાનો હેતુ હતો. પછી આ વાક્યમાં "મફઊલ"ને આગળ રાખીને તથા "ફાઈલ" (કર્તા)ને પાછળ રાખીને ઈરશાદ

કર્યો, وَاِذِ ابۡتَلٰٓى اِبۡرٰهٖمَ رَبُّهٗ તેમાં ઈબ્રાહીમ (અલૈ.)ની શા'ન અને મરતબાને સ્પષ્ટ રીતે જાહેર કરવામાં આવ્યો.

બીજો પ્રશ્ન એ છે કે, કસોટી કયા વિષય અંતર્ગત લેવામાં આવી ? આ સંદર્ભમાં કુર્આન શરીફમાં તો ફક્ત "કલિમાત" كلمات નો શબ્દ આવ્યો છે અને આ શબ્દની તફસીર તથા ખુલાસામાં સહાબા (રદિ.) તથા તાબિઈન (રહ.)ના વિવિધ નિવેદનો પ્રમાણે કોઈએ ઈબ્રાહીમ (અલૈ.)ની કસોટી સ્વરૂપે ઈલાહી અહકામમાં દશ બાબતો ગણાવી છે, કોઈએ ત્રીસ બતાવી છે અને કોઈએ કંઈક ઓછી–વધતી કહી છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે, તેમાં કોઈ વાદ–વિવાદ નથી. એ બધી જ બાબતો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની કસોટીઓ હતી. તફસીરના ઈમામ ઈબ્ને જરીર (રહ.) અને ઈબ્ને કષીર (રહ.)નો પણ આ જ અભિપ્રાય છે.

અલ્લાહ તઆલા નજીક જ્ઞાનપૂર્ણ દલીલો કરતાં વધારે ઉત્તમ બાબત ઉચ્ચ અખ્લાક અને નેક કાર્યોને મજબૂતીથી વળગી રહેવું છે :

આ જ કસોટીના ખુલાસાઓ આગળ ઉપર વર્ણન થશે. મદ્રસાઓની પરીક્ષા જેમ કોઈ વિષયના અનુસંધાને મસ્અલાઓ અને તેના સંશોધનની કસોટી નહીં, પરંતુ અખ્લાક (વર્તણૂક)ના આદર્શો અને ભલાઈના કાર્યોમાં મજબૂતીથી વળગી રહેવાની પરીક્ષા છે. તેનાથી ખબર પડી કે અલ્લાહના દરબારમાં જે વસ્તુની કિંમત છે, તે ઈલ્મી (જ્ઞાનપૂર્ણ) ચર્ચાઓ કે દલીલબાજીઓ નથી બલકે, ઈલ્મની સાથે અખ્લાકને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

હવે, આ કસોટીમાં અમુક મહત્ત્વના વિષયો વિશે ચર્ચા કરી લઈએ.

અલ્લાહ તઆલાને મંજૂર હતું કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને પોતાના ખાસ વહાલા બનાવવામાં આવે. એટલે તેમને સખત કસોટીઓમાં પસાર કર્યા. આખે–આખી કૌમ બલકે, પોતાના કુટુંબ વગેરે બધા જ મૂર્તિપૂંજામાં સપડાયેલા હતા, બધાના અકીદા (માન્યતા)ઓ અને રિવાજો વિવિધ પ્રકારના હતા. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને આવી પરિસ્થિતિમાં એક પવિત્ર ધર્મ આપવામાં આવ્યો અને તેનો પ્રચાર કરવાનો તથા આ ધર્મ તરફ લોકોને આમંત્રણ આપવાનો મોટો ભાર તેમના ઉપર નાંખવામાં આવ્યો. તેમણે પયગંબરીની હિંમત અને તાકાત બતાવીને નિડર થઈને, ખતરાઓ અને ભય સ્થાનોથી ડર્યા સિવાય અલ્લાહ તઆલાની

તવહીદ તરફ લોકોને આમંત્રણ આપ્યું તથા મૂર્તિપૂંજાની શર્મનાક ખરાબીઓ અને તેના વિવિધ નુકસાનો વર્ણવ્યા. પ્રેક્ટિકલી મૂર્તિઓ વિરૂદ્ધ જિહાદ કર્યો, આખી કૌમ લડાઈ માટે તૈયાર થઈ ગઈ. સમકાલીન રાજા નમરૂદ અને તેની કૌમે ઈબ્રાહીમ (અલૈ.)ને આગમાં નાંખી જીવતા સળગાવવાનો ફૈસલો કરી લીધો. અલ્લાહ તઆલાના વહાલા ખલીલુલ્લાહ (અલૈ.)એ પોતાની જાતને અલ્લાહની ખુશનૂદી અને રજામંદી પ્રાપ્ત કરવા આગમાં નાંખી દેવા માટે રજૂ કરી દીધી. જ્યારે અલ્લાહે પોતાના ખલીલ (અલૈ.)ને આ કસોટીમાં ખરા સાબિત થતા જોયા તો આગને હુકમ આપ્યો,

قُلْنَا يٰنَارُ كُوْنِىْ بَرْدًاوَّسَلٰمًاعَلٰٓى اِبْرَاهِيْمَ،

"અમે હુકમ આપી દીધો કે, હે આગ ! તું ઈબ્રાહીમ (અલૈ.) ઉપર ઠંડી અને સલામતીવાળી બની જા." (૨૧:૬૯)

જે સમયે નમરૂદની આગ વિશે અલ્લાહનો હુકમ આવ્યો તો હુકમના શબ્દો સામાન્ય હતા, કોઈ ખાસ આગને નક્કી કરી હુકમ આપવામાં આવ્યો ન હતો. એટલા માટે આખી દુનિયામાં જે કોઈપણ જગ્યાએ આગ મૌજૂદ હતી તે અલ્લાહના હુકમ આવતાંની સાથે જ પોત–પોતાની જગ્યાએ ઠંડી થઈ ગઈ અને નમરૂદની આગ પણ આ હુકમના કારણે ઠંડી પડી ગઈ.

કુર્આનમાં "બરદંવ" بَــــــرْدًا શબ્દની સાથે "સલામા" سَلٰمًــــــا (સલામતીવાળી)નો વધારો કરવામાં આવ્યો કે, કોઈ વસ્તુની ઠંડક મર્યાદાથી વધી જાય તો તે બરફની જેમ તકલીફવાળી અને નુકસાનકારક બની જાય છે. જો "સલામા" શબ્દ ન આવ્યો હોત તો શક્ય હતું કે, આગ બરફની જેમ એવી ઠંડી થઈ ગઈ હોત કે, પોતે જ એક અઝાબ બની ગઈ હોત. જેમકે જહન્નમમાં એક અઝાબ "ઝમહરીર"નો પણ છે !

આ પરીક્ષા પછી બીજી કસોટી એ લેવામાં આવી કે, પોતાના અસલી વતનને છોડીને શામ (સીરિયા) તરફ હિજરત કરવામાં આવે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) એ અલ્લાહની ખુશનૂદીની ચાહતમાં પોતાની કૌમ અને વતનને પણ અલ્લાહ હાફિઝ કહી દીધું અને પોતાના બાળ–બચ્ચાંઓ સહિત હિજરત કરી શામ (સીરિયા) ચાલ્યા આવ્યા.

آنکس کہ ترا شناخت جاں را چہ کند ؛ فرزند و عیال و خانماں را چہ کند

હવે જ્યારે પોતાની કૌમ અને વતનને છોડીને શામ પ્રદેશમાં નિવાસ કર્યો જ હતો કે વળી પાછો હુકમ મળ્યો કે બીબી હાજરા (સ.અ.) અને તેમના દૂધ પીતા બાળક હઝરત ઈસ્માઈલ (અલૈ.)ને સાથે લઈને અહીંયાંથી પણ કૂચ કરો.

(ઈબ્ને કસીર)

જિબ્રઈલ અમીન (અલૈ.) આવ્યા અને બંનેને સાથે લઈને ચાલ્યા. રસ્તામાં જે કોઈ જગ્યાએ પણ હરિયાળું સ્થળ આવતું હતું હઝરત ખલીલ (અલૈ.) ફરમાવતા હતા કે તેમને અહીંયાં થોભાવી દેવામાં આવે. જિબ્રઈલ (અલૈ.) કહેતા કે, અહીંયાંનો હુકમ નથી, મંઝિલ આગળ છે. જ્યારે તેઓ ચટિયલ મૈદાન એવા ગરમ ગરમ રણમાં આવી ગયા, જ્યાં આગળ જતાં કોઈ સમયે બયતુલ્લાહનું બાંધકામ અને મક્કા શહેર વસાવવાનો હેતુ હતો, આ રણમાં આપને ઉતારી દેવામાં આવ્યા. અલ્લાહ તઆલાના વહાલા ખલીલ (અલૈ.) પરવરદિગારની મહોબ્બતના કારણે અત્યંત ખુશી–ખુશી આ ચટિયલ મૈદાન અને પાણી તથા હરિયાળી વિનાના રણમાં બીબી હાજરા (અલૈ.)ને લઈને થોભી ગયા, પરંતુ આ કસોટી એટલેથી પૂરી ન થઈ. બલકે, હવે ઈબ્રાહીમ (અલૈ.)ને હુકમ મળે છે કે, પત્ની અને બાળકને અહીંયાં છોડી દો અને પોતે શામ દેશ પાછા જાઓ. અલ્લાહના ખલીલ (અલૈ.) હુકમ મળતાની સાથે જ તેને પૂરો કરવા ઊભા થઈ જાય છે અને શામ તરફ રવાના થઈ જાય છે. હુકમને પૂરો કરવામાં એટલો સમય પણ પસાર નથી કરતા કે પોતાની પત્નીને અલ્લાહના આ હુકમની જાણ કરી આપે કે મને અલ્લાહે આવો હુકમ આપ્યો છે, જેથી હું જઈ રહ્યો છું. હઝરત હાજરા (અલૈ.) જ્યારે તેમને જતા જુએ છે તો તેમને બુમો પાડે છે પરંતુ તેઓ જવાબ આપતા નથી. તેઓ ફરી બુમ પાડે છે અને કહે છે કે, "આ ચટિયલ વેરાન મૈદાનમાં અમને છોડીને ક્યાં જઈ રહ્યા છો !" તેનો પણ જવાબ નથી આપતા, પરંતુ તે પણ ખલીલુલ્લાહ (અલૈ.)ના પત્ની હતા. સમજી ગયા કે વાત શું છે અને કહેવા લાગ્યા કે, "શું તમને અલ્લાહ તઆલાનો હુકમ મળ્યો છે ?" હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું, "હા !" હાજરા (અલૈ.)ને જ્યારે અલ્લાહના આ હુકમની જાણ થઈ તો તેમણે ખૂબ જ સંતોષ સાથે કહ્યું કે, "જાઓ ! માલિકે આપને ચાલ્યા જવાનો હુકમ આપ્યો છે, તે અમને પણ બરબાદ નહીં કરે."

હવે, હઝરત હાજરા (અલૈ.) પોતાના દૂધપીતા બાળકને સાથે લઈને આ વેરાન રણમાં સમય પસાર કરવા લાગે છે. તરસની શિદ્દત પાણી શોધવા મજબૂર કરી દે છે. નાના બાળકને ખુલ્લા મૈદાનમાં છોડીને સફા-મરવહની પહાડીઓ ઉપર વારંવાર ચઢે છે, ઊતરે છે કે, ક્યાંક પાણીના ચિહ્નો નજરે પડે અથવા કોઈ માણસ નજરે પડે, જેનાથી કોઈ જાણકારી પ્રાપ્ત કરી શકાય. સાત વખતે આવા ચક્કર કાપીને આખરે થાકી-હારીને બાળક પાસે આવીને બેસી જાય છે. સફા-મરવહ વચ્ચે સાત વખત દોડવાની યાદગીરી સ્વરૂપે કયામત સુધી આવનારી નસ્‌લો માટે હજ્જના હુકમમાં સફા-મરવહની "સઈ" (દોડવું)ને ફરજ કરી દેવામાં આવ્યું. હઝરત હાજરા (અલૈ.) પોતાની દોડધૂપ પૂરી કરીને નિરાશ થયા પછી જ્યારે બાળક પાસે આવે છે તો અલ્લાહની રહમત જોશમાં આવે છે, જિબ્રઈલ અમીન (અલૈ.) આવે છે અને આ સૂકા રણમાં જમીનમાંથી પાણીનું એક ઝરણું કાઢી આપે છે, જેનું નામ આજે "ઝમઝમ" છે. પાણીને જોઈને ધીરે-ધીરે પ્રથમ પ્રાણીઓ આ વિસ્તારમાં આવવા લાગે છે, પછી પ્રાણીઓને જોઈને મનુષ્યો અહીંયાં વસવાટ કરવા લાગે છે અને મક્કા શહેરનો પાયો નંખાવાની શરૂઆત થઈ જાય છે.

તે નાનું બાળક આજે હઝરત ઈસ્માઈલ (અલૈ.) તરીકે દુનિયા ઓળખે છે. જ્યારે તેઓ મોટા થઈ જાય છે, કામ કરી શકે એવા થઈ જાય છે ત્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અલ્લાહ તઆલાના હુકમથી ત્યાં પાછા તશરીફ લાવે છે અને બાળક તથા પત્નીની ખબર-અંતર પૂછી જાય છે. આ સમયે ફરી અલ્લાહ તઆલા પોતાના ખલીલની ત્રીજી પરીક્ષા લે છે. આ બાળક એક વંચિતતાની દશામાં બાપના આધાર વગર મોટું થયું અને દેખીતા કોઈપણ પ્રકારના જીવન જરૂરી સામાન સિવાય મોટું થયું. હવે, આ બાળકના પિતા હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને અલ્લાહનો હુકમ મળે છે કે, આ બાળકને પોતાના હાથે ઝબહ (હલાલ) કરી દો. કુર્આનમાં ઈરશાદ છે,

فَلَمَّا بَلَغَ مَعَهُ السَّعْىَ قَالَ يٰبُنَىَّ اِنِّىٓ اَرٰى فِى الْمَنَامِ اَنِّىٓ اَذْبَحُكَ فَانْظُرْ مَاذَا

تَرٰى، قَالَ يٰٓاَبَتِ افْعَلْ مَا تُؤْمَرُ سَتَجِدُنِىٓ اِنْ شَآءَ اللّٰهُ مِنَ الصّٰبِرِيْنَ ○

"જ્યારે બાળક તે કાબિલ (યોગ્ય) થઈ ગયું કે બાપની સાથે કામકાજમાં કંઈ મદદ કરી શકે, ઈબ્રાહીમ (અલૈ.)એ તેને કહ્યું કે, હે બેટા ! મેં સ્વપ્નમાં જોયું છે કે તને ઝબહ (હલાલ) કરી રહ્યો છું, તું બતાવ તારો શું વિચાર છે ? નેક સંતાને કહ્યું કે, અબ્બા હુઝૂર ! આપને જે હુકમ મળ્યો છે તેને પૂરો કરો; તમે મને પણ તે પૂરો કરવામાં મજબૂત ઈરાદાવાળો પામશો." (૩૭:૧૦૨)

ત્યારબાદ આ ઘટના દરેક મુસલમાન જાણે છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પોતાના ફરજંદને ઝબહ કરવા માટે મિનાના જંગલમાં લઈ ગયા અને પોતાના તરફથી અલ્લાહનો હુકમ પૂરો કરવા લાગ્યા, પરંતુ અહીંયાં હેતુ બાળકને ઝબહ કરવાનો ન હતો, પરંતુ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની કસોટી કરવાનો હતો. સ્વપ્નના શબ્દોમાં વિચાર કરવામાં આવે તો એમાં એવું નથી જોયું કે, હઝરત ઈસ્માઈલ (અલૈ.)ને ઝબહ કરી દીધા બલકે, ઝબહ કરવાનો અમલ કરતા જોયા. જે ઈબ્રાહીમ (અલૈ.)એ કરી બતાવ્યો અને તે અમલ દ્વારા **"વહીએ મનામ"** બતાવવાની પણ કદાચ આ જ મસ્લિહત હોય કે સીધે–સીધા શબ્દો દ્વારા ઝબહ કરવું મંજૂર ન હતું. તે કારણે ઈરશાદ થયો છે કે, قَدْ صَدَّقْتَ الرُّؤْيَا કે સ્વપ્નમાં જે કંઈ જોયું હતું તેમણે પૂરું કરી દીધું. જ્યારે તેમાં પૂરા ઊતર્યા તો અલ્લાહ તઆલાએ જન્નતમાંથી તેનો ફિદિયહ નાઝિલ ફરમાવ્યો અને તેની કુરબાનીનો હુકમ આપી દીધો. અને ઈબ્રાહીમ (અલૈ.)ની આ સુન્નત કાયમી ધોરણે કયામત સુધીની સુન્નત બની ગઈ.

આ સખત અને કષ્ટદાયક પરીક્ષાઓ હતી, જેમાંથી હઝરત ખલીલ (અલૈ.)ને પસાર થવું પડ્યું. આ ઉપરાંત આપના ઉપર બીજા ઘણા બધા હુકમો અને અમલોની પાબંદી ફરજ કરવામાં આવી, જેમાં તે નૈસર્ગિક ટેવો પણ શામિલ છે. જે શરીરની સફાઈ અને બદનની પાકી સાથે સંબંધ ધરાવે છે અને આ ટેવો આવનારી બધી જ ઉમ્મતો માટે એક આગવો હુકમ બની ગઈ. ખાતમુન્નબિય્યીન હઝરત મુહમ્મદ ﷺએ પોતાની ઉમ્મતને આ બધા જ કામો માટે તાકીદનો હુકમ ફરમાવ્યો છે.

ઈબ્ને કષીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) એક રિવાયતમાં આ પણ નકલ કરે છે કે, "સંપૂર્ણ ઈસ્લામ ત્રીસ વિભાગોના વર્તુળોમાં

છે, જેમાંથી દશ સૂરએ બરાઅતમાં પ્રસ્તુત છે અને દશ સૂરએ અહઝાબમાં અને દશ સૂરએ મો'મિનૂનમાં.'' હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ આ બધી વસ્તુઓનો સંપૂર્ણ હક્ક અદા કર્યો અને તે બધી પરીક્ષાઓમાં ખરા ઊતર્યા અને સફળ રહ્યા.

સૂરએ બરાઅતમાં મો'મિનોની સિફતો વર્ણવીને મુસલમાનોની મુખ્ય નિશાનીઓ આ રીતે વર્ણવી છે.

اَلتَّآئِبُوْنَ الْعٰبِدُوْنَ الْحٰمِدُوْنَ السَّآئِحُوْنَ الرّٰكِعُوْنَ السّٰجِدُوْنَ الْاٰمِرُوْنَ بِالْمَعْرُوْفِ وَالنَّاهُوْنَ عَنِ الْمُنْكَرِ وَالْحٰفِظُوْنَ لِحُدُوْدِاللّٰهِ، وَبَشِّرِ الْمُؤْمِنِيْنَ ○

''તેઓ (મો'મિનો) એવા છે, જે તૌબા કરનારા, ઈબાદત કરનારા, (અલ્લાહની) તા'રીફ (વખાણ) કરનારા, રોઝા રાખનારા, રુકૂઅ અને સિજદહ કરનારા, નેક વાતોનું શિક્ષણ આપનારા અને બુરી વાતોથી રોકનારા અને અલ્લાહની હદોનું ધ્યાન રાખનારા છે અને એવા મો'મિનોને તમે ખુશખબરી સંભળાવી દો.'' (૯:૧૧૨)

સૂરએ મો'મિનૂનમાં ઉલ્લેખ થયેલી મો'મિનની મુખ્ય ખાસિયતો આ પ્રમાણે છે.

قَدْ اَفْلَحَ الْمُؤْمِنُوْنَ ○ الَّذِيْنَ هُمْ فِىْ صَلٰوتِهِمْ خَاشِعُوْنَ ○ وَالَّذِيْنَ هُمْ عَنِ اللَّغْوِ مُعْرِضُوْنَ ○ وَالَّذِيْنَ هُمْ لِلزَّكٰوةِ فٰعِلُوْنَ ○ وَالَّذِيْنَ هُمْ لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ ○ اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ اَوْمَا مَلَكَتْ اَيْمَانُهُمْ فَاِنَّهُمْ غَيْرُ مَلُوْمِيْنَ ○ فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ فَاُولٰٓئِكَ هُمُ الْعَادُوْنَ ○ وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُوْنَ ○ وَالَّذِيْنَ هُمْ عَلٰى صَلَوٰتِهِمْ يُحَافِظُوْنَ ○ اُولٰٓئِكَ هُمُ الْوٰرِثُوْنَ ○ الَّذِيْنَ يَرِثُوْنَ الْفِرْدَوْسَ ط هُمْ فِيْهَا خٰلِدُوْنَ ○

''ચોક્કસ તે મુસલમાનોએ સફળતા પ્રાપ્ત કરી, જે પોતાની નમાઝમાં ખુશૂઅ અને ખુઝૂઅ (એકાગ્ર ચિત્તે અલ્લાહ પ્રતિ ધ્યાનમગ્ન થવું) કરનારા છે, અને જે નકામી વ્યર્થ વાતોથી દૂર રહેનારા છે, અને જે પોતાને પાક કરનારા છે અને જે

પોતાની શર્મગાહો (ગુપ્તાંગો)ની હિફાઝત કરનારા છે, પરંતુ પોતાની ઔરતો અથવા પોતાની દાસીઓ (ગુલામડીઓ) માટે તેમના ઉપર કોઈ આક્ષેપ નથી; હા ! જો તેના સિવાય તેઓ ઈચ્છે તો આવા લોકો મર્યાદાનું ઉલ્લંઘન કરનારા છે અને જે પોતાની અમાનતો અને પોતાના કરારનો ખ્યાલ રાખનારા છે અને જે પોતાની નમાઝોની પાબંદી કરે છે, એવા જ લોકો વારસદાર થનારા છે, જેઓ જન્નતના વારસદાર થશે અને તેમાં હંમેશા રહેશે." (૨૩:૧થી૧૧)

અને સૂરએ અહઝાબમાં મો'મિનોની ખાસિયત આ પ્રમાણે છે.

اِنَّ الْمُسْلِمِيْنَ وَالْمُسْلِمٰتِ وَ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ وَ الْقَانِتِيْنَ وَالْقٰنِتٰتِ وَ الصّٰدِقِيْنَ وَالصّٰدِقٰتِ وَ الصّٰبِرِيْنَ وَ الصّٰبِرٰتِ وَ الْخَاشِعِيْنَ وَالْخٰشِعٰتِ وَ الْمُتَصَدِّقِيْنَ وَالْمُتَصَدِّقٰتِ وَ الصَّآئِمِيْنَ وَ الصّٰئِمٰتِ وَ الْحٰفِظِيْنَ فُرُوْجَهُمْ وَ الْحٰفِظٰتِ وَالذّٰكِرِيْنَ اللّٰهَ كَثِيْرًا وَّالذَّاكِرَاتِ،اَعَدَّاللّٰهُ لَهُمْ مَّغْفِرَةً وَّاَجْرًاعَظِيْمًا ○

"બેશક ! ઈસ્લામના કામ કરનારા પુરુષો અને ઈસ્લામનું કામ કરનારી સ્ત્રીઓ અને ઈમાન લાવનારા પુરુષો અને ઈમાન લાવનારી સ્ત્રીઓ અને ફરમાંબરદારી કરનારા પુરુષો અને ફરમાંબરદારી કરનારી સ્ત્રીઓ અને સાચા પુરુષો અને સાચી ઔરતો અને સબ્ર કરનારા (સહનશીલ) પુરુષો અને સબ્ર કરનારી ઔરતો અને ખુશૂઅ્ કરનારા પુરુષો અને ખુશૂઅ્ કરનારી ઔરતો અને ખૈરાત (દાન) કરનારા પુરુષો અને ખૈરાત કરનારી ઔરતો અને રોઝા રાખનારા પુરુષો અને રોઝા રાખનારી ઔરતો અને પોતાની શર્મગાહોની હિફાઝત કરનારા પુરુષો અને પોતાની શર્મગાહોની હિફાઝત કરનારી ઔરતો અને અલ્લાહને ખૂબ યાદ કરનાર પુરુષો અને અલ્લાહને ખૂબ યાદ કરનાર ઔરતો અને આ બધાના માટે અલ્લાહ તઆલાએ મગફિરત (મા'ફી) અને ઘણો સારો બદલો તૈયાર રાખ્યો છે." (૩૩:૩૫)

કુર્આનના મુફસ્સિર હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)ના આ ઈરશાદથી જાણ થઈ કે મુસલમાનો માટે જેટલી ઈલ્મી અને પ્રેક્ટિકલ ખાસિયતો ઈચ્છિત છે તેને આ ત્રણે સૂરતોની અમુક આયતોમાં ભેગી કરી દેવામાં આવી છે

અને આ જ સિફતો તે વાક્યો છે, જેમાં હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)ની પરીક્ષા લેવામાં આવી અને આયત وَاِذِ ابْتَلٰى اِبْرَاهِيْمَ رَبُّهٗ بِكَلِمٰتٍ માં આ જ સિફતો તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

ત્રીજો સવાલ એ હતો કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની સફળતાનો દરજ્જો શું હતો ? તો પોતે કુર્આન શરીફે પોતાની ખાસ શૈલી વડે કામિયાબીનું સર્ટિફિકેટ આ શબ્દોમાં આપ્યું છે. ઈરશાદ થયો وَاِبْرٰهِيْمَ الَّذِىْ وَفّٰى "તે ઈબ્રાહીમ (અલૈ.) જેણે પૂરું કરી દેખાડ્યું." (૫૩:૩૭)

એનો અર્થ એ થયો કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની દરેક કસોટીનું અલ્લાહ દ્વારા સંપૂર્ણ ૧૦૦% સફળતાનું એ'લાન કરી દેવામાં આવ્યું.

ચોથો સવાલ એ છે કે કસોટી ઉપર ઈનામ શું મળ્યું ? તેનું વર્ણન ખુદ આ આયતમાં આવી ચૂક્યું છે.

قَالَ اِنِّىْ جَاعِلُكَ لِلنَّاسِ اِمَامًا ؕ

"અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે, હું તમને લોકોના ઈમામ (પેશ્વા) બનાવનાર છું."

તેનાથી એક બાજુ તો આ જાણ થઈ કે હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)ને આ સફળતાના બદલામાં મખ્લૂકની ઈમામત અને સરદારીનું ઈનામ આપવામાં આવ્યું અને બીજી બાજુ એ પણ જાણ થઈ કે, અલ્લાહની મખ્લૂકના ઈમામ અને શાસક તથા પેશ્વા બનવા માટે જે કસોટી જરૂરી છે તે દુનિયાના મદ્રસાઓ અને યુનિવર્સિટીઓ જેવી કસોટી નથી, જેમાં અમુક સવાલો, મસ્અલાઓ, સંશોધનો અને જ્ઞાનપૂર્ણ ચર્ચાઓને સફળતાનું શ્રેષ્ઠ માપદંડ સમજવામાં આવે છે. બલકે, આ હોદ્દાને પ્રાપ્ત કરવા માટે ઉપરોક્ત આયતોમાં વર્ણવવામાં આવેલ ત્રીસ જેટલી અખ્લાકી-અમલી સિફતો, ગુણ-લક્ષણો તથા ખાસિયતોમાં પૂર્ણ હોવાની શરત મૂકવામાં આવેલ છે, જેનું વર્ણન ઉપર એક આયતના હવાલાથી આવી ચૂક્યું છે. કુર્આન શરીફમાં એક બીજી જગ્યાએ પણ આ વિષય આવી રીતે વર્ણન થયો છે.

وَجَعَلْنَا مِنْهُمْ اَئِمَّةً يَّهْدُوْنَ بِاَمْرِنَا لَمَّا صَبَرُوْا وَكَانُوْا بِاٰيٰتِنَا يُوْقِنُوْنَ ۝

"અમે તેમને ઈમામ અને પેશ્વા બનાવી દીધા કે તે અમારા હુકમથી લોકોને હિદાયત કરે, જ્યારે તેમણે પોતાના નફસને શરીઅતના વિરોધથી રોક્યો અને અમારી આ આયતો ઉપર યકીન કરતા હતા." (૩૨:૨૪)

ઉપરોક્ત આયત દ્વારા ઈમામત અને આગેવાની માટે આ ત્રીસ સિફતોનો ખુલાસો બે શબ્દોમાં કરી દેવામાં આવ્યો છે. એટલે કે સબ્ર અને યકીન (સહનશીલતા અને વિશ્વાસ–શ્રદ્ધા). યકીનમાં અલ્લાહ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા અને સબ્રમાં પોતાની વર્તણૂકમાં સહનશીલતા અને ધીરજની પૂર્ણતા હોવી જોઈએ અને આ ત્રીસ જેટલી ખાસિયતો, જેનું વર્ણન ઉપર થઈ ચૂક્યું તે બધી જ ખાસિયતોનો સમાવેશ આ મુખ્ય બે પ્રકારની સિફતોમાં થઈ જાય છે.

પાંચમો સવાલ એ હતો કે આવનારી નસ્લો (પેઢીઓ)ને ઈમામત અને સરદારી દેવા માટે જે માપદંડ રજૂ થયું છે તેમાં ફાસિક (દુરાચારી) અને અત્યાચારી લોકોને આ હોદ્દો નહીં મળે તેનો શું મતલબ છે ?

તેનો ખુલાસો એ છે કે ઈમામત અને સરદારી એક સ્વરૂપમાં અલ્લાહ જલ્લ શા'નહુની ખિલાફત અને નાયબગીરી છે. તે કોઈ એવા વ્યક્તિને નથી આપી શકાતી જે અલ્લાહનો બાગી અને નાફરમાન હોય. એટલા માટે મુસલમાનો ઉપર જરૂરી છે કે, તે પોતાના અધિકારથી કોઈ એવા પ્રતિનિધીને અમીર (સરદાર) ન બનાવે જે અલ્લાહ તઆલાનો નાફરમાન અને બાગી હોય.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૨૫)

وَاِذْ جَعَلْنَا الْبَيْتَ مَثَابَةً لِّلنَّاسِ وَاَمْنًا ۭ وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرٰھٖمَ مُصَلًّى ۭ
وَعَهِدْنَآ اِلٰٓى اِبْرٰھٖمَ وَاِسْمٰعِيْلَ اَنْ طَهِّرَا بَيْتِىَ لِلطَّاۗىِٕفِيْنَ وَالْعٰكِفِيْنَ
وَالرُّكَّعِ السُّجُوْدِ ۝١٢٥

તરજુમો :

અને જ્યારે અમે ખાન–એ–કા'બા લોકો માટે ભેગા થવાનું સ્થળ અને

શાંતિનું સ્થળ બનાવ્યું; અને (હવે) તમે "મકામે ઈબ્રાહીમ"ને નમાઝની જગ્યા બનાવો; અને અમે ઈબ્રાહીમ અને ઈસ્માઈલ (અલૈ.)થી કરાર લીધો કે, તેઓ તવાફ કરનારા અને એઅતેકાફ કરનારા અને રુકૂઅ કરનારા, સિજદહ કરનારાઓ માટે મારું ઘર પાક રાખે. (૧૨૫)

શબ્દકોષ પ્રમાણે અરબી શબ્દનો અર્થ :

مَثَابَةً આ શબ્દ ثَـابَ يَثُوْبُ ثَوْبًـاومَثَـابًـا થી ઉત્પન્ન થયો છે, જેનો અર્થ "લોટવાનો", "પરત આવવાનો" અથવા "પાછા ફરવાનો" છે. જેનો અર્થ એવો થયો કે, વ્યક્તિ વારંવાર ત્યાં જાય.

તફસીર :

(અને તે વખતને યાદ કરો કે) જે સમયે અમે ખાન-એ-કા'બાને લોકો માટે ભેગા થવાનું અને શાંતિનું સ્થળ નક્કી કર્યું અને (છેવટે ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને હુકમ આપ્યો કે બરકત પ્રાપ્ત કરવા માટે) "મકામે ઈબ્રાહીમ"ને (કોઈ-કોઈ વખતે) નમાઝ પઢવાની જગ્યા બનાવી લો અને અમે હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)ને હુકમ આપ્યો કે તવાફ કરનારા અને એઅતેકાફ કરનારા તથા સિજદહ અને રુકૂઅ કરનારા લોકો માટે મારા ઘરને ખૂબ પવિત્ર રાખ્યા કરો.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ની મક્કાની હિજરત અને બયતુલ્લાહના બાંધકામનો ખુલાસાવાર કિસ્સો :

આ આયતમાં બયતુલ્લાહ (ખાન-એ-કા'બા)ના ઈતિહાસ તરફ ઈશારો છે અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના હાથોથી તેનું બાંધકામ અને બયતુલ્લાહ તથા મક્કએ મુકર્રમહની ખાસ ફઝીલતોનું વર્ણન તથા બયતુલ્લાહના એહતેરામ (માન-મર્યાદા) સંબંધિત હુકમો પ્રસ્તુત છે. આ વિષય કુર્આનની ઘણી આયતોમાં વિવિધ સૂરતોમાં ફેલાયેલો છે. અત્રે ટૂંકમાં તેનો ઉલ્લેખ કરવામાં આવે છે, જેનાથી તે આયતોનો પૂરો વિષય સ્પષ્ટ થઈ જાય. આ વિષય સૂરએ હજ્જની આયત નં. ૨૬માં આ રીતે આવ્યો છે.

وَاِذۡ بَوَّاۡنَا لِاِبۡرٰهِيۡمَ مَكَانَ الۡبَيۡتِ اَنۡ لَّا تُشۡرِكۡ بِىۡ شَيۡـئًا وَّطَهِّرۡ بَيۡتِىَ لِلطَّآئِفِيۡنَ وَ الۡقَآئِمِيۡنَ وَالرُّكَّعِ السُّجُوۡدِ ٭ وَاَذِّنۡ فِى النَّاسِ بِالۡحَجِّ يَاۡتُوۡكَ رِجَالًا وَّعَلٰى كُلِّ ضَامِرٍ يَّاۡتِيۡنَ مِنۡ كُلِّ فَجٍّ عَمِيۡقٍ ۙ‏ ٢٧

"તે સમય યાદ કરવા યોગ્ય છે જ્યારે કે અમે ઈબ્રાહીમ (અલૈ.)ને ખાન-એ-કા'બાનું સ્થળ બતાવ્યું કે મારી સાથે કોઈ વસ્તુને ભાગીદાર ન કરો અને મારા ઘરને તવાફ કરનારાઓ અને કયામ તથા રુકૂઅ અને સિજદહ કરનારાઓ માટે પાક રાખો અને લોકોમાં હજ્જનું એ'લાન કરી દો, લોકો તમારી પાસે ચાલ્યા આવશે; પગે ચાલીને પણ, દૂબળી (અશક્ત) ઊંટણીઓ ઉપર પણ, કે જે દૂર-સુદૂરના માર્ગોએથી આવી હશે." (૨૨:૨૬-૨૭)

તફસીરે ઈબ્ને કષીરમાં તફસીરના ઈમામ હઝરત મુજાહિદ વગેરેએ ઉલ્લેખ કર્યો છે કે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.) શામ (સીરિયા) દેશમાં સ્થાયી થયા અને હઝરત ઈસ્માઈલ (અલૈ.) દૂધ પીતા બાળક હતા તે સમયે અલ્લાહ તઆલાનો આ હુકમ તેમને મળ્યો કે અમે ખાન-એ-કા'બાની જગ્યા તમને બતાવીએ છીએ, તમે તેને પાક-સાફ કરીને તવાફ અને નમાઝથી આબાદ રાખો. આ હુકમ પૂરો કરવા માટે જિબ્રઈલ અમીન (અલૈ.) બુરાક લઈને હાજર થયા અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તથા હઝરત ઈસ્માઈલ (અલૈ.) અને તેમની વાલિદહ હઝરત હાજરા (અલૈ.) સાથે સફર કર્યો. રસ્તામાં જ્યારે કોઈ વસ્તી નજરે પડતી તો હઝરત ઈબ્રાહીમ (અલૈ.) જિબ્રઈલને પૂછતા કે, "શું અમને અહીંયાં ઊતરવાનો હુકમ મળ્યો છે ?" તો હઝરત જિબ્રઈલ (અલૈ.) કહેતા કે, "ના! આપની મંઝિલ આગળ છે." અહીંયાં સુધી કે મક્કા મુકર્રમહની જગ્યા આવી, જેમાં કાંટાળી ઝાડીઓ અને બાવળના ઝાડો સિવાય કંઈ જ ન હતું. જમીનના આ વિસ્તારની આસપાસ અમુક લોકો વસતા હતા, જેમને "અમાલીન" કહેવામાં આવતા હતા. બયતુલ્લાહ તે સમયે એક ટેકરી સ્વરૂપે હતું. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ આ સ્થળે પહોંચીને હઝરત જિબ્રઈલ અમીનને પૂછ્યું કે, "શું અમારી મંઝિલ આ છે ?" તેમણે કહ્યું, "હા !"

હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પોતાના સાહબજાદા (પૂત્ર) અને હઝરત

હાજરા (અલૈ.) સહિત અહીંયાં ઊતરી ગયા અને બયતુલ્લાહની પાસે એક મા'મૂલી ઝૂંપડી બાંધીને હઝરત ઈસ્માઈલ (અલૈ.) અને હાજરા (અલૈ.)ને અહીંયાં થોભાવ્યા. તેમની પાસે એક ભાથું હતું, જેમાં થોડી ખજૂરો અને એક પાણીનો મશ્કીઝહ (પાણી ભરેલી ચામડાની થેલી) હતી. ઈબ્રાહીમ (અલૈ.)ને આ સમયે અહીંયાં થોભવાનો હુકમ ન હતો. તેઓ આ દૂધ પીતા બાળક અને તેમની વાલિદહને અલ્લાહના હવાલે કરીને પાછા ફરવા લાગ્યા. તેમની જવાની તૈયારી જોઈને હઝરત હાજરા (અલૈ.)એ વિનંતી કરી કે, "અમને આ વેરાન ચટિયલ મૈદાનમાં છોડીને તમે ક્યાં જાઓ છો? જ્યાં ન તો કોઈ મદદગાર છે ન જ કોઈ જિંદગીની જરૂરતો પૂરી થઈ શકે તેવો સામાન !"

હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ કોઈ જવાબ ન આપ્યો અને ચાલવા લાગ્યા. હઝરત હાજરા (અલૈ.) સાથે ઉઠ્યા અને તેમને વારંવાર આ જ સવાલ કરતા રહ્યા. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના તરફથી કોઈ જવાબ ન મળ્યો. અહીંયાં સુધી કે પોતે હઝરત હાજરા (અલૈ.)ના દિલમાં આ વાત આવી અને કહ્યું કે, "શું અલ્લાહ તઆલાએ તમને અહીંયાં અમને છોડીને ચાલ્યા જવાનો હુકમ આપ્યો છે ?" ત્યારે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું, "મને અલ્લાહ તઆલા તરફથી આ હુકમ મળ્યો છે." આ સાંભળીને હઝરત હાજરા (અલૈ.)એ ફરમાવ્યું, "ત્યારે તો તમે ખુશીથી જાઓ ! જેણે તમને આ હુકમ આપ્યો છે તે અમને પણ બરબાદ નહીં કરે." હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અલ્લાહના હુકમને પૂરો કરવા ત્યાંથી ચાલી નીકળ્યા પરંતુ ધાવણા બાળક અને તેમની વાલિદહનો વિચાર દિલમાં રહેતો હતો. જ્યારે રસ્તાના વળાંક ઉપર પહોંચ્યા, જ્યાંથી હઝરત હાજરા (અલૈ.) દેખાતા ન હતા તો થોભી ગયા. અને અલ્લાહ તઆલાથી આ દુઆ કરી, જે સૂરએ ઈબ્રાહીમની આયત નં. ૩૬ અને ૩૭માં આ પ્રમાણે આવેલી છે.

رَبِّ اجْعَلْ هٰذَا الْبَلَدَ اٰمِنًا وَّاجْنُبْنِىْ وَبَنِىَّ اَنْ نَّعْبُدَ الْاَصْنَامَ ۝

(سوره ابراهيم)

"હે મારા પરવરદિગાર ! આ શહેરને શાંતિવાળું બનાવી આપ અને મને તથા મારા ફરજંદને મૂર્તિઓની ઈબાદત કરવાથી બચાવી રાખજે." (૧૪:૩૫)

અને પછી દુઆમાં વિનંતી કરી,

رَبَّنَآ اِنِّیٓ اَسْکَنْتُ مِنْ ذُرِّیَّتِیْ بِوَادٍ غَیْرِ ذِیْ زَرْعٍ عِنْدَ بَیْتِکَ الْمُحَرَّمِ رَبَّنَا لِیُقِیْمُوا الصَّلٰوۃَ فَاجْعَلْ اَفْئِدَۃً مِّنَ النَّاسِ تَھْوِیْٓ اِلَیْھِمْ وَارْزُقْھُمْ مِّنَ الثَّمَرَاتِ لَعَلَّھُمْ یَشْکُرُوْنَ ○

"હે અમારા રબ ! હું પોતાની અવલાદને આપના મુહતરમ ઘરની પાસે એક મૈદાનમાં જે ખેતીના લાયક નથી, આબાદ કરું છું, હે અમારા રબ ! જેથી તેઓ નમાઝનો એહતિમામ (કાળજી) રાખે તો તમે અમુક લોકોના દિલો તેમના તરફ ફેરવી આપો અને તેમને ખાવા માટે ફળો આપો, જેથી તે લોકો શુક્ર કરે (આભાર માને)." (૧૪:૩૭)

અગાઉના હુકમો કે જેના કારણે શામથી હિજરત કરાવીને હઝરત ઈસ્માઈલ (અલૈ.) અને તેમની વાલિદહને અહીંયાં લાવવામાં આવ્યા હતા. તેમાં એ ઈરશાદ થયો હતો કે, "મારા ઘરને પાક રાખો." હઝરત ઈબ્રાહીમ (અલૈ.) જાણતા હતા કે પાક રાખવાનો અર્થ તેને બહારની નાપાકી અને ગંદકીથી પણ પાક રાખવાનો અને અંદરની (રૂહની) ગંદકી જેવી રીતે કે, કુફ્ર અને શિર્કથી પણ પાક રાખવાનો છે. એટલા માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ અહીંયાં થોભીને જે દુઆઓ કરી તેમાં પ્રથમ તો આ વસ્તીને સુરક્ષિત અને શાંતિથી રહેવા લાયક બનાવવાની દુઆ કરી. પછી એ દુઆ પણ કરી કે, "મને અને મારી ઔલાદને શિર્ક અને મૂર્તિપૂજાથી બચાવજો." કારણ કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને અલ્લાહની "મઅ્રિફત" (ઓળખ)નો તે દરજ્જો પ્રાપ્ત હતો જેમાં વ્યક્તિ પોતાના અસ્તિત્વને જ ભૂલી જાય છે, પોતાના તમામ કાર્યો અને અમલો તથા ઈરાદાઓમાં એવું મહેસૂસ કરવા લાગે છે જાણે કે બધું જ અલ્લાહ તઆલા અને તેની કુદરતના કબજામાં છે અને તેની ઈચ્છા પ્રમાણે જ પ્રત્યેક કામો થાય છે. એટલા માટે જ કુફ્ર અને શિર્કથી બયતુલ્લાહને પવિત્ર રાખવાનો જે હુકમ મળ્યો હતો તેમાં અલ્લાહ તઆલાથી જ મદદ પ્રાપ્ત કરી. આ દુઆમાં કુફ્ર અને શિર્કથી સુરક્ષિત રહેવાની વિનંતીમાં એક ખાસ રહસ્ય પણ હોઈ શકે છે. જયારે બયતુલ્લાહની ઈજ્જત અને સન્માનનો હુકમ થયો તો આ સંભાવના પણ હતી કે,

આગળ ઉપર કોઈ જાલિમ લોકો આ બયતુલ્લાહની જ ઈબાદત ન કરવા લાગે અને તેને જ મઅબૂદ ન બનાવી દે અને એવી રીતે શિર્કમાં સપડાઈ જાય. એટલા માટે એવી દુઆ કરી કે, "મને અને મારી ઔલાદને શિર્કથી સુરક્ષિત રાખવામાં આવે."

ત્યારબાદ દૂધ પીતા ધાવણા બાળક અને તેમની વાલિદહની મહોબ્બતમાં આ દુઆ કરી કે, "હે અલ્લાહ ! મેં તારા હુકમ પ્રમાણે તેમને તારા ઘરની પાસે થોભાવી તો દીધા છે, પરંતુ આ જગ્યા ઉજ્જડ છે, જ્યાં કોઈ પોતાની મહેનતથી પણ જિંદગીની જરૂરતો પૂરી શકે એમ નથી. એટલા માટે તમે જ તેમને ફળોની રોઝી અર્પણ કરજો."

આ દુઆ કરીને હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તો પોતાના વતન શામ તરફ રવાના થઈ ગયા. આ બાજુ હઝરત હાજરા (અલૈ.)નો થોડો સમય પોતાની પાસેના ભાથા અને ખજૂરો તથા પાણીથી વીત્યો, જે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) તેમની પાસે છોડી આવ્યા હતા. જ્યારે પાણી પૂરું થઈ ગયું તો બીબી હાજરા (અલૈ.) પોતે પણ તરસથી બેચેન થઈ ગયા અને તેમનું નાનું બાળક પણ ! આ સમયે પાણીની શોધમાં તેમનું નીકળવું અને કદી "સફા" પર્વત ઉપર તો ક્યારેક "મરવહ" નામના પર્વત ઉપર ચઢવું અને એ બંને ટેકરીઓ વચ્ચે દોડી–દોડીને હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની સામે આવી જવું વગેરે બાબત સામાન્ય મુસલમાનોમાં પણ મશ્હૂર કિસ્સો છે અને હજ્જના સમયે સફા અને મરવહ પર્વત વચ્ચેની "સઈ" કરવી આજે પણ તેની જ યાદગાર સ્વરૂપે કાયમ છે.

આ કિસ્સાના છેવટે હઝરત જિબ્રઈલ (અલૈ.) અલ્લાહના હુકમથી ત્યાં પહોંચ્યા અને "ઝમઝમ"નું ઝરણું કાઢી આપ્યું, પછી જુરહુમ કબીલાના કેટલાક લોકો ત્યાં આવીને સ્થાયી થઈ ગયા. હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના યુવાન થયા પછી જુરહુમ કબીલાની એક ઔરત સાથે તેમની શાદી થઈ ગઈ. આ બાબત સહીહ બુખારીની રિવાયતમાં ખુલાસાવાર વર્ણન થયેલ છે. હદીષની રિવાયતના સાર દ્વારા સ્પષ્ટ થાય છે કે, સૂરએ હજ્જની શરૂઆતની આયતમાં બયતુલ્લાહને પાક–સાફ રાખવાનો જે હુકમ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને મળ્યો હતો, તે સમયે એટલો જ અમલ કરવાનો હેતુ હતો કે તે જગ્યાને હઝરત ઈસ્માઈલ (અલૈ.) અને

હાજરા (અલૈ.) દ્વારા આબાદ કરી દેવામાં આવે. આ સંબોધન ફક્ત હઝરત ઈબ્રાહીમ (અલૈ.) માટે હતું કારણ કે, તે સમયે હઝરત ઈસ્માઈલ (અલૈ.) નાના ધાવણા બાળક હતા. એટલા માટે બયતુલ્લાહના બાંધકામ માટે કોઈ હુકમ મળ્યો ન હતો. સૂરએ બકરહની આયત وَعَهِدْنَا إِلَىٰ إِبْرَاهِيمَ وَإِسْمَاعِيلَ أَن طَهِّرَا بَيْتِيَ જેમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની સાથે હઝરત ઈસ્માઈલ (અલૈ.)ને પણ સંબોધન કરવામાં આવ્યું છે. આ હુકમ તે સમયનો છે જ્યારે હઝરત ઈસ્માઈલ (અલૈ.) જુવાન અને પરિપક્વ થઈ ગયા હતા. તે સમયે બંનેને બયતુલ્લાહને આબાદ કરવાનો હુકમ આપવામાં આવ્યો.

સહીહ બુખારીની રિવાયતમાં છે કે, એક દિવસે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પોતાની ટેવ મુજબ હઝરત ઈસ્માઈલ (અલૈ.)ની મુલાકાત માટે મક્કા મુકર્રમહ પહોંચ્યા તો જોયું કે હઝરત ઈસ્માઈલ (અલૈ.) એક ઝાડ નીચે બેઠા–બેઠા એક તીર બનાવી રહ્યા છે. વાલિદને જોઈને ઊભા થઈ ગયા, મુલાકાત પછી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું કે, “મને અલ્લાહ તઆલાએ એક હુકમ આપ્યો છે, શું તમે તેમાં મને મદદ કરશો ?” નેક ફરઝંદે વિનંતી કરી, “દરેક હુકમ સર આંખો ઉપર, ઈન્શાઅલ્લાહ હું ચોક્કસ તેને પૂરો કરીશ.” ત્યાર પછી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ તેમને તે ટેકરી તરફ ઈશારો કર્યો, જ્યાં બયતુલ્લાહ હતું કે ત્યાં મને બાંધકામનો હુકમ થયો છે. અલ્લાહ તઆલાએ બયતુલ્લાહની બાંધકામની હદ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને બતાવી દીધી હતી. બંને બુઝુર્ગો આ કામમાં લાગી ગયા તો ત્યાં બયતુલ્લાહનો પ્રાચીન સમયનો પાયો નીકળી આવ્યો. તે પાયા ઉપર જ બંનેએ બાંધકામ શરૂ કર્યું. આગલી આયતમાં તેનું જ વર્ણન છે. وَإِذْ يَرْفَعُ إِبْرَاهِيمُ الْقَوَاعِدَ مِنَ الْبَيْتِ وَإِسْمَاعِيلُ ط તેમાં તે તરફ ઈશારો છે કે, બયતુલ્લાહના બાંધકામમાં મુખ્ય હઝરત ઈબ્રાહીમ (અલૈ.) છે અને હજરત ઈસ્માઈલ (અલૈ.) તેમના સહાયક સ્વરૂપે તેમાં શામિલ છે.

આ બધી આયતો ઉપર વિચાર કરવાથી વાસ્તવિકતા સ્પષ્ટ થઈ જાય છે, જે અમુક હદીષની રિવાયતોમાં અને પ્રાચીન ઈસ્લામી ઈતિહાસમાં પણ આવેલ છે કે બયતુલ્લાહ પહેલેથી જ દુનિયામાં મૌજૂદ હતું. કારણ કે, બધી જ આયતોમાં ક્યાંક બયતુલ્લાહની જગ્યા બતાવવાનું વર્ણન છે તો ક્યાંક તે જગ્યાને પાક–સાફ

રાખવાનો ઉલ્લેખ છે. ક્યાંય એવું નથી કહેવામાં આવ્યું કે, આજે નવા બયતુલ્લાહનું બાંધકામ કરવાનું છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે, બયતુલ્લાહનું અસ્તિત્વ આ ઘટના પહેલાં જ મૌજૂદ હતું, નૂહ (અલૈ.)ના જળપ્રલય સમયે તે જમીનદોસ્ત થઈ ગયું અથવા ઉઠાવી લેવામાં આવ્યું હતું. ફક્ત તેના પાયાઓ મૌજૂદ હતા. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને ઈસ્માઈલ (અલૈ.) કા'બાના પ્રથમ બાંધકામ કરનાર નથી. બલકે, અગાઉના બાંધકામની ઉપર તેમણે કા'બતુલ્લાહનું બાંધકામ કર્યું છે.

હવે, સવાલ એ છે કે, કા'બતુલ્લાહનું પ્રથમ બાંધકામ કોણે અને કયા સમયે કર્યું ? તેની કોઈ સાચી અને મજબૂત હદીષ મળતી નથી. માત્ર અહલે કિતાબની રિવાયતો છે, જેનાથી ખબર પડે છે કે, કા'બતુલ્લાહનું બાંધકામ હઝરત આદમ (અલૈ.)ના આ દુનિયામાં આવતા પહેલાં ફરિશ્તાઓએ કર્યું હતું. પછી આદ્દમ (અલૈ.)એ તેનું સમારકામ કરી નવેસરથી બાંધ્યું. આ બાંધકામ નૂહ (અલૈ.)ના તોફાન સમયે જમીનદોસ્ત થઈ ગયું અને ત્યાર પછી હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના સમયકાળ સુધી તે એક ટેકરી સ્વરૂપે બાકી રહ્યું. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)એ તેનું નવેસરથી બાંધકામ કર્યું. ત્યારબાદ આ બાંધકામંમાં હંમેશા સુધારા–વધારા થતા રહ્યા પરંતુ સમૂળગું જમીનદોસ્ત ન થયું. પછી આપ ﷺની બઅષત પછી મક્કાના કુરૈશે તેને જમીનદોસ્ત કરી તેનું નવેસરથી બાંધકામ કર્યું, જેમાં આપ ﷺએ પણ ખાસ ભાગ લીધો હતો.

મસ્અલા અને હરમ શરીફ સંબંધિત હુકમો :

(૧) "મષાબહ" مَثَابَةً શબ્દથી સ્પષ્ટ થયું કે, અલ્લાહ તઆલાએ બયતુલ્લાહને એક ખાસ ફઝીલત અર્પણ કરી હતી કે, તે હંમેશા પૃથ્વીનું કેન્દ્ર બની રહે અને લોકો વારંવાર ત્યાં જવાની અને મુલાકાતની તમન્ના કર્યા કરે. તફસીરના ઈમામ મુજાહિદ (રહ.)એ ફરમાવ્યું કે, لَا يَقْضِىْ اَحَدٌ مِّنْهَا وَطَرًا (કુર્તુબી) એટલે "કોઈ વ્યક્તિ તેની ઝિયારતથી ક્યારેય ધરાશે નહીં બલકે, દરેક વખતે પહેલાંથી વધારે ઝિયારત અને તવાફના શોખ સાથે હાજર થતો રહેશે." અમુક ઉલમાએ ફરમાવ્યું છે કે, "હજ્જ કબૂલ થવાની નિશાનીઓમાંથી એક તે પણ છે કે ત્યાં વારંવાર

જવાનો શોખ દિલમાં પૈદા થતો રહે. એટલા માટે સામાન્ય રીતે તેનો અનુભવ થતો રહે છે કે, પહેલી વખતે જેટલા શોખથી બયતુલ્લાહની ઝિયારત થાય છે બીજી વખતે તે શોખમાં વધારો જ થતો રહે છે અને જેમ–જેમ વારંવાર ઝિયારત કરતો રહે છે આ શોખ વધતો જ રહે છે."

આ મોઅ્ઝિજો બયતુલ્લાહની જ વિશિષ્ટતા હોઈ શકે છે, નહિતર દુનિયાના શ્રેષ્ઠથી શ્રેષ્ઠ મન–મોહક દૃષ્યો વ્યક્તિ એક–બે વખતે જોઈ લે તો તેનાથી મન ધરાઈ જાય છે અને પાંચ–સાત વખતે જોયા પછી તો જોવાનું ધ્યાન પણ રહેતું નથી. અને અહીંયાં તો કોઈ એવું કુદરતી સૌંદર્ય, ઝાડો કે નદીઓ, હરિયાળી કશું જ નથી. ત્યાં પહોંચવું પણ બહું સરળ નથી અને ન જ ત્યાં દુનિયાના કોઈ વેપાર–ધંધાનું મહત્ત્વ છે. આમ છતાં પણ લોકોના દિલોમાં એવી તડપ હંમેશા રહે છે કે તેઓ હજારો રૂપિયા ખર્ચીને, સેંકડો મુસીબતો ઉઠાવીને ત્યાં પહોંચવા માટે તત્પર રહેતા હોય છે.

(૨) શબ્દ اَمْنًا "અમ્ના" આ જગ્યાએ مَاٰمَن એટલે "શાંતિની જગ્યા"નો અર્થ થાય છે અને بَيْت "બયત" શબ્દ બયતુલ્લાહ એટલે કે ખાન–એ–કા'બા નહીં, પરંતુ આખા હરમ શરીફના અર્થમાં છે. કુર્આનમાં બયતુલ્લાહ અને કા'બાના શબ્દને આખા હરમના અર્થમાં લેવાની ઘણી સાબિતીઓ મૌજૂદ છે. જેમકે ઈરશાદ છે, هَدْيًا بَالِغَ الْكَعْبَةِ (૫:૯૫) તેમાં શબ્દ કા'બા كعبه વડે આખું હરમ અર્થમાં લીધું છે. કારણ કે, તેમાં કુર્બાનીનો ઉલ્લેખ છે. બયતે કા'બામાં કુર્બાની નથી થઈ અને ન ત્યાં કુર્બાની કરવી જાઈઝ છે. એટલા માટે આયતનો અર્થ એ છે કે અમે હરમે મક્કાને શાંતિનું સ્થળ બનાવી દીધું છે અને શાંતિના સ્થળનો અર્થ એ છે કે, લોકોને એવો હુકમ આપવામાં આવ્યો છે કે હરમના સન્માનમાં ત્યાં ખૂનામરકી અને બદલો લેવો વગેરેથી દૂર રહેવું.

(ઈબ્ને અરબી)

અજ્ઞાનતાના સમયમાં પણ અરબોના હાથમાં ઈબ્રાહીમી મિલ્લતની જે કંઈ પણ નિશાનીઓ બાકી રહી ગઈ હતી તેમાં એક એ પણ હતું કે, જો હરમમાં કોઈને પોતાના બાપ અથવા ભાઈનો હત્યારો મળી જાય તો પણ બદલો લેતા ન હતા અને સામાન્ય લડાઈ અથવા ખૂનામરકી પણ હરમમાં હરામ સમજતા હતા. ઈસ્લામી શરીઅતમાં પણ આ હુકમ એવી જ રીતે બાકી રાખવામાં આવ્યો. મક્કા

વિજય (ફત્હે મક્કા) સમયે ફક્ત અમુક કલાકો માટે અલ્લાહના હુકમથી રસૂલુલ્લાહ ﷺ દ્વારા હરમમાં કિતાલ જાઈઝ કરવામાં આવ્યો હતો, પરંતુ તે સમયે પણ ફરીથી હંમેશાના માટે હરામ કરવામાં આવ્યો અને રસૂલુલ્લાહ ﷺએ ફત્હે મક્કાના ખુત્બામાં તેનું એ'લાન પણ કરી દીધું.

(સહીહ બુખારી)

હવે, મસ્અલો એ છે કે કોઈ માણસ હરમમાં કોઈ એવો ગુનોહ કરે, જેના ઉપર "હદ" અને કિસાસ (બદલો) ઈસ્લામી શરીઅત પ્રમાણે વાજિબ થતો હોય તો હરમ તેને સલામતી અને રક્ષણ નહીં આપે બલકે, તેના ઉપર સમગ્ર ઉમ્મતની સહમતિથી નક્કી થયેલ છે કે, હદ અને કિસાસ લાગુ કરવામાં આવશે. (અહકામે કુર્આન–જસ્સાસ વ કુર્તુબી) કારણ કે કુર્આન શરીફમાં ઈરશાદ છે, فَإِنْ قَـٰتَلُوكُمْ فَٱقْتُلُوهُمْ "જો તમારાથી તે લોકો હરમમાં કિતાલ (ખૂન) કરવા લાગે તો તમે પણ તેમને ત્યાં કત્લ કરી દો." (૨:૧૯૧)

અલબત્ત અહીંયાં એક મસ્અલા બાબતે મુજતહિદ ઈમામો વિવિધ પ્રકારનો મત ધરાવે છે અને તે એ કે કોઈ વ્યક્તિ બહારથી ગુનોહ કરીને હરમમાં શરણ લઈ લે તો તેની સાથે શું વર્તાવ કરવામાં આવે ? તેમાં ઘણા ઈમામો તેના ઉપર પણ હરમની હદોમાં કિસાસની સજાનો અમલ કરવાનો હુકમ આપે છે અને ઈમામે આઝમ અબૂ હનીફા (રહ.)નો મત તેને સજાથી છોડવાનો તો નથી બલકે, (જો એવું કરવામાં આવશે તો ગુનાહોની સજાથી બચવાનો રસ્તો ખુલી જશે અને દુનિયામાં ફસાદ ફેલાઈ જશે તથા હરમ અપરાધીઓનો અડ્ડો બની જશે, પરંતુ હરમના એહતિરામ અને સન્માનના કારણે હરમની અંદર સજા આપવામાં ન આવે) તે અપરાધીને મજબૂર કરવામાં આવે કે તે હરમથી બહાર નીકળે અને ત્યાંથી નીકળ્યા પછી સજા ઉપર અમલ કરવામાં આવે.

(૩) وَٱتَّخِذُوا۟ مِن مَّقَامِ إِبْرَٰهِـۧمَ مُصَلًّى આ શબ્દમાં મકામે ઈબ્રાહીમનો અર્થ તે પથ્થર છે જેના ઉપર હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અલૈ.)ના મુબારક પગલાંના નિશાન મોઅ્જિઝા સ્વરૂપે પડી ગયા હતા અને આ પથ્થરનો બયતુલ્લાહના બાંધકામ સમયે તેમણે ઉપયોગ કર્યો હતો.

(સહીહ બુખારી)

હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે "મેં આ પથ્થરમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના પગલાંના નિશાન જોયા છે, પરંતુ લોકોના મોટા પ્રમાણમાં તેને હાથ લગાવવાથી અને અડકવાથી હવે તે નિશાનો ઝાંખા થઈ ગયા છે." (કુર્તુબી) અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)એ મકામે ઈબ્રાહીમની તફસીરમાં એ પણ નકલ કર્યું છે કે આખું હરમ મકામે ઈબ્રાહીમ છે. શક્ય છે કે તેનો અર્થ એ છે કે, તવાફ પછી આ આયતમાં બે રકા'ત મકામે ઈબ્રાહીમના સ્થળે પઢવાનો હુકમ છે તો આખા હરમમાં કોઈપણ જગ્યાએ પઢીને આ હુકમને પૂરો કરી શકાય છે આવું કરવાથી આ બે રકા'તો અદા થઈ જશે. આ બાબતે ઉમ્મતના મોટા ભાગના ફુકહા સહમત છે.

(૪) ઉપરોક્ત આયતમાં મકામે ઈબ્રાહીમને "મુસલ્લા" مُصَلًّى બનાવવાનો હુકમ છે. એનો ખુલાસો પોતે રસૂલ ﷺએ હજ્જતુલ વિદાઅ્ સમયે પોતાના અમલ અને મૌખિક નિવેદન દ્વારા એવી રીતે કરી દીધો કે આપ ﷺએ તવાફ પછી મકામે ઈબ્રાહીમ પાસે પહોંચીને જે બયતુલ્લાહની સામે થોડાક અંતરે છે, આ આયત પઢી, وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرَاهِيْمَ مُصَلًّى અને પછી મકામે ઈબ્રાહીમની પાછળ એવી રીતે બે રકા'ત નમાઝ પઢી કે મકામે ઈબ્રાહીમને વચ્ચે રાખીને બયતુલ્લાહનો ઈસ્તિકબાલ (સામે) થઈ જાય. (સહીહ મુસ્લિમ) એટલા માટે ઉમ્મતના ફુકહા ફરમાવે છે કે, જે વ્યક્તિને મકામે ઈબ્રાહીમની પાછળ જગ્યા ન મળે તો તે ગમે એટલા અંતરે એવી રીતે ઊભો થઈને કે, મકામે ઈબ્રાહીમને પણ તેની સામે રાખે અને બયતુલ્લાહને પણ સામે રાખે અને નમાઝ પઢે તો તેનો હુકમ પૂરો થઈ જશે.

(૫) આ આયતથી સાબિત થયું કે, તવાફ પછી બે રકા'તો વાજિબ છે. (જસ્સાસ અને મનાસિક, મુલ્લા અલી કારી રહ.) જો કે આ બે રકા'તોને ખાસ મકામે ઈબ્રાહીમની પાછળ અદા કરવી સુન્નત છે. હરમમાં બીજી કોઈ જગ્યાએ અદા કરશે તો પણ થઈ જશે. કારણ કે, રસૂલ ﷺ દ્વારા આ રકા'તોને બયતુલ્લાહના દરવાજાની સામે પઢવાનું પણ સાબિત છે અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી પણ આ જગ્યાએ નમાઝ પઢવાનું સાબિત છે. મુલ્લા અલી કારી (રહ.)ની કિતાબ મનાસિકમાં તેઓ ફરમાવે છે કે, બે રકા'ત તવાફ તો વાજિબ છે અને સુન્નત એ છે કે મકામે ઈબ્રાહીમની પાછળ અદા કરવામાં આવે, પરંતુ જો

કોઈ કારણથી ત્યાં અદા ન કરી શકે તો પછી હરમમાં અથવા હરમની બહાર જ્યાં પણ શક્ય હોય અદા કરવાથી વાજિબ અદા થઈ જશે. રસૂલે કરીમ ﷺની સાથે હજ્જતુલ વિદાઅ્માં હઝરત ઉમ્મે સલમા (રદિ.)ને આવું જ બન્યું હતું, તેમને વાજિબ નમાઝ પઢવાનો ત્યાં મૌકો ન મળ્યો તો મસ્જિદે હરામ બલકે મક્કા મુકર્રમહથી બહાર નીકળીને નમાઝ અદા કરી અને જરૂરત પ્રમાણે બહાર બે રકા'ત નમાઝ અદા કરવા ઉપર ઉલમાના સર્વાનુમતે કોઈ દમ (કુર્બાની આપવી) પણ વાજિબ નથી. ફક્ત ઈમામ માલિક (રહ.)ના મતે દમ આપવો પડશે. (મનાસિક, મુલ્લાં અલી કારી રહ.)

(૬) طَهِّـــرَا بَيْتِـــىَ અત્રે બયતુલ્લાહને પવિત્ર કરવાનો હુકમ છે, જેમાં જાહેરી નાપાકી અને ગંદકીથી પાક રાખવાનો હુકમ પણ શામિલ છે અને આંતરિક નાપાકી કુફ્ર, શિર્ક અને દુષ્કૃત્યો, વેર–ઝેર, હસદ (ઈર્ષ્યા), કીના–કપટ, તકબ્બુર–અભિમાન, દેખાડો, ખોટી શોહરત વગેરેથી પાક રાખવું પણ શામિલ છે અને પાકી (પવિત્રતા)ના આ હુકમ માટેનો શબ્દ "બયતીય" بَيْتِـــىَ માં એવી રીતે પણ ઈશારો છે કે આ હુકમ બધી મસ્જિદો માટે સર્વસામાન્ય છે. કારણ કે, બધી મસ્જિદો "બુયૂતુલ્લાહ" بيوت الله છે. જેમકે ઈરશાદ છે. فِىْ بُيُوْتٍ اَذِنَ اللّٰهُ اَنْ تُرْفَعَ "મકાનોમાંથી જેને અલ્લાહે ઉઠાવવાનો હુકમ આપ્યો છે." (૨૪:૩૬)

હઝરત ફારૂકે આઝમ (રદિ.)એ સિજદહમાં એક માણસનો અવાજ સાંભળ્યો તો કહેવા લાગ્યા કે, "શું તમને ખબર નથી તમે ક્યાં ઊભા છો ?" (કુર્તુબી) એટલે કે મસ્જિદનો અદબ, અહેતિરામ અને સન્માન જાળવવું જોઈએ. તેમાં બૂમ–બરાડા પાડીને બોલવું કે, મોટા અવાજે વાતો ન કરવી જોઈએ. આ આયતમાં એવો નિર્દેશ આપવામાં આવ્યો છે કે, બયતુલ્લાહને બધી જ જાહિરી અને આંતરિક નાપાકીઓથી પાક રાખવું જરૂરી છે. એવી જ રીતે બધી જ મસ્જિદોને પાક રાખવું વાજિબ છે. મસ્જિદમાં પ્રવેશનારા લોકો માટે જરૂરી છે કે તેઓ પોતાના કપડાંઓ અને શરીર ઉપરથી પણ બધા જ પ્રકારની નાપાકી અને દુર્ગંધવાળી વસ્તુઓને દૂર કરે અને પોતાના દિલોને પણ શિર્ક, નિફાક તથા બધા જ પ્રકારના બુરા અખ્લાકો જેમકે અભિમાન, હસદ, લોભ, લાલચ, રિયા (દેખાડો), વેર–ઝેર વગેરે નાપાકીઓથી પાક થઈને મસ્જિદમાં પ્રવેશ કરે અને રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું છે કે, "કોઈ વ્યક્તિ પ્યાજ, લસણ વગેરે દુર્ગંધવાળી

વસ્તુઓ ખાઈને મસ્જિદમાં ન જાય'' તથા આપ ﷺએ નાના બાળકો અને ગાંડાઓને મસ્જિદમાં દાખલ થવાથી મનાઈ ફરમાવી છે કારણ કે તેમનાથી ગંદકી અને નાપાકીનો ભય રહેલો છે.

(૭) لِلطَّائِفِينَ وَالْعٰكِفِينَ وَالرُّكَّعِ السُّجُودِ આ શબ્દોમાં અમુક હુકમો અને ફાયદાઓ પ્રાપ્ત થયા છે. પ્રથમ એ કે બયતુલ્લાહના બાંધકામનો મકસદ તવાફ, એઅતેકાફ અને નમાઝ છે. બીજું એ કે તવાફનું નમાઝથી આગળ વર્ણન થયું છે. ત્રીજું એ કે આખી દુનિયાના દરેક ખૂણેથી આવનારા હાજીઓ માટે તવાફ નમાઝથી અફઝલ છે. ચોથું એ કે બયતુલ્લાહની અંદર નમાઝ જાઈઝ છે, ફરજ હોય અથવા નફલ.

(જસ્સાસ)

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૨૬–૧૨૭–૧૨૮)

وَإِذْ قَالَ إِبْرٰهِيمُ رَبِّ اجْعَلْ هٰذَا بَلَدًا اٰمِنًا وَّارْزُقْ أَهْلَهُ مِنَ الثَّمَرٰتِ
مَنْ اٰمَنَ مِنْهُمْ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ قَالَ وَمَنْ كَفَرَ فَأُمَتِّعُهُ قَلِيلًا ثُمَّ أَضْطَرُّهُ
إِلٰى عَذَابِ النَّارِ ؕ وَبِئْسَ الْمَصِيرُ ﴿۱۲۶﴾ وَإِذْ يَرْفَعُ إِبْرٰهِيمُ الْقَوَاعِدَ مِنَ الْبَيْتِ
وَإِسْمٰعِيلُ ؕ رَبَّنَا تَقَبَّلْ مِنَّا ؕ إِنَّكَ أَنْتَ السَّمِيعُ الْعَلِيمُ ﴿۱۲۷﴾ رَبَّنَا وَاجْعَلْنَا
مُسْلِمَيْنِ لَكَ وَمِنْ ذُرِّيَّتِنَا أُمَّةً مُّسْلِمَةً لَّكَ ۪ وَأَرِنَا مَنَاسِكَنَا وَتُبْ عَلَيْنَا ۚ
إِنَّكَ أَنْتَ التَّوَّابُ الرَّحِيمُ ﴿۱۲۸﴾

તરજુમો :

અને જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)એ કહ્યું, હે મારા રબ ! આ શહેર શાંતિવાળું બનાવ અને તેમાં રહેનારાઓને ફળ–ફળાદિની રોજી આપ, જે તેમનામાંથી ઈમાન લાવ્યા, અલ્લાહ અને આખિરતના દિવસ ઉપર; તેણે (અલ્લાહે) કહ્યું, અને જેણે કુફ્ર કર્યું તેને થોડો નફો આપીશ, પછી તેને મજબૂર કરી દઈશ

દોઝખના અઝાબ તરફ અને (તે) ઘણું ખરાબ રહેઠાણ (છે). (૧૨૬) અને જ્યારે ઈબ્રાહીમ (અલૈ.) અને ઈસ્માઈલ (અલૈ.) ખાન–એ–કા'બાની બુનિયાદો ઉઠાવતા હતા; (ત્યારે દુઆ કરતા હતા) હે અમારા પરવરદિગાર! અમારાથી (આ) કબૂલ ફરમાવી લે; બેશક ! તું જ સાંભળનાર, જાણનાર (છે). (૧૨૭) હે અમારા પરવરદિગાર ! અને અમને પોતાના ફરમાંબરદાર બનાવી દે અને અમારી અવલાદમાંથી પોતાની ફરમાંબરદાર ઉમ્મત (બનાવ); અને અમને હજ્જનો તરીકો બતાવ, અને અમારી તૌબા કબૂલ ફરમાવ; બેશક ! તું જ તૌબા કબૂલ કરનારો, રહમ કરનારો છે. (૧૨૮)

તફસીર :

અને (તે વખત પણ યાદ કરવા પાત્ર છે) જે સમયે ઈબ્રાહીમ (અલૈ.)એ (દુઆમાં અલ્લાહને) વિનંતી કરી કે, હે મારા પરવરદિગાર ! આ (જગ્યા)ને એક (આબાદ) શહેર બનાવી દે. (શહેર પણ કેવું ?) શાંતિ (અને સલામતી)વાળું અને તેમાં વસનારાઓને ફળ–ફળાદિની રોજી અર્પણ કર (અને હું બધા નિવાસીઓ માટે નથી કહેતો પરંતુ ખાસ) તેમના માટે (કહું છું) જે તેમાંના અલ્લાહ તઆલા ઉપર અને કયામતના દિવસ ઉપર ઈમાન રાખતા હોય (બાકીનાઓ માટે તમે જાણો) અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો (કે, કારણ કે રોજી તમારા માટે ખાસ નથી એટલે રોજી બંનેને મળશે, મો'મિનો અને કાફિરોને પણ પરંતુ) એવા માણસને પણ જે કાફિર છે (પરંતુ આખિરતનો છુટકારો ફક્ત ઈમાનવાળાઓ માટે ખાસ છે) તો (તેના માટે) એવા માણસને (જે કાફિર છે) થોડા દિવસ (એટલે કે દુનિયામાં) તો ખૂબ આરામ આપીશ (પરંતુ) પછી (મૌત પછી) તેને દોઝખના અઝાબમાં પહોંચાડી આપીશ અને તે ઘણું જ ખરાબ રહેઠાણ છે. (આપણને અલ્લાહ બચાવે અને તે સમયને પણ યાદ કરવા પાત્ર છે) જ્યારે ઈબ્રાહીમ (અલૈ.) કા'બાની દિવાલો ઉઠાવી રહ્યા હતા અને સાથે ઈસ્માઈલ (અલૈ.) પણ (અને સાથે–સાથે આ દુઆ કરતા જતા હતા કે) હે અમારા પરવરદિગાર ! અમારી આ (સેવા)ને કબૂલ ફરમાવ. બેશક ! તું ખૂબ સાંભળનાર અને જાણનાર છે. (અમારી દુઆને સાંભળે છે અને અમારી નિય્યતોને પણ જાણે છે) હે અમારા પરવરદિગાર ! (અમે બંને આ પણ દુઆ કરીએ છીએ કે) અમને

પોતાના તાબે'દાર બનાવી દે અને અમારી અવલાદમાંથી પણ એક વર્ગ એવો પૈદા કર જે તારો તાબે'દાર હોય અને અમને હજ્જના હુકમો બતાવી દે અને અમારા ઉપર ધ્યાન રાખ અને સાચે જ તું ધ્યાન રાખનાર અને મહેરબાની કરનાર છે.

મસ્અલા અને બોધપાઠ :

હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ અલ્લાહના રસ્તામાં કુર્બાનીઓ આપી. માલ–દૌલત, બૈરી–છોકરાં અને પોતાની જાતની, પોતાની ઈચ્છાઓની બધાની જ અલ્લાહના હુકમ ખાતર અને તેની ખુશી ખાતર જે કુર્બાનીઓ આપી તે આશ્ચર્યજનક અને હૈરત (અચરજ) પમાડે એવી છે.

પત્ની અને ઔલાદની મહોબ્બત એક સ્વાભાવગત પ્રાકૃતિક બાબત છે અને અલ્લાહનો હુકમ પણ તેમની સાથે સદ્‌વર્તાવનો છે. ઉપરોક્ત આયતના પ્રકાશમાં આપણે જાણી શકીએ છીએ કે, તેમણે પોતાની પત્ની અને ઔલાદ માટે દીન અને દુનિયાની રાહતો તથા ભલાઈઓ માટે અલ્લાહ પાસે દુઆઓ માંગી છે.

હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ની દુઆઓ :

દુઆની શરૂઆત "રબ" رب શબ્દથી થઈ છે. જેનો અર્થ છે, "હે મારા પાલનહાર" આ શબ્દમાં અલ્લાહે આપણને દુઆ માંગવાનો સલીકો (પદ્ધતિ) શીખવાડ્યો છે. કારણ કે, આ શબ્દ અલ્લાહ તઆલાની રહમત અને તેની દયા (કૃપા)ને પોતાના તરફ કેન્દ્રિત કરવા માટે ઘણો અસરકારક છે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ સૌ પ્રથમ એવી દુઆ કરી કે, આ ચટીયલ (ઉજ્જડ) મૈદાનમાં જેમાં અલ્લાહના હુકમ પ્રમાણે પોતાની પત્ની અને ઔલાદને લાવી દીધા છે, "યા અલ્લાહ ! તુ અહીંયાં એક શહેર બનાવી દે. જેથી અહીંયાં શાંતિ સ્થાપિત થાય અને તેમને કોઈ એકાંત કે ડર ન લાગે અને જિંદગીની જરૂરિયાતો સરળતાથી પ્રાપ્ત થાય." આ જ દુઆ સૂરએ ઈબ્રાહીમમાં هٰذَا الْبَلَدَ اٰمِنًا ના શબ્દથી આવી છે, જેમાં البلد ને الف لام સાથે વર્ણન કર્યો છે. જે અરબી ભાષાની વ્યાખ્યામાં معرفه "મઅ્‌રુફા" કહેવાય છે. આ ફરકનું કારણ લગભગ એ છે કે પહેલી દુઆની જે આયત સૂરએ બકરહમાં بَلَدًا ના શબ્દથી આવી છે, તે એ વખતે કરવામાં આવી છે જ્યારે આ સ્થળ જંગલ હતું, શહેર બન્યું ન હતું. તે સમયે بلد નો الف لام

સિવાય ઉપયોગ કર્યો અને બીજી દુઆ દેખીતી રીતે તે સમયે કરી છે જ્યારે મક્કા વસી ગયું અને તે શહેર પ્રખ્યાત થઈ ગયું. તેની ઘટના એવી છે જેનું સૂરએ ઈબ્રાહીમની છેલ્લી આયતમાં વર્ણન છે اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ وَهَبَ لِىْ عَلَى الْكِبَرِ اِسْمٰعِيْلَ وَاِسْحٰقَ ط "સઘળા વખાણ અલ્લાહના માટે છે જેણે મને મારી વૃદ્ધાવસ્થામાં ઈસ્માઈલ (અલૈ.) અને ઈસ્હાક (અલૈ.) આપ્યા." (૧૪:૩૯) જેનાથી અંદાજો થાય છે કે આ દુઆ હઝરત ઈસ્હાક (અલૈ.)ની પૈદાઈશ પછી કરી છે અને હઝરત ઈસ્હાક (અલૈ.) હઝરત ઈસ્માઈલ (અલૈ.)ના ૧૩ વર્ષ પછી પૈદા થયા હતા.

(ઈબ્ને કષીર)

બીજી દુઆ જેમાં છે કે, "આ શહેરને શાંતિવાળું શહેર બનાવી આપ" એટલે ખૂનામરકીથી અને કાફિરોના કબજાથી તથા દરેક પ્રકારની આફતોથી સુરક્ષિત અને સલામત રાખ.

હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)ની આ દુઆ કબૂલ થઈ અને મક્કા મુકર્રમહ એવું આબાદ શહેર બની ગયું કે તેમાં પોતાની વસ્તીની સાથે–સાથે આખી દુનિયાના લોકોની મુલાકાતનું કેન્દ્ર બની ગયું. આખી દુનિયામાંથી મુસલમાનો ત્યાં પહોંચવાને પોતાની સૌથી મોટી ખુશકિસ્મતી સમજે છે અને આ શહેર સલામતી અને સુરક્ષાવાળું પણ થઈ ગયું કે બયતુલ્લાહની વિરોધી કોઈ કૌમ અથવા કોઈ બાદશાહની સત્તા મક્કા ઉપર કાયમ ન થઈ શકી. "અસ્હાબે ફીલ" (હાથીવાળા અબ્રહા બાદશાહ)નો કિસ્સો કુર્આન શરીફમાં પ્રસ્તુત છે કે તેણે બયતુલ્લાહ ઉપર હુમલાનો ઈરાદો કર્યો તો આખું લશ્કર નાનકડા પક્ષીઓ વડે તબાહ – બરબાદ કરી નાંખવામાં આવ્યું.

આ શહેર ખૂનામરકીથી પણ સુરક્ષિત રહ્યું છે. ઈસ્લામથી પહેલાં અજ્ઞાનતાના યુગમાં ઘણી બધી બુરાઈઓ અને કુફ્ર શિર્કના રિવાજોમાં લોકો સપડાયેલા હોવા છતાં બયતુલ્લાહ અને તેના માહોલને તથા હરમના સન્માન અને ઈજ્જતને લોકો એવી ધાર્મિક ફરજ સમજતા હતા કે ગમે તેવો દુશ્મન તેમને ત્યાં મળી જાય તો પણ હરમમાં તેનાથી બદલો અથવા કિસાસ લેવામાં આવતો ન હતો. બલકે, હરમની ઈજ્જત અને સન્માન આખા અરબસ્તાનમાં પ્રચલિત હતી.

એટલા માટે મક્કાના લોકો શામ (સીરિયા) અને યમનથી વેપારનો વહેવાર રાખતા હતા અને કોઈ તેમને રસ્તામાં હેરાન કરતા ન હતા.

હરમની હદોમાં જેમકે અલ્લાહ તઆલાએ જાનવરોને પણ સલામતી આપી છે, ત્યાં શિકાર જાઈઝ નથી અને એ જ પ્રમાણે જાનવરોમાં પણ એવો કુદરતી અહેસાસ (અનુભૂતિ) પૈદા કરવામાં આવ્યો છે કે, હરમની હદોમાં આવીને જાનવર પોતાને સુરક્ષિત સમજે છે, તે કોઈપણ શિકારી જાનવર કે માણસથી ગભરાતું નથી, આ અનુભવસિદ્ધ બાબત છે.

હરમના સલામત અને સુરક્ષિત હોવાનો આ હુકમ જે ઈબ્રાહીમ (અલૈ.)ની દુઆનું પરિણામ છે, અજ્ઞાનતાના યુગથી ચાલ્યો આવે છે. ઈસ્લામે અને કુર્આને તેને વધારે મજબૂતી પ્રદાન કરી. હજ્જાજ બિન યૂસુફ તથા કર્રામતાના અત્યાચાર અને દુષ્કૃત્યો દ્વારા જે ખૂનામરકી હરમમાં થઈ તેના વિશે એવું કહી શકાય કે, પ્રથમ તો તે ઈસ્લામનું નામ લેનારાઓના હાથે થઈ. કોઈ કાફિર કૌમે આક્રમણ કર્યું ન હતું. આ કિસ્સો એક અપવાદરૂપ છે. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)થી લઈને આજદિન સુધી હજારો વર્ષોના ઈતિહાસમાં અમુક ગણ્યા ગાંઠ્યા લોકોનું ખૂન થયું, પરંતુ એવું કરનારનો ઈબ્રતનાક અંજામ અને પરિણામ આખી દુનિયાએ જોઈ લીધો છે.

ખુલાસો એ છે કે, ઈબ્રાહીમ (અલૈ.)ની દુઆ પ્રમાણે અલ્લાહ તઆલાએ આ શહેરને એક સલામતીવાળું શહેર અને આખી દુનિયા માટે કુદરતી રીતે શાંતિનું સ્થળ બનાવી દીધું છે, અહીંયાં સુધી કે દજ્જાલને પણ હરમમાં દાખલ થવાની શક્તિ પ્રાપ્ત નહીં થાય. શરીઅતની રૂએ પણ આ હુકમ ફરમાવવામાં આવ્યો છે કે, હરમમાં ખૂન વહાવવાની વાત તો બાજુએ રહી જાનવરોનો શિકાર પણ હરામ છે.

ત્રીજી દુઆ એ ફરમાવી કે, "આ શહેરના લોકોને ફળ-ફળાદિની રોઝી અતા' ફરમાવ." મક્કા મુકર્રમહ અને તેની આસપાસની જમીન ન કોઈ બાગાયાતી જમીન છે અને ન જ ત્યાં દૂર દૂર સુધી ખેતીલાયક પાણીનું નામો-નિશાન છે પરંતુ અલ્લાહ તઆલાએ ઈબ્રાહીમ (અલૈ.)ની દુઆ કબૂલ ફરમાવી અને મક્કા પાસે તાઈફ નામનું એક નાનું શહેર વસાવી દીધું, જેમાં દરેક

પ્રકારના ઉત્તમ ફળો મોટા પ્રમાણમાં પૈદા થવા લાગ્યા અને મક્કા મુકર્રમહથી લોકો આવીને તેને ખરીદવા લાગ્યા. અમુક ઈસ્રાઈલી રિવાયતોમાં છે કે, તાઈફ અસલમાં શામનો પ્રદેશ હતો, જેને હઝરત જિબ્રઈલ (અલૈ.)એ અલ્લાહના હુકમથી અહીંયાં લાવી દીધો.

ઇબ્રાહીમ (અલૈ.)ની હુકૂમત :

હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાની દુઆમાં એ ન કહ્યું કે, મક્કા અને તેની આસપાસના પર્યાવરણને હરિયાળું અને ખેતીલાયક ફૂલો અને ફળોથી ભરપૂર બનાવી દે. બલકે, એવી દુઆ કરી કે આ વસ્તુઓ કોઈ બીજી જગ્યાએ પૈદા થાય અને મક્કા મુકર્રમહમાં લોકો પાસે તે પહોંચ્યા કરે, તેમાં કદાચ એ રહસ્ય હોય કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) એવું ઈચ્છતા ન હતા કે, તેમની ઔલાદ ખેતી અને બાગાયાતી કામોમાં મશ્ગૂલ થઈ જાય. કારણ કે, તેમને આ જગ્યાએ વસાવવાનો હેતુ તો હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતે ફરમાવ્યો, رَبَّنَا لِيُقِيْمُوا الصَّلٰوةَ જેમાં દેખીતું છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) પોતાની ઔલાદનું મુખ્ય કામ બયતુલ્લાહની સુરક્ષા અને નમાઝ વગેરેનું રાખવા ઈચ્છતા હતા. નહિતર અલ્લાહ પાસે દુઆ માંગીને તે શું મુશ્કેલ હતું કે, પોતે મક્કા મુકર્રમહને એવું ગુલેગુલઝાર બનાવી આપવામાં આવ્યું હોત કે, દમાસ્કસ અને બૈરૂતને પણ તેના ઉપર ગર્વ હોત!

ફળ-ફળાદિની રોજી જિંદગીની જરૂરિયાતોમાં શામિલ છે :

શબ્દ ثَمَرَاتٌ જે ثَـمَـرَةٌ નું બહુવચન છે, તેનો અર્થ "ફળ" થાય છે અને દેખીતું છે કે તેનો અર્થ "ઝાડ ઉપર લાગતા ફળો" છે. પરંતુ સૂરએ કસસની આયત નં. ૫૭માં આ દુઆની કબૂલિયતની જાહેરાત આ શબ્દોમાં يُـجْبٰـى اِلَيْـهِ ثَـمَرَاتُ كُلِّ شَئٍ "દરેક પ્રકારની ફળ-ફળાદિ, દરેક વસ્તુ તે (શહેર) તરફ લવાય છે." (૨૮:૫૭) કરવામાં આવી છે. આ શબ્દોમાં એક તો તેનો ખુલાસો છે કે પોતે મક્કા મુકર્રમહમાં આ ફળો પૈદા કરવાનો વાયદો નથી. બલકે, બીજી જગ્યાએથી અહીંયાં લાવવામાં આવશે. કારણ કે, શબ્દ يُـجْبٰى નો આ જ અર્થ છે. બીજી ثَـمَرَاتُ كُلِّ شَجَرٍ નથી કહ્યું. બલકે, ثَـمَـرَاتُ كُـلِّ شَىْءٍ કહ્યું. આ શબ્દોની અદલા-બદલી દિમાગને તે તરફ લઈ જાય છે કે જ્યાં ફળ-ફળાદિને આમ

કરવાનો હેતુ છે. કારણ કે, ثَمَرَةٌ સામાન્ય બોલચાલની ભાષામાં જમીનથી ઉત્પન્ન થતા દરેક પ્રકારના પદાર્થને કહેવામાં આવે છે. ઝાડો ઉપર ઉત્પન્ન થનારા ફળો જેવી રીતે એમાં શામિલ છે, એ જ પ્રમાણે મશીનોથી પ્રાપ્ત થનારો બધો સામાન મશીનોનો ثمرات (ષમરાત) છે. એવી જ રીતે વિવિધ હાથ ઉદ્યોગોથી મળનારા સામાનો આ હાથ ઉદ્યોગોનો ثمرات છે. એવી જ રીતે ثَمَرَاتُ كُلِّ شَيْءٍ માં જિંદગીની બધી જ જરૂરિયાતો શામિલ થઈ જાય છે અને પરિસ્થિતિઓ અને ઘટનાઓની સાક્ષીઓ એવું સાબિત કરે છે કે, અલ્લાહ તઆલાએ જો કે હરમની જમીનને ખેતી લાયક નથી બનાવી અને ન તો ઉદ્યોગ માટે ત્યાં કોઈ સહૂલત છે પરંતુ આખી દુનિયામાં પૈદા થનારી અને બનનારી વસ્તુઓ અને ઉત્પાદનો અહીંયાં ખુલ્લે આમ પુષ્કળ પ્રમાણમાં મળે છે અને આ સહૂલત અને વિશેષતા દુનિયાના કોઈ મોટામાં મોટા ઔદ્યોગિક શહેરને પણ પ્રાપ્ત નથી કે આખી દુનિયાના ઉત્પાદનો ત્યાં મળી આવે.

હઝરત ઇબ્રાહીમ (અલૈ.)નો એહતિયાત (કાળજી) :

આ આયતમાં જ્યારે મક્કાના નિવાસીઓ માટે શાંતિ અને સહૂલત તથા જિંદગીની જરૂરિયાતની વસ્તુઓ માટે દુઆ માંગવામાં આવી તેમાં મો'મિન અને કાફિર બધા શામિલ હતા અને તે પહેલાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ જ્યારે એક દુઆમાં પોતાની સંપૂર્ણ નસ્લને, મો'મિન અને કાફિરના તફાવત વગર ભેગી કરી હતી તો અલ્લાહ તઆલા તરફથી જવાબરૂપે આ ઈરશાદ આવ્યો હતો કે, મો'મિનો માટે આ દુઆ કબૂલ છે. જાલિમ મુશ્રિકોના હકમાં કબૂલ કરવાપાત્ર નથી અને તે દુઆ હતી ''ઈમામત'' અથવા ''સત્તા-શાસન''ની. હઝરત ઈબ્રાહીમ (અલૈ.) જે અલ્લાહના વહાલા હોવાના દરજ્જા ઉપર બિરાજમાન હતા તેમને જ્યારે એ વાત યાદ આવી જે પ્રથમ દુઆ વખતે અલ્લાહ તરફથી જવાબરૂપે દર્શાવવામાં આવી તો પોતાની દુઆમાં આ શરત લગાવી દીધી કે, આ ભૌતિક ખુશહાલી અને શાંતિ તથા સલામતીની દુઆ ફક્ત મો'મિનોના માટે કરું છું. અલ્લાહ તઆલા તરફથી આ એહતિયાતની કદર કરવામાં આવી અને ફરમાવ્યું, وَمَنْ ظَلَمَ એટલે કે દુનિયાની ખુશહાલી અને ભૌતિક વસ્તુઓની છૂટછાટ અમે મક્કાના નિવાસીઓને અર્પણ કરીશું. ભલે તે જાલિમ મુશ્રિકો કે કાફિરો કેમ ન હોય ! પરંતુ મો'મિનોને જે રીતે દુનિયામાં ભૌતિક ખુશહાલી

આપવામાં આવશે એવી જ રીતે આખિરતમાં પણ અર્પણ થશે પરંતુ કાફિરો માટે આખિરતમાં અઝાબ સિવાય કંઈ જ નહીં હોય.

પોતાના નેક અમલ ઉપર ભરોસો કરવાનું અને નેક અમલોમાં કંજૂસી ન કરવાનું શિક્ષણ :

رَبَّنَا تَقَبَّلْ مِنَّا હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ અલ્લાહના હુકમને પૂર્ણ કરવા સીરિયાના હર્યા–ભર્યા રમણીય દશ્યોથી ભરપૂર વતનને છોડીને મક્કા મુર્કમહના ઉજ્જડ પહાડો અને સૂકા રણોની વચ્ચે પોતાની પત્ની અને ઔલાદને છોડી દીધા અને બયતુલ્લાહના બાંધકામમાં પોતાની સંપૂર્ણ શક્તિ ખર્ચી. આ મૌકો એવો હતો કે આવા સંઘર્ષો કરનારના દિલમાં જો થોડીક પણ મોટાઈ પૈદા થાય તો તે પોતાના અમલોને ઘણા મોટા અને કદર કરવાપાત્ર સમજવા લાગે છે, પરંતુ અહીંયાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અલ્લાહ રબ્બુલ ઈજ્જતની બારગાહમાં આજિઝી સાથે વિનમ્રતાથી દુઆ કરે છે. કારણ કે, તેઓ અલ્લાહ રબ્બુલ ઈજ્જતના મરતબા અને જલાલથી વાકિફ છે. કોઈ પણ મનુષ્ય માટે અલ્લાહના મરતબા પ્રમાણે તેની બંદગીનો હક અદા કરવો અશક્ય છે. દરેક વ્યક્તિ પોતાની શક્તિ અને હિંમતના પ્રમાણમાં કામ કરે છે. એટલા માટે કોઈ મોટાથી મોટા અમલ ઉપર પણ નાઝ કરવાની અને તેના ઉપર ગર્વ કરવાની કોઈ જરૂર નથી. બલકે, ખૂબ આજિઝી અને વિનમ્રતાની સાથે દુઆ કરે કે મારો આ અમલ કબૂલ થઈ જાય. જેમકે, હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ બયતુલ્લાહના બાંધકામ વિશે આ દુઆ કરી કે, "હે મારા પરવરદિગાર ! તું અમારા આ અમલને કબૂલ ફરમાવી લે, કારણ કે, તું સાંભળનાર અને જાણનાર છે અને અમારી દુઆને સાંભળે છે અને અમારી નિય્યતોને (પણ) જાણે છે."

رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ لَكَ આ દુઆ પણ આ જ ખાસ ગુણ અને લક્ષણનું પરિણામ છે, જે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને પ્રાપ્ત થયું હતું કે તાબે'દારી અને ફરમાંબરદારીના બેનમૂન કારનામાઓ અંજામ આપીને તેઓ આવી દુઆ કરે છે કે "અમને બંનેને તારા ફરમાંબરદાર બનાવી દે." કારણ એ છે કે, જેટલા પ્રમાણમાં અલ્લાહ તઆલાની મઅ્રિફત પ્રાપ્ત થાય છે, મહેનત કરવાથી તે પ્રમાણમાં વધતી જ ચાલે છે અને એટલો જ તેનો અહેસાસ પણ વધતો જાય છે કે, અમે વફાદારીનો હક અને ફરમાંબરદારીનો હક અદા નથી કરી રહ્યા.

وَمِنْ ذُرِّيَّتِنَا આ દુઆમાં પણ પોતાની અવલાદને શામિલ કરી ફરમાવ્યું છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે, અલ્લાહવાળાઓ કે જેઓ અલ્લાહના માર્ગમાં પોતાની જાન અને ઔલાદની કુર્બાની રજૂ કરવાથી પણ ખચકાતા નથી, તેઓ પોતાની ઔલાદને પણ ખૂબ મહોબ્બત કરતા હોય છે, પરંતુ તેઓ આ મહોબ્બતના સાચા તકાદાને પૂરો કરે છે. આ ઉચ્ચ મરતબા સુધી સામાન્ય માણસો કદી પહોંચી શકતા નથી. સામાન્ય માણસો તો ઔલાદની ફક્ત શારીરિક તંદુરસ્તી અને રાહતને જ જાણે છે અને તેમની સંપૂર્ણ મહોબ્બત આ રાહતની આસપાસ જ કેન્દ્રિત હોય છે, પરંતુ અલ્લાહના સ્વીકૃતિપ્રાપ્ત મકબૂલ બંદાઓ આખિરતની રાહતની ચિંતાઓ કરે છે, એટલા માટે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ દુઆ કરી કે, "મારી ઔલાદમાંથી એક સમૂહને સંપૂર્ણ ફરમાંબરદાર બનાવી આપ." પોતાની નસ્લ માટે દુઆ કરવામાં એક હિકમત પણ છે, અનુભવ સાક્ષી છે કે જે લોકો કૌમના આગેવાન માનવામાં આવે છે જો તેમની ઔલાદ તેમના વડીલોના રસ્તા ઉપર કાયમ રહે તો સામાન્ય જનસમૂહમાં પણ તેમને સ્વાભાવિક રીતે સ્વીકારવામાં આવે છે અને તેમની સલાહિયતો અને આવડતો સામાન્ય લોકો માટે લાભ પહોંચવાનું માધ્યમ બને છે.

(બહરે મુહીત)

હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની તે દુઆ પણ કબૂલ થઈ કે, આપની નસ્લમાં હંમેશા એવા લોકો મૌજૂદ રહ્યા છે જેઓ અલ્લાહના સાચા દીન ઉપર કાયમ રહી અલ્લાહના ફરમાંબરદાર બંદા બનીને રહ્યા હતા. અરબસ્તાનના અજ્ઞાનતાના યુગમાં પણ જ્યારે આખી દુનિયાને ખાસ કરીને અરબને શિર્ક અને મૂર્તિપૂંજાએ ઘેરી લીધું હતું એવા સમયે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની ઔલાદમાં હંમેશા અમુક લોકો આખિરતના અકીદાના પાકા માનનારા હતા અને તા'બેદારી તથા ફરમાંબરદારી તેમનામાં વ્યાપેલી હતી. જેમકે, અજ્ઞાનતાના દૌરમાં ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ અને કુસ્સ બિન સાઈદહ હતા. રસૂલ ﷺના દાદા અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમ વિશે પણ આવી જ રિવાયત છે કે તેઓ શિર્ક અને મૂર્તિપૂંજાથી પરહેઝ કરતા હતા.

(બહરે મુહીત)

اَرِنَا مَنَاسِكَنَا "મનાસિક" مَنَاسِكَ "મન્સિક" مَنْسَكَનું બહુવચન છે.

હજ્જના અમલોને મનાસિક પણ કહેવામાં આવે છે અને હજ્જના સ્થળો જેમકે અરફાત, મિના, મુજદલિફાને પણ મનાસિક કહેવામાં આવે છે. અહીંયાં બંનેનો ઉલ્લેખ થયો હોઈ શકે છે અને દુઆનો હેતુ એ છે કે "અમને હજ્જના અમલો અને હજ્જના સ્થળોને સારી રીતે સમજાવવમાં આવે." એટલા માટે اَرِنَا શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો. જેનો અર્થ થાય છે "અમને બતાવી દે." આ જોવું આંખોથી પણ હોઈ શકે છે અને દિલથી પણ. કારણ કે, હજ્જના સ્થળોને હઝરત જિબ્રઈલ અલૈ. દ્વારા બતાવીને નક્કી કરવામાં આવ્યા હતા અને હજ્જના હુકમોની ખુલ્લી તાકીદ અને તેનું શિક્ષણ પણ આપી દેવામાં આવ્યું હતું.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૨૯)

رَبَّنَا وَابْعَثْ فِيهِمْ رَسُولًا مِّنْهُمْ يَتْلُوا عَلَيْهِمْ اٰيٰتِكَ وَ يُعَلِّمُهُمُ
الْكِتٰبَ وَالْحِكْمَةَ وَ يُزَكِّيهِمْ ط اِنَّكَ اَنْتَ الْعَزِيزُ الْحَكِيمُ ﴿١٢٩﴾ ع

ع ١٥ ٨ ١٥

તરજુમો :

હે અમારા પરવરદિગાર ! અને તેમનામાં તેમનામાંથી (જ) એક રસૂલ મોકલ; તે તેમના ઉપર તારી આયતો પઢે અને તેમને "કિતાબ" અને "હિકમત" (ડહાપણ)નું શિક્ષણ આપે અને તેમને પાક કરે; બેશક ! તું ગાલિબ (છવાયેલો) હિકમતવાળો છે. (૧૨૯)

તફસીર :

હે અમારા પરવરદિગાર ! અને (આ દુઆ પણ કરીએ છીએ કે,) આ વર્ગમાં તેમનામાંનો જ એક પયગમ્બર પણ નક્કી કરી દો કે તે લોકોને તારી આયતો પઢીને સંભળાવ્યા કરે અને તેમને (આસમાની) કિતાબ(ના વિષયો)નું અને ડહાપણનું શિક્ષણ આપે અને તેમને (આ શિક્ષણ અને તિલાવત દ્વારા) પવિત્ર કરે; નિઃશંક ! તું જ ગાલિબ (છવાયેલો) સંપૂર્ણ કુદરતવાળો છે.

શબ્દાર્થ :

يَتْلُوا عَلَيْهِمْ اٰيٰتِكَ, "મસદર" તિલાવતના અર્થમાં છે. તિલાવતનો

અસલ અર્થ તાબે'દારી અને પૈરવી કરવાનો છે. કુર્આન અને હદીષની વ્યાખ્યામાં આ શબ્દ કુર્આન શરીફ અને બીજી આસમાની કિતાબો તથા અલ્લાહના કલામને પઢવા માટે ઉપયોગ કરવામાં આવે છે. કારણ કે, આ કલામને પઢનારાએ તેની સંપૂર્ણ તાબે'દારી કરવી જરૂરી છે. જે પ્રમાણે કુર્આન અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થયું, ઠીક એ જ પ્રમાણે તેને પઢવું જરૂરી છે. પોતાના તરફથી કોઈ શબ્દ અથવા તેની શૈલી વગેરેમાં સુધારો-વધારો અથવા ફેર-બદલ કરવાની પરવાનગી નથી. ઈમામ રાગિબ અસ્ફહાનીએ "મુફરદાત"માં ફરમાવ્યું છે કે, અલ્લાહના કલામ સિવાય કોઈ બીજી કિતાબ પઢવાને સામાન્ય બોલચાલની ભાષામાં "તિલાવત" કહેવામાં આવશે નહીં.

وَيُعَلِّمُهُمُ الْكِتٰبَ وَالْحِكْمَةَ અત્રે કિતાબનો અર્થ અલ્લાહની કિતાબ છે અને અલ્‌હિકમહ્ الحكمة નો શબ્દ અરબી શબ્દકોષ પ્રમાણે કેટલાય અર્થો ધરાવે છે. "સાચી વાતને જાણી લેવી," "ન્યાય અને ઈન્સાફ," "જ્ઞાન અને કોઠાસૂઝ," "ડહાપણ" વગેરે. ઈમામ રાગિબ અસ્ફહાની (રહ.) લખે છે કે, આ શબ્દ જ્યારે અલ્લાહ તઆલા માટે બોલવામાં આવે છે ત્યારે તેનો અર્થ અલ્લાહની સંપૂર્ણ મઅ્‌રિફત (પરિચય) અને તેના અસ્તિત્વના સંપૂર્ણ હેતુને પામી લેવાનો થાય છે અને જ્યારે આ શબ્દ અલ્લાહ સિવાય કોઈ અન્ય માટે બોલવામાં આવે તો તેને પ્રસ્તુત વસ્તુની મઅ્‌રિફત અને નેક અમલો કહેવામાં આવે છે. શયખુલ હિન્દના તરજુમામાં તેને "તેહ કી બાતેં" (તળિયાની વાતો-અંદરની વાતો) દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. હિકમત શબ્દ અરબી ભાષામાં અનેક અર્થો માટે બોલવામાં આવે છે. જેમકે "સાચું ઈલ્મ," "નેક અમલ," "ન્યાય અને ઈન્સાફ," "સાચું નિવેદન" વગેરે.

(કામૂસ અને રાગિબ)

આ આયતમાં શબ્દ હિકમતથી શું મુરાદ છે? મુફસ્સિર સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) જેઓ કુર્આનના અર્થો અને તેનો ખુલાસો આપ ﷺ પાસેથી શીખ્યા હતા તેમના આ સ્થળે "હિકમત"નો અર્થ કરવાના શબ્દો જો કે અલગ - અલગ છે પરંતુ દરેકનો ખુલાસો એક જ છે. એટલે કે "રસૂલુલ્લાહ ﷺની સુન્નત." ઈમામ ઈબ્ને કષીર અને ઈબ્ને જરીર (રહ.)એ હઝરત કતાદાહ (રદિ.)થી આ જ તફસીર નકલ કરી છે. કોઈએ હિકમતને કુર્આનની તફસીર કહી

છે તો કોઈએ દીનનો ભાવાર્થ કહ્યો છે, કોઈએ ઈલ્મ તો કોઈએ શરીઅતના હુકમો કહ્યા છે, કોઈએ અલ્લાહના એવા હુકમો કહ્યા છે જેનું જ્ઞાન રસૂલ ﷺ દ્વારા જ થઈ શકે છે. દેખીતું છે કે આ બધાનો હેતુ એક જ છે અને તે છે, "હદીષ અને રસૂલે કરીમ ﷺની સુન્નત."

શબ્દ وَيُزَكِّيهِمْ પાકીઝગીના અર્થમાં છે, જેનો અર્થ છે "પવિત્રતા અને સ્વચ્છતા." આ શબ્દ બાહ્ય તથા આંતરિક બધી જ સ્વચ્છતા અને પવિત્રતા માટે બોલવામાં આવે છે.

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત ખુલાસાથી આયતનો અર્થ સ્પષ્ટ થઈ ગયો. હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાની આવનારી પેઢીઓ માટે દુનિયા અને આખિરતની સફળતા માટે અલ્લાહ તઆલાથી એવી દુઆ કરી કે, "મારી ઔલાદમાંથી એક રસૂલ મોકલી આપ, જે તેમને તારી આયતો તિલાવત કરીને સંભળાવે અને કુર્આન તથા સુન્નતનું શિક્ષણ આપે અને તેમને જાહેર તથા આંતરિક ગંદકીથી પાક (પવિત્ર) કરે." તેમાં હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ તે રસૂલ પોતાની ઔલાદમાંથી હોવાની દુઆ કરી. પ્રથમ તો તે પોતાની ઔલાદ માટે ઘણી ખુશકિસ્મતી અને પ્રતિષ્ઠાની વાત છે, બીજો એક ફાયદો તે લોકોના માટે એ પણ છે કે, રસૂલ જ્યારે તેમની કૌમ અને તેમની જાતિમાંથી જ હશે તો લોકો તેમની ચાલ–ચલગત, ચારિત્ર્ય તથા અખ્લાકથી ખૂબ જ વાકિફ હશે, પરિણામે લોકો કોઈ ધોકાબાજી કે દગાબાજીમાં સપડાશે નહીં. હદીષમાં છે કે, "હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની આ દુઆનો જવાબ અલ્લાહ તઆલા તરફથી એવો મળ્યો કે, તેમની દુઆ કબૂલ કરવામાં આવી અને તે રસૂલ મુહમ્મદ મુસ્તફા ﷺ છેલ્લા યુગમાં (નબી બનાવીને) મોકલવામાં આવ્યા."

(ઈબ્ને જરીર અને ઈબ્ને કષીર)

આપ ﷺની પ્રતિષ્ઠા અને વિશેષતા :

મુસ્નદે અહમદની એક હદીષમાં છે, આપ ﷺએ ફરમાવ્યું કે, "હું અલ્લાહ સમક્ષ ખાતમુન્નબિય્યિન (નબીઓના સિલસિલાને ખતમ કરનાર છેલ્લી કડી) ત્યારે પણ હતો, જ્યારે કે હજુ હઝરત આદમ (અલૈ.) પૈદા પણ થયા ન

હતા બલકે, તેમનું ખમીર (માટીનો ગાળો) તૈયાર થઈ રહ્યું હતું. હે લોકો ! હું તમને મારી શરૂઆત વિશે બતાવું છું કે, હું આપણા બાપ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની દુઆ અને હઝરત ઈસા (અલૈ.)ની ખુશખબરી અને મારા વાલિદહ-માજિદહ (માતા)ના સ્વપ્નની નિશાની છું.'' ઈસા (અલૈ.)ની ખૂશખબરીનો અર્થ તેમનો આ કૌલ છે مُبَشِّرًا بِرَسُوْلٍ يَّأْتِىْ مِنْ بَعْدِى اسْمُهٗ اَحْمَدُ ''હું ખુશખબરી આપવા આવ્યો છું તે પયગમ્બર (ﷺ)ની જે મારા પછી આવવાના છે, જેમનું નામ અહમદ હશે.'' (૬૧:૬) અને આપ ﷺના વાલિદાએ આપ ﷺના ગર્ભની હાલતમાં એવું સ્વપ્ન જોયું હતું કે, મારા પેટમાંથી એક નૂર (પ્રકાશ) નીકળ્યું અને તેનાથી શામ (સીરિયા)ના મહોલ્લાઓ ઝગમગી ઊઠયા, પછી કુર્આનમાં આપ ﷺની બઅષતના વર્ણન દ્વારા બે જગ્યાએ સૂરએ આલે ઈમ્રાન આયત નં. ૧૬૪ અને સૂરએ જુમ્અહ દ્વારા તેમના જ શબ્દોને સમર્થન આપવામાં આવ્યું છે, જે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની દુઆમાં અત્રે પ્રસ્તુત છે. જેમાં તે વાત તરફ ઈશારો છે કે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ જે રસૂલને મોકલવાની દુઆ કરી હતી તે આપ ﷺ જ છે. આયતના શબ્દોના ખુલાસા અને તેના અર્થ સ્પષ્ટ થઈ ગયા પછી તેના ઉપર ચિંતન કરો તો હકીકત છતી થઈ જશે.

આપ ﷺ ની બઅષતના ત્રણ હેતુઓ :

સૂરએ બકરહની આ આયતમાં અને સૂરએ આલે ઈમ્રાન તથા સૂરએ જુમ્અહની આયતમાં આપ ﷺનું વર્ણન એક જ વિષયે, એક જ સ્વરૂપે અને એક જ પ્રકારના શબ્દોમાં આવ્યું છે, જેમાં આપ ﷺનો આ દુનિયામાં આવવાનો હેતુ, આપ ﷺની નુબુવ્વતનો ઉલ્લેખ અને રિસાલતની ત્રણ ફરજોનું વર્ણન કરવામાં આવ્યું છે. જે ત્રણ ફરજો આ પ્રમાણે છે. પહેલો ફરજ આયતોની તિલાવત, બીજો ફરજ કિતાબ અને હિકમતનું શિક્ષણ અને ત્રીજો ફરજ લોકોના અખ્લાકની સુધારણા.

પ્રથમ હેતુ આયતોની તિલાવતઃ

અહીંયાં પ્રથમ બાબત ધ્યાન આપવા યોગ્ય છે કે, તિલાવતનો સંબંધ શબ્દોથી છે અને શિક્ષણનો સંબંધ શબ્દોના અર્થો સાથે છે. અહીંયાં તિલાવત અને શિક્ષણને અલગ અલગ વર્ણન કરવાથી એ સ્પષ્ટ થયું કે, જે રીતે કુર્આન શરીફનો

એક હેતુ તેની તિલાવત કરવાનો છે, તે જ રીતે કુર્આન શરીફનો એક હેતુ તેના શબ્દોના અર્થો ગ્રહણ કરવાનો છે, આમ કુર્આનના શબ્દો પણ એક આગવી બાબત છે. તેની તિલાવત કરવી અને તેનું રક્ષણ કરવું પણ ફરજ અને એક મહત્ત્વની ઈબાદત છે. અહીંયાં એ બાબત પણ ધ્યાન આપવા યોગ્ય છે કે, આપ ﷺના શાગિર્દો સીધે-સીધા અલ્લાહના રસૂલ ﷺ દ્વારા સંબોધિત થનારા તે ખાસ લોકો હતા જેઓ અરબી ભાષા ખૂબ સારી રીતે જાણતા હતા બલકે, તેની મૌલિકતા અને સાહિત્યિક ઉતાર-ચઢાવથી પણ વાકિફ હતા. અરબી ભાષાના ગદ્ય, પદ્ય તથા વ્યાકરણના નિષ્ણાત હતા, ઉપરાંત તેઓ કવિઓ પણ હતા. તેમની સામે સ્વાભાવિકપણે ફક્ત અરબીમાં કુર્આન પઢી જવું જ પૂરતું હતું. તેમને અલગથી તરજુમો અને તફસીરની જરૂરત ન હતી, તે છતાં આયતોની તિલાવત એક અલગ સ્વરૂપે અને તેના અર્થોનું શિક્ષણ એક અલગ સ્વરૂપે આ પ્રમાણે રિસાલતના બે ભિન્ન-ભિન્ન હેતુઓ નક્કી કરવાની શું જરૂર હતી ? જ્યારે કે અમલ માટે આ બંને હેતુઓ એક જ થઈ જાય છે ! જો તેમાં વિચાર કરવામાં આવે તો બે મહત્ત્વના પરિણામો આપની સમક્ષ આવશે. પ્રથમ એ કે કુર્આન શરીફ બીજી કિતાબો અને પુસ્તકોની જેમ એક કિતાબ કે પુસ્તક માત્ર નથી, દુનિયવી પુસ્તકોમાં ફક્ત અર્થ સમજાવવાનો હેતુ હોય છે અને શબ્દો એક અલગ હૈસિયત ધરાવતા હોવા છતાં તેમાં જો થોડી ઘણી મા'મૂલી પણ ફેરબદલ થઈ જાય તો કોઈ વાંધો સમજવામાં આવતો નથી. એ જ પ્રમાણે દુનિયવી પુસ્તકોના શબ્દોના અર્થ સમજ્યા વિના પઢતા રહેવું બિલકુલ વ્યર્થ અને ફુઝૂલ ગણાય છે. તેનાથી વિપરીત કુર્આન શરીફમાં જે રીતે અર્થો હેતુપૂર્ણ છે, એ જ પ્રમાણે શબ્દો પણ હેતુપૂર્ણ છે અને કુર્આનના શબ્દો સાથે શરીઅતના ખાસ-ખાસ હુકમો પણ સંબંધ ધરાવે છે. એ જ કારણથી ફિક્હના કાયદાઓમાં કુર્આનની આ વ્યાખ્યા કરવામાં આવી છે કે, هُوَ النَّظْمُ وَالْمَعْنٰى جَمِيْعًا અર્થાત્ "કુર્આન નામ છે, શબ્દો અને અર્થો બંનેનું." આ બાબતથી સ્પષ્ટ થઈ ગયું કે જો કુર્આનના અર્થોને કુર્આનના શબ્દો સિવાય અન્ય શબ્દોમાં અથવા બીજી ભાષામાં લખવામાં આવે તો તે કુર્આન કહેવાને પાત્ર નથી. દાખલા તરીકે, જો વિષય બિલકુલ સાચો અને બરાબર હોય તથા કુર્આનના આ જ વિષયને કોઈ વ્યક્તિ કુર્આનના મૂળ અરબી શબ્દોના બદલે નમાઝમાં સમાન અર્થવાળા શબ્દો પઢી લે તો નમાઝ અદા નહીં થાય. એ જ પ્રમાણે આ

સમાનાર્થી શબ્દોને તે તમામ હુકમો જે કુર્આનના મૂળ અરબી મતન (શબ્દો-લિપી)ના છે તે લાગુ નહીં પડે. કુર્આન શરીફની તિલવાતનો જે સવાબ સહીહ હદીષોમાં નકલ કરવામાં આવ્યો છે, તે અન્ય ભાષાઓના તરજુમા અને શબ્દો ઉપર લાગુ નહીં પડે અને ઉમ્મતના ફકીહોએ કુર્આન શરીફના ફક્ત તરજુમાને કુર્આન શરીફની મૂળ અરબી લિપી સિવાય લખવા અને છાપવાની પણ મનાઈ કરી છે. જેને સામાન્ય બોલચાલની ભાષામાં ઉર્દૂનું કુર્આન શરીફ, અંગ્રેજીનું કુર્આન શરીફ કહેવામાં આવે છે પરંતુ વાસ્તવમાં જે કુર્આન ઉર્દૂ અથવા અંગ્રેજીમાં માત્ર તરજુમો લખાયો હોય તે કુર્આન કહેડાવવાને પાત્ર નથી.

ખુલાસો એ થયો કે આ આયતમાં રસૂલ ﷺના હોદ્દાની ફરજોમાં કિતાબનું શિક્ષણ અને આયતોની તિલાવત બંને અલગ-અલગ રીતે ફરજ કરવામાં આવ્યું અને તેનાથી તે બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો કે, કુર્આન શરીફમાં જેવી રીતે તેના અર્થો અને તરજુમો હેતુપૂર્ણ છે, એવી જ રીતે તેના શબ્દો પણ આગવું સ્થાન ધરાવે છે. કારણ કે, તિલાવત શબ્દોની થાય છે અર્થો કે તરજુમાની નહીં. એટલા માટે જે પ્રમાણે રસૂલ ﷺના નુબુવ્વતના હોદ્દાની ફરજોમાં કુર્આનના અર્થોનું શિક્ષણ સામેલ છે એવી જ રીતે શબ્દોની તિલાવત અને તેનું રક્ષણ પણ એક આગવી ફરજ છે. તેમાં કોઈ શંકા નથી કે કુર્આન શરીફ નાઝિલ થવાનો અસલી હેતુ તેના બતાવ્યા પ્રમાણેના જીવન બંધારણ ઉપર અમલ કરવો અને તેના શિક્ષણને સમજવું તથા સમજાવવું છે. ફક્ત તેના શબ્દો રટી લેવાને પૂરતું સમજી લેવું અને તેને યાદ કરીને બેસી જવું ખરા અર્થમાં કુર્આન શરીફથી નાવાકિફિય્યત (અજ્ઞાનતા) અને તેની નાકદરી છે.

કુર્આન શરીફના શબ્દો જો સમજ્યા વગર પઢવામાં આવે તો પણ મોટો સવાબ મળે છે :

કુર્આનની તિલાવત બાબતે આમ કહેવું પણ કોઈ રીતે યોગ્ય નથી કે, જ્યાં સુધી કુર્આન શરીફના શબ્દોના અર્થ સમજવામાં ન આવે અને ફક્ત તેના શબ્દોને પોપટની જેમ રટવામાં આવે તો તે વ્યર્થ છે. આ બાબત હું એટલા માટે સ્પષ્ટ કરી રહ્યો છું કે, વર્તમાન સમયમાં કેટલાય લોકો કુર્આન શરીફને બીજા પુસ્તકો જેવું ગણીને એવું સમજવા લાગ્યા છે કે, જ્યાં સુધી કિતાબનો અર્થ સમજવામાં ન આવે તેના શબ્દોને પઢવું સમય બરબાદ કરવા બરાબર છે. કુર્આન શરીફ બાબતે

તેમનો આ અભિપ્રાય ખરો નથી, કારણ કે, કુર્આન શરીફ શબ્દો અને અર્થો બંનેનું નામ છે. જેવી રીતે તેના અર્થોને સમજવા અને તેના આપેલા હુકમો ઉપર અમલ કરવો ફરજ અને મોટી ઈબાદત છે, એ જ પ્રમાણે તેના શબ્દોની તિલાવત પણ એક આગવી ઈબાદત અને મોટો સવાબ છે.

બીજો મકસદ (હેતુ) કિતાબ (કુર્આન)નું શિક્ષણ :

રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) જેઓ કુર્આનના અર્થોને સૌથી વધુ જાણનારા અને સમજનારા હતા, તેમણે ફક્ત અર્થ સમજી લેવાને અને અમલ કરી લેવાને પૂરતું ન સમજ્યું. સમજવા અને અમલ કરવા માટે તો એક વખતે પઢી લેવું પણ બસ હતું, પરંતુ તેમણે આખી જિંદગી કુર્આન શરીફની તિલાવતને પોતાના જીવનનો એક અંશ અને ભાગ બનાવી લીધો. બલકે, સહાબએ કિરામ (રદિ.) દરરોજ એક કુર્આન શરીફ ખતમ કરતા હતા, અમુક બે દિવસમાં અને અમુક લોકો ત્રણ દિવસમાં કુર્આન શરીફ પૂરું કરવાની ટેવ ધરાવતા હતા અને અઠવાડિયામાં એકવાર કુર્આન શરીફ ખતમ કરવાનો રિવાજ તો આખી ઉમ્મતમાં હતો. કુર્આને કરીમની સાત મંઝિલો આ રિવાજની નિશાની છે. રસૂલ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)નો આ અમલ સાબિત કરે છે કે, જેવી રીતે કુર્આન શરીફના અર્થોને સમજવા અને તેના ઉપર અમલ કરવો અસલી ઈબાદત છે, એવી જ રીતે તેના શબ્દોની તિલાવત કરવી પણ આપમેળે એક આગવી ઈબાદત છે. તે નૂર (પ્રકાશ), બરકતો, ખૂશનસીબી અને છુટકારાનું માધ્યમ પણ છે. રસૂલે કરીમ ﷺના હોદ્દાની ફરજોમાં આયતોની તિલાવત એક આગવા સ્વરૂપની ફરજ હતી. મકસદ (હેતુ) એ હતો કે જે મુસલમાનો અત્યારે કુર્આનના અર્થો સમજતા નથી તેઓ એવી બદનસીબીમાં ન ફસાઈ જાય કે, શબ્દોને વ્યર્થ સમજીને તેનાથી પણ મહરૂમ (વંચિત) થઈ જાય. જો કે, કોશિષ કરતા રહેવું જરૂરી છે કે, તેઓ કુર્આનના અર્થોને સમજે, જેથી કુર્આન શરીફની વાસ્તવિક બરકતો અને નૂરને પામી શકે તથા કુર્આન નાઝિલ થવાનો અસલી હેતુ પૂર્ણ થાય અને કુર્આનને નઊઝુબિલ્લાહ જંતર–મંતરની જેમ ફક્ત ઝાડ–ફૂંકમાં ઉપયોગ કરવાની વસ્તુ બનાવવામાં ન આવે ! અલ્લામહ ઈકબાલના શબ્દોમાં કહીએ તો સૂરએ યાસીનને ફક્ત એ કામ માટે જ ન સમજવામાં આવે કે, તેનાથી મરનારનો જીવ નીકળવામાં સહેલાઈ થાય છે !

ખુલાસો એ છે કે, આ આયતમાં રસૂલે કરીમ ﷺના મનસબે નુબુવ્વતની (નબીના હોદ્દાની રૂએ) ફરજો બયાન કરીને આયતોની તિલાવતને એક આગવી ફરજનું સ્વરૂપ આપ્યું અને તાકીદ કરવામાં આવી કે, કુર્આન શરીફના શબ્દોની તિલાવત કરવી, તેનું રક્ષણ કરવું, તેને તે જ શૈલી અને પદ્ધતિથી પઢવું જેના ઉપર તે નાઝિલ થયું છે, એક મુસ્તકિલ (આગવી) ફરજ છે. આયતોની તિલાવત કરવાની ફરજ સાથે સાથે કિતાબની તા'લીમને પણ એક આગવી ફરજ ઠરાવવામાં આવી છે. હવે, આ બાબતનો ખુલાસો એ થયો કે, માત્ર અરબી ભાષા જાણી લેવાથી કુર્આન સમજમાં આવી જવું જોઈએ એ જરૂરી નથી. બલકે, તેના માટે રસૂલે કરીમ ﷺની તા'લીમ જરૂરી છે. જેવી રીતે કે બધા જ પ્રકારના જ્ઞાન અને કળાની બાબતમાં સાબિત થયેલ છે કે, કોઈ પણ કળાને કે જ્ઞાનને તે કળા કે જ્ઞાનનું પુસ્તક વાંચી લેવાથી અથવા તો પોતે જાણતા હોય એવી ભાષાના અર્થો જાણી લેવાથી તે કળા કે શિક્ષણ આવડી જતું નથી. જ્યાં સુધી કે, કોઈ વ્યક્તિ દ્વારા તે કળા કે જ્ઞાનના નિષ્ણાત શિક્ષક પાસેથી તેને ઔપચારિક રીતે શીખવામાં ન આવે. દાખલા તરીકે, આધુનિક યુગમાં ડૉક્ટરીમાં હૉમિયોપેથિક, ઍલોપેથિક વગેરે અભ્યાસક્રમના પુસ્તકો અંગ્રેજી ભાષામાં મળે છે. હવે, ફક્ત અંગ્રેજી ભાષા શીખીને કોઈ ડૉક્ટરીના આ પુસ્તકો વાંચી લે, તો તે ડૉક્ટર નહીં બની શકે. ઍન્જિનિયરીંગના પુસ્તકો વાંચી લેવાથી કોઈ ઍન્જિનિયર નથી બની શકતું. મોટી મોટી વિદ્યાશાખાઓની વાત તો બાજુએ રહી. રાત-દિવસના મા'મૂલી કામો પણ કોઈના શીખવ્યા વગર નથી આવડી શકતા. આજે તો દરેક ઉદ્યોગ અને કળાના સેંકડો પુસ્તકો લખવામાં આવે છે, ફોટા દ્વારા માર્ગદર્શન આપીને શીખવવામાં આવે છે, તેની પદ્ધતિ શીખવવામાં આવે છે, પરંતુ આ પુસ્તકો વાંચીને ન તો કોઈ દરજી બની શકે છે, ન જ કડિયો, બબરચી કે લુહાર ! મતલબ કે ફક્ત ભાષા જાણી લેવાથી અને તેના પુસ્તકો વાંચી લેવાથી કોઈ કળા કે જ્ઞાનના નિષ્ણાત નથી બની શકાતું. જો ફક્ત ભાષા કે પુસ્તકો જાણી લેવું પૂરતું હોત તો દરેક વ્યક્તિને તે બધી જ કળાઓ આવડી ગઈ હોત જે કળા વિશે લખાયેલા પુસ્તકોની ભાષા જાણીને તે પુસ્તકો વાંચે છે. હવે, દરેક વ્યક્તિ વિચાર કરી શકે છે કે, મા'મૂલી કળા શીખવા માટે પણ અને તેને સમજવા માટે પણ ફક્ત ભાષાથી કામ ચાલી શકતું નથી. બલકે, કાયદેસરનું ઔપચારિક શિક્ષણ તે કળાના નિષ્ણાત શિક્ષક

પાસેથી લેવું જરૂરી હોય છે, તો પછી કુર્આનના વિષયો કે જે અલ્લાહનું જ્ઞાન છે, જેમાં સૃષ્ટિની રચનાથી લઈ ફિલોસોફીના તે બધા જ ઊંડાણપૂર્વકના જ્ઞાન અને ઈલ્મ સમાયેલા છે, જે માનવ જીવનના બંધારણથી લઈ તેના જીવનના અસ્તિત્વના અર્થ સાથે સંબંધ ધરાવે છે, તે માત્ર અરબી ભાષા જાણી લેવાથી કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે ! અને જો એવું જ હોય કે, જે વ્યક્તિ માત્ર અરબી ભાષા શીખી લે તેને કુર્આનના રહસ્યો, ગૂઢાર્થો અને તેની મઅ્‌રિફતનો નિષ્ણાત સમજી લેવામાં આવે તો આજે હજારો યહૂદીઓ અને નસ્રાની લોકો અરબ દેશોમાં અરબી ભાષાના નિષ્ણાત અને સાહિત્યકારો છે, તે બધાને કુર્આનના મુફસ્સિર માની લેવામાં આવ્યા હોત ! અને આપ ﷺના સમયકાળમાં અબૂજહલ અને અબૂલહબને પણ કુર્આનના નિષ્ણાત માની લેવામાં આવ્યા હોત ! કારણ કે, તેઓ પણ અરબી ભાષા જાણતા હતા. (અસ્તગફિરૂલ્લાહ!)

મતલબ કે કુર્આન શરીફે એક બાજુ તો રસૂલુલ્લાહ ﷺની ફરજોમાં આયતોની તિલાવતને એક આગવો ફરજ બતાવ્યો અને બીજી બાજુ તેની તા'લીમ આપવાને એક બીજો આગવો ફરજ ઠરાવ્યો. એનો અર્થ એ થયો કે ફક્ત શબ્દોની તિલાવત કરીને અથવા સાંભળી લઈને અરબી જાણનારા લોકો પણ રસૂલુલ્લાહ ﷺની તા'લીમ વિના કુર્આનને સમજી શકતા નથી. તેનો સાચો અર્થ અને તા'લીમ તો રસૂલ ﷺના શિક્ષણ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. રસૂલુલ્લાહ ﷺની તા'લીમથી અળગા રહી આપમેળે કુર્આન શરીફને માત્ર અરબી ભાષાના જ્ઞાન દ્વારા કે ફક્ત તરજુમો જ વાંચીને સમજી લેવાની કલ્પનામાં રાચવું નર્યું ગાંડપણ છે. જો કુર્આનના વિષયોને શીખવવાની જરૂરત જ ન હોત તો રસૂલો મોકલવાની શું જરૂરત હતી ?! અલ્લાહની કિતાબ કોઈ બીજી રીતે પણ મનુષ્યો સુધી મોકલી દેવામાં આવી હોત ! પરંતુ અલ્લાહ તઆલા "અલીમ" (સર્વજ્ઞ) અને "હલીમ" છે. તે જાણે છે કે, કુર્આનના વિષયોના શિક્ષણ અને તેની સમજણ માટે દુનિયાની બીજી કળાઓ અને જ્ઞાનથી વધારે શિક્ષણ આપનાર શિક્ષકની જરૂર છે અને અહીંયાં કોઈ સામાન્ય ઉસ્તાદથી કામ ચાલે એમ નથી, બલકે, આ વિષયોનો ઉસ્તાદ ફક્ત તે જ માણસ હોઈ શકે છે, જેને અલ્લાહ તઆલા તરફથી વહીના માધ્યમ દ્વારા અલ્લાહ સાથે સીધો સંપર્ક હોવાની પ્રતિષ્ઠા પ્રાપ્ત હોય, જેને ઈસ્લામની વ્યાખ્યામાં નબી અને રસૂલ કહેવામાં આવે છે ! એટલા માટે કુર્આન

શરીફમાં અર્થો અને હુકમોની વ્યાખ્યા કરીને વર્ણન થયું. ઈરશાદ છે, لِتُبَيِّنَ لِلنَّاسِ مَا نُزِّلَ اِلَيْهِمْ "અમે તમને એટલા માટે મોકલ્યા છે કે, તમે લોકો સામે અલ્લાહની નાઝિલ કરેલી આયતોનો અર્થ વર્ણન કરો." (૧૬:૪૪)

કિતાબના શિક્ષણની સાથે સાથે આપ ﷺના ફરજોમાં બીજી વસ્તુ હિકમત (ડહાપણ) પણ મૂકવામાં આવી છે અને જેમકે ઉપર વર્ણન થઈ ચૂક્યું કે "હિકમત"ના અરબી ભાષામાં અનેક અર્થો થઈ શકે છે. પરંતુ આ આયતમાં અને તેની સમાનાર્થી બીજી આયતમાં સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)એ હિકમતની તફસીર "રસૂલ ﷺની સુન્નત" કરી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે, રસૂલ ﷺની જવાબદારી જે રીતે કુર્આનના અર્થો સમજાવવાની અને બતાવવાની છે તે જ પ્રમાણે પયગમ્બરોનું જીવનચરિત્ર પણ એક પ્રકારનું પ્રક્ટિકલ શિક્ષણ છે, તેને સુન્નત કહેવામાં આવે છે અને આ જીવનનો નમૂનો પેશ કરવો પણ આપ ﷺના હોદ્દાની ફરજોમાં શામિલ છે. આપ ﷺએ ફરમાવ્યું કે, اِنَّمَا بُعِثْتُ مُعَلِّمًا "મને મુઅલ્લિમ (શિક્ષક) બનાવીને મોકલવામાં આવ્યો છે." દેખીતું છે કે, જ્યારે આપ ﷺના અસ્તિત્વનો હેતુ જ સમગ્ર ઉમ્મતના શિક્ષક તરીકેનો હોય તો આપની ઉમ્મતના અસ્તિત્વનો હેતુ વિદ્યાર્થી અને શીખનારનો હોવો જોઈએ. જેને આપ ﷺના શિક્ષણની લગની લાગી હોય તે આ ક્ષેત્રમાં નિપૂણ બની શકે છે. જો કુર્આન અને સુન્નતના ઈલ્મને સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરવાની અને તેમાં નિષ્ણાત થવાની હિંમત અને ફુરસદ ન હોય તો કમ અજ કમ જરૂરી ઈલ્મ હાસિલ કરવાની ફિકર જરૂર કરવી જોઈએ.

ત્રીજો ફરજ હેતુ : સુધારણા :

આપ ﷺની હોદ્દાની ફરજોમાની એક "તઝકીયા" (પવિત્ર કરવું) પણ છે, જેનો અર્થ છે "બાહ્ય અને આંતરિક નાપાકીઓ અને ગંદકીઓથી મનુષ્યને પાક કરવો." જાહેર નાપાકીઓથી તો મુસલમાનો સારી પેઠે વાકિફ છે. કુફ્ર, શિર્ક, અલ્લાહ સિવાય અન્યો પર સંપૂર્ણ શ્રદ્ધા અને આસ્થા, ગલત અકીદાઓ, તકબ્બુર, મિથ્યાભિમાન, અદેખાઈ, કીનો, કપટ, દુનિયાની મહોબ્બત વગેરે વગેરે બાતિની (આંતરિક) નાપાકીઓ છે. જો કે શૈક્ષણિક રીતે કુર્આન અને સુન્નતના શિક્ષણમાં આ બધી વાતોનું વર્ણન આવી ચૂક્યું છે, પરંતુ તઝકીયાને

આપ ﷺનો એક આગવો ફરજ નક્કી કરવામાં આવ્યો છે અને એ બાબત તરફ ઈશારો કરવામાં આવ્યો છે, જે પ્રમાણે કોઈ કલાના ફક્ત શબ્દો સમજવાથી તે કલા પ્રાપ્ત નથી થતી, એ જ પ્રમાણે માત્ર વૈચારિક રીતે પણ કોઈ કલા પ્રાપ્ત થઈ જવાથી તેનો ઉપયોગ અને તેનો લાભ પ્રાપ્ત નથી થતો, જ્યાં સુધી કે કોઈ અનુભવી અને નિષ્ણાત વ્યક્તિની દેખરેખ હેઠળ આ કલાની પ્રેક્ટિસ કરી લેવામાં ન આવે. જેવી રીતે સુલૂક અને તસવ્વુફમાં શૈખે કામિલની ફરજ છે કે પોતાના મુરીદને કુર્આન અને સુન્નતના હુકમો ઈલ્મી રીતે બતાવે પછી તે હુકમો અમલી રીતે પૂરા કરવાની આદત પાડવામાં આવે.

હિદાયત અને અખ્લાક સુધારણાના બે સિલસિલાઓ (સ્ત્રોતો) એક "કિતાબુલ્લાહ" અને બીજો "રિજાલુલ્લાહ" :

હવે, આ સિલસિલા (સ્ત્રોતો)ની બે વાતો વિચારવા યોગ્ય છે. પ્રથમ એ કે અલ્લાહ જલ્લ શા'નહુએ શરૂઆતથી મનુષ્યની હિદાયત (માર્ગદર્શન) અને સુધારણા માટે હંમેશા દરેક યુગમાં પ્રથમ નબીથી અંતિમ નબી આપ ﷺ સુધી બે સિલસિલા (ક્રમ) ચાલુ રાખ્યા છે, એક આસમાની કિતાબનો અને બીજો તેનું શિક્ષણ આપનારા રસૂલોનો. જેવી રીતે ફક્ત કિતાબ નાઝિલ કરી દેવાને પૂરતું સમજવામાં આવ્યું નથી, એવી જ રીતે ફક્ત રસૂલોને મોકલી દેવાને પણ પૂરતું ગણ્યું નથી. બલકે, અલ્લાહે બંને સિલસિલા બરાબર ચાલુ રાખ્યા. અલ્લાહ જલ્લ શા'નહુની આદત (સુન્નતુલ્લાહ) મુજબ અને કુર્આન શરીફની સાક્ષીથી સાબિત થયા પ્રમાણે પ્રત્યેક યુગમાં કૌમોની સુધારણા અને છુટકારા માટે અલ્લાહે આ બંને સિલસિલાઓને સમાન રીતે ચાલુ રાખીને એક મોટા જ્ઞાનનો દરવાજો ખોલી આપ્યો કે, મનુષ્યના સાચા શિક્ષણ અને કેળવણી માટે ન ફક્ત કિતાબ પૂરતી છે અને ન જ કોઈ કેળવણીકાર વ્યક્તિ ! બલકે, એક બાજુ આસમાની હિદાયત અને ઈલાહી કાનૂનની જરૂર છે, જેનું નામ કિતાબ અથવા કુર્આન છે અને બીજી બાજુ એક શિક્ષક અને કેળવણીકાર વ્યક્તિની પણ જરૂર છે, જે પોતાના શિક્ષણ અને કેળવણી દ્વારા સામાન્ય માણસોને આસમાની હિદાયતથી લાભાન્વિત કરી તેમને તેના તાબે'દાર બનાવે. કારણ કે, વહીના જ્ઞાનની શિક્ષણ પ્રક્રિયામાં મનુષ્યનો અસલી શિક્ષક અલ્લાહ દ્વારા નિમવામાં આવેલ ખાસ વ્યક્તિ જ બની શકે છે.

કોઈ કિતાબ કેળવણીકાર શિક્ષક ન બની શકે. હા ! તા'લીમ અને કેળવણીમાં તે મદદરૂપ જરૂર થઈ શકે છે.

આ જ કારણ છે કે જે પ્રમાણે ઈસ્લામની શરૂઆત એક કિતાબ અને રસૂલથી થઈ અને એ બંનેના મિશ્રણથી એક સત્ય અને શ્રેષ્ઠ ઉચ્ચ કક્ષાનો સમાજ દુનિયામાં અસ્તિત્વમાં આવ્યો, એવી જ રીતે આગળ આવનારી નસ્લો માટે પણ એક બાજુ પવિત્ર શરીઅત અને બીજી બાજુ રિજાલુલ્લાહ (અલ્લાહવાળાઓ)નો ક્રમ ચાલુ રહ્યો. કુર્આન શરીફમાં અનેક ઠેકાણે તેની હિદાયતો આપવામાં આવી છે. એક જગ્યાએ ઈરશાદ છે,

يَـٰٓأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ ط

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને સાચાઓની સાથે રહો." (૯:૧૧૯)

બીજી જગ્યાએ સાચાઓના વખાણ અને તેમના લક્ષણો વર્ણન કરીને ફરમાવ્યું,

اُولٰٓئِكَ الَّذِيْنَ صَدَقُوْا وَ اُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ ط

"અને આ જ તે લોકો છે જેઓ સાચા છે અને તેઓ જ પરહેઝગાર છે." (૨:૧૭૭)

આખા કુર્આન શરીફનો ખુલાસો સૂરએ ફાતિહા છે અને સૂરએ ફાતિહાનો ખુલાસો "સિરાતે મુસ્તકીમ"ની હિદાયત છે. અલ્લાહ તઆલાએ અમુક અલ્લાહવાળા લોકોની ઓળખ તેમની ખાસિયતો અને લક્ષણો દ્વારા આપી દીધી છે, જેના દ્વારા "સિરાતે મુસ્તકીમ" પ્રાપ્ત કરવામાં આવે છે.

صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ لَا الضَّآلِّيْنَ ○

"સિરાતે મુસ્તકીમ (સીધો માર્ગ) તે લોકોનો માર્ગ છે જેના ઉપર અલ્લાહ તઆલાનું ઈનામ થયું છે, ન કે તે લોકોનો જેઓ માર્ગ ભટકી ગયા છે." (૧:૭)

બીજી જગ્યાએ તેઓની વધારે ચોક્કસ નિશાની આપી કુર્આનમાં વર્ણન કરવામાં આવ્યું કે,

فَاُولٰٓئِکَ مَعَ الَّذِیۡنَ اَنۡعَمَ اللّٰهُ عَلَیۡهِمۡ مِنَ النَّبِیّٖنَ وَالصِّدِّیۡقِیۡنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِیۡنَ،

"જે લોકો ઉપર અલ્લાહનું ઈના'મ થયું, અંબિયા (અલૈ.), અને સાચાઓ, અને શહીદો અને નેક લોકો (નીતિવાનો)." (૪:૬૯)

એ જ પ્રમાણે રસૂલે કરીમ ﷺએ પોતાની હયાતી પછી અમુક ખાસ લોકોના નામો નક્કી કરી દીની બાબતોમાં તેમની તાબે'દારી કરવાની હિદાયત ફરમાવી. તિરમિઝીની શરીફની સહીહ હદીષ છે,

یَاۤاَیُّهَاالنَّاسُ اِنِّیۡ تَرَکۡتُ فِیۡکُمۡ مَااِنۡ اَخَذۡتُمۡ بِهٖ لَنۡ تَضِلُّوۡا کِتَابَ اللّٰهِ وَعِتۡرَتِیۡ اَهۡلَ بَیۡتِیۡ، (ترمذی)

"હે લોકો ! હું તમારા માટે મારી (હયાતી) પછી બે વસ્તુ છોડી જાઉં છું અને બંનેને મજબૂતીથી પકડી રાખજો તો તમે ગુમરાહ નહીં થાઓ. એક અલ્લાહની કિતાબ, બીજી મારી ઔલાદ "અહલે બયત" "اهل بیت"

(તિરમિઝી)

અને સહીહ બુખારીની હદીષમાં છે,

اِقۡتَدُوۡا بِالَّذِیۡنِ مِنۡ بَعۡدِیۡ اَبِیۡ بَکۡرٍوَّعُمَرَ

"મારા પછી અબૂબક્ર અને ઉમર (રદિ.)ની તાબે'દારી કરજો."

અને એક હદીષમાં ફરમાવ્યું છે,

عَلَیۡکُمۡ بِسُنَّتِیۡ وَسُنَّةِ الۡخُلَفَاءِ الرَّاشِدِیۡنَ،

"મારા તરીકા (પદ્ધતિ)ને મજબૂતીથી પકડો અને ખુલફાએ રાશીદીનના તરીકાને પણ."

ખુલાસો એ થયો કે, કુર્આન શરીફની આ પ્રમાણેની હિદાયત અને રસૂલે કરીમ ﷺના શિક્ષણથી એ વાત મધ્યાહ્નના સૂરજની જેમ સ્પષ્ટ થઈ ગઈ કે,

કૌમોની સુધારણા અને કેળવણી માટે દરેક યુગ અને સમયમાં બે વસ્તુઓ હરપળે હાજર હોય છે. એક કુર્આનની હિદાયત અને બીજી વસ્તુ તેને સમજનારા અને તેના ઉપર અમલ કરનારા શરીઅતના જાણકાર અલ્લાહવાળાઓનું શિક્ષણ અને કેળવણી. જો વિવિધ જ્ઞાન, કળા તથા તેના શીખવા–શીખવવાની પદ્ધતિઓનું વિહંગાવલોકન કરવામાં આવે તો જણાઈ આવશે કે, તા'લીમ અને કેળવણીના સિદ્ધાંતો ફક્ત દીન અને દીનિયાત માટે જ નથી, બલકે બધા જ પ્રકારના જ્ઞાન અને કલાને સાચી રીતે પ્રાપ્ત કરવું આ જ બાબત ઉપર આધારિત છે. એક બાજુ દરેક પ્રકારના જ્ઞાન અને કલાના શ્રેષ્ઠ પુસ્તકો ઉપસ્થિત છે અને બીજી બાજુ નિષ્ણાત લોકોની તા'લીમ અને કેળવણી. દરેક કલા તથા જ્ઞાનની પ્રગતિ અને તેની પૂર્ણતા આ બે જ બાબતો ઉપર આધાર રાખે છે, પરંતુ દીન અને દીનિયાત, બંને પાસાઓથી ફાયદો ઉઠાવવામાં ઘણા લોકો ઘણી બધી છૂટછાટ લેવાનો ખોટો રિવાજ અપનાવે છે, જેનું પરિણામ ફાયદાના બદલે નુકસાન અને સુધારણાના બદલે ફસાદ થાય છે.

અમુક લોકો અલ્લાહની કિતાબની ઉપેક્ષા કરીને ફક્ત ઉલમા અને મશાઈખને જ પોતાનો જીવન ધ્યેય બનાવી લે છે અને તેઓ શરીઅતના તાબે'દાર છે કે નહીં તેની તહકીક પણ નથી કરતા. આ બીમારી અસલમાં યહૂદીઓ અને નસારાની છે કે, اِتَّخَذُوْٓا اَحْبَارَهُمْ وَرُهْبَانَهُمْ اَرْبَابًا مِّنْ دُوْنِ اللّٰهِ "આ લોકોએ અલ્લાહને છોડીને પોતાના આલિમો અને મશાઈખને પોતાના મઅબૂદ અને જીવન ધ્યેય બનાવી લીધા." (૯:૩૧) દેખીતું છે કે આ માર્ગ શિર્ક અને કુફ્રનો છે અને લાખો માણસો આ રસ્તા ઉપર ચાલીને બરબાદ થઈ ગયા અને થઈ રહ્યા છે. તેનાથી વિપરીત અમુક લોકો જેઓ કુર્આન અને હદીષના ઇલ્મને હાસિલ કરવા માટે કોઈ મુઅલ્લિમ અથવા શિક્ષકની આવશ્યકતા હોવાને જરૂરી જ નથી સમજતા તેઓ કહે છે કે, "અમારા માટે તો ફક્ત અલ્લાહની કિતાબ પૂરતી છે. અમને ન નિષ્ણાત આલિમોની જરૂરત છે, ન કેળવણી પામેલ મશાઇખની આવશ્યકતા છે !" આવી વિચારસરણી બીજા પ્રકારની ગુમરાહી છે, જેનું પરિણામ દીન અને મિલ્લતથી નીકળીને પોતાના સ્વાર્થી હેતુઓનો શિકાર બની જવાના સ્વરૂપે સામે આવે છે. કારણ કે, નિષ્ણાતોની મદદ અને દોરવણી વગર

કોઈ કળા અથવા શિક્ષણ સાચી રીતે પ્રાપ્ત થવું માનવસ્વભાવથી વિપરીત છે. એવું કરનારા ચોક્કસ ગલતફહમી (ગેરસમજ)ના શિકાર થયા છે અને આ ગલતફહમી અમુક સમયે તેમને દીન અને મિલ્લતથી બિલકુલ બહાર કાઢી નાંખે છે.

એટલા માટે જરૂરી છે કે, આ બાબતોને પોત-પોતાના સ્થળે અને તે દરેકને પોતાની સીમાઓમાં રાખી તેનાથી લાભ ઉઠાવવામાં આવે. એવું સમજવામાં આવે કે હુકમ વાસ્તવમાં ફક્ત એક "વહદહુ લા શરીક લહુ"નો છે અને તાબે'દારી અસલમાં તેની જ છે. રસૂલ ﷺ પણ વાસ્તવમાં માત્ર એક અમલ કરવાનું અને કરાવવાનું માધ્યમ જ છે. રસૂલ ﷺની ઈતાઅત પણ ફક્ત એ જ હેતુથી કરવામાં આવે છે કે, તે હૂબહૂ અલ્લાહની ઈતાઅત છે. હા ! તેની સાથે સાથે કુર્આન અને હદીષને સમજવામાં અને તેના હુકમો ઉપર અમલ કરવામાં જે ઈલ્મી અને અમલી મુશ્કેલીઓ સામે આવે છે તેમાં દીની નિષ્ણાતોના નિવેદનો અને અમલોથી મદદ લેવાને આખિરતનો છુટકારો અને ખુશનસીબી સમજવી જોઈએ. ઉપરોક્ત આયતમાં રસૂલ ﷺના હોદ્દાની ફરજોમાં કિતાબનું શિક્ષણ શામિલ કરવાથી એક બીજો ફાયદો એ પણ પ્રાપ્ત થાય છે કે, જ્યારે કુર્આન સમજવા માટે રસૂલ ﷺના શિક્ષણની જરૂરત છે, તેના વિના કુર્આન ઉપર સાચી રીતે અમલ કરવો અશક્ય છે, તો જેવી રીતે કુર્આન શરીફ કયામત સુધી એક એક શબ્દ ઝેર, ઝબર સહિત સુરક્ષિત છે, એ જ પ્રમાણે એ પણ જરૂરી છે કે આપ ﷺની તા'લીમાત (શિક્ષણ) પણ સામૂહિક સ્વરૂપે કયામત સુધી અસલી સ્વરૂપમાં બાકી અને સુરક્ષિત રહે. નહિતર ફક્ત કુર્આનના શબ્દો સુરક્ષિત રાખવાથી કુર્આન નાઝિલ થવાનો અસલી મકસદ પૂરો નહિ થાય. એ પણ દેખીતું જ છે કે રસૂલે કરીમ ﷺની તા'લીમાત તે જ છે, જેને "સુન્નત" અથવા "હદીષ" કહેવામાં આવે છે, પરંતુ તેને સુરક્ષિત રાખવાનો વાયદો અલ્લાહ જલ્લ શા'નહુ તરફથી તે દરજ્જામાં નથી જે દરજ્જામાં કુર્આનની હિફાઝતનો વાયદો અલ્લાહ તરફથી કરવામાં આવ્યો.

إِنَّا نَحْنُ نَزَّلْنَا الذِّكْرَ وَإِنَّا لَهُ لَحٰفِظُونَ ○

"અમે કુર્આનને નાઝિલ કર્યું છે, અને અમે જ તેની હિફાઝત કરનારા છે." (૧૫:૯)

જેનું પરિણામ એ છે કે, કુર્આનના શબ્દો ઝેર, ઝબર સહિત બિલકુલ સુરક્ષિત છે અને કયામત સુધી આવી જ રીતે સુરક્ષિત રહેશે. રસૂલે કરીમ ﷺની સુન્નતના શબ્દો જો કે, એવી રીતે સુરક્ષિત નથી, પરંતુ સામૂહિક સ્વરૂપે આપ ﷺની તા'લીમ મહફૂઝ રહેવી ઉપરોક્ત આયતની રૂએ જરૂરી છે અને અલ્હમ્દુલિલ્લાહ ! આજ દિન સુધી તે સુરક્ષિત રહી છે. જ્યારે–જ્યારે કોઈ બાજુથી તેમાં ફિત્નો–ફસાદ કરવાની અથવા ગલત રિવાયતો ઘડવાની સાજિશો થઈ ત્યારે–ત્યારે સુન્નતના નિષ્ણાત લોકોએ દૂધનું દૂધ અને પાણીનું પાણી અલગ કરી બતાવ્યું છે અને આ સિલસિલો (ક્રમ) કયામત સુધી આવી જ રીતે ચાલુ રહેશે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "મારી ઉમ્મતમાં કયામત સુધી સત્યમાર્ગીઓ (અહલે હક્ક) અને શિક્ષિત (અહલે ઇલ્મ) લોકોની એક એવી જમાઅત કાયમ રહેશે, જે કુર્આન અને હદીષને સાચી રીતે સુરક્ષિત રાખશે. અને તેમાં ઊભા કરવામાં આવતા દરેક ફિત્ના–ફસાદની સુધારણા કરતા રહેશે."

ખુલાસો એ છે કે, જ્યારે કુર્આન ઉપર અમલ કરવા માટે રસૂલ ﷺની તા'લીમ જરૂરી છે અને એ પણ દેખીતું છે કે, કુર્આન ઉપર અમલ કયામત સુધી ફરજ છે, તો જરૂરી છે કે કયામત સુધી રસૂલે કરીમ ﷺની તા'લીમ પણ બાકી અને સુરક્ષિત રહેશે. એટલા માટે આયતમાં રસૂલે કરીમ ﷺની તા'લીમ બાકી અને સુરક્ષિત રહેવાની આગાહી કરવામાં આવી છે. આપ ﷺની તા'લીમ અલ્લાહ તઆલાએ સહાબએ કિરામ (રદિ.)થી લઈ આજ દિન સુધી હદીષના નિષ્ણાત વિદ્વાનો અને પ્રમાણિત પુસ્તકો દ્વારા સુરક્ષિત રાખી છે. તેનાથી ષડયંત્રકારીઓની સાજિશો છતી થઈ જાય છે, આજકાલ અમુક લોકો ઇસ્લામી શરીઅતના હુકમોથી જાન બચાવવા એવા બહાના કાઢતા ફરે છે કે, હદીષનો વર્તમાન સમયમાં ઉપસ્થિત સંગ્રહ સંતોષકારક નથી, તેઓએ જાણી લેવું જાઈએ કે, જો હદીષના સંગ્રહ ઉપરથી ભરોસો ઊઠી જાય તો કુર્આન ઉપર પણ ભરોસો રાખવાનો કોઈ આધાર નથી રહેતો.

ઉપરોક્ત આયતમાં રસૂલે કરીમ ﷺના હોદાની ત્રીજી ફરજ તઝકિયહ (પવિત્ર કરવું) ઠરાવવામાં આવ્યું છે. તઝકિયહનો અર્થ આંતરિક નજાસત અને નાપાકીથી પાક કરવું છે, જેનો સંબંધ વ્યક્તિની રૂહ સાથે છે. એટલે કે શિર્ક, કુફ્ર તથા ગલત માન્યતાઓ અને બુરા અખ્લાક જેમકે અભિમાન, લોભ, લાલચ,

કીના-કપટ, ઈર્ષ્યા, માલની મહોબ્બત, હોદ્દાની લાલચ વગેરેથી વ્યક્તિને પાક કરવો.

માણસની સુધારણા માટે ફક્ત સાચું શિક્ષણ પૂરતું નથી તેની વર્તણૂક અને અખ્લાકની કેળવણી પણ જરૂરી છે :

તઝકિયહને શિક્ષણથી અલગ કરીને રિસાલતનો મકસદ સ્થાપિત કરવા અને રસૂલુલ્લાહ ﷺના હોદ્દાની ફરજ ઠરાવવામાં તે તરફ ઈશારો છે કે, શિક્ષણ ગમે તેટલું સાચું હોય ફક્ત શિક્ષણ પ્રાપ્ત કરી લેવાથી અખ્લાકની સુધારણા નથી થતી, જ્યાં સુધી કે કોઈ કેળવણીકાર વડીલની દેખરેખ હેઠળ અમલોની કેળવણી પ્રાપ્ત કરવામાં ન આવે. કારણ કે, શિક્ષણનું કામ વાસ્તવમાં સીધો અને સાચો માર્ગ બતાવવો છે, પરંતુ સ્વાભાવિક છે કે ઈચ્છિત મંઝિલ સુધી પહોંચવા માટે ફક્ત રસ્તો જાણી લેવો પૂરતું નથી. જ્યાં સુધી હિંમત કરી કદમ ઉઠાવવામાં ન આવે, તે રસ્તા ઉપર ચાલવામાં ન આવે, ઈચ્છિત મંઝિલ પ્રાપ્ત થતી નથી. હિંમતનો નુસ્ખો હિંમતવાળાઓની સુહબતમાં (સાન્નિધ્યમાં) અને તેમની તાબે'દારી કરવાથી જ પ્રાપ્ત થાય છે. નહિતર બધું જાણવા અને સમજવા છતાં હાલત એવી હોય છે,

જાનતા હું સવાબે તા'અતો ઝુહ્દ,
પર તબીઅત ઉધર નહીં આતી !

અમલની હિંમત અને તૌફીક કોઈ કિતાબ પઢી લેવાથી અથવા સમજી લેવાથી પૈદા નથી થતી. એ તો ફક્ત એક માધ્યમ છે. અલ્લાહવાળાઓની મિત્રતા અને તેમની પાસેથી કેળવણી પ્રાપ્ત કરવાનું નામ તઝકિય્યહ છે. કુર્આને કરીમમાં તઝકિયહને રિસાલતનો એક આગવો હેતુ ઠરાવવામાં આવ્યો છે અને તેને ઈસ્લામની તા'લીમનું એક વિશેષ પાસું બતાવવામાં આવ્યું છે. કારણ કે ફક્ત તા'લીમ અને જાહેરી સભ્યતા તો દરેક કૌમ અને દરેક મિલ્લતમાં કોઈને કોઈ પ્રકારે સંપૂર્ણ રીતે અથવા અપૂર્ણ રીતે જરૂરી સમજવામાં આવે છે. દરેક ધર્મ, કૌમ તથા દરેક સમાજમાં તેને મનુષ્યની જરૂરતમાં શામિલ સમજવામાં આવે છે, પરંતુ ઈસ્લામની એક આગવી વિશેષતા એ છે કે તેણે સાચી અને સંપૂર્ણ તા'લીમ રજૂ કરી, જે વ્યક્તિગત જિંદગીથી લઈને કુટુંબ અને પ્રદેશ બલકે સમગ્ર દુનિયાની

સામૂહિક જિંદગીના પ્રત્યેક પાસાંઓ જેમકે શાસન વ્યવસ્થા, અર્થ વ્યવસ્થા, વેપાર વાણિજ્ય વગેરે માટે એક સંપૂર્ણ વ્યવસ્થા સાથે ઉપસ્થિત છે. જેનો નમૂનો બીજી કૌમ અથવા બીજા ધર્મોમાં જોવા નથી મળતો. આ ઉપરાંત મનુષ્યની વર્તણૂક, તેના અખ્લાક તથા તેના અંતરને વિશુદ્ધ કરવું એક એવું કામ છે જેને સામાન્ય કૌમો અને સમાજોએ મૂળેથી જ ઉપેક્ષિત કરી રાખ્યું છે. આ કૌમોમાં વ્યક્તિની સમજદારી, કોઠાસૂઝ તથા તેની ક્ષમતાનું પ્રમાણ તેની શૈક્ષણિક ડીગ્રીઓ સમજવામાં આવે છે, એ જ ડીગ્રીઓના વજનની સાથે માણસનું વજન વધે અથવા ઘટે છે. પરંતુ ઈસ્લામે શિક્ષણની સાથે સાથે તઝકિયહ (નૈતિક મૂલ્યો જેવા કે અખ્લાક, વર્તણૂક નીતિમત્તા, ચારિત્ર્ય તથા સભ્યતા)ની શરત લગાવીને મૂલ્યલક્ષી શિક્ષણનો હેતુ પૂરો કરી દીધો છે.

જે ખુશનસીબ લોકો આપ ﷺ પાસેથી તા'લીમ લઈ રહ્યા હતા. તેઓ તા'લીમ અને શિક્ષણની સાથે સાથે પોતાના અંતરની પવિત્રતા પણ કરતા ગયા અને એવા સહાબા (રદિ.)નો સમૂહ આપ ﷺની દેખરેખ હેઠળ તૈયાર થયો કે, એક બાજુ તો તેમની બુદ્ધિ, સમજદારી, જ્ઞાન અને હિકમતની ઊંડાઈનું તે સ્વરૂપ હતું કે આખી દુનિયાની ફિલોસોફીઓએ તેમની સામે ઢીંચણ ટેકવી દીધા (ઘૂંટણિયે પડી ગઈ) અને બીજી બાજુ પોતે તેમના પોતાના અંતર એટલા પવિત્ર હતા અને અલ્લાહ ઉપર ભરોસો એ કક્ષાનો હતો કે, પોતે અલ્લાહ તઆલા તેને આ શબ્દોમાં વર્ણન કરે છે,

وَالَّذِيْنَ مَعَهٗٓ اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ تَرٰىهُمْ رُكَّعًا سُجَّدًا يَّبْتَغُوْنَ فَضْلًا مِّنَ اللّٰهِ وَرِضْوَانًا ز

"અને જે લોકો આપની સાથે છે તે કાફિરો ઉપર સખત અને પરસ્પર રહમદીલ (દયાળુ) છે, તમે તેમને રુકૂ'અ અને સિજદહ કરતા નિહાળશો; તેઓ અલ્લાહના ફઝ્લ (કૃપા) અને તેની રજામંદી (રાજીપો) તલાશ કરે છે." (૪૮:૨૯)

આ જ તે કારણ હતું કે, તેઓ જે દિશાએ ચાલતા હતા વિજય અને અલ્લાહની મદદ તેમના કદમો ચૂમતી હતી. અલ્લાહની મદદ તેમની સાથે રહેતી

હતી, તેમના આશ્ચર્ય પમાડે તેવા કારનામાઓ આજે પણ દરેક કૌમ અને મિલ્લતની વિચારસરણીને પ્રભાવિત કરે છે. આ સફળતા તેમના નબવી શિક્ષણ અને પવિત્રતાના શ્રેષ્ઠ પરિણામો સ્વરૂપે જ હતી. આજે દુનિયામાં શિક્ષણને શ્રેષ્ઠ બનાવવા અભ્યાસક્રમોમાં જાત–જાતના સુધારા–વધારાઓ કરવા માટે તો બધા લોકો વિચાર કરે છે, પરંતુ શિક્ષણનો આત્મા અને તેની રૂહ સુધારવા માટે કોઈ ધ્યાન આપતું નથી કે, મુદર્રિસ (શિક્ષક) અને વિદ્યાર્થીઓના અખ્લાક, તેમની કેળવણી, તેમની વર્તણૂક અને તેમની માનસિકતા જોવામાં આવે તથા મૂલ્યલક્ષી શિક્ષણ ઉપર ભાર આપવામાં આવે. આવું ન થવાનું પરિણામ એ છે કે, હજાર પ્રયત્નો પછી પણ એવો સંપૂર્ણ વ્યક્તિ પૈદા નથી થતો, જે શ્રેષ્ઠ વર્તણૂક દ્વારા કોઈને પ્રભાવિત કરી શકે અને બીજાઓની કેળવણી કરી શકે.

આ એક નક્કર વાસ્તવિકતા છે કે, શિક્ષકો જે પ્રમાણે અખ્લાક અને કિરદાર (ઉચ્ચ આદર્શો)ના માલિક હશે તેમની પાસે શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં તેમના જેવા જ શ્રેષ્ઠ વ્યક્તિઓ બનશે. એટલા માટે શિક્ષણનો ફાયદો અને તેના લાભને સર્વવ્યાપી બનાવવા માટે અભ્યાસક્રમોને બદલવા અને તેમાં સુધારા–વધારા કરવા ઉપર ભાર આપવા કરતાં તે અભ્યાસક્રમ પઢાવનાર શિક્ષકોના જ્ઞાન અને તેમના ચારિત્ર્યને નજર સમક્ષ રાખવું જરૂરી છે.

અહીંયાં સુધી રિસાલત અને નુબુવ્વતના ત્રણ હેતુઓનું વર્ણન હતું. અંતે ટૂંકમાં આ પણ સાંભળી લો કે, સરદારે દો આલમ ﷺને જે ત્રણ ફરજો પોતાના નુબુવ્વતના હોદ્દાની રૂએ સોંપવામાં આવી હતી તેને તેમણે કેટલી હદે પૂરી ફરમાવી અને આપ ﷺએ તેને પૂર્ણ કરવામાં ક્યાં સુધી સફળતા મેળવી ? આ બાબત જાણવા માટે એટલું જાણી લેવું પૂરતું છે કે, રસૂલુલ્લાહ ﷺના આ દુનિયામાંથી રૂખ્સત થતા પહેલાં કુર્આનની તિલાવતની એ હાલત થઈ ગઈ હતી કે લગભગ આખા અરબ ટાપુ ઉપર કુર્આન પઢવામાં આવી રહ્યું હતું. હજારો તેના હાફિઝો હતા, સેંકડો એવા લોકો હતા જેઓ દરરોજ અથવા ત્રણ દિવસમાં કુર્આન શરીફને પૂરું કરી લેતા હતા, કિતાબ અને હિકમતના શિક્ષણનો આવો શ્રેષ્ઠ ઉત્તમ કક્ષાનો દરજ્જો હતો,

یتیمے کہ نا کردہ قرآں درست کتب خانۂ چند ملت بشست

યતીમે કે ના કરદહ કુરઆં દુરુસ્ત, કુતુબખાનએ ચંદ મિલ્લત બ શુસ્ત.

"તે યતીમે જે સારી પેઠે લખવા પઢવાનું પણ જાણતા ન હતા
કેટલાયે ધર્મોના પુસ્તકાલયોને ધોઈ નાંખ્યા."

દુનિયાના બધા જ ફિલોસોફરો કુર્આન સામે ફિક્કા પડી ચૂક્યા છે. આજે દુનિયામાં દરેક ઠેકાણે કુર્આનના સિદ્ધાંતોને સન્માન અને પ્રતિષ્ઠાનું માપદંડ માનવામાં આવે છે. કુર્આનની પવિત્રતાની એ પરિસ્થિતિ છે કે, બધી જ ગૈરવર્તણૂકો અને બુરાઈઓથી ભરેલી આરબ કૌમ સભ્યતા અને સંસ્કૃતિના શિક્ષક બની ગઈ, બુરાઈઓના બીમારો ન ફક્ત સાજા થઈ ગયા બલકે, સફળ હકીમ બની ગયા. જેઓ લૂટારાઓ હતા તેઓ માર્ગદર્શક બની ગયા. મતલબ કે મૂર્તિપૂંજક લોકો ભલાઈ, હમદર્દી તથા કુરબાનીના સજીવન પૂતળા બની ગયા. સ્વાર્થીપણા અને લડાયક સ્વભાવની જગ્યાએ વિનમ્રતા અને સુલેહ-સંપ નજરે પડવા લાગ્યો, ચોર અને ડાકુઓ લોકોના માલના રક્ષક બની ગયા.

મતલબ કે હઝરત ખલીલુલ્લાહ (અલૈ.)એ જે હેતુ માટે દુઆ કરી હતી, રસૂલે કરીમ ﷺને તે પૂર્ણ કરવા માટે મોકલવામાં આવ્યા હતા. આ ત્રણે હેતુઓ આપ ﷺના સમયકાળમાં જ સ્પષ્ટ રીતે સફળતાપૂર્વક પૂરા થઈ ગયા. આપ ﷺ પછી સહાબએ કિરામ (રદિ.)એ તો પૂર્વથી લઈ પશ્ચિમ સુધી અને ઉત્તરથી લઈ દક્ષિણ સુધી આખી દુનિયામાં આ સિદ્ધાંતોને ફેલાવી દીધા. અલ્હમ્દુલિલ્લાહ!

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૩૦-૧૩૧-૧૩૨)

وَمَنْ يَّرْغَبُ عَنْ مِّلَّةِ اِبْرٰهٖمَ اِلَّا مَنْ سَفِهَ نَفْسَهٗ ؕ وَلَقَدِ اصْطَفَيْنٰهُ فِي الدُّنْيَا ۚ
وَاِنَّهٗ فِي الْاٰخِرَةِ لَمِنَ الصّٰلِحِيْنَ ﴿۱۳۰﴾ اِذْ قَالَ لَهٗ رَبُّهٗٓ اَسْلِمْ ۙ قَالَ اَسْلَمْتُ لِرَبِّ
الْعٰلَمِيْنَ ﴿۱۳۱﴾ وَوَصّٰى بِهَآ اِبْرٰهٖمُ بَنِيْهِ وَيَعْقُوْبُ ؕ يٰبَنِيَّ اِنَّ اللّٰهَ اصْطَفٰى لَكُمُ الدِّيْنَ فَلَا
تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُّسْلِمُوْنَ ﴿۱۳۲﴾ؕ

તરજુમો :

અને કોણ મોઢું ફેરવે (છે) ઈબ્રાહીમ (અલૈ.)ના દીનથી ? સિવાય કે જેણે પોતાની જાતને બેવકૂફ બનાવી ! અને બેશક ! અમે તેને દુનિયામાં ચૂંટી લીધો અને બેશક ! તે આખિરતમાં ભલાઈ કરનારાઓમાંથી (છે); (૧૩૦) જ્યારે તેને તેના પરવરદિગારે કહ્યું, માથું ઝૂકાવી દે ! તેણે કહ્યું, મેં સમગ્ર દુનિયાઓના રબના માટે માથું ઝૂકાવી દીધું; (૧૩૧) અને ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાના બેટાઓને અને યાકૂબે (અલૈ.) પણ તેની જ વસિય્યત કરી; હે મારા દિકરાઓ! બેશક, અલ્લાહે તમારા માટે દીન ચૂંટી લીધો (છે); બસ તમે કદાપિ ન મરશો પરંતુ મુસલમાન. (હોવાની હાલતમાં) (૧૩૨)

શબ્દાર્થ :

سَفِهَ نَفْسَهٗ۔ سَفِہَ بمعنی جَہِلَ، وَانْتِصَابُ نَفْسِهٖ عَلٰی اَنَّهٗ تَمْيِيْزٌ عَلٰی قَوْلِ الْفَرَّاءِ اَوْ شِبْهٌ بِالْمَفْعُوْلِ عَلٰی قَوْلِ بَعْضِ الْكُوْفِيِّيْنَ اَوْ مُفْعُوْلٌ بِهٖ اِمَّا لِكَوْنِ سَفِهَ مُتَعَدِّيًا بِّنَفْسِهٖ كَسَفَّهَ الْمُضَعَّفَ اَوْ لِكَوْنِهٖ ضِمْنَ مَعْنٰی مَا يَتَعَدّٰی اَیْ جَهَّلَ وَهُوَ قَوْلُ الزُّجَاجِ،

શયખુલ હિન્દ (રહ.)નો તરજુમો તેના ઉપર આધારિત છે. એટલા માટે سَفِہَ نَفْسَہ નો અર્થ તફસીરના ખુલાસામાં અપનાવવામાં આવ્યો છે અને તે એ છે કે, "પોતાની જાતે મૂર્ખ હોવું" અને તૌહીદના ઈન્કારનો અર્થ એ થયો કે "મિલ્લતે ઈબ્રાહીમ (અલૈ.)થી મોઢું ફેરવનાર પોતાની જાતે જ મૂર્ખ અને અજ્ઞાની હશે. તે એવો મૂર્ખ હશે કે, તેને પોતાની જાતનું પણ ભાન નહીં હોય કે, હું કોણ છું ?"

તફસીર :

અને ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતથી તો તે જ લોકો મોઢું ફેરવી લેશે જે પોતાની જાતે જ મૂર્ખ છે અને (આવી મિલ્લતને છોડનાર શા માટે મૂર્ખ કહેવામાં ન આવે ? જેનો એ મરતબો હોય કે જેના પ્રતાપે) અમે તેને (ઈબ્રાહીમ અલૈ.ને રિસાલતના હોદ્દા માટે) દુનિયામાં ચૂંટી લીધો અને તે આખિરતમાં ઘણા લાયક લોકોમાં ગણવામાં આવે છે. (જેના માટે બધું જ છે અને રિસાલતના હોદ્દા માટે તે વખતે ચૂંટી લેવામાં આવ્યા હતા) જ્યારે કે તેમને તેમના પરવરદિગારે (ઈલ્હામ

દ્વારા) ફરમાવ્યું કે, (અલ્લાહ તઆલાની) ઈતાઅત અપનાવો. તેમણે વિનંતી કરી કે મેં ઈતાઅત અપનાવી રબ્બુલ આલમીનની (બસ, એવી ઈતાઅત અપનાવવા ઉપર અમે તેને નુબુવ્વતની પ્રતિષ્ઠા આપી દીધી) અને તેનો (મિલ્લતને તેના ઉપર કાયમ રહેવાનો) હુકમ ઈબ્રાહીમ (અલૈ.) પોતાના બેટાઓને આપી ગયા છે. (એવી જ રીતે) યાકૂબ (અલૈ.)એ પણ (પોતાના બેટાઓને શિખામણ આપી કે) હે મારા બેટાઓ ! અલ્લાહ તઆલાએ આ દીન (સચ્ચાઈની ઈતાઅત, દીને ઈસ્લામ)ને તમારા માટે ચૂંટી લીધો છે. બસ તમે (મૃત્યુ સુધી તેને ન છોડશો) ઈસ્લામ સિવાય અન્ય કોઈ હાલત ઉપર જીવ ન આપશો.

મસ્અલા અને બોધપાઠ :

ઉપરોક્ત આયતમાં ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતના પાયાના સિદ્ધાંતો અને તેમને તાબે'દારીની તાકીદ અને તેનાથી મોઢું ફેરવવાના નુકસાનોનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં યહૂદીઓ અને નસારાનો ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતની તાબે'દારી વિશેના દા'વાઓનો રદિયો આપવામાં આવ્યો અને ફક્ત ઈસ્લામી મિલ્લતને ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લત હોવાનું અને દીને ઈસ્લામની હકીકત શું છે તે જાહેર કરવાનું અને તેને બધા જ નબીઓનો એકસરખો દીન હોવાનું વર્ણન થયું છે.

ઉપરોક્ત આયતમાં અંબિયા (અલૈ.)નો પોતાની ઔલાદની દીની તથા રૂહાની (આધ્યાત્મિક) કેળવણી તરફ ખાસ ધ્યાન આપવાનો અને તાકીદ કરવાનો ઉલ્લેખ થયો છે. પ્રથમ આયતમાં ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતની ફઝીલત અને તેના કારણે હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને દુનિયા અને આખિરતમાં પ્રતિષ્ઠા તથા માન–સન્માનપાત્ર બતાવીને તેમની મિલ્લતથી મોઢું ફેરવવાને મૂર્ખાઈનું કાર્ય બતાવવામાં આવ્યું છે. ફરમાવવામાં આવ્યું કે, وَمَنْ يَّرْغَبُ عَنْ مِّلَّةِ اِبْرٰهٖمَ اِلَّا مَنْ سَفِهَ نَفْسَهٗ "ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતથી મોઢું ફક્ત તે લોકો જ ફેરવી શકે છે, જેમનામાં અક્કલનો છાંટો પણ ના હોય." કારણ કે, આ મિલ્લત સ્વાભાવિક હક્ક (સનાતન સત્ય) છે. કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ તેનો ઈન્કાર નથી કરી શકતો. આગળ તેનું કારણ બતાવ્યું કે આ મિલ્લતની પ્રતિષ્ઠા અને માન–મરતબો તેનાથી જાહેર થાય છે કે, અલ્લાહ તઆલાએ આ મિલ્લતના કારણે હઝરત ઈબ્રાહીમ

(અલૈ.)ને દુનિયામાં ઈજ્જત અને સન્માન અર્પણ કર્યું અને આખિરતમાં પણ આદરપાત્ર બનાવ્યા. દુનિયાની ઈજ્જત અને સન્માનની ગવાહી તો આખી દુનિયા આપે છે કે, નમરૂદ જેવો સત્તાધીશ અને તેની કૌમ એક વ્યક્તિ વિરૂદ્ધ ઊભી થઈ ગઈ, તેણે પોતાની તથા સત્તાની બધી જ શક્તિઓનો તેમના વિરૂદ્ધ ઉપયોગ કર્યો, છેવટે આગના એક મોટા ભડકામાં તેમને નાંખી દેવામાં આવ્યા, પરંતુ દુનિયાના બધા જ તત્ત્વો અને પદાર્થોની શક્તિઓ જે કુદરતવાળાના હુકમ હેઠળ છે, તેણે નમરૂદના બધા જ ઈરાદાઓને માટીમાં મેળવી દીધા. પોતાના ખલીલ (અલૈ.) માટે આગને બાગ બનાવી દીધો અને દુનિયાની બધી જ કૌમો તેમની શક્તિઓને માનવા મજબૂર થઈ ગઈ. દુનિયાના બધા જ લોકો મો'મિનો, કાફિરો અને મૂર્તિપૂંજકો પણ આ મૂર્તિઓ તોડી નાંખનાર (બુતશિકન)ની ઈજ્જત કરી રહ્યા છે. અરબના મુશ્રિકો તો ઈબ્રાહીમ (અલૈ.)ની ઔલાદ હતા, મૂર્તિપૂંજકો હોવા છતાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની ઈજ્જત અને સન્માન માટે જીવ આપી દેતા હતા અને તેમની મિલ્લતની તાબે'દારીનો દા'વો કરતા હતા અને મિલ્લતે ઈબ્રાહીમની અમુક જીર્ણ–ક્ષિર્ણ બચી ગયેલી નિશાનીઓ અને રિવાજો ઉપર અમલ પણ કરતા હતા. જેમકે હજ્જ, ઉમરાહ, કુર્બાની, મહેમાનનવાઝી વગેરે, આ બધા રિવાજો મિલ્લતે ઈબ્રાહીમની નિશાનીઓ હતી. જો કે, તેમની જહાલતે તેનું અસલી સ્વરૂપ પણ બદલી નાખ્યું હતું. આ અલ્લાહ તઆલાના તે ઈનામોનું પરિણામ છે, જેની રૂએ ઈબ્રાહીમ (અલૈ.)ને "ઈમામુન્નાસ" (લોકોના સરદાર)નો લકબ આપવામાં આવ્યો હતો ! اِنِّیۡ جَاعِلُکَ لِلنَّاسِ اِمَامًا ؕ

ઈબ્રાહીમ (અલૈ.) અને મિલ્લતે ઈબ્રાહીમ (અલૈ.)નો આ પ્રભાવ અને પ્રતિભા તથા તેમની સ્વીકૃતિ અને તેમના દીનનું માનવસ્વભાવ અનુકૂળ હોવું દુનિયા સમક્ષ આવી ચૂક્યું હતું, જેના કારણે થોડી ઘણી પણ બુદ્ધિ અને સમજ ધરાવનાર માણસ આ મિલ્લતનું અનુસરણ કરતો હતો.

આ તો ઈબ્રાહીમ (અલૈ.)ની દુનિયવી પ્રતિષ્ઠા અને માન–મરતબાનું વર્ણન હતું. આખિરતનો મા'મલો જે હજુ સામે નથી આવ્યો, તેમાં પણ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો દરજ્જો કુર્આન શરીફની આ આયતે સ્પષ્ટ કરી દીધો કે, "જેવી રીતે અલ્લાહ તઆલાએ તેમને દુનિયામાં ઈજ્જત અને પ્રતિષ્ઠા અર્પણ કરી છે, એવી જ રીતે આખિરતમાં પણ તેમના ઉચ્ચ દરજ્જાઓ નક્કી જ છે."

હઝરત ઇબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતના પાયાના સિદ્ધાંતો, ઇસ્લામ અને સચ્ચાઈની ઇતાઅત :

ત્યારબાદ બીજી આયતમાં ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતના પાયાના સિદ્ધાંતો બતાવાવમાં આવ્યા. ઈરશાદ થયો, اِذْقَالَ لَهٗ رَبُّهٗٓ اَسْلِمْ قَالَ اَسْلَمْتُ لِرَبِّ الْعٰلَمِيْنَ એટલે કે, "જ્યારે ઈબ્રાહીમ (અલૈ.)ને તેમના પરવરદિગારે ફરમાવ્યું, તાબે'દારી અપનાવો, તેમણે અરજ કરી કે મેં તાબે'દારી અપનાવી દુનિયાઓના રબની." વર્ણન કરવાની પદ્ધતિમાં આ બાબત ધ્યાન ખેંચે છે કે, અલ્લાહ જલ્લ શા'નહુના સંબોધન اَسْلِمْ નો જવાબ દેખીતી રીતે જ એ હોવો જોઈએ કે اَسْلَمْتُ لَكَ એટલે "મેં તમારી ઈતાઅત અપનાવી લીધી," પરંતુ હઝરત ખલીલ (અલૈ.)એ એવી રીતે સંબોધન કરવાને બદલે અરજ કરી કે اَسْلَمْتُ لِرَبِّ الْعٰلَمِيْنَ، એટલે કે "મેં દુનિયાઓના પરવરદિગારની ઈતાઅત અપનાવી." એક તો તેમાં અદબ અને સભ્યતા છે, સાથે–સાથે અલ્લાહ તઆલાની તા'રીફ અને તેની હમ્દો–સના (વખાણ–સ્તુતી) પણ શામિલ થઈ ગઈ, જે માત્ર અલ્લાહ માટે જ યોગ્ય છે. બીજી એ પણ જાહેરાત થઈ ગઈ કે, "મેં જે ફરમાંબરદારી અપનાવી છે, તે કોઈના ઉપર અહેસાન કે ઉપકાર નથી. બલકે, મારા માટે આવું કરવું અનિવાર્ય છે કારણ કે, રબ્બુલ આલમીન તમામ દુનિયાઓના માલિકની તાબે'દારી સિવાય કોઈ છૂટકો જ નથી, જેની તાબે'દારી કરી મેં પોતાનો ફરજ પૂરો કર્યો છે અને લાભ ઉઠાવ્યો છે. આ બાબતથી જાણ થઈ ગઈ કે ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતનો પાયાનો સિદ્ધાંત અને સંપૂર્ણ વાસ્તવિકતા માત્ર એક શબ્દ **"ઈસ્લામ"** ઉપર આધારિત છે. જેનો અર્થ સચ્ચાઈની તાબે'દારી પણ થાય છે અને ઈબ્રાહીમ (અલૈ.)ના ધર્મનો આ જ ખુલાસો છે, આ જ અંતિમ ધ્યેય છે ઈબ્રાહીમ (અલૈ.)ની કસોટીઓનો ! જેમાંથી પસાર થઈ તેઓ અલ્લાહ તઆલાના ખલીલ (દોસ્ત)ના ઉચ્ચ દરજ્જાએ પહોંચ્યા છે. ઈસ્લામ અને હકની તાબે'દારી એવી બાબતો છે જેના માટે આ સમગ્ર દુનિયા બનાવવામાં આવી છે અને જેના માટે અંબિયા (અલૈ.)ને મોકલવામાં આવ્યા છે અને તેમના દ્વારા આસમાની કિતાબો નાઝિલ કરવામાં આવી.

હવે સ્પષ્ટ થઈ ગયું કે ઈસ્લામ જ બધા અંબિયા (અલૈ.)ના એક સમાન દીન અને તોહીદની દા'વત છે. હઝરત આદમ (અલૈ.)થી લઈને

ખાતમુન્નબિય્યીન (અંતિમ નબી) હઝરત મુહમ્મદ ﷺ સુધી પ્રત્યેક આવનારા રસૂલ અને નબીએ એ જ બાબતની દા'વત આપી અને એ જ મુખ્ય સિદ્ધાંત ઉપર પોતાની ઉમ્મતને ચાલવાનો હુકમ કર્યો. કુર્આને કરીમ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે,

اِنَّ الدِّيْنَ عِنْدَاللّٰهِ الْاِسْلَامُ،

"દીન તો અલ્લાહ સમક્ષ ઈસ્લામ જ છે." (૩:૧૯)

وَمَنْ يَّبْتَغِ غَيْرَ الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ،

"અને જે કોઈ વ્યક્તિ ઈસ્લામ સિવાય કોઈ બીજો ધર્મ અથવા મઝહબ અપનાવશે તો તે સ્વીકાર્ય નથી." (૩:૮૫)

અને દેખીતું છે કે જેટલા દીન અને ધર્મ અંબિયા (અલૈ.) લાવ્યા છે તે બધા જ પોત-પોતાના સમયકાળમાં અલ્લાહને સ્વીકાર્ય હતા. એટલા માટે ચોક્કસ તે બધા દીન દીને ઈસ્લામ જ છે. ભલે, નામ તેનું કોઈ પણ રાખી દેવામાં આવે, "દીને મૂસા" કે "દીને ઈસા" કહેવામાં આવે અથવા તો યહૂદિય્યત, નસરાનિય્યત વગેરે, પરંતુ વાસ્તવમાં તે બધા જ ઈસ્લામ છે, જેનો અંતિમ ધ્યેય હક (સચ્ચાઈ)ની ઈતાઅત છે. જો કે તેમાં એક વિશેષતા ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતને પ્રાપ્ત થઈ છે કે, ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાની મિલ્લતનું નામ પણ "ઈસ્લામ" નક્કી કર્યું અને પોતાની ઉમ્મતને પણ "ઉમ્મતે મુસ્લિમહ" નામ આપ્યું. ઈબ્રાહીમ (અલૈ.)એ દુઆમાં અરજ કરી કે,

رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ لَکَ وَمِنْ ذُرِّيَّتِنَا اُمَّةً مُّسْلِمَةً لَّکَ،

"હે અમારા પરવરદિગાર ! અમને બંને (ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અલૈ.)ને મુસ્લિમ (પોતાના ફરમાંબરદાર) બનાવો અને અમારી ઔલાદમાંથી પણ એક સમૂહને પોતાનો ફરમાંબરદાર બનાવો"

ઔલાદને વસિય્યત કરીને ફરમાવે છે,

فَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ مُسْلِمُوْنَ،

"તમો મુસ્લિમ (ફરમાંબરદારી) સિવાય અન્ય કોઈ હાલતમાં જીવ ન આપશો."

ઈબ્રાહીમ (અલૈ.) પછી આ વિશેષ પ્રતિષ્ઠા હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની તજવીજ પ્રમાણે ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને પ્રાપ્ત થઈ અને તેનું નામ પણ ઉમ્મતે મુસ્લિમહ રાખવામાં આવ્યું તથા તેમની મિલ્લત પણ મિલ્લતે ઈસ્લામિય્યહના નામથી પ્રખ્યાત થઈ. કુર્આન શરીફમાં ઈરશાદ છે,

مِلَّةَ اَبِيْكُمْ اِبْرٰهِيْمَ ؕ هُوَ سَمّٰىكُمُ الْمُسْلِمِيْنَ ۙ۵ مِنْ قَبْلُ وَفِيْ هٰذَا،

"તમે પોતાના બાપ ઈબ્રાહીમ (અલૈ.)ના દીન ઉપર કાયમ રહો, એમણે તમારો લકબ મુસલમાન રાખ્યો છે, પહેલાં પણ અને આ (કુર્આન)માં પણ." (૨૨:૭૮)

કહેવા ખાતર તો યહૂદીઓ પણ કહેતા હતા કે, અમે મિલ્લતે ઈબ્રાહીમ (અલૈ.) ઉપર છે અને નસારા તથા અરબના મુશ્રિકો પણ આવું કહેતા હતા, પરંતુ આ બધા જૂઠા દા'વાઓ અને ગલતફહમીઓ હતી. વાસ્તવમાં મિલ્લતે મુહંમ્મદિય્યહ ﷺ જ છેલ્લા દૌરમાં મિલ્લતે ઈબ્રાહીમી અને દીને ફિતરત (માનવસ્વભાવ અનુરૂપ ધર્મ) પ્રમાણે હતી અને છે.

કહેવાનો અર્થ એ છે કે અલ્લાહ જલ્લ શા'નહુ તરફથી જેટલા અંબિયા (અલૈ.) તશરીફ લાવ્યા અને જેટલી કિતાબો અને શરીઅતો આવી તે બધાની રૂહ (આત્મા–ખુલાસો–હાર્દ) ઈસ્લામ એટલે કે સચ્ચાઈની ઈતાઅત જ છે. જેનો અંતિમ ધ્યેય એ છે કે, "પોતાની મનેચ્છાઓનો ત્યાગ કરી અલ્લાહના હુકમોની ઈતાઅત અને તાબે'દારી કરવામાં આવે તથા મનઘડત સિદ્ધાંતો છોડીને અલ્લાહે ઘડેલા સિદ્ધાંતોની પાબંદી કરવામાં આવે."

અફસોસ ! આજે ઈસ્લામનું નામ લેનારા લાખો મુસલમાનો પણ આ વાસ્તવિકતાથી અજ્ઞાન છે. તેઓ દીન તથા ધર્મના નામ ઉપર પણ પોતાની મનેચ્છાઓની ગુલામી કરવાનું જ ઈચ્છે છે. તેમને કુર્આન, હદીષની ફક્ત તે જ તફસીરો અને ખુલાસાઓ સારા લાગે છે, જે તેમની મરજી મુજબની હોય, નહિતર એવા પ્રયત્નો કરવામાં આવે છે કે શરીઅતના કપડાંને ખેંચી તેને ફાડી નાંખી પોતાના સ્વાર્થ અને મનેચ્છાઓની મૂર્તિઓનો લિબાસ બનાવી આપે કે, જાહેરમાં તો દીન અને ધર્મની તાબે'દારી દેખાય અને હકીકતમાં તે પોતાની મનેચ્છાઓની પૈરવી અને ગુલામી હોય.

سودہ شد از سجدۂ راہِ بُتاں پیشانیم ؛ چند بر خود تہمتِ دینِ مسلمانی نہم

ગાફિલ મનુષ્ય એ નથી જાણતો કે હિલા એન તા'વીલો (યુક્તિ- પ્રયુક્તિ અને શબ્દોની રમત દ્વારા મૂળ તત્ત્વના સ્વરૂપમાં ફેરફાર કરવો) વગેરે છેતરપિંડી મખ્લૂકની સાથે તો ચાલી શકે છે, પરંતુ ખાલિક કે જેના જ્ઞાનમાં અણુએ અણુ સમાયેલો છે. જે દિલોના છુપા ભેદ અને ઈરાદાઓને પણ જુએ અને જાણે છે. તેની સામે નિખાલસ અને શુદ્ધ ઈતાઅત સિવાય કોઈ વસ્તુ સ્વીકાર્ય નથી.

کار ہا با خلق آری جملہ راست ؛ با خدا تزویر و حیلہ کے رواست

વાસ્તવિક ઈસ્લામ એ છે કે, પોતાના સ્વાર્થ અને ઈચ્છાઓથી દિમાગને બિલકુલ સ્વચ્છ કરીને શોધખોળ કરે કે અલ્લાહ જલ્લ શા'નહુની રજામંદી કયા કાર્યમાં છે અને તેનું મારા માટે શું ફરમાન છે ? અને એક ફરમાંબરદાર સેવકની જેમ હંમેશા આજ્ઞાપાલક બની રહે કે કઈ તરફ જવાનું છે અને શું કામનો હુકમ થયો છે ? અને કયા કાર્યને કયા પ્રકારે કરવામાં આવે તો તે સ્વીકાર્ય બનશે અને મારો માલિક રાજી થશે ? આનું નામ જ ઈબાદત અને બંદગી છે.

در راہِ عشق وسوسۂ اہرمن بسے ست ؛ ہشدار و گوش را بہ پیامِ سروش دار

તાબે'દારીની આ જ ભાવના અને મહોબ્બત મનુષ્યની પ્રગતિનો શ્રેષ્ઠ દરજ્જો છે, જેને "મકામે અબ્દિય્યત" કહેવામાં આવે છે. આ તે દરજ્જો છે જ્યાં પહોંચીને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને "ખલીલુલ્લાહ"નો લકબ મળે છે અને સય્યિદુર્રુસુલ અંતિમ નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને "અબ્દના" عَبْدَنَا નો લકબ મળે છે. આ જ અબ્દિય્યત અને ઈતાઅતના દરજ્જાઓ ઉપર ઉમ્મતના વલીઓ, કુતૂબો, અબ્દાલોના દરજ્જાઓ નક્કી થાય છે અને આ જ વાસ્તવિક તૌહીદ છે, જેના પ્રાપ્ત થવાથી વ્યક્તિનો ડર અને આશા ફક્ત એકમાત્ર અલ્લાહ જલ્લ શા'નહુ સાથે જોડાઈ જાય છે.

امید و ہراسش نباشد ز کس ؛ ہمیں ست بنیادِ توحید و بس

મતલબ કે ઈસ્લામનો અર્થ હકીકતમાં સચ્ચાઈની ઈતાઅત છે અને તેનો માર્ગ ફક્ત સુન્નતે રસૂલ ﷺની પૈરવી કરવા ઉપર અવલંબિત છે, જેને કુર્આન શરીફે સ્પષ્ટ શબ્દોમાં આ રીતે વર્ણવ્યું છે.

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِيْٓ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَيُسَلِّمُوْا تَسْلِيْمًا ؁

"તારા પરવરદિગારની કસમ ! તેઓ ક્યારેય મો'મિન થશે નહીં જ્યાં સુધી કે તેઓ પોતાની બધી જ વિવાદી બાબતોમાં તમારો હુકમ ન અપનાવી લે અને પછી તમારા ફૈસલાથી કોઈ મન–દુ:ખ ન અનુભવે અને ફૈસલાને સંતોષપૂર્વક કબૂલ કરી લે." (૪:૬૫)

મસ્અલો :

ઉપરોક્ત આયતોમાં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)એ પોતાની ઔલાદને વસિય્યત કરી અને તેમનાથી કરાર લીધો હતો કે, "ઈસ્લામ સિવાય અન્ય કોઈ હાલત ઉપર અથવા બીજી કોઈ મિલ્લત ઉપર મૃત્યુ પામશો નહીં." તેનો અર્થ એ છે કે, પોતાની જિંદગીમાં ઈસ્લામ અને ઈસ્લામી શિક્ષણ ઉપર મજબૂતીથી અમલ કરતા રહો, જેથી અલ્લાહ તઆલા તમારો અંત પણ ઈસ્લામ ઉપર જ કરે. જેમકે, અુમક રિવાયતોમાં છે કે તમે પોતાની જિંદગીમાં જે હાલતના પાબંદ રહેશો તે જ હાલત ઉપર તમારું મૌત પણ થશે અને એ જ હાલતમાં મહશરમાં ઊભા થશો. અલ્લાહ તઆલાની સુન્નત (આદત) એ જ છે કે જે બંદો નેકીનો ઈરાદો કરે છે અને પોતાના હેતુ પૂર્ણ કરવા પોતાની શક્તિ મુજબ પ્રયત્ન કરતો રહે છે, તો અલ્લાહ તઆલા તેને નેકીની તૌફીક આપી દે છે અને નેકીના કામ તેમના માટે સરળ બનાવી દે છે.

આ હદીષથી અલ્લાહના તે ઈરશાદ ઉપર શંકા કરવામાં ન આવે કે, અમુક વ્યક્તિ જન્નતના કામો અને જન્નતના અમલ હંમેશા કરતો રહે છે અને અહીંયાં સુધી કરે છે કે તે વ્યક્તિ અને જન્નત વચ્ચે માત્ર એક હાથનું અંતર બાકી રહી જાય છે, પરંતુ પછી તેની તકદીર ગાલિબ આવી જાય છે અને એવી જ રીતે અમુક લોકો દોઝખના કામમાં મશગૂલ રહે છે અહીંયાં સુધી કે તેમના અને દોઝખ વચ્ચે ફક્ત એક હાથનું અંતર બાકી રહી જાય છે અને પછી તકદીર ગાલિબ આવી જાય છે અને છેલ્લી ઉંમરમાં જન્નતવાળાઓના કામો કરવા લાગી જાય છે અને જન્નતમાં દાખલ થઈ જાય છે.

કારણ એ છે કે, આ હદીષના જ અમુક શબ્દોમાં આ શરત પણ લગાવવામાં આવી છે કે, فِيمَا يَبْدُو لِلنَّاسِ એટલે જેણે સમગ્ર જીવન જન્નતના કામો કર્યા અને છેવટમાં દોઝખના કામોમાં લાગી ગયો, વાસ્તવમાં તેના પહેલાંના કામો પણ દોઝખના જ અમલો હતા પરંતુ લોકોને જાહેરમાં અને જોવામાં તે જન્નતના કામો દેખાતા હતા. એવી જ રીતે જે દોઝખના અમલોમાં મશગૂલ રહ્યો અને છેવટે જન્નતના કામો કરવા લાગ્યો. હકીકતમાં તે પ્રથમથી જ જન્નતના કામો કરતો આવ્યો છે, પરંતુ લોકો જાહેરમાં તેને ગુનેહગાર સમજતા રહ્યા.

(ઈબ્ને કષીર)

ખુલાસો એ છે કે જે વ્યક્તિ નેક કામમાં મશગૂલ રહે તેને અલ્લાહ તઆલાનો વાયદો અને આદતના કારણે એ જ આશા રાખવી જોઈએ કે તેનો અંત પણ નેકી ઉપર જ થશે. ઈન્શાઅલ્લાહ.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૩૩–૧૩૪)

أَمْ كُنْتُمْ شُهَدَآءَ إِذْ حَضَرَ يَعْقُوبَ الْمَوْتُ إِذْ قَالَ لِبَنِيهِ مَا تَعْبُدُونَ مِنْ بَعْدِي

قَالُوا نَعْبُدُ إِلٰهَكَ وَإِلٰهَ آبَآئِكَ إِبْرٰهِمَ وَإِسْمٰعِيلَ وَإِسْحٰقَ إِلٰهًا وَّاحِدًا وَّنَحْنُ لَهُ

مُسْلِمُونَ ﴿١٣٣﴾ تِلْكَ أُمَّةٌ قَدْ خَلَتْ لَهَا مَا كَسَبَتْ وَلَكُمْ مَّا كَسَبْتُمْ وَلَا تُسْأَلُونَ

عَمَّا كَانُوا يَعْمَلُونَ ﴿١٣٤﴾

તરજુમો :

શું તમે હાજર હતા જ્યારે યાકૂબ (અલૈ.)ને મૌત (નજીક) આવ્યું ? જ્યારે તેમણે પોતાના બેટાઓને કહ્યું, કોની ઈબાદત કરશો મારા પછી ? એમણે કહ્યું, અમે ઈબાદત કરીશું તમારા મઅબૂદ(ની); અને તમારા બાપ–દાદા ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક (અલૈ.)ના મઅબૂદની (એટલે કે) એકમાત્ર મઅબૂદ(ની); અને અમે તેના જ ફરમાંબરદાર (છે). (૧૩૩) આ એક ઉમ્મત ગુજરી ગઈ; તેમના માટે તે છે જે તેઓ કમાયા અને તમારા માટે તે છે જે તમે કમાયા; અને તમને પૂછવામાં નહીં આવે તે કામો વિશે, જે તેઓ કરતા હતા. (૧૩૪)

તફસીર :

શું (તમે લોકો કોઈ ભરોસાપાત્ર સાચી દલીલથી ઉપરોક્ત દા'વો કરો છો અથવા) તમે પોતે તે સમયે હાજર હતા જ્યારે યાકૂબ (અલૈ.)નો અંતિમ સમય નજીક આવ્યો ? જે સમયે તેમણે પોતાના દિકરાઓને પૂછ્યું કે તમે લોકો (મારા મરણ પછી) કઈ વસ્તુની ઈબાદત કરશો ? તેમણે જવાબ આપ્યો કે અમે તે (પવિત્ર જાત)ની ઈબાદત કરીશું જેની તમે અને તમારા વડીલો ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક (અલૈ.) ઈબાદત કરતા આવ્યા છે (એટલે તે મઅબૂદ જે વહદહુ લા શરીક લહૂ અને એકમાત્ર છે) અને અમે તેની ઈતાઅત કરીશું અને (આ બુઝુર્ગોની) એક જમાઅત હતી જે (પોતાના સમયમાં) ગુજરી ચૂકી અને એમને એમનું કરેલું કામ આવશે અને તમને તમારું (કરેલું) કામ આવશે અને તમારાથી એમના વિશે કંઈ પૂછવામાં નહીં આવે.

મસ્અલા અને બોધપાઠ :

પાછલી આયતોમાં ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લત અને ઈસ્લામની વાસ્તવિકતાનો ઉલ્લેખ હતો. હવે, આ આયત વધુ ધ્યાન આપવા યોગ્ય છે કે, ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લત કહો અથવા ઈસ્લામ, એ આ સમગ્ર કૌમ બલકે સમગ્ર માનવ જગત માટે હિદાયત અને માર્ગદર્શનનો મુદ્રાલેખ છે. પછી તેમાં ઈબ્રાહીમ (અલૈ.) અને યાકૂબ (અલૈ.)ની ઔલાદને તે વિશેષતા પ્રાપ્ત છે કે, તેમને પ્રસ્તુત આયતમાં ખાસ સંબોધન કરવામાં આવ્યું અને અલ્લાહ તઆલાએ આ બંને વડીલો અને મહાન પયગમ્બરોને પોતાની ઔલાદને વસિય્યત સ્વરૂપે આપેલા વિશેષ માર્ગદર્શનનો દુઆના શબ્દો દ્વારા ઉલ્લેખ કર્યો.

તેમાં એક વાત સ્પષ્ટ થાય છે કે, પુત્ર પ્રેમ અને તેમની ભલાઈની ફિકર–ચિંતા રિસાલત અને નુબુવ્વતના હોદ્દાથી બલકે, અલ્લાહના દોસ્ત હોવાના દરજ્જાના વિરૂદ્ધ નથી. અલ્લાહ તઆલાના તે દોસ્ત જે એક સમયે પોતાના પરવરદિગારનો ઈશારો પામીને પોતાના અતિપ્રિય દિકરાને કુર્બાન કરવા કમર કસી લેતા નજરે પડે છે, એ જ દોસ્ત બીજા સમયે પોતાની ઔલાદ માટે દીની, દુનિયવી રાહતો અને ભલાઈઓ માટે અલ્લાહ રબ્બુલ ઈજ્જત પાસે દુઆઓ પણ કરે છે. દુનિયાને અલવિદા કરવાના સમયે પોતાની ઔલાદને તે બે વસ્તુઓ

આપીને વિદાય લે છે, જે તેમની નજરમાં સૌથી મોટી નેઅ્મત અને ઈનામ છે અને તે છે "ઈસ્લામ !"

ઉપરોક્ત આયતમાં وَوَصّٰى بِهَا اِبْرٰهٖمُ بَنِيْهِ وَيَعْقُوْبُ (૨:૧૩૨)નો એ જ અર્થ છે અને આયત اِذْحَضَرَ يَعْقُوْبَ الْمَوْتُ اِذْقَالَ لِبَنِيْهِ مَاتَعْبُدُوْنَ مِنْ بَعْدِىْ (૨:૧૩૩)નો એ જ હેતુ છે. તફાવત ફક્ત એટલો છે કે સામાન્ય માણસોથી વિપરીત અલ્લાહવાળાઓની નજરમાં દુનિયાની નેઅ્મતો એ દુનિયાની નાશ થનારી દૌલત અને દુનિયાની નિમ્ન કક્ષાની ભૌતિક વસ્તુઓ માત્ર છે. મતલબ કે અલ્લાહવાળાઓની ઈચ્છાશક્તિ મજબૂત છે, તેઓની વાસ્તવિક દૌલત ઈમાન, નેક કાર્યો અને ઈસ્લામ છે.

જેવી રીતે સામાન્ય વ્યક્તિ પોતાની અંતિમ ઘડીએ એવું ઈચ્છતો હોય છે કે, જે મોટામાં મોટી દૌલત તેની પાસે હોય તે પોતાની ઔલાદને આપતો જાય. એક મૂડીવાદી વેપારીની તે ઈચ્છા હોય છે કે, મારી ઔલાદ મીલો અને ફેક્ટરીઓની માલિક બની જાય, તેમને ઈમ્પોર્ટ-એક્સપોર્ટના મોટા-મોટા લાઈસન્સ મળી જાય, લાખો અને કરોડોનું બેન્ક બૅલેન્સ હોય, અથવા નોકરી કરતો વ્યક્તિ ઈચ્છે છે કે, મારી ઔલાદને ઊંચા હોદ્દાઓ ઉપર સારા પગારની નોકરી મળે, અથવા એક ઉદ્યોગપતિ એવી ઈચ્છા ધરાવે છે કે, તેની ઔલાદ તેના ઉદ્યોગ-ધંધામાં પ્રવીણ બને, તેમને તેઓ પોતાની આખી જિંદગીમાં પોતે શીખેલા ગુણો અને કલાઓ શીખવાડે છે.

એવી જ રીતે અંબિયા (અલૈ.) અને તેમના અનુયાયી અલ્લાહના વલીઓની સૌથી મોટી તમન્ના એ હોય છે કે, જે કાયમી અને હંમેશા રહેનારી દૌલત છે તે પોતાની ઔલાદને સંપૂર્ણ રીતે મળી જાય. તેઓ તેના માટે દુઆઓ પણ કરે છે અને પ્રયત્નો પણ કરે છે. બલકે, અંતિમ ઘડીએ તેની વસિય્યત પણ કરે છે. જેમકે, ઉપરોક્ત આયતથી આ બાબત સ્પષ્ટ થઈ ગઈ.

ઔલાદ માટે દીન અને સદ્વર્તન શીખવાડવાથી વધી ઉત્તમ કશું નથી :

અંબિયા (અલૈ.)ની આ કાર્યપ્રણાલી સામાન્ય માણસોના માર્ગદર્શન માટે છે કે, જેવી રીતે ઔલાદ માટે દુનિયવી પાલન-પોષણ અને કેળવણી તથા

દુનિયવી જિંદગીની રાહત અને આરામની વ્યવસ્થા કરવામાં આવે છે. એવી જ રીતે બલકે, તેનાથી વધુ સારી રીતે તેમના માટે એ જરૂરી છે કે, ઔલાદની વિચારસરણી, તેમના અમલો તથા અકીદાઓની દુરુસ્તી અને સદ્‌વર્તનની કેળવણી આપવામાં આવે. બુરાઈના માર્ગો અને બુરાઈના કર્મોથી તથા દુર્ગુણોથી તેમને બચાવવાનો ભરપૂર પ્રયત્ન કરવામાં આવે. ઔલાદની સાચી મહોબ્બત અને અસલી ભલાઈ આ જ છે. એ કોઈ બુદ્ધિગમ્ય બાબત નથી કે એક વ્યક્તિ પોતાના બાળકને શરદી અને ગરમીથી બચાવવા માટે તો પોતાની સંપૂર્ણ શક્તિ ખર્ચી નાંખે અને કાયમી આગ તથા અઝાબથી બચાવવા તરફ કોઈ ધ્યાન ન આપે! તેના બદનમાંથી કાંટો કાઢવા તો પોતાના બધા જ પ્રયત્નો કરી છૂટે પોતાની પાસે ઉપ્લબ્ધ બધું જ ખર્ચી નાંખે, પરંતુ તેને બંદૂકની ગોળીથી બચાવવા કોઈ જ પ્રયત્ન ન કરે, એ નરી મૂર્ખામી છે !

અંબિયા (અલૈ.)ની આ કાર્ય પદ્ધતિ એક સૈદ્ધાંતિક બાબત પણ છે, કારણ કે, માતા-પિતાની ફરજ અને ઔલાદનો અધિકાર છે કે, સૌ પ્રથમ તેમની સુધારણા અને સફળતાની ચિંતા કરવામાં આવે, ત્યાર બાદ અન્ય વસ્તુ તરફ ધ્યાન આપવામાં આવે. આ બાબતમાં બે હિકમતો છુપાયેલી છે.

પ્રથમ એ કે, ઔલાદનો માતા-પિતા સાથે શારીરિક અને માનસિક સંબંધ હોવાના કારણે તેમની શિખામણની અસર ઔલાદ પર વધારે જલદી અને સરળતાથી થાય છે અને તેને તેઓ સ્વીકારી લે છે પછી તે તેમની સુધારણાની ચળવળના પ્રયત્નો વધુ તેજ કરી ઈસ્લામ અને સચ્ચાઈના પ્રસાર-પ્રચાર માટે તેમને તૈયાર કરે છે.

બીજું એ કે, સચ્ચાઈના પ્રચાર અને પ્રસારનો હક અદા કરવાનો આનાથી વધુ સરળ અને ફાયદાકારક માર્ગ બીજો કોઈ નથી કે, દરેક ઘરનો જવાબદાર વ્યક્તિ પોતાના ઘરવાળાઓ અને બાલ-બચ્ચાંને સચ્ચાઈની વાતો શીખવે અને તેના ઉપર અમલ કરાવવાનો પ્રયત્ન દિલોજાનથી આદરે. આવી રીતે ઈસ્લામની તબ્લીગ અને શિક્ષણ તથા સુધારણા અને કેળવણીનું વર્તુળ પ્રેક્ટીકલ રીતે ફક્ત ઘરોની જવાબદારી સુધી આવી જાય તો પણ સમગ્ર કૌમને આ તબ્લીગ અને તા'લીમ પ્રાપ્ત થશે. કુર્આન શરીફે આ જ બાબતની તાકીદ આ જ સિદ્ધાંત આધારે કરી છે.

يَآ اَيُّهَاالَّذِيْنَ اٰمَنُوْاقُوْٓااَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ نَارًا ط

"હે ઈમાનવાળાઓ ! બચાવો પોતાની જાતને અને પોતાના અહલો અયાલ (ઘરવાળાઓ)ને મોટી આગથી !" (૬૬:૬)

અને રસૂલુલ્લાહ ﷺ જેઓ આખી દુનિયા માટે રસૂલ છે અને જેમની હિદાયત અને માર્ગદર્શન કયામત સુધી આવનારા જનરેશન (પેઢીઓ) માટે સર્વસામાન્ય છે. આપ ﷺને પણ સૌ પ્રથમ આ હુકમ આપવામાં આવ્યો,

وَاَنْذِ رْعَشِيْرَ تَكَ الْاَقْرَبِيْنَ،

"આપના નજીકના સગાઓને અલ્લાહના અઝાબથી ડરાવો." (૨૬:૨૧૪)

ફરી ઈરશાદ ફરમાવ્યો,

وَاْمُرْاَهْلَكَ بِالصَّلٰوةِ وَ اصْطَبِرْ عَلَيْهَا،

"પોતાના અહલો અયાલ (ઘરવાળાઓ)ને નમાઝનો હુકમ કરો અને પોતે પણ તેના પાબંદ રહો." (૨૦:૧૩૨)

રસૂલુલ્લાહ ﷺએ હંમેશા આ હુકમનો અમલ કર્યો. એક બીજી હિકમત એ પણ છે કે, કોઈ વ્યક્તિના ઘરવાળાઓ અને નજીકના કુટુંબીજનો તેમની વિચારસરણી અને તેમની કાર્યપદ્ધતિમાં તેમના સાથી અને તેમના રંગે રંગાયેલા ન હોય તો તેમના શિક્ષણ અને પ્રચારનો અન્યો ઉપર એટલો પ્રભાવ પડતો નથી. એ જ કારણ છે કે આપ ﷺની તબ્લીગના જવાબમાં ઈસ્લામની શરૂઆતના સમયમાં સામાન્ય લોકોનો એ જવાબ હતો કે, "પહેલાં પોતાના કુટુંબ કુરૈશને તો તમે તમારા હમખ્યાલ બનાવી લો પછી અમારી ખબર લો !" અને જ્યારે કુરૈશમાં ઈસ્લામ ફેલાય ગયો અને મક્કા વિજય સમયે તે કામ પૂર્ણ થયું, તો તેનું પરિણામ કુર્આનના શબ્દોમાં આ રીતે જાહેર થયું.

يَدْ خُلُوْنَ فِيْ دِيْنِ اللّٰهِ اَفْوَاجًا ط

"લોકો અલ્લાહના દીનમાં સમૂહોના સમૂહો (ટોળે–ટોળાં) થઈને પ્રવેશ પામશે." (૧૧૦:૨)

વર્તમાન સમયમાં મુસલમાનોમાં અજ્ઞાનતા અને તેમની બેદીનીનું સૌથી મોટું કારણ એ છે કે, માતા–પિતા જો દીનથી વાકેફ હોય અને દીનદાર પણ હોય, તે છતાં એની ફિકર નથી કરતા કે, અમારી ઔલાદ પણ દીનદાર થઈને કાયમી રાહતના હકદાર બને. સામાન્ય રીતે આપણી નજર ફક્ત ઔલાદની દુનિયાની અમુક દિવસની રાહત ઉપર રહે છે. એટલા માટે એની વ્યવસ્થા કરતા રહીએ છીએ અને કદી ન પૂર્ણ થનાર દૌલત તરફ એટલે કે આખિરત તરફ ધ્યાન આપતા નથી. અલ્લાહ તઆલા આપણ સૌને અમલ કરવાની તૌફીક અતા ફરમાવે કે આખિરતની ફિકર–ચિંતામાં લાગી જઈએ. પોતાના માટે તથા પોતાની ઔલાદના માટે સૌથી મોટી મૂડી ઈમાન અને અમલે સાલેહને સમજીને તે બાબતે અલ્લાહના હુકમો પૂર્ણ કરવાના પ્રયત્નો કરીએ.

વાલિદૈન (માતા–પિતા)ના વારસા સંબંધિત અમુક મસ્અલા :

આ આયતમાં હઝરત યાકૂબ (અલૈ.)ની ઔલાદ તરફથી જે જવાબ આપવામાં આવ્યો છે, તેમાં اِلٰهَ اٰبَاۤءِكَ اِبْرٰهِيْمَ وَاِسْمٰعِيْلَ وَ اِسْحٰقَ કહીને તે તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, "દાદા પણ બાપ જ કહેવાય છે અને બાપના જ હુકમમાં છે." એટલા માટે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)એ આ આયતથી દલીલ કરીને ફરમાવ્યું કે, "વારસામાં દાદાનો પણ તે જ હુકમ છે જે બાપનો છે."

બાપ–દાદાના અમલોની સજા અથવા ઇનામ ઔલાદને નહીં થાયઃ

لَهَا مَا كَسَبَتْ આ આયતથી સ્પષ્ટ થયું કે બાપ–દાદાના નેક અમલો ઔલાદ માટે પૂરતા નથી હોતા, જ્યાં સુધી કે, તે પોતે પોતાના અમલોને ઠીકઠાક ન કરે. એવી જ રીતે બાપ અને દાદાના ખરાબ અમલો અને દુષ્કૃત્યોનો અઝાબ ઔલાદને નહીં થાય, જ્યારે કે તે પોતે નેક અમલો અને સદ્‌કાર્યો કરતો હોય. એનાથી તે પણ સાબિત થયું કે મુશ્રિકોની ઔલાદ જે બાલિગ થતા પહેલાં મરી જાય છે, તેમને પોતાના માં–બાપના કુફ્ર અને શિર્કના કારણે અઝાબ નહીં થાય અને તેનાથી યહૂદીઓના તે અકીદાનો પણ રદિયો થાય છે, જેમાં તેઓના કહેવા પ્રમાણે અમે જે ચાહીએ તે અમલ કરતા રહીએ પરંતુ અમારી મગફિરત તો અમારા બાપ–દાદાઓના અમલના કારણે થઈ જશે. એવી રીતે આજકાલ અમુક

સૈયદ કુટુંબો એવા જૂઠા સપનામાં રાચે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની ઔલાદ છે, અમે જે કંઈ પણ ગુનાહ કરતા રહીએ છીએ અમારી મગફિરત થઈ જશે.

કુર્આન શરીફમાં આ વિષયનો વારંવાર જુદા-જુદા મથાળા હેઠળ ઉલ્લેખ થયો છે. وَلَا تَكْسِبُ كُلُّ نَفْسٍ اِلَّا عَلَيْهَا وَلَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى "દરેક માણસ પોતાના કર્મોનું ફળ મેળવશે અને કોઈ અન્ય વ્યક્તિ કોઈનો ભાર નહીં વેંઢારે." (૬:૧૬૪) વગેરે.

રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું, "હે બની હાશિમ (હાશિમની ઔલાદ) ! એવું ન થાય કે કયામતના દિવસે અન્ય લોકો તો પોત-પોતાના નેક અમલો લઈને આવે અને તમે નેક અમલોથી ગફલતમાં રહો. ફક્ત મારા નસબ (લોહીનો સંબંધ)નો ભરોસો લઈને આવો અને હું તે દિવસે તમને એ કહું કે, હું તમને અલ્લાહના અઝાબથી બચાવી નથી શકતો."

અને બીજી હદીષમાં ફરમાવ્યું,

مَن بَطَّأَ بِهٖ عَمَلُهٗ لَمْ يُسْرِعْ بِهٖ نَسَبُهٗ

"જે વ્યક્તિને તેના અમલે પાછળ નાંખ્યો તેને તેનો વંશ (લોહીના સગાઓ) આગળ વધારી નથી શકતો."

દરેક વ્યક્તિએ પોતાનો હિસાબ પોતે આપવાનો છે, દરેક વ્યક્તિ પોતાના કર્મોનો પોતે જવાબદાર છે. આખિરતમાં કોઈ બીજાનો ભાર અન્ય કોઈ વ્યક્તિ ઉઠાવી નહીં શકે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૩૫-૧૩૬)

وَقَالُوْا كُوْنُوْا هُوْدًا اَوْ نَصٰرٰى تَهْتَدُوْا ؕ قُلْ بَلْ مِلَّةَ اِبْرٰهٖمَ حَنِيْفًا ؕ وَمَا كَانَ مِنَ
الْمُشْرِكِيْنَ ۝١٣٥ قُوْلُوْٓا اٰمَنَّا بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْنَا وَمَآ اُنْزِلَ اِلٰٓى اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ
وَاِسْحٰقَ وَيَعْقُوْبَ وَالْاَسْبَاطِ وَمَآ اُوْتِيَ مُوْسٰى وَعِيْسٰى وَمَآ اُوْتِيَ النَّبِيُّوْنَ مِنْ
رَّبِّهِمْ ۚ لَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ ۖ وَنَحْنُ لَهٗ مُسْلِمُوْنَ ۝١٣٦

તરજુમો :

અને તેઓ કહે છે, થઈ જાઓ યહૂદી અથવા ખ્રિસ્તી ! તમે હિદાયત મેળવી લેશો ! કહી આપો; બલકે (અમે પૈરવી કરીએ છીએ) એક અલ્લાહના બની જનારા ઈબ્રાહીમના દીનની; અને તેઓ મુશ્રિકોમાંથી ન હતા. (૧૩૫) કહી આપો ! અમે ઈમાન લાવ્યા, અલ્લાહ ઉપર; અને જે નાઝિલ કરવામાં આવ્યું અમારા તરફ; અને જે નાઝિલ કરવામાં આવ્યું ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ (અલૈ.) અને યાકૂબના વંશજો ઉપર; અને જે આપવામાં આવ્યું મૂસા અને ઈસા(અલૈ.)ને; અને જે આપવામાં આવ્યું નબીઓને તેમના પરવરદિગાર તરફથી; અમે તેમનામાંથી કોઈ એક દરમિયાન (પણ) મતભેદ નથી કરતા; અને અમે તેમના જ ફરમાંબરદાર છીએ. (૧૩૬)

તફસીર :

અને આ (યહૂદીઓ અને ખ્રિસ્તી) લોકો (મુસલમાનોથી) કહે છે કે તમે લોકો યહૂદી થઈ જાઓ (આવું તો યહૂદીઓ કહે છે) અથવા ખ્રિસ્તી બની જાઓ (અને આવું ખ્રિસ્તીઓ કહેતા હતા). તમે પણ (સત્ય) માર્ગ ઉપર આવી જશો (હે મુહમ્મદ ﷺ !) તમે (જવાબમાં) કહી આપો કે અમે તો (યહૂદી અથવા ખ્રિસ્તી કદી ન થઈશું બલકે) ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લત (એટલે કે ઈસ્લામ) ઉપર રહીશું, જેમાં અસત્યનું નામ (સુદ્ધાં) નથી. (જયારે કે યહૂદિયત અને નસ્રાનિયતમાં ફેરફાર અને તેના રદ થઈ જવાના કારણે તેમાં નર્યું જૂઠાણું ઘૂસી ગયું છે) અને ઈબ્રાહીમ (અલૈ.) મુશ્રિક પણ ન હતા. (મુસલમાનો ! યહૂદી અને ખ્રિસ્તીના જવાબમાં જે તમે સામૂહિક રીતે કહ્યું છે કે, અમે ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લત ઉપર રહીશું, આ મિલ્લતના ખુલાસાનો ઉલ્લેખ કરવા માટે) કહી આપો કે, (આ મિલ્લત ઉપર રહેવાનો હેતુ એ છે કે) ઈમાન રાખીએ છીએ અલ્લાહ ઉપર અને તેના (તે હુકમ) ઉપર પણ જે (હુકમ) અમારી પાસે (રસૂલ ﷺના માધ્યમથી) મોકલવામાં આવ્યો અને તે (હુકમ) ઉપર પણ જે હઝરત ઈબ્રાહીમ (અલૈ.) અને હઝરત ઈસ્માઈલ (અલૈ.) અને હઝરત ઈસ્હાક (અલૈ.) અને હઝરત યાકૂબ (અલૈ.) અને યાકૂબ (અલૈ.)ના વંશજો(માં જે નબીઓ થઈ ગયા

તેમના) ઉપર (વહીના માધ્યમથી જે હુકમ મોકલવામાં આવ્યો) અને તે (હુકમ અને મોઅ્જિઝા) ઉપર પણ જે હઝરત મૂસા (અલૈ.) અને હઝરત ઈસા અલૈ.ને આપવામાં આવ્યા અને તેના ઉપર પણ, જે કોઈ અન્ય નબીઓ (અલૈ.)ને આપવામાં આવ્યું તેમના પરવરદિગાર તરફથી. (બસ, અમે એ બધા ઉપર ઈમાન રાખીએ છીએ અને ઈમાન પણ) એવા સ્વરૂપે કે અમે તે (વડીલો)માંથી કોઈ એકમાં પણ (બીજાથી ઈમાન લાવવામાં) ભેદભાવ નથી કરતા (કે અમુક ઉપર ઈમાન લાવીએ અને અમુક ઉપર ન લાવીએ) અને અમે તો અલ્લાહ તઆલાના ફરમાંબરદાર છે (એમણે જ અમને આ દીન બતાવ્યો) જે અમે અપનાવી લીધો. (બસ, ખુલાસો એ છે કે આ મિલ્લત કે જેના ઉપર અમે કાયમ છે તેનો કોઈના દ્વારા સૈદ્ધાંતિક રીતે ઈન્કાર કરવાની સંભાવના પણ નથી.)

મસ્અલા અને બોધપાઠ :

યાકૂબ (અલૈ.)ના વંશજોને કુર્આન શરીફે "અસ્બાત" اَسْبَاط નો શબ્દ વાપરી ઉલ્લેખ કર્યો છે. આ "સિબ્ત" سِبط નું બહુવચન છે, જેનો અર્થ "કુટુંબ" અથવા "સમૂહ"નો થાય છે. તેમને સબ્ત કહેવાનું કારણ બતાવવામાં આવ્યું છે કે, યાકૂબ (અલૈ.)ના બાર પુત્રો હતા. પછી દરેક પુત્રની ઔલાદ એક આગવું કુટુંબ (કબીલો) બની ગયું, પછી અલ્લાહ તઆલાએ તેમના વંશમાં એવી બરકત આપી કે જ્યારે હઝરત યૂસુફ (અલૈ.) પાસે તેઓ મિસ્‌ર ગયા તો બાર ભાઈઓ હતા અને જ્યારે ફિરઔનના મુકાબલા પછી હઝરત મૂસા (અલૈ.) સાથે બની ઈસ્રાઈલ (યાકૂબ અલૈ.ની ઔલાદ) નીકળી તો દરેક ભાઈની ઔલાદ હજારો વ્યક્તિઓ ઉપર આધારિત કુટુંબો હતા અને હઝરત યાકૂબ (અલૈ.)ની ઔલાદને અલ્લાહ તઆલાએ બીજી બરકત એ અતા' ફરમાવી કે દશ નબીઓ સિવાય બાકી બધા જ નબીઓ અને રસૂલો તેમની ઔલાદમાં પૈદા થયા. બની ઈસ્રાઈલના સિવાય બાકી નબીઓ હઝરત આદમ (અલૈ.) પછી હઝરત નૂહ, હઝરત શુઐબ, હઝરત હૂદ, હઝરત સાલેહ, હઝરત લૂત, હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્હાક, હઝરત યાકૂબ, હઝરત ઈસ્માઈલ (અલૈ.) અને હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૩૭–૧૩૮)

فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ فَقَدِ اهْتَدَوْا ۚ وَاِنْ تَوَلَّوْا فَاِنَّمَا هُمْ فِيْ شِقَاقٍ ۚ
فَسَيَكْفِيْكَهُمُ اللّٰهُ ۚ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ ﴿١٣٧﴾ صِبْغَةَ اللّٰهِ ۚ وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ
صِبْغَةً ۫ وَّنَحْنُ لَهٗ عٰبِدُوْنَ ﴿١٣٨﴾

તરજુમો :

બસ, જો તેઓ ઈમાન લાવે જેવી રીતે તમે ઈમાન લાવ્યા તેના ઉપર, તો ચોક્કસ તેઓ હિદાયત પામી ગયા; અને જો તેમણે મોઢું ફેરવ્યું, તો બેશક ! તેઓ હઠધર્મીમાં (છે); બસ, ઘણો જ જલદી તેમના મુકાબલામાં અલ્લાહ પૂરતો હશે; અને તે સાંભળનારો, જાણનારો (છે). (૧૩૭) (ચઢાવી લીધો અમે) અલ્લાહનો રંગ ! અને કોનો સારો (રંગ) છે અલ્લાહના રંગથી ! અને અમે તેની જ ઈબાદત કરનારા (છે). (૧૩૮)

તફસીર :

(એટલે જ્યારે ઉપર પ્રમાણે ઈસ્લામ સાચો દીન હોવાનું સાબિત થઈ ચૂક્યું.) બસ, જો તેઓ (યહૂદીઓ અને નસારા) પણ આ જ પ્રમાણે ઈમાન લઈ આવે જે પ્રમાણે તમે ઈમાન લઈ આવ્યા તો તેઓ પણ (સત્ય) માર્ગ ઉપર આવી જશે અને જો તેઓ (તેનાથી) મોઢું ફેરવશે તો (તમે તેમના મોઢું ફેરવવાથી આશ્ચર્ય ન કરો કારણ કે,) તે લોકો તો (હંમેશ) વિરોધ કરતા જ રહ્યા છે (અને જો તેમના વિરોધથી કંઈ સંદેહ હોય) તો (સમજી લો કે) આપના વતી ખૂબ જ જલદી તેમનાથી અલ્લાહ તઆલા નિમટી લેશે. અને અલ્લાહ તઆલા (તમારી અને તેમની વાતો) સાંભળે છે (અને તમારો અને તેમનો વર્તાવ) જાણે છે, (તમારે ફિકર–ચિંતા કરવાની કોઈ જરૂર નથી).

(હે મુસલમાનો ! કહી આપો કે અમે ઉપર મુજબ જે કંઈ તમારા જવાબમાં કહ્યું છે કે અમે ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લત ઉપર રહીશું, તેની વાસ્તવિકતા એ છે કે,) અમે (દીનની) તે હાલત ઉપર રહીશું, જેમાં (અમે) અલ્લાહ તઆલાના રંગમાં રંગાઈ ગયા છે (અને કોઈ પદાર્થ પરના રંગની જેમ

અમારું સમગ્ર અસ્તિત્વ અલ્લાહના રંગે રંગાઈ ગયું છે) અને (બીજું) કોણ છે જેનો રંગ અલ્લાહ તઆલાના રંગથી શ્રેષ્ઠ હોય ? (જ્યારે કોઈ અન્ય એવો નથી તો અમે કોઈ બીજા દીનને કેવી રીતે અપનાવી શકીએ છીએ ?) અને (એટલા માટે) અમે તેમની ગુલામી અપનાવી લીધી છે.

મસ્અલા અને બોધપાઠ :

ઈમાનની સંક્ષિપ્ત અને સર્વગ્રાહી તફસીર :

فَاِنْ اٰمَنُوْا بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ સૂરએ બકરહની શરૂઆતથી અહીંયાં સુધીની હકીકત ક્યાંક ટૂંકમાં તો ક્યાંક ખુલાસાવાર વર્ણન કરવામાં આવી છે. આ એક એવું મિશ્રણ છે, જે બધા જ ખુલાસાઓ અને વિવરણો ઉપર પ્રભાવી છે. કારણ કે, اٰمَنْتُمْ થી સંબોધન રસૂલુલ્લાહ ﷺ અને સહાબએ કિરામ (રદિ.) છે. આ આયતમાં તેમના ઈમાનને એક આદર્શ નમૂનો ઠરાવીને હુકમ આપવામાં આવ્યો છે કે, અલ્લાહ તઆલા નજીક સ્વીકાર્ય અને ભરોસાપાત્ર ફક્ત તે જ ઈમાન છે જે રસૂલે કરીમ ﷺ અને સહાબા (રદિ.)એ અપનાવ્યું, જે માન્યતા અને આસ્થા તેમના વિરૂદ્ધની હોય અલ્લાહ પાસે તે સ્વીકાર્ય નથી.

તેનો ખુલાસો એ છે કે, જેટલી વસ્તુઓ ઉપર આ લોકો ઈમાન લાવ્યા તેમાં કોઈ વધારો–ઘટાડો ન થવો જોઈએ અને જેવી રીતે નિખાલસતા (ઈખ્લાસ) સાથે તેઓ ઈમાન લાવ્યા તેમાં કોઈ ફરક ન પડવો જોઈએ, કારણ કે આવું કરવું નિફાક (Hypocricy)માં શામિલ છે અને અલ્લાહ તઆલાની જાત અને તેની સિફતો, ફરિશ્તાઓ, નબીઓ, રસૂલો, આસમાની કિતાબો અને તેના શિક્ષણના સંદર્ભમાં જે ઈમાન અને આસ્થા રસૂલ ﷺએ અપનાવી તે જ અલ્લાહ નજીક સ્વીકાર્ય છે અને તેનાથી વિરૂદ્ધ તેમાં કોઈ તા'વીલ (યુક્તિપૂર્વક બાંધછોડ) કરવી અથવા કોઈ બીજો અર્થ અપનાવવો અલ્લાહ પાસે મરદૂદ (અસ્વીકાર્ય) અને લા'નતી છે. ફરિશ્તાઓ અને નબીઓ–રસૂલોનું જે સ્થાન આપ ﷺના નિવેદનો અને અમલથી જાહેર છે, તેને વધારવું અથવા ઘટાડવું ઈમાન વિરૂદ્ધ બાબત છે.

આ ખુલાસાથી તે તમામ બાતિલ અને જૂઠા ફિરકાઓના ઈમાનમાં ક્ષતિ અને ઉણપ હોવું સ્પષ્ટ થઈ ગયું, જેઓ ઈમાનના દા'વેદારો છે પરંતુ વાસ્તવમાં ઈમાનથી મહરૂમ છે. કારણ કે, ઈમાનનો દા'વો તો મૂર્તિપૂજકો અને મુશ્રિકો પણ

કરે છે તથા યહૂદીઓ અને ખ્રિસ્તીઓ પણ, અને દરેક યુગમાં ઝિન્દીકો અને મુલ્હિદો પણ, પરંતુ તેમનું ઈમાન અલ્લાહ અને રસૂલ ﷺ ઉપર તથા ફરિશ્તાઓ અને કયામતા દિવસ વગેરે ઉપર એવું નથી હોતું જેવી રીતે કે રસૂલુલ્લાહ ﷺનું છે. એટલા માટે અલ્લાહ પાસે તેઓ મરદૂદ છે અને તેમનું ઈમાન અસ્વીકાર્ય છે.

ફરિશ્તાઓ અને રસૂલોના સન્માન તથા મહોબ્બતમાં મધ્યમ માર્ગ જરૂરી છે, અતિશયોક્તિ કરવી એ માર્ગ ભટકી જવા સમાન છે :

મુશ્રિકોમાં અમુકે તો ફરિશ્તાઓના અસ્તિત્વનો જ ઈન્કાર કર્યો છે, અમુકે તેમને અલ્લાહની પુત્રીઓ બનાવી લીધા છે. બંનેનો રદિયો بِمِثْلِ مَآ اٰمَنْتُمْ بِهٖ થી થઈ ગયો. યહૂદીઓ અને ખ્રિસ્તીઓના અમુક જૂથોએ પોતાના નબીઓનો વિરોધ અને નાફરમાની કરી. અહીંયાં સુધી કે અમુકની તો હત્યા કરી શહીદ કરી નાંખ્યા અને અમુક જૂથોએ તેમને માન-સન્માનમાં એટલા વધારી દીધા કે તેમને અલ્લાહ કે, કથિત રીતે અલ્લાહના બેટા બનાવી દીધા. આ બંને પ્રકારો ઈફરાત અને તફરીત (અતિશયોક્તિ અને ઉણપ) છે તથા ગુમરાહી અને સત્ય માર્ગથી વિમુખ થવા સમાન છે.

ઈસ્લામી શરીઅતમાં રસૂલે કરીમ ﷺનું સન્માન કરવું અને તેમનાથી મહોબ્બત કરવી ફરજ છે. તેના વિના ઈમાન પૂર્ણ જ નથી થઈ શકતું, પરંતુ રસૂલે કરીમ ﷺને કોઈ સિફતમાં, કેળવણી અથવા શક્તિ વગેરેમાં અલ્લાહની બરાબર કરી દેવા ગુમરાહી અને શિર્ક છે. કુર્આન શરીફે શિર્કની વાસ્તવિકતા તેને જ ઉલ્લેખી છે કે, અલ્લાહ સિવાય અન્યને અલ્લાહની કોઈ સિફતમાં અલ્લાહ બરાબર સમજવો اِذْ نُسَوِّيْكُمْ بِرَبِّ الْعٰلَمِيْنَ (૨૬:૯૮)નો આ જ અર્થ છે. આજે પણ જે લોકો રસૂલે કરીમ ﷺને આલિમુલ ગયબ (ગયબ જાણનાર) અને અલ્લાહની જેમ દરેક જગ્યાએ હાજર-નાજર અને સર્વવ્યાપી હોવાની માન્યતા ધરાવે છે અને સમજે છે કે તેઓ આપ ﷺના સન્માન અને મહોબ્બતના હકને અદા કરી રહ્યા છે, ખરેખર તો તેઓ આવી માન્યતા (અકીદો) રાખીને આપ ﷺના હુકમ અને આખી જિંદગીના પ્રયત્નોનો ખુલ્લમ ખુલ્લો વિરોધ કરી રહ્યા છે. આ આયતમાં તેમના માટે પણ શિખામણ છે કે, રસૂલ ﷺનું સન્માન અને

મહોબ્બત અલ્લાહના નજીક તેવું જ માન્ય અને સ્વીકાર્ય છે, જેવું સહાબા (રદિ.)ના દિલોમાં તેમનું સન્માન હતું. એટલા માટે તેનાથી ઓછી મહોબ્બત રાખવી પણ ગુનોહ છે અને તેમાં અતિશયોક્તિ કરવી, એ પણ મર્યાદાઓને ઓળંગી જવું અને માર્ગ ભટકી જવું છે.

નબી-રસૂલની "ઝિલ્લી" અને "બુરૂઝી" વ્યાખ્યાઓ અમાન્ય અને ગુમરાહી છે :

એવી જ રીતે જે ફિરકાઓએ રસૂલ ﷺ ઉપર નુબુવ્વત પૂર્ણ થઈ જવાનો ઈન્કાર કરી નવા જૂઠા નબીઓ માટે દરવાજા ખોલવાની નીચ પ્રકારની ચેષ્ટા કરી અને કુર્આન શરીફના ખુલ્લા ખુલાસા "ખાતમુન્નબિય્યીન" خَاتَمُ النَّبِيِّنَ (નબીઓનો સિલસિલો ખતમ કરનાર અંતિમ નબી)ને પોતાના મકસદ અને હેતુમાં આડખીલીરૂપ જોયું, તો તેમણે રસૂલ અને નબીના ઘણા પ્રકારો પોતાના તરફથી બનાવી લીધા. જેનું નામ ઝિલ્લી નબી, બુરૂઝી નબી વગેરે રાખી લીધું અને તેમના માટે નુબુવ્વતની શક્યતા ઊભી કરવાના પયત્નો કરવા લાગ્યા. ઉપરોક્ત આયતથી આવા અકીદાઓ દજ્જાલી કૃત્ય અને ગુમરાહી હોવાનું સાબિત થઈ ગયું. કારણ કે, રસૂલે કરીમ ﷺ અને સહાબએ કિરામ (રદિ.)ના રસૂલુલ્લાહ ﷺ ઉપરના ઈમાનમાં કોઈ ઝિલ્લી અથવા બુરૂઝીનું ક્યાંય નામો-નિશાન નથી. આ ખુલ્લું ઝિન્દીકપણું અને ઈલ્હાદ છે.

આખિરત ઉપરના ઈમાનમાં તા'વીલો (શાબ્દિક યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા વાતને ટ્વિસ્ટ કરવી -તોડવી મરોડવી) બાતિલ અને મરદૂદ છે :

એવી જ રીતે જે લોકોના દિલો-દિમાગ ઉપર ભૌતિકતા અને ભૌતિકતાનો નશો છવાયેલો છે, આલમે ગયબ (અદશ્ય જગત) અને આખિરત વિશે જયારે કોઈ વસ્તુ તેમના તર્કમાં સમાતી નથી તો જાતજાતની તા'વીલો કરવામાં લાગી જાય છે અને પોતે તેને દીનની સેવા સમજે છે કે, અમે અત્યંત બુદ્ધિશાળી અને તર્કશાસ્ત્રી છે, પરંતુ આ તા'વીલો بِمِثْلِ مَا اٰمَنْتُمْ بِهٖ ના વિરૂદ્ધ છે. એટલા માટે તે બધું જ મરદૂદ અને બાતિલ છે. આખિરતમાં ઘટનાર તમામ પરિસ્થિતિઓ અને ઘટનાઓ જેવી રીતે કુર્આન અને સુન્નતમાં વર્ણવવામાં આવી છે તેમાં કોઈપણ પ્રકારના ખચકાટ વિના અને કોઈપણ પ્રકારની તા'વીલ વિના

ઈમાન લાવવું જ વાસ્તવિક ઈમાન છે. હશ્રમાં શારીરિક હાજરીના બદલે ફક્ત રૂહોની હાજરી અને રૂહોના અઝાબ અને સવાબ, એવી જ રીતે અમલોના વજનમાં તા'વીલો કરવી વગેરે બધું જ અલ્લાહના નજીક મરદૂદ, બાતિલ અને ગુમરાહી છે.

રસૂલે કરીમ ﷺની સુરક્ષાની જવાબદારી અલ્લાહ તઆલાએ લીધી છેઃ

فَسَيَكْفِيكَهُمُ اللّٰهُ માં સ્પષ્ટ રીતે ફરમાવ્યું છે કે, તમે તમારા વિરોધીઓની વધારે ફિકર-ચિંતા ન કરો, અમે તેમનાથી નિપટી લઈશું. અને આ એવું જ છે જેમકે બીજી એક આયત وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ "અને અલ્લાહ આપને તે લોકો સામે રક્ષણ આપશે." (૫:૬૭)માં તેનાથી વધુ સ્પષ્ટ રીતે ફરમાવ્યું કે, આપ ﷺ વિરોધીઓની ફિકર-ચિંતા ન કરો, ખુદ અલ્લાહ તમારી હિફાઝત (રક્ષણ) કરશે.

દીન-ઈમાન એક ખૂબ ઘેરો રંગ છે જે વ્યક્તિના ચહેરા ઉપર જોઈ શકાય છે :

صِبْغَةَ اللّٰهِ પ્રથમ આયતમાં દીને ઈસ્લામને હઝરત ઈબ્રાહીમ (અલૈ.) સાથે જોડવામાં આવ્યો હતો. مِلَّتَ اِبْرَاهِيْمَ حَنِيْفًا આ સ્થળે તેને સીધે-સીધો અલ્લાહ સાથે જોડીને બતાવ્યું કે દીન વાસ્તવમાં અલ્લાહ તઆલાનો છે. કોઈ પયગમ્બર તરફ તેનો સંબંધ પ્રતીક સ્વરૂપે કરવામાં આવે છે અને આ જગ્યાએ મિલ્લત مِلَّتُ ને શિબ્ગત صِبْغَتُ ના શબ્દથી ઓળખાવીને બે વાતો તરફ ઈશારો કર્યો છે. પ્રથમ તો ખ્રિસ્તીઓના એક રિવાજનો રદિયો થઈ ગયો. તેમનો રિવાજ એ હતો કે બાળકને પૈદા થયાના સાતમાં દિવસે પીળા રંગના પાણીમાં સ્નાન કરાવતા હતા અને ખત્ના કરવાને નહીં, પરંતુ આ સ્નાન કરાવવાને બાળકની પાકી અને પવિત્રતા માનતા હતા અને આ રંગને ખ્રિસ્તી ધર્મનો પાકો રંગ સમજતા હતા. આ આયતમાં બતાવવામાં આવ્યું છે કે, પાણીનો રંગ ધોવાઈને ઉતરી ગયા પછી તેની કોઈ અસર કે પ્રભાવ બાકી નથી રહેતો. વળી, ખત્ના ન કરવાના કારણે જે ગંદકી અને નાપાકી શરીરમાં રહે છે તેનાથી પણ આ રંગ છુટકારો નથી આપતો. અસલ રંગ દીન અને ઈમાનનો રંગ છે, જે જાહેર અને અંતર (આત્મા-રૂહ)ને પવિત્ર કરવાની જામીનગીરી આપે છે અને કાયમી ધોરણે બાકી રહેનાર પણ છે.

બીજું દીન અને ઈમાનને રંગ કહીને તે તરફ ઈશારો થઈ ગયો કે, જેવી રીતે રંગ આંખોથી અનુભવાય છે એ પ્રમાણે મો'મિનના ઈમાનની નિશાની તેનો ચહેરો છે અને તેની તમામ પ્રવૃત્તિઓ, તેના વહેવારો તથા તેની ટેવોમાં તેનું ઈમાન જાહેર થાય છે. ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૩૯–૧૪૦–૧૪૧)

قُلْ اَتُحَآجُّوْنَنَا فِي اللّٰهِ وَهُوَ رَبُّنَا وَرَبُّكُمْ ۚ وَلَنَآ اَعْمَالُنَا وَلَكُمْ اَعْمَالُكُمْ ۚ
وَنَحْنُ لَهٗ مُخْلِصُوْنَ ﴿۱۳۹﴾ اَمْ تَقُوْلُوْنَ اِنَّ اِبْرٰهٖمَ وَاِسْمٰعِيْلَ وَاِسْحٰقَ وَيَعْقُوْبَ
وَالْاَسْبَاطَ كَانُوْا هُوْدًا اَوْ نَصٰرٰى ؕ قُلْ ءَاَنْتُمْ اَعْلَمُ اَمِ اللّٰهُ ؕ وَمَنْ اَظْلَمُ مِمَّنْ
كَتَمَ شَهَادَةً عِنْدَهٗ مِنَ اللّٰهِ ؕ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ ﴿۱۴۰﴾ تِلْكَ اُمَّةٌ قَدْ
خَلَتْ ۚ لَهَا مَا كَسَبَتْ وَلَكُمْ مَّا كَسَبْتُمْ ۚ وَلَا تُسْئَلُوْنَ عَمَّا كَانُوْا يَعْمَلُوْنَ ﴿۱۴۱﴾ ع

તરજુમો :

કહી આપો ! શું તમે અમારાથી ઝઘડો છો અલ્લાહ વિશે ? હાલાં કે તે જ અમારો પરવરદિગાર અને તમારો પરવરદિગાર છે; અને અમારા માટે અમારા કર્મો અને તમારા માટે તમારા કર્મો છે; અને અમે ખાલિસ (માત્ર અને માત્ર) તેના જ છે. (૧૩૯) શું તમે કહો છો કે ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ (અલૈ.) અને યાકૂબના વંશજો યહૂદી હતા અથવા નસરાની? કહી આપો! શું તમે વધારે જાણનારા છો કે અલ્લાહ? અને કોણ (છે) મોટો અત્યાચારી તેનાથી, જેણે તેની પાસે અલ્લાહ તરફથી (આવેલ) ગવાહી છુપાવી ? અને નથી અલ્લાહ બેખબર તેનાથી, જે તમે કરો છો. (૧૪૦) આ એક ઉમ્મત હતી જે ગુજરી ચૂકી; તેમના માટે તે છે જે તેઓ કમાયા, અને તમારા માટે તે છે જે તમે કમાયા, અને તમારાથી ન પૂછવામાં આવશે તેના વિશે, જે તેઓ કરતા હતા. (૧૪૧)

તફસીર :

આપ ﷺ (તે યહૂદીઓ અને ખ્રિસ્તીઓથી) કહી આપો કે, શું તમે લોકો (હજુ પણ) અમારાથી ઝઘડો છો અલ્લાહ તઆલા વિશે (કે તેઓ અમને કયામતમાં બક્ષશે નહીં) હાલાં કે, તે અમારો અને તમારો (સૌનો) પરવરદિગાર (અને માલિક) છે. (બસ, અલ્લાહના માલિકીપણા વિશે તો તમારી પાસે કોઈ વિશેષતા નથી જેમકે, તમારા અમુક જૂઠા દા'વાઓ છે કે અમે અલ્લાહની ઔલાદ છે) અને અમને અમારા કરેલા કર્મો મળશે અને તમને તમારા કર્મો મળશે અને અમે ખાલિસ અલ્લાહ તઆલા માટે જ છે. (તમારી વર્તમાન પદ્ધતિઓ રદ થઈ ગઈ હોવા છતાં તમે પોતે શિર્કમાં રચ્યા-પચ્યા છો. જેવી રીતે કે તમે હઝરત ઈસા (અલૈ.)ને અલ્લાહના બેટા બનાવી લીધા. અને અમે તો એકમાત્ર અલ્લાહને "વહદહુ લા શરીક લહૂ" માનવાને પ્રાધાન્ય આપ્યું, પછી તમારા કહેવા મુજબ અમને છુટકારો નહીં મળે તેનો શું મતલબ ?) અથવા (હજુ પણ પોતે હક પર હોવાનું સાબિત કરવા માટે એવું) કહેતા ફરો છો કે ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ (અલૈ.) અને યાકૂબ (અલૈ.)ના વંશજો(માં જે નબીઓ થઈ ચૂક્યા તે બધા લોકો) યહૂદી અથવા નસારા હતા અને (તેમની સાથે પોતાનો સંબંધ જોડી પોતે હક હોવાનું સાબિત કરો છો ? બસ, તેના જવાબમાં) હે મુહમ્મદ ﷺ ! (એક નાની વાત) કહી આપો કે (સારૂં આ બતાવો કે) તમે વધારે વાકિફ છો કે અલ્લાહ તઆલા ? (અને દેખીતું છે કે અલ્લાહ જ વધારે વાકિફ છે અને તે બધા જ નબીઓ "મિલ્લતે ઈસ્લામ" ઉપર હોવાને સાબિત કરી ચૂક્યો છે. જેમકે હમણા ઉપર વર્ણન થઈ ચૂક્યું) અને (આ કાફિરો પણ તેને બરાબર જાણે છે, પરંતુ છુપાવે છે બસ,) આવા વ્યક્તિથી (વધુ) જાલિમ કોણ હશે ? (જે) આવા પુરાવાને જે તેની પાસે અલ્લાહ તરફથી પહોંચ્યો છે છુપાવે ? અને (હે અહલે કિતાબ !) અલ્લાહ તઆલા તમારા કાર્યોથી બેખબર નથી (બસ, જ્યારે આ લોકો યહૂદી અને નસારા ન હતા તો તમે તેમના દીન સાથે સંબંધ કઈ રીતે જોડો છો ? આ તો તમારૂં દીન ઉપર હોવું સાબિત ન થયું.) આ (તે બુઝુર્ગોની) એક જમાઅત હતી જે (પોતાના સમયમાં) ગુજરી ચૂકી. તેમના કામ તેમણે કરેલું આવશે અને તમારા કામ તમે કરેલું આવશે અને તમને તેમના કાર્યો વિશે પૂછવામાં નહીં આવે. (અને જ્યારે પૂછવામાં પણ નહીં આવે તો તેનાથી તમને ફાયદો પહોંચવાનો સવાલ જ પૈદા નથી થતો.)

મસ્અલા અને બોધપાઠ :

ઇખ્લાસ (નિખાલસતા)ની હકીકત :

وَنَحْنُ لَهُ مُخْلِصُوْنَ આમાં ઉમ્મતે મુસ્લિમહની એક ખાસિયત એ બતાવી છે કે તેઓ અલ્લાહ માટે નિખાલસ છે. ઈખ્લાસનો અર્થ સઈદ બિન ઝુબૈર (રદિ.)એ બતાવ્યો છે કે, "જે માણસ પોતાના દીનમાં મુખ્લિસ હોય તે કોઈને અલ્લાહનો ભાગીદાર ન ઠરાવે અને પોતાના અમલોને ફક્ત અલ્લાહ માટે કરે. લોકોને બતાવવા માટે અથવા પોતાના વખાણનો હેતુ ન હોય." અમુક બુઝુર્ગોએ ફરમાવ્યું છે કે "ઈખ્લાસ એક એવો અમલ છે, જેને ન ફરિશ્તાઓ ઓળખી શકે છે અને ન શયતાન, તે ફક્ત અલ્લાહ તઆલા અને બંદાઓ વચ્ચે એક રાઝ (રહસ્ય) હોય છે."

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૪૨)

બીજો પારો

سَيَقُوْلُ السُّفَهَآءُ مِنَ النَّاسِ مَا وَلّٰىهُمْ عَنْ قِبْلَتِهِمُ الَّتِىْ كَانُوْا عَلَيْهَا ۗ قُلْ لِّلّٰهِ الْجُزْءُ ٢
الْمَشْرِقُ وَ الْمَغْرِبُ ۗ يَهْدِىْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ ﴿١٤٢﴾

તરજુમો :

હવે કહેશે બેવકૂફ લોકો કે કઈ વસ્તુએ તેમને (મુસલમાનોને) ફેરવી દીધા તેમના કિબ્લાથી ? જેના ઉપર તેઓ હતા; આપ કહી આપો ! અલ્લાહનું જ છે પૂર્વ અને પશ્ચિમ, તે હિદાયત આપે છે જેને ઇચ્છે છે, સીધા માર્ગ તરફ. (૧૪૨)

તફસીર :

(જ્યારે નમાઝના કિબ્લા માટે કા'બાને નક્કી કરવામાં આવ્યું અને યહૂદીઓનો કિબ્લો બયતુલ મુકદ્દસ રદ થઈ ગયો તો તેમને આ નાપસંદ પડ્યું, જેથી) હવે કહેશે બેવકૂફ લોકો કે કઈ વસ્તુએ તેમને (મુસલમાનોને) ફેરવી દીધા

કિબ્લાથી (જે બયતુલ મુકદસ હતું) જે બાજું પહેલાં મોઢું કરતા હતા (કઈ વાતે બીજી દિશા તરફ ફેરવી દીધા જવાબમાં) તમે કહી આપો કે, બધી જ (દિશાઓ) પૂર્વ અને પશ્ચિમ અલ્લાહનો જ પ્રદેશ છે. (અલ્લાહ તઆલાનો માલિકી હક છે, જે દિશાએ ઇચ્છે નક્કી કરી આપે; કોઈને તેના અધિકાર વિશે પૂછવાનો હક નથી અને સીધો રસ્તો શરીઅતના હુકમોની બાબતમાં એ જ છે કે, તેના હુકમોનો આદર કરી તેના ઉપર ભરોસો કરવામાં આવે. પરંતુ અમુક લોકોને તેના ઉપર અમલ કરવાની તૌફીક નથી થતી. જાણીબુઝીને તેમાં બહાનાબાજી કર્યા કરે છે. જો કે,) જેને અલ્લાહ ચાહે છે તેને સીધો રસ્તો બતાવી આપે છે.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં વિરોધીઓના કિબ્લાની દિશાના અનુસંધાને વાંધા-વચકાનો જવાબ આપવામાં આવ્યો છે. આ વાંધાઓ અને તેના જવાબથી પહેલાં કિબ્લાની હકીકત અને તેનો ટૂંક ઇતિહાસ જાણી લઈએ, જેથી સવાલ અને જવાબને સમજવું સરળ થઈ શકે.

કિબ્લાનો શાબ્દિક અર્થ "ધ્યાન આપવાની દિશા" થાય છે. એટલે "જે દિશા તરફ ચહેરો કરવામાં આવે તે." દેખીતું છે કે મો'મિનનો ચહેરો દરેક ઇબાદત સમયે ફક્ત એકમાત્ર અલ્લાહ વહદહુ લા શરીક લહૂ તરફ જ હોય છે અને તેની પવિત્ર જાત પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ વગેરે દિશાઓની મર્યાદાઓથી ઉપરવટ છે. તે કોઈ ચોક્કસ દિશામાં નથી, તેનો પ્રભાવ સ્વાભાવિક રીતે એવો હોવો જોઈએ કે કોઈ ઇબાદત કરનારો કોઈ એક ખાસ દિશાએ મોઢું કરવાનો પાબંદ ન હોય, જેનું જે તરફ મોઢું કરવાનું મન ચાહે તે તરફ કરે. એક જ વ્યક્તિ જુદા-જુદા સમયે જુદી-જુદી દિશાએ મોઢું કરે તો તે પણ ખોટું ન હોવું જોઈએ.

પરંતુ એક બીજી અલ્લાહની હિકમત તેનાથી જાહેર થઈ કે, બધા જ ઇબાદત કરનારાઓનો ચહેરો એક જ દિશાએ એકસમાન રીતે હોવો જોઈએ અને તેમાં એક હિકમત છે, ઇબાદતના જુદા-જુદા પ્રકારો છે અમુક વ્યક્તિગત ઇબાદતો છે અને અમુક સામૂહિક ઇબાદતો, જેમકે અલ્લાહનો ઝિક્ર, રોઝા વગેરે વ્યક્તિગત ઇબાદતો છે, જેને એકાંતમાં અને ગુપ્ત રીતે પણ અદા કરી શકાય છે અને નમાઝ તથા હજ્જ સામૂહિક ઇબાદતો છે, જેને જમાઅત અને ભેગા થઈને

એ'લાન કરીને (જાહેરમાં) અદા કરવામાં આવે છે, તેમાં ઈબાદતની સાથે મુસલમાનોની સામૂહિક જિંદગીના અદબો બતાવવા અને શીખવાડવાનો હેતુ પણ નજર સમક્ષ હોય છે અને આ પણ બિલકુલ દેખીતું છે કે, સામૂહિક વ્યવસ્થાનો સૌથી મોટો પાયાનો સિદ્ધાંત એ છે કે, ભેગા થયેલા સમૂહની ઐક્યતા અને તેમનામાં સમાનતાની ભાવના હોવી જરૂરી છે અને આ એકતા જેટલી મજબૂત હશે તેટલી જ સામૂહિક વ્યવસ્થા મજબૂત અને ટકાઉ હશે. વ્યક્તિગત અને સામૂહિક વ્યવસ્થા માટે એકતા જરૂરી છે. "તૂંડે–તૂંડે મતિ ભિન્ન" એ સામૂહિક જીવન વ્યવસ્થાનો સૌથી મોટો શત્રુ છે. એટલા માટે એકતા સ્થાપિત કરવા દરેક સમયે અને દરેક યુગમાં લોકોએ વિવિધ પદ્ધતિઓ અપનાવી છે. કોઈ કૌમે જાતિ અને વંશને એકતાનો આધાર બનાવ્યો, તો કોઈએ પ્રદેશ અને ભૌગોલિક સીમાઓની ખાસિયતોને, કોઈએ શરીરના રંગને, તો વળી કોઈએ ભાષાને આવી એકતા માટે આધાર બનાવ્યો.

પરંતુ અલ્લાહના દીન અને નબી ﷺની શરીઅતે આ અસ્વાભાવિક વસ્તુઓને એકતાનો આધાર બનાવવાપાત્ર ન સમજ્યું અને વાસ્તવમાં આવી વસ્તુઓ ન તો એવી છે, જે સમગ્ર માનવજાતને કોઈ એક કેન્દ્ર ઉપર એકત્રિત કરી શકે બલકે, જેટલો વિચાર કરવામાં આવશે તેટલી સ્પષ્ટતાથી એક વાત જણાઈ આવશે કે આવી એકતાઓ વાસ્તવમાં માનવજાતના વિવિધ સમૂહોને અલગ–અલગ ચોકઠાંઓમાં વહેંચી નાંખે છે અને પરસ્પર તેમના ટકરાવ તથા વિરોધના કારણો પૂરા પાડે છે.

દીને ઈસ્લામમાં જે હકીકતમાં બધા જ નબીઓ (અલૈ.)નો દીન છે. એકતાનો મુખ્ય આધાર ઈસ્લામની મૂળભૂત સંકલ્પનાને તથા માન્યતા અને અકીદાને ઠરાવવામાં આવ્યો છે અને કરોડો મા'બૂદોની પૂજા કરનારા લોકોમાં વહેંચાયેલી દુનિયાને અલ્લાહની એક જાત વહદહુ લા શરીક લહુ નું આમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં પૂર્વ અને પશ્ચિમ, ભૂત અને ભવિષ્યના બધા જ મનુષ્યો ભેગા થઈ શકે છે. પછી આ વાસ્તવિક વિચારસરણી અને એકતાની સંકલ્પનાને વાસ્તવિક સ્વરૂપ આપી તેને શક્તિશાળી બનાવવા માટે અમુક જાહેર એકતાના કાર્યો પણ બતાવી દીધા, પરંતુ આ જાહેર એકતાના કાર્યોમાં પણ સિદ્ધાંત એ જ રાખવામાં આવ્યો કે, તે અમલ (પ્રેક્ટીકલ) સ્વરૂપે હોવું જોઈએ,

જેથી વિશ્વની દરેક જાતિઓ તેમના અધિકારનો ઉપયોગ કરીને ભાઈચારાના બંધનમાં બંધાઈ શકે. વંશ, વતન, ભાષા, રંગ, જાતિ વગેરે જેવી બાબતો આવી વ્યાપક એકતા સ્થાપિત કરી શકે નહિ, આ એકતા સ્થાપિત કરી શકે એવી બાબતો નથી, જેમકે વ્યક્તિ કોઈ એક કુટુંબમાં કે જાતિમાં પૈદા થયો છે, તે કોઈપણ રીતે અન્ય જાતિ કે કુટુંબમાં પૈદા થઈ શકતો નથી. એવી જ રીતે જે એક દેશમાં પૈદા થઈ ચૂક્યો છે તે અન્ય દેશમાં પૈદા થઈ શકવાનો નથી. જે કાળો છે તે પોતાના અધિકારથી ગોરો અને જે ગોરો છે તે પોતાના અધિકારથી કાળો થઈ શકતો નથી. માટે તાર્કિક રીતે પણ આવી અસાધારણ બાબતો એકતાના આધાર તરીકે ક્યારેય સ્થાપિત કરી શકાય નહીં.

હવે જો આ બાબતોને એકતાનું કેન્દ્ર બનાવવામાં આવે તો માનવતા સેંકડો નહીં હજારો ટૂકડા અને જૂથોમાં વહેંચાઈ જવાની સંભાવના છે, એટલા માટે દીને ઈસ્લામે આ વસ્તુઓનું કે, જે સંસ્કૃતિ અને સભ્યતાથી સંબંધ ધરાવે છે તેનું સંપૂર્ણ સન્માન તો કર્યું, પરંતુ તેને મનુષ્યની એકતાનું કેન્દ્ર ન બનવા દીધું. કારણ કે આવી એકતાઓ માનવસમૂહોને વિવિધ જૂથોમાં વહેંચી દે છે. હા ! જે બાબતો પોતાના અધિકારમાં છે તેની સંપૂર્ણ રિઆયત રાખી જેમ કે, વૈચારિક એકતાની સાથે તેને વાસ્તવિક અમલી (પ્રેક્ટીકલ) સ્વરૂપ આપવું, પરંતુ તેમાં પણ એ બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું કે, એકતાનું કેન્દ્ર એવી વસ્તુને બનાવવામાં આવે, જેને અપનાવવું દરેક સ્ત્રી, પુરુષ, ભણેલા, અભણ, શહેરી, ગામડીયો, અમીર, ગરીબ બધા માટે સમાનપણે સરળ હોય. આ જ કારણ છે કે ઈસ્લામી શરીઅતે દુનિયાના બધા જ લોકોને પહેરવેશ અને તેમના ખાવા-પીવાની કોઈ એક પદ્ધતિ ઉપર રહેવાના પાબંદ નથી બનાવ્યા. વિવિધ સ્થળોએ, વિવિધ ઋતુઓ પ્રમાણે, વિવિધ માનવ સ્વભાવ પ્રમાણે લોકોની જરૂરિયાતો જુદી-જુદી હોય છે. બધાને એક જ પ્રકારનો પહેરવેશ અથવા યુનિફોર્મના પાબંદ બનાવવામાં આવે તો ઘણી મુશ્કેલીઓ આવી શકે છે. પછી જો આ યુનિફોર્મ ઓછામાં ઓછા કપડાંનો નક્કી કરવામાં આવે તો આ બાબત માનવ સમાજ ઉપર અત્યાચાર હશે અને અલ્લાહ તઆલાના આપેલા શ્રેષ્ઠ પહેરવેશ અને કિંમતી કાપડની બેહુરમતી અને અપમાન હશે અને જો વધુ કપડાં પહેરવાનો પાબંદ કરવામાં આવે તો ગરીબ અને નાદાર લોકોને મુશ્કેલીઓ પડી શકે છે. એ જ રીતે વિવિધ ઋતુઓમાં અને

વિવિધ પ્રદેશોમાં એક જ પ્રકારનો પહેરવેશ મુશ્કેલી પેદા કરી શકે છે. ઠંડી-ગરમી અને વરસાદના કારણે મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. એટલા માટે ઈસ્લામી શરીઅતે મુસલમાનોને કોઈ એક ચોક્કસ યુનિફોર્મ પહેરવાની ફરજ નથી પાડી. બલકે, વિવિધ કૌમોમાં જે પદ્ધતિઓ અને રિવાજ પ્રમાણેનો પહેરવેશ પહેલેથી પ્રચલિત હતો, એ બધા ઉપર દષ્ટિપાત કરીને એમાંથી જે સ્વરૂપો ફુઝૂલખર્ચી અને બિનજરૂરી મિથ્યાભિમાન અને ગર્વ વગેરેના પહેરવેશ અથવા ગૈરમુસ્લિમ કોમની નકલ ઉપર આધારિત પહેરવેશ હતો તો તેની મનાઈ ફરમાવી અને બાકી જાઈઝ બાબતોમાં દરેક વ્યક્તિ અને દરેક કૌમને સ્વતંત્ર રાખી તેમના અધિકાર પ્રમાણે પહેરવેશની છૂટ આપી. ઈસ્લામમાં એકતાનું કેન્દ્ર એવી બાબતને બનાવવામાં આવ્યું, જે વ્યક્તિના અધિકારમાં પણ હોય અને સરળ તથા સસ્તું પણ હોય. આવી બાબતોમાં એકતા સ્થાપવાનો હુકમ કર્યો જેમકે, જમાઅતની નમાઝની સફો, એક ઈમામના હુકમોની સંપૂર્ણ પાબંદી, હજ્જમાં એક સરખો અહેરામ અને એક સરખા અમલો વગેરે વગેરે.

એવી જ રીતે એક મહત્ત્વની બાબત કિબ્લાની દિશા વિશેની "એકતા" પણ છે, અલ્લાહ જલ્લ શાનહુની પવિત્ર જાત દરેક જગ્યાએ અને દરેક દિશાએ, દિશાઓમાં સીમિત થયા વગર મૌજૂદ છે. અલ્લાહના માટે બધી જ દિશાઓ સરખી છે, પરંતુ નમાઝના સામૂહિક સ્વરૂપમાં એકતા પેદા કરવા માટે સમગ્ર દુનિયાના માનવોના ચહેરાને નમાઝ જેવી મહત્ત્વની ઈબાદતોમાં કોઈ એક જ દિશા તરફ હોવું એક અત્યંત સરળ અને શ્રેષ્ઠ તથા કોઈપણ પ્રકારની કિંમત અદા કર્યા વિનાની એકતાનું માધ્યમ છે. જેના ઉપર પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણમાં રહેનારા બધા જ લોકો સરળતાથી સહમતી સાધી શકે છે. હવે, આ એક દિશા કઈ હોવી જોઈએ, જેના તરફ સમગ્ર દુનિયાનો ચહેરો ફેરવવામાં આવે. તેનો ફેંસલો જો માનવજાતિ ઉપર છોડવામાં આવ્યો હોત તો આ જ બાબત એક ઘણા મોટા વિરોધ-વંટોળ તથા વાદ-વિવાદની વાત બની ગઈ હોત, એટલા માટે જરૂરી હતું કે તેને ખુદ અલ્લાહ જલ્લ શા'નહુ નક્કી કરે. હઝરત આદમ (અલૈ.)ને દુનિયામાં ઉતારવામાં આવ્યા તો ફરિશ્તાઓ દ્વારા બયતુલ્લાહ (કા'બા)નો પાયો પહેલાં જ નાંખી દેવામાં આવ્યો હતો. હઝરત આદમ (અલૈ.) અને આદમ

અલૈ.ની ઓલાદનો સૌથી પહેલો કિબ્લો આ જ બયતુલ્લાહ (ખાનાએ કા'બા) બની ગયો હતો.

اِنَّ اَوَّلَ بَيْتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِىْ بِبَكَّةَ مُبٰرَكًا وَّهُدًى لِّلْعٰلَمِيْنَ ٥

"સૌથી પ્રથમ મકાન જે લોકોના માટે બનાવવામાં આવ્યું તે મકાન છે જે તે મક્કામાં છે, જે બરકતવાળું અને દુનિયાના નિવાસીઓ માટે હિદાયતવાળું છે." (૩:૯૬)

નૂહ (અલૈ.) સુધી સૌનો કિબ્લો આ જ બયતુલ્લાહ હતો, નૂહ (અલૈ.)ના જળપ્રલય સમયે આખી દુનિયા ડૂબીને તબાહ–બરબાદ થઈ ગઈ. તે સમયે બયતુલ્લાહની ઈમારત પણ જમીનદોસ્ત થઈ ગઈ અને ત્યાર બાદ હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)એ ફરીવાર અલ્લાહ તઆલાના હુકમથી બયતુલ્લાહને બાંધ્યું અને આ જ તેમનો અને તેમની ઉમ્મતનો કિબ્લો રહ્યો. ત્યાર પછી બની ઈસ્રાઈલના નબીઓ માટે બયતુલ મુકદસને કિબ્લો ઠરાવવામાં આવ્યો અને અબૂલ આલિયાના નિવેદન પ્રમાણે "પાછલા નબીઓ જેઓ બયતુલ મુકદસમાં નમાઝ પઢતા હતા તેઓ એવો અમલ કરતા હતા કે તેમનો ચહેરો બયતુલ્લાહ સામે પણ રહે અને બયતુલ મુકદસ સામે પણ રહે."

(કુર્તુબી)

હઝરત ખાતિમુલ અંબિયા ﷺ ઉપર જ્યારે નમાઝ ફરજ કરવામાં આવી તો ઈબ્ને અબ્બાસ (રદિ.)ના કૌલ પ્રમાણે શરૂઆતમાં આપ ﷺનો કિબ્લો પણ આપ ﷺના દાદા હઝરત ઈબ્રાહીમ (અલૈ.)નો કિબ્લો એટલે કે ખાન–એ–કા'બા જ હતો. મક્કા મુકર્રમહથી હિજરત કરી તેઓ મદીના મુનવ્વરહમાં સ્થાયી થયા પછી અને અમુક રિવાયતો પ્રમાણે મદીનાની હિજરતથી અમુક સમય પહેલાં આપ ﷺને અલ્લાહ તઆલા તરફથી આ હુકમ આપવામાં આવ્યો કે, આપ ﷺ બયતુલ મુકદસને પોતાનો કિબ્લો બનાવે. સહીહ બુખારીની રિવાયત પ્રમાણે આપ ﷺએ ૧૬–૧૭ મહિના બયતુલ મુકદસ તરફ ચહેરો કરી નમાઝ અદા કરી. મસ્જિદે નબવી ﷺમાં આજદિન સુધી તેની નિશાનીઓ મૌજૂદ છે, જ્યાં ઊભા રહીને આપ ﷺએ નમાઝ અદા કરી હતી.

(કુર્તુબી)

અલ્લાહ તઆલાના હુકમને પૂર્ણ કરવા માટે આપ ﷺ નખશિખ ઈતાઅતનો નમૂનો હતા અને અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે પોતાની નમાઝો બયતુલ મુકદસ તરફ પોતાનું મોઢું કરી અદા કરી રહ્યા હતા, પરંતુ આપ ﷺની દિલી તમન્ના આપના કુદરતી સ્વભાવ પ્રમાણે એ જ હતી કે, આપ ﷺનો કિબ્લો ફરીવાર હઝરત આદમ અને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના કિબ્લાને નક્કી કરવામાં આવે અને અલ્લાહ તઆલાની આ સુન્નત છે કે તે પોતાના મકબૂલ બંદાઓની દિલી ખ્વાહિશો અને તમન્નાઓને પૂરી કરે છે.

تو چناں خواہی خدا خواہد چنیں   می دہد یزداں مرادِ متقیں

તુ જેમ ચાહે છે અલ્લાહ તઆલા પણ તેમ જ ચાહે છે,
અલ્લાહ તઆલા પરહેઝગારોની મુરાદો પૂરી કરી દે છે.

રસૂલુલ્લાહ ﷺને પણ એવી ઉમ્મીદ હતી કે આપ ﷺની ઈચ્છા પૂરી કરવામાં આવશે અને એટલા માટે વહીના ઈન્તેજારમાં આપ ﷺ વારંવાર આસમાન તરફ નજરો ઉઠાવીને જોયા કરતા હતા. તેનું વર્ણન કુર્આન શરીફની આ આયતમાં છે.

قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِى السَّمَآءِ فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ،

"અમે જોઈ રહ્યા છે આપ (ﷺ)ને વારંવાર આસમાનની તરફ નજર ઉઠાવતા; બસ, અમે તમને કિબ્લો તે જ બદલી આપીશું, જે આપ (ﷺ)ને પસંદ છે; એટલા માટે આપ (ﷺ) હવેથી નમાઝમાં પોતાનો ચહેરો મસ્જિદે હરામ તરફ કર્યા કરો." (૨:૧૪૪)

આ આયતમાં રસૂલે કરીમ ﷺની ઈચ્છાને પ્રદર્શિત કરી ફરમાવવામાં આવ્યું કે, આપ ﷺની ઈચ્છાને પૂરી કરવાનો હુકમ આપી દેવામાં આવ્યો છે કે હવેથી આપ ﷺ નમાઝમાં મસ્જિદે હરામ તરફ મોઢું કર્યા કરો.

નમાઝમાં ખાસ બયતુલ્લાહ (ખાન-એ-કા'બા) તરફ જ મોઢું કરવું જરૂરી નથી બલકે, બયતુલ્લાહની દિશા તરફ મોઢું કરવું પૂરતું છે.

અહીંયાં ફિક્હી (ઈસ્લામમિક કાયદાશાસ્ત્ર) નિયમ પ્રમાણે એક બાબત

ધ્યાન આપવા યોગ્ય છે કે, આ આયતમાં કા'બા અથવા બયતુલ્લાહની જગ્યાએ "મસ્જિદે હરામ" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં ઈરશાદ છે કે, દૂર–સુદૂરના પ્રદેશોમાં રહેનારા લોકો માટે ખાસ બયતુલ્લાહ તરફ જ મોઢું કરવું જરૂરી છે બલકે, બયતુલ્લાહની દિશા તરફ મોઢું કરી લેવું પૂરતું છે. હા ! જે વ્યક્તિ મસ્જિદે હરામમાં મૌજૂદ હોય અથવા નજીકના કોઈ પહાડ ઉપરથી બયતુલ્લાહને જોઈ રહ્યો હોય તો તેના માટે ખાસ બયતુલ્લાહ તરફ જ મોઢું કરવું જરૂરી છે. જો બયતુલ્લાહની કોઈ વસ્તુ પણ તેની સામે ન આવતી હોય તો તેની નમાઝ નહીં થાય. તેનાથી ઊલટું જે લોકો બયતુલ્લાહની સામે નથી તેમના માટે બયતુલ્લાહની દિશા અથવા મસ્જિદે હરામ તરફ મોઢું કરી લેવું પૂરતું છે.

અલબત્ત, મદીનાની હિજરતના ૧૬–૧૭ મહિના પછી ફરી આપ ﷺ અને મુસલમાનો માટે બયતુલ્લાહને કિબ્લો બનાવવામાં આવ્યો. તે બાબતે યહૂદીઓ, મુશ્રિકો અને મુનાફિકો રસૂલુલ્લાહ ﷺ અને સહાબએ કિરામ (રદિં.) ઉપર વાંધા–વચકા કરવા લાગ્યા કે, એમના દીનનું તો કોઈ ઠેકાણું જ નથી, રોજ–રોજ તેમનો કિબ્લો બદલાય છે.

કુર્આને કરીમમાં તેમના આ વાંધાને પ્રથમ પ્રસ્તુત આયતમાં નકલ ફરમાવ્યો પછી સાથે જ એ ઉલ્લેખ પણ કર્યો કે, બેવકૂફ લોકો જ વાંધા ઊભા કરે છે અને તેમની બેવકૂફીને પણ જવાબથી સ્પષ્ટ કરવામાં આવી, જેમકે ત્યાર પછી વર્ણવવામાં આવ્યું. ઈરશાદ છે, قُلْ لِّلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ يَهْدِىْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ "તમે કહી આપો કે અલ્લાહના જ છે પૂર્વ અને પશ્ચિમ; તે જેને ઈચ્છે છે સીધા માર્ગ ઉપર ચલાવે છે."

તેનાથી કિબ્લા તરફ મોઢું કરવાની વાસ્તવિકતા સ્પષ્ટ થઈ ગઈ કે, કા'બા અને બયતુલ મુકદસની એનાથી વિશેષ કોઈ ખાસિયત નથી કે અલ્લાહ તઆલાએ પોતાના હુકમથી તેમને કિબ્લા બનાવ્યા. તે જો ઈચ્છે તો તે બંને સિવાય કોઈ ત્રીજી અથવા ચોથી વસ્તુને પણ કિબ્લો બનાવવાનો હુકમ આપે, પછી જેને કિબ્લો બનાવવામાં આવ્યો તેના તરફ મોઢું કરવામાં જે કંઈ ફઝીલત અને સવાબ છે તેની રૂહ અને આત્મા અલ્લાહ જલ્લ શા'નહુની ફરમાંબરદારી સિવાય કંઈ જ નથી. જે કા'બાના બાંધનાર હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની મિલ્લતનો પાયાનો સિદ્ધાંત છે. એટલા માટે બીજી આયતમાં વધુ ખુલાસાવાર ફરમાવ્યું,

لَيۡسَ الۡبِرَّ اَنۡ تُوَلُّوۡا وُجُوۡهَكُمۡ قِبَلَ الۡمَشۡرِقِ وَالۡمَغۡرِبِ وَ لٰكِنَّ الۡبِرَّ مَنۡ اٰمَنَ بِاللّٰهِ،

"તેમાં વ્યક્તિગત કોઈ નેકી (ભલાઈ) અને સવાબ નથી કે તમે પૂર્વ તરફ મોઢું કરો અથવા પશ્ચિમ તરફ; પરંતુ નેકી અલ્લાહ ઉપર ઈમાન લાવવામાં અને તેની તાબે'દારી કરવામાં છે." (૨:૧૭૭)

અને બીજી એક આયતમાં ફરમાવ્યું,

اَيۡنَمَا تُوَلُّوۡا فَثَمَّ وَجۡهُ اللّٰهِ،

"તમે અલ્લાહના આદેશ પ્રમાણે જે તરફ પણ મોઢું કરો અલ્લાહ તઆલાને તે જ તરફ પામશો." (૨:૧૧૫)

આ આયતોમાં કિબ્લા અને કિબ્લા તરફ મોઢું કરવાની વાસ્તવિકતા પણ સ્પષ્ટ થઈ ગઈ કે, તેમાં આ સ્થળોની પોતાની કોઈ વ્યક્તિગત આગવી વિશેષતા નથી બલકે, તેમાં ફઝીલત અને શ્રેષ્ઠતા પૈદા થવાનું કારણ એ જ છે કે અલ્લાહ તઆલાએ તેમને કિબ્લો બનાવવા માટે નક્કી કર્યા અને તેના તરફ મોઢું કરવામાં સવાબનું કારણ ફક્ત એ જ છે કે, તેમાં અલ્લાહના હુકમની તાબે'દારી છે અને કદાચ આપ ﷺ માટે કિબ્લામાં ફેરબદલ કરવાની હિકમત એ પણ હોઈ શકે છે કે પ્રેક્ટિકલી લોકો સ્પષ્ટ રીતે જાણી લે કે, કિબ્લો કોઈ મૂર્તિ નથી કે, જેની પૂંજા કરવામાં આવે ! બલકે મૂળ બાબત અલ્લાહનો હુકમ છે કે, બયતુલ મુકદ્દસ તરફ મોઢું કરવાનો હુકમ આવી ગયો તો તે હુકમ ઉપર અમલ કર્યો. પછી જ્યારે કા'બા તરફ મોઢું કરવાનો હુકમ મળ્યો તો તે તરફ મોઢું કરવું ઈબાદત બની ગયું. ત્યાર પછીની આયતમાં ખુદ કુર્આન શરીફે પણ આ બાબત તરફ ઈશારો કર્યો છે. જેમાં ફરમાવ્યું છે,

وَمَا جَعَلۡنَا الۡقِبۡلَةَ الَّتِىۡ كُنۡتَ عَلَيۡهَاۤ اِلَّا لِنَعۡلَمَ مَنۡ يَّتَّبِعُ الرَّسُوۡلَ مِمَّنۡ يَّنۡقَلِبُ عَلٰى عَقِبَيۡهِ ،

"જે કિબ્લા ઉપર તમે પહેલાં રહી ચૂક્યા છો તેને કિબ્લો બનાવવો તો ફક્ત એ વાતને જાહેર કરવા માટે હતું કે, કોણ રસૂલ (ﷺ)ની તાબે'દારી કરે છે અને કોણ પાછળ ફરી જાય છે." (૨:૧૪૩)

કિબ્લાની આ હકીકતના વર્ણનમાં વિરોધ કરનાર મૂર્ખાઓ અને બેવકૂફો

માટે સ્પષ્ટ જવાબ છે કે, જો તેઓ કિબ્લા વિશે પરિવર્તન અને નવીનીકરણને ઈસ્લામના સિદ્ધાંત વિરૂદ્ધ સમજે છે અને મુસલમાનોને મહેણા–ટોણા મારે છે, તો તેના જવાબ સ્વરૂપે છેવટમાં ઈરશાદ થયો, يَهْدِىْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ તેમાં બતાવવામાં આવ્યું કે, સીધા માર્ગ ઉપર તે જ લોકો છે જે લોકો અલ્લાહના હુકમ અને તેના આદેશને પૂર્ણ કરવા માટે કમર કસી લે છે અને તેના આદેશની રાહ જુએ છે અને જે કંઈ પણ હુકમ મળે છે તેના ઉપર કોઈપણ પ્રકારની ટીકા–ટિપ્પણી કે વાંધા–વચકા કાઢયા વગર અમલ કરવા માંડે છે અને આ જ સીધો રસ્તો અલ્લાહના ફઝ્લથી મુસલમાનોને પ્રાપ્ત થયો છે.

મુસ્નદે અહમદની એક હદીષમાં હઝરત આયશા સિદીકા (રદિ.)ની રિવાયત છે કે, રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું કે, "અહલે કિતાબને મુસલમાનો સાથે સૌથી વધારે ઈર્ષ્યા (અદેખાઈ) ત્રણ બાબતો માટે છે. એક એ કે, અઠવાડિયામાં એક દિવસ ઈબાદતના માટે ખાસ નક્કી કરવાનો હુકમ બધી ઉમ્મતોને મળ્યો હતો. યહૂદીઓએ શનિવારનો દિવસ નક્કી કર્યો, અને ખ્રિસ્તીઓએ રવિવારનો અને હકીકતમાં અલ્લાહ પાસે મુસલમાનો માટે તે ખાસ જુમ્અહનો દિવસ હતો જે મુસલમાનો માટે નક્કી થયો. બીજું એ કે જે કિબ્લો પરિવર્તન પછી મુસલમાનો માટે નક્કી કરવામાં આવ્યો અન્ય કોઈ ઉમ્મતને તેની તૌફીક ન થઈ. ત્રીજું ઈમામની પાછળ "આમીન" કહેવું. આ ત્રણે વિશેષતાઓ ફક્ત મુસલમાનોને પ્રાપ્ત થઈ. અહલે કિતાબ તેનાથી મહરૂમ (વંચિત) છે."

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૪૩.....)

وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ
عَلَى النَّاسِ وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا ۭ

તરજુમો :

અને એવી જ રીતે અમે તમને મધ્યમમાર્ગી (ન્યાયપ્રિય) ઉમ્મત બનાવી જેથી તમે લોકો ઉપર ગવાહ થાઓ, અને રસૂલ તમારા ઉપર ગવાહ થાય.....

તફસીર :

અને (હે રસૂલ ﷺના અનુયાયીઓ !) આવી જ રીતે અમે તમને આવી જ એક જમાઅત (સમૂહ) બનાવી દીધી (જેઓ દરેક રીતે) સર્વોત્તમ (ન્યાયપ્રિય) છે, જેથી (દુનિયામાં શ્રેષ્ઠતા તથા વિશેષતા પ્રાપ્ત કર્યા પછી આખિરતમાં પણ તમારી વિશેષતા પૂરવાર થઈ જાય કે) તમે (એક મોટા મુકદ્દમામાં જેમાં એક સમૂહ અંબિયા (અલૈ.)નો હશે અને બીજો વિરોધી કૌમોનો હશે. આ વિરોધી) લોકોના મુકાબલામાં ગવાહ થાઓ અને (શ્રેષ્ઠ અને વિશેષ દરજ્જો એ પ્રાપ્ત થયો કે,) તમારા (ગવાહીને પાત્ર અને ભરોસાપાત્ર હોવા માટે) રસૂલ ﷺ ગવાહ હશે (અને તેમની ગવાહીથી તમારી ગવાહી આધારભૂત અને ભરોસાપાત્ર હોવાની ખાતરી થશે. પછી તમારી ગવાહીથી આ મુકદ્દમાનો અંબિયા (અલૈ.)ના હકમાં ફેંસલો થશે અને વિરોધીઓ ગુનેહગાર સાબિત થઈને સજા પામશે અને આ જ બાબત શ્રેષ્ઠ કક્ષાના સન્માન અને ઈજ્જતવાળી હોવાનું દેખીતું છે.)

મસ્અલા અને બોધપાઠ :

હઝરત મુહમ્મદ ﷺની ઉમ્મત મધ્યમમાર્ગી (ન્યાયપ્રિય) ઉમ્મત છે :

શબ્દ وَسَطٌ بِفَتْحِ السِّيْنِ بِمَعْنٰى اَوْسَطُ છે અને શ્રેષ્ઠ વસ્તુ અને ઉત્તમ બાબતને "વસત" (وَسَـــــط) કહેવામાં આવે છે. તિરમિઝીની રિવાયતમાં અબૂ સઈદ ખુદરી (રદિ.)એ આપ ﷺથી આ શબ્દ "વસત"ની તફસીર "ન્યાય" કરી છે, જે શ્રેષ્ઠ હોવાના અર્થમાં આવે છે.

(કુર્તુબી)

આ આયતમાં રસૂલે કરીમ ﷺની ઉમ્મતની એક વિશેષ ફઝીલત અને ખાસિયતનું વર્ણન છે કે, તે એક ઉત્તમ ઉમ્મત બનાવવામાં આવી. તેમાં એવું બતાવવામાં આવ્યું કે, જેવી રીતે અમે મુસલમાનોને તે કિબ્લો અતા (અર્પણ) કર્યો જે સૌથી શ્રેષ્ઠ અને ઉત્તમ છે. એવી જ રીતે અમે ઉમ્મતે ઈસ્લામિય્યહને એક શ્રેષ્ઠતા એ પણ અર્પણ કરી કે, તેને એક સર્વોત્તમ અને ન્યાયપ્રિય ઉમ્મત બનાવી જેના પરિણામે તેમને હશ્રના મેદાનમાં એ વિશેષતા પ્રાપ્ત થશે કે તમામ નબીઓની ઉમ્મતો જ્યારે પોતાના નબીઓની હિદાયત અને તબ્લીગથી ફરી જશે અને તેમને જૂઠાડીને એવું કહેશે કે ન તો અમારી પાસે કોઈ કિતાબ આવી અને ન

જ કોઈ નબીએ અમારી રહેબરી (માર્ગદર્શન) કરી. તે સમયે હઝરત મુહમ્મદ ﷺની ઉમ્મત તેમના તરફથી ગવાહ તરીકે રજૂ કરવામાં આવશે અને તેઓ ગવાહી આપશે કે અંબિયા (અલૈ.)એ દરેક સમયમાં દરેક યુગમાં અલ્લાહ તઆલા તરફથી લાવેલી હિદાયત તેમને પહોંચાડી અને તેમને સીધા માર્ગ ઉપર લાવવાની બધી જ કોશીષો કરી. આવો જૂઠો દા'વો કરનાર ઉમ્મતો રસૂલુલ્લાહ ﷺની ઉમ્મતની ગવાહી ઉપર વાંધો ઉઠાવશે કે "તેમને અમારા બાબત શું ખબર? તેમની ગવાહી અમારા માટે કઈ રીતે કબૂલ કરી શકાય ? તેઓ તો અમારા પછી દુનિયામાં આવ્યા હતા !"

હઝરત મુહમ્મદ ﷺની ઉમ્મત આ વાંધાનો જવાબ આપશે કે, "બેશક ! અમે તે સમયે હાજર ન હતા પરંતુ તેમની હાલત અને ઘટનાઓની ખબર અમને એક સાચા રસૂલ ﷺ અને અલ્લાહની કિતાબે આપી છે, જેના ઉપર અમે ઈમાન લાવ્યા અને અમે તેમની ખબરને પોતાના મૂલ્યાંકનથી અને અપેક્ષાથી વધુ ચોક્કસ અને સાચી માનીએ છીએ. એટલે અમે પોતાની ગવાહીમાં સચ્ચાઈ ઉપર છીએ." તે સમયે રસૂલે કરીમ ﷺ હાજર થશે અને તે ગવાહોને ટેકો આપશે કે "બેશક ! તેમણે જે કહ્યું તે સાચું છે. અલ્લાહ તઆલાની કિતાબ (કુર્આન) અને મારા શિક્ષણ દ્વારા તેમને આ બાબતની ખબર થઈ હતી."

મહશરની આ ઘટનાનો ખુલાસો સહીહ બુખારી, તિરમિઝી, નસઈ અને મુસ્નદે અહમદની ઘણી હદીષોમાં ટૂંકમાં અને લંબાણપૂર્વક આવેલ છે.

મતલબ કે, ઉપરોક્ત આયતમાં હઝરત મુહમ્મદ ﷺની ઉમ્મત સર્વોત્તમ અને શ્રેષ્ઠ ઉમ્મત હોવાનું રહસ્યોદ્દ્ઘાટન કરવામાં આવ્યું છે કે, આ ઉમ્મત શ્રેષ્ઠ અને ન્યાયપ્રિય, ઉત્તમ ઉમ્મત બનાવવામાં આવી છે. એટલા માટે અત્રે અમુક વાતો વિચારવા યોગ્ય છે.

'એઅ્તિદાલે ઉમ્મત' اعتدالِ امّت ની હકીકત, તેનું મહત્ત્વ અને તેના અમુક ખુલાસાઓ :

(એઅ્તિદાલનો ગુજરાતી શબ્દકોષ પ્રમાણે અર્થ સંતુલન, બરાબર હોવું, શ્રેષ્ઠ, ઉત્તમ, મધ્યમમાર્ગી, ન્યાયપ્રિય, વચ્ચેનું, ન્યાયપૂર્ણ તટસ્થતા વગેરે થાય છે.)

(૧) વાસ્તવમાં "એઅતિદાલે ઉમ્મત" اعتدالِ امّت હોવાનો અર્થ શું છે ?

(૨) એઅતિદાલે ઉમ્મત હોવાની ખાસિયત શું છે અને તેનું મહત્ત્વ શું છે ? શા માટે એઅતિદાલે ઉમ્મત હોવાના આધારે જ ફઝીલત (શ્રેષ્ઠતા–ઉચ્ચતા) પ્રાપ્ત થાય છે ?

(૩) હઝરત મુહમ્મદ ﷺની ઉમ્મતના મોઅતદિલ معتدل હોવા અંગે અને તે વિશેની ઘટનાઓના સંદર્ભમાં શું પૂરાવાઓ છે ?

ક્રમાનુસાર ત્રણે સવાલોના જવાબો આ પ્રમાણે છે.

(૧) એઅતિદાલે ઉમ્મતનો શાબ્દિક અર્થ "સુવ્યવસ્થિત અને સુઘડ" હોવું છે. આ શબ્દ "અદલ" عدل ઉપરથી લેવામાં આવ્યો છે. તેનો અર્થ "ન્યાય" તથા "બરાબર અને વ્યવસ્થિત કામ કરવાનો" પણ થાય છે.

(૨) એઅતિદાલનું મહત્ત્વ એ છે કે, તેને મનુષ્યની શ્રેષ્ઠતા અને ફઝીલતનું માપદંડ બનાવવામાં આવ્યું. આ મુદ્દો થોડો ખુલાસો માંગી લે છે. સૌ પ્રથમ એક ઉદાહરણ સમજીએ. દુનિયામાં જેટલી નવી–જૂની પદ્ધતિ શરીરની તંદુરસ્તી અને ઈલાજ માટે પ્રચલિત છે. જેમકે યુનાની, વૈદિક, ઍલોપેથિક, હૉમયોપેથિક વગેરે વગેરે. બધી જ એક બાબત ઉપર સહમત છે કે, મનુષ્યના શરીરની તંદુરસ્તી "એઅતિદાલે મિઝાજ" مزاج (માનવશરીર બંધારણના મુખ્ય રસાયણોના સંતુલન) ઉપર છે. અને જ્યાં આ એઅતિદાલ (સંતુલન)માં ખામી ઉત્પન્ન થાય છે તો વ્યક્તિનું શરીર બીમારીમાં સપડાય છે. ખાસ કરીને યુનાની પદ્ધતિમાં પાયાનો સિદ્ધાંત વ્યક્તિના શરીર બંધારણમાં તત્ત્વો અને રસાયણોની સ્થિતિ ઉપર આધારિત છે. વ્યક્તિનું શરીર ચાર મુખ્ય તત્ત્વો Blood (લોહી), Phlegm (બલગમ), Yellow Bile અને Black Bile છે અને આ ચારે તત્ત્વો અને રસાયણોથી શરીરમાં ચાર પરિસ્થિતિઓ પૈદા થાય છે. ગરમી, ઠંડી, ભીનાસ અને સૂકાપણું. જે સમય સુધી આ ચારે પરિસ્થિતિઓ એક મર્યાદિત અને યોગ્ય સીમા સુધી બરાબર રહે છે વ્યક્તિનું શરીર તંદુરસ્ત કહેવામાં આવે છે અને જ્યાં તેમાં કોઈ પરિસ્થિતિ મર્યાદાથી વધી જાય અથવા ઘટી જાય તો વ્યક્તિનું શરીર બીમાર કહેવાય છે અને જો તેનો ઈલાજ ન કરવામાં આવે તો એક હદ સુધી પહોંચીને વ્યક્તિનું મૃત્યુ પણ નિપજી શકે છે.

આ ઉદાહરણ પછી આધ્યાત્મિકતા અને વર્તનશાસ્ત્ર તરફ આવીએ, તો

જણાઈ આવશે કે, તેમાં પણ એઅતિદાલ અને બેએઅતિદાલી (અસમતુલા)ની આ જ પદ્ધતિઓ મૌજૂદ છે. તેના એઅતિદાલનું નામ અંતરની શુદ્ધિ અને બેએઅતિદાલીનું નામ આધ્યાત્મિકતા અને વર્તન તથા અખ્લાકની બીમારી છે. અને જો આ બીમારીનો ઈલાજ કરીને તેને એઅતિદાલ ઉપર લાવવામાં ન આવે તો તેનું પરિણામ રૂહાની મૌત છે. અને આ પણ કોઈ પહોંચેલા વ્યક્તિ સુધી સીમિત રહસ્ય નથી કે, મનુષ્યને સમગ્ર સૃષ્ટિથી શ્રેષ્ઠ સર્જન તથા તેમનો હાકિમ અને અલ્લાહનો ખલીફા ઠરાવવામાં આવ્યો છે, તે માણસની શારીરિક રચના, તેના હાથ–પગ, તેના શરીરમાં દોડતા લોહી કે શરીરની ઠંડી–ગરમીના કારણે નથી. કારણ કે, આ અવયવો અને શારીરિક શક્તિ તો દુનિયામાં બધા જ પ્રાણીઓને પ્રાપ્ત છે. બલકે, અમુક પ્રાણીઓ માણસથી પણ વધુ શક્તિશાળી અને મજબૂત શારીરિક બંધારણ ધરાવે છે.

તો જે કારણથી મનુષ્યને અશરફુલ મખ્લૂકાત (સમગ્ર સૃષ્ટિથી શ્રેષ્ઠ) અને સૃષ્ટિનો સરદાર માનવામાં આવ્યો છે તે તેના શરીરના માંસ, લોહી, ઠંડી–ગરમી વગેરે કરતા કોઈ અન્ય શ્રેષ્ઠ વસ્તુ છે, જે મનુષ્યમાં સંપૂર્ણ અને વિશેષ સ્વરૂપે મૌજૂદ છે અને બીજી મખ્લૂકોને આ બાબત કે દરજ્જો પ્રાપ્ત નથી. આ બાબત શું છે તે જાણી લેવું પણ કોઈ બારીક કે નાજુક કામ નથી. આ બાબત મનુષ્યની "રૂહાની અને અખ્લાકી શ્રેષ્ઠતા" છે. એના લીધે જ મનુષ્ય સમગ્ર સૃષ્ટિ ઉપર આધિપત્ય ભોગવે છે.

મવલાના રૂમી તેને આ શબ્દોમાં વર્ણવે છે.

آدمیّت لحم و شحم و پوست نیست ؛ آدمیّت جز رضائے دوست نیست

માણસ "માણસપણું" માંસ, ચરબી અને ચામડીનું નામ નથી,
માણસપણું દોસ્ત "મહબૂબ"ની ખુશી સિવાય કાંઈ નથી.

અને એ જ કારણે જે વ્યક્તિ ઉત્તમ અખ્લાક અને શ્રેષ્ઠ ગુણોની નાકદરી કરીને તેને બરબાદ કરે છે. તેના વિશે મવલાના રૂમી ફરમાવે છે.

اینکہ می بینی خلافِ آدم اند ؛ نیستند آدم غلافِ آدم اند

જ્યારે એ જાણ થઈ ગઈ કે, મનુષ્યની શ્રેષ્ઠતાનો આધાર અને તેના ઉત્તમ

હોવાનું માપદંડ તેની આધ્યાત્મિકતા અને અખ્લાકની શ્રેષ્ઠતા છે અને એ જાણી ચૂક્યા છે કે, મનુષ્યના શરીરની જેમ મનુષ્યની આત્મા અને રૂહ પણ એઅતિદાલી અને બેએઅતિદાલીનો (સંતુલન અને અસંતુલનનો) શિકાર બને છે. જેવી રીતે મનુષ્યના શરીરની તંદુરસ્તી તેના શરીરના રાસાયણિક તત્ત્વોની એઅતિદાલી ઉપર આધારિત છે. એવી જ રીતે આત્મા અને રૂહની તંદુરસ્તી અખ્લાકના એઅતિદાલ ઉપર અવલંબિત છે. તેણે વ્યક્તિને સંપૂર્ણ કહેવાનો અધિકાર ફક્ત એવા જ વ્યક્તિને આપ્યો છે, જે શારીરિક રીતે તંદુરસ્ત હોવાની સાથે-સાથે અખ્લાકનો પણ એઅતિદાલ રાખતો હોય. આ ગુણ બધા જ અંબિયા (અલૈ.)ને વિશેષ સ્વરૂપે અર્પણ થયો હતો અને આપણા રસૂલે કરીમ ﷺને પણ સૌથી વધારે આ ગુણ પ્રાપ્ત થયો હતો. એટલા માટે સંપૂર્ણ વ્યક્તિનો આદર્શ નમૂનો આપ ﷺ જ છે અને જેવી રીતે શારીરિક ઈલાજ અને સારવાર માટે દરેક યુગમાં, દરેક સ્થળે, દરેક વસ્તીમાં હકીમો, ડૉક્ટરો, દવાઓ અને ડૉક્ટરી સર-સામાન તથા દવાખાનાનું એક સુગ્રથિત તંત્ર હોય છે, એવી જ રીતે આધ્યાત્મિક અને રૂહાની ઈલાજો અને સારવાર તથા કૌમોના અખ્લાકમાં એઅ્તિદાલ પેદા કરવા માટે અંબિયા (અલૈ.)ને મોકલવામાં આવ્યા. તેમની સાથે આસમાની હિદાયતો પણ મોકલવામાં આવી અને આવશ્યકતા અનુસાર ભૌતિક શક્તિઓ પણ અતા કરવામાં આવી, જેના દ્વારા તેઓ એઅ્તિદાલના આ કાયદાને દુનિયામાં સ્થાપી શક્યા. આ વિષયનું કુર્આન શરીફે સૂરએ હદીદમાં આ રીતે વર્ણન કર્યું છે.

لَقَدْ اَرْسَلْنَا رُسُلَنَا بِالْبَيِّنٰتِ وَاَنْزَلْنَا مَعَهُمُ الْكِتٰبَ وَالْمِيْزَانَ لِيَقُوْمَ النَّاسُ بِالْقِسْطِ ج
وَاَنْزَلْنَا الْحَدِيْدَ فِيْهِ بَاْسٌ شَدِيْدٌ وَّ مَنَافِعُ لِلنَّاسِ ،

"અમે મોકલ્યા છે પોતાના રસૂલો નિશાનીઓ આપીને અને ઉતારી તેમની સાથે કિતાબ અને (ઈન્સાફનું) "ત્રાજવું" જેથી લોકો ન્યાય અને ઈન્સાફ ઉપર કાયમ થઈ જાય; અને અમે ઉતાર્યું લોખંડ જેમાં ઘણી તાકત છે, અને લોકો માટે લાભો છે." (૫૭:૨૫)

અત્રે અંબિયા (અલૈ.)ને મોકલવાની અને તેમના ઉપર કિતાબો નાઝિલ

કરવાની હિકમત એ જ બતાવવામાં આવી છે કે, તેના દ્વારા લોકોમાં અખ્લાકી અને અમલી એઅ્તિદાલ પૈદા કરવામાં આવે. કિતાબ અખ્લાક અને અધ્યાત્મિક સંતુલન પૈદા કરવા માટે નાઝિલ કરવામાં આવી છે. મતલબ એ છે કે વ્યવહારમાં અમલી એઅ્તિદાલ પૈદા કરવા માટે ઈન્સાફથી વર્તવામાં આવે અને એ પણ અર્થ થઈ શકે છે કે, દરેક પયગંબરની શરીઅતો હોય છે, જેના દ્વારા વાસ્તવિક એઅ્તિદાલની જાણ દરેકને થઈ જાય છે અને લોકોમાં ન્યાય અને ઈન્સાફ કાયમ થઈ જાય છે.

આ ખુલાસાથી તમે સમજી લીધું હશે કે, અંબિયા (અલૈ.)ને મોકલવા અને તેમના ઉપર કિતાબો નાઝિલ કરવાનો મુખ્ય હેતુ અને હિકમત એ જ છે કે કૌમોને અખ્લાકી અને અમલી એઅ્તિદાલ ઉપર કાયમ કરવામાં આવે અને આ જ ઈલાજ કૌમોની તંદુરસ્તી આધ્યાત્મિક સારવાર છે.

ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺનો દરેક પ્રકારનો એઅ્તિદાલ :

આ વર્ણનથી આપને જાણ થઈ ગઈ કે, ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ અને તેમના સહાબા (રદિ.)ની ફઝીલત અને શ્રેષ્ઠતા પ્રસ્તુત આયતમાં વર્ણવામાં આવી છે وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا એટલે કે "અમે તમને એક મોઅ્તદિલ (સર્વોત્તમ, શ્રેષ્ઠ, ન્યાયપ્રિય, મધ્યમમાર્ગી) ઉમ્મત બનાવી છે." આ બોલવામાં અને લખવામાં તો માત્ર એક શબ્દ છે પરંતુ વાસ્તવમાં કોઈ કૌમ અથવા વ્યક્તિમાં જેટલા પણ ગુણો અને વિશેષતાઓ આ જગતમાં હોઈ શકે છે તે બધા ઉપર આ શબ્દ છવાયેલો અને સર્વગ્રાહી છે.

તેમાં ઉમ્મતે મુહમ્મદિય્યહને "ઉમ્મતે વસત" અથવા "મોઅ્તદિલ (સંતુલિત) ઉમ્મત" કહીને તે બતાવવામાં આવ્યું છે કે, વ્યક્તિની નિપૂણતા, શ્રેષ્ઠતા અને ફઝીલત તેમાં સર્વોત્તમ અને પરાકાષ્ઠાની હદ સુધી મૌજૂદ છે અને જે હેતુ માટે આસમાન અને પૃથ્વી તથા સમગ્ર વિશ્વની વ્યવસ્થાનું અસ્તિત્વ છે અને જેના માટે અંબિયા (અલૈ.) અને આસમાની કિતાબો મોકલવામાં આવી છે, તે બધામાં આ ઉમ્મત બધી ઉમ્મતોમાં સૌથી શ્રેષ્ઠ અને વિશેષ મરતબો ધરાવે છે.

કુર્આન શરીફમાં આ ઉમ્મતના સંદર્ભમાં આ ફઝીલતનું લક્ષણ વિવિધ આયતોમાં વિવિધ વિષયો હેઠળ ઉલ્લેખવામાં આવ્યું છે. સૂરએ અઅ્રાફના

અંતમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટે ઈરશાદ છે.

وَمِمَّنْ خَلَقْنَآ اُمَّةٌ يَّهْدُوْنَ بِالْحَقِّ وَبِهٖ يَعْدِلُوْنَ ○

"તે લોકોમાં જેમને અમે પૈદા કર્યા છે એક એવી ઉમ્મત છે, જે સત્ય માર્ગ બતાવે છે અને તેના પ્રમાણે ન્યાય કરે છે." (૭:૧૮૧)

તેમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના એઅ્તિદાલ અને આધ્યાત્મિકતા તથા અખ્લાકને સ્પષ્ટ કરવામાં આવ્યા છે. તેઓ પોતાના વ્યક્તિગત લાભ અને ઈચ્છાઓને છોડીને આસમાની હિદાયત પ્રમાણે પોતાને ચલાવે છે અને બીજાઓને પણ ચલાવવાનો પ્રયત્ન કરે છે અને કોઈ બાબતમાં વાદ-વિવાદ થઈ જાય તો તેનો ફૈસલો પણ આસમાની કાનૂન પ્રમાણે જ કરે છે. જેમાં કોઈ વ્યક્તિ અથવા કૌમના હિતને કોઈ ભય હોતો નથી.

અને સૂરએ આલે ઈમ્રાનમાં ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺના આધ્યાત્મિક એઅ્તિદાલની નિશાનીઓ આ શબ્દોમાં ઉલ્લેખવામાં આવી છે.

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُوْنَ بِاللّٰهِ ط

"તમે તે શ્રેષ્ઠ ઉમ્મત છો, જે લોકો(ના ફાયદા) માટે મોકલવામાં આવી છે; હુકમ કરો છો સારા કામોનો; અને રોકો છો ખરાબ કામોથી; અને અલ્લાહ ઉપર ઈમાન લાવો છો." (૩:૧૧૦)

એટલે જેવી રીતે તેના રસૂલે કરીમ ﷺ બધા રસૂલોમાં શ્રેષ્ઠ અને અફઝલ રસૂલ છે અને કુર્આન બધી આસમાની કિતાબોમાં સર્વગ્રાહી અને સંપૂર્ણ છે. એવી જ રીતે રસૂલુલ્લાહ ﷺની ઉમ્મતને તંદુરસ્ત શરીરની સાથે-સાથે આધ્યાત્મિક એઅતિદાલ પણ શ્રેષ્ઠ અને ઉત્તમ પ્રકારનો અર્પણ કરવામાં આવ્યો છે અને એટલા માટે તે બધી ઉમ્મતોમાં શ્રેષ્ઠ ઉમ્મત ઠરાવવામાં આવી છે. તેમના ઉપર જ્ઞાન અને કુદરતી રહસ્યોના દરવાજાઓ ખોલી નાંખવામાં આવ્યા છે. ઈમાન અને આ'માલ તથા તકવાની બધી જ પ્રણાલિકાઓ તેમની કુરબાનીઓથી હરી-ભરી રહે છે. તે કોઈ ખાસ દેશ અથવા કૌમની સીમાઓમાં કૈદ નથી બલકે, આ ઉમ્મતનું વર્તુળ સમગ્ર જગત ઉપર અને સમગ્ર માનવજાતની જિંદગીના પ્રત્યેક ક્ષેત્રો ઉપર પ્રભાવિત છે. મતલબ કે, તેનું અસ્તિત્વ જ એવું છે કે,

બીજાઓની ભલાઈ કરે છે અને જે પણ રીતે શકય હોય, તેમને જન્નતના દરવાઝા ઉપર લાવીને ઊભા કરી દે છે. اُخْـرِجَـتْ لِلنَّـاسِ માં તે તરફ ઈશારો છે કે, આ ઉમ્મત બીજાઓની ભલાઈ અને હિતની રક્ષા માટે જ બનાવવામાં આવી છે. તેના હોદ્દાની રૂએ તેની કૌમી નિશાની જ એ છે કે, લોકોને નેકી અને ભલાઈના કામોનો હુકમ કરે છે અને બુરા કામોથી રોકે છે.

એક હદીષમાં રસૂલે કરીમ ﷺનો ઈરશાદ છે اَلـدِّيْـنُ الـنَّـصِيْـحَةُ તેનો મતલબ આ છે કે, "ભલાઈ અને ખૈરખ્વાહીનું જ નામ દીન છે." એક દીનદાર માટે આવશ્યક છે કે તે ભલાઈનો હુકમ કરતો રહે અને બુરાઈથી રોકે, પછી બુરા કામોમાં કુફ્ર, શિર્ક, બિદ્અતો, કુરિવાજો અને ફિસ્ક (દુષ્કૃત્યો) તથા દરેક પ્રકારનું ખરાબ વર્તન અને અયોગ્ય વાતો શામિલ છે. તેને રોકવાના પણ કેટલાય પ્રકારો છે. ક્યારેક જીભથી, ક્યારેક હાથથી, ક્યારેક કલમથી તો ક્યારેક તલવારથી. મતલબ કે, દરેક પ્રકારનો જિહાદ (સંઘર્ષ) તેમાં શામિલ થઈ ગયો. આ ગુણ અને લક્ષણ જેટલો સર્વસામાન્ય અને કાયદેસર રીતે ઉમ્મતે મુહમ્મદિય્યહમાં જોવા મળે છે એટલો આગલી ઉમ્મતોમાં જોવા મળતો નથી.

(૩) હવે ત્રીજી વાત ધ્યાન આપવા યોગ્ય રહી ગઈ કે, આ ઉમ્મત મધ્યમ માર્ગે અને એઅ્તિદાલ ઉપર હોવાની સાબિતી શું છે ? તેનો ખુલાસો લંબાણપૂર્વક અને બધી ઉમ્મતોની માન્યતાઓ, અમલો, અખ્લાક અને તેમના કારનામાઓ સાથે સરખામણી કરવા ઉપર અવલંબિત છે. તેમાંથી અમુક બાબતોનો ઉદાહરણ સ્વરૂપે અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે.

માન્યતા (અકાઈદી) એઅ્તિદાલ :

સૌ પ્રથમ અકાઈદી અને વિચારસરણીના એઅ્તિદાલને જ લઈ લો, તો અગાઉ થઈ ગયેલી ઉમ્મતોમાં એક તરફ દેખાઈ આવશે કે તેમાંથી ઘણા લોકોએ અલ્લાહના રસૂલોને તેના બેટા બનાવી લીધા અને તેમની ઈબાદત અને પૂંજા પણ કરવા લાગ્યા. قَالَتِ الْيَهُوْدُ عُزَيْرُ ۨابْنُ اللّٰهِ وَقَالَتِ النَّصَارَى الْمَسِيْحُ ابْنُ اللّٰهِ "યહૂદીઓ કહે છે કે, ઉઝૈર (અલૈ.) અલ્લાહના બેટા છે અને નસારા કહે છે કે ઈસા (અલૈ.) અલ્લાહના બેટા છે." (૯:૩૦) અને બીજી બાજુ તે કૌમોમાં બીજા લોકોની એ પરિસ્થિતિ હતી કે, રસૂલો (અલૈ.)ના સતત મોઅ્જિઝાઓ અને

ચમત્કારો નજરે નિહાળી લીધા હોવા છતાં પણ, જ્યારે તેમને રસૂલ (અલૈ.) કોઈ લડાઈ અથવા યુદ્ધ (જિહાદ) માટે આમંત્રિત કરતા તો કહી દેતા فَاذْهَبْ اَنْتَ وَرَبُّكَ فَقَاتِلَآ اِنَّا هٰهُنَا قٰعِدُوْنَ "તમે અને તમારો પરવરદિગાર બંને જાઓ, અને વિરોધીઓ સાથે યુદ્ધ કરી લો; અમે તો અહીંયાં જ બેઠા રહીશું." (૫:૨૪) ક્યાંક એવું પણ જોવામાં આવશે કે, અંબિયા (અલૈ.)ને તેમના માનનારાઓએ જાત–જાતની તકલીફો અને મુસીબતો પહોંચાડી.

એનાથી વિપરીત ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ દરેક યુગ અને દરેક સમયમાં પોતાના રસૂલ ﷺ સાથે મહોબ્બત અને ઈશ્ક રાખે છે અને તેમના માટે પોતાની જાન, માલ, ઔલાદ, ઈજ્જત–આબરૂ કુરબાન કરી દે છે.

સલામ ઉસ (ﷺ) પર કે જિસ કે નામ લેવા હર ઝમાનેમેં,
બઢ્હા દેતેં હે ટુકડા સરફરોશી કે ફસાનેમેં.

અને બીજી બાજુ એવો એઅ્તિદાલ કે રસૂલ ﷺને રસૂલ અને અલ્લાહને અલ્લાહ સમજે છે. રસૂલ ﷺને પોતાની સંપૂર્ણ શ્રેષ્ઠતા, નિપૂણતા અને ફઝીલત સાથે અબ્દુલ્લાહી વ રસૂલુહૂ (અલ્લાહના બંદા અને તેના રસૂલ) માને છે અને આપ ﷺની તા'રીફ અને વખાણનું તે માપદંડ સામે રાખે છે જેને કસીદ–એ–બુરદહમાં ફરમાવ્યું છે.

دَعْ مَاادَّعَتْهُ النَّصَارٰى فِىْ نَبِيِّهِمْ   وَاحْكُمْ بِمَا شِئْتَ مَدْحًافِيْهِ وَاحْتَكِمْ

"તે કુફ્રના કલમાને છોડી આપો જે ખ્રિસ્તીઓએ પોતાના નબીના વિષયમાં કહ્યો કે, તેઓ અલ્લાહની પનાહ પોતે ખુદા અથવા ખુદાના બેટા છે, તેના સિવાય આપ ﷺની તા'રીફ અને મહોબ્બતમાં જે કંઈ (જાઈઝ વાતો) કહો તે બધું સાચું અને સહીહ છે."

بعد از خدا بزرگ توئی قصہ مختصر

બઅ્દ જ ખુદા બુઝુર્ગ તૂ ઈ કિસ્સા મુખ્તસર !

ટૂંકમાં અલ્લાહ પછી તમે જ (હઝરત મુહમ્મદ ﷺ) શ્રેષ્ઠ છો !

અમલ (કર્મો) અને ઇબાદતમાં એઅ્તિદાલ :

અકીદાઓ અને માન્યતાઓ પછી કર્મો (અમલ) અને ઈબાદતનો નંબર

આવે છે. તેમાં જુઓ તો અગાઉની ઉમ્મતોમાં એક બાજુ તો એવું જોવા મળશે કે, પોતાની શરીઅતના હુકમોને નજીવી કિંમતમાં વેચી દે છે. લાંચ લઈને આસમાની કિતાબોમાં સુધારા–વધારા કરે છે અથવા ગલત ફતવા આપે છે અને જાત–જાતના હિલા (યુક્તિઓ) બહાનાઓ કાઢીને શરીઅતના હુકમોને બદલી નાંખે છે. ઈબાદતથી પીછો છોડાવવામાં આવે છે અને બીજી બાજુ ઈબાદતખાનાઓમાં એવા–એવા લોકો પણ મળશે જેઓ દુનિયા છોડીને સન્યાસીપણું અપનાવીને બેઠા છે. તેઓ અલ્લાહની આપેલી હલાલ નેઅ્મતોથી પણ પોતાને વંચિત (મહરૂમ) રાખે છે અને જાણીબુઝીને પોતાની જાત ઉપર જુલમ કરવાને ઈબાદત સમજે છે.

ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺએ તેનાથી વિપરીત એક બાજુ સન્યાસીપણાને માનવતા ઉપર અત્યાચાર ઠરાવ્યો છે, તો બીજી બાજુ અલ્લાહ અને તેના રસૂલ ﷺના હુકમો ઉપર ફના થઈ જવાની ભાવના પૈદા કરી છે, કયષર (પ્રાચીન રૉમન સામ્રાજ્ય) અને કિસ્રા (પ્રાચીન ઈરાની સામ્રાજ્ય)ની સત્તાઓનો ખાતમો કરી તેમના રાજમુગટના માલિક બનીને દુનિયાને એ બતાવી દીધું છે કે, ડહાપણ અને રાજકારણમાં અથવા દીન અને દુનિયામાં વેર નથી. દીન ફક્ત મસ્જિદો અથવા ખાનકાહોના ખૂણાઓમાં બેસવા માટે નથી આવ્યો બલકે, તેની સત્તા અને અધિકાર બજારો અને ઑફિસોમાં પણ છે તથા મંત્રીઓના કાર્યાલયો ઉપર પણ, તેણે બાદશાહીમાં ફકીરી અને ફકીરીમાં બાદશાહી શીખવાડી છે.

چو فقر اندر لباسِ شاہی آمد

زتدبیرِ عبید اللّٰہی آمد

સામાજિક અને સાંસ્કૃતિક (સભ્યતા) એઅ્તિદાલ :

ત્યાર બાદ સમાજ અને સંસ્કૃતિને જુઓ, તો અગાઉની ઉમ્મતોમાં તમે એક બાજુ એવી બેએઅ્તિદાલી જોશો કે, માણસના હકો (માનવાધિકારો)ની કોઈ પરવા નથી, હક–નાહકની કોઈ ચર્ચા નથી. પોતાના સ્વાર્થ વિરૂદ્ધ જે કંઈ પણ હોય તેને કચડી નાંખવું, હત્યા કરી નાંખવી, લૂંટી લેવું સૌથી મોટો ગુણ કહેવાતો હતો. એક માલદારના ગૌચરમાં કોઈ અન્યનું ઊંટ ઘુસી જાય અને થોડું નુકસાન

કરી નાંખે તો અરબની એક પ્રખ્યાત લડાઈની જેમ હરબે બસૂસ (حرب بسوس) કે જે ૧૦૦ વર્ષ સુધી સતત ચાલી હતી, હજારો માણસોનું ખૂન થયું. આવી નજીવી બાબતોમાં ખૂનરેઝ લડાઈઓ થતી. ઔરતોના હકો આપવાની વાત તો બાજુએ રહી, તેને જીવતી રહેવાનો પણ અધિકાર આપવામાં આવતો ન હતો. ક્યાંક તો તેને બાળપણમાં જીવતી દફન કરી દેવાનો રિવાજ હતો તો ક્યાંક મૃત પતિની સાથે ચિતા ઉપર જીવતી સળગાવી દઈ સતી બનાવી દેવાનો રિવાજ હતો. તેનાથી વિપરીત એવી માન્યતા પણ હતી કે, કીડી-મકોડી કે જીવજંતુની હત્યાને પણ વર્જિત (હરામ) સમજવામાં આવતી. પ્રાણીઓને ઝબહ કરવાને પણ હરામ ઠરાવવામાં આવતું. અલ્લાહના હલાલ કરેલા જાનવરોના માંસને ખાવો અને તેનાથી ફાયદો ઉઠાવવાને અત્યાચાર સમજવામાં આવતો, ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ અને તેમની શરીઅતે આ બધી બેએઅ્તિદાલીઓનો નાશ કર્યો. એક બાજુ માણસને માણસના અધિકારો આપ્યા અને ન ફક્ત સુલેહ કે મિત્રતાના સમયે બલ્કે, યુદ્ધના મૈદાનની વચ્ચે પણ વિરોધીઓના હકોનું રક્ષણ કરતા શીખવ્યું. સ્ત્રીઓને પુરૂષોની જેમ અધિકારો અર્પણ કર્યા અને બીજી બાજુ દરેક બાબતની એક સીમા અને મર્યાદા નક્કી કરી જેમાં આગળ વધી જવાને અથવા તેનાથી પાછા હટવાને ગુનોહ ઠરાવ્યો અને પોતાના અધિકારોની બાબતમાં ક્ષમા કરી, કે આંખ આડા કાન કરી કંઈક જતું કરવાનું પણ શીખવ્યું. જ્યારે બીજાઓના અધિકારોને સંપૂર્ણ કાળજીપૂર્વક અદા કરવાની સભ્યતા પણ શીખવી.

આર્થિક અને વ્યાપારિક એઅ્તિદાલ :

ત્યાર પછી દુનિયાની દરેક કૌમ અને મિલ્લતમાં સૌથી મહત્ત્વની બાબત અર્થકારણ અને વ્યાપાર છે. તેમાં પણ બીજી કૌમો અને ઉમ્મતોમાં જાત-જાતની બેએઅ્તેદાલીઓ જોવા મળશે. એક બાજુ મૂડીવાદ છે, જેમાં હલાલ-હરામની સીમાઓ અને મર્યાદાઓ તથા બીજા લોકોની આર્થિક પરિસ્થિતિ અથવા તેમની કરુણ ગરીબીથી આંખો બંધ કરીને વધુથી વધુ માલ-દૌલત ભેગી કરી લેવાને માણસની અક્કલ, ડહાપણ અને સફળતાનું માપદંડ સમજવામાં આવે છે, તો બીજી બાજુ વ્યક્તિગત મિલ્કતોના માલિકીપણાનો મૂળેથી છેદ ઉડાવી દઈ માણસના અંગત જીવનને ખતમ કરી નાંખવામાં આવે છે અને આ સમાજવાદ અથવા કોમ્યુનિઝમના ભોરિંગે માણસની અંગત મિલ્કતોને સરકારી મિલ્કતો

ગણી તેને ગળી જવાની નીતિ અપનાવી છે. વિચાર કરીશું તો આ બંને આર્થિક વ્યવસ્થાઓના પરિણામે માલ–દૌલત અને ભૌતિકતાની પૂંજા તથા તેને જ જિંદગીનો મકસદ અને હેતુ સમજવાની વિચારસરણી ઊભી થઈ છે અને સમગ્ર જીવન દરમિયાન તેના માટે જ ભાગદોડ કરવામાં આવે છે.

ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ અને તેમની શરીઅતે તેમાં પણ એઅ્તિદાલનું આશ્ચર્યચકિત્ કરી મૂકે એવું સ્વરૂપ અર્પણ કર્યું છે. એક બાજુ તો માલ દૌલતને જીવનનો હેતુ બનાવવાની મનાઈ ફરમાવી તથા મનુષ્યની ઈજ્જત તથા તેની શ્રેષ્ઠતા અથવા કોઈ હોદ્દા કે સત્તાના અધિકારનો આધાર તેના ઉપર અવલંબિત રાખવામાં ન આવ્યો અને બીજી બાજુ માલ–દૌલત અને ભૌતિક સ્ત્રોતોની વહેંચણી એવા પવિત્ર સિદ્ધાંતો અને નિયમોના આધારે કરવામાં આવી કે, જેના દ્વારા વ્યક્તિના જીવનની બધી જ આવશ્યકતાઓ પૂર્ણ થઈ જાય અને જીવનની મૂળભૂત જરૂરતોથી કોઈપણ વંચિત ન રહે તેની ખાસ કાળજી લેવામાં આવી. કોઈ એક વ્યક્તિ અથવા કોઈ એક ગૃપ બધા જ ભૌતિક સ્ત્રોતો અને માલ–દૌલત ઉપર કબજો ન જમાવી દે, સાથે સાથે જે ભૌતિક સ્ત્રોતો દરેક વ્યક્તિ માટે સર્વસામાન્ય અને સહજ જરૂરતની વસ્તુઓ છે, તેને બધા લોકો માટે ખુલ્લા રાખવામાં આવ્યા. અમુક ખાસ વસ્તુઓમાં વ્યક્તિગત માલિકીપણાનો સ્વીકાર કરવામાં આવ્યો. હલાલ માલની ફઝીલત અને તેને પ્રાપ્ત કરવાના તથા ઉપયોગ કરવાના સાચા માર્ગો અને પદ્ધતિઓ બતાવી. તેના ખુલાસાઓ એટલા લંબાણપૂર્વક છે કે, એક આગવી કિતાબ લખવી પડે. અત્રે ફક્ત અમુક ઉદાહરણો અને અમુક નમૂનાઓ એઅ્તિદાલ અને બેએઅ્તિદાલીના રજૂ કરવામાં આવ્યા. જેનાથી પ્રસ્તુત આયતનો વિષય સ્પષ્ટ થઈ ગયો કે, ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને એક મોઅ્તદિલ (સંતુલિત, સર્વોત્તમ, મધ્યમમાર્ગી, ન્યાયપ્રિય) ઉમ્મત અને શ્રેષ્ઠ ઉમ્મત બનાવવામાં આવી છે.

સાક્ષી આપવા માટે ન્યાયી અને સાચા હોવું શરત છે :

لِتَكُونُوا شُهَدَاءَ عَلَى النَّاسِ ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺને મધ્યમમાર્ગી અને ન્યાયપ્રિય તથા સત્યપ્રિય સર્વોત્તમ ઉમ્મત એટલા માટે બનાવવામાં આવી જેથી તેઓ સાક્ષી આપવાના લાયક બની જાય. તેનાથી જાણવા મળ્યું કે, જે વ્યક્તિ

ન્યાયપ્રિય નથી તે ગવાહીના લાયક નથી. "અદ્લ"નો અનુવાદ "ષિકહ" એટલે કે, "ભરોસાપાત્ર" પણ કરવામાં આવે છે. તેની સંપૂર્ણ શરતો ફિક્હ (ઈસ્લામિક કાયદાશાસ્ત્ર)ની કિતાબોમાં જોવા મળે છે.

"ઈજમાઅ્" (સમગ્ર ઉમ્મતનું કોઈ બાબત ઉપર સહમત હોવું) હુજ્જત (દીનમાં કાયદેસરતા પ્રાપ્ત બાબત) છે :

કુર્તુબીએ કહ્યું છે કે "આ આયત ઈજમા–એ–ઉમ્મત પણ એક હુજ્જત હોવા માટેની દલીલ છે. કારણ કે, જ્યારે આ ઉમ્મતને અલ્લાહ તઆલા "શુહદાઅ્" (ગવાહો) ઠરાવીને બીજી ઉમ્મતોના મુકાબલામાં તેમની વાતને હુજ્જત બનાવી દેશે (કાયદેસરતા પ્રદાન કરી દેશે), તો સાબિત થયું કે, આ ઉમ્મતનો ઈજ્માઅ્ હુજ્જત છે અને તેના ઉપર અમલ કરવો વાજિબ છે. એવી જ રીતે સહાબા (રદિ.)નો ઈજ્માઅ્ તાબિઈન (રહ.) ઉપર અને તાબિઈન (રહ.)નો ઈજ્માઅ્ તબે'તાબિઈન (રહ.) ઉપર હુજ્જત છે."

અને તફસીરે મઝહરીમાં છે કે "આ આયતથી સાબિત થાય છે કે, આ ઉમ્મતના જે કર્મો અને અમલો સામૂહિક સહમતિથી કરવામાં આવે છે તે બધા જ સ્વીકાર્ય અને કાયદેસર છે. કારણ કે, જો આખી ઉમ્મત કોઈ એક ભૂલને સ્વીકારી તેના ઉપર અમલ કરવા માંડે તો એવું કહેવાનો કોઈ અર્થ બાકી નથી રહેતો કે આ ઉમ્મત મોઅ્તદિલ ઉમ્મત છે. મતલબ કે, સમગ્ર ઉમ્મત કોઈ એક ભૂલ ઉપર સહમત થઈ જ નથી શકતી."

અને ઈમામ જસ્સાસ (રહ.)એ ફરમાવ્યું કે, "આ આયતમાં એવી દલીલ છે કે, દરેક યુગમાં મુસલમાનોનો ઈજ્માઅ્ ભરોસાપાત્ર છે. ઈજ્માઅ્નું હુજ્જત હોવું ફક્ત "કુરુને અવ્વલ" (શરૂઆતના ઝમાનાના મુસલમાનો) અથવા કોઈ ચોક્કસ સમયગાળા માટે ખાસ નથી. કારણ કે, આ આયતમાં આખી ઉમ્મતને સંબોધન કરવામાં આવ્યું છે અને રસૂલે કરીમ ﷺની ઉમ્મત ફક્ત તે નથી જે તેમના સમયમાં મૌજૂદ હતી. બલકે, કયામત સુધી આવનારી નસ્લો (પેઢીઓ) જેઓ મુસલમાન છે તે બધા આપ ﷺની ઉમ્મત છે, તો દરેક યુગના મુસલમાનો અલ્લાહના શાહિદો (ગવાહો) છે. તેમનો કૌલ (નિવેદન) હુજ્જત છે અને ક્યારેય સમગ્ર ઉમ્મત કોઈ ગુનાહની બાબત ઉપર એકસામટી ભેગી નહીં થઈ શકે."

આયત : (સૂરએ બકરહ : આયત નં. ....૧૪૩)

وَمَا جَعَلْنَا الْقِبْلَةَ الَّتِي كُنْتَ عَلَيْهَا إِلَّا لِنَعْلَمَ مَنْ يَتَّبِعُ الرَّسُولَ مِمَّنْ يَنْقَلِبُ عَلَىٰ عَقِبَيْهِ ۚ وَإِنْ كَانَتْ لَكَبِيرَةً إِلَّا عَلَى الَّذِينَ هَدَى اللَّهُ ۗ وَمَا كَانَ اللَّهُ لِيُضِيعَ إِيمَانَكُمْ ۚ إِنَّ اللَّهَ بِالنَّاسِ لَرَءُوفٌ رَحِيمٌ ﴿١٤٣﴾

તરજુમો :

........અને નથી નક્કી કર્યો અમે તે કિબ્લો જેના ઉપર તમે હતા, પરંતુ (એટલા માટે) જેથી અમે જાણી લઈએ કોણ પૈરવી કરે છે રસૂલની, (અને કોણ છે) તેનાથી જે ફેરવી દે છે પોતાની એડીઓ; અને બેશક ! આ હતી વજનદાર બાબત પરંતુ તે લોકો માટે (નથી) જેમને હિદાયત આપી અલ્લાહે; અને નથી અલ્લાહ ચાહતો કે તે તમારૂં ઈમાન બરબાદ કરે; બેશક! અલ્લાહ લોકો સાથે ઘણો માયાળુ રહમ કરનારો (છે). (૧૪૩)

તફસીર :

(અને વાસ્તવમાં શરીઅતે મુહમ્મદી ﷺ માટે અમે કા'બાને જ કિબ્લો નક્કી કરી રાખ્યો હતો) અને જે કિબ્લાની દિશાએ તમો (અમુક દિવસ) રહી ચૂક્યા છો (એટલે કે બયતુલ મુકદ્દસ) તે તો ફક્ત એ (મસ્લિહતના) કારણે હતું કે, અમોને (જાહેર રીતે પણ) જાણ થઈ જાય કે (તેના નક્કી થવા અથવા બદલવાથી યહૂદીઓ અને બિનયહૂદીઓમાંથી) કોણ રસૂલ ﷺની પૈરવી કરે છે અને કોણ પાછળ હટી જાય છે ? (અને નફરત તથા વિરોધ કરે છે. આ પરીક્ષાના કારણે કામચલાઉ ધોરણે બયતુલ મુકદ્દસને કિબ્લો નક્કી કર્યો હતો. પછી અસલી કિબ્લાનો હુકમ આપીને તેને રદ કરી દીધો.) અને આ કિબ્લાને બદલવું (ફરી ગયેલા લોકો માટે) ઘણું ભારે થયું. (હા !) પરંતુ જે લોકોને અલ્લાહ તઆલાએ (સીધા માર્ગની) હિદાયત ફરમાવી છે (જેનું વર્ણન અગાઉ આવી ચૂક્યું છે કે, અલ્લાહના હુકમોને કોઈપણ જાતના વાંધા કાઢ્યા વિના, કોઈપણ જાતના ભાર વિના જેવી રીતે પહેલાં તેને અલ્લાહનો હુકમ સમજતા હતા હવે પણ અલ્લાહનો હુકમ સમજવા લાગે.) અને (અમે જે કહ્યું છે કે બયતુલ મુકદ્દસ અસલી કિબ્લો ન

હતો, જેથી કોઈ વ્યક્તિ આ વસવસો, શંકા–કુશંકા ન લાવે કે જેટલી નમાઝો તે બાજુ મોઢું કરી પઢી તેનો સવાબ ઓછો મળ્યો હશે અને આ શંકાને દિલમાંથી કાઢી નાંખે. કારણ કે,) અલ્લાહ તઆલા એવો નથી કે તમારા ઈમાન (સંબંધિત અમલો દાખલા તરીકે, નમાઝનો સવાબ)ને બરબાદ (અને ક્ષતિયુક્ત) કરી દે. (અને) હકીકતમાં અલ્લાહ તો (એવા) લોકો ઉપર ઘણો જ માયાળુ (અને) રહમ કરનારો છે. [તો આવા માયાળુ અને રહમ કરનાર અલ્લાહ માટે એવું ગુમાન (પૂર્વગ્રહ) રાખવું કે તે અમલોને બરબાદ કરશે, ખોટું છે. કારણ કે કોઈ કિબ્લાનું અસલી અથવા ગૌણ હોવું તો અમે જ સારી રીતે જાણીએ છીએ. તમે (માત્ર) અમારા બંને હુકમોને સમજીને કબૂલ કરો. તમારો સવાબ ઓછો થશે નહીં.]

મસ્અલા અને બોધપાઠ :

કા'બા નમાઝનો કિબ્લો હોવાની શરૂઆત ક્યારે થઈ ?

હિજરત પહેલાં મક્કા મુકર્રમહમાં જ્યારે નમાઝ ફરજ થઈ તે સમયે કિબ્લો બયતુલ્લાહ હતો અથવા બયતુલ મુકદસ, તેમાં સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)નો મતભેદ છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)નો કૌલ છે કે, “પ્રથમથી જ કિબ્લો બતયુલ મુકદસ હતો, જે હિજરત પછી પણ ૧૬–૧૭ મહિના બાકી રહ્યો. ત્યાર બાદ બયતુલ્લાહ (કા'બા શરીફ)ને કિબ્લો બનાવવાનો હુકમ નાઝિલ થઈ ગયો. જો કે આપ ﷺનો અમલ મક્કા મુકર્રમહમાં એ રહ્યો કે, આપ ﷺ હજ્રે અસ્વદ અને રૂક્ને યમાનીની વચ્ચે નમાઝ પઢતા હતા, જેથી બયતુલ્લાહ પણ સામે રહે અને બયતુલ મુકદસ પણ સામે આવી જાય. મદીના પહોંચ્યા પછી આ શક્ય ન રહ્યું. એટલા માટે કેટલાક લોકોને કિબ્લો બદલાયો હોવાની શંકા પૈદા થઈ.”

(ઈબ્ને કષીર)

અને બીજા અન્ય લોકોએ ફરમાવ્યું છે કે, “જ્યારે નમાઝ ફરજ થઈ, તો મક્કા મુકર્રમહમાં તો શરૂઆતમાં કિબ્લો બયતુલ્લાહ જ હતો. કારણ કે હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)નો કિબ્લો બયતુલ્લાહ જ રહ્યો હતો અને આપ ﷺ જ્યાં સુધી મક્કામાં સ્થાયી રહ્યા, બયતુલ્લાહ તરફ જ નમાઝ

પઢતા રહ્યા. પછી હિજરત પછી આપ ﷺનો કિબ્લો બયતુલ મુકદસ નક્કી કરવામાં આવ્યો અને મદીનામાં ૧૬-૧૭ મહિના આપ ﷺએ બયતુલ મુકદસ તરફ નમાઝ પઢી. ત્યાર બાદ ફરી આપ ﷺનો જે પહેલો કિબ્લો હતો એટલે કે બયતુલ્લાહ, તે તરફ નમાઝમાં મોઢું કરવાનો હુકમ આવી ગયો.'' તફસીરે કુર્તુબીમાં અબૂ અમ્રના હવાલાથી બીજા નંબરના કૌલને અગ્રિમતા આપવામાં આવે છે અને તેની હિકમત તે વર્ણવવામાં આવે છે કે મદીના મુનવ્વરહમાં આવ્યા બાદ, આપ ﷺને યહૂદીઓ સાથે વાસ્તો પડયો હતો, તો આપ ﷺએ તેમને પોતાના તરફ આકર્ષવા માટે અલ્લાહ તઆલાના હુકમથી તેમનો જ કિબ્લો અપનાવી લીધો, પરંતુ જ્યારે તેમની હઠધર્મીએ એવું સાબિત કરી દીધું કે, તેઓ પોતાની હઠથી પાછા હટનાર નથી, તો પછી આપ ﷺને અલ્લાહ તરફથી બયતુલ્લાહ તરફ મોઢું કરવાનો હુકમ મળી ગયો, જે આપ ﷺને પોતાના બાપ-દાદા હઝરત ઈબ્રાહીમ અને ઈસ્માઈલ (અલૈ.)નો કિબ્લો હોવાના કારણે ખૂબં વહાલો અને પસંદ હતો.

અને કુર્તુબીમાં અબુલ આલિયા રિયાહીથી નકલ થયું છે કે, ''હઝરત સાલેહ (અલૈ.)ની મસ્જિદનો કિબ્લો પણ બયતુલ્લાહ તરફ હતો'' અને પછી અબુલ આલિયાથી એ પણ નકલ કરવામાં આવ્યું છે કે, તેમનો એક યહૂદી સાથે મુનાજરો થયો. યહૂદીએ કહ્યું કે, ''મૂસા (અલૈ.)નો કિબ્લો સખ્રએ બયતુલ મુકદસ હતો.'' અબુલ આલિયાએ કહ્યું કે, ''નહીં ! મૂસા (અલૈ.) સખ્રએ બયતુલ મુકદસ પાસે નમાઝ પઢતા હતા પરંતુ તેમનો ચહેરો બયતુલ્લાહ તરફ રહેતો હતો.'' યહૂદીએ ઈન્કાર કર્યો, તો અબૂલ આલિયાએ કહ્યું, ''સારું ! આપણા વાદ-વિવાદનો ફેંસલો હઝરત સાલેહ (અલૈ.)ની મસ્જિદ કરી આપશે, જે બયતુલ મુકદસની નીચે એક પહાડ ઉપર છે.'' જોવામાં આવ્યું તો તેનો કિબ્લો બયતુલ્લાહ તરફ હતો.

અને જે લોકોએ પહેલા કૌલને અપનાવ્યો છે, તેમના મતે હિકમત એ હતી કે મક્કા મુકર્રમહમાં તો મુશ્રિકોથી અલગ થવા અને તેમનો જાહેર વિરોધ કરવાની નીતિ અપનાવવામાં આવી. એટલા માટે તેમનો કિબ્લો છોડીને બયતુલ મુકદસને કિબ્લો બનાવી દેવામાં આવ્યો. ત્યાર બાદ હિજરત પછી મદીનામાં યહૂદીઓ અને ખ્રિસ્તીઓથી અલગ થવા અને તેમના વિરોધના હેતુ કાજે તેમનો

કિબ્લો બદલીને બયતુલ્લાહને કિબ્લો બનાવી દીધો. આ વિરોધાભાસી નિવેદનોના કારણે પ્રસ્તુત આયતની તફસીરમાં પણ મતભેદ થઈ ગયા કે, اَلْقِبْلَةَ الَّتِىْ كُنْتَ عَلَيْهَا નો શું અર્થ છે ? પ્રથમ કૌલની રૂએ તેનો અર્થ બયતુલ મુકદ્દસ છે, જે આપ ﷺનો પ્રથમ કિબ્લો હતો અને બીજા કૌલ અનુસાર તેનો અર્થ ખાના–એ–કા'બા પણ હોઈ શકે છે. કારણ કે, તે જ આપ ﷺનો પહેલો કિબ્લો હતો.

અને આયતનું સ્પષ્ટીકરણ બંને સ્વરૂપોમાં એ છે કે, "અમે કા'બાને કિબ્લા તરીકે સ્થાપિત કરવામાં આપ ﷺની પૈરવી કરનારા મુસલમાનો માટે એક કસોટી બનાવી છે, જેથી જાહેર રીતે પણ જાણ થઈ જાય કે કોણ આપ ﷺની પૈરવી કરે છે અને કોણ પોતાના અભિપ્રાય ઉપર અમલ કરે છે ? જેથી કા'બાને કિબ્લા તરીકે સ્થાપિત કરવાનો હુકમ નાઝિલ થયા પછી અમુક નબળું ઈમાન ધરાવનારા અથવા તે જેઓના દિલોમાં મુનાફિકત હતી, ઈસ્લામથી ફરી ગયા અને રસૂલુલ્લાહ ﷺ ઉપર આક્ષેપો કરવા લાગ્યા કે તેઓ પોતાની કૌમના દીનથી ફરી ગયા."

અમુક સંબંધિત હુકમો :

ક્યારેક સુન્નતને કુર્આન દ્વારા રદ (મન્સૂખ) કરવામાં આવે છે :

જસ્સાસ (રહ.)એ અહકામુલ કુર્આનમાં ફરમાવ્યું છે કે, "કુર્આને કરીમમાં ક્યાંય તેનો ખુલાસો નથી કે રસૂલુલ્લાહ ﷺને હિજરત પહેલાં અથવા હિજરત પછી બયતુલ મુકદ્દસ તરફ (નમાઝમાં) મોઢું કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો. બલકે, તેની સાબિતી હદીષો અને સુન્નતે નબવી ﷺ દ્વારા જ મળે છે, તો જે વસ્તુઓ સુન્નત દ્વારા સાબિત થઈ હતી તેને કુર્આનની આયતે રદ (મન્સૂખ) કરીને આપ ﷺનો કિબ્લો બયતુલ્લાહ બનાવી દીધો."

તેનાથી એ પણ સાબિત થઈ ગયું કે, રસૂલે કરીમ ﷺની હદીષો પણ એક સ્વરૂપે કુર્આન જેવા જ ઠોસ હુકમો છે કારણ કે અમુક હુકમો એવા પણ છે જે કુર્આનમાં ઉપસ્થિત નથી, ફક્ત હદીષથી સાબિત થયા છે અને કુર્આન તેના શરઈ સ્વરૂપનો સ્વીકાર કરે છે. જેમકે આ જ આયતના અંતે એવો પણ ઉલ્લેખ છે કે, જે નમાઝો રસૂલે કરીમ ﷺએ બયતુલ મુકદ્દસ તરફ મોઢું કરી પઢી તે પણ સ્વીકાર્ય અને અલ્લાહના નજીક ભરોસાપાત્ર છે.

"ખબરે વાહિદ" (એવી હદીષ કે જે એક અથવા બે વ્યક્તિઓ દ્વારા જ નકલ થઈ હોય) જો કોઈ મજબૂત રાવીના આધારે હોય તો ભરોસાપાત્ર છે :

બુખારી, મુસ્લિમ અને બીજી બધી જ ભરોસાપાત્ર હદીષની કિતાબોમાં અમુક સહાબએ કિરામ (રદિ.)ની રિવાયતોથી નકલ થયું છે કે, જયારે રસૂલુલ્લાહ ﷺ ઉપર કા'બાની ફેરબદલીનો હુકમ નાઝિલ થયો તો આપ ﷺએ અસરની નમાઝ બયતુલ્લાહ તરફ મોઢું કરી પઢી અને અમુક રિવાયતોમાં આ નમાઝ અસરના બદલે ઝુહ્‌ર હોવાનો ઉલ્લેખ થયો છે. (ઈબ્ને કષીર) અમુક સહાબએ કિરામ (રદિ.) અહીંયાંથી નમાઝ પઢીને બહાર નીકળ્યા અને જોયું કે, બની સલમા કબીલાના લોકો પોતાની મસ્જિદમાં જુના રિવાજ પ્રમાણે બયતુલ મુકદ્દસ તરફ નમાઝ પઢી રહ્યા છે, તો તેમણે અવાજ આપીને કહ્યું કે "હવે કિબ્લો બયતુલ્લાહ તરફ થઈ ગયો છે, અમે રસૂલુલ્લાહ ﷺની સાથે બયતુલ્લાહ તરફ નમાઝ પઢીને આવ્યા છે." આવું સાંભળીને આ લોકોએ નમાઝની હાલતમાં જ પોતાનો ચહેરો બયતુલ મુકદ્દસ તરફથી બયતુલ્લાહ તરફ ફેરવી દીધો. નવયલા બિન્તે મુસ્લિમની રિવાયતમાં છે કે, "તે વખતે સ્ત્રીઓ જે પાછળની સફોમાં હતી તે આગળ આવી ગઈ અને જે પુરુષો આગલી સફોમાં હતો તે પાછળ થઈ ગયા અને જ્યારે બયતુલ્લાહ તરફ દિશા બદલવામાં આવી તો પુરુષોની સફો આગળ અને ઔરતોની સફો પાછળ થઈ ગઈ."

(ઈબ્ને કષીર)

બનૂ સલમાના લોકોએ તો ઝુહ્‌ર અથવા અસ્‌રથી જ કિબ્લાની દિશા બદલાવાના હુકમ ઉપર અમલ કરી લીધો પરંતુ કુબામાં આ ખબર બીજા દિવસે સવારની નમાઝમાં પહોંચી. જેમકે, બુખારી અને મુસ્લિમમાં ઈબ્ને ઉમર (રદિ.)ની રિવાયત આવેલ છે. કુબાના નિવાસીઓએ પણ નમાઝમાં જ પોતાનો ચહેરો બયતુલ મુકદ્દસ તરફથી બયતુલ્લાહ તરફ ફેરવી દીધો.

(ઈબ્ને કષીર અને જસ્સાસ)

ઈમામ જસ્સાસ (રહ.)એ આ રિવાયત નકલ કરીને ફરમાવ્યું,

هٰذَا خَبَرٌ صَحِيْحٌ مُسْتَفِيْضٌ فِىْ اَيْدِىْ اَهْلِ الْعِلْمِ قَدْتَلَقُّوْهُ بِالْقَبُوْلِ فَصَارَفِىْ حَيِّزِ التَّوَاتُرِ الْمُوْجِبِ لِلْعِلْمِ،

"આ હદીષ જો કે, અસલમાં "ખબરે વાહિદ" (એવી હદીષ જે એક અથવા બે વ્યક્તિઓ દ્વારા જ નકલ થઈ હોય) છે, પરંતુ મજબૂત રાવીઓના કારણે તેણે તવાતુર (અસંખ્ય ભરોસાપાત્ર રાવીઓ દ્વારા નકલ થયેલી ઉચ્ચ કક્ષાની હદીષ)નો દરજ્જો પ્રાપ્ત કરી લીધો છે, જે જ્ઞાન અને વિશ્વાસનો આધાર હોય છે."

પરંતુ હનફી મસ્લક અને તેમનાથી સહમત ફુકહાઓની આ માન્યતા છે કે, "ખબરે વાહિદ"થી કોઈ "કતઈ હુકમ" (કુર્આનમાં સ્પષ્ટ રીતે આપવામાં આવેલ હુકમ) રદ નથી થઈ શકતો. તેના ઉપર આ પ્રશ્ન હજી પણ બાકી રહે છે કે આ હદીષ પ્રખ્યાત અને સ્વીકૃતિપ્રાપ્ત તો પાછળથી થઈ, બનૂ સલમા અને કુબાના નિવાસીઓને તો અચાનક એક જ વ્યક્તિએ ખબર આપી હતી. તે સમયે આ હદીષને "તવાતુર"નો દરજ્જો પ્રાપ્ત ન હતો, તેમણે કેવી રીતે તેના ઉપર અમલ કરી લીધો ? જસ્સાસ (રહ.) ફરમાવે છે કે, "અસલ વાત એ છે કે આ લોકો અને બધા જ સહાબા (રદિ.)ને પ્રથમથી જ ખબર હતી કે, રસૂલે કરીમ ﷺની દિલી તમન્ના એ છે કે આપ ﷺનો કિબ્લો બયતુલ્લાહ કરી આપવામાં આવે અને આપ ﷺ તેના માટે દુઆ પણ કરતા રહે છે. આપ ﷺની આ દુઆ અને તમન્નાના કારણે એ લોકોની નજરમાં બયતુલ મુકદ્દસ કિબ્લા તરીકે હવેથી બાકી રહેવાનો નથી એવી ભાવના જરૂર પૈદા થઈ ગઈ હતી અને આ સંભાવનાના કારણે બયતુલ મુકદસ કિબ્લા તરીકે ગમે તે સમયે રદ થશે એવો મત બંધાઈ ગયો હતો, તો આ કિબ્લો રદ થવા માટે માત્ર "ખબરે વાહિદ" (એકની ખબર) પૂરતી થઈ ગઈ. નહિતર ફક્ત "ખબરે વાહિદ"થી કુર્આનનો "કતઈ ફૈસલો" રદ થવા યોગ્ય નથી."

મોટા અવાજે કોઈની સૂચનાના આધારે નમાઝમાં હલન-ચલન કરવાથી નમાઝ ન તૂટવા ઉપર દલીલ :

સહીહ બુખારી "બાબુ મા જાઅ ફિલ કિબ્લા"માં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)ની હદીષ જે કુબામાં કિબ્લાના હુકમની ફેરબદલી સંદર્ભે હતી તેના પહોંચવા ઉપર અને તે લોકોના નમાઝની હાલતમાં બયતુલ્લાહ તરફ ફરી જવાના કિસ્સા ઉપર આધારિત છે. તેના ઉપર અલ્લામહ અયની હનફી (રહ.)એ લખ્યું છે કે,

فِيهِ جَوَازُ تَعْلِيمِ مَن لَّيْسَ فِي الصَّلٰوةِ مَنْ هُوَفِيهَا،

(عمدة القارى، ص ۱۴۸ ج ۴)

"આ હદીષથી સાબિત થયું કે જે વ્યક્તિ નમાઝમાં શામિલ નથી તે કોઈ નમાઝ પઢનારાને સૂચના અને તાકીદ કરી શકે છે."

વળી, અલ્લામહ અયની (રહ.)એ આ હદીષની નીચે આ શબ્દો લખ્યા છે,

وَفِيهِ اِسْتِمَاعُ الْمُصَلِّىْ لِكَلَامِ مَن لَّيْسَ فِي الصَّلٰوةِ فَلَا يَضُرُّ صَلٰوتَهٗ (الى) هٰكَذَا اِسْتَنْبَطَهُ الطَّحَاوِىُّ

(عمدة القارى، ص ۲۴۲ ج ۱)

અને હનફી મસ્લકના ફુકહાઓ; જે વ્યક્તિ નમાઝમાં શામિલ ન હોય એવા વ્યક્તિની સૂચના અને હુકમ ઉપર અમલ કરવાથી નમાઝ તૂટી જશે, એવો મત ધરાવે છે. હનફી મસ્લકમાં આ બાબતની આધારભૂત કિતાબોમાં તથા ખુલાસાઓમાં વર્ણન થયું છે તેનો હેતુ એ છે કે, નમાઝમાં અલ્લાહ સિવાય અન્ય કોઈના હુકમની પૈરવી કરવી નમાઝ તૂટી જવાનું કારણ છે, પરંતુ જો કોઈ વ્યક્તિ અલ્લાહના હુકમની તાબે'દારી કરે, પરંતુ આ તાબે'દારીમાં કોઈ બીજો વ્યક્તિ માધ્યમ બની જાય તો નમાઝ તૂટવાનું કારણ નહીં બને.

ફુકહા (ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ)એ જ્યાં આ મસ્અલો લખ્યો છે કે, કોઈ વ્યક્તિ જમાઅતમાં શામિલ થવા માટે એવા સમયે પહોંચે કે આગલી સફ પૂરી થઈ ચૂકી હોય હવે પાછલી સફમાં એકલો રહી ગયો છે, તો તે આગલી સફમાંથી કોઈ વ્યક્તિને પાછળ ખેંચીને પોતાની સાથે ઊભો કરી દે, તેમાં પણ આ જ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, તેના કહેવાથી જે પાછળ આવી જશે તે નમાઝમાં અલ્લાહ સિવાય અન્યના હુકમની તાબે'દારી કરશે, એટલા માટે તેની નમાઝ તૂટી જવી જોઈએ પરંતુ દૂર્રે મુખ્તારના "બાબુલ ઈમામહ" પ્રકરણમાં આ મસ્અલાના સંબંધમાં લખવામાં આવ્યું છે કે, ثُمَّ نَقَلَ تَصْحِيحَ عَدَمِ الْفَسَادِفِى مَسْئَلَةِ مَنْ جَذَبَ مِنَ الصَّفِّ فَتَأَخَّرَفَهَلْ ثَمَّ فَرْقٌ فَلْيُحَرَّرْ તેના ઉપર અલ્લામહ તહાવી (રહ.)એ

લખ્યું છે, لِاَنَّــهٗ اِمۡتَثَـلَ اَمۡــرَ اللّٰـــهِ આ સ્વરૂપમાં નમાઝ તૂટવાનું કારણ એ છે કે, હકીકતમાં આ વ્યક્તિએ આવનારા વ્યક્તિના હુકમની તાબે'દારી નથી કરી પરંતુ અલ્લાહના હુકમની તાબે'દારી કરી છે. જે રસૂલુલ્લાહ ﷺ દ્વારા તેને પ્રાપ્ત થયો છે કે, જ્યારે આવી પરિસ્થિતિ ઊભી થાય તો આગલી સફવાળા વ્યક્તિએ પાછળ આવી જવું જોઈએ.

એવી જ રીતે شَرۡحُ نُبَلَالِیۡ ની શરહ વહ્બાનિયહ (وَہۡبَانِیَّہ)માં આ મસ્અલાનો ઉલ્લેખ કરી નમાઝ તૂટી જવાના કૌલને નકલ કર્યો, પછી તેનો રદિયો આ શબ્દોમાં આપ્યો. اِذَاقِیۡلَ لِمُصَلٍّ تَقَدَّمۡ فَتَقَدَّمَ (اِلٰی) فَسَدَتۡ صَلٰوتُهٗ لِاَنَّهٗ اِمۡتَثَلَ اَمۡرَ غَیۡرِ اللّٰهِ فِی الصَّلٰوةِ لِاَنَّ اِمۡتِثَالَهٗ اِنَّمَاهُوَ لِاَمۡرِ رَسُوۡلِ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَیۡهِ وَسَلَّمَ فَلَا یَضُرُّ ۔اھ

આ બધી રિવાયતોથી સાબિત થઈ ગયું કે, જો કોઈ નમાઝી એવા વ્યક્તિની મૌખિક સૂચના ઉપર અમલ કરે જે તેની સાથે નમાઝમાં શામિલ નથી તો તેના બે સ્વરૂપો છે, એક તો એ કે પોતે આ વ્યક્તિની રવાદારી અને તાબે'દારીનો હેતુ હોય તો નમાઝ તૂટી જાય છે અને જો તેનો કોઈ દીની હુકમ સૂચના સ્વરૂપે હોય અને તેની તાબે'દારી નમાઝીએ કરી લીધી તો તે હકીકતમાં અલ્લાહના હુકમની તાબે'દારી છે, એટલા માટે નમાઝ તૂટશે નહીં. એટલા માટે તહાવી (રહ.)એ ફૈસલો કર્યો છે કે,

اَقُوۡلُ لَوۡقِیۡلَ بِالتَّفۡصِیۡلِ بَیۡنَ کَوۡنِهٖ اِمۡتَثَلَ اَمۡرَ الشَّارِعِ فَلَا تَفۡسُدُ وَبَیۡنَ کَوۡنِهٖ اِمۡتَثَلَ اَمۡرَ الدَّاخِلِ مُرَاعَاةً لِّخَاطِرِهٖ مِنۡ غَیۡرِ نَظۡرٍ اِلٰی اَمۡرِ الشَّارِعِ فَتَفۡسُدَ لَکَانَ حَسَنًا

(طحاوی علی الدّر، ص۲۴۷ ج ۲)

હવે, આ મસ્અલા ઉપર ચર્ચા દ્વારા મોટા અવાજે સૂચના આપનાર મુકબ્બિર [અમુક મોટા સમૂહમાં જ્યાં ઘણા બધા લોકો એકસાથે નમાઝ પઢતા હોય એવા સમયે ઈમામનો અવાજ પાછળની સફો સુધી પહોંચી શકતો નથી ત્યારે મોટા અવાજે ઈમામની તકબીર પછી કોઈ વ્યક્તિ કે જે પોતે પણ નમાઝમાં શામિલ છે તે મોટા અવાજે તકબીર કહે છે, જેથી પાછળની સફોમાં ઉભેલા લોકોને ઈમામની રુકૂઅ્ કે સિજદહની પરિસ્થિતિનો ખ્યાલ આવે છે અને તે પ્રમાણે અમલ કરે છે. આવી તકબીર કહેનારને મુકબ્બિર કહે છે.]ની બાબતમાં ફૈસલો કરવો સરળ થઈ ગયું. કારણ કે, ત્યાં કોઈ વ્યક્તિની તાબે'દારીની કોઈ સંભાવના જ નથી. દેખીતું છે કે, મુકબ્બિરનો અવાજ એ ઈમામના હુકમની

તાબે'દારી કરવાના જ હુકમમાં છે કે, જ્યારે ઈમામ રુકૂઅ્માં જાય તો મુક્તદી રુકૂઅ્ કરે, જ્યારે ઈમામ સિજદહમાં જાય તો તે પણ સિજદહ કરે. આ બાબતથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે જ્યારે મુક્તદી (ઈમામ પાછળ જમાઅતથી નમાઝ પઢનાર) રુકૂઅ્ અને સિજદહ કરે છે ત્યારે જાહેરી સ્વરૂપે તો તે મુકબ્બિરની તાબે'દારી કરતો હોય છે. પરંતુ હકીકતમાં તે ઈમામના હુકમની તાબે'દારી છે. કોઈ વ્યક્તિની તાબે'દારી નથી. આ પ્રમાણે જે વ્યક્તિ નમાઝમાં શામિલ હોય અને મુકબ્બિર હોય તો તેની સૂચનાને ઈમામનો હુકમ માનવામાં ન આવે પરંતુ તેને નફલ સમજવામાં આવે. કેટલાક લોકો મુકબ્બિરની સૂચનાના અવાજને ઈમામની સૂચના પ્રમાણે કહે છે પરંતુ આ સૂચના ઈમામની સૂચનાના દરજ્જામાં નથી. આ મસ્અલાની તહકીક વિશે નાચીઝે એક આગવી ખુલાસાવાર કિતાબ પણ પ્રકાશિત કરી છે, તેને જોઈ લેવામાં આવે. ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.

مَا كَانَ اللّٰهُ لِيُضِيعَ اِيمَانَكُمْ અત્રે જો ઈમાનનો અર્થ તેની મઅ્રિફતનો લેવાંમાં આવે તો આયતનો અર્થ એ થયો કે કિબ્લાની ફેરબદલી ઉપર જે અમુક મૂર્ખ લોકો એવું વિચારતા હતા કે, આ બાબત દીનથી ફરી જવા બરાબર છે અને તેમનું ઈમાન બરબાદ થઈ ગયું તેનો જવાબ આપવામાં આવ્યો કે, અલ્લાહ તઆલા તમારું ઈમાન બરબાદ કરનારો નથી. મૂર્ખ લોકોના કહેવા ઉપર ધ્યાન આપવામાં ન આવે.

અને અમુક રિવાયતોમાં હદીષ અને સલફ (અગાઉ થઈ ગયેલા મુજતહીદો અને ઈમામો)એ આ જગ્યાએ ઈમાનની તફસીર નમાઝથી હોવાની કરી છે. તેનો અર્થ એ છે કે જે નમાઝો અગાઉના કિબ્લા બયતુલ મુકદસ તરફ પઢવામાં આવી છે અલ્લાહ તઆલા તેને વ્યર્થ જવા દેશે નહીં, તે નમાઝો તો સહીહ અને મકબૂલ થઈ ચૂકી. કિબ્લાની ફેરબદલીના હુકમ અગાઉ પઢવામાં આવેલી નમાઝો ઉપર તેની કોઈ અસર નહીં થાય.

સહીહ બુખારીમાં બરાઅ્ ઈબ્ને આઝિબ (રદિ.)ની અને તિરમિઝીમાં ઈબ્ને અબ્બાસ (રદિ.)ની રિવાયત છે કે, જ્યારે રસૂલુલ્લાહ ﷺનો કિબ્લો બયતુલ્લાહ બનાવી દેવામાં આવ્યો તો લોકોએ સવાલ કર્યો કે, "જે મુસલમાનો આ સમય દરમિયાન મૃત્યુ પામી ચૂક્યા કે જેઓએ તે સમયે બયતુલ મુકદસ તરફ

નમાઝો પઢી હતી અને બયતુલ્લાહ તરફ નમાઝ પઢવું તેમને નસીબ ન થયું હતું, તેમનો શું હાલ થશે ?'' તેના ઉપર આ આયત નાઝિલ થઈ જેમાં નમાઝને ઈમાનના શબ્દથી ઓળખાવીને સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે, તેમની બધી જ નમાઝો સહીહ અને સ્વીકૃત થઈ ચૂકી છે. તેમના માટે કિબ્લાની ફેરબદલીનો કોઈ અસર નહીં પડે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૪૪)

قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِي السَّمَآءِ ۚ فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰىهَا ۠ فَوَلِّ وَجْهَكَ
شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ۭ وَحَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ ۭ وَاِنَّ الَّذِيْنَ
اُوْتُوا الْكِتٰبَ لَيَعْلَمُوْنَ اَنَّهُ الْحَقُّ مِنْ رَّبِّهِمْ ۭ وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا يَعْمَلُوْنَ ﴿١٤٤﴾

તરજુમો :

અમે નિહાળીએ છીએ વારંવાર આપનું મોઢું ફેરવવું આસમાન તરફ; તો જરૂર અમે ફેરવી આપીશું આપને કિબ્લો, તે જેને તમે પસંદ કરો છો; બસ, તમે ફેરવી દો પોતાનું મોઢું મસ્જિદે હરામ (ખાન-એ-કા'બા) તરફ અને જ્યાં કંઈ તમે હોય, બસ ફેરવી લો પોતાનું મોઢું તેના તરફ; અને બેશક ! જેને આપવામાં આવી કિતાબ તેઓ જરૂર જાણે છે કે, આ સાચું છે તેમના પરવરદિગાર તરફથી; અને નથી અલ્લાહ બેખબર તેનાથી જે તેઓ કરે છે. (૧૪૪)

તફસીર :

(આપ ﷺ ખાન-એ-કા'બા કિબ્લો હોવાની દિલી તમન્ના રાખતા હતા અને વહીની ઉમ્મીદમાં વારંવાર આસમાન તરફ નજર ઉઠાવીને પણ જોતા હતા કે, કદાચ ફરિશ્તો હુકમ લઈને આવી જાય ! તો બસ,) આપ (ﷺ)નું આસમાન તરફ વારંવાર મોઢું ઉઠાવવું અમે જોઈ રહ્યા છે. (અને અમારો આપ ﷺની ખુશી પૂરી કરવાનો મકસદ છે.) એટલા માટે (અમે વાયદો કરીએ છીએ કે) આપને તે

જ કિબ્લા તરફ ફેરવી આપીશું, જે આપ (ﷺ)ને પસંદ છે. (અને હવે અમે હુકમ આપીએ છીએ કે) હવેથી પોતાનો ચહેરો નમાઝમાં મસ્જિદે હરામ તરફ કર્યા કરો (અને આ હુકમ ફક્ત આપ ﷺ માટે ખાસ નથી બલકે, બધા જ લોકો માટે એટલે કે પયગમ્બર અને ઉમ્મતી બધા જ) પોતાના ચહેરાને તે જ (મસ્જિદે હરામ) તરફ કર્યા કરો (અને આ કિબ્લાને નક્કી કરવાના સંબંધમાં) આ અહલે કિતાબ પણ (ખાસ કરીને પોતાની કિતાબોની આગાહીઓના કારણે અંતિમ નબીના કિબ્લાને) ખાતરીપૂર્વક જાણે છે કે, આ હુકમ બિલકુલ બરાબર છે (અને) તેમના પરવરદિગાર તરફથી જ છે (પરંતુ દુશ્મનાવટના કારણે માનતા નથી) અને અલ્લાહ તઆલા તેમના કર્મોથી બેખબર નથી.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતના પ્રથમ વાક્યમાં રસૂલ ﷺની કા'બા પ્રત્યેની મહોબ્બત અને લગાવને ઉલ્લેખવામાં આવ્યો છે. આ લગાવના વિવિધ કારણો વર્ણન થઈ ચૂક્યા છે આ બધા કારણોમાં કોઈ શંકા નથી. તે બધા જ કારણો સાચા છે. દાખલા તરીકે આપ ﷺ વહી નાઝિલ થતાં પહેલાં એટલે કે, નુબુવ્વત પહેલાં પોતાના સ્વભાવ અને ફિતરત પ્રમાણે મિલ્લતે ઈબ્રાહીમ (અલૈ.)ની તાબે'દારી કરતા હતા અને વહી નાઝિલ થયા પછી કુર્આને પણ આપ ﷺની શરીઅતને મિલ્લતે ઈબ્રાહીમી (અલૈ.) પ્રમાણે ઓળખાવી છે હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ (અલૈ.)નો કિબ્લો બયતુલ્લાહ હતો. એટલા માટે આપ ﷺની દિલી તમન્ના એ જ હતી કે, આપ ﷺનો અને મુસલમાનોનો કિબ્લો પણ તે જ ખાન–એ–કા'બા (બયતુલ્લાહ) નક્કી કરવામાં આવે.

કારણ એ પણ હતું કે, અરબના કબીલાઓ ઓછામાં ઓછું મૌખિક રીતે પોતાને મિલ્લતે ઈબ્રાહીમી ઉપર માનતા હતા અને તેની પૈરવીના (અનુયાયી હોવાના) પણ દા'વેદાર હતા. કા'બા મુસલમાનોનો કિબ્લો થઈ જવાથી તેમનું ઈસ્લામ તરફ આકર્ષણ વધવાની શક્યતા હતી અને અગાઉના કિબ્લા બયતુલ મુકદસ હોવાના કારણે અહલે કિતાબ (યહૂદીઓ, ખ્રિસ્તીઓ) સાથે સામ્યતાની સંભાવના થઈ શકતી હતી, તે ૧૬–૧૭ મહિનાના અમલ પછી ખતમ થઈ ચૂકી હતી. કારણ કે, મદીનાના યહૂદીઓના દિલોમાં આ સમયગાળામાં ઈસ્લામ સાથે આકર્ષણ વધવાને બદલે તેમના દિલોમાં કીનો, કપટ તથા ઈર્ષ્યા જ વધી હતી.

અલબત્ત ! રસૂલે કરીમ ﷺની દિલી તમન્ના એ હતી કે, મુસલમાનોનો કિબ્લો બયતુલ્લાહ એટલે કે ખાન–એ–કા'બા નક્કી કરવામાં આવે; અલ્લાહના મહબૂબ અંબિયા (અલૈ.) પોતાની કોઈ તમન્ના અને કોઈ દરખાસ્ત અલ્લાહ તઆલાની બારગાહમાં ત્યાં સુધી રજૂ નથી કરતા જ્યાં સુધી તેમને આ દરખાસ્ત રજૂ કરવાની પરવાનગી ન મળી જાય. એટલે સમજી શકાય છે કે, આપ ﷺને આ દુઆ કરવાની પરવાનગી પહેલાં મળી ચૂકી હતી અને આપ ﷺ તેના માટે દુઆ કરતા રહેતા હતા અને આ દુઆ કબૂલ થવાની ઉમ્મીદ પણ કરતા રહેતા હતા. એટલા માટે વારંવાર આસમાન તરફ નજર ઉઠાવતા હતા કે, કદાચ કોઈ ફરિશ્તો હુકમ લઈને આવી જાય ! પ્રસ્તુત આયતમાં આ પરિસ્થિતિઓનો ઉલ્લેખ કરીને પ્રથમ તો દુઆની સ્વીકૃતિનો વાયદો કર્યો. فَلَنُوَلِّيَنَّكَ એટલે કે, અમે આપનો ચહેરો તે તરફ ફેરવી દઈશું જે તરફ આપ ﷺને પસંદ છે. ત્યાર બાદ તરત જ મુખ ફેરવી દેવાનો હુકમ પણ નાઝિલ ફરમાવી દીધો. فَوَلِّ وَجْهَكَ આ પદ્ધતિમાં એક ખાસ પ્રકારની મીઠાશ રહેલી છે કે, પ્રથમ વાયદો થવાથી ખુશી પ્રાપ્ત થઈ અને પછી વાયદો પૂર્ણ થવાના સ્વરૂપમાં તેના વિશેનો હુકમ થવાથી ખુશી બેવડાઈ ગઈ. (આ સમગ્ર વિષય કુર્તુબી, જસ્સાસ અને મઝહરીમાંથી લેવામાં આવ્યો છે.)

કિબ્લા તરફ મુખ કરવાનો મસ્અલો :

આ તહકીક (સંશોધન) અગાઉ આવી ચૂકી છે કે, અલ્લાહ તઆલા માટે તો બધી જ દિશાઓ અને સમગ્ર સૃષ્ટિ એકસમાન છે. قُلْ لِلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ "કહી આપો ! પૂર્વ અને પશ્ચિમ અલ્લાહનું જ છે." (૨:૧૧૫) પરંતુ ઉમ્મતની એકતાની મસ્લિહતના માટે હિકમતના તકાદા સ્વરૂપે કોઈ એક દિશાને આખી દુનિયામાં ફેલાયેલા બધા જ મુસલમાનો માટે એક સર્વસામાન્ય કિબ્લો બનાવી એક પ્રકારની દીની એકતા અને સમાનતાનું પ્રદર્શન કરવાનો હેતુ હતો. આ દિશા બયતુલ મુકદ્દસ પણ હોઈ શકતી હતી, પરંતુ રસૂલે કરીમ ﷺની દિલી તમન્ના પ્રમાણે કા'બાને કિબ્લો બનાવવાની તજવીઝ કરી લેવામાં આવી અને તેનો હુકમ આ આયતમાં આવ્યો. તેનો તકાદો એ હતો કે, આ સ્થળે فَوَلِّ وَجْهَكَ اِلَى الْكَعْبَةِ اَوْ اِلٰى بَيْتِ اللّٰهِ કહેવામાં આવ્યું હોત ! પરંતુ કુર્આન શરીફમાં આ વિષય બદલીને

شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ શબ્દોમાં વર્ણન થયું. જેનાથી કા'બા શરીફ તરફ નમાઝમાં મુખ કરવાના ઘણા બધા અગત્યના મસ્અલાઓ સ્પષ્ટ થઈ ગયા.

પ્રથમ એ કે, અસલ કિબ્લો બયતુલ્લાહ છે, જેને ખાન–એ–કા'બા કહેવામાં આવે છે પરંતુ દેખીતું છે કે, અસલ બયતુલ્લાહ તરફ રૂખ તે સ્થળ સુધી જ સીમિત હોઈ શકે છે, જ્યાં સુધી બયતુલ્લાહ નજરે પડે છે. જે લોકો ત્યાંથી દૂર છે અને બયતુલ્લાહ તેમની આંખોથી ઓઝલ છે જો તેમના ઉપર આ પાબંદી લગાવવામાં આવે કે, ખાસ બયતુલ્લાહ તરફ જ મુખ કરો તો આ હુકમ ઉપર અમલ કરવો ઘણું જ મુશ્કેલ કાર્ય હોત. ખાસ પ્રકારના દિશાસૂચક યંત્રો અને અક્ષાંશ–રેખાંશની ગણત્રીઓ દ્વારા પણ સાચી દિશા શોધવી મક્કાથી દૂરના શહેરોમાં વસતા લોકો માટે મુશ્કેલ અને શંકાસ્પદ બની ગયું હોત, જ્યારે કે શરીઅતે મુહમ્મદિય્યહ ﷺનો આધાર સહૂલત અને સરળતા ઉપર મૂકવામાં આવ્યો છે. એટલા માટે બયતુલ્લાહ અથવા કા'બાના બદલે મસ્જિદે હરામનો શબ્દ મૂકી દેવામાં આવ્યો, જે બયતુલ્લાહ કરતાં વધારે વિસ્તૃત અને મોટી જગ્યા ઉપર આધારિત છે, જેથી નમાઝમાં તેના તરફ મુખ કરવું દૂર સુદૂરના લોકો માટે સરળ થઈ ગયું છે.

પછી એક બીજી સરળતા શબ્દ شطر અપનાવીને કરવામાં આવી. હાલાં કે, તેનાથી ખૂબ સીમિત અર્થવાળો શબ્દ اِلَى الْمَسْجِدِ الْحَرَامِ હતો. તેને છોડીને شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ફરમાવવામાં આવ્યું. شطر ના બે અર્થો થાય છે. એક "અધુરી વસ્તુ" અને બીજું "તે દિશાની વસ્તુ." મુફસ્સિરોએ સર્વસહમતિથી આ સ્થળે شطر નો અર્થ "દિશા" કર્યો છે. તો આ શબ્દથી સ્પષ્ટ થઈ ગયું કે, દૂર–સુદૂરના પ્રદેશોમાં રહેતા લોકો માટે એ આવશ્યક નથી કે, ખાસ મસ્જિદે હરામ તરફ જ દરેકનો ચહેરો હોવો જોઈએ. બલકે, જો તેમના મુખની દિશા પણ નમાઝમાં મસ્જિદે હરામની દિશા તરફ થઈ જાય તો નમાઝ થઈ જશે.

(બહરે મુહીત)

દાખલા તરીકે, પૂર્વના દેશો ભારત, પાકિસ્તાન વગેરે માટે પશ્ચિમ દિશા મસ્જિદે હરામની દિશા છે, તો પશ્ચિમ તરફ મુખ કરી લેવાથી કા'બા તરફ મોઢું કરવાની ફરજ અદા થઈ જશે અને વળી ગરમી, ઠંડીની ઋતુઓમાં સૂર્યની

બદલાતી ગતિના કારણે પશ્ચિમ દિશા બાબતે વિવાદ થતા રહે છે એટલા માટે ફુક્હાએ તે દિશાને પશ્ચિમ દિશા નક્કી કરી દીધી છે જે ઠંડી અને ગરમીની ઋતુઓ વચ્ચેની દિશા છે અને ભૌગોલિક ગણતરીઓના હિસાબે પણ એવી પરિસ્થિતિ થશે કે, ઉત્તર–પશ્ચિમ અને દક્ષિણ–પશ્ચિમની વચ્ચે ૪૮° ડીગ્રી સુધી કિબ્લાની દિશા નક્કી કરવામાં આવશે. એટલે નમાઝમાં જો ૨૪° ડીગ્રી સુધી ડાબી અથવા જમણી બાજુ થઈ જવાય તો પણ કા'બાની દિશા છૂટી ગયેલી ગણાશે નહીં બલકે, નમાઝ થઈ જશે. ભૌગોલિક ગણતરીઓના પ્રાચીન અને પ્રખ્યાત પુસ્તક "શરહે ચીગમીની" (شــرح چــغـمـيـنـى)ના ચોથા પ્રકરણના પેજ ૬૬ ઉપર બંને પશ્ચિમનું અંતર આ જ ૪૮° ડીગ્રી બતાવવામાં આવ્યું છે.

કા'બાની દિશા નક્કી કરવા માટે શરઈ રૂએ ભૌગોલિક દિશાઓ જાણવા માટેના યંત્રો કે અક્ષાંશ–રેખાંશના હિસાબો ઉપર આધાર રાખવામાં નથી આવતો :

આ બાબતથી તે લોકોની અજ્ઞાનતા પણ સાબિત થાય છે કે, જેઓએ હિન્દુસ્તાન અને પાકિસ્તાનની ઘણી મસ્જિદોની દિશા કા'બા તરફના મા'મૂલી ફેરફાર અને ફરક જોઈને અથવા બે–ચાર ડીગ્રીનો તફાવત જોઈને એવો ફેંસલો કર્યો કે, તેમાં નમાઝ થતી નથી. આ બાબત ખુલ્લમ–ખુલ્લી અજ્ઞાનતા છે અને વિના કારણે મુસલમાનોમાં વિખવાદ અને બેચૈની ફેલાવતું કૃત્ય છે.

ઈસ્લામી શરીઅત કયામત સુધી આવનારી નસ્લો (પેઢીઓ) માટે અને સમગ્ર દુનિયા માટે છે. એટલા જ માટે શરીઅતના હુકમોનું વર્તુળ એટલું સરળ રાખવામાં આવ્યું છે કે, દરેક ગામ, જંગલ, પહાડ, ટાપુ, વગેરે સ્થળોએ વસનારા દરેક મુસલમાનો શરીઅતના હુકમો ઉપર સરળતાથી અમલ કરી શકે છે. કિબ્લાના સંદર્ભમાં કોઈપણ પરિસ્થિતિમાં ભૌગોલિક સાધનો, યંત્રો કે અક્ષાંશ–રેખાંશની ગણતરીઓની જરૂર નથી પડતી. ૪૮° ડીગ્રી સુધીનો પશ્ચિમ દિશાનો વિસ્તૃત વિસ્તાર પૂર્વમાં રહેનારા લોકો માટેનો કિબ્લો છે. તેનાથી ૫°–૧૦° ડીગ્રીનો તફાવત પણ થઈ જાય તો તેનાથી નમાઝમાં કોઈ ફરક નથી પડતો. રસૂલે કરીમ ﷺની એક હદીષ આ બાબતની સ્પષ્ટતા કરે છે કે, જેના શબ્દો છે مَـابَيْـنَ الْـمَشْـرِقِ وَالْـمَـغْـرِبِ قِبْلَةٌ (رواه التـرمذى عن ابى هـريـرةؓ) એટલે કે પૂર્વ અને

પશ્ચિમની મધ્યમાં કિબ્લો છે. આપ ﷺનો આ ઈરશાદ મદીના તય્યિબહના નિવાસીઓ માટે હતો. કારણ કે તેમનો કિબ્લો પૂર્વ અને પશ્ચિમની દિશા મધ્યે દક્ષિણ તરફ આવતો હતો. આ હદીષમાં જાણે કે, شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ના શબ્દનો ખુલાસો થઈ ગયો કે મસ્જિદે હરામની દિશા તરફ મુખ હોવું પૂરતું છે. જો કે, એ બાબતની ખાસ કાળજી રાખવામાં આવે અને પ્રયત્ન કરવામાં આવે કે બની શકે તેટલું પોતાનું મુખ બયતુલ્લાહની ચોક્કસ દિશાએ થઈ જાય. સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અને સલફે સાલિહીન (રહ.)નો ક્રમ કિબ્લાની દિશા સંદર્ભે સીધો–સાદો હતો કે, જે જગ્યાએ સહાબા (રદિ.)ની બનાવેલી કોઈ મસ્જિદ હોય તેની કિબ્લાની દિશા દ્વારા તેના આસપાસના વિસ્તારોની મસ્જિદોની દિશા સીધી કરી લેતા. પછી તેની આસપાસના વિસ્તારોમાં વસનારા લોકો તે મસ્જિદ જોઈને પોતાની દિશા તે તરફ કરી દેતા. એ જ પ્રમાણે આખી દુનિયાની મસ્જિદો માટે કિબ્લા તરફની દિશા તજવીઝ થઈ, એટલા માટે દૂર–સુદૂરના પ્રદેશોમાં કિબ્લો જાણવાની સાચી રીત જે સલફે સાલિહીન અને અગાઉના લોકોની પદ્ધતિ પ્રમાણે ચાલી આવે છે, તે આ છે કે જો તે વિસ્તારમાં કોઈ પ્રાચીન મસ્જિદ મૌજૂદ હોય તો કિબ્લો તે પ્રમાણે કરી લેવામાં આવે. કારણ કે, મોટા ભાગના વિસ્તારોમાં સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)એ મસ્જિદોની બુનિયાદો નાંખીને કા'બાની દિશા નક્કી કરી જ દીધી છે. પછી તે મસ્જિદોના આધારે જ આસપાસના વિસ્તારોના મુસલમાનોએ પોતાની મસ્જિદો બનાવી છે.

એટલા માટે આ પદ્ધતિ બધી જ મસ્જિદોની કિબ્લાની દિશા નક્કી કરવા માટે પૂરતી અને ભરોસાપાત્ર છે. તેમાં વિના કારણે શંકા કરવી અને બિનજરૂરી ફિલસુફીઓ ડહોળવી શરીઅતની રૂએ વ્યાજબી નથી. બલકે, આવી બિનજરૂરી બાબતો વાદ–વિવાદને જન્મ આપનારી અને બેચૈનીનું કારણ પુરું પાડનારી છે. બલકે ઘણા સમયે તો આવી શંકા–કુશંકાઓમાં પડવાનું પરિણામ એ આવે છે કે, સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.) તથા સમગ્ર ઉમ્મત ઉપર બદગુમાની (પૂર્વગ્રહ) થઈ જાય છે કે, તેમની નમાઝો કિબ્લા તરફ બરાબર થઈ નથી. હાલાં કે, આ તદ્દન ખોટો અભિપ્રાય અને ઘણી જ ભયંકર ભૂલ તથા ખોટું દુઃસાહસ છે. આઠમી સદી હિજરીના મશહૂર અને પ્રખ્યાત આલિમ ઈબ્ને રજબ હમ્બલી રહ.એ આ કારણે જ કા'બાની દિશાને શોધવા માટે માત્ર યંત્રો અને ભૌગોલિક

ગણતરીઓ ઉપર આધાર રાખવાની મનાઈ ફરમાવી હતી. જેમકે,

وَاَمَّا عِلْمُ التَّسْبِيْرِ فَاِذَاتَعَلَّمَ مِنْهُ مَا يَحْتَاجُ اِلَيْهِ لِلْاِ سْتِهْدَاءِ وَمَعْرِفَةِ الْقِبْلَةِ وَالطُّرُقِ كَانَ جَائِزًا عِنْدَّ الْجُمْهُوْرِ وَمَا زَادَعَلَيْهِ فَلَاحَاجَةَ اِلَيْهِ وَهُوَيُشْغِلُ عَمَّاهُوَاَهَمُّ مِنْهُ وَرُبَمَا اَدّٰى فِيْهِ التَدْقِيْقَ اِلٰى اِسَائَةِ الظَّنِّ بِمَحَارِبِ الْمُسْلِمِيْنَ فِىْ اَمْصَارِهِمْ كَمَا وَقَعَ فِى ذٰلِكَ كَثِيْرٌ مِنْ اَهْلِ هٰذَاالْعِلْمِ قَدِيْمًا وَّحَدِيْثًا وَّذٰلِكَ يُفْضِىْ اِلٰى اِعْتِقَادِ خَطَاءِ الصَّحَابَةِ وَالتَّابِعِيْنَ فِىْ صَلَوَاتِهِمْ فِىْ كَثِيْرٍ مِّنَ الْاَ مْصَارِ وَهُوَ بَاطِلٌ وَقَدْ اَنْكَرَالْاِمَامُ اَحْمَدُالْاِسْتِدَلَالَ بِالْجَدِىْ وَقَالَ اِنَّمَاوَرَدَمَابَيْنَ الْمَشْرِقِ وَالْمَغْرِبِ قِبْلَةٌ

"પરંતુ ભૌગોલિક જ્ઞાન એટલા પ્રમાણમાં પ્રાપ્ત કરવું જમહૂર (ઉમ્મતના બધા જ ઈમામો, ફકીહો અને સમગ્ર ઉમ્મત)ના મતે જાઈઝ છે, જેનાથી માર્ગો તથા કિબ્લા અને રસ્તાઓની ઓળખ થઈ શકે. તેનાથી વધુની આવશ્યકતા નથી કારણ કે, (બિનજરૂરી જ્ઞાન શીખવું) આવશ્યક બાબતોથી ગાફિલ (બેદરકાર) બનાવી દેશે અને અમુક સમયે તો (કેટલાક લોકો) ખગોળશાસ્ત્રમાં પડીને સમગ્ર ઈસ્લામિક પ્રદેશોમાં મુસલમાનોની મસ્જિદો સંબંધિત બદગુમાની (પૂર્વગ્રહ–ખોટો અભિપ્રાય) પૈદા કરી દે છે. આ કળામાં ઓત–પ્રોત રહેનારાઓને હંમેશા આ પ્રકારની શંકા–કુશંકાઓ રહ્યા કરે છે. તેનાથી તે પણ માન્યતા જન્મ લેશે કે ઘણા શહેરોમાં સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ની નમાઝો ગલત દિશાએ હતી બલકે આવી માન્યતા બિલકુલ વાહિયાત અને ખોટી બાબત છે. ઈમામ અહમદ (રહ.)એ "જૂદી" તારાની ગણતરીઓને કિબ્લો નક્કી કરવા માટે આધાર અને દલીલ બનાવવાની મનાઈ કરી છે અને ફરમાવ્યું છે કે, હદીષ શરીફમાં (મદીનાના નિવાસીઓ માટે) ફક્ત પૂર્વ અને પશ્ચિમની મધ્યે કિબ્લાનો ઉલ્લેખ આવેલો છે. એટલે કે પૂર્વ અને પશ્ચિમ દરમિયાન આવતો સમગ્ર વિસ્તાર કિબ્લો છે."

જે જંગલો અથવા નવી વસાહતો વગેરેમાં જૂની મસ્જિદો મૌજૂદ ન હોય ત્યાં સહાબા (રદિ.) અને તાબિઈન (રહ.)ની સુન્નતથી સાબિત થયેલ શરઈ

પદ્ધતિથી સૂર્ય અને ચંદ્ર વગેરેની, ઋતુ પ્રમાણેના પ્રખ્યાત અને મશહૂર માધ્યમ દ્વારા, અંદાજો લગાવી કિબ્લાની દિશા નક્કી કરી લેવામાં આવે અને જો તેમાં નજીવો ફેરફાર અથવા તફાવત રહી જાય તો તેને નજર અંદાજ (ઉપેક્ષિત) કરવામાં આવે. કારણ કે, દૂર-સુદૂરના પ્રદેશોમાં રહેતા લોકો માટે આ રીતે અંદાજો લગાવીને જ કા'બાની દિશા નક્કી કરવામાં આવે છે અને તે પણ હુકમની અદાયગીના વર્તુળમાં જ છે. જેવી રીતે શરીઅતમાં ઊંઘવાને "ખુરૂઝે રીહ" (વા' સરવા)ની જગ્યાએ જ ગણવામાં આવે છે અને તેને વુઝૂ તૂટી જવાના હુકમમાં ગણ્યું છે અથવા મુસાફરીને મુશ્કેલી અને મુસીબત ગણી છે અને પ્રત્યેક સફરમાં મુસાફરીના હુકમો લાગુ પડે છે. ભલે પછી તે મુસાફરીમાં તકલીફ હોય કે ન હોય. તેવી જ રીતે દૂર-સુદૂરના પ્રદેશોમાં રહેતા લોકો માટે પ્રખ્યાત નિશાનીઓ અને અલામતો દ્વારા કિબ્લાની દિશા, અંદાજો લગાવી જે પણ કાયમ થઈ જાય તે જ શરઈ રૂએ કા'બાની દિશા થઈ જશે. અલ્લામહ બહરૂલ ઉલૂમે રસાઈલુલ અરકાનમાં આ વિષય આ શબ્દોમાં વર્ણવ્યો છે.

وَالشَّرْطُ وُقُوْعُ الْمُسَامَتَةِ عَلٰى حَسَبِ مَايَرَى الْمُصَلِّيْ وَنَحْنُ غَيْرُ مَأْمُوْرِيْنَ بِالْمَسَامَتَةِ عَلٰى مَا يَحْكُمُ بِهِ الْاٰلَاتُ الرَّصْدِيَّةُ وَلِهٰذَا اَفْتَوْا اَنَّ الْاِنْحِرَافَ الْمُفْسِدَ اَنْ يَّتَجَاوَزَ الْمَشَارِقَ وَ الْمَغَارِبَ،

(رسائل الارکان، ص ۵۳)

"અને કિબ્લાની દિશામાં જરૂરી શરત ફક્ત એ છે કે નમાઝીના અભિપ્રાય અને અંદાજા પ્રમાણે કિબ્લા સાથે દિશા બંધ બેસતી થઈ જાય અને અમે તેના મુકલ્લફ (જવાબદાર) નથી કે આ દિશા નક્કી થવામાં દિશાશોધક યંત્રોથી નક્કી થતી ચોક્કસ દિશા જ હોવી જોઈએ. એટલા માટે આ બાબતે આલિમોનો સામાન્ય ફત્વો આ છે કે, નમાઝ ત્યારે જ તૂટશે જ્યારે કે પૂર્વ અને પશ્ચિમનો તફાવત થઈ જાય."

આ મસ્અલાનો સંપૂર્ણ ખુલાસો અને હિસાબ દ્વારા કિબ્લાની દિશા નક્કી કરવાની વિવિધ પદ્ધતિઓ અને તેના શરઈ સ્વરૂપો ઉપર વિગતવાર વર્ણન મારી કિતાબ "સમ્તે કિબ્લા"માં જોઈ શકાય છે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૪૫)

وَلَئِنْ أَتَيْتَ الَّذِينَ أُوتُوا الْكِتَابَ بِكُلِّ آيَةٍ مَّا تَبِعُوا قِبْلَتَكَ ۚ وَمَا أَنتَ بِتَابِعٍ قِبْلَتَهُمْ ۚ

وَمَا بَعْضُهُم بِتَابِعٍ قِبْلَةَ بَعْضٍ ۚ وَلَئِنِ اتَّبَعْتَ أَهْوَاءَهُم مِّن بَعْدِ مَا جَاءَكَ مِنَ

وقف لازم الْعِلْمِ ۙ إِنَّكَ إِذًا لَّمِنَ الظَّالِمِينَ ﴿١٤٥﴾

તરજુમો :

અને જો આપ (ﷺ) લાવો સમગ્ર નિશાનીઓ અહલે કિતાબ (પાસે તો પણ), તેઓ પૈરવી કરશે નહિ આપ (ﷺ)ના કિબ્લાની; અને ન આપ (ﷺ) પૈરવી કરનારા છો તેમના કિબ્લાની; અને તેમનામાંથી કોઈ (પક્ષ એકબીજાના) કિબ્લાની પૈરવી કરનારા નથી; અને જો આપ (ﷺ) પૈરવી કરી તેમની ઈચ્છાઓની ત્યારબાદ કે આવી ચૂક્યું આપ (ﷺ)ની પાસે જ્ઞાન; બેશક, આપ (ﷺ) અન્યાય કરનારાઓ પૈકીના (હશો). (૧૪૫)

તફસીર :

અને (બધી જ બાબત સમજવા છતાં તેમની હઠધર્મીની એ પરિસ્થિતિ હતી કે) જો આપ ﷺ (તે) અહલે કિતાબ પાસે સઘળી (દુનિયાભરની) દલીલો (ભેગી કરીને) રજૂ કરી આપો તો પણ તેઓ (ક્યારેય) આપ ﷺના કિબ્લાને કબૂલ કરશે નહીં અને (તેમની ઉમ્મીદ એટલા માટે પણ ન રાખવી જોઈએ કે, આપ ﷺનો કિબ્લો રદ થનારો નથી, માટે) આપ ﷺ પણ તેમના કિબ્લાને કબૂલ કરી શકવાના નથી. (બસ, કોઈ સ્વરૂપ તેમની સાથે આ બાબતે સામ્યતાનું બાકી રહેવાનું નથી) અને (જેમકે, આ અહલે કિતાબ જે આપ ﷺ સાથે હઠધર્મી કરે છે તેઓ પરસ્પર પણ આ બાબતે એકમત નથી. કારણ કે, તેમનો એક વર્ગ બીજા પક્ષના કિબ્લાને માનતો નથી.) તેમનો કોઈ (પક્ષ) પણ બીજા (પક્ષ)ના કિબ્લાનો સ્વીકાર કરતા નથી. (દાખલા તરીકે યહૂદીઓએ બયતુલ મુકદસને કિબ્લો બનાવ્યો હતો અને ખ્રિસ્તીઓએ પૂર્વ દિશાને કિબ્લો બનાવી રાખ્યો હતો.) અને (આપ ﷺ તો કોઈ પણ રીતે તેમના રદ થયેલા કિબ્લાની પૈરવી કરી શકવાના જ નથી કારણ કે,) જો આપ તેમની મનેચ્છાઓની (ભલે તે ખરેખર

ભૂતકાળનો આસમાની હુકમ પણ કેમ ન હોય ! પરંતુ હવે તે રદ થઈ ગયા પછી તેના ઉપર અમલ કરવો એ ફક્ત મનેચ્છાઓની પૈરવી છે, તો બસ જો આપ ﷺ તેમની મનેચ્છાઓ) અપનાવી લો (અને તે પણ) આપ ﷺની પાસે ઈલ્મ (વહી) આવી ગયા પછી તો ખરેખર આપ ﷺ (નઊઝુબિલ્લાહ !) જાલિમો (જેઓ અલ્લાહના હુકમને છોડનાર છે)માં ગણાવા લાગશો. [અને આપ ﷺ માસૂમ (ગુનાહોથી પાક) હોવાના કારણે જાલિમ હોવું શક્ય જ નથી. એટલા માટે તે બાબત અસંભવિત છે કે આપ ﷺ તેમની મનેચ્છાઓની પૈરવી કરી તેમના કિબ્લાને સ્વીકારી લો.]

મસ્અલા અને બોધપાઠ :

وَمَآ اَنْتَ بِتَابِعٍ قِبْلَتَهُمْ માં જાહેરાત કરવામાં આવી છે કે હવે કયામત સુધી આપ ﷺનો કિબ્લો બયતુલ્લાહ જ રહેશે. તેનાથી યહૂદીઓ અને નસારાના આ વિચારને રદ કરવાનો હેતુ હતો કે મુસલમાનોના કિબ્લાનું તો કોઈ ઠેકાણું જ નથી. પહેલાં બયતુલ્લાહ હતો પછી બયતુલ મુકદ્દસ થઈ ગયો, ફરી પાછો બયતુલ્લાહ થઈ ગયો. બની શકે છે કે ફરી પાછો તેઓ બયતુલ મુકદ્દસ કિબ્લો બનાવી લે.

(બહરે મુહીત)

وَلَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ આ સંબોધન રસૂલે કરીમ ﷺને એક કલ્પના સ્વરૂપે કરવામાં આવ્યું છે કે, જેની કોઈ શક્યતા કે સંભાવના જ નથી અને વાસ્તવમાં તો આ સંબોધન ઉમ્મતે મુહમ્મદિય્યહ ﷺ માટે છે કે, આ હુકમનો વિરોધ કરવો એવી બાબત છે કે પોતે રસૂલુલ્લાહ ﷺ પણ જો કલ્પના કરી લો કે આવું કરે તો (નઊઝુબિલ્લાહ) તેઓ પણ જાલિમ ઠરશે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૪૬-૧૪૭)

اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ كَمَا يَعْرِفُوْنَ اَبْنَآءَهُمْ ؕ وَاِنَّ فَرِيْقًا مِّنْهُمْ
لَيَكْتُمُوْنَ الْحَقَّ وَهُمْ يَعْلَمُوْنَ ﴿١٤٦﴾ اَلْحَقُّ مِنْ رَّبِّكَ فَلَا تَكُوْنَنَّ مِنَ الْمُمْتَرِيْنَ ﴿١٤٧﴾

તરજુમો :

અને જેમને અમે કિતાબ આપી તેઓ તેને (રસૂલને) ઓળખે છે જેવી રીતે કે

તેઓ પોતાના સંતાનોને ઓળખે છે; અને બેશક ! એક જૂથ તેઓમાંથી સચ્ચાઈ છુપાવે છે; હાલાં કે તેઓ તેને જાણે છે. (૧૪૬) (આ) સત્ય છે આપના પરવરદિગાર તરફથી ! બસ, તમે ન થઈ જાઓ શંકા કરનારાઓ પૈકીના. (૧૪૭)

તફસીર :

આ અગાઉની આયતમાં અહલે કિતાબ મુસલમાનોના કિબ્લાને દિલથી સાચો માનતા હતા પરંતુ મૌખિક રીતે તેનો અસ્વીકાર કરવાનું અને આ આયતમાં તે જ અહલે કિતાબ (યહૂદીઓ, ખ્રિસ્તીઓ)ના સાહિબે કિબ્લા એટલે કે રસૂલે કરીમ ﷺના દિલથી સાચા માનવાનું અને મૌખિક રીતે ઈન્કાર કરવાનું વર્ણન છે.

જે લોકોને અમે કિતાબ (તવરાત–ઈન્જીલ) આપી છે તે લોકો રસૂલે કરીમ ﷺને (તવરાત અને ઈન્જીલમાં આવેલી આગાહીઓ અને ખુશખબરીઓની બિના પર) એવી રીતે (કોઈપણ પ્રકારની શંકા વિના) ઓળખે છે જેવી રીતે કે તેઓ પોતાના સંતાનોને ઓળખે છે. (જેમકે, પોતાના સંતાનનો ચહેરો જોઈને એવી શંકા થતી જ નથી કે આ કોઈ અજનબી છે પરંતુ ઓળખી લીધા પછી પણ બધા મુસલમાન ન થયા, અમુક જ લોકો ઈમાન લાવ્યા) અને અમુક લોકો તેમાંથી (એવા છે કે જેઓ) આ સચ્ચાઈને સારી રીતે જાણી લીધી છે, પરંતુ તેને છુપાવે છે. હાલાં કે, આ સચ્ચાઈ અલ્લાહ તરફથી (સાબિત થઈ ચૂકી) છે. બસ, તમે લોકો શંકા–કુશંકા કરનારાઓ પૈકીના ન થશો.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં રસૂલે કરીમ ﷺને રસૂલ તરીકે ઓળખવાની સરખામણી પોતાના સંતાનોને ઓળખવા સાથે કરવામાં આવી છે કે, આ લોકો જેવી રીતે પોતાના સંતાનોને સારી રીતે ઓળખે છે, તેમાં તેમને કોઈપણ પ્રકારની શંકા–કુશંકા નથી થતી એવી જ રીતે તવરાત અને ઈન્જીલમાં રસૂલ ﷺની જે આગાહીઓ અને ખુશખબરીઓ આવી છે તથા આપ ﷺના રસૂલ હોવાની જે ખુલ્લી નિશાનીઓ વર્ણન કરવામાં આવી છે તેના દ્વારા આ લોકો રસૂલ ﷺને પણ ખાતરીપૂર્વક જાણે છે અને ઓળખે છે. તેમનો ઈન્કાર ફક્ત ઈર્ષ્યા અને હઠધર્મીના કારણે જ છે.

અહીંયાં એ બાબત ધ્યાન આપવા યોગ્ય છે કે, સંપૂર્ણ રીતે ઓળખવા માટે પોતાના સંતાનોનો દાખલો આપવામાં આવ્યો છે. માં-બાપનો દાખલો આપવામાં આવ્યો નથી. હાલાં કે, વ્યક્તિ પોતાના માં-બાપને પણ સ્વાભાવિક રીતે ખૂબ સારી રીતે ઓળખે છે. કારણ એ છે કે, સંતાનોની ઓળખાણ માં-બાપની ઓળખ કરતાં ઘણી વધારે હોય છે. કારણ કે, સંતાનોને માં-બાપ તેમના જન્મ સમયથી જ પોતાના હાથોમાં પાળે-પોષે છે, તેમના શરીરનો કોઈ ભાગ એવો નહિ હોય જે માં-બાપની નજરથી છુપો રહ્યો હોય. તેનાથી વિપરીત માં-બાપને જન્મ પછીના ઘણા સમય સુધી બાળક ઓળખતું હોતું નથી.

આ વર્ણનથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે અહીંયાં સંતાનોને સંતાન સ્વરૂપે ઓળખવાના અર્થમાં નથી. કારણ કે, તેમાં એવી શંકા થઈ શકે છે કે પત્નીએ કોઈ ખયાનત કરી હોય અને આ સંતાન તેનું ન પણ હોય, પરંતુ અહીંયાં સંતાનોના ચહેરા, મહોરા અને તેમની શકલો-સૂરતની ઓળખ છે. ભલે તે તેનું વાસ્તવિક સંતાન હોય કે ન હોય, પરંતુ વ્યક્તિ તેને પોતાના જ સંતાન તરીકે પાળે-પોષે છે અને તેના ચહેરાને ખૂબ સારી રીતે ઓળખે છે અને તેમાં ક્યારેય શંકા કરતો નથી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૪૮-૧૪૯-૧૫૦)

وَ لِكُلٍّ وِّجْهَةٌ هُوَ مُوَلِّيْهَا فَاسْتَبِقُوا الْخَيْرٰتِ ط اَيْنَ مَا تَكُوْنُوْا يَاْتِ بِكُمُ (وقف النبي صلى الله عليه وسلم)
اللّٰهُ جَمِيْعًا ط اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿١٤٨﴾ وَ مِنْ حَيْثُ خَرَجْتَ فَوَلِّ
وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ط وَاِنَّهٗ لَلْحَقُّ مِنْ رَّبِّكَ ط وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا
تَعْمَلُوْنَ ﴿١٤٩﴾ وَمِنْ حَيْثُ خَرَجْتَ فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ ط وَحَيْثُ
مَا كُنْتُمْ فَوَلُّوْا وُجُوْهَكُمْ شَطْرَهٗ لا لِئَلَّا يَكُوْنَ لِلنَّاسِ عَلَيْكُمْ حُجَّةٌ ق اِلَّا
الَّذِيْنَ ظَلَمُوْا مِنْهُمْ ق فَلَا تَخْشَوْهُمْ وَاخْشَوْنِيْ ق وَلِاُتِمَّ نِعْمَتِيْ عَلَيْكُمْ وَلَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿١٥٠﴾

તરજુમો :

અને દરેકના માટે એક દિશા (છે), તેઓ તેના તરફ મુખ કરે છે; બસ, તમે

આગળ વધી જાઓ નેકીઓમાં; જ્યાં કંઈ પણ તમે હશો અલ્લાહ તમને ભેગા કરી આપશે; બેશક ! અલ્લાહ દરેક વસ્તુ ઉપર (કાબૂ) શક્તિ ધરાવે છે. (૧૪૮) અને જ્યાંથી આપ (ﷺ) નીકળો; બસ, કરી લો પોતાનું મુખ મસ્જિદે હરામ તરફ; અને બેશક ! આ જ સત્ય (છે) આપના પરવરદિગાર તરફથી; અને નથી અલ્લાહ બેખબર તેનાથી જે તમે કરો છો. (૧૪૯) અને જ્યાંથી પણ આપ (ﷺ) નીકળો; બસ, કરી લો પોતાનું મુખ મસ્જિદે હરામ તરફ; અને જ્યાં કંઈ પણ તમે હોય બસ, કરી લો પોતાનું મુખ તેના તરફ; જેથી ન રહે લોકો માટે તમારા ઉપર કોઈ દલીલ તેઓના સિવાય કે જેઓ તેમનામાંથી જાલિમ (અન્યાયી) છે; બસ, તમે તેમનાથી ન ડરો અને મારાથી ડરો, જેથી હું પૂરી કરી આપું મારી નેઅ્મત તમારા ઉપર; અને જેથી તમે હિદાયત પ્રાપ્ત કરો. (૧૫૦)

તફસીર :

અને (કિબ્લા તરફ મુખ કરવાની બીજી હિકમત એ છે કે) દરેક (ધર્મવાળાઓ) માટે એક કિબ્લો રહ્યો છે, જેના તરફ તેઓ (ઈબાદતમાં) મુખ કરે છે. (જેથી હઝરત મુહમ્મદ ﷺની શરીઅત પણ એક દીન છે અને તેમનો કિબ્લો પણ ખાસ થઈ ગયો. જ્યારે આ હિકમત બધા ઉપર જાહેર થઈ ચૂકી) બસ, (હે મુસલમાનો !) તમે (હવે આ વાદ-વિવાદ છોડીને પોતાના દીનના) ભલાઈના કામોમાં આગળ ધપવાની કોશીષ કરો. (કારણ કે, એક દિવસે પોતાના પરવરદિગાર પાસે જરૂર જવાનું છે જેથી) તમે ગમે તે સ્થળે હશો (પરંતુ) અલ્લાહ તઆલા તમને બધાને હાજર કરી દેશે (તે સમયે નેકીઓ ઉપર ઈનામ અને ખરાબ કૃત્યો ઉપર સજા થશે અને) ચોક્કસ અલ્લાહ તઆલા દરેક બાબત ઉપર શક્તિ (કાબૂ) ધરાવે છે અને (આ હિકમતનો તકાદો એ પણ છે કે જેવી રીતે કા'બા સામે ત્યાં હાજર રહીને તેના તરફ મુખ કરવામાં આવે છે એવી જ રીતે મદીનામાંથી અથવા દુનિયાના ગમે તે સ્થળેથી) તમે જ્યાં કંઈ પણ હોય (સફરમાં) બહાર નીકળો તો (પણ) પોતાનું મુખ (નમાઝમાં) મસ્જિદે હરામ તરફ રાખ્યા કરો. (મતલબ કે, સફરમાં અથવા સ્થાયી હોવાની હાલતમાં આ જ કિબ્લો છે) અને આ (કિબ્લાનો હુકમ) બિલકુલ સત્ય છે (અને) અલ્લાહ તરફથી (છે) અને અલ્લાહ તઆલા તમારા કરેલા કર્મોથી જરા પણ બેખબર નથી.

અને (ફરીવાર કહેવામાં આવે છે કે) તમે જે સ્થળેથી પણ (મુસાફરીમાં) બહાર જાઓ (અને સ્થાયી હોય તો પણ) પોતાનું મુખ (નમાઝમાં) મસ્જિદે હરામ તરફ રાખો અને (એવી જ રીતે બધા જ મુસલમાનો પણ સાંભળી લે કે) તમે લોકો જ્યાં કંઈ પણ (ઉપસ્થિત) હોય પોતાનું મુખ (નમાઝમાં) તે (મસ્જિદે હરામ)ની જ તરફ રાખ્યા કરો. (અને આ હુકમનું એટલા માટે પુનરાવર્તન કરવામાં આવે છે કે) જેથી (તે વિરોધી) લોકોને તમારા વિરૂદ્ધ (એવી) ચર્ચા (કરવાની હિંમત) ન રહે (કે જો મુહમ્મદ ﷺ આખરી નબી હોત તો તેમની નિશાનીઓમાં તો એ પણ છે કે તેમનો અસલી કિબ્લો કા'બા હશે અને તેઓ તો બયતુલ મુકદ્દસ તરફ નમાઝ પઢે છે. કા'બા તરફ મુખ કરવાની આ ત્રીજી હિકમત છે. હા !) પરંતુ તેમનામાં જેઓ (બિલકુલ જ) બેઈન્સાફ છે (તેઓ હજી પણ વાંધા કાઢશે કે આ કેવા નબી છે કે જેઓ આટલા બધા નબીઓના વિરૂદ્ધ જઈને કા'બા તરફ નમાઝ પઢે છે, અને આવા નજીવા વાંધાઓથી અલ્લાહના દીનને કોઈ નુકસાન નથી પહોંચી શકતું.) તો તેવા લોકોથી (જરા પણ) ડરો નહીં (અને તેમના વાંધાઓના જવાબની ચિંતા ન કર્યા કરો) અને મારાથી ડરતા રહો (કે મારા હુકમોનો વિરોધ ન થવા પામે કારણ કે, મારા હુકમનો અનાદર જ નુકસાનકર્તા છે, વિરોધીઓના વાંધાઓ નહીં.) અને (અમે આ બધા હુકમો ઉપર અમલ કરવાની તૌફીક પણ આપીએ છીએ) જેથી, તમારા ઉપર મારું ઈનામ પૂર્ણ થઈ જાય અને જેથી તમો સત્ય માર્ગ ઉપર રહો (એટલે કે દુનિયામાં ઈસ્લામ ઉપર કાયમ રહો અને મારી નેઅ્મત પૂર્ણ થવાનું નિમિત્ત બને.)

મસ્અલા અને બોધપાઠ :

પ્રસ્તુત આયતમાં કા'બા તરફ મુખ કરવાના શબ્દો فَوَلِّ وَجْهَكَ شَطْرَ ત્રણ વખતે આવ્યા છે અને حَيْثُمَا كُنْتُمْ فَوَلُّوا وُجُوهَكُمْ شَطْرَهُ الْمَسْجِدِ الْحَرَامِ બે વખતે આવ્યા છે. આ પુનરાવર્તનનું એક સામાન્ય કારણ તો એ છે કે કા'બા તરફ મુખ કરવાનો હુકમ વિરોધીઓ માટે એક તમાચા સમાન હતો અને ખુદ મુસલમાનોમાં પણ ઈબાદતની એક મહાન ક્રાંતિ હતી. જો આ હુકમ તાકીદ સાથે પુનરાવર્તન સહિત આપવામાં ન આવ્યો હોત તો દિલોને સંતોષ અને શાંતિ ન થઈ હોત. એટલા માટે આ હુકમને વારંવાર પુનરાવર્તિત કરવામાં આવ્યો કે

કા'બા તરફ મુખ કરવાનો હુકમ છેલ્લો અને અંતિમ હુકમ છે. હવે, તેના બદલાવાની કોઈ જ શક્યતા નથી.

બયાનુલ કુર્આનમાં આ વર્ણન થયું છે, કુર્તુબીએ પણ તેની એક તકરીર નકલ કરી છે કે, આ આયતનો હેતુ માત્ર પુનરાવર્તનનો નથી. દાખલા તરીકે ફરમાવ્યું કે, જ્યારે પહેલીવાર હુકમ આવ્યો તો فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ وَحَيْثُمَا كُنْتُمْ فَوَلُّوا وُجُوهَكُمْ شَطْرَهُ આ હુકમ સ્થાનિક કક્ષાએ સ્થાયી હોય એવી પરિસ્થિતિ માટે આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું કે આપ ﷺ પોતાની જગ્યાએ સ્થાયી હો તો આપ ﷺ મસ્જિદે હરામ તરફ મુખ કર્યા કરો અને પછી સમગ્ર ઉમ્મતને આ હુકમ આપવામાં આવ્યો અને حَيْثُمَا كُنْتُمْનો અર્થ આ પુનરાવર્તનના કારણે એ થયો કે તમો પોતાના વતન અને શહેરમાં જે જગ્યાએ પણ હોય કા'બા તરફ મોઢું કરવાનું છે. આ હુકમ ફક્ત મસ્જિદે નબવી સાથે ખાસ નથી.

પછી બીજી વખતે જ્યારે આ જ શબ્દો સાથે તે હુકમ ફરીવાર આવ્યો તો તેથી પહેલાં مِنْ حَيْثُ خَرَجْتَ ના શબ્દોએ સ્પષ્ટ કરી દીધું કે આ હુકમ વતનથી નીકળતી વેળાનો અને મુસાફરીની પરિસ્થિતિનો છે. કારણ કે, મુસાફરીની પરિસ્થિતિઓ પણ વિવિધ પ્રકારની હોય છે ક્યારેક અમુક દિવસ માટે કોઈ વસ્તીમાં થોભવામાં આવે છે, ક્યારેક મુસાફરી ટૂંકાવી દેવાની પણ પરિસ્થિતિ ઊભી થાય છે. આ બંને પરિસ્થિતિઓને શામિલ કરવા ત્રીજી વખતે આ શબ્દોની સાથે وَحَيْثُمَا كُنْتُمْ શબ્દોનો વધારો કરીને બતાવી દીધું કે, મુસાફરીની કોઈપણ પરિસ્થિતિ હોય દરેક સ્વરૂપમાં મસ્જિદે હરામ તરફ મુખ કરવાનું છે અને ત્રીજી વખતે આ હુકમની સાથે એક હિકમતસભર બાબત પણ ભેગી કરી દેવામાં આવી જેથી વિરોધીઓને એવું કહેવાનો મોકો ન મળે કે અંતિમ નબી ﷺનો કિબ્લો તો તવરાત અને ઈન્જીલના વર્ણન પ્રમાણે કા'બા હોવો જોઈએ અને આ રસૂલ કા'બાના બદલે બયતુલ મુકદસ તરફ મોઢું કરે છે.

وَلِكُلٍّ وِّجْهَةٌ هُوَ مُوَلِّيهَا,માં "وِجْهَةٌ" નો શાબ્દિક અર્થ "જે વસ્તુ તરફ મુખ કરવામાં આવે." હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, તેનો અર્થ કિબ્લો છે અને હઝરત ઉબય બિન કઅ્બ (રદિ.)ની કિરાઅતમાં આ સ્થળે وِجْهَةٌ ના બદલે قِبْلَةٌ પણ નકલ થયેલ છે. આ આયતનો મતલબ જમહૂર મુફસ્સિરોના મતે

એ છે કે, દરેક કૌમનો કિબ્લો, જે દિશા તરફ તેઓ ઈબાદતના સમયે મુખ કરે છે તે જુદો–જુદો હોય છે. ભલે, અલ્લાહ તરફથી એવું કરવાનો તેમને હુકમ મળ્યો હોય અથવા એમણે પોતે કોઈ દિશા નક્કી કરી લીધી હોય. અલબત્ત, હકીકત એમ છે કે વિવિધ કૌમોનો કિબ્લો વિવિધ પ્રકારનો ચાલ્યો આવે છે તો એવી પરિસ્થિતિમાં જો આ નબી ﷺ માટે કોઈ ખાસ કિબ્લો નક્કી કરવામાં આવે તો તે કોઈ આશ્ચર્યની વાત નથી.

ધાર્મિક મસ્અલાઓમાં નિરર્થક ચર્ચાઓથી બચવાની સૂચના :

فَاسْتَبِقُوا الْخَيْرَاتِ તેમાં પ્રથમ વાક્યમાં એ ફરમાવવામાં આવ્યું છે કે વિવિધ ધાર્મિક સમુદાયોમાં વિવિધ કિબ્લાઓ હોય છે અને કોઈ એક–બીજાના કિબ્લાનો સ્વીકાર કરતા નથી. માટે તેની ચર્ચા કર્યા કરવી નિરર્થક છે. આ આયતનો નિચોડ એ છે કે, જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે આ ચર્ચાથી તે લોકોને કોઈ ફાયદો નથી પહોંચવાનો તો પછી આવી નિરર્થક ચર્ચા છોડીને તમારે પોતાના અસલી કામોમાં લાગી જવું જોઈએ. નેક કામો માટે દોડધૂપ કરવા તેમજ નેક કામોમાં આગળ વધવાનો પ્રયત્ન કરવો જાઈએ. કારણ કે, ફુઝૂલ અને નિરર્થક ચર્ચાઓમાં સમય બરબાદ કરવાથી અને ભલાઈના કામોમાં આગળ વધવામાં સુસ્તી કરવાથી મોટે ભાગે આખિરતની ગફલત (બેદરકારી) પૈદા થાય છે. જેથી દરેકે પોતાની આખિરત અને પોતાના અંજામ (પરિણામ)ની ફિકર–ચિંતા રાખવી જોઈએ અને ક્યારેય નિરર્થક ચર્ચાઓમાં ઉલઝવું ન જોઈએ. પોતાની મંઝિલ અને ધ્યેય નક્કી કરીને તેની ફિકરમાં રહેવું જોઈએ. એટલા માટે આયતના પ્રથમ વાક્યમાં આખિરતની યાદ અપાવવા માટે ઈરશાદ ફરમાવ્યો, اَيْنَمَا تَكُوْنُوْا يَاْتِ بِكُمُ اللّٰهُ جَمِيْعًا જેનો અર્થ છે કે, ચર્ચાઓમાં હાર–જીત અને લોકોના વાંધા–વચકાઓથી બચવાની ફિકર થોડા દિવસની દુનિયા માટે પૂરતી છે અને ઘણો જલદી તે દિવસ આવવાનો છે. જેમાં અલ્લાહ તઆલા દુનિયાની બધી કૌમોને, બધા લોકોને એક જગ્યાએ ભેગા કરીને હિસાબ લેશે. બુદ્ધિનું કામ એ જ છે કે, પોતાના સમયને તે હિસાબની ફિકર–ચિંતામાં લગાવી દે.

ઈબાદત અને નેક અમલોમાં વિના કારણે મોડું કરવું યોગ્ય નથી, ઉતાવળ કરવી જોઈએ :

શબ્દ فَاسْتَبِقُوْا થી તે પણ સ્પષ્ટ થઈ ગયું કે, દરેક વ્યક્તિએ જ્યારે પણ

કોઈ નેક કામનો મૌકો મળી જાય તો તેને કરવામાં મોડું ન કરવું જોઈએ. કારણ કે, અમુક સમયે તેને ટાળવાથી અને મોડું કરવાથી તે કામ કરવાની તૌફીક ખતમ થઈ જાય છે. પછી તે વ્યક્તિ તે કામ કરી જ નથી શકતો. ભલે તે નમાઝ હોય, રોઝા હોય, હજ્જ હોય, સદકહ હોય કે અન્ય કોઈ ઈબાદત. કુર્આન શરીફે આ વિષયને સૂરએ અન્ફાલની આ આયતમાં વધારે સ્પષ્ટ રીતે વર્ણન કર્યો છે.

يَآأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ وَاعْلَمُوْآ اَنَّ اللّٰهَ يَحُوْلُ بَيْنَ الْمَرْءِ وَقَلْبِهٖ،

"હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહ અને રસૂલ ﷺના ફરમાનને પૂરું કર્યા કરો, જ્યારે કે રસૂલ ﷺ તમને તમારી જીવન રક્ષક બાબત તરફ બોલાવે, અને જાણી લો ! અલ્લાહ તઆલા વ્યક્તિ અને તેના દિલ વચ્ચે આડ બની જાય છે." (૮:૨૪)

શું દરેક નમાઝને પ્રથમ (અવ્વલ) વખતમાં જ પઢી લેવી ઉત્તમ છે ?

આ مَسَابَقَتُ فِي الْخَيْرَاتَ થી અમુક ફકીહોએ આ દલીલ કરી છે કે, દરેક નમાઝને પ્રથમ વખતમાં જ પઢી લેવી ઉત્તમ છે અને તે રિવાયતો તેના ટેકામાં રજૂ કરે છે, જેમાં પ્રથમ વખતમાં નમાઝ પઢી લેવાની ફઝીલત આવી છે. ઈમામ શાફઈ (રહ.)નો પણ આ જ મત છે પરંતુ ઈમામ અબૂ હનીફા (રહ.) અને ઈમામ માલિક (રહ.)એ બીજી રિવાયતોના આધારે એ બાબતની સ્પષ્ટતા કરી છે કે, જે નમાઝોની રસૂલે કરીમ ﷺએ મોડું કરીને પઢવાની તા'લીમ પોતાના કૌલ અને અમલથી આપી છે. તેનો ઉત્તમ સમય તે જ છે જે હદીષોમાં વર્ણન થયો છે. બાકી નમાઝો પોતાની જગ્યાએ પ્રથમ (અવ્વલ) વખતે પઢવામાં આવે. દાખલા તરીકે સહીહ બુખારીમાં હઝરત અનસ (રદિ.)ની રિવાયત છે કે, "ઈશાની નમાઝ થોડું મોડું કરીને પઢવાની ફઝીલત આવેલ છે" અને હઝરત અબૂ હુરૈરહ (રદિ.)એ ફરમાવ્યું છે કે, "રસૂલુલ્લાહ ﷺને ઈશામાં મોડું કરવું પસંદ હતું."

(કુર્તુબી)

આવી જ રીતે સહીહ બુખારી અને તિરમિઝીમાં હઝરત અબૂ ઝર (રદિ.)ની રિવાયત છે કે, એક મુસાફરીમાં હઝરત બિલાલે ઝુહ્રની અઝાન

અવ્વલ વખતમાં આપવાની ઈચ્છા દર્શાવી તો રસૂલુલ્લાહ ﷺએ તેમને રોક્યા અને ફરમાવ્યું કે, “સમય થોડો ઠંડો થઈ જાય (બપોર ઢળી જાય) ત્યારે અઝાન આપવામાં આવે. કારણ કે, સખત ગરમીનો અસર જહન્નમની આગથી છે.” મતલબ એ છે કે, આપ ﷺએ ગરમીના સમયમાં ઝુહ્રની નમાઝ થોડી મોડી પઢવાનું પસંદ ફરમાવ્યું.

આ રિવાયતોની રૂએ ઈમામ અબૂ હનીફા અને ઈમામ માલિક (રહ.)એ ફરમાવ્યું કે, “નમાઝોમાં અવ્વલ સમય ઉપર અમલ કરવાનું સ્વરૂપ એ જ છે કે, મુસ્તહબ સમય થઈ જાય પછી મોડું ન કરે અને જ્યાં મોડું કરવાનો હુકમ નથી આવ્યો ત્યાં બિલકુલ શરૂઆતના સમયમાં જ નમાઝ પઢવી ઉત્તમ છે. જેમકે, મગરિબની નમાઝ.”

અલબત્ત, ઉપરોક્ત આયતથી આ બાબત સર્વસહમતિથી સાબિત થઈ ગઈ કે જ્યારે નમાઝનો સમય થઈ જાય તો કોઈપણ પ્રકારના શરઈ ઉઝર અથવા અન્ય કોઈ જરૂરત વિના મોડું કરવું સારૂં નથી. શરઈ જરૂરત તો એ જ છે જે ઉપર લખવામાં આવી કે, અમુક નમાઝનું મોડું કરવાનો આપ ﷺએ હુકમ આપ્યો હતો અને અન્ય પ્રકારની જરૂરત દાખલા તરીકે કોઈ વ્યક્તિગત બીમારી અથવા શારીરિક મોહતાજી વગેરે છે. ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૫૧-૧૫૨)

كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِنَا وَيُزَكِّيْكُمْ وَيُعَلِّمُكُمُ

معانقة ٣ الْكِتٰبَ وَالْحِكْمَةَ وَيُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ ﴿١٥١﴾ فَاذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ

١٨ ع ٥ ٢ وَاشْكُرُوْا لِيْ وَلَا تَكْفُرُوْنِ ﴿١٥٢﴾ ع

તરજુમો :

જેમકે અમે તમારામાંથી એક રસૂલ મોકલ્યા; જે તમારી સામે અમારો હુકમ પઢે છે અને તમને પવિત્ર કરે છે અને તમને કિતાબ (કુર્આન) અને હિકમત શિખવાડે છે અને તમે જે નથી જાણતા તે (પણ) તમને શિખવાડે છે. (૧૫૧)

બસ, મને યાદ કરો હું તમને યાદ રાખીશ અને તમે મારો ઉપકાર માનો અને મારી નાશુક્રી ન કરો (નગુણા ન બનો). (૧૫૨)

તફસીર :

(અમે કા'બાને કિબ્લો નક્કી કરીને હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની એક દુઆ જે કા'બાની મકબૂલિયતની બિના પર હતી, તેને કબૂલ કરી અને બીજી દુઆ) જેવી રીતે (તેમની આપ ﷺ વિશેની દુઆ પણ કબૂલ કરી કે, તમારા લોકો વચ્ચેથી જ એક (મહાન) રસૂલ મોકલ્યા (તે) અમારી આયતો (અને હુકમો) પઢી–પઢીને તમને સંભળાવે છે અને (અજ્ઞાનતાના રિવાજો અને જહાલતથી) તમને પવિત્ર કરે છે અને તમને (અલ્લાહની) કિતાબ (કુર્આન) અને બુદ્ધિની વાતો બતાવતા રહે છે અને તમને એવી (ફાયદાકારક) વાતોનું શિક્ષણ આપે છે, જેની તમને ખબર ન હતી. (આપ ﷺનું રસૂલ તરીકે આવવું હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની દુઆની મકબૂલિયત હતી. બસ, તે કબૂલિયત જાહેર થઈ ગઈ.) અને (ઉપરોક્ત નેઅ્મતોના કારણે) મને યાદ રાખો, હું તમને યાદ રાખીશ અને મારૂં અહેસાન માનો અને મારી નાશુક્રી ન કરો (મારી નેઅ્મતો અને ઈનામોનો ઈન્કાર કરી નગુણા ન બનો).

મસ્અલા અને બોધપાઠ :

અહીંયાં સુધી કિબ્લાની ચર્ચા ચાલી રહી હતી. હવે, આ ચર્ચાને એવા વિષય ઉપર પૂર્ણ કરી રહ્યા છે જે આ ચર્ચાની પ્રસ્તાવનામાં હઝરત ઈબ્રાહીમ (અલૈ. કા'બાના સ્થાપક)ની દુઆમાં આવી હતી. એટલે કે રસૂલુલ્લાહ ﷺનું ઈબ્રાહીમ (અલૈ.)ની ઔલાદમાં એક ખાસ સન્માન સાથે મબ્ઊષ થવું (નબી તરીકે આવવું) છે. તેમાં એક બાજુ તો એવો ઈશારો થઈ ગયો કે રસૂલ ﷺની બઅષત (રસૂલ તરીકે આવવા)માં હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ની દુઆ કબૂલ થવું પણ છે અને એટલા માટે જો તેમનો કિબ્લો કા'બા બનાવવામાં આવ્યો તો કોઈ નવાઈની વાત નથી અને ઈન્કાર કરવા યોગ્ય નથી.

كَمَا أَرْسَلْنَا માં શબ્દ કાફ માં જ تشبيه આવે છે તેનો એક ખુલાસો તે છે, જે તફસીરમાં આવી ચૂક્યો છે. બીજી બાજુ એક ખુલાસો એ પણ હોઈ શકે છે કે, જેને કુર્તુબીએ અપનાવ્યો છે કે, આ શબ્દ કાફનો સંબંધ પછીની આયત فَاذْكُرُونِي

થી છે. જેનો અર્થ એ છે કે, જેવી રીતે અમે તમારા ઉપર એક નેઅ્મત કિબ્લાની પછી બીજી નેઅ્મત રસૂલુલ્લાહ ﷺની બઅષતની નાઝિલ ફરમાવી એવી જ રીતે એક નેઅ્મત અલ્લાહને યાદ કરવાની અને તેના ઝિક્રની પણ છે. આ બધી નેઅ્મતોનો શુક્ર અદા કરો અને ઉપકાર માનો, જેથી આ નેઅ્મતોને વધારી આપવામાં આવે. કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે, كَمَا اَرْسَلْنَا નો كاف અહીંયાં એવો છે જેમકે, સૂરએ અન્ફાલમાં كَمَا اَخْرَجَكَ અને સૂરએ હિજ્રના છેવટમાં كَمَا اَنْزَلْنَا عَلَى الْمُقْتَسِمِيْنَ માં આવ્યો છે.

فَاذْكُرُوْنِىْ اَذْكُرْكُمْ વર્ણનનો અસલી અર્થ યાદ કરવાનો છે. જેનો સંબંધ દિલથી છે. જીભથી ઝિક્ર કરવાને એટલા માટે ઝિક્ર કહેવામાં આવે છે કે, જીભ દિલનું પ્રતિનિધિત્વ કરે છે. સ્પષ્ટ થયું કે, મૌખિક ઝિક્ર તે જ આધારભૂત અને ભરોસાપાત્ર છે, જેની સાથે દિલમાં અલ્લાહની યાદ હોય. મૌલાના રૂમી (રહ.)એ તેના અનુસંધાનમાં ફરમાવ્યું છે કે,

بر زباں تسبیح و در دل گاؤ خر

ایں چنیں تسبیح کے دارد اثر

જીભ ઉપર તસ્બીહ અને દિલમાં અન્ય વસ્તુઓ,
આવી તસ્બીહનો શું અસર થાય !

પરંતુ તેની સાથે–સાથે એ પણ યાદ રાખવું જોઈએ કે, જો કોઈ વ્યક્તિ જીભથી ઝિક્ર અને તસ્બીહમાં મશગૂલ રહે અને તેનું દિલ હાજર ન હોય અને દિલ ઝિક્રમાં લાગેલું ન હોય તો પણ તે ફાયદાથી ખાલી નથી. હઝરત અબૂ ઉસ્માન (રદિ.)ને કોઈએ આવી જ હાલતની શિકાયત કરી કે, "અમે જીભથી ઝિક્ર કરીએ છીએ પરંતુ દિલમાં તેની કોઈ અસર મહેસૂસ નથી થતી." તેમણે ફરમાવ્યું કે, "તો પણ અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરો કે તેણે તમારા એક અવયવ એટલે કે જીભને પોતાની તાબે'દારીમાં લગાવી દીધી."

(કુર્તુબી)

અલ્લાહના ઝિક્ર (સ્તુતી)ના ફાયદા :

અલ્લાહના ઝિક્રના અનેક ફાયદાઓ છે. આ એક ફઝીલત પણ કંઈ

ઓછી નથી કે જે બંદો અલ્લાહને યાદ કરે છે અલ્લાહ તઆલા પણ તેને યાદ કરે છે. અબૂ ઉસ્માન મહેંદી (રહ.)એ કહ્યું કે, "હું તે સમયને જાણું છું જે સમયે અલ્લાહ તઆલા અમને યાદ કરે છે." લોકોએ કહ્યું, "આપને તેની ખબર કઈ રીતે થઈ શકે છે?" તેમણે કહ્યું, "એટલા માટે કે કુર્આને કરીમના વાયદા પ્રમાણે જ્યારે કોઈ મો'મિન બંદો અલ્લાહને યાદ કરે છે તો અલ્લાહ તઆલા પણ તેને યાદ કરે છે. એટલા માટે સૌએ એ સમજી લેવું સરળ છે કે, જ્યારે આપણે અલ્લાહની યાદમાં મશગૂલ હોઈએ છીએ ત્યારે અલ્લાહ પણ આપણને યાદ કરે છે."

આ આયતનો અર્થ એ છે કે, તમે મારા હુકમોની ઈતાઅત કરી મને યાદ કરો, તો હું તમને સવાબ અને મગફિરત (બક્ષિસ) સાથે યાદ કરીશ. હઝરત સઈદ બિન ઝુબૈર (રહ.)એ અલ્લાહના ઝિક્રની તફસીર ઈતાઅત અને ફરમાંબરદારીથી કરી છે. તેઓ કહે છે,

فَمَن لَّمۡ يُطِعۡهُ لَمۡ يَذۡكُرۡهُ وَاِنۡ كَثُرَ صَلٰوتُهٗ وَتَسۡبِيۡحُهٗ،

"જેણે અલ્લાહ તઆલાના હુકમોની પૈરવી ન કરી તેણે અલ્લાહ તઆલાને યાદ ન કર્યો. ભલે, જાહેરમાં તેની નમાઝો અને તસ્બીહ ગમે એટલી હોય."

અલ્લાહના ઝિક્રની વાસ્તવિકતા :

કુર્તુબીએ અહકામુલ કુર્આનના હવાલાથી ઈબ્ને ખુવૈઝ મનઝાજની એક હદીષ પણ આ વિષય ઉપર નકલ કરી છે. જેનો તરજુમો આ છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે "જેણે અલ્લાહ તઆલાની ઈતાઅત કરી, એટલે કે તેના હલાલ અને હરામના હુકમોનું પાલન કર્યું. ભલે, તેની નફલ નમાઝ–રોઝા વગેરે ઓછા હોય! તેણે અલ્લાહને યાદ કર્યો અને જેણે અલ્લાહના હુકમોનું ઉલ્લંઘન કર્યું, તેણે અલ્લાહને ભૂલાવી દીધો. ભલે, જાહેરમાં તેની નમાઝો, રોઝા, મુસ્તહબ વગેરે અમલો વધારે હોય!"

હઝરત ઝુન્નૂન મિસરી (રહ.)એ ફરમાવ્યું કે, "જે માણસ સાચી રીતે અલ્લાહને યાદ કરે છે અને તેના મુકાબલામાં કોઈ સારી વસ્તુ ભૂલી જાય છે તો તેના બદલામાં અલ્લાહ તઆલા ખૂદ તેના માટે સારી વસ્તુની હિફાજત (સુરક્ષા) કરે છે અને બધી વસ્તુઓનો બદલો તેને અર્પણ કરે છે."

અને હઝરત મઆઝ (રદિ.)એ ફરમાવ્યું કે, "વ્યક્તિનો કોઈપણ અમલ તેને અલ્લાહ તઆલાના અઝાબથી છુટકારો અપાવવામાં ઝિક્રુલ્લાહની બરોબરી નથી કરી શકતો." એક હદીષે કુદ્સીમાં છે જેને અબૂ હુરૈરહ (રદિ.)એ નકલ કરી છે કે, "અલ્લાહ તઆલા ફરમાવે છે, હું મારા બંદાઓની સાથે હોઉ છું જ્યાં સુધી તે મને યાદ કરે છે અને મારા ઝિક્રમાં તેના હોઠ હલે છે." ઝિક્રુલ્લાહની ફઝીલતો અસંખ્ય અને અગણિત છે તેનો ટૂંકો ખુલાસો મેં મારી કિતાબ "ઝિક્રુલ્લાહ"માં ભેગો કરી દીધો છે, વાંચવા વિનંતી.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૫૩)

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ ٱسْتَعِينُوا۟ بِٱلصَّبْرِ وَٱلصَّلَوٰةِ ۚ إِنَّ ٱللَّهَ مَعَ ٱلصَّٰبِرِينَ ﴿١٥٣﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! તમે ધીરજ (સબ્ર) અને નમાઝ દ્વારા મદદ માંગો; બેશક અલ્લાહ સબ્ર કરનારાઓની સાથે છે. (૧૫૩)

તફસીર :

(કા'બા કિબ્લો નક્કી થયા બાદ વિરોધીઓ તરફથી જે વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હતા તેની બે પ્રકારની અસરો હતી. એક તો ઈસ્લામ ધર્મ ઉપર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કે જેથી ઈસ્લામની સચ્ચાઈ ઉપર શંકા પૈદા કરવામાં આવે. ઉપરોક્ત આયતો દ્વારા આવા વાંધાઓનો જવાબ આપીને તેની નકારાત્મક પ્રભાવને દૂર કરવાનો હેતુ હતો. બીજું એ કે, મુસલમાનોના દિલો–દિમાગ ઉપર આ વાંધાનો જવાબ આપ્યા પછી ખાસ એ પ્રકારનો પ્રભાવ હતો જેવો કોઈ બાબતમાં ભારપૂર્વક જવાબ આપ્યા પછી દિલમાં રંજ અને ગમ સ્વરૂપે પૈદા થાય છે, તે રંજ–ગમના પ્રભાવને દૂર કરવા માટે આ આયતમાં નમાઝ અને ધીરજ–સબ્રથી કામ લેવાનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.)

હે ઈમાનવાળાઓ ! (દિલોમાં રંજ અને ગમને હલકો કરવા માટે) સબ્ર અને નમાઝ દ્વારા (અલ્લાહની) મદદ પ્રાપ્ત કરો. નિઃશંક ! અલ્લાહ તઆલા (દરેક રીતે) સબ્ર કરનારાઓની સાથે જ રહે છે. (અને નમાઝ પઢનારાઓની

સાથે રહેવાને અલ્લાહ તઆલા પ્રાથમિકતા આપે છે. કારણ કે, નમાઝ સૌથી મોટી ઈબાદત છે અને સબ્રમાં અલ્લાહનો જે સાથે રહેવાનો વાયદો છે એનાથી વધુ નમાઝમાં આવી ખુશખબરી છે. કારણ કે, નમાઝ એક મહત્ત્વની ઈબાદત છે.)

મસ્અલા અને બોધપાઠ :

સબ્ર અને નમાઝ મુશ્કેલીઓનો હલ અને દરેક તકલીફનો ઇલાજ છે :

اِسْتَعِيْنُوْ بِالصَّبْرِ وَالصَّلٰوةِ આ આયતમાં માર્ગદર્શન છે કે, વ્યક્તિએ તમામ પ્રકારની જરૂરિયાતના સમયે તથા દરેક પ્રકારની મુસીબત, આફતો અને તકલીફોના સમયે તેને દૂર કરવા માટે સબ્ર અને નમાઝના પ્રભાવકારક નુસ્ખાનો ઈલાજ સ્વરૂપે ઉપયોગ કરવો જોઈએ. આ નુસ્ખો દરેક પ્રકારની તકલીફ અને મુસીબત તથા રંજો-ગમને દૂર કરે છે અને કુર્આન શરીફે એ તરફ ઈશારો કરી આપ્યો છે કે, اِسْتَعِيْنُوْ અને તેના દ્વારા કોઈ ખાસ બાબતનું અહીંયાં વર્ણન નથી કર્યું કે ફલાણા કામમાં જ નમાઝ અને સબ્રથી મદદ મેળવો, ખરેખર દરેક બાબત માટે નમાઝ અને સબ્રથી અલ્લાહની મદદ મેળવવાની સૂચના આપવામાં આવી છે.

આ હુકમથી સ્પષ્ટ થઈ ગયું કે, આ બંને વસ્તુઓ એવી છે જેનાથી મનુષ્યની દરેક જરૂરતમાં મદદ પ્રાપ્ત થાય છે. તફસીરે મઝહરીમાં તેના સર્વસામાન્ય હોવાનો ખુલાસો કરવામાં આવ્યો છે. આ અકસીર નુસ્ખામાં શામિલ બંને ભાગો એટલે કે નમાઝ અને સબ્ર શું છે ? તે જાણી લઈએ.

સબ્ર (ધીરજ-ધૈર્ય)ની વાસ્તવિકતા :

સબ્રનો અસલી અર્થ "પોતાના નફસ (ઈચ્છાઓ)ને રોકવો અને તેના ઉપર સંપૂર્ણ કાબૂ પ્રાપ્ત કરવો !" કુર્આન અને સુન્નતની વ્યાખ્યામાં સબ્રના ત્રણ વિભાગો છે. (૧) પોતાના નફસને હરામ અને નાજાઇઝ બાબતોથી રોકવો, (૨) નફસને ઇતાઅત અને ઈબાદતની પાબંદી ઉપર મજબૂર કરવો (૩) મુસીબતો અને આફતો ઉપર સબ્ર (ધીરજ) કરવી એટલે કે, જે કોઈપણ આફત આવી જાય તેને અલ્લાહ તરફથી સમજીને તેના ઉપર સવાબની ઉમ્મીદ રાખવી. જો તે તકલીફ અથવા પરેશાનીના કારણે મોઢાથી કંઈ પણ અણગમતા શબ્દો નીકળી ગયા તો તે સબ્રનો વિરોધી અમલ છે.

(ઇબ્ને કષીર, સઈદ બિન ઝુબૈર રદિ. દ્વારા)

આ ત્રણ બાબતો સબ્રના ફરજોમાં શામિલ છે. દરેક મુસલમાન ઉપર પાબંદી લગાવવામાં આવે છે કે, ત્રણે પ્રકારની સબ્રના પાબંદ રહે. સામાન્ય માણસો માટે ફક્ત આ ત્રીજા વિભાગ ઉપર અમલ કરવો સબ્ર કહેવામાં આવે છે. પહેલો અને બીજો વિભાગ જે સામાન્ય રીતે સબ્રનો મૂળ પાયો છે, તે સબ્રમાં શામિલ સમજવામાં આવતો નથી.

કુર્આન અને હદીષની વ્યાખ્યામાં સાબિર (સબ્ર કરનારો) એવા લોકોનો લકબ (ઉપનામ) છે, જે ત્રણે રીતે સબ્રમાં મજબૂત રીતે કાયમ રહે. અમુક રિવાયતોમાં છે કે, મહશરમાં અવાજ આપવામાં આવશે કે "સાબિરીન ક્યાં છે?" તો તે લોકો જેઓ ત્રણે પ્રકારની સબ્ર ઉપર કાયમ રહીને જિંદગી ગુજારતા હતા તેઓ ઊભા થઈ જશે અને તેમને વિના હિસાબ–કિતાબ જન્નતમાં પ્રવેશની પરવાનગી આપવામાં આવશે. ઈબ્ને કષીરે આ રિવાયત વર્ણન કરી ફરમાવ્યું કે, કુર્આનની આયત إِنَّمَا يُوَفَّى الصَّابِرُونَ أَجْرَهُم بِغَيْرِ حِسَابٍ આ બાબત તરફ ઈશારો કરે છે.

નમાઝ બીજો વિભાગ છે જે વ્યક્તિની જરૂરિયાતો પૂરી કરવા માટે અને બધી પરેશાનીઓ તથા આફતોના સમયે છુટકારો અપાવવા માટેનો અક્સીર ઈલાજ છે. સબ્રની જે તફસીર ઉપર લખવામાં આવી છે, તેનાથી સ્પષ્ટ થઈ ગયું કે વાસ્તવમાં નમાઝ અને બધી જ ઈબાદતો સબ્રના જ વિભાગો છે પરંતુ નમાઝનો ઉલ્લેખ અલગથી એટલા માટે કરવામાં આવ્યો કે, નમાઝ એક એવી ઈબાદત છે જે સબ્રનો સંપૂર્ણ નમૂનો છે. કારણ કે, નમાઝની હાલતમાં નફસને ઈબાદત અને ઈતાઅત માટે મજબૂર કરવામાં આવે છે તથા દરેક પ્રકારના ગુનાહ અને અણગમતી વાતો બલકે, ઘણી બધી મુબાહ (જેના કરવાથી સવાબ મળતો નથી અને ન કરવાથી ગુનોહ થતો નથી) બાબતોથી નફસને નમાઝની હાલતમાં રોકવામાં આવે છે. એવી જ રીતે સબ્ર કે જેનો અર્થ "નફસને પોતાના કાબૂમાં રાખી તેને તમામ ઈતાઅતનો પાબંદ કરવો તથા દરેક પ્રકારના ગુનાહથી બચવું અને દૂર રહેવું છે." નમાઝ આ પ્રકારની સબ્રનું એક ઉત્તમ ઉદાહરણ છે.

તદુપરાંત નમાઝનો વ્યક્તિની તમામ પ્રકારની જરૂરતો પૂરી કરવા અને બધી જ આફતો અને મુસીબતોથી છુટકારો અપાવવામાં એક ખાસ પ્રકારનો

પ્રભાવ અને અસર રહ્યો છે. ભલે તેના કારણ કે સંબંધની જાણ ન થાય, જેમકે દવાઓમાં ઘણી બધી દવાઓની અસરને ખાસ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે, એટલે કે, દવાની અસરકારકતાનો હિસાબ લગાવીને કોઈ ખાસ બીમારીને દૂર કરવા માટે તેનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. જેમકે, નાકના દર્દમાં અમુક પ્રકારના દાણા(ફિરંગી દાણા)ઓને મોઢામાં અથવા હાથમાં રાખવામાં આવે છે. એવી જ રીતે ઘણી બીમારીઓમાં ઊદના લાકડાને ગળામાં લટકાવવામાં આવે છે. તેની અસર અને બીમારી સાથે તેના સંબંધની જાણ થતી નથી, પરંતુ તેની બીમારી દૂર કરવાની ક્ષમતા બધાને ખબર છે. જેવી રીતે લોહચુંબકમાં લોઢાને આકર્ષવાની શક્તિ રહેલી છે પરંતુ તેનું કારણ કોઈને ખબર નથી કે આવું કેમ થાય છે. એવી જ રીતે નમાઝ વ્યક્તિની બધી જ જરૂરતો પૂરી થવાનું તથા તમામ ગુનાહોથી છુટકારો અપાવવાનું અસરકારક તથા પ્રભાવશાળી માધ્યમ છે. જો કે, શરત એ છે કે નમાઝ દરેક પ્રકારની ફરજો અદા કરી ખુશૂઅ-ખુઝૂઅ સાથે પઢવામાં આવે. જો ખુશૂઅ-ખુઝૂઅ (ધ્યાન અને એકાગ્રતા)માં કોઈ ખામી હશે તો આવી નમાઝની અસર બહું દેખાતી નથી. નમાઝની અસર ન થવાનું કારણ આપણી ખામી છે, નહિ કે નમાઝની. જે નમાઝમાં ક્ષતિ અને ઉણપ રહે છે, જેમાં ખુશૂઅ-ખુઝૂઅ રહેતું નથી તેની અસર પણ દેખાતી નથી. રસૂલુલ્લાહ ﷺની ટેવ હતી કે, જ્યારે પણ કોઈ સમસ્યા સામે આવતી તો તરત જ નમાઝમાં લાગી જતા અને નમાઝની બરકતથી અલ્લાહ તઆલા આ સમસ્યાનો હલ કાઢી દેતા હતા. હદીષમાં છે કે,

اِذَا حَزَبَهُ اَمْرٌ فَزَعَ اِلَى الصَّلٰوةِ

"રસૂલુલ્લાહ ﷺને જ્યારે કોઈ જરૂરત ઉપસ્થિત થતી તો નમાઝના શરણમાં પહોંચી જતા હતા."

સબ્ર અને નમાઝ બધી જ મુશ્કેલીઓ અને મુસીબતોથી છુટકારાનું કારણ એટલા માટે છે કે, સબ્રથી અલ્લાહ તઆલાની સમીપતા (નજદીકી) પ્રાપ્ત થાય છે.

اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ આ વાક્યમાં એ રહસ્ય બતાવવામાં આવ્યું છે કે, સબ્ર શા માટે તમામ પ્રકારની મુશ્કેલી અને સમસ્યાઓને દૂર કરવાનું કારણ છે ? આ

ઈરશાદનો અર્થ એ છે કે, સબ્રના પરિણામે વ્યક્તિને અલ્લાહ તઆલાની નજદીકી પ્રાપ્ત થાય છે અને દેખીતું છે કે જે વ્યક્તિ સાથે અલ્લાહ રબ્બુલ ઈજ્જત હોય તેને કોઈ બાબત રોકી નથી શકતી અને કોઈ મુસીબત લાચાર નથી કરી શકતી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૫૪ થી ૧૫૭)

وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِىْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ ؕ بَلْ اَحْيَآءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ ﴿۱۵۴﴾

وَلَنَبْلُوَنَّكُمْ بِشَىْءٍ مِّنَ الْخَوْفِ وَالْجُوْعِ وَنَقْصٍ مِّنَ الْاَمْوَالِ وَالْاَنْفُسِ وَالثَّمَرٰتِ ؕ

وَبَشِّرِ الصّٰبِرِيْنَ ﴿۱۵۵﴾ الَّذِيْنَ اِذَآ اَصَابَتْهُمْ مُّصِيْبَةٌ ۙ قَالُوْۤا اِنَّا لِلّٰهِ وَاِنَّاۤ اِلَيْهِ

رٰجِعُوْنَ ﴿۱۵۶﴾ اُولٰٓئِكَ عَلَيْهِمْ صَلَوٰتٌ مِّنْ رَّبِّهِمْ وَرَحْمَةٌ ۟ وَاُولٰٓئِكَ هُمُ الْمُهْتَدُوْنَ ﴿۱۵۷﴾

તરજુમો :

અને જેઓ અલ્લાહના રસ્તામાં માર્યા જાય તેમને મૃત (મૃત્યુ પામેલા) ન કહો; બલકે, (તેઓ) જીવંત છે, અને પરંતુ તમને (તેની) સમજ નથી. (૧૫૪) અને અમે તમને જરૂર અજમાવીશું ડરથી અને ભૂખથી અને માલ તથા જાન અને ફળોના નુકસાનથી; અને ખુશખબરી આપો સબ્ર (ધીરજ) કરનારાઓને. (૧૫૫) તે જેઓ જ્યારે તેમને કોઈ તકલીફ પહોંચે, તેઓ કહે (છે) અમે અલ્લાહના માટે છે અને અમે તેના જ તરફ પાછા ફરનાર છીએ. (૧૫૬) આ જ તે લોકો છે જેમના ઉપર તેમના પરવરદિગાર તરફથી ઈનાયતો (કૃપાદષ્ટિ) છે અને આ જ તે લોકો છે જેઓ સીધા માર્ગ ઉપર છે. (૧૫૭)

તફસીર :

(ઉપર એક ખાસ અણગમતી ઘટનામાં સબ્રનું શિક્ષણ આપીને સબ્ર કરનારાઓની ફઝીલત વર્ણન કરવામાં આવી હતી. ત્યાર પછીની આયતમાં વધારે મોટી ઘટનાઓ જે માનવસ્વભાવથી વિપરીત હોઈ શકે છે, તેનો ખુલાસો રજૂ કરી સબ્ર કરવાની પ્રેરણા આપીને તેની ફઝીલતનો ઉલ્લેખ કરવામાં આવ્યો

છે. જેમકે, કાફિરો સાથેના યુદ્ધમાં મરવા–મારવાના વિષયને અગ્રિમતા આપવામાં આવી છે. બે કારણોથી અત્રે આ બાબતનું વર્ણન થયું છે. એક તો એ કે અલ્લાહના રસ્તામાં પ્રાણ ન્યોછાવર કરવા એ ઘણી મોટી ઘટના છે અને આ મોટી ઘટના ઉપર સબ્ર કરનાર નાની ઘટનાઓ ઉપર સબ્ર કરવાનો જ છે. બીજું ખાસ કારણ એ છે કે, આવી ઘટનાઓ મુસલમાનો સાથે બનતી રહેતી હતી.)

અને જે લોકો અલ્લાહના રસ્તામાં (દીન ખાતર) મારી નાંખવામાં આવ્યા (શહીદ થઈ ગયા છે) તેમને (અન્ય મૃત વ્યક્તિઓની જેમ) મૃત્યુ પામેલા ન સમજો બલકે તે લોકો (એક વિશેષ પ્રકારની જિંદગી સાથે) સજીવન છે, પરંતુ તમે (તમારી મર્યાદિત) બુદ્ધિ વડે (તેમના જીવનને) સમજી નહિ શકો અને (જુઓ) અમે (અમારી ખુશ્નૂદી અને રજામંદીની સ્વીકૃતિ બાબતે જે ઈમાનનો તકાદો છે) તમારી પરીક્ષા કરીશું. અમુક રીતે ડરથી (જેમકે વિરોધીઓના ટોળાઓ અથવા ઘટનાઓ અને મુસીબતો દ્વારા) અને (અમુક રીતે) ભૂખમરાથી અને (અમુક રીતે) માલ અને જાન તથા ફળોના ઓછા ઉત્પાદનથી (દાખલા તરીકે ઢોરોનું મરી જવું, કોઈ વ્યક્તિનું મરી જવું અથવા બીમાર થઈ જવું અથવા ફળો અને ખેતીનું ઉત્પાદન ઘટી જવું. બસ, તમે સબ્ર કરજો) અને (જે લોકો આ પરીક્ષાઓમાં પાસ થયા અને ખરા ઊતર્યા છે તો) આપ ﷺ આવા સબ્ર કરનારાઓને ખુશખબરી સંભળાવી દો (જેમની એવી ટેવ હતી) કે તેમના ઉપર જ્યારે કોઈ મુસીબત આવે છે તો તેઓ (દિલથી સાચું સમજીને એવું) કહે છે કે, અમે (માલ અને ઔલાદ સહિત વાસ્તવમાં) અલ્લાહ તઆલા માટે જ છે. (અને અસલી માલિકને પોતાની માલિકીની વસ્તુમાં દરેક પ્રકારનો ખર્ચ કરવાનો અધિકાર પ્રાપ્ત છે. તો આ બાબતે અધિકાર હેઠળના લોકોને દુઃખી થવાની શી જરૂર?) અને અમે બધા (દુનિયામાંથી) અલ્લાહ તઆલા પાસે જ જવાના છે. (બસ, આ દુનિયાના નુકસાનોનો બદલો ત્યાં જઈને મળશે અને અગાઉ જે ખુશખબરી સંભળાવવામાં આવી હતી તે એ છે કે,) આ લોકો ઉપર (અલગ–અલગ) ખાસ–ખાસ નેઅ્મતો પણ તેમના પરવરદિગાર તરફથી (નાઝિલ) થશે અને (બધા ઉપર સર્વસામાન્ય રીતે) આમ રહમતો પણ નાઝિલ થશે અને આજ તે લોકો છે જેઓ (વાસ્તવિક સચ્ચાઈ સુધી) પહોંચશે (કે અલ્લાહ તઆલાનો દરેક બાબત ઉપર અધિકાર છે, ચાહે તો ફાયદો પહોંચાડે

અને ચાહે તો નુકસાન પહોંચાડે! આ લોકો આવું સમજે છે.)

મસ્અલા અને બોધપાઠ :

શહીદો અને નબીઓ (અલૈ.)ના બરઝખ (મૌત પછીથી લઈ હશ્રના મૈદાન સુધી)ની જિંદગીના દરજ્જાઓ અને તેનું વિસ્તારપૂર્વક વર્ણન :

એ બાબત તો દરેકને ખબર છે કે, ઈસ્લામી રિવાયતોની રૂએ પ્રત્યેક મૃત્યુ પામનાર વ્યક્તિને બરઝખમાં એક ખાસ પ્રકારની જિંદગી મળે છે. જેનાથી તે કબરનો અઝાબ અથવા સવાબ મહસૂસ (અનુભવ) કરે છે. તેમાં મો'મિનો, કાફિરો અથવા નેક કે બુરા વ્યક્તિમાં કોઈ ફરક નથી, પરંતુ બરઝખની જિંદગીના વિવિધ તબક્કાઓ (દરજ્જાઓ) છે. એક દરજ્જો તો બધાના માટે સર્વસામાન્ય છે. અમુક ખાસ દરજ્જાઓ અંબિયા (અલૈ.) અને સાલિહીન (નેક) લોકો માટે વિશેષ સ્વરૂપે હોય છે અને તેમાં પણ પરસ્પર શ્રેષ્ઠતા અને ફઝીલત છે. આ મસ્અલાના સંશોધન ઉપર ઉલમા (ઈસ્લામિક વિદ્વાનો)ના અસંખ્ય લેખો અને સંશોધનો મૌજૂદ છે પરંતુ તેમાં જે બાબતો કુર્આન અને સુન્નતની બિલકુલ નજીક છે અને શંકા–કુશંકાઓથી પાક છે તેને આ સદીના મહાન આલિમે દીન હઝરત મૌલાના હકીમુલ ઉમ્મત અશરફ અલી થાનવી (રહ.)એ બયાનુલ કુર્આનમાં ખુલાસાવાર સ્પષ્ટ રીતે વર્ણન કરી છે. અત્રે તેમાંથી ઉલ્લેખ કરવો પૂરતું છે.

એવા માર્યા ગયેલાઓ કે જે અલ્લાહના રસ્તામાં મૃત્યુ પામ્યા હોય તેઓ શહીદ કહેવાય છે અને તેમના વિશે એવું કહેવું કે, તેઓ મરી ગયા! તે સાચું નથી. તેમની મૌતને અન્ય સામાન્ય મૌતે મરનાર મુરદાઓ જેવું મૌત સમજી લેવાની મનાઈ છે. તેનું કારણ એ છે કે, મૃત્યુ પછી દરેક વ્યક્તિની રૂહને બરઝખની જિંદગી પ્રાપ્ત થાય છે અને તેને અમુક અંશે સજા અથવા ઈનામ પણ મળે છે, પરંતુ શહીદને આ બરઝખની જિંદગીમાં અન્ય મુરદાઓ કરતાં એક પ્રકારની વિશેષતા પ્રાપ્ત થાય છે અને તે વિશેષતા એ છે કે, તેમની આ જિંદગી અન્ય મુરદાઓ કરતાં વધારે મજબૂત હોય છે. જેમકે, જીવિત્ વ્યક્તિના આંગળીઓના આગળના ટેરવાં અને એડી, આ બંનેમાં જીવ તો છે અને બંનેમાં જીવનની નિશાનીઓ પણ છે, પરંતુ આંગળીઓના ટેરવાંમાં જિંદગીની નિશાનીનો અહેસાસ અન્ય અંગો કરતા વધારે હોય છે. એવી જ રીતે શહીદોમાં જીવનની

નિશાનીઓ અન્ય સામાન્ય મુરદાઓ કરતાં ઘણી વધારે હોય છે. અહીંયાં સુધી કે શહીદની આ જિંદગીની શક્તિનો એક પ્રભાવ સામાન્ય મુરદાઓ કરતાં એ પણ હોય છે કે તેમનું શરીર માંસ તથા હાડકાંનું હોવા છતાં માટીમાં સડી–ગળી જતું નથી, અને ક્યારેક એવું પણ જોવા મળે છે કે, શહીદોનું શરીર સજીવન વ્યક્તિની જેમ બિલકુલ તાજું રહે છે. જેમકે, હદીષોથી આ બાબત સાબિત થઈ ચૂકી છે. બસ આ વિશેષતાના કારણે શહીદોને જીવંત કહેવામાં આવ્યા છે અને તેમના મૌતને અન્ય મુરદાઓના મૌતની જેમ કહેવાની કે સમજવાની મનાઈ કરવામાં આવી છે. જો કે જાહેર હુકમોમાં તેઓ આમ (સામાન્ય) મુરદાઓની જેમ જ છે. જેમકે, તેમના વારસાની વહેંચણી થાય છે, તેમની પત્નીઓ તેમના મૌત પછી અન્ય પુરૂષો સાથે નિકાહ કરી શકે છે. આ જ પ્રમાણેની બરઝખની જિંદગીમાં અંબિયા અલૈ. શહીદોથી વધારે વિશેષતા અને શક્તિ ધરાવે છે. એટલે સુધી કે, તેમના શરીર સુરક્ષિત રહેવાની સાથે–સાથે તેમની બરઝખની જિંદગીની અમુક અસરો દુનિયવી અહકામ ઉપર પણ પડે છે. જેમકે, તેમના વારસાની વહેંચણી કરવામાં આવતી નથી. તેમની ઔરતો સાથે કોઈ વ્યક્તિ નિકાહ કરી શકતી નથી.

બસ, આ પ્રકારની જિંદગીમાં સૌથી વધુ મજબૂત અંબિયા (અલૈ.) છે. ત્યાર બાદ શહીદો અને તે પછી સામાન્ય મુરદાઓ છે. અલબત્ત અમુક હદીષોથી સ્પષ્ટ થાય છે કે, અમુક વલીઓ અને સાલિહીન (નેક) લોકો પણ આ ફઝીલતમાં શહીદો સાથે શામિલ છે. બસ, નફસના મુજાહદા (અલ્લાહના રસ્તામાં કરવામાં આવતો સંઘર્ષ)માં મૃત્યુ પામનારાઓ પણ શહીદોમાં શામિલ સમજવામાં આવે છે. આ રીતે તે પણ એક પ્રકારે શહીદ ગણાય છે અથવા એવું કહેવામાં આવે કે, આ આયતમાં શહીદોનું સંબોધન અને પરિચય સામાન્ય વ્યાખ્યા આધારે થયો છે; નહિ કે તેઓની સમકક્ષ દરજ્જો ધરાવતા લોકો, દાખલા તરીકે સાલિહીન (નેક) અને સિદ્દીકીન (સત્ય માર્ગીઓ)ના આધારે.

અને જો કોઈ વ્યક્તિએ કોઈ શહીદની લાશને માટીમાં સડી–ગળી ગયેલ જોઈ તો એવું સમજી શકાય છે કે, તેની નિય્યત સાફ અને નિખાલસ ન પણ હોય, એટલે કે તેની નિય્યત એ પ્રમાણે કદાચ ન પણ હોય કે જે કારણોના આધારે માર્યા ગયેલાઓને શહીદ કહેવામાં આવે છે. કારણ કે, દરેક માર્યા ગયેલાઓને શહીદ કહેવામાં આવતા નથી, અને જો એવી કલ્પના કરી પણ લઈએ કે, કોઈ શહીદની

લાશ માટીમાં સડી–ગળી જાય કે જેની હત્યા અલ્લાહના રસ્તામાં જ થઈ હોય અને તેની હત્યાની બધી જ સાબિતીઓ જાહેરી અને કતઈ (નક્કર) રીતે અલ્લાહના રસ્તામાં હોવાની હોય, (જેમકે રૂહુલ મઆનીમાં વર્ણન થયું છે) તો પણ કહેવામાં અને સમજવામાં તો એવું જ આવશે કે હદીષમાં જે વસ્તુનો ખુલાસો છે, તે એ છે કે અંબિયા (અલૈ.) અને શહીદોના શરીરને માટી ખાઈ નથી શકતી. એટલે કે, માટી એમના મૃત શરીરને ખરાબ કરી શકતી નથી. પરંતુ કદાચ શરીરના અમુક અવયવો માટી સિવાય અન્ય કુદરતી પદાર્થો જેમકે, હવા, પાણી વગેરેથી સડીને પ્રભાવિત થઈ નષ્ટ થઈ શકે છે. કારણ કે, જમીનમાં બીજા અનેક તત્ત્વો હોય છે જેમકે, ધાતુઓના કણો, જીવાણુંઓ વગેરે. જો આ બધાના કારણે કોઈ શહીદનું શરીર પ્રભાવિત થઈ જાય તો તે બાબતને આ આયત વિરૂદ્ધ સમજવામાં નહીં આવે.

એ જ રીતે અંબિયા (અલૈ.)ના બરઝખના જીવનની અન્ય મુરદાઓ કરતાં વિશેષ સ્વરૂપે જીવન ધરાવતા હોવાની કેટલીક સાબિતીઓ પણ હોય છે. એ જ પ્રમાણે શહીદોની મૌત પછીની જિંદગી પણ અન્ય મુરદાઓ કરતાં ભિન્ન હોય છે પરંતુ બંનેના દરજ્જાઓમાં ઘણો મોટો તફાવત છે. રહી વાત શરીરના માટીમાં ભળી ગયા પછી ખતમ થઈ જવાની ! તો માટીમાં ક્યારેક કેટલાક બાહ્ય તત્ત્વોનું પણ મિશ્રણ થયેલ હોય છે. બસ, જો આ બાહ્ય તત્ત્વોના કારણે તેમના મૃત શરીરને કોઈ નુકસાન પહોંચે તો તેના લીધે હદીષ ઉપર કોઈ શંકા કરવાની જરૂર નથી કે, તેમનું શરીર માટીમાં સડી–ગળી જઈ શકે નહીં તો પછી કેમ આમ થયું ? હદીષ એની જગ્યાએ સત્ય અને શંકારહિત છે.

અને તેનો એક જવાબ એ પણ છે કે, શહીદોના મૌત પછીના જીવનના ચિહ્નો એ રીતે પણ સાબિત થઈ ચૂક્યા છે કે, શહીદોના મૃત શરીરો અન્ય મુરદાઓના શરીરો કરતાં લાંબા સમય સુધી સચવાયેલા રહે છે અને માટીથી પ્રભાવિત થતા નથી. જો કોઈક વખતે આવું ન પણ થાય તો તે માટીમાં ચોક્કસ માટી સિવાય અન્ય તત્ત્વોની માત્રા વધારે હશે. આ બધા ખુલાસા હોવા છતાં બરઝખનું જીવન આ બધી બાબતો ઉપર આધાર રાખતું નથી. એટલા જ માટે તો તે માણસની બુદ્ધિ અને તર્ક બહારની વસ્તુ છે. અલ્લાહે પોતે ફરમાવ્યું છે, لَاتَشْعُرُوْنَ (તમે સમજી શકતા નથી.)

દુઃખ અને તકલીફના સમયે સબ્ર અને ધીરજના બળ વડે તેને સરળ બનાવવાનો ખાસ ઉપાય :

અલ્લાહ તઆલા તરફથી બંદાઓની જે કંઈ પણ કસોટીઓ થાય છે તેની વાસ્તવિકતા وَاِذِ ابْتَلٰٓى اِبْرٰهٖمَ رَبُّهٗ આયતની તફસીરમાં આવી ચૂકી છે અને અમુક ઘટનાઓની ખબર શરૂઆતમાં થઈ જતી હોય છે, જેને કારણે સબ્ર કરવાનું સરળ બની જાય છે. નહિતર અચાનક કોઈ દુર્ઘટના બનતા તેની પીડા વધુ કષ્ટદાયક હોય છે. આ સંબોધન સમગ્ર ઉમ્મત માટે છે કે, બધાએ સમજી લેવું જોઈએ કે પોતે જે દુનિયામાં રહે છે તે દુનિયામાં તકલીફો અને પરેશાનીઓનો હંમેશા ભય રહે છે. એટલા માટે અહીંયાં બનતી અણગમતી ઘટનાઓ માટે બહુ દુઃખી થઈને બેસબ્રી (અધીરાઈ) પ્રગટ ન કરે. જે લોકો નફસ (મનેચ્છાઓ) ઉપર કાબૂ ધરાવે છે અને ધીરજ ધરે છે તે અલ્લાહની રહમત પ્રાપ્ત કરે છે અને જે લોકો સબ્રના દરજ્જામાં ખૂબ આગળ વધેલા છે તેની પોતાની એક આગવી શા'ન છે અને તે અલ્લાહના ખાસ ઈનામોના હકદાર છે. દરેક સબ્ર કરનારને તેના સબ્ર પ્રમાણે અલ્લાહ તરફથી ઈનામ આપવામાં આવે છે.

મુસીબતના સમયે "ઈન્નાલિલ્લાહ..." પઢવું મનની શાંતિ (સબ્ર) માટેનો શ્રેષ્ઠ ઉપચાર છે :

સાબિરીન (સબ્ર કરનારા-ધૈર્યવાન લોકો) સાથે સંબંધ જોડીને ફરમાવવામાં આવ્યું કે, તેઓ મુસીબતના સમયે "ઈન્નાલિલ્લાહિ વ ઈન્નાઈલયહિ રાજીઊન" اِنَّا لِلّٰهِ وَ اِنَّاۤ اِلَيْهِ رَاجِعُوْنَ કહ્યા કરે છે. વાસ્તવમાં તેના શિક્ષણનો અર્થ એ જ છે કે, મુસીબતના સમયે એવું કહેવું જાઈએ. કારણ કે, તેનો ઘણો મોટો સવાબ છે. દિલમાં આ દુઆ સમજીને પઢવામાં આવે તો દિલને શાંતિ પ્રાપ્ત થાય છે, આ દુઆ રંજ અને ગમ દૂર થવાનો અકસીર ઈલાજ છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૫૮)

اِنَّ الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شَعَآئِرِ اللّٰهِ ۚ فَمَنْ حَجَّ الْبَيْتَ اَوِ اعْتَمَرَ فَلَا
جُنَاحَ عَلَيْهِ اَنْ يَّطَّوَّفَ بِهِمَا ؕ وَمَنْ تَطَوَّعَ خَيْرًا ۙ فَاِنَّ اللّٰهَ شَاكِرٌ عَلِيْمٌ ﴿١٥٨﴾

તરજુમો :

બેશક ! સફા અને મરવહ' (પહાડો) અલ્લાહની નિશાનીઓમાંથી છે; બસ, જે કોઈ ખાન-એ-કા'બાની હજ્જ કરે, અથવા ઉમરહ કરે તો તેમાં કોઈ વાંધો નથી કે તે, તે બંનેનો તવાફ કરે (સઈ કરે); અને જેઓ ખુશીથી કોઈ નેકી કરે તો બેશક !અલ્લાહ કદર કરનાર (અને) બહું જાણનાર છે. (૧૫૮)

તફસીર :

આગળની આયતમાં وَاِذِابۡتَلٰۤى اِبۡرٰهٖمَ થી લંબાણપૂર્વક ખાન-એ-કા'બાનું વિગતવાર વર્ણન થયું, જેની શરૂઆતમાં ખાન-એ-કા'બા ઈબાદતનું સ્થળ હોવાનો ઉલ્લેખ હતો અને તેના અગાઉ ઈબ્રાહીમ (અલૈ.)ની દુઆઓની હિકાયતો પણ હતી કે તેમણે એવી દરખાસ્ત કરી હતી કે, અમને "મનાસિક"ના હુકમો શીખવાડ ! અને "મનાસિક"માં હજ્જ તથા ઉમરહ શામિલ છે. બસ, બયતુલ્લાહ નમાઝનો કિબ્લો હોવું સ્પષ્ટ થઈ ગયું એ જ પ્રમાણે બયતુલ્લાહને હજ્જ અને ઉમરહ માટેનું સ્થળ બનાવી તેનું મહત્ત્વ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું.

હવે, આવનારી આયત બયતુલ્લાહને હજ્જનું સ્થળ વગેરે બનાવવાના સંદર્ભમાં એક અન્ય વિષયનું વર્ણન કરે છે. તે એ કે, સફા અને મરવહ મક્કામાં બે પહાડો છે. હજ્જ અને ઉમરહમાં કા'બાનો તવાફ કરીને તેની વચ્ચે દોડવાનું હોય છે, જેને "સઈ" કહેવામાં આવે છે. અજ્ઞાનતાના યુગમાં પણ આ "સઈ" થતી હતી અને તે સમયે મુશ્રિકોએ સફા અને મરવહ ઉપર અમુક મૂર્તિઓ મૂકી હતી. તેનાથી અમુક મુસલમાનોને શંકા ગઈ કે, કદાચ આ દોડવું (સઈ કરવું) જહાલતના રિવાજોમાંથી છે અને ગુનાહનું કારણ છે, જેમકે ઘણા લોકો જહાલતના યુગમાં પણ તેને ગુનોહ સમજતા હતા. તેમને એવી શંકા થઈ કે, કદાચ ઈસ્લામમાં પણ તે ગુનોહ હશે ! અલ્લાહ તઆલા આ શંકાને દૂર કરવા એ બાબતનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરે છે માટે હવે, અગાઉ વર્ણન થઈ ચૂકેલા વિષયમાં કા'બાને નમાઝનો કિબ્લો હોવા સંદર્ભે કાફિરોના વાંધાને દૂર કરવાનો હેતુ પણ પૂર્ણ થઈ ગયો અને ત્યાર પછીના વિષયમાં કા'બા હજ્જ અને ઉમરહનું એક સ્થળ હોવા વિશે તથા સફા અને મરવહની "સઈ"ની બાબતમાં મુસલમાનોના દિલોની શંકા દૂર કરવાનો હેતુ પણ પૂર્ણ થઈ ગયો. આ બંને બાબતો પરસ્પર

એકબીજા સાથે સંકળાયેલ છે.

(સફા-મરવહની સઈમાં કોઈ શંકા ન કરો. કારણ કે,) હકીકતમાં સફા અને મરવહ (વચ્ચે સઈ કરવું) અલ્લાહની નિશાનીઓમાંથી છે, જે વ્યક્તિ બયતુલ્લાહની હજ્જ કરે અથવા તેનો ઉમરહ કરે તેના ઉપર જરા પણ ગુનોહ નથી. (જેમકે તમને શંકા થઈ ગઈ છે.) એ બંને વચ્ચે (સઈની પ્રખ્યાત પદ્ધતિ પ્રમાણે) દોડવામાં (કે જેનું નામ સઈ છે તેમાં ગુનોહ નહિ, પરંતુ સવાબ થાય છે. કારણ કે, આ સઈ કરવી અલ્લાહના હુકમોમાંથી છે.) અને (અમારા ત્યાં એ નિયમ છે કે,) જે વ્યક્તિ ખુશીથી કોઈ નેક કામ કરે તો અલ્લાહ તઆલા (તેની ખૂબ જ) કદર કરે છે. (અને અલ્લાહ તે ભલાઈ કરનાર વ્યક્તિની નિય્યત અને ઈખ્લાસને) ખૂબ જાણે છે (તો સમજી લો કે આ નિયમ પ્રમાણે સઈ કરનારને તેની નિખાલસતાના પ્રમાણમાં ઈનામ મળશે.)

મસ્અલા અને બોધપાઠ :

અમુક શબ્દોનું શબ્દકોષ પ્રમાણે સંશોધન :

شَعَائِرِ اللّٰهِ માં شعائر એ شعیرہનું બહુવચન છે તેનો અર્થ "નિશાની" થાય છે, અહીંયાં شعائر اللّٰہનો અર્થ તે અમલો (કાર્યો) છે, જેને અલ્લાહ તઆલાએ દીનની નિશાનીઓ કહી છે. હજ્જનો શાબ્દિક અર્થ "નિય્યત" અથવા "ઈરાદો" કરવાનો અને સુન્નતની વ્યાખ્યામાં ખાસ ખાન-એ-કા'બાનો ઈરાદો કરવો અને ત્યાં અમુક ખાસ અમલો કરવાનું નામ હજ્જ છે. ઉમરહનો શાબ્દિક અર્થ "કોઈ સ્થળે પહોંચીને તે વસ્તુને આંખોથી હૂબહૂ પ્રત્યક્ષ જોવાનો" થાય છે અને શરીઅતની વ્યાખ્યામાં મસ્જિદે હરામમાં હાજર થઈ ત્યાં તવાફ અને સઈ કરવાને ઉમરહ કહેવામાં આવે છે.

સફા અને મરવહ વચ્ચે "સઈ" કરવી વાજિબ છે :

હજ્જ અને ઉમરહ તથા સઈ કરવાની પદ્ધતિ વિશે ફિકહની કિતાબોમાં વિગતવાર વર્ણવવામાં આવ્યું છે અને સઈ, ઈમામ અહમદ (રહ.)ના મતે સુન્નતે મુસ્તહબ્બહ છે અને ઈમામ માલિક તથા શાફઈ (રહ.)ના મતે ફરજ છે અને ઈમામ અબૂ હનીફા (રહ.)ના મતે વાજિબ છે. એટલે કે, તેને છોડી દેવાથી એક

બકરું કુર્બાન કરવું પડે છે. આ આયતમાં તો સફા અને મરવહની સઈના સંદર્ભમાં ફક્ત એટલું જ કહેવામાં આવ્યું છે કે, તે ગુનોહ નથી. તેનાથી વધારેમાં વધારે આટલું સાબિત થાય છે કે, સઈ મુબાહ અમલોમાંનો એક અમલ છે. કારણ એ છે કે, આ સ્થળે لَاجُنَاحَ નો શબ્દ તેમના સવાલના અનુસંધાને મૂકવામાં આવ્યો છે. સવાલ આ હતો કે, સફા અને મરવહ ઉપર મુશ્રિકો દ્વારા મૂર્તિઓ મૂકવામાં આવી હતી અને જાહિલ (અભણ) લોકો તે મૂર્તિઓનો પૂંજાપાઠ કરવા સફા અને મરવહ દરમિયાન સઈ કરતા હતા, એટલા માટે આ અમલ તો હરામ હોવો જોઈએ. તેના જવાબમાં ફરમાવ્યું કે, તેમાં કોઈ ગુનોહ નથી. કારણ કે, આ દરઅસલ હઝરત હાજરા તથા ઈબ્રાહીમ (અલૈ.)ની સુન્નત છે. ત્યાં કોઈના કરેલા ગુનાહના અમલથી તે ગુનોહ નથી થઈ જતો અને તેના કારણે આ અમલને વાજિબ જાહેર કરવામાં કંઈ વાંધો નથી.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૫૯ થી ૧૬૨)

إِنَّ الَّذِيْنَ يَكْتُمُوْنَ مَآ أَنْزَلْنَا مِنَ الْبَيِّنٰتِ وَالْهُدٰى مِنْۢ بَعْدِ مَا بَيَّنّٰهُ لِلنَّاسِ
فِى الْكِتٰبِ ۙ أُولٰٓئِكَ يَلْعَنُهُمُ اللّٰهُ وَيَلْعَنُهُمُ اللّٰعِنُوْنَ ۙ ﴿١٥٩﴾ إِلَّا الَّذِيْنَ تَابُوْا وَأَصْلَحُوْا وَ
بَيَّنُوْا فَأُولٰٓئِكَ أَتُوْبُ عَلَيْهِمْ ۚ وَأَنَا التَّوَّابُ الرَّحِيْمُ ﴿١٦٠﴾ إِنَّ الَّذِيْنَ كَفَرُوْا
وَمَاتُوْا وَهُمْ كُفَّارٌ أُولٰٓئِكَ عَلَيْهِمْ لَعْنَةُ اللّٰهِ وَالْمَلٰٓئِكَةِ وَالنَّاسِ أَجْمَعِيْنَ ۙ ﴿١٦١﴾
خٰلِدِيْنَ فِيْهَا ۚ لَا يُخَفَّفُ عَنْهُمُ الْعَذَابُ وَلَا هُمْ يُنْظَرُوْنَ ﴿١٦٢﴾

તરજુમો :

બેશક ! જે લોકો છુપાવે છે, તે ખુલ્લી નિશાનીઓ અને હિદાયતને જે અમે નાઝિલ કરી છે, ત્યાર પછી કે અમે લોકો માટે કિતાબમાં સ્પષ્ટ કરી દીધું; આ જ તે લોકો (છે) જેમના ઉપર અલ્લાહ લા'નત (ફિટકાર) કરે છે અને લા'નત કરનારાઓ (પણ) તેમના ઉપર લા'નત કરે છે. (૧૫૯) સિવાય કે તે લોકો જેમણે તૌબા કરી અને સુધરી ગયા અને સ્પષ્ટ કરી દીધું; બસ આ

જ તે લોકો છે જેમને હું મા'ફ કરું છું; અને હું મા'ફ કરનારો-દયા કરનારો છું. (૧૬૦) બેશક ! જે લોકો કાફિર થયા અને તેઓ કાફિર (હોવાની હાલતમાં જ) મરણ પામ્યા; આ જ તે લોકો (છે), જેના ઉપર અલ્લાહ અને ફરિશ્તાઓ તથા તમામ લોકોની લા'નત છે. (૧૬૧) તેમનો અઝાબ હલકો નહીં કરવામાં આવે અને તેમને મોહલત પણ આપવામાં નહીં આવે. (૧૬૨)

તફસીર :

અગાઉ કિબ્લા અને સાહિબે કિબ્લા હઝરત મુહમ્મદ ﷺના સંદર્ભમાં અહલે કિતાબ (યહૂદીઓ અને ખ્રિસ્તીઓ)નો સચ્ચાઈને છુપાવવાનો વિષય પ્રસ્તુત હતો. આ આયતમાં اَلَّذِيْنَ اٰتَيْنٰهُمُ الْكِتٰبَ يَعْرِفُوْنَهٗ (الٰی قوله) لَيَكْتُمُوْنَ الْحَقَّ આગળ જતાં આ વિષય સંપૂર્ણ કરવા માટે સચ્ચાઈને છુપાવનારાઓ અને સચ્ચાઈનો ઈન્કાર કરી હઠધર્મી કરનારાઓ માટે ચેતવણીઓ અને તૌબા કરનારાઓને મા'ફીનો વાયદો કરવાનું વર્ણન કરવામાં આવ્યું.

જે લોકો તે બાબતોને છુપાવે છે, જેને અમે નાઝિલ કરી છે (જે વસ્તુઓ આપમેળે જ) સ્પષ્ટ છે (અને અન્યો માટે) ભારે છે (અને છુપાવે છે) એવી (પરિસ્થિતિમાં) કે અમે આ (બાબતોને) કિતાબ (તવરાત અને ઈન્જીલ)માં (નાઝિલ કરીને) સામાન્ય લોકો ઉપર જાહેર કરી દીધું છે, એવા લોકો ઉપર અલ્લાહ તઆલા પણ લા'નત કરે છે (કે પોતાની ખાસ રહમતથી આવા લોકોને દૂર કરી દે છે) અને (બીજા સારા લોકો) લા'નત કરવાવાળા પણ (જેમને તેમના આ કૃત્યથી નફરત છે) તેમના ઉપર લા'નત મોકલે છે (તેમના માટે બદ્દુઆ કરે છે) પરંતુ જે લોકો (આ સત્ય છુપાવનારાઓ આ હરકતથી) તૌબા કરી લે. (એટલે કે, અલ્લાહ તઆલાના દરબારમાં પોતાના પાછલા કૃત્યોની મા'ફી માંગે) અને (તેમણે જે કંઈ પણ ભૂલો કરી અને તેમનામાં જે કંઈ પણ બુરાઈઓ પૈદા થઈ ગઈ હોય) તેની સુધારણા કરી લે. (અને સુધારણાની પદ્ધતિ એ છે કે, તેમણે છુપાવેલા વિષયોને સામાન્ય રીતે) જાહેર કરી દે. (જેથી બધા લોકોને જાણ થઈ જાય અને તેમના ઉપર લોકોને ગુમરાહ કરવાનો આક્ષેપ બાકી ન રહે અને શરીઅતમાં સત્ય જાહેર કરવાની ભરોસાપાત્ર પદ્ધતિ એ છે કે, ઈસ્લામ કબૂલ

કરી લે. કારણ કે, ઈસ્લામ ન લાવવાના કારણે હઝરત મુહમ્મદ ﷺની નુબુવ્વત વિશે સચ્ચાઈ છુપાવવાનો આક્ષેપ બાકી રહેશે અને લોકો એમ જ સમજશે કે જો નુબુવ્વત સાચી હતી તો આ કિતાબ જાણનારા લોકો કેમ ઈમાન ન લાવ્યા ? ખુલાસો એ છે કે, તેઓ મુસલમાન થઈ જાય.) તો આવા લોકો(ની હાલત) ઉપર હું (કૃપાદષ્ટિથી) ધ્યાન આપું છું (અને તેમની ભૂલોને મા'ફ કરી આપું છું.) અને મારી તો તૌબા કબૂલ કરી લેવાની અને દયા કરવાની ટેવ છે. જો કે, જે લોકો (તેમાંથી) ઈસ્લામ ન લાવ્યા અને કાફિર હોવાની હાલતમાં જ મૃત્યુ પામ્યા, એવા લોકો ઉપર અલ્લાહ અને ફરિશ્તાઓ તથા સમગ્ર માનવજાતની લા'નત છે. તેઓ હંમેશા હંમેશા (લા'નતમાં) રહેશે. (ખુલાસો એ કે તેઓ જહન્નમમાં કાયમી ધોરણે પ્રવેશ પામશે અને હંમેશા જહન્નમમાં રહેશે તથા ચિરૂકાળ અલ્લાહની રહમતથી દૂર રહેશે અને સદાના માટે લા'નતને પાત્ર રહેશે અને લા'નત સાથે જ જહન્નમમાં પ્રવેશ પામ્યા પછી પણ) તેમના ઉપર (જહન્નમનો) અઝાબ હલકો (પણ) નહિ થાય અને ન જ તેમને મોહલત આપવામાં આવશે.

મસ્અલા અને બોધપાઠ :

દીનના ઈલ્મ (શિક્ષણ)નો પ્રચાર-પ્રસાર કરવો વાજિબ છે અને તેને છુપાવવું સખત ગુનોહ અને હરામ છે.

ઉપરોક્ત આયતમાં વર્ણન કરવામાં આવ્યું છે કે, અલ્લાહ તઆલા તરફથી જે હિદાયતો નાઝિલ કરવમાં આવી છે તેને લોકોથી છુપાવવું એટલો મોટો ગુનોહ છે કે, તેના ઉપર અલ્લાહ પણ લા'નત કરે છે અને સમગ્ર મખ્લૂક લા'નત મોકલે છે. તેનાથી નીચે પ્રમાણે હુકમો સાબિત થયા.

પ્રથમ એ કે ઈલ્મને જાહેર કરવું અને તેનો પ્રચાર-પ્રસાર કરવો જરૂરી છે, જ્ઞાન છુપાવવું હરામ છે. રસૂલે કરીમ ﷺએ ફરમાવ્યું,

مَنْ سُئِلَ عَنْ عِلْمٍ يَعْلَمُهُ فَكَتَمَهُ اَلْجَمَهُ اللّٰهُ يَوْمَ الْقِيَامَةِ بِلِجَامٍ مِّنَ النَّارِ،

(رواہ ابو ھریرۃؓ وعمرو بن العاصؓ اخرجہ ابن ماجۃ از قرطبی)

"જે વ્યક્તિ દીનના કોઈ હુકમનું ઈલ્મ ધરાવતો હોય અને તેનાથી તે હુકમ

પૂછવામાં આવે અને તે તેને છુપાવે તો કયામતના દિવસે તેના મોઢામાં આગની લગામ નાંખવામાં આવશે."

ફકીહો (ઈસ્લામિક કાયદાશાસ્ત્રીઓ)એ ફરમાવ્યું છે કે, "આ વઈદ (ચેતવણી) એવા સ્વરૂપમાં છે જ્યારે કે તેના સિવાય કોઈ અન્ય વ્યક્તિ વર્ણન કરનાર ત્યાં હાજર ન હોય અને કોઈ બીજા ઉલમા ત્યાં હાજર હોય તો એ શક્યતા બાકી રહે છે કે, બીજા ઉલમાઓથી પૂછી લેવામાં આવે."

(કુર્તુબી, જસ્સાસ)

બીજી બાબત એ સ્પષ્ટ થઈ કે, જેણે પોતે સાચું ઈલ્મ પ્રાપ્ત નથી કર્યું તેણે મસ્અલા અને અલ્લાહના હુકમો બતાવવાની હિંમત ન કરવી જોઈએ.

ત્રીજો મસ્અલો એ સ્પષ્ટ થયો કે, ઈલ્મ છુપાવવાની આ સખત ચેતવણી તે જ ઈલ્મ અને મસ્અલાઓના સંદર્ભમાં છે, જે કુર્આન અને સુન્નતમાં સ્પષ્ટ રીતે વર્ણવવામાં આવ્યા છે અને જેને જાહેર કરવા અને જેનો પ્રસાર–પ્રચાર કરવો જરૂરી છે. કોઈ અત્યંત બારીક અને નાજુક મસ્અલો હોય, જે સામાન્ય લોકો કદાચ ન સમજી શકે. બલકે, એવો ભય હોય કે તેઓ કોઈ ગેરસમજમાં ફસાઈ જશે તો એવા મસ્અલા અને હુકમો સામાન્ય લોકો સામે વર્ણન ન કરવા જ બહેતર છે અને આ બાબત ઈલ્મ છુપાવવાના હુકમમાં આવશે નહીં. પ્રસ્તુત આયતનો શબ્દ مِنَ الْبَيِّنٰتِ وَالْهُدٰى વડે તેના તરફ ઈશારો કરવામાં આવ્યો છે. આવા જ મસ્અલા વિશે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)એ ફરમાવ્યું કે, "જો તમે સામાન્ય જનસમૂહને એવી હદીષો સંભળાવો કે તે એને પૂરી રીતે સમજી ન શકે, તો તમે તેમને ફિત્નામાં સપડાવી દેશો."

(કુર્તુબી)

એ જ પ્રમાણે સહીહ બુખારીમાં હઝરત અલી કર્રમલ્લાહુ વજહહુથી નકલ થયું છે કે, તેમણે ફરમાવ્યું કે "સામાન્ય લોકોની સામે ફક્ત એટલા જ ઈલ્મને જાહેર કરો જેટલું તેમની અક્કલ અને સમજ બરદાસ્ત (વેઠી) કરી શકે. શું તમે એવું ઈચ્છો છો કે, લોકો અલ્લાહ અને તેના રસૂલ ﷺને જૂઠાડે ? કારણ કે જે વાતો તેમની સમજ બહારની હશે તેમાં તેઓ શંકા–કુશંકાઓમાં પડી જશે અને શક્ય છે કે, તેનો ઈન્કાર કરી બેસે !"

સ્પષ્ટ થયું કે, આલિમની જવાબદારી એ પણ છે કે તે જેને સંબોધન કરી રહ્યો છે તેની માનસિક ક્ષમતા અને સમજદારીનો અંદાજો લગાવીને વાતચીત કરે. જે વ્યક્તિ બાબતે એવો ભય હોય કે તે ગેરસમજમાં સપડાય શકે છે તો તેની સામે એવા મસ્અલાઓ વર્ણન ન કરે. એટલા માટે ફકીહો ઘણા મસ્અલાઓ વર્ણન કરીને લખી આપે છે هٰذَا مِمَّايُعْرَفُ وَلَايُعَرَّفُ એટલે કે આ એવો મસ્અલો છે જેને ઈલ્મવાળા (જ્ઞાની–વિદ્વાન) લોકોએ જાતે સમજી લેવો જોઈએ અને સામાન્ય જનસમૂહમાં તેનો પ્રચાર ન કરવો જોઈએ.

એક હદીષમાં રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું,

لَاتَمْنَعُوا الْحِكْمَةَ اَهْلَهَا فَتَظْلِمُوْهُمْ وَلَا تَضَعُوْهَافِى غَيْرِاَهْلِهَا فَتَظْلِمُوْهَا،

"હિકમત (ડહાપણ)ની વાતોને એવા લોકોથી ન રોકો જે તેની પાત્રતા ધરાવે છે, જો તમે એવું કર્યું તો તમે એ લોકો ઉપર અત્યાચાર કર્યો અને જેઓ પાત્રતા ધરાવતા નથી તેમની સામે હિકમતની વાતો ન કરો. કારણ કે, આવી પરિસ્થિતિમાં તે હિકમત ઉપર અત્યાચાર હશે!"

ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે, "આ ખુલાસાથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે કોઈ કાફિરને જે મુસલમાનના મુકાબલામાં મુનાજરો કરે છે અથવા કોઈ પરધર્મી જે પોતાના ગુમરાહ અકીદાઓ અને વિચારસરણીનો લોકોમાં પ્રચાર–પ્રસાર કરી તેને અપનાવવાનું આમંત્રણ આપે છે, તેને દીનનું ઈલ્મ શીખવવું ત્યાં સુધી જાઇઝ નથી જ્યાં સુધી એવું યકીન ન થઈ જાય કે ઈલ્મ શીખવવાથી તેની વિચારસરણી દુરુસ્ત થઈ જશે."

એવી જ રીતે કોઈ બાદશાહ અથવા સત્તાધીશને એવો મસ્અલો બતાવવો જેના દ્વારા તે ખોટું અર્થઘટન કરી રય્યત ઉપર જુલમ કરવાનો રસ્તો ખોલી નાંખે, જાઇઝ નથી. એવી જ રીતે સામાન્ય જનસમૂહ સાથે દીનના હુકમોમાં હિલા–હવાલાઓના સ્વરૂપો વિના જરૂરતે વર્ણન ન કરવા જોઈએ, જેના કારણે તે દીનના હુકમો ઉપર અમલ ન કરવા માટે હિલા શોધતો ફરે અને તેની ટેવ બનાવી લે.

(કુર્તુબી)

રસૂલુલ્લાહ ﷺની સહીહ હદીષ પણ કુર્આન જેવો જ હુકમ ધરાવે છે

સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ (રદિ.) દ્વારા નકલ થયું છે, તેમણે ફરમાવ્યું કે "જો કુર્આનની આ આયત (સૂરએ બકરહ આયત નં. ૧૫૯) ન હોત તો હું તમારી સામે કોઈ હદીષ વર્ણન ન કરત." અહીંયાં આ આયતનો અર્થ એ છે કે, ઈલ્મને છુપાવવાની લા'નત અને ચેતવણી સખત રીતે વર્ણવવામાં આવી છે. એ જ પ્રમાણે અમુક સહાબા (રદિ.)એ પણ અમુક હદીષો વર્ણવ્યા પછી આ જ પ્રમાણે શબ્દો કહ્યા છે કે "જો કુર્આન શરીફમાં ઈલ્મને સંતાડવાની સખત ચેતવણી આપતી આ આયત (સૂરએ બકરહ આયત નં. ૧૫૯) ન આવી હોત તો મેં આ હદીષ વર્ણન ન કરી હોત !"

ઉપરોક્ત રિવાયતોથી સ્પષ્ટ થયું કે, સહાબએ કિરામ (રદિ.)ના મતે રસૂલુલ્લાહ ﷺની હદીષો કુર્આનના જ હુકમમાં છે. કારણ કે, આ આયતમાં તો ઈલ્મ છુપાવવાની ચેતવણી એવા લોકો માટે આવી છે જેઓ કુર્આનમાં નાઝિલ થયેલ હિદાયતો અને ઈલ્મને છુપાવે છે. તેમાં હદીષનો શીરેથી ઉલ્લેખ જ નથી, છતાં સહાબએ કિરામ (રદિ.)એ રસૂલુલ્લાહ ﷺની હદીષને પણ કુર્આનના જ હુકમમાં સમજી તેને છુપાવવાને આ ચેતવણીનો ભોગ બની શકવાનું કારણ સમજ્યું છે.

અમુક ગુનાહોની નહૂસત એવી હોય છે કે સમગ્ર મખ્લૂક તેના ઉપર લા'નત (ધિક્કાર) કરે છે :

وَيَلْعَنُهُمُ اللّٰعِنُوْنَ માં કુર્આને કરીમે લા'નત કરનારાઓને નક્કી નથી કર્યા કે કોણ લોકો લા'નત (ધિક્કાર–ફિટકાર) કરે છે. તફસીરના ઈમામો મુજાહિદ (રહ.) અને ઈકરમા (રહ.)એ ફરમાવ્યું કે, આ લા'નત કરનારાઓને નક્કી ન કરવા, તે તરફ ઈશારો કરે છે કે વિશ્વની બધી જ મખ્લૂક તેમના ઉપર લા'નત કરે છે. એટલે સુધી કે, બધા જાનવરો અને સૃષ્ટિમાં ઉપસ્થિત બધા જ તત્ત્વો પણ તેમના ઉપર લા'નત કરે છે. કારણ કે, તેમના દુષ્કૃત્યોના કારણે આ બધી મખ્લૂકને પણ નુકસાન પહોંચે છે. હઝરત બરાઅ્ બિન આઝિબ (રદિ.)ની હદીષથી આ બાબતને સમર્થન મળે છે, જેમાં રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું છે કે ।"اللّٰعِنُوْنَ નો અર્થ જમીન ઉપર ચાલનારા બધા જ પ્રાણીઓ છે."

(કુર્તુબી, ઈબ્ને માજહના હવાલાથી)

કોઈ ચોક્કસ વ્યક્તિ ઉપર લા'નત (ધિક્કાર) કરવી જાઇઝ નથી ત્યાં સુધી કે એવું ખાતરીપૂર્વક જાણી લેવામાં ન આવે કે તેનું મૃત્યુ કુફ્રની હાલતમાં જ થયું છે :

وَمَاتُوْا وَهُمْ كُفَّارٌ ના શબ્દથી જસ્સાસ અને કુર્તુબી વગેરેએ એવો અર્થ લીધો છે કે જે કાફિરનું કુફ્રની હાલતમાં મરવાનું યકીન (વિશ્વાસપૂર્વક જાણ) ન હોય ત્યાં સુધી તેના ઉપર લા'નત કરવી જાઇઝ નથી અને કોઈ વ્યક્તિના અંતનું વિશ્વાસપૂર્વકનું જ્ઞાન મેળવવાનું કોઈ માધ્યમ ઉપસ્થિત નથી, એટલા માટે કોઈ કાફિરનું નામ લઈને તેના ઉપર લા'નત કરવી જાઇઝ નથી અને રસૂલુલ્લાહ ﷺએ જે કાફિરોનું નામ લઈને લા'નત કરી છે, તેમાં આપ ﷺને તેમનું મૌત સ્પષ્ટપણે કુફ્રની હાલતમાં થયું હોવાની અલ્લાહ તરફથી જાણ કરી આપવામાં આવી હતી. જો કે, સામાન્ય કાફિરો અથવા જાલિમો વગેરે ઉપર નામ લીધા વિના લા'નત કરવી બરાબર છે.

આ બાબતથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, જ્યારે લા'નતની બાબત આટલી સખત છે કે કોઈ કાફિર ઉપર પણ ત્યાં સુધી લા'નત કરવી જાઇઝ નથી, જ્યાં સુધી એવો વિશ્વાસ દૃઢ ન થઈ જાય કે તેનું મૌત કુફ્રની હાલતમાં જ થયું છે, તો કોઈ મુસલમાન ઉપર કે કોઈ પ્રાણી કે કોઈ અન્ય વસ્તુ ઉપર લા'નત કરવી કઈ રીતે જાઇઝ હોઈ શકે છે ? આજે સામાન્ય જનસમૂહ આ બાબતમાં બિલકુલ ગફલત (અજ્ઞાનતા)માં છે. ખાસ કરીને અમુક સ્ત્રીઓ કે તેણીઓ તો વાત–વાતમાં લા'નતના શબ્દો પોતાના સંબંધીઓ અને પોતાના સગા–વહાલાઓ માટે પણ કહેતી ફરે છે અને લા'નત ફક્ત "લા'નત" શબ્દ કહેવાથી જ નથી થતી બલકે, તેના સમાનાર્થી જેટલા પણ શબ્દો છે તે બધા જ લા'નતના હુકમમાં છે. લા'નતનો અસલી અર્થ "અલ્લાહ તઆલાની રહમતથી દૂર કરવું" થાય છે. એટલા માટે કોઈને મરદૂદ, શયતાન વગેરે જેવા શબ્દો કહેવા પણ લા'નતના જ હુકમમાં છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૬૩–૧૬૪)

وَ اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ ۚ لَآ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ﴿۱۶۳﴾ اِنَّ فِيْ خَلْقِ ع
السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاخْتِلَافِ الَّيْلِ وَ النَّهَارِ وَالْفُلْكِ الَّتِيْ تَجْرِيْ فِي الْبَحْرِ
بِمَا يَنْفَعُ النَّاسَ وَ مَآ اَنْزَلَ اللّٰهُ مِنَ السَّمَآءِ مِنْ مَّآءٍ فَاَحْيَا بِهِ الْاَرْضَ بَعْدَ
مَوْتِهَا وَ بَثَّ فِيْهَا مِنْ كُلِّ دَآبَّةٍ ۪ وَّ تَصْرِيْفِ الرِّيٰحِ وَالسَّحَابِ الْمُسَخَّرِ بَيْنَ
السَّمَآءِ وَالْاَرْضِ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّعْقِلُوْنَ ﴿۱۶۴﴾

તરજુમો :

અને તમારો મઅબૂદ (બંદગીને પાત્ર) એક જ (અલ્લાહ) છે; તેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી; અત્યંત કૃપાળુ–દયાળુ છે. (૧૬૩) બેશક ! આસમાનો અને જમીનની ઉત્પત્તિમાં અને રાત તથા દિવસના પરિવર્તનમાં અને તે જહાજોમાં જે મહાસાગરોમાં લોકોને લાભ પહોંચાડે તેવી વસ્તુઓ લઈને વહેતા (ચાલતા) રહે છે અને તે પાણીમાં જે અલ્લાહે આસમાનોમાંથી ઉતાર્યું, પછી તેનાથી જમીનને તેના મૃત્યુ (સુકાઈ ગયા) પછી સજીવન (હરિયાળી) કરી, અને તેમાં દરેક પ્રકારના પ્રાણીઓ ફેલાવ્યા અને હવાઓના (દિશા અને ગતિ) પરિવર્તનોમાં અને પૃથ્વી તથા આકાશની વચ્ચે (અલ્લાહના હુકમોને) આધીન વાદળોમાં બુદ્ધિશાળી લોકો માટે નિશાનીઓ છે. (૧૬૪)

તફસીર :

અરબના મુશ્રિકોએ આ આયત وَاِلٰـهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ પોતાની માન્યતા વિરૂદ્ધ સાંભળી તો આશ્ચર્યથી કહેવા લાગ્યા કે, શું સમગ્ર વિશ્વનો માત્ર એક જ મઅબૂદ હોઈ શકે છે ? અને જો આ દા'વો સાચો છે તો તેના સમર્થનમાં કોઈ દલીલ રજૂ કરવી જોઈએ ! અલ્લાહ તઆલા આગળ ઉપર દલીલ વર્ણન કરે છે.

અને (એવો મઅબૂદ) જે તમારા બધાનો મઅબૂદ બનવાને પાત્ર છે, તે એક જ (સાચો) મઅબૂદ છે. તેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી. દયાળુ

છે, કૃપાળુ છે (અને કોઈપણ તેના સિવાય આ ખાસિયતોમાં સંપૂર્ણ નથી હોઈ શકતો. તે એક માત્ર જ ઈબાદતને પાત્ર છે.) નિઃશંક ! આસમાનો અને જમીનો બનાવવામાં અને રાત અને દિવસના વારાફરતી આવવામાં અને જહાજો (ચાલવા)માં કે, જે માણસોના લાભની વસ્તુઓ લઈને સમંદરોમાં ચાલે છે અને (વરસાદના) પાણીમાં જેને અલ્લાહે આસમાનથી વરસાવ્યું પછી તેનાથી જમીનને તેના સુકાઈ ગયા પછી હરિયાળી કરી. (એટલે કે તેમાં વનસ્પતિ પૈદા કરી) અને (વનસ્પતિથી) દરેક પ્રકારના પ્રાણીઓ આ (પૃથ્વી) ઉપર ફેલાવી દીધા (કારણ કે, પ્રાણીઓનું જીવન અને તેમનો વંશ-વેલો આ વનસ્પતિના ખોરાક ઉપર જ અવલંબિત છે.) અને હવાઓના (દિશાઓ અને ગતિ) બદલવામાં (કે ક્યારેક હવા ગરમ છે, તો ક્યારેક ઠંડી, તો ક્યારેક ભેજવાળી, તો ક્યારેક તેજ રફતાર તોફાની પવનો, તો ક્યારેક મંદ-મંદ) અને વાદળો(ના અસ્તિત્વ)માં કે પૃથ્વી અને આકાશ વચ્ચે અલ્લાહના હુકમને આધીન (અધ્ધર) રહે છે. (આ બધી વસ્તુઓમાં તૌહીદની) દલીલો (મૌજૂદ) છે. તે લોકોના માટે (કે) જેઓ (સદ્)બુદ્ધિ ધરાવે છે.

મસ્અલા અને બોધપાઠ :

તૌહીદનો વિસ્તૃત અર્થ :

وَاِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ અલ્લાહની તૌહીદના વિવિધ પ્રકારો અને અનેક સ્વરૂપો છે. દાખલા તરીકે અલ્લાહ એકમાત્ર જ છે. એટલે કે, સમગ્ર બ્રહ્માંડમાં તેનો સમકક્ષ કે તેના સમોવડીયો કોઈ જ નથી અને ન જ કોઈ તેની સરખામણીમાં છે. એટલા માટે "વાહિદ" કહેડાવવાનો અધિકાર એકમાત્ર તેને જ છે.

બીજું એ કે, ઈબાદતના લાયક તેના સિવાય કોઈ જ નથી. ઈબાદતની પાત્રતા અને અધિકાર એકમાત્ર તેનો જ છે.

ત્રીજું એ કે, તે એક જ છે. એટલે કે તેના છૂટા-છવાયા વિભાગો નથી અને તે માનવો કે પ્રાણીઓ જેમ અવયવો ધરાવતો નથી અને ન જ તો તેને વિવિધ વિભાગો અને શક્તિઓમાં વહેંચી શકાય છે.

ચોથું એ કે, તે એક જ છે. એટલે કે, આદિથી અનાદિ સુધી તે એકમાત્ર છે. તેની કોઈ શરૂઆત કે અંત નથી. તે ત્યારે પણ મૌજૂદ હતો જ્યારે તેની

બનાવેલી કોઈ વસ્તુ ન હતી અને ત્યારે પણ મૌજૂદ હશે કે જ્યારે કોઈ વસ્તુ અસ્તિત્વ ધરાવતી નહીં હોય. એટલા માટે "વાહિદ" કહેડાવવાનો અધિકાર ફક્ત તેનો જ છે. આમ, તૌહીદ એટલે કે વાહિદ હોવાની બધી જ ખાસિયતો એકમાત્ર અલ્લાહમાં જ સમાવિષ્ટ છે.

(જસ્સાસ)

ત્યાર પછી અલ્લાહ તઆલાના "વાહિદે હકીકી" હોવાની કેટલીક દલીલો સૃષ્ટિમાંથી બતાવવામાં આવી છે. જેને દરેક વિદ્વાન અને અભણ પણ સમજી શકે છે કે, આસમાન અને જમીનની ઉત્પત્તિ તથા રાત અને દિવસના કાયમી અને વ્યવસ્થિત ફેરફારો તેની સંપૂર્ણ કુદરત અને તૌહીદની સ્પષ્ટ દલીલ છે કે આ વસ્તુઓના સર્જન અને તેના અસ્તિત્વમાં કોઈ અન્ય શક્તિની કોઈ દખલગીરી નથી.

એ જ પ્રમાણે પાણી ઉપર જહાજોનું ચાલવું તે કુદરતની ઘણી મોટી નિશાની છે કે પાણીને અલ્લાહ તઆલાએ એક એવું પ્રવાહી બનાવ્યું કે તેમાં કોઈપણ ભારે વસ્તુ ડૂબી જાય છે, પરંતુ લાખો ટન માલ લઈને મોટા–મોટા વજનદાર જહાજો પૂર્વથી પશ્ચિમ સુધી માલની હેરાફેરી કરે છે અને તેને ચલાવવા માટે હવાઓનું ચાલવું પછી તેની હિકમત પ્રમાણે તેની દિશા અને ગતિનું બદલાતું રહેવું, એ બાબતની નિશાની છે કે આ બધી વસ્તુઓને પૈદા કરનાર અને ચલાવનાર કોઈ અત્યંત જાણકાર અને હિકમતવાળો છે. જો પાણીમાં તારક શક્તિ ન હોય તો જહાજો દ્વારા ટ્રાન્સપોર્ટેશનનું આ કામ શક્ય ન બન્યું હોત. આ તારક શક્તિને પણ હવાઓ દ્વારા વેગ આપવામાં આવે છે ! આમ, જહાજો લાંબા–લાંબા અંતરો કાપે છે. કુર્આન શરીફે આ વિષયને આ રીતે વર્ણવ્યો છે.

اِنْ يَّشَاْ يُسْكِنِ الرِّيْحَ فَيَظْلَلْنَ رَوَاكِدَ عَلٰى ظَهْرِهٖ،

"જો અલ્લાહ તઆલા ઈચ્છે તો હવાઓને શાંત કરી દે અને આ જહાજો સમંદરોની સપાટી ઉપર ઊભા જ રહી જાય." (૪૨:૩૩)

بِمَا يَنْفَعُ النَّاسَ ના શબ્દથી ઈશારો કરવામાં આવ્યો કે, દરિયાઈ જહાજોમાં એક દેશનો સામાન બીજા દેશમાં લાવવા–લઈ જવામાં સામાન્ય માણસોને ઘણો

જ લાભ મળે છે કે જેનું વર્ણન કરવું મુશ્કેલ છે. આ લાભ દરેક યુગમાં દરેક સમયે દરેક દેશમાં નવી નવી ક્રાંતિઓ સર્જે છે.

એ જ પ્રમાણે આસમાનોથી પાણી ટીપું ટીપું કરીને એવી રીતે વરસાવવામાં આવે છે જેનાથી નુકસાન નથી પહોંચતું. જો તે રેલા સ્વરૂપે આવતું હોત તો માણસો અને પ્રાણીઓ તથા સર–સામાન બધું પાણીમાં વહી જાત ! પરંતુ એવું નથી થતું બલકે, પાણી જમીન ઉપર વરસ્યા પછી જમીન ઉપર તેને સુરક્ષિત રાખવું મનુષ્યની ક્ષમતા બહારની વાત છે. જો કહી દેવામાં આવે કે દરેક વ્યક્તિ પોત–પોતાનો છ–છ મહિનાનો પાણીનો કોટો લઈને સંગ્રહી લે, તો વિચારો ! તે કઈ રીતે શક્ય બને ? અને જો કદાચ સંગ્રહી લે તો આ પાણીને ગંદું થવાથી કે બગડવાથી કઈ રીતે બચાવી શકાશે? માટે કુદરતે આ વ્યવસ્થા પોતે કરી આપી. ઈરશાદ છે,

فَاَسْكَنّٰهُ فِى الْاَرْضِ وَاِنَّا عَلٰى ذَهَابٍ م بِهٖ لَقٰدِرُوْنَ ۝

"અમે જ પાણીને જમીનમાં થોભાવ્યું, જો કે અમે તેને ખતમ કરી નાંખવા ઉપર પણ શક્તિમાન હતા." (૨૩:૧૮)

પરંતુ કુદરતે પાણીને પૃથ્વી ઉપર વસવાટ કરતા વ્યક્તિઓ અને પ્રાણીઓ માટે ખુલ્લા તળાવો અને સરોવરોમાં ભેગું કરી દીધું અને ક્યાંક પહાડો ઉપરથી વહેતા ઝરણાં અને નદીઓ દ્વારા તો ક્યાંક જમીનના અંદરના પોલાણોમાં ઉતારી દીધું. પછી એક એવી કુદરતી પાઈપલાઈન પૃથ્વીના પેટાળમાં ફેલાવી દીધી કે, જ્યાં પણ, જે વ્યક્તિ પણ, ચાહે જમીનમાં કુવો ખોદી પાણી કાઢી લે છે, તદુપરાંત આ જ પાણીની એક ઘણી મોટી માત્રાને બરફ બનાવી ઊંચા ઊંચા પહાડોની ટોચે થોભાવી દીધી, જ્યાં તે સડવાથી કે ખરાબ થવાથી સુરક્ષિત રહે છે અને ધીમે ધીમે પીગળીને જમીનની ભીતર કુદરતી પાઈપ લાઈન દ્વારા સમગ્ર પૃથ્વીના પેટાળમાં વહેતું રહે છે. મતલબ કે, ઉપરોક્ત આયતમાં કુદરતની સંપૂર્ણતાના અમુક નમૂનાઓ વર્ણન કરી તૌહીદને સાબિત કરવામાં આવી છે. મુફસ્સિર ઉલમાએ આ બધી બાબતો ઉપર વિસ્તૃત છણાવટ કરી છે. કુર્તુબી અને જસ્સાસમાં વધુ વાંચવા વિનંતી.

———————

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૬૫)

وَمِنَ النَّاسِ مَنْ يَّتَّخِذُ مِنْ دُوْنِ اللّٰهِ اَنْدَادًا يُّحِبُّوْنَهُمْ كَحُبِّ اللّٰهِ ؕ وَالَّذِيْنَ
اٰمَنُوْٓا اَشَدُّ حُبًّا لِّلّٰهِ ؕ وَلَوْ يَرَى الَّذِيْنَ ظَلَمُوْٓا اِذْ يَرَوْنَ الْعَذَابَ ۙ اَنَّ الْقُوَّةَ لِلّٰهِ
جَمِيْعًا ۙ وَّاَنَّ اللّٰهَ شَدِيْدُ الْعَذَابِ ﴿١٦٥﴾

તરજુમો :

અને કેટલાક લોકો અલ્લાહ સિવાય કોઈ અન્યને ભાગીદાર બનાવી તેમનાથી (એટલી) મહોબ્બત કરે છે જેવી રીતે કે અલ્લાહથી મહોબ્બત (કરવી જોઈએ); અને જે લોકો ઈમાન લાવ્યા, (તેમને) અલ્લાહની મહોબ્બત સૌથી વધુ છે; અને જો તે જાલિમો જોઈ લે (તે સમયને); જ્યારે અઝાબ જોઈ લેશે, કે તમામ શક્તિઓ માત્ર અલ્લાહની જ છે અને બેશક ! અલ્લાહનો અઝાબ ઘણો સખત છે. (૧૬૫)

તફસીર :

આયત નં. ૧૬૪માં તૌહીદની સ્પષ્ટતા હતી. હવે, આ આયતમાં મુશ્રિકોની ભૂલો અને તેના ઉપર ચેતવણીઓનું વર્ણન કરવામાં આવે છે.

અને એક માણસ તે (પણ) છે જે અલ્લાહ તઆલા સિવાય બીજાઓને (ખુદાઈમાં) ભાગીદાર ઠરાવે છે (અને તેમને પોતાના મઅબૂદ માને છે.) એમનાથી એવી મહોબ્બત રાખે છે જેવી કે, અલ્લાહથી (મહોબ્બત રાખવી) જરૂરી છે. (આ હાલત તો મુશ્રિકોની છે) અને જેઓ મો'મિન છે તેમને (ફક્ત) અલ્લાહ તઆલા સાથે ગાઢ મહોબ્બત છે. (કારણ કે, કોઈ મુશ્રિકને એવી જાણ થઈ જાય કે, મારો મઅબૂદ મને કંઈક નુકસાન પહોંચાડશે, તો તરત જ તેનો પ્રેમનો સંબંધ તૂટી જાય છે અને તેનાથી વિપરીત મો'મિન અલ્લાહ તઆલાને જ નફો અને નુકસાન પહોંચાડનાર હોવાનું ઈમાન ધરાવે છે. એટલે નુકસાન પહોંચવાની પરિસ્થિતિમાં પણ તે અલ્લાહની મરજીથી રાજી રહે છે અને તેમની મહોબ્બત કાયમ રહે છે. વળી, મુશ્રિકો સખત તકલીફોના સમયે પોતાના

મઅબૂદોને છોડી દે છે, જ્યારે મો'મિનો ઈમાનના કારણે સખત તકલીફોના સમયે અને વિપરીત પરિસ્થિતિઓમાં પણ અલ્લાહ ઉપર ભરોસો રાખી સાબિત કદમ -મજબૂત રીતે વળગી- રહે છે.) અને કેટલું સારૂં થાત જો આ જાલિમો (મુશ્રિકો) જ્યારે (દુનિયામાં) કોઈ મુસીબતને જુએ તો (તે મુસીબતના કારણો ઉપર વિચાર કરીને) એવું સમજી લે કે બધી જ શક્તિ ફક્ત અલ્લાહ માટે જ છે (અને અન્ય સૌ અલ્લાહ તઆલાની સામે લાચાર છે. એટલા માટે આ મુસીબતને ન તો કોઈ રોકી શકે છે, ન જ કોઈ ટાળી શકે છે અને ન જ એવા સમયે કોઈ અન્ય મદદકર્તા બની શકે છે.) અને (આ સખત મુસીબત ઉપર વિચાર કરીને) એ (સમજી લે) કે, અલ્લાહ તઆલાનો અઝાબ (આખિરતમાં કે જે બદલો મેળવવાનું સ્થળ છે) સખત હશે, (તો આમ વિચાર કરવાથી ઘડી કાઢવામાં આવેલા મઅબૂદોના ઈન્કાર કરી અલ્લાહની કુદરત અને અજમતને સ્વીકારી તૌહીદ અને ઈમાન અપનાવી લે).

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૬૬-૧૬૭)

اِذْ تَبَرَّاَ الَّذِيْنَ اتُّبِعُوْا مِنَ الَّذِيْنَ اتَّبَعُوْا وَرَاَوُا الْعَذَابَ وَ تَقَطَّعَتْ بِهِمُ
الْاَسْبَابُ ﴿١٦٦﴾ وَقَالَ الَّذِيْنَ اتَّبَعُوْا لَوْ اَنَّ لَنَا كَرَّةً فَنَتَبَرَّاَ مِنْهُمْ كَمَا تَبَرَّءُوْا مِنَّا ؕ
كَذٰلِكَ يُرِيْهِمُ اللّٰهُ اَعْمَالَهُمْ حَسَرٰتٍ عَلَيْهِمْ ؕ وَمَا هُمْ بِخٰرِجِيْنَ مِنَ النَّارِ ﴿١٦٧﴾ ع

તરજુમો :

જ્યારે તે લોકો જેમની તાબે'દારી કરવામાં આવી હતી તે (આગેવાનો), અનુયાયીઓ (તાબે'દારી કરનાર લોકો)થી બેઝાર (અળગા) થઈ જશે, અને તેઓ અઝાબને જોઈ લેશે, અને તેમના બધા જ સંબંધો (માધ્યમો) કપાઈ જશે. (૧૬૬) અને તે અનુયાયીઓ કહેશે, કાશ ! અમને બીજીવાર (દુનિયામાં પાછા ફરવાની તક મળે) તો અમે તેમનાથી (એવી જ રીતે) બેઝારી (અલગાવ) જાહેર કરીએ, જેવી રીતે તેમણે અમારાથી બેઝારી જાહેર કરી; એવી જ રીતે અલ્લાહ તઆલા તેમના કૃત્યો તેમને હસરત

(અફસોસ–પસ્તાવો) બનાવીને બતાવશે; અને તેઓ આગમાંથી નીકળી શકવાના નથી. (૧૬૭)

તફસીર :

આ આયતમાં અઝાબ અને આખિરતની કઠોર પરિસ્થિતિનો ઉલ્લેખ કરીને ફરમાવ્યું છે.

(અને અઝાબની કડકાઈ તે વખતે ખબર પડશે) જ્યારે કે (આ મુશિરકોમાંથી) તેઓ (આગેવાનો) અળગા થઈ જશે તેમનાથી, જેઓ તેમના કહેવા પ્રમાણે ચાલતા હતા અને તેઓ બધા (સામાન્ય લોકો તથા ખાસ લોકો) અઝાબને પ્રત્યક્ષ નિહાળી લેશે અને પરસ્પર એમનામાં જે સંબંધો હતા (એટલે કે, આગેવાનોની આગેવાની અને અનુયાયીઓની તાબે'દારી) તે સમયે બધા જ (સંબંધો) કપાઈ જશે (જેવી રીતે દુનિયામાં પણ જોવામાં આવે છે કે, કોઈ ગુનાહમાં ઘણા બધા ગુનેગારો શામિલ અને સહમત હોય છે પરંતુ જ્યારે મુકદમો ચાલે છે ત્યારે બધા જ પોત પોતાની રીતે પોતાનો બચાવ શોધે છે. ત્યાં સુધી કે, અમુક સમયે તો એકબીજાને ઓળખવાથી પણ ઈન્કાર કરી દે છે.) અને (જેઓ) અનુયાયીઓ (આ પ્રમાણે પોતાના આગેવાનોની મક્કારી અને ગદ્દારી જોશે તો ચીડાઈને) એવું કહેવા લાગશે, કેવી રીતે અમને બધાને (દુનિયામાં) બસ એક વખત જવાની તક મળે ? જેથી અમે પણ તેમનાથી (એટલો બદલો લઈ લઈએ કે જો તેઓ અમને તેમના અનુયાયી બનાવવાની કોશીષ કરે તો તેમનાથી) એવા જ સ્પષ્ટ (સાફ શબ્દોમાં જવાબ આપીને) અળગા થઈ જઈએ. જેવી રીતે કે (આજે) તેઓ અમારાથી સ્પષ્ટ રીતે અલગ થઈ ગયા (અને કહી આપીએ કે તમે તે જ લોકો છો જે ખરા સમયે મોઢું ફેરવી લો છો ! હવે અમારો તમારી સાથે કોઈ સંબંધ નથી. અલ્લાહ તઆલા ફરમાવે છે કે, તેમની યોજનાઓથી અને તેમના વિચારવાથી કંઈ જ થવાનું નથી.) અલ્લાહ તઆલા આવી જ રીતે તેમના દુષ્કૃત્યોને ફક્ત પસ્તાવો (અને અફસોસ) બનાવીને તેમને બતાવશે અને તેઓ (આગેવાનો અને અનુયાયીઓ બધા) દોઝખથી નીકળવા નહિ પામે. (કારણ કે, શિર્કની સજા કાયમી ધોરણે જહન્નમની આગ છે.)

———————————

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૬૮–૧૬૯)

يَآ اَيُّهَا النَّاسُ كُلُوْا مِمَّا فِي الْاَرْضِ حَلٰلًا طَيِّبًا ۖ وَّلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ۚ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿۱۶۸﴾ اِنَّمَا يَاْمُرُكُمْ بِالسُّوْٓءِ وَالْفَحْشَآءِ وَاَنْ تَقُوْلُوْا عَلَى اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ ﴿۱۶۹﴾

તરજુમો :

હે લોકો ! પૃથ્વીમાં જે હલાલ અને પાક (પવિત્ર વસ્તુઓ) છે, તમે ખાઓ ! અને શયતાનની પૈરવી કરી (તેના) પગલે ન ચાલો; બેશક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે. (૧૬૮) તે તમને ફક્ત બુરાઈ અને બેહયાઈ (નિર્લજ્જતા)નો હુકમ આપે છે અને (શયતાન) એ (હુકમ પણ આપે છે) કે તમે અલ્લાહ વિશે (એલફેલ) કહો જે તમે નથી જાણતા. (૧૬૯)

તફસીર :

(અમુક મુશ્રિકો મૂર્તિઓના નામે જાનવરો છૂટા મૂકતા હતા અને તે પ્રાણીઓથી લાભ ઉઠાવવાને તે જાનવરોના માન–મર્યાદા વિરૂદ્ધ સમજતા હતા અને પોતાના આ કૃત્યને તેમના જૂઠા મઅબૂદોનો હુકમ સમજતા હતા અને આ જાનવરોને મૂર્તિઓની નજદીકી (નિકટતા) પ્રાપ્ત કરવા માટેનો વસીલો (માધ્યમ) સમજતા હતા. અલ્લાહ તઆલા તેમના આ ખોટા કૃત્યના અનુસંધાનમાં હુકમ ફરમાવે છે.)

હે લોકો ! જે વસ્તુઓ જમીનમાં ઉપલબ્ધ છે તેમાંથી (શરીઅતની રૂએ) હલાલ અને પવિત્ર વસ્તુઓ (બાબત પરવાનગી આપવામાં આવે છે કે તેને) ખાઓ ! અને (તેમાંથી કોઈ હલાલ વસ્તુને એવું સમજીને ખાવાનું ન છોડી આપો કે તેનાથી અલ્લાહ રાજી થશે. આ બધી શયતાની માન્યતાઓ છે. તમે) શયતાનના પગલે ન ચાલો, શયતાન તો તમારો ખુલ્લો દુશ્મન છે (કે આવા–આવા વિચારો અને માન્યતાઓથી તમને નુકસાન અને બુરાઈઓમાં રચ્યા–પચ્યા રાખશે અને દુશ્મન હોવાના કારણે) તે તમને એ જ વાતોનું શિક્ષણ આપશે જે (શરીઅતની રૂએ) ગંદી અને બેશરમીની છે અને એ (પણ શિક્ષણ આપશે) કે અલ્લાહ તઆલા વિશે (તમે) એવી વાતો કરો કે જેનું તમને જ્ઞાન

નથી. (દાખલા તરીકે અમને અલ્લાહ તઆલાએ જ આવું કરવાનો હુકમ આપ્યો છે વગેરે.)

મસ્અલા અને બોધપાઠ :

حَلاَلاً طَيِّبًا શબ્દ حَلَّ નો મૂળ અર્થ "ગાંઠ ખોલવા"નો થાય છે. "દરેક વ્યક્તિ માટે હલાલ કરવામાં આવી" એટલે એક ગાંઠ ખોલવામાં આવી અને તેના ઉપરનો પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો. હઝરત સહલ બિન અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે, "છુટકારો ત્રણ બાબતો ઉપર અવલંબિત છે. એક હલાલ ખોરાક ખાવો, બીજું ફરજો અદા કરવી અને ત્રીજું રસૂલુલ્લાહ ﷺની સુન્નતોની તાબે'દારી કરવી" અને શબ્દ طَيِّبٌ નો અર્થ પવિત્ર (પાકીઝા) હોવાનો થાય છે. જેમાં શરીઅતની રૂએ હલાલ હોવું પણ શામિલ છે અને તે ખોરાક સ્વાભાવિક અને પાકૃતિક રીતે પણ આકર્ષક હોય છે.

خُطُوَاتِ તે خَطْوَةٌ નું બહુવચન છે. આટલા અંતરને خَطْوَةٌ કહેવામાં આવે છે જે બંને પગો વચ્ચેનું અંતર છે, خُطُوَاتٌ નો અર્થ શયતાની કૃત્યો અને તેનું આચરણ છે.

اَلسُّوْءِ وَالْفَحْشَاءُ માં سُوْء તે બાબત છે જેને જોઈને બુદ્ધિશાળી અને સમજદાર માણસને દુઃખ થાય. فَحْشَاءُ એટલે બેહયાઈ અને બેશરમીનું કામ, અમુક લોકોએ કહ્યું છે કે, આ સ્થળે سُوْء નો અર્થ ચિર્કાળ ગુનાહ અને فحشاء નો અર્થ મહાપાપ (ગુનાહે કબીરા) છે. اِنَّمَا يَاْمُرُكُمْ માં શયતાનનો હુકમ કરવાનો અર્થ દિલમાં વસવસો નાંખવો છે, જેમકે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (રદિ.)ની હદીષમાં છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "આદમ (અલૈ.)ની ઔલાદના દિલમાં એક શયતાની ઈલ્હામ અને અસર હોય છે અને ફરિશ્તાઓ તરફથી પણ આવા જ ઈલ્હામ હોય છે. શયતાનના વસવસા (ભ્રમ)નો દુષ્પ્રભાવ એવો પડે છે કે, ખરાબ કામો કરવાના ફાયદાઓ અને લાભો નજરે પડે છે અને સચ્ચાઈને જૂઠાડવાના રસ્તાઓ ખુલી જાય છે, જ્યારે ફરિશ્તાઓના ઈલ્હામનો સારો પ્રભાવ એ હોય છે કે ભલાઈ અને નેકી ઉપર ઈનામ અને સફળતાનો વાયદો તથા સચ્ચાઈના સમર્થનથી દિલમાં સંતોષ અને શાંતિ પૈદા થાય છે."

મસ્અલો :

સાંઢ (ગાય) વગેરે જે મૂર્તિઓના નામ ઉપર છૂટા મૂકવામાં આવે છે. એવી જ રીતે કોઈ જાનવર જેમકે મરઘી, બકરો વગેરે કોઈ વડીલ અથવા અલ્લાહ સિવાય કોઈ (ગયરૂલ્લાહ)ના નામ ઉપર છોડવામાં આવે છે. તેના હરામ હોવાનો હુકમ હવે પછીની ચાર આયતો પછી આવનાર وَمَآ اُهِلَّ لِغَيۡرِ اللّٰهِમાં છે. આ આયત يٰٓاَيُّهَا النَّاسُમાં એવા જાનવરો હરામ હોવાનો નકાર કરવાનું મંજૂર નથી, જેમકે અમુક લોકોને શંકા થઈ ગઈ છે બલકે, તેનો હેતુ આવા કૃત્યને હરામ જાહેર કરવાનો અને તેની મનાઈ કરવાનો છે. ગયરૂલ્લાહની નિકટતા અને અમીદષ્ટિ પ્રાપ્ત કરવા તેમના નામ ઉપર જાનવરો છોડવા અને એ કૃત્યને ગયરૂલ્લાહની બરકત અને નજદીકી પ્રાપ્ત કરવાનું કૃત્ય સમજવું અને તેવા જાનવરોને ખાવા અને તેનાથી લાભ ઉઠાવવાને પોતાના માટે હરામ કરી લેવું અને આવી બાબતને કાયમી હરામ સમજવું વગેરે નાજાઈઝ છે અને આવા કૃત્યો કરવા ગુનોહ છે.

આ આયતનો હેતુ એ છે કે જે જાનવરો અલ્લાહ તઆલાએ હલાલ બનાવ્યા છે તેને મૂર્તિઓ અથવા ગયરૂલ્લાહના નામ ઉપર છોડીને હરામ બનાવવામાં ન આવે બલકે, તેમને પોતાની નૈસર્ગિક પરિસ્થિતિ ઉપર રાખી ખાવા–પીવામાં આવે. જો અજ્ઞાનતાના કારણે આવી કોઈ હરકત થઈ ગઈ હોય તો તેની સુધારણાની નિય્યત સાથે ઈમાનની તજદીદ (નવીનીકરણ) કરે અને તૌબા કરી આવા જાનવરોને પોતાના માટે હરામ કરવાનું છોડી આપવામાં આવે. આવી જ રીતે તે જાનવરોના સન્માન ખાતર તેને પોતાના માટે હરામ કરવા પણ ગુનોહ છે, હા ! ગયરૂલ્લાહના નામ ઉપર આવા જાનવરો છોડી દેવાથી તે મુરદાર અને નાપાક હોવાના હુકમમાં આવી જશે અને નાપાકીના કારણે તેનું હરામ હોવું સાબિત થઈ ચૂક્યું છે.

મસ્અલો :

એ પણ સ્પષ્ટ થઈ ગયું કે, જો કોઈ વ્યક્તિએ અજ્ઞાનતા અને ગફલતના કારણે કોઈ જાનવરને ગયરૂલ્લાહના નામ ઉપર છોડી દીધું, તો તેની તૌબા એ જ છે કે તે પોતાના માટે આ જાનવર હરામ હોવાની માન્યતા દિલમાંથી કાઢી નાંખે

અને આ કૃત્યથી તૌબા કરે, તો તેનો માંસ વગેરે હલાલ થઈ જશે. વલ્લાહુ અઅલુમ, ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૭૦-૧૭૧)

وَ اِذَا قِيْلَ لَهُمُ اتَّبِعُوْا مَآ اَنْزَلَ اللّٰهُ قَالُوْا بَلْ نَتَّبِعُ مَآ اَلْفَيْنَا عَلَيْهِ اٰبَآءَنَا ؕ
اَوَلَوْ كَانَ اٰبَآؤُهُمْ لَا يَعْقِلُوْنَ شَيْـًٔا وَّ لَا يَهْتَدُوْنَ ۝١٧٠ وَمَثَلُ الَّذِيْنَ كَفَرُوْا كَمَثَلِ
الَّذِىْ يَنْعِقُ بِمَا لَا يَسْمَعُ اِلَّا دُعَآءً وَّ نِدَآءً ؕ صُمٌّۢ بُكْمٌ عُمْىٌ فَهُمْ لَا يَعْقِلُوْنَ ۝١٧١

તરજુમો :

અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે, જે અલ્લાહે ઉતાર્યું તેની પૈરવી (અનુસરણ) કરો; તેઓ કહે છે ! બલકે, અમે તો અમારા બાપ-દાદાને જેના ઉપર જોયા તેની પૈરવી કરીશું, ભલેને પછી તેમના બાપ-દાદા (પૂર્વજો) કંઈજ સમજતા ન હોય! અને હિદાયત (સીધા માર્ગ) ઉપર પણ ન હોય ! (૧૭૦) અને જે લોકોએ કુફ્ર કર્યું તેમનું ઉદાહરણ એ લોકોની હાલત જેવું છે કે જેઓ એવા પ્રાણીઓને પોકારે છે, જેઓ પોકારવાના અને બૂમ-બરાડાના અવાજ સિવાય કંઈ જ નથી સાંભળતા; તેઓ બહેરા, મૂંગા, (અને) આંધળા છે, બસ તેઓ કંઈજ સમજતા નથી. (૧૭૧)

તફસીર :

અને જ્યારે તે (મુશ્રિક) લોકોને કહેવામાં આવે છે કે, અલ્લાહ તઆલાએ જે હુકમ (પોતાના પયગમ્બર પાસે) મોકલ્યો છે, તેના ઉપર ચાલો તો (જવાબમાં) કહે છે (કે નહીં) બલકે, અમે તો તે (પદ્ધતિ) ઉપર ચાલીશું, જેના ઉપર અમે પોતાના પૂર્વજોને જોયા છે. (કારણ કે, આ લોકોએ તે જ પદ્ધતિ અપનાવી હતી જે તેમને અલ્લાહ તરફથી મળી હતી. અલ્લાહ તઆલા તેને રદ કરીને ફરમાવે છે) શું (દરેક પરિસ્થિતિમાં આ લોકો પોતાના પૂર્વજોની પદ્ધતિ ઉપર જ ચાલશે ?) ભલે તેમના બાપ-દાદા (દીનની) કંઈજ સમજ ન ધરાવતા

હોય અને ન જ (કોઈ આસમાની કિતાબની) હિદાયત રાખતા હોય. وَمَثَلُ الَّذِيْنَ كَفَرُوْا كَمَثَلِ الَّذِى (الى قوله) فَهُمْ لَا يَعْقِلُوْنَ અને આ કાફિરોની (બુદ્ધિહીનતાની) પરિસ્થિતિ એવી છે (કે) તેઓ (તે જાનવર) જેવા છે (જેનું વર્ણન ઉપરના ઉદાહરણમાં કરવામાં આવ્યું છે) કે, એક વ્યક્તિ છે તે એવા (પ્રાણી)ની પાછળ બૂમ-બરાડા પાડી રહ્યો છે, જે ફક્ત બૂમ-બરાડા અને ચિચિયારીઓ સિવાય કંઈજ સાંભળતું નથી. (એવી જ રીતે) આ કાફિરો (પણ જાહેરી વાતચીત તો સાંભળે છે પરંતુ કામની વાતથી બિલકુલ) બહેરા છે (જાણે કે સાંભળતા જ નથી), મૂંગા છે (ક્યારેય ઈમાનની સત્ય વાત તેમની જીભ ઉપર આવતી જ નથી), આંધળા છે (કારણ કે, નફો-નુકસાન નજરે ચડતું જ નથી) બસ, (જ્યારે બધી જ ઈન્દ્રિયો નકામી થઈ ચૂકી છે, તો) સમજવા (સમજાવવાથી) કંઈજ પ્રાપ્ત નહીં થાય.

મસ્અલા અને બોધપાઠ :

આ આયતમાં જેવી રીતે બાપ-દાદાઓ (પૂર્વજો)નું આંધળું અનુસરણ કરવાની ટીકા કરવામાં આવી છે, એવી જ રીતે જાઈઝ તકલીદ (અનુસરણ) અને તાબે'દારીની શરતો સહિત તેનું વ્યવસ્થિત માળખું પણ રજૂ કરવામાં આવ્યું છે, જે તરફ બે શબ્દોમાં ઈશારો કરવામાં આવ્યો છે لَا يَعْقِلُوْنَ અને لَا يَهْتَدُوْنَ કારણ કે, આ બાબતથી સ્પષ્ટ થયું કે ઈસ્લામ અને ઈમાન વિરૂદ્ધ વિચારસરણી ધરાવનાર બાપ-દાદઓનું અનુસરણ અને તાબે'દારી કરવાની મનાઈ કરવામાં આવી છે કારણ કે, તેઓમાં ન તો અક્કલ હતી અને ન જ હિદાયત ! હિદાયતનો અર્થ તે હુકમો છે, જે અલ્લાહ તઆલા તરફથી સ્પષ્ટ અને ખુલ્લમ-ખુલ્લી રીતે નાઝિલ કરવામાં આવ્યા અને અક્કલનો અર્થ છે તે માધ્યમો જે ઈજતેહાદ (કુર્આન-હદીષનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી મસ્અલાઓ અને ઈસ્લામિક શરીઅતના કાયદા-કાનૂન બનાવવા), સહીહ હદીષો વગેરે દ્વારા પ્રાપ્ત થાય છે.

ગુમરાહ પૂર્વજોની પૈરવી અને અનુસરણ યોગ્ય ન હોવાનું કારણ એ છે કે, ન તો તેમની પાસે અલ્લાહ તઆલા તરફથી નાઝિલ થયેલા કોઈ હુકમો છે અને ન જ એવી કોઈ ક્ષમતા છે કે, અલ્લાહ તઆલાના હુકમો અને ફરમાનોથી કોઈ શરીઅત બનાવી શકે. આ બાબતમાં ઈશારો આપવામાં આવ્યો છે કે, જે વિદ્વાન

(આલિમ) વિશે વ્યક્તિ પોતે સંતુષ્ટ થઈ જાય કે તેની પાસે કુર્આન અને સુન્નતનું જ્ઞાન છે અને તેને ઈજતેહાદનો દરજ્જો પણ પ્રાપ્ત થયો છે એટલે કે, જે બાબત વિશે કુર્આન અને સુન્નતમાં ખુલ્લા હુકમો ન હોય તે હુકમોને કુર્આન અને સુન્નતના માપદંડ વડે કયાસ (અનુમાન) દ્વારા બતાવી શકે છે, તો એવા આલિમ અને મુજતહિદની તકલીદ (તાબે'દારી–અનુસરણ) કરવી જાઈઝ છે. આવું અનુસરણ કરવાનો હેતુ તે આલિમની તાબે'દારી કે તકલીદ કરવા માટે નથી, પરંતુ એટલા માટે તેમનું અનુસરણ કરવાનું છે કે, તે અલ્લાહના હુકમોની તાબે'દારી કરે અને કરાવે છે. ક્યારેક આપણે સીધે–સીધા અલ્લાહના હુકમથી વાકેફ નથી થઈ શકતા, તેવા સમયે કોઈ આલિમનું અનુસરણ કરવું જરૂરી હોય છે, જેથી અલ્લાહ તઆલાના હુકમ ઉપર અમલ થઈ શકે.

અજ્ઞાનતાપૂર્ણ (જહાલત) તકલીદ (અનુસરણ) અને વિદ્વાન (આલિમ) મુજ્તહિદની તકલીદમાં તફાવત :

ઉપરોક્ત બાબતથી આ સ્પષ્ટ થયું કે, જે લોકો ઈમામો અને મુજતહિદોની તકલીદ (અનુસરણ)નો વિરોધ કરે છે તેઓ પોતાની દલીલમાં આ આયત રજૂ કરે છે હાલાં કે પોતે તેના અર્થ અને હેતુથી વાકેફ પણ હોતા નથી.

ઈમામ કુર્તુબી (રહ.)એ આ આયતની તફસીરમાં લખ્યું છે કે, ''આ આયતમાં બાપ–દાદાની તકલીદ (અનુસરણ) કરવાની મનાઈનું જે વર્ણન છે તેનો અર્થ બાતિલ અકીદાઓ (ખોટી માન્યતાઓ) અને ખોટા કૃત્યો કે, જેમાં બાપ–દાદા (પૂર્વજો)ની તકલીદ કરવામાં આવતી હોય તેની મનાઈ છે. સાચી માન્યતાઓ અને સહીહ અકીદાઓ તથા નેક કાર્યોની તકલીદ આ આયતમાં શામિલ નથી.'' જેમકે, હઝરત યૂસુફ અલૈ.ના કલામ (વાર્તાલાપ)માં બંને બાબતોનો ખુલાસો સૂરએ યૂસુફમાં આ રીતે આવ્યો છે,

اِنِّیْ تَرَكْتُ مِلَّةَ قَوْمٍ لَّا یُؤْمِنُوْنَ بِاللّٰهِ وَهُمْ بِالْاٰخِرَةِ هُمْ كٰفِرُوْنَ وَاتَّبَعْتُ مِلَّةَ اٰبَآئِیْ

اِبْرٰهِیْمَ وَ اِسْحٰقَ وَیَعْقُوْبَ،

''મેં તે લોકોની મિલ્લત (ધર્મ) છોડી દીધી, જે અલ્લાહ ઉપર ઈમાન નથી રાખતા અને જેઓ આખિરતના ઈન્કારી છે અને મેં તાબે'દારી કરી પોતાના

બાપદાદા ઈબ્રાહીમ, ઈસ્હાક અને યાકૂબ (અલૈ.)ની." (૧૨:૩૭–૩૮)

આ આયતથી સંપૂર્ણપણે સાબિત થઈ ગયું કે, બાપ–દાદાઓ (પૂર્વજો)ની તકલીદ અને તાબે'દારી બાતિલ અને હરામ કામોમાં કરવાની મનાઈ કરવામાં આવી છે, સારા અને નેક કામોમાં તો પૂર્વજોની તકલીદ કરવી જ જોઈએ બલકે, તે જરૂરી છે.

ઈમામ કુર્તુબી (રહ.)એ આ આયત નીચે મુજતહિદ ઈમામોની તકલીદ સંબંધિત અમુક મસ્અલાઓ અને હુકમોનો ઉલ્લેખ કર્યો છે. તેઓ ફરમાવે છે,

تَعَلَّقَ قَوْمٌ بِهٰذِهِ الْاٰيَةِ فِیْ ذَمِّ التَّقْلِيْدِ (اِلٰی) وَهٰذَا فِی الْبَاطِلِ صَحِيْحٌ اَمَّا التَّقْلِيْدُ فِی الْحَقِّ فَأَصْلٌ مِّنْ اُصُوْلِ الدِّيْنِ وَعِصْمَةٌ مِّنْ عِصَمِ الْمُسْلِمِيْنَ يَلْجَأُ اِلَيْهَا الْجَاهِلُ الْمُقَصِّرُ عَنْ دَرْکِ النَّظْرِ،

(قرطبی، ص ۱۹۴ ج ۲)

"અમુક લોકોએ આ આયતને તકલીદની ટીકા સ્વરૂપે રજૂ કરી છે, તે બાતિલની બાબતોમાં તો સાચી છે, પરંતુ સચ્ચાઈની બાબતમાં તકલીદ સાથે તેને કોઈ સંબંધ નથી. સચ્ચાઈમાં તકલીદ કરવી તો દીનનો સિદ્ધાંત (નિયમ) છે જે (દીનનો) કાયદેસરનો પાયો છે તથા મુસલમાનો માટે દીનના રક્ષણનું ઘણું જ મોટું માધ્યમ છે. જે વ્યક્તિ ઈજતેહાદની ક્ષમતા ધરાવતો નથી તે દીન વિશે તકલીદ ઉપર જ ભરોસો રાખે છે."

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૭૨–૧૭૩)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ وَ اشْكُرُوْا لِلّٰهِ اِنْ كُنْتُمْ اِيَّاهُ
تَعْبُدُوْنَ ﴿۱۷۲﴾ اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ وَمَآ اُهِلَّ بِهٖ لِغَيْرِ
اللّٰهِ ۚ فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّ لَا عَادٍ فَلَآ اِثْمَ عَلَيْهِ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۱۷۳﴾

તરજુમો :

હે ઈમાનવાળાઓ ! જે અમે તમને પવિત્ર વસ્તુઓ આપી છે તેમાંથી તમે ખાઓ, અને અલ્લાહનો આભાર (શુક્ર) માનો, જો ફક્ત તમે તે (અલ્લાહ)ની જ ઈબાદત કરતા હો ! (૧૭૨) વાસ્તવમાં તમારા માટે હરામ કર્યું છે મૃત (પ્રાણીઓ), અને (વહેતું) લોહી, અને ડુક્કર (ભૂંડ–સુવ્વર)નું માંસ, અને જે (જાનવર) ઉપર અલ્લાહ સિવાય અન્ય કોઈનું નામ લેવામાં આવ્યું હોય; હા, જે લાચાર (મજબૂર) થઈ જાય પરંતુ સરકશી (અતિરેક) કરનારો ન હોય અને મર્યાદા ઓળંગનારો ન હોય તો તેને કોઈ ગુનોહ નથી; બેશક ! અલ્લાહ બક્ષનાર (ક્ષમા કરનાર) દયાળુ છે. (૧૭૩)

તફસીર :

ઉપર પવિત્ર ખોરાક વિશે મુશ્રિકોની ભૂલ બતાવવામાં તેમની સુધારણાનો હેતુ હતો. આગળ ઈમાનવાળાઓને આ વાતથી જ્ઞાત કરવામાં આવ્યા છે કે, તેઓ આવી ભૂલ કરીને મુશ્રિકો જેવું કામ કરવા ન લાગે. આ અનુસંધાને ઈમાનવાળાઓને પોતાના ઈનામોનું વર્ણન કરીને તે ઈનામોના બદલામાં અલ્લાહનો આભાર અને શુક્રિયા માનવાની તા'લીમ આપવામાં આવી છે.

હે ઈમાનવાળાઓ ! (અમારા તરફથી તમને પરવાનગી છે કે,) જે (શરીઅતની રૂએ) પવિત્ર વસ્તુઓ અમે તમને અર્પણ કરી છે તેમાંથી (જે ઈચ્છો તે) ખાઓ ! (પીઓ) અને (તે પરવાનગીની સાથે આ હુકમ છે કે,) અલ્લાહ તઆલાની શુક્રગુજારી કરો. (મૌખિક રીતે પણ અને શારીરિક રીતે તેના હુકમો ઉપર અમલ કરીને પણ અને દિલથી આ નેઅ્મતો અલ્લાહ તરફથી જ છે એવું સમજીને પણ) જો તમે તેમની સાથે ગુલામીનો સંબંધ રાખતા હોય (અને સંબંધ હોવો જાહેર અને સ્પષ્ટ બાબત છે બસ, તો તેનો શુક્રિયા અદા કરો).

ઉપર એ બાબતનું વર્ણન હતું કે, હલાલને હરામ ન કરો. આગળ એવી સૂચના પ્રસ્તુત છે કે હરામને હલાલ ન સમજો. જેમકે, મુશ્રિકો એવી બાબતમાં સપડાયેલા હતા. દાખલા તરીકે, મૃત પ્રાણીઓ અને એવા જાનવરો કે જે અલ્લાહ સિવાય અન્યના નામ લઈને ઝબહ કરવામાં આવ્યા હોય મુશ્રિકો તેને આરોગતા

હતા. એટલા માટે આવું કરવાની મનાઈ કરવામાં આવી. અને તે જ સંદર્ભમાં એવું પણ બતાવી દેવામાં આવ્યું કે, અલ્લાહ તઆલા નજીક ફલાણા–ફલાણા જાનવરો હરામ છે અને તેના સિવાય અન્ય જાનવરોને પોતાની રીતે હરામ ઠરાવી લેવું ભૂલ છે અને આ બાબતથી પાછળ વર્ણન થઈ ચૂકેલા વિષયનું સમર્થન પણ થઈ ગયું.

અલ્લાહ તઆલાએ તમારા ઉપર ફક્ત (તે વસ્તુઓને) હરામ કરી છે (અને એ વસ્તુઓને હરામ નથી કરી જેને તમે પોતાની જાતે હરામ કરી લીધી છે. જેમકે, અગાઉ વર્ણન થઈ ચૂક્યું. અલ્લાહે હરામ કરેલા પ્રાણીઓ આ પ્રમાણે છે.) મૃત (પ્રાણીઓ)ને (જે પ્રાણી કુદરતી રીતે મરી ગયું હોય અને જે પ્રાણી ભલે ઝબહ કરવામાં આવ્યું હોય પરંતુ શરઈ પદ્ધતિ પ્રમાણે ઝબહ ન થયું હોય તો તે પણ મૃત પ્રાણી છે.) અને લોહીને (જે વહે છે) અને સુવ્વરના માંસને, (એવી જ રીતે તેના શરીરના બધા જ અવયવો અને વસ્તુઓને) અને એવા જાનવરોને જે અલ્લાહ સિવાય અન્યના નામ ઉપર છોડવામાં આવ્યા હોય. (આ બધા નિઃશંક હરામ કરવામાં આવ્યા છે.) પછી પણ (તેમાં એટલી સરળતા કરવામાં આવી છે કે,) જે વ્યક્તિ (ભૂખથી ઘણો જ) લાચાર થઈ જાય શરત એ છે કે, ન તો (ખાવામાં) રસ હોય અને ન જ (ખાવામાં અતિરેક કરી) મર્યાદા ઓળંગે તો (આવી પરિસ્થિતિમાં તે વસ્તુઓને ખાવામાં પણ) આ વ્યક્તિ ઉપર કોઈ ગુનોહ નહિ થાય. બેશક, અલ્લાહ તઆલા ઘણો જ મા'ફ કરનારો અને દયાળુ છે. (કે આવા કપરા સમયે એવી રહમત ફરમાવી છે કે, ગુનાહની વસ્તુઓમાંથી પણ ગુનોહ ઉઠાવી લીધો.)

મસ્અલા અને બોધપાઠ :

હલાલ ખાવાની બરકતો અને હરામ ખાવાની નહૂસત (દુષ્પ્રભાવ):

ઉપરોક્ત આયતમાં જેવી રીતે હરામ ખાવાની મનાઈ કરવામાં આવી છે, એવી જ રીતે હલાલ પવિત્ર વસ્તુઓ ખાવાની અને તેના બદલામાં અલ્લાહનો શુક્ર અદા કરવાની પ્રેરણા આપવામાં આવી છે. કારણ કે, જેવી રીતે હરામ ખાવાથી દુષ્કૃત્યો કરવાની ઈચ્છા પેદા થાય છે અને ઈબાદતનો રસ તથા તેનો શોખ મરી પરવારે છે, દુઆઓ કબૂલ થતી નથી, એવી જ રીતે હલાલ ખાવાથી દિલમાં એક

પ્રકારનું નૂર પેદા થાય છે, દુષ્કૃત્યોથી ધૃણા અને નફરત પૈદા થાય છે, સદ્‌કાર્યો કરવાની ઉત્કંઠા જાગે છે, ઈબાદતમાં દિલ લાગે છે, ગુનાહથી દિલ ગભરાય છે, દુઆ કબૂલ થાય છે. એટલા માટે અલ્લાહ તઆલાએ પોતાના બધા રસૂલોને એવી હિદાયત કરી કે,

يَآَيُّهَاالرُّسُلُ كُلُوْامِنَ الطَّيِّبَاتِ وَاعْمَلُوْاصَالِحًا ط

"હે રસૂલો (અ.સ.) ! તમે પવિત્ર વસ્તુઓ ખાઓ અને નેક અમલો કરો." (૨૩:૫૧)

તેમાં ઈશારો છે કે, નેક અમલો કરવામાં હલાલ રોઝીનો હાથ રહેલો છે, એવી જ રીતે દુઆ કબૂલ થવામાં હલાલ ખોરાક મદદરૂપ થાય છે, જ્યારે હરામ ખોરાક દુઆ કબૂલ થવામાં અવરોધરૂપ છે. રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "ઘણા લોકો લાંબી મુસાફરીમાં, મુસીબતોમાં સપડાયેલા હોવાના કારણે અલ્લાહ સામે દુઆ માટે હાથ ફેલાવે છે અને યા રબ ! યા રબ ! પુકારે છે, પરંતુ તેમનું ખાવું હરામ ! તેમનું પીવું હરામ ! તેમના કપડાં હરામ ! તેમનો ખોરાક હરામ ! આવી પરિસ્થિતિમાં તેમની દુઆ ક્યાંથી કબૂલ થઈ શકે છે ?!"

(સહીહ મુસ્લિમ, તિરમિઝી, અજ ઈબ્ને કષીર)

اِنَّمَا حَرَّمَ માં اِنَّمَا "ફક્ત"ના અર્થમાં આવે છે. એટલા માટે આયતનો અર્થ એ થયો કે, અલ્લાહ તઆલાએ ફક્ત તે ચીજો જ હરામ કરી છે, જેનું આગળ ઉપર વર્ણન કરવામાં આવ્યું છે. તેના સિવાય કશું હરામ નથી. આ આયતમાં તો શબ્દ اِنَّمَا થી તે તરફ ઈશારો થયો અને બીજી આયતમાં તેનાથી વધારે સ્પષ્ટ રીતે એ પણ આવ્યું છે કે, قُلْ لَّآ اَجِدُفِيْمَا اُوْحِيَ اِلَيَّ مُحَرَّمًاعَلٰى طَاعِمٍ (الآية) (૬:૧૪૫) તેમાં રસૂલુલ્લાહ ﷺને સંબોધન કરીને આ હુકમ આપવામાં આવ્યો છે કે, આપ ﷺ એ'લાન કરી આપો કે મારી વહીમાં ફક્ત અમુક બાબતો સિવાય કે જેનું વર્ણન ઉપર આવી ગયું છે તેના સિવાય કોઈ વસ્તુ હરામ નથી.

પરંતુ અહીંયાં એક શંકા ઉપસ્થિત થઈ શકે છે કે કુર્આનની અન્ય આયતો અને નબી ﷺની હદીષોમાં અત્રે ઉલ્લેખવામાં આવેલી વસ્તુઓ સિવાય અન્ય ઘણી બધી વસ્તુઓને હરામ સાબિત કરવામાં આવી છે તો અહીંયાં ફક્ત આટલી જ વસ્તુઓને હરામ કરવાનો શું અર્થ છે ?

તેનો જવાબ એ છે કે, અહીંયાં કોઈ બધા હરામ અને બધા હલાલનું વર્ણન નથી. બલકે, અમુક વિશેષ પ્રાણીઓ અને વસ્તુઓ હરામ હોવાનું વર્ણન છે, જેના વિશે મક્કાના મુશ્રિકો પોતાની મુશ્રિકાના (અલ્લાહની ઝાત અને સિફાતમાં ભાગીદાર ઠરાવતી વિચારસરણી) માન્યતાઓ અને અકીદાઓ દ્વારા ભૂલો કર્યા કરતા હતા. અગાઉની આયતમાં તેની સ્પષ્ટતા આવી ચૂકી છે કે, ઘણા હલાલ પ્રાણીઓને મુશ્રિકો હરામ સમજતા હતા અને પોતાના માટે હરામ ઠરાવી લેતા હતા અને તે બાબતનો વિરોધ કરવામાં આવ્યો હતો, તેના બદલે અહીંયાં એવું બતાવવામાં આવ્યું છે કે, અલ્લાહ નજીક ફલાણા-ફલાણા પ્રાણીઓ હરામ છે જેનાથી તમે પરહેઝ નથી કરતા અને જે અલ્લાહ તઆલા નજીક હલાલ છે તેનાથી પરહેઝ કરો છો. અહીંયાં "ફક્ત"નો ઉપયોગ કરવામાં આવ્યો નથી બલકે, વિશેષ સ્વરૂપે મુશ્રિકોની માન્યતાઓના અનુસંધાનમાં આવું દર્શાવવામાં આવ્યું છે.

આગળ આ આયતમાં જે વસ્તુઓને હરામ ઠરાવવામાં આવી છે તે ચાર વસ્તુઓ છે. એક મૃત પ્રાણી (મુરદાર), બીજું વહેતું લોહી, ત્રીજું સુવ્વરનું માંસ અને ચોથું તે જાનવર જેના ઉપર ગયરૂલ્લાહનું નામ લેવામાં આવ્યું હોય. પછી ચારે વસ્તુઓનો વિશેષ ખુલાસો કુર્આન મજીદે બીજી આયતો અને સહીહ હદીષો દ્વારા કર્યો છે, જેને મેળવીને આ ચારે વસ્તુઓ માટેના હુકમો નીચે પ્રમાણે છે. આ વિષયને અમુક અંશે વિગતવાર દર્શાવીએ છીએ.

મૃત પ્રાણી (મુરદાર) :

જેને ગુજરાતીમાં "મૃત" કહેવામાં આવે છે, આ મુરદાર તે જાનવર છે જેના હલાલ હોવા માટે શરીઅતની રૂએ તેને શરઈ પદ્ધતિથી હલાલ (ઝબહ) કરવું જરૂરી હોય છે પરંતુ જો કોઈ હલાલ પ્રાણી આપોઆપ મરી જાય અથવા ગળું દબાવીને મારી નાંખવામાં આવે અથવા કોઈ પ્રકારની ગૈરશરઈ પદ્ધતિથી ઝખ્મી કરીને મારી નાંખવામાં આવે, તો તે મુરદાર અને હરામ છે.

કુર્આન શરીફે બીજી આયત أُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ "તમારા માટે દરિયાના પાણીનો શિકાર અને તેનું ખાવું હલાલ છે" થી દરિયાઈ જાનવરો માટે ઝબહ કરવાની શરત લગાવી નથી. તેઓ ઝબહ કર્યા વિના પણ જાઇઝ છે. આ જ કારણે

સહીહ હદીષોમાં માછલી, તીડ (Locust) વગેરે મુરદાર પ્રાણીઓની વ્યાખ્યામાં આવતા નથી અને તે હલાલ ઠરાવવામાં આવ્યા છે. રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું કે, "અમારા માટે બે મુરદાર હલાલ કરવામાં આવ્યા છે. એક માછલી અને બીજું તીડ અને બે પ્રકારનું લોહી હલાલ કરવામાં આવ્યું છે. એક કલેજું (યકૃત) અને (બીજું) તિહાલ (બરોળ-Spleen)."

(ઈબ્ને કષીર, અહમદ, ઈબ્ને માજહ, દારે કુતની)

સ્પષ્ટ થયું કે, પ્રાણીઓમાંથી માછલી અને તીડ ઝબહ કર્યા વિના હલાલ છે. ભલે, તે પોતે મરી જાય અથવા કોઈના મારવાથી મરી જાય ! અલબત્ત જે માછલી સડી જવાના કારણે આપોઆપ પાણીની સપાટી ઉપર આવી જાય છે તો તે હરામ છે.

(જસ્સાસ)

એ જ પ્રમાણે તે જાનવરો જે સરળતાથી કાબૂમાં આવી શકતા નથી અને તેમને સરળતાથી ઝબહ કરી શકવામાં તકલીફ પડે છે, જો તેમને "બિસ્મિલ્લાહ" પઢીને તીર અથવા ધારદાર હથિયાર વડે ઝખ્મી કરવામાં આવે તો તે ઝબહ કર્યા વિના હલાલ છે, પરંતુ ફક્ત ઝખ્મી કરવું પૂરતું નથી. બલકે, કોઈ ખૂબ જ તેજ ધારદાર હથિયારથી ઝખ્મી કરવાની શરત છે.

મસ્અલો :

બંદૂકની ગોળીથી કોઈ જાનવર ઝબહ કરતા પહેલાં મૃત્યુ પામે તો તે એવું જ છે જેમકે કોઈ જાનવર લાકડી અથવા પથ્થર મારવાથી મરી જાય, જેને કુર્આન શરીફની બીજી આયતમાં مَوْقُوْذَةٌ કહેવામાં આવ્યું છે અને હરામ ઠરાવવામાં આવ્યું છે. હા ! જો તેને મરી જતાં પહેલાં ઝબહ કરી લેવામાં આવે તો તે હલાલ થઈ જશે.

મસ્અલો :

આજકાલ બંદૂકની ગોળી અણીદાર પણ બનાવવામાં આવે છે, તેના વિશે અમુક ઉલમાનો અભિપ્રાય છે કે તે તીરના હુકમમાં આવે છે પરંતુ જમહૂર (લગભગ બધા જ) ઉલમાનો મત છે કે, બંદૂકની ગોળી તીર જેવું અણીદાર હથિયાર નથી. બલકે, ગંધક અને બારૂદના મિશ્રણની શક્તિથી આગળ વધતો

ધાતુનો ટૂકડો છે, જેનાથી શિકારનો માંસ ફાટી જાય છે. જો બારૂદ ન હોય તો આ ધાતુના ટૂકડાની એવી ધાર નથી હોતી કે જેના પ્રહારથી જાનવર ઝખ્મી થઈ જાય. એટલા માટે આવા જાનવરનો શિકાર પણ ઝબહ કર્યા વિના હલાલ નથી.

મસ્અલો :

ઉપરોક્ત આયતમાં બધી જ મૃત વસ્તુઓને હરામ ઠરાવવામાં આવી છે. એટલા માટે જેવી રીતે તેનું માંસ ખાવો હરામ છે એવી જ રીતે તેને વેચવો અને, ખરીદવો પણ હરામ છે. તેનાથી લાભ ઉઠાવવો પણ હરામ છે. અહીંયાં સુધી કે મુરદાર જાનવરો અથવા કોઈ નાપાક વસ્તુ પોતાના જાનવરોને ઈરાદાપૂર્વક ખવડાવવું પણ જાઈઝ નથી. હા ! આવી વસ્તુઓ જો એવી જગ્યાએ મૂકી દેવામાં આવે કે, જ્યાંથી કૂતરો–બિલાડી પોતે ખાઈ લે તો તે જાઈઝ છે, પરંતુ પોતાની જાતે તેને ઉઠાવીને ખવડાવવું જાઈઝ નથી.

(જસ્સાસ, કુર્તુબી વગેરે)

મસ્અલો :

આ આયતમાં મુરદારના હરામ હોવાના સર્વમાન્ય હુકમો સ્પષ્ટ થાય છે જેમાં મૃત પ્રાણીના શરીરના બધા જ ભાગો અને અવયવો શામિલ છે પરંતુ બીજી આયતમાં તેનો ખુલાસો عَلٰى طَاعِمٍ يَطْعَمُهٗ ના શબ્દોથી કરવામાં આવ્યો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે, મૃત પ્રાણીના તે અવયવો અને ભાગો હરામ છે જે ખોરાક તરીકે ઉપયોગ કરવાપાત્ર હોય છે. એટલા માટે મૃત પ્રાણીના હાડકાં અને બાલ કે જે ખોરાક તરીકે ઉપયોગવામાં આવતા નથી, તે પાક છે અને તેનો ઉપયોગ જાઈઝ છે. કુર્આન શરીફની આયત وَمِنْ اَصْوَافِهَا وَاَوْبَارِهَا وَاَشْعَارِهَآ اَثَاثًا وَّ مَتَاعًا اِلٰى حِيْنٍ (૧૬:૮૦)માં આવા જાનવરોના બાલને જાઈઝ અને લાભ ઉઠાવવાપાત્ર બતાવ્યા છે અને તેમાં ઝબહ કરવાની શરત લગાવી નથી.

(જસ્સાસ)

મૃત (મુરદાર) જાનવરના ચામડાં ઉપર લોહી અને અન્ય નાપાકી લાગેલી હોય છે એટલે તે પકવતા પહેલાં હરામ છે. હા ! જો ચામડાંને પકવવામાં આવે તો હલાલ અને જાઈઝ છે અને સહીહ હદીષમાં તેનો વધારે ખુલાસો પ્રસ્તુત છે.

(જસ્સાસ)

મસ્અલો :

મૃત (મુરદાર) પ્રાણીની ચરબી અને કોઈપણ વસ્તુની બનાવટમાં તેનો વપરાશ કરવો અથવા એવી વસ્તુ વાપરવી પણ હરામ છે. તેનો ઉપયોગ કોઈપણ રીતે જાઇઝ નથી અને તેને ખરીદવું–વેચવું પણ જાઈઝ નથી.

મસ્અલો :

યુરોપ વગેરેથી આવેલી વસ્તુઓ જેમકે, સાબુ વગેરે જેમાં મૃત પ્રાણીની ચરબીનો વપરાશ હોય છે તેનાથી બચવું જરૂરી છે, પરંતુ જો કોઈ વસ્તુની બનાવટમાં મૃત પ્રાણીની ચરબીનો ઉપયોગ થયો હોવાનું ચોક્કસ રીતે ખબર ન હોય તો આવી પરિસ્થિતિમાં થોડીક ગુંજાઇશ છે. વળી, એ કારણથી પણ કે અમુક સહાબએ કિરામ (રદિ.) જેમકે ઇબ્ને ઉમર, અબૂ સઈદ ખુદરી, અબુ મૂસા અશઅરી (રદિ.)એ મૃત જાનવરની ચરબીને ફક્ત ખાવા માટે ઉપયોગમાં લેવાને હરામ સમજ્યું છે. તે સિવાય અન્ય ઉપયોગમાં લેવું જાઈઝ કહ્યું છે. એટલા માટે તેમણે તેના ખરીદવા–વેચવાને પણ જાઈઝ ઠરાવ્યું છે.

(જસ્સાસ)

મસ્અલો :

દૂધનું પનીર બનાવવામાં એક વસ્તુનો ઉપયોગ થાય છે, જેને અરબી ભાષામાં اِنْفَحَة (Rennet)કહેવામાં આવે છે. આ વસ્તુ જાનવરના પેટમાંથી કાઢવામાં આવે છે અને તેને દૂધમાં ભેળવવાથી દૂધ બાઝી જાય છે. હવે, જો આ જાનવર અલ્લાહના નામથી ઝબહ કરવામાં આવ્યું હોય તો તેના ઉપયોગમાં કોઈ વાંધો નથી. ઝબહ થયેલા જાનવરના માંસ, ચરબી અને અન્ય તમામ ભાગો હલાલ છે પરંતુ જે જાનવરને શરીઅતની રૂએ ઝબહ કરવામાં નથી આવ્યું અને આ પદાર્થ જાનવરના પેટમાંથી લેવામાં આવે તો એમાં ફકીહોનો મતભેદ છે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા (રહ.) અને ઈમામ માલિક (રહ.) તેને પાક અને હલાલ ઠરાવે છે પરંતુ ઈમામ અબૂ યૂસુફ અને ઈમામ મુહમ્મદ તથા ઈમામ ષૌરી (રહ.) વગેરે તેને નાપાક કહે છે.

(જસ્સાસ, કુર્તુબી)

યુરોપ અને અન્ય ગૈરઈસ્લામી દેશોમાં જે પનીર બનાવવામાં આવે છે તેમાં ઈસ્લામી પદ્ધતિથી જાનવરને ઝબહ કરવાની શક્યતા ઘણી ઓછી રહેલી છે. એટલા માટે જમહૂર ફુક્હાના અભિપ્રાય પ્રમાણે તેનાથી બચવું જરૂરી છે. ઈમામે આ'ઝમ (રહ.) અને ઈમામ માલિક (રહ.)ના મત પ્રમાણે તેમાં ગુંજાઈશ છે. હા! યુરોપથી આવનાર અમુક પનીર એવું પણ હોય છે જેમાં સુવ્વરની ચરબીનો ઉપયોગ થાય છે અને તેની ફોર્મ્યુલા પૅકીંગના ડબ્બા ઉપર લખેલી હોય છે, તો તે સદંતર હરામ છે.

લોહી :

બીજી વસ્તુ જે આ આયતમાં હરામ કરવામાં આવી છે તે "લોહી" છે. શબ્દ دَمٌ નો અર્થ "લોહી" થાય છે. જેનો આ આયતમાં "મુતલક લોહી" માટે ઉપયોગ થયો છે પરંતુ સુરએ અન્આમની આયત (૬:૧૪૫)માં તેની સાથે مَسْفُوْحٌ શબ્દ પણ છે એટલે કે "વહેતું લોહી" હોવાની શરત કરવામાં આવી છે. اَوْدَمًامَسْفُوْحًا એટલા માટે ફુક્હાઓએ સર્વાનુમતે જે લોહી ગઠ્ઠા સ્વરૂપે હોય છે જેમકે "તલી" વગેરે, તો તેને હલાલ અને પાક ઠરાવ્યું છે.

મસ્અલો :

જ્યારે કે હરામ ફક્ત વહેનારું લોહી છે, તો જે લોહી જાનવરને ઝબહ કર્યા પછી માંસમાં ચોંટેલું રહી જાય છે, તે પાક છે. ફુક્હા, સહાબા (રદિ.), તાબિઈન (રહ.) અને ઉમ્મતના બધા ઈમામો આ વિશે એકમતે છે. એવી જ રીતે મચ્છર, માંખી, માંકડ વગેરેનું લોહી પણ નાપાક નથી, પરંતુ જો તેની માત્રા વધી જાય તો ધોઈ લેવું જરૂરી છે.

મસ્અલો :

જેવી રીતે લોહીનું ખાવું-પીવું હરામ છે એવી જ રીતે તેનો તે સિવાય અન્ય કામ માટે ઉપયોગ કરવો પણ હરામ છે અને જેવી રીતે બધી જ નાપાકીનું વેચવું, ખરીદવું અને તેનાથી નફો ઉઠાવવો હરામ છે એવી જ રીતે લોહીનું ખરીદવું-વેચવું પણ હરામ છે અને તેના દ્વારા થયેલી આવક પણ હરામ છે. કારણ કે, કુર્આનના શબ્દોમાં મુતલક دَمٌ ને હરામ ઠરાવવામાં આવ્યું છે. જેમાં તેના ઉપયોગના બધા જ પ્રકારો શામિલ છે.

બીમારને બીજાનું લોહી આપવાનો મસ્અલો :

આ મસ્અલાની તહકીક એ છે કે, માણસનું લોહી માણસના શરીરનો એક ભાગ છે અને જ્યારે તે બદનમાંથી કાઢી લેવામાં આવે તો તે નાપાક પણ છે. તેનો તકાદો તો એ જ હોવો જોઈએ કે, એક માણસનું લોહી બીજા વ્યક્તિના શરીરમાં ચઢાવવું બે કારણથી હરામ થાય. એક તો એટલા માટે કે, માણસના શરીરના દરેક ભાગોનું સન્માન કરવું જરૂરી છે અને આ રીતે એક વ્યક્તિનું લોહી બીજા વ્યક્તિના શરીરમાં ચઢાવવું માનવઅંગોના સન્માન વિરૂદ્ધ બાબત છે. બીજું એટલા માટે કે, લોહી નાપાક છે અને નાપાક વસ્તુઓનો ઉપયોગ નાજાઈઝ છે.

પરંતુ અમુક અનિવાર્ય પરિસ્થિતિ અને મજબૂરીની હાલતમાં શરીઅતે (ઈસ્લામે) આપેલી સહૂલતો અને છૂટછાટ ઉપર વિચાર કરીએ તો નીચે પ્રમાણે કેટલાક હુકમો સાબિત થશે.

પ્રથમ; લોહી જો કે, માણસના શરીરનું અંગ છે પરંતુ તેને અન્ય વ્યક્તિના શરીરમાં ચઢાવવા માટે જો માણસના શરીરના અવયવોને કાપકૂપ કે ઑપરેશન વગેરેની જરૂર ન પડે. ઈન્જૅક્શન દ્વારા માણસના શરીરમાંથી લોહી કાઢી બીજાના શરીરમાં ચઢાવવામાં આવે તો તેનું ઉદાહરણ દૂધ જેવું થઈ ગયું, જેમકે દૂધ માતાના શરીરમાંથી કોઈ કાપકૂપ કે ઑપરેશન વિના નીકળી બાળકના શરીરમાં પ્રવેશે છે અને બાળકના શરીરનો ભાગ બને છે. શરીઅતે (ઈસ્લામે) બાળકની આવશ્યકતાના કારણે માતાના દૂધને બાળકનો ખોરાક ઠરાવ્યો છે અને માતા ઉપર બાળકને દૂધ પીવડાવવું વાજિબ ઠરાવ્યું છે. જ્યાં સુધી તે બાળકના પિતાના નિકાહમાં રહે તેને દૂધ પીવડાવવું પડશે. હા ! જો તેના તલાક થઈ જાય તો તેને દૂધ પીવડાવવા માટે મજબૂર કરી શકાય નહીં. બાળકોને ખોરાક પૂરો પાડવો પિતાની જવાબદારી છે. ભલે તે કોઈ અન્ય સ્ત્રી પાસે દૂધ પીવડાવે અથવા તેની માતા સ્વેચ્છાએ જ દૂધ પીવડાવે, વળી તેણી તેનું કંઈ વળતર પણ લઈ શકે છે. કુર્આન શરીફમાં આ બાબતનો ખુલાસો મૌજૂદ છે.

فَاِنْ اَرْضَعْنَ لَكُمْ فَاٰتُوْهُنَّ اُجُوْرَهُنَّ

"જો તમારી તલાક પામેલી સ્ત્રીઓ તમારા બાળકને દૂધ પીવડાવે તો તેને વળતર અને બદલો આપી દો." (૬૫:૬)

ખુલાસો એ છે કે, દૂધ માણસના શરીરનો ભાગ હોવા છતાં આવશ્યકતા પ્રમાણે બાળકો માટે ઉપયોગ કરવાની છૂટ છે અને ઈલાજ માટે મોટાંઓ માટે પણ ઉપયોગ કરી શકાય છે. જેમકે, આલમગીરીમાં છે,

وَلَابَأْسَ بِأَن يَّسْعَطَ الرَّجُلُ بِلَبَنِ الْمَرْأَةِ وَيَشْرَبَهُ لِلدَّوَاءِ

(عالمگیری، ص ۴)

"તેમાં કોઈ વાંધો નથી કે, દવા તરીકે કોઈ વ્યક્તિના નાકમાં સ્ત્રીનું દૂધ નાંખવામાં આવે અથવા તેને પીવાના ઉપયોગમાં લેવામાં આવે."

(આલમગીરી, પેજ : ૪)

અને મુગની ઈબ્ને કદ્દામામાં આ મસ્અલાની વિસ્તૃત છણાવટ પ્રસ્તુત છે. જુઓ, (مُغْنِیْ كِتَابُ الصَّيد જિલ્દ : ૮, પેજ : ૬૦૨)

જો લોહીને દૂધ પ્રમાણે માની લેવામાં આવે તો તેમાં કશું ખોટું દેખાતું નથી. કારણ કે, લોહી પણ દૂધનું બદલાયેલું સ્વરૂપ જ છે અને માણસના શરીરનો એક ભાગ જ છે. તફાવત ફક્ત એ છે કે, દૂધ પાક છે અને લોહી નાપાક છે, તો લોહી હરામ હોવાનું પ્રથમ કારણ એટલે કે લોહીનું માણસના શરીરનું અવયવ હોવું —આ કારણ અત્રે રદ થાય છે. ફક્ત નાપાકીનો પ્રશ્ન રહી જાય છે તો ઈલાજ અને દવાની બાબતમાં અમુક ફુક્હાએ લોહીના ઉપયોગની પણ છૂટ આપી છે.

એટલા માટે એક વ્યક્તિનું લોહી બીજા વ્યક્તિના શરીરમાં ચઢાવવાનો શરઈ હુકમ એ જણાય છે કે, સામાન્ય પરિસ્થિતિમાં તે જાઈઝ નથી, પરંતુ ઈલાજ અને દવા તરીકે તેનો મજબૂરી અને લાચારીની પરિસ્થિતિમાં ઉપયોગ કરવો કોઈપણ જાતની શંકા વગર જાઈઝ છે. મજબૂરીની હાલતનો અર્થ એ છે કે, બીમારનો જીવ ભયમાં હોય અને બીજી કોઈ દવાથી તેનો જીવ બચવાની કોઈ આશા ન હોય તથા લોહી આપવાથી તેનો જીવ બચી શકે એમ હોય તો આવી પરિસ્થિતિમાં અમુક શરતો સાથે લોહી આપવું કુર્આનની "નસ" (સ્પષ્ટ હુકમ પ્રણાલી) આધારે જાઈઝ છે. જેમકે લાચારીની હાલતમાં જીવ બચાવવા માટે મૃત પ્રાણી ખાવાની પરવાનગી ખુલ્લમ-ખુલ્લી રીતે આપવામાં આવી છે અને જો આવી લાચારીની હાલત ન હોય. બલકે, બીજી દવાઓથી કામ ચાલી શકે એમ

હોય તો એવી પરિસ્થિતિમાં આ મસ્અલો બદલાય જશે. જેમકે, અમુક ફુક્હા એવો મત ધરાવે છે, અને અમુક નાજાઈઝ કહે છે. જેની વિસ્તૃત છણાવટ ફિક્હની કિતાબોમાં મૌજૂદ છે. (વલ્લાહુ અઅલમુ, ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.)

સુવ્વર (ડુક્કર) સદંતર હરામ છે :

ત્રીજી વસ્તુ જે આ આયતમાં હરામ કરવામાં આવી છે, તે સુવ્વર (ડુક્કર)નું માંસ છે. આ આયતમાં સુવ્વરના હરામ હોવાની સાથે–સાથે તેનું માંસ હરામ હોવાની શરતનો ઉલ્લેખ થયો છે. ઈમામ કુર્તુબી (રહ.)એ ફરમાવ્યું કે, તેનો હેતુ માત્ર માંસને હરામ બતાવવાનો નથી. બલકે, આ આયત દ્વારા સુવ્વરના શરીરના બધા જ અવયવો જેમકે હાડકાં, ચામડું, બાલ વગેરે બધું જ સામૂહિક રીતે તમામ ઉમ્મતની સહમતી (ઈજ્માઅ)થી હરામ છે પરંતુ શબ્દ માંસ વધારીને એ તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે, ડુક્કર બીજા હરામ જાનવરો જેવું,. એટલે કે જે જાનવરો ઝબહ કરવાથી પાક થઈ શકે છે તેવું નથી બલકે, સુવ્વરનો માંસ ઝબહ કરવાથી પણ પાક થશે નહીં. તે "નજસુલ ઐન" (કાયમી ધોરણે દરેક પરિસ્થિતિમાં નાપાક) છે. હા ! ફક્ત ચામડું સીવવા માટે તેના બાલનો ઉપયોગ કરવો હદીષમાં જાઈઝ ઠરાવવામાં આવ્યો છે અને ઉમ્મતના ફુક્હા પણ આ બાબતે સહમત છે.

(જસ્સાસ, કુર્તુબી)

અલ્લાહ સિવાય અન્યના નામ (ગયરૂલ્લાહ) ઉપર છોડવામાં આવેલ જાનવરનો હુકમ :

ચોથી વસ્તુ આ આયતમાં જે હરામ ઠરાવવામાં આવી છે તે એ જાનવર છે, જે અલ્લાહના નામ સિવાય અન્યના નામ ઉપર છોડવામાં આવેલ હોય. જેના મુખ્ય ત્રણ સ્વરૂપો છે. પ્રથમ એ કે, કોઈ જાનવરને અલ્લાહના નામ સિવાય અન્યનું નામ લઈ ઝબહ કરવામાં આવે અને ઝબહ કરતી વખતે અલ્લાહ સિવાય જેના નામ ઉપર જાનવર કર્યું હોય તેનું નામ લઈ ઝબહ કરે. આવી પરિસ્થિતિમાં સર્વાનુમતે સમગ્ર ઉમ્મતના ઈજ્માઅથી આ જાનવર હરામ છે અને આ જાનવર મૃત પ્રાણી એટલે કે મુરદારના હુકમમાં આવે છે. એટલા માટે તેના શરીરના કોઈપણ ભાગથી ફાયદો ઉઠાવવો જાઈઝ નથી. કારણ કે, આવી પરિસ્થિતિમાં

આયત مَااُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ ની ખુલ્લી દલીલ આવેલ છે, જેમાં કોઈ મતભેદ નથી.

બીજો પ્રકાર એવો છે કે કોઈ જાનવરને અલ્લાહ સિવાય કોઈ અન્યની નજદીકી (નિકટતા) પ્રાપ્ત કરવા માટે ઝબહ કરવામાં આવે, એટલે કે તેનું લોહી વહાવવાનો હેતુ અલ્લાહ સિવાય જેનું નામ લેવામાં આવ્યું છે તેની નજદીકી પ્રાપ્ત કરવાનો હોય. પરંતુ ઝબહ કરવાના સમયે અલ્લાહના નામથી તેને ઝબહ કરવામાં આવે, જેમકે ઘણા અભણ મુસલમાનો બુઝુર્ગો અને પીરોના નામ ઉપર તેમની ખુશી પ્રાપ્ત કરવા માટે બકરાં, મરઘાં વગેરે ઝબહ કરે છે, પરંતુ ઝબહ કરતી વખતે તેના પર અલ્લાહનું જ નામ લે છે. આવી પરિસ્થિતિમાં પણ બધા જ ફુકહાએ સર્વ સહમતિથી તેને હરામ ઠરાવ્યું છે અને મૃત (મુરદાર) પ્રાણીના હુકમમાં જ કહ્યું છે.

પરંતુ હરામ હોવાની દલીલ માટે અમુક ફુકહાએ કારણો જુદા–જુદા આપ્યા છે. અમુક મુફસ્સિર ફુકહાએ તેને પણ مَااُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ ની દલીલ હેઠળ હરામ ઠરાવ્યું છે, જેમકે હવાશી અને બયઝાવીમાં છે.

فَكُلُّ مَانُوْدِىَ عَلَيْهِ بِغَيْرِ اسْمِ اللّٰهِ فَهُوَ حَرَامٌ وَاِنْ ذُبِحَ بِاسْمِ اللّٰهِ تَعَالٰى حَيْثُ اَجْمَعَ الْعُلَمَاءُ لَوْاَنَّ مُسْلِمًا ذَبَحَ ذَبِيْحَةً وَّقَصَدَ بِذِبْحِهِ التَّقَرُّبَ اِلٰى غَيْرِ اللّٰهِ صَارَ مُرْتَدًّاوَذَبِيْحَتُهٗ ذَبِيْحَةُ مُرْتَدٍّ،

"દરેક તે જાનવર જેને અલ્લાહ તઆલાના નામ સિવાય અન્યના નામ ઉપર કરી દેવામાં આવે તે હરામ છે; ભલે, ઝબહ કરતી વખતે અલ્લાહનું જ નામ લીધું હોય. એટલા માટે ફકીહ ઉલમાએ સર્વ સહમતિથી માન્યું છે કે કોઈપણ જાનવરને જે અલ્લાહ સિવાય અન્યની નજદીકી પ્રાપ્ત કરવા માટે જો કોઈ મુસલમાન ઝબહ કરે તો તે મુર્તદ થઈ જશે અને તેનું ઝબહ કરેલું, મુર્તદનું ઝબહ કરેલું કહેવાશે."

વળી, દુર્રે મુખ્તાર કિતાબુઝ્ઝબાએહમાં લખ્યું છે,

ذُبِحَ لِقُدُوْمِ الْاَمِيْرِوَنَحْوِهٖ كَوَاحِدٍ مِّنَ الْعُظَمَاءِ يَحْرُمُ لِاَنَّهٗ اُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ وَلَوْ ذُكِرَاسْمُ اللّٰهِ (وَاَقَرَّهُ الشَّامِى ص ٢١٤ ج ٥)

"કોઈ માલદાર અથવા મોટા વ્યક્તિના સ્વાગત માટે (જાનવર) ઝબહ કરે તો તે હરામ થશે. કારણ કે, તે مَاأُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰه માં જ શામિલ છે. ભલે, ઝબહ કરતી વખતે અલ્લાહનું જ નામ લેવામાં આવ્યું હોય અને શામીએ તેનું સમર્થન કર્યું છે."

અમુક લોકોએ જો કે, આ પરિસ્થિતિમાં مَاأُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰه ને ખુલ્લી દલીલ સમજી નથી. પરંતુ ભલે તે ઝબહ તો અલ્લાહના નામ પર જ કરવામાં આવે છે પણ તેમાં સુગ આવશે જ, કારણ કે તે અલ્લાહ સિવાય અન્યની નજદીકી મેળવવા માટે ગયરૂલ્લાહના નામ ઉપર અને તેને ખુશ કરવાની નિય્યતે છોડવામાં આવેલું જાનવર છે એટલે તે પણ مَاأُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰه ના હુકમમાં શામિલ કરીને હરામ ઠરાવવામાં આવ્યું છે. મુજ નાચીઝનું પણ આ જ અભિપ્રાયને સમર્થન છે અને આ જ મતને હું પણ સાચો સમજું છું.

વળી, આવી પરિસ્થિતિમાં હરામ હોવા માટે એક આગવી આયત પણ દલીલ સ્વરૂપે મૌજૂદ છે એટલે કે وَمَا ذُبِحَ عَلَى النُّصُبِ અહીંયાં نُصُبُ તે બધી જ વસ્તુઓને કહેવામાં આવે છે જેની ખોટી અને બાતિલ પદ્ધતિ પ્રમાણે પૂંજા કરવામાં આવે છે. એનો અર્થ એ છે કે જે જાનવર બાતિલ મઅબૂદો જેમકે નિર્જીવ મૂર્તિઓ અને સજીવ સાધુ–સંતો કે અન્યોના નામ ઉપર ઝબહ કરવામાં આવે છે તે બધા જ مَاأُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ ના ઉલ્લેખમાં શામિલ છે. તેનાથી સ્પષ્ટ થઈ જાય છે કે, مَاأُهِلَّ ખુલ્લમ–ખુલ્લી અને સ્પષ્ટ દલીલ છે કે, આ જ તે જાનવરો છે જે અલ્લાહના નામ સિવાય અન્યનું નામ લઈને ઝબહ કરવામાં આવ્યા હોય ! ذُبِحَ عَلَى النُّصُبِ તેના મુકાબલામાં આવ્યું છે જેમાં અલ્લાહ સિવાય અન્યનું નામ ઝબહ કરતી વખતે લેવાતું તો નથી પરંતુ મૂર્તિઓ વગેરેને રાજી કરવાની નિય્યતથી જે જાનવરોને ઝબહ કરવામાં આવે છે તે પણ મુરદાર અને મૃત પ્રાણીઓના હુકમમાં જ છે. મતલબ કે જે જાનવર ઝબહ તો અલ્લાહના નામ ઉપર કરવામાં આવ્યું છે પરંતુ અલ્લાહ સિવાય અન્યની ખુશી અને અમીદષ્ટિ પ્રાપ્ત કરવા તેના નામ ઉપર છોડીને ઝબહ કરવામાં આવ્યું છે તો તે પણ મુરદાર છે.

(ઈફાદાતે શૈખ હકીમુલ ઉમ્મત)

ઈમામ કુર્તુબી (રહ.)એ પોતાની તફસીરમાં આ જ બાબતને અપનાવી છે. તેમણે લખ્યું છે,

وَجَرَتْ عَادَةُ الْعَرَبِ بِالصِّيَاحِ بِاسْمِ الْمَقْصُوْدِ بِالذَّبِيْحَةِ وَغَلَبَ ذٰلِکَ فِیْ اِسْتِعْمَالِهِمْ حَتّٰی عَبَّرَ بِهٖ عَنِ النِّیَّةِ الَّتِیْ هِیَ عِلَّةُ التَّحْرِيْمِ

(تفسیر قرطبی ص۲۰۷ ج ۲)

"અરબ લોકોની આદત હતી કે, જેના માટે (જાનવર) ઝબહ કરવાનો હેતુ હોય ઝબહ કરવાના સમયે તેનું નામ મોટા અવાજે પોકારતા હતા અને તેમનામાં આ રિવાજ સામાન્ય હતો. અહીંયાં સુધી કે આ આયતમાં ગયરૂલ્લાહની નજદીકી પ્રાપ્ત કરવા માટે કે હરામ હોવાનું જે મૂળ કારણ છે તેમણે તેને હલાલ ગણી લીધું હતું."

ઈમામ કુર્તુબી (રહ.)એ પોતાની આ તહકીકનો આધાર સહાબએ કિરામ (રદિ.)માંથી બે વ્યક્તિઓ હઝરત અલી મુર્તુજા (રદિ.) અને હઝરત આયશા (રદિ.)ના ફતાવા ઉપર રાખ્યો છે.

હઝરત અલી (રદિ.)ના સમયમાં ફરઝદક નામના શાઈરના પિતા ગાલિબે એક ઊંટ ઝબહ કર્યું હતું, જેના ઉપર "ગયરૂલ્લાહ" (અલ્લાહ સિવાય અન્ય)નું નામ લેવાનો કોઈ ઉલ્લેખ ન હતો પરંતુ હઝરત અલી (રદિ.)એ તેને પણ مَـآ اُهِـلَّ بِـهٖ لِغَيْـرِ اللّٰهِમાં શામિલ કરીને હરામ ઠરાવ્યું અને બધા જ સહાબા (રદિ.)એ આ નિર્ણયનો સ્વીકાર કર્યો. એવી જ રીતે ઈમામ મુસ્લિમે (રહ.) શૈખ યહ્યા બિન યહ્યાની સનદથી હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ની એક લાંબી હદીષ નકલ કરી છે, જેમાં અંતે એક સ્ત્રીએ હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી સવાલ કર્યો કે, "હે ઉમ્મુલ મુઅમિનીન (મો'મિનોની માતા) ! અમારા અમુક દૂધભાઈ સગાઓ બિનઆરબ (અજમી) લોકોમાંથી છે અને તેમના ત્યાં તો દરરોજ કોઈને કોઈ તહેવાર હોય છે અને તેઓ પોતાના ઉત્સવોના દિવસે કંઈને કંઈ હદિયો અને તોહફો અમારી પાસે મોકલી આપે છે. અમે તેને ખાવાના ઉપયોગમાં લઈએ અથવા નહીં ?" હઝરત આયશા સિદ્દીકા (રદિ.)એ ફરમાવ્યું,

اَمَّامَا ذُبِحَ لِذٰلِکَ الْیَوْمِ فَلا تاکلُوْا وَلٰـکِنْ کُلُوْا مِنْ اَشْجَارِهِمْ،
(تفسیر قرطبی ص ۲۰۷ ج ۲)

"જે જાનવર તે ઈદ (ઉત્સવ)ના દિવસ માટે ઝબહ કરવામાં આવ્યું હોય તેને ન ખાઓ પરંતુ તેમના ઝાડોના ફળ વગેરે ખાઈ શકો છો."

મતલબ કે, આ બીજા પ્રકારમાં જેમાં નિય્યત તો ગયરૂલ્લાહની નજદીકી અને ખુશી પ્રાપ્ત કરવાની હોય પરંતુ ઝબહ કરવાના સમયે અલ્લાહનું નામ લેવામાં આવ્યું હોય તો પ્રથમ તો ગયરૂલ્લાહની નજદીકી પ્રાપ્ત કરવાના કારણે مَـااُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ ના હુકમમાં છે અને બીજી આયત وَمَـا ذُبِحَ عَلَى النُّصُبِ થી પણ દલીલ બને છે એટલા માટે હરામ છે.

ત્રીજું સ્વરૂપ એ છે કે કોઈ જાનવરના કાન કાપીને અથવા બીજી કોઈ નિશાની લગાવી ગયરૂલ્લાહના નામ ઉપર તેમની ઇજ્જત અથવા સન્માન માટે છોડી દેવામાં આવે અને ન તો તેનાથી કોઈ કામ લેવામાં આવે અને ન જ તેને ઝબહ કરવાનો ઈરાદો રાખે ! બલકે, તેના ઝબહ કરવાને હરામ સમજે, તો આ જાનવર مَـااُهِـلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ અને مَـا ذُبِحَ عَلَى النُّصُبِ બંનેમાં શામિલ નથી. બલકે, આ પ્રકારના જાનવરો "બહીરહ" અથવા "સાઈબહ" કહેવામાં આવે છે. તેનો હુકમ એ છે કે, આ કૃત્ય કુર્આનની રૂએ સદંતર હરામ છે, જેમકે આયત مَـاجَـعَـلَ اللّٰهُ مِنْ بَحِيْرَةٍ وَّلَا سَآئِبَةٍ માં ઈન્શાઅલ્લાહ વિગતવાર આવશે.

પરંતુ તેના આ હરામ અમલમાં જાનવરને હરામ સમજવાની માન્યતાથી આ જાનવર હરામ નથી થઈ જતું. બલકે, તે વ્યક્તિના હરામ સમજવાથી તેની ખોટી માન્યતા અને ખોટા અકીદાઓનું સમર્થન કરવાની અને તેને મજબૂત કરવાની નીતિ સ્પષ્ટ થાય છે એટલા માટે આવું જાનવર સામાન્ય જાનવરોની જેમ જ હલાલ છે.

પરંતુ શરીઅતના સિદ્ધાંત પ્રમાણે આ જાનવર પોતાના માલિકની મિલકત છે, પરંતુ તે ગલત અકીદાથી એવું સમજે છે કે, હવે આ જાનવર મારી મિલકતમાંથી નીકળીને જે ગયરૂલ્લાહના નામ ઉપર છોડીને વકફ કર્યું છે તેની મિલકતમાં ચાલ્યું ગયું છે, પરંતુ શરીઅતની રૂએ આ અકીદો બાતિલ છે. આ જાનવર કાયદેસર તેની જ મિલકત છે.

હવે, જો કોઈ વ્યક્તિ આવું જાનવર કોઈને વેચી દે અથવા હદિયો કરે તો તેના માટે આવું જાનવર હલાલ છે, જેમકે ઘણા હિન્દુઓ પોતાના દેવતાઓના નામ ઉપર ગાય, બકરી, મરઘાં વગેરેને પોતાની રીતે વકફ કરીને છૂટા મૂકી દે છે અને હિન્દુઓના પૂંજારીઓને તેનો અધિકાર આપી દે છે કે, તે પૂંજારીઓ આ જાનવરોનું જે ઇચ્છે તે કરે, ક્યારેક આ પૂંજારીઓ આવા જાનવરો મુસલમાનોને વેચી દે છે.

અથવા અમુક જાહિલ મુસલમાનો પણ અમુક મઝારો પર આવો જ અમલ કરે છે અને બકરા અથવા મરઘાં પીર–બાપુના નામ પર છોડી દે છે. તેઓ આ મઝારોના મુજાવરોને આ જાનવરોનો અધિકાર આપી દે છે, તે મુજાવરો આવા જાનવરોને વેચી દે છે, તો જે લોકો આ જાનવરો, જાનવરના માલિક તરફથી જેમને અધિકાર આપવામાં આવ્યો છે તે મુજાવરો પાસેથી ખરીદે છે, તો આવા જાનવરોનું ખરીદવું અને તેને ઝબહ કરીને ખાવું અથવા તેને વેચવું બધું જ હલાલ છે.

અલ્લાહ સિવાય અન્ય (ગયરૂલ્લાહ)ના નામ ઉપર મન્નત માનવીઃ

અહીંયાં એક ચોથો પ્રકાર પણ છે, જેનો સંબંધ જાનવરો સિવાય અન્ય બીજી વસ્તુઓ સાથે પણ છે. દાખલા તરીકે મીઠાઈ ખાવી વગેરે, જેને ગયરૂલ્લાહના નામ ઉપર મન્નત અથવા નજર સ્વરૂપે હિન્દુ લોકો મૂર્તિઓ પર પ્રસાદ સ્વરૂપે અને જાહિલ મુસલમાનો પીરો–વલીઓના નામ ઉપર મઝારો (કબરો) પર ચઢાવે છે. ફુકહાએ તેને પણ ગયરૂલ્લાહની નજદીકી અને ખુશી પ્રાપ્ત કરવાની નિય્યત હોવાના કારણે مَآاُهِلَّ بِهٖ لِغَيْرِ اللّٰهِ ના હુકમમાં શામિલ કરીને હરામ કર્યું છે, તેને ખાવું, પીવું, બીજાઓને ખવડાવવું અને વેચવું, ખરીદવું બધું જ હરામ કર્યું છે. ફિક્હની કિતાબ "બહરૂર્રાઈક" વગેરેમાં તેની વિસ્તૃત છણાવટ મૌજૂદ છે. આ મસ્અલો "કયાસ" આધારિત છે જેને જાનવરો સંબંધિત કુર્આનની "નસ" ઉપર કયાસ કરવામાં આવ્યો છે. (વલ્લાહુ અઅ્લમુ – ફક્ત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.)

અંતિમ કક્ષાની લાચારી (ઇજતેરાર) અને મજબૂરીની હાલતના હુકમો :

ઉપરોક્ત આયતમાં ચાર વસ્તુઓને હરામ કર્યા પછી એક અપવાદરૂપ

હુકમ મૌજૂદ છે. فَمَنِ اضْطُرَّ غَيْرَ بَاغٍ وَّلَا عَادٍ فَلَآ اِثْمَ عَلَيْهِ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ આ હુકમમાં એટલી સરળતા કરવામાં આવી કે, જે વ્યક્તિ ભૂખથી લાચાર થઈ જાય, શરત એટલી જ કે ખાવામાં કોઈ લિજ્જત અને સ્વાદનો ઈચ્છુક ન હોય અને આવશ્યકતાથી અતિરેક ન કરે તો એવી હાલતમાં હરામ ચીઝો ખાઈ લેવાથી પણ આવા માણસને ગુનોહ નથી થતો. બેશક ! અલ્લાહ તઆલા મોટો બક્ષનાર અને દયાળુ છે.

અહીંયાં લાચારી અને મજબૂરીની હાલતમાં જીવ બચાવવા ખાતર બે શરતો સાથે હરામ વસ્તુઓ ખાઈ લેવાથી ગુનોહ થતો નથી તેનું વર્ણન છે.

શરીઅતની વ્યાખ્યામાં "મુજતર" એવી વ્યક્તિને કહેવામાં આવે છે કે જેની જિંદગી ભૂખના કારણે ભયમાં છે. મા'મૂલી ભૂખ કે તકલીફના કારણે કોઈ વ્યક્તિ ઈજતેરારના હુકમમાં આવતો નથી, તો જે વ્યક્તિ ભૂખના કારણે એવી હાલતમાં પહોંચી જાય કે, જો તે ખોરાક નહિ લે તો તેનો જીવ જતો રહેશે અને તે મરી જશે, તો એવી પરિસ્થિતિમાં બે શરતોને આધીન, જ્યારે અન્ય કોઈ ખાવાની હલાલ ચીજ-વસ્તુ ઉપલબ્ધ ન હોય ત્યારે આ હરામ વસ્તુઓ ખાવાની છૂટછાટ આપવામાં આવી છે. પ્રથમ એ કે, તેનો હેતુ જીવ બચાવવાનો હોય અને તે વ્યક્તિ આ હરામ ખોરાક દ્વારા સ્વાદનો કે લિજ્જતનો ઈચ્છુક ન હોય અને બીજી શરત એ છે કે ફક્ત એટલા જ પ્રમાણમાં ખાય જે જીવ બચાવવા માટે પૂરતું હોય, પેટ ભરીને ન ખાય. પેટ ભરીને ખાવું અથવા જરૂરતથી વધારે ખાવું આવા સમયે પણ હરામ છે.

એક મહત્ત્વની બાબત :

અહીંયાં કુર્આન શરીફે "ઈજતેરાર"ની હાલતમાં પણ હરામ વસ્તુઓને ખાવી હલાલ નથી કરી બલકે, لَآ اِثْمَ عَلَيْهِ કહ્યું, જેનો અર્થ એ છે કે આ વસ્તુઓ તો તેની જગ્યાએ આવા સમયે પણ હરામ છે પરંતુ તેને ખાનારો ઈજતેરાર અને મજબૂરીના કારણે જીવ બચાવવા ખાતર તેનો ઉપયોગ કરી રહ્યો છે, તો તેના માટે હરામનો ગુનોહ મા'ફ કરી દેવામાં આવ્યો. વસ્તુ હલાલ થઈ જવી અને ગુનોહ મા'ફ થઈ જવો બંનેમાં ઘણો તફાવત છે. જો ઈજતેરારની હાલતમાં આ વસ્તુઓ હલાલ કરી દેવાનો હુકમ હોત તો તેને હરામમાંથી કાઢી હલાલ બતાવવું પૂરતું

હોત, પરંતુ અહીંયાં ચોખ્ખા શબ્દોમાં કહેવામાં આવ્યું لَا اِثْمَ عَلَيْهِ અને એ વડે ઈશારો કરવામાં આવ્યો કેં હરામ તો પોતાની જગ્યાએ હરામ જ છે, તેનો ઉપયોગ કરવો ગુનોહ જ છે પરંતુ મુજતર (લાચાર) વ્યક્તિ માટે આ ગુનોહ મા'ફ કરી દેવામાં આવ્યો.

ઇજતેરાર (લાચારી)ની હાલતમાં દવા સ્વરૂપે હરામ વસ્તુઓનો ઉપયોગઃ

પ્રસ્તુત આયતથી એ પણ સાબિત થઈ ગયું કે, જે વ્યક્તિને જિંદગીનો ખતરો હોય તે જીવ બચાવવા માટે દવા સ્વરૂપે હરામ વસ્તુનો ઉપયોગ કરી શકે છે, પરંતુ ઉપરોક્ત આયત પ્રમાણે તેમાં અમુક શરતો જાહેર થાય છે.

પ્રથમ એ કે, ઈજતેરારની હાલત હોય, જીવ જવાનો ભય હોય તો જ આવી હરામ વસ્તુઓનો ઉપયોગ જાઈઝ છે, મા'મૂલી તકલીફ અથવા બીમારીમાં આ હુકમ નથી. બીજું એ કે હરામ વસ્તુ સિવાય અન્ય કોઈ વસ્તુ દવા સ્વરૂપે અસરકારક ન હોય અથવા તો મૌજૂદ ન હોય, જેવી રીતે કે સખત ભૂખની પરિસ્થિતિમાં, તે જ સમયે હરામ વસ્તુ ખાવાની છૂટછાટ આપવામાં આવી છે જ્યારે કે કોઈ અન્ય હલાલ વસ્તુ ખાવા માટે ઉપસ્થિત ન હોય ! ત્રીજું એ કે આ હરામનો ઉપયોગ કરવાથી જીવ બચી જવાનું ચોક્કસ યકીન અને વિશ્વાસ હોય, જેમકે ભૂખથી લાચાર થયેલી વ્યક્તિ એક-બે કોળિયા હરામ માંસ અથવા અન્ય વસ્તુના ખાઈ લે તો માનવ શરીરની પ્રકૃતિ પ્રમાણે તેનો જીવ બચવો શક્ય છે એવું વિશ્વાસપૂર્વક કહી શકાય (જો કે જિંદગી અને મૌત અલ્લાહના હાથમાં છે, અહીંયાં ફક્ત માનવ શરીરના સ્વભાવ અને નેચરના સ્વભાવ પ્રમાણે અનુમાન લગાવવાની વાત છે, જેમકે કાળા ડિબાંગ વાદળો જોઈને કોઈ વરસાદની આગાહી કરે છે. ફક્ત અલ્લાહ વધુ જાણનાર છે.) એવી પરિસ્થિતિમાં જો કોઈ આવી દવાનો ઉપયોગ કરે અને તેનો લાભ જણાય તો આવી દવાનો ઉપયોગ ઉપરોક્ત આયતની રૂએ હરામમાંથી નીકળીને હલાલ તો નથી જઈ જતો, પરંતુ આવી દવાના ઉપયોગથી તેને કોઈ ગુનોહ નહિ થાય. સાથે-સાથે આ પરિસ્થિતિમાં પણ બે શરતો કુર્આનની આયતથી સાબિત છે કે, તેના ઉપયોગથી કોઈ સ્વાદ અને લિજ્જત માણવાનો ઈચ્છુક ન હોય અને તેનો આવશ્યકતાથી વધુ ઉપયોગ કરવામાં ન આવે.

પ્રસ્તુત આયતના ખુલાસા અને ઈશારાથી જે શરતોની જાણ થઈ છે તે શરતો સાથે પ્રત્યેક નાપાક અને હરામ દવાનો ઉપયોગ ભલે તે પીવા માટે હોય, લગાવવા માટે હોય કે અન્ય કોઈ ઉપયોગ માટે એ જાઈઝ છે. આ શરતોનો ખુલાસો પાંચ પ્રકારે છે.

(૧) ઈજતેરારની હાલત : એટલે કે જીવ જવાનો ભય હોય.

(૨) અન્ય કોઈ હલાલ દવા આ બીમારી માટે ઉપલબ્ધ ન હોય.

(૩) આ દવાથી બીમારનો જીવ બચી જવાનું અનુમાન દૃઢ હોય.

(૪) આ દવાના ઉપયોગથી સ્વાદ અથવા લિજ્જત પ્રાપ્ત કરવાનો હેતુ ન હોય.

(૫) જરૂરતથી વધુ ઉપયોગ કરવામાં ન આવે.

ગૈરઇજતેરારી હાલત (બીમારી અથવા ભૂખની પરિસ્થિતિમાં જીવ જવાનો ભય ન હોય)માં ઇલાજ માટે દવા તરીકે હરામ વસ્તુઓનો ઉપયોગ :

ઈજતેરારની પરિસ્થિતિનો મસ્અલો તો ઉપરોક્ત શરતો સાથે કુર્આનની "નસ" વડે સાબિત થયો છે અને તેમાં સર્વગ્રાહી હુકમો છે, પરંતુ સામાન્ય બીમારીમાં પણ ક્યારેક નાપાક અથવા હરામ દવાઓનો ઉપયોગ જાઈઝ છે કે કેમ ? આ મસ્અલામાં ફુક્હાનો ઈખ્તેલાફ છે, ઘણા ફુક્હા ફરમાવે છે કે, ઈજતેરારની હાલત વિના અને તે બધી શરતો કે જે ઉપર પ્રમાણે વર્ણવવામાં આવી તે ન હોય તો હરામ દવાનો ઉપયોગ જાઈઝ નથી. કારણ કે, હદીષમાં રસૂલુલ્લાહ ﷺનો ઈરશાદ છે કે,

"અલ્લાહ તઆલાએ હરામમાં ઈમાનવાળાઓ માટે તંદુરસ્તી નથી રાખી."

(બુખારી શરીફ)

અમુક અન્ય ફુક્હાએ એક ખાસ ઘટના હદીષમાંથી દલીલરૂપે રજૂ કરી તેને જાઈઝ ઠરાવી દીધું. આ ઘટના "ઉરનિય્યીન"ની છે. જે બધી જ હદીષની કિતાબોમાં મૌજૂદ છે કે, "અમુક ગામડાના લોકો આપ ﷺની સેવામાં ઉપસ્થિત થયા જેઓ વિવિધ પ્રકારની બીમારીઓમાં સપડાયેલા હતા. આપ ﷺએ તેમને ઊંટનું દૂધ અને ઊંટનો પેશાબ (દવા તરીકે) ઉપયોગ કરવાની પરવાનગી આપી, જેનાથી તેમને સારૂં થઈ ગયું."

પરંતુ આ ઘટનામાં અનેક પ્રકારની સંભાવનાઓ રહેલી છે, જેનાથી હરામ વસ્તુનો ઉપયોગ શંકાસ્પદ બની જાય છે. એટલા માટે અસલ હુકમ તો એ જ છે કે, સામાન્ય બીમારીઓમાં જ્યાં સુધી ઈજતેરારની ઉપર દર્શાવ્યા મુજબની શરતો પૂરી ન થતી હોય હરામ દવાઓનો ઉપયોગ જાઈઝ નથી.

પરંતુ અમુક પાછલા સમયના ફુકૂહાએ આધુનિક યુગમાં હરામ અને નાપાક દવાઓ ખૂબ મોટા પ્રમાણમાં હોવાના કારણે સામાન્ય જનસમૂહની અશક્તિને ધ્યાને રાખીને એ શરત સાથે તેને વાપરવાની છૂટ આપી છે કે, જ્યાં સુધી કોઈ બીજી હલાલ અને પાક દવા આ બીમારી માટેની ઉપલબ્ધ હોય અને અસરકારક હોય ત્યાં સુધી આવી નાપાક દવા વાપરવી જોઈએ નહીં.

كَمَافِی الدُّرِّالْمُخْتَارِ قُبَیْلَ فَصْلِ الْبِیْرِ اِخْتَلَفَ فِی التَّدَاوِیْ بِالْمُحَرَّمِ وَظَاهِرُ الْمَذْهَبِ الْمَنْعُ كَمَافِیْ رِضَاعِ الْبَحْرِ وَلٰكِنْ نَقَلَ الْمُصَنِّفُ ثَمَّ وَهٰهُنَا عَنِ الْحَاوِیْ قِیْلَ یُرَخَّصُ اِذَاعُلِمَ فِیْهِ الشِّفَاءُ وَلَمْ یُعْلَمْ دَوَاءٌ اٰخَرُ كَمَا رُخِّصَ فِی الْخَمْرِ لِلْعَطْشَانِ (وَعَلَیْهِ الْفَتْوٰی، وَمِثْلُهُ فِی الْعَالَمْگِیْرِیَّةِ ص ۳۵۵ ج ۵)

"દૂર્રે મુખ્તારમાં ''બીર''ના પ્રકરણ પહેલાં ઉલ્લેખ છે કે, હરામ વસ્તુઓને દવા તરીકે ઉપયોગ કરવામાં મતભેદ છે અને જાહેર ધર્મમાં તેની મનાઈ કરવામાં આવી છે. જેમકે, ''બહરૂર્રાઈક–કિતાબુર્રિદાઅ્''માં ઉલ્લેખ છે પરંતુ લેખકે આ સ્થળે રજાઅ્માં પણ અને અહીંયાં પણ અલ હાવી અલ કુદસીથી નકલ કર્યું છે કે, અમુક ઉલમાએ ફરમાવ્યું, દવા તરીકે ઈલાજ માટે હરામ વસ્તુઓનો ઉપયોગ એ શરત સાથે જાઈઝ છે કે આ દવાના ઉપયોગથી તંદુરસ્તી મળી જવી (સાજા થઈ જવું) સ્વાભાવિક રીતે યકીની (વિશ્વાસપાત્ર) હોય અને કોઈ હલાલ દવા તેના બદલામાં મળી ન શકે, જેમકે તરસ્યા માટે શરાબ (દારૂ)નો ઘૂંટડો (ઈજતેરારની હાલતમાં) પીવાની પરવાનગી આપવામાં આવી છે."

મસ્અલો :

ઉપરોક્ત ખુલાસાથી તે બધી જ ઍલોપેથિક દવાઓનો હુકમ સ્પષ્ટ થઈ ગયો, જે યુરોપ વગેરેથી આવે છે (અથવા દેશી કંપનીઓમાં બને છે) જેમાં દારૂ

(આલ્કૉહોલ) વગેરે નાપાક વસ્તુઓ ચોક્કસપણે હોય છે અને જે દવાઓમાં હરામ અથવા નાપાક વસ્તુઓ હોવાની શંકા છે, તેના ઉપયોગમાં વધારે છૂટછાટ છે પરંતુ એહતિયાત (કાળજી રાખવી) એ ઉત્તમ બાબત છે. ખાસ કરીને જ્યારે કોઈ સખત જરૂરત પણ ન હોય. વલ્લાહુ અઅલમુ.

આયતો : (સૂરએ બકરહ : આયત નં. ૧૭૪-૧૭૫-૧૭૬)

إِنَّ الَّذِينَ يَكْتُمُونَ مَا أَنْزَلَ اللَّهُ مِنَ الْكِتَابِ وَيَشْتَرُونَ بِهِ ثَمَنًا قَلِيلًا ۙ
أُولَٰئِكَ مَا يَأْكُلُونَ فِي بُطُونِهِمْ إِلَّا النَّارَ وَلَا يُكَلِّمُهُمُ اللَّهُ يَوْمَ الْقِيَامَةِ
وَلَا يُزَكِّيهِمْ ۖ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ ﴿١٧٤﴾ أُولَٰئِكَ الَّذِينَ اشْتَرَوُا الضَّلَالَةَ
بِالْهُدَىٰ وَالْعَذَابَ بِالْمَغْفِرَةِ ۚ فَمَا أَصْبَرَهُمْ عَلَى النَّارِ ﴿١٧٥﴾ ذَٰلِكَ بِأَنَّ اللَّهَ
نَزَّلَ الْكِتَابَ بِالْحَقِّ ۗ وَإِنَّ الَّذِينَ اخْتَلَفُوا فِي الْكِتَابِ لَفِي شِقَاقٍ بَعِيدٍ ﴿١٧٦﴾ ع ٢١ ٥

તરજુમો :

બેશક ! જે લોકો જે કંઈ અલ્લાહે નાઝિલ કર્યું છે કિતાબ (સ્વરૂપે), તેને છુપાવે છે અને તેનાથી થોડી કિંમત વસૂલ કરે છે; આ જ તે લોકો છે જેઓ પોતાના પેટમાં આગના અંગારા ભરી રહ્યા છે અને અલ્લાહ તઆલા કયામતના દિવસે તેમનાથી વાતચીત નહીં કરે અને ન જ તેમને પાક (પવિત્ર) કરશે; અને તેમના માટે દર્દનાક અઝાબ છે. (૧૭૪) આ જ તે લોકો છે જેમણે હિદાયતના બદલે ગુમરાહી ખરીદી લીધી અને મગફિરતના બદલે અઝાબ; બસ, કેવી રીતે તેઓ આગ ઉપર સબ્ર કરનારા છે ? (૧૭૫) આ એટલા માટે કે અલ્લાહે સત્ય સાથે કિતાબ (કુર્આન) નાઝિલ કરી; અને બેશક જે લોકોએ કિતાબ અંગે વિરોધ કર્યો તેઓ (ફાટફૂટમાં) હઠધર્મીમાં દૂર (સુધી) પહોંચી ગયા છે. (૧૭૬)

તફસીર :

અગાઉની આયતમાં તે હરામ વસ્તુઓનું વર્ણન હતું, જેનો ઉપયોગ

કરવામાં આવે છે. આગલી આયતમાં એવા હરામ કામોનું વર્ણન હતું, જે મહેસૂસ નથી કરી શકાતા પરંતુ તે આંતરિક અને જાહેર રીતે ખરાબ અમલો હતા. દાખલા તરીકે યહૂદી આલિમોમાં એવી બીમારી હતી કે, સામાન્ય લોકો પાસેથી લાંચ લઈને તેમના મતલબ અને સ્વાર્થ પ્રમાણે ખોટા ફતવાઓ આપી દેતા હતા. તેમાં હઝરત મુહમ્મદ ﷺની ઉમ્મતના ઉલમાને પણ ચેતવણી આપવામાં આવી છે કે તેઓ આવા કૃત્યોથી બચેલા રહે, કોઈ વ્યક્તિગત સ્વાર્થપૂર્તિ માટે અલ્લાહના હુકમોને જાહેર કરવામાં ખોટી રીતે ભૂલો ન કરે.

દીનને વેચવાની સજા :

તેમાં કોઈ શંકા નથી કે જે લોકો અલ્લાહ તઆલાની મોકલેલી કિતાબ(ના વિષયો)ને સંતાડે છે અને તેમાં (ખયાનત કરી) બદલામાં (દુનિયાનો) થોડો માલ વસૂલ કરે છે એવા લોકો પોતાના પેટમાં આગ(ના અંગારા) ભરી રહ્યા છે અને અલ્લાહ તઆલા તેમનાથી ન તો કયામતમાં વાતચીત કરશે અને ન જ (ગુનાહ મા'ફ કરી) તેમને પવિત્ર કરશે. તેમની સજા દર્દનાક હશે, આ તે લોકો છે જેઓએ (દુનિયામાં તો) હિદાયત છોડીને ગુમરાહી અપનાવી લીધી અને (આખિરતમાં) મગફિરત છોડીને અઝાબ માથે લઈ લીધો. બસ, (શાબાશ છે તે લોકોની હિંમતને!) તેઓ દોઝખ(માં જવા) માટે કેટલા ધીરજ ધરનારા છે !!! (અને) આ (ઉપરોક્ત બધી) સજાઓ (તેમને) એ કારણથી છે કે અલ્લાહ તઆલાએ (તે) કિતાબને બરાબર મોકલી હતી અને જે લોકો (આવી બરાબર મોકલેલી) કિતાબમાં ખોટો માર્ગ (અપનાવે) ધારણ કરે તો દેખીતું છે કે, તેઓ (હુકમોનું ઉલ્લંઘન કરવામાં) ઘણે દૂર સુધી પહોંચી ગયા છે. (અને આ ઉલ્લંઘન કરવાના કારણે તેઓ આવી સખત સજાના હકદાર બની ગયા છે.)

મસ્અલા અને બોધપાઠ :

મસ્અલો :

ઉપરોક્ત આયતથી સ્પષ્ટ થયું કે, જે વ્યક્તિ માલ–દૌલતની લાલચથી શરીઅતના હુકમોને બદલી નાંખે અને જે વ્યક્તિ આવો હરામ માલ ખાય છે તે જાણે કે પોતાના પેટમાં જહન્નમના અંગારા ભરી રહ્યો છે. કારણ કે, તેના આ દુષ્કૃત્યનું પરિણામ આવું જ હોવું જોઈએ. અમુક સંશોધનકાર આલિમોએ

ફરમાવ્યું છે, હરામનો માલ વાસ્તવમાં જહન્નમની આગ જ છે ભલે, તે આગ દુનિયામાં મહેસૂસ ન થઈ શકે પરંતુ મૃત્યુ પછી તેનો આ અમલ આગ સ્વરૂપે સામે આવી જશે.

આયત : (સૂરએ બકરહ : આયત નં. ૧૭૭)

لَيْسَ الْبِرَّ اَنْ تُوَلُّوْا وُجُوْهَكُمْ قِبَلَ الْمَشْرِقِ وَالْمَغْرِبِ وَلٰكِنَّ الْبِرَّ مَنْ اٰمَنَ بِاللّٰهِ
وَالْيَوْمِ الْاٰخِرِ وَالْمَلٰٓئِكَةِ وَالْكِتٰبِ وَالنَّبِيّٖنَ ۚ وَاٰتَى الْمَالَ عَلٰى حُبِّهٖ ذَوِى
الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنَ وَابْنَ السَّبِيْلِ ۙ وَالسَّآئِلِيْنَ وَفِى الرِّقَابِ ۚ وَاَقَامَ
الصَّلٰوةَ وَاٰتَى الزَّكٰوةَ ۚ وَالْمُوْفُوْنَ بِعَهْدِهِمْ اِذَا عٰهَدُوْا ۚ وَالصّٰبِرِيْنَ فِى الْبَاْسَآءِ
وَالضَّرَّآءِ وَحِيْنَ الْبَاْسِ ؕ اُولٰٓئِكَ الَّذِيْنَ صَدَقُوْا ؕ وَاُولٰٓئِكَ هُمُ الْمُتَّقُوْنَ ﴿١٧٧﴾

તરજુમો :

નેકી (ભલાઈ) એ નથી કે તમે પોતાનું મોઢું પૂર્વ અથવા પશ્ચિમ તરફ કરી લો ! પરંતુ નેકી એ છે જેઓ અલ્લાહ, અને આખિતના દિવસ, અને ફરિશ્તા, અને કિતાબ, અને નબીઓ ઉપર ઈમાન લાવે; અને તે (અલ્લાહ)ની મહોબ્બતમાં સગા-વહાલાંઓને અને યતીમો (અનાથો), અને મિસ્કીનો (ગરીબો), અને મુસાફરો, અને સવાલ કરનારાઓ, અને ગરદનોમાં (કેદીઓ અને ગુલામો છોડાવવામાં) માલ આપે; અને નમાઝ કાયમ કરે, અને ઝકાત અદા કરે, અને જ્યારે વચન આપે તો વચન પૂરૂં કરે, અને કઠિન પરિસ્થિતિઓ, અને મુસીબતમાં, અને યુદ્ધ સમયે સબ્ર કરે; આ જ લોકો સાચા છે; અને આ જ લોકો પરહેઝગાર છે. (૧૭૭)

આયતોનો ક્રમ અને ગોઠવણી :

સૂરતની શરૂઆતથી અહીંયાં સુધી લગભગ અડધી સૂરએ બકરહ છે અને અહીંયાં સુધીનું સંબોધન મોટેભાગે ઈન્કારીઓ માટે હતું. સૌથી પહેલાં કુર્આનની સચ્ચાઈને સાબિત કરવામાં આવી અને તેના અનુસંધાનમાં તેના માનનારાઓ

અને ન માનનારા જૂથોનું વર્ણન કર્યું, પછી તૌહીદ (એકેશ્વરવાદ) અને રિસાલતને સાબિત કરી પછી ઈબ્રાહીમ (અલૈ.)ની ઔલાદ ઉપર કરવામાં આવેલા ઈનામો અને અહેસાનોનું وَاِذِابْتَلٰى اِبْرَاهِيْمَ (૨:૧૨૪) સુધી વર્ણન કર્યું, ત્યાંથી કિબ્લાની ચર્ચા ચાલી અંતે તેનું વર્ણન કરી સફા–મરવહ ઉપર ચર્ચા પૂર્ણ કરી.

પછી તૌહીદની છણાવટ પછી શિર્ક (અલ્લાહની જાતમાં ભાગીદાર ઠરાવવા)નો રદિયો આપ્યો અને અહીંયાં સુધી તે જ વર્ણન થયું. તે બધા જ વિષયોમાં દેખીતું છે કે, ઈન્કારીઓને વધારે ચેતવણી છે અને વચ્ચે વચ્ચે કોઈ સંબોધન મુસલમાનોને પણ કરવામાં આવ્યું છે.

હવે પછીની આયતોમાં બાકીની લગભગ અડધી સૂરએ બકરહમાં વધારે પડતું મુસલમાનોને સંબોધન થયું છે તથા અમુક નિયમો અને સિદ્ધાંતોનું શિક્ષણ આપવામાં આવ્યું છે. જો કે, ક્યારેક કોઈ સંબોધન ગૈરમુસ્લિમોને પણ થયું છે. આ વિષય સૂરત પૂર્ણ થવા સુધી ચાલે છે, જેની શરૂઆત એક મુખ્ય વિષય بِرّ થી કરવામાં આવી છે. અહીંયાં શબ્દ بِرّ નો البِــاء અરબી ભાષામાં "ભલાઈ"ના અર્થમાં છે, જે બધી જ જાહિરી (બાહ્ય) અને બાતિની (આંતરિક) ફરમાંબરદારી અને ભલાઈઓ ઉપર આધારિત છે અને પ્રથમ આયતમાં સર્વગ્રાહી શબ્દો દ્વારા સંપૂર્ણ અને કાયદેસરનું શિક્ષણ આપવામાં આવ્યું છે. દાખલા તરીકે કિતાબ ઉપર ઈમાન લાવવું, અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવો, વાયદા–વચન અને કરારને પૂરા કરવા, મુસીબતો અને તકલીફોમાં ધીરજ ધરવી, યુદ્ધની પરિસ્થિતિના સમયે સબ્રનો દામન થામવો વગેરે કુર્આનના લગભગ મોટાભાગના બધા જ પાયાના સિદ્ધાંતો આવી ગયા. કારણ કે, શરીઅતના લગભગ સમગ્ર હુકમોનો ખુલાસો આ ત્રણ વસ્તુઓ છે, (૧) અકીદાઓ (માન્યતાઓ) (૨) અમલો (અલ્લાહના હુકમો ઉપર અમલીકરણ) અને (૩) અખ્લાક (વર્તણૂક). આ ત્રણ મુખ્ય બાબતો સિવાય બાકીની બધી બાબતો લગભગ તેના પેટાવિભાગો છે અને આ આયતમાં આ ત્રણે મુખ્ય વિભાગો આવી ગયા.

આગળ આ بِــــــرّ ના ખુલાસો ચાલશે, જેમાં ઘણા હુકમો સમય અને પરિસ્થિતિ અનુસાર કિસાસ (બદલો), વસિય્યત, રોઝા, ઝકાત, જિહાદ, હજ્જ,

નિફાસ, માસિકધર્મ (હૈઝ), ઈલા, તલાક, નિકાહ, ઈદ્દત, મહેર, ઝિક્ર, જિહાદનું વર્ણન, અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવો, વેપાર, સાક્ષી આપવી, વ્યાજ વગેરે બાબતો આવશ્યકતા અનુસાર વર્ણવવામાં આવી છે અને તેના વર્ણનમાં ખુશખબરીઓ અને રહમત તથા મગફિરતના વાયદાઓ કરીને સૂરત પૂર્ણ કરવામાં આવી છે. સુબ્હાનલ્લાહ ! કેટલો વ્યવસ્થિત અને ઉચ્ચ કક્ષાનો ક્રમ કુર્આનના વિષયોમાં જાળવવામાં આવ્યો છે, તેમાં આ બધા વિષયોનું વર્ણન સામૂહિક રીતે ખુલાસાવાર થયું છે. اِجْمَالًا وَ تَفْصِيْلًا એટલા માટે અત્રે આ વિષયોને "અબવાબુલ બિર્ર" اَبْوَابُ الْبِرِّ કહેવામાં આવે છે, વિષયોના ક્રમના કારણે એવું કહેવું યોગ્ય છે. (વલ્લાહુ અઅલમુ.)

તફસીર :

શ્રેષ્ઠતા (ભલાઈ) એમાં નથી (આવી ગઈ) કે તમે પોતાનું મોઢું પૂર્વ અથવા પશ્ચિમ તરફ કરો ! પરંતુ (વાસ્તવિક) શ્રેષ્ઠતા (નેકી) તો એ છે કે કોઈ વ્યક્તિ અલ્લાહ તઆલા(ની જાત અને સિફતો) પર યકીન રાખે અને (એવી જ રીતે) કયામતનો દિવસ (આવવા) પર (પણ) અને ફરિશ્તાઓ પર (પણ કે તેઓ અલ્લાહની ફરમાંબરદાર મખ્લૂક છે અને નૂરથી બનાવવામાં આવી છે, ગુનાહોથી માસૂમ છે, ખાવા–પીવા અને માનવીય ઈચ્છાઓથી પવિત્ર છે) અને (બધી જ આસમાની) કિતાબો ઉપર (પણ) અને (બધા જ) પયગમ્બરો ઉપર (પણ) અને (તે વ્યક્તિ) અલ્લાહની મહોબ્બતમાં માલ આપતો હોય (પોતાના જરૂરતમંદ) સગા–વહાલાંઓને અને (નાદાર) યતીમોને (એટલે કે જેમના બાળપણમાં જ માં–બાપ ગુજરી ગયા અને તેઓ યુવાન થતા પહેલાં જ અનાથ થઈ ગયા.) અને (અન્ય ગરીબો) મોહતાજોને (પણ) અને (જેમની પાસે મુસાફરીનો ખર્ચ ખૂંટી પડ્યો છે તેવા) મુસાફરોને અને (લાચાર–મજબૂર) સવાલ કરનારાઓને અને (કૈદીઓ તથા ગુલામોની) ગરદન છોડાવવામાં (પણ માલ ખર્ચ કરતો હોય) અને (તે વ્યક્તિ) નમાઝની પાબંદી (પણ) રાખતો હોય અને (નિશ્ચિત પ્રમાણમાં) ઝકાત અદા કરતો હોય અને જે લોકો (આવા અકીદાઓ અને માન્યતા સાથે એવી નિષ્ઠા પણ ધરાવતા હોય કે,) પોતાના આપેલા (જાઈઝ) વચનોને પૂરા કરતો હોય અને (આ વિશેષ ખાસિયતોની સાથે) આ લોકો (એવી પરિસ્થિતિમાં)

ધીરજ ધરનારા હોય (જેમકે) તંગીની હાલતમાં (આર્થિક સંકડામણના સમયે), બીમારીમાં, યુદ્ધ સમયે (એટલે કે કઠણ પરિસ્થિતિઓમાં અને મુસીબતોના સમયે અલ્લાહ ઉપર ભરોસો રાખી સબ્ર કરનારાઓ હોય અને હિંમત હારનારા ન હોય) આ જ તે લોકો છે (જેઓ સાચા) મુત્તકી કહી શકાય છે. (મતલબ કે, પોતાના મૂળ હેતુ એટલે કે દીનના મહત્ત્વના પાસાંઓને મહત્ત્વ આપતા હોય અને માત્ર કિબ્લા તરફ મોઢું કરી લેવાને જ સમગ્ર દીન ન સમજી લેતા હોય બલકે, દીનની અન્ય જરૂરી મહત્ત્વની બાબતોને સમાન રીતે મહત્ત્વ આપી તેના ઉપર અમલ કરતા હોય.)

મસ્અલા અને બોધપાઠ :

જ્યારે મુસલમાનોનો કિબ્લો બયતુલ મુકદસના બદલે બયતુલ્લાહ કરી દેવામાં આવ્યો તો યહૂદીઓ, નસારા અને મુશ્રિકો જેઓ ઈસ્લામ અને મુસલમાનોમાં ભૂલો અને ઉણપો શોધવાની ચિંતામાં લાગેલા રહેતા હતા. તેમણે ઘણો શોરબકોર અને કોલાહલ કરી મૂક્યો અને જુદી જુદી રીતે રસૂલુલ્લાહ ﷺ અને ઈસ્લામ ઉપર વાંધા–વચકાઓનો ક્રમ શરૂ કરી દીધો. જેના જવાબરૂપે અગાઉની આયતોમાં ખૂબ વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે.

આ આયતોમાં એક વિશેષ શૈલીથી આ ચર્ચાને પૂરી કરી દીધી છે, જેનો હેતુ એ છે કે તમે આખો દિવસ ફક્ત તે બાબતની ચર્ચા માટે ફાળવી દીધો છે કે નમાઝમાં માણસનું મોઢું પશ્ચિમ તરફ કે પૂર્વ તરફ હોવું જોઈએ. એટલે કે, ફક્ત દિશાઓ વિશે ચર્ચા કર્યા કરો છે. એટલે કે તમે ફક્ત દિશાઓને દીનનો હેતુ અને મકસદ બનાવી લીધો છે અને તેને સમગ્ર ચર્ચાનું કેન્દ્ર બનાવીને ત્યાં જ અટકી પડ્યા જાણે કે શરીઅતનો તેના સિવાય અન્ય કોઈ હુકમ છે જ નહીં !

અને એવું પણ થઈ શકે છે કે આ આયતનું સંબોધન યહૂદીઓ, નસારા અને મુસલમાનો બધા માટે હોય અને તેનો હેતુ એ હોય કે, અસલ بِرّ અને સવાબ અલ્લાહની ઈતાઅતમાં છે તે જેવી રીતે જે દિશામાં મોઢું કરવાનો હુકમ આપે તે તેની મરજી છે, જ્યાં સુધી બયતુલ મુકદસ તરફ મોઢું કરવાનો હુકમ હતો તો તે સવાબનું કામ હતું અને જ્યારે બયતુલ્લાહ તરફ મોઢું કરવાનો હુકમ થયો તો સવાબ તે તરફ મોઢું કરવાથી મળશે.

જેમકે, આયતોના ક્રમ અને ગોઠવણી બાબતે ઉલ્લેખ થઈ ચૂક્યો છે કે, ઉપરોક્ત આયતો દ્વારા સૂરએ બકરહનો એક નવો વિષય શરૂ થઈ રહ્યો છે, જેમાં મુસલમાનો માટે શિક્ષણ અને હિદાયતનો મૂળ હેતુ છે. વિરોધીઓના જવાબો આપવાની સાથે સાથે આ આયતમાં ઈસ્લામના હુકમો સંપૂર્ણ સર્વગ્રાહી હોવાથી આ આયતને અતિમહત્ત્વપૂર્ણ અને સર્વગ્રાહી આયત કહેવામાં આવી છે. અહીંયાંથી લગભગ સૂરએ બકરહ પૂરી થતાં સુધી આ આયતનો જ ખુલાસો છે, એમ કહી શકાય ! આ આયતમાં સૈદ્ધાંતિક સ્વરૂપે શરીઅતના બધા જ હુકમો, માન્યતાઓ, ઈબાદતો, આર્થિક–સામાજિક વહેવારો, વર્તણૂક વગેરેનો ઉલ્લેખ થઈ ગયો.

પ્રથમ બાબત અકીદા (માન્યતા)ઓ છે, તેનો ઉલ્લેખ مَنْ اٰمَنَ بِاللّٰهِ માં ખુલાસાવાર થઈ ગયો. બીજી બાબત ઈબાદત અને આર્થિક–સામાજિક વહેવારો છે. તેમાં ઈબાદતનો ઉલ્લેખ وَاٰتَى الزَّكٰوةَ સુધી કરવામાં આવ્યો પછી આર્થિક–સામાજિક વહેવારોનું વર્ણન وَالْمُوْفُوْنَ بِعَهْدِهِمْ સુધી કરવામાં આવ્યું ત્યાર બાદ અખ્લાક (વર્તણૂક)નો ઉલ્લેખ وَالصّٰبِرِيْنَ થી કરવામાં આવ્યો અને છેવટે બતાવી દીધું કે સાચા મો'મિન આ જ લોકો છે જે આ બધા હુકમોને સંપૂર્ણ રીતે અનુસરે છે અને આ જ બાબતો તકવો અને પરહેઝગારીની નિશાનીઓ કહી શકાય છે.

આ હુકમોના ઉલ્લેખ દ્વારા ઘણી બધી બાબતો તરફ અંગૂલી નિર્દેશ (ઈશારા) થયો છે. દાખલા તરીકે માલ ખર્ચ કરવામાં عَلٰى حُبِّهٖ ની શરત લગાવી દીધી જેમાં ત્રણ સંભાવનાઓ છે. એક એ કે, حُبِّهٖ નો સંબંધ અલ્લાહ તઆલા સાથે હોય, અને ત્યારે અર્થ એ થાય છે કે, માલ ખર્ચ કરવામાં કોઈ સ્વાર્થ કે અન્ય હેતુ કે નામના (પ્રતિષ્ઠા) અને શોહરતની ઈચ્છા શામિલ ન હોય. બલકે, સંપૂર્ણ નિખાલસતા સાથે ફક્ત અલ્લાહ જલ્લ શાનહુની મહોબ્બતમાં માલ ખર્ચ કરવાનો ઈરાદો કરે.

બીજી સંભાવના એ છે કે જો તેનો સંબંધ માલ સાથે હોય અને ત્યારે અર્થ એ થશે કે માલની મહોબ્બત હોવા છતાં અલ્લાહ તઆલાએ બતાવેલ માર્ગે ખર્ચ કરે છે અને અલ્લાહના હુકમની મહોબ્બતને માલની મહોબ્બત ઉપર તરજીહ (અગ્રિમતા) આપે છે. બેકાર વસ્તુઓ કે નકામી વસ્તુઓ જેને ફેંકવાની જ હતી

તેને સદકા વગેરેનું રૂપાળું નામ આપી દેખાડો કરવા આપવાના બદલે ઉત્તમ માલ આપવાનું પસંદ કરે છે. જો કે બેકાર ચીજ-વસ્તુઓ જો કોઈના ઉપયોગમાં આવતી હોય તો તેને ફેંકવા કરતા કોઈને આપી દેવું જ યોગ્ય ગણાશે.

ત્રીજી સંભાવના એ છે કે શબ્દ اٰتَى માં જે તેના ક્રિયાપદ إِيْتَاءِ નો અર્થ સમજાય છે, તે તરફ સંબંધ હોય તો અર્થ એ છે કે તે માલ ખર્ચ કરવામાં પોતાના દિલથી રાજી હોય. એવું ન થાય કે ખર્ચ તો કરી રહ્યો છે પરંતુ મનોમન તેનું દુઃખ અને રંજ છે.

ઈમામ જસ્સાસ (રહ.)એ ફરમાવ્યું કે, "ત્રણે બાબતો અલ્લાહના રસ્તામાં માલ ખર્ચ કરવામાં શામિલ છે" અને આ સ્થળે માલ ખર્ચ કરવાના જે બે સ્વરૂપોને અગ્રિમતા આપવામાં આવી છે તે ઝકાત સિવાયના સ્વરૂપો છે. ઝકાતનો ઉલ્લેખ ત્યાર બાદ કરવામાં આવ્યો છે. ઝકાતનો ઉલ્લેખ પાછળથી કરવાનું કારણ એ છે કે આયતમાં બતાવવામાં આવેલ લોકો ઉપર માલ ખર્ચ કરવામાં લોકો ઢીલ વર્તે છે અને ફક્ત ઝકાત અદા કરી દેવાને પૂરતું સમજી લેવામાં આવે છે. આમ, તે તરફ વિશેષ ધ્યાન અપાવવા ઝકાતથી પહેલાં આ લોકોનું વર્ણન કરવામાં આવ્યું છે.

મસ્અલો :

અત્રે એ પણ સાબિત થઈ ગયું કે, આર્થિક ફરજ ફક્ત ઝકાત આપવાથી જ પૂરી થતી નથી. બલકે, ઝકાત સિવાય પણ ઘણી બધી જગ્યાએ માલ ખર્ચ કરવો ફરજ અને વાજિબ હોય છે. જેમકે, સગા-વહાલાઓ ઉપર એવી પરિસ્થિતિમાં ખર્ચ કરવો કે તેઓ કમાવા માટે અશક્ત હોય તો તેમને "નફકો" (વજીફો-અમુક ચોક્કસ ઘર ખર્ચની રકમ) અદા કરવું વાજિબ હોય છે. કોઈ મિસ્કીન ગરીબ મરી રહ્યો છે અને તમે તમારી ઝકાત અદા કરી દીધી છે પરંતુ તો પણ આવા સમયે માલ ખર્ચ કરીને તેનો જીવ બચાવવો ફરજ છે.

(જસ્સાસ, કુર્તુબી)

એવી જ રીતે જરૂરતના સમયે મસ્જિદો બનાવવી તથા દીની તા'લીમની વ્યવસ્થા માટે મદ્રસા અને મકતબો બનાવવા, આ બધું માલની ફરજોમાં શામિલ છે. તફાવત એટલો જ છે કે ઝકાત એક ખાસ નિશ્ચિત પ્રમાણમાં આપવી જરૂરી

હોય છે અને તે એક આગવો કાનૂન છે અને આ કાનૂન હેઠળ પ્રત્યેક પરિસ્થિતિમાં ઝકાત અદા કરવી જરૂરી હોય છે જયારે અન્ય જરૂરતો અને હાજતોની પરિસ્થિતિઓ એવી છે, જ્યાં આવશ્યકતા અનુસાર માલ ખર્ચ કરવો ફરજ થઈ જાય છે અને જો આવી નાજુક પરિસ્થિતિઓ ઊભી ન થાય તો માલ ખર્ચ કરવો ફરજ નથી થતો.


ખુલાસો :

જે લોકો ઉપર માલ ખર્ચ કરવાનો છે દા.ત. સગા–વહાલાંઓ, મિસ્કીનો (ગરીબો), મુસાફરો, સવાલ કરનારા ફકીરો, આ બધાનો તો એક વિશેષ શૈલીમાં ઉલ્લેખ થયો પછી وَفِى الرِّقَابِ માં શબ્દ فِى વધારીને ઈશારો કર્યો કે, ગુલામોને માલના માલિક બનાવવાનો અત્રે હેતુ નથી. બલકે, તેમને તેમના માલિકો પાસેથી ખરીદવામાં અને તેમને આઝાદ અને સ્વતંત્ર કરવામાં માલ ખર્ચ કરવામાં આવે. એ જ પ્રમાણે اَقَامَ الصَّلٰوةَ وَاٰتَى الزَّكٰوةَ નું વર્ણન પણ આ જ પદ્ધતિ ઉપર થયું, જેવી રીતે અન્ય બાબતોનું વર્ણન થયું છે. આગળ સામાજિક વહેવારોના વિષયમાં ઉલ્લેખ થયો કે وَالْمُوْفُوْنَ તેમાં ઈશારો કરવામાં આવ્યો કે વચનબદ્ધતા અને કરાર પૂરો કરવાની ટેવ કાયમી હોવી જોઈએ. સામાન્ય પરિસ્થિતિઓમાં ક્યારેક ક્યારેક કામચલાઉ ધોરણે તો કાફિરો અને ફાજિરો (દુષ્ટ લોકો) પણ વચનપાલન કરતા હોય છે. એટલે ફક્ત કામચલાઉ ધોરણે એકાદ પ્રસંગે વચન પૂરું કરવાની ટેવ ભરોસાપાત્ર નથી. કારણ કે, જો સામાજિક વહેવારોમાં વિચાર કરવામાં આવે તો બધા જ સામાજિક અને આર્થિક વહેવારો જેમકે, ખરીદ–વેચાણ, કોન્ટ્રાક્ટ, ભાગીદારી બધું જ એક પ્રકારનો કરાર છે.

એવી જ રીતે આગળ ઉપર અખ્લાક (વર્તણૂક) એટલે કે આંતરિક અમલોનું વર્ણન કરવામાં આવ્યું, તેમાં ફક્ત સબ્ર–ધીરજનું વર્ણન થયું. કારણ કે, સબ્રનો અર્થ નફસ (મનેચ્છાઓ) ઉપર કાબૂ મેળવવો અને બુરાઈઓથી બચવું થાય છે. જો વિચાર કરવામાં આવે તો આંતરિક બધા જ અમલોની આત્મા સબ્ર જ છે, તેના દ્વારા ઉચ્ચ અખ્લાકો પ્રાપ્ત કરી શકાય છે અને તેના દ્વારા જ દુષ્કૃત્યો અને તેના દુષ્પ્રભાવોથી મુક્તિ મેળવી શકાય છે.

એક બીજું પરિવર્તન અત્રે કરવામાં આવ્યું છે કે, પહેલાં وَالْمُوْفُوْنَ નો

ઉલ્લેખ થયો. અહીંયાં وَالصَّابِرُوْنَ નથી બલકે, وَالصَّابِرِيْنَ કહ્યું. મુફસ્સિરોએ લખ્યું છે કે, આ શબ્દનું મૂળ વખાણ કરવા માટે છે, જેનો અર્થ એ છે કે આ સ્થળે શબ્દ مدح નું મૂળ છે અને صابرين તેનું કર્મ છે એટલો તેનો અર્થ એ થયો કે, બધા નેક લોકોમાં વિશેષ સ્વરૂપે વખાણને પાત્ર, (نُصِبَ عَلَى الْمَدْحِ) સબ્ર કરનારાઓ છે. કારણ કે સબ્ર જ એક એવો ગુણ અને શક્તિ છે જેનાથી ઉપરોક્ત પ્રમાણેના દરેક પ્રકારના અમલો સરળતાથી કરી શકાય છે. એ જ પ્રમાણે પ્રસ્તુત આયતમાં દીનના બધા જ વિભાગોના મહત્ત્વના સિદ્ધાંતો પણ આવી ગયા છે અને તેની અગત્યતા પણ અત્રે સ્થાપિત થઈ ગઈ છે.



અલ્હમ્દુલિલ્લાહ !

પ્રથમ જિલ્દ (ભાગ–૧)

સમાપ્ત

Jehangir Gulamnabi Hakim
1412, Near Topiwala's Pole Kalupur,
AHMEDABAD - 380001.
Mo. - 09228720591
jehangirhakim@gmail.com
jehangirhakim@ymail.com

નકશા વિભાગ


Jehangir Gulamnabi Hakim
1412, Near Topiwala's Pole Kalupur,
AHMEDABAD - 380001.
Mo. - 09228720591
jehangirhakim@gmail.com
jehangirhakim@ymail.com

હઝરત આદમ અલૈહિસ્સલામ

હઝરત આદમ (અલૈ.)નું નામ કુર્આને કરીમની ૨૫ (પચ્ચીસ) આયતોમાં ૨૫ (પચ્ચીસ) વખતે આવ્યું છે.


સૂરત	આયત નં.
અલ બકરહ	31....37
આલે ઈમ્રાન	33,59
અલ માઈદહ	27
અલ અઅ્રાફ	172,35,31, 27,26,19,11
અલ અસ્ર	70,61
અલ કહફ	5
મયરમ	58
તા'હા'	121,120, 117,116,115
યા'સીન	60


یورپ યુરોપ
روس રશિયા
سائبیریا સાઈબિરીયા
મધ્ય એશિયા وسط ایشیا
ایشیائے کوچک પશ્ચિમ એશિયા
અઝરબયઝાન آذربائیجان
خوارزم
ترکستان તુર્કસ્તાન
بحیرہ روم
شام સિરીયા
عراق ઈરાક
چین ચીન
فارس (ایران) ઈરાન
کشمیر કશ્મીર
ہمالیہ હિમાલય
લાલ સમુદ્ર
مکہ مکرمہ મક્કા મુકર્રમહ
પર્શીયન ગલ્ફ خلیج فارس
خلیج عمان
جزیرہ نمائے عرب અરબસ્તાન
હિન્દુસ્તાન ہندوستان
خلیج بنگال બંગાળાની ખાડી
ગલ્ફ خلیج عدن
بحیرہ عرب અરબ સાગર
قرن افریقہ
افریقہ આફ્રિકા ખંડ
دکن દક્ષિણ ભારત
بحر ہند હિન્દ મહાસાગર
શ્રીલંકા
سراندیپ (سیلون)



હઝરત આદમ (અલૈ.)ને શ્રીલંકા ટાપુના એક પહાડ ઉપર ઉતારવામાં આવ્યા હતા.




મસ્જિદે અક્સા (બયતુલ મુકદ્દસ) જેરૂસલેમ – પૅલેસ્ટાઈન




2

હઝરત ઇબ્રાહીમ અલૈહિસ્સલામ

હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ને "અંબિયા (અલૈ.)ના બાપ"–"અબૂલ અંબિયા" અને "ખલીલુલ્લાહ" (અલ્લાહના અતિપ્રિય) પણ કહેવામાં આવે છે. આપ (અલૈ.)નું નામ કુર્આને મજીદની ૨૫ (પચ્ચીસ) સૂરતોમાં ૬૯ (ઓગણસિત્તેર) વખતે આવ્યું છે.

સૂરત	આયત નં.
અલ બકરહ	124,125(2),126, 127,130,132,133, 135,136,140,258(3), 260
આલે ઈમ્રાન	33,65,67,68, 84,95,97
નિસાઅ્	54,125(2),163
અનૂઆમ	74,75,83,161
તવબહ	70,114(2)
હૂદ	69,74,75,76
યૂસુફ	6,38
ઈબ્રાહીમ	53
હજ્ર	51
નહ્લ	123,120
મરયમ	58,46,41
અંબિયા	51,60,62,69
હજ્જ	26,43,78
શુઅ્રાઅ્	69
અનકબૂત	16,31
અહ્ઝાબ	7
શાફફાત	109,104,83
સ્વાદ	45
શૂરા'	13
જુખ્રફ	26
જારિયાત	24
નજ્મ	37
હદીદ	26
મુમ્તહિના	4(2)
અઅ્લા	19



મસ્જિદે હરામ





મકામે ઇબ્રાહીમ(અલૈ.)



હજ્રે અસ્વદ

હઝરત ઇસ્હાક અલૈહિસ્સલામ

હઝરત ઈસ્હાક (અલૈ.)નું નામ કુર્આન મજીદમાં ૧૭ (સત્તર) વખતે આવ્યું છે.

સૂરત	આયત નં.
બકરહ	133,136,140
આલે ઈમ્રાન	84
નિસાઅ્	163
અન્આમ	84
હૂદ	71(2)
યૂસુફ	6,38
ઈબ્રાહીમ	39
મરયમ	49
અંબિયા	72
અનકબૂત	27
શાફફાત	112,113
સ્વાદ	48

હઝરત ઇસ્માઈલ અલૈહિસ્સલામ

હઝરત ઈસ્માઈલ (અલૈ.)નું નામ
કુર્આન મજીદમાં ૧૨ (બાર) વખતે આવ્યું છે.

સૂરત	આયત નં.
બકરહ	125,127,133,136,140
આલે ઈમ્રાન	84
નિસાઅ્	163
અન્આમ	86
ઈબ્રાહીમ	39
મરયમ	54
અંબિયા	85
સ્વાદ	48



શફા-મરવહ વચ્ચે "સઈ"નું દૃશ્ય
(મક્કા મુકર્રમહ)


અલ ખલીલ (પૅલેસ્ટાઈન)

હઝરત યાકૂબ અલૈહિસ્સલામ

હઝરત યાકૂબ બિન ઈસ્હાક બિન ઈબ્રાહીમ (અલૈ.)નું નામ કુર્આન મજીદમાં ૧૬ (સોળ) વખતે આવ્યું છે.

સૂરત	આયત નં.
બકરહ	132,133,136,140
આલે ઈમ્રાન	84
નિસાઅ્	163
અન્આમ	84
હૂદ	71
યૂસુફ	6,38,68
મરયમ	6,49
અંબિયા	72
અન્કબૂત	27
સ્વાદ	45



હઝરત મૂસા અલૈહિસ્સલામ

મિસ્ર (ઇજિપ્ત)માં ફિરઔન રાજાઓની કબરો (પિરામિડો)






હઝરત મૂસા અલૈહિસ્સલામ

હઝરત મૂસા (અલૈ.)નું નામ કુર્આન મજીદમાં ૧૩૬ (એકસો છત્રીસ) વખતે આવ્યું છે.

સૂરત	આયત નં.
બકરહ	51,53,54,55,60,61,67,87,92,108, 136,246,248
આલે ઈમ્રાન	84
નિસાઅ્	153(2),164
માઈદહ	20,22,24
અન્આમ	84,91,154
અઅ્રાફ	103,104,115,117,122,127,128,131, 134,138,142(2),143(2),144,148, 150,154,155,160,159,160
યૂનુસ	75,77,80,81,83,84,87,88
હૂદ	17,96,110
ઈબ્રાહીમ	5,6,8
ઈસ્રાઅ્	2,101(2)
કહફ	60,66
મરયમ	51
તા'હા'	9,11,17,19,36,40,49,57,61,65,67, 70,77,83,86,88,91
અંબિયા	48
હજ્જ	44
મુઅ્મિનૂન	45,49
ફુરકાન	35

સૂરત	આયત નં.
શુઅ્રાઅ્	10,43,45,48,52,61,63,65
નમલ્	7,9,10
કશશ	3,7,10,15,18,19,20,29,30,31,36, 37,38,43,44,48(2),76
અન્કબૂત	39
સજ્દહ	23
અહ્ઝાબ	7,69
શા'ફ્ફાત	120,114
મો'મિન	23,26,27,37,53
હામ'મીમ સજ્દહ	45
શુરા	13
જુખ્રફ	46
અહ્કાફ	12,30
ઝારિયાત	38
નજ્મ	36
સફ્	5
નાઝિઆત	15
અઅ્લા	19




હઝરત સુલૈમાન અલૈહિસ્સલામ

હઝરત સુલૈમાન (અલૈ.)નું નામ કુર્આન મજીદમાં ૧૭ (સત્તર) વખતે આવ્યું છે.

સૂરત	આયત નં.
બકરહ	102(2)
નિસાઅ્	163
અન્આમ	84
અંબિયા	78,79,81
નમલ્	15,16,17,18, 30,36,44
સબા	12
સ્વાદ	34,30


પ્રાચીન સમયમાં તાંબાની તખ્તીઓ ઉપર લખવામાં આવતું હતું. (તામ્ર પત્ર)




મસ્જિદે અકશા
સેટેલાઇટ વ્યુ ૨૦૦૮


મસ્જિદે અકશા (પૅલેસ્ટાઇન)

હારૂત-મારૂત ફરિશ્તાઓ

بابل کے ہاروت وماروت

﴿ وَمَآ أُنْزِلَ عَلَى الْمَلَكَيْنِ بِبَابِلَ هَارُوْتَ وَمَارُوْتَ ﴾

"اور بابل میں ہاروت اور ماروت دو فرشتوں پر جو (جادو) اتارا گیا تھا۔" (البقرۃ: 102/2)



પ્રાચીન તલવાર

جھیل اورمیہ
کردستان
زرینہ
دریائے قزل اوزن
زنجان
تلعفر
نینوی
موصل
زاب کبیر
راوندوز
اربل
دریائے زاب صغیر
سلیمانیہ
کرکوک
ایران (فارس) ઇરાન
الجزیرہ
ثرثار ندی
ہمدان
دریائے عظیم
دریائے دیالی
خانقین
کرمان شاہ
نہاوند
لرستان
فرات
ہیت
بین النہرین (میسوپوٹیمیا)
بغداد
طیسفون
حبانیہ
دریائے کرخہ
دریائے دجلہ
کربلا
કરબલા
બૅબિલોન
بابل
ہاشمیہ
فارس
ઇરાન
دریائے کارون
کوفہ
نجف
نشیب سعدیہ
عمارہ
ફુરાત નદી
دریائے فرات
سواد
نشیب سنیہ
ساوہ
اور
نشیب حمار
بصرہ
عبادان
کاظمہ
خلیج فارس





પ્રાચીન શીલાલેખ

પ્રાચીન લાકડાનો ← કટકો

હઝરત ઈસા અલૈહિસ્સલામ

હઝરત ઈસા (અલૈ.)નું નામ કુર્આન મજીદમાં ૨૫ (પચ્ચીસ) વખતે, લકબ મસીહ સાથે ૧૧ (અગિયાર) વખતે અને ઈબ્ને મરયમના કૂન્નીયત સાથે ૨૩ (ત્રેવીસ) વખતે આવ્યું છે.

(૧) ઈસા (૨૫ વખતે) :


સૂરત	આયત નં.
બકરહ	87,136,253
આલે ઈમ્રાન	45,52,55,59,84
નિસાઅ્	157,163,171
માઈદહ	46,78,110,112,114,116
અન્આમ	85
મરયમ	34
અહ્ઝાબ	7
શુરા'	13
ઝુખ્રફ	63
હદીદ	27
સફ્	6,14

(૩) ઇબ્ને મરયમ (૨૩ વખતે) :

સૂરત	આયત નં.
બકરહ	87,253
આલે ઈમ્રાન	45
નિસાઅ્	157,171
માઈદહ	17(2),46,72,75,78,110,112,116,114
તવબહ	31
મરયમ	34
મૂઅ્મિનૂન	50
અહ્ઝાબ	7
ઝુખ્રફ	57
હદીદ	27
સફ્	6,14

(૨) મસીહ (૧૧ વખતે) :

સૂરત	આયત નં.
આલે ઈમ્રાન	45
નિસાઅ્	157,171,172
માઈદહ	17(2),72(2),75
તવબહ	30,31



હઝરત ઈસા અલૈહિસ્સલામ


(ફલસ્તીન) શહેર બયતે લહમ


હઝરત ઈસા (અલૈ.)નું જન્મસ્થળ (નાશિરાહ, ફલસ્તીન)

શા'બી કૌમ

જેમનું કુર્આન મજીદમાં વર્ણન થયું છે

તુર્કી

સિરીયા

સિરીયાનું રણ

ફુરાત નદી


શા'બી કૌમનો પ્રદેશ





કુર્આન મજીદની પ્રાચીન પ્રતો






કુર્આનની પ્રાચીન હસ્તપ્રત (નુસ્ખો)

પવિત્ર ભૂમિ (અરજે મુકદ્દસ)

સેટેલાઇટ વ્યુ
↓







(12) મક્કા મુકર્રમહ



پیمانہ: 1سنٹی میٹر = 3,335 میٹر

مکّہ مکرّمہ


﴿اِنَّ اَوَّلَ بَیْتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِیْ بِبَکَّۃَ مُبٰرَکًا وَّ ھُدًی لِّلْعٰلَمِیْنَ﴾ "اللہ تعالیٰ کا پہلا گھر جو لوگوں کے لیے مقرر کیا گیا وہی ہے جو مکہ میں ہے جو تمام دنیا کے لیے برکت اور ہدایت والا ہے۔" [آل عمران: 96/3]


مکہ مکرمہ کے نام: مکة، بکة، ام القری، البیت الحرام، البیت العتیق، البلد الامین، بیت اللّٰہ الحرام


یہ نام بھی ہیں: النساسة، ام رحم، معاد، الحاطمة، الرأس، صلاح، العرش، القادس، المقدسہ، الناسہ، الباسہ، کوثیٰ (معجم البلدان: 181/5)

عراق کا راستہ
محصّب
منٰی اور عرفات کا راستہ
المعلاۃ
آبار
جبل الاحمر
مدینہ منورہ کا راستہ
کداء
وادی فاطمہ کا راستہ
قبور
آبار
شعب بنی عامر
جبل ابی قبیس
جبل قعیقعان
الحجون
شعب ابی طالب
غار حرا
کدی
جدے کا راستہ
جرول
مروہ
حرم
اجیاد
جبل الخندمہ
جبل عمر
قدیم قلعہ
اللیط
یمن کا راستہ

مکّہ مکرّمہ
رسول اللہ ﷺ کے زمانے میں
(شیخ محمد سعید فارس کی کاوش سے ماخوذ نقشہ)












Mina
Makkah
Muzdalifah
Arafat
The Pilgrimage Route

Marwah Hillock
The Holy Kaaba
Zam Zam Well (Underground)
Station of Abraham
Sacred Black Stone
Safa Hillock

સૅટેલાઈટ વ્યુ (મક્કા મુકર્રમહ)




મીના મસ્જિદ

મક્કા અને મીનાનો સેટેલાઇટ વ્યુ



મક્કા અને મીનાનો સેટેલાઇટ વ્યુ



મસ્જિદે નબવી સ.અ.વ.
(મદીના મુનવ્વરહ)



મસ્જિદે નબવી સ.અ.વ.





મસ્જિદે કિબ્લતયન




જન્નતુલ બકીઅ્ (મદીના મુનવ્વરહ)



ઉહદ



મસ્જિદે કુબા



મદીના મુનવ્વરહ સેટેલાઈટ વ્યુ

કિતાબનું નામ : **મઆરિફુલ કુર્આન (ગુજરાતી)**

ભાગ : ૧ (એક)

મૂળ લેખક : હઝરત મવલાના મુફ્તી મુહમ્મદ શફીઅ્ સા. (રહ.)

ગુજરાતી અનુવાદક : ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ પટેલ (ખાનપુરી)

કાયમી સરનામું

મુ.પો. ખાનપુર દેહ,
તા. જંબુસર, જિ. ભરૂચ
૩૯૨૧૫૦ (ગુજરાત–ઈન્ડિયા)

પત્રવ્યવહારનું સરનામું

કિર્તીકુંજ સોસાયટી,
ટેલિ. એક્ષ્ચેન્જ સામે,
મુ.પો. જંબુસર, જિ. ભરૂચ
૩૯૨૧૫૦ (ગુજરાત–ઈન્ડિયા)

ફોન નં. (૦૨૬૪૪) ૨૨૧૪૮૬, મો. ૯૯૯૮૩૮૭૫૪૬, ૯૮૯૮૭૯૭૩૯૪

પ્રત સંખ્યા :

પ્રકાશક : હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા
મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ,
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ.
(ગુજરાત–ઈન્ડિયા)
ફોન નં. : (૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨
પ્રેસિડેંટ : મજલિસે ખુદ્દામુદ્દીન ઈન્ટરનેશનલઃ લંડન–યુ.કે.

પ્રકાશન વર્ષ : ડિસેમ્બર ૨૦૦૮; જિલ્હજ્જ ૧૪૨૯

હદિયો :

ટાઇપ સેટિંગ : સફવાન ઈલ્યાસ પટેલ (ખાનપુરી)
સાલેહ પ્રિન્ટર્સ, જંબુસર. મો. ૯૯૯૮૩૮૭૫૪૬

મેળવવાનું સ્થળ :

:: ઇન્ડિયામાં ::

જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો. ટંકારીઆ, તા. જિ. ભરૂચ
ફોન નંબર :
(૦૨૬૪૨) ૨૭૦૩૩૦, ૨૭૦૯૩૨

:: ઇંગ્લેન્ડમાં ::

Maulana Ismail Bhuta
101, Windsor Road,
London E7 ORA (U.K.)
Ph. (Fax) 020 8471 7866

بسم اللہ الرحمٰن الرحیم

● અનુક્રમણિકા ●

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

અનુક્રમણિકા

જહાંગીર હકીમ

૧૪૧૨, ટોપીવાળા ની પોળના નાકે

કાળુપુર અમદાવાદ.૩૮૦૦૦૧

મો.૯૨૨૮૭૨૦૫૯૧

Jehangir Gulamnabi Hakim

1412, Near Topiwala's Pole Kalupur,

AHMEDABAD - 380001.

Mo. - 09228720591

jehangirhakim@gmail.com

jehangirhakim@ymail.com

ઉઘડતા પાને

(મવલાના) રશીદ ઈબ્રાહીમ નદવી ખાનપુરી
સ્થાપક : મદ્રસહ તરબિયતુલ બનાત
મુ. ખાનપુર દેહ, તા. જંબુસર, જિ. ભરૂચ

اَلْحَمْدُ لِأَهْلِهِ وَالصَّلٰوةُ عَلٰى اَهْلِهَا ـ اَمَّا بَعْد

તફસીર, હદીષ અને ઈસ્લાહો તબ્લીગના વિષયે લખાયેલ કિતાબોમાં અનુક્રમે મઆરિફુલ કુર્આન, મઆરિફુલ હદીષ અને ફઝાઈલે આ'માલને ચૌદમી સદીના મુસ્લિમ જગતમાં સૌથી વધુ પઢાતી કિતાબો હોવાનું સન્માનપૂર્ણ સ્થાન પ્રાપ્ત છે. તેની હજારો નહીં, લાખોની માત્રામાં છપાઈ ચૂકેલ-રહેલ પ્રતો તેના લેખકોના ઈખ્લાસની સાક્ષી આપે છે. ખરેખર, આટલી સરળ ભાષામાં ગહન વાતોની એવી સુંદર રજૂઆત કે સામાન્ય માણસ સમજી જાય અને વિદ્વાન પણ લાભાન્વિત થાય, એ અલ્લાહની તૌફીક, દિલના દર્દ, ઊંડો અભ્યાસ, હિકમત, દીની ઉલૂમના પ્રચાર-પ્રસારનો બહોળો અનુભવ, આવનાર પેઢીઓ સુધી અમાનતદારીપૂર્વક દીન પહોંચાડવાનો જબરદસ્ત જઝબો અને ઉમ્મતથી ખરી મહોબ્બત વગર શકય નથી. અલ્લાહ તઆલા આ કિતાબોથી હિદાયત પામનાર કરોડો મુસલમાનો તરફથી ઈખ્લાસના મીનારસમ્ આ કિતાબોના લેખકોને પોતાની શા'નને અનુરૂપ ઉત્તમોત્તમ્ બદલો અર્પણ ફરમાવે. આમીન.

મુખ્લિસીનની આવી જમાઅતમાં "મઆરિફુલ કુર્આન"ના ગુજરાતી અનુવાદ વડે મુહતરમ જનાબ ઈલ્યાસભાઈનું શામિલ થઈ જવું ખરેખર અલ્લાહની મહાન તૌફીક અને સદ્ભાગ્ય ગણાય, અરબીના પેલા શાઈરે કદાચ ઈલ્યાસભાઈના જઝબાતની જ તરજુમાની કરી છે.

اُحِبُّ الصَّالِحِيْنَ وَلَسْتُ مِنْهُمْ ـ لَعَلَّ اللّٰهَ يَرْزُقُنِىْ صَلَاحًا

કે હું અલ્લાહના નેક બંદાઓથી મહોબ્બત રાખું છું, ભલે તેમનામાંથી નથી. તે આશાએ કે કદાચ અલ્લાહ તેમના સથવારે મને પણ તેમના જેવી તૌફીક અર્પણ કરી દે.

જે કામ કરવાનો વિચાર કદાચ એક સંસ્થા કે અંજુમન કરી શકે, તેવા મહાન કામને પાર પાડવાનું બીડું એકલા હાથે ઝડપવું અને તે પણ એવા

સંજોગોમાં જે સંજોગો એક ઈલ્મી કામ કરવા માટે સાનુકૂળ ન ગણાય, બીમારીએ નોકરી છોડવા મજબૂર કરી દીધા હોય, ભાડાના ઘરમાં દિવસો પસાર થતો હોય, કોમ્પ્યુટર, કાગળ તથા બધી જ લેખન સામગ્રીમાં ભારે ખર્ચ થતો હોય, પોતાની તથા દિકરાની ઝાત સિવાય કામમાં સહકાર આપનાર અન્ય કોઈ સ્ટાફ ના હોય, આર્થિક ભીંસ હોય, વળી અર્ધા મૌલ્વી અને પૂરા શિક્ષક હોય, મહેનત અને ચીવટ માંગી લેતો વિષય હોય, વારે ઘડીએ ઉલમાએ કિરામથી રૂબરૂ અથવા કલાકોના ફોન દ્વારા મદદ લેવી પડતી હોય, સામાજિક જવાબદારીઓ અને અડચણો પણ એક પછી એક આવીને ઊભી થઈ જતી હોય, આવા સંજોગોમાં સાત હજાર પેજના અનુવાદનો વિચાર અને મક્કમકતાથી વળગી રહી અત્યારે પાંચમા સિપારે પહોંચી જવું અલ્લાહની તૌફીક અને દીની ગૈરત વગર શક્ય ખરું ? ઈસ્લામનો ચૌદસો વર્ષનો ઈલ્મી ઈતિહાસ ગવાહ છે કે અલ્લાહને મંજૂર હતું તે કામ વિકટ પરિસ્થિતિઓમાં જ અલ્લાહની મદદના સથવારે અલ્લાહને મંજૂર હતું તે વ્યક્તિના હાથે શરૂ અને પૂર્ણ થયું. અલ્લાહ તઆલા ઈખ્લાસ, ઈસ્તિકામત અને ઈરાદામાં દરરોજ વધારો ફરમાવે અને કુર્આનની ખિદમતની બરકતથી હાલાતને વધુથી વધુ સાનુકૂળ બનાવી દે. આમીન.

અનુવાદકે આ ભાગમાં અનુવાદનો હક અદા કર્યો છે, એવી ખાત્રી હું આપી શકું છું. સંતોષકારક કામ કરવાના શક્ય એટલા પ્રયાસો પણ કર્યા છે છતાં ભૂલચૂક માણસની પ્રકૃતિમાં શામિલ છે. અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺના કલામને જ ફક્ત ભૂલરહિત અને સંપૂર્ણ સત્ય હોવાનું માન-સન્માન પ્રાપ્ત છે. નેક ઈરાદા અને ઈસ્લાહની નિય્યતથી ભૂલો પ્રતિ ધ્યાન અપાવવું ઉત્તમ નેક કાર્ય છે. ઉમ્મીદ છે, વાંચકો એવા વર્ગ તરફથી આવતા તફસીરના આ અનુવાદકને જ્યારે કે, આવા અનુવાદકો મળવા અશક્ય નહિ તો મુશ્કિલ જરૂર છે આવકારશે, હિંમત અપાવશે, આગળ વધારશે અને ખામીઓને દૂર કરવા ખામીયુક્ત પ્રતિભાવના બદલે ઉદારભાવે સલીકા સહિત દૂર કરવાનો પ્રયાસ કરશે.

છેલ્લે એટલું કહેવા મનને રોકી નથી શકતો કે ગુજરાતીમાં ચૌદસો વર્ષના અંતરાલ પછી પહેલીવાર છપાતી આ તફસીર દ્વારા અનુવાદકે ગુર્જર મુસ્લિમ સમાજની ઐતિહાસિક સેવા બજાવી છે. ગુજરાતીનો હવે પછી નો મુસ્લિમ

ઈતિહાસકાર આ મહાન સેવાનો ઉલ્લેખ કર્યા વગર પોતાનો ઈતિહાસ સંપૂર્ણ નહીં જ કરી શકે.

ઈસ્લામી ઈતિહાસના અભ્યાસથી આ પણ માલૂમ પડે છે કે ઘણા ઉલમાએ કિરામના ઈલ્મી કામો, પ્રકાશક કે પ્રકાશન સામગ્રીના અભાવે કલમી સ્વરૂપે એમની પાસે જ પડી રહ્યા, લોકો સમક્ષ ન પહોંચી શક્યા. ઈલ્યાસભાઈ સામે પણ એક ભાગ તૈયાર થઈ જતાં સુધી આ ભાગને છપાવવાનું કાર્ય પડકારરૂપ હતું, આ પડકારને ઝીલી આ ભાગને પ્રેસ સુધી પહોંચાડનાર હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબ ખરેખર કુર્આન અને ગુર્જર મુસ્લિમ સમાજનો હક અદા કર્યો છે.

અલ્લાહ તઆલા સ્વીકૃતિનું બહુમાન અર્પણ ફરમાવે અને બંને જહાનમાં ઉત્તમોત્તમ બદલાનું નિમિત્ત બનાવે. આમીન.

(મવલાના) રશીદ ઈબ્રાહીમ નદવી ખાનપુરી
તા. ૧૯ ડિસેમ્બર ૨૦૦૮
હિજરી ૨૦ જિલ્હજ્જ ૧૪૨૯



MOHAMMAD QAMARUZZAMAN ALLAHABADI

محمد قمر الزمان الہ آبادی

الأمين العام للإدارة ☆ المدرسة العربية بيت المعارف، بخشی بازار (روشن باغ) الہ آباد ☆ دار المعارف الإسلامية، کریلی۔ الہ آباد

☆ بیت القرآن الکریم، قمرباغ، کھیوا۔ الہ آباد ☆ مدرسة العارفات، وصی آباد الہ آباد ☆ ادارۂ معارف مصلح الأمة، کریلی الہ آباد

MAKTABA DARUL MAARIF ALLAHABAD
639/B.Wasiabad, ALLAHABAD-211003
U.P. India
Ph: & Fax Resi. 0532-2550438
Madrasa0532-2655888,2456386
Mob.: 9450581807

مکتبہ دار المعارف الہ آباد
بی/۶۳۹ وصی آباد، الہ آباد-۲۱۱۰۰۳ (یو۔پی) الہند
فون/فیکس: ۰۵۳۲- دار المعارف: ۲۴۵۶۳۸۶
رہائش ۲۵۵۰۴۳۸ بیت المعارف: ۲۶۵۵۸۸۸
موبائل: ۹۴۵۰۵۸۱۸۰۷

Date.......................... التاریخ ۸ ذو الحجہ ۱۴۲۹ھ

باسمہ تعالیٰ

محب عزیز مولانا اسمٰعیل صاحب بھروچی سلمہ

السلام علیکم ورحمۃ اللہ وبرکاتہ۔ یہ معلوم کر کے بہت مسرت ہوئی کہ آپ کے
نظام میں معارف القرآن مؤلفہ مولانا مفتی محمد شفیع صاحب کا گجراتی زبان میں
ترجمہ شائع ہو رہا ہے۔ یہ بھی معلوم ہوا کہ مترجم حضرات ترجمہ کی اچھی صلاحیت
رکھتے ہیں۔ مکرم حضرت مولانا موسیٰ کرماڈی (عزیزم) نے بھی جستہ جستہ دیکھا ہے وہ
فرما رہے ہیں کہ ترجمہ بہت ہی عمدہ ہے۔ سلیس و مفید ہے۔
لہٰذا اسکی تصدیق و تصویب کرتے ہوئے اس ترجمہ کو نعمت عظمیٰ
سمجھتا ہے۔ دل سے دعا ہے کہ اللہ اس محنت و کاوش کو قبول فرمائے
اور اصحاب گجرات کو اس سے استفادہ کی توفیق مرحمت فرمائے آمین

والسلام
محمد قمر الزمان الہ آبادی



الأمين العام للإدارة ☆ المدرسة العربية بيت المعارف، بخشي بازار (روشن باغ) إله آباد ☆ دار المعارف الإسلامية، كريلي۔ إله آباد
☆ بيت القرآن الكريم، قمر باغ، مهيوا۔ إله آباد ☆ مدرسة العارفات، وصي آباد إله آباد ☆ إدارة معارف مصلح الأمة، كريلي إله آباد

MAKTABA DARUL MAARIF ALLAHABAD
639/B.Wasiabad, ALLAHABAD-211003
U.P. India
Ph: & Fax Resi. 0532-2550438
Madrasa0532-2655888,2456386
Mob. : 9450581807

مکتبہ دار المعارف الٰہ آباد
بی/٦٣٩ وصی آباد، الٰہ آباد-٢١١٠٠٣ (یو.پی) الہند
فون/فیکس: ٠٥٣٢- دار المعارف : ٢٤٥٦٣٨٦
رہائش ٢٥٥٠٤٣٨ بیت المعارف : ٢٦٥٥٨٨٨
موبائل : ٩٤٥٠٥٨١٨٠٧

તા. ૪ જિલ્હજ્જ ૧૪૨૯

બિસ્મિહી તઆલા

મુહિબ્બે અઝીઝ મવલાના ઈસ્માઈલ ભૂતા સા. સલ્લમહુ

અસ્સલામુ અલયકુમ વરહમતુલ્લાહિ વ બ-રકાતુહ.

આ સાંભળીને ઘણી ખુશી થઈ કે આપની દેખરેખમાં મવલાના મુફ્તી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.) લિખિત "મઆરિફુલ કુર્આન"નું ગુજરાતી ભાષાંતર પ્રકાશિત થઈ રહ્યું છે. આ પણ જાણ થઈ કે અનુવાદક અનુવાદની સારી ક્ષમતા ધરાવે છે. મુકર્રમ હઝરત મવલાના મૂસા કરમાડી ઝી-દ-મજદહુએ પણ ઉપરછલ્લુ જોયું છે. કહી રહ્યા છે કે, અનુવાદ ઉત્તમ કક્ષાનો છે, સરળ અને ફાયદાકારક છે.

એટલા માટે તેની ખરાઈ (તસ્દીક) અને સમર્થનની સાથે-સાથે આ અનુવાદને મહાન નેઅ્મત સમજું છું. દિલથી દુઆ છે કે અલ્લાહ તઆલા આ મહેનતો અને પ્રયત્નોનો સ્વીકાર કરે અને ગુજરાતીઓને તેનાથી લાભ ઉઠાવવાની તૌફીક અર્પણ કરે. આમીન.

વસ્સલામ,

(હઝરત મવલાના શૈખ) મુહમ્મદ કમરૂઝઝમાં ઈલાહાબાદી (સાહેબ, દા.ફુ.)

بسم الله الرَّحمٰن الرَّحيم

અનુવાદકના બે બોલ

અલહમ્દુલિલ્લાહ ! સૌ પ્રથમ હું અલ્લાહ રબ્બુલ ઈજ્જતની બારગાહમાં અત્યંત આજિઝી, લાચારી અને ક્ષમાની યાચના સહિત તેના વખાણ અને સ્તુતી કરું છું કે, જેણે મુજ જેવા અલ્પજ્ઞાની અને ગુનેહગાર બંદાને તેના પાક કલામની તફસીરના "ગુજરાતી અનુવાદ" માટે કબૂલ કર્યો. ત્યારબાદ સરવરે કાઈનાત, ફખ્રે દો આલમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ઉપર દુરૂદો-સલામ મોકલું છું જેમણે "વહી"ના જ્ઞાનથી મનુષ્ય જાતિને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં "સીધા માર્ગ"નું સચોટ માર્ગદર્શન આપ્યું.

ઈસ્લામના ૧૪૦૦ વર્ષના ઈતિહાસમાં ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ કુર્આનના વિસ્તારપૂર્વક વિવરણ (તફસીર) સંદર્ભે "મઆરિફુલ કુર્આન" જેવી કુર્આનની સર્વગ્રાહી તફસીરનો પ્રથમ ભાગ આપના હાથમાં છે. આ તફસીર હઝરત મવલાના મુફતી મુહમ્મદ શફીઅ્ ઉસ્માની (રહ.)એ પોતાના જીવનના છેલ્લા સમયગાળામાં અત્યંત વિપરીત અને વિષમ પરિસ્થિતિઓમાં લખેલ છે. મવલાના મૌસૂફનો પરિચય આપવો તો મારા જેવા નાના માણસને શોભે પણ નહીં. આપ સુજ્ઞ વાંચકોને એમનો પરિચય પોતે આ કિતાબ (તફસીર)ના પાનાંઓ ઉપર એમની ઈલ્મી ચર્ચાઓ દ્વારા ઈન્શાઅલ્લાહ મળી રહેશે. રહી વાત મારા પરિચયની, તો હું ખૂબ નાનો અને ગુમનામ વ્યક્તિ છું, શોહરતની કોઈ લાલસા કે તમન્ના નથી, છેલ્લા પાંચ વર્ષથી "ઑટૉનૉમિક ડીસફંક્શન" નામક ન્યુરૉલૉજીકલ બીમારીથી પિડાઉં છું, ખાનપુર દેહ (તા. જંબુસર, જિ. ભરૂચ) જેવા વિસ્તારે નાના પણ અનેક મહામાનવોની જન્મભૂમી એવા (મરદુમખૈઝ) ગામમાં મધ્યમ વર્ગમાં પૈદા થયો, વાલિદૈનના અહેસાનો અને ઉપકારોથી ઉચ્ચ શિક્ષણ મેળવી શક્યો, સાથે જ દારુલ ઉલૂમ

જામિઅહ હુસૈનિયહ રાંદેરમાં ઈસ્લામી તા'લીમ પણ વિદ્વાન આલિમો પાસેથી મેળવી, જેમાં મર્હુમ મવલાના અલી ખાનપુરી (કે જેઓ મારા પિતરાઈ ભાઈ હતા) ઉપરાંત મવલાના ગોરા સા., મવલાના શબ્બીર સા., મવલાના ઈકરામુલ હક સા., કારી ઉમરજી સા., કારી યાકૂબ બલેશ્વરી સાહેબ જેવા ઉસ્તાદો પાસેથી ઊર્દૂ અરબીની કિતાબો પઢી, વળી નાગપુરમાં ચાલતા દર્સે કુર્આનના ક્લાસોમાં કુર્આનનો તરજુમો કરતાં પણ શીખ્યો. દુનિયવી બાબતોમાં જર્નાલિઝમથી માંડી શિક્ષણ વગેરે અનેક ક્ષેત્રે કામગીરી કરી. શરૂઆતમાં ઈંગ્લીશ–ગુજરાતી અખબારોમાં લેખો લખ્યા, ઘણા NGO સાથે સેવાકીય પ્રવૃત્તિઓ કરી, શિક્ષક તરીકે ૨૨ વર્ષ સરકારી નોકરી પણ કરી, હંમેશા ઉલમાએ હક સાથે કોઈને કોઈ પ્રકારે જોડાયેલો રહ્યો, છેલ્લા થોડા વર્ષોથી મવલાના રશીદ નદવી સાથે અને મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબ સાથે સારો એવો ઘરોબો બંધાયો છે. હાલ બીમારીના કારણે સ્વૈચ્છિક નિવૃત્તિ લેવી પડી છે. આપ સજ્જનોથી વિનંતી છે કે, દુઆ કરો અલ્લાહ બાકી જિંદગીમાં તફસીરનું કામ પૂર્ણ કરાવે. મારો આટલો પરિચય ઈન્શાઅલ્લાહ કાફી છે. હવે, થોડી વાત મઆરિફુલ કુર્આનના ગુજરાતી તરજુમા વિશે;

આ તકે પ્રથમ અલ્લાહનો, પછી શયખુલ મશાઈખ હઝરત મવલાના કમરૂઝઝમાં સાહેબ દામત બરકાતુહુમનો પણ હું ખૂબ–ખૂબ આભાર માનું છું, મને થોડા વર્ષો અગાઉ એક મુલાકાતમાં એમણે ખાસ તવજ્જુહ ફરમાવી કહ્યું હતું કે, "બેટા મુજે આપસે બહુત ઉમ્મીદ હૈ" ત્યારે આ વાક્યો મારી સમજમાં આવ્યા ન હતા, પરંતુ આજે સમજાય છે. ખૈર, અલ્લાહવાળાઓની વાત નિરાલી હોય છે.

મઆરિફુલ કુર્આનનું ગુજરાતી ભાષાંતર અસ્તિત્વમાં આવવાનો શ્રેય "મદ્રસા તરબિયતુલ બનાત –ખાનપુર દેહ તા. જંબુસર"ના સ્થાપક અને

બાની તથા જામિઅહ ઉલૂમુલ કુર્આનના ઉસ્તાદે હદીષ હઝરત મવલાના રશીદ ઈબ્રાહીમ નદવી દા.બ.ને ફાળે જાય છે. મારી વાલિદહ મોહરતમહના ઈન્તેકાલના દિવસે મવલાના રશીદ મારા ઘરે તઅ્ઝિયત માટે આવ્યા હતા અને તેમણે જ મને આ તફસીરનું ગુજરાતી ભાષાંતર કરવાની પ્રેરણા અને હિંમત આપી, અને પોતે તેની સિહહત (પ્રૂફ રીડીંગ) કરવાનું વચન આપ્યું, સાથે જ મર્હૂમહ વાલિદહ મોહતરમહ માટે ઈસાલે સવાબનું પણ આ ઉત્તમ માધ્યમ છે, મને એવું સમજાવવામાં તેઓ સફળ રહ્યા અને આજે અલ્લાહના કરમથી આ પ્રથમ જિલ્દ આપના હાથમાં છે. અલ્લાહ વાલિદહ મર્હૂમહની કબ્રને નૂરથી રોશન કરે અને તેમના દરજાતને બુલંદ કરે. આમીન. આપેલા વચન પ્રમાણે પ્રથમ જિલ્દની સંપૂર્ણ સિહહત (પ્રૂફ રીડીંગ) મવલાનાની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ જ થઈ. અલહમ્દુલિલ્લાહ !

તફસીરના લેખન સંદર્ભે પાયાનું કામ કહી શકાય તેવા ટાઈપીંગ અને સેટીંગ વગેરેમાં મારા પુત્ર સફવાનનો ફાળો પણ મહામૂલો છે. તેની મદદ અને અલ્લાહની તૌફીકથી આ ગુજરાતી અનુવાદ આપના હાથો સુધી પહોંચાડવા હું સક્ષમ થઈ શક્યો છું. અલ્લાહ પાક તફસીરની આ ખિદમતના બદલામાં તેને પોતાની શા'નને અનુરૂપ ઉત્તમ બદલો આપે અને સંપૂર્ણ દીનમાં દાખલ કરી દેવાનો ફૈસલો ફરમાવે. આમીન.

ઉપરાંત હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબે પણ મને દરેક રીતે નૈતિક, આર્થિક અને ઈલ્મી હિંમત આપી છે. મવલાના ઈસ્માઈલ સાહેબની દેશ–વિદેશની દીની–દુનિયવી સેવાઓની વાત કરવા બેસું તો કદાચ એક આગવી પુસ્તિકા લખવી પડે. બોસ્નીઆ, લાટવીઆ, મોંગોલિઆ, ઈન્ડિયા, ઈંગ્લેન્ડ વગેરે અનેક દેશોમાં પોતાની દીની સેવાઓ બજાવનાર મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબ માટે હું એટલું કહીશ કે હઝરત મવલાના ઈસ્માઈલ ભૂતા સાહેબ એક એવી શખ્શિયત છે કે, જેમના પરિચય માટે શબ્દો વામણા

લાગે. "વર્લ્ડ ટ્રાવેલર" એવા કે આધુનિક યુગના ઈબ્ને બતૂતાનો લકબ આપી શકાય. બલકે, સાત ખંડોમાં તો ઈબ્ને બતૂતા પણ પહોંચી શક્યા નહિ હોય, પરંતુ દીની નિસ્બતથી મવલાના ઈસ્માઈલ સાહેબે અનેક દેશોનો સફર કર્યો, જેમકે મોંગોલિયા જેવા રશિયાના જુલમો-સિતમના પંજામાંથી મુક્ત થયેલા દેશમાં ઘણી મસ્જિદો અને મદ્રસાઓની સ્થાપના કરી, લાટવિયા, અલ્બાનિયા વગેરેમાં પણ મસાજિદ-મકાતિબ તા'મીર કરાવ્યા. મવલાના ભૂતા સાહેબ સાથે બેસીએ તો ખબર પડે કે, આટલા મહાન કાર્યો તેમના હાથે થતા હોવા છતાં સાલસ અને મળતાવડો સ્વભાવ એવો કે કોઈની પણ સાથે હળી-મળી જાય. આવા સ્વભાવના ધની એવા મવલાના ઈસ્માઈલ ભૂતા પાસેથી અલ્લાહ તઆલા ગુજરાતના મુસ્લિમો માટે કુર્આની ઉલૂમના પ્રચાર-પ્રસારનું કામ લઈ રહ્યા છે. અલ્લાહ પાક કબૂલ કરે. મતલબ કે, પ્રથમ અલ્લાહે આપેલ તૌફીક અને ત્યારબાદ તેમની જ નૈતિક-આર્થિક-ઈલ્મી મદદના બળે હું આ પ્રોજેક્ટ હાથ પર લેવાની હિંમત કરી શક્યો છું. મવલાનાએ એવા કપરા કાળમાં મારી ખબર લીધી છે જેને હું શબ્દોમાં વર્ણવી શકતો નથી. ખૈર, અલ્લાહ સૌને સારો બદલો આપે. આમીન.

ઉપરાંત અમારા ભાણા મુફતી ફરીદ તથા અરબી ઈબારતની સિહ્‌હતમાં મદદરૂપ થનાર મવલાના મુફતી અસ્લમ બસ્તવી સાહેબ -મોહતમીમ : દારુલ ઉલુમ -બાલાપુર, મહારાષ્ટ્રનો પણ ખૂબ-ખૂબ આભાર. અલ્લાહ દરેકની મહેનતોને કબૂલ કરે. આમીન ! સાથે જ અનેક દોસ્ત, અહબાબ, કુટુંબીજનો વગેરે જે કોઈપણ આ કામમાં મારા મદદરૂપ બન્યા હોય એ સૌનો આભાર. આ તકે મારા ઘરના તમામ સભ્યો ખાસ કરી અહલિયહ મુહરમહ અને પુત્ર સલમાનનો પણ ખૂબ-ખૂબ આભાર માનું છું. મારા આ તફસીરના ભાષાંતર સમયે દરેક રીતે નૈતિક હિંમત પૂરી પાડી અને મારા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ પૈદા કરી, અલ્લાહ એમની મહેનતને

કબૂલ કરે અને અજ્રે અઝીમ અતા કરે. આમીન. અલ્લાહ પાકથી દુઆ છે કે, મારી આ સેવામાં જો કંઈ ક્ષતિઓ અને ઉણપો રહી ગઈ હોય તો તે મા'ફ કરે અને ઈખ્લાસ અતા કરે તથા આ તફસીરનું કાર્ય હેમખેમ પૂર્ણ કરાવે. આમીન! અંતે દુઆઓની દરખાસ્ત સાથે ટૂંકાવું છું.

નાચીઝ : ઈલ્યાસ ગુલામમુહમ્મદ આદમ સાલેહ (ખાનપુરી)
તારીખ : ૧૫ ડિસેમ્બર ૨૦૦૮
૧૬ જિલ્હજ્જ ૧૪૨૯

જહાંગીર હકીમ
૧૪૧૨, ટોપીવાળા ની પોળના નાકે
કાળુપુર અમદાવાદ.૩૮૦૦૦૧
મો.૯૨૨૮૭૨૦૫૯૧

Jehangir Gulamnabi Hakim
1412, Near Topiwala's Pole Kalupur,
AHMEDABAD - 380001.
Mo. - 09228720591
jehangirhakim@gmail.com
jehangirhakim@ymail.com

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

પ્રકાશકના બે બોલ

મવલાના ઈસ્માઈલ વલી ભૂતા
પ્રેસિડેંટ : મજલિસે ખુદ્દામુદ્દીન ઈન્ટરનેશનલ
લંડન-યુ.કે.

અલ્લાહ રબ્બુલ ઈજ્જતના દરબારમાં નિહાયત આજિઝાના દુઆએ મગફિરત ગુઝારું છું કે, જેણે મુજ નાચીઝને તેના દીનની સેવાઓ માટે કબૂલ કર્યો. અલહમ્દુલિલ્લાહ ! દીનની સેવાના કાર્યોનો વ્યાપ આંતરરાષ્ટ્રીય કક્ષાનો રહ્યો છે. મજલિસે ખુદ્દામુદ્દીન ઈન્ટરનેશનલ -યુ.કે. (જેની સ્થાપના હઝરત શૈખ મસીહુલ્લાહ જલાલાબાદી રહ.ના મશ્વરા અને દુઆઓથી થઈ હતી અને હાલ જેના સરપરસ્ત શયખુલ મશાઈખ હઝરત મવલાના કમરૂઝઝમાં સાહબ દા.બ. છે)ના પ્રમુખની હૈસિયતથી કમ્યુનિષ્ટોના પંજામાંથી છૂટા પડેલા રાષ્ટ્રો જેવા કે મોંગોલિયા, લાટવીયા, અલબાનિયા વગેરેમાં મસ્જિદ મદ્રસાઓ સ્થાપવાનો સર્ફ હાસિલ થયો. ઉપરાંત ઈન્ડિયામાં ફિત્નએ ઈરતિદાદના સંકટમાં સપડાયેલ રાજસ્થાન જેવા વિસ્તારોમાં પણ દીની મસાજિદ-મદારિસની સ્થાપના કરવાની તૌફીક અતા થઈ. કર્ણાટક ગુલબર્ગામાં દારુલ ઉલુમથી લઈ માદરે વતન ટંકારીઆમાં જામિઅતુલ બનાત જેવી અનેક દીની તા'લીમી સેવાઓ અલ્લાહ તઆલાના ફઝ્લથી મુજ નાચીઝને કરવાની તક મળી છે. "જામિઅતુલ બનાત ટંકારીઆ"માં હાલ ૫૦૦ જેટલી ઉમ્મતની દિકરીઓ દીની તા'લીમ હાસિલ કરી રહી છે. આ બધી દીની, તા'લીમી પ્રવૃત્તિઓ ઉપરાંત એક ક્ષેત્ર એવું છે જેમાં ખાસ પ્રવૃત્ત રહ્યો છું. સમાજમાં ફેલાતી ગલત અને બાતિલ વિચારસરણીથી ઉમ્મતને આગાહ કરવાનું, તેમનામાં સહીહ અકાઈદ અને સાચા દીને મુબીનને પહોંચાડવાનું અને બાતિલના દરેક પેંતરાઓને રોકવાનું અતિમહત્ત્વનું કામ પણ અલહમ્દુલિલ્લાહ હંમેશા નાચીઝની દીની પ્રવૃત્તિઓના એજન્ડામાં મુખ્ય મુદ્દો રહ્યો છે. આ જ અનુસંધાને મારી ઇલ્યાસભાઈ સાથે મુલાકાત થઈ અને અલહમ્દુલિલ્લાહ અમે સાથે મળી આ ક્ષેત્રમાં અનેક કામગીરી કરી છે અને કરી રહ્યા છે.

મજલિસે ખુદ્દામુદ્દીન ઇન્ટરનેશનલને એ બાબતની સખત જરૂર જણાઈ કે, ફિત્નએ ઇન્કારે હદીષ, કાદિયાનિયત, રેશનાલિઝમ વગેરે જેવા ભોરીંગોના ષડયંત્રો સામે સહીહ અને સાચો ઈસ્લામ ગુજરાતી મુસલમાનો સુધી પહોંચાડવાનો એક ઉત્તમ માર્ગ કુર્આનના ઉલુમનો ગુજરાતી અવામમાં પ્રચાર–પ્રસાર કરવાનો પણ છે. આ સંદર્ભે અલ્લાહનું જેટલું અહેસાન માનીએ એટલું ઓછું છે કે, તેણે મુજ નાચીઝને હઝરત મવલાના મુહમ્મદ શફીઅ્ ઉસ્માની સા. (રહ.)ની તફસીર "મઆરિફુલ કુર્આન" કે જેનો ઈલ્યાસભાઈએ ખૂબ ચીવટથી ઉલમાએ હકના સીધા માર્ગદર્શન હેઠળ અનુવાદ કર્યો છે, તેને પ્રકાશિત કરવા માટે કબૂલ કરી લીધો. અલ્લાહ પાક કબૂલ ફરમાવે અને એનો લાભ રહેતી દુનિયા સુધી ઉમ્મતને પહોંચાડે. આમીન !

શુક્રિયહ :

મારા ઉસ્તાદ અને શૈખ હઝરત મસીહુલ્લાહ જલાલાબાદી રહ. તેમજ શૈખે તરીકત હઝરત મવલાના કમરૂઝઝમાં સાહબ દા.બ., પીરભાઈ મવલાના મૂસા કરમાડી, હાફિઝ ઈસ્માઈલ ભૂતા સાહેબ, અનુવાદક જનાબ ઈલ્યાસ પટેલ, ઉસ્તાદે હદીષ હઝરત મવલાના રસીદ નદવી ખાનપુરી સાહબ, જામિઅતુલ બનાત ટંકારીઆના ખાદીમો તથા હાજી ઈસ્માઈલ મુહમ્મદ બંગ્લાવાલા તેમજ દરેક દોસ્તો અહબાબો ખૈરખ્વાહોનો દિલની ગેહરાઈઓથી અહેસાનમંદ છું. અલ્લાહ પાક દરેકની મહેનતોને કબૂલ ફરમાવે અને વધુ કામ કરવાની તૌફીક અને હિંમત આપે. આમીન !

વમા તવફીકી ઈલ્લા બિલ્લાહ

(મવલાના) ઈસ્માઈલ વલી ભૂતા
મોહતમિમ : જામિઅતુલ બનાત ટંકારીઆ
મુ.પો. ટંકારીઆ, તા.જિ. ભરૂચ,
ગુજરાત (ઈન્ડિયા)

તારીખ : ૧૫ ડિસેમ્બર ૨૦૦૮
૧૬ જિલ્હજ્જ ૧૪૨૯